બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ

ભાગ-૪

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ પ્રકાશન

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

ભાગ-૪

લેખક

સાધુ ઈશ્વરચરણદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BRAHMASWARUP YOGIJI MAHARAJ, PART-4

(Biography of Brahmaswarup Yogiji Maharaj)

By Sadhu Ishwarcharandas

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

3rd Edition:
May 2005. Copies: 5,000 (Total copies: 11,000)

ISBN: 81-7526-284-2

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ

તૃતીય આવૃત્તિ : મે ૨૦૦૫

પ્રત : ૫,૦૦૦ (કુલ પ્રત : ૧૧,૦૦૦)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ક્રમિકા

પ્રેમલધારા-૪

પ્રેમલધારા-૫

પ્રેમલધારા-૬

પ્રેમલધારા-૭

પ્રેમલધારા-૮

પ્રેમલધારા-૯

પ્રેમલધારા-૧૦

પ્રેમલધારા-૧૧

પ્રેમલધારા-૧૨

પ્રેમલધારા-૧૩

પ્રેમલધારા-૧૪

પ્રેમલધારા-૧૫

પ્રેમલધારા-૧૬

પ્રેમલધારા-૧૭

પ્રેમલધારા-૧૮

પ્રેમલધારા-૧૯

પ્રેમલધારા-૨૦

પ્રેમલધારા-૨૧

પ્રેમલધારા-૨૨

પ્રેમલધારા-૨૩

પ્રેમલધારા-૨૪

પ્રેમલધારા-૨૫

પ્રેમલધારા-૨૬

રોમરોમ ગુરુભક્તિનો થનગનાટ



શતાબ્દીના સ્થળ અંગે ચર્ચા કરવા અને ઉત્સવ-સમિતિ રચવા સંવત ૨૦૨૦ (સન ૧૯૬૩) શરદ પૂનમે ગોંડલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં સભા થઈ હતી. સ્વામીશ્રીની ઇચ્છાથી સર્વાનુમતે આ મહોત્સવ અટલાદરા મુકામે જ ઊજવવો એમ નક્કી થયું. પ્રમુખસ્વામીના અધ્યક્ષપદે સમિતિની રચના થઈ. સ્વામીશ્રીનું જીવન મહારાજ અને સ્વામી. એમણે અક્ષર દેરીમાં જઈ પ્રાર્થના કરી : 'આ સમૈયો સારી રીતે ઊજવાય, નિર્વિઘ્ને ઊજવાય.'

આ માટે સ્વામીશ્રી પોતે માળા ફેરવતા અને ધૂન કરાવતા. વળી, બીજા પાસે પણ માળા ફેરવાવતા. ગુરુભક્તિનો આદર્શ સ્થાપવા સ્વામીશ્રીએ આ અવસરને નિમિત્ત બનાવ્યો. પોતાનાં દરેક પ્રવચનમાં દેશ-વિદેશ લખાતા પત્રોમાં, 'આ સમૈયો બહુ મોટો થશે, જે કોઈ નહિ આવે તેને બહુ ખોટ આવશે;' એમ પોતાનો અભિપ્રાય જણાવતા.

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું ન હતું. તેથી ઉત્સવ માટે તેઓ ગામડે ફરે નહિ – એમ સૌ વિચારતા હતા. પણ સ્વામીશ્રી અકળાઈને બોલી ઊઠ્યા : 'મારા ગુરુની જયંતી ઊજવાય અને હું કેમ બેસી રહું ?'

બધાએ સ્વામીશ્રીને આરામ કરવા વિનંતી કરી. સ્વામીશ્રીએ પોતાનો સેવાનો આગ્રહ ચાલુ રાખ્યો અને પુષ્કળ ઠંડીમાં બધે ફર્યા. દિવસનાં ચાર-ચાર ગામ ફર્યા. જમવાનો સમય સચવાતો નહિ. આરામની તો વાત જ નહિ. સ્વામીશ્રી કહે : 'આ દેહ તો આકડાના માંડવા જેવો છે, પણ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિથી ચાલે છે.'

કોઈ કોઈ ગામે સો-સો પધરામણીઓ થતી. કોઈ જગ્યાએ ચાર દાદરા ચડવા પડે, પણ ભક્તોને રાજી કરવા અને ગુરુઋણ અદા કરવાના ભાવથી સ્વામીશ્રીએ દેહની પરવા છોડી દીધી હતી.

આટલી બધી ક્રિયા અને ભીડો હોવા છતાં પણ સ્વામીશ્રી પોતાના નિત્ય નિયમ – આરતી, કથા, સ્વાભાવિક ચેષ્ટામાં જરાપણ ઓછપ આવવા દેતા નહોતા. સવારે પાંચ વાગે ઊઠી, સંતો-યુવકોને પ્રેરણાનાં પીયૂષ પાવાનું કોઈ દિવસ ચૂકે નહિ.

સ્વામીશ્રી જે જે તીર્થસ્થાનોમાં ગયા ત્યાં ત્યાં સમૈયો સારી રીતે ઊજવાય તેની ધૂન કરે. વરતાલમાં હરિકૃષ્ણ મહારાજ આગળ પણ ધૂન કરાવી કે 'આ સમૈયો સારો ઊજવાય. ટાઢ ન પડે. હિમ ન પડે. સર્વના દેશકાળ સારા થાય.'

વળી કહે : 'આ મહોત્સવમાં જે સેવા લખાવશે તેને ખૂટશે નહિ. ને મહારાજ વધુ આપશે.'

આ કથનની સત્યતાનો અનુભવ સેવા કરનાર અનેક ભક્તોને પાછળથી થયો હતો.

શાસ્ત્રીજી મહારાજ આગળ આગળ ચાલે છે

આટલા ભીડા છતાં સ્વામીશ્રી ક્રિયાનો ભાર પોતાના માથે જરાય લે નહિ. તેઓ કહે : 'શાસ્ત્રીજી મહારાજ આપણી આગળ ને આગળ ચાલે છે અને દરેક પ્રકારની સગવડ કરી આપે છે. તેથી ભીડો પડતો નથી.'

નડિયાદની અસહ્ય ઠંડી સહન કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ટાઢ કહે, મારું કામ. નડિયાદમાં ટાઢનો હોંકાટો. છાતીમાં ગરી જાય. પાર પડી જવાય. પણ મહારાજે પવન હંકાર્યો તે ટાઢ ઓછી થઈ ગઈ. આમાં અનુભવ એવો થયો કે શાસ્ત્રીજી મહારાજ સાથે ફરતા હોય એવો શાશ્વત અનુભવ થયો. કોઈને દુઃખ નહિ. કોઈ માંદું નહિ.'

સ્વામીશ્રી લગભગ દરરોજ સાંજે ૫-૦૦ વાગે બીજે ગામ જવા નીકળે. અમદાવાદવાળા પુરુષોત્તમદાસ ગજ્જરની મોટર તો અખંડ સેવામાં જ હતી. જીવાભાઈ હરિભાઈ પટેલ, મણિભાઈ જીવાભાઈની મોટરો સ્વામીશ્રી જ્યારે અને જ્યાં આજ્ઞા કરે ત્યાં હાજર થઈ જતી. ત્રણ માસ સુધી અપાર ભીડો વેઠ્યો. સાચી ભક્તિનાં પારખાં આવે ટાણે થાય.

શાસ્ત્રીજી મહારાજ નીકળ્યા તો અક્ષરપુરુષોત્તમ-ઉદ્‌ઘોષ !

વિચરણ દરમ્યાન સ્વામીશ્રીનાં પ્રવચનોમાં શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિ, આ અપૂર્વ મહોત્સવ ઊજવીને અદા કરવાનો એકમાત્ર ધ્વનિ

સંભળાતો હતો : 'સ્વામીની જયંતી ઊજવાશે તો જનતામાં દરેકને તેમનો મહિમા સમજાશે. આ ઉત્સવમાં જેટલું કરશું તેટલું ઓછું છે. જયંતીના બીજા ફાયદા શું ? દેશદેશના હરિભક્તો આવે; હજારો રૂપિયા ખર્ચી ટિકિટ લઈએ તોપણ પત્તો ન ખાય, આ તો સહેજે દરેકનાં દર્શન થાય. લંડનમાં દર્શન કરવા ક્યાં જવાના ? અટલાદરામાં હજારોનાં દર્શન થશે. ગીતાનો અક્ષરપુરુષોત્તમ યોગ સ્વામીએ સિદ્ધ કર્યો હતો.'

શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા તો એક સ્વામીશ્રીને જ છે, એમ એમના ગુરુભક્તિથી તરબોળ શબ્દો જોતાં જણાયા વગર રહે જ નહિ :

'શાસ્ત્રીજી મહારાજ મળ્યા, તેમાં સાક્ષાત્ ભગવાન રહ્યા હતા. મહારાજ અને સ્વામીને એમણે ધાર્યા હતા. તો આ જયંતી કોની ઊજવીએ છીએ ? શ્રીજી-મહારાજની ! એમનો ઉત્સવ કરીએ છીએ. પહેલાં બીજા દેવતાઓની તો જય બોલાતી જ હતી, પણ શાસ્ત્રીજી મહારાજ સિદ્ધાંત માટે નીકળ્યા તો બધે અક્ષર-પુરુષોત્તમનો ઉદ્‌ઘોષ થયો.

સો જન્મે આવી સેવા મળે નહિ

'અક્ષરધામમાં જેવા સહજાનંદ સ્વામી છે, તેવા આપણને મળ્યા છે. તમે જે સેવા કરી, તે શ્રીજીમહારાજની સેવા કરી છે. આવો મહિમા સમજીએ તો ભાર ન લાગે. નહિ તો 'સ્વામી આવ્યા ને ઉઘરાણું કરી ગયા,' એમ થાય. આ કાર્યમાં તો વધુ દેવું. થોડું દીધું હોય તો બળતરા થાય જે, 'સ્વામીને ઓછું દેવાણું ! માટે લાવો વધુ આપીએ. સ્વામી પાસે જઈ કહીએ, લ્યો સ્વામી ! મારું વધુ લ્યો, મારે આપવું રહી ગયું છે.' સ્વામીએ પ્રવેશ કર્યો ને દૃષ્ટિ કરી, તો સેવા થઈ ગઈ. છાતી પહોળી થાય છે. સો જન્મે આવી સેવા મળે નહિ. જયંતી આવે છે. ખટકો, શ્રદ્ધા, પ્રેમ રાખી સેવામાં મંડવું. કોઈને પાણી પાવું, જમાડવું. જાન આવે ત્યારે લોકો બહુ સેવા કરે. આ અનંત કોટિ મુક્તની જાન છે.'

આ અમૂલ્ય સેવાનો લાભ ભવ-બ્રહ્માદિકને પણ દુર્લભ છે, દેવતાઓ પણ આ સેવાને ઝંખે છે. તે જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'દેવતાઓ, ઋષિઓ, ઋતુઓ જે કોઈ સહકાર આપશે તેનો મોક્ષ થશે. આ મહોત્સવમાં જે નહિ આવે તેને મોટી ખોટ આવશે, અને જે આવશે તેને અનંત ગણું ફળ દર્શન-સમાગમનું મળશે.'

મહોત્સવની ભાવિ અસર ભાખતાં સ્વામીશ્રી કહેતા કે *'જેનાં ગાન દશો*

દિશે હરિજનો, ગાયે અતિ હર્ષથી – આ અષ્ટક રચાયાં તો ખરાં, પણ આ મહોત્સવ પછી અમેરિકા, લંડન, આફ્રિકા, દેશ-વિદેશમાં શાસ્ત્રીજી મહારાજનાં ગાન થશે.'

મુંબઈથી સિદ્ધેશ્વર સ્વામી ગોંડલ જતા હતા ત્યારે સ્વામીશ્રીએ તેમને ભક્તિભીના હૃદયે ખૂબ જ આર્જવભાવે કહ્યું : 'આ મહોત્સવ નિર્વિઘ્ને ઊજવાય તે માટે મારા વતી તમે અક્ષર દેરીમાં ૫૧ પ્રદક્ષિણા કરજો અને સ્વામીને પ્રાર્થના કરજો કે આ સમૈયામાં સ્વામી સાક્ષાત્ પધારે.' સાથે જ શાસ્ત્રીજી મહારાજને સદા સર્વદા પ્રગટ જ મૂર્તિમાન માનતા સ્વામીશ્રીનો આ અગમ્ય ભાવ હૃદયદ્રાવક હતો.

અટલાદરામાં આગમન

તા. ૩-૨-'૬૫, સ્વામીશ્રી પધાર્યા ત્યારે અટલાદરાના પાદરે પ્રમુખ-સ્વામી, પ્રતિષ્ઠિત નાગરિકો તથા હરિભક્તોનાં વૃંદો ધૂન-ભજન કરતાં, પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. વિખ્યાત 'દરબાર બૅન્ડે' સૂરો વહેતા મૂક્યા. જયનાદો વચ્ચે સ્વામીશ્રીને હૃદયથી સન્માની શોભાયાત્રારૂપે મંદિરમાં પધરાવ્યા.

મહા સુદ ત્રીજને દિવસે મંદિરના પ્રવેશદ્વારની દેરીઓમાં ગણપતિજી તથા હનુમાનજીની મૂર્તિઓની વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. સ્વામીશ્રીએ ખુરશીમાં બેસી મહોત્સવની સર્વ વ્યવસ્થા નિહાળી, દૃષ્ટિ કરી. ઘણું કાર્ય અધૂરું હતું, પણ સાક્ષાત્ બ્રહ્મ-દૃષ્ટિથી બધાં કાર્યો રાતોરાત પૂરાં થઈ ગયાં; જાણે દેવતાઓ આવીને કામ કરી ગયા ન હોય !

હરિભક્તોના અગણિત સમૂહો અટલાદરા તરફ આવતા હતા. ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી ઘણા હરિભક્તો સ્પેશિયલ બસો કરીને આવ્યા હતા. વડોદરા-અટલાદરા સુધીનો પાંચ માઈલનો માર્ગ માનવ-મેદનીથી ભરચક હતો. બસોની હારમાળા થઈ ગઈ હતી.

અસંખ્ય હરિભક્તોની સગવડ માટે નવા વસવાટો ઊભા કરવામાં આવ્યા હતા. મંદિર સામેના ઉદ્યાનમાં રજવાડી મોટા તંબુઓ આશ્રય માટે ખોડ્યા હતા. બાજુમાં ખરીદી કેન્દ્ર, તો મંદિર સામે જૂની નિશાળના ઉદ્યાનમાં બે હજાર સ્વયંસેવકોની છાવણી ઊભી કરી હતી. બાજુમાં વાહનોનું વિરામ સ્થળ, આગળ જતાં રહેઠાણ માટે 'યોગીનગર' રચાયું હતું.

એની સામેના ઉદ્યાનમાં વિશાળ ભોજન મંડપ ને આગળ તબીબી કેન્દ્ર,

એની આગળ સર્પાકારે પ્રવેશદ્વાર સાથેનો પ્રદર્શન મંડપ - અક્ષર વાટિકા. હજુ આગળ જતાં વિશાળ સભામંડપ શોભતો હતો. સ્ત્રી-પુરુષની અલગ વ્યવસ્થા કરતો વચ્ચે સરિયામ રસ્તો આ મંડપમાં હતો. મંડપના છેડાના મધ્ય ભાગમાં એક ભવ્ય સભામંચ, આધુનિક સ્થાપત્ય કળાથી શોભી રહ્યો હતો. મધ્યમાં શાસ્ત્રીજી મહારાજની દર્શનીય પ્રતિમા તથા તેની નીચે સ્વામીશ્રીનું કાષાય વસ્ત્ર આચ્છાદિત આસન શોભી રહ્યું હતું.

ઉત્સવની પૂર્વસંધ્યાએ શીખ

બીજે દિવસે રાત્રે સભામાં સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ઘરમાં મહેમાન તરીકે રહેવું અને સમૈયે મહેમાન તરીકે નહીં પણ ધણી તરીકે રહેવું. શાસ્ત્રીજી મહારાજ સર્વોપરી ઉત્સવ ઊજવશે કે આનંદ આનંદ થઈ જશે. કાલની સભાનાં દર્શન કરે તેનું કલ્યાણ, તેની પ્રાપ્તિ મોટી, સર્વ વાતે સાનુકૂળ. બધા અમલદારોએ સહકાર આપ્યો. જુઓ, ભગવાને ટાઢ ઓછી કરી નાખી છે. નડિયાદમાં હતા ત્યારે ટાઢ સખત હતી. ઋતુએ સહાય કરી. દેવતાઓ કબૂલ થઈ ગયા. સર્વોપરી સમૈયો ઊજવાશે.

'આપણું ગોદડું બીજાને દઈ દેવું. આપણે રાજી થાવું. તે ગોપીચંદ, ભરથરીએ આખું રાજ છોડ્યું. રાતના ફરતાં ફરતાં ગામમાં આવ્યા. ગામને છેડે ચોરો હતો. ચોરામાં એક ખીલી હતી. 'હું ભરવું', 'હું ભરવું.' એક ખીલીમાં બે ઝોળી કેવી રીતે ભરાવે ? એક ડોશી નીકળી અને બોલી : 'એ ધન્ય છે ગોપીચંદને, એ ધન્ય છે ભરથરીને કે જેમણે રાજ છોડ્યું ! જ્યારે પીટ્યા, તમે બાટકો છો ?!'

'જુઓ, આ સંતો રાત-દી' દાખડો કરે છે, સ્મૃતિ ગ્રંથ અને પ્રદર્શન સરસ તૈયાર કર્યું છે; મોટો યુરોપિયન ન બનાવે. આખી જિંદગીમાં સંભારવું. આફ્રિકાથી સી.ટી. પટેલ, ત્રિભોવનદાસ, આર.બી. પંડ્યા, ભટેશા આ માટે પધાર્યા. ખાસ દર્શન કરવા માટે મુંબઈ, સૌરાષ્ટ્ર, અમદાવાદ - ગુજરાતના હરિભક્તો આવ્યા છે. પણ હજુ લાખ માણસ ક્યાં થયા છે ? મહારાજ છતાં ડભાણમાં ત્રણ લાખ માણસ આવેલા. મહારાજે એવી દયા કરી કે લાખો માણસને લાડુ પીરસાયા. એક બ્રાહ્મણ દસ દસ લાડુ ખાઈ જાય. બ્રાહ્મણને એમ કે મહારાજનું ખુટાડો. પણ શાનું ખૂટે ? શાસ્ત્રીજી મહારાજે આવા મહાન સમૈયા કર્યા.

'આપણે શું કરવું ? ૪-૦૦ વાગે ઊઠી જાવું, પ્રદક્ષિણા કરવી. જ્યાં જગા

મળે ત્યાં બેસી જવું. ભગવાન તો *'તન કી જાણે, મન કી જાણે, જાણે ચિત્તકી ચોરી.'* એ હાલ પ્રગટ છે. બધું જાણે છે. આપણે બીજાને જગા આપવી. માટે સમાગમ કરવો. સત્સંગ કરવા ભેગા થયા છીએ. આજ તો આપણને અલભ્ય લાભ મળ્યો છે. મનુષ્યભાવ ન લાવવો. તમને દેખાય છે કે શાસ્ત્રીજી મહારાજ સૂવે છે, પણ શાસ્ત્રીજી મહારાજ તો સૂતા જ ન હતા. બીજા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવા દૃષ્ટિ કરવા જતા હતા. શાસ્ત્રીજી મહારાજની સુવર્ણ તુલાની જયંતી વખતે અહીંથી વડોદરા સુધી માણસ માણસ દેખાતું હતું. મહારાજ ને મોટા સંત આપણી વાત સાંભળતા બેઠા હોય; પણ દેખાય નહીં. સંતો રક્ષા કરે છે.'

પ્રથમ સમારંભ :
મહા સુદ ૪, સં. ૨૦૨૧, શુક્રવાર, તા. ૫-૨-૧૯૬૫

સવારે ૮-૩૦ વાગે સ્વામીશ્રી મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી સાથે સભામાં પધાર્યા. સંતોનાં ધૂન, કીર્તનગાન બાદ સિદ્ધેશ્વર સ્વામીએ આ પ્રસંગે ખાસ યોજાયેલ પ્રદર્શન - અક્ષર વાટિકાનો ખ્યાલ આપ્યો.

સ્મરણીય પ્રતીકો

મહોત્સવના પ્રારંભિક આયોજનમાં જ ઉત્સવને વિશિષ્ટ રીતે સ્મરણીય બનાવવાનાં આયોજનો વિચાર્યાં હતાં. એક 'યજ્ઞપુરુષ સ્મૃતિ ગ્રંથ' પ્રકાશન અને બીજું, શાસ્ત્રીજી મહારાજનું જીવન દર્શન શરૂ કરવામાં આવ્યું હતું.

ગ્રંથ માટે હર્ષદભાઈના માર્ગદર્શન નીચે સંતોએ શાસ્ત્રીજી મહારાજના જીવનનાં વિવિધ પાસાંઓને આલેખતા સુંદર લેખો તૈયાર કર્યા. ખાસ કરીને તેમના દિવ્ય ચરિત્રની ઝાંખી કરાવતાં સુંદર રેખાચિત્રો ખ્યાતનામ કલાકાર બંસીલાલ વર્મા (ચકોર) પાસે તૈયાર કરાવરાવ્યાં. તેમજ એમના જીવનની વિવિધ છબીઓ જૂના જૂના હરિભક્તો પાસેથી મેળવી. પ્રસંગને અનુરૂપ મહાનુભાવોના સંદેશાઓનો પણ તેમા સમાવેશ કરવામા આવ્યો. આમ, શાસ્ત્રીજી મહારાજનાં અનેકવિધ જીવન પાસાંઓને, બહુરંગી રીતે આવરી લેતો આ ગ્રંથ મહોત્સવની આકર્ષક સ્મૃતિરૂપ બન્યો.

ગ્રંથની જ અપ્રગટ સુંદર છબીઓ તથા રેખાંકનોને વિસ્તૃત કરી, પ્રદર્શનનું આયોજન પણ ગોંડલમાં જ પૂર્ણ કર્યું. સાથે મહારાજનાં દિવ્ય જીવન અને કાર્યને આવરી લેતી કલાત્મક પેનલો પણ અમદાવાદમાં સી.એન. વિદ્યાલયના આચાર્ય

રસિકભાઈ પરીખ તથા ખ્યાતનામ કલાકારો પાસે તૈયાર કરાવી. ગોંડલમાં તથા સારંગપુર મંદિરની પ્રતિકૃતિઓ પણ શાસ્ત્રીજી મહારાજના એક વિશિષ્ટ કાર્યરૂપે રજૂ કરવા તૈયાર થઈ. સુવાક્યોનાં પોસ્ટર્સ તથા અન્ય કલાકૃતિઓ પણ સર્જવામાં આવી. આમ, મહંત સ્વામી તથા અમે સૌ સંતોએ મળીને પ્રદર્શન પણ તૈયાર કર્યું; જે મહોત્સવમાં 'અક્ષર વાટિકા' મંડપમાં સારી રીતે ગોઠવાયું અને હજારો દર્શનાર્થીઓ માટે અતિ આકર્ષણનું કેન્દ્ર બની ગયું.

સોનાનો સૂરજ

આ પછી સભામાં મહંત સ્વામીના વક્તવ્ય બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું :

'આજે આપણે સ્વામીના શતાબ્દી ઉત્સવમાં ભેગા થયા છીએ. આપણે સોનાનો સૂર્ય ઊગ્યો છે. શાસ્ત્રીજી મહારાજ સ્વામીના જેણે આશીર્વાદ લીધા છે અથવા તેમનામાંથી શાંતિ લીધી છે, તે બધાયને તને, મને, ધને, વ્યવહારે સુખી રાખશે, કારણ કે આવા મહાન પુરુષ આ બ્રહ્માંડની અંદર કોઈ થયા નથી, થવાના નથી. શાસ્ત્રીજી મહારાજે એવી દયા સૌ ઉપર કરી, આ રંગ લગાડ્યો છે. અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ દરેક મંદિરમાં પધરાવી દીધી. હવે ગામોગામ, શહેરેશહેર અમેરિકા, આફ્રિકા, લંડન, યુરોપ બધા દેશમાં અક્ષરપુરુષોત્તમનું આહ્‌વાન થઈ જશે.'

યોગીજી મહારાજમાં શાસ્ત્રીજી મહારાજ બેઠા છે

મુખ્ય મહેમાન નંદાજીએ જણાવ્યું :

'અહીંનું વાતાવરણ સુંદર, શાંત અને પવિત્ર છે. વિચારો થંભી જાય છે. માત્ર પ્રેરણા મળે છે.

'હું જ્યારથી સંપ્રદાયમાં જોડાયો, સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સંપર્કમાં આવ્યો, એમાં શ્રદ્ધા, નિશ્ચય, વિશ્વાસમાં વધારો થયો છે. એમાં શંકાને સ્થાન નથી. જ્ઞાન મળતું રહ્યું છે, તે નિશ્ચિત છે.

'આ સંપ્રદાયની વિશેષતા એ છે કે બીજા સંપ્રદાયો, સંતો જોડે આપણી હરીફાઈ, લડાઈ હોતી નથી. અહીં મને બધું મળી રહે છે. હું આવ્યો મજૂર ચળવળમાંથી. પછાત વર્ગ માટે કંઈક થવું જોઈએ એવો મારો ખ્યાલ હતો. અહીં હું તે જોઈ શક્યો. ગરીબમાં ગરીબ શ્રીજીને શરણે આવ્યા, શાસ્ત્રીજી

મહારાજને શરણે આવ્યા અને આજે યોગીજી મહારાજને શરણે આવે છે. અહીંથી આપણને ઘણું મળે છે.

'સત્સંગમાં એક બીજી વાત શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની કહી. અક્ષર એ મહારાજને રહેવાનું ધામ છે. આપણે બધાએ અક્ષરરૂપ થવાનુ છે. જેના વગર સંપૂર્ણ જ્ઞાન થાય નહિ. શાસ્ત્રીજી મહારાજે આ જ્ઞાન આપી શ્રીજીમહારાજનું સંપૂર્ણ જ્ઞાન આપ્યું.

'આજે શાસ્ત્રીજી મહારાજ અહીંયાં છે. શાસ્ત્રીજી મહારાજ બેઠા હતા ત્યારે માનતો હતો કે ભગવાન બેઠા છે. આજે જ્યારે યોગીજી મહારાજ બેઠા છે, ત્યારે માનું છું કે શાસ્ત્રીજી મહારાજ બેઠા છે. શાસ્ત્રીજી મહારાજ મને આજ્ઞા કરતા અને તે પ્રમાણે કરવાની શક્તિ આપતા. આપણી ત્રુટિઓ, નબળાઈઓ હશે તે નથી રહેવાની. આપણને જે લાભ મળ્યો છે તે સર્વોપરી છે. થોડા સમયમાં મહારાજે કેટલું બધું કરી નાખ્યું ! શાસ્ત્રીજી મહારાજે કર્યું, યોગીજી મહારાજ કરી રહ્યા છે. શ્રીજીમહારાજનો સંદેશો એ જ શાસ્ત્રીજી મહારાજનો સંદેશો છે અને એ જ યોગીજી મહારાજનો સંદેશો છે. આપણે એમની આજ્ઞા પ્રમાણે શુદ્ધ વર્તન રાખીએ તો બીજાને ગુણ આવે. લાખો જીવનું કલ્યાણ થાય. આપણે બદલો તો શું આપી શકીએ ? પણ સેંકડોને, હજારોને આ સંદેશો પહોંચાડીને આ બાજુ ખેંચવાનો પ્રયત્ન કરીએ.'

અક્ષર વાટિકાનું ઉદ્‌ઘાટન

પછી પ્રમુખસ્વામી સાથે નંદાજીએ અક્ષર વાટિકાના પ્રવેશદ્વાર પાસે આવી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું. પ્રમુખસ્વામીએ તેમનું સ્વાગત કર્યું. મહારાજનાં સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક કાર્યોની કલાત્મક રંગીન પેનલો નિહાળી. મંદિરોનાં મોડેલો તથા શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુનાં દર્શન કર્યાં. શાસ્ત્રીજી મહારાજના જીવન પ્રસંગો તેમજ લાક્ષણિક છબીઓ નિહાળી તેઓ રાજી થયા. પ્રમુખસ્વામી તેમને સર્વ સમજૂતી આપતા હતા.

ભક્તોમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન

આ દરમ્યાન સ્વામીશ્રી સભામાં બિરાજ્યા હતા. ત્યારે અમદાવાદના અંબાલાલ ભગતના પ્રવચન બાદ આફ્રિકાથી ખાસ પધારેલા ભક્તરાજ સી.ટી. પટેલે ભાવવાહી શૈલીમાં જણાવ્યું :

'આજે આ અલૌકિક લાભ છે. સ્વામીબાપા સંતો સહિત, અક્ષરધામના મુક્તો સહિત દર્શન દે છે. આ અક્ષરધામની સભા છે. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજ માટે કહ્યું હતું કે 'આ સંત આ બ્રહ્માંડમાં નથી. અનંત કોટિ બ્રહ્માંડમાં નથી. એમના મહિમાનો અવધિ નથી. આપણે જેટલો વિશેષ મહિમા સમજીએ એટલા આપણે ભક્ત બનીએ છીએ અને દાસત્વ વધતું જાય છે.

'આપણી એક જ ફરજ કે યોગીજી મહારાજને આપણે વિનંતી કરીએ કે હે સ્વામી ! તમારો યથાર્થ મહિમા આ પૃથ્વીના અનેક જીવો જાણી શકે, પચાવી શકે, ભોગવી શકે એવી આપનાં પુનિત ચરણોમાં પ્રાર્થના છે.

'આજનો દિવસ ધન્ય થઈ ગયો ! પૃથ્વી પાવન થઈ ગઈ ! અટલાદરામાં ચારે બાજુ મુક્તોની મંડળીઓ નજરે પડે છે. મુક્તો દ્વારા શાસ્ત્રીજી મહારાજ દર્શન દે છે. મ્વાન્ઝા યુવક અધિવેશનમાં યોગીજી મહારાજે પત્રમાં જણાવ્યું હતું કે 'જે આ સમૈયામાં પધારશે તેમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થશે.' તો આજે આ બધા મુક્તોમાં રહીને, સંતોમાં રહીને, શાસ્ત્રીજી મહારાજે આપણને સુખ આપ્યું.'

આ વક્તવ્ય સાંભળતાં સભા ભાવવિભોર બની ગઈ હતી.

આરોગ્ય પ્રધાન મોહનભાઈ વ્યાસે જણાવ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ જતાં નંદાજી વિમાસણમાં પડેલા. હવે શું કરું ? શાસ્ત્રીજી મહારાજે તેજસ્ શરીરે દર્શન દઈ આજ્ઞા આપી કે 'યોગીજી મહારાજ મારું સ્વરૂપ છે.' તેમણે યોગીજી મહારાજને શાસ્ત્રીજી મહારાજ તરીકે સ્વીકાર્યા. આજે વિકટ પ્રશ્નો આવે છે ત્યારે માળા લઈને બેસી જાય છે. જ્યારે ભારતના ગૃહપ્રધાન થયા ત્યારે લોકોને આશંકા હતી કે 'આ ભલા માણસ, શરીફ માણસ શું કરશે ?' પણ શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી ઘણાં મુશ્કેલ કાર્યો તેમને હાથે ઉકેલાયાં. યશ મળ્યો.'

સભા વિસર્જન પછી સ્વામીશ્રી ભારે ઉમંગથી 'અક્ષર વાટિકા'માં પધાર્યા અને ખૂબ ભાવ અને મમતાપૂર્વક પ્રદર્શન નિહાળ્યું. શાસ્ત્રીજી મહારાજનાં વિવિધ દર્શન કરતા તેઓ ઘણી ક્ષણો તેમાં ખોવાઈ જતા, લીન થઈ જતા હતા. સંતોને આશીર્વાદ આપી, સૌને પ્રદર્શન જોવાની ભલામણ કરી, ભોજનશાળામાં દૃષ્ટિ કરી. આજે લગભગ ૬૦ હજાર ભક્તોએ પ્રસાદ લીધો.

દ્વિતીય સમારંભ : 'યજ્ઞપુરુષ સ્મૃતિ ગ્રંથ'નું ઉદ્‌ઘાટન

દ્વિતીય સમારંભ સાંજે ૫-૩૦ વાગે શરૂ થયો. જેમાં ધૂન-પ્રાર્થના પછી,

સ્મારક ગ્રંથ સમિતિના અધ્યક્ષ પ્રમુખસ્વામી, હર્ષદભાઈએ તથા મેં ગ્રંથની વિશેષતાનો ખ્યાલ આપ્યો હતો. નારાયણ ભગતના પ્રશસ્તિ ગાન પછી સ્વામીશ્રીએ ગ્રંથનું ઉદ્‌ઘાટન કરી પૂજન કર્યું.

આ કીર્તન સ્વામીમાં લાગુ પડે

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'શાસ્ત્રીજી મહારાજ સર્વોપરી પુરુષ થઈ ગયા. એમણે આ બ્રહ્માંડમાં સર્વોપરી કાર્ય કર્યું. ત્રણ જાતનાં કાર્ય સ્વામીએ કર્યાં : એક ઉપાસનાનું સ્થાપન કર્યું; બીજું, પોતે શાસ્ત્રો રચાવ્યાં; ત્રીજો, એકાંતિક ધર્મ સ્વામીએ પ્રવર્તાવ્યો.

'સ્વામી ગુણાતીત હતા તો આપણને ગુણાતીત બનાવ્યા. ગુણાતીત એટલે શું ? ત્રણ ગુણથી પર. રજોગુણ, તમોગુણ વ્યાપે નહિ તે ગુણાતીત કહેવાય. એવા ભગતજી મહારાજ હતા. શાસ્ત્રીજી મહારાજ સ્વામી એવા હતા.

'ગુણાતીત સ્થિતિ કેવી રીતે ? કે

'હાંજી ભલા સાધુ, હરિકી સાધ, તનકી ઉપાધિ તજે સોહિ સાધુ...'

આ કીર્તનગાનથી સ્વામીશ્રીએ સભાને ડોલાવી દીધી અને ભગવદ્ સુખનો અનુભવ સૌને કરાવ્યો.

સ્વામીશ્રી કહે : 'આવી રીતે સ્વામીમાં ગુણ હતા. ક્યાંય સન્માન થાય, સ્વામીને સારું ન લાગે. અપમાન થાય, બહુ મજા પડે. ગામોગામ કાઢે, મંદિરમાં પેસવા ન દે, અપમાન કરે પણ કેફ ! એવી સાધુતાની મૂર્તિ. આ કીર્તન ત્યાં લાગુ પડે છે.

'એક વાર મોટા કલેક્ટર દર્શને આવવાના હતા. તે સ્વામીને નિર્ગુણ સ્વામીએ કહ્યું : 'રૂમાલ (પાઘ) સારો બાંધો.'

'મારે રૂમાલ સારો બાંધવો નથી. છે ઈ બરાબર છે. એને દર્શન કરવાં હશે તો કરશે. નહિ તો પાછા જશે. હું તો આ છે એમ રાખીશ.' સ્વામીએ કહ્યું. જો આવી સાધુતા. ઠઠારો નહિ.

'લાલચ લોભ હરામ હૈ, ગ્રહે ન ગાંઠે દામ;
નારી નાગણી સમ તજે, રટે નિરંતર રામ... તનકી.'

'લાલચ લોભ હરામ હૈ...' પોતાના દેહને અર્થે કોઈપણ ચીજ પોતે નહિ કરેલી. હરામ જેવી વસ્તુ. ભગવાન પરાયણ પોતે વર્તતા ને પ્રવૃત્તિમાર્ગ જે ભગવાનનાં મંદિર બાંધવાં જે સેવા કરે તે પરમાર્થ અર્થે. પોતાને દેહને અર્થે

નહિ. આ કીર્તન એમાં લાગુ પડે.

'મઠ ન બાંધે મમતા કરી, શઠતા કીની ત્યાગ,
કબહુ ક્રોધ ન ઊપજે, સો સાચા વૈરાગ્ય... તનકી.'

'પોતાના માટે કોઈ મકાન બાંધે નહિ, પરમાર્થ અર્થે બધાં મકાનો બાંધેલાં. એમાં સૌ સાથે સૂઈ રહે. કોઈ દી' ક્યારેય સ્વામીને ક્રોધ નથી આવ્યો; પણ કોઈ નિયમ-ભંગ કરતો હોય તો જરા બતાવે, એમાં ફેર ન પડવા દે. દેહને અર્થે નહિ. આ કીર્તન એમાં લાગુ પડે.

'ત્યાગે તીખાં તમતમાં, રસના ભોગ વિલાસ,
મુક્તાનંદ સો સંતકો, સદા રહત હરિ પાસ... તનકી.'

'એક વાર સ્વામી એક ગામમાં ગયા. ને પત્તર નો'તું તો કહે : 'હું નહિ જમું. થાળીમાં અમારે ન જમાય.' એવું નીમ સ્વામીને. પત્તરમાં જમે. બીજી કોઈ વસ્તુ નહિ.

'રાતે કોઈ કહે : 'સ્વામી પોઢી ગયા;' પણ પોઢ્યા નહોતા. ૧૧-૦૦ વાગે એટલે પોતે સ્નાન કરે. કથાવાર્તા કરે. રાતના ૩-૦૦ વાગ્યા સુધી ! પોતાને સૂવાનું નહિ. એવો પોતાને દેહનો અનાદર.

'અને ચોવીસ કલાક ભગવાન સંબંધી જ વાતું. એમાં જરાય ખામી નહિ. આવી રીતના જે સંત, સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ અખંડ રહેલા. એવા જે સંત આપણને મળ્યા છે. તેમનો જેટલો મહિમા ગાઈએ તેટલો ઓછો છે. ને જેટલો મહિમા ગાઈએ એટલો આપણો થશે. ગઢડા મધ્યનું ૬૭ વચનામૃત છે. જેવા જાણે એવો પોતે થાય. મીઠા જળનો દરિયો ભર્યો છે, પણ જેટલું પાણી ભરી દીધું એટલું આપણા કામનું. તો જેટલો મહિમા સમજીએ એટલો આપણો, એ તો અપારના અપાર !'

આમ, સ્વામીશ્રીએ પ્રસંગોચિત પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા વર્ણવ્યો. સૌને એમનું યથાર્થ સ્મરણ કરાવ્યું.

એ અંતર્યામી હતા

પ્રસંગને અનુલક્ષીને નંદાજીએ કહ્યું :

'હું જ્યારે શાસ્ત્રીજી મહારાજને મળ્યો, ત્યારે એક નાનકડી સભામાં છેલ્લો બેઠો હતો. એમણે મને બોલાવ્યો, નજીક બેસાડ્યો. કહ્યું : 'આપણો સંબંધ જૂનો છે.' ત્યારપછી ઘણા વખતે કંઠી બાંધી. પણ એમને મળ્યા વગર

રહેવાતું નહીં, એમનાં દર્શન વગર રહેવાતું નહિ, એ હકીકત છે. એક વખત બોચાસણમાં મારા મનમાં અશાંતિ હતી. ત્યારે સ્વામીએ કહ્યું : 'તમે અશાંત કેમ છો ?' એ અંતર્યામી હતા. ઘણા પ્રસંગોએ મારા મનની વાત કહી દેતા, એ રીતે મેં તેમને ઓળખ્યા. દરમ્યાન વચનામૃત વાંચતાં મારા મનમાં છાપ પડી કે એમાં ઘણું છે. 'સ્વામિનારાયણ ભગવાન છે' એ સમજ્યો, હેત થયું, વિશ્વાસ બેઠો. ઝીણવટથી કસોટી કરી. પછી મનમાં નિશ્ચય થયો. આ વાતો નકામી નથી, કલ્પના નથી; વાતો સાચી છે.

'કેટલાક મુદ્દા ગમતા નહિ, ખાસ કરીને સ્ત્રીઓની (વધુ પડતી મર્યાદાની) વાત. પછી શાસ્ત્રીજી મહારાજે ધીમે ધીમે સમજાવ્યું કે 'નજીક બેસવાથી જ કલ્યાણ છે, એમ નથી. એમાં તો ભગવાનની શક્તિ મર્યાદિત બની જાય છે. સ્ત્રીઓને જે શ્રદ્ધા છે, તેનાથી લાભ થવાનો છે. દૂર બેસે એમાં કલ્યાણ થવાનું નથી, એમ નથી.' બધી રીતે મનની ખાતરી કરીને કંઠી પહેરી. ખાતરી ને નિશ્ચયમાં ઉમેરો થયો છે, ઓછું થયું નથી.

'અંતરમાં શાંતિ મેળવવા માટે, અધ્યાત્મ બાબતો સમજવા માટે તે વખતે બીજા સાધુઓની સાથે પણ રહ્યો. અહીંયાંથી શાંતિ મેળવી શક્યો તે બીજેથી ન મેળવી શક્યો. મારાં કાર્યમાં પણ મને મદદ મળી. હું નિર્ભય થઈ ગયો. તેમાં શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી મારું કાર્ય પણ શાંતિથી કરી શકું એવી સ્થિતિ થઈ.'

તૃતીય સમારંભ : યુવક અધિવેશન

રાત્રે ૮-૩૦ વાગે સભામંડપમાં યુવક અધિવેશનનો કાર્યક્રમ યોજાયો. સંતોની ધૂન, પ્રાર્થના બાદ યુવક પ્રવૃત્તિ વિશે કિશોરભાઈ દવેએ જણાવ્યું :

'શાસ્ત્રીજી મહારાજે યુવાન સંતો ને ભક્તો દ્વારા મહારાજનું કાર્ય વિકસાવ્યું. ઉપાસનાનાં ભવ્ય મંદિરો ગુજરાત ને સૌરાષ્ટ્રમાં ખડાં કરી દીધાં. પણ એ મંદિરોમાં જનાર યુવાન વર્ગ ન હોય તો મંદિરોની પ્રવૃત્તિને વેગ કેમ મળે ? સ્વામીશ્રી યોગીજી મહારાજ આ સત્ય જાણતા હતા. ન્યાયમૂર્તિ ચાગલાએ કહ્યું છે : 'યુવાનોમાં ગેરશિસ્ત ટાળવાનો એક જ ઉપાય છે કે તેમને કાર્યમાં પ્રવૃત્ત રાખો. યુવાનો નવરા પડે ત્યારે નખ્ખોદ વાળે !'

'આજથી લગભગ ૧૨ વર્ષ પહેલાં સ્વામીશ્રીએ યુવાનોની પ્રવૃત્તિને વધુ વેગ આપ્યો. વૅકેશનમાં સ્વામીશ્રી સાથે ગામડાંઓમાં યુવકો ફરતા. ગામડાંઓનું

વિચરણ – તેમાં વહેલા ઊઠવાનું, ઉપવાસ કરવાના, નીચે સૂવાનું, એવી અનેકવિધ કસોટીમાંથી સ્વામીશ્રીએ તેમને પસાર કર્યા. ભક્તોનો માર્ગ શૂરાનો છે, કાચા-પોચાનો નથી. સ્વામીશ્રી આપણને મહામૂલી સંપત્તિ આપવા માગે છે. એ બધું સમજી, વિચારી, યુવાનો સ્વામીશ્રીમાં આકર્ષાયા. ગામડે ગામડે યુવક મંડળો શરૂ થયાં. અઠવાડિક સભાઓ ભરવાનું શરૂ થયું. ઉત્સવ-સમૈયામાં અનેકવિધ સેવાનાં કાર્યો કરનારાં સ્વયંસેવક દળો તૈયાર થયાં.

'શાસ્ત્રીજી મહારાજ અંતર્ધાન થયા પછી શું ? એ ઘણાના પ્રશ્નનો પ્રત્યુત્તર સ્વામીશ્રી યોગીજી મહારાજે પોતાના અપ્રતીમ પ્રતાપથી આપ્યો. 'હું તે યોગી ને યોગી તે હું' – એ શાસ્ત્રીજી મહારાજનું વચન સૌને મૂર્તિમાન થયું. ઉપાસના પ્રવર્તનનું કાર્ય યોગીજી મહારાજે ખૂબ જ વિકસાવ્યું. સમૈયા ને ઉત્સવોમાં વ્યવસ્થિત કાર્યો થવાં લાગ્યાં. સત્સંગ સંબંધી પ્રશ્નો ને સમસ્યાઓનો ઉકેલ લાવી, તેનો પ્રચાર સમાજમાં વધુ ને વધુ થાય એ આશયથી આ અધિવેશન આપણે યોજ્યું છે.'

સોળ આના સત્સંગ શું ?

ત્યારપછી ડૉક્ટર સ્વામી, બળવંતરાય બ્રહ્મભટ્ટ, આર.બી. પંડ્યા તથા એચ.એમ. પટેલનાં વક્તવ્યો પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'સ્વામી કહેતા, સોળ આના સત્સંગ કરવો. ચાર આના કેમ ગણાય ? આઠ આના કેમ ગણાય ? બાર આના કેમ ગણાય ને સોળ આના કેમ ગણાય ? ત્યારે સ્વામીએ એવો જવાબ આપ્યો કે નાહવું, ધોવું, પૂજાપાઠ કરવા, પવિત્રપણે રહેવું તે ચાર આના સત્સંગ. પણ તેમાં ઇન્દ્રિયો ચોરી કરી જાય. દસે ઇન્દ્રિયો જ્યારે સાચે માર્ગે ચાલે ને કોઈ વિષયને આકારે ન થાય, ત્યારે આઠ આના સત્સંગ. ચાર અંતઃકરણ – મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર; તેમાં મન ભગવાનનો ઘાટ કર્યા કરે, બુદ્ધિ ભગવાનનો નિશ્ચય કરે, અહંકાર 'હું ભક્ત છું' એમ અહંપણું ધરે અને ચિત્ત ભગવાનનું ચિંતવન કરે, તો એ ચાર વાનાં સિદ્ધ થાય અને ત્યારે બાર આના સત્સંગ થયો કહેવાય.

'સોળ આના સત્સંગ કેવી રીતે થયો કહેવાય ? લોયાના ૧૨મા વચનામૃતમાં મહારાજે તેનું રૂપ કર્યું છે કે 'અષ્ટાવરણેયુક્ત એવાં જે કોટાનકોટિ બ્રહ્માંડ જેના રોમમાં રહ્યાં છે, એવું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે તેને નિર્વિકલ્પ નિશ્ચય' એમ મહારાજે કહ્યું.

હવે આઠ આવરણ પાર અક્ષરધામ. એ રૂપે આપણે રહેવાનું છે. ને પછી ભગવાનને અખંડ ધારવા. ત્યારે સોળ આના સત્સંગ થયો, નિશ્ચય પૂરો થયો. એમ જ્યારે વર્તાય ત્યારે સોળ આના સત્સંગ થયો.'

રાત્રે સભામાં સુવર્ણ જયંતીની ફિલ્મ બતાવવામાં આવી હતી.

મુખ્ય સમારંભ :

મહા સુદ ૫, સંવત ૨૦૨૧, વસંત પંચમી, શનિવાર, તા. ૬-૨-૧૯૬૫

એ જ આ મહાપવિત્ર દિવસ ! જેની પ્રતીક્ષા સૌ કરતા હતા. લાખો હરિભક્તોના ભાવ પ્રગટાવતો આ મંગળ દિવસ આવી પહોંચ્યો. પ્રભાતીના સૂરો વચ્ચે, આહ્‌લાદક વાતાવરણમાં હરિભક્તોએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં.

સ્વામીશ્રી યજ્ઞમંડપમાં પધાર્યા અને વિધિપૂર્વક ૨૫ પાર્ષદોને ભાગવતી દીક્ષા તથા ૬ યુવાનોને પાર્ષદ દીક્ષા આપી ત્યારે હજારો હરિભક્તો સાશ્ચર્ય આ દૃશ્ય નિહાળી રહ્યા હતા. શાસ્ત્રી કરુણાશંકર તથા ચીમનલાલ શાસ્ત્રી વેદ-મંત્રોનો ઉચ્ચ સ્વરે ધ્વનિ કરી રહ્યા હતા. શાસ્ત્રીજી મહારાજના ઉપાસના-યજ્ઞમાં સ્વામીશ્રીની પ્રેરણાથી હવિ બનવા ઉત્સુક આ યુવાન સંતોને સૌ હર્ષથી વધાવી રહ્યા હતા.

બરાબર ૯-૩૦ વાગે કાર્યક્રમની શરૂઆત થઈ. હજારો હરિભક્તોથી સભામંડપ ખીચોખીચ ભરાઈ ગયો હતો. દિવ્ય શાંતિનું મોજું સર્વત્ર પ્રસરી ગયું હતું. ઉચ્ચ સિંહાસન ઉપર શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં દર્શન, જાણે પ્રત્યક્ષ બિરાજમાન હોય એમ થતાં હતાં.

શાસ્ત્રીજી મહારાજના નિત્ય સ્મરણમાં રમણ કરતા સદા દાસત્વભાવથી ગુરુભક્તિમાં રાચતા, ગુરુહરિને દિવ્યાંજલિ અર્પવા ઉત્સુક સ્વામીશ્રીનો આનંદ આજે સમાતો ન હતો. ભગવાં વસ્ત્રોથી દીપતી, આછા લાલ આસન ઉપર વિરાજિત, સદા ગુલાબી મુખારવિંદથી પ્રસન્નતા-સભર દેદીપ્યમાન અને કાષાંબરી સંતવૃંદથી વીંટળાયેલી સમગ્રપણે લાલિમાથી લહેરાતી સ્વામીશ્રીની દિવ્ય મૂર્તિનાં અલૌકિક દર્શનનું પાન હરિભક્તો કરતા હતા.

બાળ વિદ્વાન વિજેન્દ્ર શર્માએ વેદમંત્રોના ગાનથી સમારંભનો પ્રારંભ કર્યો. શશિકાન્ત પ્રધાને *'બન્યો આજ લાલ લાલ...'* એ કીર્તનગાન તથા અંબાલાલભાઈ અને પ્રતાપભાઈ બ્રહ્મભટ્ટે *'જયસિ નારાયણ...'* એ પ્રાર્થના-ગાન કર્યું. મણિભાઈ બ્રહ્મભટ્ટે રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્, પ્રધાનમંત્રી લાલબહાદુર

શાસ્ત્રી, ગવર્નર મહેંદી નવાઝ જંગ, મુખ્યમંત્રી બળવંતરાય મહેતા વગેરે મહાનુભાવોના સંદેશાઓનું વાચન કર્યું હતું.

મહારાજના જેવું કાર્ય

મહોત્સવના અધ્યક્ષ પ્રમુખસ્વામીએ જણાવ્યું :

'આ દિવ્ય પ્રસંગ આપણને ઊજવવા મળ્યો તે આપણાં મહાન ભાગ્ય છે. મહારાજ અને સંતોની સ્મૃતિ રહે તે માટે આવા પ્રસંગો ઊજવાય છે.

'સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે મહારાજની જેમ તદ્દન નીચલા થરના મનુષ્યોના સંપર્કમાં આવી શ્રીજીમહારાજનો સંદેશો આપી સુખી કર્યા. આ મહાપુરુષના જીવનમાંથી થોડા જ પ્રસંગો આપણે જીવનમાં ઉતારીએ તો જરૂર લાભ થાય. જેમ સ્કૂલ, કૉલેજ કે હૉસ્પિટલની જરૂરિયાત છે તેમજ મંદિરોની પણ છે. મંદિરો દ્વારા અધ્યાત્મ-વિદ્યાનો પ્રચાર થાય છે. તેનાથી મનુષ્યમાં મનુષ્યત્વ આવે છે. આ વાત લક્ષમાં રાખી, ઉપાસનાના સિદ્ધાંતો સદાને માટે પ્રચાર પામે એ દૃષ્ટિએ શાસ્ત્રીજી મહારાજે પાંચ ભવ્ય મંદિરો બાંધી અક્ષર ને પુરુષોત્તમની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.

'શાસ્ત્રીજી મહારાજના જીવનથી અનેકને લાભ થયો છે. તેમણે અક્ષર-પુરુષોત્તમનો, બ્રહ્મ-પરબ્રહ્મનો, આત્મા-પરમાત્માનો જે સનાતન તત્ત્વોનો સિદ્ધાંત શાસ્ત્રમાં લખેલ છે તેનો પ્રચાર કર્યો.

'આ મહોત્સવ- પ્રસંગ ઊજવવાનો જે લાભ આપણને મળ્યો તે મહારાજ, સ્વામી ને શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિથી જ બન્યું છે. તેમની કૃપાથી જ આપણને યત્કિંચિત્ સફળતા પ્રાપ્ત થઈ છે.

'આપ સર્વ અહીં પધાર્યા ને આ પ્રસંગ શોભાવ્યો, તે માટે આપ સર્વનો આભાર માનું છું. જે કંઈ ત્રુટિ રહી ગઈ હોય, તે બદલ ક્ષમા માગું છું. ને ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરું છું કે સર્વને સુખી રાખે.'

જીવંત મંદિર આપ્યું

પછી દ્વૈતમતાવલંબી મધ્વ સંપ્રદાયના પ્રખર વિદ્વાન ગોપાલાચાર્યે જણાવ્યું :

'શાસ્ત્રીજી મહારાજ વિશે ઘણું કહેવાઈ ગયું છે. છતાં લેટિન સંતે કહ્યું છે તે પ્રમાણે, મહાન પુરુષો વિશે ગમે એટલું કહેવાઈ ગયું હોય તોપણ ફરી ફરી કહેવું ને કહ્યા જ કરવું જોઈએ. શાસ્ત્રીજી મહારાજે પાંચ મંદિરો કર્યાં. એ કાર્ય

તો મહાન જ છે. ને એમની શક્તિ વિશે ઘણું કહી જાય છે. એ રીતે શાસ્ત્રીજી મહારાજે સમાજના પાંચ વિભાગ પર અસર કરી. તેમણે આપણને જેમ મંદિરો આપ્યાં તેમ યોગીજી મહારાજ જેવું જીવંત અને મૂર્તિમાન મંદિર આપ્યું છે. યોગીજી મહારાજ એ શાસ્ત્રીજી મહારાજે આપેલી અનુપમ ભેટ છે.

'શ્રીમદ્‌ભાગવત – જેને સ્વામિનારાયણ સંપ્રદાય સહિત ઘણા સંપ્રદાયો પ્રમાણભૂત માને છે, તે બે પ્રકારની પ્રતિમાનું વર્ણન કરે છે : ચલ અને અચલ. મંદિરોમાં સ્થાપિત મૂર્તિઓ અચલ પ્રતિમા છે, જ્યારે ભગવાનને પોતાનાં અંગોઅંગમાં ધારીને વિચરતા સંત ચલ પ્રતિમા છે. ભાગવત ચલ પ્રતિમાનો બહુ જ મહિમા ગાય છે. સ્વામીશ્રી યોગીજી મહારાજ ચલ પ્રતિમા છે. યોગીજી મહારાજ કેવળ વ્યક્તિ નથી પણ એક સંસ્થા છે અને જુદાં જુદાં કેન્દ્રોમાં ચાલતાં સત્સંગ મંડળો તેમનાં વિસ્તરિત પ્રતિબિંબ જેવાં છે. યોગીજી મહારાજ સ્વામિનારાયણ સંપ્રદાયના તત્ત્વજ્ઞાનનો વિસ્તાર કરે છે. એ ધર્મ-પ્રચારમાં પ્રેમ અને વિશ્વબંધુત્વ મુખ્ય છે.

'દેહનો અનાદર અને વૈરાગ્ય એ પણ આ સંપ્રદાયમાં મુખ્યપણે જોવા મળે છે. જે સંપ્રદાયમાં વૈરાગ્યની ભાવના નથી એ સંપ્રદાય અધૂરો છે. પરબ્રહ્મની વાત કરે, પણ વૈરાગ્ય ન હોય તો તે તત્ત્વજ્ઞાન નકામું છે. એ તત્ત્વજ્ઞાન આપણને અસર કરે નહિ. વૈરાગ્યથી ન્યાય, નીતિ, ભ્રાતૃભાવ, સુખ, શાંતિ આદિ અનેક ગુણો આવે છે. આ ગુણ સંપ્રદાયમાં જોવા મળે છે. આ નાના સંતો સામું જુઓ. યુવાનીમાં જ્યારે બીજા કામથી પીડાતા હોય છે, ત્યારે આ યુવાન સંતો હસતે મુખે આ તત્ત્વજ્ઞાનને, સંપ્રદાયને વરે છે. તેમને ધર્મ પર જીવવું-નભવું નથી. ધર્મમય જીવન જીવવું છે.'

અમો તમારા છીએ

ખેંગારજીભાઈ તથા ભારતના ગૃહમંત્રી નંદાજીનાં પ્રવચનો પછી ગુજરાત હાઈકોર્ટના ગવર્મેન્ટ પ્લીડર અને પીઢ સત્સંગી બંધુ હરિપ્રસાદ ચોકસી સાહેબે જણાવ્યું :

'જીવમાંથી શિવ કેમ બને ? એ સમજાવવા સ્વામિનારાયણ ભગવાન મનુષ્ય દેહ ધરી આવ્યા. શાસ્ત્રીજી મહારાજે એવાં કાર્યો કર્યાં કે ભગવાનના આદર્શ સંત તરીકે પૂજાયા. આજે આપણી સામે ભગવાનનું સ્વરૂપ બિરાજે છે. આ સર્વ સભા યોગી સ્વામીને કહે છે કે 'સ્વામી ! કૃપાદૃષ્ટિ નિરંતર રાખજો.

અમો તમારા છીએ.' આથી વધારે શરણાગતિ કઈ હોઈ શકે ? આ સભા પણ કહે છે, ભારત પણ કહે છે, સૃષ્ટિ પણ કહે છે, યોગી સ્વામીને કે 'અમો તમારા છીએ.'

રતિકુમાર વ્યાસે દુલા કાગ રચિત દુહાઓ ગાઈ સંભળાવ્યા બાદ સુખડ તથા હાથી-દાંતની મંદિરો અંકિત મંજૂષા પ્રમુખસ્વામીએ નંદાજીને સ્મૃતિરૂપે અર્પણ કરી.

સભા સંભારશો તો મહારાજ સારું કરશે

આશીર્વચન આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'સમય પૂરો થવા આવ્યો છે. હવે આશીર્વાદ એટલો આપવામાં આવે છે કે આ વખતે સ્વામીના સમૈયા-ઉત્સવ જયંતી પ્રસંગે લાખો હરિભક્તો પધાર્યા. બધાને શુભ આશીર્વાદ છે કે શાસ્ત્રીજી મહારાજ બધાને સુખી રાખે. આ સમૈયામાં જે આવેલા છે એમની સરભરા થઈ હોય અથવા ન થઈ હોય અથવા કોઈને આઘુંપાછું થયું હોય તો માફ કરે. એ સંસ્થા તરફથી માફી માગીએ છીએ. અને બધાને એવો આશીર્વાદ છે કે મનમાં કંઈપણ ન લાવતાં, આ જે સભામાં સંતો બેઠા છે ને આ મોટાસ્વામી, પ્રમુખસ્વામી બેઠા છે તેને સંભારશો તો મહારાજ તમારું સારું કરશે. બોલો સહજાનંદ સ્વામી મહારાજની જય.'

અંતમાં મગનભાઈ સેક્રેટરીએ આભાર વિધિ કર્યો. બાદ સંતોએ તૈયાર કરેલો કંઠથી માંડી ચરણારવિંદને સ્પર્શતો એક ભવ્ય હાર પ્રમુખસ્વામીએ ગુરુવર્ય સ્વામીશ્રીને પહેરાવ્યો. સ્વામીશ્રીની આ હાર સહિત મૂર્તિનાં દર્શન કરી, સભાજનોએ દિવ્ય આનંદ અનુભવ્યો. સ્વામીશ્રીએ તે હાર પ્રમુખસ્વામીને આશીર્વાદરૂપે અર્પણ કર્યો. દેશ-પરદેશથી પધારેલા મુખ્ય મુખ્ય હરિભક્તોએ ઠાકોરજીની સો દીવાની આરતી ઉતારી. અનેક ફોટોગ્રાફર ભાઈઓ આ પ્રસંગની ફિલ્મો અને ફોટાઓ ઝડપી રહ્યા હતા.

જયનાદોથી આખોય સભામંડપ ગાજી ઊઠ્યો.

વાતાવરણ ઘણું જ દિવ્ય હતું. શીતળ અને સુગંધીમાન પવન સૌને સ્પર્શી રહ્યો હતો. સઘન આકાશની છાંયમાં હજારો હરિભક્તોએ ખૂબ જ શાંતિથી આ પ્રસંગની સાક્ષી પૂરી હતી. સમગ્ર મંડપ ભક્તોથી ખીચોખીચ ભરાયેલો હતો. બહાર પણ લગભગ એટલું જ માણસ ભક્તિભાવથી આ દર્શનીય પ્રસંગ નિહાળતું હતું. સ્વયંસેવકો ખડે પગે વ્યવસ્થા સાચવતા હતા. ભવ્ય સિંહાસન

ઉપર બિરાજેલા સ્વામીશ્રીનાં અલૌકિક દર્શન ચિરઃસ્મરણીય કરવા ભક્તો અંતરમાં ઉતારી રહ્યા હતા. સૌના જીવનપ્રાણ સ્વામીશ્રીનાં દિવ્ય દર્શન અનુભવતાં ભક્તોનાં હૃદય પુલકિત બન્યાં હતાં. સૌ ધન્યતા અનુભવતા હતા.

આજે લગભગ એક લાખ હરિભક્તોએ ફક્ત બે જ કલાકમાં પ્રસાદ લઈ લીધો હતો.

સેવાનું આયોજન

સ્વયંસેવકોનું આયોજન કરતા બાલુભાઈ બ્રહ્મભટ્ટ સાથે સ્વામીશ્રીએ યુવકોને સંબોધીને અદ્ભુત પ્રેરણા પત્રો લખ્યા હતા. ગુરુવાર, તા. ૨૮-૧-'૬૫ના પત્રમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે *'બધા યુવકો ખૂબ સેવા કરો. તેમાં સ્વામીશ્રીજી તથા સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થશે. માટે સ્વયં-સેવકો આ વખતે રેકોર્ડ તોડજો. ખૂબ ખૂબ તન તોડી, દેહાભિમાન કાઢીને સેવા કરો. તેમાં અમારો રાજીપો છે.'*

સ્વામીશ્રીએ મહોત્સવ માટે ૨,૦૦૦ સ્વયંસેવકો તૈયાર કરવા આદેશ આપ્યો હતો. રવિવાર, તા. ૨૦-૧૨-'૬૪, માગશર વદિ ૨, સાંજના ૫-૩૦ વાગે રઢુથી લખેલા એક પત્રસંદેશમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું :

'અહોહો ! આ સમય અમૂલ્ય છે, તક અમૂલ્ય છે, તે ઉત્સવ ઊજવવાનો લાભ આપણને સ્વામી શાસ્ત્રીજી મહારાજે આપેલ છે. તો આ તક સાધી લેવી, તે અમારી આગ્રહભરી વિનંતી છે. તો કુલ ૨,૦૦૦ યુવકો તૈયાર થાવ. તે પત્ર-વ્યવહાર મુંબઈના શીરનામે દાદર કરવો. તો તેમની નોંધ લેવાશે, ને ખરો રાજીપો મળશે. અક્ષરધામમાં સ્વામી-શ્રીજી પોતાની પાસે બેસાડશે. તે હવે આપણે તા. ૩૧-૧૨-'૬૪ પહેલાં નોંધ મોકલી દેવી. લખવા પ્રમાણે દરવેશ (યુનિફોર્મ) કરાવી લેવો. ભારે ડંકો વાગશે ને જયજયકાર થઈ જાશે. માટે ફરી અમારે લખવું ન પડે. માટે બળ રાખજો. આનંદ કરશો. ગ.મ. પ્રકરણ ૫૯ વચનામૃત સિદ્ધ થશે.'

દેશકાળ કપરા હતા. ખેતીની મોસમ હતી. પરીક્ષાઓ નજીક આવી રહી હતી. તેવા સમયે બે હજાર સ્વયંસેવકો તૈયાર કરવા એ પ્રશ્ન હતો. જોતજોતાંમાં તા. ૩૧-૧૨-'૬૪ પહેલાં ૨,૦૦૦ સ્વયંસેવકો નોંધાઈ ગયા ! સ્વામીશ્રીની દૃષ્ટિથી અત્યંત કઠણ કાર્ય સરળ થઈ ગયું.

તા. ૨જીએ સાંજે ઘણાખરા યુવકો અટલાદરા આવી ગયા હતા. રાત્રે

પ્રમુખસ્વામીના અધ્યક્ષપદે સ્વયંસેવકોની એક સભા થઈ. પ્રમુખસ્વામીએ શિસ્ત, નમ્રતા ને વિવેકપૂર્વક સેવા કરવા આદેશ આપ્યો. સહુના ઉત્સાહમાં વધારો થયો. સ્વામીશ્રી અટલાદરા પધારતાં દરેકમાં નવું જ ચેતન પ્રગટ્યું. સ્વામીશ્રીનાં દર્શનથી દરેકને આનંદ થઈ ગયો.

તા. ૪થીએ, સવારે સ્વામીશ્રી સ્વયંસેવકોની છાવણીમાં પધાર્યા. દરેક ગામના ઉતારાની મુલાકાત લીધી. બધાનો ઉત્સાહ વધી ગયો. પોતપોતાનું કાર્ય કરવા સહુ મંડી પડ્યા.

આ રીતે સ્વામીશ્રીની આજ્ઞાથી લગભગ ૨,૦૦૦ જેટલા નિષ્ઠાવાન સ્વયંસેવકોએ મહોત્સવને સફળ બનાવ્યો હતો. જેનું સફળ આયોજન બાલુભાઈ બ્રહ્મભટ્ટે કર્યું હતું. તેમની કામગીરી આ પ્રમાણે હતી :

સભા વ્યવસ્થામાં સ્વયંસેવકો સાથે બકુભાઈ અમીન, મહેન્દ્ર બાપુ તથા ભગવત્‌સિંહજી મુખ્ય હતા. સ્વામીશ્રીની દર્શન-વ્યવસ્થામા અમદાવાદના ગિરિજાશંકર શાસ્ત્રી હતા.

પીરસવામાં નડિયાદના કૃષ્ણાભાઈ પટેલ, ધર્મજના બાબુભાઈ મારફતિયા, સોજિત્રાના નગીનભાઈ પટેલ સાથે લગભગ ૪૫ ગામના સ્વયંસેવકો હતા. પાકશાળામાં ચિત્રાસરના અંબાલાલભાઈ, અમદાવાદના અંબાલાલ ભગત, આણંદના ઈશ્વરભાઈ મસાલાવાળાની દેખરેખ નીચે આણંદના પંડિતભાઈ સાથે ૩૦ બ્રાહ્મણ રસોઇયા હતા. અનાજ તથા રસોઈની અન્ય સામગ્રી તૈયાર કરવામાં ગામોગામનાં મહિલા મંડળોએ શરૂઆતથી એકત્ર થઈને ખૂબ પરિશ્રમ લીધો હતો.

યુવક કેમ્પના અધિકારી મુંબઈના કાંતિભાઈ શાહ તથા ડભાણના અંબાલાલભાઈ હતા. પૂછપરછ અને માહિતી કેન્દ્રો રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, સભામંડપ વગેરે સ્થળે ગોઠવ્યાં હતાં. જેમાં અમદાવાદના ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, રમેશભાઈ ચોકસી, ભૂપેન્દ્રભાઈ જોશી, ભગવાનદાસ ગોહિલ, મહેન્દ્ર ઠાકર તથા સુરતના હરિકૃષ્ણભાઈ અને મહેન્દ્રભાઈ મુખ્ય હતા.

ઉતારાની વ્યવસ્થામાં પીપલગના ભાઈલાલભાઈ, હકાભાઈ, નાથાલાલ યોગીના, રાજકોટના ચુનીલાલ ચાતુર્વેદી તથા વાલવોડના જશભાઈ વગેરે હતા.

સ્વચ્છતા ખાતું અમદાવાદના ઈશ્વરભાઈ પારેખે સંભાળ્યું હતું. સાથે વલાસણના ડાહ્યાભાઈ પટેલ તથા કોયલીના પુરુષોત્તમ પટેલ પણ હતા. વડોદરા મ્યુનિસિપાલિટીના આરોગ્ય ખાતાના અધિકારીઓ મદદમાં હતા.

પતરાવળાં ઉપાડવાની ઘણી મહત્ત્વની સેવા જેનો સ્વામીશ્રી વારંવાર મહિમા કહેતા. તેમાં અમદાવાદના શાંતિભાઈ શાહ સાથે મુંબઈના ધીરેન્દ્ર વીંછી અને કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટ વગેરે મહિમાપૂર્વક કરતા હતા. વાસણ ઊટકવાની ઉત્તમ સેવા સૌરાષ્ટ્રના સેવાભાવી યુવકોએ માથે લીધી હતી.

હજારો માણસોને મહોત્સવના વિશાળ પ્રાંગણમાં ઠેર ઠેર ઠંડું પાણી મળી રહે તે જવાબદારી અમદાવાદના જગદીશ ત્રિપાઠી, દેવશીભાઈ વસ્તાભાઈ, નાનજીભાઈ હીરજીભાઈ વગેરે મંડળ તથા જાયવાના સેવાભાવી ભક્તરાજ નટવરસિંહ ઘનશ્યામસિંહ જાડેજાએ સંભાળી હતી.

પુસ્તક-વેચાણ હરિભૂષણ સ્વામી સાથે અમદાવાદના ગોરધનભાઈ પટેલ, આફ્રિકાના યુવકો ઘનશ્યામભાઈ, પ્રફુલ્લભાઈ તથા નવીનભાઈ વગેરે સભાળતા હતા.

સમગ્ર મહોત્સવ સ્થળ ઉપર વિવિધ વિસ્તારોમાં સંરક્ષણ જવાબદારીમાં બદલપુરના શૂરવીર ને નિષ્ઠાવાન ભક્તો માનસિંહજી ગોહેલ તથા ભાવસિંહજી ગોહેલ સાથે સમગ્ર મંડળ તથા અમદાવાદના પોપટસિંહ વાઘેલા અને પ્રભુદાસ મોદી હતા. તેમજ અમદાવાદના મધુસૂદન ઠક્કર, વિઠ્ઠલભાઈ ચોકસી તથા ટોરડાના ચંદુભાઈ સોની પણ આ વ્યવસ્થા જોતા હતા.

પ્રદર્શન-વ્યવસ્થામા મુંબઈના કિશોરભાઈ તથા રમેશભાઈ દવે, કૃષ્ણાલાલ મહેતા, બાળમુકુંદ ભટ્ટ, પ્રતાપ રાવળ તથા સુરત મંડળ હતું. મંદિર-દર્શનમા અમદાવાદના પ્રકાશ પારેખ, ગાનાના ઘનશ્યામભાઈ તથા ભાવનગરના નીરૂભા ઝાલા હતા. દવાખાનામાં ડૉ. દલ, ડૉ. ભગુભાઈ પટેલ મુખ્ય હતા. સાથે મદદમાં ડૉ. શંકરભાઈ પટેલ પણ હતા.

પશ્ચિમ રેલવેના ડી.એસ. શંકરભાઈ પટેલ તથા એસ.ટી.ના ડાહ્યાભાઈ અધિકારીની સહાયથી વાહન-વ્યવહારની વ્યવસ્થા મહેમદાવાદના રતિભાઈ પંડ્યા તથા રાજકોટના શંભુસિંહ ઘનશ્યામસિંહ જાડેજાએ કરી હતી. જ્યારે અમદાવાદના રમેશ દલાલ, જી. કે. સ્વામી તથા અડાસના ચુનીભાઈ ભેટસેવા સ્વીકારતા હતા.

સેફ ડિપૉઝિટ ખાતું પીજના ગોરધનભાઈ પટેલ તથા અમદાવાદના હરિકૃષ્ણભાઈ બ્રહ્મભટ્ટ જોતા હતા. વીજળી વ્યવસ્થામાં મુંબઈના જયેન્દ્ર વ્યાસ વગેરે મુખ્ય હતા. વિશાળ મંડપોના આયોજનમાં બેચરભાઈ દાવોલવાળાના માર્ગદર્શન નીચે કરમસદના મંગળભાઈ વાળંદ તથા રમેશભાઈ પટેલે સુંદર

મંડપો બાંધ્યા હતા.

સ્ટેજ, પ્રવેશદ્વારો તથા સભામંડપનું સુશોભન મહંત સ્વામી, રામચરણ સ્વામી સાથે અમે સંતોએ તેમજ સુમનભાઈ મિસ્ત્રી, વિજય તથા તરુણ મિસ્ત્રી, અમદાવાદના કૃષ્ણકાંત ચોકસી વગેરેએ ઉત્સાહપૂર્વક કર્યું હતું.

યજ્ઞશાળાની જવાબદારી પુરુષોત્તમપુરાના તુળશીભાઈ ઈશ્વરભાઈ તથા અટલાદરાના જયંતીભાઈ પ્રાગજીભાઈ સંભાળતા હતા. જ્યારે સમગ્ર હિસાબી કામ ઉપર મગનભાઈ સેક્રેટરી તથા રસિકભાઈ દેખરેખ રાખતા હતા. સભાના કાર્યક્રમની જાહેરાત મણિભાઈ બ્રહ્મભટ્ટ કરતા હતા. માઈક-વ્યવસ્થા અમદાવાદના આર. તોલાટની હતી.

પ્રચાર-કાર્ય હર્ષદભાઈ દવેના માર્ગદર્શન નીચે થતું હતું. ગુજરાત તથા મુંબઈનાં વર્તમાનપત્રો, ભારત સરકારના આકાશવાણી વિભાગના ડિરેક્ટર બી.પી. ભટ્ટ (દિલ્હી) તથા આકાશવાણી અમદાવાદ-વડોદરાના ડિરેક્ટરો ગિજુભાઈ વ્યાસ અને અરુણ શ્રોફને તેમના સહાયકોએ સારી મદદ કરી હતી. જાણીતા રેડિયો કલાકાર પિનાકીનભાઈ ત્રિવેદીએ શાસ્ત્રીજી મહારાજનાં દિવ્ય જીવન અને કાર્યને સમગ્ર રીતે આવરી લેતું રેડિયો-રૂપક તૈયાર કરી મધુર કંઠે ગાયું હતું. મહોત્સવનાં લખાણો હરીન્દ્રભાઈ દવે તથા બી.જી. વાઘેલાએ તૈયાર કરી વર્તમાનપત્રો તથા માસિકોમાં મોકલ્યાં હતાં. વિનયકાંત ભટ્ટે મહોત્સવની ફિલ્મ 'ઇન્ડિયન ન્યૂઝ રીલ' માટે તૈયાર કરી, ગુજરાતનાં છબીઘરોમાં બતાવવાની વ્યવસ્થા કરી હતી. ગોવિંદભાઈ ગજ્જરે સમગ્ર ઉત્સવની ફિલ્મ સંસ્થા તરફથી સુંદર રીતે લીધી હતી. રેકોર્ડિંગ અને ફોટોગ્રાફીની જવાબદારી સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામીએ સફળતાપૂર્વક સંભાળી હતી. ઉપરાંત, શાસ્ત્રીજી મહારાજનાં જીવન અને કાર્યની નાની પુસ્તિકા ખેંગારજીભાઈ ચૌહાણે અંગ્રેજીમાં તથા કિશોરભાઈ દવેએ ગુજરાતીમાં તૈયાર કરી હતી.

અટલાદરા મંદિરના મહંત, શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ મોટાસ્વામીના માર્ગદર્શન નીચે કોઠારી અક્ષરસ્વરૂપદાસજી, ચતુર્ભુજદાસજી, બાલકૃષ્ણદાસજી, હરિવલ્લભદાસજી, ધર્મજીવનદાસજી, કેશવ ભગત, પ્રતાપ ભગત, ખુશાલ ભગત વગેરે અટલાદરા મંદિરના સંતોએ તમામ સેવામાં મદદ પૂરી પાડી હતી. સાથે સારંગપુર મંદિરના મહંત સંતસ્વામી, ગઢપુરના કોઠારી અને કર્મઠ પુરુષ હરિજીવનદાસજી, ગોંડલના કોઠારી બાળ-મુકુંદદાસજી, બોચાસણના કોઠારી ભક્તિવલ્લભદાસજી તથા મુંબઈના કોઠારી

ભક્તિપ્રિયદાસજી, શ્રીહરિદાસજી, હરિપ્રકાશદાસજી, નારાયણ ભગત, અનુપમ ભગત, પુરુષોત્તમ ભગત વગેરેની સહાય અજોડ હતી.

ઉપરાંત, શહેરના અગ્રણીઓ : જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ જશવંતલાલ શાહ, શહેર સુધરાઈના પ્રમુખ નાનાભાઈ ચોકસી, ઉપપ્રમુખ ઠાકોરભાઈ પટેલ, મગનભાઈ શંકરભાઈ, લલિતચંદ્ર મગનભાઈ, અંબાલાલ એસ. પટેલ (મહોત્સવના મુખ્ય પ્રાંગણ માટે), પંચાયત પ્રમુખ મૂળજીભાઈ ભટ્ટ, જિલ્લા ઉપપ્રમુખ અંબાલાલ નાગજીભાઈ, તાલુકા પ્રમુખ જશભાઈ હાથીભાઈ, કલેક્ટર, ડી.ડી.ઓ તથા ડી.એસ.પી. હેલ્થ ઑફિસર, અટલાદરાના સરપંચ પુરુષોત્તમભાઈ પ્રાગજીભાઈ વગેરે તેમજ જેલીકેપ્સ, ભાવના કેમિકલ્સ, પ્રકાશ ટાઈલ્સ, જ્યોતિ લિમિટેડ, એલેમ્બિક કેમિકલ પ્રા. લિ. વગેરે ઉદ્યોગોના માલિકોએ પણ સારો સહકાર આપ્યો હતો. જેને સાંકળવામાં પરમ ઉત્સાહી ભક્તરાજ મણિભાઈ સલાડવાળાનો ફાળો મુખ્ય હતો. તેમની અથાગ મહેનત અને કાર્યસૂઝથી અનેક કાર્યો સરળ થઈ જતાં હતાં.

આણંદના જીવાભાઈ હરિભાઈ તથા મણિભાઈ જીવાભાઈ, અમદાવાદના ચીમનભાઈ પુરુષોત્તમદાસ ગજ્જર, દાવોલના બેચરભાઈ તથા વડોદરાના મહેન્દ્રસિંહ ચૌહાણ અને કૃષ્ણાભાઈ હાથીભાઈની મોટરો મહોત્સવના આયોજનથી અંત સુધી અખંડ સેવામાં હતી.

સમગ્ર આયોજન સમિતિમાં ૩૭ હરિભક્તો હતા. કોષાધ્યક્ષ તરીકે નૈરોબીના અંબાલાલભાઈ પી. પટેલ, મંત્રી તરીકે હર્ષદભાઈ દવે તથા અધ્યક્ષ તરીકે મહોત્સવના સૂત્રધાર પ્રમુખસ્વામી હતા. જેમની અપાર કાર્યદક્ષતા, ધીરજ અને સહનશીલતાથી ને સ્વામીશ્રીની પ્રેરણાથી સમગ્ર આયોજન સફળ થયું હતું. સર્વત્ર જયજયકાર થઈ ગયો હતો.

આ ઉત્સવની વિવિધ પૂર્વ તૈયારીઓમાં પ્રમુખસ્વામી એટલા બધા તો ગૂંથાઈ ગયા હતા કે સેવા કરવામાં રાત-દિવસ જોતા નહિ. જે કામ આદર્યું હોય તે પૂરું ન થાય ત્યાં સુધી એમને જરાપણ ચેન પડે નહિ. તેમાં પોતાના દેહનું ભાન – ખાવા-પીવાનું, ઊંઘ-આરામનું સંપૂર્ણ ભૂલી જતા. જે જે સ્થળ ઉપર કામ ચાલતું હોય ત્યાં કલાકો સુધી કાર્યકર્તાઓ તથા સ્વયંસેવકોને પ્રેરણા આપતા રહે અને કાર્ય પૂરું થયે જ તે સ્થળ છોડે. વિવિધ મંડપો, ઉતારાઓ, ભોજન-વ્યવસ્થા વગેરે તમામ વ્યવસ્થામાં એમની જાત દેખરેખ તો હોય જ ! સભામંડપનું કામ ઉત્સવની સવાર સુધી રાતોરાત ચાલ્યું, પણ પ્રમુખસ્વામી ત્યાંથી ખસ્યા નહિ.

વહેલી સવારે નાહી-ધોઈને પાછા સભામાં હાજર થઈ ગયા !

આવા પ્રસંગોએ મોટાસ્વામી એમની ખાસ ખબર રખાવતા. એમના સેવક ધર્મજીવન સ્વામીને બોલાવવા મોકલે. પ્રમુખસ્વામી જમવા પધારે નહિ, તેથી મોટાસ્વામી પણ જમે નહિ. અને છેવટે પ્રમુખસ્વામીને બધાં કામ છોડીને જમવા આવી જવું પડે, નહિ તો મોટાસ્વામી ભૂખ્યા રહે. એવી જ રીતે રાત્રિ-આરામમાં પણ દેહની પરવા કરતા નહિ. બહુ મોડી રાત્રે સૂવા પધારતા. આમ, એમનાં અપાર ઉત્સાહ ને પ્રેરણાબળથી સંતો તથા હજારો યુવાનોમાં પણ સેવાની ધગશ જળવાઈ રહેતી. પોતે બોલે ઓછું પણ ધીરજ, સહનશીલતા ને કાર્યથી વધુ બોલતા.

સાધુતા ત્યાં જ પ્રભુતા

આ સમૈયામાં મુંબઈના બહુ જ મોટા ઇન્કમટેક્સ કન્સલ્ટન્ટ અને વિચક્ષણ સદ્‌ગૃહસ્થ શેઠ હીરાલાલ સોઢા તેમના મિત્ર અને ભારતના મશહૂર શરાફ હીરાલાલ જેઠાલાલ પરીખને લઈને આવ્યા હતા.

આમ તો તેમને આ પૂર્વે મુંબઈમાં કચ્છી લોહાણા મહાજન વાડીમાં સ્વામીશ્રીનાં દર્શન થયાં હતાં. સ્વામીશ્રીની બ્રહ્મસુલભ અલમસ્ત વાણી અને વર્તન જોતાં તેમણે અનુભવ્યું કે પરમાત્માના રૂપમાંથી આ ફૂલ ઝરે છે ! તેમણે ત્યારથી જ સ્વામીશ્રીને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા.

ફરી સોઢા સાહેબ ગોંડલ દર્શને ગયા, કેમ કે એ મૂર્તિનું ખેંચાણ અદમ્ય હતું. સ્વામીશ્રી પોઢવા માટે ઓરડામાં જતા રહ્યા હતા, છતાં હીરાલાલ આવ્યા છે એમ જાણી, બેઠા થઈ અંદર બોલાવ્યા. આ પ્રેમનો સ્પર્શ તેમને આ સમૈયામાં પણ ખેંચી લાવ્યો હતો. તેમને હંમેશાં લાગતું કે અજોડ સાધુતા અને નિરાભિમાનિતા બંને ક્યારેય જુદાં હોતાં નથી. ને એ બે જેમાં હોય તેનાથી પરમાત્મા દૂર હોતા નથી. સ્વામીશ્રી એવા એક સમર્થ સંત છે.

અનિર્દેશનું વાહન !

આ મહોત્સવ દરમ્યાન અનેકવિધ આશ્ચર્યકારી અનુભવો સહસ્રાવધિ મનુષ્યોને થયા.

સુરતના મહેન્દ્રભાઈ કોન્ટ્રાક્ટર નવા નવા સત્સંગી. પહેલી વાર જ આવા મોટા સમૈયામાં આવેલા. તેમનું કુટુંબ પણ સાથે હતું. વડોદરામાં મુકામ કરી, સૌ

અટલાદરા આવ્યા. ત્યારે ખાનગી નાનાં વાહનની સુવિધા ઘણી ઓછી.

રાત્રે ૧૧-૦૦ વાગે મુખ્ય કાર્યક્રમ પૂરો થયો. પછી સાંસ્કૃતિક ચિત્ર નિદર્શનનો કાર્યક્રમ હતો. સ્વામીશ્રી એ વખતે આરામમાં ગયા, પણ સર્વ હરિભક્તોને આજ્ઞા કરતા ગયા : 'કાર્યક્રમ પૂરો થયા પછી બધાએ જવું.'

રાત વધતી જતી હતી અને વડોદરા પહોંચવાનું હતું. કુટુંબ સાથે હતું. વાહનની કોઈ વ્યવસ્થા ન હતી. મહેન્દ્રભાઈને ચિંતા થવા લાગી.

બરાબર ૧-૦૦ વાગે કાર્યક્રમ પૂરો થયો અને વડોદરાથી વાહન લઈને આવેલા હરિભક્તો વિદાય થવા લાગ્યા. મહેન્દ્રભાઈ, તેમનાં પત્ની, બે પુત્રીઓ મંદિરના દરવાજા પાસે આવ્યાં અને વિચારમાં હતાં કે 'કેવી રીતે જઈશું ?' પરંતુ મંદિરના દરવાજાની બહાર એક રિક્ષાવાળો ઊભો હતો. તેણે સામેથી બોલાવીને કહ્યું : 'ચાલો સાહેબ ! કોઠી પર આવવું છે ?'

મહેન્દ્રભાઈને આનંદાશ્ચર્ય થયું; પણ લાંબી પૂછપરછ વિના સૌ બેસી ગયા. કોઠી ચાર રસ્તા પહોંચ્યા. તેમને ખાત્રી હતી કે રિક્ષાવાળો ઓછામાં ઓછા દસ રૂપિયા તો માગશે જ ! પણ તેણે કહ્યું : 'એક રૂપિયો આપો !'

મહેન્દ્રભાઈએ દસ રૂપિયાની નોટ હતી તે કાઢી કહ્યું : 'જે પાછું આપવું હોય તે પાછું આપો.' પણ તેણે પૈસા અડ્યા વિના જવાબ આપ્યો કે 'છૂટા નથી. પછી આપજો.' એમ કહીને તેણે રિક્ષા હાંકી મૂકી.

ખિસ્સાં ફંફોળતાં બીજો છૂટો રૂપિયો મળી આવ્યો. જોયું તો રિક્ષા અને રિક્ષાવાળો કશું જ ન મળે ! કોઠીથી જ્યુબિલી બાગ સુધી સીધો રસ્તો છે. રિક્ષા હોય તો જરૂર નજરે પડે જ ! પણ રિક્ષા ક્યાંય દેખાઈ નહીં.

સ્વામીશ્રીએ જ જાણે અનિર્દેશની રિક્ષા મોકલી હતી ! મહેન્દ્રભાઈને સુખરૂપ સ્થળે પહોંચાડવા માટે જ સ્વામીશ્રીએ આ બધો ખેલ રચ્યો હતો.

સ્વામીશ્રીની કેવી મમતા ! ભક્તોનું કેવું ધ્યાન રાખતા ! મહેન્દ્રભાઈની અને તેમનાં કુટુંબીઓની આંખોમાં લાગણીભીનાં આંસુ ઊભરાયાં.

✧

બીજે દિવસે સવારે વડોદરા હૉસ્પિટલમાં ઈશ્વરભાઈ દાજીની તબિયત જોઈ સ્વામીશ્રી સૌ પ્રથમ મહેળાવ પધાર્યા. ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાનમાં દર્શન કર્યાં. શાસ્ત્રીજી મહારાજની આરસ પ્રતિમા સામે ઘણા સમય સુધી નિરખતા સ્વામીશ્રી કંઈક પ્રાર્થતા હોય તેવું જણાતું હતું. મહોત્સવ ઊજવી ગુરુઋણ અદા કરવાનો યત્‌કિંચિત પ્રયત્ન તો કર્યો, પણ કંઈ ભૂલ થઈ ગઈ હોય,

કંઈ ખામી રહી ગઈ હોય, તેની કદાચ માફી ન માગતા હોય એવું જણાતું હતું !

એ જ રીતે વડતાલ પધારી હરિકૃષ્ણ મહારાજ પાસે કેટલીય ક્ષણો સુધી આભાર માનતા હોય એમ ઊભા રહ્યા. મહોત્સવ પહેલાં પણ નિર્વિઘ્ન સફળતા માટે પ્રાર્થના તો કરી હતી. આજે ફરીથી કૃતજ્ઞતા વ્યક્ત કરવા આવ્યા હતા.

છેવટે શાસ્ત્રીજી મહારાજના પ્રિય ધામ બોચાસણ પધાર્યા. જ્યાં સ્વહસ્તે પ્રથમ કંકોત્રી શાસ્ત્રીજી મહારાજને સંબોધીને 'શિરનામું' કરીને મુંબઈથી લખી હતી, ત્યાં પણ આભાર માનવો રહ્યો, કારણ બોચાસણ ધામના આદિ મહંત, મહોત્સવના પ્રાણ બની સર્વત્ર હાજર રહ્યા હતા. તેમાં ના કોણ પાડી શકે ! કારણ, સૌને શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યનું સુખ મળ્યું હતું.

❀ ❀ ❀

આફ્રિકાના ભક્તોને તીર્થદર્શન



આફ્રિકાના હરિભક્તોને સ્પેશિયલ બસ કરીને તીર્થસ્થાનોનાં દર્શન કરાવવાનો સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો હતો. હરિભક્તો ડભાણ, જેતલપુર, અસલાલી, અમદાવાદ દર્શન કરી લીંબડી પહોંચ્યા. સ્વામીશ્રી જેતલપુર, અમદાવાદ, બાવળા થઈ, અગાઉ લીંબડી આવી ગયા હતા. સૌને વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનાં તથા મૂળી મંદિરનાં દર્શન કરાવ્યાં. અહીં મૂળી રોડ પરથી પસાર થતાં સ્વામીશ્રીએ જોયું કે બારદાનવાલા શેઠ મોટર લઈને ઊભા છે. શેઠની નજર પણ મળી. સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'શેઠ બાપા છે ! બોલાવો.' ગાડી ઊભી રખાવી, સ્વામીશ્રી તેમને ભેટ્યા અને ખૂબ રાજીપો બતાવ્યો.

જ્યારે જ્યારે, જ્યાં જ્યાં હરિભક્તોને જોતા, ત્યારે સ્વામીશ્રીનો આનંદ આમ સહેજે ઊભરાઈ આવતો.

મૂળીથી રાજકોટ જતાં, ૮-૧૫ વાગે 'ઓલ ઇન્ડિયા રેડિયો' ઉપરથી સ્વામીશ્રી તથા નંદાજીનાં પ્રવચનો રીલે થતાં હતાં. જીવાભાઈની મોટરમાં જ રેડિયો હતો. તેથી ભગતે સ્વામીશ્રીને રેડિયો ઉપરથી રેલાતી અમૃત વાણી સંભળાવી. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજનો મહિમા દેશમાં સર્વત્ર ગૂંજતો થતાં સ્વામીશ્રી હર્ષિત થયા.

રાજકોટ, ભાદરા તથા ડાંગરા - પ્રસાદી સ્થાનોનાં સ્વામીશ્રીએ સાથે ફરીને સૌને દર્શન કરાવ્યાં. ગઢપુરમાં આફ્રિકાના સર્વ હરિભક્તોને મહારાજે પધરાવેલ ગોપીનાથજીની મૂર્તિનો મહિમા સમજાવી, શુભ સંકલ્પો કરાવ્યા. પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરાવતા જાય અને સ્થાનનો મહિમા, મહારાજનાં લીલાચરિત્રો કહેતા જાય. હરિભક્તો સ્વામીશ્રીને વીંટળાઈને ઊભા હોય. તેમાં સૌ સાથે દૃષ્ટિ મેળવી, એકતાર થઈ, જાણે એકીસાથે બધાને સમજાવવા ઉત્સુક

હોય તેવા ભાવાવેગથી મહિમાની વાતો કરે. નવા નવા હરિભક્તોના હાથ પકડ્યા હોય તેનો હાથ ખેંચી, તેના સર્વ સંકલ્પો બંધ કરી, દર્શનમાં એકદમ લીન કરી દે. અક્ષર ઓરડીમાં જાળીમાંથી દૂરથી દર્શન કરાવતા હોય ત્યારે તો ખાસ બધાને નજીક ખેંચી ખેંચીને દર્શન કરાવવાનું તાન રાખે, આ એમનો કાયમનો વેગ. સાથે ગમે તે હોય, યુવકો હોય કે ભક્તો, દેશના કે પરદેશના, પણ દરેક વખતે આવું જ દર્શનનું તાન. ઉત્સાહનો કયો સ્રોત ક્યાંથી, કેટલો, કેવી રીતે સ્વામીશ્રીમાં અસ્ખલિત વહે છે તે વિચારવું કલ્પનાતીત બની જતું, ત્યારે આ મૂર્તિમાન બ્રહ્મનાં સ્વરૂપ-દર્શનમાં સહેજે સમજાઈ જતું કે ઉપનિષદે સાચું જ કહ્યું છે : ન ઈતિ ! ન ઈતિ !

જ્યાં જ્યાં મહારાજ સભા ભરી બેઠેલા, ત્યાં ત્યાં સ્વામીશ્રી પણ આફ્રિકાના પ્રેમી અને મહિમાયુક્ત હરિભક્તો સાથે સભા ભરતા. મહારાજના મહિમાની વાતો કરતા સૌને ભાવસમાધિમાં મૂકી દેતા અને મહારાજના સાંનિધ્યનું સુખ આપતા.

ગઢપુર છોડતાં પણ ભક્તોને ફરીથી બધે એ જ રીતે દર્શન કરાવ્યાં. ગઢપુરમાં અને મહારાજનાં પ્રસાદી સ્થાનોમાં વારે વારે દોડી જઈ, ભાવવિભોર બની, સ્વામીશ્રીને દર્શન કરતાં જોઈ એવી કલ્પના દોડતી કે મહારાજ ત્રીસ વર્ષ ગઢપુરમાં રહ્યા અને સત્સંગમાં ફર્યા. તે મહારાજનો ઘરોબો હજુ સ્વામીશ્રીને છૂટતો નહીં. અંધારી રાતે વરસતા વરસાદમાં નેવાં નીચે ઊભા રહી જે મહારાજનાં દર્શનની તડપન હતી, તે હજુ આજે પણ એટલી જ તાજી હતી.

માર્ગમાં નાનું એવું તાજપુરનું મંદિર આવે. સ્વામીશ્રીએ ત્યાં પણ સૌને દર્શન કરાવ્યાં અને એ ગોકુળિયા ગામના પ્રેમી હરિભક્તોનો આતિથ્ય સત્કાર આ વિદેશી ભક્તોને ચખાડ્યો. પરસ્પર સુહૃદભાવની ગાંઠ દૃઢ કરાવી. આવું સ્વામીશ્રીને બહુ ગમતું.

સારંગપુરમાં પણ શાસ્ત્રીજી મહારાજનું સમાધિ સ્થાન અને બીજાં પ્રસાદી સ્થાનોમાં દર્શન કરાવી, સૌને અપૂર્વ સ્મૃતિ આપી.

વચનમાત્રે શૂરતાને સંચાર

સ્વામીશ્રીએ અહીં વસોના મહેન્દ્ર બાપુને તેડાવ્યા હતા. તેમને સ્વામીશ્રી હંમેશાં પ્રસાદી અને વાતોનું સુખ આપતા. મહેન્દ્ર બાપુ ઘણા સમયથી સિગારેટના વ્યસની. સ્વામીશ્રીને પણ તેનો ખ્યાલ હતો, પણ એમણે વ્યસન

બાબત એક શબ્દ ઉચ્ચાર્યો નહોતો.

સ્વામીશ્રી બપોરે આરામમાંથી ઊઠ્યા ત્યારે મહેન્દ્ર બાપુ દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તક પારખી ધીરેથી કહ્યું : 'બાપુ ! સિગારેટ પીઓ છો ?'

'હા, બાપા !'

'તો હવે છોડી દ્યો.' કોઈ જ ભૂમિકા બાંધ્યા વિના સ્વામીશ્રીએ સીધું જ કહ્યું.

'ભલે, બાપા !' મહેન્દ્ર બાપુએ આજ્ઞા સ્વીકારી.

પછી પોતાના ઉતારે ગયા. બેગમાંથી ફોર સ્ક્વેર સિગારેટનું કાર્ટૂન બહાર કાઢ્યું. આ સિગારેટ બધે જ વેચાતી નહીં, તેથી તેઓ ૨૦૦ સિગારેટનું આખું કાર્ટૂન સાથે રાખતા. તે બધું સ્વામીશ્રી પાસે લાવ્યા અને હકા બાપુને આપ્યું. કહે : 'કોઈને જોઈએ તો આપી દેજો, નહીં તો ફેંકી દેજો.'

હકાભાઈએ સ્વામીશ્રી સામે જોયું અને મહેન્દ્ર બાપુને કહે : 'આ વ્યસન હાલ ને હાલ છોડવાનું બાપાએ નથી કહ્યું. ધીરે ધીરે છોડજો. નહીં તો બેચેની જણાશે ને તબિયત બગડશે.'

પણ મહેન્દ્ર બાપુને હવે દૃઢતા થઈ હતી. તેમણે કહ્યું : 'એક વાર છોડી તે છોડી ! સ્વામીશ્રીના પ્રતાપથી કાંઈ જ નહીં થાય.'

આ શૂરવીરતાથી સ્વામીશ્રી ઘણા જ પ્રસન્ન થયા. સ્વામીશ્રીએ તેમના સ્વાસ્થ્યની અને સંપત્તિની બંનેની રક્ષા કરી તેમને ધન્ય બનાવ્યા.

બાદ બોટાદમાં થતાં મંદિરનું કામ નિહાળી, નગરશેઠને ત્યાં પધરામણી કરી. બંધિયાની પ્રાસાદિક ભૂમિનાં પણ સૌને જરે જર દર્શન કરાવ્યાં.

બુદ્ધિપારના ઉત્તરો

અહીં બપોરે ઠાકોરજી જાગ્યા પછી સ્વામીશ્રીએ આનંદમાં આવી, પાસે બેઠેલા યુવકોને પૂછ્યું : 'પ્રશ્ન પૂછો !' તે વખતે બહુ ભીડો ન હતો.

ગુણવંતભાઈએ પૂછ્યું : 'બાપા ! અક્ષરધામમાં ભાષા કઈ ?'

'ગુજરાતી ભાષા.' હસતાં હસતાં સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો. આ સાંભળી સૌ હસી પડ્યા.

ફરી પૂછ્યું : 'શ્રીજીમહારાજ ઉત્તર ભારત, દક્ષિણ ભારત ક્યાંય ન રહ્યા ને પશ્ચિમમાં ગુજરાત, કાઠિયાવાડમાં કેમ આવ્યા ? બીજે ભક્તિભાવના ઘણી છે.'

ઉત્તર આપતાં સ્વામીશ્રી ઠાવકાઈથી કહે : 'બીજે બધે દારૂ-માંસનું ચલણ

બહુ ને ! મહારાજને તેની સૂગ બહુ. અહીં તેવું કાંઈ નહીં. તેથી મહારાજ ગઢડા આવીને રહ્યા.'

'બાપા !' ગુણવંતભાઈએ ત્રીજો પ્રશ્ન કર્યો : 'શ્રીજીમહારાજે સમુદ્ર, બધી નદીઓ, વન, પર્વતો ફરી બધું પ્રસાદીનું કર્યું. અસંખ્ય જીવો એમના યોગમાં આવ્યા. એવા જીવ સ્વામીની વાતો પ્રમાણે બે-ત્રણ જન્મે સત્સંગમાં દેહ ધરે ને તેનું કલ્યાણ થાય, તો આ સંબંધના પ્રતાપે કરોડો મનુષ્યો સત્સગમાં હોવા જોઈએ; પણ સત્સંગમાં ઓછા જણાય છે તેનું કેમ સમજવું ?'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'શ્રીજીમહારાજ જે જે બ્રહ્માંડમાં અવતાર ધરે ત્યાં જન્મ ધરાવે ને અસંખ્ય જીવોનું કલ્યાણ કરે.'

સ્વામીશ્રીના આ ઉત્તરથી સૌને આનંદાશ્ચર્ય થયું. કારણ, આ ઉત્તર બુદ્ધિ-પારનો હતો.

રામોદ થઈ, ગોંડલ પધાર્યા. તા. ૧૬મીથી, 'સ્વામીની વાતો' તથા 'સ્મૃતિ ગ્રંથ'નું પારાયણ ભટેસા તરફથી કરાવ્યું. હરિલીલાકલ્પતરુ શ્રવણનો લાભ પણ સૌને અપાવ્યો. સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામી કથામૃતનું સૌને પાન કરાવતા.

રોજ સાંજે મંદિરના વિશાળ પ્રાંગણમાં, ખેતરમાં, વાડીમાં, ઘાટ ઉપર ફરતી ફરતી સભા કરી સ્વામીશ્રીએ આફ્રિકાના ભક્તોને અપાર સુખ આપ્યું. ખેતરના ખૂણે આવેલા શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક લીંબતરુ નીચે બે વાર, ઘઉંના પોંકની તથા ચણાના ઓળાની ગામઠી-ઉજાણીઓ ગોઠવી. ખોબે ખોબે સૌને પ્રસાદ આપી, સ્વામીશ્રીએ બ્રહ્મરસની લહાણ કરી. દર્શન અને પ્રસાદ સાથે સદુપદેશનું ભાતું તો ખરું જ ! આફ્રિકા ગયા પછી પણ દિવ્યાનંદની અખંડ સ્મૃતિ રહે, એવી સુખની ગઠડી સૌને બાંધી દીધી.

ઘણી વાર બપોરે સૌને સારી રીતે તૃપ્ત કર્યા પછી, કથા પ્રસંગ ચાલુ રાખી, સ્વામીશ્રી ચોખા વીણવા સભામંડપમાં બેસતા. સૌ હરિભક્તો પણ સ્વામીશ્રી સાથે ચોખા વીણવા બેસી જાય. એક દૃષ્ટિ અને વૃત્તિ સ્વામીશ્રીની તરફ હોય ને બીજી વૃત્તિએ સૌ ચોખા વીણવાની સેવા પણ કરે. આ દર્શન અને સ્મરણ સૌને માટે અવિસ્મરણીય બની રહેતાં.

ગોંડલમાં બાળમુકુંદ સ્વામી, નિર્ગુણ સ્વામી, ભક્તિકિશોર સ્વામી, નિરંજન સ્વામી, મથુરભાઈ વગેરે ખૂબ સેવા કરી, સર્વ વ્યવસ્થા જાળવી, સ્વામીશ્રીને રાજી કરતા.

હાલો, આજેય જમાડી દઉં

અહીં કુંકાવાવથી ભગવાનભાઈ શામળાભાઈ સોની સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામી ! મને ઓળખો છો ?'

ત્યારે સ્વામીશ્રી હસી પડ્યા અને બોલ્યા : 'હા, ઓલ્યો ધમો (ધમણ) હાંકતો ઈ !' એમ કહીને થાપો માર્યો. ને કહ્યું : 'જા, તું કોઈ દી' દુઃખી નહીં થા.'

ભગવાનભાઈની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં. તેમણે બાળપણની સ્મૃતિ કરતાં આગળ કહ્યું : 'તમે મને વાસણ ઊટકતાં શીખવાડ્યું હતું. અને તમે મને વાસણની કલઈ કરતાં પણ શીખવ્યું હતું ! અને હું અહુર હવાર (વહેલી સવારે) આવતો. તમે મને જમાડતા. સ્વામી ! આ બધું યાદ આવે છે ને ?' ભગવાનભાઈને વાત કરતાં કરતાં હૈયું ભરાઈ આવતું હતું. હર્ષ આંસુરૂપે વહી આવતો હતો.

સ્વામીશ્રી પણ પોતાના સાધુ-જીવનમાં પ્રથમ ચરણ માંડ્યાં હતાં તે વખતના સાથી-મિત્રને જોઈને અત્યંત આનંદમાં આવી ગયા અને લહેકાથી બોલ્યા : 'ભગવાનભાઈ ! હાલો આજેય જમાડી દઉં.'

ભગવાનભાઈ કહે : 'તમારા હાથનું જમવા જ આવ્યો છું. બાળપણમાં સાથે જમેલા, પણ મને આવો મહિમા ક્યાંથી હોય ? બ્રહ્મા પણ ભગવાનની પ્રસાદી લેવા માટે પંખી બન્યા હતા. મારે તો આજે તમારા હાથની પ્રસાદી જમવી છે. એવો મહિમા જાણીને આવ્યો છું.'

સ્વામીશ્રીએ તેમને પ્રેમપૂર્વક દૂધપાક-પૂરી પોતાના હાથે જમાડ્યાં. દૂધપાક ખૂબ જ પીરસ્યો. ભગવાનભાઈ તૃપ્ત થઈ ગયા. અમીના ઓડકાર આવ્યા.

આ બન્ને મિત્રોનું મિલન દર્શનીય હતું. દેવોને પણ ઈર્ષ્યા આવે તેમ ભગવાનભાઈનું નામ પણ અમર થવાનું હતું, કારણ કે તેમને જીવાત્માઓની મુક્તિનાં દ્વારરૂપ સ્વામીશ્રીનો સંગાથ સાથીરૂપે મળ્યો હતો.

જાચકપણું - દીનપણું ન રાખવું

એક બપોરે સ્વામીશ્રીએ એક યુવકને સાધુ થવા સંબંધી વાત કરી. તે કહે : 'હું તો પામર જીવ છું.'

ત્યારે સ્વામીશ્રી એકદમ આકળા થઈ ગયા અને બોલ્યા : 'આપણને મોટા-પુરુષ જીવકોટિમાંથી બ્રહ્મકોટિમાં લઈ ગયા. માટે જાચકપણું, દીનપણું ન રાખવું.'

પછી બોલ્યા : '*હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને.* શૂરવીરપણું રાખવું. પણ મોળી વાત ન કરવી, મોળી વાત ન કરવી, મોળી વાત ન કરવી. મોળી વાત અમને ન ગમે.' એમ ત્રણ વાર બોલી, પોતાની રુચિ જણાવી.

અહીં એક પ્રસંગે હરભમજી બાપુ સ્વામીશ્રીને કહે : 'બાપા ! પહેલાં અડવાળ વગેરે ગામડાંમાં બહુ રહેતા. તે દી' પ્રભાવ જણાયો નહીં. આજે રાજાધિરાજપણે બિરાજો છો.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'તે દી' જોગીને કોણ ઓળખતું હતું ? આજે 'જોગી જોગી' થઈ ગયું. એ બધો સ્વામીનો પ્રતાપ છે.'

પછી મોહનભાઈ બગડને યાદ કર્યા. અને બોલ્યા : 'બગડ અને હકા બાપુની જોડી. ગમ્મત બહુ કરાવે. એક દરબાર અને એક વાણિયા. મહારાજના વખતમાં સુરાખાચર આવી ગમ્મત કરાવતા. મહારાજના વખતમાં સાધુ ગામડાં ફરતા. મહારાજ હિન્દીમાં બોલે. કોઈ કહે : 'બે સાધુ બગડ (ગામ) ગયા છે.' ત્યારે મહારાજ બોલ્યા : 'બે સાધુ બગડી ગયા હૈ ?' એમ કહી આખી સભાને ખૂબ હસાવી. ત્યાં મોહનભાઈ બગડ આવ્યા એટલે સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, તમારા જ ગુણગાન ગવાય છે.' આ સાંભળીને આખી સભા ફરી ખડખડાટ હસી પડી.

સ્વામીશ્રી આરામમાંથી ઊઠ્યા ત્યારે શામજીભાઈ સેજાણી દર્શને આવ્યા. સ્વામીશ્રી તેમને કહે : 'કો' સાધુ થઈશ ! હમણાં સાધુ બનાવવા નથી, પણ આજ્ઞા કરીએ તો હા પાડવી.' શામજીભાઈએ હા પાડી. પછી અડવાળના મંગલસિંહ તથા ડાહ્યાભાઈ વગેરે યુવકો સાથે ગમ્મત કરતાં કહે : 'શામજીભાઈ લાકડાની તલવારે વ્યવહાર ચલાવશે, રેતીમાં વહાણ ચલાવશે.'

સાંજે ઘાટમાં સભા કરી. ઘાટનો અપરંપાર મહિમા કહ્યો : 'હંમેશાં કુંડમાં અનંત કોટિ મુક્તો સ્નાન કરે છે.' પછી અક્ષર મંદિરનો મહિમા કહેતાં બોલ્યા : 'મહિમા સમજાય તો ભેટંભેટા; નહીં તો છેટંછેટા !'

આરતીએ-આરતીએ દર્શને જવું

તા. ૨૫મીએ સવારે મંગળ પ્રવચનમાં ઘણા હરિભક્તો હતા. સ્વામીશ્રી મંગળા આરતી થતાં સૌને દર્શને મોકલતા. એક વાર શંભુસિંહને કહે : 'ઠેઠ જઈને દર્શન કર્યાં ?'

તેઓ કહે : 'હા, બાપા !'

એ ઉપર સ્વામીશ્રીએ વાત કરી : 'દર્શન મહિમાથી કરવાં. મહારાજે કહ્યું છે કે મૂર્તિમાં અખંડ નિવાસ કરીને રહું છું. મૂર્તિઓમાં કાષ્ટ-પાષાણનો ભાવ લાવે તેને નિશ્ચય નથી અને પાખંડની ભક્તિ છે – એમ મહારાજે કહ્યું છે. આરતીએ-આરતીએ દર્શને જવું. નિર્ગુણ સ્વામીને દર્શનનો મહિમા. આરતી સાંભળીને દોડીને જવું. સંતમાં ભગવાન રહ્યા છે. સંતની મર્યાદા રહે છે તેમ મૂર્તિની મર્યાદા રાખવી. અષ્ટ પ્રકારની મૂર્તિની મર્યાદા રાખવી.' એ પ્રમાણે સૌને પ્રતિમાનો મહિમા સમજાવ્યો.

બપોરે પગીને બોલાવ્યો ને કહે : 'રાત્રે ડંકા વાગતા નથી. ઊંઘી રહેતા હશો !' પગી પોતાનો બચાવ કરવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'અહીં તો ગુણાતીત સ્વામી રોન (રાઉન્ડ) ફરે છે ને ખબર રાખે છે; નહીં તો નવાબી ખાતું છે.' પછી પગીને આશીર્વાદનો ધબ્બો મારી રજા આપી ને વાત કરવા લાગ્યા : 'નવાબી ખાતું શું ? મૈયારી ભંગાણી ત્યારે આઠ મહિને તપાસ કરવા મોકલ્યા, ઈ નવાબી ખાતું.' એમ કહીને ખૂબ હસ્યા.

વળી, આગળ કહ્યું : 'અહીં વાસુદેવ સ્વામી ફરતા. રાત્રે ચોર આવેલા. વાસુદેવ સ્વામી પાછળ દોડ્યા. પાણો (પથ્થર) છાતીમાં વાગ્યો. પડ્યા પણ ચોર ભાગ્યા. સોમા ભગતે ચોરને પગમાં અને કાખલીમાં દબાવેલા. એકનો હાથ ભાંગ્યો ને એકનો પગ ભાંગેલો, તે હજી યાદ છે. બોચાસણ ભક્તિ કોઠારીનો (ભક્તિવલ્લભ સ્વામી) ભારે કડપ. મંદિરમાં, કોઠારમાં બધે નજર રાખે – કોણ જોડા લઈ જાય ? કોણ વાસણ લઈ જાય ? કોણ ગોદડું લઈ જાય ? તેને પકડે. પણ અહીં ગોંડલમાં કોઈ જોવે નહીં.'

પછી કેફમાં આવીને બોલ્યા : 'ગઢડામાં હરજીવન સ્વામી. ત્યાં કોઈ પગી ભાળ્યો નહીં. કેવા બુદ્ધિશાળી !' આ પ્રમાણે ઘણી વાતો કરી.

આમ, જૂના પીઢ સંતોનાં વહીવટ અને જવાબદારીની ઘણી પ્રશંસા કરી, નવા સંતો તથા કાર્યકર્તાઓને ઘણી પ્રેરણા આપી.

શું કામ વાંહે પડ્યા છો ?

અહીં એક યુવાન સાધુના પિતાશ્રી તેને તેડવા આવ્યા. તે કહે : 'બાપા ! અમારે વાંધો નથી; પણ ઘરનું બૈરું બહુ રોવે છે.'

ત્યારે સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'સ્વાર્થનો સંબંધ - ઈ તો બીજો

ધણી ગોતી લેશે. આ અમારા મહંત સ્વામી કેવા ભણેલા, આણંદના મણિભાઈએ દીકરા આપી દીધા. ઈશ્વર સ્વામી, હર્ષદભાઈએ ભણાવી-ગણાવી આપી દીધા. આ તો કાળા અક્ષરને કુહાડે મારે તેવા છે, તોય શું કામ વાંહે પડ્યા છો ?'

કોઈ સંતનાં સગાંવહાલાં પાછળથી તેને તેડવા આવે ત્યારે સ્વામીશ્રી અકળાઈ જતા અને તેમ ન કરવા અનેક રીતે સમજાવતા. એક જીવ ભગવાનના માર્ગમાંથી પડે તેનું એમને ભારે દુ:ખ હતું, તે આવા પ્રસંગોએ જણાઈ આવતું.

...તો રજકણ બદલાયાં કહેવાય

એક સવારે બાથરૂમમાં ગુણવંતભાઈએ એક યુવકની વાત કરતાં કહ્યું : 'બાપા ! એ સેવા કરતા નથી ને બીડી પીવે છે. વળી, ઉતારો આપે છે તે રતિલાલની પાસે બેસી રહે છે.'

ત્યારે સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'તમે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરેલાં ?'

ગુણવંતભાઈ જરા ડઘાઈ ગયા ને બોલ્યા : 'ના, બાપા !'

'એણે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરેલાં. તે તમારાથી જૂના છે. તમારે મહિમા સમજવો જોઈએ. તમે આપણી હારે (સાથે) રહ્યા ને અવયવ ન બદલાય, તો શું ગુણ આવ્યા ? અભાવ-અવગુણ કોઈનો આવવો ન જોઈએ, તો રજકણ બદલાયાં કહેવાય.' સ્વામીશ્રી એકધારું બોલવા લાગ્યા.

ગુણવંતભાઈએ હાથ જોડી સ્વામીશ્રીની ક્ષમા માગી, એટલે સ્વામીશ્રીએ હસતાં હસતાં થાપો મારી કહ્યું : 'સંપ, સુહૃદભાવ, એકતા વધશે, જાવ.' એમ રાજી થઈને આશીર્વાદ આપ્યા.

બપોરે સૂતી વખતે પથારીમાં એકદમ બેઠા થઈ ગયા ને બોલ્યા : 'હાલો, મારે વાસણ ઘસવા આવવું છે.'

ત્યારે યુવકો કહે : 'અમે જઈએ છીએ બાપા ! આપ આરામ કરો.'

ત્યારે સ્વામીશ્રી રાજી થઈને કહે : 'તો સૌ સેવામાં જાવ. એક ગુણુ ભગત ભેગા રહેશે. પાસે સૂઈ જશે. પે'લા હું બહુ વાસણ ઊટકતો. દેહને વાટી નાખ્યો છે. પરપોલા જેવો રાખ્યો નથી. તેથી તમારા જેવા સેવા કરનારા આજે મળ્યા. યુવકોએ ત્રણ કલાક મંદિરની સેવા કરવી. હવે મને સારી ઊંઘ આવી જશે. વાસણ ઊટકી ઓરડીમાં ગોઠવીને મૂકી દેશો.' એમ બોલતાં યુવકોને આશીર્વાદ આપી વાસણ ઊટકવા મોકલ્યા અને પોતે આરામમાં પધાર્યા.

માંદા ભક્તની કરવી સેવા

તા. ૧-૩-'૬૫, સવારે ઉકાળો પીધા પછી રાજારામભાઈને બોલાવવા શંભુસિંહને મોકલ્યા. તેઓ ખબર લાવ્યા કે 'હજુ તબિયત બરોબર નથી તેથી દર્શને આવી શકશે નહીં.' છેલ્લા બે-ત્રણ દિવસથી રાજારામભાઈ બીમાર હતા. સ્વામીશ્રી બોલ્યા : 'ચાલો, આપણે સૌ મળીને ખબર કાઢવા જઈએ.'

મોહનભાઈ બગડ, કાનજીભાઈ સોની, હરભમજી બાપુ વગેરે સૌને લઈ રાજારામભાઈના ઉતારાની ઓરડીએ પધાર્યા. રાજારામભાઈ રાજી થઈ ગયા. તેમના શરીરે હાથ ફેરવી, તબિયત સારી થવાના આશીર્વાદ આપી, પછી સભામાં પધાર્યા.

સ્વામીશ્રી વયોવૃદ્ધ અને માંદા હરિભક્તોની હંમેશાં ખબર કાઢતા. મંદિરમાં નાના-મોટા કોઈ બીમાર હોય તો તેની ડૉક્ટરી સારવારની વ્યવસ્થા કરાવે, ને દર્શન આપે, અને આશ્વાસન આપી ખૂબ આશીર્વાદ આપે. તેની જમવાની પણ પૂરી તકેદારી રખાવે. દરેક વિગતમાં પોતે જાતે રસ લઈ ઊંડા ઊતરે. કોઈના ભરોસે છોડી ન દે. અનેક પ્રવૃત્તિઓની વચ્ચે પણ માંદાની જાત-દેખરેખ તેઓ પૂરી રાખતા.

એક યુવકને મૂંઝવણ થઈ. તેમણે સ્વામીશ્રીને વાત કરી કહ્યું : 'મને ઘેર જવાની રજા આપો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અમારી ઈચ્છા તમને રોકવાની છે.'

છતાં તે યુવકે ઘરે જવા આગ્રહ રાખ્યો, ત્યારે સ્વામીશ્રી કહે : 'ગુરુને ઓશિયાળા કરે તે શિષ્ય ન કહેવાય. તમે ઘણો વખત મારી સેવા કરી, તેથી હેત થઈ ગયું છે. માટે રોકીએ છીએ. તમારી મૂંઝવણ અમે મટાડી દઈશું. તમારે પાછું આવવું પડશે, પણ હૈયામાં સુખ નહીં રહે.'

પછી તે યુવક કહે : 'બાપા ! આપ રાજી રહેજો. હવે હું ઘરે જવાનો સંકલ્પ નહીં કરું.' આ સાંભળી સ્વામીશ્રી બહુ રાજી થયા.

જીવો ઉપર અપાર કરુણા કરનારા સ્વામીશ્રી જેવા સંતપુરુષ દુર્લભ જ છે, તે માયાપ્રધાન જીવને ઝટ સમજાતું નથી.

તમારા ભાણાની માખ ઉડાડો !

બપોરે એક હરિભક્ત સ્વામીશ્રી પાસે છાપું લઈને આવ્યા. તેમાં સ્વામીશ્રી

પ્રત્યે અભાવ રાખનાર કોઈ સાધુ સંબંધમાં લખાણ હતું. સ્વામીશ્રીને તેઓ કહે : 'જુઓ, તેની પ્રવૃત્તિથી છાપે ચડ્યા અને લોકમાં ફજેત થયા !'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આપણને એવું સાંભળવાની રુચિ નહીં. પહેલાં તમારા ભાણાની માખ ઉડાડો ! આપણે કોઈનું જોવું નહીં. ભેંશનાં શીંગડાં ભેંશને ભારે !' એમ કહીને સ્વામીશ્રીએ કથા શરૂ કરી.

✧

અક્ષર મંદિરમાં 'બોમ્બે ગેસ્ટ હાઉસ'માં કડિયાકામ ચાલતું હતું. સ્વામીશ્રીના ઉતારાની પાછળના રૂમના જાળિયામાંથી તે દેખાતું હતું. બપોરે સ્વામીશ્રીના અંતેવાસી સેવકો સૂઈ ગયા હતા. સ્વામીશ્રી ધીમેથી બહાર નીકળી ગયા અને જાળિયા પાસે જઈને બહાર જોવા લાગ્યા. ગુણવંતભાઈ જાગી ગયા અને સ્વામીશ્રીનો હાથ ઝાલી લીધો.

સ્વામીશ્રી બોલ્યા : 'જો કડિયા બેઠા. કોઈ કામ કરતું નથી. ટચ ટચ કરે. દેખરેખ વિનાનું બધું એવું. ગઢડા હરજીવનદાસ જેવા હોશિયાર માણસ જોવે. તો કામ કેટલું થયું તેની ચકાસણી કરે, પછી જ પૈસા ચૂકવે. નીકર પૈસા પૂરા ન ચૂકવે. અહીં તો રામરાજ્ય ! જોગી લાવે છે ને ! આપણા ક્યાં નળ ફૂલે છે ? લાવવાવાળા લાવે છે ! એવું છે ગુણુભાઈ.' એમ બોલતાં બોલતાં રૂમમાં થઈ સભામંડપમાં પધાર્યા.

અહીં એક વખત નારણભાઈ બાઢડાવાળા પરોઢિયે મહારાજના શરીરનાં ચિહ્નોનાં પદો બોલ્યા. સ્વામીશ્રી ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા. કીર્તન પૂરું થતાં સ્વામીશ્રી બોલ્યા : 'અહોહો, પ્રેમાનંદ સ્વામીએ કેવાં કીર્તનો બનાવ્યાં ! મહારાજના શરીરનું, તલેતલનું વર્ણન કર્યું. રોમેરોમનું વર્ણન કર્યું. બ્રહ્માનંદ સ્વામીએ જમ્યા હોય, બોલ્યા હોય, તેનાં કીર્તનો રચી દીધાં. ન ભૂતો ન ભવિષ્યતિ ! મુક્તાનંદ સ્વામીએ પણ મહારાજની મૂર્તિનાં વર્ણનનાં કીર્તનો કર્યાં. ખડિયો, સ્યાહી, કલમ વગેરે સાધન નહીં, છતાં કેવા હેતથી કીર્તન-કાવ્ય જોડી દીધાં !'

પછી સંતો-યુવકો તરફ જોઈને બોલ્યા : 'આપણે ભણનારાએ પણ સ્વામીનું આવું વર્ણન લખી લેવું. જાગા સ્વામી, હરિશંકરભાઈ, બાલમુકુંદ સ્વામીએ ગુણાતીત સ્વામીની વાતો અક્ષરે અક્ષર લખી લીધી, તો આજે આપણે પાઠ કરી સુખ લઈએ છીએ. તેમ થાવું જોઈએ.'

સ્વામીશ્રીએ આ સંબંધે ઘણી વાત કરી, પોતાની રુચિ જણાવી.

અટલાદરાના શંકર ભગત દર્શને આવ્યા. એટલે એક યુવકે મજાકમાં કહ્યું : 'બાપા ! આપ બન્ને પાસે જ ભગવાનનો ઈજારો છે.'

આ સાંભળી સ્વામીશ્રી ખૂબ જ હસી પડ્યા અને બોલ્યા : 'શંકર ભગતને મૂર્તિ વેચવાની સ્વામીએ છૂટ આપી છે.' સૌ સંતો-યુવકો પણ હસી પડ્યા.

પછી શંકર ભગતને કહે : 'અક્ષર દેરીનો ભાગ નફામાંથી કાઢ્યો ?'

ત્યારે શંકર ભગત કહે : 'બસ્સો રૂપિયા સેવા કરી છે. બાકી અટલાદરા આપ્યા છે.' એટલે સ્વામીશ્રી રાજી થયા. એમ ઘણી ગમ્મત કરી.

એક વાર છગનબાપાએ (સ્વામીશ્રીના પૂર્વાશ્રમના નાના ભાઈ) ગુણવંતભાઈને કહ્યું કે 'બાપાના આશીર્વાદ લઈ દો, છોકરાંવના દેશકાળ સારા થાય.'

ગુણવંતભાઈએ સ્વામીશ્રીને વાત કરી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમારે આશીર્વાદ ન અપાય. બાલમુકુંદ સ્વામી પાસે જાવ.' એમ આજ્ઞા કરી તેમના આશીર્વાદ લેવા મોકલ્યા.

અમારા વરદાનબાપાને કંઈ કરશો મા

નાના વેરાવળના હરિભક્ત વરદાનભાઈને રાજકોટના કલેક્ટર સાહેબ સાથે આવેગમાં આવી જતાં કંઈક બોલાચાલી થઈ હતી. પણ પછી ખૂબ પસ્તાવો થયો અને મૂંઝવણ થતાં તેઓ એક-બે દિવસ બાદ ગોંડલ સ્વામીશ્રી પાસે આવ્યા. 'સ્વામીશ્રીને બધી વાત જણાવી પૂછવું કે હવે શું કરવું ?' – એવા વિચારમાં સભામંડપના એક થાંભલે અઢેલીને નિરાશ થઈને બેઠા.

થોડી વાર થઈ ત્યાં ગોંડલના ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર વગેરે રાજકોટના કલેક્ટર સાહેબને લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા અને તેઓ સભામંડપમાં ગાદલાં પાથરેલાં હતાં ત્યાં બેઠા.

સમાચાર મળતાં સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. કલેક્ટર સાહેબ તથા સર્વે અમલદારોને આશીર્વાદ આપ્યા. પ્રસાદી મગાવી. ત્યાં સ્વામીશ્રીની દૃષ્ટિ દૂર બેઠેલા વરદાનભાઈ ઉપર પડી. તરત જ સ્વામીશ્રીએ કલેક્ટર સાહેબને કહ્યું : 'સાહેબ ! અમારા વરદાનબાપાને કંઈ કરશો મા.'

કલેક્ટરે વરદાનભાઈ સામું જોયું. તેઓ ઊઠીને સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા. કલેક્ટર પણ ઊઠ્યા અને સ્વામીશ્રીની આજ્ઞાનું પાલન કરવા તેમણે વરદાનભાઈ સામે હાથ લંબાવ્યા. બન્નેએ પરસ્પર હસ્તધૂનન કર્યું.

જે પ્રશ્ન અંગે બન્ને વચ્ચે બોલાચાલી થઈ તેમાં વરદાનબાપાને ઘણું સહન કરવાનું રહેત, કારણ કે સત્તા સામે શાણપણ કાંઈ કામ આવતું નથી.

સ્વામીશ્રીને તો હજુ વરદાનભાઈ મળ્યા પણ ન હતા; પરંતુ અંતર્યામીપણે પોતાના ભક્તની રક્ષા કરી !

સામે ચાલીને સેવામાં જવું જોઈએ

કૃષ્ણકાન્ત બ્રહ્મભટ્ટને સ્વામીશ્રીના સમાગમમાં ગોંડલ આવવું હતું; પરંતુ ઘરનાં સૌ ના પાડે. કૃષ્ણકાન્તભાઈની તીવ્ર ઇચ્છા અને વેગ એવો કે કોઈના રોક્યા રહે તેમ ન હતું. છેવટે એવું નક્કી થયું કે સંતરામ મંદિરના જાનકીદાસજી મહારાજ કહે તેમ કરવું.

બધાંની વાત સાંભળ્યા પછી જાનકીદાસજી બોલ્યા : 'મારો નમ્ર અભિપ્રાય એવો છે કે યોગીજી મહારાજ જેવા સંતપુરુષની સેવામાં કૃષ્ણકાન્ત જતા હોય તો તેમને સામે ચાલીને મોકલવા જોઈએ. કારણ કે વર્તમાનકાળે યોગીજી મહારાજ દૈવી પુરુષ છે. તેમના જેવા સંતની સેવાથી ભગવાનની સેવાનું ફળ પ્રાપ્ત થાય છે.' જાનકીદાસજી મહારાજની વાણી સાંભળીને કૃષ્ણકાન્તભાઈને વધુ દઢતા થઈ અને તેઓ ગોંડલ સેવામાં આવી પહોંચ્યા.

તા. ૧૦મીએ રાજકોટ, સાયલા, લીંબડી થઈ, રાત્રે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી પુરુષોત્તમપુરા આવ્યા. અહીંથી વૌઠા, રઢુ, ઈશ્વરપુરા પધરામણીઓ કરી, પછી નાયકા, જેતલપુર થઈ, અસલાલી પધાર્યા. અહીં રસ્તા ઉપર વાડીમાં શેરડી-ઉત્સવ કરી, અમદાવાદ ચંપકભાઈ શેઠને દર્શન આપી, મંદિરે આવી પહોંચ્યા.

ફાગણ સુદ ૧૧ અમદાવાદ કરી, પૂનમનો સમૈયો કરવા સારંગપુર પધાર્યા.

સિદ્ધેશ્વર સ્વામીએ શાસ્ત્રીજી મહારાજના જીવન ચરિત્રની પારાયણ કરી. પૂર્ણાહુતિ પછી રંગમંડપમાં જ્યાં શાસ્ત્રીજી મહારાજે પંચભૌતિક શરીરનો ત્યાગ કર્યો તે સ્થળે ઓટા ઉપર શ્રીજીમહારાજના આરસનાં ચરણારવિંદની પ્રતિષ્ઠા સ્વામીશ્રીના વરદ હસ્તે થઈ. ઉત્સવની આરતી પછી સભામંડપમાં સ્વામીશ્રીએ સૌને ફગવા આપ્યા.

રાત-મધરાત જોતા નહિ

તા. ૨૨-૩-'૬૫, સાંજે ગઢપુરથી રાજુલા જવા સ્વામીશ્રીએ વિદાય

લીધી. ઢસામાં પધરામણી કરી. લાઠી ઠાકોર પ્રહ્‌લાદસિંહજીનું ભાવભીનું આતિથ્ય સ્વીકાર્યું. કથાવાર્તા કરી. તે જ પ્રમાણે મોટા લિલિયામાં સ્વાગત અને પધરામણી થઈ. માર્ગમાં આવતા અમરેલી અને સાવરકુંડલાના ભક્તો પણ આ લાભ કેમ ચૂકે ? તેમાં રાત્રે મોટરનો ડ્રાઈવર રસ્તો ભૂલ્યો અને આખી રાત હેરાન-પરેશાન થતાં મળસ્કે ૪-૦૦ વાગે સ્વામીશ્રી રાજુલા આવી પહોંચ્યા ત્યારે ભક્તો એમની આખી રાત પ્રતીક્ષા કરતાં જાગતા બેઠા હતા. લોક-કલ્યાણ અર્થે ચાલતું આ અવિરત વિચરણ – રાત-દિવસની પરવા કર્યા વગર, આ ઉંમરે સ્વામીશ્રી જે રીતે ખેડતા હતા, નિભાવતા હતા, એ અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનની એમની બેહદ ધગશને સૂચવતા હતા.

નાહી-ધોઈ પરવાર્યા ત્યાં તો મૂર્તિઓની શોભાયાત્રાની તૈયારી થઈ ચૂકી હતી. તેથી સ્વામીશ્રી સીધા સામૈયામાં જોડાઈ ગયા. બપોરે નવા હરિમંદિરમાં ધામધૂમથી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા થઈ.

જા ઘેર સંત નહિ મિજમાના !

તા. ૨૩-૩-'૬૫ના રોજ સ્વામીશ્રી પદ્મશ્રી દુલાકાગનું પ્રેમભર્યું નિમંત્રણ સ્વીકારી, મજાદર પધાર્યા.

આ પૂર્વે તેમણે રવિશંકર મહારાજની હાજરીમાં ગુજરાતના સાક્ષરો, કવિઓ અને સાહિત્યકારોનો સન્માન-સમારંભ પોતાને આંગણે રાખ્યો હતો. જેમાં તત્કાલીન સાહિત્યકારો જયભિખ્ખુ, સોપાન, જયમલ પરમાર વગેરે અનેકનો સમાવેશ હતો. પરંતુ તે પછી કવિ ત્રાપજકરે કાગ બાપુને સૂચન કરતાં કહેલું : 'કવિરાજ ! ગુજરાતના સરસ્વતી સપૂતોને આપે આમંત્રણ આપ્યું, આપનું આંગણ પાવન કર્યું; રવિશંકર મહારાજ અને ગુજરાતના મુખ્યમંત્રી પણ આવ્યા; પરંતુ મને તો એમાં કાંઈ ઊણપ દેખાય છે. આ અધૂરપને પૂરી કરી દ્યો.'

'એવી શી અધૂરપ છે ?' કવિ કાગે પૂછ્યું.

'કોઈ મહાન સંત-વિભૂતિનાં આ ભૂમિને માથે પગલાં પડ્યાં નથી. કવિરાજ ! એટલી જ ઊણપ છે.'

'એ કામ હું તમારે માથે ઢોળું છું.' અને કાગ બાપુએ કવિ ત્રાપજકરને શિરે જવાબદારી મૂકી. બંનેએ નિશ્ચય કર્યો કે 'સોરઠનો અવધૂત અને અધ્યાત્મના નાક સમો એ સંત ગોંડલનો જોગીરાજ છે. એમને જ બોલાવવા.'

કવિ ત્રાપજકરે ગોંડલ જઈ સ્વામીશ્રીને પ્રાર્થના કરી. કવિ કાગ બાપુનો

પત્ર ધર્યો અને આમંત્રણ આપ્યું. સ્વામીશ્રીએ તેમને ધરપત આપી કે 'આવશું, પણ બેય કવિઓ સારંગપુર આવો ત્યાં તમને પધરામણીની તારીખ આપશું.'

ગુજરાતમાં વિચરણ કરી, થોડા દિવસ પછી સ્વામીશ્રી સારંગપુર પધારતાં કવિ ત્રાપજકર અને જામનગરથી કવિ દુલાકાગ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. (તા. ૧૫-૩-'૬૫). તેમણે ઘણા સમયથી સ્વામીશ્રીની સાધુતાની વાતો સાંભળી હતી. આ વખતે દર્શન-સમાગમનો નિકટથી લાભ લેવા આવ્યા હતા. સ્વામીશ્રીના મુખ પર દીપતું બ્રહ્મચર્યનું વિરલ ઓજસ અને દિવ્યતા જોઈને તેમણે સ્વામીશ્રીના છુપાયેલા અનોખા વ્યક્તિત્વને પારખી લીધું. સભામાં હાર પહેરાવી સ્વામીશ્રીએ તેમનું સન્માન કર્યું.

બીજે દિવસે સવારે સિદ્ધેશ્વર સ્વામીના પારાયણ વાચન બાદ કવિ કાગે સુંદર વાતો કરી સૌને આનંદ કરાવ્યો. સ્વામીશ્રીએ પણ તેમની કળાને બિરદાવી. કવિહૃદયને પારખનારા અને ખીલવનારા અદ્‌ભુત પુરુષનો યોગ કવિને થઈ ગયો હતો.

સમાજના પ્રતિષ્ઠિતો તેમજ ભક્તોનું સ્વામીશ્રી હંમેશાં સહજભાવે સન્માન અને બહુમાન કરતા. તેમને હાર પહેરાવે, આદર આપે તથા તેમની વિશેષતાનું અભિવાદન કરે. આ એમનું સ્વાભાવિક અંગ હતું કે બીજાને હંમેશાં નિખાલસતાથી માન આપવું. ત્યારે સામેની વ્યક્તિ સ્વામીશ્રીની સાધુગુણ-સંપન્ન મોટપના ભાર તળે દબાઈ જતી. દરેકને મનમાં થતું કે આ મહાન વિરક્ત આત્મા આપણને આટલું બધું સન્માને છે ! લોકમાં તો કોઈ સામાન્ય મહાત્મા, સંન્યાસી હંમેશાં માનની ઝંખના કરતો હોય, તો બીજાને તો ક્યાંથી માન આપી શકે ? વળી, આશ્રમની રૂએ પણ ત્યાગાશ્રમી બધાંથી ચડી જાય; પણ સ્વામીશ્રી તો દરેકમાં રહેલા સાચા હીરને સ્પર્શી ખીલવવા માગતા હતા.

કવિ કાગના પુત્ર શરદભાઈને ટાઈફૉઈડનો સખત તાવ હતો. તેમણે સભા પછી સ્વામીશ્રીને વિનંતી કરી કે 'દીકરો ૨૫ દિવસથી તાવમાં ધગધગે છે, પરંતુ આપની આજ્ઞાથી દર્શને આવ્યો છું.'

સ્વામીશ્રીએ પાંચ મિનિટ ધૂન કરી અને કહે : 'જાવ, દીકરાનો તાવ ઊતરી ગયો ! હવે બંને કવિરાજો ! અહીં બે દી' રોકાજો.'

બંનેએ સમાગમનું સુખ લીધું. સ્વામીશ્રીએ તારીખ પણ આપી.

વળી, ત્રાપજકરે સ્વામીશ્રીને વિનંતી કરી કે 'ભાવનગર મહારાજા કૃષ્ણ-કુમારસિંહજી મારા મિત્ર છે. આપ જ્યારે મજાદર પધારો ત્યારે આપ પત્ર લખો

તો તેઓ પણ આવે.'

સ્વામીશ્રી તરત જ આંખો મીંચી ગયા. થોડી ક્ષણો પછી માથું હલાવીને ના પાડી. કવિ તો કશું સમજી શક્યા નહીં. પછી બંનેએ વિદાય લીધી.

ઘરે પહોંચ્યા ત્યારે જાણ થઈ કે પુત્રનો તાવ બે દિવસથી ઊતરી ગયો હતો. કવિ કાગને સ્વામીશ્રીનાં ઐશ્વર્ય-દર્શનનો આ પ્રથમ અનુભવ હતો. તેઓ 'જોગી'નાં ચરણે નતમસ્તક બની ગયા. આદરની સાથે ભક્તિભાવના અંકુર તેમના હૈયામાં ઊગી ઊઠ્યા.

આજ મારે આંગણે સાધુ આવ્યો

આજે મજાદરમાં એ ભક્તિભાવનાએ માઝા મૂકી હતી. સ્વાગતદ્વારને કેળના સુશોભિત સ્થંભોથી સજાવી, ભીંતોને સોરઠી ગૂંથણના ભાતીગળ ચાકળાથી શોભાવી, સભાસ્થળને મંડપ અને શમિયાણાથી શણગાર્યું હતું. આસોપાલવનાં તોરણ અને ધજાપતાકા મંગળતામાં વધુ ઓપ આપતાં હતાં. રેશમી ગાદલાં-રજાઈ અને તકિયાઓથી શોભામાં અભિવૃદ્ધિ થતી હતી. સ્વામીશ્રી પધારતાં જ જયઘોષથી વાતાવરણ ભરાઈ ગયું. પ્રમુખસ્વામી, સંતો અને સાથેના હરિભક્તો હકાભાઈ ખાચર, ત્રિભુવનદાસ (કંપાલા), કલેક્ટર ગોવિંદસિંહ ચુડાસમા અને અન્ય આમંત્રિતોથી આંગણું શોભી ઊઠ્યું. આ તડામાર તૈયારીઓની સાથે વિશુદ્ધ ભક્તિભાવ જોતાં સ્વામીશ્રી આજે વિશેષ પ્રસન્ન હતા.

સ્વામીશ્રી અને ભક્તકવિનું મિલન થયું. આવકારના શબ્દો કહેતાં કવિએ ઉચ્ચાર્યું : 'અમ કવિઓનું સામ્રાજ્ય તો ધરતી સુધીનું છે; પરંતુ તેના પ્રેરણાદાતા સંતપુરુષનું સામ્રાજ્ય તો ગગનની પેલી પાર, દિવ્ય પ્રદેશના ભોમિયાનું છે.' આ માહાત્મ્યના ઉદ્‌ગારો સાથે આ સરસ્વતી-પુત્રએ અનોખા સ્વાગત-ગીતથી સ્વામીશ્રીને નવાજ્યા :

આજ મારે આંગણે સાધુ આવ્યો, ભોમિયો વિદેશનો રે જી. ટેક.
ભાઈ એની ઓળખાણ્યું લઈ લેજો, પરલોકનું ભાતું થશે રે જી. ૧
ભાઈ એવાં આપણાં નાણાં કેરું, પરલોકમાં ચલણ નથી રે જી. ૨
ભાઈ કો'ક સાધુ હૂંડી લખી આપે, શાખ એની ચાલે ઘણી રે જી. ૩
ભાઈ એની હૂંડીને સાચવજો, કે અક્ષર બગડે નહીં રે જી. ૪
નહિ તો મે'નત પડશે માથે, કાંઈ ત્યાં મળશે નહિ રે જી. ૫

'કાગ' એવા બેઉ લોક સુધારે, પુરુષોત્તમને પારખો રે જી. ૬
ભાઈ એ તો આંગણે આંટા મારે, સોરઠ ગુજરાતને રે જી. ૭

સ્વામીશ્રીએ પણ સુંદર આશીર્વાદ આપી સૌને આનંદ કરાવ્યો. અન્ય પ્રાસંગિક પ્રવચનો બાદ સંતોએ *'અનુભવી આનંદમાં...'* એ ચાર પદો ગાઈ વાતાવરણ ભક્તિભીનું કર્યું.

કવિએ સંતો માટે રોટલી, ભાજી, ભાત વગેરે સાદી રસોઈ બનાવી હતી. હરિભક્તોને શીરો જમાડ્યો. સંતોની એક જ પાત્રમાં ભેગું કરીને જમવાની પ્રણાલી જોતાં તેમને ખૂબ ગુણ આવ્યો અને પ્રભાવિત થયા. સ્વામીશ્રીને થોડો શીરો લેવા આગ્રહ કર્યો, ત્યારે સ્વામીશ્રીએ નમ્ર દૃઢતાથી ના પાડી. 'તબિયત સારી નથી' એમ કહેતાં શીરો ન લીધો.

સાંજે વિદાય વેળા સ્વામીશ્રી પાઘ પહેરીને તૈયાર થયા. પરંતુ કાગ બાપુને સ્વામીશ્રીને કંઈક કહેવું હતું. તેમને સ્વામીશ્રીની દિવ્ય સ્મૃતિભેટ જોઈતી હતી. તેઓ સ્વામીશ્રીને પગે પડ્યા. ત્યાં સ્વામીશ્રીએ અંતર્યામીપણે જ સંકલ્પ પકડ્યો ને પોતાનું ભગવું વસ્ત્ર, માળા અને તુંબડી આપી, ખૂબ પ્રસન્નતા બતાવી. કવિ તો ગદ્‌ગદ થઈ ગયા. આ ચિરંતન સ્મૃતિને આંખો સાથે દાબી સજળ નયને બોલી ઊઠ્યા : 'બાપા ! મને આપનો કરી રાખજો !'

આ પછી તો આ નાતો આત્મીયતાના અનેક ઘનિષ્ઠ પ્રસંગોને ઊપસાવતો ગયો અને સ્વામીશ્રી પણ દુષ્કાળ સમયે ઘાસચારાની રકમો મોકલીને પણ કવિનાં સામાજિક કાર્યોમાં સહયોગ આપતા. તો વળી કવિ પોતાનાં ભક્તિસભર કાવ્યોથી સ્વામીશ્રીને ભાવના-અર્ઘ્ય આપતા.

અમે ભેળા હતા ને !

સાંજે પીપાવાવના મહંતના આગ્રહથી તેમની જગ્યામાં પધરામણી કરી, ઊંટડી થઈ, પાછા રાજુલા પધાર્યા. અહીંથી ભટવદર પણ દર્શને જઈ આવ્યા હતા. રાજુલામાં જયંતભાઈ વકીલને ત્યાં ઉતારો હતો. નાગરદાસભાઈ વકીલ, વલ્લભભાઈ, ગોવિંદભાઈ, નરસિંહભાઈ વગેરે ભક્તોનો ઉત્સાહ અપાર હતો.

અહીં શ્રીજીમહારાજનાં પ્રસાદી સ્થાનોનાં દર્શન કરવા પધાર્યા. આંબા-ગાળામાં હનુમાનજી, સુખનાથ અને કુંભનાથ મંદિરે દર્શન કર્યાં.

જેઠાભાઈ સરવૈયાએ સ્વામીશ્રીને કહ્યું કે 'અહીં શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણિવેશે આવેલા ને મંદિરમાં રાત્રિ રહ્યા હતા.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'હા, અહીં શ્રીજીમહારાજ વર્ણીવેશે આવેલા.'

'મહારાજ ક્યાં બેઠા હશે ?'

'મંદિરનાં પગથિયાં ચઢતાં જમણી બાજુએ ઓસરીના ખૂણા ઉપર બેઠા હતા.' સ્વામીશ્રી સહેજે બોલી ગયા.

'બાપા ! આપને કેવી રીતે ખબર ?' જેઠાભાઈએ એકદમ પૂછ્યું.

'અમે ભેળા હતા ને !' સ્વામીશ્રીએ સહજતાથી ઉત્તર આપ્યો.

શ્રીજીમહારાજ સાથે પોતાની એકતા પ્રથમથી જ છે, એ વાત ગુણાતીત પુરુષના સ્વમુખે સાંભળવા મળતાં હરિભક્તોને અપાર આનંદ થયો.

પછી એક હરિભક્તને કહ્યું : 'શ્રીજીમહારાજ જે જગ્યાએ બેઠેલા ત્યાં પીપળાનું ઝાડ હતું. તમે ફરી પીપળાનું ઝાડ એ સ્થળે વાવી દેજો.'

પછી આંબરડી પધરામણી કરી. તા. ૨૫-૩-'૬૫, બાઢડા હરિમંદિરમાં સ્વામીશ્રીએ મૂર્તિપ્રતિષ્ઠા કરી. નારણભાઈ, પુરુષોત્તમદાસ, માવજીભાઈ વગેરે ભક્તોના પ્રેમવશ અહીં પણ સ્વામીશ્રીએ સર્વને સારો લાભ આપ્યો.

સાંજે ચલાલા જવા નીકળ્યા. માર્ગમાં બાબાપર, સમઢિયાળા, ગોખરવાળા વગેરે ગુણાતીતાનંદ સ્વામી તથા જૂનાગઢી સંતોના પ્રસાદીનાં ગામો આવ્યાં. સ્વામીશ્રી જૂનાગઢ હતા ત્યારે ઘણી વખત આ બધાં ગામોમાં પધારેલા, તેની દિવ્ય સ્મૃતિ એમણે સૌને કરાવી.

અમૃતપાનમાં ઉન્નતિ

પછી સાવરકુંડલા પધાર્યા. અહીં ગિરધરભાઈ સોનીએ સ્વામીશ્રીને સંત-હરિભક્તો સહિત પોતાના ઘરે જમવા પધારવા આમંત્રણ આપ્યું. તેમની આર્થિક સ્થિતિ તદ્દન નબળી હતી; પરંતુ ભક્તિભાવ ખૂબ. તેથી સ્વામીશ્રીએ તેમને રાજી રાખવા કહ્યું : 'તમારે ઘરે ઉકાળા-પાણી લેશું.'

તેમણે સાઠ જેટલા સંતો-હરિભક્તોની વ્યવસ્થા કરી. તેઓ સ્વામીશ્રી પાસેથી વિદાય થયા ત્યારે ગુણવંતભાઈએ કહ્યું : 'બાપા ! ગિરધરભાઈના દેશકાળ બહુ ખરાબ છે. તેમને એક ટંકનુંય અન્ન મેળવતાં ફાંફાં પડે છે. તો બધા સંતો-હરિભક્તો ન જાય અને આપ ફક્ત પધરામણી કરો તો ઠીક.'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'ગુણુ ભગત ! બધા સંતો-હરિભક્તો તેમનું જમે ને રાજી થાય, તો તેમના દેશકાળ સુધરે. શું ? એ વિના દેશકાળ ન સુધરે. બધા જાય તે જ સારું. આ તો માવાભાઈના મમરા સ્વામીએ સંતોને જમાડ્યા

તેવું છે.'

ગુણવંતભાઈને સ્વામીશ્રીની કલ્યાણ-દૃષ્ટિની મહત્તા સમજાઈ. સૌ ગિરધરભાઈના ઘરે ઉકાળા-પાણી માટે ગયા. તેમણે દેવું કરીને પણ સ્વામીશ્રીની ભાવથી સેવા કરી. જેના પરિણામે તેઓ અત્યંત સુખી થયા. માવાભાઈને મમરામાં મોટપ મળી, તેમ ગિરધરભાઈને પણ અમૃતપાનમાં ઉન્નતિ થઈ ગઈ.

આ તરફનાં બધાં ગામોમાં કલેક્ટર ચુડાસમા સાહેબ તથા ડી.ડી.ઓ. રમણભાઈ સ્વામીશ્રી સાથે ફર્યા હતા. જાહેર સભાઓમાં સ્વામીશ્રીનો મહિમા સમજાવી સારો સમાસ કર્યો હતો.

તા. ૨૮-૩-'૬૫, સાંજે પોપટભાઈ દાણીને ત્યાં ભાદરા ગામે પધાર્યા હતા. પોપટભાઈ દાણીના પુત્ર ગુણવંતભાઈની વાડીમાં કથા-કીર્તનભક્તિનો સારો સત્સંગ જામ્યો. સ્વામીશ્રીએ સૌને ભારે આનંદ કરાવ્યો.

તમે શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છો

સાંજે મહુવામાં શેઠ એમ.એન. હાઈસ્કૂલથી ભવ્ય શોભાયાત્રા નીકળી. આખા ગામમાં ફરીને શાંતિલાલ દાણીને ત્યાં ઉતારે પધાર્યા. ભગતજી મહારાજના જન્મ સ્થાન તથા સમાધિ સ્થાન, ઉપરાંત દરેક પ્રસાદી સ્થળે દર્શન કરી, વજુભાઈ તથા પોપટભાઈની વાડીએ પણ સ્વામીશ્રીએ પધરામણી કરી, નારિયેળના ઉત્સવો કર્યા હતા. બે દિવસ સાંજે કપોળ વાડી તથા સંન્યાસ આશ્રમમાં સારી સત્સંગ સભાઓ થઈ. શાંતિભાઈ, નાગરદાસ, મોહનભાઈ વગેરે ભક્તોએ બધી વ્યવસ્થા કરી હતી.

અહીંથી સ્વામીશ્રીએ પ્રમુખસ્વામીને પત્ર લખ્યો. જેમાં સ્વામીશ્રીએ સહેજે સહેજે પ્રમુખસ્વામીનો મહિમા વર્ણવ્યો. જ્યારે તેઓ મહિમા કહેતા કે લખતા, ત્યારે અંતરની નિર્મળ અને પ્રતીતિસભર ભાવનાઓનો વેગ અસ્ખલિત વહી રહેતો. સ્વામીશ્રીએ લખ્યું : 'આપે અલૌકિક કામ સત્સંગમાં કરેલ છે. તે ફળરૂપે આપને ભગતજી મહારાજના સ્થાનેથી શુભ આશીર્વાદ છે. તે તમ દ્વારા શાસ્ત્રીજી મહારાજ અલૌકિક કામ કરશે. તમો સ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છો.'

ત્રિકાળ જ્ઞાનની પ્રતીતિ

તા. ૧-૪-'૬૫, સ્વામીશ્રી ત્રાપજ પધાર્યા. આ અવસરે ઉપસ્થિત રહેવા

કવિ ત્રાપજકરે ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજીને પણ પત્ર દ્વારા આમંત્રણ આપ્યું હતું, જેને માટે અગાઉ સ્વામીશ્રીએ તેમને ના પાડી હતી. જો કે મહારાજાનો અન્ય કાર્યક્રમ હોવાથી તે આવી ન શક્યા. આથી કવિને થોડું માઠું પણ લાગ્યું. પરંતુ સ્વામીશ્રી આવી ગયા, બધું ભુલાઈ ગયું. અને ચમકનો પહાણ આવ્યો હોય તેમ ગામની હિન્દુ, મુસ્લિમ, જૈન અને અન્ય તમામ જનતા સ્વામીશ્રીના સ્વાગત માટે ગામને પાદરે હિલોળે ચઢી. ચોતરફ જામેલી જન-મેદની જયઘોષ સાથે ગગન ગજવી રહી હતી. ઢોલ, શરણાઈ સાથે વિદ્યાર્થી બૅન્ડ ગૂંજવા લાગ્યું. સભામંડપ સુંદર સજાવાયો હતો. સ્વામીશ્રીએ *'માણસનો અવતાર'* કીર્તન ગાઈ, 'આ દેહે કરીને આ જન્મ છેલ્લો કરી લેવો' – એવા શુભ આશીર્વાદ આપ્યા.

આ પ્રસંગે મુંબઈના બાલમુકુંદ ભટ્ટ પણ પોતાના વતનના આ ગામમાં સ્વામીશ્રીનાં પગલાં થતાં આવી પહોંચ્યા હતા. તેમને ત્યાં પધરામણી કરી કવિને ત્યાં પધાર્યા. રાતે ૧૦-૩૦ વાગે અહીંથી નીકળી, તણસા પધાર્યા.

બીજે જ દિવસે સવારે ત્રાપજકરને તાર-સંદેશ મળ્યો કે 'આગલા દિવસે રાતે ૧૧-૦૦ વાગે મહારાજા કૃષ્ણકુમારસિંહજી હૃદયરોગના હુમલાથી અવસાન પામ્યા છે !' સ્વામીશ્રીએ તેમને અહીં બોલાવવાની શા માટે ના પાડી હતી તે કવિને સમજાઈ ગયું. સ્વામીશ્રીના ત્રિકાળ જ્ઞાનની આ સચોટ પ્રતીતિ થતાં તેઓ સ્વામીશ્રીની મૂર્તિ સમક્ષ નમી પડ્યા.

મુસ્લિમ બિરાદરને દર્શન

તણસામાં ત્રણ કલાકથી સૌ સ્વામીશ્રીનાં દર્શનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. તે સૌને સંતોષ આપ્યો. ઉતારે પધાર્યા ત્યારે અહીંના સ્ટેશન માસ્તર ઈશ્વરભાઈ ચુનીભાઈ ભટ્ટ અને જૂના સત્સંગી નાથાલાલ સોની એક મુસ્લિમભાઈને સ્વામીશ્રી પાસે લાવ્યા. ને કહે : 'બાપા ! આને દિવ્ય દર્શન થયાં છે, તેની વાત કરવી છે.'

સ્વામીશ્રીએ સંમતિ આપી. તે કહે : 'આ ઈશ્વરભાઈને દુકાનમાં આપે મંદિર કરવાની આજ્ઞા કરેલી. તે જગ્યા ચોરાની પાસે છે. ને અંદર તેમણે સ્વામિનારાયણ ખુદાતાલાની મૂર્તિ પધરાવી છે. ત્યાં ઓસરી જેવું છે. તે જગાએ ગઈકાલે હું સૂતો હતો. અને હજારો સ્ત્રી-પુરુષો એ દુકાનના મંદિરમાં આવે ને જાય. બધાં દિવ્ય લાગતાં હતાં. બધાંનાં શરીરમાંથી તેજ છૂટતું હતું. તે બીજું તો

હું શું કરું ? બેઠો બેઠો જોયા કરું. આવું સવાર સુધી દેખાયું.'

સ્વામીશ્રીએ સ્મિત કરતાં કહ્યું : 'અહીં અક્ષરપુરુષોત્તમ પધરાવ્યા છે તેથી દર્શન કરવા આવે. તે અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિઓ હતા !'

'બાપા ! આપ પધારવાના હતા એટલે સ્વાગત કરવા અને આપનાં દર્શને આવ્યા હશે.' ઈશ્વરભાઈએ કહ્યું.

સ્વામીશ્રી મૌન રહ્યા. મુખ પર દિવ્ય આભા પ્રસારતું મર્મ હાસ્ય રમી રહ્યું. સ્વામીશ્રીના આશીર્વાદ માગી મુસલમાનભાઈએ ખૂબ ખૂબ દુઆ માગી.

સ્વામીશ્રીએ અહીંથી તરત જ વિદાય લીધી. મોડી રાત્રે અહીંથી નીકળી મધરાતે ભાવનગર પધાર્યા.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી અવસાન પામ્યા હતા તે નિમિત્તે રાજમહેલમાં પધરામણી કરી. સ્વામીશ્રીએ રાજકુટુંબને આશ્વાસન આપ્યું.

ઉતારો પિતાંબરભાઈના ઘરે હતો. અહીં વાવડીના બાબુભાઈને લઈ, પાલિતાણામાં રહેતા તેમના બનેવી વાઘજીભાઈ જેરામભાઈ વાઘેલા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. હજુ તો બાબુભાઈ ગુણભાવવાળા મુમુક્ષુ, પરંતુ સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવી કંઠી બાંધી દીધી અને કહે : 'હવે રવિવારે સભા ભરવી.'

'પણ બાપા ! ત્યાં કોઈ સત્સંગી નથી.' બાબુભાઈએ જણાવ્યું.

'લો, આશીર્વાદ !' સ્વામીશ્રીએ બે હાથે જોરથી ધબ્બો આપ્યો ને કહે : 'ત્યાં સત્સંગ સારો થશે.'

'બાપા !' વાઘજીભાઈએ કહ્યું : 'તેમને પરોક્ષનાં કીર્તન પણ બહુ આવડે છે.'

'તો તો બહુ સમાસ થશે.' સ્વામીશ્રીએ કહ્યું. એ આશીર્વાદથી બાબુભાઈએ સ્વામીશ્રીની રવિસભાની આજ્ઞા સારધાર પાળી અને તેમના દ્વારા આજુબાજુનાં ગામોનો સત્સંગ પણ ઘણો વધ્યો હતો.

દાસત્વ-ભક્તિના અણીશુદ્ધ ઉપાસક

અહીં ગઢેચીમાં સોસાયટીમાં પધરામણીઓ હતી. લગભગ સાંજનો સમય હતો. એક હરિભક્તનો 'અક્ષરધામ' નામનો બંગલો હતો. ત્યાં પધાર્યા. હરિભક્તે પોતાના મકાનમાં બેઠક રૂમમાં સ્વામીશ્રી અને સંતોને પધરાવ્યા. સ્વાગત કર્યું. સત્સંગની વાતો થઈ. બાજુના જ નાના ઓરડામાં મંદિર હતું. તેમાં આરતી કરવા પધારવા સ્વામીશ્રીને તેમણે વિનંતી કરી. બેઠક રૂમ અને

બાજુના ઓરડા વચ્ચે માંડ આઠથી દસ ફૂટનું અંતર હશે. હરિભક્તે સ્વામીશ્રીને ફરીથી આરતી કરવા પધારવા વિનંતી કરી. એટલે સ્વામીશ્રી એકદમ કહે : ‘પહેલાં આ પાથરણું જમીન ઉપરથી ઉપાડી લો અને નીચેની વસ્તુ કાઢી લો, પછી અમે આવીએ.’

બધા ચમક્યા : ‘સ્વામીશ્રી આમ કેમ કહે છે ?’ પેલા હરિભક્ત પણ આનાકાની કરવા લાગ્યા, પણ સ્વામીશ્રીએ પગ નીચે મૂક્યો નહિ. હરિભક્તે ખૂબ પ્રાર્થના કરી પણ સ્વામીશ્રીએ આગ્રહ ચાલુ રાખ્યો. જ્યારે સ્વામીશ્રીએ જરાપણ મચક ન આપી, ત્યારે ન છૂટકે એ હરિભક્તે પાથરણું ઉપાડ્યું. ત્યાં તો તેમણે યુક્તિપૂર્વક નીચે કંકુ પાથરેલું ! સૌએ આશ્ચર્યવત્ જોયું. સ્વામીશ્રી પાથરણાં ઉપર ચાલે એટલે કંકુનાં પગલાં પાથરણાંના નીચેના ભાગ ઉપર સહેજે પડી જાય. આમ, સ્વામીશ્રીનાં કંકુઅંકિત ચરણારવિંદ પ્રાપ્ત કરવાની તેમની શુભ ભાવના હતી. પણ અંતર્યામી સ્વામીશ્રીથી એ કેમ છાનું રહે ? ચરણારવિંદ તો શ્રીજીમહારાજનાં જ પૂજાય – એવા પ્રબળ દાસત્વવાળા સ્વામીશ્રી હરિભક્તોનો આવો પ્રેમનો અતિરેક ક્યારેય સહેજ પણ ચલાવી લેતા નહિ. સરળ ને ભોળા સ્વભાવના જણાતા સ્વામીશ્રી સાધુતાના નિયમોને કદી પણ ગૌણ થવા દેતા નહિ.

સંપૂર્ણપણે કંકુ ત્યાંથી વાળી નંખાવી, પછી જ સ્વામીશ્રી બાજુના ઓરડામાં આરતી કરવા પધાર્યા. પોતાના આવા અનન્ય દાસની ઉતારેલી આરતી શ્રીજીમહારાજ સાક્ષાત્ સ્વીકારે, એમાં પણ શું આશ્ચર્ય ! સ્વામી-સેવકભાવની આવી ભક્તિ, આવા ગુણાતીત સંત સિવાય બીજે જોવા પણ ક્યાં મળે !

અહીંથી નીકળી વલ્લભીપુર મંદિરે દર્શન કરી, મોડી રાત્રે રાણપુર આવ્યા. અહીં ચાર કલાકથી ભક્તો આતુરતાથી સ્વામીશ્રીનાં દર્શનની રાહ જોતાં હતાં. નિર્મળ હૃદયના ભક્તજનોને બ્રહ્માનંદ કરાવી રોજીદ, ભીમનાથ, ધંધુકા થઈ, સ્વામીશ્રી અડવાળ પધાર્યા. વજેસિંહ બાપુને ત્યાં ઉતારો હતો.

પાંચ દિવસ અહીંના શૂરવીર ભક્તોને દર્શન-સમાગમનો લાભ આપી, ધંધુકાથી ટ્રેનમાં સ્વામીશ્રી અમદાવાદ ચંપકભાઈ શેઠને ત્યાં સ્નાન વિધિ, ઉકાળા-પાણી કરી, શાહીબાગ મંદિરે આવી પહોંચ્યા.

અહીં હરિજયંતીનો ઉત્સવ ઊજવાયો. સવારે અમદાવાદ-વડોદરા રેડિયો ઉપરથી શ્રીજીમહારાજનાં જીવન અને કાર્યનું સુંદર રૂપક પ્રસારિત થયું હતું. જે સ્વામીશ્રીએ સાંભળ્યું. આજે ગુજરાત રાજ્યના વિદ્યુત, જળ અને પુરવઠા

ખાતાના મંત્રી વિજયકુમાર ત્રિવેદી સ્વામીશ્રીનાં દર્શન પામી કૃતકૃત્ય થયા.

અહીંથી અસલાલી, જેતલપુર દર્શન કરી, સ્વામીશ્રી સી.એમ. પટેલને ત્યાં નાર પધાર્યા હતા. આ ભક્તરાજે આફ્રિકાના ટરોરોમાં સુંદર મંદિર બનાવી સ્વામીશ્રીને પ્રસન્ન કર્યા હતા. અહીં હરિલીલાકલ્પતરુનું પારાયણ પ્રમુખસ્વામી તથા સિદ્ધેશ્વર સ્વામીએ કર્યું. છોટાભાઈના ભાણા અરવિંદભાઈએ આ પ્રસંગે સૌ સંતોની ખૂબ સેવા કરી. પારાયણની પૂર્ણાહુતિ પછી પંડોળી થઈ, સ્વામીશ્રીએ બોચાસણ ચૈત્રી પૂર્ણિમાનો સમૈયો કર્યો. ઝારોળા થઈ, મોટા-સ્વામીની તબિયત જોવા ખાસ અટલાદરા આવી પહોંચ્યા. સ્વામીશ્રીનાં અચાનક દર્શન પામી, મોટાસ્વામી અત્યંત ગળગળા થઈ ગયા.

વડોદરામાં પધરામણી કરી, સ્વામીશ્રી આણંદ પધાર્યા. છેલ્લા કેટલાક દિવસથી સ્વામીશ્રી સખત પરિશ્રમ લઈ, આરામ લીધા વગર ગામોગામ વિચરતા હતા. સામૈયાં તથા પધરામણીઓ થતી રહેતી. તેથી એમના સ્વાસ્થ્યને સખત હાલાકી પહોંચી હતી. તેમાં કાંઈક આરામ મળે એ હેતુથી મુંબઈથી કેટલાક હરિભક્તો તથા મહંત સ્વામી, ડૉકટર સ્વામી વગેરે સંતો ખાસ આણંદ સ્વામીશ્રીને વિનંતી કરવા આવ્યા અને મુંબઈ આવી આરામ લેવા ખૂબ પ્રાર્થના કરી. પરંતુ આગળના કાર્યક્રમો નક્કી થઈ ગયા હતા. ગામોગામ તૈયારીઓ થઈ ચૂકી હતી. એટલે સંતોના અતિ આગ્રહને પણ સ્વામીશ્રી વશ ન થયા. ઊલટું એમ સમજાવ્યું કે 'તમે માળા-પ્રાર્થના કરજો, જેથી અમારી તબિયત સારી રહે; પણ હમણાં તો અમને ગામડે જવા દ્યો.' એમ ગળગળા થઈ સંતોને સામેથી અરજ કરી. કોઈ બોલી શક્યું નહિ અને સ્વામીશ્રીનો કાર્યક્રમ ચાલુ રહ્યો.

સ્વામીશ્રીની મોટપ માણતા શ્રીમોટા

તા. ૧૯મીએ, સાંજે ખેતીવાડી કૉલેજમાં પ્રો. રામજીભાઈએ જાહેર સત્સંગનો કાર્યક્રમ રાખ્યો હતો. નડિયાદ ઉકાળા-પાણી લઈ, બીજે દિવસે સાંજે સ્વામીશ્રી ડભાણ રાવજીભાઈ માસ્તરને ત્યાં આવ્યા. સ્વામીશ્રીના વરદ હસ્તે અહીં શાળાનું ખાતુમુહૂર્ત થયું.

આ વખતે નડિયાદ 'હરિ ૐ આશ્રમ'ના સંસ્થાપક શ્રીમોટા પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીશ્રી પ્રેમપૂર્વક તેમને મળ્યા. ખાતમુહૂર્ત થઈ ગયું. સભામાં પ્રવચનો થયાં. શ્રીમોટાએ સ્વામીશ્રીનાં કાર્ય અને મહિમાનું ગાન કરતાં કહ્યું : 'યોગીબાપા નિઃસ્વાર્થભાવે લોકોના, સમાજના નાનામાં નાના સ્તરના

લોકો પાસે જઈને ભગવાનની ભક્તિ-ઉપાસના કરાવી રહ્યા છે. તેમજ વ્યસન-મુક્તિ, બાળકોમાં સદાચાર ને સંસ્કારોનું સિંચન કરે છે, તે અત્યારના સમયમાં ઘણું જરૂરી છે.'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'અહીંયાં એક સારું મકાન થશે ને તેમાં ભગવાન શ્રીજીમહારાજ વાસ કરીને રહેશે. અહીં જે જે ભણશે તે ખૂબ આગળ આવશે. રાવજીભાઈના સંકલ્પે આવું મોટું કામ થયું છે. તેના ઉપર શાસ્ત્રીજી મહારાજના બહુ આશીર્વાદ છે. માટે આ હાઈસ્કૂલ સર્વોપરી થઈ જશે.'

શ્રીમોટા ગુજરાતના મૂર્ધન્ય પુરુષોમાંના એક ગણાતા અને તેઓ પણ ગુજરાતનાં બાળકો, યુવાનોના પ્રોત્સાહન માટે પ્રેરક હરીફાઈઓ યોજતા. સાહિત્યકારો તથા સાક્ષરોને પણ પુરસ્કાર આપતા. કેળવણી અને સંસ્કારનાં ક્ષેત્રે તેમનું પ્રદાન પણ ઘણું મોટું હતું. વિદ્વાન પણ ખરા. જ્યારે તેઓ પણ સ્વામીશ્રીનો એક મોટાપુરુષ તરીકે મહિમા ગાય, ત્યારે સૌને સ્વાભાવિક જ આનંદ થાય. શ્રીમોટા ઘણી વાર રાવજીભાઈને સ્વામીશ્રીના મહિમાની વાતો કરતા.

સાંજે સ્વામીશ્રી અહીંથી નીકળી, અમદાવાદ આવી પહોંચ્યા.

✧

સત્સંગના કેટલાક એવા વિસ્તારો હતા જ્યાં સ્વામીશ્રીનો કાર્યક્રમ જવલ્લે જ થતો. સ્વામીશ્રીને તેડાવવાની હરિભક્તોની વારંવારની ખેંચ રહેતી. પણ હંમેશના કાર્યક્રમને જ પહોંચી ન વળતા સ્વામીશ્રી તેમને સંતોષી શકતા નહીં. એવા એક વિસ્તારનો કાર્યક્રમ આ વખતે યોજાયો.

❀ ❀ ❀



લોકગંગાની શ્રદ્ધાપૂર્તિ

સખત ઉનાળો હતો. સૂર્યનારાયણ પૃથ્વીના લોકોને મળવા માટે જાણે નીચે ન ઊતર્યા હોય ! તાપ કહે - મારું જ કામ ! છતાં ત્રિવિધ તાપથી તપેલાં, ચાતક પક્ષીની માફક રાહ જોઈને બેઠેલાં, વૈશાખી બપોરના તાપમાં ખૂબ જ રખડીને થાકી ગયેલાં સાબરો જેમ વૃક્ષની ઠંડી છાયા શોધે, તેમ કલ્પતરુની રાહ જોઈને બેઠેલા હરિભક્તોને સુખિયા કરવા દયાળુ સ્વામીશ્રીએ આણંદ-બોચાસણમાં મોટેરા સંત-હરિભક્તોની ઇચ્છા કે 'આપ આરામ કરો, આવા તાપમાં સાબરકાંઠાનો કાર્યક્રમ માંડી વાળો' – તેવી જોરદાર વિનંતીને દાદ દીધી ન હતી. એમણે સત્સંગ અર્થે દેહ કૃષ્ણાર્પણ કર્યો હતો.

સાબરકાંઠાના હરિભક્તોના પ્રેમવશ તા. ૨૧-૪-'૬૫ ને બુધવારે સાંજે સ્વામીશ્રીએ હર્ષદભાઈ દવે, મોહનભાઈ બગડ, અર્જુનભાઈ ચાવડા, પુરુષોત્તમદાસ ગજ્જર, ચુનીકાકા, રમેશ દલાલ, અંબાલાલકાકા વગેરે હરિભક્તો તથા ૩૫ યુવકો અને ૨૫ સંતોની મંડળી સાથે સાબરકાંઠાનું વિચરણ શરૂ કર્યું.

અમદાવાદથી નીકળતી વખતે મંદિરમાં અંબાલાલ ભગતને બોલાવી સ્વામીશ્રીએ કહ્યું કે 'સાબરકાંઠામાં ફરવા કે લહેર મારવા નથી જતા, પણ અહીં મહારાજને તડકો લાગે છે તે ઘુમ્મટની સેવા અમારે લાવવી છે. વધુ રસોઈ ન કરતા. મને છાશ ને રોટલો દેજો, પણ ઠાકોરજીની સેવા કરાવજો.'

શાંતિલાલ શાહે વાહનોની વ્યવસ્થા કરી હતી. સાબરકાંઠામાં પ્રવેશતાં જ તેમના પ્રાંતિજ ગામમાં સૌ પ્રથમ પધરામણી થઈ. બાબુભાઈ સોમાભાઈ પરીખ, મંગળદાસ જોશી, વિઠ્ઠલદાસ સોની, કોદરભાઈ પરીખ, કોઠારી ચીમનલાલ શાહ વગેરેનો ઉત્સાહ ઘણો હતો. શોભાયાત્રા કાઢી, મંદિરમાં દર્શન કર્યાં. રાત્રે કૉલેજના વિશાળ મેદાનમાં જાહેર સત્સંગ સભા યોજાઈ હતી. પ્રાંતિજની ભાવિક જનતાનાં હૃદયમાં આત્મદીપ પ્રગટાવતાં સ્વામીશ્રીએ મોક્ષ વિષયક

સરળ ખ્યાલ આપી, *'માણસનો અવતાર....'* એ દેવાનંદ સ્વામીનાં ઉપદેશ-પદો મીઠી હલકે ગાઈ અદ્‌ભુત રીતે નિરૂપ્યાં.

પ્રમુખસ્થાનેથી ચુનીકાકાએ આભાર માનતાં જણાવ્યું કે 'આટલી ૭૪ વર્ષની ઉંમરે સ્વામીશ્રી ભીડો વેઠીને સાબરકાંઠા પધાર્યા છે. તો આપણે એમને ઓછી તકલીફ આપીએ. તેઓ ખૂબ રાજી રહે અને વર્ષોવર્ષ લાભ આપે એ જ અમારી અરજ છે.'

સાંજે કાંકરોલ પધાર્યા. રાત્રે જાહેર સભામાં હિંમતનગરના મહારાજા દલજિતસિંહજી ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ધૂળાકાકાએ સારી સેવા કરી. વળતે દિવસે બેરણામાં નટુભાઈ સોનીને ત્યાં પધરામણી - સત્સંગનો લાભ આપી, સાંજે અડપોદરા આવવા નીકળ્યા.

વાહનોમાં પુરુષોત્તમદાસ ગજ્જરની મોટર, ચુનીકાકાની જીપ તથા એક અડધિયું હતાં. શાંતિભાઈ શાહ તથા મહેન્દ્ર ઠાકરે વ્યવસ્થા કરી હતી એ પ્રમાણે દરેક વાહન ત્રણ ફેરા કરતાં ત્યારે સંઘ એક સ્થળેથી બીજે સ્થળે પહોંચતો. પહેલાં ફેરામાં રસોઇયા સાથે કેટલાક હરિભક્તો અને મહિલા મંડળ, બીજા ફેરામાં હરિભક્તો તથા યુવકોનો સંઘ અને ત્રીજા ફેરામાં સ્વામીશ્રી અને સંતો રહેતા. આમ, બપોરે જમ્યા પછી તુરત હેરફેરનો કાર્યક્રમ શરૂ થાય તે સાંજ સુધી ચાલે. ડ્રાઇવરભાઈઓ મણિલાલ, બાબુભાઈ દૂધાજી, ફકીરભાઈ, પૃથુસીંગ, નારણભાઈ તથા ગોવિંદભાઈએ સારી સેવા બજાવી.

બેરણાથી રામગઢ આવ્યા. અહીંથી અડપોદરાનો રસ્તો ખૂબ જ રેતાળ હતો. તેમાં વળી, સ્વામીશ્રીની મોટર ફસાઈ ! તે ઊંચકીને બહાર કાઢી ! અડપોદરામાં કાશીરામ વિઠ્ઠલદાસ પંડ્યા, રમેશચંદ્ર, ડાહ્યાભાઈ પંડ્યા, બાલુભાઈ પંડ્યા વગેરે ભક્તોનો ભાવ ખૂબ જ હતો. રાત્રે જાહેર સભામાં આશીર્વચનો ઉચ્ચારતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'અહીં પાકા રસ્તા થઈ જશે. હરિલીલાકલ્પતરુનું પારાયણ કરાવજો...'

દરેક જગ્યાએ સ્વામીશ્રીની પધરામણીઓ કરાવવા માટે હરિભક્તોનો આગ્રહ રહેતો. જો કે કેટલાક સ્વામીશ્રીની તકલીફ સમજી શકતા અને પોતાને ત્યાં હોંશે હોંશે પ્રમુખસ્વામીને પધરાવતા, તેમના ઉપર સ્વામીશ્રીનો વિશેષ રાજીપો થતો.

અડપોદરાથી નીકળી, હિંમતનગર થઈને ઈલોલ જવા નીકળ્યા. રસ્તામાં મુંબઈથી આવેલો હરિભૂષણ સ્વામીનો પત્ર વાંચ્યો. સ્વામીશ્રી કહે : 'શું પ્રેમ !

શું ઉમંગ ! હોલ બ્રહ્માંડમાં આવો ઉમંગ-ઉત્સાહ નથી.' આમ બોલતાં સ્વામીશ્રીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

સાંજે સ્વામીશ્રી ઈલોલ ડૉ. મોહનભાઈને ત્યાં પધાર્યા. રાત્રે જાહેર સભામાં હસતાં હસતાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'પ્રમુખસ્થાને ડૉક્ટર સાહેબને નીમ્યા છે. દર રવિવારે સભા ભરવી અને સત્સંગ વધારવો.' આમ, મોહનભાઈને સ્થાનિક સત્સંગ વિકસાવવાની આજ્ઞા આપી દીધી.

આવાં ઝડપી વિચરણમાં પણ દરેક જગ્યાએ નવા મુમુક્ષુને વર્તમાન ધરાવવાં, સત્સંગમાં જોડાવા, મંડળની સ્થાપના કરવી એ અગત્યનું કામ સ્વામીશ્રી ખટકો રાખી જાતે જ સંભાળી લેતા અને વાતવાતમાં સૌને આજ્ઞાની દોરીએ બાંધી લેતા.

તા. ૨૫મીએ, સવારે ૫-૩૦ વાગે ઈલોલથી નીકળી સ્વામીશ્રી હિંમતનગરમાં મનુભાઈ શાહના જિનમાં પધાર્યા. સ્નાનાદિક તથા નિત્યપૂજાથી પરવારી શોભાયાત્રામાં જોડાયા. મંદિરે દર્શન કર્યાં. કોદરલાલ કાપડિયા, ગોપાળભાઈ મોદી, નારણભાઈ મોદી, કેશવલાલ કોઠારી, મનુભાઈ ત્રિવેદી, પ્રભુદાસ મોદી, મંગળદાસ મોદી વગેરે ઉત્સાહી કાર્યકરોએ સારું આયોજન કર્યું હતું.

અહીંથી નીકળી મોતીભાઈના કંપે ઠાકોરજી જમાડી, મનુભાઈ પટેલની લાટીમાં પગલાં કરી, ભાઈલાલભાઈ ઍન્જિનિયરને ત્યાં મહેતાપુરામા પધરામણી કરી, સાંજે ઈડર મંદિરે આવી પહોંચ્યા. સાબલવાડાના ઠાકોર સાહેબ તથા તેમના ભાયાતોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ગુણવંતભાઈ સોની તથા જાદવજીભાઈએ સર્વ વ્યવસ્થા ગોઠવી હતી. જાહેર સત્સંગમાં સૌને લાભ આપ્યો.

ઈડરમાં ગુરુહરિની સ્મૃતિ

અહીંથી વડાલી જવાનું હતું. તે પહેલાં સ્વામીશ્રીએ ગુણવંતભાઈ સોનીને કહ્યું : 'અહીં ખેંગારજી બાપુ(ખેંગારજીભાઈ ચૌહાણ)ના સસરાનું ઘર ક્યાં છે ? ત્યાં આપણે પધરામણીએ જવું છે.'

મંદિરની સામે જ થોડે દૂર તેમનું ઘર હતું. તેમણે જઈને બધી તૈયારી કરી. પછી સ્વામીશ્રીને બોલાવી લાવ્યા.

સ્વામીશ્રી થોડી વાર બિરાજ્યા. અને કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે ટોરડા જતાં મંદિરે દર્શન કરી અહીં પધરામણી કરી હતી. તેથી આપણે અહીં દર્શને આવ્યા.'

વર્ષો પહેલાંની સ્મૃતિ રાખીને સ્વામીશ્રી અહીં આવ્યા હતા. ગુરુના

સ્વરૂપમાં અખંડ ચિત્તવૃત્તિ હોય ત્યારે જ આવી સ્મૃતિ રહે. સૌનાં હૃદયમાં એક જ વાત પડઘાઈ... 'અહોહો, કેવી ગુરુભક્તિ !'

રાત્રે વડાલી આવી, ૧૦-૪૦ વાગે જાહેર સભામાં સ્વામીશ્રીએ અમૃત વાણીનો લાભ આપ્યો હતો.

ડાહ્યાભાઈ સોની, કેશુભાઈ સોની, મણિભાઈ ચૌહાણ તથા નટુભાઈ સોની વગેરે પ્રેમીભક્તોની સેવા ગ્રહણ કરી, સાંજે ડોભાડા પાસે મણિનગર કંપામાં પગલાં કરી, ઘનશ્યામભાઈ નારણભાઈ મોદીને ત્યાં ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડ ઉપર પધરામણી કરી, ચાંપલપુર વીરચંદભાઈ મોદી તથા મણિભાઈ સોનીને ત્યાં આવી પહોંચ્યા. અહીં પ્રેમઘેલા ભાવિક ભક્તજનો સ્વામીશ્રીનો ચરણસ્પર્શ કરવા પડાપડી કરતા હતા.

સવારે ગઢાડી નાના શામળાજીના પુરાતન મંદિરમાં દર્શન કર્યાં. પૂજારી લાલભારતીજીએ મંદિરના પ્રાંગણમાં મંડપ બાંધેલો. જાહેર સભા થઈ. નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યાં.

પાછા ચાંપલપુર થઈ, સાંજે ખેડબ્રહ્મા ડાહ્યાભાઈ પટેલને ત્યાં પધાર્યા.

બ્રહ્માજીના ચોકઠામાં બ્રહ્માજીનાં દર્શન કરી, માતાજીના મંદિરમાં પધાર્યા. મૅનેજર ભાઈશંકરભાઈ તથા પૂજારીએ હારતોરાથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. ડાહ્યાભાઈએ યોજેલ પારાયણમાં સ્વામીશ્રીએ વચનામૃત વાંચી સમજાવ્યું. આજે ચાંપલપુરના ભક્તરાજ વીરચંદભાઈ મોદીની રસોઈ હતી. તેમનો શુદ્ધ-ભાવ જોઈ સ્વામીશ્રી કહે : 'અહોહો ! વીરચંદભાઈની ધગશ તો જુઓ ! આવા શૂરવીર ભક્તો વડે આખા સાબરકાંઠામાં ડંકો મારવો છે.'

સાંજે જાદર જતાં ઈડરમાં ગોપાળાનંદ સ્વામીની પ્રસાદીની વાવે દર્શન કર્યાં. જાદર જિનવાળા રામુભાઈ પટેલને ત્યાં પધરામણી કરી. તેમણે સ્વામીશ્રીને પવન ન લાગે તે માટે ખાસ બંધ સ્ટેશન વેગન પ્રવાસ માટે આપ્યું હતું.

રાત્રે ખેડબ્રહ્મા પાછા આવ્યા. બીજે દિવસે થુરાવાસ પણ પધરામણી કરી હતી. સૌને કંઠી બાંધતાં સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'લ્યો, આજે તો થુરાવાસનો બધો કાટ કાઢી નાખ્યો.'

સ્વામીશ્રીનો સ્પર્શ ઝંખતા પ્રેતાત્માઓ

ચૈત્ર વદ ૧૪, તા. ૩૦-૪-'૬૫, પારાયણની પૂર્ણાહુતિ કરી, ડાહ્યાભાઈને ખૂબ આશીર્વાદ આપ્યા. તેમનાં પૂર્વજો ફોઈજીબા તથા દાદીમા પ્રેતરૂપે

ડાહ્યાભાઈનાં પત્ની શારદાબહેનના દેહમાં પ્રવેશ કરી ખૂબ દુ:ખ આપતાં હતાં. ઘરમાં અશાંતિ અને ભય રહ્યા કરતો. પરંતુ આજે તે બંને પ્રેતાત્મા શારદા-બહેનમાં પ્રવેશી બોલવા લાગ્યા : 'અહીં યોગીજી મહારાજ જેવા સંત પધાર્યા છે. તે અમારો મોક્ષ કરે તો અમે અહીંથી જવા તૈયાર છીએ.'

સ્વામીશ્રી સાથે આવેલા ભક્તરાજ હર્ષદભાઈ સાથે તેમણે આ સંદેશો સ્વામીશ્રીને મોકલ્યો. સ્વામીશ્રીએ હર્ષદભાઈને આજ્ઞા કરી : 'તમે જઈને ડાહ્યાભાઈના પિતૃઓનો મોક્ષ કરો.'

હર્ષદભાઈએ જઈને કહ્યું : 'મને તમારા મોક્ષ માટે યોગીબાપાએ મોકલ્યો છે. તમે જાવ.'

પ્રેતાત્મા આટલું સાંભળતાં ધ્રૂજી ઊઠ્યા. ને કહ્યું : 'સ્વામીબાપા પોતે જ આવે એવી અમારી ઇચ્છા છે.'

'તમે સ્ત્રીના દેહમાં છો તેથી નહીં આવી શકે.' હર્ષદભાઈએ કહ્યું.

'તો અમે આ દેહમાંથી નીકળી અહીં નારિયેળ પડ્યું છે, તેમાં બેસીએ છીએ. તેમાં તો સ્વામીશ્રી આવશે ને ?' પ્રેતાત્માઓએ ફરી વિનંતી કરી.

પછી બંનેએ નારિયેળમાં પ્રવેશ કર્યો ને તે ધ્રૂજવા લાગ્યું. સ્વામીશ્રી, પ્રમુખસ્વામી વગેરે સંતો ડાહ્યાભાઈના ઘરમંદિરના ઓરડામાં પધાર્યા. નારિયેળને પાણીથી ધોઈ, ચાંદલા કરી, નાડાછડી બાંધી. પછી સ્વામીશ્રી કહે : 'જે હોય તે બદરિકાશ્રમમાં તપ કરવા જાય. તમારો મોક્ષ થઈ ગયો.' એમ કહેતાં સાથેના યુવક પિનાકીન જોશીને આજ્ઞા કરી કે 'આ નારિયેળ હવે (હરણાવ) નદીમાં પધરાવી નાહી લેજો. ને ત્યાંથી ભીને લૂગડે અહીં આવજો !'

પછી જે સ્થાનકમાં નારિયેળ હતું ત્યાં સ્વામીશ્રીએ હનુમાનજીની મૂર્તિ પધરાવી. ને કહે : 'ગોપાળાનંદ સ્વામીના પ્રસાદીના હનુમાનજી પધરાવ્યા છે. તે જૂના ભૂતાદિકના ઉપદ્રવ હશે તે દૂર થાશે.' પછી હનુમાનજી સાથે વાત કરતા હોય તેમ કહે : 'બધા ઉપદ્રવ દૂર કરજો.'

એ પછી ક્યારેય ડાહ્યાભાઈના પિતૃઓ ફરી દેખાયા નહીં. તેમનો મોક્ષ થયો. આજે પણ સ્વામીશ્રીના પ્રસાદીભૂત હનુમાનજીનાં દર્શને લોકો શ્રદ્ધાપૂર્વક આવે છે અને ઘણાંને તેના અલૌકિક અનુભવો પણ થાય છે.

અહીંથી નીકળી રાવજીભાઈના કંપે ઠાકોરજી જમાડી, પ્રવાસી આશ્રમનાં બાળકોને વર્તમાન ધરાવ્યાં. સાંજે પ્રોજેક્ટ ઑફિસર મનુભાઈ દવે, ભીલ કુમારશાળાના આચાર્ય નંદુભાઈ તથા મોતીકાકાના કંપે પગલાં કર્યાં.

સ્વપ્ન-દર્શન સરપંચને ઢંઢોળે છે

સ્વામીશ્રી બે દિવસ પહેલાં જ વડાલી પધાર્યા હતા ત્યારે સરપંચ કાન્તિલાલ જયસ્વાલ આવ્યા નહીં. તેમને ત્યાંના કાર્યકર્તાઓએ આમંત્રણ આપેલું તેમજ મણિભાઈ ચૌહાણે તો રૂબરૂ કહેલું; પણ સત્તા, યુવાની અને પૈસાના મદમાં ચકચૂર કાન્તિલાલને કશી અસર ન થઈ.

સ્વામીશ્રી ખેડબ્રહ્મા પધાર્યા. તે જ રાત્રે કાન્તિલાલ સરપંચને સ્વપ્નમાં સ્વામીશ્રીએ દર્શન આપ્યાં અને કહ્યું કે 'તમારા ગામમાં અમે આવ્યા અને તમે દર્શને ન આવ્યા ?' એમ કહી સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા.

સવારે તેઓ મણિભાઈ ચૌહાણ પાસે આવ્યા. અને કહ્યું કે 'મારે સ્વામીશ્રીનાં દર્શન કરવાં છે અને અહીં તેડાવવા છે.' તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું. ત્યારે કાન્તિલાલે સ્વપ્નની વાત કરી.

બંને ખેડબ્રહ્મા સ્વામીશ્રી પાસે ગયા. સ્વામીશ્રી બોલ્યા : 'આવો સરપંચ ! આજે સમય મળ્યો ખરો.'

કાન્તિભાઈ તો સ્વામીશ્રીના શબ્દો સાંભળી એમનાં ચરણોમાં જ ઢળી પડ્યા. અને ગદ્ગદ કંઠે કહેવા લાગ્યા કે 'સ્વામી ! મારાં ભાગ્ય ફૂટેલાં જેથી આપ ભગવાન જેવા પુરુષ મારા ગામમાં પધાર્યા અને કહેવરાવ્યા છતાં હું આપનાં દર્શને આવી ન શક્યો. મારા જેવો કોઈ અભાગિયો નહીં. બાપા ! ઘરને પાવન કરવા મારે ગામ ફરી પધારો. આપ તો દયાસાગર છો.'

સ્વામીશ્રીએ તેમની મમતાભરી પ્રાર્થના સ્વીકારી અને ખેડબ્રહ્માથી ફરી વડાલી પધાર્યા. કાંતિભાઈએ ખૂબ ઉત્સાહથી સ્વામીશ્રીની પધરામણી કરાવી. આ માથાભારે વ્યક્તિને સ્વામીશ્રીનાં ચરણોમાં નમી પડતી જોઈ, ગામલોકોને ભારે આશ્ચર્ય થયું.

પછી ઈડર એસ.ટી. ડેપો મૅનેજર નિરંજન પંડ્યાને ત્યાં પગલાં કર્યાં. ભીલોડા થઈ, ટાકાટુઆના ઠાકોરને લાભ આપી, ટોરડા પધાર્યા.

રાત્રે ભક્તોએ સ્વામીશ્રીને શણગારેલા ગાડામાં પધરાવી, ગાડું જાતે ખેંચી, ભાવપૂર્વક સ્વાગત કર્યું. મંદિરમાં દર્શન પછી રાત્રે સારી સભા થઈ.

તા. ૧-૫-'૬૫, ગામમાં આજુબાજુ ગોપાળાનંદ સ્વામીનાં બધાં જ પ્રસાદી સ્થાનોએ દર્શન કર્યાં. ચંદુભાઈ નારણભાઈ સોની, કાળીદાસભાઈ, ટોરડા ઠાકોર સાહેબ, વકીલ ગોપાળભાઈ વગેરે ભક્તોએ અહીં ખૂબ સેવા કરી.

શામળાજી દર્શન કરી, રાત્રે ધનસુરા વાડીભાઈના જિનમાં પહોંચ્યા. તેમણે સારી વ્યવસ્થા કરી હતી, પરંતુ બહુ મોડું થવાથી જાહેર સભા મોકુફ રાખવી પડી.

રવિવારે સવારે વાડીમાં જાહેર સભા યોજી હતી. જેમાં સ્વામીશ્રીએ ગ્રામજનોને સત્સંગનો લાભ આપ્યો. હરિમંદિરે દર્શન કર્યાં. સાંજે ધારાસભ્ય વાડીભાઈને બંગલે પધરામણી કરી. તેઓ વિદેશ પ્રવાસે જઈ રહ્યા હોવાથી સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. કંજરી કંપે કાંતિભાઈ પટેલને ત્યાં પધરામણી કરી, વાત્રક (બાયડ) હૉસ્પિટલમાં ચુનીકાકાના આગ્રહને વશ થઈ પગલાં કર્યાં. ગુજરાતના સર્વોદય નેતા રવિશંકર મહારાજ અહીં સ્વામીશ્રીને મળ્યા. હૉસ્પિટલના મેડા ઉપર મોટો હૉલ જોઈને સ્વામીશ્રી કહે : 'અહીં સાત દિવસની હરિલીલાકલ્પતરુની પારાયણ થાય એવું છે.' આમ, જ્યાં કોઈ સારું સ્થળ જુએ, ત્યાં હરિલીલાકલ્પતરુ પારાયણનો સંકલ્પ સ્વામીશ્રી કરતા.

સાંજે મોડાસામાં ગ્રામજનોએ સ્વાગત કર્યું. રાત્રે જાહેર સભા બાદ વિરામ કર્યો.

બીજે દિવસે સવારે નદીને સામે કાંઠે, સિવિલ જજ નરોત્તમ મહેતાને ત્યાં પધરામણી તથા મંદિરે દર્શન કરી, સવારની જાહેર સભામાં આવ્યા. જાણીતા સાહિત્યકાર રમણભાઈ સોનીએ 'કથામંગલ' નામનું પોતાનું પુસ્તક સ્વામીશ્રીને ભેટ આપ્યું. મોડાસા રેલવે લાઇનથી જોડાય એ માટે ગામના અગ્રણીઓએ સ્વામીશ્રી આગળ અરજ કરી આશીર્વાદ મેળવ્યા. મોડાસા હૉસ્પિટલમાં પગલાં કરી, કૉલેજમાં સૌને આશીર્વાદ આપી, સાંજે ચુનીકાકાને ત્યાં તલોદ આવી પહોંચ્યા. રાત્રે ગુજરાતી શાળામાં જાહેર સત્સંગમાં સૌને લાભ આપ્યો.

ફોનમાં પણ આશીર્વાદ

તા. ૪થીએ સવારે ડૉ. કાંતિભાઈ દેસાઈને ત્યાં પધરામણી કરી, તલોદ કૉલેજ પાવન કરી. બપોરે નંદાજીને દિલ્હી ફોનમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'તમારા સાબરકાંઠામાં વિચરણ કરતાં ટોરડા તમારા માટે પ્રાર્થના કરી છે. હાલમાં ચુનીકાકાને બંગલે આવ્યા છીએ. આજે અખાત્રીજનો પવિત્ર દિવસ છે. તમને રૂડા આશીર્વાદ આપવામાં આવે છે. તમારો વાળ વાંકો નહિ થાય. જય સ્વામિનારાયણ.'

અહીં ભાઈચંદભાઈ પરમાર તથા અંબુભાઈ પટેલે સારી સેવા કરી હતી.

સાંજે દહેગામ, મણિભાઈ બારોટને ત્યાં બારોટ વાડામાં આવ્યા. શોભાયાત્રા પછી રાત્રે જાહેર સભા થઈ હતી. હરિમંદિરે દર્શન કર્યાં. આશિષ આપતાં કહે : 'હરિલીલાકલ્પતરુની પારાયણ, બધાં થઈને બે વરસમાં કરાવજો.'

બીજે દિવસે દીનુભાઈ, અંબાલાલભાઈ તથા સ્ટેશન માસ્તરને ત્યાં પધરામણી કરી, વહેલાલ આવી પહોંચ્યા. ચીમનભાઈના ખેતરમાં જ્યાં શ્રીજીમહારાજ બિરાજેલા તે રાયણના ઝાડ નીચે બેસી રાયણનો પ્રસાદ ઠાકોરજીને ધરાવીને સૌને વહેંચ્યો. કાંટાવાળો રસ્તો હોવા છતાં સ્વામીશ્રીએ ખેતરમાં બધે ફરીને પ્રસાદી-પુષ્પ વેર્યાં.

આ ગામમાં મહારાજ અનેક વખત પધારેલા. ૧૮ ઘરોમાં પગલાં કરી, પાવન કર્યાં હતાં, તે બધાં જ ઘરે સ્વામીશ્રી દર્શને પધાર્યા ! બપોરે ગામના ઘણા ભાવિકો તથા શાળાના વિદ્યાર્થીઓને સ્વામીશ્રીએ સાથે ભોજન કરાવ્યું હતું. સાંજે કેટલીક પધરામણીઓ કરી, નડિયાદ પાસે પીપલગ ભાઈલાલભાઈ તથા મગનભાઈનાં નવાં મકાનોમાં પધરામણી કરી, રાત્રે ૧-૦૦ વાગે સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા.

આમ, લગભગ ૧૫ દિવસના સાબરકાંઠાના વિચરણમાં, લગભગ ૩૩ ગામોમાં, અતિશય તાપમાં દિવસના બબે - ત્રણ-ત્રણ ગામમાં સ્વામીશ્રી વિચર્યા. લોકોનાં સામૈયાં સ્વીકાર્યાં. જાહેર સત્સંગ સભાઓ યોજી, પધરામણીઓ કરી, નવા નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી સત્સંગી બનાવ્યા. સમગ્ર જિલ્લામાં જયજયકાર થઈ ગયો. સમગ્ર કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ ઠાકર સાથે શાંતિભાઈ શાહ, પ્રભુદાસ મોદી, જયંતીભાઈ સોની, મનુભાઈ સોની, નારણભાઈ મોદી, હરમાનભાઈ પટેલ, રમેશભાઈ ચોકસી, રજનીકાંત દેસાઈ વગેરે ભક્તોએ ખૂબ શ્રમ વેઠી સફળ આયોજન કર્યું હતું.

મુંબઈથી પધારેલા સંતો અહીં સ્વામીશ્રીનાં દર્શનની આતુરતાથી રાહ જોઈને મોડી રાત સુધી જાગતા રહ્યા હતા. મોડી રાત્રે દર્શન અને ચરિત્રોની વાતો કરી, સ્વામીશ્રીએ તેમને બ્રહ્મસુખ આપ્યું.

✧

તા. ૭-૫-'૬૫, અમદાવાદ મંદિરનો વાર્ષિક પાટોત્સવ સ્વામીશ્રીની સન્નિધિમાં ખૂબ ધામધૂમથી, વેદોક્ત રીતે થયો. પંચામૃત સ્નાન બાદ શુદ્ધોદક સ્નાન કરાવ્યું. ત્રણે ખંડમાં ખૂબ પાણી ભરાઈ ગયું હતું. અનેક સંતો તથા હરિભક્તોની અવરજવરથી તે ગંદું થઈ ગયું હતું. એ પાણી લઈ સ્વામીશ્રીએ

મસ્તક પર ચઢાવ્યું. આંખે અને છાતીએ અડાડ્યું. આ જોઈ હરિભક્તો પણ સ્વામીશ્રીને અનુસર્યા. સ્વામીશ્રીના આવા સાહજિક વર્તનથી હરિભક્તોને મહિમા-દૃષ્ટિ પ્રાપ્ત થતી.

આજે ૬૦ સાધુનું મંડળ લઈ સ્વામીશ્રી મોટા મંદિરે તથા સર્વ પ્રસાદી સ્થાનોએ દર્શને ગયા હતા.

મનધાર્યું ને કર્મે કરીને કરે તે સરખું

સંતોને જોઈ, સ્વામીશ્રીને વાતો કરવાનો વિશેષ ઉમંગ ઊભરાતો. રાત્રે સંતોને સંબોધીને ચોટદાર વાતો કરી :

'પ્રતિપક્ષી પૂછે તો કહેવું કે 'વિચારથી સાધુ થયા છીએ. સંસાર ખોટો છે. દુઃખ છે. પૂછો હરિભગતને. ખાનગીમાં પૂછી જોયું છે ? 'અમને આમાં સુખ નથી, હોળી સળગે છે' – એમ સૌ કહે છે. ફોસલાવી, પટાવીને કોઈએ સાધુ કર્યા નથી. પરાણે બામણી કરી નથી.'

'ભગવાં કપડાં એ અગ્નિ કહેવાય. સંસાર, વે'વાર, બૈરાં-છોકરાં બધું ફૂંકી નાખ્યું.

'આપણે રસ ખાધો. રાજા-મહારાજા છોતાં ચાટે છે.' એમ સમજાય પછી જ્ઞાન થાય, ઘરે જવાનો સંકલ્પ ન થાય.

'આ નિષ્ઠા પ્રવર્તાવવી, તેમાં શ્વપચને ઘરે વેચાઈ જવું પડે તોપણ શું ? સ્વામી આ વાત કરતા. નિષ્ઠા પ્રવર્તાવવા આવ્યા છીએ. બાદશાહી માણવા નહીં.

'આજે પાંચ પકવાન - જલેબી જમાડી. સાંજે કઢી-ખીચડી આપશે. પાંચ પકવાન ઘરે દીઠાંય નથી.

'અમે મીરસાપરે ગયા હતા. ધારાળા શું જમે છે ? કોદરી ! ને દાળ તુવેરની હશે ને ? દાળ શેની જોવા મળે ! છાશેય નહિ. પાણી ને કોદરી. બે મહિનાથી એ જ ચાલે છે. આપણાં કરતાં નિઃસ્વાદી નહીં ? ખરા, પણ કર્મે કરીને કર્યું ! મનમેળે તો સૌ કરે. કર્મે કરી ને મનધાર્યું કરે તે બેય સરખું; પણ ગુરુવચને કરે તો પુણ્ય જમે થાય. સાધુ થવું. 'મને તારો રંગ લાગ્યો' એમ સૌ કહે, પણ ગૃહસ્થને પૂછો - 'કયો રંગ લાગ્યો છે ?' સાંજે ઘરે વયા જાય છે.'

બીજે દિવસે સરખેજ, વિરમગામ, લખતર થઈ, શિયાણી મનુભાઈ સોનીને ત્યાં પધાર્યા. સામૈયું અને સભા સારાં થયાં.

પછી ચચાણા મંદિરમાં દર્શન કરી, સ્વામીશ્રી સારંગપુર આવી પહોંચ્યા.

અમદાવાદથી સંતો અહીં સીધા આવી ગયા હતા. સમાધિ સ્થાને દર્શનમાં સંતોને સાથે રાખી સ્વામીશ્રીએ ધૂન કરી, શુભ સંકલ્પો કર્યા કે સંતો અભ્યાસમાં પારંગત થાય અને તેમને ખૂબ બળ મળે.

પ્રસાદીના સ્થાનની હવા !

તા. ૧૦મીએ, ગઢપુરમાં વાર્ષિક પાટોત્સવ ઊજવાયો. સ્વામીશ્રીની આજ્ઞાથી સવારે અને સાંજે - બંને સમયે સંતોએ ઘેલામાં સ્નાનનો લાભ લીધો હતો. સ્વામીશ્રીએ પ્રસાદી-જળ મંગાવી સ્નાન કર્યું. બે દિવસ ગઢપુર મુકામ દરમ્યાન, સવાર અને સાંજ - બંને સમય સ્વામીશ્રી સંતો સાથે ગોપીનાથજી મહારાજના મંદિરે તથા લક્ષ્મીવાડીએ દરેકે દરેક પ્રસાદી સ્થળે, મહારાજ અને પરમહંસોનો અતિ અપાર મહિમા સમજાવી દર્શન કરતા - કરાવતા.

અહીં દર્શન કરતાં ગંગાજળિયે કૂવે કોઈએ પૂછ્યું : ‘અંદર મહારાજ દેખાય છે ?’ સ્વામીશ્રીએ ઠાવકાઈથી કહ્યું : ‘હા !’

પછી ગુણાતીતાનંદ સ્વામી જ્યાં નેવા નીચે ઊભા હતા તે સ્થળ સ્વામીશ્રીએ સર્વને બતાવ્યું. અમરાખાચરના દરબારમાં આવ્યા. સ્વામીશ્રી કહે : ‘બધા બેસી જાવ. પ્રસાદીના સ્થાનની હવા આવવા દો !’

બાદ હકાખાચર તથા હર્ષદભાઈએ પ્રવચનો કર્યાં. સ્વામીશ્રી પણ પાંચ વાતો બોલ્યા.

ગઢપુરમાં સાત તીરથ

લક્ષ્મીવાડીએ આરસની છત્રીએ સભા ભરી બોલ્યા : ‘ગઢપુરમાં સાત તીરથ છે : ગોપીનાથજીનું મંદિર, લીંબડો, અક્ષર ઓરડી, દાદાનો દરબાર, લક્ષ્મીવાડી, રાધાવાવ ને આપણું મંદિર ! ત્યાં તો આપણે છીએ જ !’

પછી ધૂન કરાવી કે ‘આ કામ જલદી પૂરું થઈ જાય !’

લક્ષ્મીવાડીમાં હાલ જ્યાં બેઠક છે ત્યાં ઘણા સમયથી જીર્ણોદ્ધારનું કામ ચાલતું હતું. કોઈ કારણસર કામ આગળ વધતું નહિ. આથી સ્વામીશ્રી જ્યારે જ્યારે અહીં દર્શને પધારતા, ત્યારે શરૂ કરેલું આરસનું કાર્ય જલદી પૂરું થઈ જાય તે માટે અવશ્ય ધૂન કરાવતા. પોતે ધૂન કરતા જાય ને ચારેકોર જોતા જાય કે કામ કેટલું બાકી છે ! મહારાજનાં પ્રસાદીનાં સ્થાનોના જીર્ણોદ્ધારમાં સ્વામીશ્રીને ઊંડો પ્રેમ હતો. એ સ્થાનોની સુંદર સજાવટ થાય અને દર્શનીય બને

તેમજ લાંબા સમય સુધીની તેની જાળવણીના પ્રયત્નો હંમેશાં થતા રહે તેવો ભાવ ને પ્રેમ તેમની ધૂનના તાલે તાલે નીતરતો હતો.

બીજે દિવસે જૂના મંદિરમાં દર્શન કરી, બહાર નીકળી માળાવાળા દામોદરભાઈની દુકાન આગળ સ્વામીશ્રી ઊભા રહ્યા. તેઓ હાજર ન હતા, પણ તેમનો પુત્ર બાલકૃષ્ણ હતો. સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ‘તારા બાપા ક્યાં છે ? અમારે એક હજાર કોડી કંઠી લેવી છે. બાનું આપીશું.’ એમ કહી થોડી વાર દુકાનમાં બેસવા રુચિ જણાવી, ત્યાં જ બેઠા.

‘બાપા !’ બાલકૃષ્ણે પગે લાગીને કહ્યું : ‘બહાર ગયા છે.’

‘બહાર ગયા છે ? સારું, એક માળા આપ.’

તેણે લાકડાની આપી. સ્વામીશ્રી કહે : ‘આવી ઓટકોટ શું આપે છે ?’ એટલે તે સુખડની નાની માળા લઈ આવ્યો. સ્વામીશ્રી કહે : ‘આવું એકાદશીનું પુણ્ય કરે છે ! તારો બાપ હોય તો સરસ આપી દે. મોટી - માથામાં જાય તેવી આપ !’ તેણે આપી. એમ તેની સેવા લીધી. પછી ગાડીમાં બિરાજી લક્ષ્મીવાડીએ પધાર્યા.

દરેક સંતને દરેક પ્રસાદી સ્થળે દંડવત્ કરવા સ્વામીશ્રી કહેતા. લક્ષ્મીવાડીએ પણ કહ્યું. બ્રહ્મચારીએ પુષ્પોની પ્રસાદી આપી. પેંડા પણ આપ્યા. સિદ્ધેશ્વર સ્વામી નિજ મંદિરમાં જઈને ધરાવી આવ્યા. તો સ્વામીશ્રી કહે : ‘ત્યાં ન જવાય !’ પછી નિત્યાનંદ સ્વામીની મૂર્તિ સામે જોઈ કહે : ‘બે ચશમાં રાખતા.’ પછી ધૂન કરાવી કે ‘૫૦૦ સાધુ થાય, કોઈ અક્ષરપુરુષોત્તમનો દ્રોહ ન કરે...’

દિન દિન બઢત સવાયો

આજે ગોંડલ જતાં આગળ નીકળેલી સંતોની બસ આટકોટ પાસે ઊભી હતી. સ્વામીશ્રીની મોટર ઢસા પધરામણી કરી પાછળથી આવી. સંતોની બસ જોઈ પોતે મોટર ઊભી રખાવી, ઊતર્યા અને બસમાં ચડીને સંતોને મળ્યા. એ સમયે સ્વામીશ્રીની અવર્ણનીય આત્મીયતાનો અનુપમ પરિચય પામતા સંતોનો આનંદ સમાતો ન હતો. આવા નાના નાના પ્રસંગોમાં પણ વાત્સલ્યનો કોઈ અખૂટ સ્રોત વરસાવતા સ્વામીશ્રી નિજ ભક્તોનાં અંતરતલમાં ઊતરી જતા. થોડીક ક્ષણ માટે પણ એમણે સંતોને દર્શન - વાતુંનું સુખ આપી, ઘેલા કરી દીધા.

‘દિન દિન બઢત સવાયો’ એ સ્વામીશ્રીના પ્રેમની - વાત્સલ્યની વિશેષતા હતી. દુન્યવી પ્રેમ પરિચય વધતાં ઓછો થતો જાય, ક્યારેક નહિવત્ થઈ જાય

અથવા ઘણી વાર 'ક્ષણે રુષ્ટાઃ ક્ષણે તુષ્ટાઃ'નો આસ્વાદ પણ લૌકિક પ્રેમમાં જોવા મળે. જ્યારે આ તો વધુ પરિચય થતાં, વધુ પ્રેમની વર્ષા પ્રાપ્ત થતાં, સૌ પરમ આશ્ચર્ય અનુભવતા કે આ તે કેવો પ્રેમ ! મહિમાએ યુક્ત અલૌકિક પ્રેમમાં જ આ ભાવ સંભવી શકે.

ગોંડલમાં ગુરુકુળનો પ્રારંભ

તા. ૧૨-૫-'૬૫, ગોંડલમાં ગુરુકુળના પાયા ખોદવાનો પ્રારંભ સ્વામીશ્રીએ વિધિપૂર્વક જમીનમાં કોદાળી મારીને કર્યો. આ કાર્ય માટે ખાસ શ્રમયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈથી સંતમંડળ પણ એટલા જ માટે આવ્યું હતું. સ્વામીશ્રીનો આદેશ થતાં સિદ્ધેશ્વર સ્વામી, રામચરણ સ્વામી તથા કંપાલાવાળા રામજીભાઈ મિસ્ત્રીનાં માર્ગદર્શન નીચે પાયા ખોદવાનું કાર્ય સંતો તથા યુવક મંડળોએ ભેગાં મળી શરૂ કરી દીધું. સ્વામીશ્રી અવારનવાર અહીં પધારતા અને સેવા કરવાની સૌને ખૂબ પ્રેરણા આપતા. જો કે એમના આગમનથી જ સૌમાં અનેરો ઉત્સાહ ઉમેરાતો. એ દર્શનમાત્રથી સેવાનો શ્રમ ઊડી જતો.

બપોરે મંદિરમાં સંતો તથા યુવકોને ખૂબ આગ્રહ કરી જમાડે. સભા-મંડપમાં સૌ સાથે ઘઉં વીણવા બેસી જાય. આવાં મનુષ્ય ચરિત્રોમાં દિવ્યતાનો અલૌકિક આસ્વાદ સૌ મ્હાણતા. કથાવાર્તા અને વિવિધ ચરિત્રોનો દિવ્યાનંદ તો કાયમ ખરો જ !

રવિવારે જૂના મંદિરના સત્સંગી રાજકોટના મોહનસિંહ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ રાજકોટ મંદિરમાં હંમેશાં સુંદર રાગે કીર્તનો ગાતાં. ત્યારે ત્યાંના કોઈ ભક્તે કહ્યું કે 'આવાં સુંદર કીર્તનો બોલો છો, પણ જો ગોંડલ જઈ યોગીજી મહારાજ પાસે તમે ગાવ તો એમનો રાજીપો મળી જશે.'

તેમને આ શબ્દોની ઘેરી અસર થઈ. અને અહીં આવી પહોંચ્યા. સવારે પૂજામાં તેમણે *'આજ સખી આનંદની હેલી'* વગેરે કીર્તનો ગાયાં. એવામાં સ્વામીશ્રીએ તેમને રાજકોટના જૂના મંદિરે જે કીર્તન પોતે નિત્ય ગાતા તે, *'વહાલું લાગે મોહન મુખ તારું...'* એ કીર્તન ગાવાની અંતર્યામીપણે આજ્ઞા કરી. ત્યારે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો અને મનોમન સ્વામીશ્રીને ગુરુ કર્યા.

પૂજા બાદ સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા અને કંઠી બાંધવા કહ્યું. તેમણે કહ્યું કે 'બાપા ! મને આચાર્ય મહારાજે કંઠી બાંધેલી છે.'

ત્યારે સ્વામીશ્રી હસીને બોલ્યા કે 'તમે આચાર્ય મહારાજની પાસે પ્રસાદીની કંઠી બંધાવી છે, એટલે નવી કંઠી બાંધવાની જરૂર નથી.'

ધીરે ધીરે તેમને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પાકી થઈ અને સ્વામીશ્રીની આજ્ઞાનુસાર સેવા-ભક્તિ કરવા લાગ્યા.

ગોંડલ મંદિરનો પાટોત્સવ સૌ સંતો-હરિભક્તોએ સાથે મળી આનંદથી ઊજવ્યો. એક દિવસ સ્વામીશ્રી ભાદરા-ગુણાતીતનગર પણ નવી ધર્મશાળાના નિરીક્ષણનું નિમિત્ત ઊભું કરી, દર્શન કરી આવ્યા હતા.

મનધાર્યું મૂકે તો બ્રહ્મનો આનંદ વર્તે

તા. ૧૫મીએ, સવારે ૫-૧૫ વાગે, મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે :

'સાંભળો, ઘડીક વાત કરીએ. મહારાજે કહ્યું : 'ભગવાન ને સંત સાથે આનંદ કરતા હોય તે આનંદમય બ્રહ્મ ! દિવ્યભાવ, સુહૃદભાવ મનમાં રહે. મનમાં આનંદ પામતા રહીએ, આઘુંપાછું નહિ. શાંત વાતાવરણ રહે તે મનોમય બ્રહ્મ !'

'આપણે શાસ્ત્રીજી મહારાજ જોડે ફરતા, આનંદ કરતા, તે બ્રહ્માનંદમાં રહેવું. સુખ, સુખ, સુખ ! પ્રકાશ, પ્રકાશ, પ્રકાશ ! શાંતિ, શાંતિ, શાંતિ ! દિવ્યભાવ ! કોઈનો અભાવ-અવગુણ નહીં. એકતા રાખવી.

'જે કરવા આવ્યા તે કરી લેવું, બ્રહ્માનંદમાં રહેવું. અહો..હો ! સ્વામી મળ્યા ! સ્વામી મળ્યા ! કેફના ફુવારા ! મૂળ અક્ષરનો અવતાર ! અનંત કોટિ બ્રહ્માંડો જેના રુંવાડાંમાં ઊડતાં ફરે... તેવા આપણને મળ્યા ! શાસ્ત્રીજી મહારાજ મળ્યા ! ભગતજી મળ્યા ! મનના મંદવાડ જ્ઞાને કરીને મટે. પહેલા પ્રકરણની સોળમી વાત. અક્ષરધામ જેવું વર્તે છે. દેહનું થોડું, મનનું દુઃખ ઝાઝું. મનધાર્યું ન થાય. કોઈએ મનનું ધાર્યું ન કરવું. તો હૃદયમાં આનંદ વર્તે. તે સુખમાં અલમસ્ત રહેવું.'

દાન ઉપર દક્ષિણા !

આ અરસામાં જામનગરના બટુકભાઈ ગોંડલ દર્શને આવ્યા હતા. ત્યારે વાતવાતમાં સ્વામીશ્રી સભામાં બોલ્યા કે 'અક્ષર દેરીનું પ્રસાદી-જળ બહુ ચમત્કારી છે અને કાચની શીશીમાં ભરીને સૌએ લઈ જવું.'

બટુકભાઈએ આ વાત સાંભળી. સ્વામીશ્રી અક્ષર દેરીમાં બિરાજમાન

હતા અને બટુકભાઈ કાચની શીશીઓ ડબો ભરીને બજારમાંથી લઈ આવ્યા. સ્વામીશ્રી કહે : 'કોઠારમાં આપી આવો.'

પછી સભામંડપમાં પધાર્યા અને તેમને ફરી બોલાવીને કહે : 'શીશી લાવ્યા છો તે ક્યાં મૂકી છે ? લાવો, માલ જોવો છે !'

મોટા મોટા હરિભક્તો સભામાં બેઠેલા. બટુકભાઈને શરમ આવી, પણ સ્વામીશ્રી શીશીઓ જોઈ બહુ રાજી થયા અને કહ્યું : 'શીશીઓનાં જૂનાં લેબલ કાઢી નાખવાં અને 'રોગ મટાડવાનું - દુ:ખ મટાડવાનું પાણી' – એવાં લેબલ લગાવી દ્યો.' આ સાંભળી સર્વ સભાજનો હસી પડ્યા.

એક સંત તે ડબો લઈ ગયા અને શીશીઓ ખાલી કરી ડબો પાછો આપવા સભામાં આવ્યા. ત્યારે બટુકભાઈએ કહ્યું : 'ડબો રાખો, તેની જરૂર નથી.'

ત્યારે હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'આ તો દાન ઉપર દક્ષિણા !'

આમ, સ્વામીશ્રીએ સભામાં બ્રહ્માનંદ કરાવ્યો. બટુકભાઈની નાની સામાન્ય સેવા સ્વીકારી, તેમના અંતરમાં સ્વામીશ્રીએ ચિર:સ્મૃતિ આપી દીધી.

રવિસભામાં એકમાંથી એકસો થયા

સ્વામીશ્રીના આશીર્વાદ લઈ ડાહ્યાભાઈ લેસ્ટર ગયેલા. ત્યાં કોઈ સત્સંગી નહિ તેથી તેમણે સ્વામીશ્રીને તેમની આ મૂંઝવણનો પત્ર લખ્યો. સ્વામીશ્રીએ રવિવારની સભા ભરવા આદેશ આપ્યો. પરંતુ તેમણે ફરી પત્ર લખ્યો કે 'અહીં કોઈ સત્સંગી નથી. હું એક જ છું. તો કેમ કરવું ?'

સ્વામીશ્રીએ ઉત્તર લખ્યો કે 'તમે રવિવારની સભા એકલા હો તોપણ ભરજો. એકસો સત્સંગી થશે.'

તેમને મનમાં થયું : 'આ દેશમાં અત્યંત ઠંડી પડે છે અને અહીંનું વાતાવરણ એવું છે કે સત્સંગી હોય તોપણ મટી જાય છે. તો આ કેમ થશે ?'

પરંતુ સ્વામીશ્રીના વચને બધું થઈ શકે છે - એ અનુભવ તેમને થયો અને લેસ્ટરમાં થોડા જ સમયમાં રવિસભાના પ્રતાપે સત્સંગ વધવા લાગ્યો. ખરેખર ! મોટાપુરુષના સંકલ્પમાં અસાધારણ બળ હોય છે.

✧

મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે સ્વામીશ્રી અહીંથી બોટાદ જવા નીકળ્યા. મુંબઈથી આવેલા સંતો શ્રમયજ્ઞ નિમિત્તે જ રોકાયા. ગઢપુર થઈ, સ્વામીશ્રી બોટાદ આવ્યા.

મૂર્તિઓની શોભાયાત્રામાં શહેરના પ્રતિષ્ઠિતોએ ભાગ લીધો. વિધિપૂર્વક

અક્ષરપુરુષોત્તમ મહારાજ હરિમંદિરમાં બિરાજ્યા. ગુજરાત રાજ્યના નાયબ પ્રધાન દેવેન્દ્રભાઈ તથા જિલ્લા કલેક્ટર જોશી સાહેબે સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો. કાનજીભાઈ સોની, ગોબરભાઈ, કાનજીભાઈ રોહીશાળાવાળા વગેરે ભક્તોએ સારી સેવા કરી.

સારંગપુર મંદિરે દર્શન કરી, સાંગાવદર વિઠ્ઠલ મનજીને ત્યાં પધારી સ્વામીશ્રીએ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. શિયાનગર તથા કેરિયા પધરામણી કરી. નિંગાળામાં પણ એ જ દિવસે બપોરે મંદિરનું ખાત કર્યું. સાંજે અહીંથી નીકળી રોહીશાળા, વલ્લભીપુર પધરામણી કરી, રાત્રે ૧૧-૩૦ વાગે ચોગઠ પધાર્યા.

ભક્તો ઉપરનાં અનન્ય પ્રેમ અને અતિ વાત્સલ્યને કારણે રસ્તામાં આવતાં ગામોના ભક્તોના આગ્રહને સ્વામીશ્રી અવગણી શકતા નહિ અને ગામમાં પધરામણી કરતા. તેમાં સહેજે કલાકો નીકળી જતા. આજે દિવસમાં છ ગામોમાં વિચરણ થયું.

અત્યંત ભીડો વેઠીને વિચરણ કરનારા સ્વામીશ્રીની આ મહાન જનસેવા અને પ્રભુસેવાની કદર કરવાને કોણ સમર્થ છે ? સમયના અભાવે કાળા તળાવ ગામમાં મંદિરના ખાતમુહૂર્ત માટે નિંગાળા ગામથી પ્રસાદીનાં પુષ્પો મોકલવાં પડ્યાં. આમ, અવિરત વિચરણ કરી, સ્વામીશ્રી સૌને અભયદાન આપતા હતા.

ચોગઠમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી. ઉમરાળા પધરામણી કરી, વલ્લભીપુર નરેશના આમંત્રણથી દરબારગઢમાં પધરામણી કરી.

પ્રેમીભક્તોની હામું પૂરે પ્રભુજી

તા. ૨૪મીએ, સ્વામીશ્રી ધંધુકા પધાર્યા. લાડુબા બ્રાહ્મણ બોર્ડિંગનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીના વરદ હસ્તે થવાનું હતું. તે માટે પીપળીના વતની પંડ્યા મણિશંકર તથા હરિશંકર બંને ભાઈઓએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કાર્યક્રમ ગોઠવ્યો હતો.

સ્વામીશ્રી તથા સંતો-હરિભક્તોનો ઉતારો મોઢ વણિક મહાજનની વાડીમાં રાખેલો. પરંતુ અહીંના કાનજીભાઈ મૂળજીભાઈ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા હરિભક્ત હતા. સ્વામીશ્રી પ્રત્યે તેમને અત્યંત પ્રેમભાવ હતો. તેમનો સંકલ્પ હતો કે 'સ્વામીશ્રી તેમને ઘરે ઉતારો રાખે તો સારું.'

સ્વામીશ્રીએ વાડીમાં સ્નાન વિધિ કરી. ઉકાળો લીધો. કાનજીભાઈને પ્રસાદી આપતાં સ્વામીશ્રીએ અંતર્યામીપણે કહ્યું : 'કાનજીભાઈ ! અમારો

ઉતારો તમારે ઘરે રાખવો છે. માટે અમે બપોરે આરામ અને રાત્રે સભા પછી ત્યાં જ સૂવા આવીશું.'

'બાપા ! અહીં ઉતારો સારો છે. મારે ઘરે દાદર ચઢવો પડે અને શેરીમાં કૂતરાંઓનો ઉપદ્રવ છે અને રાત્રે શાંતિથી સૂવા દેતાં નથી. આપ પધારો તેવો મારો સંકલ્પ છે, પરંતુ આપને તકલીફ પડે તેથી આપ અહીં જ ઉતારો રાખો તો સારું.' તેમણે વિવેકપૂર્વક વિનંતી કરી.

પરંતુ સ્વામીશ્રીએ કાનજીભાઈને ઘરે જ ઉતારો રાખ્યો. તેમનો મનોરથ પૂરો કર્યો અને પોતાની સગવડ અવગણી.

બ્રાહ્મણ સમાજની બોર્ડિંગનું ખાતમુહૂર્ત કરી, સ્વામીશ્રી પુરુષોત્તમપુરા ઈશ્વરભાઈ દાજીની તબિયત જોવા ગયા. આણંદથી મોટર લઈ હરિભક્તો તેડવા આવ્યા હતા. તેમની સાથે પુરુષોત્તમપુરા પધાર્યા. તેમને આશીર્વાદ આપી, રદ્દુ થઈ, સ્વામીશ્રી બોચાસણ આવી પહોંચ્યા.

તમને જોવા તલપી રહ્યો હતો

સ્વામીશ્રીની જન્મ જયંતી આ વખતે બોચાસણમાં ઊજવવાનું નક્કી થયું હતું. કોઠારી ભક્તિવલ્લભદાસ સ્વામી તથા બોચાસણના સંતોના પ્રેમાળ નિમંત્રણથી આ શક્ય બન્યું હતું. આ માટે શનાભાઈ, જશભાઈ તથા ભજન મંડળીના કાર્યકરોએ રાત-દિવસ જોયા વિના તનતોડ પરિશ્રમ - સેવા કરીને સમૈયામાં આવનારા હજારો ભક્તજનોની તમામ સગવડોની સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી. તથા મંદિરના પાછળના ખેતરમાં વિશાળ સભામંડપની રચના કરી હતી. તેમના પ્રયાસમાં મુંબઈના સંતો આવતાં જ ઝમક આવી ગઈ. સ્પેશિયલ બસ દ્વારા અમદાવાદ થઈ, મુંબઈના સંતો બોચાસણ આવી ગયા હતા.

સંતોને મળતાં જ સ્વામીશ્રી કહે : 'તમે બધા આવી ગયા તે સારું થયું, તમને જોવા તલપી રહ્યા હતા, એક વાગ્યા સુધી કોઈ સૂશો મા. જાગજો. સેવા કરજો.'

'સંતો બધા ગુણાતીત સ્થાનની જાત્રા કરી આવ્યા. આપણો ગુણાતીત વંશ જ હાલ્યો આવે છે.'

'બાપા ! તમે ગિરનાર ચડેલા ?'

'ના, સાંભળેલું કે ત્યાં દત્તાત્રેયની ટૂક છે. દસ હજાર પગથિયાં છે. જૈનનાં દેરાસર છે, ત્યાં સુધી ચઢેલા.'

પછી સંતોને સ્વામીશ્રી કહે : 'જાત્રા કરી આવ્યા તે ચાર સંકલ્પની ધૂન

કરો : (૧) એકાંતિક ધર્મ સિદ્ધ થાય. (૨) બ્રહ્મરૂપ થવાય. (૩) દેહનો અનાદર થાય. (૪) આપણી રાખ આ સત્સંગમાં થાય... બીજો કોઈ સંકલ્પ ન થાય. હવે સેવામાં લાગી જાવ.'

અક્ષરનું સાધર્મ્ય પમાય છતાં સ્વામી-સેવકભાવ

સાંજે સ્નાન કરી, પગે ડ્રેસીંગ કરાવવા પધાર્યા તે વખતે સંતોએ સ્વામીશ્રીને પ્રશ્નો પૂછ્યા.

'બાપા ! આપ જૂનાગઢથી ક્યારે નીકળ્યા ?'

'૧૯૬૭માં શ્રાવણ સુદ પૂનમનો સમૈયો અહીં બોચાસણ કરેલો. સૌ પ્રથમ શાસ્ત્રીજી મહારાજનાં દર્શન ૧૯૬૬ના શ્રાવણ સુદ ૭ના રાજકોટ પાર્ષદ વેશે કરેલાં. શાસ્ત્રીજી મહારાજ અદાને ઘરે ઊતરેલા. અમે સવારે ૪-૦૦ વાગે મંદિરમાંથી નાહવાને બા'ને નીકળી, અદાને ઘરે જઈ, શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરી, તુંબડી અને માળા એ બે વસ્તુ એમને ભેટ આપેલી. ૧૯૬૫માં પાર્ષદની દીક્ષા લીધેલી ને ૧૯૬૭માં પાકી (ભાગવતી) દીક્ષા લીધી.

'જૂનાગઢમાં બધા જોગી જ પાકે. બાળમુકુંદદાસ, કૃષ્ણચરણદાસ બધા જોગી પાક્યા.'

પછી સ્વામીશ્રીએ પૂછ્યું : 'કૃષ્ણવલ્લભાચાર્યને મળ્યા તે તમે શું પ્રશ્નો પૂછ્યા ?'

અમે કહ્યું : 'બે પ્રશ્નો પૂછવા રહી ગયા હતા. સાધર્મ્ય કોનું પમાય ?'

'અક્ષરનું ! અક્ષરને વિશે એટલો જ સ્વામી-સેવકભાવ રહે કે હું આના થકી આવો થયો. આમ, અક્ષરરૂપ બની પુરુષોત્તમની ભક્તિ કરે.' સ્વામીશ્રીએ કહ્યું.

એટલે અમે પૂછ્યું : 'કેવળ અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન થવાથી કલ્યાણ થાય ?'

'ના, ગુણાતીત સત્પુરુષનું સેવન કરવું પડે.' સ્વામીશ્રીએ તરત કહ્યું.

આમ, ઘણો આનંદ કરાવીને ઉકાળો પીવા પધાર્યા.

❀ ❀ ❀



ગાદી સ્થાનમાં શાનદાર જન્મોત્સવ

વિશાળ ભક્ત-સમુદાય બોચાસણની પવિત્ર તીર્થભૂમિમાં આવી રહ્યો હતો. તેમનાં ધૂન-ભજનના પ્રવાહથી ચહુ દિશ વાતાવરણ દિવ્ય બની ગયું હતું.

સ્વામીશ્રીને સન્માનવા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી. બોચાસણની ભાવિક પ્રજાએ અદ્‌ભુત રસ લીધો હતો અને આંગણે આવેલા સુઅવસરને શોભાવવા કાર્યકર્તાઓને સંપૂર્ણ સહકાર આપ્યો. આ નગરયાત્રામાં ગામના આબાલવૃદ્ધ સૌએ હરખભેર ભાગ લઈ જીવનભરનો લહાવો લઈ લીધો. આખું ગામ ફૂલ-તોરણોથી શણગારવામાં આવ્યું હતું. ભજન મંડળીઓનાં ધૂન-ભજનોના પ્રવાહમાં આગળ વધતી આ સંત-સમ્રાટની સવારીએ અહીંની ધરતી ઉપર એક અનોખો ઇતિહાસ રચી દીધો. સ્વાગત-સવારી નગરમાં ફરીને મંદિરમાં પાછી ફરી હતી. પછી સ્નાનાદિક વિધિ બાદ યુવકોએ જણાવ્યું કે ‘બાપા ! નગરયાત્રા અદ્‌ભુત નીકળી હતી ! આખા ગામનો ઉત્સાહ બહુ હતો !’

તરત જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : ‘આપણને તો શાસ્ત્રીજી મહારાજ મળ્યા તેનો આનંદ છે !’

તા. ૨૮-૫-’૬૫, સ્વામીશ્રી નિત્યક્રમથી પરવારી સવારે ૮-૧૫ વાગે સભામાં પધાર્યા. સભામાં બિરાજ્યા ત્યારે સૌ સભાજનોનાં મુખ પર આનંદનો અલૌકિક પ્રકાશ પથરાયો.

કોઈનું વાંકું બોલાશે તો સત્સંગ ચૂંથાઈ જશે

સંતોએ સૌ પ્રથમ સમૂહમાં પ્રાર્થના ગાઈ. પછી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ, નારાયણ ભક્તે તથા અનુપમ ભક્તે સ્વામીશ્રીના મહિમાનાં અષ્ટકો સસ્કૃત ભાષામાં રચ્યાં હતાં તે ગાઈ-સંભળાવ્યાં. પ્રારંભ વેદમંત્રોના સ્તુતિ ભાગથી થયો. પ્રમુખસ્વામી, મહંત સ્વામી, હર્ષદભાઈ, ખેંગારજીભાઈ,

કિશોરભાઈ આદિ સંતો-હરિભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં.

અંતમાં સ્વામીશ્રીએ અમૃત વાણી રેલાવતાં કહ્યું :

'શાસ્ત્રીજી મહારાજ દુર્લભ. એમની જન્મ જયંતી ઊજવવા ભેગા થયા છીએ. આ શાસ્ત્રીજી મહારાજનો સમૈયો છે. અનાદિ સત્પુરુષ હોય એની જન્મ જયંતી ઊજવાય. એનો મહિમા ગવાય. એની જયંતી ઊજવીએ તો જીવમાં બળ મળે.

'ઉપાસ્ય મૂર્તિ સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ છે. ગુણાતીત એ ભગવાનનું અક્ષરધામ. અક્ષરધામ સિવાય મહારાજ રહેતા નથી. અક્ષરધામ એ અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી છે. એ બંનેના ધારક સત્પુરુષ છે. આ સિદ્ધાંત ઉપર સ્વામી રાત-દી' વાત કરતા. એ સિવાય મેળે માવજીભાઈ થવા જાય તેના ભોગ મરશે.

'અદાએ સિદ્ધાંત-સાગરમાં લખ્યું : 'એક સહજાનંદ ભગવાનને લઈને અન્યને ભગવાન કહેવાય ને ગુણાતીત બ્રહ્મને લઈને બીજા સાધુ કહેવાય. એ મહિમા ગાવો અને સાંભળવો. એનો જેટલો મહિમા ગાઈએ, તેટલો આપણો થાય. 'હસ્તિપદે સર્વપદ.'

'એક સહજાનંદ સ્વામી સર્વ અવતારના અવતારી છે – એવું નિરૂપણ કરીએ તો કોઈ વાંકું બોલે નહીં. આખા સંપ્રદાયમાં જયજય થાશે. જે વાંકું કહેતા હશે એના હાથ હેઠા પડશે. વરતાલ, ગઢપુર, અમદાવાદ વગેરે આપણાં છે. દરેકે દર્શને જાવું. પાંચ રૂપિયા થાળ કરવો. શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'જાવ, વરતાલ દર્શને જતા આવો.' એ પ્રણાલિકા આપણે રાખવી.

'વળી, જયંતીનો આશીર્વાદ છે કે ભગવાન અને સંતમાં નિર્દોષભાવ રાખવો. કોઈનો અભાવ-અવગુણ ન લેવો. સૌને આશીર્વાદ છે કે શ્રીજીમહારાજ પોતાની પાંખમાં બેસારે.

'દરેક એક એક ગ્રંથ (યજ્ઞપુરુષ સ્મૃતિ) રાખશો, તો દુ:ખમાત્ર ભાંગી જશે. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામીએ જીવનમાં દાખડા કર્યા. માટે તેમનો મહિમા ગાવો. તે માટે ભેગા થયા છીએ.

'અમારો સંતનો સિદ્ધાંત કે કોઈનું વાંકું ન બોલવું. ખટપટમાં ન પડવું. કોઈ બે ધુંબા મારે તો ખમી લેવું. વાંકું બોલાશે તો સત્સંગ ચુંથાઈ જશે. અવગુણ-અભાવ કોઈનો ન લેવો. આપણે તો દેશ ડોલાવવો છે. અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા આખી દુનિયામાં પ્રવર્તે તે માટે પાંચ હજાર સાધુ જોઈશે.

માટે મોટું મન રાખી ધર્માદા આપવા. સાચે દેવળે ઘંટ વાગશે. આપણા માટે આ વાત સાચી છે. કોઈ અપમાન કરે તોપણ વાંકું ન બોલવું. દેવદર્શને જવું. આખો સંપ્રદાય આપણો છે. અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત તે ગીતા, ભાગવત પ્રમાણે છે.

'હરિભક્તો તો હજાર, દસ હજાર, લાખ, પાંચ લાખ, પચાસ લાખ થશે અને અમેરિકા, આફ્રિકા વગેરે દેશોમાં સત્સંગ થાશે. આ સમૈયો ફરી ફરી નહીં આવે. તો લાભ લઈ લેવો.'

પૂજનમાં સંતોએ તૈયાર કરેલો મોટો સુંદર હાર પ્રમુખસ્વામીએ અને મોટાસ્વામીએ સ્વામીશ્રીને પહેરાવ્યો. પછી તે હાર સ્વામીશ્રી પ્રમુખસ્વામીને પહેરાવવા જતા હતા ત્યારે પ્રમુખસ્વામીએ કહ્યું : 'કોઠારીને પહેરાવો.' પછી કોઠારી ભક્તિવલ્લભ સ્વામીને હાર પહેરાવ્યો.

સુરત મંડળે સુંદર હાર અને પુષ્પનો મુગટ તૈયાર કર્યો હતો તે પહેરાવવા આવ્યા. સ્વામીશ્રીએ મુગટ પહેરવાની ઘસીને ના પાડી. બહુ આગ્રહથી માથા સુધી લઈ જઈ ખસેડી દીધો.

સ્વામીશ્રીની ૭૪મી જન્મ જયંતીના આ મહોત્સવમાં સમગ્ર ગામજનતાને પ્રસાદ લેવા માટે નિમંત્રણ હતું. બપોરે પ્રસાદ લઈને સ્વામીશ્રીનાં જીવન અને કવનનું દર્શન-મનન અને ચિંતન કરતાં સૌ વિખરાયાં. આ મહાન પુરુષની પૂજામાં સાક્ષાત્ શ્રીહરિ તથા અક્ષરના મુક્તોનાં પૂજા-દર્શનનું ફળ સમાયેલું હોય છે. સાચે જ બોચાસણવાસીઓ આ જયંતી ઊજવીને કૃતાર્થ થયા !

આ પ્રસંગે શ્રીજીમહારાજ વર્ણીવેશે જે જગ્યાએ બેઠેલા તે મંદિરની સામેની જગ્યાએ ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે, ત્યાં નીચે હનુમાનજીની પ્રતિષ્ઠા સ્વામીશ્રીની આજ્ઞાથી મુંબઈના શામજીભાઈ તથા ભાણજીભાઈ તરફથી કરવામાં આવી હતી. સ્વામીશ્રી તેમના ઉપર પ્રસન્ન થયા.

જૂનાગઢની પ્રૅક્ટિસ ચાલુ રાખવી

સાંજે સંતોને ઉદ્દેશીને કહ્યું : 'અમારા જૂનાગઢમાં એવી પ્રૅક્ટિસ કે સાધુ થવા આવે તેને ચોસઠ પદી, કીર્તનો મોઢે કરાવે. દરેક સંત ચોસઠ પદી મોઢે કરો. આ નોંધ લઈ લ્યો. જગદીશાનંદ બ્રહ્મચારીએ ગુણાતીતાનંદ સ્વામીના મહિમાનાં ચાર કીર્તનો કર્યાં છે, તે મોઢે કરવાં. *'સંત વિના રે સાચી કોણ કહે'* એ બાલમુકુંદ સ્વામી ગવરાવતા. *'અનુભવી આનંદમાં'* સ્વામીને બહુ પ્રિય. *'તારા મુખની લાવણતા'* તથા *'અગણિત વાજાં'* (હું તો જાઈશ ગિરધર) આની

નોંધ લેવી.

'સનાતન બ્રહ્મ આ કીર્તન સ્વામી પોઢ્યા હોય ત્યારે બોલતા. ૧૦ જોડી કીર્તન નંદનાં મોઢે જોઈએ. *'શીદને રહીએ કંગાલ'* ચાર કીર્તન છે. એ બધું સાહિત્ય જોઈએ.

'અમે શ્લોકો મોઢે કરેલા. *સ્વર્ગ... વસન્તિ તાનિ મધુરા ચ વાણી...* નર્કમાં જવાનાં છ વાનાં - સ્વર્ગમાં જવાનાં ચાર વાનાં વગેરે ભારે ભાવાર્થ તેમાં છે. ગામડે જઈએ આ બધું પ્રિય લાગે. ગીતાના શ્લોકો મોઢે બોલવા. સભા જિતાય. નવું શીખવું. બેહી ન રહેવું.'

બીજે દિવસે સવારે સ્વામીશ્રી સદ્‌ગુરુ પુરુષોત્તમ સ્વામી(ખાનદેશી)ની દેરીએ પ્રદક્ષિણા-દંડવત્ કરીને સભામંડપ તરફ જોઈ કહે : 'કેમ સભામંડપ છોડ્યો નથી ? છોડી નાખો. ભાડું ચડી જાય.'

'બાપા ! ૧૨-૦૦ વાગ્યા સુધી વાંધો નહીં.'

'એમ ?' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'તો હાલો આપણે કસ કાઢી લઈએ.' એમ કહેતાં ખુરશી સ્ટેજ તરફ લેવડાવી. સ્ટેજ ઉપર પૂળા નાખેલા હતા. તે ઉપર ખુરશીમાં બિરાજમાન થયા ને કહે : 'બે વચનામૃત વાંચી લઈએ. કાલે ક્યાં આ રહેવાનું છે !'

આ વચનામૃત સિદ્ધ કરશે તેને દેશકાળ નહિ લાગે

પછી સંતો સ્ટેજ ઉપર અને હરિભક્તો નીચે બેઠા. સ્વામીશ્રીએ વચ. ગ.પ્ર. ૧૬ મોઢે બોલવાનું શરૂ કર્યું : 'સ્વામિનારાયણ હરે સંવત ૧૮૭૬ના માગશર વદિ ૪ને દિવસ... આ એક વચનામૃત સિદ્ધ કરશે તેને સત્સંગમાં કોઈ દી' દેશકાળ લાગશે નહીં. થોડું જ્ઞાન કરવું પણ સારધાર નભે તેવું કરવું. આ વચનામૃત જ સમજવાનું છે. બીજું ઝાઝું સમજવાનું નથી. દરેકે પોતા ઉપર આ વચનામૃત લગાડવું. બીજા ઉપર ઢોળી ન દેવું.'

આટલી વાત કરીને પછી વચનામૃત શરૂ કર્યું :

'જેને સત્-અસત્‌નો વિવેક હોય... સત્ એટલે ગુણ લેવા. અસત્ એટલે અવગુણ લેવા. જેને આવો વિવેક નથી તે તો મૂઢ જ છે. તેને કંઈ કહેવાનું રહેતું નથી. અવગુણ તો કોઈ દી' કાંઈપણ લેવો જ નહીં. તે તો ભારેલો અગ્નિ છે. અંદર હાથ નાખો તો હાથ બળે, અનુભવ છે. કુસંગીનોય અવગુણ ન લેવો.

'હરિભક્તો લાખો રૂપિયાની સેવા કરતા હોય, પણ બીડી ફૂંકી લેતા હોય

તો અવગુણ ન લેવો. ફજેત ન કરવો. કો'ક ઊંઘી જતા હોય, ઝાપટી લેતા હોય, પણ અવગુણ ન લેવો.

'પોતાની દાઢી પહેલાં ઓલવી લેવી. આપણે બધું એક જ છે. વડતાલ-અમદાવાદ આપણું છે. થાળ કરીએ છીએ. 'ત્યાંના સંતો આમ કરે છે - તેમ કરે છે.' તે આપણું છે; તે આપણે કહેવું જ નહીં. ભગવાન ભજે છે તે ગુણ લેવો. બીજે કરતાં અહીં ભજે છે ને ! ભગવાન ધણી છે તે તેની ખબર રાખશે. ધણીને તેની ફિકર.

'ઈશ્વરભાઈ ! તમારો ડ્રાઈવર સાહેબ સરખો ન હાલે તો તમે કાઢી મૂકો ને ? ગાડી અટકાવતો હોય, પેટ્રોલ કાઢી લેતો હોય તો તેને કંઈ કહો ? અરે ! રજા દઈ ધો. માટે એ રસ્તો બંધ. અમે હાઈકોર્ટના રસ્તે જતા 'રસ્તા બંધ'માં ગયા હતા. તે અડધા કલાકે માંડ નીકળ્યા.

'કોઈનો અવગુણ લેવો જ નહીં તે રસ્તા બંધ. પોતાના જ અવગુણ જોવા. પારકા નહીં. પોતાના અવગુણ રાખી મૂકે ? ના, ત્યાગ કરે. મુકાતા ન હોય તો મોટાપુરુષને કહે, તે કૃપા કરે ને સેવા બતાવે અને ટાળે.

'જાગા સ્વામી કહેતા : 'અવગુણ લેવાનું મન થાય તો પહેલાં પોતાના દેહનો, જાતિનો, સ્વભાવનો અવગુણ લેવો.' દેહમાંથી નવ દ્વારે નરક ઝરે છે. દેહ રોજ નરક ધોવડાવે છે. માટે તેનો અવગુણ લેવો.'

વચ્ચે સભામાં કોઈને સાવધાન કરતાં કહે : 'કાંધભાંગલા ન બેસવું, ટટ્ટાર બેસવું.' વળી આગળ કહે : 'કંઈક અવગુણ ભાસતો હોય, કંઈક એટલે જરાતરા. તો તેનો ત્યાગ કરવો.

'માન, ઈર્ષા, કપટ આપણાંમાં જોવાં, બીજાંમાં નહીં. કોઈને ફજેત ન કરવો. હેત હોય તો કહેવું કે 'આ સારું નહીં.' કોઈનો અવગુણ લઈએ તો આપણામાં આવે. ભગવાન અને સંત એ જે વચન કહે -

'પરમેશ્વર જે સહજાનંદ સ્વામી અને સંત જે શાસ્ત્રીજી મહારાજ. ભગવાન અને સંત. સંત એ ગુણાતીત. મોટાપુરુષ તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને. સંત શું કહે ? 'તું દેહ, મન, ઇન્દ્રિયોથી જુદો છું ને જાણનારો છું. દેહાદિક સર્વે અસત્ય છે.' સવળો વિચાર હોય તેનું ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે...

'આપણે અમદાવાદ, વડતાલ મંદિરમાં જઈએ છીએ. તેઓ બોલાવતા નથી છતાં જઈએ છીએ. આપણે તો જવું. અવગુણ ન લેવો.

'ઇતિ વચનામૃતમ્. એ રીતે પ્ર. ૧૬નું વચનામૃત જે તે થયું.'

સ્વામીશ્રી અહીંથી નીકળતા હતા. ત્યારે એક હરિભક્તે કહ્યું : 'શીરો વધ્યો છે.'

સ્વામીશ્રી કહે : 'આખા ગામમાં વહેંચો અને કહો કે જગનની પ્રસાદી છે; કોઠારીએ મોકલી છે. વાટકા ભરી ભરીને દ્યો.'

મંડપમાં પતરાવળાં પડેલાં, તે જોઈ કહે : 'આ બધું સાફ કરી નાખો.'

ધણીના વચને સાંબેલું પણ પૂજવું પડે

તા. ૩૦મીએ, ચંદનના વાઘા તૈયાર થતા હતા તેથી આરતીને વાર હતી. પૂજા વિધિ બાદ સ્વામીશ્રીએ હર્ષદભાઈ પાસે વચનામૃત ગ.પ્ર. ૬૮ કઢાવ્યું અને અમૃત વચનો કહ્યાં :

'સાક્ષાત્ ભગવાન સંતમાં નિવાસ કરીને રહે છે. આમાં પ્રશ્ન નથી. મહારાજ પોતે વાત કરે છે. સંતને બીજા માણસ જેવા માને ને મૂર્તિને ચિત્રામણ જાણે તે પાખંડ ભક્તિ.

'કયું વચનામૃત હાલે છે ? પ્ર. ૪૫ હાલે છે ને !

'જેવો ભાવ સંતમાં છે, તેવો મૂર્તિમાં કેમ આવતો નથી ? મહારાજે આજ્ઞા કરી એટલે એવો ભાવ લાવવો. ધણીએ કહ્યું કે 'સાંબેલુ પૂજો !' તો એમ કરવાનું. તો ભગવાનનો ભાવ લાવવો પડે ! સરકારે કબૂલાત કરી તો આપણે કેવું માનીએ ! તેમ શ્રીજીમહારાજે કબૂલાત કરી તે આપણે માનવું જ.'

મહારાજના પ્રત્યેક વચનનો ગૂઢાર્થ

બપોરની સભામાં મોટાસ્વામીએ ગ.મ. ૨૮નું નિરૂપણ કર્યું. સ્વામીશ્રીના વાંસા પર ગરમીને લીધે નીકળેલી અળાઈઓ ઉપર હું પાવડર લગાડતો હતો. વચનામૃતમાં વાત આવી : 'ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય તો તેને હું સારું નથી જાણતો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'સારું નથી જાણતો - તેનો અર્થ શું ? ગોંડલમાં રસ્તા ઉપરની ફાનસની લાઇન સામે રહેતા હોય તેણે મ્યુનિસિપાલિટીનું ફાનસ ન સળગાવ્યું હોય ને ગોંડલ બાપુ રોન મારવા નીકળે. ને જુએ પછી એટલું કહે કે 'આ ઠીક નથી કર્યું.' ત્યાં તો એ લત્તાવાળામાં ફડકો પડી જાય : 'શું થાશે ? મહારાજા દંડ તો નહીં કરે ને ૫૦-૧૦૦ રૂપિયા !' એમ મહારાજે આ

વચનામૃતમાં કહ્યું : 'હું સારું નથી જાણતો...' સ્વામીશ્રીએ ટૂંકામાં ઘણું કહી દીધું અને મહારાજના વચનની ફડક સમજાવી દીધી.

મુક્તોનાં દર્શન કરવા - રાજી કરવા ફરીએ છીએ

અહીં સ્વામીશ્રીનાં આગળનાં વિચરણનો કાર્યક્રમ ગોઠવાતો હતો. રમણભાઈ શેઠ બાજુમાં બેઠા હતા. તે કહે : 'બાપા ! આપની તબિયત સારી રહેતી નથી. તો દોડાદોડ મૂકી એક સ્થળે એક માસ રહેવું, એવું ગોઠવો. જેને દર્શને આવવું હોય તે આવી જાય.'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'શ્રીજીમહારાજના સંતોની આ રીત છે. તેમની સેવા મળી છે. આ બધા તો મુક્તો કહેવાય. અને તેમનાં દર્શન કરવાં, તેમને રાજી કરવા ફરીએ છીએ.'

રમણભાઈ તો સ્વામીશ્રીનાં વિચરણની આ ઉદાત્ત ભાવના અને મહિમા-દૃષ્ટિ જોઈ આગળ કશું બોલી શક્યા નહિ.

તા. ૧-૬-'૬૫, નડિયાદમાં ઈશ્વરભાઈ દેસાઈના મકાનનું વાસ્તુ કરી, અડાસ આવતા વચ્ચે મહેળાવ પધાર્યા. ગામમાં પ્રવેશતાં જ સ્વામીશ્રીએ સાથેના સંત આગળ મહેળાવનો મહિમા ગાવા માંડ્યો : 'આ ગામનું બધું પ્રસાદીનું.'

પછી રસ્તામાં પડેલું એક તૂટેલું નળિયું બતાવી કહ્યું : 'આનું ધ્યાન ધરવું. અહીંની રજેરજ પ્રસાદીની.'

ત્યાં એક સંતે બગાસું ખાધું. તે જોઈ સ્વામીશ્રી કહે : 'અહીં બગાસું ન ખવાય, પ્રસાદીની હવા ખાવ.'

પછી ટૂંકે રસ્તે ગામમાં લઈ ગયા. તે ખ્યાલમાં આવતા બોલ્યા : 'આટલો બધો મહિમા કહ્યો ને (ગાડી) ટૂંકે રસ્તે કેમ લીધી ? બધું પ્રસાદીનું છે.' એમ કહી બધે મહિમાપૂર્વક દર્શન કર્યાં.

સાંજે સ્વામીશ્રી સંતોના સંઘ સાથે અડાસ ચુનીભાઈને ત્યાં આવી પહોંચ્યા. તેમના અપાર ઉત્સાહથી - ગામમાં સત્સંગ વધે અને સૌને લાભ મળે એ એકમાત્ર શુભ હેતુથી, સ્વામીશ્રીને પ્રસન્ન કરવા તેમણે સુંદર મંદિર બાંધ્યું હતું. એ નિમિત્તે બે દિવસ યજ્ઞ થયો. મૂર્તિઓની સુંદર શોભાયાત્રા નીકળી.

બીજે દિવસે વિધિપૂર્વક સ્વામીશ્રીના વરદ હસ્તે અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા સુંદર હરિમંદિરમાં થઈ ગઈ. ઘણા નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યાં. બાળ મંડળ તથા યુવક મંડળની સ્થાપના કરી.

ધૂન એ એટમ બૉમ્બ છે

તા. ૨જીએ, સવારે ૫-૦૦ વાગે સભા પ્રસંગમાં સ્વામીશ્રી નિજમસ્તીમાં બોલ્યા : 'વડતાલમાં મેં ત્રણ ધૂન કરી :

૧. ૨૧ આચાર્ય કૃષ્ણવલ્લભાચાર્ય જેવા કરવા.

૨. બધા સંતો એકાંતિક ધર્મ સિદ્ધ કરે. સંપ-સુહૃદભાવથી રહે.

૩. બીજા સંતો વધી જાય. હાલ ૫૦૦ વધે, તેવો સંકલ્પ કર્યો. પછી ૫,૦૦૦ થાય. આપણે બોચાસણમા સકલ્પ કર્યો હતો. વડતાલ ૫-૩૦ વાગે પહોંચી ગયા હતા. કોઈ સંત-હરિભક્ત નહોતા. એટલે ઘૂસી ગયા. હરિકૃષ્ણ મહારાજે ધોળી પાઘ પહેરી હતી. ખેસ નાખ્યો હતો. પગમાં તોડાં હતાં...' સ્વામીશ્રી સ્મૃતિમાં મગ્ન થઈ બોલી રહ્યા હતા.

નારાયણ ભગતે પૂછ્યું : 'તમને કોઈએ હાર પહેરાવ્યો હતો ?'

'ના.'

પછી બહુ પૂછ્યું તો કહે : 'હા, એક બ્રહ્મચારી આવ્યા હતા. ને મને હાર પહેરાવ્યો.' એમ કહી ધૂન કરાવી અને કહે : 'ધૂન એ એટમ બૉમ્બ છે. ધાર્યું નિશાન પડે.'

અહીં મંદિરનો પ્લાન કરનાર અને સુપરવાઈઝીંગ કરનાર એન્જિનિયરને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીએ કહ્યું : 'જાઓ, અક્ષરધામમાં બેસવાનું મળશે.'

ફરીથી સ્વામિનારાયણ મંત્રનો મહિમા કહ્યો : 'ધૂન એ એટમ બોમ્બ છે ! ધાર્યું નિશાન પડે. દાદર ઑફિસ ખાલી થઈ જશે. વસોમાં જગ્યા લેજો. વિદ્યાનગરમાં મળી ગઈ. અડાસમાં ચુનીભાઈ આવ્યા ને ઉદ્ધાર કર્યો. રાજુલા, બાઢડા, ચોગઠ, બોટાદમાં પ્રતિષ્ઠા થઈ ગઈ. નિંગાળા, લિલિયામાં ખાત થયાં. જેમ શંકરાચાર્યે બધે મહાદેવ પધરાવી દીધા, તેમ ગામોગામ અક્ષરપુરુષોત્તમ પધરાવી દેવા છે.' એમ ખૂબ ભાવમાં આવી સ્વામીશ્રી બોલી ગયા અને ગામોગામ અક્ષરપુરુષોત્તમનાં મંદિરો કરવાનો પોતાનો અભિપ્રાય પણ જણાવ્યો.

સાંજે કથામાં નારાયણ ભગત વચનામૃત શરૂ કરતાં પહેલાં મંગલાચરણ કરવાનું ભૂલી ગયા. તેઓ સીધું જ 'સ્વામિનારાયણ હરે' બોલ્યા કે તરત જ સ્વામીશ્રીએ *'જન્મ્યા કૌશલ...'* ઉપાડ્યું. પછી વચનામૃત ગ.પ્ર. ૫૬ વંચાવ્યું. વાત કરતાં કહે :

'આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની – ચારેને નિશ્ચય તો સરખો જ હોય; પણ સમજણમાં ફેર રહી જાય. જ્ઞાની કઈ રીતે શ્રેષ્ઠ ? તે બ્રહ્મસ્વરૂપે વર્તે, દેહરૂપે ન વર્તે. ને બીજા ત્રણને કામના રહી જાય. કાચપ રહી જાય.

'ગુણ-અવગુણ આવ્યા કરે તે કાચ્ચપ. કામના - ઇચ્છા રાખવી તે બહુ મોટી ખોટ. હવે ગુણમાં દોષ બતાવે છે. 'મારા જેવો તીવ્ર વૈરાગ્ય કોઈને નહીં !' થયું ! અહંકાર આવ્યો. મણમાં આઠ પાંચ શેરીની ભૂલ ! એનું અંગ વૃદ્ધિ ન પામે. માનનો ઘાટ થયો.

'બીજો હોય તે બેસી ન રહે, સેવા કરે. વિચારનું બળ રાખે. નમ્યો તે સૌને ગમ્યો. સહન કરવું તે સાધુતાનો ગુણ. કોઈ પ્રકારે માન ન રાખવું. ચુનીભાઈ માસ્તર એવા છે. બહુ નિર્માની. સેવા ડબલ કરે. પોતાના હૃદયમાં જોવું. માન એક અને ધણી ઝાઝા. તેમાં આઘુંપાછું થાય છે.

'ભેગ ભળ્યો ! માન હોય તે ઉપરથી સારું દેખાય, પણ ભીડો પડે ત્યારે - 'મારાથી નહીં ખમાય...' માન ન હોય તેની ભક્તિ ઉપરથી ન જણાય. નિર્માની પણ બળવાન છે. નિર્માનીપણે વર્તે તે શ્રેષ્ઠ છે. બાળકને ધખો-વઢો તો મનમાં કાંઈ ન થાય. બાળકની પેઠે માન રહિત વર્તવું.'

તા. ૩જીએ, મંગળ પ્રવચનમાં સંતોને સંબોધતાં જણાવ્યું : 'બધા સંતોએ મંદિરમાં જે મોટેરા હોય તેની આજ્ઞા પાળવી. ટૂક ટૂક વર્તવું. 'હું તમારી નહીં પાળું. જોગીની પાળીશ.' એમ હાલે ? ન હાલે. આજ્ઞામાં વર્તવું તો સુખ આવે. આપણે આખો દિવસ સત્સંગમાં જાય. ૨૮ દિવસ ભેગા રહ્યા. કેવું સુખ આવ્યું ! આપણે ભેગા રહ્યા પણ અંતર્વૃત્તિએ કરીને સદા ભેગા જ છીએ. દેહે નોખું પડવું પડે. ભાથું બંધાવ્યું છે, તો બળ રાખવું. કથાવાર્તામાં રુચિ રાખવી. સંપીને બધું કરવું. ૫૦૦ સાધુ થઈ જશે. પૂછવા આવશે કે 'મારી ટિકિટ આપશો ? મારી ટિકિટ આપશો ?' કહેવાનો હેતુ શું ? હજી ઘણા તૈયાર કરવાના છે. કેટલાક 'હા' પાડે છે. કેટલાક 'ના' પાડે છે. પ્રેક્ટિસ ચાલે છે. ગાંધીની જેમ ચળવળ હાલે છે. બંધ નથી પડી. કેટલાક થવા આવે છે તો અમે ના પાડીએ છીએ. 'કરો, કરો' કહે. પણ તપાસીને કરવું. નાહી (નાસી) ન જાય ! નવાને વાતું, અષ્ટક શીખવવાં. પાકા થઈ જાય, પછી સત્સંગ મૂકીને ન જાય. મૂંઝવણ થાય કે 'મને કોઈ બોલાવતું નથી. માટે ઊપડવું છે !' પણ મૂંઝવણ થાય તો મહંત સ્વામીને કહી દેવું. ઈન્જીક્શન દે, મૂંઝવણ ટાળી નાખે. અહીં અક્ષરધામનું સુખ છે. ને ઘરે કોદાળી લેવી પડે. અમે તો નજરે જોયું છે.

૫૦ વરસ થયાં. સંસારમાં સુખ નથી. સમાગમમાં સુખ છે.'

મન સોંપી દેવું

પૂજા બાદ ૭-૦૦ વાગે વચનામૃતની સભામાં સ્વામીશ્રી ગ.પ્ર. ૬૭ મોઢે બોલવા લાગ્યા :

'જેવા સત્પુરુષમાં ગુણ જોઈએ, તેવા આપણામાં આવે. આપણે ફોટો પડાવવા બેઠા ને આંખ બંધ કરો તો શું આવશે ? કાણા, વાંકા, ટેઢા, જેવા બેસીએ તેવો ફોટો આવે. તેમ સત્પુરુષને જાણે તેવો થાય. નિર્દોષ, સર્વજ્ઞ જાણીને અંતરાય ટાળી નાખવો. કહે તેમ કરવું. સત્પુરુષના ગુણ લાવવાની વાત છે. નિર્ગુણ સ્વામી આ વચનામૃત બહુ કઢાવતા. ઊઠવા ન દે.'

એટલામાં સેવક ઉકાળા-પાણી માટે બોલાવવા આવ્યા. તો સ્વામીશ્રી કહે : 'જ્ઞાનના ઉકાળા પિવાઈ ગયા. હવે આ ઉકાળા. બોલો સહજાનંદ સ્વામી મહારાજની જય !'

વળી, સૌને બ્રહ્માનંદ કરાવતાં કહે :

'ગુણાતીત ! દુકાન બંધ છે. બોચાસણ આઠ દી' રહ્યા. કોઈ માલ લેતો નથી. માલ શું, સમજ્યા ? કંઠી. કોઈ નથી લેતો. કાલે પધરામણીએ ગયા તો ૧૦-૧૫ જણે માલ લીધો. ફરીએ તો માલ ખપે.

'સત્પુરુષ કહે તેમાં શંકા નહીં. અવળું કહે તોય સરખું થઈ જાય. આપણું અવળું સવળું થઈ જાય. તેના ઘણા પુરાવા જોયા છે. ભગવાન ને સંત કહે તેમ કરવું. આટલા દિવસ ભંભલી ભરી. ઠાલવજો. વાત કરજો. સમાગમ-ગોષ્ઠિ થાય. ગ.પ્ર. ૭૬માં ત્રણ લીટી છે. વાંચો... આ લીટી બધાએ યાદ રાખવી. મન સોંપી દેવું.'

પછી આરતી કરી ખુરશીમાં જ પધરામણીએ નીકળ્યા. ને કહે : 'આ તો ગુરુનું ગામ. તેથી બધે પગલાં પાડવાં પડે. વર્તમાન ધરાવવાં એક લોટો પાણીનો સાથે રાખો.'

પછી ઉમેદભાઈને ત્યાં ખુરશી મુકાવીને બધા સંતોને બોલાવ્યા. ને કહે : 'શાસ્ત્રીજી મહારાજ અહીં જમેલા. વિજ્ઞાન સ્વામી બે વખત આવેલા. રસોઈ કરેલી. હું ભેગો હતો.'

બાદ જશભાઈને ત્યાં ઉતારે પધાર્યા. સ્વામીશ્રી એટલા બધા થાકી ગયા હતા કે પધરામણીમાં આરતી દરમ્યાન ખુરશીમાં બેઠાં બેઠાં ઝોલાં ખાતા હતા ! આમ

ને આમ ૩૫ પધરામણી કરી. છેલ્લે કહે : 'આખું ગામ ગોકુળિયું કરી નાખ્યું.'

આજે રસોઈમાં બરફી-ચૂરમું હતું, તે સંતો-હરિભક્તોને પીરસી, ઠાકોરજી જમાડી, ૧૨-૫૦ વાગે ગ.અં. ૭ કઢાવી સભા ભરી.

સ્વામીશ્રી કથા કરવા બેસે તો ટાઈમનો મેળ ન રહે. 'હરે' પણ જતા રહે.

સાંજે ઊઠીને ગામમાં અને સોસાયટીમાં પધરામણી કરી, અટલાદરા જવા નીકળ્યા. સાથે સંતો પણ સ્પેશિયલ બસ દ્વારા અટલાદરા આવ્યા. સ્વામીશ્રી તો અટલાદરા ન મળ્યા. સંતો નિરાશ થઈ ગયા અને વડોદરા જવા નીકળ્યા. યાર્ડમાં પડેલા રિઝર્વ ડબામાં સામાન ગોઠવી સંતો શહેરમાં હરિભક્તને ત્યાં ઠાકોરજી જમાડવા ગયા.

સ્વામીશ્રી વાસદ બેચરભાઈના પેટ્રોલ પંપે દર્શન દેવા રોકાયા. ત્યાંથી આગળ જતાં છાણીના એક હરિભક્ત ફુલાભાઈની મોટર છાણી જતી હતી. તેમણે સ્વામીશ્રીને મોટરમાં જતા જોયા તેથી મોટર ઊભી રાખી ને સ્વામીશ્રીને છાણી પધારવા વિનંતી કરી. સમય બિલકુલ ન હતો, છતાં તેમના આગ્રહને માન આપી સ્વામીશ્રી છાણી પધાર્યા. ત્યાં અડધો કલાક રોકાયા અને ઉતાવળે ઉતાવળે મુંબઈ જતા સંતોને મળવા વડોદરા આવી પહોંચ્યા. સ્વામીશ્રી અને સંતોનાં મિલનનું દર્શન-વર્ણન શબ્દોમાં સમાવી શકાય નહિ. મિલન અપૂર્વ હતું. વિરહની આખરી પળો ભક્તિભીની હતી.

સંતો એકદમ હર્ષઘેલા બની સ્વામીશ્રીને મળ્યા. આનંદ છવાઈ ગયો. સ્વામીશ્રીને વાસદમાં ખબર મળ્યા કે સંતો શહેરમાં જમવા જવાના છે. એટલે તેઓ સીધા સંતોને મળવા અહીં આવ્યા. પ્રમુખસ્વામીનાં પણ દર્શન કર્યાં !

સ્વામીશ્રી મકાન બહાર 'શેડ' નીચે બાંકડા પર બિરાજ્યા અને મહંત સ્વામીને કહ્યું : 'બધાએ હાથ-પગ ધોઈને જમવું. ચાલો, થોડી વાત કરી લઉં.'

ત્યાં કોઈ કહે : 'મોડું થાય છે.'

સ્વામીશ્રી કહે : 'હાલો ત્યારે.'

પછી ઓરડાની અંદર સોફામાં બિરાજ્યા. સ્વામીશ્રીએ એક પગની પલાંઠી વાળી, બીજો હાથ સોફા પર કોણીથી ટેકો આપતાં મૂક્યો હતો. પછી મહંત સ્વામીએ ગોળ તકિયો મૂક્યો. સ્વામીશ્રીએ કહ્યું : 'બે વાત બોલી લઈએ, મુદ્દાની વાત છે.'

પછી કેરીનો રસ સૌ જમ્યા કે નહીં તે પૂછ્યું ને તેનો ભાવ વગેરે જાણ્યું. ત્યાં શ્રીહરિ સ્વામી કહે : 'આપને રસની રુચિ ખરી ? તમે જમો.' સ્વામીશ્રી

કહે : 'બીજો કોણ જમે છે ? તમારામાં રહી અમે જ જમીએ છીએ !'

એટલામાં સેવક વાટકામાં રસ લાવ્યા. સ્વામીશ્રીને હાથમાં વાટકો આપ્યો ને કહે : 'જમો.'

સ્વામીશ્રી કહે : 'ચમચી લાવો.' પછી પૂછ્યું : 'અંદર બરફ નાખ્યો છે ?' સ્વામીશ્રીને ઠંડું રુચતું નહીં.

'ના.'

પછી ચમચીને ઊંચી રાખી એક ટીપું મોઢામાં નાખ્યું. ને તરત જ મોં બગાડી કાઢ્યું. કપાળના મધ્યમાં આંગળી મૂકી કહે : 'તમ્મર ચડી ગયાં !' અર્થાત્ ખટાશ ચઢી ગઈ. એમ બહાનું બતાવી રસ જમ્યા નહિ.

બાદ પૂજા-હારતોરા થયાં. સ્વામીની વાતો બોલ્યા. પછી લો. ૧૭ વચનામૃત સંતોને મોઢે કરવા આજ્ઞા કરી ને કહે : 'હું પાઠ લઈશ. નાના ભગતને શીખવાડવું. ત્રણ વાનાં કરવાં :

'૧. એકાંતિક ધર્મ સિદ્ધ કરવો. ૨. બ્રહ્મની સ્થિતિ કરવી. ૩. દેહનો અનાદર કરવો.'

વળી કહે : 'મુસાફરીમાં પાણીનાં માટલાં ત્રણ રાખવાં. તમને બહુ તરસ ન લાગે ! એકાદ માટલું સાઇકલ પર મોકલી દેવું... અટલાદરાથી મગાવી લેવાં. ગાડીમાં તમારે ચાલે.

'હરિગુણ ગાતાં...' એમ ચાર ચારની ચોસરો બોલાવી. પછી કહે : 'કેટલી વાર છે ?'

સત્યપ્રિય સ્વામી કહે : 'આપ ઊઠો તેટલી !' એટલે સ્વામીશ્રી ઊઠ્યા. સંતોને વળાવવા આવ્યા. સંતો ભારે હૈયે છૂટા પડ્યા. સ્ટેશને ગયા.

અટલાદરા મોટાસ્વામીને મળી, ખબર-અંતર પૂછી, બોચાસણ થઈ, એ.પી. પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા સ્વામીશ્રી ધર્મજ પધાર્યા.

બીજે દિવસે સવારે ધર્મજથી વિદાય લઈને એક માઈલ દૂર અંબાડી - તલાવડીએ પધાર્યા. જ્યાં શ્રીજીમહારાજ વર્ણીવેશે એક વૃક્ષ નીચે બિરાજ્યા હતા અને તલાવડીમાં સ્નાન કર્યું હતું. આ તલાવડીની એક વિશેષતા છે કે જમીનમાંથી જ પાણીની સેર આવે છે અને સુકાતી નથી. સ્વામીશ્રીએ ઈશ્વરભાઈને ત્યાં ઓટો કરવાની આજ્ઞા કરી અને પ્રસાદીના સ્થાનને ફરી જીવંત બનાવ્યું.

બપોરે બોચાસણમાં જમી ને આરામ લીધો. સ્વામીશ્રી ત્રણ દિવસ

બોચાસણ રહેવાના હતા. સ્વામીશ્રીની દિનચર્યા અતિ અલૌકિક હતી. પ્રથમ વહેલી સવારે જ્ઞાનવાતો કરે, પછી સ્નાનાદિકથી પરવારી ૬-૪૫ વાગે પૂજા કરવા બેસે અને ત્યારપછી સૌને 'જય સ્વામિનારાયણ' કરવા આસને આસને જાય. મંદિર ઉપર શણગાર-આરતી કરે. પછી નીચે રંગમંડપમાં દર્શન કરી, મંદિર બહાર શ્રીજીની પ્રસાદીની બેઠકે દર્શન કરી, મંદિરના પાછળના ભાગમાં ખાનદેશી પુરુષોત્તમ સ્વામીના સમાધિ સ્થાને પણ ખુરશીમાં બેસીને દર્શને જાય.

જેઠ સુદ ૧૦, શ્રીજીમહારાજની અંતર્ધાન તિથિએ આર.યુ. પટેલ તરફથી ઠાકોરજીને થાળ કર્યો. મારી પાસે હરિલીલાકલ્પતરુ તથા સ્મૃતિ ગ્રંથનું પારાયણ બે દિવસ કરાવ્યું. ભીમ એકાદશીનો સમૈયો બોચાસણ ઊજવી, આર.યુ. પટેલના આમંત્રણથી તા. ૯મીએ, સ્વામીશ્રી સુણાવ પધાર્યા.

બાંધણીમાં રહેતા આફ્રિકાનાં શાંતાબહેને જિલ્લા પંચાયતના પ્રમુખ અને બાંધણીના વતની ઈન્દુભાઈ દ્વારા સ્વામીશ્રીને બાંધણી પધારવાનું આમંત્રણ આપ્યું. બાંધણીમાં ખાસ સત્સંગીઓ નહિ; પણ સૌએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું, જાહેર સભા થઈ અને સમાસ સારો થયો. સ્વામીશ્રીનાં દિવ્ય વ્યક્તિત્વની સૌનાં અંતરમાં છાપ પડી.

ભેટાશી નરોત્તમભાઈ તથા દરબાર તખ્તસિંહની સેવા અંગીકાર કરી, સ્વામીશ્રી અટલાદરા પધાર્યા. અહીં સ્વામીશ્રીએ મંદિરની ખેતીવાડી સંભાળતા કેશવ ભગત સાથે મંદિરનાં ખેતરોમા ફરી નિરીક્ષણ કર્યું. બે દિવસ વડોદરામાં પધરામણીઓ પણ સારી થઈ.

મહી કાંઠે મંદિર-નિર્માણ

બદલપુર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ હોવાથી અહીંથી મોટર રસ્તે બદલપુર જવા નીકળ્યા. માર્ગમાં ઝારોલાના હરિભક્તોએ પણ સ્વામીશ્રીને ગામમાં પધારવા વિનંતી કરી. તેઓ બે કલાકથી ગામની ભાગોળે સ્વામીશ્રીનાં દર્શન માટે આતુરતાથી રાહ જોઈને બેઠા હતા. રાત્રે ઘણું મોડું થઈ ગયું હોવાથી, વળતાં ઝારોલામાં પધારવાનું વચન આપીને સ્વામીશ્રી બદલપુર પધાર્યા.

માનસિંહ ગોહેલના નેતૃત્વ નીચે બદલપુર, રાવપુરા, હરિપુરા, નરસિંહપુરા વગેરે અનેક પરાંઓના હરિભક્તોએ એકઠા મળીને સ્વામીશ્રીનું ભવ્ય સામૈયું કર્યું. નાના અક્ષર સ્વામીના અવિરત પ્રયત્નથી અહીંયાં સત્સંગ જામી ગયો હતો. સ્વામીશ્રી પધારતાં લગભગ પાંચ હજાર હરિભક્તો સામૈયામાં

હતા. રાત્રે સારી સભા થઈ. સ્વામીશ્રીએ મંગલ આશીર્વાદ આપ્યા.

તા. ૧૭-૬-'૬૫, સવારે ૯-૦૦ વાગે અક્ષરપુરુષોત્તમ મહારાજની પટ-મૂર્તિઓની, સ્વામીશ્રી તથા સંતો સાથે શોભાયાત્રા નીકળી. આખું ગામ આસોપાલવનાં તોરણોથી શણગારવામાં આવ્યું હતું. અબીલ-ગુલાલ અને અક્ષતનાં છંટકાવથી વાતાવરણ વધુ દિવ્ય બની ગયું હતું. શેરીએ શેરીએ સ્વાગત થયું અને સ્વામીશ્રી તથા સંતોને ફૂલહાર કરવામાં આવ્યા. શોભાયાત્રા મંદિરે પાછી ફરી અને વેદ વિધિ અનુસાર શાસ્ત્રી કરુણાશંકર તથા શાસ્ત્રી ચીમનલાલ વગેરે વેદપાઠી પવિત્ર બ્રાહ્મણોએ શાંતિયજ્ઞ આરંભ્યો. સ્વામીશ્રીના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ અને યજ્ઞની પૂર્ણાહૂતિ કરવામાં આવી. અક્ષર-પુરુષોત્તમ મહારાજ બદલપુરમાં બિરાજી ગયા. આશરે એકસો પચીસ મણ લોટનો ચૂરમાનો લાડુ બનાવવામાં આવ્યો હતો. લગભગ બારથી પંદર હજાર ભક્તોએ પ્રસાદ લીધો. આ અદ્‌ભુત પ્રતિષ્ઠા મહોત્સવ મંદિરોના ઈતિહાસમાં યાદગાર બની રહ્યો.

છત્રસિંહને સ્વામીશ્રીનું શિરછત્ર

અહીંના છત્રસિંહ પ્રભાતસિંહ વિચિત્ર રોગથી પીડાતા હતા. કોઈ દવા લાગુ પડતી નહીં. તેમાં વળી ઘરમાંથી બે કાળોતરા સર્પ નીકળ્યા. સૌએ ડરના માર્યા બંનેને મારી નાખ્યા. પછી તો રોગે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. વજન ઘટવા લાગ્યું અને મોતની રાહ જોતાં દિવસો પસાર કરવા લાગ્યા.

સ્વામીશ્રી અહીં ઉત્સવ નિમિત્તે આવ્યા હતા, પણ તેમને વાત કહેવાની હિંમત ચાલે નહીં. તેમણે પ્રમુખસ્વામીને પોતાની વીતક કહી. પ્રમુખસ્વામી તેમને તરત જ સ્વામીશ્રી પાસે લઈ ગયા.

સ્વામીશ્રી તેમને આશીર્વાદ આપતાં કહે : 'રાજા ગાદીએ બેસે ત્યારે બધા કેદીઓને છોડી મૂકે. તેમ આજે અહીં અક્ષરપુરુષોત્તમ મહારાજ બેસી ગયા એટલે તમારો બધો રોગ ગયો ! તમારો રોગ એ મહારોગ છે, પણ મહાકાળથી રક્ષા થશે. માટે હવે તો સેવામાં મંડી પડો.' એમ કહી પ્રસાદીનું જળ આપ્યું અને રોજ એક ચમચી પીવાની તથા ગળે લગાડવાની આજ્ઞા કરી. તે ઉપરાંત, રોજ સ્વામિનારાયણ મંત્રની પાંચ માળા ફેરવવા તથા ગોંડલ અક્ષર દેરીની ૫૧ મહાપૂજા કરવા પણ કહ્યું.

થોડા જ વખતમાં છત્રસિંહનો ભયંકર રોગ ગાયબ થઈ ગયો. ક્યારે અને

કઈ ક્ષણે તેઓ સ્વસ્થ થઈ ગયા તેની તેમને પણ ખબર ન પડી !

છત્રસિંહ તથા તેમનાં કુટુંબીજનોને પ્રતીતિ આવી કે મહાન સંત કાળ, કર્મ અને માયાના પ્રાબલ્ય ઉપર પણ શક્તિ અને સત્તા ધરાવે છે.

ધુવારણ વીજળી-મથકમાં મંગળમૂર્તિ

ધુવારણ પધરામણીમાં દવે સાહેબે તથા સ્થાનિક એન્જિનિયરોએ સ્વામીશ્રીને ત્યાંની દરેક યોજના સમજાવી. મોટાં મોટાં મશીનો અને વીજળી ઉત્પાદનની ગોઠવણી જોઈને સ્વામીશ્રી વારંવાર કહેવા લાગ્યા : 'અહોહો ! બહુ દાખડો કર્યો. આવું ન બને.' એમ પ્રશંસા કરી. દરેક જગ્યાએ પુષ્પ છાંટીને રૂડા આશીર્વાદ આપ્યા. જ્યાંથી વિદ્યુત-વ્યવસ્થા કરવામાં આવી છે એ મહી નદીના કાંઠે સ્વામીશ્રી પધાર્યા. પાણીમાં પુષ્પ છાંટ્યાં અને સર્વનું કલ્યાણ થાય એવા રૂડા આશીર્વાદ આપ્યા.

અગાઉ વચન આપ્યા પ્રમાણે સ્વામીશ્રી પાછા ફરતાં ઝારોળા રોકાયા, હરિભક્તોનો ભાવ પૂરો કરી આણંદ આવી પહોંચ્યા.

તા. ૧૯મીએ આણંદ મંદિરમાં વેદોક્ત વિધિથી હનુમાન-ગણપતિજીની મૂર્તિપ્રતિષ્ઠા સ્વામીશ્રીના વરદ હસ્તે થઈ.

❀ ❀ ❀



બ્રહ્મવિદ્યાની કૉલેજ

વિદ્યાનગરમાં તૈયાર થયેલ અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે સ્વામીશ્રી તા. ૨૦-૬-'૬૫ના રોજ આવી પહોંચ્યા. છાત્રાલયના વિશાળ પ્રાંગણમાં સુંદર મંડપ બાંધ્યો હતો. સભાપ્રમુખ તરીકે ઉપકુલપતિ ઈશ્વરભાઈએ જણાવ્યું હતું કે 'કેળવણીની બધી જ પ્રક્રિયામાં પ્રગતિનું મૂળ કારણ, છાત્રાલયનું વાતાવરણ છે. છાત્રો વચ્ચે મિત્રભાવ હશે, સદાચાર હશે, અરસ-પરસની મદદવૃત્તિ હશે, એકબીજાના સુખે સુખિયા ને દુ:ખે દુ:ખિયા થવાની ભાગીદારીની ટેવ હશે, તો છાત્રાલયની શોભાની સાથે સાથે વિદ્યાર્થી-જીવન સંપૂર્ણ વિકસિત બનશે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ એક ભાવના ખૂબ જ જોવામાં આવે છે.'

પ્રમુખસ્વામીએ સંસ્થાનો છાત્રાલય નિર્માણનો હેતુ સ્પષ્ટતાપૂર્વક સરસ રીતે સમજાવતાં કહ્યું :

'જીવનમાં સાદાઈ, સરળતા, સેવા, સંયમ, સહનશીલતા અને સુહૃદભાવ, સુખે સુખિયા, દુ:ખે દુ:ખિયા થવાની રીતિ - બધું જ સ્વામીશ્રીના જીવનમાંથી મળે છે. માટે સ્વામીશ્રીને માધ્યમ રાખશું તો સહેજે જ ગુણો સ્ફુરી આવશે, વર્તવાનું બળ મળશે અને સ્વામીશ્રી ઘણી જ પ્રેરણા કરશે.

'સ્વામીશ્રીનું જીવન એ જ ઉદેશ અને ઉપદેશ છે. માટે આવા પુરુષ મળ્યા છે, તો આપ સૌને સહેજે જ બળ મળશે અને આનંદ વર્તશે.

'આપ સૌ અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં નિવાસ કરશો ને શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ સનાતન સિદ્ધાંત આત્મા અને પરમાત્મા - અક્ષર અને પુરુષોત્તમના સિદ્ધાંતને સમજશો. આ દિવ્ય પુરુષોના દાખડાને સફળ બનાવી ખૂબ જ શોભાવશો, છાત્રાલયનું નામ અમર બનાવશો.

'યુવકો તરીકે આપ સૌની જવાબદારી ઘણી છે. સારા જીવનની ઝંખના

કોને ન હોય ? કોણે જીવનને ધન્ય ન બનાવવું હોય ? માટે ધર્મ-નિયમ પાળી, સપ-સુહૃદભાવ રાખી, તિલક-ચાંદલો લજવ્યા વગર સાચું નીતિવાળું જીવન જીવી ખૂબ જ શોભાવશો. તે અંગે સ્વામીશ્રી જ બળ આપશે. એ જ પ્રાર્થના !'

ચૈતન્ય મંદિરોની સર્જનશાળા

સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

'અહોહો ! આ છાત્રાલય શરૂ થશે તે ચૈતન્ય મંદિરો તૈયાર થશે. કળિયુગમાં સત્યુગ પ્રવર્તશે. લાખો જીવોનાં કલ્યાણ અર્થે જે શાસ્ત્રીજી મહારાજે કાર્ય કર્યાં તે જ ઉદ્દેશ ફળીભૂત થઈ જશે.

'સાચો પરોપકાર સંત જ કરી શકે. માયા પાર જીવને કરવા, ચોરાશીમાંથી જીવને બચાવવા, તે મહામોટો પરોપકાર કહેવાય. તે શાસ્ત્રીજી મહારાજની દયાથી થઈ રહ્યો છે.

'સાત વર્ષનો સંકલ્પ આજે સફળ થયો. પણ એક હાથે તાળી ના વાગે. જુઓ, બધા જ મળ્યા, બધાએ સહકાર આપ્યો અને યુવકો એમાં ભળ્યા, આજે જયજયકાર થઈ ગયો.'

છાત્રાલય બ્રહ્મવિદ્યાનું કેન્દ્ર બનશે એવા રૂડા આશીર્વાદ આપી સ્વામીશ્રીએ સૌને રાજી કરી દીધા. મણિભાઈ જીવાભાઈને સાથે રાખી સ્વામીશ્રીએ છાત્રાલયનું ઉદ્‌ઘાટન કર્યું. સમારંભમાં વિદ્યાનગરના ઘણા પ્રોફેસરો, મહાનુભાવો હાજર રહ્યા હતા. આજનો મહાપ્રસાદ મુંબઈના ઈશ્વરભાઈ દેસાઈ તરફથી હતો.

સાંજે સૌ પ્રથમ વાર સ્વામીશ્રીએ બાકરોલમાં સત્સંગનાં બીજ વાવ્યાં. નરસિંહભાઈ તથા ચંદુભાઈને ચિખોદ્રા લાભ આપી, સ્વામીશ્રી બોચાસણ આવ્યા. અહીં મંદિરના નિષ્ઠાવાન સેવક જશભાઈના અચાનક અક્ષરવાસથી તેમનાં કુટુંબીજનોને આશ્વાસન આપી, જેતલપુર દર્શન કરી, અમદાવાદ આવી પહોંચ્યા.

અહીંથી વિરમગામ થઈ, વઢવાણ - બ્રાહ્મણ જ્ઞાતિની વાડીમાં ગિરધરભાઈ દેપાલાની રસોઈ જમી, જાહેર સભા કરી, રાજકોટ, ગોંડલ થઈ જામનગર પધાર્યા.

તા. ૨૬-૬-'૬૫, અહીં 'હરિલીલાકલ્પતરુ'ના તૃતીય સ્કંધના પારાયણનો પ્રારંભ પ્રમુખસ્વામીએ લોહાણા મહાજન વાડીમાં કર્યો. સાથે સિદ્ધેશ્વર સ્વામી પણ લાભ આપતા. સાંજે 'વચનામૃત'નું પારાયણ બાળમુકુંદ સ્વામી અને

'સ્વામીની વાતું'નું પારાયણ હું વાંચતો. રાત્રે જાહેર સત્સંગ સભામા, સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ લેવા જામનગરની પ્રજા ઊમટતી. જામનગર જિલ્લાના તથા હાલાર પ્રદેશના તેમજ સૌરાષ્ટ્રના ઘણા હરિભક્તો લાભ લેવા આવ્યા હતા.

એક દિવસ મહંત શાંતિપ્રસાદજીના આમંત્રણથી આણદાબાવાના આશ્રમમાં પધાર્યા હતા. સાંજે જાહેર સભામાં તેમણે સ્વામીશ્રીના મહિમાની ઘણી વાતો કરી હતી. શેઠ બારદાનવાળાએ સ્વામીશ્રીની અજોડ સાધુતા વર્ણવી.

સ્વામીશ્રી જામનગરની જેલમાં રાઘવભાઈને દર્શન દેવા પધાર્યા હતા. જેલર દવે સાહેબે સ્વામીશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું. સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદ માટે તેમણે બધા જ કેદીઓની સભા ગોઠવી હતી. સૌને સુખી થવાના રૂડા આશીર્વાદ પાઠવી, સ્વામીશ્રી બે કીર્તનો બોલ્યા. 'આવા સંતનાં દર્શનથી જ સૌનાં પાપ બળી જાય છે' – એવો મહિમા દવે સાહેબે સૌને સમજાવ્યો હતો. વ્યક્તિગત દર્શન અને આશીર્વાદ મેળવી, દરેક કેદીએ ક્યારેય ન અનુભવી હોય એવી પરમ શાંતિ મેળવી.

મડાંને બેઠાં કરે રે જી

પારાયણમાં અનેક હરિભક્તો-યુવકો સેવા કરી સ્મૃતિ મેળવતા. વળી, સ્વામીશ્રીની પણ એવી ખાસિયત કે જેનામાં જે ગુણ, શક્તિ હોય તેની પ્રશંસા કરી, કદર કરે.

જાયવાના ઘનશ્યામસિંહજીના પુત્ર નટુભાને સેવાનું અંગ, તેથી સ્વામીશ્રી તેમની પર ઘણો રાજીપો દર્શાવતા. અહીં તેઓ પાણીની સેવામાં હતા.

કથા દરમ્યાન એક દિવસ અચાનક તેમને પેટનો દુખાવો ઊપડ્યો. અસહ્ય પીડાથી થોડી જ ક્ષણોમાં તેઓ બેશુદ્ધ થઈ ગયા. ડૉકટરોએ તપાસ્યા અને નિદાન કર્યું કે કેસ ખલાસ છે ! થોડી જ મિનિટોનો દુખાવો મૃત્યુ નિપજાવી શકે તે માનવા કોઈ તૈયાર નહોતું. વળી, પારાયણના આયોજકોને એ દુઃખ થયું કે શુભ પ્રસંગમાં આવો યુવાન અવસાન પામે તો પ્રસંગને બટ્ટો લાગે. ઘરનાં સૌ મૂંઝાઈને રડવા લાગ્યાં.

આ દરમ્યાન સ્વામીશ્રી બારદાનવાળા શેઠ સાથે જામ સાહેબ દિગ્વિજય-સિંહજીના બંગલે પધરામણીએ પધાર્યા હતા. થોડી વારમાં સ્વામીશ્રી આવી પહોંચ્યા. શંભુસિંહજીએ હાથ જોડી વિગત કહી.

સ્વામીશ્રી કહે : 'એમ ? એવું થયું છે ? હાલો જોવા.'

પછી નટુભાને સુવાડ્યા હતા તે ઓરડામાં પધાર્યા. સૌને ઉદાસ જોઈ સ્વામીશ્રી કહે : 'હજુ તો નટુભા પાસે ઘણી સેવા લેવાની છે. માટે સારું થઈ જશે. કરો ધૂન...!'

સ્વામીશ્રીએ ધૂન કરતાં જ તેમના શરીરે હાથ ફેરવ્યો. થોડી જ ક્ષણોમાં નટુભાએ આંખ ખોલી અને પડખું ફેરવ્યું. સૌ આશ્ચર્યથી જોઈ રહ્યા. નટુભાએ બેઠાં થઈ સ્વામીશ્રીને બે હાથ જોડી દીધા.

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજને પ્રાર્થના કરી ધામમાંથી પાછા લાવ્યા છીએ. હજુ તમારે પાંચ વર્ષ સેવા કરવાની છે.'

સ્વામીશ્રીના વચન અનુસાર નટુભા બરાબર પાંચ વર્ષ જ આ લોકમાં રહ્યા અને તે પછી ધામમાં ગયા.

પારાયણની પૂર્ણાહુતિ સારી રીતે થઈ. શેઠ બારદાનવાળાનો તેમાં મોટો ફાળો હતો. સાથે ભાસ્કરભાઈ, પ્રવીણભાઈ દાસાણી તથા માલદેવભાઈ બધા ભક્તો પણ અખંડ સેવામાં હતા.

તા. ૧-૭-'૬૫, શેઠના આગ્રહથી અલિયાબાડામાં તેમને બંગલે પધરામણી કરી. અહીંની ગંગાજળા વિદ્યાપીઠમાં સાક્ષર ડોલરરાય માંકડે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. વિદ્યાર્થીઓએ ગીતાના સ્થિતપ્રજ્ઞના શ્લોકોનું ગાન કર્યું અને એ જ સ્થિતપ્રજ્ઞ પુરુષ આ સ્વામીશ્રી છે - તેવું શેઠે પોતાના વક્તવ્યમાં સૌને સમજાવ્યું.

અલિયાબાડાને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સહજાનંદ સ્વામી તથા અક્ષર-બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રથમ મિલન સ્થાન તરીકે મહાપ્રસાદીનું સ્થાન જણાવી સ્વામીશ્રીએ મહિમા ગાયો અને અધ્યાપન મંદિરને આશીર્વાદ આપ્યા.

અહીંથી નિષ્કુળાનંદ સ્વામીના જન્મ સ્થાન શેખપાટ દર્શન કરી, ડાંગરા થઈ, જાયવા ઘનશ્યામસિંહ તથા નટવરસિંહને સેવાનો લાભ આપી, પડધરી ભગવાનજીભાઈને ત્યાં સત્સંગ સભા યોજીને, રાજકોટ ચંદ્રકાંત ત્રિવેદીને ત્યાં ઠાકોરજી જમાડી, મોડી રાત્રે ગોંડલ આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી સૌને કથાવાર્તા અને સેવાનો મહિમા સમજાવી અલૌકિક સુખ આપતા. ગુરુકુળનું કામ ચાલતું ત્યાં સાંજે નિરીક્ષણ કરવા જતા. સ્થાનિક યુવક મંડળની સભામાં પધારી, યુવકોને અક્ષર દેરીનો મહિમા સમજાવી, સત્સંગની દૃઢતા કરાવતા.

ભક્ત ઉપર અધિક વર્ષા

સ્વામીશ્રી સભામંડપમાં બિરાજ્યા હતા. સભા ચાલુ હતી. પડવલાના ભીખુભા વજુભા દરબાર સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ આવ્યા. તેઓ બહુ ચિંતાતુર હતા. આરોગ્ય મંત્રી મોહનભાઈ વ્યાસ તથા બીજા એક મંત્રીશ્રી અમદાવાદથી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. એ વખતે ક્યાંય વરસાદ થયો નહોતો. તેથી સ્વામીશ્રી પાસે આ બંને મંત્રીશ્રીઓએ પ્રાર્થના કરી અને સ્વામીશ્રીએ સભામાં ધૂન્ય કરાવીને આશીર્વાદ આપ્યા હતા કે બે દિવસમાં સર્વત્ર વરસાદ થઈ જશે.

મંત્રીઓએ વિદાય લીધી પછી, સભા પૂરી થતાં સૌ જવા લાગ્યા. સ્વામીશ્રી પણ ઉતારે જવાની તૈયારીમાં હતા. ત્યાં હર્ષદભાઈ ચાવડાને લઈને ભીખુભા સ્વામીશ્રી પાસે પહોંચી ગયા.

સ્વામીશ્રીએ તેમને આશીર્વાદનો થાપો આપ્યો. ઘરના દેશકાળ અને ગામના સર્વે સમાચાર પૂછ્યા. ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! મો'લાત વાવી છે પણ વરસાદ વિના સુકાય છે. વરસાદના આશીર્વાદ લેવા માટે જ આવ્યો છું. પ્રધાન સાહેબો આવ્યા તેથી આપને મળવું કેમ ? તેની ચિંતામાં હતો.'

એ સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા ને બોલ્યા : 'બાપુ ! તમારા ગામમાં આજે વરસાદ થશે, કાલે વરસાદ થશે ને પરમ દિવસે પણ વરસાદ થશે. અહીં બે પ્રધાનો આવેલા તે બધે બે દિવસ વરસાદ વરસશે; પણ તમે પ્રધાન કરતાં ઘણા મોટા છો, માટે તમારા ગામમાં ત્રણ દિવસ વરસાદ વરસશે.'

સ્વામીશ્રીની આવી દિવ્ય ગણતરીથી સૌ હસી પડ્યા. સ્વામીશ્રીના આશીર્વાદ મુજબ તેમજ બન્યું.

સ્વામીશ્રીને મન એક પ્રધાન કરતાંય પોતાના સામાન્ય હરિભક્ત પણ ઘણા મોટા હતા.

મજૂરી અને સેવાનો ભેદ

આ અરસામાં ગુરુકુળનું બાંધકામ ચાલતું હતું. તેથી સ્વામીશ્રીએ અહીં સેવા કરતા કૃષ્ણકાન્ત બ્રહ્મભટ્ટને કડિયા-દા'ડિયાને દેખરેખ માટે રાખેલા.

એક દિવસ સ્વામીશ્રી તેમને કહે : 'તમારે શણગાર આરતીની રાહ ન જોવી. સવારે સૌને અડધો કલાક વહેલા કામે ચડાવી દેવા. અને સાંજે અડધો કલાક મોડા છોડવા. આ એક કલાક મજૂરોની સેવા થઈ જાય. ઓલી મજૂરી

કહેવાય ને આ સેવા !'

એ વખતે કડિયાના છ રૂપિયા, મજૂરોના ત્રણ રૂપિયા અને બાઈઓ દાડિયાના સવા બે રૂપિયા રોજ હતા. સ્વામીશ્રીની આજ્ઞા હતી કે 'રૂપિયે એક પૈસો દરેકની મજૂરીમાંથી ધર્માદાનો કાપી લેવો. જેથી કામ કરનાર સૌનાં દેશકાળ સારા થાય. આ તેનો દશાંશ-વીશાંશ ધર્માદો.'

સૌ કડિયા-મજૂરોએ પ્રેમપૂર્વક સ્વામીશ્રીની આ આજ્ઞા માથે ચડાવી. તેથી સૌને ધર્માદાના પૈસા બાદ કરીને પછી જ દા'ડી અપાતી.

સ્વામીશ્રીની આ વિશાળ ભાવના હતી કે ગમે તે રીતે પણ આ જીવોને ભગવાનનો સંબંધ કરાવવો અને તે માટે સેવા કરાવવી. તે વિના સંસ્કાર પડતા નથી.

એક દિવસ સ્વામીશ્રીએ જસદણ ઠાકોરના ભાયાત રામભા બાપુના આમંત્રણથી રાજકોટ તેમના બંગલે પધારી, ઠાકોરજી જમાડી, કુંવર પ્રદીપ-કુમારને જન્મ દિવસ નિમિત્તે રૂડા આશીર્વાદ આપ્યા. ગણાત્રા સાહેબની તબિયત જોઈ ગોંડલ પાછા આવ્યા. મંદિર બહાર નીકળે ને ગામ તરફ પધારે ત્યારે સ્વામીશ્રી અવશ્ય જૂના મંદિરે અને કૈલાસ બાગ દર્શને જાય જ.

નિયમની એકાદશીએ વહેલી સવારે ગ.મ. ૮ તથા ગ.પ્ર. ૮ તથા ગ.પ્ર. ૧૬ વચનામૃત વંચાવી સ્વામીશ્રીએ સુંદર વાતો કરી. સૌ સંતો-હરિભક્તો તથા યુવકોને ચાતુર્માસના નિયમો વારાફરતી આપ્યા.

સાંજે રાજપૂત બોર્ડિંગનાં બાળકો તથા યુવકોને ત્યાંના ગૃહપતિ બળવંત-સિંહજી સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. સ્વામીશ્રીએ જાતે જ સ્વામિનારાયણ તથા અક્ષરપુરુષોત્તમ મંત્રોની ધૂન સૌને ઝિલાવી હતી.

તા. ૧૦મીએ, રાજકોટ ભાનુભાઈ ગઢિયાને ત્યાં પધાર્યા. તેમણે સુંદર મંડપ બાંધી સત્સંગ સભા યોજી હતી. ખૂબ પ્રેમથી સ્વામીશ્રી તથા સંતો-હરિભક્તોને જમાડ્યા હતા. તેઓ અવારનવાર આ પ્રકારનો લાભ લેતા.[૧]

---

૧. ભાનુભાઈ ગઢિયાને સ્વામીશ્રીનો પરિચય સને ૧૯૫૦માં થયો. સ્વામીશ્રી રાજકોટમાં ધોતિયાંની ખરીદી માટે પધાર્યા હતા. તે સમયે કંટ્રોલ હોવાથી બજારમાં કાપડ છૂટથી નહોતું મળતું. પરંતુ ભાનુભાઈ તે સમયે ટેક્ષટાઈલ કંટ્રોલ ડિપાર્ટમેન્ટમાં હતા. નારણભાઈ શેઠ સ્વામીશ્રીને સાથે લઈ તેમની પાસે આવ્યા. સ્વામીશ્રીએ ભાનુભાઈને પ્રથમ દૃષ્ટિએ જ જીતી લીધા. તેમણે તરત જ ૭૫૦ વાર કાપડની ગાંસડીની વ્યવસ્થા કરી આપી. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. રાજીપાના ધબ્બા ➤

થોડા દિવસ પછી આવતા ગુરુપૂર્ણિમાના સમૈયા નિમિત્તે રાજકોટના હરિભક્તોએ ગુરુપૂજનનો લાભ અહીં જ લઈ લીધો.

અહીંથી વિદાય લઈ, મૂળી મંદિરે દર્શન કરી, શેલત સાહેબને ત્યાં સુરેન્દ્રનગર પધરામણી કરી, રાત્રે ૧૧-૦૦ વાગે અમદાવાદ આવી પહોંચ્યા. મોડી રાત્રે પણ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શનની આતુરતાથી રાહ જોતાં બેસી રહેતા. સ્વામીશ્રી સૌને હોંશથી મળતા. સભા ભરી થોડી વાતો કરતા. સૌ રાજી રાજી થઈ જતા.

પુરીના શંકરાચાર્ય સાથે સુભગ મિલન

તા. ૧૨-૭-'૬૫, જગન્નાથપુરીના શંકરાચાર્ય નિરંજનદેવ તીર્થ, મંદિરે દર્શને પધાર્યા હતા. સ્વામીશ્રીએ પ્રથમ તેમને હાર પહેરાવી સન્માન્યા. ચીમનલાલ શાસ્ત્રીએ વિધિપૂર્વક ચંપકભાઈ શેઠ પાસે હરિકૃષ્ણ મહારાજ તથા જગદ્‌ગુરુનું પૂજન કરાવ્યું. દ્વારકાપીઠના મુખ્ય કાર્યકર અનોપરામ શાસ્ત્રીએ

આપી, બાથ ભરીને મળ્યા અને કહે : 'ભાનુભાઈ ! તમારા ઘરે પધરામણી કરવી છે.'

'ભલે, અવશ્ય પધારો.' ભાનુભાઈએ કહ્યું.

તે જ સાંજે નારણભાઈ શેઠ તથા ગિધુભાઈ શેઠને લઈ સ્વામીશ્રી ભાનુભાઈના ઘરે પધાર્યા. સ્વામીશ્રી ખૂબ આત્મીયતાથી ભાનુભાઈના દાદા ઠક્કર દામોદર ગોવર્ધનદાસે સૌ પ્રથમ વચનામૃતનો ગ્રંથ છપાવવામાં જે સેવા કરી હતી તે વાતો કરવા લાગ્યા. ભાનુભાઈને ખૂબ આનંદ થયો.

પ્રસાદમાં સૂકો મેવો અને પેંડા ઠાકોરજીને ધરાવી સ્વામીશ્રી સૌને વહેંચવા લાગ્યા. ભાનુભાઈએ રૂા. ૫૦/-નો મલમલનો સુંદર ધોતી-જોટો સ્વામીશ્રીને ઓઢાડવા તૈયારી કરી, ત્યાં નારણભાઈ શેઠ કહે : 'સાહેબ ! આ સંતો આવાં બારીક ધોતિયાં પહેરશે નહીં. જાડું ઓઢાડો !' ભાનુભાઈને અતિશય આશ્ચર્ય થયું. તેમને સ્વામીશ્રી પ્રત્યે આકર્ષણ વધતું જતું હતું.

થોડી વાતચીત પછી સૌ ઊઠ્યા. ત્યાં સ્વામીશ્રી કહે : 'ભાનુભાઈ ! તમારા ઘરેથી અમારે કાચી ખીચડી લઈ જવી છે !'

'કાચી ખીચડી ?' આશ્ચર્યથી ભાનુભાઈ બોલી ઊઠ્યા.

'હા.' સ્વામીશ્રીએ કહ્યું : 'મગ-ચોખા ભેળવીને.'

તેમણે તરત જ પાલી જેટલી ખીચડી આપી. આ નાનકડી સેવાએ તેમને જીવન-ભર સત્સંગનો વેગ આપી દીધો. સ્વામીશ્રીની પ્રેમાળ વાણી, અનાસક્ત પ્રતિભા અને સાદાઈના શણગારોએ તેમનું દિલ કાયમ માટે જીતી લીધું.

પ્રવચનમાં જણાવ્યું કે 'પુરીના શંકરાચાર્ય અને સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંત યોગીજી મહારાજનું આ સુભગ મિલન આનંદપૂર્ણ છે.'

પછી સંતોએ અક્ષરપુરુષોત્તમનો વૈદિક સિદ્ધાંત ટૂંકમાં વર્ણવ્યો. શ્રીજી-મહારાજે એક રાતમાં ૫૦૦ પરમહંસ કર્યા તે પ્રસંગની મહત્તા સમજાવી, સ્વામીશ્રીએ બે જ મિનિટ વાત કરી. બાદ શંકરાચાર્ય નિરંજનદેવ તીર્થે જણાવ્યું કે 'ભગવાન સ્વામિનારાયણ અને યોગીજી મહારાજનું કાર્ય હિંદુ ધર્મને પોષણ-રૂપ છે. આગળ વધારનારું અને ટકાવી રાખનારું છે.'

અહીંથી નડિયાદ તથા ડભાણ થઈ, સ્વામીશ્રી રાત્રે ૯-૪૫ વાગે બોચાસણ આવ્યા. ગુરુપૂર્ણિમાનો સમૈયો સૌએ ઉત્સાહપૂર્વક ઊજવ્યો.

સમૈયાની સભા પછી સ્વામીશ્રીએ ભંડારમાં રસોઈ દષ્ટિપ્રસાદીની કરી, પછી હરિભક્તો જમતા હતા તે પંગતમાં ફર્યા અને સૌને પ્રેમથી પીરસાવી, પોતાના ઉતારા પાસે આવતાં એકદમ લથડી પડ્યા ! અચાનક ફેર આવતાં એક યુવકના હાથ ઉપર જ ઢળી પડ્યા. સ્વામીશ્રીને તુરત ઓરડામાં પોઢાડી દીધા. બોચાસણ આશ્રમમાંથી આવેલા ડૉક્ટરે તાત્કાલિક સારવાર આપી. B.P. ૧૧૦ હતું. તેમણે મુખ્ય કારણ અશક્તિનું જણાવ્યું. બીજે દિવસે વડોદરાથી હૃદય નિષ્ણાત ડૉ. બાબુભાઈ આવેલા. તેમણે કાર્ડિયોગ્રામ (E.C.G.) નોંધ્યું. જે સામાન્ય (Normal) હતું. અને B.P. ૧૨૪ હતું. તેમણે પણ અશક્તિનું કારણ જણાવી, ખાસ આરામ કરવાની ભલામણ કરી હતી.

એ પાપમાં નથી પડવું

મૂળ ખંભાતના જયકૃષ્ણભાઈ અહીં સ્વામીશ્રીની મુલાકાત માટે આવ્યા હતા. તેમનું સગપણ નાની ઉંમરે થઈ ગયું હતું. પછી સ્વામીશ્રીનો યોગ થયો. એટલે નવા વિચારો - નવી પ્રેરણા મળી. જીવનનો રાહ શું નક્કી કરવો ? એ પ્રશ્ન થયો. સ્વામીશ્રીને પૂછવાનું મન થયું. તેથી તેઓ આવ્યા હતા.

'લગ્ન કરવું કે નહિ ?' તેમણે પૂછ્યું.

'એ પાપમાં નથી પડવું. પાપનાં પોટલાં નથી બાંધવાં. કો' લગન નહિ કરું' સ્વામીશ્રીએ આંખમાં આંખ પરોવી અંતરના ઉદ્‌ગારો કહ્યા.

'હા, બાપા ! નહિ કરું.' જયકૃષ્ણભાઈએ કહ્યું.

પણ સ્વામીશ્રીને સંતોષ ન થતાં ત્રણ વખત ઉપરનાં વચનોનું પુનરાવર્તન તેમની પાસે કરાવ્યું.

બીજે દિવસે સ્વામીશ્રીએ ફરીથી તેમને આજ્ઞા કરતાં કહ્યું : 'જાવ, ના કહી આવો.' એમ કહી બાજુમાં પડેલો હાર પહેરાવ્યો.

ત્યારપછી અમદાવાદમાં પણ સાધુ થવા માટે બે-ત્રણ વાર આજ્ઞા કરી, દૃઢતા કરાવી હતી.[૨]

અમે તમને ઓળખીએ છીએ

અહીં પામોલના છોટાભાઈ કાશીભાઈ પટેલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને ગામમાં થયેલાં કોમવાદી રમખાણોમાં અન્ય તોફાની તત્ત્વો સાથે અટકમાં લેવાયા હતા અને જેલ થઈ હતી. તેમના સંબંધી લલ્લુભાઈ ફુલાભાઈ તેમને જેલમાં મળવા ગયા ત્યારે સ્વામીશ્રી તથા શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ આપી તથા સાંપ્રદાયિક સાહિત્ય પણ આપ્યું. તે વાંચતાં અંતરમાં શાંતિ થવા લાગી. સ્વામીશ્રીનાં દર્શનની તીવ્રતા વધવા લાગી. તેઓ છૂટીને તરત નાર પારાયણમાં સ્વામીશ્રીનાં દર્શને ગયા, પરંતુ ત્યાં સ્વામીશ્રી સાથે વિગતે વાત ન થઈ શકી. તેથી તેમને લાગ્યું કે 'મેં ગુરુ તો બનાવ્યા, પણ તેઓ મને ઓળખતા નથી.' આ મંથન ઘણા દિવસો સુધી ચાલ્યું.

એક રાતે સ્વામીશ્રીએ તેમને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને હસતાં હસતાં કહ્યું : 'છોટાભાઈ ! અમે તમને ઓળખીએ છીએ, ચિંતા કરશો નહીં. ગુરુ-પૂર્ણિમાને દિવસે બોચાસણ આવજો અને રસોઈ રાખજો.'

તેઓ સ્વામીશ્રીની આજ્ઞા પાળી આ સમૈયે આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીએ તેમને દૂરથી જોયા ને બોલાવ્યા : 'આવો છોટાભાઈ ! અમે તો તમને પ્રથમથી જ ઓળખીએ છીએ.' પછી કહે : 'ત્રીજને દિવસે તમારી રસોઈ રાખી છે.'

સ્વપ્નમાં થયેલી વાતચીતનો જ પડઘો આ પ્રત્યક્ષ વાર્તાલાપમાં પડતો જોઈ છોટાભાઈ તો રાજી રાજી થઈ ગયા. તેમને દૃઢતા થઈ કે મને મળ્યા છે તેવા ગુરુનો જોટો અખિલ બ્રહ્માંડમાં મળી શકે તેમ નથી.

અત્યંત અશક્તિને કારણે થોડા દિવસ અહીં આરામ કરી, તા. ૨૦મીએ

---

૨. છેવટે બોચાસણમાં ચૈત્રી પૂનમના સમૈયા પછી વદ બીજને દિવસે તા. ૨૪-૪-'૬૭ના દીક્ષા આપી, સ્વામીશ્રીએ તેમનું જયકૃષ્ણ ભગત નામ રાખ્યું. હાલ સાધુજીવન સ્વામી તરીકે તેઓ અક્ષરપુરુષોત્તમ છાત્રાલય, વિદ્યાનગરમાં સેવા આપી રહ્યા છે.

સવારે બોચાસણથી મોટરમાં વડોદરા પધાર્યા. ડીલક્ષ ટ્રેનમાં મુંબઈ જવાનું હતું. ટ્રેનને હજુ વાર હતી. બધાએ સ્વામીશ્રીને વિશ્રાંતિ ગૃહમાં આરામ કરવા વિનંતી કરી, પણ સ્વામીશ્રી કહે : 'હજુ સમય ઘણો છે, તો મારે અટલાદરા દર્શન કરવા જવું છે.' બધાએ બહુ ના પાડી, પણ કોઈની વાતને જરાપણ ધ્યાનમાં ન લેતાં બાળમુકુંદ સ્વામીને જોડમાં તૈયાર કરી અટલાદરા પધાર્યા. અહીં મંદિરમાં દર્શન કર્યાં. કોઠારી અક્ષર સ્વામી તથા બીજા સૌ સંતો સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયતને કારણે દર્શન માટે આતુર હતા. સ્વામીશ્રી સૌને રાજી કરી, સ્ટેશને આવી, ટ્રેનમાં મુંબઈ આવી પહોંચ્યા.

છેલ્લા દસ માસના સતત વિચરણમાં લીધેલા પરિશ્રમથી સ્વામીશ્રી એકાએક બીમાર પડી ગયા હતા. ઇચ્છા મુજબ રોગ ગ્રહણ કરવાને અને છોડી દેવાને સમર્થ હોવા છતાં સત્પુરુષ પણ અવસ્થાના બધા જ ભાવોની અસરથી મુક્ત રહેવાનું પસંદ કરતા નથી. દેહના ભાવને તેઓ સહર્ષ વધાવી લે છે. ડૉકટરો તથા વૈદ્યોએ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સચવાય અને તેમને સંપૂર્ણ આરામ મળે તેવી સૂચના આપી. મુંબઈના સંતો તથા હરિભક્તો સ્વામીશ્રીને જરાય પરિશ્રમ ન પડે તે માટે દૂરથી દર્શન કરી સંતોષ માનતા. સ્વામીશ્રીના આરામ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી. અને અશક્તિ હોવાથી શક્તિની દવા-ઈન્જેક્શનો શરૂ કર્યાં. આ સમાચાર સમગ્ર સત્સંગમાં પ્રસરી ગયા !

'સ્વામીશ્રીએ ગ્રહણ કરેલી બીમારી કૃપા કરીને છોડી દે અને દર્શન-સમાગમનું સુખ પહેલાંની જેમ આપે' – એવી પ્રાર્થનાના અનેક પત્રો દેશ-પરદેશમાંથી આવવા લાગ્યા. ભક્તવત્સલ સ્વામીશ્રીએ ભક્તજનોની પ્રાર્થના સાંભળી અને ધીરે ધીરે સ્વામીશ્રીની તબિયત સુધરવા લાગી.

ધામની મૂર્તિ ને અહીંની મૂર્તિ ગુણાતીત છે

એક દિવસ અહીં બપોરની સભામાં મોટાસ્વામી ગ.અં. ૩૦નું નિરૂપણ કરતા હતા. સ્વામીશ્રી દર્શન દેતા બિરાજ્યા હતા. થોડી વારે મોટાસ્વામીની વાતમાંથી એમણે વાત ઉપાડી લીધી અને કહે : 'મરી જવું છે એમ તો રહે છે, પણ જરાક કંઈક થાય તો દાક્તરને બોલાવીએ છીએ. ગુણાતીતને પૂછો, પાંચ વાતનું અનુસંધાન નિરંતર રહે છે ? અમારા જૂનાગઢમાં પ્રશ્ન નીકળ્યો'તો કે આ પાંચમાં આપણાં કેટલાં ને મહારાજનાં કેટલાં ?

'ઉપરની ત્રણ વાત આપણી. ને પછીની બે વાત ભગવાનની. બીજાના

અવગુણ જોવા તે આપણું કામ નહીં. મનને ભીડામાં રાખવું.'

પછી કહે : 'બીજું એક વાંચો. હજી એક ક્યાં થયો છે ? સવાએ ઊઠશું.' પછી ગ.અં. ૩૧ વચનામૃત વંચાવ્યું ત્યારે કહે : 'આમાં ટાઇમ લખ્યો તે આપણને ધ્યાન ધરવા. તે વખતે દૃષ્ટિગોચર ભગવાનને સંતો શું સમજતા હશે ? મહારાજ પોતે પોતાનો મહિમા સમજાવે છે કે 'હું આવો છું !' તે વખતે કોઈએ પૂછ્યું નહીં હોય કે 'મહારાજ ! આ વર્ણન કોનું કરો છો ? આ તમારી વાત કરો છો કે બીજાની ?'

'ધામની મૂર્તિ ને અહીંની મૂર્તિ ગુણાતીત છે...' એ સાંભળી માર્મિક હસીને સ્વામીશ્રી કહે : 'તેમાં મનુષ્યભાવ ન લાવવો.'

અમીસ્પર્શે અમીન સાહેબનું વ્યસન ગાયબ

અહીં શંકરભાઈ સૉલિસિટર સંપ્રદાયના ચુસ્ત અનુયાયી અને સ્વામીશ્રીના કૃપાપાત્ર સત્સંગી; પરંતુ તેમના પુત્ર કેશવચંદ્ર અમીનને સત્સંગનો રંગ નહીં. આમ તેઓ ઍલેમ્બિક કંપનીના જનરલ સેલ્સ મૅનેજર; તેથી બુદ્ધિની આંકણીએ સઘળું માપવા ટેવાયેલા. વળી, કુસંગ એવો કે દારૂની લતે પણ ચડી ગયા હતા. પરંતુ એક સ્નેહીના આગ્રહથી કેશવચંદ્રભાઈને કમને પણ સ્વામીશ્રીનાં દર્શન કરવા અહીં આવવું પડ્યું. તેમણે તે જ સમયે દારૂ પીધો હતો. કોઈએ આ વાત સ્વામીશ્રીને કરી, પરંતુ સ્વામીશ્રી કશું બોલ્યા નહીં. ઊલટું ખૂબ હેત કર્યું. તેમને સારું લાગ્યું. સ્વામીશ્રીનો હેતાળ સ્વભાવ તેમને ભાવી ગયો.

બીજે દિવસે પણ તેઓ પીને જ આવ્યા. એક હરિભક્તે તેમને ધીરેથી કહ્યું : 'અમીન સાહેબ ! તમે દારૂ છોડી દો. આ તમને ન શોભે.'

તેમણે કહ્યું : બાપાને દારૂનો વાંધો નથી ને તમે કેમ ના પાડો છો ?'

આમ થોડા દિવસ ચાલ્યું. સ્વામીશ્રી તો હંમેશાં તેમને હેત-પ્રીતથી બોલાવે. એક વાર સ્વામીશ્રીએ અચાનક જ તેમને કહ્યું : 'કેશવચંદ્રભાઈ ! મને છાતીમાં બહુ બળે છે.'

'બાપા ! સારામાં સારા ડૉક્ટર બોલાવી લાવું.' તેમણે કહ્યું.

'પણ દાક્તરથી મટે તેમ નથી.' સ્વામીશ્રી કરુણાથી બોલ્યા.

કેશવચંદ્રભાઈને ખૂબ નવાઈ લાગી. સ્વામીશ્રી કહે : 'જુઓ, અમીન સાહેબ ! તમે દારૂ પીઓ છો, તેથી મારી છાતીમાં બળે છે.'

કેશવચંદ્રભાઈ તો વિચારમાં પડી ગયા. તેમને બળતરા થવા લાગી કે

મારા પાપે સ્વામીશ્રી દુઃખી થાય છે ! તેમણે તરત જ નિયમ લીધો : 'સ્વામી ! હવે હું ક્યારેય દારૂ નહીં પીઉં. આજથી જ દારૂ બંધ !'

અને એક અમીસ્પર્શે અમીન સાહેબનું વ્યસન ગાયબ થઈ ગયું અને તેઓ નિષ્ઠાવાન સત્સંગી થયા.

તા. ૨૪મીએ ડૉ. જે.સી. પટેલ તથા ડૉ. વ્હોરાએ સ્વામીશ્રીની તબિયત જોઈ. તેમની તપાસમાં લોહીમાં નજીવું સાકરનું પ્રમાણ છે એમ નિદાન થયું. તેથી આજથી ખાંડ લેવાની બંધ થઈ એટલે ઉકાળામાં, દાળ-શાકમાં સાકરને બદલે જરા સૅકેરીન નાખતા.

એક વાર સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! ખાંડ વગરનાં દાળ-શાક વગેરે રસોઈ ફાવે છે ?'

ત્યારે કહે : 'આ તો સહેજે નિઃસ્વાદી વર્તમાન પળાય છે.'

મહાશંકરનું મહાઆશ્ચર્ય

સ્વામીશ્રીને વૈદકીય સારવારની વિશેષ રુચિ. તેથી મુંબઈના જાણીતા વૈદ્ય પંડિત શિવશર્માએ પણ થોડી સેવા કરી. પછી તેમની જ સલાહથી સ્વામીશ્રીની ઊંઘની તકલીફ દૂર કરવા કુદરતી ઉપચારોના જાણીતા વૈદ્ય મહાશંકરે શિરોબસ્તીનો પ્રયોગ સ્વામીશ્રી ઉપર શરૂ કર્યો હતો. આ નવા પ્રયોગમાં માથામાં ટોપી જેવું ગોઠવી લગભગ એકાદ કલાકમાં નાકમાંથી પાણી નીકળે ત્યાં સુધી તેલ રાખી મૂકવાનું. પણ સ્વામીશ્રીને તેવો કંઈ અનુભવ થયો નહિ. તેથી હસતાં હસતાં કહે : 'એ તો શરદી થઈ હોય તો નીકળે ને ! અથવા તો રોગ હોય તો નીકળે.'

આ માર્મિક વચનોથી સ્વામીશ્રીએ જણાવ્યું કે પોતાને કોઈ રોગ જ નથી !

શિરોબસ્તીના પ્રયોગ પછી સ્વામીશ્રી કહે : 'આપણે તો એક કલાક બેઠા એમાં થાકી ગયા ને શ્રીજીમહારાજના વખતમાં સંતો કેટલું તપ કરતા. આપણે તેમના જેવી આત્મનિષ્ઠા નહિ.'

આ પછી તે વૈદ્યે ઊંઘ માટે મસ્તક ઉપર તક્રધારા તથા તેલધારાના પ્રયોગ પણ સ્વામીશ્રી ઉપર કર્યા હતા; પણ તેની કંઈ અસર ન જણાતાં અને કોઈ લાભ ન થતા આ પ્રયોગો બંધ કરાયા હતા. ત્યારે મહાશંકરે કહ્યું હતું કે 'મારા આ પ્રયોગો અનિદ્રાના જબરદસ્ત રોગીઓ ઉપર સફળ નીવડ્યા છે; પણ સ્વામીશ્રી પર કેમ અસર નથી કરતા, એ મારે મન એક મોટું આશ્ચર્ય છે !'

સ્વામીશ્રીની દિનચર્યા અને જીવનની પળેપળમાં સૌને ભગવાન સહજાનંદ સ્વામી પ્રત્યેની એમની અદ્‌ભુત ભક્તિ પ્રગટ થતી જોવામાં આવતી. અશક્તિ હોવા છતાં સ્વામીશ્રી નિયમ મુજબ આષાઢ વદ ૧૧, તા. ૨૫મીએ સંતોને લઈ ભૂલેશ્વરમાં સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા હતા.

બીમાર હોવા છતાં પણ સ્વામીશ્રી મંદિરમાં સવાર, બપોર, સાંજ અને રાત્રિની સભામાં થોડો વખત બિરાજતા અને સૌને દર્શનનું સુખ આપતા.

સેવા એક, લાભ પાંચ

વળતે દિવસે મંગળ પ્રવચનમાં પોતાનો સંકલ્પ જણાવતાં કહે :

'આજે સિત્તેર સાધુ છે. કાલે (ભવિષ્યમાં) ૭૦૦ સાધુ કરવા છે. એવો શુભ સંકલ્પ છે. એક એક મંદિરે ૧૦૦-૧૦૦ રહે.

'સ્વામીએ મને રસોઈ કરવાની આજ્ઞા કરી. ૪૦ વરસ અમે ભંડાર કર્યો. તેમાં સ્વામીએ મને જ્ઞાન આપ્યું. ભક્તિ આપી. નિર્દોષબુદ્ધિ આપી. કથાવાર્તા આપી. એક કામમાં પાંચ વસ્તુ આપી.'

તા. ૩૦મીએ રાતે ૮-૫૦ વાગ્યા હતા. છેલ્લા ત્રણેક દિવસથી તબિયત સુધારા ઉપર હતી. તેથી આજે સભામાં આવવા નીકળ્યા. રસોઈ થતી હતી ત્યાં આવ્યા. પુરુષોત્તમ ભગત રસોડામાં ગોળ ભાંગતા હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! ગોળ જમો.'

પછી એક કાંકરી લીધી ને કહે : 'ઠાકોરજીને ધરાવો. પછી જમીએ.' પછી કહે : 'કંઈ વાંધો તો નથી ને ?'

બધા કહે : 'ના.'

પછી રોટલા થતા જોઈને કહે : 'રોટલા દડા જેવા ફૂલે છે. દંડવત્ કરવા જેવા છે !'

'રોટલાને ?' સેવકે આશ્ચર્યથી પૂછ્યું.

'ના.' સ્વામીશ્રીએ કહ્યું : 'સંતને.'

સૌ હસી પડ્યા. પછી રાત્રિસભામાં પધાર્યા. સ્વામીશ્રીની રુચિ પ્રમાણે સંતોનાં વિવિધ ભાષાઓમાં પ્રવચનો થયાં.

પ્રમુખસ્વામીનો સમાગમ, તે મહારાજનો સમાગમ છે

તા. ૧-૮-'૬૫, કૃષ્ણજી અદા જયંતીની સભામાં ૯-૩૦ વાગે આશીર્વાદ

આપતાં સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'કોઈ બ્રહ્માંડમાં ન કરે તેવું કરવું છે.' તો મંદિરો કર્યાં. સિદ્ધાંત સંભળાવનારા સંતો પણ કર્યા. આવા સંતો દ્વારા શાસ્ત્રીજી મહારાજ અખંડ પ્રગટ રહેશે. એ દ્વારે સેવા થઈ ગઈ. પ્રમુખસ્વામીનો સમાગમ કરવો, તે મહારાજનો સમાગમ કર્યા બરાબર છે. મુંબઈ રંગાઈ જાય. ૫૦,૦૦૦ હરિભક્તો થાય. મોટું મંદિર થાય. ભગવાન ને ભક્તોમાં નિર્દોષભાવ રાખવો. કોઈ અભાવ લેતો હોય તો પોતે લેવો નહીં ને તેને લેવા દેવો નહીં.'

વળી કહે : 'બહુ બોલવાની ડૉકટરે ના પાડી છે. બહુ બોલીએ તો હેઠા પડીએ. બધાને જમવાનું મોડું થયું છે, તો રજા આપીએ છીએ. જમવાનું મોડું થાય છે. પણ મહિમા છે તો બેઠા છો. તો બધાએ ધોતિયાં ઓઢાડવાં. મારી તબિયત સારી નથી, તેથી હું જાઉં છું. મારી જગ્યાએ પ્રમુખસ્વામી બેસશે. તેમની પૂજા કરવી. તે મારી થઈ ગઈ.'

આમ, પ્રસંગોપાત્ત સ્વામીશ્રી પ્રમુખસ્વામીનો અદ્ભુત મહિમા કહેતા અને પોતાને સ્થાને પ્રમુખસ્વામીનાં સેવા-સમાગમ કરી લેવા હરિભક્તોને અનેક વાર અનુરોધ કરતા.

એક પ્રસંગે ઈશ્વરભાઈ દાજી કહે : 'મથુરામાં વિશ્રામ ઘાટે જમુનાજીની આરતી ઊતરે છે.'

તે સાંભળી સ્વામીશ્રી તુરત બોલ્યા : 'ઘેલાની ઉતારવી જોઈએ. તેમાં મહારાજ ખૂબ નાહ્યા છે.'

આપણા આચાર્ય મહારાજ પ્રમુખસ્વામી છે

તા. ૩-૮-'૬૫, રાતે ૮-૧૫ વાગે સ્વામીશ્રી સભામાં પધાર્યા. હૉલમાં આજે વિશિષ્ટ સભા-વ્યવસ્થા ગોઠવી હતી. સ્વામીશ્રીએ વાત કરી :

'આજે આપણે સ્વામીની સંસ્થાનું સર્વોપરી કામ ઉપાડ્યું છે. પાયો મજબૂત રાખવો છે. ઈમારત સાત માળની છે. તેનો પાયો મોળો હોય તો પડે હેઠી. તેમ પાયો મજબૂત કરવા ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ છે. ભણી ભણીને તૈયાર થવું. આખા દેશમાં અક્ષરપુરુષોત્તમનું નામ જાગ્રત થાય તે માટે ભણવું. ભણવું તો ફર્સ્ટ નંબર લેવો. થર્ડ કે સેકન્ડ નહીં.'

ઠાકોરજીની મૂર્તિ બાજુમાં ગોઠવી હતી. દરેક સંતને સ્વામીશ્રી ચાંદલો કરી, બે ગુલાબનાં પુષ્પો આપી, આશીર્વાદ આપતા હતા. એમ મોટાસ્વામી

તથા પ્રમુખસ્વામીને સાથે રાખી આચાર્ય, શાસ્ત્રી તથા પુરાણી થનારા સંતને સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક ખૂબ સ્મૃતિ આપી.

સ્વામીશ્રી સમક્ષ જમણી બાજુ પ્રમુખસ્વામી તથા તેમની પાછળ આચાર્ય થનારા સંતો, સ્વામીશ્રીની સમક્ષ ડાબી બાજુએ મહંત સ્વામી તથા તેમની પાછળ શાસ્ત્રી થનારા સંતોની પંક્તિ તથા તેઓની જમણી તરફ મોટાસ્વામી તથા તેમની પાછળ પુરાણી થનારા તેમજ ગુજરાતી વર્ગમાં અભ્યાસ કરતા સંતોની સભા ગોઠવાઈ હતી.

સ્વામીશ્રી કહે : 'સાંભળો, વાત કરીએ.

'આપણા આચાર્ય મહારાજ પ્રમુખસ્વામી છે !' પછી પ્રમુખસ્વામીને કહે : 'જેમ શાસ્ત્રીજી મહારાજ ત્રણ પાઠશાળાની ખબર રાખતા, તેમ તમારે મહિને, બે મહિને આંટો મારી જવું. અમે પાયા ગાળ્યા, ચણનાર પ્રમુખસ્વામી છે. મહંત સ્વામી આ બધાના રિપોર્ટ આપને દેશે. નહીં તો બધા કામ ન કરે. આપણા આચાર્ય પ્રમુખસ્વામી મહિને - બે મહિને આવી જશે. શાસ્ત્રીજી મહારાજ અઠવાડિયે, દસ દી'એ ખંભાત, ભાદરણ જાતા.' એમ આજ્ઞા આપી.

આ પ્રસંગે પ્રમુખસ્વામી, નર્મદાશંકર શાસ્ત્રી, હર્ષદભાઈ, નારણ ભક્ત, આશાભાઈ (સુરત) વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

માંદગીને બિછાને આરામ કરતાં કરતાં સ્વામીશ્રી આવા શુભ સંકલ્પો કરતા અને પોતાના સંતો, યુવકો તથા હરિભક્તોને શુભ કાર્યોમાં પ્રેરતા. જેમ શ્રીજીમહારાજે મોટેરા સદ્‌ગુરુઓને શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો, એમ સ્વામીશ્રીએ સંસ્કૃત પાઠશાળા તો છેલ્લા વર્ષથી શરૂ કરી હતી. પણ કોણ ક્યાં સુધી અભ્યાસમાં પહોંચે, એ લક્ષ્ય આજે બાંધી દીધું. તેથી સૌ સંતો સ્વામીશ્રીને પ્રસન્ન કરવા, તે નિશાન સુધી પહોંચવા પૂર્ણ પુરુષાર્થ કરે. સંપ્રદાયના સર્વાંગી વિકાસની દીર્ઘદૃષ્ટિ સ્વામીશ્રીની આ આજ્ઞામાં રહેલી હતી. ઘણા સંતો આધુનિક શિક્ષણ લઈને આવ્યા હતા. પ્રાચીન અભ્યાસમાં વિવિધ દર્શનો અને શાસ્ત્રોમાં પણ કોઈ પાછા ન પડે એ સ્વામીશ્રીની ઇચ્છા હતી. હેતુલક્ષી શિક્ષણના હિમાયતની સ્વામીશ્રી, આ રીતે લક્ષ્ય નક્કી કરવાથી જ કાર્ય સિદ્ધ થાય એ માનસ પારખીને જ શું આવાં આયોજન કરતા હશે ને ! કારણ, કેટલાક સંતોને, કૉલેજનાં વર્ષો સુધીના અભ્યાસ પછી પ્રાચીન પદ્ધતિના આ શાસ્ત્રીય શિક્ષણમાં મન સ્થિર થતું જ ન હતું. છતાં આગ્રહપૂર્વક સ્વામીશ્રીએ સૌને અભ્યાસ કરાવ્યો હતો.

તા. ૨૫મીએ સવારે ૫-૦૦ વાગે સ્તોત્રગાન પછી *'ધાર તલવારની...'*

એ પ્રભાતી પદ સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'મનને દુઃખ દેવું. તેના વિચારમાં ન ભળવું. આજે હરિજયંતી. સાક્ષાત્ દિવસ ! આજે ઝોલું ન ખવાય.

'કથાવાર્તામાં આવી જવું. બૅટરીમાં પાવર ચડી જાય. આખો દી' બળ રહે. બધાને કહેવું આપણે મરવું નથી. ભણીને મોજ લેવાની છે. મોજ એટલે અક્ષરધામની પ્રાપ્તિ... ભણવાની આજ્ઞા આવી એટલે ભણે જ છૂટકો. આ પાર કે પેલે પાર. વચનની ટેક વિકટ છે. પણ જો મહિમા હોય તો કઠણ ન પડે.

'મને બધાને પાડી દીધા છે. ચંદન ઘસે છે તેમ દેહને વાટી નાખવું – ગુરુની સેવામાં, ઈષ્ટદેવની સેવામાં. છાપાં ફાડી નાખવાં. એંઠવાડિયું ન વાચવું - જગતની કહાણી છે. ઈન્દ્રિયો જીતવામાં શૂરવીર થવું.'

આત્મામાં ભગવાન બિરાજે એ ચૈતન્ય મંદિર !

તા. ૬ઠ્ઠીએ સવારે ૫-૦૦ વાગે સંતો સમક્ષ બ્રહ્મજ્ઞાનના પડકારા કરતાં સ્વામીશ્રીએ નિત્ય મુજબ *'માવજી મુજ પર...'* એ પ્રભાતી પદ બોલાવ્યું. તે નિરૂપતાં સમજાવ્યું :

'એક વસ્તુ સારી મળી જાય તો સ્વાદ લઈએ છીએ. લંડનની વસ્તુ આવી હોય તો ઓહોહો... થાય. તેથી પર અમેરિકાની આવે તો ? તેમ આ અમૃતના મેહુલા આવ્યા છે - અક્ષરધામમાંથી ! કેવું સુખ ! કેવી શાંતિ !

'મંદિર કયું ? ચૈતન્ય મંદિર ! આત્મામાં ભગવાન બિરાજે. એમ પુરુષોત્તમનો રંગ લાગ્યો હોય તો થૈ થૈ થાય ? એ મૂર્તિ જ સાંભરે ! ભગવાન વિના બધે દુઃખનો દરિયો ઊભો રહે છે. લો. ૧૭ કોને મોઢે કરવાનું બાકી છે ? સૂતાં પહેલાં, ખાતાં પહેલાં હંમેશાં બોલવું. હવે શ્રીહરિદાસ લો. ૧૭ની દહ લીટી સંભળાવશે... 'સ્વા...હરે...' એમ બોલવું.'

પવિત્રા એકાદશીએ વહેલી સવારે 'બધા સંતો વિદ્વત્તા મેળવે' તેવા આશીર્વાદ આપી, સ્નાન કરવા પધાર્યા.

પૂજા બાદ પ્રસાદીના કબાટમાં દર્શન કરીને જતા હતા, ત્યાં એક સંતે ગોંડલના ઠાકોરજી માટે આવેલો નાનો પંખો બતાવ્યો અને કબાટ ઉપર મૂકી ચાલુ કર્યો. રમૂજમાં એ સંત પંખાની નાની પાંખને અડ્યા. એ જોઈ સ્વામીશ્રી કહે : 'અગ્નિની, વીજળીની, ફોજદારની અશનાઈ ન કરવી. માર પડે.'

પછી આસને બેસતાં કહે : 'પાણીની પણ અશનાઈ ન કરવી.'

ધામમાં બાપા પૂછશે, શું કમાણી કરી ?

આજે યુવક મંડળની સભામાં ૧૦-૦૦ વાગે પધાર્યા. અને રાતે વાત કરી કે 'યુવાની દીવાની છે. કોઈ પોતાના ઘરની (પોતાના પૈસે) ટિકિટ આપે તોય ફિલમ ન જોવી. કોઈ ઘરનું ઝેર આપે છે તો પીએ છીએ ? માટે કાંઈ ભેગું લઈ જાવું નથી. મહારાજ પૂછશે - શું કમાણી કરી ? માટે શૂરવીર થાવું. દેહ-ઇન્દ્રિયનાં સુખમાં ન લેવાવું.

'એક શેઠે એંસી વરસની ઉંમરે દીકરાને જાવા બંદર કમાવા મોકલ્યો. ને ત્રણ વહાણ સોનામહોરથી ભરી દીધાં. મે'તા, માસ્તર, મુનિમ, ગુમાસ્તાને ભેળા મોકલ્યા. તે ત્યાં જઈને શેઠનો દીકરો કહે : 'અહીંથી મોંઘામાં મોંઘી વસ્તુ લેવી છે.'

'પણ જાવામાં સોનું, સાચાં મોતીના દાગીના, ઝવેરાત સોઘું મળે અને પાણા મોંઘા મળે. મુનીમ કહે : 'ઝવેરાત લઈએ.' પણ દીકરાએ હઠ કરીને પથરા લીધા. મે'તાજી કહે : 'શેઠ, આપણા કાઠિયાવાડ દેશમાં પથરા બહુ છે, માટે સોનું-ઝવેરાત ખરીદો.' પણ એ કહે : 'ના, હમેં પથરા જ લેના !'

'પછી તો શેરિયો, બશેરિયો એવા ગોળિયા પથરા ખરીદ્યા. ને ત્રણ વહાણ ભરીને દેશના કિનારે આવ્યા. આમાં બાર વરસ થઈ ગયેલાં. શેઠ તો વહાણ જોઈને ખુશ થઈ ગયા. આખા શહેરને ખબર આપી દીધાં. જે હોશિયાર શેઠિયા હતા તે બધા બંદર ઉપર જવા તૈયાર થયા : 'હાલો, હાલો, સારો માલ હોય તો બે વહાણ પહેલાં વો'રી લઈએ.' પછી બંદરે જઈ શેઠના દીકરાને પૂછ્યું : 'શું માલ લાવ્યા છો ?' તો કહે : 'પથરા.'

'કાં મશ્કરી કરો ?'

'આ કહે : 'જૂઠું નહીં બોલતા હૈ, સાચું બોલતા હૈ.' પછી જોયું તો શેરિયા, બશેરિયા પાણા જોયા. બધા બોલ્યા વગર હેઠે ઊતરી ગયા ને નક્કી કર્યું કે 'કોઈને કહેવું નહીં, પણ ગાતું ગાતું માંડવે આવશે.'

'શેઠાણીએ તો દીકરાને સોનાનાં ફૂલે વધાવ્યો. પછી મોટી સભા થઈ. ત્યાં મળ્યા, કારવ્યા. પછી દીકરાને પૂછ્યું : 'શું માલ લાવ્યો છું ?'

'બાપા ! પથરા.'

'શેઠ કહે : 'દીકરા ! મને બાણું વરસ થયાં, ને તું કાં મશ્કરી કર છ ?'

'ના બાપા ! પથરા જ છે.'

'પછી સભા વચ્ચે ગુણ ઠાલવી. ત્યાં તો ખણણ કરતા ગોળિયા પથરા

નીકળ્યા. બધા શેઠિયા અને અમલદારો ઝાંખા પડી ગયા. શેઠે કહ્યું : 'તેં મારી આબરૂ કાઢી !' પથરા એવા ગોળિયા હતા કે ચણવાનાયે કામમાં ન લાગે. પછી દરિયામાં નાખવા પડ્યા.

'તેમ દેહ મૂકી ભગવાનના ધામમાં જાશું ત્યારે બાપા સામૈયું કરવા સામા આવશે ને પૂછશે કે 'શું કમાણી કરી ?' માટે ત્રણ માળની મેડી... એ બધું પથરા વહોર્યા જેવું છે.'

સ્વામીશ્રી દૃષ્ટાંતો કહેતા ત્યારે બાળક, યુવાન કે વૃદ્ધ સૌ ચિત્રવત્ સ્થિર થઈ જતા. સ્વામીશ્રીની મૂર્તિમાં લીન થઈ જતા. અપૂર્વ વાતાવરણ જામતું. વાતની ધારી અસર પહોંચાડી, સિદ્ધાંતને સચોટ રીતે સ્ફુટ કરવાની સ્વામીશ્રીની અજબ કળા હતી.

તા. ૯-૮-'૬૫, મુંબઈથી પ્રમુખસ્વામી અમદાવાદ પધારતા હોવાથી હારતોરા કરી વિદાયમાન આપ્યું. સ્વામીશ્રી કહે : 'સ્વામીનું કામ પ્રમુખ-સ્વામીએ સંભાળી લીધું છે. તે આપણને ઘણી શાંતિ. બધા હરિભક્તને પણ રાજી રાખે છે. મોટાની દૃષ્ટિ તે આનું નામ !' એ પ્રમાણે પ્રમુખસ્વામીની ઘણી પ્રશંસા કરી.

નાના-મોટા સૌનું સન્માન કરવું સ્વામીશ્રીને ખૂબ ગમતું. પ્રમુખસ્વામી તથા મોટાસ્વામી ગુજરાત તરફ ગયા, તો એમને પણ હારતોરા કરી વિદાય આપી. વળી, આર.યુ. પટેલ આફ્રિકા જઈ રહ્યા હતા, તેમને પણ હારતોરા કર્યા.

તા. ૧૦મીએ સવારે ગ.મ. ૫૩ વંચાવી વાત કરી : 'ભગવાન ને સંતની અલૌકિક સમજણ કઈ હોય ? તો જીવોના અવગુણ ન જોતાં તેમનો મોક્ષ કરવાની.' પછી ગ. અં. ૨૮ વંચાવ્યું ને કહે : 'માહાત્મ્ય સમજે તો માન ટળે. મારે એનો પાંચ વર્ષનો અનુભવ છે.'

શ્રાવણી પૂર્ણિમાએ ૨૦૦ જેટલા બ્રાહ્મણ ભક્તોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં જનોઈ બદલવાનો વિધિ ઉત્સાહભેર કર્યો. એમની હાજરીમાત્ર દરેકને અલૌકિક સ્મૃતિ આપતી. ચાતુર્માસને કારણ, વજુભાઈ મોદી, મગનભાઈ ખત્રી, વજુભાઈ ખત્રી વગેરે તરફથી હરિલીલાકલ્પતરુની પારાયણો સ્વામીશ્રીની આજ્ઞાથી સંતોએ કરી.

બ્રહ્મર્ષિમાં મહર્ષિનાં દર્શન !

હજુ સ્વામીશ્રી સંપૂર્ણ સ્વસ્થ થયા નહોતા. તેથી મુલાકાતો માટે બંધી

રાખવામાં આવી હતી.

એક વાર વેલજીભાઈ હરિભાઈ તેમના શેઠ ગિરધરદાસ દામોદરદાસને લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

શેઠ ચુસ્ત વૈષ્ણવ હતા, પણ વેલજીભાઈને મુખે સ્વામીશ્રીનો ખૂબ મહિમા સાંભળ્યો ત્યારે થયું કે દર્શને તો જઈએ. તેમાંય વળી, એક વખત વેલજીભાઈ બોલી ગયા કે 'સ્વામીશ્રી તો એવા સમર્થ સંત છે કે તેમનાં દર્શન જે કોઈ ભાવથી કરે, તો તેને પોતાના ઈષ્ટદેવનાં દર્શન થાય છે !' આથી તો શેઠને ખૂબ તાલાવેલી લાગી. વેલજીભાઈ કહે : 'શેઠ ! સ્વામીશ્રી બીમાર છે, તેથી મુલાકાત તો નહીં થાય.'

શેઠ કહે : 'દૂરથી દર્શન કરીશું, પણ દર્શન કરવાં છે.' એટલે રાતે ૮-૩૦ની સભામાં આવ્યા.

સંતોએ શેઠને કહ્યું કે 'ડૉક્ટરો ૯-૩૦ વાગે સ્વામીશ્રીને તપાસીને પાછા ફરે, ત્યારે દૂરથી દર્શન કરી લેવાં.'

તેઓએ એ પ્રમાણે દર્શન કર્યાં. ત્યાં સ્વામીશ્રીની દૃષ્ટિ તેમના પર પડી અને વેલજીભાઈને બોલાવ્યા. ક્ષોભના માર્યા વેલજીભાઈ તો જઈ શક્યા જ નહીં. પછી સંતોએ કહ્યું ત્યારે ગયા. શેઠની ઓળખાણ આપી. સ્વામીશ્રીએ શેઠને પ્રેમથી ધબ્બો આપ્યો. પ્રસાદ આપી, વિદાય કર્યા. શેઠ એક શબ્દ પણ બોલી શક્યા નહિ, પણ સ્વામીશ્રીની દિવ્યતા તેમની ચોમેર વીંટળાઈ વળી હતી. અહોભાવથી કૃતકૃત્યતાપૂર્વક સ્તબ્ધ થઈ ગયા. વેલજીભાઈને શાંતિ થઈ કે શેઠનું મન સચવાઈ ગયું.

થોડી વારે મોટરમાં શેઠ બોલ્યા : 'વેલજીભાઈ ! આજે હું જે આનંદ અને શાંતિ અનુભવું છું, તે છેલ્લાં ૨૫ વર્ષમાં મેં અનુભવી નથી. હું ભલે આમ વૈષ્ણવ છું, પણ અંગત રીતે રમણ મહર્ષિનો શિષ્ય છું. તેમનાં દર્શનની ઇચ્છાથી મેં ચારે દિશાઓમાં મુખ્ય તીર્થધામોમાં યાત્રા કરી છે; પણ તેમના જેવી વિભૂતિનું દર્શન શક્ય ન બન્યું. આજે મારી એ વર્ષો જૂની ઇચ્છા ફળી. મને યોગીજી મહારાજમાં રમણ મહર્ષિનું દર્શન થયું !'

વેલજીભાઈને આ વાતનું ભારે આશ્ચર્ય થયું ! કેમ કે થોડી જ ક્ષણોનું તેમનું સ્વામીશ્રી સાથેનું સાંનિધ્ય હતું.

સત્ય સંકલ્પ સ્વામીશ્રી આવા અનેક મુમુક્ષુઓના મનોરથો પૂરા કરતા. પોતાના સ્વરૂપમાં અનેક શ્રદ્ધાળુઓને પોતાના ઇષ્ટ સ્વરૂપનાં, મહાપુરુષનાં

દર્શન કરાવતા; તો કેટલાકને એમના પ્રત્યક્ષ સ્વરૂપમાં જ ભગવદ્-દર્શનનાં સુખનો અનિર્વચનીય અનુભવ થતો. આમ, સમાજમાં ઘૂમતા લક્ષાવધિ મનુષ્યો સ્વામીશ્રીના સંબંધથી ભગવત્સન્મુખ થતા. શ્રદ્ધાથી સાચું જીવનદર્શન મેળવતા.

આપણને ઘી-કેળાં છે

તા. ૧૫-૮-'૬૫, સવારે ૭-૩૦ વાગે વચનામૃત ગ.પ્ર. ૫ નિરૂપતાં 'રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરવું.' તે સમજાવતાં સ્વામીશ્રી કહે : 'મહારાજે ખોરડા ઉપર બીજ બતાવી. જે ન સમજે તે ખોરડું પકડે, પણ બીજ ન પકડે. બીજ તો આકાશમાં છે. અક્ષરે સહિત પુરુષોત્તમના ધ્યાનની વાત આમાં છે, પણ રાધાકૃષ્ણનું નિશાન બતાવ્યું છે. ભક્તે સહિત ભગવાનની ઉપાસનાની વાત છે.

ત્યારે પૂછ્યું કે 'મહારાજે કેમ એ પ્રમાણે ન લખ્યું ?'

એટલે સ્વામીશ્રીએ કહ્યું : 'તે વખતે મહારાજનું જ નામ જ્યાં નહોતું લેવાતું, તો અક્ષરપુરુષોત્તમનું ક્યાંથી લેવાય ?

'મહારાજે ધીરે ધીરે વાત કરી. પહેલાં વચનામૃતમાં પોતાના ધ્યાનની વાત કરી, ત્રીજામાં લીલાચરિત્રો સંભારવાં કહ્યું. સત્સંગી, સાધુ, બ્રહ્મચારીને સંભારવા કહ્યું. પછી પાંચમામાં ભક્તે સહિત ભગવાનના ધ્યાનની વાત કરી દીધી. આમ, ધીરે ધીરે સમજાવી દીધું.

'આપણે હથેળીનો ગોળ છે, ખાતાં વાર નહિ. આપણને ઘી-કેળાં છે. કેટલાક એકલા મહારાજને ભજે છે. બીજા કોઈને નહિ. પ્રથમ ૭૧માં 'અક્ષર-પુરુષોત્તમની વાત સમજવી અને બીજા આગળ કરવી' એમ કીધું છે. તે કોઈ કરતું નથી. શાસ્ત્રીજી મહારાજ બહાર પડ્યા અને આ વાત સમજાવી. આ મુદ્દો સમજાય, તો બધુંય સમજાય.'

આપણે એક મત રાખવી

બાદ, યુવક મંડળની સભામાં પધારીને આ જ વાતની પુષ્ટિ કરીને યુવકોએ આ વાત સમજાવી. તે જ્ઞાન દૃઢ કરાવવાની સ્વામીશ્રીને અદ્ભુત ધગશ હતી. સ્વામીશ્રીએ કહ્યું :

'અક્ષર શું છે, તે દેશમાં સત્સંગમાં ખબર નથી. સૌ મન મેળે 'અક્ષર' માને છે. પોતાને અક્ષરસ્વરૂપ થવું છે. તે વચનામૃતમાં મહારાજની કહેલી વાત

શાસ્ત્રીજી મહારાજે બહાર પાડી : 'હું સાક્ષાત્ અક્ષર સાથે લાવ્યો છું.'

'આ સ્વરાજ્ય લીધું તે અંગ્રેજો ભાગી ગયા. નાના-નાના સો-દોઢસો છોકરા સરઘસ કાઢે. શું કામ ? કે અંગ્રેજો ભાગી જાય. તો ૧૫૦ વરસનું રાજ્ય ઊખડી ગયું. એમ અક્ષરપુરુષોત્તમની વાત પ્રવર્તાવવી. વસ્તુ સાચી. હૃદયમાં વાત ઊતરે તો બહાર પડે. સંતો મરણિયા થઈ ગયા તે બહાર પડશે. અક્ષર-પુરુષોત્તમની સ્વરૂપનિષ્ઠા-જ્ઞાન મહારાજે, સ્વામીએ પ્રવર્તાવ્યું. તે જાહેરાત કરવાની જરૂર છે. લઈ મંડવું. ખેતર ખેડે તો પાકે.' એમ કહી, દૃષ્ટાંત આપ્યું :

'એક જંગલમાં સસલો, સર્પ, ઢાલ કાચબો અને શિયાળ - આ ચાર ભાઈબંધો રહે. તેમાં એક દી' સંવાદ થયો કે વન સળગે તો શું કરવું ? સસલો કહે : 'મારી સો મત;[3] તે હું તો દરમાં પેસી જઈશ.' સર્પ કહે : 'મારી લાખ મત છે, તે હું શું કામ ભાગું ? હું ઝાડ પર ચડી જઈશ.' ત્યાં ઢાલ કાચબો કહે : 'મારી તો કરોડ મત છે. તે હું તો ધરતીમાં પેસી જઈશ.' એટલે શિયાળ કહે : 'જુઓ ભાઈ, મારી તો એક જ મત છે કે આમથી દવ લાગે તો આમ ભાગી નીકળવું; પણ અહીં રહેવું નહીં.'

'એક દી' ખરેખર દવ લાગ્યો. સૌ સૌની મત પ્રમાણે ભાગ્યા. દવ આખા વનમાં ફરી વળ્યો. સૌ પ્રાણી શેકાઈ ગયાં. અગ્નિ ઓલવાણો ત્યાં શિયાળ ભાઈબંધોની દશા જોવા આવ્યું. દરમાં જોયું તો સો મતવાળો સસલો સડસડી ગયેલો. ઝાડ ઉપર જોયું તો લાખ મતવાળો સાપ લબડી ગયેલો. કરોડ મતવાળો કાચબો ધરતીમાં કકડી ગયેલો. એ જોઈ શિયાળ બોલ્યું :

'સો મત સડસડી, લાખ મત લડબડી, કરોડ મત કડકડી;
એક મત બાપડી, તે ઊભે મારગે તાપડી.'

'એક મત બાપડી સારી કે દવ લાગે ત્યારે ભાગી જાવું. આપણે ભગવાન ભજવામાં એક મત રાખવી. મહારાજ-સ્વામી સિવાય કોઈનો ભાર રાખવો નહીં. કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો. બધાંને કાને વાત નાખવી.

'મુંબઈના યુવકો વધવા માંડ્યા છે. ઘરોઘર વાત કરવી. ભાઈબંધ-દોસ્તારને વાત કરવી. રવિવારની સભાનું વ્યસન પાડી દેવું.

'દરેક પાંચ-પાંચને લાવે તો ૫૦૦ થઈ જાય. તમે સો બેઠા છો. તમારું માને...'

આજે સવારે શાક વેચનારો એક મહારાષ્ટ્રીયન યુવક આવ્યો હતો. તેને

---

૩. વિચારો, મત - મતિ.

વર્તમાન ધરાવ્યાં. 'બીડી-સીડી પીવે છે ? હૉટલમાં જાય છે ?' વગેરે પૂછી લીધું. પછી નાટક-સિનેમા વગેરેની ના પાડી. અને કહે : 'તમારા બીજા મિત્રોને લઈ આવજો, હમણાં અમારી દુકાન બંધ છે.'

સત્સંગ વગર ઉદ્ધાર નથી

રાત્રે સ્વામીશ્રી કેટલાક સંત-હરિભક્તો સાથે ઉકાળો લઈ રહ્યા હતા. એક સાધકે સ્વામીશ્રીને પત્ર લખ્યો હતો. તે પત્ર સ્વામીશ્રી પાસે વંચાતો હતો. તેમાં લખ્યું હતું કે 'સાડા ત્રણ કલાક ધ્યાનમાં બેસાય છે.'

'અહોહો, બહુ કહેવાય !' સ્વામીશ્રી બોલ્યા.

'આવા જો ખેંચાય અને સાધુ થાય તો બહુ સમાસ થાય.' એક સંતે કહ્યુ.

'એ આપણું કાંઈ ધોળે નહિ. કદાપિ ખેંચાય ને અહીં આવે, પણ તેમને ફાવે નહિ. તેમને આપણું ગમે નહિ. અહીં આ બધું જોઈને અભાવ આવે. એ તો ત્યાં જ સારા.' સ્વામીશ્રીએ કહ્યું.

'એનો ક્યારે ઉદ્ધાર થાય ?' એક યુવકે પૂછ્યું.

'આ જન્મે ન થાય, સંસ્કાર થાય, બીજો જન્મ સત્સંગમાં ધરે... આપણે એનું શું ? આપણે તો એનો ગુણ જ લેવો કે આવું ભગવાનનું ધ્યાન કરે છે... આપણે એવા ધ્યાની સંતો કરવા છે. બીજાને ગુણ આવે એટલા માટે.'

આટલી વાત કરી ત્યાં એક મોટા આશ્રમમાંથી બે સાધકો આવ્યા. તેમના સંબંધમાં વાત નીકળી ત્યારે પણ સ્વામીશ્રી બોલ્યા કે –

'આપણે એનો ગુણ લેવો કે સારા છે... પરોક્ષમાં કેટલા દાખડા કરે છે. એવા આપણે કરીએ તો કામ થઈ જાય... આપણે બધાનો ગુણ જ લેવો. જે મોટા હોય તે બધાનો ગુણ જ જુએ. નાના હોય તે બધાનો અવગુણ જુએ.'

આવા એકાંતના ઘણા પ્રસંગોમાં પણ સ્વામીશ્રી કોઈ વિશે જરાપણ હલકો અભિપ્રાય આપતા નહિ. દરેકનો ગુણ જ લેવા શીખવતા. સાથે વિવેક-દૃષ્ટિ પણ આપતા. જેથી મુમુક્ષુનું ઉત્કૃષ્ટ શ્રેય થાય.

તા. ૧૯મીએ સવારે ચાલુ કથાએ સ્વામીશ્રીએ જાહેરાત કરી :

'સાંભળો, કાલે સાંજે ૪-૩૦ વાગે મોટે મંદિરે જવાનું છે. પાંચ મોટર આવશે. તેમાં સમાય એટલાએ આવવાનું. બાકીના અહીં ઉત્સવ કરે. મોટર કોની કોની મગાવવાની છે ? કુર્લાવાળાની, માણેકલાલ શેઠની, કેશવચંદ્ર અમીનની. એ મહંત સ્વામી ! ફડિયામામાને ખબર આપજો. તેમની મોટર લાવે.

આખો દી' હાજર રાખે. પહેલાં કપોળ વાડી અને પવઈમાં બહુ સાથે રહી. હમણાં હાથ આવી નથી. આ વખતે ભીડો આપ્યો નથી. તેમને ટેલિફોન કરો. 'આપને આખો દી' ભેગા રહેવાનું છે. અપવાસ કરવાનો છે. જન્માષ્ટમી છે.

'ઈશ્વરભાઈ દેસાઈ ને મગનભાઈ ખત્રીની, સાતમી ગોવિંદભાઈની, આઠમી કોઠારીની (જયસુખભાઈની). દરેકમાં છ જણ બેસે. ૪૮ જણ બેસે. ૧૫-૨૦ હરિભક્ત લેવા. ૩૦-૪૦ આપણે.'

પછી કયા કયા હરિભક્તને આવવાનું છે, તે પણ પોતે જ જણાવ્યું :

'અંબાલાલભાઈ (એ.પી.), ચુનીભાઈ (અડાસ), ત્રિભોવનકાકા, પ્રાણલાલભાઈ (બીલીમોરા), ઈશ્વરભાઈ મસાલા, અંબાલાલ બકરી પોળવાળા, તેના ભત્રીજા (પુરુષોત્તમદાસ), ધૂળાભાઈ (વડોદરા), રમેશ દલાલ (અમદાવાદ) વગેરે મોટા મહેમાનોને પહેલાં બેસાડવા. બાકીના હરિભક્તો બસમાં-ટ્રેનમાં આવે.'

પછી 'હરે' એમ કરી, વાતો આગળ ચલાવી. આમ, ચાલુ કથામાં સ્વામીશ્રીએ જાતે બધી વ્યવસ્થા ગોઠવી. આ એમની આગવી રીત હતી. જાણે પોતાના ભક્તો માટે જ આવ્યા હોય એમ જાહેરમાં અંગત લાભ આપતા.

જન્માષ્ટમી પ્રસંગે મહંત સ્વામી અને સંતોએ પારણું સુંદર શણગારી, હરિકૃષ્ણ મહારાજને પધરાવી, સ્વામીશ્રી દોરી ખેંચી શ્રીહરિને ઝુલાવે છે, એવું અદ્‌ભુત દૃશ્ય ખડું કર્યું હતું. ગણેશ ચતુર્થીએ ગણેશજીની સુંદર મૂર્તિ પધરાવી, ગણેશ પૂજન પણ કર્યું હતું.

ધર્મમાં જાગેલાને સેવવા

તા. ૨૧મીએ સવારે ૫-૧૫ વાગે મંગળ પ્રવચનમાં *'પ્રીત કર...'* પ્રભાતી બોલાવી, પ્રગટના સંબંધનો મહિમા સમજાવતાં સ્વામીશ્રી કહે :

'પરોક્ષમાં મારો મોક્ષ ક્યારે થયો તેની ખબર ન પડે. સહજાનંદ સ્વામીનો આશરો કરવાથી મારો મોક્ષ થઈ ચૂક્યો છે, 'અક્ષરધામમાં બેઠો છું' તેમ મનાય, એવું આપણને સુગમ કરી દીધું છે.

'બીજાને ભજશો તો ખુવાર થાશો' – આવું લખી દીધું ! 'સ્વામિનારાયણ' નામથી અઘના ઓઘ ટળી જાય છે. પાપી અક્ષરધામમાં જતો રહે. આટલું માહાત્મ્ય લખ્યું છે. 'તત્કાળ' જાય. લાગી કે દાગી ! મહારાજ અને સ્વામી ઓળખ્યા તે અક્ષરધામમાં બેઠો છે. દસ હજારનું દેવું હોય ને શેઠ કહે માફ! પછી

પોતાના ખજાને બેસાડી દે, તે નોકરી કરીને પાર આવે તેમ હતું ? ખજીના પર બેસારી દીધો ! મંડને વાપરવા ! તારો ખજીનો થયો, હવે તું ધણી. વાપરવા મંડ ! તેમ છતી દેહે આપણને ધામમાં બેસાડી દીધા. કૃતાર્થ કર્યા. આ સમજણે કરીને કેફ આવે. છક આવે. સમજણ વગર અજ્ઞાન. તેના જ કુટારા છે.

'સારા' કેટલા અક્ષર ? બે. ને 'ભૂંડા' કેટલા અક્ષર ? બે. પણ આંખ લાલ થાય, ક્રોધ આવે... વળી, સારા કહે તોય આકાશનો ભાગ કહેવાય ને ભૂંડા કહે તોય આકાશનો ભાગ કહેવાય. બંને આકાશમાં ગયા. આપણને અડ્યા ? આ સ્થિતિની સમજણ છે. ભગતજી, શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મની સ્થિતિ ! જ્ઞાનની સ્થિતિથી સદા સુખિયા રહેવાય.

'એક વાર અષ્ટાવક્ર ઋષિના આશ્રમે જનક રાજા અને ઋષિઓ કથા સાંભળતા હતા. જનક આવે પછી જ ગુરુ કથા શરૂ કરે. તેથી ઋષિઓને થયું કે 'આ તો ગૃહસ્થ છે. તે તેનું કેમ આટલું બધું રાખે છે ?' પછી અષ્ટાવક્ર ઋષિએ આખી મિથિલા નગરી બળતી દેખાડી. ઋષિઓ પોતાની ઝોળી, તુંબડાં સાચવવા કથા મૂકીને ભાગ્યા. ગુરુ કહે : 'તમારું ગામ સળગે છે, ઊઠો.' જનકે કહ્યું : *'મિથિલાયાં પ્રદીપ્તાયાં...'* મારું કાંઈ બળતું નથી. તમે જ્ઞાન કરો.'

'ભગવાનનો આશરો કરીએ અને આવું જ્ઞાન સિદ્ધ કરીએ તો વિદેહી જ છીએ.'

આટલી વાત કરી ત્યાં કોઈને ઝોલું આવ્યું. તેથી સ્વામીશ્રી કહે : 'જ્ઞાન ખાવું, ઝોલું ન ખાવું ! અનંત કાળથી ઝોલાં ખાધાં છે. સરપ, સાવજ, ઊંઘ્યા જ કરે. ને 'જાગતા નર સેવે !' ઊંઘે તો ક્યાં પત્તો પડે ? ધર્મમાં જાગેલાને સેવવા. તે તાન રાખવું.'

ધર્મનિષ્ઠા ને સેવાની દૃઢતા

કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ એક વાત કરી કે 'ભગવાનનો ભક્ત ચતુર્ધા મુક્તિ ન ઇચ્છે, પણ સેવાને ઇચ્છે. તે સેવા શું ? તો ભગવાનને અખંડ ધારી રાખવા અને તેના સંબંધવાળામાં નિર્દોષભાવ રાખવો.'

વચનામૃત ગ.પ્ર. ૪૭ વંચાવતાં સ્વામીશ્રીએ સંતોને પૂછ્યું : 'આ ચાર નિષ્ઠામાંથી આપણે કઈ નિષ્ઠા રાખવી ?'

પછી પોતે જ કહે : 'ધર્મનિષ્ઠા દૃઢ રાખવી, સેવા કરવી. અમે સેવા જ કરી છે. કથામાં, સભામાં બેઠા જ નથી. ધર્મનિષ્ઠામાં પાસ થયા પછી જ્ઞાન,

વૈરાગ્ય, ભક્તિ...!'

રાત્રે સભામાં નાના બાળકો આવ્યા. તેમને સ્વામીશ્રીએ કહ્યું : 'કથામાં બેસો, ફરી આવો જોગ નહિ મળે.'

તા. ૨૨મીએ સવારે ૧૦-૩૦ વાગે યુવક સભામાં સંબોધતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'*બ્રહ્મ સંગે બ્રહ્મ હોય કીટ જાતિ...*' ગંગામાં પડે તો ભમરી થાય ને ? માછલાં ખાઈ જાય. ભ્રમરવિદ્યાની જાણનારી ભમરી બધી ઈયળને ન લે. જે ઈયળ બે પગે ઊંચી થાય તેને દરમાં લઈ જાય છે ને ૩૬ ચટકા ભરે. કેટલીક મરી જાય. ખોખાં થઈ જાય. સોમાંથી એક ઈયળ ભમરી થાય. પછી શું ? ઢસરડા કરવા પડે ? પાંખો આવે. હમ્મ્મ્.... કરતી ઊડે. તેમ સત્પુરુષના ચટકા ખમીએ, ટોકણી ખમીએ, તો અહંભાવ જાય. ભમરા, સમરા... એવા ૩૬ ચટકા છે !'

અહીં સ્વામીશ્રી રોજ સંધ્યા પછી સ્નાન કરવા પધારતા, ત્યારે કેટલાક ઉત્સાહી યુવકો સ્વામીશ્રીની સેવા કરવા આવતા. આ વખતે સ્વામીશ્રીએ એવું પ્રકરણ ચલાવ્યું કે આપણે બધા યુવકોને નિર્દોષ કરવા છે. તેમાં દરરોજ એક મોટા દોષનો ઉલ્લેખ કરવાનો અને સ્વામીશ્રી પાસે નિષ્કપટપણે બધા યુવકોએ બોલવાનું કે 'બાપા ! આ દોષ અમારો ટાળો.' એમ પ્રાર્થના કરવાની. પછી સ્વામીશ્રી તે દોષ ટાળે.

આ વિધિમાં સ્વામીશ્રી સૌના હાથમાં જળ આપતા અને દોષ મૂકવાનો સૌ પાસે સંકલ્પ કરાવતા કે આજથી લોભ ગયો. બીજે દિવસે કામ. પછી ક્રોધ, સ્નેહ, માન - એમ એક પછી એક દોષ મૂકવાનો સંકલ્પ કરાવતા. એક અઠવાડિયું આ વિધિ ચાલ્યો. પછી સ્વામીશ્રી કહે : 'હવે બધા દોષ ટળી ગયા. આપણે બંધ કરીએ.'

નાનો બાળક રમત રમે તેવી દિવ્ય રમત સહજ રીતે રમીને સ્વામીશ્રીએ સૌને નિર્દોષ કર્યા. મોટાપુરુષ ધારે તો ક્ષણવારમાં દોષો દૂર કરી શકે. પણ આવાં દિવ્ય ચરિત્રોથી મોટાપુરુષ ભક્તોને-યુવાનોને જાણપણું આપતા. દોષો દૂર કરવા જાગ્રત કરતા અને તે માટે સત્પુરુષને પ્રાર્થના કરવાનું શીખવતા. આવા બ્રહ્મ-વિદ્યાના કોઈ અલૌકિક પાઠો સ્વામીશ્રી વાતવાતમાં યુવાનોને આપતા.

તા. ૨૬મીએ મંગળ પ્રવચનમાં અમૃત વચનો કહ્યાં :

'નિર્માનીપણે વર્તવું કઠણ. ત્યાગી થયા, બધું છોડ્યું, માન ન છોડાય. અટંટપણું રહે. તે ખોટ છે. ભગવાન ને સંત વિના જ્ઞાન ન થાય.

'મનુષ્ય દેહે કરીને કરવાનું શું છે ? ભક્તિ. કોઈ ભૂલ કરે તો આપણે વહોરી લેવી. તેમને નિર્દોષ સમજવા. 'ઈ જ લાગનો છે, એણે જ કર્યું છે,' – એ અપરાધ કર્યો કહેવાય. એવું થાવું ન જોઈએ. આપણી ભૂલ ઓળખવી અને આપણા દોષ ટાળવા. બીજામાં જોવા જઈએ, તો મોટાપુરુષમાં પહોંચી જવાય.'

સવારની કથામાં વચનામૃત ગ.પ્ર. ૫૦ સમજાવતાં બોલ્યા :

'આ વચનામૃતમાં મહારાજે કુશાગ્ર બુદ્ધિવાળાને બ્રહ્મની પ્રાપ્તિ કહી. પુરુષોત્તમની પ્રાપ્તિ ન કહી. બ્રહ્મની પ્રાપ્તિ કહી. પોતે પુરુષોત્તમ છે; પણ બ્રહ્મને – ગુણાતીતને ઓળખવા છે.

'બ્રહ્મ કેમ ઓળખાય ? સંસ્કાર ને સંબંધથી. મહારાજ આ વાત કરે છે. તે દી' પ્રગટ બ્રહ્મ ગુણાતીત હતા જ.

'જતન શું ? ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન આવવા દેવો એ જતન.'

આપણા ખાતાનો જીવ બીજે કેમ જઈ શકે ?

સવારની કથામાં સ્વામીશ્રીએ વજુભાઈ શેઠને હસતાં હસતાં કહ્યું : 'જયંતીભાઈ દર્શને કેમ નથી આવ્યા ?'

'હમણાં ઉપવાસ કરે છે. મેં આવવા કહેલું પણ તેઓ કહેતા હતા કે આજે ઉપવાસ છે અને કાલે પારણાં કરીને આવીશ.' વાંકિયાના નારણભાઈ વચમાં બોલી ઊઠ્યા.

'વજુભાઈ ! એને પરાણે ભામણી કરો, આપણા ખાતાનો જીવ છે... એ કેમ જઈ શકે ? હેત બહુ, બહુ વસ્તુ લાવે. સંબંધ થયો તે શું હવે છોડવું ! કારિયાણીનો માવો સઈ, સત્સંગી નહિ. દરબારને લીધે વેઠે લૂગડાં સીવે, હાંધી દે, દાંડિયાં કરે. (પછી સંતો તરફ જોઈને બોલ્યા) દાંડિયાં કરો છો ને ? ફાટે એટલે હાંધીને દોઢ વરસ હલાવવાં. શાસ્ત્રીજી મહારાજ દાંડિયાં (ધોતિયાંને વચ્ચેથી ફાડીને, બે છેડાને સાંધવા તે) પહેરતા... માવો પાપી ઘણો. ખોટાં કરમ કરે. મર્યો એટલે જમ તેડવા આવ્યા. સાધુય આવ્યા. જમ કહે કે 'આ તો અમારો જીવ છે, તમે કેમ તેડવા આવ્યા ?'

'એણે અમારી સેવા કરી છે.' સંતોએ કહ્યું.

'એ તો વેઠથી કરી છે.'

'ભલે વેઠથી કરી.' એમ કહી, સાધુ માવા સઈને ઉપાડી ગયા.

'વેઠે સીવ્યા પણ ફળ મળ્યું. જયંતીભાઈએ ભાવથી અમારી સેવા કરી છે.'

સ્વામીશ્રી ખૂબ ભાવમાં આવી વાતો કરતા હતા. સભા મંત્રમુગ્ધ બની ગઈ હતી.

સ્વામીશ્રીના વાર્તાલાપને અંતે સૌ સભાન થયા. સૌને ખ્યાલ આવ્યો કે મોટાપુરુષ અલ્પ જેટલા સંબંધમાં આવનારને પણ કદીયે છોડતા નથી.

વળી કહે : 'સાધુ હોય તે સાધુ કરે. અસાધુ હોય તે સાધુ કરે ?' એકદમ બોલ્યા : 'આખો દી' વાત કરીએ એમ થાય છે. પણ સાજા નથી. મંદવાડ ધીમે ધીમે જાય. આવ્યો છે, તે ઉતાવળો જતો નથી.'

પછી વજુભાઈ કહે : 'ગોપાળાનંદ સ્વામીએ ગોદડીમાં તાવ નહોતો મૂક્યો ? એમ મૂકી દ્યો.'

તે સાંભળી સ્વામીશ્રી કહે : 'પણ પાછો લઈ લીધો'તો ને !' આમ, વાતવાતમાં કથાવાર્તા કરવાનો ઈશક જણાવ્યો.

કથાવાર્તામાં સ્વામીશ્રી ઘણી વાર ટૂંકી પણ સૂત્રાત્મક વાતો કરતા અને શ્રોતાઓનાં અંતઃચક્ષુ ખોલી દેતા. એવી ધારદાર-અર્થસભર એમની વાતો રહેતી.

સ્વામીશ્રી કહે : 'મનુષ્યભાવ ન પરઠ્યો, તો ગુણાતીત સ્થિતિ જ છે. *'હરિના જન હરિના જેવા'* – ભગવાનનું સ્વરૂપ છે. તેમાં પોતાનો ભાવ જતો રહ્યો.'

તા. ૨૯મીએ રવિવારનો દિવસ હતો. સૌ સંતો-ભક્તો સ્વામીશ્રી સન્મુખ જોતાં, ઉત્સુકતાથી બેઠા હતા. કેટલીક વાર કથાના નિમિત્તે ધર્મ-નિયમની સ્થૂળ વાતો પણ સ્વામીશ્રી એવી રીતે રજૂ કરતા કે સાંભળનારને ચાનક ચડી જાય. આજે કહે :

'ગૃહસ્થ સાબુ લગાડે તોય ઊજળા થતા નથી. કાળા ને કાળા રહે છે. કાર્બોલિક (સાબુ) લગાડે પણ સારા થતા નથી.

'આપણે (સાધુએ) સાબુને અડવું નહીં. નવાય તો નહીં જ.'

કોઈ વચમાં બોલ્યું : 'સાબુ લગાડીએ તો શરીરનાં છિદ્ર ખુલ્લાં થાય.'

'અરે, શું ખુલ્લાં થાય, કેટલાંય મરી ગયાં !' સ્વામીશ્રી પણ સામે તુરત બોલી ઊઠ્યા. પોતાની વાતનું સમર્થન છોડ્યું નહીં. નાની પણ ધર્મની મર્યાદાનો આગ્રહ ચાલુ રાખ્યો.

તા. ૬-૯-'૬૫, જળઝીલણી ઉત્સવ હોવાથી આજે સવારે પૂજા પછી સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરતા હતા ત્યારે બાજુમાં ગણપતિ પધરાવ્યા હતા. તે મૂર્તિ સામું જોઈ કહે : 'આજે વિસર્જન કરવાનું છે. પછીથી તમારે પાકિસ્તાન સામે લડવા જવાનું છે. તમારે ને હનુમાનજીએ - બંનેએ

જવાનું છે.' એમ કહી બોલ્યા : 'અમારું ભલું કરજો.'

પછી હસીને હરિભક્તોને કહે : 'આપણે એકાદશી દરિયા કિનારે ઊજવશું અને પ્રમુખસ્વામી અને સંતસ્વામી સારંગપુરમાં સમૈયો ઊજવશે.'

આ ઉત્સવ સમુદ્ર કિનારે, ઍપોલો બંદર ઉપર સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવવામાં આવ્યો. ઠાકોરજી તથા ગણપતિજીને સ્ટીમલૉંચમાં પધરાવી, સંતો જળ ઝિલાવતા, સમુદ્રમાં ફર્યા. 'ગેટ વે ઑફ ઇન્ડિયા'ના પ્રવેશદ્વાર નીચે સભા કરી, ધૂન-કીર્તન તથા પ્રવચનો થયાં. ઠાકોરજી તથા ગણપતિજીની પાંચ આરતી ઉતારી, સ્વામીશ્રીએ ગણપતિ-વિસર્જન કર્યું. સંતોએ ચરણારવિંદ સુધી હિંડોળતો મોટો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. આજે લગભગ ૧૦૦ જેટલા ભક્તોએ આ અલૌકિક દર્શનનો લાભ લીધો. અક્ષર મંદિર, દાદરમાં પણ સંતોએ આ સમૈયો ઊજવ્યો હતો.

સાંજે જળઝીલણીની મોટી સભા મંદિરમાં થઈ. અચાનક વજુભાઈએ ભારત-પાકિસ્તાનની લડાઈ વિશે કહ્યું કે 'આ લોકોએ લડાઈ જાહેર કરી છે.' સ્વામીશ્રી કેફથી બોલી ઊઠ્યા : 'ક્યાં મચ્છર ને ક્યાં સિંહ ! ઊડી જવાના !'

વચનામૃત ગ્રંથની અદબ

મંદિરમાં સ્વામીશ્રીના ઓરડામાં વચનામૃતનું પુસ્તક ગાલીચા ઉપર પડેલું. આ જોઈ સ્વામીશ્રીએ કહ્યું કે 'વચનામૃત ગ્રંથ નીચે ન મુકાય, ઉપર મૂકી દ્યો.' એમ કહી ઉપર મુકાવ્યું.

બીજે દિવસે પૂજા કરતા હતા ત્યારે પણ વચનામૃત ગ્રંથ નીચે પડેલો. સ્વામીશ્રીએ મને કહ્યું : 'ગ્રંથ ઉપર મૂકી દ્યો. એક વાર વચનામૃતનું પુસ્તક નીચે પડેલું, પછી શાસ્ત્રીજી મહારાજે મારી પાસે પાંચ દંડવત્ કરાવી, પુસ્તક ઉપર મુકાવ્યું હતું. માટે વચનામૃત મહારાજની વાણી, સ્વરૂપ છે. *મદ્વાણી ઇતિ મદ્રૂપં !* તે તો નીચે મુકાય જ નહિ.' એ પ્રમાણે મહિમા કહી : 'પુસ્તક હંમેશાં ઉપર જ રાખવું, નીચે ન મૂકવું.' એમ આજ્ઞા કરી.

બે યુવકો મુંબઈમાં સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા. સ્વામીશ્રીએ બે હરિભક્તોની મોટર મગાવી બંને યુવકોને મુંબઈ દેખાડી આવવા કહ્યું. યુવકો કહે : 'બાપા ! અમે તો સમાગમ માટે જ આવ્યા છીએ. મુંબઈ તો પછી છે જ ને !'

'ના, ઈ નો બકે.' સ્વામીશ્રીએ પ્રેમથી કહ્યું : 'સમાગમ પછી કરજો.

હમણાં જોઈ આવો.'

યુવકો આજ્ઞાથી જોવા ગયા. પછી આવ્યા ત્યારે સ્વામીશ્રીએ એવી સાંખ્યની વાતો કરી કે ફરીથી જોવાનો સંકલ્પ પણ ન ઊઠે ! સ્વામીશ્રીની જ્ઞાન આપવાની આ અદ્‌ભુત રીતિ હતી.

તા. ૮મીએ સવારે ૭-૩૦ વાગે કથામાં હર્ષદભાઈને લડાઈના સમાચાર આપવા સ્વામીશ્રીએ કહ્યું. તેમણે જામનગર ઉપર બૉમ્બ ફેંકાવાની કેટલીક વાતો કરી. પછી જામ બાપુને હાર્ટઍટેક આવતાં ધામમાં ગયા છે - તે સમાચાર પણ આપ્યા.

સ્વામીશ્રી તેમને બે માસ પૂર્વે જામનગર મળ્યા હતા. ખૂબ ભાવિક એવા આ જામ સાહેબે દેહ મૂક્યો તે જાણી સ્વામીશ્રી કહે : 'મોક્ષ થઈ ગયો.' પછી રમૂજ કરતાં ટકોર કરી કે 'કાલે ઈશ્વરભાઈ કથામાં ન આવ્યા તેમાં આ થયું. ઈશ્વરભાઈ વગર અંધારું !'

આજે રાતે સમગ્ર શહેર અંધારપટથી છવાયેલું હતું. પારાયણની પાટની અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિની બે જ બત્તી ચાલુ હતી. બસ, ટૅક્સી વગેરે વાહનોની અવરજવર રાતે ૯-૦૦ પછી બંધ રાખવા એલાન હતું.

પછી દેશહિત માટે ધૂન બોલાવીને કહે : 'લાવો માઈક. બે શબ્દો બોલીએ.' એમ કહી, વિશ્વની અને દેશની શાંતિ માટે પ્રાર્થના કરી. માળા ફેરવી.

એક રાત્રે સભા પૂરી થઈ એટલે નેણસીભાઈ ગણાત્રા સ્વામીશ્રીની રજા લેવા ગયા. એ વખતે મગનભાઈ સેક્રેટરી સ્વામીશ્રી પાસે બેઠા હતા.

ગણાત્રાએ સ્વામીશ્રીની રજા માગી. ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'છે કોઈ ફિકર ! મે'માનની જેમ ચાલ્યા જાય છે. મગનભાઈ આવ્યા છે. તેમને બે ગાદલાં નાખી દો. તકિયો આપજો અને ઓઢવાની રજાઈ મૂકજો. પછી સવાર માટે દાતણ કચરીને, કૂણું કરીને પાણીના લોટામાં મૂકીને પછી જજો. ત્યારે સેવક ખરા કહેવાય.'

સ્વામીશ્રીની સરભરા તો મગનભાઈએ અનેક વખત માણી હતી, પરંતુ સ્વામીશ્રી સંતો-યુવકો તથા હરિભક્તોમાં આવી મહિમાની દૃષ્ટિ કેળવીને સરભરાના કેવા અદ્‌ભુત પાઠ ભણાવતા, તે જોઈને મગનભાઈ આશ્ચર્યચકિત થઈ ગયા.

બીજે દિવસે સ્વામીશ્રી સ્નાન કરતા હતા અને કોઈકે લડાઈના સમાચાર આપ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણી જીત જ થવાની છે. આપણા પ્રેસિડેન્ટ

સાહેબ રાષ્ટ્રપતિ (રાધાકૃષ્ણન્) કેવા નીતિવાળા છે ! લાલબહાદુર શાસ્ત્રી, જવાહરલાલ બાપા બધા આપણા નીતિવાળા-ધર્મવાળા. એ લોકો તો અધર્મ અને અનીતિવાળા. તેથી આપણી જ જીત થશે. આપણા અક્ષરપુરુષોત્તમ બાપા ત્યા લડવા ગયા છે.' ધર્મનો જ સદા જય છે, એમ જણાવ્યું.

ભારતનો જય થાય અને દેશકાળ સુધરે તે માટે સ્વામીશ્રી રોજ ૫૧ માળાની ધૂન કરાવતા.

ધર્મમાં રહે, તો શૂરવીરપણું આવે

વચનામૃત, સ્વામીની વાતું તથા સત્‌શાસ્ત્રો સિવાય અન્ય લૌકિક સાહિત્ય તેમજ છાપાં વગેરે વાંચવાનો સ્વામીશ્રી વારંવાર નિષેધ કરતા. દરેક વખતે વાતની રજૂઆત નવા નવા મુદ્દાથી ઘણી જ અસરકારક રીતે કરતા. આજે કહે :

'છાપાં વાંચીએ ત્યાં લગી શૂરવીરપણું ન આવે. જગતની ગ્રામ્યવાર્તા બંધ કરી, એક મૂર્તિમાં - ગુણાતીતાનંદ સ્વામી, સહજાનંદ સ્વામીમાં જોડાઈ જાય, તો શાંતિ - પ્રકાશ થાય. મહારાજને વરણીય થવાય.

'નિયમ-ધર્મમાં સારધાર રહે, તો શૂરવીરપણું આવે. પાછો ન પડે. માટે મહારાજને રાજી કરવાનું જ તાન રાખવું.

'નટ વાંસડા પર ચડ્યો હોય તે ખેલ જોવા આખું ગામ આવે. પણ નટ તો વાંસડા સામી - દોરડા સામી જ નજર રાખે. કોઈ બોલાવે કે વખાણ કરે તોય ન જુએ. ઢોલ વગાડનાર ઢોલી કહે : 'ન વદુ, ન વદુ...' પણ નટ કહે : 'હેઠો ઊતરીશ ત્યારે વદીશ.'

'નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે *'નટ ચડ્યો જેમ વાંસડે, જોવા મળે સઘળું ગામ; નટ ન જુએ કોઈને, જો જુએ તો બગડે કામ.'*

'ઘણા નટ દોરડાં બાંધે ને તે ઉપર હાલ્યા જાય. શહેર સામું કે માણસ સામું ન જુએ, જુએ તો પડે ને ભુક્કા નીકળી જાય.

'કોઈ આપણાં વખાણ કરે - ન કરે તે માટે નહીં, પણ મહારાજને પ્રસન્ન કરવા દોરડા સામું જોવું, એટલે કે આપણા સ્વધર્મમાં અડગ રહેવું.'

રાત્રે સભામાં સ્વામીશ્રી કહે :

'દીવા ઠારો. બંબ પડવાનો છે. બંબ પડે તો આપણે શું વાંધો ? આપણે તો અક્ષરધામમાં જઈશું. અહીં લાખના મટીને સવા લાખના !

'બ્રહ્માનંદ સ્વામી કહે છે : *'રે બીક સર્વે કાઢી બહારી, મળિયા મને*

મોહન વનમાળી.' બીક ન રાખવી. પુરુષોત્તમ નારાયણ મળ્યા, ગુણાતીત મળ્યા, માટે બીક ન રાખવી.'

રાત્રે અંધારપટમાં લાઈટનો પ્રકાશ બહાર ન જાય તે રીતે સ્વામીશ્રી બારી-બારણાં બંધ રખાવતાં. સ્વામીશ્રીને સૌ હરિભક્તોએ પ્રાર્થના કરી કે મુંબઈ ઉપર વધારે ભય છે. પાકિસ્તાનીઓ વિમાનમાં દરિયા ઉપરથી આવીને બૉમ્બ ફેંકશે. એવી વાતો સર્વત્ર પ્રસરી ગઈ છે. તેથી સામાન્ય પ્રજા અને નેતાઓ પણ ફફડી ગયા છે.

હરિભક્તોની આ પ્રાર્થના સાંભળીને સ્વામીશ્રી કહેતા : 'મુંબઈમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજે છે. શાસ્ત્રીજી મહારાજ બેઠા છે, તે આખા મુંબઈની રક્ષા કરશે અને પાકિસ્તાન હારીને અધમૂવું થઈ જાશે. અધર્મની જીત નહીં થાય, માટે આપણે મહારાજની ધૂન કરો.'

સ્વામીશ્રી રોજ રાત્રે અડધો કલાક આ નિમિત્તે ધૂન કરાવતા અને તેમાં તન્મય બની જતા. આમ, પંદર દિવસ બધા સંતો-હરિભક્તો પાસે સ્વામીશ્રીએ ધૂન કરાવી. તેમજ મોટા મંદિરે દર્શન કરવા જાય ત્યારે હનુમાનજીની મૂર્તિ સમક્ષ જઈ કહે : 'જાવ, યુદ્ધના મોરચે બધાને મારી હઠાવો.'

સ્વામીશ્રી કહેતા : 'હનુમાનજીને મોકલ્યા છે. હવે ઓલ્યા પાછા હઠી જશે.'

ખરેખર ! સ્વામીશ્રીની ધૂન-પ્રાર્થનાથી ટૂંક સમયમાં જ ભારતની જીત થઈ અને પાકિસ્તાનની નામોશીભરી હાર થઈ.

ભારતના ઈતિહાસમાં સરકાર આ હકીકત કદાચ ન નોંધે, પરંતુ લાખો હરિભક્તોનાં હૃદયમાં તો લખાઈ જ ગયું હતું. સૌને પ્રતીતિ આવી ગઈ હતી કે સ્વામીશ્રી બોલે એમ જ થાય છે.

તા. ૧૬મીએ પ્રાતઃ કથા-ગોષ્ઠિમાં, સંતસભામાં *'ભજન કર ભાવશું...'* એ પદ સંતો પાસે બોલાવ્યું ને કહે :

'તે કોઈ કભાવથી ભજન કરતું હશે ? પણ ભાવથી એટલે મહિમાથી - પ્રેમસહિત; 'અહોહો ! શું પ્રાપ્તિ થઈ છે !' એમ ભજન કરવું.

'ભગવાનમાં એકતાર ન હોય તો દેહના ગોલા થઈ જઈએ. ટોકણી બહુ સારી. જ્ઞાન વધે, ખટકો આવે, વાત સાંભળવી તે કથા. ને બીજાને કહેવી તે વાર્તા.

'વળી, પોતાનું તપાસવું કે પોતે રહ્યો છે કે રાખવો પડ્યો છે ? સાચવવા ન પડે એ મુદ્દો.'

બીજે દિવસે મંગળ પ્રવચનમાં *'કીજીયે ધ્યાન શ્રીધર્મના કુંવરનું'* આ પદ

સંતો બોલ્યા. સ્વામીશ્રી કહે : 'અમે જૂનાગઢમાં આનાં ૮ પદ બોલતા. જૂનાગઢમાં બધાને મોઢે. શાસ્ત્રીજી મહારાજ બહુ બાલાવે. ભગવત્સ્વરૂપદાસને મોઢે હતા.

'એક એક દી'એ એક મોઢે કરે એ હોશિયાર. બે બે પદ કરે તે બહુ હોશિયાર. ચાર કરે તેને મહારાજ પ્રસાદ દેતા ને કલાકમાં કરે તો ચરણારવિંદ પાડી આપે !'

'બાપા ! આપ શું આપો ? કોઈએ પૂછ્યું.

'આશીર્વાદ.' સ્વામીશ્રીએ સહજતાથી કહ્યું : 'ચરણારવિંદની આજ્ઞા નથી. જો, આ પડ્યાં !' સભામાં આનંદ પ્રસરી રહ્યો. પણ સ્વામીશ્રીએ રાજીપાની તારતમ્યતા બતાવી, શ્રદ્ધાનો મહિમા સમજાવી દીધો.

સંતને વચને જ તપ ને સેવા ફળદાયી

સભામાં એક ભાઈના વરસી તપની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'ધારણાં-પારણાં કરે છે. હજી પાંચ મહિના બાકી છે. પણ પ્રાપ્તિ કેવી ? રેતીમાં પાણી રેડ્યા જેવું. દેહને કારસો દેવો. વાટી નાખવો. પણ અહીં થાય છે તે ભગવાનને રાજી કરવા થાય છે. સહજાનંદ સ્વામી સેવા અંગીકાર કરે છે.'

ભગવાન અને સંતને વચને તપ-સેવાનો મહિમા સમજાવ્યો. ભગવાન અને સંતનો આશરો કરી, તેમને કર્મફળપ્રદાતા જાણી, પ્રસન્નતા માટે કર્મ કરે, તો મહામોટું ફળ મળે તે વાત સ્વામીશ્રીએ સમજાવી.

મુંબઈમાં 'અક્ષર ભવન'માં સ્વામીશ્રીને ઊતરવાનો ઓરડો વાયુ-અનુકૂલિત (Air conditioned) કરાવેલો; પણ સ્વામીશ્રીને તે જરાપણ માફક ન આવ્યો. તેથી રાત્રે મશીન બંધ કરાવી, ઓરડાની બારી ખોલાવી નખાવતા.

એક રાત્રે પોતે સૌ સંતોને સંબોધીને કહ્યું હતું કે 'શ્રીજીમહારાજે કારતક સુદ આઠમે મંદવાડ ગ્રહણ કર્યો ને જેઠ સુદ દશમે ધામમાં પધાર્યા. શાસ્ત્રીજી મહારાજે પણ ધામમાં જતાં પહેલાં સારંગપુર, અટલાદરા, ગોંડલમાં માંદગી ગ્રહણ કરી હતી. ગુણાતીતાનંદ સ્વામીને પણ ૫૮ વરસની આવરદા હતી, પણ મહારાજે ૨૫ વર્ષ આવરદા હરિભક્તો માટે વધારી આપી....' આ પ્રમાણે વાત કરી. જો કે ત્યારે આ વાતનું રહસ્ય કોઈને સમજાયું નહિ.

પરંતુ આ અરસામાં સ્વામીશ્રીને અશક્તિ ઠીક ઠીક હતી ને સંપૂર્ણ આરામ લેતા હતા. બોલે તો સાવ ઓછું. જરા બોલીને કહે : 'ડૉક્ટરે ના પાડી છે.' એમ કહીને અટકી જાય.

એક પ્રસંગે રાત્રે લઘુ કરવા જતાં મારો તથા યોગેશ્વર સ્વામીનો હાથ પકડ્યો હતો. ત્યારે કહે : 'સંતો બધા ભણી-ગણીને તૈયાર થઈ જાય અને શાસ્ત્રીજી મહારાજની સંસ્થા ચલાવે એવા થાય ત્યાં સુધી ૨૦ થી ૨૫ વરસ હજુ દેહ રહેશે.' આ પ્રમાણે કોઈ કોઈ વાર બોલતા.

તા. ૨૩મીએ ભગતજી મહારાજનું શ્રાદ્ધ હતું. સાંજે સભામાં સ્વામીશ્રી કહે : 'બે સંકલ્પ સિદ્ધ થયા. અંધારપટ ગયો અને વરસાદ થયો.'

સંતો તરફની એક બત્તી ચાલુ હતી તે બંધ કરાવી. નારાયણ ભગત કહે : 'હવે ક્યાં વાંધો છે ? અંધારપટ દૂર થયો છે.'

સ્વામીશ્રી કહે : 'પાવર ઓછો બળે, તેથી બંધ કરો.'

પછી કહે : 'હજુ પાંચ દિવસ ધૂન કરવી પડશે. દુનિયામાં પાપ વધી જાય તે સામું ભગવાન જોતા નથી. સંબંધ સામું જુએ છે કે મને કોઈ સંભારે છે ?' એમ ભગવાનની મોટપ સમજાવી કે ગમે તેવા દેશકાળમાં પણ ભજન કરવું, તો મહારાજ જરૂર રક્ષા કરે.

'પણગા છેલ' ન થવું

બીજે દિવસે મંગળ પ્રવચનમાં, *'ભક્તમનરંજન ભ્રકુટિ...'* એ પદ સંતો બોલ્યા.

'મોઢે થઈ ગયાં ?' સ્વામીશ્રીએ સંતોને પૂછ્યું.

'નથી થયાં.'

'એમ ન કહેવું. ચોખ્ખો જવાબ દેવો - 'શીખીશ' એમ !'

પછી વાત કરી કે 'આ પદ નિત ગાવાં. એવી મજા આવે. કોઈ ચીજ ખાધી હોય, તો દસ વરસે મળે તોય સાંભરી આવે.

'હિન્દી, ગુજરાતી, ઇંગ્લિશ બોલવું. એથી ઘણું જાણવા મળે, સમજવાનું મળે. જ્ઞાન શીખવાનું મળે. મહારાજ પ્રશ્નોત્તર બહુ કરાવતા. તેમાં જ્ઞાન સિદ્ધ થતું. માટે એકમના થઈ, એક સંપ-સુહૃદભાવ રાખી, હોલાઉપાડ કરવો. ભણવું, પાઠ કરવો. નવરા ન રહેવું.

'એક વાર હોલાં ચણતાં હતાં ત્યાં પારધી આવ્યો ને જાળ નાખી. બધાં હોલાં મુંઝાણાં. તેમાં એક સુપ્રિટેન્ડન્ટ હોલો હતો. તે કહે : 'એક જણ ઊડશું તો આ જાળ ઊપડશે નહીં. માટે બધાં એક થઈને સાથે ઊડો.' પછી એમ ઊડ્યાં ને જાળ ઊપડી ગઈ. એક ઝાડ ઉપર જઈને બેઠાં. જાળ ઉપર રહી ગઈ ને હોલાં

બધાં નીચે થઈને નીકળી ગયાં.

'તેમ આપણે હોલાઉપાડ કરશું, મહારાજને સંભારશું, ને તેમનો આશરો કરશું તો, આનંદના ફુવારા છૂટશે.

'બપોરે એક જ કલાક ઊંઘવું. નહીં તો ચાર કલાક વયા જાય... જ્ઞાન ખોઈ બેસીએ... શબ્દ સહન કરવા. પ્રમુખસ્વામી કેવા સ્વામીની દૃષ્ટિમાં આવી ગયા ! હોદ્દો મળી ગયો. નાની ઉંમરમાં દૃષ્ટિ પડી ગઈ ! સંતસ્વામી કેવા નિરાવરણ દૃષ્ટિવાળા ! ઘનશ્યામ સ્વામી - વચનસિદ્ધ, જબરદસ્ત ! સાચે ભાવે સત્સંગ કરે, તો કામ થઈ જાય.

'કાકાધિરાજ જેવું ન કરવું. દેખાવ ન કરવો. મહારાજ, સ્વામી રાજી થાય તેમ કરવું. અક્ષરપુરુષોત્તમનો વાવટો ફરકાવવો છે. અંગ્રેજ સરકારનો સિક્કો બધે હતો. તેમ સ્વામિનારાયણનો સિક્કો અનંત કોટિ બ્રહ્માંડમાં રહેશે. બીજાનો રહેશે નહીં. સંતો ! બળ કરો. મંડો. પણગા છેલ ન થવું.

'એક જણને બડાશ મારવાની બહુ ટેવ. એક દિવસ તે વરસાદમાં તેના મિત્રને ઘરે વગર છત્રીએ ગયો. તેનાં કપડાં સાવ કોરાં હતાં. મિત્રે આશ્ચર્યથી કહ્યું કે 'વરસાદમાં કોરા કેવી રીતે આવ્યા ?'

'આણે કહ્યું : 'હું તો પણગો છેલ. વરસાદનો એક પણ પણગો માથે પડવા ન દઉં. પણગો આમ પડે તો આમ તરી જાઉં, ને તેમ પડે તો તેમ તરી જાઉં. આમ, આડો-અવળો તરી જાઉં, પણ એકે પણગો માથે ન પડવા દઉં.'

'આવી વાત મનાય ? આનો મિત્ર કહે : 'ભલે, તમે ફળિયામાં ઊભા રહો. અને હું તમને તીર મારું. તે તમે આડા-અવળા તરી જજો. તીર લાગવા દેશો નહીં.'

'આમ કહ્યું એટલે એણે તરત સાચી વાત કહી દીધી કે 'મેં માટલામાં લૂગડાં ભર્યાં હતાં ને અહીં આવીને તે પહેરી લીધાં.'

'આપણે કોઈ વાતની બડાશ મારવી નહીં. ડોળ કરવો નહીં. ભગવાનને દંભ કે ડોળ ગમતો નથી. માટે કોઈ વાતે પણગા છેલ ન થવું.'

તા. ૨૫મીએ, મંગળ પ્રવચનમાં વાત કરતાં સ્વામીશ્રી કહે :

'નવું કરી બતાવવું. નવું શું ? નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ, સુહૃદભાવ, એકતા. મહારાજની મૂર્તિમાંથી જેવું તે વખતે સુખ મળતું એવું અત્યારે મળે છે - સત્પુરુષના સમાગમમાં. ભગવાન ને સંતનો આશીર્વાદ હોય તો તમામ - હૉલ (Whole) સુખી થાય. મોટાની હૂંફમાં, હવામાં સુખ છે. તમે કોના શિષ્ય ?

શાસ્ત્રીજી મહારાજના. હું નથી ધારતો કે શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ લીધેલો સોગિયો હોય ! દુઃખી હોય !'

સુખ ને સમર્તિ માટે ઉત્સવો

દર વર્ષે ભાદરવા વદ અમાવાસ્યાનો ઉત્સવ સ્વામીશ્રી મોજીદડ પાસે નારાયણ ધરે ઊજવતા. આજે સંત-હરિભક્તોના સંકલ્પથી વરસોવા (મુંબઈ) સમુદ્ર કિનારે ઊજવવાનું નક્કી થયું. 'સમુદ્રમાં ૯૯૯ નદી મળે છે. એટલે સમુદ્ર સ્નાનનું માહાત્મ્ય ઘણું જ છે.' એમ સ્વામીશ્રી હંમેશાં કહેતા.

સવારે ૧૦-૦૦ વાગે એક સ્પેશિયલ બસ અને પાંચ મોટરકારમાં સર્વ સંતો-હરિભક્તો વરસોવા પધાર્યા. નટવરલાલ પરીખના બંગલામાં સ્વામીશ્રી માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વામીશ્રીએ સમુદ્રને પાવન કર્યો. જળ મસ્તક ઉપર ચઢાવ્યું અને સર્વ હરિભક્તો-સંતો ઉપર પ્રસાદીનું જળ છાંટ્યું. દેશમાં શાંતિ ફેલાય, લડાઈ બંધ થાય તેવા શુભ સંકલ્પો કરી, સમુદ્ર કિનારે સભા કરી, બંગલે પધાર્યા.

પ્રાસંગિક પ્રવચનો બાદ સ્વામીશ્રીએ સહુને નિર્દોષબુદ્ધિ દૃઢ થાય, મનુષ્ય-ભાવ નીકળી જાય અને સંપ-સુહૃદભાવ વધે એવા આશીર્વાદ આપતાં કહ્યું :

'ભાદરવા વદ અમાસનું બહુ માહાત્મ્ય. પરોક્ષમાં બધાં પુણ્યદાન કરે.

'આપણે પુણ્ય શું ? ભગવાન ને ભગવાનના ભક્તમાં સદ્‌ભાવ અને દિવ્યભાવ રહે. નિર્દોષબુદ્ધિ રહે. કોઈનો અભાવ-અવગુણ લીધો હોય તો નદીમાં નાખી દઈએ.

'અમે સ્વામી સાથે નારાયણ ધરે વાસર નદીએ નાહવા જતા. તીરથ તો સારંગપુર હતું. તોય જતા. શા માટે ? હરિભક્તોને સુખ આપવા અને સમર્તિ માટે જતા.

'દરિયામાં હજારો પાપી નાહતા હશે. બીચારો કહેતો હશે કે મારામાં સંત નહાય તો સારું. તે આપણે સંતો નાહ્યા તેથી દરિયો રાજી થયો હશે કે 'મારો મોક્ષ થઈ ગયો.'

પછી પૂજન વિધિ તથા આરતી કરી, સ્વામીશ્રીએ સ્વહસ્તે સૌને પેંડાનો પ્રસાદ આપ્યો. બપોરે ૧૨-૩૦ વાગે મંદિરે પધાર્યા.

બીજે દિવસે વચનામૃત વર. ૧૬ નિરૂપતાં સ્વામીશ્રીએ સુંદર વાતો કરી :

'મોટા માણસ સાથે બને નહીં. 'આવો, બેસો' કહેવું. ખુશામત નહીં. ડોળ

નહીં. તેની પાછળ ફરવું નહીં. શાસ્ત્રીજી મહારાજ ખુશામત ન કરે. મોટો માણસ હોય તેને આપણી ગણતરી ખરી ? સામું ન જુએ. રાજનો કેફ હોય... ને આપણે સંસારકૂચા ! વૈરાગ્ય કરી બીજાને સાધુ બનાવવા એ ખુમારી છે. ભગવાન ભજાવવા એમ ભક્તિનો મારે મદ છે. એમ મહારાજ કહે છે. અમારે ત્યાગ ને વૈરાગ્યનો કેફ. એની ક્યાં ખુશામત કરવી ? મોટો, તો એના ઘરનો ભલે રહ્યો ! પડ્યો રહે એક કોર ! મહારાજે કડક જવાબ દીધો. મહારાજ તો ગરીબના બેલી. માળા ઘમકાવવા જેવું સુખ ક્યાંય નથી. હોય મોટો, પણ બૈરાં સારુ આંટા મારે. વલખાં મારે. શું માલ કાઢવો છે તેમાં ? એક સ્ત્રી છૂટતી નથી, તો કરોડ ક્યાંથી છૂટે ? ચિત્રકેતુને મહિમા ઊતર્યો તે છોડ્યું.'

સત્સંગ કરે તેને મોસલ ન આવે

પછી યુવક મંડળની સભામાં પધાર્યા. યુવક મંડળમાં આજે 'સ્ટડી સર્કલ'નું પ્રથમ સોપાન હોવાથી તેનું ઉદ્‌ઘાટન કર્યું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા :

'સત્સંગ ન કરે તેને મોસલ આવે છે. તમાકુ, ભવાયા, વ્યભિચાર, ચોરી, દારૂ, માંસ, અફીણ, બજાણિયા... આ મોટા મોસલ.

'આ સત્સંગ થયો તેને તેર પ્રકારના મોસલ જતા રહે છે. મોસલ એટલે માગનાર... બજારનું પાને ન ખવાય. ખરું જોવા જાવ, તો ઘણાં પાર પડી ગયાં છે. લોકો વાત કરે છે કે તેમાં ઝીણાં ઝીણાં જીવડાં હોય છે !

'મોટા મોટા પંડિતો ભાગવત વાંચતા જાય ને તમાકુ સૂંઘતા જાય ! તે મૂકી દેવું. 'મૂક્યા બલ્લા ને લીધા અલ્લા.' ભગવાન મળ્યા. તેય નાની ઉંમરમાં. જેટલા આ ઉંમરે સારા સ્વભાવ પડશે, તેટલો વાંધો નહીં આવે. આળસ-પ્રમાદના સ્વભાવ મૂકવા.

'એક આળસુ સડકના કાંઠે રાયણના ઝાડ તળે સૂતો હતો. તેની છાતી પર રાયણ પડી. આળસુને તે રાયણ મોઢામાં મૂકવાની આળસ. તે રસ્તે કોઈ પસાર થાય તેની રાહ જોતો હતો. તેવામાં એક ઊંટવાળાને દીઠો. આણે બૂમ પાડી. ઊંટવાળાના મનમાં એમ કે 'બીચારો કોઈ માંદો હશે. ને પાણી પીવું હશે.' એટલે ઊંટથી ઊતરી, અડધું ખેતરવું હાલીને આવ્યો. ઓલ્યો આળસુ સૂતો સૂતો બોલ્યો : 'મારી છાતી ઉપર આ રાયણ છે, તે જરા મારા મોઢામાં મૂકોને !'

'આ સાંભળી ઊંટવાળાને રીસ ચડી. તે કહે : 'અડધા ખેતરવાથી હાલીને આવ્યો તે આ કામ હતું ?' એમ કહી, ગુસ્સે થઈ વયો ગયો. ત્યારે ઓલ્યો

આળસુ ઊંટવાળાને કહે : 'માળો ! આળસુ દેખાય છે !'

'આવા હોઈએ, તો ક્યાંથી વધીએ ? સમાગમરૂપી રાયણ આપણી છાતી ઉપર પડી છે, તો આળસ મેલી સમાગમ કરી લેવો.'

અહીં આવેલી કપોળ વાડી સ્વામીશ્રીની પ્રસાદીની વાડી. ૭-૮ વર્ષ સુધી દર વર્ષે ત્યાં બ્રહ્મયજ્ઞ યોજી, સ્વામીશ્રીએ સર્વને અપાર સુખ આપ્યું. અહીં કેશવચંદ્ર અમીન તરફથી - 'લડાઈનો સુખદ અંત આવે અને સર્વત્ર શાંતિ ફેલાય' તેવા શુભ સંકલ્પથી 'હરિલીલામૃત' તથા 'ભક્તચિંતામણિ'નું પારાયણ સોમવાર, તા. ૨૭-૯-'૬૫ના સવારથી યોજવામાં આવ્યું. સિદ્ધેશ્વર સ્વામી તથા હું સવારે 'હરિલીલામૃત' અને રાત્રે શાસ્ત્રી નારાયણ ભગત 'ભક્તચિંતામણિ'ની કથાનું વાચન કરી, આનંદ કરાવતા.

સ્વામીશ્રી રોજ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ અને રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ સભામાં હાજર રહી, દર્શનનું ને સમાગમનું સુખ આપતા. દેશમાં શાંતિ ફેલાય તે માટે ૫૧ માળા અને દેશમાં જ્યાં જ્યાં વરસાદની અછત હતી ત્યાં વરસાદ થાય તે માટે ૧૧ માળાની ધૂન સ્વામીશ્રી ખૂબ જ ઉત્સાહથી દરરોજ રાત્રે કરાવતા. ધૂનનો મહિમા વારંવાર કહેતા અને સ્વામિનારાયણ મહામંત્રનું માહાત્મ્ય સમજાવતા. ધૂન પછી સંતો પાસે સંસ્કૃતમાં શ્લોકો બોલાવતા.

મુંબઈમાં રોજ સવારે મંગળ પ્રવચન વેળાએ તથા બપોરે ઠાકોરજીના ઉત્થાપન સમયે સંતો પાસે અષ્ટકો ગવરાવતા. વળી, ક્યારેક તેનો અર્થ પણ કરાવતા. 'આ અષ્ટકો આખાય જૂનાગઢમાં ગવાતાં' એમ કહી, સ્વામીશ્રી અષ્ટકો પોતાને જે રીતે તૂટક-તૂટક યાદ હતાં તે શબ્દો કહી, સંતો પાસે જૂના ગ્રંથોમાંથી શોધાવતા. કોઈ વખત કહે : *'ચંદન ચર્ચિતમ્'* એક અષ્ટકમાં આવે છે. વળી કહે : *'વિહરત્યો'* એવું કંઈક આવે છે.' તો *'જલધરસુંદર'* વગેરે છૂટક શબ્દો સંભારી આપતા. અથવા સંતકવિ અચિંત્યાનંદ વર્ણી વગેરે નામો યાદ આવતાં - તે પ્રમાણે સંતો પાસે અષ્ટકોની શોધ કરાવતા.

એવામાં સંપ્રદાયના કવિઓની સંસ્કૃત અષ્ટકો-સ્તોત્રોની એક છાપેલી મોટી ચોપડી મળી આવી, તેમાંથી સ્વામીશ્રીએ અષ્ટકો શોધી આપ્યાં. શરૂમાં તેના રાગ બેસે નહીં એટલે સંતો સાથે રાગ બેસાડવાની પોતે કોશિશ કરે અને કહે : 'હાલો, અષ્ટક ચર્ચી લઈએ.' પોતાની જૂની સ્મૃતિને આધારે તેમજ રાગોને આધારે સારી રીતે રાગ બેસાડ્યા. પછી પંદર-વીસ અષ્ટકો પસંદ કરીને, તેનું ભાષાંતર કરી, સાઈકલોસ્ટાઈલ કોપીઓ કઢાવી. પાછળથી તે

પુસ્તક છપાયું. આજે પણ મંદિરોમાં આરતી પછી આ અષ્ટકો ગવાય છે.

સાધુમાં જીવ બંધાણો તે જ સત્સંગ

તા. ૨૭મીએ મંગળ પ્રવચનમાં મુદ્દાની વાતો કરી : 'જેટલો જીવ સાધુમાં બંધાણો તેટલો સત્સંગ; નથી બંધાણો તેટલો કુસંગ. પ્રકૃતિપુરુષ સુધી બધે કૂચા છે. કોઈ સારા કૂચા ને કોઈ નબળા કૂચા; પણ બધું એકડા વિનાનાં મીંડાં. અક્ષરબ્રહ્મની, પુરુષોત્તમની ક્યાં ઉપાસના છે ?'

પછી સંતોને પ્રવચન કરવા બળ પ્રેર્યું અને કહે : 'વચનામૃતમાં જેટલા શ્લોકો છે, તેની નોટ કરી, બધા સાધુને મોઢે કરાવી દ્યો.'

આજે બપોરે કપોળ વાડીમાં સ્વામીશ્રીએ ઠીક આરામ લીધો. લગભગ ૪-૪૫ વાગે ઊઠ્યા. ઠાકોરજી હજુ જગાડ્યા ન હતા. તેથી પોતે સીધા ઠાકોરજી પાસે આવ્યા અને ઠાકોરજીને ઉત્થાપન કરવાની પૂજારીને આજ્ઞા કરી. તે દરમ્યાન ધ્યાન ધર્યું.

જાગ્રત થયા પછી કહે : 'ધ્યાનમાં ઠાકોરજીની માફી માગી. આજે પાણી ધરાવવાનું મોડું થઈ ગયું. પહેલાં એક વાર અમે નિર્ગુણ સ્વામી સાથે ડાંગરા જતા હતા, ત્યારે મોડું થઈ ગયેલું. પછી ઠાકોરજીની માફી માગીને જળ ધરાવ્યું હતું. ૪-૦૦ વાગે ઠાકોરજીને જગાડીને જળ ધરાવવું જ જોઈએ.'

આ અરસામાં, 'જેમને ત્રણ પુત્રો હોય તેમણે એક પુત્ર સાધુ થવા માટે આપવો' - એવું સ્વામીશ્રીનું સૂત્ર સત્સંગ-સમુદાયમાં ગૂંજતું થયેલું. નૈરોબીમાં છગનભાઈના વચેટ પુત્ર વિનોદકુમારને સાધુ થવાની બહુ તાલાવેલી લાગી. તેના નાના ભાઈ જયકૃષ્ણ તો સાધુ થઈ જ ગયા હતા. સ્વામીશ્રીએ તેમનું નામ યોગીચરણ સ્વામી પાડ્યું હતું.

'જો એક ભાઈ સાધુ થયો હોય, તો બીજા ભાઈએ મા-બાપની સેવામાં રહેવું જોઈએ' - એ વિચાર પણ તેમને મૂંઝવતો હતો, પરંતુ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કપોળ વાડીનું દિવ્ય વાતાવરણ જોઈને તેમને થયું : 'જીવવા જેવું જીવન તો સાધુનું જ છે.' આ વાત તેમને આપોઆપ સમજાઈ. તેમનો અભ્યાસ મુંબઈમાં જ ચાલુ હતો. વળી, ફ્રેન્ચ ભાષા પણ તેઓ શીખતા હતા. સ્વામીશ્રી તેમનાં ફ્રેન્ચ ભાષાનાં વાક્યો સાંભળીને બહુ રાજી થતા અને 'તૈયાર થાઓ, પછી સભામાં ફ્રેન્ચ ભાષામાં પ્રવચન કરાવવું છે' એમ કહેતા.

સ્વામીશ્રી યુવકોને બાથરૂમમાં સ્નાન કરાવવાની સેવા આપતા. ઘણી વાર

મુંબઈમાં ઈશ્વરભાઈ દેસાઈ આદિ મોટા હરિભક્ત સ્નાન કરાવવા આવે, તો સ્વામી તેમને આવવા ન દે. આ સેવા ખાસ યુવકો અને સંતો માટે જ ફાળવેલી.

તેઓ યુવકોને કૌપીન આપતા અને કહેતા : 'એક લાખ રૂપિયાની એક કૌપીન છે. માટે સૌ સાચવી રાખજો અને હંમેશાં પહેરજો.'

સ્નાનગૃહમાં બ્રહ્મચર્ય, સેવા-ભક્તિના પાઠ સ્વામીશ્રી યુવકોને શીખવતા. સ્ત્રીઓથી દૂર રહેવું. નીચી દૃષ્ટિએ ચાલવું, તેમની સાથે એક આસન ઉપર ન બેસવું, વગેરે નિયમો પણ સ્વામીશ્રી શીખવતા.

સ્વામીશ્રીની આવી દિવ્ય ચેષ્ટા, અલૌકિક સાધુતા, પ્રેમ જોઈ દિન-પ્રતિદિન વિનોદભાઈનું મન સ્વામીશ્રી પ્રતિ વધુ આકર્ષિત થયું અને ત્યાગાશ્રમ સ્વીકારી, સ્વામીશ્રીની સેવામાં જોડાઈ જવાનો તેમણે મનોમન નિશ્ચય કરી લીધો.[૪]

દેવ-દર્શનની સતત ઝંખના

તા. ૨૮મીએ, સ્વામીશ્રી ઉતારેથી સીધા ભૂલેશ્વર મંદિરે પધાર્યા. ઠાકોરજી સમક્ષ શુભ સંકલ્પોની ધૂન કરી તથા પ્રદક્ષિણા કરી, ફરીથી કપોળ વાડીમાં પણ સર્વ સંત અને હરિભક્તોના સમાજ સાથે દર્શન કરવા પધાર્યા હતા. સ્વામીશ્રી ઘણી વાર કહેતા : 'આપણે ક્યાં જુદું માનીએ છીએ ? આપણે તો સૌને દર્શને જવાની, સેવા કરવાની આજ્ઞા કરીએ છીએ.'

કપોળ વાડીની બાજુમાં જ સૂર્યનારાયણની વાડી છે. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ અહીં અનેક વાર ઊતરેલા અને કથાવાર્તાના અનેક પ્રસંગો યોજેલા.

સ્વામીશ્રી જ્યારે જ્યારે મુંબઈ પધારે, ત્યારે અચૂક સૂર્યનારાયણની વાડીમાં પધારે અને શાસ્ત્રીજી મહારાજ જ્યાં સ્નાન કરતા, પૂજા કરતા, ઉકાળો લેતા, કથા કરતા, ઠાકોરજી જમાડતા, આરામ કરતા, નિર્ગુણ સ્વામી ક્યાં પોઢતા, ક્યાં બેસી પત્રો લખતા વગેરે બધાં પ્રસાદીનાં સ્થાનોમાં ખૂબ જ પ્રેમથી દર્શન કરી, સહુને દર્શન કરાવે અને મહિમા કહે. સ્વામીશ્રીનું હૃદય ગુરુભક્તિના દિવ્ય સ્રોતથી કેવું ભરપૂર છે ! તે પળે પળે જણાઈ આવતું.

એક વાર મોટા મંદિરે દર્શન કરી, પાછા ફરતાં સ્વામીશ્રી કહે કે 'સૂર્યનારાયણની વાડીમાં દર્શને જવું છે.'

કોઈએ કહ્યું કે 'બાપા ! પોણા બાર થઈ ગયા છે.'

'પોણા બાર તો વાગેલા જ છે. સંત મળ્યા ત્યારથી પોણા બાર ટળી

---

૪. હાલ, યજ્ઞેશ્વર સ્વામી.

ગયા, નહિ તો પોણા બાર વાગેલા જ છે.' એમ કહી, સૂર્યનારાયણની વાડીમાં શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના દરેક સ્થળે સૌને દર્શન કરાવ્યાં.

એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું કે 'બાપા ! આપ ત્યારે ખાટલા ઉપર સૂતા કે ?'

'સ્વામી પાસે...! આપણે તો કોથળા ઉપર સૂતા...' સ્વામીશ્રી એકદમ આશ્ચર્યથી બોલી ઊઠ્યા. જાણે એવું વિચારવામાં પણ ગુરુનો અપરાધ થઈ જતો હોય એવો સ્વામી-સેવકભાવ એમનાં પ્રત્યેક રૂંવાડે ઊભરાઈ જતો.

પછી કપોળ વાડીએ ઉતારે પધાર્યા. આ વખતે જુદા જુદા પ્રસંગે લગભગ ૬ વાર સ્વામીશ્રી મોટા મંદિરે દર્શને પધાર્યા હતા.

આપણા પક્ષમાં ભગવાન છે

યુનો (UNO) તરફથી યુદ્ધવિરામ લાદવામાં આવ્યું હતું. છતાં પાકિસ્તાન હજુ સરહદ ઉપર છમકલાં કરી રહ્યું હતું. બીજા મોટા દેશો પણ પાકિસ્તાનની તરફેણ કરી રહ્યા હતા. આ બધી વાતો સ્વામીશ્રી આગળ હરિભક્તોએ કરી ત્યારે સ્વામીશ્રી કહે : 'પાકિસ્તાનવાળા ઊડી જવાના છે. એમનું કંઈ હાલવાનું નથી. એ બધા અધર્મ-અનીતિવાળા, આપણી જ જીત થવાની છે.'

'બાપા ! બીજા દેશો પાકિસ્તાનની તરફેણ કરે છે.' કોઈએ કહ્યું.

'આપણા પક્ષમાં ભગવાન છે.' સ્વામીશ્રીએ હળવે હૈયે કહ્યું.

એક રાત્રે પોઢતાં પહેલાં સ્વામીશ્રીએ પૂછ્યું કે 'હવે આ (રોગ) ક્યારે મટશે ?' પછી પોતે જ કહેવા લાગ્યા : 'કોઈ મોટા થશો નહિ. મોટા થવામાં બહુ દુઃખ છે. મોટા થશો તો માર પડશે. આપણે વાસણ ઊટકવાં...' એમ પોતાની રુચિ જણાવી.

વાડામાં લાખના, બહાર કાખના

સવારે સ્વામીશ્રી કથા પછી રૂમમાં આરામ માટે પધાર્યા. પછી ૧૧-૦૦ વાગે બધા સંતોને રૂમમાં બોલાવ્યા. રૂમમાં હરિભક્તો તથા યુવકો હતા. તેમને બહાર મોકલ્યા પછી સ્વામીશ્રીએ બધાને ભાતું બંધાવ્યું :

'આ પછીના રવિવારે (તા. ૩-૧૦-'૬૫) મુંબઈમાં આવ્યે ૭૯ દિવસ થશે. ૮૦માં એક દિવસ બાકી. આશીર્વાદ દેવા છે. સૌ બેસો. ત્યાગવલ્લભ સ્વામી આવી ગયા ? બહુ ભીડો વેઠે છે. અમારા જૂનાગઢમાં ત્યાગવલ્લભ સ્વામી હતા. એવા તપસ્વી-ત્યાગી અમે શોધતા હતા કે એવા મળે. આ મળી

ગયા. રસોઈ એવી કરે કે બગાડો ન થાય.

'આપણે ભણવા-ગણવા-વાંચવામાં બરાબર રહેવું. સારા ગુણ શીખવા. ક્રોધ-ઈર્ષ્યા ન કરવી. પેલા ૯ યોગેશ્વર અને આ ૫૧ યોગેશ્વર. સંપ, સુહૃદભાવ, એકતા રાખવી. મહંત સ્વામી, કોઠારી સ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી કહે તેમ કરવું. આ બ્રહ્માંડમાં દિગ્વિજય કરવો.

'તમારા માટે મુંબઈ રોકાણો. મંદવાડનું તો નિમિત્ત હતું. હવે સાજો થઈ ગયો. નિમિત્ત વિના રહેવાતું નથી. મહારાજે મ. ૪૮માં કહ્યું : 'કાંઈ નિમિત્ત ધરી સંતના મધ્યમાં દેહ ધરવો.'

'હું માંદો હતો તોય સવારના ૫-૦૦ વાગે ઊઠી તમને વાતો કરતો, જેથી બળ મળી જાય. માયા પરાભવ ન કરે. ૫૦૦ સંતો, મહારાજ-સ્વામીની દયાથી થઈ જાશે. પાઠશાળા મુંબઈમાં બાંધવી છે. બે લાખનાં મકાન કરવાં છે. પવઈમાં ડુંગરો, જેથી કંઈ જોવાનું નહિ. મનુષ્ય દેહ ધરી ત્યાગી થયા તે ત્રણ ગ્રંથ પાળવા : ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ અને શિક્ષાપત્રી. ઉપેન્દ્રાનંદ સ્વામી રાતું લૂગડું ભાળી જાય તો ધડ ઉપવાસ કરતા. સ્વામીના ગુરુ કૃપાનંદ સ્વામી અને રામદાસ સ્વામી ૪૦૦ સાધુને નભાવતા. મહારાજની આજ્ઞા, ઉપાસના, નિયમ દૃઢ પાળો તો શાસ્ત્રીજી મહારાજ દર્શન દે. સુખ આપે.

'ગ્રામ્યવાર્તા ન કરવી. છાપાં ન વાંચવાં. 'મુંબઈ સમાચાર' સળગી ગયાં. કોઈ વાત કરે તો સાંભળી લેવી ? શાસ્ત્રીજી મહારાજ તથા ભગતજીનું ચરિત્ર વાંચવું. નહિ તો ભણવામાં છાપાં સાંભરે. લડાઈ થઈ તે (છાપાંનું) હાલ્યું.

'નિર્દોષબુદ્ધિ રાખવી. કોઈના અવગુણ-અભાવમાં પડવું નહિ.

'હવે ગામોગામ ફરવાનું નહિ થાય. શરીર સારું થઈ જાય તો ફરુંય ખરો. ફરવાનું મન બહુ. મંડશું તો સોનાના થઈ જાઈશું. વાડામાં લાખના, પણ બહાર જઈએ તો કાખના ! ટકાના ત્રણ શેર ! સંસારમાં કાંઈ સુખ નથી. સુખી સંત છે.

'મારી બુદ્ધિ પહેલાં બહુ જાડી હતી. અક્કલના બારદાન હતા. પરંતુ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ થઈ તો મહાત્મા કરી દીધા. સોનાના થયા. ઘેર હોત તો 'ડચ ડચ' ઢોરાં ચારત. બૈરાં કલેંઠ (કલાંઠ) મળ્યા હોત તો 'તારાં કાળજાં ખાઉં' એમ બોલત. આપણને બૈરાં નથી તે સારું છે. ગાયકવાડ સરકારને પૂછો - શું સુખ છે ? સંતો થયા તેને જ સુખ છે.

'પૈસો ન રાખીએ. સ્ત્રી સામું ન જોઈએ. ૧૧ જાડાં લૂગડાં રાખીએ. એક વાર જમીએ તો વાંધો ન આવે. બને એટલો ત્યાગ કરવો, બને એટલો ત્યાગ

કરવો.' એમ બે વાર બોલ્યા અને કહે : 'ઓછું ભોગવવું.'

'ત્યાગ શોભા સંતની એમ વદે વેદપુરાણ,
તેને ત્યજીને તનસુખ ઈચ્છે છે, તે જ મોટો અજાણ.'

વળી, *'મળે પણ મન ન ચળે, તો અણમળે ઈચ્છે કેમ ?'*

'કોઈ પાસે સીધી વસ્તુ મગાવવી નહિ. પૈસાની નોટને ન અડવું. પૈસાને જોવા નહિ. અડી જવાય તો હાથ ધોઈ નાખવા. પગે કરીને અડી જવાય તોપણ પગ ધોઈ નાખવા. આપણે પૈસાની સામું ન જોવાય. કોઈ હિસાબ ગણતો હોય તે ન જોવું. દેવની જેટલી સેવા થાય તેટલી પુષ્ટિ કરવી.'

જેની આજ્ઞામાં અહોનિશ દેવ-અદેવ રહે છે ડરતા રે

તા. ૩૦મીએ, કપોળ વાડીમાં હરિભક્તોની સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. વિદાય નજીક આવતી હતી. સ્વામીશ્રીએ છેલ્લે છેલ્લે ફરીથી થોડી વાત કરતાં કરુણાદૃષ્ટિ કરી : 'હરિભક્તોએ લાભ લીધો. નિમિત્ત વિના અવાતું નથી. પારાયણો થઈ. સુખ-શાંતિ-આનંદ થઈ ગયો. સમર્તિ છે તે દુઃખની હરનારી છે. તો મંડવું. *'અર્થં સાધયામિ...'* બધા તન, મન, ધને સુખિયા થાય અને ભગવાન અને સંતને રાજી કરી શકાય, એટલું જ કરવાનું છે. ચાર-પાંચ-છ મહિને મકાન બાંધી દેવાં છે. ફંડ ઘણું આવશે. સંતો તેમાં ભણશે. કુબેર પાસે અબજો રૂપિયા છે. એક ચિઠ્ઠી લખી દઈએ, એટલે આપી દે...' આમ, ખૂબ બળની વાતો કરી, સૌને વિદાયનું દુઃખ ટાળી દીધું.

આણંદવાળા અંબાલાલ ભગતને હમણાં ભજનનો જબરો વેગ ઊપડ્યો હતો. સ્વામીશ્રી કહે : 'હવે અમારા અંબાલાલભાઈ આવ્યા છે, તેને કોઈ વારો આપતું નથી. ન બોલાવીએ તો ખોટું લાગે કે મને કોઈ બોલાવતું નથી. હવે તે બોલશે...'

અંબાલાલભાઈ તુરત નાચતાં-કૂદતાં ભજન ગાવા લાગ્યા : *'યોગી તારા ગાવામાં ગુણગાન, ભુલાવી દે દુનિયાનું ભાન, જીવનભર એ માગું...'* સાથે ધૂન બોલાવે. તેમણે એકધારાં ભજન અને ધૂન ઉપાડ્યાં. હવે કોઈ વાતે બંધ થશે નહિ તેમ સૌને લાગ્યું. મોડું ઘણું થતું હતું, તેથી સૌ અકળાતા હતા. સ્વામીશ્રીએ એકદમ સહજતાથી યુક્તિપૂર્વક પણ પ્રેમથી કહ્યું : 'લ્યો, અંબાલાલ ! હાર પહેરાવીએ. બહુ હારી ધૂન બોલાવી.' તેઓ હાર પહેરવા આવ્યા. સ્વામીશ્રીએ તેમના ગળામાં આશીર્વાદનો હાર પહેરાવ્યો. તે સાથે જ ઊંચેથી જય બોલાવી,

સભા વિસર્જન કરી દીધી. સભાની ધીરજનો સુખદ અંત આણ્યો.

તા. ૨-૧૦-'૬૫, શનિવાર, સાંજે સ્વામીશ્રી દાદર મંદિરે પધાર્યા. રાત્રે સભા થઈ. સર્વ સંતો સાથે બેસી ઉકાળો-નાસ્તો ગ્રહણ કર્યો. સભામાં પ્રવચન કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'સુહૃદભાવ છે તો શાંતિ છે. રાગદ્વેષ કરીએ તો અશાંતિ થાય, ગુણ લઈએ તો આશીર્વાદ સર્વોપરી ધરાય. નિર્દોષબુદ્ધિ જેવી કોઈ ભક્તિ નહિ. ગામોગામ સંપ થાય તો સત્સંગ ખૂબ વધે. અમદાવાદ, વરતાલ બધાં મંદિરો આપણાં છે. જુદાં ન માનવાં. હવે કાલે સવારે અહીંથી ગોંડલ જવાનું છે. પણ નોખા છીએ એમ ન માનવું. સાથે જ છીએ. ઘણાં વર્ષે ભેગા થઈએ, પણ હેત હોય તો ભેગા જ છીએ. એ હેત ન હોય તો ભેગા હઈએ તોપણ વેગળા જ છીએ.'

આજે રાત્રે ૯-૦૦ વાગે દ્વારકાદાસ મોરારકા અને વસંતીલાલ દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને પ્રેમથી કહ્યું : 'તમારી સાથે સ્વામી શાસ્ત્રીજી મહારાજ છતાંનો સંબંધ છે. તમારું એક કામ કરી આપ્યું. ગોકુળચંદ શેઠને સ્વામીના આશીર્વાદથી દીકરો થયો. મુંબઈમાં મારવાડી શેઠ બો'ત હૈ, પણ આપ પૂર્વના સંસ્કારી તેથી આ યોગ થયો. હવે તમારે કરવાનું શું ? બીજાને આ વાત કરવી કે સ્વામી બડા પુરુષ હૈ. દર્શને આવો. મોટાપુરુષનો સંબંધ થાય તેને લઈને ધામમાં જાય.'

૭૯ દિવસ સુધી સંતો તથા હરિભક્તોને દર્શન-સેવા, કથાવાર્તાનું દિવ્ય સુખ આપી, તા. ૩જીએ સવારે સ્વામીશ્રી ચાર્ટર્ડ પ્લેન દ્વારા રાજકોટ પધારવાના હતા. સવારે ૬-૩૦ વાગે મંદિરેથી વિદાય લઈ, સાન્તાક્રુઝ ઍરોડ્રોમ પધાર્યા. હરિભક્તોએ હારતોરા કર્યા. મહંત સ્વામી અને સંતોએ બનાવેલો એક મોટો હજારીનાં પુષ્પનો હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો.

આ હાર મહંત સ્વામી તથા સંતોએ મોડી રાત સુધી જાગીને, ગૂંથીને તૈયાર કર્યો હતો. ફૂલો હરિભાઈ સોની લઈ આવેલા. હારના પ્રત્યેક ફૂલની કળીમાંથી ભક્તિની સુવાસ નીતરતી હતી. સ્વામીશ્રી હાર પહેરીને ઘડીક ઊભા રહ્યા ને ફૂલ સૂંઘ્યા પછી બોલ્યા : 'ફોટો પાડનારા ક્યાં ગયા ?' સૌ સંતો-હરિભક્તો હસી પડ્યા. આવાં ચરિત્રો પણ સામેથી સ્વામીશ્રી કરતા.

અક્ષરયાનથી અક્ષર મંદિરની પ્રદક્ષિણા

સંતો અને હરિભક્તો સાથે સ્વામીશ્રી પ્લેનમાં બિરાજ્યા. ૭-૫૦ વાગે

પ્લેન ઊપડ્યું. બ્રહ્માનંદ કરાવતાં સ્વામીશ્રી રાજકોટ તરફ જઈ રહ્યા હતા. માર્ગમાં ગોંડલ આવ્યું ત્યારે પાયલોટે પ્લેન જમીનથી બહુ નજીકની ઊંચાઈ પર લીધું. સ્વામીશ્રી તથા સર્વ સંત-હરિભક્તોએ અક્ષર મંદિર, અક્ષર ઘાટ, સભામંડપ, અક્ષર વાડી, ગોંડલી ગંગાનાં દર્શન પ્લેનમાંથી કર્યાં. મંદિરની બે પ્રદક્ષિણા કરી, રાજકોટ પધાર્યા.

ઍરપોર્ટ ઉપર સ્વામીશ્રીનાં દર્શને આવેલા હજારો હરિભક્તોમાંથી કોઈકે સહજભાવે કહ્યું : 'તકલીફ પડી ?'

'તકલીફ કોઈ પડી નથી. બસો માળા ફેરવી અને દેરીનાં દર્શન સચવાયાં. આપણે મુદ્દો સચવાયો. મંદિરનાં દર્શન થયાં. મહુવા પણ દર્શન કરવાની ઇચ્છા હતી, પણ પાયલોટે કહ્યું : 'મહુવા રસ્તામાં નહિ આવે.'

સ્વામીશ્રી ઉપરના શબ્દો બોલતાં ખૂબ ભાવમાં હતા. અક્ષર દેરીનો મહિમા સ્વામીશ્રીને મન અકલ્પ્ય હતો ! તે સિવાય એમનો કોઈ આનંદ જ ન હતો.

રાજકોટ ઍરપોર્ટ ઉપર હરિભક્તો મોટી સંખ્યામાં દર્શને આવ્યા હતા. ફૂલહારથી ઍરપોર્ટ ઉપર મધુર સુવાસ પ્રસરી ગઈ. સ્વામીશ્રી અને ભક્તોના મિલનનું આ દૃશ્ય ખૂબ જ અદ્‌ભુત હતું.

જૂના મંદિરે દર્શને પધારતાં કોઠારી અનિરુદ્ધચરણદાસે સ્વામીશ્રીનું ખૂબ જ પ્રેમથી સ્વાગત કરી, હાર પહેરાવ્યો અને ભેટ્યા. અન્ય સંતો પણ મંદિરમાંથી સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા. વાતાવરણમાં ખૂબ જ દિવ્યતા પ્રસરી ગઈ હતી. સભા થઈ. સ્વામીશ્રીને કોઠારી સ્વામીએ કહ્યું : 'સ્વામી ! આપના દ્વારા સત્સંગ ઘણો જ વધ્યો છે, પણ આપનું શરીર પણ સાચવવું. સત્સંગીઓના ભલા માટે આપ આ લોકમાં વરસો સુધી રહો, એ જરૂરી છે.' એ પ્રમાણે ઘણો જ પ્રેમભાવ વ્યક્ત કર્યો.

અંતર્યામીના હેતમાં તિલક-ચાંદલાની દૃઢતા

પછી સી. સોમાભાઈની ચાની દુકાનનું ઉદ્‌ઘાટન કર્યું. ગુજરાતની પ્રખ્યાત 'સી. સોમાભાઈની ચા' કંપનીના માલિક સોમાભાઈ અંબાજી માતાના ઉપાસક હતા અને દર વર્ષે ત્રણ-ચાર વાર તેઓ માતાજીનાં દર્શને જતા. તેઓ સ્વામીશ્રીના યોગમાં આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને અક્ષર મંદિર - ગોંડલનાં દર્શને જવાની આજ્ઞા કરી. બરાબર આ જ અરસામાં તેમને અંબાજી જવાનું હતું, પરંતુ સ્વામીશ્રીના વચનને તેઓ પાછું ઠેલી ન શક્યા અને ગોંડલ આવ્યા.

ગોંડલમાં અક્ષર દેરીનાં દર્શનથી તેમના અંતરમાં અપાર શાંતિ થઈ, સ્વામીશ્રીની બ્રહ્માનંદી મસ્તીનાં દર્શન તથા કથાવાર્તામાં તેમને અનેરો આનંદ આવ્યો. સ્વામીશ્રીએ તેમને સારો લાભ આપ્યો. તેમને બહુ ગુણ આવ્યો. સ્વામીશ્રીમાં તેમને સાચા સંતનાં દર્શન થયાં. એટલું જ નહીં, પણ તેમણે સ્વામીશ્રીની અંદર સર્વ પ્રકારે ભગવાન રહેલા છે તેવી અનુભૂતિ કરી.

સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને કદી પણ ન છૂટે તેવું બીડીનું વ્યસન એકાએક છૂટી ગયું. તેમની ગાડીના ડ્રાઈવર જમાલભાઈ પણ સ્વામીશ્રીની કૃપાથી વ્યસન રહિત થઈ ગયા અને સ્વામીશ્રીનો ફોટો પોતાના ખિસ્સામાં રાખી, સ્વામિનારાયણનું રટણ-સ્મરણ કરવા લાગ્યા.

શરૂઆતનાં થોડાં વર્ષો સોમાભાઈ તિલક-ચાંદલો કરતા નહિ. તેઓ ગોંડલ આવ્યા ત્યારે તેમને સંકલ્પ થયો કે તિલક-ચાંદલો કરવો. સ્વામીશ્રીએ આ તેમના સંકલ્પને અંતર્યામીપણે પકડ્યો અને પોતાની પૂજા પછી તુરત જ તેમના કપાળમાં સ્વહસ્તે જ તિલક અને ચાંદલો કરી દીધો ! અને તેમને તિલક-ચાંદલો આપીને કહ્યું : 'હવે આજથી રોજ તિલક-ચાંદલો કરજો.'

સ્વામીશ્રીએ તેમના સંકલ્પને પકડી આ આજ્ઞા આપી, તેથી તેમને ખૂબ આશ્ચર્ય થયું કે આજ સુધી સ્વામીશ્રીએ તિલક-ચાંદલો કરવા કદી દબાણ કર્યું નથી, પરંતુ જ્યારે મને સ્વતઃ જ આ ઇચ્છા થઈ ત્યારે જ એમણે આજ્ઞા આપી !

સ્વામીશ્રીના આવા હેતાળ સ્વભાવથી જ સૌ તેમને વશ થઈ જતા. અને એક જ વખતના પ્રસંગમાં આવવાથી તેમનાં નિઃસ્વાર્થ પ્રેમભાવ અને કરુણામય દૃષ્ટિથી કાયમના ગુણાનુરાગી થઈ જતા.

રાજકોટમાં પ્રખ્યાત રાજવૈદ્ય નવલશંકરભાઈ સ્વામીશ્રીની તબિયત જોવા આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે 'હજુ અશક્તિ જણાય છે. અવસ્થાને કારણે, હવે શ્રમ પડે એવી કોઈ ક્રિયા સ્વામીશ્રીએ કરવી જોઈએ નહિ. તેઓ તો યોગી-પુરુષ છે, એટલે આત્મશક્તિના પ્રભાવથી ભક્તોના લાડકોડ પૂરા કરવા શ્રમ લે, પણ આપણે ભક્ત તરીકે તેમના સ્વાસ્થ્યનો વિચાર કરવો જ જોઈએ. તેમને બને તેટલો ઓછો શ્રમ પડે તેવા કાર્યક્રમો ગોઠવવા એ આપણી ભક્તિ છે.'

જો કે વૈદ્યરાજના સૂચન પ્રમાણે સ્વામીશ્રીને સંપૂર્ણ આરામ મળે, એ જોવાની ફરજ ભક્ત-સમુદાયની જ હતી ને !

અહીંથી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા.

❀ ❀ ❀



અક્ષર ઘાટના ઓવારે

અહીં આસો સુદિ ૧૧ના દિવસે સવારે સ્વામીશ્રી અક્ષર દેરીમાં પૂજા કરતા હતા. પૂજા પછી કંપાલાના ત્રિભોવનભાઈએ સ્વામીશ્રીનું પૂજન કર્યું ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શેની પૂજા કરી ?'

તેઓ કહે : 'આજે મને ૬૩મું વર્ષ બેઠું. તેની પૂજા કરી.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'આપણે ફરી પાછો ક્યાં જન્મ ધરવો છે ! જાઓ, ૬૩ મહાપૂજા કરાવો.'

સ્વામીશ્રીની મીઠી વાણીથી ત્યાં હાસ્યનું મોજું પ્રસરી ગયું.

તા. ૮મીએ સવારે સ્વામીશ્રીએ અક્ષર દેરીમાં 'સ્વામિનારાયણ પ્રકાશ'ના ૨૮મા વર્ષના પ્રથમ અંકનું વિધિસર પૂજન કર્યું અને હર્ષદભાઈ પાસે તેનું વાચન કરાવ્યું. એક કલાક સુધી લેખો સાંભળ્યા. આજ્ઞા કરી. દરેકને ત્યાં ઘરદીઠ 'પ્રકાશ' જવું જ જોઈએ. પ્રકાશના જે ગ્રાહક ન હોય તેમણે નામ નોંધાવી લેવું.

અહીં કથાવાર્તામાં ગોંડલનો મહિમા કહેતાં સ્વામીશ્રી કહે : 'ગુણાતીતાનંદ સ્વામી જે થાંભલે અઢેલીને ધામમાં પધાર્યા, એ થાંભલો અબજો રૂપિયા દેતાં પણ ન જડે.'

૧૮૧મો અક્ષર જન્મોત્સવ

તા. ૯-૧૦-'૬૫, શનિવાર, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ૧૮૧મો જન્મ જયંતી મહોત્સવ દર વર્ષની જેમ ખૂબ જ ધામધૂમથી ઊજવાયો.

સ્વામિનારાયણના મંત્રની ધૂન અને પ્રાર્થનાથી આ સભાનો કાર્યક્રમ શરૂ થયો. પ્રમુખસ્વામીએ યુવાનોને આદેશ આપતાં કહ્યું : 'આજે ગુણાતીતાનંદ સ્વામીની આપણે જયંતી ઊજવીએ છીએ. એમાં તેમના આશીર્વાદ મેળવીએ છીએ. આપણે હંમેશ માટેનું બળ મેળવીએ છીએ. સ્વામી શરદ પૂર્ણિમાના

નિર્મળ દિવસે પ્રગટ થઈ, આપણને એ રહસ્ય સમજાવે છે કે આપણે સર્વને ભગવાનને ધારવા હોય, ભગવાનની સમીપે રહેવું હોય તો આપણે પણ આપણું હૃદય શરદના આકાશ જેવું નિર્મળ રાખીએ. જ્યાં સુધી શુદ્ધ ભાવના, સાચો આદર્શ ન પ્રગટે, ત્યાં સુધી શાંતિ થતી નથી. શ્રીજીમહારાજ કહે છે : 'તમે મારા થયા છો, તેથી તલમાત્ર કસર રહેવા દેવી નથી.' આપણને અણિશુદ્ધ ચોખ્ખા રહેવાનું કહે છે.

'આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ અને પક્ષ - આ ચાર વાત પર ધોરણ રાખવું. આપણે ઉપાસનાની શુદ્ધિ સમજવી પડશે. પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન થશે. ગીતા, ભાગવતાદિ શાસ્ત્રોમાં 'અક્ષર થઈ પુરુષોત્તમની ઉપાસના કરવી' એવો સિદ્ધાંત છે. અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવા માટે શાસ્ત્રીજી મહારાજનો જન્મ હતો. આપણું વર્તન, પ્રણાલિકા, કર્તવ્યનિષ્ઠા એ બધાં શાસ્ત્રીજી મહારાજના આદેશ મુજબ હોવાં જોઈએ.

'સદ્‌ભાવમાં સર્વે વાત આવે છે. જો તે હશે તો આ પુરુષોનાં આશીર્વાદ અને પ્રેરણા આપણને મળશે. અને તેથી સર્વ વાત સિદ્ધ થશે. આ પ્રેરણા અને આશીર્વાદને સાચવવાં અને ઝીલવાં આપણે પ્રયત્ન કરવો જોઈએ. તે માટે કેવળ આપણા જીવન સામી જ દૃષ્ટિ રાખવી જોઈએ. તે જ રીતે સત્સંગીઓનો પક્ષ પણ રાખવો જોઈએ.'

'આ પવિત્ર દિવસે સ્વામીશ્રી પાસેથી પ્રેરણા લઈએ, સત્સંગનાં કાર્ય પ્રસન્નતાપૂર્વક કરીએ, તે માટે આશીર્વાદ અને બળ મેળવીએ.'

એ વારસો આપણે ઝીલી લેવો...

આ પ્રસંગને અનુરૂપ સંતસ્વામી, હર્ષદભાઈ દવે વગેરે સંતો તથા હરિભક્તોએ પ્રેરક પ્રવચનો કર્યાં હતાં. અંતે સ્વામીશ્રીએ પોતાની અમૃત વાણી રેલાવી :

'આજે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ઊજવાઈ રહ્યો છે, જેના રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે છે, એવી સ્વામીની મોટપ હતી. મોટા અવતારો પણ એમની મોટપનો પાર પામી શકે નહિ. ભાદરામાં સ્વામી પ્રગટ થયા અને પચ્ચીસ વર્ષ ત્યાં રહ્યા. ડભાણમાં શ્રીજીમહારાજે મોટો યજ્ઞ કરી દીક્ષા આપી. તે દિવસથી સૌના વહેવાર સુધર્યા અને બધાનાં હૃદયમાં શાંતિ પણ થઈ.

'સુહૃદભાવ, નિયમ, ધર્મ, આજ્ઞા, ઉપાસના દૃઢ થાય ને કોઈ ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તો દેરીમાં તે માટે માફી માગી લઈએ. અભાવ-અવગુણના રસ્તા બંધ કર્યા છે. તે માર્ગે ન ચાલીએ તો કાંઈ દુઃખ જ નથી.

'આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ અને પક્ષ - આ ચાર વાનાં ઉપર સ્વામી બહુ વાત કરતા. એ વારસો આપણે ઝીલી લેવો જોઈએ. સંતોને 'પ્રકાશ' મળ્યું છે. તે મોટી સેવા મળી છે. 'પ્રકાશ'ના પાંચસો ગ્રાહક થઈ ગયા. અહીં આપણે કોઠાર ઉઘાડા મૂક્યા છે. કોઈ કાંઈ લેવા ન જાય ને રહી જાય તેમાં અમારો દોષ છે ? હરિભક્તો રાજી થઈને ગુણ લઈને જાય એ હેતુ છે. આપણે પ્રમુખસ્વામીની આજ્ઞા પાળવી. આ આજનો સંપૂર્ણ આશીર્વાદ છે. બધા સુખી થાઓ.'

સ્વામીશ્રીની આજ્ઞાથી ૨૮મા વર્ષથી 'સ્વામિનારાયણ પ્રકાશ'નું સંચાલન અને સંપાદન મુંબઈમાં તૈયાર થઈ રહેલા સંતોને સ્વામીશ્રીએ સોંપ્યું હતું.

શરદોત્સવમાં સૌનો આનંદ અનેરો હતો. આફ્રિકાથી ભટેસા, નારણસિંગ, રવિભાઈ પંડ્યા વગેરે ખાસ આ ઉત્સવનો લાભ લેવા આવ્યા હતા. મહાનુભાવોના પ્રવચનોમાં તેમજ પાંચ આરતીનાં દર્શન કરતાં સૌએ સ્વામીશ્રીના ગુણાનુવાદ સાંભળ્યા.

બાળ સનેહી રે, મોહન મુજને ગમતા

અહીં સ્વામીશ્રીના પૂર્વાશ્રમના ધારીમાં રહેતા મિત્ર દુર્ગાશંકરભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. વર્ષોનાં પડળોને તોડીને તેમની દૃષ્ટિ હજુ હમણાં જ સાથે રમતા-જમતા-ભણતા એ ઝીણાની રમ્ય, દિવ્ય, સુખકારી મૂર્તિને જોઈ રહી.

સ્વામીશ્રીના પૂર્વાશ્રમના કાકા મોહનભાઈના પુત્ર ધારશીભાઈએ તેમને 'ઝીણાભાઈ'ની સ્મૃતિ કરાવી. દુર્ગાશંકરભાઈએ સહજ પૂછ્યું : 'ઝીણો સાધુ થયો પછી કાંઈ વાવડ નથી, તે કયાં છે ?'

'તમે યોગીજી મહારાજનું નામ સાંભળ્યું નથી ?' ધારશીભાઈએ સાશ્ચર્ય પૂછ્યું.

'એ તો ઘણીયે વાર સાંભળ્યું છે.'

'એ જ તમારા મિત્ર ઝીણાભાઈ ! હવે તો સોરઠના સંત તરીકે અને ગોંડલના 'જોગી મહારાજ' તરીકે ઓળખાય છે. ગોંડલમાં જ બિરાજે છે.'

'તો હાલ જ મળવા જવું છે.' દુર્ગાશંકરભાઈને તાલાવેલી લાગી હતી.

તેમના જમાઈ ભવાનીશંકર ભટ્ટ ગોંડલ સ્ટેશને તાર-માસ્તર તરીકે હતા. તેઓ આ જ દિવસોમાં દુર્ગાશંકરભાઈને મળવા વેરાવળ આવ્યા હતા. તેમણે પણ સ્વામીશ્રીની વાતો કરી અને સૌ ગોંડલ આવ્યા. હજારોની જનમેદનીના આનંદ-ઉલ્લાસ સાથે ઊજવાતો શરદ પૂર્ણિમાનો દિવ્ય ઉત્સવ દુર્ગાશંકરભાઈની અલૌકિક સ્મૃતિ બનીને આવ્યો હતો.

દૂરથી જ ભવ્ય સિંહાસને બિરાજતા સ્વામીશ્રીને બતાવી ભવાની-શંકરભાઈએ કહ્યું : 'એ જ યોગીજી મહારાજ !'

દુર્ગાશંકરભાઈની આંખમાં ધારી ગામનું પાદર ડોકાયું. શેત્રુંજી નદીના કિનારે બેઠેલો તપસ્વી કિશોર દેખાયો. હસતી-હસાવતી એ કુમળી કાયામાંથી ફૂટતા અધ્યાત્મના તેજને તે વખતે તો કોણ પિછાણે ? આજે આ સિંહાસને બેઠેલો 'જોગી !' તેમની આંખોમાં પ્રેમનાં આંસુ ઊભરાયાં. શાળા અને ખેતર, મંદિર અને નદી, દુકાન અને શેરી, ધારીનાં જે જે સ્થળો 'ઝીણા'ની ઝીણામાં ઝીણી સ્મૃતિ સાથે જડાયેલાં, તે આંખો સામે તરવરતાં દુર્ગાશંકરભાઈ ભાવ-વિભોર બની ગયા. 'સૌનો લાડીલો ઝીણો આજે મહાન બની ગયો ! લાખો ભક્ત હૃદયનો તારણહાર - જીવનનૈયાનો સુકાની બની ગયો !

તેઓ જેમ જેમ સ્મૃતિમાં મગ્ન થતા ગયા, તેમ તેમ ઝીણાનાં ચરિત્રોનું રહસ્ય તેમના હૈયામાં સ્ફુટ થવા લાગ્યું.

ભવાનીશંકરે કહ્યું : 'ચાલો, બાપાને મળીએ.'

સભા પૂરી થઈ હતી. ભવાનીશંકરભાઈને સ્વામીશ્રી પાસે લઈ જઈ કહ્યું : 'બાપા ! આ આપના...' હજુ તો વાક્ય પૂરું કરે તે પહેલાં સ્વામીશ્રી ઊભા થઈ ગયા. 'આપના મિત્ર દુર્ગાશંકરભાઈ' એ વાક્ય બોલાતાં જ વાતાવરણમાં આત્મીયતાનો ઉન્માદ ફરી વળ્યો. દુર્ગાશંકરભાઈ સ્વામીશ્રીને ભાવ ભરીને ભેટી પડ્યા. આંખોમાંથી પ્રેમની ધારા વહેવા લાગી. સ્વામીશ્રીએ ક્યાંય સુધી તેમને પકડી રાખ્યા. કૃષ્ણ-સુદામાનું આ મિલન હતું.

સ્વામીશ્રી કહે : 'આવ્યા છો તો રોકાજો.'

દુર્ગાશંકરભાઈ કાંઈ જ બોલી શક્યા નહીં. પગે લાગી સામે બેઠા. સંતો અને યુવકોએ દુર્ગાશંકરભાઈને ઘેરી લીધા. બાળપણના કેટલાય પ્રસંગોની સ્મૃતિ કરી તેમણે પોતાનું હૈયું ઠાલવ્યું. સ્વામીશ્રીએ તેમને આઠ દિવસ મંદિરમાં રોક્યા, ખૂબ પ્રેમ વરસાવ્યો અને આ દિવ્ય સંનિધિમાં તરબોળ થઈ અનેક સ્મૃતિઓ સાથે તેઓ વેરાવળ ગયા. તેમને લાગ્યું કે આ આઠ દિવસ મારા

જીવનના સુવર્ણ દિન હતા.

અહીં સવારે પૂજામાં શંભુસિંહ હંમેશાં કીર્તનો બોલતા. તેમના મીઠા અને ઘેરા સ્વરથી સૌને આનંદ આવતો. કીર્તનોમાં - *'પ્રાત: થયું મન મોહન પ્યારા'*નાં ચાર પદો બોલતા. સ્વામીશ્રી પણ પૂજામાં ડોલતાં ડોલતાં ધ્યાનમાં મગ્ન બની રહેતા.

એક વખત શંભુસિંહ સ્વામીશ્રી પાસે બેઠા હતા. ત્યારે સ્વામીશ્રીએ પ્રસન્ન થઈ કહ્યું : 'તમે ચાર પદ પ્રભાતિયાંનાં બોલો છો તે મને બહુ ગમે છે અને જ્યારે ઊંઘમાંથી જાગી જાઉં છું, ત્યારે એકલો-એકલો બોલું છું અને તમને યાદ કરું છું.'

શંભુસિંહ તો ગળગળા થઈ ગયા. તેમને થયું કે સ્વામીશ્રી જેવા પુરુષ અલ્પ જેવા ગુણથી આપણને યાદ કરે છે ! ખરેખર, જીવને સહજભાવે હેત કરાવવાની સ્વામીશ્રીમાં અદ્‌ભુત કળા હતી.

આરસ ઘસાવી અંતર શુદ્ધ કર્યું

નિવૃત્તિ પછીનાં ઘણાં વર્ષો જેમણે ગોંડલ મંદિરની સેવા કરી તે દાજી બાપુના સૌથી નાના પુત્ર પૃથ્વીસિંહજી પાલી(રાજસ્થાન)માં રહેતા. પ્રથમથી જ તેમને સ્વામીશ્રી સાથે અત્યંત હેત. તેઓ વર્ષોવર્ષ શરદ પૂર્ણિમાના સમૈયા પહેલાં ગોંડલ આવતા. અને માસ - બે માસ ગોંડલ રહેતા. સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર મંદિરમાં નાની-મોટી સેવામાં જોડાઈ જતા.

વહેલી સવારે ગૌશાળામાં વાસીદું કરવું. છાણ ભેગું કરીને ખાતરના ખાડામાં ટોપલે ટોપલે નાખવું વગેરે સેવા તેઓ હોંશે હોંશે કરતા. કેટલીક વાર સ્વામીશ્રી ત્યાં જોવા માટે પધારતા ને રાજી થઈને પૃથ્વીસિંહને આશીર્વાદ આપતા.

બપોરે પાર્ષદો તથા યુવકો સાથે વાસણ ઊટકવામાં પણ તેઓ હોય જ. એંઠાં પતરાવળાં ભેગાં કરી, ઉકરડે નાખવાની સેવા પણ ઉત્સાહથી કરે. બપોરે ઘણી વાર પાયખાનાં સાફ કરવાની તક પણ તેઓ જવા દેતા નહિ.

સ્વામીશ્રી અઠવાડિયામાં એક-બે દિવસ ગોંડલી નદીના ઘાટ પર સાંજે સભા કરતા. તેથી તેઓ સ્વામીશ્રીની રુચિ સમજી વિશાળ ઘાટ વાળી નાખતા.

અહીં આરસનું કામ ચાલતું ત્યારે સ્વામીશ્રીએ તેમને આરસ ઘસવાની સેવા પણ સોંપેલી અને કહેલું કે 'આ આરસ ઘસવાથી તમારું અંતર પણ ઘસાઈને ચોખ્ખું થઈ જશે.'

તેઓ ગરાસિયા દરબાર હોવા છતાં આવી સેવા કરતા. નીચી ટેલની સેવા કરવી ઘણી કઠણ, કારણ કે ક્ષત્રિયોમાં માન વધારે હોય. તે કોઈને નમી શકે નહીં. પરંતુ નિર્માનીપણે સેવા કરી તેમણે સ્વામીશ્રીને ઘણા રાજી કર્યા હતા.

આ અરસામાં તેઓ બહુ બીમાર પડી ગયા, ત્યારે સાજા થવાની કોઈ આશા ન હતી. પરંતુ સ્વામીશ્રીની કૃપાથી અને તેમની સેવા-ભક્તિના ફળરૂપે અસાધ્ય રોગમાંથી તેઓ બચી ગયા. તેવી જ રીતે તેમનાં ધર્મપત્નીની બીમારીમાં પણ સ્વામીશ્રીએ ઘણી રક્ષા કરી ને તેમને પણ મૃત્યુના મુખમાંથી ઉગારી લીધાં હતાં.

આમ, સ્વામીશ્રીના સહવાસમાં ભક્તો નિર્માનીભાવે, પોતાની જાત ભૂલી જઈને જે નાનામાં નાની સેવા કરતા તેમાં પૃથ્વીસિંહ બાપુ એક ઉદાહરણરૂપ હતા. સ્વામીશ્રીને પ્રસન્ન કરવાની પવિત્ર ભાવનાથી ભક્તોને દેહભાવ નડતો નહિ. સ્વામીશ્રીએ પણ વર્ષો સુધી દેહ દમીને જે સેવા કરી હતી તેના પડઘાઓ ભક્તોને સેવા-ભક્તિની પ્રેરણાથી ભરી દેતા.

તા. ૧૨મીએ, સાંજે 'અક્ષર વાડી'માં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના લીંબડા નીચે સભા ભરી.

અહીં ભક્ત જલારામ બાપાના અનુયાયી રાજકોટના શેઠ સૌભાગ્યચંદ્ર સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સાથે કલેક્ટર ચુડાસમા સાહેબ પણ હતા. તેમણે સ્વામીશ્રીના સ્વાસ્થ્યના કુશળ પૂછ્યા. સ્વામીશ્રીએ રણછોડદાસજી બાપુના સમાચાર પૂછ્યા. તેમણે કહ્યું કે 'આજે ગુજરાતમાં ત્રણ સંતો છે : આપ, રણછોડદાસ બાપુ તથા રંગ અવધૂત. રણછોડદાસજી બાપુ પણ આપની ખૂબ જ પ્રશંસા કરે છે.' આમ, સ્વામીશ્રીના મહિમાની ઘણી વાતો કરી, વિદાય લીધી.

નિર્મત્સર નારાયણનાં દર્શન

રાત્રિસભામાં આફ્રિકાથી આવેલ નારણસિંગે પ્રવચન કરતાં કહ્યું કે –

'સ્વામીશ્રી '૫૯ની સાલમાં મસીન્ડી (આફ્રિકા) મારે ઘરે પધારેલા. મારા ગુરુ નાનકની પ્રતિમાનાં ખૂબ જ પ્રેમથી દર્શન કરી, પૂજા કરી, હાર પહેરાવ્યો. આ બધું જોઈને મને ખૂબ જ નવાઈ લાગી. સાચા સંતપુરુષને કોઈ પારકું-પોતાનું નથી. તેઓ સમદર્શી હોય છે. તેમના આ મહાન ગુણનાં દર્શન કરી હું આ સત્સંગ પ્રત્યે આકર્ષાયો છું. આજે પણ મસીન્ડીમાં મને બધા 'સીંગાસ્વામીજી' કહે છે.'

આ પછી સ્વામીશ્રીએ બે સ્પેશિયલ બસ દ્વારા આફ્રિકાના હરિભક્તોને પંચતીર્થી કરવા મોકલ્યા. સાંજે રાજકોટ મંદિરનો પ્લૉટ જોવા પધાર્યા. રાત્રે ૧૧-૦૦ વાગે ગોંડલ પાછા આવ્યા.

અહીં સ્વામીશ્રીનાં દર્શન કરવા આવતા તમામ ડૉક્ટરો તથા વૈદ્યો વારંવાર એક જ સૂચન કરતા કે 'સ્વામીશ્રીને શારીરિક શ્રમ બને એટલો ઓછો પડે તેવી વ્યવસ્થા કરવી.' શરદોત્સવ અને અન્નકૂટ ઉત્સવના વચગાળાના સમયમાં સ્વામીશ્રી ગોંડલની આજુબાજુ ડાંગરા, ભાદરા કે જામનગર સુધી વિચરણ ખેડી લેતા, પણ ડૉક્ટરોના વારંવારના સૂચનથી આ વખતે કોઈ કાર્યક્રમ ગોઠવાયો નહિ. અક્ષર મંદિરમાં જ રોકાઈ, સ્વામીશ્રી સૌને આનંદમાં ગરકાવ રાખતા હતા.

સ્વામીશ્રીની અદ્‌ભુત પ્રતિભા સર્વત્ર પ્રસરી રહી હતી. રાય અને રંક, ભણેલા અને અભણ, નાના અને મોટા સહુ કોઈ દર્શને દોડી આવતા હતા. જ્યાં સ્વામીશ્રી ત્યાં સમૈયો. એમ હંમેશાં સમૈયાનું દર્શન થતું.

સવારે પૂજા કરી સ્વામીશ્રી હંમેશાં શણગાર આરતી કરવા પધારતા. ક્યારેક આરતીને થોડી વાર હોય તો પોતે નિજ મંદિરમાં સુખશય્યા સામેની બારીના ગોખલામાં બેસતા અને સંતોને ઉપદેશ આપતા.

તા. ૧૬મીએ સ્વામીશ્રીના આવતાં પહેલાં પૂજારીએ ગોખલામાં ચાદર ઉપર રેશમી આસન પાથરી રાખ્યું હતું. સ્વામીશ્રી પધાર્યા. બેસવા ગયા તો રેશમી આસન જોયું. એટલે તરત એ આસન લઈ લીધું અને પોતાને હાથે ઘડી કરી બાજુમાં મૂક્યું અને પોતે ચાદર ઉપર જ બેઠા.

આજે રતિકુમાર વ્યાસ તેમના મિત્ર આકાશવાણીના અધિકારી ગિરિશભાઈ શાહ સાથે આવ્યા. સ્વામીશ્રીએ તેમને ભજન ગાવા કહ્યું. તેમણે *'એવી તારી કળા અપરંપાર'* એ કાગ બાપુએ બનાવેલું સુંદર ભજન ગાયું. વચ્ચે વચ્ચે તે સમજાવતા જતા હતા. *'કીડીનાં આંતર કેમ ઘડ્યાં હશે ?'* એ પંક્તિ ઉપર તેઓ વાત કરતા હતા, ત્યારે સ્વામીશ્રીએ ચપટી વગાડીને હાથનું લટકું કર્યું. તેથી સભા આખી આનંદમાં ગરકાવ થઈ ગઈ. રતિકુમાર કહે : 'બાપાએ ચપટી કેમ વગાડી ? આપણને સમજાય નહીં, પણ ભગવાન તો ચપટીમાં બધું બનાવી દે.' એ પ્રમાણે અપરંપાર મહિમા કહ્યો. તે સાંભળી સૌને ખૂબ આનંદ આવ્યો.

વડિયાના ચુનીલાલ પારેખ તથા રાજકોટના તારાચંદ શેઠ પણ દર્શને

આવી ગયા.

બીજે દિવસે ગુજરાત રાજ્યના બાંધકામ ખાતાના નાયબ પ્રધાન બહાદુરભાઈ પટેલ સ્ટાફ સહિત દર્શને આવ્યા. મંદિરમાં બધાં જ પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરી તેઓએ શાંતિ માટે પ્રાર્થના કરી. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીનો મહિમા કહ્યો કે 'સ્વામીશ્રીના સંકલ્પ અને આશીર્વાદથી સર્વત્ર શાંતિ થઈ જશે.'

સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવતાં કહ્યું : 'અમારા ગુરુએ નંદા સાહેબને ઘણાં વર્ષો પહેલાં કહેલું કે 'તમને દિલ્હી મોકલવા છે;' તે વચન સિદ્ધ કર્યું. ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી, બાઉદ્દીનભાઈ લાકડાંના ભારા વેચતા તેમાંથી જૂનાગઢના દીવાન બન્યા. તેમજ માવજી મુસા મોટા વેપારી થયા.' પછી બધી વાતો વિસ્તારથી કરીને કહે : 'આપ મોક્ષાર્થી છો, તેથી આટલો ટાઈમ લઈને સમાગમમાં બેઠા. નહીંતર મોટા માણસને ઘડિયાળ સામી જ નજર હોય.' એ સાંભળીને સૌ હસી પડ્યા. મંત્રીશ્રી અને સાથેના અધિકારીઓ પણ સ્વામીશ્રીની નિખાલસતા અને નિર્દોષ હાસ્યપ્રધાન પ્રતિભાથી ઘણા જ પ્રભાવિત થયા.

સ્વામીશ્રી ગોંડલમાં બિરાજતા હોય ને શેઠ બારદાનવાળા દર્શનની તક કેમ ચૂકે ? તેમની સાથે રેડિયો હાસ્ય કલાકાર હસમુખ કીકાણી સ્વામીશ્રીને આનંદ કરાવી ગયા. ટૂંકી મુલાકાતમાં પણ સ્વામીશ્રીએ આનંદમય બ્રહ્મનો તેમને પરિચય આપ્યો. રાજકોટથી કલેક્ટર જોબનપુત્રાએ આવીને સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'બાપા ! ભારતની પરિસ્થિતિ વિકટ છે. આપ દયા કરો તો વાતાવરણ સુધરે.'

ત્યારે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અમે ધૂન કરીએ છીએ, હવે દેરીમાં જઈ વિશેષ ધૂન કરશું.'

સિવિલ જજ મોદી સાહેબ પણ દર્શને આવી ગયા હતા.

તા. ૧૮મીએ સ્વામીશ્રીના મંગલ પ્રવચન પછી મહેમદાવાદના રતિભાઈ પંડ્યાની પ્રશંસા કરતાં એક હરિભક્તે કહ્યું : 'બાપા ! આ રતિભાઈ દરેક જગ્યાએ પીરસવાની ઘણી સેવા કરે છે.'

ત્યારે સ્વામીશ્રીએ રતિભાઈ તરફ નીરખીને જોયું. રતિભાઈ ટોપી કદી પહેરતા નહીં, પરંતુ આજે તેમણે ટોપી પહેરી હતી. સ્વામીશ્રીએ તેમની ટોપી ખેંચી લીધી ને બોલ્યા : 'આ રતિભાઈ ! ટોપી પહેરી હતી તે ઓળખાયા નહીં.'

અને સૌ હસી પડ્યા.

જમ્યા પછી બપોરની સભામાં માણાવદરના એક હરિભક્ત સુંદર અક્ષરોમાં લખેલી શિક્ષાપત્રી લાવ્યા. સ્વામીશ્રીએ તે જોઈ. પ્રમુખસ્વામી તથા સંતસ્વામી જોતા હતા ત્યારે સ્વામીશ્રી કહે : 'ઈશ્વર સ્વામીને જોવા આપો, ભણનારા જુએ તો કેમ લખાવવી તે ખબર પડે.' સ્વામીશ્રી શિક્ષાપત્રી જોઈને અતિ પ્રસન્ન થયા.

વચનામૃતની કથા ચાલતી હતી. સિદ્ધેશ્વર સ્વામી ફિલ્મ લેતા હતા, ત્યારે સ્વામીશ્રી સરળભાવે બોલી ઊઠ્યા : 'જુઓ, આ ફિલમ પાડે છે તેની સામું જુઓ.' આ સાંભળી આખી સભા ખડખડાટ હસી પડી.

સ્વામીશ્રીનું શાસ્ત્ર

તા. ૧૮-૧૦-'૬૫, આજે આફ્રિકાના હરિભક્તો સ્પેશિયલ બસમાં પંચતીર્થી કરીને ગોંડલ પાછા આવી ગયા. સભામાં તેઓ પોતાના અનુભવોની વાત કરતા હતા. એક હરિભક્તે કહ્યું કે 'જૂના મંદિરના સાધુઓને અમે ગયા તે ગમ્યું નહીં, છતાં પણ પચ્ચીસ રૂપિયા સેવા કરી.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'જ્યાં અપમાન થાય ત્યાં વધુ સેવા કરવી, એમ શાસ્ત્રમાં કહ્યું છે.'

સ્વામીશ્રીના શાસ્ત્રની વાત સાંભળી સૌને ખૂબ ગમ્મત થઈ અને માર્મિક બોધ મળ્યો.

સાંજે ૫-૧૫ વાગે સ્વામીશ્રી ઘાટમાં પધાર્યા અને હોડીમાં બેસી જળ-વિહાર કર્યો. સ્વામીશ્રી સાથે હોડીમાં પ્રમુખસ્વામી, સંતસ્વામી, બાળમુકુંદ સ્વામી તથા ભટેસા સાહેબ વગેરે પણ બેઠા. સ્વામીશ્રીએ સૌને મસ્તકે પાણી ચડાવતાં કહ્યું : 'આ તો જળઝીલણીના સમૈયા જેવું કર્યું.'

પ્રમુખસ્વામી ઠાકોરજીને લઈને બેઠા હતા. ચાર ફેરા કર્યા. આ અલૌકિક ચરિત્ર સૌની સ્મૃતિમાં સહેજે જડાઈ ગયું. ઘાટમાં ચાર પ્રદક્ષિણા કરી, સ્વામીશ્રીએ પ્રસાદી-જળ સર્વ ઉપર છાંટ્યું.

સાંજે સ્વામીશ્રીની આજ્ઞાથી બગીચામાં સભા થવાની હતી. બગીચામાં જતાં પહેલાં સ્વામીશ્રી લઘુશંકા કરવા પધાર્યા. પછી નીચા વળીને પાણીની વાટકી લઈને જાતે હાથ ધોયા. ત્યારે ગુણવંતે કહ્યું : 'બાપા ! મને બોલાવવો હતો ને ! હું અહીં જ ઊભો હતો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આટલું તો કરવું જોઈએ. નીકર દેહાભિમાન વધી જાય !'

બીજે દિવસે સ્વામીશ્રી સ્નાન કરીને બહાર આવ્યા, ત્યારે વચલા રૂમમાં ટ્યૂબ લાઇટ બળતી હતી. સ્વામીશ્રી તે જોઈ બોલી ઊઠ્યા : 'બત્તી ઠારોને ! ત્રણ માળ ચડીએ છીએ ત્યારે આઠ આના મળે છે !'

સ્વામીશ્રી ઉકાળો પીવા પધાર્યા ત્યારે યોગેશ્વર સ્વામી ઓરડામાં પલંગ પર હાથ મૂકીને બેઠા હતા. તેમને આરામ કરતાં જોઈને સ્વામીશ્રી કહે : 'તમે તો સેવક છો. તમારે ટટ્ટાર રહેવું જોઈએ. અમે આવીએ ત્યારે 'આવો ! આવો ! પધારો !' એમ કહેવું જોઈએ.'

બપોરે લઘુ કર્યા પછી સ્વામીશ્રીએ બાથરૂમમાં હાથ-મોઢું ધોતાં બાજુના નળ પર ગળણું બદલવાનું કહ્યું અને બોલ્યા : 'નળ કટાઈ ગયો છે.' એમ કહી, પોતે નળ પર હાથ ફેરવી જોયો.

વહેરી તળાવે વરુણ દેવને દર્શન

સૌ સંતો-હરિભક્તોના આગ્રહથી સંઘ સાથે, સાંજને પહોરે સ્વામીશ્રી મંદિરની પાછળ વહેરી તળાવે ડેમ ઉપર પધાર્યા હતા. દાખલ થતાં સ્વામીશ્રી કહે : 'અમે અહીં પહેલી વાર આવ્યા.'

અહીં હરિભક્તો પાસે ડેમમાં પુષ્પ છંટાવ્યાં. સભા કરી. નડિયાદના કૃષ્ણાભાઈ લોટામાં ડેમનું પાણી લાવ્યા. અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનાં ચિત્રપ્રતિમાનાં ચરણ તેનાથી ધોયાં. સંતોએ સ્વામીશ્રીની મૂર્તિ આપી તે બાજુએ કાઢી નાખી. પછી પાણી પોતે માથે ચઢાવ્યું અને સૌને છાંટ્યું. ફૂલનો ગજરો હતો, તે 'વરુણ દેવને ચઢાવો' એમ કહી, સત્યપ્રિય સ્વામીને તે તળાવમાં નાખવા આપ્યો. સૌને ફળનો પ્રસાદ વહેંચ્યો.

આ પ્રસંગે જ્યારે સૌએ જાણ્યું કે ગોંડલના આ સ્થાને, જ્યાં સેંકડો મનુષ્યો ફરવા આવે છે, ત્યાં આટલાં વર્ષો ગોંડલમાં રહેવા છતાં પણ સ્વામીશ્રી આજ દિવસ સુધી પધાર્યા ન હતા. ત્યારે સૌને અત્યંત આશ્ચર્ય થયું.

અહીં આવીને પણ સ્વામીશ્રીએ સભા કરી અને સંતો-હરિભક્તો પાસે ભજન-ભક્તિ કરાવ્યાં. સંતો ઠાકોરજી લાવવાનું ભૂલી ગયા હતા, તેથી સ્વામીશ્રી થોડા નારાજ થયા. આવા પ્રસંગે તો એમની સાથે ઠાકોરજી અચૂક હોય જ. અહીં દેવતાઓને પણ પોતે પ્રત્યક્ષપણે જુએ છે, તે પ્રતીતિ કરાવતા

વરુણ દેવને ગજરો ધરાવવા કહ્યું. જો કે આવા મોટા મોટા દેવો પણ એમનાં દર્શન અને સેવાને ઇચ્છે છે.

અહીં શુભ સંકલ્પ કર્યા : 'આ તળાવનું પાણી જે જે પીએ તે સત્સંગી થાય. આખા ગોંડલમાં અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન પ્રવર્તે. યુવક મંડળની પ્રવૃત્તિ વિકાસ પામે.' એમ કહી ધૂન કરાવી.

સંતસ્વામીના પ્રવચનને અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ કહ્યા. લડાઈ બંધ થઈ જાય તેવો શુભ સંકલ્પ કરી, ધૂન કરાવી.

પચાસ વર્ષ દેહને વાટી નાખ્યો છે

સાંજે મંદિરમાં સ્વામીશ્રીએ સ્નાન કર્યા પછી યુવકોને ખૂબ જ બળની વાત કરી. એ વખતે એક સંતે પૂછ્યું : 'અમને કેમ આત્મ-સાક્ષાત્કાર થતો નથી ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમે હજુ ચાર મહિનાથી સાધુ થયા છો, પચ્ચીસ વરસ થવા દ્યો. અમને ચાલીસ વરસે ભગવાન અને સંત રાજી થયા.'

પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજ જેવા સત્પુરુષ મળ્યા. વચનામૃત અને સ્વામીની વાતો મોઢે કર્યાં; કીર્તનો કર્યાં; ટાઢા પાણીએ નાહતા; તડકામાં ચાલીને પગમાં ચીરા પડી જાય; પણ કાંઈ ગણ્યું નથી ત્યારે આ સ્થાને બેઠા છીએ. તમને એમ થશે કે કેમ સૂઈ રહે છે ? પણ પચાસ વર્ષ દેહને વાટી નાખ્યો છે.'

આવા પરભાવની વાતો સ્વામીશ્રીના મુખે જવલ્લે જ સાંભળવા મળતી. અને જ્યારે તેઓ સાંભળતા ત્યારે કોઈપણ મુમુક્ષુને પોતાની ક્ષુલ્લકતા અને સ્વામીશ્રીની મહત્તાનું સ્પષ્ટ દર્શન થઈ જતું.

રાત્રે વચનામૃતની કથા પહેલાં હરભમજી બાપુ *'વાણી અમૃતથી ભરી'* એ અષ્ટક બોલવા જતા હતા. સ્વામીશ્રીએ તેમને રોક્યા અને કહ્યું : 'સાંભળો વાત કરવી છે. કોઈ અષ્ટક ગાય, કોઈ ફોટો પાડે તે અમને ન ગમે. સિદ્ધાંત એ કે વખાણ ન કરવાં. કોઈ વખાણ કરે તો અટકાવવા. આપણાથી મોટા હોય તેના ગુણ ગાવા; પણ આપણા વખાણ ન ગમે.'

પરહિત બિન ચિત્ત કછુ નહીં ચિતવત

એક સંતને ત્યાગાશ્રમમાં ફાવતું નહોતું. તેઓ સ્વામીશ્રીની રજા વિના સંસારમાં જતા રહ્યા. સ્વામીશ્રીને આ જાણ થઈ. તેથી સિદ્ધેશ્વર સ્વામીને આજ્ઞા કરી : 'જાવ ઘરે જઈને તેડી લાવો.' એમ કહી પોતે જમનાદાસ અમીન પર

નડિયાદ એક ચિઠ્ઠી લખી આપી ને જણાવ્યું કે તમારી ગાડી સંતોને આપશો.

તે સંતના પિતાશ્રીને નારમાં સ્ટેશન માસ્તરની નોકરી હતી. સિદ્ધેશ્વર સ્વામી નાર પહોંચ્યા. તેને મળ્યા, પરંતુ તે આવવા તૈયાર ન થયા. માબાપ પણ તેને મોકલવા રાજી નહોતાં. તેઓ કહે : 'હવે નહીં આવે, તેની મેળે આવ્યો છે. અમે તેડવા નહોતા આવ્યા.' ખૂબ સમજાવવા છતાં તે આવવા તૈયાર ન થયો.

સંતો પાછા આવ્યા. સ્વામીશ્રીને સમાચાર આપ્યા. ત્યારે સ્વામીશ્રી ઉદાસ થતાં કહે : 'એક વાર પણ મારી પાસે આવ્યો હોત તો જીવનું સુધરી જાત. તેણે તેના જીવનું બગાડ્યું. મારે હતું કે આવશે તો વાતુ કરશું. તેનું મન સત્સંગમા ગોઠી જશે. તેનું રૂડું થશે.

'શાસ્ત્રીજી મહારાજ કોઈને મૂંઝવણ હોય તો મારી પાસે મોકલતા. હું શાસ્ત્રીજી મહારાજને સંભારીને વાત કરી એવી શાંતિ કરી દઉં, જગતના સંકલ્પમાત્ર નીકળી જાય. એવા ઘણાને હેત કરી, સમજાવી, રમાડી-જમાડી રાખ્યા છે. શાસ્ત્રીજી મહારાજ રાજી થાય. શાસ્ત્રીજી મહારાજને ધારીને વાત કરું તે શબ્દ જીવમાં ચોંટી જાય. મારે એમ હતું કે આવે તો સારું. સ્વભાવના નરમ હતા. સંગ લાગ્યો તેથી આવું થયું. આવ્યા હોત તો રૂડું થાત. સ્વામી દૃષ્ટિ કરત. એક 'ચાનસ' હતો. આપણને દુઃખ થયું. એના જીવનું બગડ્યું. તમે જઈ આવ્યા તે તમારી સેવા થઈ ગઈ.'

એક જીવ ભગવાનના માર્ગેથી પડે તો સ્વામીશ્રીને કેવું વસમું લાગતું તેનો હૂબહૂ ચિતાર આપણને તેમના જ શબ્દોમાં મળી રહે છે. પરમાર્થને માટે આવી ચિંતા રાખનાર પુરુષોનો જોટો એટલે જ તો નહોતો - તેમને જીવના હિતની અભિલાષ હતી, દેહના હિતની નહીં.

વર્ષો પહેલાં કરેલાં દર્શનની ઈદંસ્મૃતિ

સ્વામીશ્રી ગોંડલમાં ઠાકોરજીનાં દર્શન કરી રહ્યા હતા. *'શી કહું શોભા, સ્વામિનારાયણની...'* એ કીર્તનમાં વર્ણન પ્રમાણેના શણગાર ધરાવ્યા હતા. તે જોતાં સ્વામીશ્રીએ સંતને પૂછ્યું : *'શી કહું શોભા'* એ કીર્તન તમને આવડે છે ?'

'ના બાપા ! આપના મુખે પહેલી વાર સાંભળ્યું.' સંતોએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'અમે જૂનાગઢ હતા ત્યારે મોઢે કરેલું. હવે વિસ્મૃતિ થઈ ગઈ.' પછી એક સંતને કહે : 'તમે કીર્તનના પુસ્તકમાંથી શોધી કાઢજો. મને બતાવજો. સૌને મોઢે કરાવીશું.'

સંતોએ બે દિવસ સુધી જુદાં જુદાં પુસ્તકોમાંથી તે કીર્તન શોધવા પ્રયત્ન કર્યો પણ મળ્યું નહીં. તેથી સ્વામીશ્રી સિદ્ધેશ્વર સ્વામીને કહે : 'હું બપોરે અથવા બીજા સમયે આરામમાં જાઉં ત્યારે તમારે પેન અને નોટબુક લઈ બેસવું. હું સ્મૃતિ કરીશ ને લખાવીશ. તો તમારે ટપકાવી લેવું.'

આ કાર્યક્રમ બે-ત્રણ દિવસ ચાલ્યો. એક-બે કડી સ્મૃતિમાં આવી. બીજી ન આવી. તેની નોંધ કરી. પછી સ્વામીશ્રી કહે : 'તમારે કાગળ, પેડ અને પેન મારાં ઓશિકાં નીચે મૂકી રાખવાં અને સ્મૃતિમાં આવશે એટલે નોંધ કરી લઈશ.'

પછી રોજ યાદ કરવા પ્રયત્ન કરે. એમ કરતાં કીર્તન યથાવત્ તેમના જ હસ્તાક્ષરોમાં નોંધ્યું. પછી સિદ્ધેશ્વર સ્વામી વગેરેને બોલાવ્યા. ને કહે : 'રોજ એ જૂનાગઢની મૂર્તિના બધા શણગારનાં દર્શન કર્યાં હતાં તે સ્મૃતિ કરું અને શબ્દોને ખોળવા-ગોઠવવા કરું તે સ્મૃતિ થઈ. આખું કીર્તન મળી ગયું.'

પછી તેની દસ નકલ કરાવી રોજ શણગાર આરતીમાં બોલાવવાનું શરૂ કર્યું.

વર્ષો પહેલાં કરેલાં દર્શનોની કેવી ઇદં સ્મૃતિ હશે ! દર્શનની ચીવટ અને તેને સ્મૃતિબદ્ધ કરવાની રીત કેવી અલૌકિક !

પ્રસાદીની વસ્તુઓની પૂર્વસ્મૃતિઓ

સિદ્ધેશ્વર સ્વામી અને રામચરણ સ્વામીને સ્વામીશ્રીએ ગોંડલ રહી ગુરુકુળની તથા અન્ય પ્રવૃત્તિ કરવા આજ્ઞા આપી હતી. બંનેએ આજ્ઞા અદ્ધર ઝીલી તેથી રાજી થઈ સ્વામીશ્રીએ કહેલું : 'હું તમને મૂર્તિઓ આપીશ.'

એક દિવસ સ્વામીશ્રીએ બંનેને બોલાવ્યા. ને કહ્યું : 'મેં તમને કહેલું કે મૂર્તિઓ આપીશ, તો તમે બીજી મૂર્તિઓ આવી તૈયાર કરી લઈ આવજો. તો આ મૂર્તિ દેવાય.'

બંને સંતોએ તરત જ તેવી મૂર્તિની વ્યવસ્થા કરી દીધી. સ્વામીશ્રીએ તે પૂજામાં રાખી. બંને સંતોએ કહ્યું : 'બાપા ! આ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પણ આપો.' સ્વામીશ્રીએ ના પાડી. પછી બહુ કહ્યું, ત્યારે કહે : 'આવી બીજી મૂર્તિ હોય તો આપું.' તેથી મધુ જસાણીની પૂજામાં તેવી મૂર્તિ હતી તે આપી, તેથી સ્વામીશ્રીએ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ પણ આપી.

પૂજામાં પ્રસાદીની વસ્તુમાં એક ઓરસિયો અને માળા તેમજ મહારાજનાં અસ્થિ રાખતા તે વિગત પૂછતાં સ્વામીશ્રી ઉત્સાહથી કહેવા લાગ્યા :

'આ માળા શાસ્ત્રીજી મહારાજે આપેલી. તે રાખી છે. આ ઓરસિયો

કૃષ્ણચરણદાસ સ્વામીએ જૂનાગઢમાં આપેલો. તે સ્મૃતિ માટે રાખ્યો છે. અમે ભાદરણ હતા ત્યારે ધ્યાની સ્વામી(ધ્યાનપ્રિયદાસ)એ જોવા લીધો તે પડી ગયો ને બે ટૂકડા થઈ ગયા. પછી આ ભગવાં લૂગડામાં બાંધીને આ પૂજાના ખડિયામાં રાખ્યો છે, તે દર્શન થાય.'

સ્વામીશ્રીએ આ બધી જ વસ્તુ ખૂબ જતને જાળવી હતી. અને પ્રેમથી, મહિમાથી તેનાં દર્શન કરતા. (આ બધી જ વસ્તુઓ હાલ મુંબઈમાં સચવાઈ છે.)

નિવૃત્તિના અનુસંધાનમાં કર્મકુશળતા

અહીં ઝાડેશ્વરના વ્રજભાઈ પોતાના પુત્ર નરેન્દ્રને લગ્ન પછી અક્ષર દેરીએ દર્શન કરાવવા લાવ્યા હતા. વ્રજભાઈના ભત્રીજા ચીમનભાઈ નારણભાઈ, રામજીભાઈ, મોતીભાઈ વગેરે નિષ્ઠાવાન હરિભક્તો પણ સાથે હતા.

સ્વામીશ્રીએ મથુરભાઈને બોલાવી બીજા દિવસે તેમની મોહનથાળની રસોઈનું નક્કી કર્યું. અને બપોરે તેમના ઉતારે સ્વામીશ્રીએ આખા કુટુંબની રસોઈ મોકલી આપી.

બપોર પછી રસોઈની સેવા નોંધાવી સ્વામીશ્રીની રજા લેવા વ્રજભાઈ ગયા, ત્યારે સ્વામીશ્રીએ મથુરભાઈને બોલાવીને કહ્યું : 'આ વ્રજભાઈ ગુજરાતના પટેલ કહેવાય. તેઓ એમના ગામ પાછા જાય ત્યારે રસોઈનો પ્રસાદ સગાં-સંબંધીને આપવો પડે. માટે દસ-પંદર શેર મોહનથાળની પ્રસાદી સાથે બાંધી આપો.'

સ્વામીશ્રીની આવી વ્યવહારકુશળતા જોઈને વ્રજભાઈ અત્યંત આશ્ચર્ય પામ્યા. એમણે સાંભળેલું કે સાધુ-સંન્યાસીઓ તો વૈરાગી, અનાસક્ત હોય છે અને તેમને દુનિયાના વહેવારની શી પડી હોય ? પરંતુ સ્ત્રી-ધનના સંપૂર્ણ ત્યાગી, બૃહદ્ વૈરાગ્યવાન અને અત્યંત અનાસક્ત જોગી ભગવન્મય પ્રવૃત્તિના સાતત્યને કારણે આટલો સૂક્ષ્મ વ્યવહાર ભૂલતા નહિ. તે ખરેખર તો પ્રવૃત્તિમાં રહી નિવૃત્તિનું અનુસંધાન હોય તો જ બની શકે. વ્રજભાઈને આજે નવા અભિગમથી સ્વામીશ્રીનો મહિમા સમજાયો.

તા. ૨૦મીએ, સાંજે ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના લીંબતરુ નીચે સભા ભરી હતી. તેમાં મગફળીના ઓળાની પ્રસાદી સ્વામીશ્રીએ સ્વહસ્તે સંતોને વહેંચી. સ્વામીશ્રીએ તો બે-ચાર બીયાં જમીને બાકીની પ્રસાદી મને આપી દીધી. પછી મેં *'સારંગપુરમાં વહાલો પ્રગટ બિરાજે, મેં તો દીઠા છે નયને*

નિહાળી' એ કીર્તન શરૂ કર્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'સૌ ઝીલજો.' પછી પોતે પણ સૌ સંતો-હરિભક્તો સાથે તાલીઓ પાડતાં કીર્તન ગાવા લાગ્યા.

રાત્રે ઉકાળો પીતાં મુંબઈના નાના યુવક રાજેન્દ્ર દેસાઈને સ્વામીશ્રીએ નાસ્તો પીરસ્યો. કોઈ કહે : 'એને થાક લાગ્યો છે.'

'નાના છોકરાને થાક લાગે નહિ, બકરાં ચરી જાય.' એમ કહી સ્વામીશ્રીએ સૌને આનંદમાં તરબોળ કરી દીધા.

આપણે ક્યાં પ્રખ્યાત થાવું છે ?

બીજે દિવસે સવારે ઉકાળા-પાણી પછી મણિભાઈ બ્રહ્મભટ્ટે સ્વામીશ્રીને વિનંતી કરી કે 'અમદાવાદ આકાશવાણીના ડિરેક્ટર ગિજુભાઈએ કહેવડાવ્યું છે કે કટોકટીના સમયમાં બધા સંતો-મહંતો રેડિયો ઉપર સૌને આશીર્વાદ આપે છે. જગદ્‌ગુરુ શંકરાચાર્યે પણ આશીર્વાદ આપ્યા છે, તો આપ પણ તે પ્રમાણે રેડિયો ઉપરથી આશીર્વાદ આપો તો સારું.'

તે સાંભળી સ્વામીશ્રી સહજતાથી કહે : 'આપણે ક્યાં પ્રખ્યાત થાવું છે ? આપણે માળા ફેરવીએ છીએ (યુદ્ધ બંધ થાય અને કટોકટી દૂર થાય તે માટે). ગુપ્તદાન સારું. આપણે જાહેર થવું નથી.' એમ પોતાનો અભિપ્રાય જણાવ્યો. જો કે પાછળથી ગિજુભાઈના અતિ આગ્રહથી સ્વામીશ્રીએ રેડિયો ઉપરથી જાહેર જનતાને શાંતિના આશીર્વાદ આપ્યા હતા.

એકાદશી હતી તેથી બપોરે કથામાં કેટલાકને ઝોલાં આવતાં હતાં. તે જોઈ સ્વામીશ્રી કહે : 'કોઠારી, ભંડારી ને દાજી બાપુનાં બધાનાં ઝોલાં મને આપો. મને ઊંઘ આવતી નથી.' એમ કહેતાં બધાને જાગ્રત કરી દીધા.

શંભુસિંહનો છ વર્ષનો પુત્ર હિતેન્દ્ર 'સ્વામીની વાતો' બોલશે એવી વાત સ્વામીશ્રીની સાથે પ્રથમથી જ થઈ હતી. મણિભાઈના પ્રવચન પછી કોઈ હરિભક્ત કહે : 'હવે બાપા વાત કરશે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આ છોકરાનો વારો પહેલો. પછી હું.' એમ કહી, તે નાના બાળક પાસે વાત બોલાવી. નાના બાળકનો પણ આટલો આદર કરી, સ્વામીશ્રી તેને પ્રોત્સાહન આપતા.

સ્વામીશ્રી પ્રવચન પૂરું કરતાં હરભમજી બાપુને કહે : 'કથા લ્યો. આજે તો એકાદશી. તે જાગરણ કરવું પડે. પણ હું માંદો પડ્યો. નીકર બાર - સાડા બાર સુધી જગાડું. મુંબઈમાં એમ જ કરતો. ક્યાં ગયા ટી.ટી. ? પૂછે, કેટલા વાગતા ?'

બાલુભાઈ ટી.ટી. કહે : 'હા બાપા ! બાર - સાડા બાર થઈ જતા.'

પછી સ્વામીશ્રી બોલ્યા : 'આ તો ગુરુ ગયા ગોકળ ને વાંહે થઈ મોકળ.' એમ કહેતાં સૌને આનંદ કરાવ્યો.

રાત્રે રૂમમાં પ્રવેશતાં જ બત્તી બંધ થઈ ગઈ. આ પહેલાં પણ ત્રણ-ચાર વાર આમ થયું હતું. આજે સ્વામીશ્રી કહે : 'કાંઈક રોગ હશે.' પછી ચુનીભાઈને કહ્યું : 'બત્તી લઈને ચંદ્રકાન્તભાઈને મોટર સુધી મૂકી આવો.' આટલી ખબર ભક્તોની રાખતા. પછી મને બોલાવીને પૂછ્યું : 'બત્તીમાં કાંઈ રોગ થયો છે ?'

મેં કહ્યું : 'બાપા ! ઠેઠથી (ધુવારણથી) આમ જ છે.'

તા. ૨૩મીએ સવારે સંતો *'વારી જાઉં વારણે, વદન શશી ઉપરે'* એ પ્રભાતિયું ગાતા હતા. સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સ્વરૂપનું વર્ણન કરતાં કહ્યું : 'મહારાજની મૂર્તિ એવી, બધા ભાન ભૂલી જાય.' ત્યાં જ એલાર્મ વાગવા માંડ્યું. સ્વામીશ્રી કહે : 'આ ઘડિયાળ પણ ભાન ભૂલી ગયું તો આપણી શી દશા ? ૪-૦૦ વાગ્યાને બદલે અત્યારે વાગવા માંડ્યું !'

બપોરે ખુરશી પર બેસીને જમવા પધાર્યા. પૂજારીના ઉતારે પગથિયાં ચડતા હતા. વયોવૃદ્ધ અર્જુનભાઈ ચાવડા આગળ જ હતા. સ્વામીશ્રીએ એકદમ ખુરશી ઉપાડનારના હાથ ઝાલ્યા ને ઊભા રાખી કહે : 'તેમને જાવા દ્યો. કોઈ સાજા-માંદા હોય ને પડે તો વાગી જાય.' પછી તેમને જવા દીધા ને પોતે પછીથી પધાર્યા.

દિવાળી પર્વની ઉજવણી

આજે આસો વદિ ૧૪ હતી. સાંજે સ્વામીશ્રીએ હનુમાનજીની મૂર્તિને આકડાનાં ફૂલની માળા પહેરાવી પૂજન કર્યું. સ્વામીશ્રીએ હનુમાનજીને કહ્યું : 'જાઓ, પાકિસ્તાનને કાઢો. લડાઈ બંધ કરાવો.' પછી આરતી કરી.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી ઉકાળો પીવા પધાર્યા. આગળના ઓરડામાં જરા અંધારું હતું એટલે કહે : 'લાઈટ કરો, આજે તો દિવાળી છે.'

અંદરના ઓરડામાં ઉકાળો પીવા બેઠા. ત્યાં પણ લાઈટ કરાવી. આજથી થોડા દિવસ પહેલાં સવારના લાઈટ બળતી હતી તે લાઈટ સ્વામીશ્રીએ બંધ કરાવી હતી અને કહ્યું હતું કે 'અમે આઠ આના સારુ ચાર દાદરા ચડતા હતા.'

આમ, પ્રસંગોપાત્ત બદલાતો મોટાપુરુષનો સામાન્ય અભિપ્રાય કોણ જાણી શકે ? ભક્તોને માટે તો એ નિર્દોષ પુરુષનાં ચરિત્રોની સ્મૃતિનો આનંદ જ

પર્યાપ્ત હતો.

આજે સવારે ૧૦-૩૫ કલાકે રાજકોટના પ્રખ્યાત વૈદ્યરાજ નવલશંકરભાઈ આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીની તબિયત જોઈ, નાડી તપાસી, પેટ તપાસ્યું, હૃદય તપાસ્યું. પછી સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું :

'બાપા ! હવે આપ આરામ લઈ લ્યો. આપનાં બધાં જ અંગ કામ કરી શકે તેમ નથી. મોટું આંતરડું ખોરાકને પચાવી શકે તેમ નથી. તેથી થાક-તોડ-દુખાવો વગેરે થઈ આવે. માટે આપ સંપૂર્ણ આરામ લ્યો એવી મારી સલાહ છે. બીજો કોઈ હોય તો આવી પરિસ્થિતિ જીરવી શકે નહીં, પણ આપ મનોબળ અને આત્મબળથી ચલાવી શકો છો અને અનેકને જિવાડી રહ્યા છો.

'બીજું, આપ મિષ્ટાન્ન બિલકુલ ખાશો નહીં. મિષ્ટાન્ન આ રોગ માટે ઝેર સમાન છે. હજુ અમારે તમને દસ વર્ષ જિવાડવા છે. કેમ ખરું ને ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'હા, પંચ્યાસી વરસ સુધી તો જીવવું છે.' એમ બોલતાં હસી પડ્યા.

પછી ચુડાસમા સાહેબ કહે : 'બાપા ! મારો સંકલ્પ હજુ આપ ૨૦ વર્ષ રહો તે છે. આપની મરજી મુજબ કરશો. ને હું દેરીમાં હંમેશાં એવી જ પ્રાર્થના કરું છું.'

ચોપડા પૂજનમાં ચોપડાના ગંજ ખડકાયા. બધામાં સ્વામીશ્રી હસ્તાક્ષરથી આશીર્વાદ લખે – એમ સૌ ઇચ્છે. સ્વામીશ્રી પણ કોઈને જરા સરખા પણ નારાજ ન કરી શકે. આજે ઝેકોસ્લોવેકિયાના એન્જિનિયર પાઉઝર સાહેબ તથા મોસીન સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી તેમને ધબ્બા આપી, પ્રેમથી બોલ્યા : 'આજ લક્ષ્મી પૂજન હૈ, શાંતિ થઈ જાના. બધે દર્શન કરના.'

પછી તેમને ચાંદલો કરી, પ્રસાદી આપી. તેમણે સ્વામીશ્રીની વાણી સાંભળી આભાર વ્યક્ત કર્યો.

વળી, ગુજરાત સ્ટેટના રેવન્યુ સેક્રેટરી પ્રદ્યુમ્નસિંહજી પણ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી ઘણા જ રાજી થયા અને બાપુને પૂછ્યું : 'જેતપુર દર્શન કરીને પધાર્યા ?' ત્યારે બાપુએ 'હા' કહી. પછી સ્વામીશ્રીએ તેમને ગુરુ કૃષ્ણચરણ સ્વામીના શિષ્ય નિર્ગુણદાસ સ્વામીની તબિયતના ખબર પૂછ્યા. તેમને સ્વામીશ્રીનો ખૂબ જ ગુણ આવ્યો.

તે પછી ગોંડલ નરેશના નાના ભાઈ શિવરાજસિંહજી દિવાળીના આશીર્વાદ લઈ ગયા.

પ્રસંગોચિત આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે આજે ચોપડા પૂજન કર્યું તેમ હૃદયમાં ભગવાનનું પૂજન કરવું, તો સાક્ષાત્ શ્રીજીમહારાજ આપણા અંતરમાં વાસ કરે.'

નૂતન વર્ષે મંદિરમાં શણગાર આરતી કરી, ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'હે મહારાજ ! આશીર્વાદ દ્યો. સહુ અંતરે સુખી રહે. સાધુ વધે. પાંચસો સાધુઓ થાય. સંતો સંસ્કૃતમાં પારંગત થાય.'

સવારની સભામાં, 'નિર્દોષબુદ્ધિ દૃઢ થાય. કોઈનોય અભાવ કે અવગુણ ન આવે' એવા સૌને આશીર્વાદ આપ્યા.

સંતો તથા યુવકોએ મળીને અન્નકૂટ સારો ગોઠવ્યો હતો. સ્વામીશ્રીએ આરતી કરી, ત્યારે લગભગ ૨,૦૦૦ ભક્તોએ દર્શનનો લાભ લીધો.

પ્રત્યક્ષ ભક્તિનાં સૂક્ષ્મ દર્શન

અન્નકૂટમાં કોઈએ શોભા ખાતર ભાતમાં અગરબત્તી ગોઠવી હતી, તે સ્વામીશ્રીએ લેવરાવી દીધી. વળી, આગળ મૂકેલા માટીના ગોવર્ધન પર્વતમાં તો એક સાથે ઘણી અગરબત્તી હતી, તે પણ લેવરાવી લીધી અને સ્વામીશ્રી કહે : 'ત્રણ અગરબત્તી જ સળગાવવી. ધુમાડો બહુ થાય તો ભગવાનને ખાતાં ફાવે નહિ.' એમ ધીરેથી સમજાવ્યું.

પછી ખૂબ જ પ્રેમથી થાળ બોલ્યા. આરતી ઉતારી. અત્યંત અહોભાવથી ઠાકોરજીને જમાડતા હોય એ દર્શનનો અલભ્ય લાભ સૌને આપ્યો.

સાદગીથી ભરપૂર સ્વામીશ્રીમાં કળાની વિશેષ સૂઝ ઘણી વાર દેખાતી. અન્નકૂટ ગોઠવવાનું અમને ઘણી વાર શીખવતા. પહેલાં મૈસુર, જલેબી, સાટા વગેરે મુકાવે. પછી બીજી મીઠાઈઓ ક્રમ વાર ગોઠવાવે. સાથિયા પુરાવડાવે. દીપાવલિ કરાવે. એમ ઘણું સુશોભન કરાવતા. અને દિવાળીના દિવસોમાં બીજી ગમે એટલી લાઈટોની શોભા હોય, પણ કોડિયાં તો મૂકવાનાં જ. સાથે રંગબેરંગી ધજાપતાકા અને આસોપાલવનાં તોરણ પણ ખરાં.

ઠાકોરજી આગળ શોભા કરવાનો સ્વામીશ્રીને બહુ ઉમંગ. એમાં ગમે તેટલો ખર્ચ થાય કે સાધનો વપરાય તે માટે સ્વામીશ્રી હંમેશાં ઉદાર રહેતા ને પ્રસન્નતા દાખવતા.

સ્વામીશ્રી આજે બપોરે ૪-૦૦ વાગ્યા પછી આરામ કરતાં કરતાં કહે : 'હું પહેલાં આખો દિવસ બેસતો. ગામના પાંચસો માણસોને જમવા બેસાડતો.

હમણાં માંદો પડ્યો છું, નીકર બધું કરત.'

રાત્રે ઘી ઘસતી વખતે ઈશ્વરભાઈ દેસાઈ આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'મુંબઈમાં અન્નકૂટ માટે પાંચસો રૂપિયા તમારે આપવા એવો પત્ર તમને લખ્યો હતો. તે મળ્યો ?'

ઈશ્વરભાઈ કહે : 'એ પત્ર મને મળ્યો નથી.'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'કાગળના લખનારા મળ્યા પછી કાગળનું શું કામ છે ?' એમ ધીરે રહીને બોલ્યા. સૌને આનંદ થઈ ગયો.

સ્વામીશ્રી ડૉ. દલને કહે : 'બગાસાં બહુ આવે છે. આવાં બગાસાં કોઈને આવતાં હશે ? બગાસાંની દવા શું ?'

દલ સાહેબ કહે : 'આવાં બગાસાં કોઈને આવે જ નહીં. બ્રહ્માંડમાં કોઈ ડૉક્ટર કે વૈદ્ય નથી, જે આપનાં બગાસાંની દવા કરી શકે.'

તેથી સ્વામીશ્રીએ ઈશ્વરભાઈને પૂછ્યું : 'તમને બગાસાં આવે છે ?'

તેઓ કહે : 'બાપા ! બગાસું ખાઈએ ત્યારે ઊંઘ આવી જ જાય.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'પણ આ બગાસાં તો ઊંઘ જાવાનાં છે.'

તે સાંભળી બધા ખડખડાટ હસી પડ્યા. આ નિર્દોષ વાર્તાલાપોમાં કોઈ ગૂઢ ચર્ચા કે અધ્યાત્મ-તત્ત્વ નહોતું; પરંતુ એ રીતે જ મુમુક્ષુના હૃદયમાં સ્વામીશ્રીની અલૌકિક મૂર્તિ જડાઈ જતી, એ જ તેનું સાચું મૂલ્ય હતું.

તા. ૨૬મીએ નિત્ય વિધિથી પરવારી સ્વામીશ્રી શણગાર આરતી કરવા નિજ મંદિરમાં પધાર્યા. ઠાકોરજી આગળ અન્નકૂટની મીઠાઈઓના થાળ ધર્યા હતા તે જોઈ સ્વામીશ્રી કહે : 'ઠાકોરજી કહેતા હતા કે એકલી મીઠાઈ ન મૂકવી, સાથે કાંઈ તીખું પણ મૂકવું.' એમ હળવેથી પૂજારીને સૂચન કર્યું.

મહારાજને જે પ્રત્યક્ષ જમાડતા હોય, તેના સિવાય આવી સૂક્ષ્મ દૃષ્ટિ કોને હોય ?!

માણસાઈના ઈજનેર

અહીં સ્વામીશ્રી ઍડવોકેટ જોરાવરસિંહજીને ત્યાં પધરામણીએ પધારેલા. ત્યારે ગંભીરસિંહ તખ્તસિંહ જાડેજાને સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન થયાં. તેઓ શિવપંથી હતા, પરંતુ સ્વામીશ્રીના સ્વરૂપમાં તેમને ભારે આકર્ષણ થયું. પોતે ખાણ અને ખનીજ ખાતામાં નોકરી કરતા હતા. તેમની બદલી જેતપુર થઈ હતી. તેથી તેમણે ગોંડલ રહેવાનું રાખ્યું હતું. અને અક્ષર દેરીએ દર્શનનો લાભ લેતા.

આજે નાનજીભાઈ તેમને સ્વામીશ્રી પાસે દર્શને લઈ આવ્યા. તેમને વર્તમાન ધરાવતાં પહેલાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'કાંઈ વ્યસન છે ?'

'બાપા ! ડુંગળી-લસણ ખાઉં છું અને બીડી પીઉં છું.'

સ્વામીશ્રી કહે : 'હવે આજથી બંધ. બધું છોડી દેવું.'

ગંભીરસિંહ તરત જ સંમત થયા. સ્વામીશ્રીએ બહુ પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા. તેઓ વર્તમાન ધરાવી સારા સત્સંગી થયા.

અનેક જીવો સ્વામીશ્રીના સહજ પ્રસંગમાં વ્યસનમુક્ત થતા અને જીવન-શુદ્ધિના પંથે વળતા. સાચા સંતના સંબંધે આધ્યાત્મિક દુર્ગમ પથ ઉપર સૌ સહેજે ચઢી જતાં અને પોતાનું જીવન સાર્થક કરતા. આ પ્રક્રિયા દેખીતી રીતે ઘણી સામાન્ય જણાતી, પણ એક જીવનું શિવમાં પરિવર્તન થવાનો આ આત્યંતિક ઉપાય હતો. જે મોટા દેવોને પણ દુર્લભ હતો.

દિલ્હીથી આવેલા રેડિયો અધિકારી પંડ્યા સાહેબ રાજકીય અને આર્થિક કટોકટીમાં લોકોને પ્રેરણા મળે એવા સ્વામીશ્રીના આશીર્વાદનું રેકોર્ડિંગ કરી ગયા, જે તા. ૩-૧૧-'૬૫ના રોજ રેડિયો ઉપરથી પ્રસારિત થયું હતું.

'ધોવા બુરાઈને બધે ગંગા વહે છે આપની'

આજે લાઠી ઠાકોર સાહેબ તથા હરિશ્ચંદ્રસિંહજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમનું ભાવથી સ્વાગત કર્યું. ભગવત્સિંહજીને તેમની સરભરામાં રોક્યા. તેઓ ઠાકોર પ્રહ્લાદસિંહજીના અંગત સચિવ હતા, તેથી હરિશ્ચંદ્રસિંહજી સંતદર્શન માટે સદ્ભાગી થયા હતા.

તેઓ મંદિરમાં પ્રવેશ્યા ત્યારથી જ શાંતિ તેમના અસ્તિત્વની ચોમેર વીંટળાઈ રહી હોય તેવું અનુભવાતું હતું. દર્શન કરી સૌ સ્વામીશ્રી પાસે આવ્યા. માનવ સ્વભાવના મનિષી સ્વામીશ્રીએ પારખ્યું કે બાપુ કોઈ મોટી વિમાસણમાં, ઊંડા વિષાદમાં છે.

સ્વામીશ્રીએ આવકાર આપ્યો. બેસવા કહ્યું, ત્યાં તો તેઓ સ્વામીશ્રીના ખોળામાં મસ્તક મૂકી ધ્રુસકે ધ્રુસકે રોઈ પડ્યા. આ કીર્તિવંત અને પ્રભાવી વ્યક્તિત્વવાળા રાજવી આમ રોઈ પડે એ હેબતાઈ જવાય તેવું દૃશ્ય હતું.

સ્વામીશ્રી ધીરગંભીર રીતે, સ્વસ્થતાથી, પ્રેમથી તેમને ધીરજ આપવા લાગ્યા. છાતીએ અને ખભે હાથ ફેરવવા લાગ્યા. બાપુને આ સ્પર્શમાં શાંતિનો અનુભવ થયો. શરણાગતવત્સલ સ્વામીશ્રીએ સ્વહસ્તે તેમને પાણી આપ્યું અને

કહ્યું : 'બાપુ ! મુઝાવ નહીં, વાત કરો. દુઃખ મટાડવા જ આ દેરી છે. નિષ્કપટ થઈને વાત કરો. શાંતિ થઈ જશે.'

બાપુને ધરપત મળી, સ્વસ્થ થઈને તેમણે પોતાની વિષય, વિલાસ અને વ્યસનથી ચકચૂર બનેલી જિંદગીના દિવસો યાદ કરવા માંડ્યા :

'સ્વામી હૈયું દાઝે છે. શાંતિ થતી નથી. દાવાનળ ઓલવાય, પણ મારી હૈયાની જ્વાળા ઠારી શકાય તેમ નથી. મારાં જ દુષ્કર્મો અને પાપોથી ભરેલું, ચંદનને પણ દઝાડે એવું અધમ જીવન, એ મારી કહાણી છે !

'સૌરાષ્ટ્રમાં એક મોટા સ્ટેટના મહારાજા સાથે મારે ઘરોબો હતો. સમૃદ્ધિ અહંકાર અને વિષયાસક્તિમાં અમે કોઈ જ પાપ કરવાં બાકી નથી રાખ્યાં. પણ આ મુખે હું આપને શું કહું...?' તેઓ બોલતાં અટકી ગયા. જીભ થોથવાતી હતી. ક્ષોભ અને પાપના ભારથી તેમનું મસ્તક ઝૂકી ગયું અને ગળું ભરાઈ આવ્યું.

'બાપુ !' સ્વામીશ્રીએ સ્નેહાળ સ્વરે કહ્યું : 'નિષ્કપટપણે જે હોય તે કહો. અહીં મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી બિરાજે છે. માનભા, મુંજો અને સૂરુ ને જોબન પગી ભક્ત બન્યા. અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજે બોચાસણના હીરા મુખીને ભજન કરતા કર્યા હતા. માટે કહો, મહારાજ-સ્વામી કોઈના ગુના સામું જોતા નથી.'

આ શબ્દો બાપુના અંતરદ્વાર સુધી ઊતરી ગયા. એ દ્વાર ખૂલી ગયાં. તેમણે કહ્યું : 'બાપા ! એ મહારાજા સાથે હું દેશ-વિદેશમાં ફર્યો. ક્ષાત્રતેજનું, અમારા કર્તવ્યનું ભાન ભૂલી, નિર્લજ્જતાની પરાકાષ્ઠાએ પહોંચવામાં અમને આનંદ આવતો. મદિરા અને માનિની અમારાં નિત્ય સંગાથી રહેતાં. દારૂથી ભાન ભૂલી અમે જમીન પર ઢળી પડતા, ત્યારે શું લવારી કરતા તેનું અમને ભાન પણ રહેતું નહીં. નિશાચરની જેમ રાતે જાગતા અને દિવસે ઊંઘતા !

'જોબન, ધન અને રૂપની મદમસ્તીમાં અમે કહેતા : 'અમ આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો ?' પરંતુ એ મીઠાશ આજે અસહ્ય રીતે કડવી લાગે છે.'

સ્વામીશ્રી એકધારું તેમની સામે જોઈ રહ્યા હતા. જાણે કે તેમના અંતરને પરિશુદ્ધ કરવું ન હોય !

બાપુએ ફરી કહ્યું : 'બાપા ! આ હાથોએ કોણ જાણે કેટલીયે હત્યાઓ કરી હશે ! દિવસ ઊગે ને કૂકડા મારવામાં અમે આનંદ માણતા ! નિર્દોષ અને નિષ્પાપ પક્ષીઓ અને સસલાં મારી ખાવામાં અમે શૂરવીરતા માનતા ! ઈંડાંનો કચ્ચરઘાણ વળતો, તો પછી તમાકુ, સિગારેટ જેવાં એલફેલ તો શા હિસાબમાં ?

પરમાટી અને ચકલાંની જીભો પણ ખાધી છે.

‘એક પ્રસંગ આજે પણ સંભારું છું, ત્યારે ચીસ પાડી ઊઠું છું કે એક નારીદેહનો આ હાથથી ક્રૂર અંજામ આવેલો !

‘રૂપિયા દસ લાખ વાપરી અમે ભીનું સંકેલ્યું હતું, પરંતુ એ સંભારતાં હું ધ્રૂજી ઊઠું છું. મારાં સુખ-ચેન છીનવાઈ ગયાં છે.

‘બાપા ! ચાર દિવસના સુખ પાછળ, વિષય, ભોગ, વિલાસ પાછળ આ હાથે આજથી ત્રીસેક વર્ષ પહેલાં નવેક કરોડ રૂપિયા અમે વેડફ્યા છે. અમારી નષ્ટ અને ભ્રષ્ટ જિંદગીનું આ સરવૈયું છે !

‘ભોળી પ્રજાને છલના અને આત્મવંચનાથી પીડી છે. અમારો ક્ષાત્રધર્મ લોપ્યો અને અમે અમારાં રાજ ખોયાં છે. સત્કર્મોનું શુભ ફળ અને દુષ્કર્મોનું ભૂંડામાં ભૂંડું ફળ મળે છે, તેની આ મારી કહાણી છે.

‘તો બાપા આશીર્વાદ આપો ! માણસને તેના પાપના પડછાયા સૌથી બિહામણા અને ડરામણા લાગે છે. એ પડછાયા આપ દૂર કરો.’

બાપુ ફરીથી સ્વામીશ્રીનાં ચરણે મસ્તક મૂકતાં ગદ્‌ગદ થઈ ગયા. સ્વામીશ્રી બાપુની છાતી પર હાથ ફેરવવા લાગ્યા. બાપુને અંતરમાં શેરડા પડ્યા !

સ્વામીશ્રી કહે : ‘બાપુ ! પાપ બાળવા અને અંતરમાં શાંતિ મેળવવા મહારાજનો આશરો કરો. પાપ બળી જાય. વર્તમાન ધરાવો. કંઠી બાંધીએ. એક હજાર પ્રદક્ષિણા અક્ષર દેરીએ દેવી. પછી આનંદના ફુવારા છૂટશે. બની ગયું છે તે ભૂલી જવું. ‘આપણે આત્મા છીએ, અક્ષર છીએ’ એમ માનવું. લાવો હાથ !’ સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવી, કંઠી પહેરાવી દીધી. બાપુને શ્રદ્ધા આવી કે પોતાની ભાંગી-તૂટી નાવને પાર ઉતારનાર સમર્થ સુકાનીનો સાથ સાંપડ્યો છે !

તેમને પોતાના દાદા પ્રસિદ્ધ કવિ કલાપીના શબ્દો સાંભરી આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : *‘જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની... ધોવા બુરાઈને બધે ગંગા વહે છે આપની...* બાપા ! આપ મારા જેવા પાપીના તારણહાર બન્યા છો.’

તેમણે ભાવવિભોર થઈને હળવા હૈયે વિદાય લીધી. સ્વામીશ્રી પણ એક જીવની સમ્યક્ ઊર્ધ્વગતિ જોઈ પ્રસન્ન જણાતા હતા.

✧

ત્યારપછી તો હરિશ્ચંદ્રસિંહ ગોંડલ ગામમાં મંદિરના મકાનમાં જ રહેવા આવી ગયા હતા. પોતે સ્વભાવે ઉગ્ર અને ક્યારેય કોઈ સાધુને નમે નહીં, પરંતુ

સ્વામીશ્રી આવે ત્યારે તેમને સંબોધીને ઉપદેશની ખૂબ વાતો કરે અને સ્વામીની વાતો પણ સંભળાવે. વળી કહેતા જાય : 'હરિશ્ચંદ્ર બાપુ બહુ જ શાંત. વળી ભક્તરાજ !' પછી કહે : 'બાપુ ! રોજ મંદિરે આવવું. આ મંદિર તમારું જ છે.'

સ્વામીશ્રીની આવી કળાથી તેઓ ધીરે ધીરે નમતા થયા, મિજાજ પણ શાંત થતો ગયો. સૌનો સદ્‌ભાવ વધ્યો અને તેઓ સાચા અર્થમાં સત્સંગી થયા.

તેઓ કહેતા : 'આ સ્વામીની પાસેથી દરેકે ઘણું શીખવાનું છે. મને એમ હતું કે મને કોઈ વશ ન કરી શકે; પણ યોગીબાપાએ મને શાંત અને ભગત કહીને મારો ક્રોધ, અવળાઈ કાઢી નાખ્યાં છે.'

તેમણે એક વાર સ્વામીશ્રીને પણ પોતાની ભાવના - કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કહેલું ! 'બાપા ! હું અહીં ગોંડલ ન આવ્યો હોત ને આપની સાથે ઓળખાણ ન થઈ હોત તો ઘણી જ ખોટ રહી જાત. મને અધ્યાત્મ-વાતની બહુ ખબર નથી, પણ તમે ગમે તેવાને વશ કરી શકો તેવા સાધુ છો તે હું ચોક્કસ કહી શકું.'

✧

સ્વામીશ્રી જમીને ખુરશીમાં બેસી સભામાં જઈ રહ્યા હતા. ખુરશી ઉપાડનાર કહે : 'બાપા ! આજે ખુરશીમાં જરાય વજન નથી.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આજે ઓછું જમ્યો છું તે વજન ઓછું જ લાગે ને ! વધારે જમીએ તો વધારે વજન લાગે !'

સ્વામીશ્રીની નિર્દોષ વાતથી સૌ હસી પડ્યા.

દેરીમાં સંધ્યા આરતી પછી સ્વામીશ્રી રૂમમાં આરામ માટે પધાર્યા. એક યુવકે મહેમદાવાદના જનુભાઈના પુત્રને રૂમમાં બેસાડી રાખ્યો હતો. સ્વામીશ્રી પલંગ ઉપરથી ઊભા થયા. બાળકને જોઈ તેને કહે : 'જાવ, અહીં કેમ બેઠા છો ? મારે આરામ લેવો છે. કોનો છોકરો છે ?'

ત્યારે તે કહે : 'જનુભાઈનો.'

'સાધુ થવું છે ?

'ના.'

'હા પાડ.' સંતોએ તેને સમજાવ્યો.

સ્વામીશ્રી કહે : 'એમ પરાણે થોડી હા પડાવાય ?' પછી સંતોએ બાળકને પગે લગાડ્યો.' ત્યારે સ્વામીશ્રી કહે : 'હા, ઈ ક્યો ! પગે લાગે એમાં વાંધો નહીં.'

આ સહજ સંવાદ સાંભળી, જીવની રુચિ અને સત્પુરુષનો અભિપ્રાય તરત જ ખ્યાલમાં આવી જાય; પરંતુ 'પગે લાગવાના' સરળ આચારમાં જીવને બહુ

દાખડો નથી. તેથી સંત પણ જીવને કરુણાદૃષ્ટિથી નભાવી લે છે.

ધણી જેવા સેવક

તા. ૨૭મીએ, સ્વામીશ્રીએ સવારે દાતણ કરતી વખતે વાત કરી : 'શરદ પૂનમના સમૈયાથી અન્નકૂટના સમૈયા સુધી, જો ચૂલામાંથી કોલસા કાઢી લીધા હોત તો કેટલો મોટો ઢગલો થઈ જાત ! પાંચ-સાત ગુણ ભરાઈ જાત. પણ કોઈએ ધ્યાન આપ્યું નહીં. બ્રાહ્મણ રસોઈયાને શું પડી હોય ?' એમ બધાને મંદિરની કોઈ ચીજવસ્તુ બગડે નહીં તે માટે શિખામણના શબ્દો કહ્યા.

એક સંતને કહે : 'પ્રદક્ષિણાનું બહુ મહત્ત્વ છે. સવાસો પ્રદક્ષિણા દઈ દેવી. રોગમાત્ર આઠ દિવસમાં ઊભા રહે તો કે'વું ! કાનનો રોગ તમને ટળી જશે. દેરીનું પ્રસાદીનું પાણી એક ચમચી કાન ઉપર ચોપડવું.'

સ્વામીશ્રી બપોરે ૩-૩૦ વાગે ઊઠ્યા ને કોઈનેય જગાડ્યા વિના લઘુ કરવા ગયા. થોડી વારે સેવકો જાગી ગયા, તો સ્વામીશ્રી પથારીમાં ન હતા. પછી ગુણવંતભાઈ બાથરૂમ તરફ ગયા. સ્વામીશ્રી લઘુ કરીને આવ્યા. હાથ-મોઢું ધોતાં નળ પરનું ગળણું સારું ન હોવાથી હાથ વડે છોડવા લાગ્યા. થોડી વારે ગળણું છોડીને ગુણવંતે બાંધવા માંડ્યું. સ્વામીશ્રી કહે : 'એમ નહીં, લાવો હું બાંધી દઉં. કોઈ ક્રિયા ન આવડે તો શીખવવી પડે.' એમ સ્વહસ્તે નળે ગળણું બાંધ્યું.

પછી બહાર આવીને એક સંતને કહે : 'બગીચામાં મોટું બકડિયું પડ્યું છે તે સાફ કરાવી નાખો. રસોઈ થાય તેવું છે.'

સ્વામીશ્રીની દરેક ઠેકાણે અને દરેક ખૂણે નજર રહેતી અને આવી ક્રિયા દ્વારા મંદિરના ધણી રહેવા સૌને સૂચવતા.

હળવા-મળવાથી એકતા વધે

રણછોડદાસજી મહારાજ ગોંડલ પધાર્યા હતા. તા. ૨૮-૧૦-'૬૫, આજે તેમનો જન્મ દિવસ હતો. તેથી સ્વામીશ્રી કહે : 'ચાલો, આપણે તેમને મળી આવીએ.' સ્ટેશનની સામે બાજુ રામજી મંદિરમાં તેમનો ઉતારો હતો. શરૂઆતમાં તેઓ ગોંડલ પધારતા ત્યારે આપણા અક્ષર મંદિરમાં જ ઊતરતા. ગરદી ખૂબ જ હતી. કલેક્ટર ચુડાસમા સાહેબ વગેરે સાથે હતા, તેથી બધી વ્યવસ્થા કરી આપી.

રણછોડદાસજી મહારાજે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ પણ તેમને

ઠાકોરજીની પ્રસાદીનો હાર પહેરાવ્યો. પરસ્પર અભિવાદન કર્યું. બે મહાન સંતોનું આ અદ્‌ભુત મિલન હતું. બંનેનો એકબીજા પ્રત્યેનો ભાવ ઊભરાતો હતો.

સહસા રણછોડદાસજી મહારાજે ત્યાં ઊભેલા સૌને સંબોધીને કહ્યું : ‘જગતમાં બીજા ઘણા યોગીઓ થશે, પણ આ યોગીજી જેવા કોઈ નહિ થઈ શકે.’

બીજી પણ કેટલીક વેદાંતની અને પોતાના વિચારોની તેમણે વાતો કરી. સ્વામીશ્રી શાંતિથી સાંભળતા હતા. પછી રજા લીધી. બાઈ-ભાઈની ભીડ ઘણી હતી, તેથી સાવચેતીથી બહાર નીકળ્યા. નાદુરસ્ત તબિયતને કારણે પોતાને શ્રમ પડેલો; પણ સ્વામીશ્રી કહે : ‘આપણે મળવા જવું જોઈએ, એકતા વધે.’

અહો ! કેવી વિશાળ દૃષ્ટિ !

અનુવૃત્તિની આલોચના

બીજે દિવસે સવારે સ્વામીશ્રી દાતણ કરતા હતા, ત્યારે યુવકો વાતો બોલતા હતા. તેમાં એક યુવકે પ્રશ્ન પૂછ્યો : ‘બાપા ! અનુવૃત્તિ કેમ સમજાય ? આજે સાધુ બનવાની અનુવૃત્તિ છે ને ?’

ત્યારે સ્વામીશ્રી કહે : ‘ભેગા રહે, સમાગમમાં રહે તો અનુવૃત્તિ સમજાય. આજે સાધુ બનાવવા, એકાંતિક ધર્મ સિદ્ધ કરવો ને કોઈનો અભાવ-અવગુણ ન લેવો, એ અનુવૃત્તિ છે.’

પછી એક યુવક કહે : ‘ઘણા હરિભક્તો અમને પૂછે છે કે તમે સ્વામી ભેગા રહો છો, તો આજે સ્વામીશ્રીની અનુવૃત્તિ શી છે ? ત્યારે એમ કહીએ છીએ કે અમે હજુ સ્વામીશ્રીનો જેવો જાણવો જોઈએ તેવો મહિમા જાણી શક્યા નથી, તો અનુવૃત્તિ ક્યાંથી જાણી શકીએ ? હજુ અમે સ્વામીશ્રીની અનુવૃત્તિ શું છે તે જાણતા નથી.’

ત્યારે સ્વામીશ્રી કહે : ‘એમ ન બોલાય. મહિમા તો જાણો છો. આજે નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ ને સંગઠનભાવ રાખવો એ અનુવૃત્તિ છે. બીજાને અનુવૃત્તિની વાત કરવી.’

સ્વામીશ્રી સ્નાન કરીને શરીર લૂછતા હતા. ત્યારે યુવકોને કહે : ‘ઘાટમાં ન્હાય તો સાડા ત્રણ કરોડ રોમ ઊભાં થઈ જાય ને રૂંવાડે રૂંવાડેથી રોગ દૂર થઈ જાય. અમે નાહવા નથી જાતા એટલે આમ (માંદા પડી ગયા) છીએ ને ! પહેલા અમે ઘાટમા જ નાહવા જતા.’

તા. ૩૦મીએ સવારે સ્વામીશ્રી એક સંતને કહે : ‘તમે દેરીનું પાણી

ભરીને ઈશ્વર સ્વામીને આપજો. મારે પણ પ્રસાદીનું જળ પીવું છે. બધા માણસોને આપણે કહીએ, આપણે પણ પીવું જોઈએ ને ! તો રોગ મટી જાય...' અને બીજા દિવસથી દેરીનું જળ લેવાનું શરૂ કર્યું.

સ્વામીશ્રી જમીને સભામાં જતા હતા. ત્યારે કોઠાર પાસે આવતા એક સંતને કહે : '(અન્નકૂટના પ્રસાદનું) બેલાઉંસ (બૅલેન્સ) છે કે નહીં ?' એમ કહી હસવા લાગ્યા.

પછી અન્નકૂટની સેવા કરતા સંત કહે : 'હા બાપા ! ઘણો માલ છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : '૯-૦૦ વાગે બેલાઉંસ જોવા આવીશ.'

શાળામાંથી પ્રવાસે નીકળેલા વડતાલના ત્રણ યુવકો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ ખૂબ જ ભાવથી તેમને આવકાર આપ્યો. બધી પૂછપરછ કરી જમવા માટે આગ્રહ કર્યો, પણ તેઓ જમીને આવ્યા હતા. તેથી સ્વામીશ્રીએ મારી પાસે અન્નકૂટની પ્રસાદી મંગાવી ને તેમને અપાવી. પછી કિશોરભાઈને કહે : 'તમે જઈને ઘાટ દેખાડી આવો ને દેરીના મહિમાની વાત કરજો.'

સ્વામીશ્રી યુવકો સાથે વાતચીત કરતાં કહે : 'વરતાલમાં આપણે મંડળ કરવું છે હોં !'

રાત્રે સ્વામીશ્રીની દિનચર્યાની ફિલ્મ બતાવવામાં આવી. પછી સભામાં સ્વામીશ્રીએ પ્રવચન કર્યું ને પછી મને કહે : 'સંતો અંગ્રેજીમાં પ્રવચન કરે, તેનું ગુજરાતી કરવા તમે રોકાવ.'

ત્યારે એક યુવકે કહ્યું : 'બાપા ! આપને દવા આપવા ઈશ્વર સ્વામીને નહીં આવવું પડે ?'

ત્યારે સ્વામીશ્રી કહે ! 'હમણાં આમાં (ફિલ્મમાં) દવા ન પીધી ?'

સ્વામીશ્રીની મીઠી મજાકથી આખી સભા હસી પડી.

જૂનાગઢથી એન.સી.સી કૅમ્પ ગોંડલ આવેલો, તેના મૅનેજર નરપતસિંહ તથા સેકન્ડ લૅફ્ટનન્ટ રાઠોડ હંમેશાં કૅમ્પના થોડા થોડા વિદ્યાર્થીઓને સ્વામીશ્રીનાં દર્શને લાવતા. કેટલાક વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીના વરદ હસ્તે વર્તમાન ધરાવ્યાં હતાં. સ્વામીશ્રી ઘણાને વર્તમાન ધરાવતાં બોલતા : 'સાધુ બનાવવા જેવા છે.'

મહારાજે મોકલેલ મોસલ

બીજે દિવસે સવારે સ્વામીશ્રી દાતણ કરતા હતા. ત્યારે એક યુવકને ઘણા

દિવસથી ઉધરસ થઈ હતી તે વાત સ્વામીશ્રીને કરી. સ્વામીશ્રી કહે : 'રાજાનો મોકલ્યો મોસલ તેની ચિઠ્ઠી આવે ત્યારે જ ઊઠે. જુઓને, મને ઊંઘ નથી આવતી, પાંચ વરસથી ! તે મહારાજે મોકલેલ મોસલ કહેવાય; નીકર તો બે-ત્રણ દિવસ ન આવે, આ તો પાંચ વરસથી નથી આવતી.'

ત્યારે પેલો યુવક કહે : 'આપ તો લીલા કરો છો, આપના માટે આ વાત માની શકાય નહીં.' પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ મધુર હાસ્ય કર્યું.

'હરે' થયા ત્યારે સ્વામીશ્રી હરિભક્તોને પીરસવા જૂના ભંડાર તરફ ખુરશી પર બેસીને જતા હતા. ત્યારે ગુણવંતે એક યુવકને કહ્યું : 'પાછળથી ખુરશી ઉપાડજો.'

ત્યારે સ્વામીશ્રી ખુરશીમાં બેઠાં બેઠાં કહે : 'હાલો, હું ઉપાડું.'

ત્યારે યુવક કહે : 'બાપા ! તો અમે શું કરીએ ?'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'તમારે હાથ જોડવા !' અને સૌ હસી પડ્યા.

સાંજે ૫-૩૦ વાગે માનસિંહજી ચુડાસમા સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપે એક રાત્રે સ્વપ્નમાં દર્શન આપ્યાં હતાં.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તે દી' સ્વપ્નમાં દર્શન આપતાં હતાં, આજે પ્રગટ દર્શન થયાં.' એમ કહી, મધુર હાસ્ય કર્યું. ઐશ્વર્ય દ્વારા થતાં પરોક્ષ દર્શન કરતાં પ્રત્યક્ષનું અનુસંધાન રખાવવાનો સ્વામીશ્રીનો મર્મ હતો.

પછી આરામ કરવા પધાર્યા. બરાબર ૬-૧૫ વાગે સ્વામીશ્રી કહે : 'ચાલો, દેરીમાં આરતી કરવા જઈએ.'

ત્યારે ગુણવંતભાઈએ કહ્યું : 'બાપા ! હજુ તો ૬-૧૫ થયા છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આરતી નથી થઈ ત્યાં સુધી સ્મૃતિ રહે છે કે આરતી કરીએ, આરતી કરીએ.' વળી કહે : 'અખંડ આમાં ચિત્ત રહે છે. બપોરે ઊંઘ ન આવે, તે રોજ મંદિરોની મૂર્તિઓની સ્મૃતિ કરું. શાસ્ત્રીજી મહારાજ બેઠા હોય તે પ્રસાદીની જગ્યાઓ સંભાર્યા કરું. આજે વરતાલની મૂર્તિઓનાં દર્શન કરતો હતો.' એમ કહેતાં ઊભા થઈને સ્વામીશ્રી દેરીમાં આરતી કરવા પધાર્યા.

બાથરૂમમાં સ્નાન કર્યા પછી સ્વામીશ્રી કહે : 'બધા યુવકોને બોલાવો. અગિયાર યુવકો મારા વતી પરમ દિવસે એકાદશીનો ઉપવાસ કરે.'

પછી એક યુવકે ઘરે જવાની રજા લીધી. તેને કહે : 'તમે એકાદશીનો

ઉપવાસ કરીને જાવ. મહાપુણ્ય થશે.'

તા. ૩-૧૧-'૬૫, આજે રાજકોટ રેડિયો ઉપરથી સંતવાણીના કાર્યક્રમમાં સ્વામીશ્રીનું પ્રવચન પ્રસારિત થયું હતું. તે સમાચાર સૌએ સ્વામીશ્રીને આપ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે તો શાસ્ત્રીજી મહારાજનું નામ આવ્યું એટલે મુદ્દો સચવાઈ ગયો.' પછી કહે : *'એ નામની ભણક જેને પડશે રે, તેની અક્ષર-પોળ ઊઘડશે રે...'*

ડગલે ને પગલે પોતાના ઇષ્ટદેવ સહજાનંદ સ્વામી અને ગુરુ શાસ્ત્રીજી મહારાજનો મહિમા વધારવાનું એમનું તાન આવાં સૂત્રોથી જણાઈ આવતું.

અડવાળના વજુભાના દીકરા મંગળસિંહની નોકરી જૂનાગઢ થઈ હતી. તેઓ સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ આવ્યા. સ્વામીશ્રી સવારે સ્નાન કરીને શરીર લૂછતાં કહે : 'અમને જૂનાગઢ બહુ ગમે. જોગીઓનું જૂનાગઢ કહેવાય. ગુણાતીતાનંદ સ્વામી ચાળીસ વરસ રહ્યા. તે રજેરજમાં ફર્યા છે. તો રોજ મંદિરે દર્શને જવું.'

પછી મંગળસિંહ કહે : 'ભાવનગર બદલી કરવી હોય તો થઈ શકે ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'હમણાં વાત મૂકી દો. આવા તીર્થસ્થાનમાં નોકરી મળી તે લાખો રૂપિયાનો પગાર થઈ ગયો !' પછી ગુણાતીતાનંદ સ્વામી સભામંડપમાં જ્યાં અઢેલીને બેસતા તે પ્રસાદીના થાંભલાની વાત કરી.

શાસ્ત્રીજી મહારાજ સદાય આગળ જ છે

નિત્ય નિયમ મુજબ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શને પધાર્યા. દંડવત્ કરી, ટોકરી વગાડી. દર્શન કરતા હતા ત્યારે એક યુવકે કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ પોઢી ગયા છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'લ્યો, એ કાંઈ પોઢતા હશે ? એ તો સદા જાગ્રત છે. પોઢી જાય તો થઈ રહ્યું. આપણી રક્ષા કોણ કરે ? આપણી રક્ષામાં જ છે. કોઈ દિવસ પોઢે જ નહીં. સદાય આગળ જ છે.'

આજે દેવદિવાળી હોવાથી ઠાકોરજી સમક્ષ શાકનો અન્નકૂટ સુંદર સજાવ્યો હતો.

સ્વામીશ્રીને રાત્રે હાથ ધોવા માટે સેવકો પાણીનો લોટો મૂકવો ભૂલી ગયા હતા. રાત્રે સ્વામીશ્રીએ જોયું તો લોટો ન મળે; પરંતુ એમણે કોઈ સેવકને ઉઠાડ્યા નહીં, કેમ કે તે સૌને પ્રબોધિની એકાદશીનો ઉપવાસ હતો. સવારે

દાતણ કરતી વખતે સ્વામીશ્રી પાસે સેવકોએ પોતાની ભૂલની ક્ષમા માગી. સ્વામીશ્રી કહે : 'તમારે ઉપવાસ હતો, તેથી કોઈને તકલીફ ન અપાય.'

સૌને સ્વામીશ્રીના અતિ દયાળુ સ્વભાવનું દર્શન થયું.

પાપ બાળવાની તત્પરતા

બીજે દિવસે ૪-૦૦ વાગે સ્વામીશ્રીનાં દર્શન કરવા એક હરિભક્ત આવ્યા. તેમનો પુત્ર સાથે હતો. સ્વામીશ્રીએ કહ્યું : 'વર્તમાન ધરાવ્યાં ? કંઠી છે કે નથી ?'

ત્યારે તે હરિભક્ત કહે : 'બાપા ! વર્તમાન ધરાવ્યાં, પણ કંઠી નથી, તૂટી ગઈ.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ફરી વર્તમાન ધરાવો. પાપ બાળવાં એમાં ક્યાં પૈસો દેવો પડે છે ?' એમ કહીને હસતાં હસતાં વર્તમાન ધરાવ્યાં.

રાતે એક હરિભક્ત અન્નકૂટનો પ્રસાદ લઈને આવ્યા. કહે : 'બાપા ! માંગરોળ, પીપલાણા બધાં તીર્થો ફરી - પંચતીર્થી કરીને આવ્યો છું. તેનો આ પ્રસાદ છે.'

સ્વામીશ્રી એકદમ નીચા નમી ગયા. કહે : 'અહોહો ! તમ્ સ્નાનમ્ હમ્ સ્નાનમ્...' એમ કહેતાં તે હરિભક્તની પગની રજ લઈ લીધી ને કહે : 'તમે જાત્રા કરીને આવ્યા, અમે તમને પગે લાગીએ એટલે જાત્રા થઈ ગઈ !'

પેલા હરિભક્ત તો ક્ષોભથી દૂર હટીને સ્વામીશ્રીને સાંભળી રહ્યા હતા. કેવી મહિમાદૃષ્ટિ !

જ્યાં મનોવૈજ્ઞાનિક સત્ય અસત્ય ઠરે છે

કિશોરભાઈ દવે થોડા દિવસ સ્વામીશ્રીનો સત્સંગ કરી મુંબઈ પાછા ફરી રહ્યા હતા. સ્વામીશ્રીએ તેમની ખૂબ સંભાળ લીધી. જાતે તેમની રાખ-રખાવટની ચિંતા રાખી. સભામંડપમાં પગથિયાં સુધી વળાવવા આવ્યા અને એટલી આત્મીયતાથી વાતો કરી કે જાણે જુદા પડવું એમને ગમતું જ નથી.

અત્યંત પરિચિત અને નાનપણથી જ જે વ્યક્તિ સ્વામીશ્રીના નિકટના જોગમાં છે, જેમને સાચવવાની, જેમની સરભરા - દેખરેખની જરાપણ જરૂર નહોતી, એવા કિશોરભાઈ સત્સંગના ધણી જેવા કહેવાય તેવા યુવકોમાંના એક હતા. પણ સ્વામીશ્રીની અસ્ખલિત વાત્સલ્ય ધારામાં ક્યારેય અતિ પરિચય કે જૂની-નવી ઓળખાણનો ભેદ આડે આવતો નહિ. ક્યારેક વ્યવહારમાં પણ આવા

પ્રેમ-સંબંધો જોવા મળે, પણ તેમાં દેહનું કે સ્વાર્થનું આકર્ષણ હોય; જ્યારે સ્વામીશ્રીનું આકર્ષણ પરમાર્થનું હતું. એમની દૃષ્ટિમાં દિવ્યતા હતી.

'અતિપરિચયાદ્ અવજ્ઞા' - અતિ પરિચય અવજ્ઞાનું કારણ છે. આ મનોવૈજ્ઞાનિક સત્ય સ્વામીશ્રીની વાત્સલ્ય-પ્રતિભા માટે ખોટું પુરવાર થયું હતું. જેમ વધુ પરિચય, જૂનો પરિચય, લાંબો પરિચય, તેમ સ્વામીશ્રી અને સામેની વ્યક્તિનું પરસ્પર આકર્ષણ વધતું જતું એવો દરેકનો અનુભવ હતો. કારણ, પોતાની બ્રહ્મમય દૃષ્ટિથી દરેકને તેઓ 'બ્રહ્મની મૂર્તિ' જ જોતા.

એકાંતની પળોમાં સ્વામીશ્રી સાથે ઘણા ઘણા રમૂજી પ્રસંગો બનતા અને એમના સ્વરૂપનાં કોઈ વિશિષ્ટ દર્શન થતાં. સ્થૂળ દૃષ્ટિએ એનો આનંદ અનુભવાતો. પણ એ દિવ્ય લીલાનો અભિપ્રાય તો ભાગ્યે જ જણાતો. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીના એ શબ્દો કે 'સૂર્યનો અભિપ્રાય પતંગિયું શું ધૂડ જાણે ?' એ સાંભરી આવતા, અને આપણી અલ્પતા અને એમની મહત્તા વિચારી મનમાં સંતોષ માનવાનો રહેતો.

તા. ૧૩મીએ બપોરે ઠાકોરજી જમાડી, કથાવાર્તા પછી આરામમાં જઈ રહ્યા હતા. ત્યાં એકાએક મુંબઈથી બાબુભાઈ વૈદ્યની ટપાલ આવેલી તે સાંભરી આવ્યું. તેથી તે ટપાલ મંગાવી તુરત વાંચવા કહ્યું.

'પછી વાંચી સંભળાવીશું,' અમે કહ્યું. તો કહે : 'હમણાં જ સાંભળવો છે.'

પછી કાગળ ખૂબ ધ્યાનપૂર્વક સાંભળ્યો. તેમાં સ્વામીશ્રીને સાત પ્રકારના નાના-મોટા રોગ-તકલીફ છે, એવું નિદાન કરેલું ને તે માટે પરેજી બતાવેલી. સાત રોગ સાંભળી સ્વામીશ્રી ખૂબ જ હસ્યા. પછી ફરી વાર સંભળાવવા કહ્યું. પછી પોતાની આંગળીના વેઢે એકેક ગણવા લાગ્યા અને બોલ્યા કે 'બરાબર છે !'

પરેજીમા શાક અને કઠોળ અંગે સૂચના હતી, તે યોગેશ્વર સ્વામીને બોલાવીને બરાબર સંભળાવી અને ખટકો રાખવા કહ્યું. અને સાતેય રોગની એક સાથે દવા મોકલી છે, તે જાણીને પણ ખૂબ હસવા લાગ્યા અને સૂચનાઓનું કડક પાલન કરવા-કરાવવાની સેવકોને આજ્ઞા કરી. પરેજીમાં ઘી તથા ગળપણ માટે પણ બંધી હતી. જો કે સ્વામીશ્રીનો ખોરાક તદ્દન સાત્ત્વિક અને અલ્પ હતો, એટલે પરેજીમાં કાંઈ વિશેષ કે નવીન ન હતું.

પછી કહે : 'રાજકોટવાળા વૈદ્ય કહેતા હતા કે જો તમે ગળ્યું ખાશો તો મરશો.' એમ બોલતાં ખૂબ હસી પડ્યા.

ફ્રૂટ અંગે વૈદ્યરાજની સલાહ હતી કે 'કેળાં ને પપૈયાં સિવાય બધું જ

ખાવું.' એ સાંભરી આવતાં કહે : 'મોજીદડ વૈદ્યે એમ કહ્યું હતું કે જો તમે ચીકુ ખાશો તો મરશો... બધા (વૈદ્યો) મરવાનું કહે છે, પણ જીવવાનું કોઈ કહેતું નથી !' સ્વામીશ્રી એટલા બધા હસતા હતા કે પૂરું બોલી શકતા પણ ન હતા.

આ અલૌકિક દર્શન અને વાર્તાલાપથી સૌ સેવકો પણ હાસ્યરસમાં તરબોળ થઈ ગયા. સૌ સ્વામીશ્રીને કહેવા લાગ્યા કે 'બાપા ! એવું નથી. લાખો હરિભક્તો બે હાથ જોડી આપને પ્રાર્થના કરે છે - આપ અમારી વચ્ચે અખંડ રહો !'

બીજે દિવસે ગુલુ મંદિરની પ્રતિષ્ઠા ઉપર આફ્રિકા જઈ રહેલા અંબાલાલભાઈ તથા રવિભાઈ પંડ્યાને સ્વામીશ્રીએ હારતોરા કરી વિદાય આપી.

જૂનાગઢના ટીંબે જોગી જ પાકે !

રાત્રે સ્વામીશ્રી સભામાં વાતો કરતાં કરતાં એકદમ કેફમાં આવી ગયા ને કહે : 'જૂનાગઢના ટીંબે બધા જોગી જ પાકે છે.' આ સાંભળી સભા એકદમ ખડખડાટ હસી પડી. એટલે સ્વામીશ્રી કહે : 'મારું નામ તો 'જોગી' હુલામણાનું છે. સાચું નામ નથી.' અને ફરી એ જ હાસ્યરસનું મોજું સભામાં ફરી વળ્યું.

પછી સ્વામીશ્રીએ જૂનાગઢનો મહિમા વર્ણવતાં કહ્યું : '...જૂનાગઢની બઢમાંથી[૫] બધા જોગી જ નીકળે...' એમ ઘણી મહિમાની વાતો કરી અને ગર્ભિત રીતે નિર્દેશ કર્યો કે જૂનાગઢના જોગી ગુણાતીત અને ત્યાંથી નીવડેલા પણ ગુણાતીત જોગી જ હોય.

આજે રાત્રે સભામાં સૌ સાથે સ્વામીશ્રી તુવેર ફોલી રહ્યા હતા. તુવેર ફોલાઈ ગઈ એટલે સ્વામીશ્રી ભક્તિકિશોર સ્વામીને કહે : 'બધી ભેગી કરો.' એમ કહી એક થાળીમાં ભેગી કરાવી. ને પછી કહે : 'આની ઉપર તુવેરનાં ફોતરાં મૂકો એટલે ફોલેલી તુવેર લીલી ને લીલી રહે પણ સુકાઈ ન જાય...'

આવી વ્યાવહારિક સૂક્ષ્મ બાબતો પણ સ્વામીશ્રી પાસેથી પ્રસંગોપાત્ત શીખવા મળતી.

ટપાલી 'સાહેબ'નો દરજ્જો

અહીં સભામંડપમાં સ્વામીશ્રી પત્રલેખન કરતા હતા. ત્યાં ટપાલીએ સ્વામીશ્રીના સેવકને પત્રો આપ્યા. સ્વામીશ્રીએ પત્ર લખતાં ઊંચું જોયું ને હેતથી કહે : 'ટપાલી સાહેબ આવ્યા ! ચા-પાણી પાવ !' એટલે એક સેવક ચા-પાણી

---

૫. વાઘ સિંહને રહેવાની બખોલ, બોડ.

કરાવવા લઈ ગયા.

બાજુમાં બેઠેલા રમણભાઈ શેઠ કહે : 'બાપા ! ટપાલી તે વળી ટપાલી, તેને 'સાહેબ' શું કામ કહેવા ?'

'ઈ તો સંતો-હરિભક્તોની ટપાલ નત લાવે છે, તે મહિમા સમજવાનો છે ! કોઈ દી' ટપાલ ગુમ ન કરે. નિયમિત દેવા આવે. એટલે સાહેબ કહેવા પડે ને !' સ્વામીશ્રીએ વ્યવહાર શીખવ્યો, મહિમાની દૃષ્ટિ શીખવી, નાના માણસનો પણ આદર શીખવ્યો.

તા. ૧૬મીએ બપોરની કથાનો પ્રસંગ ચાલતો હતો. ત્યાં એક અત્તરનો વેપારી આવી પહોંચ્યો અને પોતાની વસ્તુઓની પ્રશંસા કરતો, અત્તરનાં જુદાં જુદાં પૂમડાં તૈયાર કરીને સ્વામીશ્રીને ધરવા લાગ્યો. પણ સ્વામીશ્રીએ તેમના તરફ જોયું જ નહિ અને દાજી બાપુ, ભટેસા વગેરે હરિભક્તો બેઠા હતા તેમને લઈ લેવા કહ્યું. તે વેપારી બીજાં પૂમડાં તૈયાર કરતો હતો, પણ સ્વામીશ્રીએ તેને તેમ કરવા ના પાડી ને જરા અણગમો બતાવતાં કહે : 'અમારે સાધુને ન સુંઘાય, ઠાકોરજીને ધરાય કાં હરિભક્તને અપાય. પણ અમારે તે ન હોય.'

વળી કહે : 'અત્તર બહુ સારું, આખું મંદિર ભરાઈ ગયું (સુગંધીથી).' એમ પ્રશંસા કરી, અત્તરવાળાને ખુશ કરી દીધો. જો કે પોતે તે એ પૂમડાથી જેમ અસ્પૃશ્ય હોય એમ તનથી અને મનથી દૂર જ રહ્યા હતા.

તે પછી તે વેપારીએ સ્વામીશ્રીની ઇચ્છાથી એક ઉત્તમ પ્રકારના અત્તરની બાટલી ઠાકોરજીને અર્પણ કરી.

વૈદ્યરાજોની રસોઈ

રાત્રે સ્વામીશ્રી દવા લઈ રહ્યા હતા. હસતાં હસતાં કહે : 'બધા કહેશે, મહાત્મા થઈને દવા ખાય છે...'

'આપને કેમ દવા ખાવી પડે ?' ચુનીભાઈ ચાતુર્વેદીએ પૂછ્યું.

'એનું સારું થાય ને ! વૈદ્ય કોઈ દી' રસોઈ આપે નહિ. તે આ એની રસોઈ...' સ્વામીશ્રીએ સહજભાવે કહ્યું. આ સાંભળી સૌ આનંદ સાથે આશ્ચર્ય પામ્યા. સ્વામીશ્રી સાથે દરેક પળ બ્રહ્માનંદમાં જ વીતતી.

વળતી સવારે સ્વામીશ્રી ટપાલ લખી રહ્યા હતા. સભામાં રાજારામભાઈ, ભટેસા, અર્જુનભાઈ વગેરે બેઠા હતા. કથાવાર્તા ચાલતી હતી. સ્વામીશ્રી ટપાલમાંથી એકદમ મુખ ઊંચું કરી કહે : 'મધ્યનું પિસ્તાલીસમું વાંચો, આખી

દુનિયા જિતાઈ જાય એવું છે. એકાવન ભૂત કાઢવાનું...'

તા. ૧૮મીએ સાંજે ૫-૩૦ કલાકે આરામ કરવા પધાર્યા, ત્યારે એક હરિભક્તે પોતાના અતિ ખરાબ દેશકાળની વાત કરી, રડવા લાગ્યા. પછી સ્વામીશ્રીએ શુભ આશીર્વાદ આપ્યા ને મને કહે : 'આમનું દુઃખ ટળે તે માટે પચ્ચીસ પ્રદક્ષિણા ત્રણ દિવસ સુધી કરશો.' એમ તેમને સાંત્વન અને બળ આપ્યાં.

સાંજે ૬-૨૦ વાગે સ્વામીશ્રી આરામ કરતા હતા ત્યારે ગુણવંતભાઈને પાસે બોલાવીને કહે : 'અહીં પાંચ સુખ મળ્યાં. એક, સવારે મંગળ પ્રવચન. બીજું, દેરીમાં મહાપૂજાની આરતીનું. ત્રીજું, ઉપર આરતીનું. ચોથું, અભિષેકનું અને પાચમું, સંધ્યા આરતી અને પ્રદક્ષિણાનું. આમ, પાંચ સુખ લીધાં. અભિષેકમાં સત્સંગીની એકતા અને લડાઈ બંધ થાય તેવા સંકલ્પ કર્યા. અહીં આવાં સુખ મળે.'

પછી કહે : 'હવે થાક નથી લાગતો. પહેલાં દેરીએ ૨૦ પ્રદક્ષિણા ફરું ત્યાં થાક લાગે, પગ દુઃખવા માંડે ને હવે તો ૫૧ પ્રદક્ષિણા ફરું છું. ત્રણ દિવસથી થાક લાગતો નથી. શક્તિ આવી ગઈ છે.' વળી કહે : 'આરતી કરવા જ'શું ? ચાલો.' એમ કહીને ઊઠ્યા ને ખુરશીમાં બેસી દેરીમાં પધાર્યા.

દવા લઈને કાઈ ગયા

બીજે દિવસે સવારના લગભગ ૧૦-૦૦ વાગ્યા હશે. સ્વામીશ્રીને વૈદ્યની દવા ચાલતી હતી, તેથી મધમાં આપવાની પડીકી હું તૈયાર કરતો હતો. ત્યાં મારા મનમાં સહેજ વિચાર આવ્યો કે 'બાપા ઘરડે ઘડપણ બહુ દવાઓ લે છે.' બીજી જ ક્ષણે મેં મનને વાળ્યું કે 'બાપા તો કૃપા કરી વૈદ્યોની સેવા લે છે. આપણી પણ સેવા લે છે. ખરેખર ! આવો વિચાર સરખો પણ આપણને ન થવો જોઈએ.'

પછી હું સ્વામીશ્રીને દવા આપવા ગયો અને સ્વામીશ્રી દવા તરફ અણગમો બતાવતાં એકદમ બોલી ઊઠ્યા : 'કેટલી દવા લેવાની ? હું તો દવા લઈને કાઈ (કંટાળી) ગયો...' અને મારા મનમાં એક ઝાટકો વાગ્યો કે બાપાએ મારો સંકલ્પ પકડ્યો. ખરેખર ! આવા ગુણાતીત પુરુષનું જીવન પરને અર્થે છે, એ સત્ય ભૂલી જવાય છે.

તા. ૨૧મીએ, ગુજરાત રાજ્યના સહકાર મંત્રી વજુભાઈ શાહ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ પુષ્પમાળા પહેરાવી. સત્સંગનો મહિમા તેમને સમજાવ્યો. તેમણે જણાવ્યું કે 'યોગીજી મહારાજનાં દર્શન થવાં, એ જેવી

તેવી વાત નથી. સ્વામીજીને હું સ્મરણીય મહાપુરુષ ગણું છું.'

તાલુકા પંચાયતના પ્રમુખ બાલુભાઈએ કહ્યું કે 'સ્વામીજીનાં દર્શનમાત્રથી વિચારોનાં વમળ ફરી જાય છે. આ દર્શન કરવાં એ અલભ્ય લાભ છે.

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કારુણ એવ ચ ।
નિર્ભયો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ॥
સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢ નિશ્ચયઃ।
મય્યર્પિત મનોબુદ્ધિ ર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ॥

આ શ્લોકો વાંચતાં યોગીજી મહારાજ યાદ આવે છે. આ શ્લોકનું પ્રત્યક્ષ દર્શન યોગીજી મહારાજ છે.'

સ્વામીશ્રી કોઈપણ સ્થળે હોય, પણ હરિભક્તોને તો ક્યારેય ભૂલતા નહીં. તેમની બહુ જ સંભાવના કરતા. રાજકોટના રાજારામભાઈ, સ્વામીશ્રીના ગુરુભાઈ જેવા. કારણ, જૂનાગઢના સદ્. કૃષ્ણચરણદાસ સ્વામીના તેઓ શિષ્ય. તેમજ જૂનાગઢના બીજા મોટા સદ્ગુરુઓનાં પણ તેમણે દર્શન અને સેવા કરેલાં. સ્વામીશ્રી તેમનો બહુ મહિમા કહેતા અને પાસે રાખતા.

આજે બપોરે રાજારામભાઈ સ્વામીશ્રી પાસે ઠાકોરજી જમાડીને ઊઠ્યા. એટલે સ્વામીશ્રીએ નિર્ગુણ સ્વામીને કહ્યું : 'તમે બહુ ખવડાવ્યું તે તેમનો હાથ ઝાલો, હાથ ઝાલીને ઓરડામાંથી બહાર લઈ જાવ...'

રાજારામભાઈ વૃદ્ધ હોવાથી કોઈના ટેકે ચાલતા. તેથી સ્વામીશ્રીએ તેમની સેવામાં બે યુવકો ગોઠવ્યા હતા, જે રોજ તેમને જ્યાં જવું હોય ત્યાં દોરી જાય. આમ, સ્વામીશ્રીના જીવનમાં પળે પળે મહિમાનાં દર્શન થતાં.

રાત્રે સ્નાન વખતે પાણી ગરમ થતાં થોડી વાર લાગી. તેથી પાટલા ઉપર બેઠા ને ગુણવંતને પાસે બેસાડી સ્વામીશ્રી કહે : 'હવે બધા અક્ષર દેરીનો મહિમા બહુ સમજવા લાગ્યા છે. મોટા મોટા પ્રધાનો પણ માથાં ઘસશે. એ સ્વામીનું વચન સિદ્ધ થયું છે.' વળી કહે : 'આ બધું લખી લેવું. માનત સ્વામી, ઈશ્વર સ્વામી, નારણ ભગત બધું લખી લે.'

ગુણવંતભાઈ કહે : 'બાપા ! બધું જ લખું છું.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'દરરોજ મારી પાસે વાંચવું. લખે દી' ન વળે. વાંચવાથી રાજીપો મળે. આશીર્વાદ મળે. તમે વિચરણનો લેખ લખો છો તે મને બહુ ગમે. કેવી ઉપમા લખો છો ! પહેલાં તમે આવ્યા ત્યારે પરદેશમાંથી ભાવડા ઝાલી લાવે તેવા હતા. દી' આખો ઝોલાં ખાતા. પણ સેવાથી બળ મળતું ગયું.

સ્વામીએ બુદ્ધિ પ્રેરી તો કેવો લાભ થયો !

'આવા મોટા માણસો મળવા આવે તે બધી નોંધ તમારે રાખવી. તમારા અંતરમાં શાંતિ વળશે. એક દી' સંભારશો કે સ્વામી કે'તા'તા એ સાચું પડ્યું !'

ત્યાં ગરમ પાણી આવી ગયું અને સ્વામીશ્રીએ સ્નાન કરવાનું શરૂ કર્યું.

સત્સંગ 'ગોષ્ઠિ'ના હિમાયતી

રાત્રે સ્વામીશ્રીના ઓરડામાં યુવકો એકત્રિત થતા. સ્વામીશ્રી તેમની પાસે બળની વાતો કરતા. પછી પોતે પોઢવા પધારે એટલે યુવકોને એકલા બેસી ગોષ્ઠિ કરવાનું કહે અને સમજાવે કે 'તમારે રોજ રાતે ગોષ્ઠિ કરવી. સિદ્ધેશ્વર સ્વામીને ગોતવા. તે ન મળે તો ઈશ્વર સ્વામી, ને કોઈ ન મળે તો પછી હું તમને વાત કરીશ. આપણે એવું કાંઈ નહીં. આપણે તો બેઠા જ છીએ...'

આમ, સ્વામીશ્રી સેવા-સમાગમ માટે સાથે ફરતા યુવકોને ગોષ્ઠિ કરવાનો બહુ જ આગ્રહ રાખતા.

બીજી સાંજે બાથરૂમમાં યુવકોને બોલાવ્યા. સ્વામીશ્રી કહે : 'આવતીકાલે સૂર્યગ્રહણ છે, તેથી સૌએ ઉપવાસ કરવો. અત્યારે સંતો સૌને જમાડી દેશે.'

ત્યા એક સંતે હસતાં હસતાં કહ્યું : 'ગ્રહણ સવારે બે કલાકનું છે, તેમાં આખો દી' ભૂખ્યા શું કામ રહેવું ?'

ત્યારે સ્વામીશ્રીએ ઊંચું જોતાં પૂછ્યું : 'એ કોણ બોલ્યું ?'

પછી કહે : હા, તમે મહાત્મા રહ્યાને એટલે વાંધો નહીં, પણ યુવકોને પાકા કરવા પડે.' એ સાંભળીને સૌ હસી પડ્યા. પછી સૌએ ઉપવાસની આજ્ઞા મસ્તકે ચડાવી.

તા. ૨૩મીએ, સૂર્યગ્રહણ હોવાથી સવારે ૭-૦૦ થી ૯-૨૫ સુધી અક્ષર દેરીમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં કથાવાર્તા સાથે ધૂન-ભજનની રમઝટ બોલી.

વળતી સાંજે 'પટેલ બૉર્ડિંગ'માં જાહેર સત્સંગ સભા થઈ. રાત્રે પોરબંદરના વિકાસ અધિકારી સ્વામીશ્રીનાં દર્શન માટે આવ્યા.

રાત્રે આરામમાં જતાં સ્વામીશ્રી કહે : 'હવે શિયાળો આવ્યો છે તે માટલામાં પાણી ભરશો નહીં. એક દેગડો લાવશો.'

ત્યારે મેં કહ્યું : 'ત્રાંબાનો દેગડો સારો, તેમાં પાણી ભરવાથી ઘણો ફાયદો થાય.'

ત્યારે સ્વામીશ્રી રાજી થઈને કહે : 'એમ ! ત્રાંબાનો દેગડો સારો ? તો

ત્રાંબાના દેગડામાં પાણી ભરજો.'

બીજે દિવસે સવારે દાતણ કરતી વખતે સ્વામીશ્રી કહે : 'આજે સ્વપ્નામાં જૂનાગઢના સંતોનાં દર્શન થયાં. ચત્રભુજ સ્વામી, હરિબળદાસ સ્વામી, અમે બધા ગામડાંમાં ફરતા હતા. કાલે સંતસ્વામીનાં દર્શન થયાં. હું ઠાકોરજીની આરતી કરવા જતો હતો ત્યાં મળ્યો. પૂછ્યું : 'આપ ક્યાંથી ?' તો સંતસ્વામી કહે : 'દર્શને આવ્યા છીએ.' સાથે બે-ત્રણ સાધુઓ હતા.'

તા. ૨૬મીએ સવારે ૯-૫૫ કલાકે સ્વામીશ્રી આરામ કરીને ઊઠ્યા ત્યારે હંમેશની માફક યુવકો તેમનું શરીર દબાવતા બેઠા. એટલે સ્વામીશ્રી કહે : 'હવે કળતર થતું નથી. આજે દેરીમાં પ્રાર્થના કરી હતી તેથી કળતર મટી ગયું.'

સબ તીર્થકા ફલ મિલ ગયા

સવારે બે મહારાષ્ટ્રીયન સાધુ આવ્યા હતા. આખો દિવસ મંદિરમાં રોકાયા. ૪-૦૦ વાગે જતાં પહેલાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા, ત્યારે સ્વામીશ્રીએ તેમને હિન્દીમાં બધું પૂછ્યું. તેઓ બધે દર્શન કરીને આવ્યા હતા. 'હવે પંઢરપુર વિઠોબાનાં દર્શને જવાના હતા' એમ વાત કરી, ત્યારે સ્વામીશ્રી કહે : 'સબ તીર્થ કા ફલ મિલ ગયા.' એમ કહીને હસ્યા. એ બન્ને સાધુઓ ઘણા મુમુક્ષુઓ હતા. તેમણે જતાં જતાં પગથિયાં સુધી સ્વામીશ્રીને લળી લળીને વંદન કર્યાં.

આજે ગોંડલના શિવરાજસિંહજી બાપુ સાથે ધરમપુરના મહારાજા સહદેવ-સિંહજી દર્શને આવ્યા. સ્વામીશ્રી ઘાટ ઉપર પધાર્યા હતા. ત્યાં મહારાજા સાહેબ દર્શને આવ્યા એટલે સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા અને તેમનો સત્કાર કર્યો. કુશળકુંવરબાનું આખ્યાન - શ્રીજીમહારાજ પ્રત્યેની તેમની ભક્તિનું માહાત્મ્ય વગેરે સમજાવ્યું. તેઓ રાજી થઈ, આશીર્વાદ લઈ, વિદાય થયા.

બીજે દિવસે મુંબઈથી એક યુવક આવ્યા. તેમની સાથે બાબુભાઈ વૈદ્યે દવા મોકલેલી. ત્રણ-ચાર દિવસથી તેમની મોકલેલી દવા ખલાસ થઈ જતાં રાજકોટના રાજવૈદ્ય નવલશંકરની દવા સ્વામીશ્રી લેતા હતા. મુંબઈથી દવા આવી એટલે કહે : 'આપણે શું કરશું ? તેમનો પ્રેમ બહુ છે. દવા ઠેઠ મુંબઈથી મોકલી. વૈદ્ય પાસે ગયા હશે. દવા બંધાવી હશે. દાખડો કેટલો પડ્યો હશે ? પ્રેમથી મોકલી તો આપણે તે દવા લેવી જોઈએ.' એમ કહી મુંબઈની દવા શરૂ કરી.

સ્વામીશ્રીને છાતીમાં કફ બહુ હતો. તેથી કહે : 'કફ બહુ થઈ ગયો છે, મટતો નથી. વાજાંની જેમ ખખડે છે.' એમ કહી સૌને આનંદ કરાવ્યો અને

આવા પ્રેમાળ વાર્તાલાપમાં જણાવ્યું કે દવા તો નિમિત્તમાત્ર જ છે; પણ જુદા જુદા વૈદ્યોની એમના પ્રત્યેની જે ભક્તિ, એ જ જાણે પૂરી કરવા આવાં ચરિત્રો કરતા ન હોય !

બહાર ઠંડી સખત હતી તેથી પૂછ્યું : ‘આજે દેરીમાં આરતી કરવા આવું કે નહીં ?’ પછી અમે ના પાડી. ત્યારે સ્વામીશ્રી મને કહે : ‘તમે મારા વતી દર્શન કરજો.’ એમ પોતાનાં દર્શનનું ‘નિમ’ ચૂક્યા નહિ.

વળતી સવારે સ્વામીશ્રીએ ઉકાળો પીને, આરામમાં પધારતાં પહેલાં નડિયાદના કૃષ્ણાભાઈને બોલાવ્યા ને કહે : ‘આપણે એવો સંકલ્પ કરો કે આરામ કરવાનું બંધ થઈ જાય ને દસ વરસ ગામડે ફરી લઈએ.’ એમ કહી પોતાનો ગામડે ફરવાનો અને સત્સંગ પ્રવર્તાવવાનો - હરિભક્તોને સુખ આપવાનો ઈશક જણાવ્યો.

પછી કહે : ‘ક્યાં ગયા ભક્તિસ્વરૂપ (ભક્તિકિશોર) ? કૃષ્ણાભાઈ ! આજે બધા તુવેર વીણવા જાવ. તમે ને બીજા આઠ-દસ યુવકો, બધાને લઈ જાવ.’

આમ, સ્વામીશ્રી રોજ ભક્તિકિશોર સ્વામી અને કૃષ્ણાભાઈને જુદી જુદી સેવાઓ ચીંધતા અને સૌને એક યા બીજી રીતે સેવામાં-ભક્તિમાં જોડી રાખતા.

બપોરે ૧૧-૪૫ વાગે હંમેશના નિયમ મુજબ હરિભક્તોને પીરસવા જમીને બહાર નીકળ્યા. સ્વામીશ્રી કહે : ‘ખુરશી નીચે મૂકો, મળી લઈએ.’ પણ તડકો હતો તેથી યુવકોએ ખુરશી આગળ છાયામાં લેવા માંડી. ત્યારે સ્વામીશ્રી કહે : ‘તડકો તો સારો. આવા હરિભક્તને મળી તો લઈએ.’

જેને અનુવૃત્તિ પાળવી કઠણ નો’તી

સાંજે આરામ લેતા હતા ત્યારે સ્વામીશ્રીએ વાત કરી કે ‘કૃષ્ણચરણ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ એ બધાની અનુવૃત્તિ બહુ પાળી, બોલ ઝીલી લીધો. સેવા બહુ કરી, તેથી આનંદ છે. તે તમારા જેવા શિષ્યો મળ્યા છે.’

એક યુવકે પૂછ્યું : ‘અનુવૃત્તિ કેમ સમજાય ?’

સ્વામીશ્રી કહે : ‘ભેળો રહે તો અનુવૃત્તિ સમજાય.’

‘પણ અનુવૃત્તિ પાળવી કઠણ, ખરું ને ?’ ફરી કોઈએ પૂછ્યું.

ત્યારે સ્વામીશ્રી કહે : ‘મને અનુવૃત્તિ પાળવી કઠણ નો’તી પડી.’

❀ ❀ ❀



દિનચર્યાનું દિવ્ય સરવૈયું

સ્વામીશ્રી ગોંડલમાં બિરાજમાન હતા. તા. ૩૦-૧૧-'૬૫, સવારે દાતણ કરતી વખતે બે યુવકોએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આજ સુધી કોઈનો અભાવ-અવગુણ આવ્યો હોય તો માફ કરશો અને હવે કોઈનો આવે નહીં ને દિવ્યભાવ રહે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ બે થાપા આપીને આશીર્વાદ આપ્યા. ત્રીજા એક યુવક બાજુમાં ઊભાં ઊભાં આ જોઈ રહ્યા હતા. તેમને સ્વામીશ્રી કહે : 'તમે કહો, એમાં મારો અડધો ભાગ છે. કેમ બોલતા નથી ? આવો આશીર્વાદ તો ઝીલી લેવો.'

પછી ચોથા પ્રકરણની બાવનમી વાત પોતે મોઢે બોલ્યા : 'આપણને રાજી થઈને પોતાનું અક્ષરધામ બક્ષિસ આપ્યું છે... આ સાધુ ને આ વાતું નહીં મળે.'

ત્યારે ગુણવંતભાઈએ પૂછ્યું : 'બાપા ! એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ સદાય રહેશે એમ મહારાજે વર આપ્યો છે. તેનું શું સમજવું ?'

'ગુણાતીતાનંદ સ્વામીનો વેલો રહેશે.' સ્વામીશ્રીએ ટૂંકમાં ઉત્તર આપ્યો.

સ્વામીશ્રી આજે જમતાં જમતાં કહે : 'આપણી વાડીનાં શાક કરવાં. બહારથી ન મંગાવવું. જે વાડીમાં થાય એ કરવાં. ન થાય તો મગની દાળ પણ ચાલે.'

'કોઈ સેવા કરે તો ?' સંતોએ પૂછ્યું.

'તો પણ ન મગાવવાં.'

'દૂધી મંગાવવી કે કેમ ?' ફરી સંતોએ પૂછ્યું. કારણ, સ્વામીશ્રી રોજ સવાર-સાંજ દૂધીનાં ઢેબરાં ને દૂધીનું શાક જ જમતા.

'દૂધી પણ ન મંગાવવી. ઢેબરાં ન બનાવવાં. કાંઈ બીજું બનાવવું. ભાખરી છે કે એવું કાંઈક...' એમ કહેતાં પોતે મર્મમાં હસવા લાગ્યા અને કહે કે 'એક દૂધી મંગાવવી.'

જમી રહ્યા પછી સંતોનાં પત્તર મગાવ્યાં અને દરેકનાં પત્તરમાં ચાર ચાર

પૂરણપોળી, શાક વગેરે પીરસ્યું.

રસોડામાંથી બહાર નીકળ્યા, ત્યાં રસ્તામાં દાળના તપેલાની બાજુમાં બેસી, રામશંકર મહારાજ જમતા હતા. તેમને જોઈને સ્વામીશ્રી કહે : 'દાળ સારી બનાવી છે, પણ જરા મરચું ઓછું નાખવું ને જરા જાડી બનાવવી.' તપેલામાં ઉપર દાળનું તેલવાળું લાલ પાણી તરતું હતું તે જોઈને સ્વામીશ્રીએ સૂચન કર્યું. પછી ભક્તિકિશોર સ્વામીને કહે : 'દાળ હલાવો જોઉં.'

દાળ જાડી હતી તેથી સ્વામીશ્રી કહે : 'બરાબર છે.' પછી મને સંતોને પીરસવાની આજ્ઞા કરી સભામાં ગયા.

જમ્યા પછી યુવકો બધા ટોળે ઊભા હતા. એક યુવકને સ્વામીશ્રી કહે : 'બનાવવા છે.(સાધુ)'

એટલે એક સંત કહે : 'એના પિતા કહેતા હતા કે બાપાની ઈચ્છા હોય તો ભલે થાય.'

'ઘરમાંથી પણ કોઈ ના પાડે એમ નથી.' સ્વામીશ્રીએ સમર્થન કર્યું.

આમ, સ્વામીશ્રીના નિત્યક્રમનાં વિવિધ પાસાંમાં અનેક પ્રકારનાં દિવ્ય દર્શન થતાં. પોતાને માટે પણ મંદિરના કોઠારમાંથી કાંઈ ન લેવું; મંદિરની વાડીનાં જ શાકભાજી વાપરવાં; સંતોને પ્રેમથી આગ્રહપૂર્વક પીરસવું; રસોઈનું માર્ગદર્શન આપી રસોઇયાને પ્રોત્સાહન આપવું; યુવકોની સાથે આત્મીયતાથી વાતો કરવી અને તેમને આત્યંતિક કલ્યાણના માર્ગે પ્રેરણા આપવી વગેરે.

'યોગી આશ્રમ'માં પુસ્તકાલય માટે નવા આવેલા કબાટમાં પુષ્પ, કંકુ છાંટીને સ્વામીશ્રી અગાશીમાં પધાર્યા. ત્યાં કહે : 'આ લીંબડો સ્વામીનો પ્રસાદીનો છે. આ લીંબડાની હવા બહુ સારી.' એમ કહી લીંબડાને ભેટતાં કહે : 'લીંબડા ! સૌને સાજા-નરવા રાખજે.' એક જગ્યા બતાવીને કહે : 'અહીંયાં સ્વામી બેસતા.' પછી અગાશીમાં ચારે તરફ ફર્યા અને બહુ નિરીક્ષણ કર્યું.

અહીં જ આસન ઉપર બિરાજમાન થયા ને સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામીને ચાંદલા કરીને ગુરુકુળના સંચાલન માટે આશીર્વાદ આપીને તેમનાં માથાં ઉપર પુષ્પો મૂક્યાં. મને નજીક બોલાવીને ચાંદલો કર્યો ને સૌને આશીર્વાદ આપ્યા ને કહ્યું : 'તમારાં દ્વારા ઘણાં કાર્યો થશે. સત્સંગની ને તમારી બધે છાપ પડશે.' એમ કહી મારા માથા ઉપર પણ પુષ્પ મૂક્યું.

તા. ૧-૧૨-'૬૫. આજે અક્ષર દેરીમાં એક છોકરો નાની છોકરીને કેડે રાખીને દર્શને આવ્યો હતો. તે સ્વામીશ્રીને અડી ગયો. સ્વામીશ્રી તે જોઈ ગયા

ને બપોરે ૧૨-૩૦ વાગે સ્નાન કરવા પધાર્યા. પછી કહે : 'આજે ઉપવાસ કરવો છે.' સંતો-યુવકોએ 'ઉપવાસ પોતે કરશે' એમ જણાવ્યું, પણ સ્વામીશ્રી કહે : 'ધર્મ-નિયમ તો પાળવા જ પડે. ૮૦ વર્ષની ઉંમર થાય તોપણ શું ?'

આખરે બધાનો અત્યંત આગ્રહ જોઈને સ્વામીશ્રી કહે : 'પાંચ સંતો તથા યુવકો મારા બદલે ઉપવાસ કરે તો જમું.'

પછી પાંચ સંતો અને પાંચ યુવકોએ ઉપવાસની આજ્ઞા સ્વીકારી. બીજા દિવસે હરિનવમી હતી. તેથી સ્વામીશ્રી કહે : 'તેરસના દિવસે સૌ ઉપવાસ કરજો.'

આત્મબળથી જ દેહ ટકાવી રાખ્યો છે

આજે રાજકોટના સુવિખ્યાત રાજવૈદ્ય નવલશંકરભાઈ સ્વામીશ્રીની તબિયત જોવા આવ્યા હતા. તેઓ કહે : 'સ્વામીજી ! તમે તમારા આત્મબળથી જ દેહ ટકાવી રાખ્યો છે. બાકી અંદરના અવયવો ખલાસ થઈ ગયા છે.'

બપોરે સૂતાં પહેલાં સ્વામીશ્રી દવાની ગોળી લેવા જતા હતા, ત્યાં ગોળી દાંત સાથે અથડાઈને નીચે પડી ગઈ. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ગોળી પણ થાકી ગઈ છે. હવે કેટલી દવા ખાવી ?' એમ કહી સૌને હસાવ્યા.

સાંજે ઉકાળા-પાણી લીધા પછી સંતોને રૂમમાં બોલાવીને પાંચે વખત આરતીમાં જવાની આજ્ઞા કરીને બોલ્યા : 'રાજભોગની આરતી વખતે ડંકા બહુ પડે, પણ કોઈ હોય નહીં. મને થાય, હાલો હું દોડું ને આરતી ઉતારું.' એમ મીઠો ઠપકો આપ્યો.

રાત્રે ઊંઘની ગોળી ફરી વખત લેવા ઊઠ્યા. એ વખતે ૧૧-૪૫ થયા હશે. મને બોલાવીને ઊંઘની ગોળી લીધી. પછી કહે : 'હૃદયમાં ટાઢ ગરી ગઈ. બહાર કાંઈ એટલી બધી ટાઢ નથી.' એમ છાતી ઉપર હાથ રાખીને કહ્યું.

આજથી સ્વામીશ્રીએ રાત્રે ઓઢવામાં બે ધૂંસા, ગોદડું વગેરે વધાર્યાં હતાં. એકંદરે લગભગ પાંચથી છ ઓઢવાનાં થઈ જતાં.

સૂતાં સૂતાં સ્વામીશ્રી બોલ્યા : 'દવા પણ મુક્ત થઈ ગઈ છે. તે અસર જ કરતી નથી !' અને રાત્રિના અંધકારમાં સૌના હાસ્યનો ધ્વનિ પ્રસરી ગયો.

એક હરિભક્ત તેમના મિત્રને વર્તમાન ધરાવવા લાવ્યા. તેમને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા થઈ હતી. પેલા હરિભક્ત કહે : 'બાપા ! આના ઉપર કોઈની છાયા પડી ગઈ છે. ભૂત-પ્રેતની ચોકીમાં પગ પડી ગયો છે, તો આશીર્વાદ આપો.'

ત્યારે સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા : 'એના ઉપર તો અક્ષરપુરુષોત્તમની છાયા પડી ગઈ છે. બીજા કોઈની છાયા એના ઉપર પડે નહીં.' પછી થાપા મારીને આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રી યુવકોને રાત્રે સંબોધતા હતા, અને સંતો ફિલ્મ લેતા હતા. લાઇટની ગરમી ઘણી થઈ હતી. તેથી સ્વામીશ્રી કહે : 'આવી ગરમી આવે તો સારું, પણ ફિલ્મ નો પાડવી.'

ત્યારે એક યુવક કહે : 'બાપા ! ફિલ્મ નથી પાડતા.'

એટલે સ્વામીશ્રી કહે : 'તો તો સારું.'

સ્વામીશ્રીની આજ્ઞાથી અક્ષર મંદિરની ગાયોના ગોવાળ રાણીંગ તથા તેના નાના ભાઈ સામતે ઉપવાસ કર્યો હતો. સ્વામીશ્રી કહે : 'ઉપવાસ લાગ્યો ખરો ?'

ત્યારે રાણીંગ કહે : 'ના બાપા ! ખબરેય ન પડી.'

સ્વામીશ્રી કહે : 'ત્યારે તો આત્મબળ વધ્યું ખરું.'

તા. ૫મીએ સવારે બાથરૂમમાં કહે : 'બધા વાતો સાંભળવા આવતા હશે.'

'હા બાપા ! રાત્રે દેરીમાં જેટલા હરિભક્તો આવે છે તેટલા જ સવારે ઠંડી હોવા છતાં વાતો સાંભળવા આવે છે.'

'બાપા ! હું ઊઠી શકતો નથી તેથી વાતો સાંભળ્યા વિના રહી જવાય છે, પણ આજે આવ્યો છું.' એક યુવકે કહ્યું.

ત્યારે સ્વામીશ્રી કહે : 'આજે તો આવો જ ને ! બશેરી ખોવાઈ ગઈ હતી તેથી વહેલું ઊઠવું જ પડે ને ?' એકાદશીનો ઉપવાસ હોવાથી બે શેર અનાજ ન મળ્યું તેથી બોલ્યા કે 'બશેરી ખોવાઈ ગઈ છે.'

આ સાંભળી સૌ હસી પડ્યા, કારણ કે ઉપવાસનાં પારણાં કરવા સહેજે વહેલા ઊઠી જવાય.

સાંજે ૪-૦૦ વાગે ઉકાળા-પાણીના 'હરે' થયા ત્યારે સ્વામીશ્રી સૌને કહે : 'ઊઠો, કેમ બેઠા છો ? માલ બગડે છે.' સૌને ખૂબ જ રમૂજ થઈ.

ભક્તોના અક્ષર સાથે ઘરોબો

પછી પોપટભાઈ પત્રો લાવ્યા હતા. સ્વામીશ્રી ૪-૪૫ વાગે વાંચવા બેઠા ત્યારે ગુણવંતે કહ્યું : 'બાપા ! આ કાગળ ફોડ્યા વિનાના છે, તે પહેલાં વાંચો.'

સ્વામીશ્રી અક્ષર જોઈને કહે : 'આ કાગળ તો ગુણાતીતચરણદાસનો છે.'

'બાપા ! તેમનું નામ નથી.'

'હું અક્ષર ઉપરથી ઓળખું ને કે આ અક્ષર ગુણાતીતચરણના છે.' સ્વામીશ્રી હરખાતાં બોલતા હતા.

પોતાના સંબંધમાં આવેલા અનેક સંતો-ભક્તોના અક્ષરો સાથે પણ સ્વામીશ્રીને આટલો ઘરોબો હતો, તો પછી એ ભક્તો સાથે તો કેટલી આત્મીયતા હશે તેની ત્રિરાશિ મૂકવી મુશ્કેલ હતી.

આજે બી.જી. ચંદારાણા તથા બોસમિયા સાહેબે સ્વામીશ્રીની હાજરીમાં 'ગીતા ધર્મ અને આજના યુવાનો' એ વિષય ઉપર યુવકોને મનનીય પ્રવચન આપ્યું હતું.

બીજે દિવસે બપોરની ટપાલમાં અમદાવાદથી દવાનું પાર્સલ આવ્યું. સ્વામીશ્રી કહે : 'અહોહો ! કબાટ ભરાઈ ગયું.'

ત્યારે એક યુવક કહે : 'બાપા ! આટલી બધી દવા આવી છે તે રોગ મટી જશે.'

સ્વામીશ્રી કહે : 'રોગ તો દવા જોઈને જ ભાગી જશે.' આ સાંભળતાં સૌ હસી પડ્યા.

સ્વામીશ્રી બપોરે ૩-૧૫ વાગે ઊઠ્યા. ગુણવંતભાઈનો હાથ ઝાલીને લઘુ કરવા ચાલ્યા. વચ્ચેના રૂમમાં સદ્‌ગુરુ કૃષ્ણચરણ સ્વામીની મૂર્તિ પાસે ઊભા રહીને કહે : 'સ્વામી મારા માથે હાથ મૂકતા... બોલાવતા... વાતો શીખવતા... ગુણાતીત સ્વામીના મળેલા.'

પછી ગુણવંતે પૂછ્યું : 'આપ હંમેશાં યાદ કરો છો ?'

સ્વામીશ્રી કહે : 'હું રોજ યાદ કરું. પૂજામાં, મહાપૂજામાં કૃષ્ણચરણદાસ સ્વામીને, નારણદાસ સ્વામીને યાદ કરું.'

પછી બાથરૂમમાં પાણીની પવાલી ખુલ્લી પડી હતી. તેથી કહે : 'આ ઊંધી વાળી દેવી. ચોખ્ખાઈ રાખવી. ચોખ્ખાઈ મને બહુ ગમે. મેં ચોખ્ખાઈ બહુ રાખેલી ને !'

આજે ચીમનભાઈ ગજ્જર તથા તેમના મિત્રો અમદાવાદથી દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને રાત રોકાવાનો આગ્રહ કર્યો. ત્યારે એક ભાઈ કહે : 'ત્યાં અમારી રાહ જુએ તેમ છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમેય કે દી'ની રાહ જોઈએ છીએ. ક્યારે આવે ને ક્યારે રોકીએ !'

આ સાંભળી આખી સભા હસી પડી. અને સ્વામીશ્રીએ તેમને રાત રોક્યા.

છેલ્લા અઢી માસથી ભટેસા સ્વામીશ્રી સાથે ફરી સમાગમનો લાભ લઈ રહ્યા હતા. તેમને ભાવથી વિદાય સાથે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે કે 'જુઓ, તમને કેવો રંગ લાગ્યો ! હવે આફ્રિકા જાઓ છો, તો માંડો ફરવા ! મોટર લઈને સત્સંગ કરાવો. એક દિવસ પણ ઘરે બેસી ન રહેતા. સત્સંગ કરાવવા, ફરવા નીકળી જજો.'

જૂના અનુભવી હરિભક્તો વ્યવહારમાં પડ્યા રહેતા તે સ્વામીશ્રીને જરાપણ ગમતું નહિ. તેથી સ્વામીશ્રી પ્રસંગોપાત્ત તેમને આવી મીઠી ટકોર કરતા.

બે દિવસ બાદ બપોરે જમ્યા પછી સભા વખતે સ્વામીશ્રીએ માંડવા ગામેથી આવેલાં પાંદડીનાં ભર, ડાખળાં ખાલી કરવા હરિભક્તોને આજ્ઞા કરી. તે માટે ભક્તિકિશોર સ્વામીને બૂમ પાડીને બોલાવ્યા. જરા વાર થઈ એટલે સ્વામીશ્રી કહે : 'સાંભળો, એક વાત કરી લઉં, પછી ઊઠીએ. આપણા જૂનાગઢમાં 'વાસુદેવ હરે' થાય એટલે બધા ભંડારે જાય. ભંડારે તાળાં લાગી ગયાં હોય ને ભંડારી સ્વામી કહે : 'પહેલાં લાકડાં બળતણનાં ભંડારમાં નાખો ત્યારે ભંડાર ખૂલશે.' એટલે બધાય મંડી પડે. પછી જમવાનું મળે. ત્યારે આપણે અહીં જૂનાગઢ જેવું છે.' આ સાંભળી સભામાં આનંદ છવાઈ ગયો.

આજે સ્વામીશ્રી બરાબર ૩-૧૦ કલાકે ઊઠ્યા. પાણી પીને સભામંડપમાં પધાર્યા. ત્યાં દેવચડીના નાનજીભાઈ સાથે નીચે ગાદલા ઉપર જ બેસી ગયા અને દસ મિનિટ તેમની સાથે કેટલીક વ્યાવહારિક તથા ધર્માદા સંબંધી વાત કરી. પછી ભૂરાભાઈની વાત નીકળી. ત્યાં એક હરિલાલ નામે બાળક બેઠો બેઠો સ્વામીશ્રીના પગ દાબતો હતો. તે બોલી ઊઠ્યો કે 'બાપા ! ભૂરાભાઈ તો મારા આતા (દાદા) થાય.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'છોકરા ! તું તેમને કહેજે કે દાદા ! વીસમો ભાગ અક્ષર દેરીનો ધર્માદો કાઢો.' એમ બે વખત કહ્યું.

ગુરુસ્થાનનાં દર્શનનું આકર્ષણ

તા. ૮મીએ સ્વામીશ્રીની તબિયત નાજુક હતી. ઠંડી ખૂબ જ પડતી હતી.

એવામાં સ્વામીશ્રીએ સારંગપુર તથા ગઢપુર દર્શને જવાનો કાર્યક્રમ ગોઠવ્યો. બધાએ બહુ સમજાવ્યા પણ સ્વામીશ્રીનો નિર્ણય અફર હતો. તે કહે : 'મારે તો દેરીમાં, શાસ્ત્રીજી મહારાજના સ્થાનમાં દર્શને જવું જ છે.'

એટલે ગોંડલથી નીકળ્યા. સ્વામીશ્રીએ ઘોઘાવદર આવતાં સ્વહસ્તે પડદો

ઊંચો કરીને ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની દેરીનાં દર્શન કર્યાં. જસદણ આવ્યું ત્યારે કહે : 'આ પ્રસાદીનું ગામ છે. વૈજનાથભાઈ સ્ટેશનમાં રહેતા. અહીં કૃષ્ણજી અદા બે માસ રહેલા. શાસ્ત્રીજી મહારાજ આવતા. અમે બોટાદથી ૨-૪૫ વાગે બેસતા તે ૬-૦૦ વાગે જસદણ આવતા. ક્યારેક ગાડામાં બેસીને આવતા. સ્વામી શાસ્ત્રીજી મહારાજ, અક્ષર સ્વામી બધા આવતા. આ રસ્તે વરસમાં ૩૦ થી ૪૦ વખત નીકળતા.' એમ વારંવાર વાતો કરીને સ્મૃતિ કરાવતા.

પાળિયાદ એક માઈલ રહ્યું હશે ત્યાં ૪-૦૦ વાગ્યા એટલે સ્વામીશ્રીએ ઠાકોરજીને જાતે જ જગાડ્યા ને બોલ્યા : 'ઘણે વરસે આ લાભ મળ્યો.' પછી ઠાકોરજી પોઢાડી દીધા અને બોટાદ થઈને સારંગપુર આવ્યા.

સ્વામીશ્રીની ઇચ્છાથી બન્યું એવું કે સારંગપુરમાં ઠંડી જ નહોતી ! હવામાન એટલું તો આહ્‌લાદક અને ખુશનુમા હતું કે સૌને જે બીક હતી કે સ્વામીશ્રીના સ્વાસ્થ્યને ઠંડી નડશે, તે ટળી ગઈ.

સત્પુરુષ આપણું મન બને, તે ખરી ભક્તિ

તા. ૧૦મીએ, મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે :

'મન અમન કરવું એ મોટો મુદ્દો છે. સત્પુરુષમાં દિવ્યભાવ રાખી ભીડો ખમે અને ગુણ જ ગાયા કરે તો ગુરુવચને અમન થઈ જાય. સંત જ આપણું મન બને, તે ખરી ભક્તિ અને સેવા. આપણા ઠરાવ મૂકી દેવા. ગુરુમુખી બની ભક્તિ કરવી. ગુરુવચને સેવા તે જ નિર્દોષબુદ્ધિ દૃઢ કરાવે. મોટા મોટાનો આ જ સિદ્ધાંત છે. નિર્દોષબુદ્ધિ એ જ પરાભક્તિ, સેવા એ જ એકાંતિકપણું.

'બ્રહ્મ સંગે અખંડ બ્રહ્મ-કિલ્લોલ કર્યા જ કરવો. આનંદમાં જ રહેવું. બીજાને આનંદ કરાવવો તે જ ખરી સેવા છે. મોટાપુરુષના સંબંધે અન્નમય બ્રહ્મનું એટલે તેમની પ્રસાદીનું દિવ્ય સુખ મળે. વિજ્ઞાનમય બ્રહ્મ એટલે મોટાની વાતુંની ગોષ્ઠિ કરીએ, તે સાંભળીએ તો આનંદ થાય. તેમજ મનોમય બ્રહ્મ એટલે તેમને રાજી કરવા સંકલ્પ કરીએ. તેમની ઇચ્છાનુસાર વર્તીએ તે પ્રાણમય બ્રહ્મ. સંબંધનો મહિમા સમજી વર્તીએ તો આનંદમય બ્રહ્મ. કિલ્લોલ જ થાય. અહોહોપણું રહે ! તેવું બીજાને પણ સુખ આપી પ્રગટ ને તેના સંબંધવાળાને આનંદ કરાવવો. તે સેવા કરવી. તેવું ભજન કરવું ને કરાવવું તે ભક્તિ !'

સવારની કથામાં અમને બે-ત્રણ સંતોને સ્વામીશ્રીએ પૂછ્યું : 'સત્સંગ તે શું ?' પછી પોતે જ કહ્યું : 'તેના ઘણા અર્થ છે; પણ રહસ્ય અને ખરો મર્મ એ છે

કે ભગવાન અને તેના ભક્તોમાં દિવ્યભાવ રહે, એ જ ખરો સત્સંગ. કોઈનોય અવગુણ આવે જ નહિ, તે મુદ્દો. કોઈની ક્રિયા જોઈ ભાવફેર થાય છે, તે ન જોતાં કેવળ સંબંધ જ જોવો. તો કરંટ લાગી જાય અને તો જ અંતરે સુખ, શાંતિ ને પ્રકાશ થઈ આનંદ વર્તે. અભાવ જ આવે નહિ. દરેકના ગુણ વિચારવા.'

સવારે દાતણ કરતી વખતે સ્વામીશ્રીએ વાત કરી : 'સંતો જાત્રાએ ગયા છે. દ્વારકા ગયા.' પછી બોલ્યા : 'દ્વાર કોણ ? દ્વાર ક્યાં ?'

એટલે એક યુવક કહે : 'બાપા ! દ્વાર અહીં જ છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'જે એમ સમજે તેને.' એમ કહીને માર્મિક હાસ્ય કર્યું.

પત્રિકાનો વાંક

બપોરે સ્વામીશ્રીએ ગામડાંના હરિભક્તોને રવિવારની સભા ભરવા અંગે ભારપૂર્વક ભલામણ કરી. એક ગામમાં હરિભક્તોને વિક્ષેપ હતો એટલે એક-બીજા ઉપર વાત નાખતા હતા. એક હરિભક્ત કહે : 'બાપા ! અમે તો સભામાં જઈએ છીએ. અમારો શો વાંક ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'વાંક કોઈનો નહીં. પત્રિકાનો વાંક છે !' અને આખી સભા હસી પડી.

અહીં બે દિવસ સુખ આપી, કારિયાણી દર્શને પધાર્યા. કારિયાણી દર્શન કરતાં બોલ્યા : 'મહારાજ ! કેવાં કેવાં ગામડાંમાં રહ્યા ને મહાપ્રસાદીનાં સ્થાનો બનાવ્યાં. કોઈની અક્કલ કામ ન કરે. કારિયાણી, લોયા, પંચાળામાં કેવું જ્ઞાન આપ્યું ! મોટા મોટા પંડિતો ઊંઘી રહ્યા ને ગામડાંના જાડાં લૂગડાંવાળા હરિભક્તોમાં જ્ઞાન રેડી દીધું.' એ પ્રમાણે મહિમાની વાતો કરી.

પછી ગઢડા આવી પહોંચ્યા. બીજે દિવસે ગઢડામાં લક્ષ્મીવાડીએ બેઠકે દર્શન કર્યાં. અહીં આરસનું કામ ઘણા સમયથી અધૂરું હતું. તે જલદી પૂરું થાય તેવો શુભ સંકલ્પ કરી સ્વામીશ્રીએ ધૂન સાથે પ્રાર્થના કરી.

પછી ગોપીનાથજી મહારાજના મંદિરે પણ દર્શને ગયા. સ્વામીશ્રીની ખુરશી આગળના ભાગેથી ધર્મજના ઈશ્વરભાઈએ ઉપાડી હતી. પગથિયાં ચડતાં સ્વામીશ્રી તેમને કહે : 'અહીં અક્ષરપુરુષોત્તમની જય બોલશો નહીં.'

'કેમ બાપા ?' ઈશ્વરભાઈએ સહજ પૂછ્યું.

'પ્રસાદી મળે !' એમ કહી એક પગથિયું બતાવી સ્વામીશ્રી કહે : 'અહીં અમને પ્રસાદી (માર) મળી હતી.' એમ કહી હસી પડ્યા. પછી ભાવથી દર્શન

કરી ગોંડલ જવા નીકળ્યા.

આ વાત ચાર વખત બોલ્યા

રસ્તે બંધિયા દર્શને પધાર્યા. ત્યાંથી પાછા વળતાં મોટરમાં ગુણવંતભાઈએ સ્વામીશ્રીને બે પ્રશ્નો પૂછ્યા : 'આજે આપની રુચિ શું છે ?'

'સત્સંગ વધારવો અને અક્ષર દેરીમાં સૌ ખેંચાય અને બધાં દર્શને આવે તે રુચિ છે.' સ્વામીશ્રીએ કહ્યું.

'બ્રહ્મરૂપ કેમ થવાય ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'સ્વામીની વાતમાં ત્રીજા પ્રકરણની ૩૩મી વાત છે. તેમાં હેત, વિશ્વાસ અને નિષ્કપટપણું બતાવ્યું છે. એ ત્રણ હોય તો બ્રહ્મરૂપ થવાય.'

ત્યારે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! એક વાતમાં નિર્દોષ, સર્વજ્ઞ જાણી અંતરાય ટાળે તો બ્રહ્મરૂપ થાય એમ લખ્યું છે.'

ત્યારે ઉત્તર કર્યો : 'એ તો ગુણ આવવાની વાત છે. જો નિર્દોષ જાણે તો જ હેત થાય, સર્વજ્ઞ જાણે તો વિશ્વાસ આવે, અને અંતરાય ટાળે તો નિષ્કપટ થવાય. આમ, આ બેય વાતને સંબંધ છે.' ઘોઘાવદર આવતાં સુધીમાં આ વાત ચાર વખત બોલ્યા.

સમર્તિની સમાધિ

અને મૂર્તિમાં લીન થઈને બોલવા લાગ્યા : 'બપોરે ઊંઘ નથી આવતી તેથી બધાં મંદિરોની સ્મૃતિ કરું. વરતાલના હરિકૃષ્ણ મહારાજની સ્મૃતિ કરું. ધર્મ, ભક્તિ, ઘનશ્યામની મૂર્તિ સંભારું. પછી અમદાવાદ, ગઢપુર, ગોંડલ, સારંગપુર, અટલાદરા, બોચાસણ બધાં મંદિરોની મૂર્તિ સંભારું. જ્યારે સૂવા જાઉં ત્યારે નક્કી કરી રાખું કે આજે આ મંદિરનો નંબર છે.'

પછી બોલ્યા : 'ભગતજી મહારાજ, જાગા ભગત સ્વામી, શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરું. શાસ્ત્રીજી મહારાજની સાથે જ્યાં જ્યાં ફર્યા હોઈએ તેની સ્મૃતિ કરું. બોચાસણમાં ઓરડામાં સ્વામી પોઢ્યા છે ને આપણે પાસે બેઠા છીએ, એમ સ્મૃતિ કરું. મહુવાની સ્મૃતિ કરું. ભાદરોડમાં ભગતજી મહારાજ રોટલા પીરસતા હોય, બે રોટલા આપે, અઢી રોટલા આપે, એવાં દર્શન કરું. માલણ નદીમાં આપણે નાહતા હોઈએ એમ તીર્થસ્નાનની, મુંબઈ મંદિરની સ્મૃતિ કરું. ત્રણ મૂર્તિઓ ઊભી છે, હું સભામાં બેઠો છું, સંતો પાસે બેઠા છે. મહંત સ્વામી,

કોઠારી સ્વામી બેઠા છે ને હું જ્ઞાન આપું છું. એમ સંતોની સભાનાં દર્શન થાય. ગોંડલના ઘનશ્યામ મહારાજની મૂર્તિનાં દર્શન કર્યાં કરું.'

આમ, ઠેઠ અક્ષર દેરી સુધી આવતાં ઘણી વાતો કરી. સ્વામીશ્રી ખૂબ તન્મય બનીને વાત કરતા હતા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અનુભવેલાં સુખમાં આ સ્મૃતિ સ્વામીશ્રીની સમાધિભાષાનો એક પરિચય હતો.

સમતા

તા. ૧૪મીએ, ભાવનગરના યુવરાજ વીરભદ્રસિંહજી રાજ્યાભિષેક પછી પ્રથમ જ વાર મંદિરે દર્શને આવવાના હતા. સ્વામીશ્રીએ સ્વાગતની બધી તૈયારી કરાવી, સભામંડપમાં આસન વગેરે બેસવા માટે ગોઠવ્યાં. પોતાના હંમેશના આસને, પાટ ઉપર ન બેસતાં સ્વામીશ્રી નીચે ગાદી ઉપર બેસી ગયા. બધાએ ઉપર બેસવા કહ્યું તો કહે : 'મને અહીં નીચે જ બેસવા દ્યો.' બહુ આગ્રહ પછી કચવાતે મને ઉપર બેઠા.

એવામાં બાપુ તેમના એ.ડી.સી. કિરીટસિંહજી, મોહનભાઈ રાઠોડ તેમજ રાજકુટુંબ સાથે આવી પહોંચ્યા. કલેક્ટર ચુડાસમા સાહેબ તથા ભગવત્‌સિંહજીએ સૌનું સ્વાગત કર્યું. અક્ષર દેરીમાં તથા મંદિરે દર્શન કરી સૌ સભામંડપમાં સ્વામીશ્રી પાસે આવ્યા. આસન ઉપરથી ઊતરી, સામા જઈ સ્વામીશ્રીએ બાપુને હારતોરા કર્યા. રૂડા આશીર્વાદ આપ્યા. નમ્રતાથી નતમસ્તકે પ્રણામ કરી, બાપુએ આશીર્વાદ ઝીલ્યા. પછી સૌ પ્રસાદ લેવા ગેસ્ટ હાઉસમાં ગયા.

પાછળથી સૌ હરિભક્તો સ્વામીશ્રીને પગે લાગતા હતા. એવામાં એક સાદા દરબારી વેશમાં સજ્જ વૃદ્ધ, સ્વામીશ્રીને પગે લાગી દૂર ઊભા રહ્યા. સ્વામીશ્રીની દૃષ્ટિ પડતાં તેમને પ્રેમથી બોલાવ્યા અને આશીર્વાદ આપતાં મમતાથી પૂછ્યું : 'તમે કોણ ?'

'હું બાપુનો ડ્રાઈવર છું.' વૃદ્ધે હાથ જોડી જવાબ આપ્યો.

'એમ, ડ્રાઈવર સાહેબ !' કહી સ્વામીશ્રીએ ફરીથી આશીર્વાદનો થાપો આપ્યો.

'ક્યાં બાપુ ને ક્યાં પોતે !... છતાં આવા મહાન સંતની દુવા... બાપુની જેમ જ પોતાને પણ આવકારીને આશીર્વાદ આપ્યા... એવો જ પ્રેમ... બલકે એથી અધિક...!' સ્વામીશ્રીની આ અમીવર્ષા અનુભવી ડ્રાઈવર કૃતકૃત્ય થઈ ગયો.

હજુ બાકી હોય એમ સ્વામીશ્રીએ તેને નજીક બોલાવી, હાથોહાથ પ્રસાદ

આપ્યો. ખાલી હૈયે આવેલા ડ્રાઈવરે ભારે હૃદયે વિદાય લીધી.

વળતી સવારે ૫-૨૦ કલાકે સ્વામીશ્રી ઊઠીને લઘુશંકા કરવા પધાર્યા. તે રાત્રે નાકમાંથી લોહી પડ્યું હતું. શરદી સખત હતી. નસકોરાં બંધાઈ જતાં જોર કરીને કફ કાઢવા જતાં લોહી પડ્યું. દીવાના પ્રકાશમાં સ્વામીશ્રી કહે : 'લોહી પડ્યું કે શું ?'

પછી તરત જ કહે : 'ના, કંકુ ઢોળાયું લાગે છે !' એમ વાત ફેરવી નાખી.

પછી લોટામાંથી પાણી ટબમાં રેડીને કહે : 'હવે ધોઈ આવો. કોઈને વાત ન કરવી.'

તે જ દિવસે મંગલ પ્રવચનમાં સ્વામીશ્રીએ બીમારી દૂર ધકેલીને અક્ષર દેરીનો મહિમા કહ્યો હતો.

સવારે સ્નાન કરતી વખતે યુવકોને શાક સુધારવા જવાની વાત કરતાં કહે : 'તમારે શાક સુધારવાની સેવા અને અમારે વચનની સેવા. અમે તમને કહ્યું : 'શાક સુધારવા જાવ.' તે અમારી વચનની સેવા થઈ.'

બપોરે ૨-૩૦ વાગે પથારીમાંથી બેઠા થઈને સમય પૂછ્યો. પછી કહે : 'મને એકને જ ઊંઘ નથી આવતી. આખા દેશને ઊંઘ આવે છે.'

પછી કણસતાં કણસતાં કહે : 'હું એકલો જ માંદો છું.' એમ પાંચ મિનિટ સુધી મનુષ્ય ચરિત્ર કર્યું.

સ્વામીશ્રી સાંજે આરામ કરતી વખતે સેવક યોગેશ્વર સ્વામીને કહે : 'દરેક ચીજ-વસ્તુ ઠાકોરજીને ધરવી. ઠાકોરજીની ધાતુની મૂર્તિને ધરવી. ધાતુની ન હોય તો પટની મૂર્તિને ધરવી. વાંધો નહીં. પણ પટની મૂર્તિને તો ધરવું જ જોઈએ. તો આત્મનિવેદી ભક્ત કહેવાય. હું હમણાં કાંઈ ગળ્યું-ચીકણું ખાતો નથી. ગળ્યા-ચીકણાનાં વર્તમાન હાલે છે. માંદો છું તેથી મારે કંઈ જોઈતું નથી. આ તો ઠાકોરજી માટે વાત કરું છું.' એ પ્રમાણે શિખામણની ઘણી વાત કહી.

બીજે દિવસે બપોરે સંતો ગરમ ગરમ ફૂલકાં સ્વામીશ્રીને પીરસતા હતા. બાજુમાં બાળમુકુંદ સ્વામી જમતા હતા. સ્વામીશ્રીએ ગરમ રોટલી પોતાના પત્તરમાંથી તેમના પત્તરમાં મૂકી દીધી. સંતો હસવા લાગ્યા. એટલે સ્વામીશ્રી બાળમુકુંદ સ્વામીને ઉદ્દેશીને બોલ્યા : 'તપ ન કરવું.'

સંતો કહે : 'બાપા ! આપ પણ તપ કરતા.'

સ્વામીશ્રી કહે : 'એ તો જમવામાં તપ કરતા, પણ પીરસવામાં ક્યાં તપ કરતો ? ગરમ ગરમ રોટલા-ફૂલકાં સૌને જમાડતો.'

એ જ એકધારું સુખ, આજે ને પહેલાં

સાંજે ૮-૩૦ વાગે સ્વામીશ્રી પોતાના ઓરડામાં બિરાજ્યા હતા. સૌ સંતો સામે બેઠા હતા. તેમને ઉદ્દેશીને કહેવા લાગ્યા :

'ભગવાન ભજી લેવા. હું એ જ મતનો છું. ૫૦ વર્ષથી જોતો આવ્યો છું. એ જ એકધારું સુખ. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા ત્યારે અને તે પહેલાં પણ આ ને આ જ સુખ. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી પણ ૧૫ વર્ષ થયાં, એ જ સુખ. જૂનાગઢમાં હતો ત્યારે પણ આનું આ જ સુખ. એકધારી સેવા. કોઈની ખટપટ નહિ. એક જ ગુરુના ચેલા. પક્ષપાત તો જરાય નહિ. ત્યારે શાસ્ત્રીજી મહારાજ રાજી થયા.'

ગુરુગુણ મહોદધિના પ્યાસી

દર મહિને પ્રગટ થતા 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સ્વામીશ્રી હરિભક્તોને સંબોધીને આશીર્વાદ પત્ર લખતા. આ જ અરસામાં એક આશીર્વાદ પત્ર આ પ્રમાણે લખ્યો :

સંવત્ ૨૦૨૨ના માગશર વદિ ૧૦,
વાર શુક્રવાર, તા. ૧૭-૧૨-'૬૫,
સાક્ષાત્ સ્થાન અક્ષર મંદિર, ગોંડલ,
સવારના ૧૦-૩૦ વાગે.

'અહોહો ! વસંત પંચમીના અંકમાં પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનો વધારે મહિમા આવવો જોઈએ. એમનું જીવન અને કાર્ય બે વસ્તુ આ અંકમાં ખૂબ આવવાં જોઈએ. તે સ્વામીનો મહિમા ખૂબ આવે તેમાં આપણી શોભા છે. સ્વામીએ ઘણો દાખડો વેઠીને છ મંદિર બનાવ્યાં છે. તો તેમાં જુઓ તો નવ નવ વરસે એક મંદિરનું કામ ઊપડે. તે પહેલું જુઓ બોચાસણ, પછી નવ વર્ષે સારંગપુર, પછી નવ વર્ષે ગોંડલ. આવી રીતે અનંત ઘણો દાખડો કરીને ખરેખરી ઉપાધિમાં, એક સાંધે અને તેર તૂટે તેમાં ગગનચુંબી મંદિરો ધડાકાબંધ બનાવી દીધાં; તે જુઓ ! કેવી સ્વામી, શ્રીજી તથા પૂજ્ય ભગતજી મહારાજ, પૂજ્ય સ્વામી જાગા સ્વામી, પૂજ્ય કૃષ્ણજી અદા, પૂજ્ય સ્વામી બાલમુકુંદદાસજી સ્વામીની કેટલી દયા કે લાખો રૂપિયાનાં મંદિરો ધડાકાબંધ બનાવી દીધાં.

'તેવી રીતે ૫૦ સાધુ અજોડ ધન-સ્ત્રીના ત્યાગી, ખરી મહેનત કરે તેવા બનાવ્યા. જેમનાં થોડાં નામ : સ્વામી નિર્ગુણદાસજી સ્વામી, અક્ષરપુરુષોત્તમ-દાસજી સ્વામી, સ્વામી અક્ષરપુરુષ સ્વામી તથા સ્વામી નારણચરણદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી પુરુષોત્તમદાસજી અને પરમ ભક્તરાજ સોમા ભગત, કોઠારી પ્રભુદાસ, કોઠારી શંકર ભગત, કોઠારી જીભાઈ આદિ કડીતોડ બનાવ્યા. આ તો થોડાં નામ લખ્યાં છે, પણ એવાં જ ઘણાં નામ છે.

'તો હવે સ્વામી શાસ્ત્રીજી મહારાજે કાર્ય કર્યું છે તે બ્રહ્માંડમાં કોઈ કરી ન શકે.

'સાક્ષાત્ દરેક મંદિરમાં સ્વામી-શ્રીજીની મૂર્તિઓ સરસમાં સરસ ભાવ ઉત્તમ, ૬૪ ! તસુની મૂર્તિઓ પધરાવી દીધી. શાસ્ત્રો રચાવ્યાં તથા સત્સંગના નિયમ-ધર્મમાં પોતે વર્ત્યા, બીજા સંત-હરિભક્તોને વર્તાવ્યા. તેમાં લગારેક ફેર નહિ. 'વાહ, વાહ' આખો સત્સંગ કહે કે 'સ્ત્રી-ધનના ત્યાગી શાસ્ત્રીજી મહારાજના જેવા કોઈ જ નહિ.' વળી, ઝોળી માગીને મંદિરો બાંધવાં તે થઈ ન શકે. તે સ્વામીએ કર્યાં. તે અનંત ગુણ સ્વામીના, તે લખતાં પાર ન આવે. આ તો ટૂંકમાં લખ્યા છે. તો વસંત પંચમીએ શિક્ષાપત્રીનો જન્મ દિવસ તે પણ લખવું. આવી રીતે સ્વામીનો અપાર મહિમા છે. તે ટૂંકમાં લખેલ છે. એ જ.'

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના
જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

આમ, શબ્દે શબ્દે ગુરુમહિમાના મેહુલા વરસાવતો એક આદર્શ સંદેશો સ્વામીશ્રીએ સત્સંગ-સમાજને પાઠવ્યો.

સ્વામી ગયા જ ક્યાં છે ?

સાંજનો સમય હતો. પવન ફુંકાતો હતો. એવા ટાણે સ્વામીશ્રીએ ઘાટમાં જવાની ઇચ્છા કરી. સૌએ ના પાડી, પણ પોતે તૈયાર થઈ જ ગયા. એમની પ્રત્યેક ક્રિયાનું કારણ પણ એવું સબળ હોય કે દલીલ જ ન કરી શકીએ.

સ્વામીશ્રીએ તૈયાર થતાં થતાં કહ્યું : 'આજે એકાદશી છે એટલે પાણી ચઢાવવા જવું પડે. બે ધાબળા ઓઢીશું, તમે સેવક તૈયાર છો ને...!'

ઘાટ ઉપર પધાર્યા અને કુંડમાંથી પ્રસાદીનું જળ ચઢાવ્યું. ઘાટ ઉપર બેઠકે સભા કરી. ગોંડલીનો મહિમા કહેતાં સ્વામીશ્રી કહે : 'અહીં મહારાજ આઠ વાર સાવબોળ નાહેલા. ગંગામાં તો વામનજીએ માત્ર અંગૂઠો બોળેલો, તોય લોકો

પાપ ધોવા ન્હાય. લોકો કાશીએ જાય. કાશીએ ગયેલું કોઈ સ્વર્ગમાં જતું નથી. આવો ઘાટ ક્યાંય નથી. બધા કહેતા કે સ્વામી તો હયાતીમાં પૂજાયા ને ધામમાં ગયા પછી પણ પૂજાય છે. એટલે સ્વામી ગયા જ ક્યાં છે ?'

ગુણાતીત પ્રગટ જ છે, એમ મર્મમાં સમજાવ્યું.

તા. ૨૦મીએ, રાજકોટના પ્રખ્યાત વૈદ્યરાજ તથા ગુજરાતી સાહિત્યકાર મોહનલાલ ચુનીલાલ ધામી સ્વામીશ્રીને તપાસવા તથા ખાસ કરીને દર્શન કરવા આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીને બને એટલો ઓછો શ્રમ પડે તે માટે પહેલાંની જેમ ગામડાંઓનું વિચરણ બંધ કરવા ખાસ સૂચન કર્યું. એક સ્થળે જ રહી, બને એટલો ઓછો શ્રમ પડે એવા કાર્યક્રમો ગોઠવવા સંતો અને હરિભક્તોને તેમણે અનુરોધ કર્યો.

કથાવાર્તા જ જેમનું જીવન છે એવા સ્વામીશ્રીએ હરિલીલાકલ્પતરુનો ત્રીજો ભાગ પ્રકાશિત થતાં તેનું પારાયણ કરાવવા ઇચ્છા વ્યક્ત કરી. મને કહે : 'આજથી હરિલીલાકલ્પતરુ વાંચવો શરૂ કરો.'

ત્યારે મેં કહ્યું : 'આપ આરામ કરો, હું વાંચીશ.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આ તો રોગ મટાડવા માટે વંચાવવો છે. 'હરિ-લીલાકલ્પતરુ !' એમ ભાર દેતા બોલ્યા : 'જે જે સંકલ્પ કરીએ તે સિદ્ધ કરે.'

સ્વામીશ્રી પારાયણ દરમ્યાન મહારાજના પુરુષોત્તમપણાની અને સ્વામીના અક્ષરપણાના મહિમાની વાતો પણ પ્રસંગોપાત્ત કરતા. તેમનાથી વાતો કર્યા વગર રહી શકાતું નહિ.

બપોરે સ્વામીશ્રી ખુરશી ઉપર બેસીને ભંડારે ગયા. ભંડારમાં સેવા કરતા સંતને મળ્યા અને કહે : 'કથામાં કેમ આવતા નથી ?'

ત્યારે તે કહે : 'આવ્યો હતો પણ દર્શન કરી ચાલ્યો ગયો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અનાજ જોઈ લઈએ એટલે ભૂખ થોડી ભાંગી જાય ? એ તો કોળિયો લેવો પડે તો ભૂખ જાય. તેમ કથામાં બેસવું જોઈએ.'

બીજા સંતો કહે : 'અંતર્યામીપણે તો આપ બધે જ છો ને !'

ત્યારે સ્વામીશ્રી કહે : 'એવો મહિમા નથી સમજવો. એમ તો મુંબઈવાળા (સંતો) છે તે કહે : 'હાલો, સ્વામીની સેવા કરી લઈએ,' તે અહીં મારી (દેહની) સેવા કાંઈ થાય ? ઈ તો પાસે હોય તો થાય.' એમ સ્વામીશ્રીએ મુદ્દાની વાત કરી.

કાગડા, કૂતરાં અને ચકલાં વગેરે આવે અને કલબલાટ કરી મૂકે તે સ્વામીશ્રીને ન રુચતું. ગઈકાલે સાંજે સભામંડપમાં તાડપત્રી બાંધી તેથી સૌ

સ્વામીશ્રીને વાત કરવા લાગ્યા : 'વરસાદ ન પડે, ગરમી ન લાગે અને ઠંડી પણ ન લાગે, એમ ત્રણેય ઋતુ માટે તાડપત્રી સારી.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'કાગડાય ન આવે.' એમ સૌને હસાવ્યા.

રોગે શરીર ઘેરી લીધું, હવે નભે તેમ નથી !

બપોરે ૨-૩૫ વાગે સ્વામીશ્રી જાગ્યા અને પથારીમાં બેઠા થતાં કહે : 'હવે રોગે શરીર ઘેરી લીધું.' છીંક ખાઈને કહે : 'આ શરદી... આ શરદીએ.'

પછી કહે : 'દર વખતે શિયાળામાં અહીં ન રહેતાં, કારતક મહિનામાં અમદાવાદ ચાલ્યા જઈએ. અહીં બગીચાની ઠંડી, ઘાટની ઠંડી ને આ ઓરડો આખો ઠડો છે.'

પછી કહે : 'ઊંઘ આવતી નથી. રાત ને દિવસ ઊંઘ આવતી નથી. દાજી બાપુને એંસી વરસે ઊંઘ આવી જાય. સભામાં પણ ઊંઘી જાય. મોટાસ્વામીને પણ ઊંઘ આવે. ઊંઘ આવે તો હૃદયમાં શાંતિ થાય. ઊંઘ આવે તો ગમે તેવું દુઃખ નડે નહીં, સુખ આવે.'

પછી ગુણવંતે પૂછ્યું : 'સ્વામીની વાતોમાં ઊંઘને સ્ત્રી કહી છે ને ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'એ તો બહુ ઊંઘે તેને; પણ છ કલાક ઊંઘે તેનો વાંધો નહીં, એ તો આજ્ઞા છે.'

વાત પૂરી કરતાં ઉધરસ ચડી. તેથી કહે : 'હવે દેહનું નભે તેમ નથી. દેહ નભે એવું રહ્યું નથી...'

ગુણવંતે વચ્ચે કહ્યું : 'બાપા ! એવું ન બોલો.'

છતાં સ્વામીશ્રી બોલતા જ હતા : 'દેહમાં રોગ બહુ, તેથી એમ થાય - ક્યાં સુધી દેહમાં રહેવું ? રોગ બહુ વધી ગયા.' એમ ઘણી વાર સુધી બોલ્યા.

તા. ૨૩મીએ, સ્વામીશ્રીએ ૬-૨૦ વાગે વાત કરતાં કહ્યું : 'આજે શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. ઢોલિયા ઉપર સભામાં બેઠા હતા. તેજસ્વી શરીર અને પગ નીચા - આમ રાખ્યા હતા. પાંચ-સાત સાધુ બેઠા હતા.' એમ હાથ વડે સમજાવ્યું : 'હું ને એક સાધુ અમે બે દર્શને ગયા. જય સ્વામિનારાયણ કર્યા. શાસ્ત્રીજી મહારાજ કહે : 'જોગી ! ગામડાંમાં ફરો.' ત્યાં આંખ ઊઘડી ગઈ...'

મહારાજ ઓરડો આપશે

રાત્રે ૮-૦૦ વાગે ખડાધરાના એક વૃદ્ધ હરિભક્ત પોતાનું મકાન મંદિર

માટે અર્પણ કરવા તૈયાર થયા. સ્વામીશ્રીને વિનંતી કરતાં તેમણે કહ્યું : 'બાપા ! છેલ્લો જન્મ કરાવી દેશો ? અક્ષરધામ આપશો ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'છેલ્લો જન્મ થઈ ચૂક્યો. તમે ઓરડો આપો છો, મહારાજ ઓરડો નહીં આપે ? આપશે જ.' એમ વચન આપ્યું.

કલેક્ટર ચુડાસમા સાહેબ સ્વામીશ્રીને કહે : 'બાપા ! તબિયત સારી થઈ હોય તેમ લાગે છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'હા, હમણાં હરિલીલાકલ્પતરુની ત્રણ દિવસથી કથા ચાલે છે, તેથી તબિયત સારી થતી જાય છે.'

સ્વામીશ્રી પ્રસંગોપાત્ત મહારાજના મહિમાનો સર્વોપરી ગ્રંથ જે 'હરિલીલાકલ્પતરુ' તેનો મહિમા અવશ્ય સમજાવતા.

એક મોટેરા, જ્ઞાની અને વૃદ્ધ હરિભક્ત સ્વામીશ્રી પાસે આવીને કહે : 'મારે તારીખ પહેલી જાન્યુઆરીએ લગ્નમાં જવાનું છે, તો રાજકોટ ક્યારે જઉં ?'

'તમારે લગ્નમાં શું કામ જવું છે ?' એમ પોતાની રુચિ જણાવતાં સ્વામીશ્રી તેમને કહે : 'આવા જ્ઞાની અને વળી શરીર હાલતું નથી, તો પછી અહીં બેસીને સત્સંગ કરો ને કરાવો.'

તા. ૨૫મીએ, સાંજે ૫-૧૫ કલાકે જામનગરના કલેક્ટર ઓઝા સાહેબ આવ્યા. તેમણે દેરીમાં સ્વામીશ્રીનાં દર્શન કરીને જવાની રજા માગી. ત્યારે સ્વામીશ્રી કહે : 'પાંચ મિનિટ બેઠા તે તમારી અને પાંચ મિનિટ મોક્ષની. અમારા માટે પાંચ મિનિટ બેસો.' તેઓ પાંચ મિનિટ બેઠા અને વિદાય લીધી.

સાંજે ૬-૩૦ વાગે અક્ષર દેરીમાં આરતી થઈ ત્યારે સ્વામીશ્રીએ વાત કરી : 'આજે સવારે ૪-૦૦ વાગે વહેલાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન સુણાવમાં થયાં. સાથે પાંચ-સાત સાધુ હતા તે જમાડ્યા. પૂરી ને શાક એવું રાંધવું જોઈએ, પણ કોઈ હરિભક્ત નહિ તેથી સાથે લાવ્યા હતા તે ખીચડી અને શાક સ્વામી જમ્યા. એવાં સ્વપ્નમાં દર્શન થયાં, એમ હમણાં હમણાં ત્રણ ત્રણ દિવસે શાસ્ત્રીજી મહારાજ દર્શન દે છે.

'આજે બપોરે ગઢડાના મંદિરની સ્મૃતિ કરી : લક્ષ્મીવાડીમાં જ્યાં મહારાજનું વિમાન ઉતાર્યું હતું, ત્યાં નિષ્કુળાનંદ સ્વામીની ઓરડી ૧૮૭૭ની સાલમાં મહારાજે દીધી હતી, સમડો ને ઓટો તથા જ્યાં વચનામૃત કર્યાં તે આરસના થાંભલા માથે છતનું કામ ચાલતું હતું, આપણે પ્રદક્ષિણા કરીએ છીએ તે, પછી મહારાજ રાસ રમ્યા ત્યાં, ને ગુણાતીતાનંદ સ્વામીને મૂર્છા આવી હતી

ત્યાં આરસનો ઓટો છે ને મહારાજ સ્વામીને બેઠા કરે છે, એમ ચીંતવતો હતો.

'કોઈ વાર ગોંડલ મંદિરની સ્મૃતિ કરીએ : 'મહારાજ ઊઠ્યા છે, ઢાલ-તલવાર બાંધી છે. વાઘા પહેર્યા છે. દેરીમાં હું પ્રદક્ષિણા કરું છું.' એમ બધું યાદ કરું. મહારાજ ને પાંચસો પરમહંસો ઘાટમાં ઊના પાણીને નહાય છે, એમ ચિંતવન કરું. ત્યાં દેરીમાં ટકોરો પડ્યો. ૩-૩૦ થઈ ગયા. એમ રોજ બબ્બે કલાક ચિંતવન - સ્મૃતિ કરું.'

કુટુંબ નિયોજનની વ્યાખ્યા

રાત્રે સ્નાન કરતી વખતે અડવાળવાળા મંગળસિંહ જૂનાગઢથી આવ્યા હતા. તે સરકારના 'કુટુંબ નિયોજન' ખાતામાં નોકરી કરતા હતા. તેમણે સ્વામીશ્રીને કુટુંબ નિયોજન સંબંધી વાત કરી. સ્વામીશ્રી કહે : 'લગ્ન નહીં કરે ? સૌ સાધુ થશે ?'

મંગળસિંહ કહે : 'ના બાપા ! લગ્ન કરશે, પણ ત્રણ બાળકોથી વધારે થશે તો કર આપવો પડશે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'સાધુ થાય તો છોકરાં ન થાય, તો આપણે પાંચ હજાર સાધુ બનાવીએ !'

પછી કહે : 'સરકાર ઊંધી અને તેના ખર્ચાય ઊંધા !'

તા. ૧-૧-'૬૬, સ્વામીશ્રીએ મંદિરમાં ઘનશ્યામ મહારાજ પાસે આરતી ઉતારી પછી પૂજારી નિર્ગુણ સ્વામીને કહે : 'ઘનશ્યામ મહારાજ મને કહેતા હતા કે 'કોઈ મને મોજાં પહેરાવતું નથી, ઠંડી લાગે છે.' એમ કહેતાં હસી પડ્યા. શિયાળામાં ઠાકોરજીને ગરમ કપડાંની મોજડી હંમેશાં પહેરાવાતી. તેમાં વિલંબ થયો હોવાથી સ્વામીશ્રીએ સૂચન કર્યું.

મહારાજ સાથે એકતા અનુભવતા સ્વામીશ્રીનું સમયસૂચકપણું અને કહેવાની રીત અલૌકિક હતાં.

હવે ચેલા થવું છે, વાસણ ઘસવાં મળે

સાંજે સ્વામીશ્રી નાહીને ધોતિયું બદલતા હતા ત્યારે કહે : 'અદાની દેરી છે ને, તે અમે ચણેલી. પહેલાં ચેલા હતા, હવે એક ડિગ્રી વધી. ગુરુ થયા... એ ગુરુમાંથી શું થઈશું ?...'

પછી કહે : 'હવે ચેલા થવું છે. વાસણ ઘસવા મળે. સેવા મળે... ગુરુ

થવામાં માલ નથી.' એમ ઘણી વાતો કરીને આનંદ કરાવ્યો.

રવિવારની સત્સંગ સભા ચાલુ હતી. ત્યાં જનકભાઈ ચુડાસમા સ્વામીશ્રીની રજા લેવા આવ્યા. સ્વામીશ્રી કહે : 'ક્યાં જવું છે ?'

તો કહે : 'વાકાનેર.'

સ્વામીશ્રી કહે : 'ઘડીક બેસો. સીધાનેર કરવું છે. નીકર વાંકાનેર તો બધું જ છે ને !'

તા. ૪થીએ સવારે ૧૦-૦૦ વાગે, શરદી સખત થઈ હતી. એક રૂમાલ શરદીથી ભરાઈ ગયો. બીજો આપ્યો. પાણીથી હાથ ધોવડાવતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'ઘણું નીકળી ગયું. મગજ ખાલી થઈ ગયું. ભારે માથું લાગતું હતું તે હવે ઓછું થીયું.' પછી આરામ કરવાની તૈયારી કરી.

નાક બહુ ભરાઈ જતું, શ્વાસ લેવાની પણ તકલીફ પડતી ત્યારે સ્વામીશ્રીની નાસિકામાં સ્પ્રે(Spray)થી દવા છાંટતા. મેં હંમેશ મુજબ સ્પ્રે કર્યું. થોડી રાહત થઈ. પૂછ્યું : 'માથું ભારે લાગે છે ?'

'તયેં !' સ્વામીશ્રી ઠાવકાઈથી પણ ભારે અવાજે બોલ્યા.

મેં કહ્યું : 'રોજ ૧૨ ગોળીઓ આપવાની છે.'

'નત આપવી.' સ્વામીશ્રીએ ફરી ભારે અવાજે કહ્યું. સોડ તાણી સૂવાની તૈયારી કરી ત્યાં સખત ઉધરસ આવવા લાગી... 'જો આવી... હાલો લ્યો, કમાડ દઈ ધો, દીવા બંધ કરો.'

વળતી સવારે શણગાર આરતી થઈ. સ્વામીશ્રી નાહવાની તૈયારીમાં હતા. એક યુવકને કહે : 'જાવ, દર્શન કરવા. કેમ ઊભા છો ? દર્શન કરવા જાવ. મહારાજ પ્રગટ છે. જાવ. દોડતું જવું જોઈએ. મહારાજને કહેજો : 'જોગી નથી આવ્યા. માફ કરજો.' અમારે દર્શનનું મોડું થયું છે. મારા વતી દર્શન કરજો.'

સવારે આરામ કરતી વખતે મને કહે : 'શાસ્ત્રીજી મહારાજ અમને બધી કળા શીખવતા, તે હજુ યાદ આવે છે. પીરસવું, બોલાવવા, ચલાવવા તે આજે બધું યાદ આવે છે.'

મહારાજના જેવું સુખ આપવું છે

સ્વામીશ્રીએ જમી રહ્યા પછી રોજની જેમ આજે પણ બધા સંતોનાં પત્તર મગાવ્યાં. સંતો કહે : 'બાપા ! આજે સવારે વધારે જમાઈ ગયું છે. એટલે ઓછુ આપજો.'

રસોઈમાં અડદિયા હતા. સ્વામીશ્રી કહે : 'મહારાજ સંતોને જમાડતા તેવું સુખ તમને બધાને આપવું છે. ગઈકાલે હરિલીલાકલ્પતરુમાં અન્નકૂટોત્સવમાં મહારાજ બધાને પ્રેમથી જમાડતા હતા, એવું મારે પીરસવું છે.'

'ગ્રંથમાં તો દરરોજનું ક્યાં છે ? આ તો મહિનાનું થયું.' નિર્ગુણ સ્વામીએ બીતાં બીતાં દલીલ કરી.

સ્વામીશ્રી કહે : 'ભલેને ! મહારાજ અક્ષર ઓરડીમાં આરામ કરવા ગયા. સંતો-હરિભક્તો ત્યાંથી પાછા પીરસવા બોલાવી લાવ્યા. તમો પીરસશો તો જ અમે જમશું. ત્યારે મહારાજે દૂધપાક-પૂરી વગેરે જમાડ્યું. કેટલો મહિમા અરસપરસ ! મારે તમને એવી રીતનું કરવું છે. આપ જમો.'

અમરેલીના કેશવલાલ કીર્તનિયા પહેલી જ વાર અક્ષર મંદિરે સ્વામીશ્રીનાં દર્શને આવેલા. તેમણે મનમાં સંકલ્પ કર્યો હતો કે 'જો યોગીજી મહારાજ ખરેખર ભગવાનના અખંડ ધારક સત્પુરુષ હોય, તો મને નામ દઈને બોલાવે.' પોતે સભામાં પાછળ ઊભા હતા. ત્યાં સ્વામીશ્રીએ સાદ કર્યો : 'એ કેશવલાલ ! અહીં આવો.' એમ કહેતાં તેમનો સંકલ્પ પૂરો કર્યો.

પોષી પૂનમનો પવિત્ર દિવસ હતો. સ્વામીશ્રી કહે : 'આજે દિવાળી છે ! ધામધૂમ કરો ! આજે સ્વામીની દીક્ષાતિથિ.' પછી સંતોને કહે : 'અક્ષર દેરીમાં બધાં દૃશ્ય બનાવો. શોભા કરો.'

મહંત સ્વામીએ તથા સંતોએ ખાંતે કરીને તોરણ બાંધ્યાં, ઘાસ-પાંદડાં એકત્ર કરી ઝૂંપડી બનાવી, મહારાજ-સ્વામીની સુંદર મૂર્તિ પધરાવી.

સ્વામીશ્રી ૪-૦૦ વાગે દર્શને આવ્યા. એક કલાક ભજન-કીર્તન કરાવ્યાં. પછી ખૂબ રાજી થયા અને કહે : 'હવે દર વર્ષે પોષી પૂનમનો સમૈયો કરવો.'

કલેક્ટર ચુડાસમા સાહેબ તથા મહેન્દ્ર બાપુને શોભા બતાવતાં સ્વામીશ્રી કહે : 'જુઓ, આખા હિન્દુસ્તાનમાં જઈ આવો. આવું ચિત્રકામ કોઈ કરી દે તો અક્ષરધામ ઈનામ દેવું !' એમ રાજી થઈને બોલ્યા.

અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત સાથે ગુણાતીતાનંદ સ્વામીનાં લાક્ષણિક પ્રસંગો અને વિશિષ્ટતાઓને વણી લેતું પિનાકીન ત્રિવેદી રચિત સુંદર રૂપક તેમના જ મધુર કંઠે આજે રેડિયો પરથી પ્રસારિત થયું હતું. સ્વામીશ્રી તે સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા.

તા. ૧૦મીએ, સવારે ટપાલ લખતા હતા ત્યારે 'પ્રકાશ'નો 'વસંત' વિશેષાંકનો પાઠ થતો હતો. એક હરિભક્ત વાંચતા હતા. તે બોલ્યા : 'હવે

'પ્રકાશ'નાં રૂપરંગ, આકાર બધું ફેરવાઈ ગયું. જુદી જ ભાતનું છે.'

ત્યારે સ્વામીશ્રી લખતાં લખતાં મુખારવિંદ ઊંચું કરીને બોલ્યા : 'પે'લા બાળક હોય, પછી મોટું થાય ત્યારે ઊભું થતાં શીખે, તેમ હવે 'પ્રકાશ'નું થયું છે. સંતોના હાથમાં ગયા પછી જુવાની આવી છે.' એમ કહીને ઘણું હસ્યા.

નાવમેં સમુદ્ર ડૂબ ગયા

સાંજે સ્નાન કરતી વખતે કહે : 'આપણે બધાના રોગ ટાળીએ અને આપણને રોગ આવ્યો.'

ત્યારે ગુણવંતે પૂછ્યું : 'આ તો 'નાવમેં નદિયાં ડૂબ ગઈ !'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'નહીં, નાવમેં સમુદ્ર ડૂબ ગયા !'

પછી ખૂબ હસાવ્યા ને પોતાની અપરિમિત મહત્તાનો પરિચય કરાવ્યો.

❀ ❀ ❀

નિર્દોષબુદ્ધિ એ જ ભક્તિ !



જેમ સોય કેડે દોરો સોંસરો ચાલ્યો આવે, તેમ સ્વામીશ્રીના આદેશમાં એક અભિપ્રાય સારધાર જણાતો. ક્યારેક તેઓ સ્વાનુભવ ટાંકતાં કહેતા : 'આજ દિવસ સુધી અમને સત્સંગમાં કોઈનો પણ અવગુણ આવ્યો નથી, અભાવ થયો નથી. બધા જ સંતો-હરિભક્તોમાં દિવ્યભાવ જ અખંડ રહ્યો છે. અહોહો ! મહારાજના સંબંધવાળા ભક્તો ક્યાંથી ?'

આ હતી એમની અલૌકિક દૃષ્ટિ !

આજે પ્રાતઃ વિધિથી પરવારી સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને મંદિરમાં પધાર્યા. દર્શન કરતાં સ્વામીશ્રી બહુ બારીકાઈથી આજુબાજુની સજાવટનું નિરીક્ષણ કરતા અને જરૂરી સૂચનો આપતા. ધનુર્માસ ચાલતો હોવાથી સવારે ઠાકોરજી થાળ જમી, ભણવા જાય. આ વિધિમાં ઠાકોરજી સમક્ષ પાટી તથા પુસ્તકો ગોઠવવામાં આવે. પાટીમાં કોઈ ઉપદેશાત્મક સૂત્ર પણ લખાય. પાટી ઉપર નજર પડતાં સ્વામીશ્રી બોલ્યા : 'આજે પાટી કેમ લખીને નથી મૂકી ?'

'બાપા ! આજે મોડું થઈ ગયું તેથી વખત ન રહ્યો. વળી, રોજ રોજ શું લખવું તે પણ સૂઝતું નથી.' નિરંજન સ્વામીએ નમ્રતાથી કહ્યું.

એક ક્ષણના પણ વિલંબ વગર સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'લખી નાખો - નિર્દોષબુદ્ધિ એ જ ભક્તિ !'

સ્વામીશ્રીનો આ અંતર્ગત અભિપ્રાય સૌને પ્રતીત થયો.

વડાપ્રધાનપદની વાણી ફળી !

તા. ૧૧-૧-'૬૬, સવારે રાજકોટથી ભાનુભાઈ ગઢિયા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને દિલ્હી જવાનું હોઈ સ્વામીશ્રી પાસે અનુમતિ માગી.

સ્વામીશ્રી કહે : 'તમે દિલ્હી જાવ છો તો નંદાજી ઉપર અમે કાગળ લખી

આપીએ છીએ. તે તમો એમને હાથોહાથ આપી આવજો.'

સ્વામીશ્રીએ પત્ર લખ્યો. ભાનુભાઈ તે લઈ વિદાય થયા.

પ્લેન રાતનું હતું. એરપોર્ટ પર પહોંચતાં જોરદાર સમાચાર આવ્યા કે 'વડાપ્રધાન માનનીય લાલબહાદુર શાસ્ત્રી હૃદયરોગના હુમલાથી રશિયાની ધરતી પર અચાનક અક્ષરનિવાસી થયા છે !' ભાનુભાઈ દિલ્હી પહોંચ્યા. એરપોર્ટ પર ભારે ચહલપહલ મચી હતી. તેઓ પોતાના ભાઈ કિશોરભાઈના ઘરે પહોંચ્યા.

પૂજા કરી રહ્યા પછી નંદાજીનો પત્ર પહોંચાડવા બંને ભાઈઓ ટૅક્સી કરી સીધા જ તેમના બંગલે ગયા. મનમાં દહેશત હતી કે 'નંદાજી ખૂબ કામમાં હશે;' પરંતુ બંગલાના પોર્ચમાં જ નંદાજી મળી ગયા. તેઓ નેપાલના રાજવીને વળાવવા અને ભુતાનના રાજવીને આવકારવા પગથિયાં ઊતરતા હતા.

આ બંને ભાઈઓને જોતાં તેમણે પૂછ્યું : 'શું છે કિશોરભાઈ ?'

કિશોરભાઈને ભાનુભાઈનો પરિચય આપતાં કહ્યું : 'યોગીજી મહારાજે આપને પત્ર મોકલ્યો છે.'

આ સાંભળતાં જ નંદાજીએ પોતાના જમાઈ ડૉ. નાયકને બોલાવી ભુતાનના રાજવીને આવકારવાનું સોંપી દીધું ને કહે : 'બાપાનો પત્ર છે !'

તેમણે તરત જ પત્ર ફોડ્યો. વાચવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પરતુ અક્ષર ઉકલ્યા નહીં. તેથી ભાનુભાઈને પત્ર આપતાં કહે : 'આપ હી પઢિયે.'

ભાનુભાઈએ પત્ર વાંચ્યો. જેમાં સ્વામીશ્રીએ લખ્યું હતું : 'અમે આજે મહારાજને પ્રાર્થના કરી છે, આપને હિન્દુસ્તાનના વડાપ્રધાન બનાવે !'

આ પત્ર વંચાતો હતો તેની આગલી રાત્રે નંદાજી ભારતના વડાપ્રધાન બની ચૂક્યા હતા ! નંદાજી ભાવથી ગદ્‌ગદ થઈ ગયા ! બંને ભાઈઓનો આભાર માન્યો.

આ બાજુ ગોંડલમાં શાસ્ત્રીજીના અવસાનના સમાચાર મળ્યા ત્યારે સ્વામીશ્રી પૂજા કરતા હતા. સ્વામીશ્રીએ તરત જ અક્ષર દેરીમાં ધૂન શરૂ કરાવી. પોતે પણ પાંચ મિનિટ ધૂન કરી. ત્યાં બેઠેલા સૌને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા કહ્યું અને મૌન પાળ્યું. પછી વાત કરતાં કહે : 'શાસ્ત્રીજી જ્યારે રેલવે ખાતાના પ્રધાન હતા, ત્યારે નંદાજી સાથે અટલાદરા મંદિરે પધાર્યા હતા. શાસ્ત્રીજી મહારાજનું કાર્ય નિહાળી ખૂબ જ રાજી થયા હતા.' એમ સ્મરણાંજલિ અર્પી.

જમવા પધાર્યા ત્યારે સમાચાર મળ્યા કે હાલ નંદાજી વડાપ્રધાનપદે નિયુક્ત થયા છે. સ્વામીશ્રી કહે : 'આજે નંદાજી વડાપ્રધાન થયા માટે મારે તેમને

હારતોરા કરવા છે. ત્રણ મહિના પછી દિલ્હી જઈશ.' એમ ઉત્સાહ દર્શાવ્યો.

પછી બે યુવકોને વર્તમાન ધરાવ્યાં ને કહે : 'આ કંઠી તૂટવા ન દેશો. સોનાનો દોરો છે તેમ માનજો. સોનાની કંઠીથીય ઘણી મોંઘી છે.'

સાંજે આરામ કરતી વખતે રાજકોટના ગોરધનભાઈ દલની રસોઈના આંકડામાં સહી કરતી વખતે 'રૂપિયા ૨૩૫-૩૧ નયા પૈસા' એમ લખતા હતા ત્યારે સ્વામીશ્રી કહે : 'આ નયા પૈસા એ શું હશે ?' એમ કહીને હસ્યા.

બીજે દિવસે સવારે ૧૦-૦૦ વાગે ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન કરવા ગયા. પાંચ પ્રદક્ષિણા કરીને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે ગુણવંતે કહ્યું : 'બાપા ! ગોદડું પાથરું ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ગુરુને દંડવત્ કરવા તેમાં પાથરવાનું હોય ? આપણે તો તેમના દાસના દાસ છીએ !' એમ બોલતાં ગુણવંત ગોદડું લઈને આવ્યા ત્યાં સુધીમાં પાંચ દંડવત્ કરી લીધા.

સાંજે ૫-૦૦ વાગે રાજકોટ જતાં પહેલાં ગોંડલ રસશાળાના વૈદ્યરાજ ચરણતીર્થ મહારાજને મળવા પધાર્યા. તેઓ ઘણા રાજી થયા. અને ચ્યવન-પ્રાશની ત્રણ બૉટલો ભેટ આપી. તે સ્વામીશ્રીએ ગુણવંતને આપી અને કહ્યું : 'સાથે લઈ લેજો.' એમ ભલામણ કરી.

ચરણતીર્થ મહારાજ કહે : 'હવે તબિયત સાચવો અને ગોંડલમાં રહો. બધા અહીં દર્શને આવશે.' બે-ત્રણ મોટેરા હરિભક્તો સ્વામીશ્રી સાથે મોટર લઈને આવ્યા હતા. તેમના તરફ આંગળી ચીંધીને કહે : 'આ બધાને તમારી ગરજ છે, પણ તમારે કોઈની ગરજ નથી.' એ પ્રમાણે વાતો કરી. સ્વામીશ્રી રાજકોટ જવા વિદાય થયા.

મકરસંક્રાંતિનું પર્વ અહીં ઊજવ્યું.

અહીં બપોરે એક હરિભક્તને ત્યાં ઠાકોરજી જમાડી, સ્વામીશ્રી મોટરમાં ઉતારે વિષ્ણુ ભવન જઈ રહ્યા હતા. રસ્તામાં ગાયો સામેથી દોડતી આવી. મોટર ધીમી પડી. સ્વામીશ્રી બોલ્યા : 'અહોહો ! કેટલું પૂન બીચારી ગાયોનું !'

મોટર ધીમે ધીમે આગળ ચાલી. સ્વામીશ્રી કહેતા જાય કે 'અહીં ઝોળી માગતા ફરતા. આ જીવરાજભાઈની દુકાન. આખું રાજકોટ વાટી નાખેલું. આ દાણા બજાર.' એમ જગ્યાઓ બતાવતાં સ્મૃતિ કરાવતા હતા.

સાંજે ઉકાળો-નાસ્તો લેવા સ્વામીશ્રીને બોલાવ્યા. આસન ઉપર બેઠા અને કહે : 'હું એકલો નહિ બેસું. મને એકલાને ન ફાવે. મારી રીત ન બદલતા. ૫૦

વર્ષથી બધાની સાથે જ ઉકાળા-પાણી લીધાં છે. એ મને ફાવે. એમ ન ધારતા કે એકલા બેસાડીએ તો વધારે જમે. બધા બેઠા હોય તો વધારે ઢેબરાં ખવાય. એ જ રીત. દેનારા દે છે. તમે બનાવો છો ?'

યોગેશ્વર સ્વામી કહે : 'કાલથી બનાવશું.'

સ્વામીશ્રી કહે : 'જે જમવા ગયા નથી અને ઉકાળો નહિ પીવે તેનું શું ? એ હરિભક્તોનો આશરો આપણા ઉપર છે. સાચવવું પડે. બોલાવો જાવ.' એમ ત્રણ વખત બોલાવવા કહ્યું. પછી ઉકાળો-નાસ્તો અંગીકાર કર્યો.

બીજે દિવસે ઉતારા બહાર ચોગાનમાં તડકે બેઠા.

શિયાળાની તડકીમાં સૌને સારાં દર્શન થતાં હતાં. આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'આજે રવિવારની સભા છે. સૌને રૂડા આશીર્વાદ આપવામાં આવે છે. આવો ને આવો ચઢતો રંગ રાખવો. એકતા, સંપ, સુહૃદભાવ રાખવો. કોઈનો અભાવ ન લેવો. આ શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત છે. આપણે ગ્રહણ કરવાનો છે. બોલો સહજાનંદ સ્વામી મહારાજની જય !'

તા. ૧૮મીએ, સાંજે ૬-૧૫ વાગે સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે શરદી માટે નાકમાં સ્પ્રેથી દવા છાંટી. સ્વામીશ્રી કહે : 'છાતી થાકે ત્યારે નાકમાંથી નીકળે અને નાક થાકે ત્યારે છાતી તૈયાર હોય ! જોઈન્ટ કામ ચાલે છે. બંનેને સાંધો છે.' એમ રમૂજમાં બોલ્યા. શારીરિક ઘણી તકલીફો હોવા છતાં સ્વામીશ્રી કેવા વિનોદપ્રિય હતા તેનો ખ્યાલ આવે છે. કાંઈ મુદ્દો ઊભો કરી, ગમે તેવા માંદગીના ગમગીન પ્રસંગોમાં પણ પોતે સૌને આનંદ કરાવતા, હળવા રાખતા.

પાછા ગોંડલ આવી પહોંચ્યા.

સંસારની જવાબદારીથી મુક્ત થયેલા મોટેરા હરિભક્તોને સ્વામીશ્રી સત્સગ-પરાયણમાં રહેવાનું હંમેશાં કહેતા.

એક મોટેરા હરિભક્ત સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ તેમને કહ્યું કે 'તમારા દીકરા આવ્યા હતા ને કહેતા હતા કે 'બાપુજી દુકાને આવે છે ને મદદ કરે છે;' પણ આપણે હવે વ્યવહાર, દુકાન મૂકી દેવાં... વ્યવહાર તો ચાલ્યા કરશે. છોકરા કરશે. છોકરા પર નાખી દેવું. નહિ તો છોકરા કહેશે કે 'બાપા સાલ છોડતા નથી.' માટે તમારે તો હવે ગામડે ગામડે ફરવું ને સત્સંગ કરાવવો.'

આવી હતી એમની રુચિ !

એક બપોરે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા હતા. બાજુમાં એક

સંતને પણ સાથે જમવા બેસાડ્યા હતા. સ્વામીશ્રીએ પત્તરમાં રોટલી વગેરે ચોળવા માંડ્યું અને તુંબડીમાંથી પાણીની અંજલિ ભરીને પાણી નાખ્યું. બાજુમાં જે સંત બેઠા હતા તેમની પાસે પાણી ન હતું, તેથી તેમણે પત્તરમાં પાણી ન નાખ્યું. સ્વામીશ્રીએ તે જોયું, તેથી પોતાની તુંબડીમાંથી પાણીની અંજલિ લઈ બાજુમાં જે સંત બેઠા હતા તેમના પત્તરમાં નાખ્યું.

આવા જ એક પ્રસંગે સ્વામીશ્રીની બાજુમાં બેઠેલા મોટેરા સંતના પત્તરમાં યોગેશ્વર સ્વામીએ ખીર ભરી દીધી. પત્તરમાં જગ્યા ન રહી તેથી રોટલી, શાક વગેરે તેમની બાજુમાં સ્ટીલની ડીશ મૂકી પીરસ્યાં. 'હરે' થયા. સ્વામીશ્રી આ બધું જોઈ રહ્યા હતા. એમણે તુરત એ મોટેરા સંતને ઇશારો કર્યો કે ડીશમાંથી બધું પત્તરમાં નાખી દો. તે સંતે તેમ કર્યું. પછી જ સ્વામીશ્રીએ જમવાનું શરૂ કર્યું હતું. આવી હતી એમની રુચિ !

બપોરના ૩-૦૦ વાગ્યા હશે. સ્વામીશ્રી એકલા ઓરડામાં જાગતા પોઢ્યા હતા. બીજા સેવકો નિદ્રાધીન હતા. દિવસ દરમ્યાન ઘણી વાર સેવકો થાક્યા-પાક્યા સૂઈ રહ્યા હોય તો સ્વામીશ્રી જગાડતા નહિ.

આજે સ્વામીશ્રી એકલા જ પથારીમાંથી નીચે ઊતરી, રબ્બરના સ્લીપર શોધી, ઓરડાની બહાર પાછળના ભાગમાં આવ્યા. બાથરૂમમાં જઈ સ્વચ્છ થયા. પછી બારીમાંથી જોયું તો બગીચામાં ઘણો કચરો પડેલો. સાફસૂફ કરવાની તક આજે ખરી મળી છે – એમ ધારી, પોતે બગીચામાં જવા માટે રસોડામાં આવ્યા. અહીં કેટલુંક ઉઘાડું પડેલું. તે બધું ઠીકઠાક કર્યું. માટલાં ઢાંક્યાં. ટપકતો નળ બંધ કર્યો અને રસોડામાંથી ધીરે ધીરે પગથિયાં ઊતરી નીચે બાગમાં આવ્યા. કોઈ સેવકના ટેકા વગર ચાલવા-ઊતરવામાં સ્વામીશ્રીએ બહુ સાવચેતી રાખી, પણ સેવાનો ઉત્સાહ એટલો કે છાનામાના આગળ વધ્યા. ખૂણામાંથી સાવરણો ઉપાડ્યો. કેરીનાં છોતરાં વગેરે કચરો એકઠો કર્યો. બદામ નીચે પાન વેરાયેલાં તે સાવરણાથી એકઠાં કરવા લાગ્યા.

કાંઈક ખખડાટ થયો અને સેવકો જાગી ગયા. જોયું તો સ્વામીશ્રી પથારીમાં નહિ. એટલે બહાર તપાસ કરી તો સ્વામીશ્રીને સાવરણો લઈને વાળતા જોયા. સેવકો સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. સ્વામીશ્રીના હાથમાંથી સાવરણો લઈ સેવકોએ ઝંખવાતા મને પ્રાર્થના કરી : 'બાપા ! આમ ન કરવું.'

'મને સેવા કરવાનું બહુ મન થાય છે, પણ કોઈ સેવા કરવા દેતું નથી.'

આ ઉંમરે આ સેવાભાવના જોઈ સેવકો ગળગળા થઈ ગયા.

સેવકોને એકાંતની શીખ

તા. ૨૦મીએ, સવારે ૪-૩૦ વાગે સ્વામીશ્રી સેવકોને યાદ કરવા લાગ્યા. તે રૂમની બહાર સૂતા હતા. સ્વામીશ્રીએ તેમને અંદર બોલાવ્યા ને કહે :

'સેવકે તો પડખે જ સૂવું. જરૂર પડે તો બોલાવવા પડે ને ! માંદા સંતની સેવા કરવી. કોઈપણ સંત માંદા હોય તો સેવા કરવી. શુષ્ક મન ન રાખવું. વારે વારે કંઈ સેવા આવે છે ?

'દરરોજ માળા ફેરવવી. ૫૧ માળા નિયમની. ૨૫ માળા જમવાની. સવારના વહેલા ઊઠવું. પ્રદક્ષિણા ૨૦૦ દેવી. હું ૩-૦૦ વાગે ઊઠતો. નાહી, સેવા-પૂજા કરી, પ્રદક્ષિણા ઘમકાવતો. સવારના પહોરમાં કેટલી શાંતિ હોય ! આખો દિવસ કેફ રહેતો અને હૃદયમાં શાંતિ શાંતિ વર્તાતી. સ્વામી રાજી થાય.

'વાતું કરવી. વચનામૃત પાંચ વાંચવાં. ૧૦ સ્વામીની વાતું વાંચવી. યુવકોને વાતું મોઢે કરાવવી. ખટકો રાખીને પાઠ લઈ લેવો. હું માંદો પડ્યો એટલે તમારે માથે લઈ લેવું જોઈએ. કથામાં હાજર થઈ જવું. આગળ બેસવું. દર્શન થાય. દૃષ્ટિ પડે. અંગની વાત નીકળે. આડાઅવળું તરી ન જવું. વખત થાય કે તરત જ હાજર થઈ જવું. બધા સંતોને હેતથી બોલાવવા. હાલો, વચનામૃત બે આજ્ઞાથી વાંચી લઈએ. ડંકો ખખડાવવો, કથા ચાલુ રાખવી.

'પ્રગટની પ્રાપ્તિ થઈ છે, દિવ્યભાવ રાખીને વર્તવું. બીજાને ગુણ આવે એવી ક્રિયા કરવી. મને એક સ્થાને રહેવાની તાણ ન કરવી. એક વખત કહી જોવું. ઈચ્છા ન હોય તો પકડ ન રાખવી. સૌને રાજી રાખવા છે. દરેક મંદિરમાં મહિનો મહિનો રહેવું છે. પધરામણી બંધ છે, ત્યાં જઈએ તો સૌ રાજી થાય. પ્રમુખસ્વામીના ૩ થી ૪ પત્રો આવ્યા છે. પ્રોગ્રામનું પૂછે છે, તો આપણે ત્યાં જઈએ તો પ્રમુખસ્વામી રાજી થાય. બીજા સંતો રાજી થાય. કોઈને અભાવ-અવગુણ ન આવે કે 'જોગી ગોંડલમાં જ રહે છે.' જોગી તો બધાનો છે.

'આપણે સેવા એવી કરવી જેથી ફર્સ્ટ નંબર આવે. થર્ડ ક્લાસ નથી લેવો. આત્યંતિક કલ્યાણ જોઈએ છે. બપોરે જમતા હોઈએ ત્યારે તમને પ્રસાદી આપું છું. અમે શાસ્ત્રીજી મહારાજ સાથે રહેતા ત્યારે માગીને પ્રસાદી લેતા. તે સ્મૃતિ અત્યારે રહે છે. તમને પણ સ્મૃતિ આપવા સારુ આ બધું કરું છું. નહીં તો જાતે તો આપ જમવાના છો, પણ પેલું નોખું.'

સ્વામીશ્રીએ વહેલી સવારે પથારીમાં સૂતાં સૂતાં સેવકોને સોનાની

શિખામણ આપી. ભલા, શિષ્યનું આટલું હિત કોણ ઇચ્છે ?!

મહારાજ પધારેલા તે રાજકોટ કોઠીમાં કામ કરતા સાહેબને ઝાલા સાહેબ સ્વામીશ્રીનાં દર્શને લઈ આવ્યા. સ્વામીશ્રી તેમનો હાથ પકડી મૂર્તિઓનાં દર્શન કરાવવા લાગ્યા. ઝાલા સાહેબે હજુ સ્વામીશ્રીની ઓળખાણ નહોતી કરાવી. એટલે છેલ્લે તેમણે કહ્યું : 'આ અમારા ગુરુ યોગીજી મહારાજ પોતે.'

સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'યોગી તો રખડે છે !' એમ કહેતાં હસવા લાગ્યા અને બીજી તરફ વળી ગયા.

રાત્રે ગુજરાત હાઈકૉર્ટના જજ સાહેબ તથા આરોગ્ય પ્રધાન મોહનલાલ વ્યાસ બંને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ઠંડીને કારણે સ્વામીશ્રી બહાર સભામંડપમાં પધાર્યા નહિ પણ રૂમમાં બેસીને જ કથાવાર્તા કરી. સત્યપ્રિય સ્વામી ભક્તચિંતામણિ વાંચતા હતા. હરિભક્તો એક પછી એક લાઇનમાં આવી દર્શન કરી ગયા.

રાત્રે સ્વામીશ્રી નાસ્તો કરતા હતા. એવામાં છોટુભાઈ વકીલ દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને નાસ્તો કરવા કહ્યું. તેમણે અનિચ્છા દર્શાવી, પણ સ્વામીશ્રી એમ કાંઈ છોડે ? સ્વામીશ્રી આગ્રહ કરતાં કહે : 'એક ભજિયું ખાવ, પ્રસાદીનું, તબિયત હલાવી દે એવું છે...' બધા હસી પડ્યા. છોટુભાઈને પણ સ્વામીશ્રીનો આગ્રહ રાજીખુશીથી સ્વીકારવો પડ્યો.

સ્વામીશ્રીની તબિયત સારી ન હતી. છતાં ગુજરાતમાં જવા માટે પોતે ઘણા મક્કમ હતા. ડૉ. જમનાદાસે, ડૉ. દેવશીભાઈએ પણ આરામ કરવાનો આગ્રહ કર્યો અને કહ્યું : 'આટલું 'લૉ પ્રેશર' હોય તો અમે દર્દીને બહાર જવા ન દઈએ. પ્રવૃત્તિ એકદમ બંધ કરાવી દઈએ.'

'મહારાજ રક્ષામાં છે. કાંઈ થવાનું નથી.' સ્વામીશ્રીએ કહ્યું.

નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભુ !

ગોંડલથી રાજકોટ પહોંચતાં માર્ગમાં કીર્તનો ગવરાવ્યાં. અદાની દેરીએ દર્શન કર્યાં. નદી બતાવતાં કહે : 'આ નદી ઓળંગી માનત સ્વામી અને અમે ઝોળી માગવા જતા. નદીમાં એક ફૂટ પાણી હોય, લોટ અને દાળ-ચોખા મળતાં. એક વખતે ઝોળી માગીને આવતા હતા, ત્યારે નદીમાં લપસી જવાય એવું હતું. તોપણ માનત સ્વામી કહે : 'નહિ લપસાય, ચાલો.' હું તો હાલ્યો. વચ્ચે આવ્યા ત્યાં તો માનત લપસ્યા. મણેક લોટ પલળી ગયો. નદીમાં જવા દીધો. મારી

ઝોળી-દાળ-ચોખા બચી ગયાં.' આટલું કહેતાં સ્વામીશ્રી ખૂબ હસી પડ્યા.

'ભાવનગરમાં સ્વામી અને હું ઝોળી માગવા જતા. સારંગપુરમા મંદિર બંધાતું હતું. કુબેરભાઈનો તાજો સત્સંગ. પોતે સાથે આવતા. ભાર ઉપાડતા. શાસ્ત્રીજી મહારાજનો અવાજ મોટો અને ઝોળી માગે. મારો અવાજ પણ બહુ મોટો. કણબીનાં ૭૦૦ ઘર. આજુબાજુ બે દિવસ ફરતા. ૧૦ મણ લોટ થતો.

'રાજકોટમાં ઝવેરકાકા ઝોળી માગવા સાથે આવતા. મુગટભાઈના પિતાશ્રી અમારા માટે બાસુંદી-જલેબી લાવતા. બાસુંદી હજી સાંભરે છે. વાટકો પૌંઆ અને મમરા નાસ્તામાં લાવતા. હરિભક્તો સીધું, શાકભાજી લાવે. ૧૫ હરિભક્તોનું રસોડું બનાવતા.'

આટલી વાત કરી ત્યાં રાજકોટ શહેર છોડતાં નદીનો પુલ આવ્યો. સ્વામીશ્રી કહે : 'અહીં પણ અમે સામે કાંઠે સુથાર મોહનભાઈ મિસ્ત્રીને ત્યાં ઝોળી માગવા આવતા. ચાલીને આવતા.' એમ કહી આંખો મીંચી દીધી. થોડી વાર આરામમાં પધાર્યા. ઠેઠ લીંબડી સુધી અમે કીર્તનો ગાયાં. તે સ્વામીશ્રી સાંભળતા હતા.

મોજીદડવાળા રામજીભાઈ શેઠના નવા બંધાવેલા મકાનમાં પધાર્યા. ત્યાં સભા કરી તેમના પુત્ર હરિભાઈ વગેરેને ખૂબ આશીર્વાદ આપ્યા ને બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે લાખોપતિ બનાવી દીધા. હવે અહીં ખૂબ વેપાર ચાલશે.' પછી બધે ફૂલ છાંટ્યાં.

હરિભાઈ કહે : 'બાપા ! આપની દયા છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'દયા છે પણ હજુ વધુ દયા કરવી છે.' એમ ખૂબ જ રાજી થઈને આશીર્વાદ આપ્યા. અહીંથી વઢવાણ મંદિરે દર્શન કર્યાં.

મહિમાની સેર ફૂટવી જોઈએ

અમદાવાદ જતાં રસ્તામાં મેં પ્રશ્ન પૂછ્યો : 'એવો કયો વિચાર છે, જેણે કરીને આપ રાજી થાઓ અને આળસ-પ્રમાદ ન રહે ?'

ઘણી વાર મોટરમાં લાંબી મુસાફરી હોય તો સ્વામીશ્રી કલાકો સુધી કીર્તનો બોલાવે. 'સ્વામીની વાત', 'વચનામૃત' બોલાવે. ઘણી વાર પ્રશ્ન પૂછવાનું કહે. આપણને કંઈ સૂઝે નહિ એટલે મૂંગા બેસી રહીએ, પૂછીએ નહિ. ત્યારે વારે વારે કહે : 'હં... પૂછો લ્યો, પ્રશ્ન પૂછો.' પછી આપણે જેવો સૂઝે એવો પ્રશ્ન પૂછીએ.

પ્રશ્ન-ઉત્તર થાય, કથાવાર્તા થાય, ગોષ્ઠિ થાય એ જ સતત અનુસંધાન સ્વામીશ્રી રખાવતા. એમને તો હતું જ, પણ આપણને શીખવાડતા.

સ્વામીશ્રી કહે : 'મહિમા ! સંબંધનો મહિમા સમજવો. મહિમાની સેર ફૂટવી જોઈએ. અહોહો...પણું થાય. મહિમા ! કોનો સંબંધ ! ઈ ભગતજી, શાસ્ત્રીજી મહારાજનો સંબંધ જોવો અને દિવ્યભાવ રાખી એકમના થવું.'

'બોલો કીર્તન...' પ્રશ્ન-ઉત્તર આગળ ન ચાલ્યા એટલે સ્વામીશ્રી કહે : 'હવે કીર્તન બોલો.' એક-બે કીર્તન બોલ્યા. પછી કહે : 'હવે અંગ્રેજીમાં બોલો, ભગવાનના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરો.' અંગ્રેજીમાં બોલીએ એટલે થોડી થોડી વારે હં...હં એમ કરે. પછી એનો ગુજરાતી અનુવાદ કરાવ્યો.

પછી મને કહે : 'તમે 'શાસ્ત્રીજી મહારાજનું કાર્ય' એ ઉપર અંગ્રેજીમાં બોલો.' બોલવાનું પૂરું થયું એટલે કહે : 'હં...હવે વિશ્વાસ બેઠો, પાછા પડો તેમ નથી. જાવ, આશીર્વાદ છે...' એમ અંગ્રેજીમાં વાતો કરવાનું પ્રકરણ, ઠેઠ સુધી સ્વામીશ્રીએ વિસ્તાર્યું. એમની વિષયોની પસંદગી પણ કેવી !

દેશ-પરદેશની જુદી જુદી ભાષામાં સત્સંગનો વિસ્તાર થાય તેની સતત ખેવના. યુવાનો તૈયાર થાય અને આત્મવિશ્વાસ કેળવે. સાથે સ્મૃતિ મળે. એવી અનેક દૃષ્ટિથી સ્વામીશ્રી કદાચ આ કાર્ય કરતા નહિ હોય !

અમદાવાદ ચંપકભાઈ શેઠને ત્યાં પધાર્યા. રાત્રે ઘણું મોડું થયું હોવાથી અને નાદુરસ્ત તબિયતને લીધે રાત્રે ત્યાં જ આરામ કર્યો. વહેલી સવારે નિત્યકર્મથી પરવારી મંદિરે પધાર્યા. દર્શનાતુર હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શન થતાં આનંદ આનંદ થઈ ગયો. સ્વામીશ્રીએ એક કલાક સભામાં બિરાજી દર્શન-સમાગમનું અલૌકિક સુખ આપ્યું. પધરામણીઓ અને ખાનગી મુલાકાતો તેમજ શ્રમ પડે એવો કોઈપણ કાર્યક્રમ, આ વખતે અહીંના હરિભક્તોએ ગોઠવ્યો ન હતો. વળી, સૌ દૂરથી જ સ્વામીશ્રીનાં દર્શન કરતા. ધબ્બો ખાવાની જરાપણ અપેક્ષા રાખ્યા સિવાય સ્વામીશ્રીના આશીર્વાદ કેવળ દૃષ્ટિ દ્વારા જ પ્રાપ્ત કરતા. નવી પ્રણાલિકાનું શિસ્તપૂર્વક સૌએ પાલન કર્યું હતું.

તા. ૨૪મીએ, અહીંથી નીકળી અસલાલી, જેતલપુર, ડભાણ દર્શન કરીને નડિયાદના હરિભક્તોને મળી, આણંદ આવી, મંદિરે સંધ્યા આરતી કરી મણિભાઈ નારણભાઈની ગંભીર માંદગીમાં, અંતિમ દર્શન આપવા તેમને ઘરે પધાર્યા.

સાંજે ૭-૦૦ વાગ્યા હતા. મણિભાઈની સ્થિતિ ગંભીર હતી. સ્વામીશ્રીએ તેમના કાનમાં 'જય સ્વામિનારાયણ' કહ્યા. મણિકાકાએ પ્રત્યુત્તર આપ્યો. પાંચ

દિવસથી અન્ન લીધું નહોતું. તેઓ કહે : 'સ્વામીશ્રી આવશે ત્યારે લઈશ.'

ઠાકોરજીને દૂધ ધરાવીને સ્વામીશ્રીએ ચમચીથી આપ્યું. મણિભાઈને ચાંદલા કર્યા. હાર પહેરાવ્યો અને આરતી કરી. સ્વામીશ્રી કહે : 'બ્રહ્મરંધ્રમાં જીવ છે. બે વર્ષ રાખવા છે. પછી મહારાજની ઇચ્છા, કાલે પણ લઈ જાય.'

પછી તેમના પુત્રો રમેશ તથા પ્રવીણને આજ્ઞા કરી કે 'રાત પાસે બેસીને સેવા કરજો. આવી સેવા નહિ મળે. કરી લેજો.' એમ પંદર મિનિટ સુધી રોકાયા. ધૂન તથા પ્રાર્થના કરી. સ્વામીશ્રીનાં દર્શનની આશા પૂર્ણ થતાં મોડી રાતે મણિભાઈએ દેહત્યાગ કર્યો.

સવારે દાતણ કરતી વખતે સ્વામીશ્રી કહે : 'આજે રાત્રે ૨-૦૦ વાગે શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. મોટો હાર પહેર્યો હતો. પાટ ઉપર બિરાજમાન થયા હતા. તેજ તેજ હતું. બધા સંતો બેઠા હતા. પછી મેં આરતી ઉતારી. ઘી થઈ રહ્યું ને આરતી ઓલવાઈ ગઈ. પછી અગરબત્તી કરીને આરતી ઉતારી. મને થતું હતું કે સ્વામીશ્રીએ ૨-૦૦ વાગે દર્શન કેમ દીધાં ? કાંઈ કારણ હોવું જોઈએ. એ ખરું પડ્યું. મણિભાઈને તેડવા આવ્યા હતા.'

સ્વામીશ્રીએ અટલાદરા જવાનો કાર્યક્રમ બંધ રાખ્યો. સંતોને મણિભાઈની અંતિમ વિધિમાં મોકલ્યા.

બીજે દિવસે વિદ્યાનગર છાત્રાલયમાં યુવકોને મળ્યા.

સાનમાં સમજાવી દઈશું

૫૦ વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ અપાયો હતો; પણ જેમ બીજાં છાત્રાલયોમાં થાય છે, તેમ યુવાનોએ સ્વભાવવશ તોફાન-મસ્તી શરૂ કરી દીધાં. ભાણામાં પીરસેલું બગાડવું, નિયમમાં રહેવું નહિ. આમ, ગૃહપતિને પજવણી શરૂ કરી. નિયમો કડક હોવા છતાં ટ્રસ્ટીઓ સમક્ષ ફરિયાદો ઘટવાને બદલે વધુ ને વધુ આવવા માંડી. છેવટે સંચાલકો કંટાળી ગયા અને એવા નિર્ણય પર આવ્યા કે છાત્રાલય આપણે બંધ કરી, મકાન ભાડે આપી દેવું. પરંતુ તે માટે સ્વામીશ્રીની મંજૂરી લેવાની રહી.

મણિભાઈ, જીવાભાઈ, અંબાલાલભાઈ તથા અન્ય ટ્રસ્ટીઓની બધી વાત સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા ને બોલ્યા : 'એમ કંટાળે કાંઈ ચાલે ? અમે બધાને સાનમાં સમજાવી દઈશું.' એમ કહીને કરુણાકટાક્ષ કરી સ્વામીશ્રીએ તાળી પાડી.

સ્વામીશ્રી છાત્રાલયમાં પધાર્યા. યુવાપેઢીના માનસને જીતવાની કૂંચી

સ્વામીશ્રી પાસે જ હતી. ગમે તેવા તોફાની યુવાનને વશ કરવાની પ્રેમસંજીવની સ્વામીશ્રીની હૃદયગુહામાંથી સદાય વહ્યા કરતી.

સ્વામીશ્રીએ યુવકોની સભા ભરી. પ્રવચનો થયાં. આશીર્વાદ પછી દરેક યુવકને વ્યક્તિગત મળ્યા. જે શક્તિ સંહાર સર્જી શકે છે તે જ શક્તિ નવ-નિર્માણ પણ કરી શકે છે, એ સ્વામીશ્રી સારી રીતે જાણતા હતા. સ્વામીશ્રીની વાત્સલ્યગંગાના સ્પર્શે યુવાનોના હૃદયમાં છાત્રાલય અને સંસ્થા માટે કંઈ કરી છૂટવાની તમન્ના ઉત્પન્ન થઈ. સૌએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં જ વ્યસનો છોડવાં, કુટેવો મૂકવા પ્રતિજ્ઞા કરી. પવિત્ર ભક્તિભાવનું વાતાવરણ પ્રસરી રહ્યું. ત્યારપછી વિદ્યાર્થીઓની કોઈ જ ફરિયાદ ટ્રસ્ટીઓ પાસે આવી નહીં. સૌને અદ્‌ભુત અનુભવ થયો કે જે કડક નિયમોથી ન થઈ શકે એ સ્વામીશ્રીનો પ્રેમ ખૂબ સરળતાથી કરી શકે છે.

મોડી રાત્રે અટલાદરા આવી પહોંચ્યા. રસ્તામાં સેવકો પાસે સ્વામીની વાતું તથા વચનામૃત મોઢે બોલાવ્યાં હતાં. પોતે પણ મહારાજનાં અલૌકિક ચરિત્રોની વાતો કરી. આમ, અખંડ કથાવાર્તામાં જ આસક્તિ. એક પળ પણ નકામી જવા ન દેવી. પોતે એવો આગ્રહ રાખી, બીજાને પણ આગ્રહ રખાવી, અખંડ ભગવાનની સ્મૃતિ કરાવતા.

જાણે ચિત્તકી ચોરી

આ વખતે ડૉ. ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ તથા જોરાભાઈ બન્ને સ્વામીશ્રીનાં દર્શને અટલાદરા આવ્યા હતા. રાત્રે ૮-૦૦ વાગ્યા સુધી સ્વામીશ્રી પધાર્યા નહીં, તેથી આ બન્ને મિત્રો જમીને દરવાજા પાસેની રૂમમાં બેસીને બીડી પીતાં વાતો કરતા હતા. બીડીનો એક તણખો ગોદડામાં પડી ગયો ને થોડી વારે ગોદડું સળગ્યું. આ બન્નેની નજર પડી, તરત જ અંગારો બુઝાવી દીધો. પણ ગોદડું એક વેંત જેટલું બળી ગયું.

મોડી રાત્રે સ્વામીશ્રી પધાર્યા અને થોડી વાર સભામાં બેઠા. આશીર્વાદ આપતાં પોતાના વિચરણની થોડી વાત કરી, કહે : 'ઘણાને બીડી પીવાની ટેવ હોય તે મંદિરનાં ગોદડાં બાળી દે ! નિર્ગુણદાસ સ્વામી બહુ ધખતા.' પછી ચાલુ સભાએ ડૉ. ગોરધનભાઈને સંબોધીને કહે : 'તમે કેટલી બીડી પીઓ છો ?'

તેમણે બે હાથ જોડી કહ્યું : 'બાપા ! બીડી તો પીવાય છે.'

'હવે એ વ્યસન મૂકી દેવું.' સ્વામીશ્રીએ કહ્યું.

'તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી,
ઈસકે આગે ક્યા છુપાવે, જિસકે હાથમેં દોરી.'

આ સાખી બોલી સ્વામીશ્રીએ તેમને વ્યસન મૂકવાનો નિયમ આપ્યો.

સ્વામીશ્રીએ ગોદડું બળ્યું છે તે અંતર્યામીપણે જાણી લીધું હતું, કારણ કે તેમને અને જોરાભાઈ સિવાય ત્રીજા કોઈને મંદિરમાં પણ આ વાતની ખબર નહોતી.

વસંત પંચમી, શિક્ષાપત્રી જયંતી તથા શાસ્ત્રીજી મહારાજનો ૧૦૧મો જન્મોત્સવ અતિ ઉત્સાહથી ઊજવાયો. વસંતના ચિરયૌવન જેવો થનગનાટ સૌનાં અંતરમાં હતો. સ્વામીશ્રી સમા પુરુષશ્રેષ્ઠના મૂર્તિમંત સ્વરૂપને નિહાળીને, દર્શનથી કૃતકૃત્ય બની, સૌએ 'ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ સદૈવ સન્મુખ બિરાજે છે, ગયા નથી' એવી ભક્તિભાવના પ્રગટ કરી.

સ્વામીના વહાલા દીકરા

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

'શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ, તેમનો જન્મ દિવસ. ગયા વર્ષે અહીં શતાબ્દી ઊજવી. એક લાખ માણસ ભેગા થયા હતા. શાસ્ત્રીજી મહારાજ સભામાં સાક્ષાત્ ફરતા હતા, તે કોઈનો વાંકો વાળ થવા ન દીધો. સ્વામીના જેવો સ્વભાવ, સાધુતા અને નિર્દોષભાવ આપણે શીખવાનો છે. બાપના ગુણ દીકરામાં આવે તેમ આપણે સ્વામીના ગુણ શીખવા. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, નિર્દોષ-બુદ્ધિ, કથાવાર્તા, દિવ્યભાવ એ સ્વામીના ગુણ હતા. તે આપણે સ્વામીનું સેવન કરીશું તો સ્વામીના ગુણ આપણામાં આવશે. ગુણ નથી આવ્યા તો સેવ્યા નથી. સેવીને રાજીપો મેળવ્યો હોય તો અંતરમાં અખંડ ટાઢું રહે. કોઈનો અવગુણ-અભાવ ન આવે.

'કેવી સહનશક્તિ સ્વામીમાં હતી ! મારમાર કરતો કોઈ આવતો હોય તોપણ તેનું હિત કરે. એવા અપાર ગુણ હતા. આપણે વર્ણવીએ તો રાતની રાત જાય. દિવસોના દિવસો જાય.

'આ સંત બધા સ્વામીના વહાલા દીકરા છે. આ ગૃહસ્થ બધા સ્વામીના વહાલા દીકરા છે. નિર્દોષબુદ્ધિ રાખીને ભગવાન ને ભગવાનના ભક્તમાં સુહૃદભાવ રાખીશું, તો દેશકાળ નહિ લાગે. મંદવાડ ઊડી જશે. વ્યવહાર સુધરશે. આપણે કોઈ જાતનું દુઃખ નહિ આવે.

'સહનશક્તિ રાખવાની જરૂર છે, કારણ કે આખો દેશ આપણે સર

કરવાનો છે. પણ કોણીએ ગોળ ભાંગવાનો નથી. લાખો માણસો આ માર્ગે ચાલે તેવો શુભ સંકલ્પ કરવાનો છે. પારસી આપણા છે. વૈષ્ણવ આપણા છે. જૈન આપણા છે. આપણે ભગવાનની સર્વોપરી ઉપાસના છે ને તે એના છે એમ સમજીને આપણે દિવ્યભાવ રાખવો.

'આશરો દૃઢ રાખવો. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે મારો આશરો રાખશો તો સાત દકાળી પડશે તોપણ રોટલા આપશું. એક સંપ અને સુહૃદ-ભાવથી કામ ઉપાડીશું તો આખું લંડન, અમેરિકા ભજન કરતું થઈ જશે.'

આજથી સ્વામીશ્રીને કોઈપણ પ્રકારે શ્રમ ન પડે તે માટે પૂજન વિધિમાં નવી પદ્ધતિ દાખલ કરવામાં આવી. સ્વામીશ્રીની બેઠક સમક્ષ ટેબલ ઉપર પધરાવેલ અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિનો સ્પર્શ કરી, સ્વામીશ્રીનાં દૂરથી દર્શન કરી સૌ ક્રમબદ્ધ શાંતિથી લાભ લેતા હતા. દર્શનની પડાપડી-ધડાધડી ભક્તોએ સમજીને નિવારી હતી.

'દીનદુર્બળ તણી પીડ જાણી તમે'

અહીં ભાવનગરના પીતાંબરભાઈ ડોસાભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને વ્યવહારમાં એકાએક ઘણી મુસીબત આવી હતી. તેના ઉકેલ માટે રૂપિયા ૫,૦૦૦ જેટલી રકમની તેમને તાત્કાલિક જરૂર ઊભી થઈ હતી. તેમણે ગદ્‌ગદ થઈને સ્વામીશ્રીને પોતાની વીતક કહી. કરુણાસાગર સ્વામીશ્રીએ તરત જ આણંદના રાવજીભાઈ દૂધવાળા પર ચિઠ્ઠી લખી કે 'આવનાર હરિભક્તને રૂપિયા ૫,૦૦૦ આપશો. તેઓ તકલીફમાં છે, તો એમનું કામ જરૂર કરજો. રૂપિયા અમે તમને ધર્માદામાં વાળી આપશું.'

સ્વામીશ્રીએ ગુણવંતભાઈને બોલાવ્યા અને કહ્યું : 'આ ચિઠ્ઠી લઈ પીતાંબરભાઈ સાથે આણંદ જાવ. તેમણે ગુજરાત જોયું ન હોય.'

ગુણવંતભાઈએ આણંદ જઈ રાવજીભાઈને મળવા કહ્યું. તો તેઓ ક્ષોભ પામ્યા કે 'આપણે કેવી રીતે હાથ લાંબો કરવો ?'

ગુણવંતભાઈ એકલા ગયા. સ્વામીશ્રીનો પત્ર વાંચતાં જ રાવજીભાઈએ રૂપિયા આપી દીધા અને કયા હરિભક્ત માટે જોઈએ છે તે પણ પૂછ્યું નહીં.

આ પછી ત્રણ મહિને સ્વામીશ્રી આણંદ પધાર્યા ત્યારે રાવજીભાઈને બોલાવી કહે : 'તમારા ધર્માદાની રકમ ગોંડલ મોકલી દેશો.'

'ભલે બાપા !' રાવજીભાઈએ તરત જ કહ્યું. હરિભક્તને આપેલી રકમ

ધર્માદામાં વાળી લેવાની હતી, તે બાબત તેમણે શબ્દ પણ ન ઉચ્ચાર્યો ને પૂછ્યું : 'કેટલી સેવા મોકલું ?'

'પાંચ હજાર મોકલો.' સ્વામીશ્રીએ કહ્યું. પછી સામેથી વાત ઉપાડી : 'તમે પેલા ભગતને રૂપિયા દીધા હતા તે પાછા માગવા નહીં. એ સેવા થઈ ગઈ. આ હમણાં બીજા માગ્યા તે તો ધર્માદાના છે. ધર્માદો તો લેવો પડે.'

રાવજીભાઈ આ નિર્દોષ પુરુષની નિખાલસતાથી હસી પડ્યા ને કહે : 'બાપા ! આ બધું તો આપનું છે. આપ શેઠ છો ને હું મુનિમ છું. માટે ચિઠ્ઠીનો ચાકર કરીને રાખજો.'

સ્વામીશ્રી તેમની આવી ભાવના જોઈ પ્રસન્ન થયા.

અહીં અટલાદરામાં એક વખત હું સ્વામીશ્રીના ડાબા હાથના નખ લેતો હતો. ત્યારે સ્વામીશ્રી કહે : 'મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજના નખ લેતા હતા, તેમ ઈશ્વર સ્વામી નખ લે છે.' એમ ભાવમાં આવી જતા સ્વામીશ્રી ઘણી વાર મહારાજના જેવું સુખ આપતા.

એક બપોરે સૂતી વખતે માથેથી ગોદડું ખેંચીને સ્વામીશ્રી બોલ્યા : 'ઈશ્વર સ્વામી ! હું પંદર દિવસ ઉપવાસ કરું, તો બધા રોગ મટી જાય. પાણી પીને કરી શકાય. ભાઈકાકાએ વાત કરી હતી. પંદર ઉપવાસ કરું એમ થાય છે.' એમ અત્યત સ્નેહપૂર્વક વાત કરી.

મેં કહ્યું : 'બાપા ! તેમનું શરીર તો સારું અને ખમી શકે. તેમનાથી ઉપવાસ થાય. આપે ઉપવાસ કરવાની જરૂર નથી. મટી જશે.' એમ સ્મૃતિ આપી, પોતાની રુચિ જણાવી.

તા. ૩૧મીએ, વડોદરાના વૈદ્યે સ્વામીશ્રીને રાત્રે ઊંઘ માટે ઘસવાનું તેલ મોકલ્યું હતું. સ્વામીશ્રી કહે : 'આજે તો ઈશ્વર સ્વામી તમે તેલ ઘસવા આવો. તમને માથે ફાવશે કે પગે ?' એમ હેત કરીને માથે તેલ ઘસવા કહ્યું.

અહીં 'ભાવના કેમિકલ્સ'માં પધરામણીએ પધાર્યા. સાથે આવેલા હર્ષદભાઈ દવે સામે જોઈ સ્વામીશ્રીએ અચાનક જ પ્રશ્ન પૂછ્યો : 'હર્ષદભાઈ ! આપણે ખાવા કેટલું જોઈએ ?'

'બાપા ! મૂઠીભર જોઈએ.'

સ્વામીશ્રીએ હાથથી નિર્દેશ કરીને આખી ફેક્ટરી બતાવતાં કહ્યું : 'મૂઠી દાણા માટે આટલું બધું કરવું પડે છે !'

લગભગ એક અઠવાડિયું અહીં સમગ્ર ગુજરાતના હરિભક્તોને લાભ

આપી, મોટાસ્વામીની રજા લઈ, ડૉક્ટરની સલાહથી સ્વામીશ્રી અચાનક મુંબઈ જવા નીકળ્યા. હરિભક્તોને આ કાર્યક્રમની ખબર ન હતી, પણ સુરત સ્ટેશને ઘણા હરિભક્તો દર્શને આવ્યા હતા.

સુરતથી ટ્રેન પસાર થયા પછી સ્વામીશ્રી અંતેવાસી સેવકોને કહે : 'હરિભક્તોને પ્રેમ ઘણો, પણ આપણે માંદા પડ્યા. નહીંતર બધે આઠ આઠ દી' રોકાઈને હરિભક્તોને સુખ આપીએ. પહેલાં ગામડે મહિનો - પંદર દી' રોકાતા ત્યારે માણસ ગોતવા જાવા પડતા, પણ સ્વામીના પ્રતાપે લાખો માણસ હવે 'જોગી જોગી' કહે છે.'

અક્ષર દેરીથી અક્ષર ભવન

તા. ૨-૨-'૬૬, સવારે ગુજરાત એક્સપ્રેસમાં દાદર સ્ટેશને ઊતરી, અક્ષર ભવનમાં પધાર્યા.

મુંબઈમાં સ્વામીશ્રીની સેવામાં ડૉ. સ્વયંપ્રકાશ સ્વામી, ડૉ. ભગુભાઈ તથા ડૉ. દલ સદાય હાજર રહેતા. મુંબઈના પ્રખ્યાત ડૉ. મિનોચર મોદીની સલાહ-સૂચના મુજબ દવા ચાલુ કરી. તબિયતમાં સારો સુધારો જણાવા લાગ્યો. સ્વામીશ્રીને આરામ મળે તે રીતે સંપૂર્ણ શિસ્ત અહીં હરિભક્તો પહેલેથી રાખતા આવ્યા હતા.

અહીં સ્વામીશ્રી દરરોજ લગભગ ૫-૦૦ વાગે ઊઠતા. તે વખતે સંતો પાસે ધૂન, પ્રભાતી તથા અષ્ટકો બોલાવતા. પાંચ-દસ મિનિટ સંતોને પ્રેરણાદાયક ઉપદેશ આપે. પછી સંતો તથા હરિભક્તો પાસે વાતો કરાવે. પોતે સાંભળે.

સ્નાનાદિક પછી પૂજામાં સૌને દર્શન આપે. પછી પ્રમુખસ્વામી અથવા મહંત સ્વામી એક વચનામૃત સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે સમજાવતા. અંતમાં કોઈ કોઈ વખત સ્વામીશ્રી પણ પાંચ-સાત મિનિટ વાતો કરે. ત્યારે સૌને બ્રહ્માનંદમાં ગરકાવ કરી દેતા. વાતાવરણની ગંભીરતાને હળવી કરી દેતા. જાણે કોઈ બીમારી જ નથી, અશક્તિ જ નથી, એટલી બધી પ્રસન્નતા બતાવે. ત્યારે સૌને ભુલાવામાં પાડી દે કે આ તે કેવા અલૌકિક દરદી !

ઉકાળો લઈ આરામ કરતા. ૧૧-૦૦ વાગે ટપાલમાં સહી કરે. ૧૨-૦૦ વાગે ઠાકોરજી જમાડી એક વચનામૃત વંચાવે. તે વખતે પણ પત્રોમાં સહી કરે. અને સંતો અથવા હરિભક્તો પાસે વાતો કરાવે.

બપોરે ૧-૧૫ થી ૪-૦૦ આરામ કરી, ૪-૩૦ થી ૫-૩૦ સુધી

ઠાકોરજીના રૂમમાં બેસી ટપાલ લખે. તે દરમ્યાન કોઈ સંતને બાજુમાં બેસાડી વાતો કરાવે. ૫-૩૦ વાગે આરામમાં પધારે.

૮-૦૦ વાગે સ્નાનાદિક વિધિ પતાવી, પાંચ-સાત મિનિટ ઠાકોરજીના રૂમમાં બેસે, પછી ઉકાળો લઈ આરામની તૈયારી કરે. કોઈ વખત પોતાને ઈચ્છા હોય તો સભામાં પંદર-વીસ મિનિટ પધારી દર્શન આપે અને ૧૦-૦૦ વાગે આરામમાં પધારે.

મહા સુદ પૂર્ણિમા અને મહા વદ એકાદશીએ ભૂલેશ્વરમાં મોટા મંદિરે, સંતો-હરિભક્તો સાથે દર્શને ખાસ ગયા હતા. દેવદર્શન અને તીર્થદર્શન એમનું જીવન હતું. તેમાં તેમને ખૂબ આરામ મળતો. કોઈ ગમે એટલું રોકે તો માને નહિ.

અહીં દર્શન કરી પાછા આવતા હોય ત્યારે સાત રસ્તા પર આવેલા મગનભાઈ ખત્રીના કારખાને પણ ઘણી વાર પધરામણીએ પધારે. સ્વામીશ્રી અચાનક જ પધારે એટલે પ્રેમીભક્ત મગનભાઈ સ્વાગત માટે દોડાદોડી કરી મૂકે. આ વખતે સ્વામીશ્રી અચાનક જ તેમના કારખાને પધાર્યા હતા.

મગનભાઈ વિનંતી કરતાં કહે : ‘બાપા ! અગાઉથી કહેવડાવો તો વ્યવસ્થા બરાબર થાય ને !’

‘આપણા પોતાના ઘરે આવવાનું તેમાં શું કહેવરાવવું ?’ સ્વામીશ્રીના આ આત્મીય ઉત્તરથી મગનભાઈ ગદ્‌ગદ થઈ જતા.

પૂજન-આરતી પછી સ્વામીશ્રી મંદિરે આવવા નીકળે ત્યારે ઘણી વાર પોતાની સાથે જ મગનભાઈને મોટરમાં બેસાડી દેતા. રસ્તામાં તેમના વાંસે હાથ ફેરવતા જાય ને પૂછે : ‘કારખાનું કેવું ચાલે છે ?’

મગનભાઈ કહેતા : ‘બાપા ! આપની કૃપાથી બહુ સારું ચાલે છે. કાંઈ સેવા હોય તો કહેજો.’

સ્વામીશ્રી તેમની ઈચ્છા જાણી સેવા કહેતા અને તેઓ પણ અવારનવાર સ્વામીશ્રીની મરજી મુજબ સેવા કરતા. આવી ભક્તિભાવનાથી સ્વામીશ્રી ખૂબ રાજી થતા અને નિધડકપણે તેમને સેવા કરવા કહેતા. સ્વામીશ્રીનો આવો વિશ્વાસ તેમણે સંપાદન કર્યો હતો.

દરદ ભલેને આવ્યાં !

તા. ૫મીએ, સવારે ૪-૩૦ વાગે, સ્વામીશ્રી પથારીમાં બેઠા થયા. ઉધરસ ખૂબ આવી. કફ નીકળ્યો. પછી કહે : ‘આ રોગ ક્યારે મટશે ? બહુ લંબાયો.

હવે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરો, હાવ હારા થઈ જઈએ. શ્રીજીમહારાજને ખબર પડશે કે ઉધરસ હેરાન કરે છે તો ઉધરસના ભુક્કા ઉડાડી નાખશે...'

વાતે વાતે શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજનું સ્મરણ, સ્વામીશ્રી મહારાજની કેટલા નજીક છે તેનો અણસાર આપતું હતું.

'...આવું દરદ કોઈને દુનિયામાં નહિ હોય. બીજો હોય તો મરી જાય ખરુંને ! ઘણાં દરદ આવ્યાં છે. ભલેને આવ્યાં. આપણે તો આત્મા છીએ. દેહના દંડ દેહ ભોગવે. આપણે આત્માને શું ?' આમ, સ્વામીશ્રી સંતોને ઉદ્દેશીને તેમજ સ્વગત-મિશ્રિત ઉદ્‌ગાર કાઢતા.

આજે મુંબઈના પ્રખ્યાત ડૉક્ટર મિનોચર મોદી સ્વામીશ્રીને તપાસવા આવ્યા હતા. ખૂબ શાંતિથી તપાસ્યા. ઘૂંટી તથા પીંડી નીચે નાની હથોડી ઠપકારી, તેમની રીતે બધું જોયું. તેમના ગયા પછી હર્ષદભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'ડૉક્ટરે હથોડી મારી.'

'પ્રસાદીની થઈ.' સ્વામીશ્રી એટલું જ બોલ્યા.

તા. ૬ઠ્ઠીએ, રવિવારની સભામાં સ્વામીશ્રી કહે :

'હરિભક્તો જે પરાંમાં રહેતા હોય તેમણે પોતાના સ્નેહી-સંબંધી જે મળે તેને કહેવું - 'હાલો, દાદરમાં રવિવારની સભા થાય છે.' તેડી લાવવા.

'શાસ્ત્રીજી મહારાજની ઓળખાણ કરાવવી કે આ જ મોક્ષદાતા છે. આ ઓળખાણ એ કલ્યાણ. બીજાને બતાવવા-ઓળખાવવા તે ભક્તિ. અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા કરાવવી તે ભક્તિ.

'મુંબઈમાં ઘણા શેઠિયા છે, પણ આ ભૂતા શેઠ એક જ અહીં આવે છે. તેમણે એક કરોડ રામમંત્ર કર્યા તો શાસ્ત્રીજી મહારાજ મળ્યા.'

ડાયરી લખીએ તો આનંદની ખબર પડે

બીજે દિવસે મંગળ પ્રવચનમાં સંતોને અમૃત વચનો કહ્યાં :

'હું ઐસા કરું, તૈસા કરું...' તેમાં હખ ન મળે. સ્થિતિમાં રહેવું. ત્યાગી થયા તેનો ધર્મ પાળવો, ભક્તિ કરવી. અહીં જેવું સુખ છે તેવું બ્રહ્માંડમાં, અમેરિકામાં, લંડનમાં નથી. અમે બધા દેશ જોયા. ક્યાંય સુખ નથી. હિન્દુસ્તાનમાં પણ સત્પુરુષની પાસે સુખ છે. આવો જોગ ફરી ક્યાં મળે છે ? કથાવાર્તામાં બેસવાનો લાભ લઈ લેવો. હેત તૂટવા ન દેવું. દેહમાં હેત-આસક્તિ છે તે ટાળવું.

'સવારથી સાંજનું કાર્ય લખી લેવું. ડાયરી રાખવી. એકાદ કાર્ય ન થયું

હોય તો વિચાર કરવો કે ‘કેમ ઊંઘ ચડી ગઈ ? આ કાર્યમાં ખોટ પડી.’ ડાયરી લખીએ તો આનંદની ખબર પડે.’

આજે રાતે ઊંઘ આવી નહિ, તેથી અમને સૌને બોલાવ્યા. ફરી ઊંઘની ગોળી લીધી પણ ઊંઘ આવી નહિ. રાત્રે ૧-૦૦ વાગે પડખાં ફેરવતા હતા. પૂછ્યું તો કહે : ‘ઊંઘ નથી આવતી. બહુ દુ:ખ પડે છે. હે મહારાજ ! ઊંઘ નથી આવતી. મા-બાપ ! દુ:ખ ઘણું પડે છે.’ આમ, લગભગ નાના બાળકની જેમ ઉંકારા કરતા, જાણે રુદન કરતા ન હોય ! તેમ બોલી રહ્યા હતા. પછી સેવકને કહે : ‘૨૫ માળા શાસ્ત્રીજી મહારાજને સંભારીને ફેરવો તો આવી જશે.’

સંતોએ ૨૫ માળા ફેરવી ત્યાં જ સ્વામીશ્રીનાં નસકોરાં બોલવા લાગ્યાં. આ રીતે સંતોને ભજન કરાવતા, મૂર્તિમાં જોડતા સ્વામીશ્રી મનુષ્યલીલા કરતા.

વળતી સવારે, ૫-૩૦ વાગે સ્વામીશ્રીનો રૂમ ખૂલ્યો, બત્તી થઈ. ડૉક્ટર સ્વામી નૈરોબીના વીરચંદ શાહના નાના દીકરા સુધીરને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. સુધીરને હૃદયનું ઑપરેશન કરવાનું હતું તે વાત સ્વામીશ્રી પાસે તેમણે કરી અને આશીર્વાદ માગ્યા. પહેલાં તો સ્વામીશ્રીએ એની ઓળખાણ પૂછી. પછી કહે : ‘નાના છોકરાને અત્યારથી ઑપરેશન ! મોટો થવા દો પછી જો’શું. હમણાં ન કરાવતા.’

પછી સુધીરના હૃદયના ભાગ ઉપર હાથ ફેરવતાં આશીર્વાદ આપ્યા કે ‘ઑપરેશન નહિ કરવું પડે. ઓળઘોળ... તાવ તરિયો...’ એમ બોલતાં હસતાં હસતાં કહે : ‘જાઓ, ઑપરેશન થઈ ગયું.’ સ્વામીશ્રી જાતે જ બોલી ઊઠ્યા.

સવારે ઘણી વાર તપેલામાં, ગરમ પાણીમાં ટીન્ચર બેન્ઝીન નાખી, તેની વરાળનો નાસ લેતા. સ્વામીશ્રી કહે : ‘તપેલામાં સારું ફાવે છે. તેમાં છાતીનો પણ શેક સારો થાય.’ દેશી દવા અને દેશી પદ્ધતિઓ સ્વામીશ્રીને હંમેશાં વધારે અનુકૂળ આવતી.

એવી જ રીતે ઘણી વાર ખસખસના ડોડવાને ગરમ પાણીમાં ઉકાળી, તેની વરાળનો શેક લૂગડાંથી સ્વામીશ્રી છાતીએ કરાવતા. ક્યારેક અળશીનાં બિયાંને પોટલીમાં બાંધી, ગરમ તાવડી ઉપર રાખી શેક કરાવતા અને અમને સેવાનો લાભ મળતો.

ખાટલે ખાતું

તા. ૯મીએ સવારે, ૭-૪૦ વાગે વચનામૃત નિરૂપતાં સ્વામીશ્રી કહે :

'હેતથી અવગુણ ન આવે. સંબંધનો મહિમા જાણે તો હેત થાય. સ્વામિનારાયણનું એક નામ આખા વરસમાં લે - 'શાસ્ત્રીજી મહારાજ' એમ, તો એનો અવગુણ ન લેવો, તો રોજ નામ લેતો હોય તેનો અવગુણ કેમ આવે ? આપણું દેખવું, બીજાનું ન દેખવું. જાણે ખરો, પણ વિચારીને તેનો ત્યાગ કરી દે. જીવમાં ન ઘાલે.' વળી કહે :

'સારંગપુરમાં સંવત ૧૯૭૨માં પ્રતિષ્ઠા થઈ એ પહેલાં ત્રણ ઓરડા હતા. એકમાં સ્વામી પોઢતા, બીજામાં ભંડાર થતો અને ત્રીજામાં સરસામાન રહેતો. સ્વામીના ઓરડામાં ભગવત્સ્વરૂપ સ્વામી અને હું સૂતા. સવારે ૪-૦૦ વાગે સ્વામી *'કીજિયે ધ્યાન'* આ પ્રભાતિયાં બોલાવે. પછી શાસ્ત્રીજી મહારાજ બેઠા થઈ વાત કરે. સ્વામીને આ પ્રભાતિયું પ્રિય અને રમણીય લાગે. ભગવત્સ્વરૂપ સ્વામીનો રાગ પ્રિય હતો. અત્યારે મારે તો ખાટલે ખાતું છે.

'મારો રાગ સાંભળી, રણછોડ ભગત કહેતા : 'તમે ગાવ ને નળિયાં ખખડ ખખડ થાય.' અત્યારે સાદ બેસી ગયો છે.'

આજે વડતાલવાળા શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસ (વાયુ શાસ્ત્રી) સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

બપોરે ૪-૦૦ વાગે સૌને કહે : 'દાક્તર આવવાના છે. બધા બહાર જજો. બારણું બંધ રાખજો. કોઈ અંદર ન આવે. દાક્તરની ને ગુરુની મર્યાદા રાખવી પડે. એ વિવેક છે.'

આજે ડૉ. હીરાલાલ તપાસવા આવ્યા હતા. સાંજે સ્વામીશ્રી સ્નાન કરવા પધાર્યા. ઉતાવળ થઈ એટલે ત્રણે ગૅસના ચૂલા ઉપર ગરમ પાણી મૂક્યું હતું. હાથ ધોતાં ધોતાં સ્વામીશ્રી કહે : 'મારે વધારે ડોલ જો'શે નહીં. બે ડોલથી નાહી લઈશ. ગૅસ નકામો બળે છે. આ તો વે'વાર માથે પડ્યો નથી એટલે ખબર ન પડે. પડશે ત્યારે ખ્યાલ આવશે કે કેમ વપરાય છે. જેને વીતી હોય, તેને ખબર પડે.'

હૃદયગ્રંથિના ઉચ્છેદક

સ્નાન પહેલાં સાંજે સ્વામીશ્રી સામાન્ય વિશ્રામ લેવા રૂમમાં પધારે અને આડે પડખે સૂઈ કોઈ યુવક પાસે જીવન ચરિત્રો વગેરે વંચાવે.

આજે પિનાકીન બ્રહ્મભટ્ટે ભગતજી મહારાજનું જીવન ચરિત્ર વાંચવાનું શરૂ કર્યું. થોડી વારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'કાંઈ પૂછવું છે !'

'ના.'

આમ બે વખત થયું પછી પોતે સામેથી કહેવા લાગ્યા : 'લ્યો ત્યારે, અમે પૂછીએ... તમે શું કરો છો ?'

'કૉલેજમાં ભણું છું.'

'તે તમારે એમાં મિત્રો ખરા ?'

'હા, બાપા !'

'ગુરુ ! ઈમ નઈ... ડોશિયું મિત્ર ખરાં ?'

આવા અણધાર્યા પ્રશ્નથી પિનાકીન એકદમ સંકોચ પામી ગયા. છતાં કહ્યું ખરું : 'હા, બાપા !'

'લે, ગુરુ ! આપણે સત્સંગીના દીકરા કહેવાઈએ, આપણાથી ડોશિયું મિત્ર ન રખાય. આપણે તો સાધુ થવાનું છે. માટે હવે કાલે ના પાડી આવજો કે હું તમારી સાથે નથી બોલતો.' એમ ઘણી શિખામણ આપવા લાગ્યા.

પિનાકીન કહે : 'બાપા ! ના કેવી રીતે પાડવી ? મારી પ્રૅક્ટિકલની જર્નલ પણ એ લોકો ઉતારવા લે છે...'

તેમની મૂંઝવણ જોઈ. છતાં સ્વામીશ્રીએ ફરી કહ્યું : 'શું વિચારો છો ? કાલે ના પાડી દેજો.'

'બાપા ! ના તો પાડું, પણ કારણ શું બતાવું ? એમ કહેવું કે મારા ગુરુએ ના પાડી છે ?'

'એમ નો કહેવાય.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'અમારો અવગુણ આવે ! કો' ના પાડશો ?'

'હા.'

સ્વામીશ્રી આ સાંભળી ખૂબ રાજી થયા.

બીજે દિવસે સાંજે તેઓ ફરી સ્વામીશ્રી પાસે આવ્યા, પણ સ્વામીશ્રીનું વચન યાદ હોવા છતાં પાળી શક્યા ન હતા.

એવામાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું, ગુરુ ! ના પાડી આવ્યા ?'

તેમણે ના પાડી. એટલે એકદમ ઉદાસ થઈ ગયા. પછી કહે : 'કાલે આપણે વાત થયેલ, તોય ના નો પાડી ?'

'બાપા ! કાલે ના પાડી આવીશ.'

સ્વામીશ્રી બહુ રાજી થયા ને માથે હાથ ફેરવી વહાલ કર્યું.

બીજે દિવસે કૉલેજમાં જઈ પિનાકીનભાઈએ એક મિત્રને બોલાવી, પરીક્ષા વગેરેનાં બહાનાંથી થોડું સમજાવ્યું અને તેના ઘેર જઈને કહી આવ્યા કે

'હવે નહીં બોલું.' એમ કહી ઝડપથી મંદિરે પહોંચી ગયા. કેમ કે સ્વામીશ્રીના સ્નાનનો સમય થઈ ગયો હતો.

તેમને આવતા જોઈ સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા. આજુબાજુના યુવકોને ખસેડતાં કહે : 'આવવા દ્યો એમને ! ગઢ જીતીને આવે છે !'

પછી પિનાકીનભાઈને થાપો મારતાં કહે : 'પછી, રૂમમાં વાત કરજો.'

સ્નાન બાદ સ્વામીશ્રીએ રૂમમાં બેસાડી વિગત પૂછી ને ખૂબ રાજીપો બતાવ્યો : 'ગુરુ ! શૂરવીર ખરા. બહુ સારું કર્યું. હવે આપણે ડોશિયું મિત્ર રાખવી જ નહિ. આપણે તો બ્રહ્મચર્ય પાળવાનું છે. સાધુ થવાનું છે.' એમ કહેતાં માથે, છાતીએ હાથ ફેરવતા જાય, આશીર્વાદ આપતા જાય.

પિનાકીનભાઈ કહે : 'બાપા ! મેં ના તો પાડી, પણ તે રડતાં હતાં.'

'હા, ઈ તો રડે. તમારી હારે હેત ખરુંને એટલે ! પણ હવે એ માર્ગે જ જાવું નથી...'

સ્વામીશ્રીનો રાજીપો એવો મધુર લાગતો કે યુવકોની દુન્યવી મધુરતાની ઇચ્છા ખરી પડતી.

ગુણીજન પૂજક

અક્ષરપુરુષોત્તમ સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરતા સંતો ભારતીય વિદ્યાભવન સંચાલિત સંસ્કૃત પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થતાં તેમને પ્રમાણપત્રો આપવાનો સમારંભ તા. ૧૨-૨-'૬૬ના રોજ યોજવામાં આવ્યો હતો. પ્રમુખ-પદે ભારતીય વિદ્યાભવનના પ્રધાન આચાર્ય દીક્ષિતારજી તથા સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃતના પ્રૉફેસર ઝાલા મહેમાનપદે હતા. જાણીતા ગુજરાતી સાહિત્યકાર મુરલી ઠાકુર પણ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સૌએ સંસ્કૃત ભાષાની શ્રેષ્ઠતા બતાવી અભ્યાસ માટે અનુરોધ કર્યો હતો.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'ઝાલા સાહેબ અમારા જૂનાગઢના. મુરલી ઠાકુરના પિતા નારણભાઈ સૂર્યનારાયણની વાડીમાં મંદિર છે ત્યાં પૂજા કરતા. તે શાસ્ત્રીજી મહારાજ પાસે આવતા તેથી મુરલી ઠાકુર તો અમારા જ છે. પૂજનીય છે. જૂનાગઢના ઝાલા સાહેબ પણ પૂજનીય છે. દીક્ષિતારજી પણ પહેલાંના ગુરુ છે જ.' એમ સૌનો મહિમા કહ્યો.

યુવક મંડળે યોજેલી નિબંધ હરીફાઈના વિજેતાઓને પણ સ્વામીશ્રીના વરદ હસ્તે રવિવારની યુવક સભામાં ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં.

વર્તમાન બહારની ક્રિયામાં દિવ્યભાવ નહિ

તા. ૧૪મીએ સવારે સ્નાન કરતી વખતે એક સંતે પ્રશ્ન પૂછ્યો : 'બાપા ! દિવ્યભાવ એટલે શું ?'

'શું ?' સ્વામીશ્રીએ સામું પૂછ્યું. તેમણે ફરીથી પ્રશ્ન પૂછ્યો.

'દિવ્યભાવ એટલે ગુણાતીતના સંબંધવાળાનો મહિમા.' સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'સંબંધ કોનો ? મહારાજ, ગુણાતીત સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજનો સંબંધ છે. બધી ક્રિયામાં દિવ્યભાવ સમજવાનો. બધી ક્રિયા એટલે ? પંચ વર્તમાનની અંદરની, સર્વે નાનામાં નાની ક્રિયામાં દિવ્યભાવ. પંચ વર્તમાન બહારની ક્રિયામાં દિવ્યભાવ ન હોય. કરાય પણ નહિ.'

સવારે ૧૦-૦૦ વાગે આરામમાંથી ઊઠ્યા પછી હંમેશ મુજબ ટપાલ લખવા લાગ્યા. શ્રીહરિ સ્વામી, પ્રભુસ્વરૂપ સ્વામી, ગુણુ ભગત વગેરે બેઠા હતા. સંતોએ પૂછ્યું : 'આ ટપાલ લખવાનું ક્યારે મૂકશો ?'

ટપાલમાંથી માથું ઊંચું કરીને સ્વામીશ્રી કહે : 'આ લખું છું એટલે તો સાજો છું ! નવરું ન રહેવાય. વિચાર આવ્યા કરે.'

'આપને તો મહારાજ, સ્વામીના વિચાર આવે.'

'તો પણ નવરું ન બેસાય.' એમ કહેતા હસવા લાગ્યા.

૧૧-૩૦ વાગે ઠાકોરજીના ઓરડામાં આવ્યા. સંતો સાથે પ્રેમથી થાળ બોલ્યા પછી કહે : 'હું નત દેરીમાં થાળ ધરાવતો. સાક્ષાત્ મહારાજ-સ્વામી, અનંત મુક્તો જમી જતા. તે અત્યારે ઇદમ્ સાંભરી આવે છે. આ બધા સંતો અક્ષર દેરીના છે, ગુણાતીત સ્વામીના છે.'

વળતી સવારે સ્નાન કરતી વખતે યુવકો સ્વામીની વાત બોલ્યા : 'ભગવાનથી અંતરાય રહે એટલું અંતરમાં દુઃખ રહે.'

'એટલે શું ?' સ્વામીશ્રી કહે : 'સત્પુરુષ પાસે નિષ્કપટ ન થાય, મનનું ન કહે, એટલે અંતરાય રહે. કપટ રાખે એટલે દુઃખ રહે.'

રાત્રે ઉકાળા-પાણી કરી સ્વામીશ્રી સભામાં ઉપરના હૉલમાં જઈ રહ્યા હતા. ખુરશીમાં બેઠા હતા અને ઓરડાની બહાર ખુરશી કાઢી ત્યાં લોબીમાં આજુબાજુ સંતો દર્શનાર્થે ઊભા હતા. તેમને જોઈ સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'ગાડી આવી... આઘા જાવ, ગાડી આવી... આઘા જાવ...'

સ્વામીશ્રી એવા તો બાળસહજ ભાવે બોલ્યા, જાણે નાનાં બાળકો રમત

કરતાં બોલતા ન હોય ! સૌ સ્વામીશ્રીને પગે લાગતા, એમની બાળસહજ મૂર્તિમાં હાસ્યરસ સાથે લીન થઈ ગયા !

કારીગર પર કારીગરી

મુંબઈના લવજીભાઈ રામજીભાઈ પરમારનાં માતુશ્રીને સત્સંગ ખરો, પણ લવજીભાઈને સત્સંગ તરફ નફરત. એક વાર નળ બજારમાં મેઘજીભાઈ કુંડલાવાળા તેમને ભેગા થઈ ગયા અને પરાણે કપોળ વાડીમાં સ્વામીશ્રીનાં દર્શને લઈ આવ્યા. તે પછી ભૂધરજી મારૂ તેમને દાદર મંદિરે સ્વામીશ્રી પાસે લઈ ગયા ને વર્તમાન ધરાવી પાકા સત્સંગી કર્યા.

આ વખતે તેમને સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે 'તમારે ગોંડલ જવું અને ત્યાં ગુરુકુળમાં ટાઈલ્સ ચોડવાનું કામ કરવું. ત્યાં સિદ્ધેશ્વર સ્વામી કામ કરવાના પૈસા આપે તોપણ કંઈ લેવું નહીં.' આમ, આ કામ ફક્ત સેવામાં જ કરવાની ખાસ ભલામણ કરી.

લવજીભાઈ નિષ્ઠાવાન હરિભક્ત થયા હતા. મુંબઈમાં તેઓ કોન્ટ્રાક્ટથી કામ કરતા. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે જવાનું હોઈ, અહીં ચાલતાં કામની વ્યવસ્થા તેમણે તેમના નાના ભાઈને સોંપી.

લવજીભાઈએ પછી તો ગોંડલમાં રોજના ૧૫ કલાક કામ કરીને સ્વામીશ્રીને રાજી કરવા ખૂબ મહેનત અને સેવા કરી. લવજીભાઈની સેવાથી સ્વામીશ્રી તેમના ઉપર પ્રસન્ન થયા.

સ્વામીશ્રી પોતાના ભક્તોને સેવાની તક આપીને રાજીપો વરસાવતા. જો ભક્ત મરજી જાણી આજ્ઞા પાળે, તો મોટાપુરુષનો રાજીપો મળી જતો. બાકી કારીગર તો ઘણા મળી રહે, પણ લવજીભાઈને આ સેવાથી જીવનનું સંભારણું મળી ગયું અને અક્ષરધામનું ભાથું બંધાઈ ગયું. જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીની પણ આ જ રીત હતી. ગુણાતીત સત્પુરુષની આવી જ રીત હોય છે. સામાન્ય ગણાતી સેવામાં પણ જીવનું કામ કાઢી લે.

અહીં સ્વામીશ્રી માટુંગામાં પ્રતાપરાય દોશીને ત્યાં પધરામણીએ પધાર્યા. તેઓ ગુણવંત દાણીના બનેવી હોવાથી ગુણવંતે સ્વામીશ્રીને પ્રતાપરાયનો પરિચય આપ્યો કે 'તે માતાજીના પ્રખર ઉપાસક છે. નવરાત્રિ દરમ્યાન કેવળ પ્રવાહી પર રહી અખંડ જાપ કરે છે. માટે સત્સંગી થાય તેવી કૃપા કરો ને કંઠી ધારણ કરાવો.'

સ્વામીશ્રી હસી પડ્યા. કહે : 'દેવીના ભગત છે. સેવાભાવી બહુ. આપણો જોગ થયો છે, તો છોડવા નથી. કંઠી હમણાં નથી પહેરાવવી. ભવિષ્યમાં પહેરશે.'

પછી તેમના પુત્રો હરીશ, કિરણ તથા દીપકને પણ સામેથી બોલાવી હેત કર્યું. કહે : 'લ્યો થાપો !'

ગુણવંતે તેમની વાત પણ કરી કે છોકરાઓ મંદિરે આવતા નથી.

સ્વામીશ્રી કહે : 'લાવો કંઠી પહેરાવીએ. મંદિરે નહીં આવે તે ક્યાં જશે ? એની મેળે જ આવશે.'

પછી વિદાય લેતા હતા ત્યારે પ્રતાપરાયે ભેટ મૂકી. તે જોઈ સ્વામીશ્રી કહે : 'પ્રતાપભાઈ ! આપણે ફ્રૂટનો એક કરંડિયો ગોંડલ અક્ષર દેરીએ મોકલવો છે, તો તમે મંદિરે એક-બે દિવસમાં મોકલજો.'

પ્રતાપભાઈ તે જ સાંજે ફ્રૂટનો કરંડિયો લઈને આવી પહોંચ્યા. સ્વામીશ્રી આ નાનકડી સેવામાં ખૂબ રાજી થયા અને ભાવથી બોલી ઊઠ્યા : 'જાવ સુખી થઈ જશો.' આ આશીર્વાદથી તેમના દેશકાળમાં ખૂબ પરિવર્તન આવ્યું ને સુખી થઈ ગયા. પાછળથી સત્સંગ પણ દૃઢ થયો.

તા. ૧૬મીએ, સવારે ૫-૧૫ વાગે ઊઠ્યા. મંગળ પ્રવચન માટે ઠાકોરજીની રૂમમાં પધાર્યા. વચનામૃત ગ.પ્ર. ૭૬નો મહિમા કહ્યો : 'મુદ્દાનું. સાડા ત્રણ લીટીનું વચનામૃત. મોઢે કરવું. અનુસંધાન રાખવું. જાણપણું રાખવું.'

બપોરે ૩-૪૫ વાગે સ્વામીશ્રી આસનમાં પડખાં ફેરવતા હતા. સેવકો બાજુમાં બેઠા હતા. સંતોને જોઈને સ્વામીશ્રીને સહેજે વાત કરવાનું મન થઈ જતું.

સ્વામીશ્રી કહે : 'નિયમ-ધર્મ પાળવા. જીવ વૃદ્ધિને પામે. એકાંતિક થવાય. ધર્મામૃત વાંચવું. પૂજામાં વાંચવું. નિષ્કામ શુદ્ધિનો દર ૧૫ દિવસે પાઠ કરી લેવો. ખબર પડે આપણે કયા અંગમાં કાચા છીએ. ખટકો રહે.

'શુદ્ધ વર્તન રાખવું. જોગીના ચેલાને વિશેષ રાખવું. ગુરુની લાજ જાય એવું કર્મ તો કરવું જ નહિ. ભૂલેચૂકે પણ ન કરવું. સૌને ગુણ આવે એવી ક્રિયા કરવી. રસોડામાં જાવું. ત્યાગવલ્લભ સ્વામીને મદદ કરી, ટેકો આપવો. આમ, નિષ્કામી જીવન થાય. રાજીપો મળે.'

શિવરાત્રિ નિમિત્તે ઠાકોરજી સમક્ષ ફરાળનો અન્નકૂટ ગોઠવાયો. રાત્રે પ્રમુખસ્વામીએ ગુજરાત તરફ વિદાય લીધી હતી.

❀ ❀ ❀



અમાની માનદો માન્યઃ !

આ જ શિવરાત્રિનો પ્રસંગ યાદ કરતાં વિમલશંકર શાસ્ત્રી જણાવે છે :

'આપણા ચાર સંતો સંસ્કૃત પરીક્ષાના અભ્યાસ માટે માર્ગદર્શન મેળવવા મારા મિત્ર દેવકૃષ્ણાચાર્યજી પાસે ગુલાલ વાડીમાં દે.જી. સંસ્કૃત પાઠશાળામાં પ્રાયઃ રોજ આવતા હતા. તેઓ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી તેમજ સંસ્કૃત ભાષાના પંડિત હતા. વળી, બન્ને પગે અપંગ હતા. બીજાની સહાયતા વગર ક્યાંય પણ ન જઈ શકે એવી સ્થિતિ હતી. એટલે હું મોટેભાગે તેમની સાથે જ રહેતો.

'મહાશિવરાત્રિને દિવસે યોગીજી મહારાજ પોતાના આ માનસપુત્ર - વિશિષ્ટ સંતોના વિદ્યાગુરુને જોવા-મળવા માગતા હતા. આથી સમયસર મોટર આવી એમાં અમે દાદર મંદિર આવી પહોંચ્યા.

'એ વખતે મંદિરના બીજે માળે યોગીજી મહારાજનું ધર્મધામ હતું. એક ઓરડામાં અમારા માટે ગાદી અને તકિયા મૂક્યાં હતાં. સામે જ યોગીજી મહારાજનો પલંગ હતો અને આસપાસ સંપ્રદાયના પંદર-વીસ શિષ્ટ-વિશિષ્ટ હરિભક્તો બેઠા હતા. યોગીજી મહારાજ તે વખતે એમના આસન પર નહોતા. અમે બન્ને અમારા નિશ્ચિત સ્થાન પર બેસી ગયા.

'થોડીક જ વારમાં યોગીજી મહારાજ એ ઓરડામાં પધાર્યા. જ્યાં અમે અને અન્ય હરિભક્તો બેઠા હતા, ત્યાં આવીને તેઓ અમારી સામે જમીન પર જ બેસી ગયા. મારે માટે અપ્રગટ એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપનું આ પ્રથમ દર્શન હતું. એમની પ્રતિભાએ જ એ ગુરુહરિનો પરિચય કરાવી દીધો. હું સફાળો ગાદી ઉપરથી ઊભો થઈ ગયો. જે સૌમ્ય પ્રકાશ આગળ ભલભલાનો પદ-પદવી અને પૈસાનો મદ આપોઆપ ઓગળી જાય ત્યાં મારા જેવાનો વિદ્યામદ ઓગળતાં કેટલી વાર !

'દેવકૃષ્ણાચાર્યજીએ ખુલાસો કર્યો કે 'હું ઊભો થઈ શકતો નથી.' યોગીજી

મહારાજે હસીને તેમની નમ્રતા સ્વીકારી. મને એમણે ગાદી પર બેસવાની આજ્ઞા કરી. ત્યારે મેં વિનંતી કરતાં કહ્યું કે 'આપ નીચે બેઠા છો ને હું ગાદી પર બેસું એ ઠીક નથી. આપ આપના આસન પર બેસો, પછી હું મારે આસને બેસું. આપ નીચે અને હું ગાદી પર, એ શોભે નહીં.'

'એક અનોખા માનવીની ભાષામાં યોગીજી મહારાજે જણાવ્યું કે 'એમાં કશી હરકત નહીં. એવું જ શોભે ! તમારું બ્રાહ્મણ શરીર છે. તમે કાશીએ જઈ સંસ્કૃત ભણ્યા છો, આચાર્ય થયા છો. બેસો.'

'સંપ્રદાયના સંનિષ્ઠ સમૃદ્ધ શિષ્યરત્ન જેવા ઉદાત્ત સત્સંગીઓના સાંનિધ્યમાં પોતાનાથી અદકી બીજાની યોગ્યતા રજૂ કરનાર આ મૂઠી ઊંચેરો ધર્મગુરુ આટલેથી ન અટકતાં કહે છે કે 'હું તો સાવ અભણ છું.' એમ કહેતાં અમારા પગની રજ લઈ માથે ચઢાવવા લાગ્યા. અમે તો દિગ્મૂઢ બની આ જોતાં જ રહી ગયા.

'પછી થોડીક સંતછાત્રોના અભ્યાસ અંગેની વાતચીત કરી યોગીજી મહારાજ એમના આસન પર ગયા. એ જ વખતે અમે બન્ને અતિથિ પંડિતો એકબીજા સામે જોઈને બોલી ઊઠ્યા કે 'મેં આવો ધર્મગુરુ જોયો નથી.'

'આ પ્રસંગે એમણે મને શબ્દોમાં કશું જ ઉપદેશ્યું નથી; પણ એમના આચરણે મને જરૂર એટલું ઉપદેશ્યું કે વિષ્ણુસહસ્રનામમાં 'અમાની માનદો માન્યઃ' આ ત્રણ નામો ભગવાનનાં હજાર નામોમાં ક્રમથી ગોઠવાયાં છે. એનો એ જ ભાવાર્થ હોવો જોઈએ કે જે અમાની રહે - માનની ભૂખ ન રાખે અને માનદ થાય - એટલે કે બીજાને સતત માન જ આપતો રહે, તો એ સમાજમાં સહેલાઈથી 'માન્ય' એટલે કે માન મેળવવા લાયક બને છે. સર્વત્ર બહુમાન પામે છે.

'ધરતી પર અનેક ધર્મો છે. કોઈપણ ધર્મ એવો નથી જેમાં સાધુ-સંતો ન હોય. સાધુ-સંતોની સહાયતા વગર કોઈ ધર્મ પાંગરી શકે જ નહીં. સાધુ-સંતો જ ધર્મમાત્રના ધારક છે. તેમાં માન પર વિજય મેળવનારા સાધુ-સંતોની સંખ્યા કેટલી ? એટલે કે 'સન્તિ સન્તઃ કિયન્તઃ ?'

એને લગનના ફંદમાં પાડશો નહિ

આજે ધારાસણાના છગનભાઈ દર્શને આવ્યા. સ્વામીશ્રી કહે : 'તમારા દીકરા મનુને સાધુ થવા મોકલો. એને બળના શબ્દ કહી અહીં મોકલો. કેટલા દીકરા છે ?'

'ત્રણ.'

'તો એક તો આપવો પડે. એને લગનના ફંદામાં પાડશો નહિ.'

આમ, સૌને સાધુ થવાની પ્રેરણા સ્વામીશ્રી સતત આપતા રહેતા. ત્યાં બીજા હરિભક્ત આવ્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કોણ હરિભક્ત આવ્યા છે ?'

'રાવજીભાઈ.'

'બીજા કોણ છે ?'

'બાપા ! હું એકલો છું.'

'એકલા નથી, સ્વામી સાથે લાવ્યા છો.' સ્વામીશ્રીએ હેતથી ઉચ્ચ સમજણ આપી કે 'સ્વામી કહેતા - ગુરુ અખંડ આપણી સાથે જ છે.'

આપ તો બાજરાનું બી છે

કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'એક ભક્ત ગુણાતીતને લઈ બધા ભક્ત ગણાય. એક ભગવાન સહજાનંદને લઈને બધા ભગવાન કહેવાય.'

'બાપા ! આપ ?' તુરત એક ભક્તે પૂછ્યું.

'આપ તો બાજરાનું બી છે.' સહજભાવે સ્વામીશ્રી પોતાને માટે બોલી ઊઠ્યા. તેઓ હંમેશાં કુત્સિત શબ્દોથી જ પોતાની ઓળખાણ આપતા. દેહ-દશાથી પર પોતાની સ્થિતિનું સૂચન કરતા, ત્યારે જ ભગવાન સાથેની એકતાનું અનુસંધાન મળે ને !

દીક્ષિતારજી સાકારવાદી થાઓ

સંતોના ગુરુ પ્રખર અદ્વૈત વેદાંતી દીક્ષિતારજીને બ્લડ પ્રેશરની તકલીફ હતી એટલે તેમને માટે પૂજાની પ્રસાદીનું જળ લઈ જવાનું હતું. સ્વામીશ્રી પૂજામાં હતા. તેમણે કહ્યું : 'આખો લોટો ભરી આવો.'

પછી લોટામાં મહારાજની પ્રસાદીનો મણકો, પ્રસાદીનું ચંદન, ગુણાતીતાનંદ સ્વામીની ધાબળીનો કટકો બધું બોળવા માંડ્યા અને બોલતા જાય કે 'દીક્ષિતારજી સાકારવાદી થાઓ, સાકારવાદી થાઓ.'

નારાયણ ભગતે પૂછ્યું : 'બાપા ! આ જન્મે કે આવતા જન્મે ?'

'આ જ જન્મે, જેમ જીવણરામ થયા તેમ આ જન્મે સાકારવાદી થાય તેવો સંકલ્પ કર્યો છે.'

પછી કહ્યું : 'તેમને એક એક ચમચી પાણી પીવાનું કહેજો. રોગ જતો રહેશે.'

ઓહો ! મનુ ભગવાન

અહીંના પ્રેમી હરિભક્ત નાનુભાઈ બક્ષી હંમેશાં સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લે. તેમના મોટાભાઈ મનુભાઈ ચુસ્ત ગાંધીવાદી.

એક વાર તેમણે મનુભાઈને દાદર - અક્ષર મંદિરે આવી સ્વામીશ્રીનાં દર્શન કરવા ભલામણ કરી. મનુભાઈ કહે : 'હું સાધુમાં માનતો નથી. સારા-ખરાબ બધા સાધુ હોય છે, પણ બીડી-ચલમ અને ગાંજો-ભાંગ પીનારાઓ જ આજકાલ તો વધી ગયા છે. હું ગાંધીવાદી છું. મારે સાધુનું કામ જ નથી !' છતાં નાનુભાઈએ આગ્રહ કર્યો : 'આ સાધુ જુદા છે, એક વાર દર્શન તો કરો !'

છેવટે મનુભાઈ સંમત થયા. મંદિર પહોંચ્યા ત્યારે વચનામૃતની કથા ચાલુ હતી. ધીર, ગંભીર અને હળવી ગમ્મતો સાથે અદ્‌ભુત નિરૂપણ કરતાં સ્વામીશ્રીની રમણીય મૂર્તિનાં સાંનિધ્યથી વાતાવરણ દિવ્ય લાગતું હતું. સભા પછી દર્શન કરવા ગયા ત્યારે મનુભાઈને ધબ્બો આપી સ્વામીશ્રીએ આંખમાં આંખ પરોવતાં પૂછ્યું : 'શું નામ ?'

'મનુભાઈ.'

'બાપા ! આ મારા મોટાભાઈ છે. ચુસ્ત ગાંધીવાદી.' નાનુભાઈએ થોડો વિશેષ પરિચય આપ્યો : 'સાધુમાં માનતા નથી પણ...'

ત્યાં તો બીજો ધબ્બો આપતાં સ્વામીશ્રી કહે : 'ઓહો ! મનુ ભગવાન ! પહેલાં તમે મનુસ્મૃતિ લખી હતી. હવે કંઈ લખવાના છો ?' સ્વામીશ્રીને અજાણ્યા સાથે પણ આત્મીયતાનો સેતુ બાંધતા ક્ષણ પણ વાર ન લાગતી.

મનુભાઈ આ વાતાવરણ, આ સૌહાર્દ અને સ્નેહથી અભિભૂત થઈ ગયા. સ્વામીશ્રીએ વળી નજીક ખેંચ્યા. ત્રીજો ધબ્બો આપ્યો અને આજ્ઞા કરી : 'મંદિરે આવતા રહેજો. સંતો બહુ સારા છે. ચારિત્ર્યવાળા, નિષ્ઠાવાળા, ભગવાનમાં શ્રદ્ધાવાળા. વળી, ભણેલા-ગણેલા છે. બહુ સમાસ થશે.'

પછી કહે : 'સંતોનો સમાગમ કરવો. અને આપણું સાહિત્ય વાંચવું.'

સ્વામીશ્રીની આ આજ્ઞા પાળતા મનુભાઈ નિષ્ઠાવાન સત્સંગી બન્યા અને અનેક સેવા કરી સ્વામીશ્રીને રાજી કર્યા.

જીવનમાં સાદાઈ સાથે જ્ઞાન સંપાદન કરો

તા. ૧૯મીએ, ગોરેગાંવ યુવક મંડળનો વાર્ષિક ઉત્સવ આઈ.બી. પટેલ

હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં સ્વામીશ્રીની આજ્ઞાથી મહંત સ્વામીની હાજરીમાં ઊજવાયો હતો. સ્વામીશ્રીએ યુવકોને પત્રથી આશીર્વાદ પાઠવ્યા હતા :

'યુવક મંડળને સૂચના કે નાટક, સિનેમા, બીડી, બાકસ બંધ કરવાં. સાદું જીવન જીવવું. આધ્યાત્મિક જ્ઞાનના ભાગીદાર થવું. મા-બાપની આજ્ઞા પાળવી. અભ્યાસ જે કરતા હોય તેમને છ કલાક વાંચીને ફર્સ્ટ ક્લાસમાં પાસ થવું. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સ્વામી સહજાનંદ સ્વામીની ઉપાસના કરવી. વર્તમાન, નિયમ, ધર્મ બરાબર પાળવા તે અમારા અંતરની ઈચ્છા છે.'

ગોરેગાંવ યુવક મંડળના કાર્યકર્તાઓ જગદીશભાઈ તથા સતીશભાઈ વગેરે તેમજ વડીલો શંકરભાઈ તથા બાબુભાઈ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવામાં ખૂબ મહેનત કરી હતી. લગભગ ૨,૦૦૦ જેટલા યુવાનો તથા ભાવિકો આવ્યા હતા. કાર્યકર્તાઓએ સ્વામીશ્રીને તેડાવવાનો જરાપણ આગ્રહ નહોતો રાખ્યો.

સ્વામીશ્રીનાં દર્શનનો જાહેર વિશેષ લાભ મળે, છતાં સ્વામીશ્રીને તકલીફ ન પડે એ હેતુથી રવિવાર, તા. ૨૦મીએ, સવારે યુવક મંડળની સભા અને સ્નેહ સંમેલનનું આયોજન, મંદિર નજીક માટુંગા, પોદાર કૉલેજ હૉલમાં કરવામાં આવ્યું હતું. સભાપ્રમુખ તરીકે બૅરિસ્ટર ગાડગીલ તથા મુખ્ય મહેમાન તરીકે બૅરિસ્ટર માને હતા. ખાસ પરિસંવાદમાં 'ધર્મ અને જીવન' ઉપર ડૉક્ટર સ્વામી, 'સંતોનો માનવ ઉત્કર્ષમાં ફાળો' ઉપર કિશોરભાઈ દવે, 'શ્રીજી-મહારાજનું જીવન અને કાર્ય' ઉપર જનકભાઈ દવે તથા 'યોગીજી મહારાજ અને યુવકો' ઉપર મારું પ્રવચન હતું. વાણીવિહાર વિદ્યાલયના આચાર્ય ગોપાલાચાર્યજીએ 'સાચો યુવક કેવો હોઈ શકે ?' તે ઉપર તથા હર્ષદભાઈ દવે અને મહંત સ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. સ્વામીશ્રીએ *'હે હરિ હરિ, પ્રભુ કરુણા કરી...'* એ કીર્તન મીઠી હલકે ગાઈ સૌને સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય એવા આશીર્વાદ આપ્યા હતા.

પટની મૂર્તિમાં મહારાજ પંડે બેઠા છે

આજે યજ્ઞપુરુષ વ્યાખ્યાન મંદિરમાં વચનામૃત ગ.પ્ર. ૬૮ સમજાવતાં સ્વામીશ્રી કહે :

'સારંગપુરમાં હરિકૃષ્ણદાસ કોઠારી હતા. શાસ્ત્રીજી મહારાજને કહે : 'સારંગપુરમાં ખાંડ મળતી નથી. અન્નકૂટ બંધ રાખો.' શાસ્ત્રીજી મહારાજને

ઠાકોરજી ઉપર એવો ભાવ-પ્રેમ. તે કહે : 'રૂપિયાની શેર ખાંડ લાવો ને અન્નકૂટ કરો.' આ મેં કાનોકાન સાંભળેલું. થાળમાં ઓછું ન કરવું. સારું ઘી વાપરવું. સંતો ! મૂર્તિ પટની ન માનવી. શ્રીજીમહારાજ પંડે જ છે. પૂજા-પાઠ, થાળ-આરતી કરવાં. 'શાસ્ત્રીજી મહારાજ સ્વામી બેઠા છે' એમ સાક્ષાત્ માની થાળ, હાર, પૂજા કરીએ તો ફળ મળે. આસ્તિકભાવ રાખવો.

'મૂર્તિ પાસે દંડવત્ કરે પણ અંદર નાસ્તિકભાવ, તો મહારાજે હડતાળ પાડી કે કલ્યાણ નહીં થાય.'

સ્વામીશ્રીના એક્સ-રે લેવા પોર્ટેબલ એક્સ-રે મશીન મંદિરમાં લાવ્યા હતા. જુદા જુદા એક્સ-રે લેવાના એટલે વારે વારે પ્લેટ બદલવાની, નીચે મૂકવાની વગેરે તકલીફને લીધે સેવકે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપને ઘણું વસમું લાગ્યું હશે.' સ્વામીશ્રી કહે : 'એ લોકોને દુ:ખ બહુ પડ્યું. કેવડું મોટું મશીન ઉપાડી લાવ્યા ! બધો સામાન ઊંચકીને લાવ્યા. તે દુ:ખ ઘણું પડ્યું. મને દુ:ખ નથી પડ્યું !'

બૈરાંથી સો ગાઉ છેટે રહેવું

સાંજે સ્નાન કરતી વખતે સ્વામીશ્રીના મહિમાનું કીર્તન એક બાળક દૂર ઊભો રહી ગાતો હતો. અવાજ ઘણો તીણો હતો. સ્વામીશ્રી કહે : 'કોણ ગાય છે ?'

એક સંત કહે : 'રેડિયોમાં આવતું હશે.'

સ્વામીશ્રી કહે : 'આપણે સાધુથી ડોશીનો હાદ ન સંભળાય. હું તો બૈરાંથી સો ગાઉ છેટો. તમારે સૌએ પણ બૈરાંથી સો ગાઉ છેટે રહેવું. બૈરાંનાં બનાવેલાં કીર્તન ન સાંભળવાં કે બૈરું ગાય તેય ન સંભળાય.' એમ વાત કહી. પછી તો બાળકને ગાતો જોયો તેથી હસી પડ્યા.

અહીં સ્વામીશ્રી જે ખુરશી પર બેસતા તેના હાથા કાટખૂણે હોવાથી દાદર ચઢવામાં ખુરશી ઊંચકનાર યુવકોને બહુ મુશ્કેલી નડતી. લવજીભાઈએ મહંત સ્વામીની આજ્ઞા લઈને ખુરશીના બન્ને હાથા અર્ધ ગોળાકાર કરી આપ્યા. આથી સ્વામીશ્રીની ખુરશી ઉપાડવામાં ઘણી જ સરળતા થઈ અને ખુરશી દાદર ઉપર કોઈ જગ્યાએ અટકતી નહીં.

આ જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું કે 'આવી સરસ ખુરશી કોણે બનાવી ?'

ત્યારે યુવકોએ જણાવ્યું કે 'લવજીભાઈએ બનાવી છે.'

સ્વામીશ્રી ખૂબ રાજી થઈને લવજીભાઈને કહે : 'તમે તો મારા અંતર્યામી

થયા ! હું કે'દુનો આવી ખુરશી માટે વિચારતો હતો !' સ્વામીશ્રીએ તેમને આ સેવા માટે ખૂબ આશીર્વાદ આપ્યા.

ગુરુ-અષ્ટકનો મહિમા

આજે રાતે ૮-૫૦ વાગે રવિવારની સભામાં સ્વામીશ્રીએ મંગળાચરણનો જ અદ્‌ભુત મહિમા કહ્યો : *'જેનું નામ રટ્યા થકી...'*

'આ અષ્ટકની અંદર ભાવાર્થ બહુ સમાયો છે. *'જેનું નામ રટ્યા...'* એવા ઘણા પુરાવા જોયેલા. સ્વામીનું નામ લીધા થકી, સાંભળ્યા થકી જે ખોટા સંકલ્પ થાતા હોય તે જતા રહ્યા. *'ભવ તણા ફેરા...'* દુનિયામાં ભટકવાનું છે. સ્વામી જેવા પુરુષ સાક્ષાત્‌ મળે તેમનાં દર્શનથી જન્મ-મરણના ફેરા ટાળી દે - એક દર્શનથી ! ભગવાન અને સત્પુરુષનો મહિમા સમજાય તો.

'તુલસીદાસ બોલી ગયા :

'સી' કહે સુખ ઊપજે, 'તા' કહે તમ નાશ;
તુલસી 'સીતા' જો કહે, રામ ન છોડત પાશ.'

'કેટલાં વરસથી સાખી ગવાય છે ! ભક્તનો આવો મહિમા છે. તો શાસ્ત્રીજી મહારાજનો મહિમા કેટલો ! એમ અભિપ્રાય જાણવો. સાક્ષાત્‌ મળ્યા. તેમનામાં માયાનો લેશ ન મળે.

'અમારે સારંગપુરથી મોજીદડ જવાનું હતું. બોટાદથી ગાડી પકડવાની. તે દી' મંદિરના બળદિયા નહીં. ભાડે ગાડું કરી સારંગપુરથી સવારના નીકળ્યા. બળદિયા એવા કે રૂપિયાનું ગજ હાલે. બોટાદ ગાડી ૭-૩૦ વાગે આવે. અમને ગાડાવાળાએ ૮-૩૦ વાગે ઊતાર્યા.

'બોટાદમાં અમારા ભાઈબંધ-દોસ્તાર સારા. ગામમાં ગરવા જ ન દે. કોઈ પાણીયે ન દે. પછી બૈરું-હૈરું અડે નહીં એટલે સ્ટેશનમાં એક બગીચો હતો ત્યાં જઈને બેઠા. બીજી ગાડી બપોરે ૧-૩૦ની હતી. ભગવત્‌સ્વરૂપ સ્વામી સાથે હતા. અમારી સાથે ભાથું-ટીમણ કાંઈ હતું નહીં. તેથી બગીચામાં બેઠાં બેઠાં ભજન-ધૂન કરવા માંડ્યા. બે કલાક થયા. અમને ભજન કરતાં દેખીને મૂળ ચૂડા ગામના બોટાદના સ્ટેશન માસ્તર આવ્યા. ૧૧-૦૦ વાગ્યા હશે. ઈ જૂના મંદિરના સત્સંગી. અમને પૂછ્યું : 'ક્યાંથી આવો છો ?'

'આપણે શું કરવા ખોટું બોલવું ? તે કહી દીધું : 'સારંગપુર નવા મંદિરેથી. સવારની ગાડી ગઈ તે ૧-૩૦ની ગાડીની વાટે ભજન કરીએ છીએ.'

'તમારે ક્યાં જાવું છે ?'

'ચૂડા થઈને મોજીદડ.'

'જમવાનું શું ?'

'ગાડીમાં હાજા રહ્યા (સ્ત્રી ન અડી) તો ૫-૦૦ વાગે મોજીદડ જઈને રસોઈ કરી, ઠાકોરજી જમાડશું. નહીં તો કોરા કડાકા !'

'સ્ટેશન માસ્તર કહે : 'અમે બ્રાહ્મણ છીએ. રસોઈ દાળ-ભાત, શાક-રોટલી તૈયાર છે. અમારે જૂના-નવાનો કાંઈ વાંધો નથી. તમારા ઠાકોરજી લઈને આવો અને થાળ કરીને જમો.' પછી અમે ઠાકોરજી જમાડ્યા ને તેમણે ૧-૩૦ની ગાડીમાં બેસારી દીધા. જુઓ, સ્ટેશન માસ્તરની ઓળખાણ નહીં, પણ ભજન કર્યું તો શ્રીજીમહારાજે ત્યાં રસોઈ જમાડી.

'મુદ્દો શું ? *તું મારી જકરમાં તો હું તારી ફકરમાં.*'

સ્વામીશ્રી પ્રસંગ કહેતાં સમગ્ર સભાને ભૂતકાળમાં લઈ જતા. તલ્લીન કરી દેતા અને છેલ્લે એવો મુદ્દો મૂકતા કે વ્યક્તિનાં હૃદય પર તેની ચિરંજીવી અસર પડી જતી.

મન જીતે સો મરદ હૈ

વળતી સવારે ૫-૦૦ વાગે ઠાકોરજીના રૂમમાં મંગળ પ્રવચનમાં *'શૂરસંગ્રામને...'* પ્રભાતી સંતો પાસે ગવરાવતાં-સમજાવતાં કહે :

'શૂરવીરને એક જ વાત, કાં મરી જાય કાં મોજ લે. પાછો ન આવે. શૂરવીરને ઈન્દ્રિયો, અંતઃકરણ... બધું થરથર થતું હોય. ક્યારે સૈનિકોને પાડું !... મનને જ દમવું. મનના લાગમાં ન આવવું. મન કહે તેમ ન કરવું તે શૂરવીર. ઓલી લડાઈમાં જાવું તે વાત નથી કરતા. મનને ઊંઘવા ન દેવું, ખાવા ન દેવું, શૂરવીરપણામાં રાખવું. મનને જીતે તે મરદ. *'મન જીતે સો મરદ હૈ.'* ગારાને કચરીએ તો ચીકણો થાય. દેહને કારસામાં લેવો.

'મનને જીતવાનું વચનામૃત સારંગપુર ૧. મન જીત્યું તેણે જગત જીત્યું. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધથી મનને પાછું હટાવવું. 'અહોહો ! તમે બહુ સારા છો.' જીત્યું ને મન ! 'તમે અક્કલના બારદાન છો, અક્કલનો છાંટોય નથી;' તો શબ્દ આકાશનો ભાગ. તો શબ્દથી મન જીત્યું ! ગાંઠાવાળું ગાદલું મળે પણ ગાંઠાવાળામાં મજા પડે ! રૂપ સારામાં સારું હોય, પણ જેમ સડેલ કૂતરું ને નરકનો ઢગલો એવું, બકારી આવે ! સારાં પકવાન જારના રોટલા જેવાં લાગે,

ફિક્કાં ! એમ થાય તો ગમે તેવા વિષય આવે પણ મન લાળી ન કરે.

'એક શિયાળિયો રોજ કંદોઈની દુકાનમાંથી મીઠાઈ ખાઈ આવે. એટલે શેઠે વિચાર કર્યો કે 'ચોર પકડવો.' તે રાતે જાગતા રહ્યા ને ૨-૦૦ વાગે શિયાળ આવ્યો એટલે શેઠે ખુરશી મારીને હેઠો પાડ્યો. પછી ઢસડીને બહાર કાઢ્યો. પણ શિયાળ તો પડ્યો જ રહ્યો. તેણે વિચાર કર્યો કે 'આજે તો શેઠને દડ કરાવવો.'

'સવારે મહાજન આવ્યું ને દંડ કર્યો કે 'શેઠે શિયાળને માર્યો.' ત્યાં એક સુથાર આવીને કહે જે, 'મારે શિયાળની પૂંછડી જોઈએ છે.' શેઠ કહે : 'લઈ જાઓ.' શિયાળે ધાર્યું કે 'ભલે પૂંછડી લઈ જાય. આજે તો કાંઈ બોલવું નથી.'

'ત્યાં બીજો માણસ આવ્યો તેણે કાન માગ્યા ને કાપીને લઈ ગયો. થોડી વારે ત્રીજો માણસ આવ્યો કે 'મારે શિયાળની દાઢ્ય જોઈએ છે.' શિયાળે વિચાર્યું કે 'આમાં તો મરી જવાશે. દાઢો વગર ખાઈશું કેમ ?' એટલે દોડ્યો ને એક રંગારાના રંગના કૂંડામાં જઈને પડ્યો. તે લાલ-પીળા રંગે રંગાઈ ગયો.

'આવો રંગવાળો, પૂંછડી ને કાન વગરનો શિયાળ, કોઈ ઓળખી શક્યું નહિ. એટલે બધાં તેનાથી ડરીને ભાગે. શિયાળે પોતાનું નામ 'કુકડદમ' રાખ્યું. અને બધાં પ્રાણીઓના ઉપરી બનવાનો વિચાર કર્યો. બધાં ભાગતાં હતાં તેમને બોલાવીને કહે : 'હું જંગલનો રાજા.' પછી સૌ પ્રાણી આવીને પગે લાગવા માંડ્યાં. શિયાળે પોતાની ફરતી ચોકી ગોઠવી. પહેલાં શિયાળિયાં, પછી નાર એમ ગોઠવતાં વાઘ, સિંહને બે ગાઉ રાખ્યા. એમાં ઠંડીનો વખત આવ્યો. તે કુકડદમ પણ બધાં શિયાળો ભેળી ધીરે રહીને લાળી કરી લે. પોષમાં વધુ ઠંડી પડે તેથી વધુ લાળી કરે.

'વાઘ-સિંહે વિચાર્યું કે 'આપણે જંગલના રાજા કહેવાઈએ ને આ નવા રાજા પાસે જઈ ન શકીએ એ ઠીક નહીં.' એટલે બધાં કુકડદમ પાસે અરજી કરવા ગયા. કુકડદમથી હા પડાઈ ગઈ. સિંહ ને વાઘ નજીક આવ્યા. ઠંડી પડે એટલે તેને લાળી કરવાનું મન થાય, પણ પકડાઈ જવાની બીક લાગે. પણ બહુ જ ઠંડી પડી ત્યારે લાળીની બહુ ઇચ્છા થઈ. એટલે ઊંહ ઊંહ કરે. સિંહે પૂછ્યું : 'સાહેબ ! શું થાય છે ? પેટમાં દુઃખે છે ?' પણ જવાબ શેના આપે ? ઊંહ ઊંહ કરે. ધીરે ધીરે ઊંહકારા વધવા માંડ્યા. એમ કરતાં લાળી થઈ ગઈ. સિંહ સમજ્યા : 'આ તો શિયાળિયું લાગે છે. આપણને છેતરી ગયો.' એટલે તરાપ મારીને મારી નાખ્યો.

'સાચી વાત બહાર પડ્યા વગર રહેતી નથી. કુકડદમની પેઠે લાળી ન કરવી. પંચવિષયમાં આસક્તિ થાય તે લાળી કર્યા બરાબર છે.'

આજે થાળ પછી સ્વામીશ્રી કહે : 'શિક્ષાપત્રીમાં આત્મનિવેદીની વાત લખી છે. તેનાથી ભોજન વગેરે નિર્ગુણ થાય છે. ભણવું, રસોઈ કરવી, વાસણ ઊટકવાં, બધું ભગવાન સંબંધી. અંબરીષ રાજા વહેવારનું ૩ કલાક કરે ને ૨૧ કલાક ભગવાનનું કામ કરે. રસોઈ બનાવે, પાણી ગાળી લાવે, થાળ કરે. ૩ કલાક ઊંઘતા. માટે અંબરીષ રાજા જેવી ભક્તિ કરવી. પાણી પીવું હોય તોય ધરાવીને. આપણે ૧-૦૦ વાગે પાઈએ તે પાછું ૮-૦૦ વાગે. પણ વચ્ચે ૬-૦૦ વાગે પાવું. ૪ કલાકે તરસ લાગે. આપણી પહેલાં ભગવાનને પાણી પાઈ દેવું. પ્યાલો લાવી ધરવું.'

તેમના માટે તો જીવ સોંપ્યો છે

સ્વામીશ્રીને નાસ લેવા માટે ગરમ પાણીનું તપેલું પ્રભુ સ્વામી લઈ આવ્યા. તેના ઉપર લખ્યું હતું : 'પૂ. બાપા માટે.' એ જોઈ સ્વામીશ્રી પૂછવા લાગ્યા. પ્રભુ સ્વામી કહે : 'કોઈ સ્નાન માટે ગરમ પાણી ન લઈ જાય, તે માટે લખ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'ભલે સંતો સ્નાન કરે. આવા સંતો આપણને ક્યાંથી મળે ! પંદર મિનિટ મોડું થાય. ફરીથી મૂકવું. તેમના માટે તો જીવ સોંપ્યો છે !'

રાત્રે ૧૨-૦૦ વાગે સ્વામીશ્રી લઘુ કરીને ઊઠ્યા એ વખતે ઊભા થતાં ઉપરના ભાગમાં રાખેલા હાથ ધોવાના ટબ સાથે એમનું માથું ભટકાયું અને ટબ પડ્યું. સાથે પાણીનો લોટો ઢોળાયો. ગુણવંત હાથ ધોવરાવવા ગયા. અવાજ થતાં તેણે પૂછ્યું : 'શું થયું બાપા !'

ત્યારે સ્વામીશ્રી અત્યંત નમ્રતાથી બોલ્યા : 'મારી ભૂલ થઈ ગઈ. મારી ભૂલ થઈ ગઈ.' એમ બે વખત બોલ્યા. એ વખતે સ્વામીશ્રીને વાગ્યું હતું એ બાબતે એક શબ્દ પણ બોલ્યા નહીં.

સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી ત્યાં ઊભેલા અમે સૌ ગદ્‌ગદ થઈ ગયા. એમનું ગાતરિયું ભીનું થયું હતું, તે બીજું ઓઢ્યું. 'મારી ભૂલ થઈ ગઈ. મને વાગ્યું નથી.' એમ બોલતાં બોલતાં સ્વામીશ્રી સૂઈ ગયા.

સંતો ! આમ સાચવજો હોં !

તા. ૨૭મીએ, રવિસભામાં સાંજે ૭-૫૦ વાગે અમૃત વાણી ઉચ્ચારતાં

સ્વામીશ્રી બોલ્યા :

'જૂનાગઢમાં વાંકિયાના ભોળા મહારાજ આવેલા. તે દી' દિવેલના દીવા કરતા. તે પૂજા કરવા બેઠા. સ્વામી ધર્મશાળામાં હતા. આ ભોળા મહારાજે ત્રણ કાકડા વાટુના ભેગા સળગાવ્યા.

'સ્વામી કહે : 'એલા કોણ ઈ ? કેમ ભડકો કર્યો ?'

'સ્વામી ! પૂજા કરું છું.'

'આમ હોય ? એક પછી એક સળગાવો.'

'આ અક્ષરબ્રહ્મ. રોમમાં બ્રહ્માંડ ઊડતાં ફરે છે. વહેવાર શિખવાડ્યો. સ્વામી કહે : 'ઘરે આમ સળગાવે છે ?'

'ના, એક પછી એક.'

'અહીં મફતિયું છે ?'

'સંતો ! આમ સાચવજો હોં !'

'શાસ્ત્રીજી મહારાજ જાતે ભીંડા સુધારવા બેસતા. આપણે આગળ દીંટું જવા દઈએ. સ્વામી ભીંડાને દીંટાથી અડીને કાપે. મફતનું આવ્યું છે ? તુરિયાં થાળીમાં સુધારે. તેની નસ સુધારે. શાકમાં પહેલી નસ વઘારવી. પછી શાક ચડી જાય. તેમને કંઈ ખામી હતી ? સંકલ્પે કામ કરે; પણ વહેવારેય શિખવાડ્યો.'

એ જ સંબંધ ! એ જ સુખ !

બીજે દિવસે સવારની કથામાં બોલ્યા :

'મહારાજની વાણી કોણ સમજી શકે, તો જે તેના વંશનો એટલે કે પર-ભાવને પામેલો હોય તે સમજી શકે. સત્સંગમાં કેટલાય વચનામૃત વાંચે છે, પણ સમજી શકતા નથી. સત્પુરુષ થકી જ સમજાય.

'ફલાણાએ મને ગાળ દીધી હતી તે દસ વર્ષે પણ સંભારીએ; પણ મહારાજની પરાવાણી યાદ ન રહે. આ તો અમાયિક વાત, આપણે અમાયિક થઈએ ત્યારે સમજાય.

'બ્રહ્મવિદ્યાના ભોમિયા સાચા સંત સુજાણ.' એ તો સમાગમ કરવો. એ જ્યાં બેઠા હોય, સૂતા હોય, ખાતા હોય તેનું મનન એ બ્રહ્મવિદ્યા. ઉર્દુ, ફ્રેંચ, ઈંગ્લીશ, ફારસી, મરાઠી ઘણી ભાષાઓ છે, પણ ભણવા જેવી બ્રહ્મવિદ્યા છે. બ્રહ્મવિદ્યાની કૉલેજમાં સંતો બધા બેઠા છો.' એમ કહેતાં સંતો તરફ પડકારો કરી મલકાયા.

વળી બોલ્યા : 'સંતો ! એ જ સંબંધમાં બેઠા.છો અને સુખિયા થઈ ગયા છો.'

ભગવાન ને સંત મળ્યા એ મોટું ભાગ્ય

તા. ૧-૩-'૬૬ મંગળ પ્રવચનમાં પ્રભાતી પદ બોલાવી સમજાવતાં સ્વામીશ્રી કહે : *'માહરું ભાગ્ય અતિશે જ અદકું થયું...'*

'શેઠિયા થયા, પૈસાદાર થયા, એવાં ભાગ્ય તો દુનિયામાં ઘણાનાં હોય છે. એ તો નસીબમાં હોય તે મળે, પણ જ્યાં સુધી ભગવાન અને સંત નથી મળ્યા ત્યાં સુધી ભાગ્ય જ નથી. પુરુષોત્તમ નારાયણ અને સંત મળ્યા તે મોટામાં મોટું ભાગ્ય !'

વળી કહે : 'પ્રપંચ એટલે શું ? આજે મારે ઘરે માંદું છે, આજે મહેમાન આવ્યા છે. આજે હોકો ભરી આપવો પડશે, આજે નહીં અવાય - ઈ પ્રપંચ કહેવાય.' એમ કહી, નિષ્કપટપણે વર્તવાની વાત કરતાં કહે : 'નવ વાનાંનો ત્યાગ કરવો પડે, શું કીધું ? ગણાવો નવ વાનાં : કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, ઈર્ષ્યા ને અહંકાર. ઈ નવ વાનાંનો ત્યાગ કરે.'

'બાપા ! પોતાની મેળે આટલાં વાનાં ત્યાગ થાય ?' કોઈએ પૂછ્યું.

'નો થાય.' તરત જ સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો : 'પોતાની મેળે થાય તો અહીં આવે શું કામ ? દવાખાને શું કામ જાવું પડે ? આ દવાખાનું છે. મહારાજ કહે : 'મોટાપુરુષ છે તે રસ્તો બતાવે છે.' ક્રોધ આમ જિતાય, લોભ આમ જિતાય. એમ રસ્તો બતાવે.'

પછી કહે : 'મોટાપુરુષને નિર્દોષ જાણે તો નિર્દોષ થઈ જ જવાય.'

કોઈએ પૂછ્યું : 'બાપા ! અમે જાણીએ છીએ તોય કેમ નથી થવાતું ?'

સ્વામીશ્રી કહે : 'સાંભળો ! કાંઈ કચાશ રહેતી હશે. સમ્યક્ પ્રકારે જાણે તો થઈ જ જાય. કાંઈ ફોદો રહી જાતો હશે.'

આજે સવારના કથા પ્રસંગે એક ફોટોગ્રાફર ભાઈ સ્વામીશ્રીના ફોટા પાડવા આવ્યા હતા. તેને ફોટો પાડતાં જોઈ સ્વામીશ્રી કહે : 'એ રહેવા દ્યો ને, હૃદયમાં ફોટો પાડી દો ને !' એમ રમૂજમાં મરમ કહી દીધો.

વર્ષીતપ કરતાં હરિજયંતીના એક ઉપવાસનું ફળ વધુ

આજે ફાગણ સુદ નોમ હતી. બપોરે ઠાકોરજીને થાળ ધરાવ્યા પછી હરિજયંતીનો મહિમા કહેતાં સ્વામીશ્રી બોલ્યા : 'કોઈ એક વર્ષ ધારણાં-પારણાં

કરે તેના કરતાં પણ હરિજયંતીના એક ઉપવાસનું ફળ વધી જાય. પ્રકૃતિપુરુષ સુધી કોઈને આ ઉપવાસ કરવા ન મળે. હિન્દુસ્તાનમાં પવિત્ર તહેવાર ઘણા, પણ પુરુષોત્તમ નારાયણના જન્મ તુલ્ય કોઈ નહિ. સંતો-પાર્ષદો હરિજયંતી રહે છે તે દેવતા તેમનાં દર્શન કરવા આવે છે. અમારે ગોંડલ બાપુ જન્મ દિવસ ઊજવતા તે લાખો રૂપિયા તોડી નાખતા, તો આ તો પુરુષોત્તમ નારાયણનો જન્મ દિવસ ! કેટલો મહિમા હોવો જોઈએ !...'

મહિમાના ભાવમાં સ્વામીશ્રીના મુખમાંથી હૃદયોદ્‌ગાર નીકળી ગયા : 'હું તમને અહીં લાભ આપવા માટે જ આવ્યો છું. રોગનું તો નિમિત્ત છે. એ વગર રહેવાય નહિ. તમને કથાવાર્તા કરવા માટે જ રહ્યો છું.'

ત્યારે સૌને ખ્યાલ આવ્યો, ભક્તોને લાભ આપવા સ્વામીશ્રી આ રીતે રોગ ગ્રહણ કરે છે. બીમારીની પીડા સહે છે. પણ તે બીજાના હિત માટે. દયા શબ્દોને સાચા સંત જ સાર્થક કરે છે.

તા. ૨જીએ સવારે ઊઠ્યા ત્યારે એકદમ કહે : 'પચાસ વર્ષમાં આવી ઊંઘ કોઈ દિવસ નથી આવી...' યોગનિદ્રામાં મહારાજની મૂર્તિનું સુખ લેતા સ્વામીશ્રી આવાં વચનો બોલી સૌને મનુષ્યભાવ ઉત્પન્ન કરાવતા.

મહારાજને અમારે જવાબ દેવો પડે

આજે સવારે પૂજા કરી રહ્યા હતા. સામે બેઠેલા એક હરિભક્ત ઉપર સ્વામીશ્રીની દૃષ્ટિ પડી. સ્વામીશ્રીએ તેમને તુરત પૂછ્યું : 'તમારે કેટલા દીકરા ?'

'ત્રણ.'

'એક તો અમારી સેવામાં આવે છે, પણ બીજા બેને અમે જોયા નથી.' સ્વામીશ્રીએ આતુરતાથી કહ્યું.

'બીજા બે નાના છે, તેમને કહીએ છીએ પણ આવતા નથી.' એ હરિભક્તે સંકોચાતાં જણાવ્યું.

'તમારે એને સત્સંગી નથી કરવા ? સંસારમાં જોડવા હશે, એમ ને ? પણ અમારાં દર્શને તો લાવો.' સ્વામીશ્રીએ આગ્રહથી કહ્યું.

'હમણાં પરીક્ષા છે એટલે નથી આવી શકતા.' તેમણે બાળકોનો પક્ષ લીધો.

'પરીક્ષા હોય તો બે મિનિટ દર્શને આવવામાં વાંધો નહિ. અહીં આવશે અને અમે એને આશીર્વાદ આપશું, તો જલદી પાસ થઈ જાશે.'

'હા બાપા !' હરિભક્તે કબૂલ કર્યું.

'આ તો અમારે શું કામ તમને કહેવું પડે કે 'મહારાજ અમને પૂછે કે તમે ઓલા ભક્તના બે દીકરાને કેમ ન બોલાવ્યા ?' બાપા (મહારાજ) અમને વઢે કે 'તમે કેમ એની ખબર ન રાખી ?' અમારે જવાબ દેવો પડે. એટલે અમારે તમને કહેવું પડે...'

'...હવે તમને કીધું એટલે અમારી ફરજ પૂરી થઈ. પણ અમારે તમને સંભારવું પડે. હવે બાપા અમને ન પૂછે... અમારે બીજો કોઈ સ્વાર્થ નથી.' સ્વામીશ્રીની નિ:સ્વાર્થ વાણીમાં પરભાવનો ભારે રણકો હતો.

આજે વચનામૃત વંચાયું. સ્વામીશ્રી કહે : 'આખા વચનામૃતમાં જે સાલ લખી છે તેનું કામ થઈ ગયું.' પછી કહે : 'રજોગુણ ભગવાન ને સંતમાં વપરાઈ જાય તો રજોગુણનો મોક્ષ. ભગવાનના ભક્ત અર્થે ક્રોધ કરીએ તો તમોગુણનો મોક્ષ. પક્ષ રાખતાં ક્રોધ આવી જાય તે નિર્ગુણ છે.'

રોટલા જમીને મહારાજ રાજી થતા

બીજે દિવસે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી ચોસઠ પદી પર નિરૂપણ કરતાં કહે : 'મોટા મોટા સુર, બ્રહ્માદિક દેવ મુક્તોનાં દર્શન ઇચ્છે, મનુષ્ય દેહની ઇચ્છા કરે પણ મળે નહીં. આવરદા પૂરી કરવી જ પડે. તો જ છૂટકો થાય.'

કોઈએ વચ્ચે જ કહ્યું : 'આપઘાત કરીને પૂરી કરે તો ?' ઘણી વાર કેટલાક સંતો-યુવકો ગમ્મત ઊપજાવવા આડ પ્રશ્નો પૂછતા. ત્યારે હાજર જવાબી સ્વામીશ્રી સ્પષ્ટ ઉત્તર વાળી સૌને ગમ્મત સાથે મુગ્ધ કરતા. સ્વામીશ્રી કહે :

'મનુષ્ય દેહ ન મળે. રખડી પડે.' પછી બોલ્યા : 'ત્યાં સુખ બહુ એટલે કોઈ આપઘાત કરે નહીં.' વળી સભામાં હાસ્ય પ્રસરી રહ્યું.

પછી વાત કરી : 'આપણને મહારાજે બ્રહ્માંડના અધિપતિ બનાવ્યા હોત તો મહારાજને મોટી મોટી ભેટ ધરી હોત; તોપણ મહારાજ રાજી ન થાત. રોટલા જમીને મહારાજ રાજી થતા. તે અપાર દયા કહેવાય !'

વર્તમાન ત્યાં પહોંચી ગયાં

સવારની પૂજામાં માણેકલાલ શેઠ હંમેશ મુજબ આવ્યા હતા. તેમનાં એક દીકરી જે અમેરિકા રહેતાં હતાં તેમના એક મહિનાના બાબાનો ફોટો અમેરિકાથી આવેલો. માણેકલાલભાઈએ બાબા ઉપર સ્વામીશ્રીની દૃષ્ટિ પડે એ હેતુથી ફોટો સ્વામીશ્રીને બતાવ્યો. પહેલાં તો સ્વામીશ્રીએ તે ફોટો ભાવથી

જોયો. પછી બધાનાં આશ્ચર્ય વચ્ચે, જળ લઈ, સ્વામીશ્રીએ બાબાને વર્તમાન ધરાવ્યાં. અને એકદમ બોલ્યા : ‘વર્તમાન ત્યાં પહોંચી ગયાં !’

બાબા માટે શેઠને એક કંઠી આપીને કહ્યું : ‘આ અમેરિકા મોકલી આપજો.’

સ્થળ અને કાળનું આવા સત્પુરુષને બંધન નથી હોતું. ભગવાનને પ્રતાપે એ સચરાચરમાં વ્યાપક છે તે અનુભવ સૌને થયો.

અત્યારે તમારી ભેળી જ છે

કારિયાણી પ્રકરણનું અગિયારમું વચનામૃત વંચાવતાં વાત આવી કે ‘એવો ભક્ત જ્યાં જાય ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે.’

એ સાંભળી ઈશ્વરભાઈ દેસાઈ વચમાં બોલ્યા : ‘બાપા ! ત્યારે મૂર્તિ તો જૂનાગઢમાં ગઈ.’ (અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ રહેતા એટલે)

‘અત્યારે તમારી ભેળી જ છે.’ સ્વામીશ્રીએ ઈશ્વરભાઈની કલ્પનાને દોઢસો વર્ષ નજીક લાવી જણાવ્યું કે ‘મહારાજ પ્રગટ જ છે, તમારી ભેળા જ છે.’

સ્વામીશ્રીનાં આવા ત્વરિત કથનથી સભામાં પ્રતીતિ સાથે આનંદનું મોજું ફરી વળ્યું.

ભારોભાર આભાર

પછી કહે : ‘કિસુમુવાળા હરિહરભાઈ પ્લેનમાં આફ્રિકા જાય છે તો હર્ષદભાઈ ! આભાર માનો. મુંબઈ મંડળ તરફથી હાર પહેરાવો. હવે આભાર માની લઈએ. સાત મહિના હરિહરભાઈ રહ્યા. ગોંડલ, સારંગપુર, ગઢડા દર્શન કર્યાં. સેવા-સમાગમનો લાભ લીધો. ભમલી ભરી જાય છે. નૈરોબી-કિસુમુ જાય ત્યાં અંતરના ‘જય સ્વામિનારાયણ’ બધાને કહેજો. કોઈ ગભરાશો નહિ. જે અક્ષરપુરુષોત્તમના છે તેની સ્વામી રક્ષા કરશે. તીભાકાકા ! આભાર માનો. મહંત સ્વામી ! ચાંદલા કરો. જાવ, મહારાજ-સ્વામી ભેગા આવશે. નૈરોબી બધાને ‘જય સ્વામિનારાયણ’ કહેજો. બધા સંતને પગે લાગી લ્યો. ગિરધરભાઈને કહેજો કે ‘દવા આવી ગઈ છે અને મટી ગયું છે.’

‘સાત મહિના તમે રહ્યા - ઈન્ડિયામાં. સાત મહિના દરમ્યાન યથા સમયે દર્શન-સમાગમ માટે આવી જતા. બહુ સુખ લીધું. સાત મહિના ક્યાં ગયા તે ખબર ન પડી. દરેક મંદિરમાં રસોઈ આપી. કાગળ બધા શાંતુભાઈને દઈ દેજો.

‘ભેગા જ છીએ તો ચિંતા ન કરવી. મૂકવા જાવ મધુ ભગત. મોટો કલેક્ટર

હોય તેને સામાન ઉપાડવા દઈએ ? આપણે નથી ઉપાડતા ? વિવેક શીખવો.'

એમ ખૂબ ખૂબ મહિમા કહેતાં-સમજાવતાં સ્વામીશ્રીએ ભારે આભાર વ્યક્ત કર્યો. એ આભારમાં ભારોભાર ભાવ હતો. કદાચ આવો ભાવ કોઈ સમર્થ વિદ્વાન પણ શબ્દોથી વ્યક્ત ન કરી શકે ! કારણ, એ કાલાઘેલા તૂટક શબ્દો ભાવ નીતરતા હતા.

હરિભક્તોને કામ હોય અને જવાની ઉતાવળ હોય પરંતુ સ્વામીશ્રી તો તેમને કથાનો લાભ આપવા તત્પર હોય, તેથી તેમને સભામાં બેસાડી રાખતા. સ્વામીશ્રી કેવા શબ્દો વાપરતા તે પણ જાણવા જેવું હતું.

બગડના ધીરુભાઈ પરીખ અમદાવાદથી તેમના વેપાર માટે સૂતરના દડા ખરીદવા અવારનવાર આવે. સવારે આવી, બજારમાંથી ખરીદી કરી, રાતની ગાડીમાં અમદાવાદ જતા રહે.

સવારની કથામાં સ્વામીશ્રી કહે : 'ધીરુ બગડ ! 'મારે બજારમાં જાવું છે. માલ લેવો છે. સ્વામી જવા દેતા નથી. સાંજની ગાડી પકડવી છે. દડા લેવા છે.' આવા સંકલ્પો ન કરવા. તમારા સારુ નાનું વચનામૃત કઢાવ્યું છે.' સ્વામીશ્રી એવા પ્રેમ ને કળાથી કહે કે ભક્તના સંકલ્પમાત્ર બંધ થઈ જાય.

સારી વાનગીની અરુચિ

બપોરે સ્વામીશ્રી જમી રહ્યા હતા. આજે થાળમાં ફ્રૂટસલાડની રસોઈ હતી. સ્વામીશ્રી આ આધુનિક રસોઈ પણ ક્યારેક કરાવતા. જો કે પોતે જમતા નહિ. ફ્રૂટ ઉપર એમને સ્વાભાવિક અરુચિ. એમાં ખાટાં ફ્રૂટ તો નહિ જ, અને આવી રસોઈ પોતે જમતા નહિ, પણ સંતોને ખૂબ પ્રેમથી જમાડતા.

સ્વામીશ્રી જમી રહ્યા હતા. ફ્રૂટસલાડમાંથી સુંદર લાલ ચૅરીનું સ્વાદિષ્ટ ફળ યોગેશ્વર સ્વામીએ સ્વામીશ્રીના પત્તરમાં ધીરેકથી સરકાવી દીધું અને સ્વામીશ્રીનું ધ્યાન ખેંચવા કહ્યું : 'બાપા ! આ ચૅરી છે...'

પણ સ્વામીશ્રીએ એ શબ્દો તરફ કે ફળ તરફ જરાપણ લક્ષ્ય આપ્યું નહિ. હળવેકથી પત્તર બહાર મૂકી દીધું અને ધીરેથી બોલ્યા : 'ભગવાન ભજી લેવા.'

જાણે ભગવાન ભજવા સિવાય જગતની કોઈ બાબતમાં રસ જ નથી, એ ભાવથી આ સૂત્ર સ્વામીશ્રી અહર્નિશ બોલતા અને સૌને જાગ્રત રાખતા.

અલબત્ત, બીજાને જમાડવાનું એમણે બહુ તાન. જમાડવામાં થોડા સંતો-હરિભક્તો સાથે ન હોય તો સ્વામીશ્રીને ફાવે જ નહિ. સૌને આગ્રહ કરી

પીરસાવે. વળી, જમનારાના ખાસ હેતવાળા હોય એમના વતી પણ પીરસાવે. ખૂબ જમાડે. યાદ રહી જાય - અખંડ સાંભરે એવું જમાડે. 'મહારાજ ! શાસ્ત્રીજી મહારાજ જમો !' એમ બોલતા જાય. ઠાકોરજી જમાડતાં જમાડતાં સંતો શ્લોકો બોલે તો બહુ રાજી થતાં કહે : 'હં... એમ બોલવું...'

પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં સ્વામીશ્રી નાનુભાઈ બક્ષીના પિતાશ્રી મણિભાઈને જોવા પધાર્યા. છેલ્લી સ્થિતિ જેવું હતું. તેમણે સ્વામીશ્રીનાં દર્શન કરતાં કહ્યું કે 'હવે છેલ્લી દવા આપની બાકી છે. આપ છેલ્લા ડૉક્ટર છો.'

સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવી મહારાજનો આશરો કરાવ્યો. ચાંદલો કરી, હાર પહેરાવ્યો. ઠાકોરજીની આરતી તેમની પાસે ઉતરાવી. જલદી ધામમાં જવાની એકમાત્ર માગણી તેમણે આર્ત અવાજે સ્વામીશ્રીને કરી : 'સમય આપો, ક્યારે લઈ જશો ?' તેમણે ફરી વિનવણી કરી.

'સમય તો એવું છે... પણ અમે મહારાજને પ્રાર્થના કરીએ એટલે એક-બે દી'માં, અઠવાડિયામાં ધામમાં લઈ જાય...' સ્વામીશ્રીએ ધીરગંભીરપણે આશ્વાસન આપતાં કહ્યું. પોતે મહારાજ ઉપર છોડ્યું પણ બંધાયા નહિ.

મોટાપુરુષની આ એક અનોખી રીત છે. બધું જાણવા છતાં જાણે પોતે કશું જાણતા નથી ! પોતાના ઇષ્ટદેવને વિશે જેને સમ્યક્ સ્વામી-સેવકભાવ હોય તે જ આવું વર્તી શકે છે.

આ પછી બરાબર પાંચમે દિવસે મણિભાઈને શ્રીજીમહારાજે દર્શન આપ્યાં. શ્વેત કેડિયું અને શ્વેત ફેંટા સાથે શોભતી એ તેજસ્વી મૂર્તિ જોતાં મણિભાઈ ગદ્‌ગદ થઈ ગયા. હાથ જોડી દીધા. ત્યાં મહારાજે કહ્યું : 'જુઓ, મણિભાઈ ! બે રસ્તા છે - અંધારાવાળો અને અજવાળાવાળો. તમારે કયે રસ્તે જવું છે ?'

'અજવાળાવાળા રસ્તે લઈ જાઓ.' મણિભાઈએ તરત જ પ્રાર્થના કરી. અને મહારાજ સ્મિત કરતાં અદૃશ્ય થઈ ગયા.

વળતે દિવસે તેમની તબિયત અત્યંત કથળી ગઈ. અંતિમ શ્વાસ ચાલવા લાગ્યો. તેમના ત્રણે પુત્રો મનુભાઈ, કીકુભાઈ અને નાનુભાઈ આજુબાજુ ઊભા રહી શ્રીહરિને પ્રાર્થના કરતાં તેમના મોંમાં ગંગાજળ મૂકી રહ્યા હતા. અચાનક બે હાથ ઊંચા કરી મણિભાઈએ પ્રણામ કર્યા. તેમને મહારાજ લેવા આવ્યા હોય તેવાં દર્શન થયાં. મોઢા ઉપર હર્ષ છવાયેલો હતો. આમ, તેમણે સ્વામિનારાયણ મહામંત્ર જપતાં તા. ૮-૩-'૬૬ના અંતિમ શ્વાસ લીધો. મહારાજ તેમને ધામમાં લઈ ગયા.

અહીં અક્ષરધામ ! બહાર જમપુરી !

બીજે દિવસે ઠાકોરજીને થાળ ધરાઈ રહ્યા પછી સ્વામીશ્રીએ એકદમ પડકારો કરતાં કહ્યું :

'એ કાનજી ભગત ! થાળમાં મહારાજ સાક્ષાત્ જમવા આવ્યા. તમે જોયા ? વિચારો હાલતા હોય, ક્યાંથી દેખાય ? સૂક્ષ્મ દૃષ્ટિ થવી જોઈએ. તે કૃપાથી અને સત્પુરુષની સેવાથી થાય.'

એમ વાતનો પ્રસંગ ઊભો કરી, સ્વામીશ્રી મરમમાં ઉપદેશ આપી દેતા ને ટકોર કરી દેતા, પણ કોઈને સમજવું ન સમજવું તેનો ભાર રાખતા નહિ અને કહેવાનો આગ્રહ છોડતા નહિ.

'આપણે સેવા કરીએ છીએ તે અહીં સુખિયા છીએ. મુંબઈમાં કેટલાય છે, જેને નોકરી નથી. ખાવા નથી.

'અમે છીપીચાલમાં જૉન્સન કંપનીમાં ઊતરતા. ત્યાં એક જણ ઓટલે સૂતેલો. મેં તેને પૂછ્યું : 'કેમ સૂતા છો ? માળા (રૂમ) નથી ?'

'તેણે કહ્યું : 'ઘરબાર છે જ નહિ. મજૂરી કરીએ છીએ. રોજ પાંચ મણ ભારની ગુણ ઉપાડીએ છીએ અને અહીં ઓટલે પડી રહીએ છીએ.

'આ સુખ છે જગતમાં. આપણા દાદરમાં અક્ષરધામનું સુખ વર્તે છે. તમને જો લેતાં આવડતું હોય તો. અહીંથી હેઠે ઊતર્યા એટલે જમપુરી છે. નીચે મોટરોની દોડધામ છે. અકસ્માતો ઘણા થાય છે. મુંબઈમાં ૫૦ હજાર દવાખાનામાં છે. ૫૦ હજારને હાર્ટ ફેઈલ થતાં હશે. ૫૦ હજારને લકવો છે. મુંબઈમાં ૫૦ લાખમાં ત્રીજા ભાગના દુઃખિયા છે. કલકત્તામાં આ કરતાં પણ વધુ દુઃખ, અમેરિકામાં તે કરતાં પણ વધુ દુઃખ.

'(કાનજી) ભગત ! (દિલ્હીવાળા) સાંભળો. બધાની સેવા કરતાં આવડે છે ? 'લાવો, લૂગડું ધોઈ દઉં, વાસણ ઘસી દઉં.' એમ કહેવું. મેં ૫૦ વર્ષ આ કર્યું છે. પાંચ વરસથી માંદા પડ્યા છીએ તે પાટ ઉપર બેસીએ છીએ. ઓશિકાનો અમારો જરાય સંકલ્પ કે વિચાર નથી. હેઠે પથારી ઉપર સુખ છે તેવું હાથી કે પાટ ઉપર નથી. આપણે ખાટલો પાથર્યો હોય તો કોઈ ઊંચકાવે; પણ ભોં પથારી શું ઉપડાવે ? સૌને પૂછો, છે સંસારમાં સુખ ? ચતુરભાઈ મિસ્ત્રીને પૂછો. સિંહની બોડમાં જે સચવાય તેને કોઈ મારી ન શકે. નાર-નોળિયો આવી ન શકે. સત્પુરુષનું સુખ એવું છે. અને સંસારમાં ભોથાં ચાટવાનાં. તેમાં શું સવાદ ?

'એક પટેલે શેરડીનો વાઢ કરેલો. ગામમાં એક હવાલદાર મિયાં રહે. માની બહુ. પટેલે આગ્રહ કર્યો : 'સાહેબ ! શેરડી જમવા આવો.'

'મિયાં કહે : 'નહિ આયેગા.' પછી તો પટેલે ચિચોડો ગોઠવ્યો ને સૌ રસ પીવા આવે. પટેલે કહ્યું : 'સાહેબ ! રસ પીવા આવો. આદુ-લીંબુ નાખેલો સરસ રસ છે.' પણ તે માનમાં ને માનમાં રહ્યા. ના પાડી. પછી તો કોલમાં ગોળ થવા લાગ્યો. તે ખાવાનીયે ના પાડી. તે ગોળની ભીલીઓ તૈયાર થઈને ઊપડી ગઈ. ખેતરમાં ભોથા રહ્યાં.

'એક દિવસ દિશાએ જતાં મિયાંએ ભોથાં જોયાં. તે થયું : 'પટેલ કેટલાય વખતથી શેરડીનું કહે છે. તે લાવ ચાખું.' એમ વિચારી ઊંધા પડી ભોથાં ચાટવા લાગ્યા ને ખુશ થઈ ગયા કે 'બહુત ગળ્યા, બહુત ગળ્યા.' ત્યાં પટેલ નીકળ્યા. તે કહે : 'હવાલદાર સાહેબ ! આપ માનમાં રહી ગયા, ને રસ વયો ગયો. હવે ભોથાંમાં શું સ્વાદ ?'

'સત્પુરુષના સમાગમમાં ન આવે પછી ભોથાં જ ચાટવાં પડે ને !'

દેવા જનમિયો એ તો

સ્વામીશ્રીના સેવક કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટ નડિયાદ જઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ તેમને એકદમ બોલાવ્યા અને કહ્યું : 'કોઠારમાંથી પૈસા લઈને કૃષ્ણાભાઈ માટે ગામમાંથી મીઠાઈ ને ફ્રૂટ લઈ આવો.'

પહેલાં તો સૌ વિચારમાં પડી ગયા. પછી સૌને ખ્યાલ આવ્યો કે કરુણામૂર્તિ સ્વામીશ્રી કેવા ભક્તવત્સલ છે ! નડિયાદના કૃષ્ણાભાઈ શૂરવીર ભક્તરાજ અને સ્વામીશ્રીને વિશે અસાધારણ પ્રેમ. જ્યારે જ્યારે સ્વામીશ્રીનાં દર્શને આવે ત્યારે ટોપલાં ભરી ભરીને મેવા, મીઠાઈ, ફળફળાદિ લાવે અને સ્વામીશ્રીનાં ચરણોમાં ધરે. સ્વામીશ્રી બહુ પ્રસન્નતા બતાવે. આશીર્વાદ આપે અને તેમની સભામાં વખાણે.

એ પ્રેમના પ્રત્યુત્તરરૂપે આજે સ્વામીશ્રીએ પણ તેમને યાદ કરીને ખાસ વસ્તુઓ મંગાવી તેમને મોકલી. આવું ભાગ્યે જ જોવા મળે. આપણે ભગવાન અને સંતને અર્થે જે કંઈ કરીએ, પણ જો ભાવથી કરીએ, તો એ કેટલું માની લે છે એનો પ્રત્યક્ષ પુરાવો સૌએ અનુભવ્યો. વાત્સલ્યમૂર્તિ સ્વામીશ્રીનું આ દર્શન સૌની ભાવોર્મિને જાગ્રત કરી ગયું.

આજે બાબુભાઈ સોનીના પુત્ર રાજુએ સ્વામીશ્રીને હાર પહેરાવ્યો.

સ્વામીશ્રી કહે : ‘ભારે સુગંધીમાન હાર ! ઠાકોરજીને પહેરાવવા જેવો.’

સ્વામીશ્રીને કોઈપણ સારી વસ્તુ જુએ, તો ભગવાન સહેજે સંભારી આવે.

શબ્દોના અલૌકિક અર્થો

સભામાં મહંત સ્વામીએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : ‘બાપા ! આત્મબુદ્ધિ અને દૃઢ પ્રીતિમાં શો ફેર ?’

સ્વામીશ્રી કહે : ‘આત્મબુદ્ધિ શું ? કુટુંબમા બધાં ભેગાં રહેતાં હોય, તેમાં અંદરોઅંદર બોલે-ચાલે, વઢે-કરે, પણ ભેગાં ને ભેગાં. મન નોખું ન પડે. અને દૃઢ પ્રીતિ શું ? મનુષ્યભાવ જ ન આવે, બોલવા-ચાલવાનું ન થાય, દિવ્યભાવ જ રસબસ થઈ જાય.’

સાંજે રવિસભામાં ગાયવાડીના સુલેમાનભાઈ તથા પિનાકીન ત્રિવેદીએ ભજનો ગાઈ સ્વામીશ્રીને રાજી કર્યા.

વળતી સવારે ચોસઠ પદીનાં પદ સંતો બોલ્યા. એમાં શબ્દો આવ્યા : *‘આંખે અમૃત વરસે છે.’*

એ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : ‘અમૃત શું ? જ્ઞાનનું, નિર્દોષબુદ્ધિનું, ભક્તિનું, કથાવાર્તાનું અમૃત વરસ્યા જ કરે...’

આજે ફૂલદોલનો ઉત્સવ-દિવસ હતો. જમતાં જમતાં સ્વામીશ્રી કહે : ‘આજે ફૂલદોલ છે તો મારે તમને જમાડવા છે.’ એમ નિમિત્ત ઊભું કરીને પ્રગટ સ્વરૂપનું સુખ જે દર્શન, પ્રસાદી, વાતું અને મળવું એ અખંડ સૌને આપ્યા જ કરતા, આપ્યા જ કરતા.

વળી, એમાં મોટાપુરુષનો સંબંધ પણ દર્શાવે. સ્વામી કહે : ‘શાસ્ત્રીજી મહારાજને બરફી પ્રિય. બોચાસણમાં ઝવેરભાઈ બરફીની રસોઈ કરાવતા. સ્વામી વડોદરા પધારે ત્યારે આશાભાઈ દૂધની ચોખ્ખી બરફી લઈ આવે. તે સ્વામી બરફી ને કેવડો જમે.’ એમ શાસ્ત્રીજી મહારાજના સંબંધથી બરફીનો મહિમા બતાવી, સ્વામીશ્રીએ સૌને ખૂબ બરફી જમાડી.

ફૂલદોલોત્સવ પ્રસંગે સંતો ભક્તચિંતામણિનું ૬૪મું પ્રકરણ બોલ્યા. ઠાકોરજીને ફૂલના હિંડોળામાં પધરાવ્યા હતા. મહંત સ્વામીએ મોટો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. પૂજન-આરતી બાદ સ્વામીશ્રીએ ફગવાની પ્રસાદી સૌને હેતે કરીને વહેંચી.

સમૈયો સારો થયો. સ્વામીશ્રી ૧૦-૩૦ વાગે પોતાના ઓરડામાં પધાર્યા.

પછી ત્યાગવલ્લભ સ્વામી પાસે ફગવા મગાવ્યા. પોતે થોડું જમ્યા. પછી કહે : 'બધા સંતોને સંભારીને આપજો.' અમને સૌને આપ્યા અને બોલ્યા : 'હું વરસમાં બે વાર પ્રસાદ માગું : એક શરદ પૂર્ણિમાએ અને એક આ ફગવાનો. કોઈ સંભારીને આપે તો ઠીક; નહિ તો હું માગીને લઉં...'

ભક્તોના પ્રેયાર્થી

સવારે કથા પ્રસંગમાં સ્વામીશ્રી સૌને અનેરો આનંદ આપતા. વચનામૃતની કથા વંચાય એમાં રહસ્યની વાતો, ગમ્મત કરાવતાં કરાવતાં હળવેકથી કહી દે. તો વળી, વચ્ચે યુવકો તથા હરિભક્તોને સંભારી હાકલ કરે : 'શું આવ્યું ?' 'યાદી રાખવી.'

કોઈ ઝોલું ખાતો હોય કે ખાવાની તૈયારીમાં હોય ત્યાં એને સાદ કરે : 'એ... ઝોલું આવ્યું.' અને એ ભક્ત જાગ્રત થઈ જાય. સાથે બીજા પણ સજાગ બની જાય.

સૌ સ્વામીશ્રીની મૂર્તિમાં એવા તો ખોવાઈ જાય કે જગત ભુલાઈ જાય. બ્રહ્માનદમા તરબોળ બની જાય. અનેકાવધાની સ્વામીશ્રી એક કુશળ સભાદંડક બની જતા. બધાની હાજરી લઈ લેતા. કોઈ સભામાં ન આવ્યું હોય તો એને અવશ્ય સભારે.

આજે મહીપતભાઈ દવેને કહે : 'ભૂતા શેઠને તેડી આવો. આપણે તેમની સેવા લેવી છે. બે વરસથી બંધ છે. આપણે તેમને છોડવા નથી.'

રમેશ દવેને સંબોધીને કહે : 'તારે હેત છે તો તારે બોલાવવા જવું. એમ કરતાં કરતાં ગાડી પાટે ચઢી જાય.'

બે-ત્રણ દિવસ પહેલાં માણેકલાલ શેઠને યાદ કરી આપ્યું : 'તમે ઓલા શંકરભાઈ ખંભાતવાળાને તેડી આવો. કેમ આવતા નથી ? કારમાઈકલ રોડ ઉપર (કમલ મહાલમાં) તો રોજ આવતા. બહુ સારા, બહુ પવિત્ર છે.'

કેશવચંદ્ર અમીનના દીકરા હમણાં નહોતા આવતા. તેથી તેમને પણ યાદી આપી. છગનભાઈને કહે : 'દીકરાના દીકરાને દર્શને લાવજો. પ્રસાદી આપવી છે.'

બંને દીકરાઓ આવ્યા એટલે હાથોહાથ પ્રસાદીના મગજના લાડુ આપ્યા અને આશીર્વાદ આપતાં કહે : 'આમ થાપા ખાતાં મોટા થાય તો સત્સંગમાં નભે ને એકાંતિક થાય.' એમ બાળકોને પણ ભૂલતા નહિ.

સંતોના શ્રેયાર્થી

સભા પછી સ્વામીશ્રી ઓરડામાં બિરાજ્યા હતા. સંતો પગ દબાવતા હતા. અચાનક સ્વામીશ્રીએ શ્રીહરિ સ્વામી, અનુપમ ભગત વગેરે સંતોને બોલાવ્યા ને કહે : 'ક્યો, હું આચાર્ય થઈશ, આઠ કલાક વાંચીશ, પાસ થઈશ. જો વાચશો તો મહારાજ દર્શન દેશે.'

આવાં સુધા-વચનોથી સ્વામીશ્રી સંતોને વારંવાર ઉત્સાહ પ્રેરતા. એવાં તો પ્રેરણાત્મક વચનો બોલે કે ચોટ લાગી જાય. 'જો વાંચશો તો મહારાજ દર્શન દેશે' આવું સ્વામીશ્રી જેવા પુરુષ બોલે એટલે સંતોને વાંચવાની વધુ ચાનક લાગી જાય, કંટાળો ન આવે. દર્શન તો પોતે દેતા જ હતા એટલે એમનું વચન પણ ખોટું નહોતું.

બીજે દિવસે કથા પ્રસંગમાં વચનામૃતમાં વર્ણન આવ્યું કે 'મહારાજ અક્ષર ઓરડીમાં ગાદી-તકિયા ઉપર બિરાજમાન થયા હતા.' તે સાંભળી તુરત સ્વામીશ્રી બોલ્યા : 'અક્ષર ઓરડી નાની ખરીને ! એટલે ઢોલિયો ન પાથર્યો...'

મહારાજ સંબંધી આવું સૂક્ષ્મ દર્શન સ્વામીશ્રી જ્યારે કરાવતા ત્યારે સમજાતું કે સ્વામીશ્રી મહારાજની કેટલા નજીક છે !

રાતે ૮-૫૦ વાગે નિજ ઉતારામાં સ્વામીશ્રી પ્રસન્ન ચિત્તે બેઠા હતા. સભામાં સંતોનાં અંગ્રેજી પ્રવચનોથી તેઓ ખુશ થયા. પછી વાતો કરવા માંડી : 'આવડે - ન આવડે પણ સંસ્કૃત, ઇંગ્લીશ, હિન્દી ગગડતી મૂકવી. નહિ બોલું એમ ન કહેવું. આવડી જાય. હવે આપણે એવું ગોઠવવું છે, એક જ જણ ચાર ભાષા બોલે. દિવાળી પછી કરશું. આ તો ભાષામાં પાંચ પાંચ મિનિટ એક જણો બોલે. ૬ મહિના પ્રેક્ટિસ કરવી. પછી વળી, જુદું (પ્રકરણ) હાલશે. કવાયત કરવી. ગુણાતીતચરણનો વારો આવી ગયો ?'

'આવી ગયો ગુજરાતીમાં.'

'ગુજરાતીમાં તો હુંય બોલું, પણ બીજી ત્રણમાં પ્રયત્ન કરવો...'

આમ, સંતો વિવિધ ભાષામાં અક્ષરપુરુષોત્તમનો મહિમા સમજાવી શકે એવા તૈયાર થાય તેમ સ્વામીશ્રી સૌને અનેક વાર પ્રેરતા.

માનરૂપી મીંદડો

કથાવાર્તામાં વચનામૃત વર. ૧૧ સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'ભગવાન ને સંબંધવાળા ભક્તોની આગળ માન ન રાખવું. મોટા સાથે બાટકે તે માન. સામાન્ય માન પણ ન રાખવું. તે મુદ્દો. માનનો ભાવ કદાપિ હોય, પણ દેહે કરીને બતાવે નહિ તે સારો. પગે લાગે.

'એક જણ તપ કરવા બેઠો. તે દિવસથી એક મીંદડો પણ તેની સામે આવીને બેઠો. થોડા દિવસ થયા ત્યાં તપસ્વી સુકાઈ ગયા, પણ મીંદડો જાડો થઈ ગયો. તપસ્વીએ મીંદડાને પૂછ્યું : 'તું શું ખાય છે તે આવો જાડો થયો છે ?' મીંદડો કહે : 'હું તો તમારું માન છું, તે તમે સુકાઈ ગયા ને તમને તપનું માન વધી ગયું તેથી હું જાડો થઈ ગયો છું.'

'આપણે તપ-ત્યાગ કરીએ પણ માનરૂપી મીંદડો વધવા દેવો નહીં. નિર્માની રહેવું.

'ભાર્યો દેવતા નખ્ખોદ કાઢી નાખશે. સ્વામિનારાયણનું નામ લેતા હોય, આશરો હોય ને ગુણાતીત સાથે વેર હોય તે અસુર થાય. દ્રોહ કરતો હોય તે દીઠોયે ન ગમે. હા...ત્ તારી ! કેવું કીધું ! ગમે તેવો નાનો હોય તેનો દ્રોહ કરે તોય ન ગમે, તો ગુણાતીતનો કરે તો તો ક્યાંથી ગમે ?

'હેત થઈ ગયું હોય તો સત્પુરુષની બધી ક્રિયા ગુણાતીત જ લાગે. ગુણાતીત ! બ્રહ્મરૂપ થવાનું વચનામૃત હાલે છે.'

સભામાં સ્વામીશ્રી હરિભક્તોની પૂરી ખબર રાખતા. એકાદ વાર પણ કોઈ ગેરહાજર હોય તો ધ્યાન રાખે અને મીઠો ઠપકો આપી રોજ આવવા આગ્રહ સેવે.

આજે કથામાં ઈશ્વરભાઈ દેસાઈને કહે : 'તમે કાલે લગનમાં પડી ગયા તે દર્શને આવ્યા જ નહિ. અમે તમારી કેટલી રાહ જોઈ !'

'બહુ મોડું થઈ ગયું, એટલે પછી ન આવ્યો.' તેમણે સાહજિક કહી દીધું. રાત્રે સ્વામીશ્રી વહેલા આરામમાં જતા એટલે દર્શન ન થાય, એ ભાવ એમા હતો.

'મોડું થઈ ગયું હોય તો શું થઈ ગયું ? અહીં આવ્યા હોત તો મહંત સ્વામીનાં, સંતોનાં દર્શન તો થાત. એ લાભ મળત ને ! કદાપિ શેઠ દુકાને ન હોય તો નોકર તો હોય ને ! દુકાન કાંઈ ઓછી બંધ રહે છે ? આવવું જોઈએ. પહેલાંના સાધુઓ ગામડે જાય ત્યારે હરિભક્તોને મંદિરે આવવાનું નિયમ આપતા. પછી હરિભક્ત કહે : 'મંદિર બંધ હોય તો શું કરવું ?' ત્યારે સંતો કહેતા કે 'સાંકળે હાથ અડાડીને, દંડવત્ કરીને આવતા રહેવું, પણ જવુ ખરું.'

ઈનામદારને અક્ષરધામનું ઈનામ

વલાસણના પ્રતાપસિંહ ઈનામદાર શૂરવીર સત્સંગી હતા. મુંબઈમાં પોલીસ ખાતાના મોટા હોદ્દાઓ પર રહેવા છતાં સત્સંગની સેવા કરતા, પક્ષ રાખતા.

તેઓ આજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. લકવાથી તેમનું જમણું અંગ ખોટું પડી ગયું હતું. હાલી-ચાલી-બોલી શકતા નહોતા. તેઓ સ્વામીશ્રીનાં દર્શનની પ્રતીક્ષા કરતા મંદિરના હૉલમાં ખુરશી ઉપર બેઠા હતા.

એટલામાં સ્વામીશ્રી આરામમાંથી પધાર્યા. સ્વામીશ્રી તેમની ખુરશી નજીક નીચે બેસી ગયા. ખોટા પડી ગયેલા અંગ ઉપર પોતાનો કોમળ હાથ ફેરવ્યો. ઈનામદાર બોલી શકતા નહોતા પણ સ્વામીશ્રીને જોતાં જ સાન કરતાં કહે : 'ધામમાં લઈ જાવ.'

જીવને હિંમત આપવાની અને પોતામાં હેત કરાવવાની સ્વામીશ્રીની કોઈ અલૌકિક રીત હતી. સ્વામીશ્રીએ તો તેમની માગણીને વિશેષપણે અનુમોદન આપતાં કહ્યું : 'તમને સાજા કરીને, બોલતા-ચાલતા ધામમાં લઈ જવા છે. આમનામ નહિ... કંઈ દીકરા-બીકરાની વાસના તો નથી ને !...'

હાથના ઈશારાથી ઈનામદારે ના પાડી.

તેમને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ થોડી વાર ધૂન કરાવી. અંતરમાં અસહ્ય લાચારી અને દુઃખનો ડૂમો ભરીને, સજળ નેત્રે આવેલા ઈનામદાર, તેમનું ગુલાબી મુખ મુસ્કરાવતા નિર્વાસનિક બનીને પાછા ગયા ! સમજો ને ધામમાં જ સ્વામીશ્રીની હજૂરમાં બેસી ગયા !

તા. ૧૩મીએ, રવિવારે સવારની યુવક મંડળની સભામાં બોચાસણના ઉત્સાહી યુવક ચીમનભાઈ માસ્તર પાસે સ્વામીશ્રીએ કીર્તન ગવરાવ્યું. આનંદ-ઉત્સાહની છોળો ઉડાડતાં તેમની ગાવાની પદ્ધતિથી સ્વામીશ્રી બહુ રાજી થતા. એક કીર્તન પૂરું થયું એટલે કીર્તન-ભક્તિમાં તાળી પાડતાં - બ્રહ્માનંદનો તાલ મિલાવતાં સ્વામીશ્રી પોતાની લાક્ષણિક શૈલીમાં બોલ્યા : 'બીજું... ત્રીજું...' એમ ત્રણ કીર્તન ગવરાવ્યાં. કીર્તન-ભક્તિનો અનેરો આનંદ, સ્વામીશ્રીએ પોતાની મૂર્તિનું સુખ આપતાં સૌને લૂંટાવ્યો.

સભા પૂરી થતાં સ્વામીશ્રી પોતાના ઉતારે પધાર્યા. યુવાન સંતો-ભક્તો સ્વામીશ્રીને વીંટળાઈને બેઠા હતા, ચરણ ચાંપતા હતા. ત્યાં સ્વામીશ્રી કહે :

'મને કીર્તન-ભક્તિ પહેલેથી જ બહુ પ્રિય. એ મારું અંગ. કોઈ કીર્તન

ગાય તોપણ મને તેમાં આનંદ આવે. જો ને કપોળ વાડીમાં ઓલા મુસલમાન ગાવા આવતા તો હું ધ્યાનથી સાંભળતો...' આવી રીતે સ્વામીશ્રી ઘણી વાર પોતાની વાત કરતાં સૌને નિર્દોષભાવમાં તાણી જતા.

સત્સંગ સભામાં સ્વામીશ્રીએ વચનામૃત ગ.અં. ૮ નિરૂપતાં કેટલીક સુંદર વ્યાખ્યાઓ સમજાવી :

'થાય અને મટી જાય એ સંકલ્પ.'

'ટળે નહિ અને ખાતાં-પીતાંય મટે નહિ, મૂર્તિમાન જેવો રહે તે વિકલ્પ.'

'આ સાંભળીએ તે જ્ઞાન.'

'વિજ્ઞાન એટલે સાક્ષાત્કાર... ઈદં સાંભરે.'

આમ, ભારેખમ અધ્યાત્મ-પ્રયોગો સ્વામીશ્રી સાદી ભાષામાં સમજાવી દેતા.

વચનામૃતની લત લગાડનાર

તા. ૧૪મીએ વચનામૃતનું વાચન શરૂ થતાં પહેલાં સ્વામીશ્રીએ કહ્યું : 'વચનામૃત તો અમૃત વાણી. અમૃત વાણી શું ? અક્ષરધામની વાણી. જ્યારે વાંચીએ ત્યારે આનંદ આવે. સવારે વાંચીએ, બપોરે વાંચીએ, રાત્રે વાંચીએ, જ્યારે વાંચીએ ત્યારે આનંદ. બીજાં બધાં પુસ્તકોમાં આવો આનંદ ન આવે, એક વાર વાંચીએ પછી મૂકી દઈએ. ને આ તો વાંચ્યા જ કરવાનું મન થાય.'

એકધારો વચનામૃતનો મહિમા સ્વામીશ્રીએ વર્ણવ્યો. જેણે એ અમૃત ચાખ્યું હોય, પચાવ્યું હોય, એ જ આવું વર્ણન કરી શકે. સાક્ષાત્કાર વગર થોડો ઘણો પણ બીજામાં માલ મનાઈ જાય.

સાંજે ૬-૩૦ વાગે સ્વામીશ્રી એક સેવકને કહે : 'તમે રોજ પાંચ વચનામૃત વાંચો છો ને ?'

ત્યારે કહે : 'હા.'

'આજે વાંચ્યાં છે ?'

'ના, બાપા ! હજુ વાંચ્યાં નથી.'

'જાઓ, હમણાં જ વાંચી લ્યો. જો વચનામૃત ન વંચાયાં હોય, તો રાતના ૧૨-૦૦ વાગ્યા સુધી જાગીને વાંચી લેવાં. એવી ટેવ પાડી દેવી. જો નિયમ રાખ્યું હોય, તો વંચાઈ જાય જ.' એ પ્રમાણે સ્વામીશ્રી અંતેવાસી સેવકોને પાકા કરવા અત્યંત કાળજી રાખતા.

હમણાં બે-ત્રણ દિવસથી બાથરૂમમાં બેસીને સ્વામીશ્રી ટપાલમાં સહી

કરતા હતા. આશીર્વાદ પત્રો લખાઈ રહ્યા એટલે શૌચ જવા ઊભા થયા.

બાથરૂમમાં સ્નાન કરતી વખતે કહે : 'બધા મુક્તોએ અવતાર લીધા છે. એકવચને તૈયાર થઈ ગયા. મહારાજના નંદ સાધુઓ જેવા સંતો થઈ ગયા. બધાય અક્ષરધામથી આવ્યા છે.' પછી વ્યક્તિગત કેટલાક સંતોનાં નામ લઈને મહિમા ગાયો.

એક યુવક કહે: 'હુંયે એકાવન સાથે સાધુ થયો હોત તો હુંયે અક્ષરધામનો મુક્ત કે નહિ ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ના, તમે સાધુ થઈને વયા ગયા. તમે તો અરૂડ-ધામના મુક્ત છો.'[૬] એમ કહી સૌને આનંદ કરાવ્યો.

દિવ્ય દૃષ્ટિનો અવિરત સ્રોત

સ્વામીશ્રી અને સંતો આરતી પછી અષ્ટકો બોલતા હતા. સ્વામીશ્રીના હરિકૃષ્ણ મહારાજ સિંહાસનમાં પધરાવેલા હતા. તેમનો મુગટ બરાબર બેસતો ન હતો. વારે વારે પડી જતો હતો. મસ્તકે મૂકીએ ને પડી જાય. આથી નારાયણ ભગત કંટાળ્યા. સ્વામીશ્રી અષ્ટક બોલતાં આ નિહાળતા હતા. તેમણે કહ્યું : 'મુખ નીરખવા મહારાજ મુગટ કાઢી નાખે છે.' એટલે કે મહારાજના મસ્તક સહિતનાં સંપૂર્ણ મુખારવિંદનાં આપણને સારી રીતે દર્શન થાય એટલે આવાં દર્શન દેવા મહારાજ મુગટ કાઢી નાખે છે !

સ્વામીશ્રીની આ ભક્તિભરી દૃષ્ટિથી સંતો તાજુબ થઈ ગયા.

તા. ૧૬મીએ, બપોરે ૪-૦૦ વાગે ઊઠ્યા પછી સ્વામીશ્રી બોલ્યા : 'આજે વરતાલની સ્મૃતિ કરી હતી.

'હરિકૃષ્ણ મહારાજ, ધર્મ-ભક્તિ, ઘનશ્યામ મહારાજને ૫૧ પ્રદક્ષિણા કર્યા પછી અક્ષર ભવનમાં આશીર્વાદ આપતી ઘનશ્યામ મહારાજની મૂર્તિ છે ત્યાં દર્શન કર્યાં. પ્રદક્ષિણા કરી. ગુણાતીતાનંદ સ્વામીની ચિત્ર-પ્રતિમાનાં દર્શન કર્યાં. રઘુવીરજી મહારાજનાં દર્શન કર્યાં. પછી બધા આચાર્યની મૂર્તિઓનાં દર્શન કર્યાં. માળા, વસ્ત્રો પ્રસાદીનાં છે, તે દર્શન કર્યાં.

'પછી નીચે જતાં મહારાજ ઓરડામાં નાહતા હતા તે સ્થાનનાં દર્શન કર્યાં. ભગતજી મહારાજ બેસતા તે સભાનાં દર્શન કર્યાં. પછી ધરમપુરવાળો

૬. કેટલાક મિથ્યા જ્ઞાનીઓએ 'અક્ષરધામથી પર અરૂડધામ છે' એવી મિથ્યા કલ્પના પ્રવર્તાવી હતી.

મુગટ છે ત્યાં દર્શન કર્યાં. પાસે પાટ ઉપર મહારાજ બેસતા તે દર્શન કર્યાં. ઘનશ્યામ મહારાજની સુંદર મૂર્તિનાં આભૂષણો સહિત દર્શન થયાં. દરવાજા પાસે લીંબડા નીચે ઓટાનાં દર્શન કર્યાં. પછી હનુમાનજી પાસે ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજને વૃત્તિથી ખેંચી રાખ્યા હતા ત્યાં દર્શન કર્યાં. પછી રામપ્રતાપભાઈ રહેતા એ ઓરડે દર્શન કર્યાં.' આ પ્રમાણે થયેલાં દર્શનની વાત કરી.

આમ, ઘણી વાર બપોરે જે તીર્થસ્થાનની 'સમર્તિ' કરી હોય તેનું ચિત્રાત્મક વર્ણન સેવકો-સંતો પાસે કરતા અને પ્રેરણા આપતા.

❀ ❀ ❀



સાકરના કરા ને મોતીનો વરસાદ

સ્વામીશ્રી મુંબઈમાં બિરાજમાન હતા. તા. ૧૮-૩-'૬૬, સવારે મંગળ પ્રવચનમાં પ્રભાતી પદ *'અવસર આવિયો...'* સંતો પાસે ગવરાવે, તે નિરૂપતાં સ્વામીશ્રી બોલ્યા :

'આ જ્ઞાનમાં શું સમજવું ? આ દિવ્યભાવનો, એકાંતિકપણાનો, બ્રહ્મરૂપ થવાનો અવસર આવ્યો છે. આ બ્રહ્મરૂપ થવાની તક આવી છે. વાવણી, તાવણી, ચાસણી તેમાં અવસર ન જોવો. તેમ આ ભગવાનને રાજી કરવાની તક મળી છે.

'આ તો ગુણાતીત જ્ઞાન થયું. સાકરના કરા ને મોતીનો વરસાદ થયો હોય તેવું અત્યારે સુખ છે. બે-પાંચ મોતીના લાખો રૂપિયા થાય ને મોતીનો વરસાદ પડે તે કોથળા ભરીએ. છોકરા ખાધા કરે ! બ્રહ્મરૂપ થવાનો એકાંતિક ધર્મ સિદ્ધ કરવાનો વખત આવ્યો છે.

'હવે 'કરી લે કામ.' પોટલાં તૈયાર રાખો. સીટી મારશે ને રહી જવાશે. થાથાથાબડા ન થાવું. ગાડીનો ટાઈમ થયો હોય તો ધીમે ધીમે ચાલીએ ? ઘોડાગાડીમાં બેઠા હોઈએ તોય 'હાંક ઉતાવળો !' એમ કરીએ તો મોજ મળી જાય.'

આમ, 'અવસર' શબ્દનો મહિમા સમજાવ્યો. અને *'કરી લે કામ, રટ રામ ઉતાવળો'* પંક્તિ તો ચિત્રાત્મક ભાષામાં હંમેશાં આ રીતે જ સમજાવતા. અને સૌને ઉતાવળનો-વેગનો પ્રત્યક્ષ અનુભવ કરાવતા. સુખના દરિયામાં ઝબોળી, સૌને જાગ્રત રાખી, વહેલી સવારે સ્વામીશ્રી રોજ અમૃતરસનું પાન કરાવતા.

વળી સંતોને કહે : '૧૧-૩૦ વાગે સૂવું. *'મહાબળવંત'* નત ગાવું. મહારાજ-સ્વામી આશીર્વાદ દે.'

સવારે કથાની શરૂઆત થતાં પહેલાં ત્રણ વાંદરાનું પ્રતીક બતાવી એક સંત સ્વામીશ્રીને સમજાવતાં કહે : 'એક - કોઈની નિંદા ન કરવી. બીજું -

કોઈની નિંદાની વાત ન સાંભળવી. ને ત્રીજું - કોઈના દોષ ન જોવા.'

સ્વામીશ્રી કહે : 'મૂર્તિઓને શું કરે ? પાળવું જોવે !' આ સાંભળી સહુ હસી પડ્યા.

બપોરે નાવડાના દેવા ભગત સ્વામીશ્રીની રજા લેવા આવ્યા. સ્વામીશ્રીએ હસતાં હસતાં પૂછ્યું : 'દેવા ભગત ! રોકાવું છે કે જવું છે ?'

'આજે જવું છે.'

'અમને ભૂલી જાતા નહીં.' સ્વામીશ્રીએ કહ્યું.

'અમે નહીં ભૂલીએ, પણ આપ નહીં ભૂલતા હોં ?' દેવા ભગતે ભક્તિ-ભાવથી કહ્યું અને માથેથી ફાળિયું ઉતારી સ્વામીશ્રીનાં ચરણ પાસે મૂકી આશીર્વાદ લીધા. સ્વામીશ્રીએ તેમને હેતથી રજા આપી.

...તો અચળ પાયો થાય

તા. ૨૨મીએ, મંગળ પ્રવચનમાં લો. ૧૭મું વચનામૃત ભાવમાં આવી જઈ નિરૂપતાં સ્વામીશ્રી કહે :

'સંતના દાસના દાસ થવું. પાંચ ખાસડાં મારે તો ખમવું. 'મને ન બોલાવ્યો, આદરભાવ ન દીધો,' એમ મનમાં ખરખરો રહે તો સત્સંગ ન થાય. માન ન ઇચ્છવું.

'નર્મદાનો પુલ કર્યો તેમાં પાયામાં સીસું રેડ્યું. ઠેઠ એનાં મૂળ ઊંડાં. લાખો ગાડીઓ જાય, ૫૦૦ વરસેય પાયા ન ખસે. ભગતજીને વઢતા, ધખતા પણ 'સત્સંગ વધો' એમ જ કહેતા. શાસ્ત્રીજી મહારાજને કોઈ પેસવા ન દે પણ અભાવ-અવગુણ ન લીધો. અચળ પાયો હોય તે સત્સંગ મૂકી ન જાય.'

'ઠાકોરજીની બત્તી કરો. અમથા દીવા ન બાળવા. ઠાકોરજીને ઝળેળાટ કરવો... દસ-વીસ વચનામૃત અંગનાં કરી રાખવાં. સ્વરૂપનિષ્ઠા, હેત, આજ્ઞામાં ખામી છે કે નહિ તે તપાસ કરવો. વચનમાં વિશ્વાસ આવે તો જન્મ-મરણ ટાળી નાખે.

'એક દિવસ કાર્તિકેય અને ગણપતિને એક જ કન્યાને વરવાની ઇચ્છા થઈ. શંકરે કહ્યું : 'જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને વહેલો આવે તેને કન્યા પરણાવીએ.' કાર્તિકેયને તો મોરનું વાહન. તે ઊપડ્યા. ગણપતિનું વાહન ઉંદર અને વળી ગણપતિનું પેટ મોટું. તેમને થયું : 'હું હારીશ.' તે રોવા મંડી પડ્યા. પણ પાર્વતીજી મા ખરાં ને, સત્પુરુષ ખરાં ને ! તેમણે ગણપતિને કહ્યું : 'જો, ગાય પૃથ્વીનું સ્વરૂપ

કહેવાય. તેની પ્રદક્ષિણા કર એટલે પૃથ્વીની થઈ ગઈ.' શંકરજીએ કહ્યું : 'પાર્વતીજીએ કહ્યું તે બરાબર છે.' એમને ખોટું ન લાગ્યું.

'કાર્તિકેય પૃથ્વીની પ્રદક્ષિણા કરતા. તેઓ રસ્તે પૂછે : 'મારી આગળ કોઈ ગયું ?' લોકો કહે : 'એક મોટી ફાંદવાળો ઉંદર ઉપર તતડાવ્યે જાતો હતો.' કાર્તિક સ્વામીએ ઘણો દાખડો કર્યો, મોરનાં પીંછાં તોડી નાખ્યાં; પણ ગણપતિને પુગાણું નહિ ને કન્યા મળી નહિ.

'પાર્વતી ભક્ત હતાં, શંકર ભગવાન હતા. ભગવાનને રાજી કરવાનો માર્ગ ભક્ત બતાવે. સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખી વર્તીએ તો જન્મ-મરણનો ચકરાવો ટળી જાય અને ધામની પ્રાપ્તિ વહેલી થાય.

'લો. ૧૭ સિદ્ધ કરવું. જીવનમાં લીટીએ લીટી ઉતારવી. પાયો અચળ થાય, તો મન ઘાટ ન કરે. આજે જ કરી નાખો. આ તો બહુ સુગમ. તમે કિશોરભાઈ ! મોઢે કર્યું ? ગૃહસ્થને નો કરાય ? હવે કરજો. સ્વામીની પ્રસાદીનું છે. શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજના પ્રતાપે સિદ્ધ થઈ જાશે.'

આજે સવારે કોઈ સ્વામીશ્રીની પૂજા માટે નવી પેટી લાવ્યું. સ્વામીશ્રીએ એ જોઈ અને યોગેશ્વરદાસને આપતાં કહે : 'પેટી ઠાકોરજી માટે વાપરજો. મારી પૂજા તો જે છે તે જ રાખવાની છે. તેમાં કોઈ ફેરફાર નથી કરવાનો. મારો પૂજાનો ખલતો, બધું એમ ને એમ સાચવજો.' એમ ભારપૂર્વક કહ્યું. સ્વામીશ્રી પોતાની ઉપયોગની વસ્તુઓ તો સાદી અને જૂની, જે ચાલી આવતી હોય તે જ વાપરવાનો આગ્રહ રાખતા.

આજે સ્વામીશ્રીએ હરિજયંતીના નજીક આવતા સમૈયાનો ઉત્સાહ અને મહત્ત્વ જણાવતો પત્ર 'પ્રકાશ' દ્વારા સમગ્ર સત્સંગ ઉપર લખ્યો. જેમાં લખ્યું :

શ્રી અક્ષર ભવન, દાદર મંદિર.
સંવત્ ૨૦૨૨, ચૈત્ર સુદી ૨.
તા. ૨૪-૩-'૬૬, સવારના ૧૧-૦૦

'અહોહો રામનૌમી શ્રીજીમહારાજનો જન્મ, સંવત્ ૧૮૩૭ના ચૈત્ર સુદી નોમે છપૈયાપુરમાં પ્રગટ થિયા. તેમનાં માતા ભક્તિમાતા. પિતાશ્રી ધર્મદેવને ઘેર પોતે પ્રગટ થિયા. પ્રગટ થઈને લાખો જીવોનો ઉદ્ધાર કર્યો. કાઠી, કોળી, કાછીઆ, નીચલા થરનો શ્રીજીમહારાજે ઉદ્ધાર કર્યો. તે શ્રીજીમહારાજની જયંતી ઉચ્છવ બધા સંત હરિભક્તો બધા મળીને કપોળ વાડીમાં ઊજવવા નક્કી કરેલ છે. તો તા. ૩૧-૩-'૬૬ ને રામનૌમી હરિજયંતી ગુરુવારે રાતના દશ વાગે

ધામધૂમથી ઉચ્છ્વ કીર્તન કરીને આનંદ થઈ જાશે. તે પ્રસંગે હજારો હરિભક્તો કપોળ વાડીમાં પધારશે તો આ ઉચ્છ્વ દરેક મંદિરમાં ઊજવાશે તે નિમિત્તે સંત-હરિભક્તો નકોરડા ઉપવાસ કરશે. પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજે પાંચ ઉપવાસ નકોરડા કરવા આજ્ઞા કરેલી તે પ્રમાણે સંત, હરિભક્તો કાયમ કરે છે. તેથી સ્વામી, શ્રીજી ને સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થાય છે. તો આવો ઉચ્છ્વ ઉત્તમ તહેવાર છે તો દરેક ગામોગામ, દેશોદેશ ઊજવશો તો શ્રીજીમહારાજ ઘણા જ રાજી થશે.

'અમો તે ઉચ્છ્વ ઊજવીને તા. ૨-૪-'૬૬, ચૈત્ર સુદી ૧૧, શનિવારે દિલ્હી એક્સપ્રેસ ગાડીમાં બેસીને દોઢ વાગે વડોદરા ઊતરીને અટલાદરા જવાના છીએ. ત્યાં એકાદશી ઉત્સવ ઊજવીશું ને ઠાકોરજીનાં દર્શન કરીશું.'

✧

પ્રતાપસિંહના પુત્ર જુવાનસિંહ ઇનામદાર પોતાના મિત્ર ફિલ્મ અભિનેતા શશીકપૂરને સ્વામીશ્રીનાં દર્શને લાવેલા. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ તેમનાં નામ-ઠામ પૂછ્યાં, મહંત સ્વામીની ઓળખાણ કરાવી. તેમને મંદિરે દર્શને આવતા રહેવા કહ્યું. કોઈપણ જીવને ભગવાન સન્મુખ પ્રેરતા સ્વામીશ્રી દેવદર્શન અને સંત-સમાગમનું માહાત્મ્ય અવશ્ય સમજાવતા. પ્રસાદીનો હાર તથા પ્રસાદ આપી, ફરીથી આશીર્વાદના થાપા આપી, સ્વામીશ્રીએ તેમને વિદાય આપી.

રાતના સભામાં રમણિકભાઈ મહેતા તેમના બે દીકરાઓને સ્વામીશ્રીનાં દર્શને લાવેલા. તેઓ સ્વામીશ્રીને પગે લાગી રહ્યા હતા. ત્યાં પ્રસાદનાં બે પડીકાં મગાવી સ્વામીશ્રીએ તેમને બંનેને એક એક આપ્યું અને કહે : 'પ્રસાદને પગે લાગો છો ને ?' બાળકોને આશિષ આપતાં સ્વામીશ્રી આમ તેમની સાથે બાલ-સહજ ગમ્મત પણ કરી લેતા.

મગનભાઈ ખત્રીનો એક-દોઢ વર્ષનો નાનો બાબો સ્વામીશ્રીને પગે લાગવા તેમના આસન પાસે આવી હાથ જોડી ઊભો રહ્યો હતો. 'અલ્યા, સાધુ થવું પડશે.' એમ કહેતાં સ્વામીશ્રીએ એને આશીર્વાદનો ધબ્બો હળવેથી આપ્યો ! સ્વામીશ્રી એવા તો હાવભાવથી બાળકો સાથે વર્તતા કે એનો પ્રતિભાવ બાળકોનાં મુખ ઉપર તુરત દોરાઈ જતો.

સુખ બધું નિષ્ઠામાં છે

બીજે દિવસે, રાત્રે ૯-૧૫ વાગે સભામાં પ્રમુખસ્વામીનું સ્વાગત કરતાં

સ્વામીશ્રી કહે :

'આજે પ્રમુખસ્વામી પધાર્યા. મુંબઈ મંડળમાં સોનાનો સૂરજ ઊગ્યો... બધાએ લૂંટી લેવા. સમાગમ કરી લેવો. જ્ઞાન પ્રાપ્ત થાય. સ્વામીનું આખ્યાન જાણવા મળે.

'અત્યારે સાનુકૂળ કરી નાખ્યું. પહેલાં અમે સાંકરદામાં ડોલું લઈ નાહવા જતા. ભાગોળિયો કૂવો છે. ૬૦ હાથ ઊંડો. એક ડોલ કાઢીએ તો ધ્રુજી જવાય. તોય સ્વામી મહિનો મહિનો ત્યાં રહેતા. કાં તળાવે નાહતા. અત્યારે ચકલી થઈ ગઈ. ધામધૂમ થઈ. સ્વામી કહે : 'ભગવાન ભજો, તો મોતૈયાનો વરસાદ વરસે.' બધું સાનુકૂળ છે. જોગ મળ્યો છે તો હરિભક્તે સુખિયા થવું. દુઃખિયા ન રહેવું. સુખ બધું નિષ્ઠામાં છે. એક નિષ્ઠા હોય તે સર્વ ગુણ. સ્વામીએ તેને ભગવદી કીધો. તેને જમાડીએ તો સત્કર્મ.

'શ્રીકૃષ્ણ ભગવાનના એક ભક્ત શ્વપચ હતા. તેને કોઢ થયેલો. તેથી સગાંએ જમનાજીનાં કોતરોમાં નાખી દીધેલો. પણ આ ભગત તો ભગવાનના ભરોસે ભજન કરતા.

'એ સમયે પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો. બહુ બ્રાહ્મણો જમાડ્યા. દાન-દક્ષિણા કરી, યજ્ઞ સંપૂર્ણ થઈ રહે ત્યારે આકાશમાં શંખ વાગે અને ધજાગરો ધોળો થાય; પણ સૌ જમીને ગયા તોય શંખ ન વાગ્યો. પાંડવો મૂંઝાણા. શ્રીકૃષ્ણ ભગવાન કહે : 'તમે બધાને જમાડ્યા, પણ મારો ખાનગી (ખરેખરો) ભક્ત રહી ગયો છે. તે શ્વપચ ને કોઢિયો છે. તેને જમાડો તો શંખ વાગે.'

'પાંડવો કહે : 'તેને ક્યાં રાખી દીધો છે ?'

'એ ખોળી લાવો.'

પછી ખોળી કાઢ્યો. ને મહેલમાં લાવ્યા. દ્રૌપદીએ બત્રીસ વાનગીઓ થાળમાં પીરસી, પણ ભગત બધું ભેગું કરીને ખાય. દ્રૌપદીને થયું કે 'આટલી મહેનત કરી ને આને ક્યાં જમતાં આવડ્યું ?' આ સંકલ્પ થયો. ભગત જમી રહ્યા તોય શખ ન વાગ્યો. પાડવો કહે : 'તમારા ભગત જમાડ્યા તોય ધજાગરો ધોળો કેમ ન થ્યો ?'

'ભાવથી નહીં જમાડ્યા હોય. કોઈને કાંઈ સંકલ્પ થયો'તો ?'

'ત્યાં દ્રૌપદી બોલ્યાં કે 'મને એમ થયું'તું કે આ કોદું[૭] કરીને જમ્યો તે આવાને જમાડવાથી શું થાય ?' પછી ભગવાન કહે : 'હવે ફરી સંકલ્પ રહિત

---

૭. ગોબરું.

જમાડો.' પછી એમ કર્યું ત્યાં આકાશમાં ધણણણણ શંખ વાગ્યો.

'લાખોને જમાડવા કરતાં નિષ્ઠાવાળા એકને જમાડવો તે સત્કર્મ છે. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું :

'એક જમતાં બોલિયો શંખ, અસંખ્યથી શું સર્યું !
એક જમીને બોલ્યો નિઃશંક, યમુના જાવા કર્યું.'

બીજે દિવસે સવારે મંગળ પ્રવચન બાદ 'પ્રકાશ'નું વાંચન થયું, તેમાં 'ભક્ત્યા જિતમ્' લેખ વંચાયો. સ્વામીશ્રીને નારાયણ ભગતે કહ્યું : 'પાક્ જિત્'ની વ્યુત્પત્તિ સારી છે.'

સ્વામીશ્રી કહે : 'હા, વિભક્તિ સારી છે. અમે શીખેલા.'

નારાયણ ભગતે કહ્યું : 'તો યજ્ઞપુરુષદાસની વિભક્તિ કરો.'

'ઈ નો આવડે. અમે ભણેલા. પણ પારંગત નહિ !' સ્વામીશ્રીએ વાત વાળી લીધી !

બપોરે થાળમાં બિરાજ્યા હતા. *'રાજ હું બનાવી...'* એ થાળ બોલાયો. સારું પાન કેવું હોય ને મહારાજને કેવું ધરાવાય તે વાત સ્વામીશ્રી કરતા હતા. ઈશ્વરભાઈએ પૂછ્યું : 'આપને પાન બનાવતાં આવડે ?'

'કેમ નહિ ? બધું આવડે.' સ્વામીશ્રી બોલ્યા : 'એક સંસ્કૃત નો આવડે.'

'અમને પણ ન આવડે.' સંતોએ કહ્યું.

'એમ કહોને કે ભણવું નથી !' સ્વામીશ્રીએ હસતાં હસતાં સંતોનો ભાવાર્થ કર્યો. પણ સંતોને સંસ્કૃત ભણાવવાનું એમનું તાન નાનીઅમથી વાતમાં પણ ગૌણ થવા દેતા નહિ.

શ્રીજીના મળેલા કોણ ?

કથામાં વચનામૃત વરતાલનું ૧૦નું નિરૂપણ ચાલુ હતું તે દરમ્યાન માજી મજૂર પ્રધાન માને આવ્યા. તેમને આશીર્વાદ આપ્યા.

પછી સ્વામીશ્રીએ વાત કરી : 'શ્રીજીમહારાજના મળેલા કોઈ સાધુ અત્યારે દેખાતા નથી. નંદ ક્યાં છે ? પણ તો અત્યારે કોનો આશ્રય કરવો ? એમના સાધર્મ્યને પામેલા હોય એ મળેલા. અભિપ્રાયને જાણનારા, એકાત્મ્ય-ભાવને પામેલા. અભિપ્રાય એ પ્રવર્તાવે. એમનો આશ્રય કરવો. તેની આજ્ઞામાં રહેવું. આશ્રય કરવો. તેની આજ્ઞામાં રહેવું. આશ્રય એટલે શું કરવું ? 'હું તમારો.'

'સંતમાં રહેલા અને બોલ્યા સ્વયં ભગવાન. માણકી ઉપર બેસે - ઠઠારો

કરે, તેવું આ સંત નો કરી શકે. લક્ષણ પ્રમાણે કામ કરે. મળેલા કદાપિ ન મળે તો શું કરવું ? ઘેર બેસી રહેવું ? એવા સંત વિચરતા તો હોય. તેમનો સાંધો ન પડે તો પ્રતિમા ધારવી, પૂજવી. એકાંતિક સંતનાં દર્શનથી તરત કલ્યાણ થઈ જાય છે.' ટૂંકમાં ઘણી મુદ્દાની વાતો કરી સંતનો આશ્રય કરવા સમજાવ્યું.

મશ્કરી કરે તોય મોક્ષ

સંતો-યુવકો આગળ સ્વામીશ્રી વાત કરતા હતા :

'પ્રિન્સિપાલ મશ્કરી કરે તેથી છોકરાં કૉલેજમાં જાય તે ચાંદલો ભૂંસીને જાય; પણ ભલેને મશ્કરી કરે, 'સ્વામિનારાયણિયા' કહે, આપણે સત્તર વાર સ્વામિનારાયણિયા છીએ. મશ્કરી કરે તેનો મોક્ષ થઈ જાય.

'લોકો ટીકા કરે પણ તે લાજ આપણને નહિ. તિલક-ચાંદલો કરીને ઑફિસે જાવું, બજારમાં જાવું. પ્રોફેસર ! તમે તિલક કરીને જાવ છો ને ? કોઈ બોલી ન શકે. બોલશે તો એનું મોઢું દુ:ખશે. આપણને શું ?'

'સ્વામિનારાયણ પ્રકાશ'માં 'નેશનાલીટી' શબ્દ આવ્યો. ત્યારે સ્વામીશ્રી એકદમ કહે : 'અક્ષરધામ એ નેશનાલીટી !' આમ, પોતાની નેશનાલીટી જણાવી.

આજે પાર્લામાં મહેસાણા મેન્સનના વિશાળ ચોગાનમાં જાહેર સત્સંગ સભાનું આયોજન સ્વામીશ્રીની આજ્ઞાથી બાલુભાઈ, ઠાકોરભાઈ તથા નટુભાઈ બ્રહ્મભટ્ટે કર્યું હતું. તબિયત જરાક સુધારા ઉપર જણાતા સ્વામીશ્રીને આરામ કરવામાં ચેન પડતું નહિ. તેઓ ઘણી વાર રમૂજમાં કહેતા : 'નકરો આરામ શું કરવો ?' અશક્તિ ઓછી જણાતાં સ્વામીશ્રી વારંવાર બાલુભાઈ ટી.ટી.ને કહેતા કે 'પરાંમાં જાહેર સભાઓ ગોઠવો.' અહીં આશરે ૩,૦૦૦ જેટલા ભાવિકોએ સ્વામીશ્રીનાં સત્સંગ અને દર્શનનો લાભ લીધો હતો.

પંડિત ગોપીનાથજી અનુભવ પામે છે

તા. ૨૯મીએ, માટુંગામાં, નૂતનવિલામાં મહીપતભાઈ દવેના નવા ફ્લેટમાં સ્વામીશ્રીનો બે દિવસ માટે મુકામ હતો.

સવારે ૧૧-૦૦ વાગે આંખના ડૉ. દવે, જેઓ મા આનંદમયીના શિષ્ય હતા તેઓ પદ્મવિભૂષણ, મહામહોપાધ્યાય કવિરાજ ગોપીનાથજી અને સ્વામી વિરજાનંદજીને લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. પં. ગોપીનાથજી કાશીની ક્વીન્સ કૉલેજના પ્રિન્સિપાલ હતા અને શાસ્ત્રી કૃષ્ણવલ્લભાચાર્યને તેમણે ભણાવેલા.

સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને જ તેઓ ગળગળા થઈ ગયા.

'આપનો અનુભવ (આધ્યાત્મિક) કહો.' તેમણે સ્વામીશ્રીને નમ્રતાથી પૂછ્યું.

સ્વામીશ્રી આ સંબંધી કાંઈ જ ન બોલ્યા, પણ સામેથી તેમની તબિયતના સમાચાર પૂછ્યા અને સ્વામીની ચાર વાતું બોલ્યા :

'આજ તો અલભ્ય લાભ મળ્યો છે...

'તપે કરીને બળી જાય તોપણ ભગવાન તેડવા ન આવે...

'કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો, કદાપિ કરોડ કામ સુધર્યાં ને મોક્ષ બગડ્યો તો શું કર્યું ?

'સત્સંગે કરીને ભગવાન વશ થાય છે...'

પછી સ્વામીશ્રી બોલ્યા : 'અમને તમારાં દર્શન થયાં.'

અને સ્વામીશ્રીના આશીર્વાદ લઈને કૃતકૃત્ય થઈને, ભાવવિભોર બનીને, પંડિતજી કાંઈક પામીને ઊઠ્યા.

સ્વામીશ્રીએ પોતાનો અનુભવ શબ્દથી તો ન કહ્યો પણ એમના દિવ્ય સાંનિધ્યમાં જ પંડિતજીને પોતાના પ્રશ્નનો જવાબ મળી ગયો.

ભગવાનનું સદાય તાદાત્મ્ય અનુભવતા સંતનું મૌન પણ વ્યક્તિના સંશયોને છેદી નાખે છે.

દૃષ્ટિ તેવી સૃષ્ટિ

અહીં સંધ્યા સમયે સ્વામીશ્રીના નિવાસ સ્થાનની ગલીમાંથી એક કુલ્ફીવાળો 'કુલ્ફી મલાઈ, કુલ્ફી મલાઈ' એમ બૂમો પાડતો પસાર થયો.

આ સાંભળી સ્વામીશ્રી હસવા લાગ્યા. એટલે સંતો-યુવકોએ પૂછ્યું : 'બાપા ! કેમ આટલું બધું હસો છો ?'

સ્વામીશ્રીનું હાસ્ય રોકાય જ નહીં. તેથી સૌને વિશેષ કુતૂહલ થયું.

થોડી વાર રહીને સ્વામીશ્રીએ હાસ્યને ખાળીને પૂછ્યું : 'આ શું બોલે છે ? શું વેચે છે ?'

કિશોરભાઈએ કહ્યું : 'કુલ્ફી વેચે છે.'

'કુલ્ફી એટલે શું ?' સ્વામીશ્રીએ ફરી પૂછ્યું.

'બાપા ! દૂધનો જેમ આઇસક્રીમ બનાવે, એમ દૂધ ઉકાળીને ખાંડ નાખીને માટલામાં રાખી, ઠંડું કરે. આ ગરમીના દિવસોમાં માણસો આ ઠંડી કુલ્ફી ખાય.' રમેશભાઈએ સમજાવ્યું.

ઉત્તર સાંભળતાં સાંભળતાં સ્વામી મંદ મંદ હસી રહ્યા હતા. પછી સ્વામીશ્રીએ એક સુંદર પ્રસંગ વર્ણવ્યો :

'અમે શરૂઆતમાં નિર્ગુણદાસ સ્વામી સાથે મુંબઈ આવતા ત્યારે એક વખત ચોપાટી પર એક હરિભક્તને ઘરે પધરામણી કરીને પાછા ફરતા હતા. તે વખતે ઘણું ખરું ટ્રામમાં કે ચાલીને જતા. અમે ચાલીને ચોપાટી પાસે આવ્યા. તેથી નિર્ગુણદાસ સ્વામીએ અમને કહ્યું : 'જોગી ચાલો, આજ તમને ચોપાટી બતાવીએ.'

'ચોપાટીની રેતીમાં અમે આવ્યા ત્યાં એક માણસ શ...શ...શ... એમ લાંબા શીશકારા કરતો હતો. હાથમાં એક બાટલી હતી બસ ! બીજું કાંઈ નહીં ! એટલે અમને નવીન લાગ્યું, તેથી નિર્ગુણદાસ સ્વામીને પૂછ્યું : 'આ શું વેચે છે ? 'શ...શ...શ... આ શું બોલે છે ?'

'નિર્ગુણ સ્વામી કહે : 'એ માલિશ કરવાવાળો છે. તેથી 'માલિશ' એમ બોલે છે, પણ 'શ' લંબાય એટલે 'શ...શ...શ...' સંભળાય છે. અહીંયાં મોટા મોટા શેઠિયાઓ ફરવા આવે તેના પગ ચાંપી દે, શરીર દાબી દે અને જેને તેલ-માલિશ કરવું હોય તો તેને તેલમાલિશ કરી આપે.'

'આ સાંભળીને અમે તો બહુ રાજી થઈ ગયા અને કહ્યું : 'અહોહો, આ તો મુંબઈના માણસો બહુ સેવાભાવી !' અમને એમ કે આ સેવા કરે છે !

'એટલે નિર્ગુણ સ્વામી ખિજાયા : 'શું ધૂળ સેવાભાવી ? આ તો પૈસા લઈને પગ દાબી દે. મફત થોડા કરે ? સાંજે શેઠિયા થાકીને આવે તેનો થાક ઉતારે ને પૈસા લે.'

'નિર્ગુણ સ્વામીને ગુસ્સે થયેલા જોઈને અમે બોલ્યા નહીં. તે અમને ઇદમ્ સાંભરે છે.' એમ કહેતાં ફરીથી ખૂબ હસવા લાગ્યા.

આ પ્રસંગ સાંભળતાં સંતો-યુવકોનું હસવું પણ રોકી શકાતું ન હતું.

બીજે દિવસે કથા પ્રસંગમાં કોઈએ પૂછ્યું : 'એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આવ્યા છતાં એ કેમ કરાવી નહીં દેતા હોય ?'

સ્વામીશ્રી કહે : 'દુકાન લઈને બેઠા હોય ને ઘરાક ન આવે તો હીરા-મોતીની દુકાનમાંથી મફત દઈ દે છે ? સંત્રી પે'રા ભરે ! બૅંકમાં ભરી બંદૂકે ઊભા રાખે ! ભાજી-પાલામાં પે'રા ઊભા રાખે ? આ તો દયાળુ છે. મફત આપી પણ દે. પણ તેમાં ખપ ન જાગે. નાટકની ટિકિટ મફત દે તો કોઈ ન જાય. મૂર્તિ મફત આપીએ, પછી જેમ તેમ સાચવે.

'ભગવાન ને સંત એવી શક્તિ - એવા ગુણ આપવા બેઠા છે. પાત્ર થવું જોઈએ. સાંભળીને અમલમાં મૂકીએ તો હાથ છૂટી બલા થઈ જાય.'

સૌલભ્યત્વ

આજે પૂજામાં સંતોના વિદ્યાગુરુ અને ભારતીય વિદ્યાભવન પાઠશાળાના પ્રધાન આચાર્ય પંડિત દીક્ષિતારજી આવ્યા હતા. તેમને સ્વામીશ્રીએ હાર પહેરાવ્યો તેથી તેઓ ગદ્‌ગદ થઈ ગયા અને કહે : 'અમારા ગુરુ (શંકરાચાર્ય) પોતે હાર ન પહેરાવે. તેમના સેક્રેટરી દ્વારા અપાવે.'

થોડી વારે સ્વામીશ્રીએ તેમને વાત કરવા કહ્યું. ત્યારે કહે : 'સૌલભ્યત્વ એ ભગવાનનો ગુણ છે. બીજા આચાર્યોને મળવું હોય તો કેટલી રુકાવટ થાય, જ્યારે અહીં સુલભતાથી દર્શન થાય છે. એ ભગવાનને રાખવું પડે. નહીં તો કોઈ નભે નહિ.' એમ શાસ્ત્રોનાં વચનોથી પંડિત દીક્ષિતારજીએ સ્વામીશ્રીના નિર્માનીપણાની ભારોભાર પ્રશંસા કરી. તેઓ સરળ સંસ્કૃતમાં બોલી રહ્યા હતા.

આત્મિક સ્પર્શ

આજે સ્વામીશ્રીનો કાર્યક્રમ પવઈ વાડીમાં ગોઠવાયો હતો. સ્વામીશ્રી માટે પાનાચંદ શેઠે મોટર મોકલી હતી, પરંતુ આ મોટર ઠેઠ સુધી જઈ શકે તેમ ન હતી, એટલે મેઈન રોડ ઉપર ગાડી મૂકીને સ્વામીશ્રી જીપમાં બેસીને વાડીએ ગયા.

બપોર થતાં સ્વામીશ્રીએ એક યુવકને મોટર સાચવવા મોકલ્યો અને ડ્રાઇવરને જમવા બોલાવ્યો અને તેને જમાડી દેવા એક સંતને ખાસ ભલામણ કરી.

સાંજે ચણાના ઓળાની ઉજાણી હતી. સંતો-હરિભક્તોનો મોટો સમુદાય હાજર હતો. છતાં સ્વામીશ્રીએ ડ્રાઇવરને યાદ કરીને એક સંતને પ્રસાદ આપવા કહ્યું. પરંતુ તે સંત અન્ય પ્રવૃત્તિમાં તેને આપવાનું ભૂલી ગયા.

વળતાં રસ્તામાં સ્વામીશ્રીએ ચણાના ઓળાનો પ્રસાદ સાથે રાખેલો તે ડ્રાઇવરને આપ્યો અને રસ્તામાં તેની સાથે ૧૫-૨૦ મિનિટ વાત કરી.

એ પછી મંદિરે પહોંચી સ્વામીશ્રીએ ડૉક્ટર સ્વામીને કહ્યું : 'ડ્રાઇવરને ચા-પાણી કરાવો. પ્રસાદનું બૉક્સ આપો.' એમ કહી, શેઠ માટે પણ પ્રસાદનું બૉક્સ આપવા સૂચના આપી.

ડ્રાઈવરે જતાં જતાં ડૉક્ટર સ્વામીને કહ્યું : 'મને સ્વામીશ્રીનાં પહેલી વાર જ દર્શન થયાં છે, પરંતુ તેમણે મારું ઘણું ધ્યાન રાખ્યું છે અને મારી સાથે ઘણી

વાતો કરી છે. મારા જીવનમાં આટલો બધો રસ હજી સુધી કોઈએ લીધો નથી !'

ફક્ત એક જ વારના પ્રસંગમાં સ્વામીશ્રીએ તેની સાથે આત્મીયતા સાધીને તેનું હૃદય જીતી લીધું ! તેના હૃદયમાં સ્વામીશ્રીનું અલૌકિક સ્વરૂપ કાયમ માટે અંકિત થઈ ગયું !

માનવ મનના માલમી !

પવઈના ઉત્સવમાં ભાગ લેવા ઘણા હરિભક્તો આવ્યા હતા. ભાદરણના જશભાઈ ચુનીભાઈ પણ સાથે હતા. તેમને બીડીનું વ્યસન; પરંતુ કથાવાર્તા અને ભજનના અખાડામાં તેમને બીડી પીવાનો અવકાશ મળતો નહીં. રોજ સૌથી વધુ બીડી પીવાથી શારીરિક અને આર્થિક બંને રીતે પોતે પાયમાલ થઈ ગયા હતા; પરંતુ વ્યસન છોડી શકતા નહીં.

આજે ચાલુ સભાએ ઊઠીને બીડી પીવા ચાલ્યા. ત્યાં જ સ્વામીશ્રીએ પડકારો કર્યો : 'એ જશભાઈ ! ક્યાં જાવ છો ?'

તેઓ નજીક આવ્યા. ત્યાં સ્વામીશ્રી કહે : 'બધું બરાબર ચાલે છે ને ? વહેવાર કેમ છે ?'

જશભાઈએ આ નિર્મળ વાત્સલ્યને નમી દીધું. પેટ છૂટી વાત કરી દીધી. સ્વામીશ્રીએ તેમને નિયમ આપ્યો. ફરીથી વર્તમાન ધરાવ્યાં ને કહે : 'આજથી બીડી બંધ !'

એ જ ક્ષણથી તેમને બીડીનો તીવ્ર અભાવ થયો અને સુખિયા થયા.

સંબંધ સામે જ જોવાની દયાળુ દૃષ્ટિ

ચૈત્ર સુદ ૯, ગુરુવાર, તા. ૩૧મી માર્ચના શ્રીહરિ જયંતીનો મહોત્સવ ખૂબ ધામધૂમથી કપોળ વાડીમાં ઊજવાયો હતો. મહંત સ્વામી સાથે અમે સૌ સંતોએ મળીને છપૈયા જન્મ સ્થાનનું સુંદર દૃશ્ય ખડું કર્યું હતું. ચાંદીના પારણામાં બાળ ઘનશ્યામને પધરાવ્યા હતા. ભક્તિમાતા પારણું ઝુલાવતાં હતાં. પુષ્પનો હિંડોળો પણ સજાવ્યો હતો.

બપોરે ૧૨-૦૦ વાગે સ્વામીશ્રી સંતો સાથે સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, કપોળ વાડીમાં પધાર્યા. આખો દિવસ સત્સંગ ચાલ્યો. સંધ્યા આરતી પછી રાત્રિ શરૂ થઈ. ધીરજ ચાવડાએ ગઢપુર તથા સ્વામીશ્રીની દિનચર્યાનો સ્લાઇડ-શૉ બતાવ્યો. પ્રાસંગિક પ્રવચનો બાદ પ્રમુખસ્વામીએ શ્રીજીમહારાજના

સર્વોપરીપણાની સુંદર વાતો કરી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા :

'સંતો દરેકે નિર્જળા નોમ કરી છે. બાળકોએ કરી છે. અમારું સેમ્પલ જોવું હોય તો ટી.ટી. બાપા(બાલુભાઈ બ્રહ્મભટ્ટ)ના દીકરા જુઓ. 'હરિકૃષ્ણ અહીં આવ.' એમ કહી હરિકૃષ્ણને સ્ટેજ ઉપર બોલાવી ઊભો કર્યો અને કહ્યું : 'આ હરિકૃષ્ણ દસ વર્ષનો છે. પાંચે જયંતી બે વરસથી નિર્જળા કરે છે. (વરસના પાંચ ઉપવાસ) આજેય પાણી પીધું નથી. આવા નાના મુક્તો કરે, તો વડીલો-પાર્ષદો કેમ ન કરે ?

'આશીર્વાદ, તમે બધા નિર્દોષ થઈ જશો. શ્રીજીમહારાજ ભક્તવત્સલ છે. કોઈના ગુના સામે જોતા નથી. શાસ્ત્રીજી મહારાજ એવા દયાળુ હતા. તે ફક્ત સંબંધ સામું જોતા.'

પછી પ્રમુખસ્વામીએ મોટો સુંદર હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્વામીશ્રી તે હાર સાથે ઊભા થયા અને પ્રમુખસ્વામી સાથે ફોટો પડાવ્યો. ત્યારબાદ તે હાર પ્રમુખસ્વામીને પહેરાવીને પણ ફોટો પડાવ્યો.

જન્મોત્સવની આરતી પછી સ્વામીશ્રી પુષ્પની દોરીથી પારણું ઝુલાવવા બેઠા. ઈશ્વરભાઈ દેસાઈ તરફથી સૌને પંચાજીરીનો પ્રસાદ વહેંચાયો. લગભગ ૧,૫૦૦ હરિભક્તો રાતે ૧૧-૦૦ વાગે આ લાભ લઈ વિખરાયા.

બ્રહ્મસ્વરૂપનું ધ્યાન કરવામાં બાધ નહિ

તા. ૧-૪-'૬૬, પારણાં પહેલાં કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'સાધુ તો ઘણાય હોય. ભગવાં પહેર્યાં હોય, વેદાંતના અર્થ કરતા હોય. પણ તેમના સમાગમથી કાંઈ ન થાય.

'પણ બ્રહ્મસ્વરૂપ થયેલા, ગુણાતીતભાવને પામેલા સત્પુરુષનો સમાગમ કરીએ તો આપણને પડવા ન દે. પંચ વર્તમાન તે પાળે ને પળાવે.

'બ્રહ્મવેત્તા એટલે તત્ત્વવેત્તા - બ્રહ્મને જાણવાવાળા કે બ્રહ્મ આવા છે - તેવા છે.

'બ્રહ્મસ્વરૂપ તો ભાવને પામેલા - એકાત્મતાને પામેલા - ભગવાનની સાથે જોડાઈ ગયેલા. તેનું ધ્યાન કરવામાં બાધ નહિ.'

કથાની સમાપ્તિની થોડી ક્ષણો પહેલાં સભામાં જ સ્વામીશ્રીએ તુંબડીમાં મોસંબીનો રસ પીધો અને ઉપવાસનાં પારણાં કર્યાં.

લગભગ બે માસ સ્વામીશ્રીએ અહીં આરામ લીધો. સ્વામીશ્રીએ ગ્રહણ

કરેલી બીમારી છોડી દીધી.

તા. ૨-૪-'૬૬, સવારે ગુજરાત એક્સપ્રેસમાં વિદાય લીધી. દહાણુ રોડ, વલસાડ, નવસારી, સુરત, અંકલેશ્વર, ભરૂચ અને વડોદરા સ્ટેશને ભક્તોનાં વૃંદ દર્શને આવ્યાં હતાં. ડબાના બારણાં પાસે ઊભા રહી, સ્વામીશ્રી સૌને દર્શન આપતાં; ઊંચા હાથ કરી આશિષ વરસાવતા.

અટલાદરામાં શહેરના નગરપતિ ચોકસી, ડૉ. ઠાકોરભાઈ વગેરે ભાવિકોએ દર્શનનો લાભ લીધો. જિલ્લાનાં ગામોમાંથી હરિભક્તો મોટી સખ્યામા દર્શને આવતા.

અહીંથી સાંકરદા થઈ, બોચાસણ પધાર્યા. ચૈત્રી પૂનમનો ઉત્સવ અતિ ઉત્સાહથી ઊજવાયો.

અહીં શણગાર આરતી પછી સ્વામીશ્રી હનુમાન-ગણપતિની મૂર્તિઓ તથા મંદિર બહાર તળાવને કાંઠે જ્યાં શ્રીજીમહારાજ વર્ણીવેશે પધારેલા તે દેરીએ દર્શન કરતા. અહીં હનુમાનજીની મૂર્તિ પધરાવી છે. થોડીક ક્ષણોમાં પણ સ્વામીશ્રી બારીકાઈથી નિરીક્ષણ કરી પ્રાસાદિક સ્થાનોની માવજત કરાવતા. સ્વામીશ્રીએ સાથેના એક હરિભક્તને સૂચના આપી કે 'અહીં દીવો કરવો, (દેરીમાં ચરણારવિંદ ઉપર) ને હનુમાનજીને તેલ ચઢાવવું... અહીં રોજ પુષ્પો મૂકવાં ને હનુમાનજીને શનિવારે આકડાનો હાર ચઢાવવો...' એમ ચોક્કસ સૂચનાઓ આપી સ્થાનનો મહિમા સાચવ્યો.

પરાવાણીના પુરસ્કર્તા

સ્વામીશ્રીએ પોતાના સેવકોને રોજ પાંચ વચનામૃત વાંચવાની આજ્ઞા કરી હતી. પોતે રોજ એ અંગે પૂછપરછ પણ કરતા.

અહીં એક સંતે વચનામૃત નહોતાં વાંચ્યાં, તો સ્વામીશ્રીએ તેમને બીજે દિવસે દસ વચનામૃત વાંચવાં જણાવ્યું. પછી પોતે કહે : 'આજ્ઞાથી પાંચ વચનામૃત વાંચવાં તો તમને યાદ રહેશે કે સ્વામીએ અમને આજ્ઞા કરી હતી.'

આજ્ઞા પળાવવામાં પણ આ રીતે યુક્તિથી, સરળતાથી આગ્રહ રાખતા અને જીવનું રૂડું કરતા.

રાત્રે સૂતી વખતે પોતાની વાત કરતાં કહ્યું : 'હું રોજ તેત્રીસ વચનામૃત વાંચતો. તે આઠ દિવસમાં વચનામૃતનું પારાયણ પૂરું થઈ જાય.'

આમ, અનેક રીતે જીવને બળ આપી, ભગવાનને માર્ગે આગળ વધારતા.

બોચાસણમાં દારૂબંધી સપ્તાહ ઊજવવાનું શરૂ થયેલ. એ નિમિત્તે, ગામના આગેવાનોની વિનંતીથી સ્વામીશ્રી શાળામાં પધાર્યા. દારૂબંધી દેશમાં થાય તેવા આશીર્વાદ આપ્યા હતા.

આ કાંઈ બાવાનું મંદિર છે ?

તા. ૮મીએ, સ્વામીશ્રી આણંદ પધાર્યા. અહીં સાંજે મંદિરમાં સભા થઈ. સૌ હરિભક્તો દાળનો વાર્ષિક ધર્માદો લખાવતા હતા. અંબાલાલભાઈ તેની જાહેરાત કરતા હતા. એમાં એક બહેનનું નામ આવ્યું. મંદિર બહાર દૂર પ્રાંગણમાં બેઠેલી બહેનો તરફ જોઈ અંબાલાલભાઈ બૂમો પાડી પૂછવા લાગ્યા.

એ જોઈ સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'ત્યાં ન પુછાય, આ કાંઈ બાવાનું મંદિર છે ?' એમ ટકોર કરી અને સભામાં સંતોની મર્યાદા વિરુદ્ધ બહેનો સાથે બૂમાબૂમ કરતા - વાત કરતા અટકાવ્યા.

એક નારાયણ અને એના ધારક સંત સિવાય આટલી બાઈ-ભાઈની મર્યાદા કોણ રાખે અને રખાવે ?

તબિયત સારી નહિ હોવાથી, આ વખતે દાળના ધર્માદા માટે પ્રમુખ-સ્વામી પધાર્યા. સાથે મને મોકલ્યો.

શિક્ષાપત્રીના સમ્યક્ અનુગામી

બીજે દિવસે સવારના દાતણ કરતી વખતે પૂછ્યું : 'પાણી પવિત્ર છે ?' સેવકે ટેવ મુજબ હા પાડી. પણ સ્વામીશ્રીએ અંતર્યામીપણે કહ્યું : 'હૉલ (Whole) મુંબઈમાં દાદર જેવું પાણી ચોખ્ખું નહિ.'

ખરેખર ગાળવાનું રહી ગયું હતું. તેથી સ્વામીશ્રી તે ઉપર જ બોલ્યા : 'ગૃહસ્થોનું પાણી બોટાયેલું કહેવાય. સ્નાન થાય જ નહિ. આપણે જાતે જ ભરી લેવું. ગૃહસ્થના ઘરમાં વિશ્વાસ ન રખાય. અશુદ્ધ હોય. ચોખ્ખાઈ નહિ. હું તો રોજ સવારે વાસણ માંજી, ગરણું બાંધી, પાણી ભરી લેતો. ઠાકોરજી ઠપકો ન આપે. આ તો દેવ માટે પાણી વાપરવાનું. ચોખ્ખાઈ રાખવી. ખબર પડી ?'

સેવકને ખ્યાલ આવી ગયો કે આજે પાણી ગાળવું રહી ગયું છે, તેના અનુસંધાનમાં જ સ્વામીશ્રી બોલી રહ્યા હતા.

પ્રભુસ્વરૂપ સ્વામીથી ભૂલથી એંઠવાડ ઉપર પગ મુકાઈ ગયો. સ્વામીશ્રી કહે : 'આ બાજુ આવો, એંઠું છે. લાવો હું લૂછી દઉં. આવું બધું બહુ લૂછેલું.

અબોટ કરેલા. છાણથી કરતા.'

આણદમા બાવાજીભાઈની વાડીમાં, નિર્ગુણદાસ સ્વામીની દેરીએ, રવિવારની સભામાં સૌને લાભ આપ્યો.

પછી વિદ્યાનગર છાત્રાલયમાં પણ સભા ભરી, યુવકોને આશીર્વાદ આપ્યા. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીના મહિમાની વાતો કરી. શુદ્ધ વર્તન અને શુદ્ધ ઉપાસના સમજાવી, યુવકોને બળ અને પ્રેરણા આપ્યાં.

ગુરુનું નામ આગળ આવે એમાં હું રાજી

સ્વામીશ્રીની ઇચ્છાથી ગોંડલમાં 'નૈમિષારણ્ય ગુરુકુળ'નું આયોજન ચાલુ હતું. જેમાં છાત્રાલય, પાઠશાળા, સંગીત, સંશોધન, પ્રકાશન વગેરે પ્રવૃત્તિઓ શરૂ થવાની હતી. ગુરુકુળમાં છાત્રાલયનું કાર્ય પ્રથમ શરૂ થવાનું હતું. એથી ગોંડલથી સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામીએ પુછાવેલું કે 'એનું નામ શું રાખવું ?'

છાત્રાલય સાથે સ્વામીશ્રીનું નામ જોડવાની સૌની ઇચ્છા હતી. હું સ્વામીશ્રીને પૂછવાની તક શોધતો હતો. ત્યાં અહીં એમણે સામેથી મને કહ્યું : 'કંઈ પૂછવું છે ?' મેં સિદ્ધેશ્વર સ્વામીના પત્રની તથા તેમના સૂચનની વાત કરી.

વાતની વચ્ચે જ પોતે બોલી ઊઠ્યા : 'ના, આપણું નામ ન હોય. શાસ્ત્રીજી મહારાજનું રાખો. 'સ્વામી શાસ્ત્રીજી મહારાજ છાત્રાલય' એવું નામ રાખો.'

'એમનું નામ તો રાખવાનું જ છે. ગુરુકુળની ઘણી પ્રવૃત્તિઓમાં એક પ્રવૃત્તિ એમના નામે શરૂ થશે; પણ છાત્રાલય સાથે આપનું નામ રાખવાની બધાની ઇચ્છા છે...' એમ દલીલ કરી.

'તો પ્રમુખસ્વામીનું નામ રાખો, પણ મારું નામ ન રાખો.' સ્વામીશ્રી નિખાલસભાવે કહેવા લાગ્યા : 'આપણે તો સેવા કરીએ પણ શાસ્ત્રીજી મહારાજ, પ્રમુખસ્વામીનું નામ આગળ આવે તેમાં હું બહુ રાજી.'

સહજભાવે ઉચ્ચારાયેલા આ શબ્દો એમની ગુરુભક્તિ અને અમાનિત્વ પ્રગટ કરી ગયાં.

તા. ૧૪-૪-'૬૬, આજે સાંજે આણંદથી નીકળી, સ્વામીશ્રી વડતાલ દર્શને પધાર્યા. દરેક પ્રસાદીનાં સ્થાનનાં દર્શન કરી શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજીને ત્યાં પધરામણી કરી. તેમને રાજી કરી મહેળાવ પધાર્યા. અહીં સ્નાનાદિક વિધિ કરી. દર્શન-આરતી બાદ રાત્રે ૧૦-૩૦ વાગે આણંદ પાછા આવી ગયા.

બહુ સુખ આવ્યું !

મંદિરમાં હંમેશ મુજબ રાત્રે સૂતાં પહેલાં સ્વામીશ્રીના મસ્તકે-તાળવે અને ચરણારવિંદનાં તળિયાંમાં સેવકો ઘી ઘસતા હતા. ત્યારે સ્વામીશ્રી એકધારા બોલવા લાગ્યા :

'આજે કેવું સુખ આવ્યું ? આનંદ આવ્યો ! કેમ ઈશ્વર સ્વામી ? મેં મુંબઈથી સંકલ્પ કર્યો હતો કે રોગ મટે એટલે મહેળાવ-વડતાલ દર્શન કરવા જવું છે. તે આજે પૂરો થયો. બહુ મજા આવી, સુખ આવ્યું, શાંતિ થઈ ગઈ, કેવાં દર્શન થયાં ? એકલા હતા તે વડતાલમાં પણ દર્શન કરવાની મજા આવી. ભીડો નહિ. ધર્મપિતા, ભક્તિમાતા... વાસુદેવ (મૂર્તિઓએ) કેવા પીળા વાઘા પહેર્યા હતા ! હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ, મહારાજની પધરાવેલી. લીલા વાઘા, મોરબી પાઘ, બહુ સારાં દર્શને થયાં, શાંતિ થઈ ગઈ. મહેળાવ સ્વામીના સ્થાનમાં પણ બહુ સુખ આવ્યું, શાંતિ થઈ ગઈ...

'સ્વામી પ્રત્યક્ષ હરતા-ફરતા હોય એવાં દર્શન થયાં. એવું જ લાગતું હતું. જન્મ સ્થાન, પીપળો... કેવી મૂર્તિ ! તમે કાંઈ સંકલ્પ કર્યો... ?'

'આપે કરાવ્યો.' મેં કહ્યું.

'હા, આચાર્ય થવાનો. સિદ્ધેશ્વર, રામચરણ, બધા સંતો વતી દર્શન કર્યાં. બહુ મજા આવી. શાંતિ થઈ ગઈ. હું રોજ સ્મૃતિ કરું. આજે પ્રત્યક્ષ દર્શન થયાં. રોજ હું મહેળાવ, મહુવા, વડતાલ, સારંગપુર, ગઢડા સંભારું. ત્યાં સમય નીકળી જાય. આજે પ્રત્યક્ષ દર્શન થયાં. બહુ શાંતિ થઈ ગઈ, સુખ આવ્યું.'

'તમે મુંબઈ કાગળ લખો, દર્શન કરી આવ્યા. આપના વતી દર્શન બધે કર્યાં, સ્વામીના સ્થાનમાં, ને એકવીસ આચાર્ય, એકવીસ શાસ્ત્રી, એકવીસ પુરાણી થાય (સંતો) એવો સંકલ્પ કર્યો તે તમે પૂરો કરો... હવે સૂઈ જાઉંને.. બસ લ્યો... રાખો લ્યો...' એમ ઘણી વાતો કરી. જાણે અમૃતના ઘૂંટડા ગળે ઉતારતા હોય અને સ્વાદ લેતા ધરાતા ન હોય એમ 'બહુ સુખ આવ્યું...', શાંતિ થઈ ગઈ...' એ શબ્દો સ્વામીશ્રી વારે વારે બોલ્યે જતા હતા. શ્રીહરિ અને ગુરુહરિની પ્રત્યક્ષ ભક્તિ વગર આવું શેં સંભવે ?

મૌન વ્યાખ્યાન

આજે અંબાલાલ કરસનદાસની રસોઈ જમી, નડિયાદ થઈ, ડભાણમાં

બાળ મંડળની સભામાં સૌને આશીર્વાદ આપી, સાંજે વસો - મહેન્દ્ર બાપુ આફ્રિકા જતા હોવાથી તેમના વિદાય સમારંભમાં આવ્યા હતા.

સને ૧૯૨૫-૩૦ની સાલમાં વસોના મહેન્દ્રભાઈ દેસાઈ ભાવનગરમાં દક્ષિણામૂર્તિમાં ભણતા ત્યારે ત્યાંના પ્રાર્થના ખંડમાં એક મોટું ચિત્ર જોતા. ચિત્રમાં મોટા વડના ઝાડ નીચે પદ્માસન વાળીને ભગવાન શ્રી 'દક્ષિણામૂર્તિ' બિરાજ્યા હતા. અને એની નીચે લખ્યું હતું :

'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તેચ્છિન્ન સંશયા:'

એ શ્લોક જ્યારે પણ વંચાઈ જતો ત્યારે તેમના મનમાં પ્રશ્ન ઊઠતો કે 'મૌન વ્યાખ્યાન' વળી કેવું હોય ? એ મૌન વ્યાખ્યાન શિષ્યોના સંશયોને શી રીતે તોડે-ઉકેલે ?

આજે વસોમાં સ્વામીશ્રીની પધરામણી પ્રસંગે તેમની એ ગૂંચ સ્વામીશ્રીના મૌન વ્યાખ્યાનથી ઊકલી ગઈ.

સ્વામીશ્રીને તેમણે પૂછેલું : 'બાપા ! કથાવાર્તામાં મને રસ પડતો નથી. ને સમજાતી પણ નથી.'

સ્વામીશ્રી તેમના બાલસુલભ, નિર્દોષ સ્ફટિક સમા આકર્ષક હાસ્યને વેરતા ફક્ત એટલુ જ બોલ્યા : 'સમજાશે એ તો.'

સ્વામીશ્રીએ ન પૂછ્યું કે 'શું સમજાતું નથી ? ક્યાં ગૂંચ આવે છે ?' ન કોઈ સૂચના કરી કે 'મન સ્થિર કરો, સમજવા પ્રયત્ન કરો, વિચારો, વધુ ને વધુ વિચારો એટલે સમજાઈ જશે.'

અને છતાં જ્યારે જ્યારે પ્રશ્ન ઊભા થયા, ત્યારે મહેન્દ્ર બાપુને સમજણ-ખુલાસા પણ આપોઆપ મળતાં ગયાં. અને ગુરુના મૌન વ્યાખ્યાને તેમને સદૈવ સાથ આપ્યો.

અહીં રામજી મંદિરમાં પધરામણી કરી. નવા નિમાયેલા મહંતને આશીર્વાદ આપી, બારેજા, જેતલપુર, અસલાલી થઈ અમદાવાદ આવી પહોંચ્યા.

❀ ❀ ❀



શ્રીનગરમાં પારાયણ પર્વ

રવિવાર, સવારે અ.નિ. ચીનુભાઈ ઘડિયાળીના મોક્ષાર્થે 'હરિલીલા-કલ્પતરુ'ના તૃતીય સ્કંધની પારાયણનો પ્રારંભ પ્રમુખસ્વામીએ કર્યો. સવાર-સાંજ શ્રીનગર તેમજ બહારગામના હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન તથા કથા-શ્રવણનો સારો લાભ લેતા.

રોજ રાતે મણિભાઈ બ્રહ્મભટ્ટના પ્રયાસથી જાહેર સભાઓ યોજાતી. જેમાં શહેરની ભાવિક જનતા નિયમિત આવતી. સવારે મંગળ પ્રવચનમાં પણ યુવાનો અને મુમુક્ષુઓ દૂર દૂરથી આવી જતા. સવારની સ્વામીશ્રીની વચનામૃતની કથા ભક્તો માટે અનેરું આકર્ષણ હતી.

તા. ૨૦-૪-'૬૬ના રોજ સ્વામીશ્રીનાં દર્શનાર્થે ગુજરાત રાજ્યના ગવર્નર માનનીય કાનુન્ગો આવ્યા હતા. સ્વામીશ્રીનાં ચરણોમાં પંચાંગ પ્રણિપાત કરી આશીર્વાદ મેળવ્યા. આ પ્રસંગે સંબોધન કરતાં સ્વામીશ્રીએ સંતનાં લક્ષણનું સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી રચિત પદ *'હાંજી ભલા સાધુ...'* એ ગાયું અને કહ્યું :

'આવા સાચા સંતનો સમાગમ કરવો એ જ સાચો સત્સંગ છે. એવો સત્સંગ દુર્લભ છે. વળી, એકાંતિકપણું દુર્લભ છે અને ભગવાન દુર્લભ છે. તો મનુષ્ય દેહે કરીને આવો દુર્લભ સત્સંગ ભગવાનના પરમ એકાંતિક સંતનો આશ્રય એ જ કરવાનું છે.'

ગવર્નરે સહકુટુંબ મંદિરમાં સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો હતો.

યુવાનોમાં શ્રદ્ધાનું વાવેતર

રાત્રે જાહેર સભામાં પુરવઠા પ્રધાન વિજયકુમાર ત્રિવેદીએ મનનીય પ્રવચન કર્યું હતું. સ્વામિનારાયણ ભગવાનનાં જીવન અને કાર્યની સુંદર

છણાવટ કરી સ્વામીશ્રીનો મહિમા વર્ણવ્યો હતો :

'સ્વૈચ્છિક રીતે નિયંત્રણ રહે એવી ધર્મ-વ્યવસ્થા અથવા તો એવી શ્રદ્ધાને પેદા કરાવી શકે તેવી વ્યક્તિ હોય તો જ માણસના જીવન ઉપર અસર થાય. માત્ર શાસ્ત્રોથી બુદ્ધિશાળી થવાય પણ ધર્મિષ્ઠ ન થવાય. એવું જીવન જીવવાવાળા પુરુષ હોય તો જ આપણને ખ્યાલ આવે. જ્ઞાન અને જીવન ભેગું થાય તો દુનિયા સુખી થાય. હિંદુ ધર્મે સર્વ ધર્મોને આકર્ષ્યા છે. બીજા ધર્મોમાં વિદ્વાનોનો પાર નથી પણ સંતોની સંખ્યા તો માત્ર હિંદુ સંસ્કૃતિમાં જ રહી છે. એને પરિણામે આજે હિન્દુસ્તાન આર્થિક રીતે દુઃખી હોવા છતાં એકંદરે સૌ સુખી ને શાંતિમય જીવન જીવે છે. મૂળમાં Integral Value મજબૂત છે. વેદનો ધર્મ એક જ છે તેને અમલમાં મૂકનારા જુદા જુદા પુરુષો આવ્યા તેમણે નવી નવી રીતો અપનાવી.

'છેલ્લાં બસો વર્ષમાં એવી કોઈ વ્યક્તિ હોય કે જેણે સફળતાપૂર્વક સમાજ ઉપર અસર પાડી હોય તો તે ભગવાન સ્વામિનારાયણે. આજે છેલ્લાં કેટલાંય વર્ષોથી દારૂબંધી માટેના પ્રયત્નો સરકાર કરી રહી છે, પણ તેમાં બહુ ઓછી સફળતાનો અનુભવ થયો છે. જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાય જે સ્વીકારે તે આજે પણ તમાકુ-દારૂના નશામાંથી મુક્ત રહે છે.

'થોડા વખત પહેલાં હું કડી તાલુકાના એક ગામમાં ગયો હતો. પછી જમવા વખતે બધા આઘાપાછા થવા લાગ્યા. મેં કારણ પૂછ્યું ત્યારે બધા કહે : 'આજે અમારે બધાને ઉપવાસ છે.' આખા ગામમાં એક પણ ઘર એવું નહીં કે જે અનાજનો દાણો મોઢામાં મૂકે. કેવી આશ્ચર્યકારી ઘટના ! એનું કારણ ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા.

'આજે ચોપડીમાં લખાયેલાં વચન કરતાં એવી - લોકોત્તર વ્યક્તિનાં મુખમાંથી નીકળેલાં વચનની અસર જુદી છે. હિંદુ ધર્મ ચોપડામાં લખેલો ધર્મ નથી. પરંતુ અનેક સંતો મારફત જીવનમાં જીવાતો ધર્મ છે. આવા સંતોનું જીવન જ ફરતો ઉપદેશ છે.

'આજે જુવાનોને ધર્મમાં અશ્રદ્ધા થાય છે તેનું કારણ કેટલાક ધાર્મિક લોકોનું બાહ્યજીવન જુદું હોય છે. મંદિરના ચોગાનમાં ને પેઢીની ગાદી ઉપરનું આપણું જીવન એક હોવું જોઈએ.

'જુવાન માણસોમાં શ્રદ્ધા લાવવાનું કામ યોગીજી મહારાજ કરે છે. એમના શબ્દોની અસર થાય છે. એમના મારફત ભગવાન બોલે છે.

'ભગવાન સ્વામિનારાયણના સંસ્કારની અસર સીધી યા આડકતરી રીતે હિન્દુસ્તાન ઉપર પડી જ છે. ગાંધીજી ઉપર પણ પડી હતી. તે મને હમણાં થોડા વખત પહેલાં રવિશંકર મહારાજે જણાવ્યું.

'કેટલાય ઉપદેશકોએ ઉપદેશ આપ્યો છે, પણ તે જીવનમાં વ્યવહારુ બને તે રીતે નથી આપ્યો.

'વ્યવહારમાં રહીને પણ હિંમતપૂર્વક ધર્મ પાળી શકીએ એમ ઉપદેશ આપ્યો હોય તો તે માત્ર સ્વામિનારાયણ છે.

'કોઈપણ ધર્મોપદેશક જીવનના વ્યવહારની સાથેના ધર્મની વાત ન શીખવે તો તે ઉપદેશ પુસ્તકમાં જ રહે છે. તે પહેલા-વહેલા સ્વામિનારાયણ ભગવાને હિંમતથી આપ્યો છે.

'સ્વામિનારાયણ ભગવાનનાં વચનામૃતો, તે પ્રમાણે પ્રત્યક્ષ જીવન જીવતા યોગીજી મહારાજ મારફત સાંભળી આપણે આપણું જીવન ધન્ય બનાવીએ.'

એમની પાસે હૃદય ભેદવાની રીત છે

ગુરુવાર, તા. ૨૧-૪-'૬૬ના રોજ અતિથિવિશેષ તરીકે યશોધર મહેતાએ બોલતાં જણાવ્યું કે –

'ભગવાન સ્વામિનારાયણ વિશે મારે કાંઈ બોલવું તે નાના માણસે ઊંચા ઝાડ ઉપરથી ફળ ઉતારવા જેવું છે. ભગવાન સ્વામિનારાયણમાં જન્મસિદ્ધ વીરત્વ જોવા મળે છે. તે અદ્વિતીય છે. અવતારી પુરુષનું લક્ષણમાત્ર જ્ઞાનસિદ્ધિ નથી, વીરત્વ પણ છે. ભક્તિ પણ વીરત્વથી શોભે છે. કેટલાં દુ:ખો વેઠ્યાં, પગપાળા ભારતની યાત્રા કરી. પોતે મિશન સાથે જન્મેલા અને લોકોનાં પરિવર્તન કર્યાં. એમના કૃપા-કટાક્ષથી માંસ, મદિરા ને માનુની છોડી. માત્ર એક શબ્દથી. આજે પણ એ તત્ત્વ કામ કરી રહ્યું છે. આજે યોગીજી મહારાજ જેવા સંત બિરાજે છે. એ પ્રવાહ ચાલુ છે.

'એ વખતની પરિસ્થિતિમાં ચોર, લૂંટારુ, ડાકુઓ વગેરે આ દેશની અંદર અધર્મ ફેલાવતા. હિંસામય યજ્ઞો થતા હતા ત્યારે એ મહાપુરુષે ગુજરાતભરમાં ફરી, સદ્ધર્મનો ઉપદેશ આપી સેવા કરીને લોકોને જાગૃતિમાં આણ્યા. આપણને એવો અનુભવ થાય છે કે ઉત્સાહથી, વીર્યથી, બળથી આ કાર્ય કર્યું છે.

'આજે યોગીજી મહારાજ મારા જેવા અજ્ઞાનીને સાંભળે છે એ જ એમની સહનશીલતા છે. પોતે સદા હસતા રહી પ્રેમ જ છલકાવે છે. આવા પુરુષો

બોલતા નથી, પણ એમની પાસે હૃદય ભેદવાની રીત હોય છે. એ રીત જાણે તે જાણે, સમજે તે સમજે. ક્ષણની અંદર પરમાં પ્રવેશી અંધકાર દૂર કરનારા સમર્થ સંતો આજે પણ છે. આવા પુરુષોનું મૌન આપણને આત્માના પ્રદેશમાં લઈ જાય છે. તે પરમાત્માના સંકેતનો ઉપદેશ કરનારું હોય છે.

'ભગવાન સ્વામિનારાયણ માત્ર જ્ઞાન સંપન્ન ન હતા, ચૈતન્ય સંપન્ન પણ હતા. ઓજસ્વી પુરુષ હતા. એમનું જીવન ઔપનિષદિક હતું. જેમને આપણે Superman કહીએ. એમનું જીવન ને કવન દેશકાળની મર્યાદામાં નથી.

'આવા સંતપુરુષો પાસે નિર્મળ અંતઃકરણથી અહંકાર વગર બાલ્યભાવથી જવું તો ભક્તિ ઉદય થાય. હું એમનાં ચરણોમાં મારું અજ્ઞાન મૂકવા ને એમનો પ્રેમ સંપાદન કરવા આવ્યો છું.'

જગત ને જાત ભૂલવાનો અનુભવ

આ પ્રસંગે ગુજરાત કૉંગ્રેસના મંત્રી તથા સરદાર પટેલ કૉલેજના પ્રિન્સિપાલ ચીમનભાઈ પટેલે પણ જણાવ્યું હતું કે –

'આજની પરિસ્થિતિમાં આવા સંતો આપણને માર્ગદર્શક બને છે. આ યુગપુરુષના વાતાવરણમાં આપણે જગતને, આપણી જાતને ભૂલી જઈએ છીએ. આપણે નિરાંત અનુભવીએ છીએ. એ અનુભવ અવર્ણનીય છે. એમના 'ઑરા'માં જે પ્રવેશ છે તેમને આવો અનુભવ થાય છે. આપણને ભૌતિક વિકાસ જે ખોટા માર્ગે લઈ જાય છે તેમાંથી બચવા આવા યોગી પુરુષોની જરૂર છે. આ દર્શનથી હું ધન્ય બન્યો છું.'

આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ સંતસમાગમનો મહિમા કહ્યો હતો. તેમજ સ્વામિનારાયણ ભગવાનના ૫૦૦ પરમહંસોએ જે કષ્ટો સહન કરી સમાજના ઉદ્ધારનું કાર્ય કર્યું તે સમજાવ્યું હતું.

હજુ દસ વર્ષ ફરી, લાખ સત્સંગી વધારીએ

રાત્રે સ્વામીશ્રી પોઢવાની તૈયારી કરતા હતા ત્યારે યોગેશ્વર સ્વામી અને મને બોલાવ્યા અને કહે :

'તમે એવો સંકલ્પ કરો કે હજુ આપણે દસ વરસ સત્સંગમાં ફરીએ. પહેલાં જેમ ગામડે ગામડે ફરતા ને સત્સંગ કરતા તેમ કરીએ ને દસ વરસમાં એક લાખ સત્સંગી વધારી દઈએ. પછી આરામ કરવો. ચોરાશી વરસ સુધી

ફરવું. પછી આરામ. શાસ્ત્રીજી મહારાજ પણ છ્યાંશી વરસ સુધી ફર્યા ને છેલ્લા એક વરસ આરામ કર્યો, તો આપણે પણ ફરવું જોઈએ. તો તમે મારી સેવામાં છો તો શુભ સંકલ્પ કરો કે હજુ દસ વરસ ફરવાનું થાય...'

સત્સંગ માટે શું કરી નાખીએ ? એ દર્શન આ શબ્દોમાં થતાં હતાં.

તા. ૨૨-૪-'૬૬, રવિશંકર મહારાજે ટૂંકું સદ્‌બોધન કરી 'કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા' એ સૂત્ર સમજાવ્યું હતું. તેમજ બી.ડી. આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ એસ.આર. ભટ્ટે જણાવ્યું હતું કે 'જે સંતો સંસારથી લપેટાયા નથી, જે વિરક્ત છે, જે તટસ્થ છે, જે કોઈના અમિત્રો નથી, એ નીતિની વાત કરે. એમને આપણી જેમ ચાવવાના જુદા ને દેખાડવાના જુદા એમ નથી. એમને કોઈ સ્વાર્થ નથી. તો એવો સંત-સમાગમ આપણે કરી લઈએ.'

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'સત્પુરુષના સંબંધે જીવ સંસ્કારી થાય છે એવો પ્રગટનો પ્રતાપ છે. આ લોકમાં અક્ષરધામના જેવું સુખ શું ? શુભ સંકલ્પ થાય અને નરકના જેવું દુઃખ શું ? ભૂંડા સંકલ્પ થાય. તે સંતો બે પ્રકારના હોય છે. સાચા ને ખોટા. સાચા સંત નિઃસ્પૃહી હોય છે, ભગવાન ભજે ને બીજાને ભજાવે છે. તો સાચા સંતને ઓળખી આશરો કરી લેવો.'

આ ઉપરાંત, સહકાર અને પંચાયત પ્રધાન વજુભાઈ શાહ, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ મિયાંભાઈ, દીવાન સાહેબ તેમજ સરકારી અધિકારીઓ મણિભાઈ શાહ (માહિતી નિયામક), શેઠ જયકૃષ્ણ હરિવલ્લભદાસ, ઈન્દ્રજિત શેઠ વગેરે ઉદ્યોગપતિઓ, વકીલો, ડૉક્ટરો પણ સ્વામીશ્રીનાં નિર્દોષ દર્શન અને દિવ્ય આશીર્વાદની લાલચ છોડી શકતા નહીં. તેથી સત્સંગીબંધુઓનો સંગાથ શોધી, સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકી આશીર્વાદનો ધબ્બો, દિવ્ય ચેતનાનો સ્પર્શ પામી, કૃતકૃત્યતા અનુભવતા.

રવિવાર, તા. ૨૪મીએ, સવારે કથાની પૂર્ણાહુતિના પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'આજે અમારા ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજની તિથિનો દિવસ છે. તો આશીર્વાદ આપીએ છીએ કે દેશમાં શાંતિ થાય. સૌ હરિભક્તો તને, મને, ધને સુખી થાય અને ખૂબ સેવા કરે. સંપ, સુહૃદભાવ, એકતા વધે.'

પારાયણ બાદ મોટા મંદિર તથા વઢવાણ મંદિરે સ્વામીશ્રી દર્શને પધાર્યા હતા. મોટા મંદિરે સ્વામીશ્રી જ્યારે પધારતા ત્યારે વઢવાણ મંદિરે અચૂક દર્શને જતા. ઘનશ્યામ મહારાજની મૂર્તિની શોભાનાં વખાણ કરતા. સંતો સાથે બેસતા.

શહેરમાં દત્ત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પણ સ્વામીશ્રી ગયા હતા. એક દિવસ મણિનગર શિવાભાઈને ત્યાં રોકાયા. જ્યાં રવિશંકર મહારાજ દર્શને આવ્યા હતા. તેઓ સ્વામીશ્રી સાથે મુલાકાત અને દર્શનની તક ક્યારેય ચૂકતા નહિ.

ગુજરાતના ક્રિકેટર - ફાસ્ટ બૉલર તરીકે પ્રખ્યાત થયેલા જસુ પટેલને શિવાભાઈ દર્શને લાવ્યા. તેમણે સ્વામીશ્રીને આશીર્વાદ આપવા વિનંતી કરી. સ્વામીશ્રીએ પ્રથમ બધી વાત સાંભળ્યા પછી આશીર્વાદ આપતાં કહ્યું : 'હવે અક્ષરધામની બૉલિંગ શીખવી પડશે હોં.' એમ કહેતાં થાપા માર્યા. આ આશીર્વાદ સાંભળીને સૌ હસી પડ્યા.

આપણે મોટું મન રાખવું

શિવાભાઈ હરિભાઈના ઘરની બાજુમાં જ નાનુભાઈ દેરાસરી રહેતા. તેમનાં પત્ની કાન્તાબહેનને સ્વામિનારાયણ ધર્મ હતો. તેથી તેમની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી તેમના ઘરે પણ પધરામણી કરે.' આથી સ્વામીશ્રીએ તેમનો ભાવ અને સકલ્પ પૂરો કર્યો.

ત્યાં ખબર મળ્યા કે બાબુભાઈ જશભાઈ પટેલ (મંત્રી, ગુજરાત રાજ્ય) પણ બાજુમાં રહે છે. તેમને પધરામણીમાં બોલાવેલા પણ તેમને તાવ આવેલ હોઈ આવી શક્યા નહોતા. સ્વામીશ્રીને તાવના સમાચાર મળતાં જ તેમના ઘરે પધરામણીએ પધાર્યા.

બાબુભાઈ તો કામળો ઓઢીને સૂતા હતા. શિવાભાઈએ તેમને ઢંઢોળ્યા, એટલામાં તો સ્વામીશ્રી તેમના પગ પાસે બેસીને તેમના પગ ચાંપવા લાગ્યા ! તેઓ તો આથી એકદમ સફાળા બેઠા થઈ ગયા અને સ્વામીશ્રીના હાથ પકડી પોતાનું મસ્તક ઢાળી દીધું. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. તેમણે સ્વામીશ્રીનું પૂજન કર્યું. તેમનાં પત્ની લીલાબહેને ઠાકોરજી માટે ભેટ મોકલાવી.

થોડી વારે સ્વામીશ્રીએ રજા લીધી ત્યારે બાબુભાઈ દરવાજા સુધી વળાવવા માટે પણ આવ્યા.

એક સંતે કહ્યું : 'બાપા ! બોલાવ્યા વિના આપણે જઈએ તો કેવું લાગે ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણો સાધુનો ધર્મ છે, કોઈ બોલાવે કે ન બોલાવે, ભેટ આપે કે ન આપે, પણ સામેના જીવના કલ્યાણની ભાવના રાખીને જાવું. મહારાજ આવ્યા ત્યારે સત્સંગ ક્યાં હતો ? પણ સંતો ફર્યા. કોઈ મારે, ઝોળી લઈ લે, પત્તર તોડી નાખે, ખાવા ન દે, ગામમાંથી કાઢી મૂકે; છતાં

સંતોએ તે બધું સહન કરી દાખડો કર્યા જ કર્યો, તો આજે આટલો સત્સંગ ફેલાયો છે અને હજારો જીવનાં કલ્યાણ થયાં. માટે આપણે મોટું મન રાખવું, ગુણગ્રાહી બનવું. તો મહારાજ ખૂબ રાજી થાય.' સ્વામીશ્રીએ સૌને સાધુધર્મની અદ્‌ભુત વાતો કરી.

તા. ૨૮મીએ, મણિનગર મંદિરે દર્શન કરી, બાવળા કેવળભાઈ દેસાઈને ત્યાં પધરામણી કરી, સારંગપુર પધાર્યા.

એકબીજાના અંતર્યામી

અહીં પત્ર આવ્યો કે 'ગુરુકુળના બાંધકામ અંગે પ્રમુખસ્વામીને અહીં મોકલજો. અગત્યનું કામ છે.'

સ્વામીશ્રીએ આ વાત કરી ત્યારે બપોરે ૪-૦૦ વાગે જાગ્યા પછી પ્રમુખસ્વામીને બોલાવ્યા અને કહ્યું : 'તમારે ગોંડલ જવાનું છે.'

'ભલે, સ્વામી !' પ્રમુખસ્વામીએ હાથ જોડ્યા. એક શબ્દ વધારે નહીં. 'કેમ ? ક્યારે ? ત્યાં શું કામ છે ?' કોઈ જ પ્રશ્ન વગર એમણે નિર્ણય લઈ લીધો.

કોઠારી સનાતન સ્વામીને મળ્યા અને પૂછ્યું : 'અમારે રાતે ૧-૩૦ની ટ્રેનમાં ગોંડલ જવાનું છે, તો કોઈ વાહન બોટાદ સુધી જાય છે ?'

'રાતે ૧૦-૦૦ વાગે ઘોડાગાડી જવાની છે.' તેમણે કહ્યું : 'બીજું વાહન તો નથી.'

પ્રમુખસ્વામીએ રાતે જમતી વખતે સેવક દેવચરણ સ્વામીને કહી દીધું : 'પોટલાં તૈયાર રાખજે, આપણે નીકળવાનું છે.'

'આટલું મોડું ! સવારે નીકળીએ તો ?' દેવચરણ સ્વામીએ પૂછ્યું.

'એ તારે જાણવાની જરૂર નથી. પોટલાં તૈયાર રાખજે.'

નક્કી કર્યા પ્રમાણે પ્રમુખસ્વામી, દેવચરણ સ્વામી, પ્રગટ ભગત તેમજ હકાભાઈ ઘોડાગાડીમાં બોટાદ જવા નીકળી ગયા.

વચ્ચે હકાભાઈ પ્રમુખસ્વામીને આકળા થઈને બોલવા લાગ્યા : 'તમે તો સંસ્થાના પ્રમુખ, કાંઈ ખબર પડે છે કે નહીં. કેવી રીતે, ક્યારે જવું ? આવા કસમયે જવાતું હશે ?' પણ પ્રમુખસ્વામી એક શબ્દ પણ બોલ્યા નહીં.

૧૧-૩૦ વાગે બોટાદ આવ્યા. ટિકિટ લઈ ટ્રેઈનની રાહ જોવા લાગ્યા. હજુ ટ્રેઈનને ઘણી વાર હતી.

આ જ સમયે સ્વામીશ્રી યુવકો-સંતો સાથે ગોષ્ઠિ કરતા બેઠા હતા. થોડી

વારે આરામમાં જવાની તૈયારી કરી. ત્યાં પ્રમુખસ્વામી યાદ આવ્યા. એટલે પૂછ્યું : 'પ્રમુખસ્વામી ક્યાં છે ? બોલાવો.'

'એ તો આપની આજ્ઞા મુજબ ગોંડલ જવા નીકળી ગયા.' મેં કહ્યું.

'હોય નહીં !' સ્વામીશ્રી જાણે અપરાધ થઈ ગયો હોય તેમ ગ્લાનિ સાથે બોલી ઊઠ્યા : 'જાવ, પાછા બોલાવો. આપણાથી આવી રીતે એમને ન મોકલાય. એ તો ધણી છે.'

પછી ત્યાં રાજકોટથી ગાડી લઈને આવેલા રજનીભાઈ અનડાને સ્વામીશ્રી કહે : 'જાવ, એમને લઈ આવો.'

તેઓ બોટાદ સ્ટેશને પહોંચ્યા. ત્યારે ટ્રેન આવી ગઈ હતી. બે જ મિનિટમાં ટ્રેન સ્ટેશન છોડી દેશે એમ લાગ્યું એટલે રજનીભાઈ દોડ્યા. હકાભાઈને જોઈ ત્યાં જઈ ઉતાવળે બધી વાત સમજાવી. ત્યાં પ્રમુખસ્વામી આવીને ઊભા રહ્યા : 'શું વાત છે ?' પૂછ્યું. અને વાત જાણી કે તરત જ દેવ-ચરણ સ્વામીને કહે : 'ચાલો પાછા.'

હકાભાઈ તેમની પ્રમુખસ્વામી સાથેની મિત્રતાને નાતે ફરી જરા આકળા થઈને કહેવા માંડ્યા : 'હવે શું પાછા જવાનું ? પલાળ્યું છે તો મૂંડી નાખો. આ (રજની) પાછો જઈને કહી દેશે.'

પણ પ્રમુખસ્વામી મૂંગે મોંએ પોટલાં લઈ ચાલવા લાગ્યા. એટલે સૌ સારંગપુર આવ્યા. રાતે ૨-૦૦ વાગે મંદિરે આવી સૌ સૂઈ ગયા.

સવારે ૪-૩૦ વાગે સ્વામીશ્રી જાગ્યા. અને તરત જ મને પૂછ્યું : 'પ્રમુખસ્વામી ક્યાં છે ?'

'રાતે આવી ગયા છે, તે આરામમાં હશે.' દેવચરણ સ્વામીએ રૂમમાં પ્રવેશતાં જ ઉત્તર આપ્યો. તેમની પાછળ જ પ્રમુખસ્વામી પ્રવેશ્યા. 'આ રહ્યો બાપા ! શું આજ્ઞા છે ?' તેમણે હાથ જોડ્યા !

સ્વામીશ્રી અત્યંત રાજી થયા અને બોલવા લાગ્યા : 'આ બધાએ તમને કેમ ગાડી(ટ્રેઇન)માં જવા દીધા. તમે તો સંસ્થાના ધણી.' એમ કહી આજુબાજુ જે સંતો હતા તેમને પણ કહ્યું : 'પ્રમુખસ્વામી સંસ્થાના ધણી છે. આપણા ગુરુ છે. એમને ગાડીમાં ન મોકલાય. શાસ્ત્રીજી મહારાજને બહુ રાજી કર્યા છે...' એમ મહિમા કહેવા લાગ્યા.

પ્રમુખસ્વામીએ કહ્યું : 'બાપા ! એમાં ચિંતા કરશો નહીં, હું તો જતો રહેત.'

પછી એ દિવસે સભા પછી ૯-૦૦ વાગે રજનીભાઈની મોટરકારમાં

ગોંડલ જવા નીકળ્યા.

પ્રમુખસ્વામી ઘણી વાર કહેતા : 'યોગીજી મહારાજના વિચારથી મારો વિચાર કદી જુદો થયો જ નથી. મારે અને એમને કોઈ દિવસ મતભેદ થયો જ નથી.'

એકબીજાના અંતર્યામી થયા વિના આ સ્થિતિ ક્યાંથી સંભવે ?

બીજે દિવસે બોટાદ મંદિરમાં સુખશય્યામાં મૂર્તિપ્રતિષ્ઠા કરી, તાજપુર, નિંગાળા થઈ, ગઢપુરમાં વાર્ષિક પાટોત્સવ કર્યો.

અમે માનસીમાં રોજ સંકલ્પ કરતા

આજે લક્ષ્મીવાડીમાં દર્શને પધાર્યા હતા. અહીં બેઠકમાં જીર્ણોદ્ધાર અને આરસનું કામ ચાલતું હતું. કંઈક કામ કરતા મિસ્ત્રીને જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું કામ આવ્યા છો ?'

'માપ લેવાનું છે. આ અધૂરું કામ પૂરું કરવાનું છે.' મિસ્ત્રીએ કહ્યું. આ કામ આગળ ઘણા સમયથી એમનેમ પડી રહ્યું હતું.

'એમ ? તો સારું. અમે રોજ માનસીમાં સંકલ્પ કરતા હતા કે આ (કામ) પૂરું થાવ. અમે રોજ આ બેઠક સંભારતા. તો હવે પૂરું થશે...'

મહારાજના મહાપ્રાસાદિક સ્થાન સમી લક્ષ્મીવાડીની બેઠક ઘણાં વર્ષોથી અધૂરી પડી રહે એ સ્વામીશ્રીથી કેમ સહ્યું જાય ? એમને મન કાંઈ પારકું-પરાયું નહોતું. મહારાજના સંબંધનો મહિમા હતો !

મને ઉપવાસ કરવાનું મન થાય છે

તા. ૧-૫-'૬૬, આજે એકાદશીનો શુભ દિવસ હતો. બપોરે સ્વામીશ્રી કહે : 'મને ઉપવાસ કરવા દ્યો ને, મને ઉપવાસ કરવાનું બહુ મન થાય છે. મને ઉપવાસ કરવા દ્યો...'

'બાપા ! આપને ઉપવાસ આકરો પડે છે ને !' સંતોએ દલીલ કરી.

છતાં જાણે કરગરતા હોય એમ સ્વામીશ્રી કહે : 'મને ટેવ ખરીને ! એટલે વાંધો નહિ આવે.'

'ના, બાપા ! જો આપ ઉપવાસ કરો તો સંતો ન કરે.' સેવકોએ સત્યાગ્રહ જાહેર કર્યો.

'એમ...!'

'આપ ઉપવાસ કરો તો કોઈને ગમે નહિ.' સંતોએ વિનવણી કરી.

વ્રત-ઉત્સવમાં સ્વામીશ્રી જાતે ઉપવાસ કરવાનું બહુ મન દર્શાવતા. છેવટે સંતો-હરિભક્તોના અતિ આગ્રહને માન આપી અતિ અલ્પાહાર, સૌનું મન સાચવવા કરતા. પણ એમની રુચિ તો ઉપવાસમાં જ રહેતી.

સવારે મોટા મંદિરે, લક્ષ્મીવાડીએ, દરેક પ્રસાદીનાં સ્થળે દર્શને પધાર્યા હતા. આગલે દિવસે પણ બધે જ દર્શન કર્યાં હતાં. કોઈએ ટકોર કરી ત્યારે હસવા લાગ્યા. પણ પ્રસાદીનાં સ્થાનોમાં તો પોતે જ્યાં પધારે ત્યાં, જ્યારે પધારે ત્યારે અચૂક દર્શને જતા.

આજે લાઠી ઠાકોર સાહેબના પિતાશ્રી ધામમાં જતાં તેમને આશ્વાસન આપી, જૂના મંદિરે દર્શન કરી, બાઈઓના મંદિરે દર્શન કરી, ત્યાં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ પધરાવી, આરતી કરી, રાત્રે ગોંડલ આવી પહોંચ્યા. અક્ષર મંદિરનો પાટોત્સવ કર્યો.

હાથી તો મોટાં લાકડાં ઉપાડે

તા. ૪થીએ બપોરના કથા પ્રસંગે સ્વામીશ્રી સભામાં પધાર્યા. સૌ સભા-મંડપમાં ઘઉં વીણતા હતા. સ્વામીશ્રી પણ ત્યાં જ સૌની સાથે હરોળમાં નીચે બેસી ગયા અને ઢગલામાંથી ઘઉં લઈ નીચે જમીન ઉપર પાથરી વીણવા લાગ્યા.

'થાળી હોય તો સારું ફાવે.' એમ કહ્યું. એટલામાં કોઈ થાળી લાવ્યું, એટલે રાજી થયા અને થાળીમાં ઘઉં લઈ વીણવા લાગ્યા.

સેવકો સ્વામીશ્રીની થાળીમાં ઓછા ઘઉં ભરે, તો પોતે હાથથી છાલક મારીને વધારે ઘઉં લઈ લે. એટલે સેવકો ના પાડે ત્યારે સ્વામીશ્રી કહે : 'હાથી તો મોટાં લાકડાં ઉપાડે.' પોતે તો બહુ સેવા કરે, એમ મર્મમાં સમજાવ્યું.

એમ ઘણી વાર બપોરની સભામાં સૌ સાથે ઘઉં વીણવા બેસી જતા. એમની ઘઉં વીણવાની ગતિ પણ બહુ ત્વરિત હતી. આવી નાની ક્રિયામાં પણ એમની કુશળતા અને ભક્તિપૂર્વકની સેવાભાવના સહેજે કળાઈ આવતાં.

તા. ૯મીએ નાદુરસ્ત તબિયત હોવા છતાં, સ્વામીશ્રી ગોંડલથી રાજકોટ, સુરેન્દ્રનગર, પાંદડી થઈ, નવાગામ-સેજકપર એક હરિભક્તને ત્યાં મકાનનું ખાત કરવા પધાર્યા.

બાજુમાં મોજીદડ ગામે પધાર્યા. અહીં પણ ઘરે ઘરે પધરામણી કરી. અમે ઘણી ના પાડીએ તો કહે : 'આ તો ગોકુળિયું ગામ ને અહીં બધાએ ગણેશ

ભક્તની બહુ સેવા કરેલી. તેથી આપણે બધાને ઘરે પગલાં કરવાં જ પડે.'

અમે ઋતુ સામે ચાલતા

રાત્રે લીંબડી આવી પહોંચ્યા. જૂની વાતો કરતાં સ્વામીશ્રીએ અહીં સેવકોને કહ્યું : 'પહેલા અમે અહીં બહુ ફરતા. અમે ઋતુ સામે ચાલતા. ઉનાળામાં તડકો ખમતા. ઉઘાડે પગે હાલતા. શિયાળામાં ગોદડું ઓઢીએ નહિ. ઠંડા પાણીએ નાહીએ. ચોમાસામાં પલળતા જઈએ. ઋતુ સામે ચાલતા. હવે સાત ગોદડાં ઓઢવાં પડે છે. હવે ઋતુ અમારી સામે થાય છે. ત્રીસ વરસ જોડાં નથી પહેર્યાં...'

આમ, ક્યારેક સેવકોને શીખ આપવા સ્વામીશ્રી પોતાના જીવનની આછેરી ઝલક કૃપા કરી આપી દેતા. ત્યારે જ આ પુરુષની સાચી મહત્તાનો કંઈક ખ્યાલ આવતો.

આપ તો ભાગવત સંત છો

અહીં ભક્તરાજ રામજીભાઈની દુકાનનું ઉદ્‌ઘાટન કર્યું. સાંજે અમદાવાદ આવી, ઊંઝા પધાર્યા.

અહીં બિલિમોરાના પ્રાણલાલ માધવદાસે ડોંગરેજી મહારાજની ભાગવત સપ્તાહનું આયોજન કર્યું હતું. તેનો પ્રારંભ કરવા સ્વામીશ્રી અહીં પધાર્યા હતા. ડોંગરેજી મહારાજ દંડવત્ કરવા લાગ્યા, સ્વામીશ્રી પણ સામે તેમને દંડવત્ કરવા નમ્યા, ત્યાં ડોંગરેજી મહારાજે સ્વામીશ્રીને ઊભા કરી દીધા અને બોલ્યા : 'આપ તો સમર્થ પુરુષ છો. ભાગવતરૂપ સંત છો.' એવો ખૂબ મહિમા કહ્યો.

સ્વામીશ્રી પણ પ્રેમથી તેમને મળ્યા અને બહુ પ્રસન્ન થઈને બોલ્યા : 'તમારી વાણી બહુ મીઠી છે. બધાને સમાસ બહુ થાય છે.'

અહીંથી સ્વામીશ્રીનો દાસજ જવાનો કાર્યક્રમ હોવાથી મોટર રસ્તે નીકળ્યા. માર્ગમાં સ્વામીશ્રીએ ગાડી બીજા રસ્તે લેવડાવી. પાછળની બધી ગાડીઓ પણ સ્વામીશ્રીની ગાડી પાછળ જ લીધી. બધાને આશ્ચર્ય થયું. પણ થોડી વારમાં જ એક ખીજડાનું ઝાડ આવ્યું. ત્યાં સ્વામીશ્રીએ ગાડી ઊભી રખાવી. નીચે ઊતર્યા. સૌ સંતો-હરિભક્તો પણ નીચે ઊતર્યા.

સ્વામીશ્રી ખીજડાને દંડવત્ કરવા લાગ્યા. સૌએ સ્વામીશ્રીનું અનુકરણ કર્યું. એ પછી ત્યાં બિરાજ્યા અને વાત કરી : 'આ ખીજડા નીચે વર્ણીરૂપે શ્રીજીમહારાજ પધાર્યા હતા અને આ ખીજડા નીચે આરામ કર્યો હતો. એ

વખતે આજુબાજુ ગોવાળો ગાયો ચરાવતા હતા. ત્યારે તે ગાયો મહારાજની પ્રદક્ષિણા કરવા લાગી. આવો ચમત્કાર જોઈને ભરવાડોને નવાઈ લાગી અને 'શ્રીજીમહારાજ સાક્ષાત્ કૃષ્ણ ભગવાન છે' - એમ માનીને પગે લાગ્યા.'

આ પ્રાસાદિક ખીજડો ઊંઝા અને બીલિયાની વચ્ચે આવેલો છે.

પછી સિદ્ધપુર થઈ, દાસજ આવી પહોંચ્યા.

અહીંના ઈશ્વરભાઈ રંગવાળા સુરતમાં ધંધાને કારણે રહેતા. તેમાં સ્વામીશ્રીનો યોગ થયો. સ્વામીશ્રીમાં સાચા સંતનાં લક્ષણો પારખીને તેઓ સ્વામીશ્રીમાં સર્વ પ્રકારે જોડાઈ ગયા. પોતાના ભાઈઓને પણ જોડી દીધા. તેમના સંકલ્પો સ્વામીશ્રીએ પૂરા કર્યા. તેમણે સ્વામીશ્રીને પોતાના ગામ દાસજમાં પધારવા આમંત્રણ આપ્યું હતું. સ્વામીશ્રીએ તેમને એક વરસ પછી આવવાનો કોલ આપેલો. તેથી ઈશ્વરભાઈના તથા અન્ય હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી અહીં પધાર્યા હતા.

ગામમાં ભવ્ય શોભાયાત્રા નીકળી અને સ્વામીશ્રીએ મંદિર માટેની જમીન ઉપર ફૂલ છાંટ્યાં જેથી સુંદર મંદિર થાય.

પછી સુજાણપુર થઈ, અમદાવાદ પાછા આવી, આણંદ પધાર્યા.

જમ ખોરડાં ભાળી જાય

રાતે સ્વામીશ્રીએ રાવજીભાઈ નારણભાઈ દૂધવાળાને ત્યાં ઠાકોરજી જમાડ્યા. સ્નાન પછી ઉકાળા-પાણી લેવા સ્વામીશ્રી આવ્યા, ત્યારે સંતો સાથે મળીને રાવજીભાઈએ સ્વામીશ્રીનાં કંકુનાં ચરણારવિંદ લેવા માટે તૈયારી કરી રાખી હતી; પરંતુ સ્વામીશ્રીને તેની ગંધ આવી ગઈ.

બરાબર એ જ સમયે લાઈટ ગઈ અને અંધારું થઈ ગયું. હવે કંકુનાં પગલાં લેવાં સુગમ હતાં. એક પાટલા પર સ્વામીશ્રીનાં પગલાં પડે તે રીતે માર્ગમાં પાટલો ગોઠવી રાખ્યો હતો. ફાનસના અજવાળે સ્વામીશ્રી ચાલ્યા. પાટલા પર પગ ન દેતાં સ્વામીશ્રી બાજુમાંથી જ ચાલ્યા. ઘણી જ વિનંતી કરી પણ સ્વામીશ્રી એકના બે ન થયા. હરિભક્તો ગમે તેવું હેત રાખે, પરંતુ સ્વામીશ્રી ભારે જાણપણું રાખતા અને કહેતા : 'જમ ખોરડાં ભાળી જાય.'

જો કે સ્વામીશ્રી જેવા મહાસમર્થ પુરુષ માટે ચરણારવિંદ પાડી આપવામાં કાંઈ અયોગ્ય નહોતું; પરંતુ શિષ્યો માટે તેઓ એક દાખલો બેસાડે, જેથી ભવિષ્યમાં આ માર્ગે કોઈ ચડે નહિ અને અવળી પ્રણાલિકા ન પડી જાય.

લાજ છે તે ધર્મની બેન છે

તા. ૧૭મીએ, વિદ્યાનગરના વિશાળ શાસ્ત્રી મેદાનમાં સ્વામીશ્રીની ૭૫મી જન્મ જયંતી નિમિત્તે મહોત્સવ યોજાયો. બરાબર ૮-૫૦ વાગે સ્વામીશ્રી ભટેસાની ગાડીમાં પ્રમુખસ્વામી તથા મોટાસ્વામી સાથે આણંદથી વિદ્યાનગર પધાર્યા. વિખ્યાત 'દરબાર બૅન્ડ' તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીને સલામી આપી. પિનાકીન ત્રિવેદી રચિત યોગીજી મહારાજનું જીવનરૂપક રજૂ થયું. ગુજરાતના ગવર્નર નિત્યાનંદ કાનુન્ગો સમારંભમાં આવી પહોંચતાં, કલેક્ટર વણીકર સાથે તેમનું સ્વાગત કરાયું. પ્રમુખસ્વામીએ તેમને હારતોરા કર્યા. સ્વામીશ્રીએ પણ હાર પહેરાવ્યો.

શાસ્ત્રી નારાયણ ભગતના વેદગાન પછી ચારુતર મંડળના મંત્રી ચીમનભાઈ દેસાઈએ સ્વાગત-પ્રવચન કર્યું. પ્રમુખસ્વામી, ભાઈકાકાનાં સંબોધન પછી ઉપકુલપતિ ઈશ્વરભાઈએ જણાવ્યું કે 'યોગીજી મહારાજે રોજ ફક્ત બે કલાક નિદ્રા લઈને વિદ્યાર્થી, સંતો અને ભક્તો માટે ઘણું કર્યું છે. તેમને આપણે અનુસરીએ. અક્ષરપુરુષોત્તમ છાત્રાલયની શરૂઆત તેમની કૃપાથી થઈ છે. તેમની કૃપાથી મૅડિકલ કૉલેજ સ્થાપવાનું કાર્ય સિદ્ધ થશે, તેની મને ખાત્રી છે.'

પ્રમુખસ્થાનેથી બોલતાં ગવર્નર સાહેબે જણાવ્યું કે 'સ્વામિનારાયણ સંપ્રદાય એ ભારતનો એક મહાન સંપ્રદાય છે. આ સંપ્રદાયની સમાજના મોટા ભાગ ઉપર સારી એવી પકડ છે, કારણ કે એની અસર સાર્વજનિક છે. યોગીજી મહારાજ તરફ આજે હજારો યુવકો આકર્ષાયા છે. એ જાણી આનંદ થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયની જે શિક્ષાપત્રી છે તે સામે કોઈ ધર્મને વાંધો આવે એવું મને જણાતું નથી.'

અંતમાં સ્વામીશ્રીએ પોતાની અનોખી શૈલીમાં આશિષ આપ્યા :

'આજે આપણને અલભ્ય લાભ મળ્યો છે. ધર્મમાં વિશ્વાસ અને શ્રદ્ધા કેળવવાં જોઈએ. શાસ્ત્રીજી મહારાજે કળિયુગમાં સત્યુગ પ્રવર્તાવ્યો. આશરો રાખવો અને ધર્મ-નિયમ પાળવા. મોટા મોટા અવતારોને ન મળે તે લાભ આજે સત્સંગમાં જન્મ મળવાથી થયો છે. લાજ છે તે ધર્મની બેન છે. ભાઈકાકાએ બે વખત અહીં વિદ્યાનગરની શરૂઆતમાં શાસ્ત્રીજી મહારાજની પધરામણી કરાવી. આશીર્વાદ મેળવ્યા. તે કામ પાર પડ્યું ને શાંતિ છે.'

પછી પ્રમુખસ્વામી તથા મહંત સ્વામીએ સ્વામીશ્રીને હાર પહેરાવી ૭૫

દીવાની આરતી ઉતારી હતી. પૂજન વિધિ બાદ સભા વિસર્જન થઈ હતી.

દર્શનાદિકમાં શિસ્તનો અનુરોધ

બપોરે આણંદ ઠાકોરજી જમાડી, સાંજે ૪-૩૦ વાગે પત્રલેખન તથા ખાનગી પતાવ્યાં. ૫-૧૫ વાગે શિસ્ત જાળવવા અંગે વાત કરી કે –

'શાસ્ત્રીજી મહારાજ બેઠા હોય તો ૫૦,૦૦૦ માણસ બોલે નહીં. ધક્કાધક્કી ન કરે. પરોક્ષવાળાનો ગુણ ગ્રહણ કરવો. ડોંગરેજી મહારાજની કથામાં પડાપડી ન કરે. હાર ચડાવે નહીં. આપણે શાસ્ત્રીજી મહારાજના શિષ્ય. પડાપડી ન કરવી. આ તો આપણને પાડી દે તેવું થાય છે.

'હું એક ને દર્શન કરનારા ઝાઝા ! ધક્કાધક્કી થાય, પણ ભગવાન છેટેથી માની લ્યે. ભગવાન બધાનું (ભાવ) જાણી લ્યે. ભજન કરવું. એવું કરવું, સાક્ષાત્કાર થઈ જાય. છેલ્લો જન્મ કરી લેવો.

'સર્વોપરી વાત સમજાણી, જ્ઞાન થયું. બ્રહ્માનંદ, આત્માનંદ, અખંડાનંદ - એવા થવું. આપણે વહેવારમાં રહ્યા, પણ તે વહેવાર સ્વામિનારાયણ ભગવાનનો. બૈરાં-છોકરાં કોનાં ? ભગવાનનાં !

'વ્યવહારમાં તો નોકરી પૂરતા રાખ્યા છે, પણ ધણી થઈ બેઠા છીએ. ખાવ, પીવો પણ શાસ્ત્રીજી મહારાજનું છે. જન્મ્યા ત્યારે શું લાવેલા ? જતી વખતે ખાલી જવાના છીએ. તો કાર્ય ઉપાડી લેવું.

'અમે ગોંડલ બાપુને પ્રસાદી દેવા જાતા. ખોંખારા ન ખવાય ! દરબારની મર્યાદા રાખવી પડે તો ભગવાનનીયે રાખવી. શાંતિ જાળવવી. હવે સુખ જ લેવાનું છે. શાસ્ત્રીજી મહારાજ ભેગા ૫૦ વરસ રહ્યા. સ્વામી ફરતા, આશીર્વાદ દેતા. ઘણા લાખોપતિ થયા, ઘણા એકાંતિક થયા. સ્વામીનો વંશ ચાલ્યો આવે છે. પ્રમુખસ્વામી કેવા ! આનંદ થાય છે. સંતોનાં દર્શન થયાં. છેલ્લો જન્મ કરવા, રાજી કરવા અવતાર મળ્યો છે. મહારાજની મૂર્તિ ધારવી.

'આશીર્વાદ છે. આશીર્વાદ છેટેથી ફળે. સો ગાઉથી હોય તોપણ ફળે. અંતરમાં શાંતિ રાખો. આશીર્વાદ છે.'

આજે ભટેસાની મોટર દ્વારા બોચાસણ જવા રવાના થયા.

સંપથી માયાની પ્રવેશબંધી

બીજે દિવસે સાંજે ૪-૩૦ વાગે *'હરિ ગુણ ગાતાં'* એ કીર્તન ગવરાવતાં

છેલ્લા પદમાં કડી આવી : *'થઈ એકમના પ્રભુને ભજીએ.'*

સ્વામીશ્રી કહે : 'નારાયણ ભગત ! લખી લ્યો. આ સિદ્ધાંત આવ્યો. એક સંપથી પ્રભુ ભજીએ તો માયા ન આવે.'

તા. ૧૯મીએ, સૂર્યગ્રહણ હોવાથી સૌને ઉપવાસ હતો. કથા પ્રસંગમાં વાતો કરતાં સ્વામીશ્રી કહે :

'આપણે પાંચ પાંચ દી'એ એક ઉપવાસ કરવો. મહિનામાં ૬ થાય. બારે છકે બોંતેર - ને બીજા વ્રતના. નિયમની એકાદશીએ લેવાય તેના. એમ વરસ દી'ના ૩ મહિના ઉપવાસ થાય. ૯ મહિના જમવાનું. એવું મહારાજે ધારાધોરણ કર્યું. કેવું સુખ-શાંતિ !

'અપવાસનું માતમ શું ? રોગ ન થાય. પેટમાં વલૂર થાય છે ? આજે ગ્યાસ ન બોલે, કાલ બોલે. ગ્યાસ બાપો આજે સૂઈ જશે.

'નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ, સત્સંગમાં એકતા, આનંદના ફુવારા છૂટે, તે સત્યુગ વર્તતો હોય તો થાય.'

સભા વચ્ચે સ્વામીશ્રી કહે : 'ગુણાતીત ! ચશ્માં ઉતારો.'

તેમણે પોતાનાં ચશ્માં ઉતારી આપ્યાં. સ્વામીશ્રી તે હાથમાં લઈને કહે : 'કેવાં છે ? નંબરિયાં છે કે સાદાં !' પછી થોડાં આંખે ચડાવ્યાં ને કહે : 'ચાર આંખો થઈ જાય તેવાં છે ! શાસ્ત્રીજી મહારાજ ૮૬ વરસ થયાં પણ ચશ્માં પહેરે નહીં, વાંચવાય ન લે. તડકાનાંય ન પહેરે. રોગ થાય તો કઢાવવા પડે. સ્વામીને નહોતો.

'આપણે તો ભજન કરવું, સાજા-માંદા, સૂતાં-બેસતાં ભજન કરવું. મહારાજ-સ્વામી મળ્યા. કેફમાં રહેવું. તેમાં આખો દી' વયો જાય. આ બેઠા છીએ તે બ્રહ્માનંદ કહેવાય, ભગવાન ને સંતનું ગુણગાન કરવું.

'ગમે તેવાં તામસી કર્મ કર્યાં હોય પણ બે વાનાં - શ્રદ્ધા ને વિશ્વાસ હોય તો ભગવાન ફડાક ખુલાસો કરી દે.'

ગ્રહણ બપોરે ૩-૪૫ વાગે શરૂ થતું હોવાથી સ્વામીશ્રી સભામંડપમાં પાટ ઉપર બિછાવેલાં શણનાં ગોદડાં તથા બ્લેન્કેટ ઉપર બિરાજ્યા. ધાબળી ઓઢી રાખી હતી. બે ડનલોપનાં ઓશિકાં બે બાજુ મૂક્યાં હતાં.

ધૂન, કીર્તન તથા હરિલીલાકલ્પતરુના અધ્યાયો વંચાયા. ધૂન કરાવી સ્વામીશ્રીએ માઇકમાં જય બોલાવી. ત્યાં માઇક બગડ્યું એટલે રમૂજ કરતાં કહે : 'આને પણ ગ્રહણ વળગ્યું લાગે છે.'

બાદ આશીર્વચન આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ અહીં સમૈયા કરતા. પછી વાતું કરતા. અહીં ચંદ્રગ્રહણ કરેલું, ખુરશી ઉપર બેઠેલા. ધર્મ, જ્ઞાન, ભક્તિની વાત. ભરતજીનું આખ્યાન કહેલું. આજે દાનનો મહિમા. કાશીમાં કરોડો ગાયોનું દાન થાય. પુણ્યનો વખત કહેવાય. કલપ સુધી દાન કરે, સોનાના ઢગલા (દાનમાં) દઈ દે, પણ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ પ્રમાણ છે, તેનું નામ લેવું એ જેવું એકે પુણ્ય નથી. અલૌકિક લાભ છે. પુણ્યનો દિવસ છે.'

ગ્રહણ બાદ સ્નાન પછી પૂજનની સભામાં સ્વામીશ્રીએ જાતે સૌ સંતોને જનોઈ પહેરાવી, *'આજ મારે ઓરડે...'* ગવરાવ્યું, થોડી વાત કરી આરામમા પધાર્યા.

ભેળા રહે ને બીજે માલ માને

રાત્રે કથામાં સ્વામીશ્રીએ સંતોને પ્રસંગોચિત વાત કરી :

'અમારા ભેળા રહે છે અને બીજે માલ માને છે. બીજા કોઈ મહાત્મા સદ્‌ગુરુ હશે, પણ સ્વામી વિના કોણ મોટા હશે ? મોટા ભેગા રહીએ પણ ઓળખાય નહિ. આ દર્શન થાય છે તે બહુ જન્મનાં પુણ્યે થાય છે...'

આ સમયે કેટલાક સંતો તથા હરિભક્તો સ્વામીશ્રીની છત્રછાયા છોડીને કેટલાક મોટા થઈ પડેલા હરિભક્તના પક્ષમાં ભળ્યા હતા. અતિ દયાળુ સ્વામીશ્રી આ રીતે કથાવાર્તાના નિમિત્તે તેમને ટકોર કરતા. બાકી જીવન પોતાને પાપે અવળા પક્ષમાં બંધાય તો મોટાપુરુષ પણ શું કરે ?

દેહ પડે પણ સત્સંગ ન છોડીએ

બીજે દિવસે સવારે પૂજા પછી પુરુષોત્તમ સ્વામીની દેરીએ પધાર્યા. ત્યાં બેઠા પછી કહે : 'સાંભળો, પુરુષોત્તમ સ્વામીનો મહિમા કહેવો છે. પહેલાં આ જગ્યાએ ઘાસ મૂકતા ને તેમાં ઓટો દટાઈ ગયો. પછી છત્રી કરવા વિચાર્યું ને ઓટો કરાવ્યો.

'જે દુઃખ થાય તે થાજો...' એ કીર્તન સીસવાના અક્ષરસ્વરૂપદાસ બહુ ગાતા.' એમ કહી પોતે બોલ્યા : *'જે દુઃખ થાય તે થાજો રૂડા સ્વામીને ભજતાં...'* પછી કહે : *'ઊંધા બાંધી નીચે અગ્નિ સળગાવે ને માર મૂશળનો ખાજો રે...'* પણ સ્વામીને છોડવા નહીં. તો આ પુરુષોત્તમ સ્વામીનું મા'તમ જાણ્યું. આ સ્થાનમાં બેઠા છીએ તે એવો શુભ સંકલ્પ કરો કે દેહ આપણો પડે

પણ સત્સંગ ન છોડીએ...! કરો ધૂન...'

આમ, કોઈ ને કોઈ નિમિત્ત ઊભું કરી સ્વામીશ્રી તો સૌને એક જ આદેશ આપતા કે જો કલ્યાણનો ખપ હોય તો સત્સંગ કહેતાં સત્પુરુષને છોડવા નહિ. કારણ, પક્ષે કરીને જીવનું જેવું ભૂંડું થાય છે તેવું કોઈ વાતે થતું નથી. તે ખોટા પક્ષમાં ભળીને ઘણાનું પહેલાં પણ ભૂંડું થયું છે... વગેરે વાતો સ્વામીશ્રી વારવાર કરતા.

અહીંથી ધર્મજ પધાર્યા. ઈશ્વરભાઈએ કન્યાશાળાના વિશાળ પ્રાંગણમાં મંડપ બાંધ્યો હતો, ત્યાં રાત્રે જાહેર સત્સંગ સભાઓ થઈ. સવારે મંદિરમાં પણ સ્વામીશ્રી વચનામૃત નિરૂપતા. સૌને અક્ષરધામના સુખનો અનુભવ આપતા. અ.નિ. નાથજીભાઈના શિષ્ય ભક્તરાજ ઉમેદભાઈ પણ સ્વામીશ્રીનો લાભ લેવાનું ચૂકતા નહિ. સ્વામીશ્રી તેમની પાસે પણ પ્રસંગોપાત્ત વાતો કરાવતા. તા. ૨૩-૫-'૬૬ના રોજ, ધર્મજ મંદિરની સભામાં વાતો કરતાં ઉમેદભાઈએ કહ્યું :

'ભગવાનની પ્રતિમા અને એકાંતિક સંતમાં ભગવાનને જોવા એ અઘરું છે. કારણ, સંત મનુષ્ય જેવા જણાય તેમાં ભગવાનનો ભાવ લાવવો અઘરો છે. એકાંતિક સંત દ્વારા સંપ્રદાયમાં મહારાજ હંમેશાં પ્રગટ જ હોય છે. અનેક ગુરુમંડળો હોય છે, પણ પરમ એકાંતિક સંત જવલ્લે જ મળે છે. તેમાં પ્રીતિ ને આત્મબુદ્ધિ થાય ત્યારે તેનો અનુભવ થાય. આત્મબુદ્ધિ ને પ્રીતિ જો દરેકમાં કરીએ તો લાભ જ, પરંતુ અજવાળું ન થાય. અજવાળું તો પરમ એકાંતિક સંત દ્વારા જ થાય છે.

'યોગીજી મહારાજ એવા પરમ એકાંતિક સંત છે. લાખોનાં મન તેમનામાં આકર્ષિત થાય છે. બધાની વૃત્તિ યોગીજી મહારાજમાં છે. આપણે તેનો લાભ લઈ રહ્યા છીએ. તેથી આપણાં ભાગ્યનો પાર નથી. લાભ પૂરેપૂરો લઈ લેવો.'

શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ અખંડ દેખાય છે

સવારે ૪-૫૫ વાગે ઊઠ્યા. સંતો પગ દાબતા હતા ત્યારે કહે : 'અમને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ અખંડ દેખાય છે.' એમ કહી વાત કરવા લાગ્યા :

'આ નારાયણ સ્વામીનું જન્મ સ્થાન. તેમનો ફોટો કરાવી લેજો. ખત્રીને કહી દેવું. ભવિષ્યમાં છોકરાં ભૂલી જાય. નારાયણચરણદાસ, ભક્તિવલ્લભ-દાસનો ફોટો કરાવી લેવો, પધરાવી લેવો, સભામંડપમાં રાખવો. મોટામોટાના ફોટા પધરાવવા. યાદી રહે. કોણે કોણે કેટલો દાખડો કર્યો હતો ! સોમા

ભગતનો, શંકર ભગતનો, પ્રભુદાસનો, જીભાઈના ફોટા કરાવી દેવા. મોટા કાર્યકર્તા થઈ ગયા. આ પુરુષોએ માન-અપમાન વેઠી મંદિરો કર્યાં છે.

‘કોઠારી ભક્તિવલ્લભ સ્વામી, સ્વામી જ્યાં હોય ત્યાં બે ટોપલા કેરી મોકલે. બહુ મીઠી ! સ્વામી કહે : ‘કોઠારીને આપણામાં કેટલું હેત છે !’ પોતે જમે, પ્રસાદી દ્યે. એવા આપણા સ્વામી માટે શું કરીએ ! મહિમા સમજાય તો ભેટભેટા...’

‘નારાયણચરણ સ્વામી વાસણ ઊટકે. અમે ભેગા રહેલા. સ્વામીની આજ્ઞા જરાયે ન લોપે. સમૈયે સ્વામીની આજ્ઞા વિના ન જાય. સ્વામીએ પરાણે એક વાર બોચાસણ સમૈયે લઈ જઈને સુખ આપેલું. આપણે તેમના જેવા ગુણ શીખવા. નિષ્કામી, નિર્લોભી થઈને જોડાઈ ગયેલા. વચનની મૂર્તિ હતા. એવા ગુણ તમારા બધામાં આવશે.’

મહારાજ પ્રગટ બિરાજે છે

આજે કથા પ્રસંગમાં એકાંતિક ધર્મનું અદ્‌ભુત નિરૂપણ કરી, સૌને સવાયા સત્સંગી બનવા પ્રેરણા આપી. સ્વામીશ્રી કહે :

‘હાલ તો મહારાજ પ્રગટ બિરાજે છે, તેમ ઉપદેશ આપે છે. તો પછી પરોક્ષભાવ ક્યાં રહ્યો ? તેમજ જ્ઞાન આપે છે. જ્ઞાન શું ? આત્મા ને પરમાત્માનું. પછી શું ? નિયમ પળાવે છે. પંચ વર્તમાન રૂપ આડ છે તેમાં જરાય ફેરફાર થવા દેતા નથી. પોતાની આકર્ષણ શક્તિ એવી છે કે વર્તમાન સહજમાં જ પળાવે છે, દાખડો કરવો ન પડે. મોટાપુરુષ અને ભગવાન છે તે સૌને દષ્ટિમાત્રે નિયમમાં રાખે છે. પછી ઉપદેશ આપે છે. ઉપદેશ શેનો આપે છે ? ધર્મનો, જ્ઞાનનો, વૈરાગ્યનો અને ભક્તિનો ! ચાર (વાનાંના) ઉપદેશ આપ્યા કરે.

‘ધર્મ શું ? અહિંસા અને બ્રહ્મચર્ય. શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું છે કે શ્રુતિ અને સ્મૃતિ તેણે પ્રતિપાદન કર્યો છે એવો જે સદાચાર તે ધર્મ જાણવો. શ્રુતિ અને સ્મૃતિ શું ? શ્રીજીમહારાજની પરાવાણી એ શ્રુતિ કહેવાય અને સ્વામીની વાતું, ભગતજી મહારાજ વગેરેની વાતું, પરાવાણી એ સ્મૃતિ કહેવાય ! તે શું પ્રતિપાદન કરે છે ? અહિંસા, સદાચાર, સદ્‌વૃત્તાન્ત. આચાર એ ધર્મ જાણવો. અહિંસાના બે પ્રકાર : કોઈ જીવ-પ્રાણીમાત્રને દુઃખ થાય એવી ક્રિયા આપણે ન કરવી. બીજી અહિંસા કઈ ? રાત-દિ’ જીવને જન્મ-મરણના ફેરા થયા કરે છે, એને એમાંથી તારી લેવા એ પરમ અહિંસા.

'મહારાજની પરાવાણી, વેદની શ્રુતિઓ, બે વાનાં પ્રતિપાદન કરે છે. અહિંસા અને બ્રહ્મચર્ય - એ ધર્મ જાણવો. હવે ધર્મમાં જો આપણે ફેરફાર કરીએ તો ફૂટલ ઠામ ગણાઈએ. પાંચ મોઢાંવાળી પાણીની મશક છે એમાં એક મોઢું જો સ્રવી જાય તો પાણી જતું રહે. જેમ ગામડાંમાં મકાનો બાંધે છે તે બાંધકામ માટે પાણી વહેવા, પખાલી ચામડાની મશક રાખે છે. એને પાંચ મોઢાં હોય; પાણી એક મોઢે ઢોળે. જો પાંચમાંથી એક મોઢું જો છૂટી જાય તો પાણી બધું સ્રવી જાય. તેમાંથી એકપણ મોકળી મૂકીએ તો જ્ઞાન જતું રહે – એમ સ્વામી વાત કરતા.

'હવે બીજું જ્ઞાન શું ? આત્મા અને પરમાત્માનું, છે. ૩૯ વચનામૃત. આત્મા જે અક્ષર, પરમાત્મા પુરુષોત્તમ – એ સ્વરૂપો જીવને સચોટ સમજાવી દેવાં એનું નામ જ્ઞાન છે. બીજું જ્ઞાન શું ? આ લોકમાં સુખ-દુઃખ તો આવે, મરણાં-જરણાં સંસાર છે. જો જ્ઞાન હોય તો દુઃખિયો ન થાય. કોઈ મોટો શેઠ હોય અને તેને દેશકાળ લાગ્યો ને તે રંક બની ગયો. તેમ ગમે તેવા આપત્કાળ આવે તોપણ પોતાની સ્થિતિમાંથી ડગે નહિ તે જ્ઞાની. આ તો મહારાજ પરચો આપે તો, 'અહો ! સ્વામીએ બહુ દયા કરી. મને વીસ હજાર કે પચાસ હજાર નફો મળી ગયો.' પણ નફો ન મળે, આઘુંપાછું થાય, તો કહે જે - 'સ્વામીએ મારું નખ્ખોદ કાઢ્યું. હું આટલાં પગથિયાં ચઢ્યો, ધોતિયાં ઓઢાડ્યાં, મંદિરે આવ્યો, રસોઈ-ધર્માદા આપ્યાં, પણ મારું કાંઈ વળ્યું નહિ;' એમ થાય. પણ જો જ્ઞાન થયું હોય તો એને ધક્કો ન લાગે. 'એ તો ભાઈ ! દેહનો વહેવાર છે. આઘુંપાછું થાય, એમાં ભગવાનનો શું દોષ ? આપણા પ્રારબ્ધનો થર નડ્યો. આઘુંપાછું થઈ જાય એમાં ભગવાન કે સત્પુરુષનો વાંક નથી, વાંક છે આપણો; આજ્ઞા લોપી હશે ને, તેથી આઘુંપાછું થયું હશે. તેથી ભગવાને આપણને આ દંડ આપ્યો.' એવું જો જ્ઞાન હોય તો સુખિયા રહેવાય. અને જો જ્ઞાન ન હોય તો અજ્ઞાને કરીને પાછો પડી જાય. અને જ્ઞાન હોય તો સવાયો થાય !'

અહીંથી વીરસદ, રણોલી થઈ, સ્વામીશ્રી બોચાસણ પધાર્યા.

અનાદિ ગુણાતીતમાં જ મહારાજ રહે છે ને રહેશે

અહીં સ્વામીશ્રી ઓરડામાંથી સભામાં આવવા નીકળ્યા. બધાને ગોષ્ઠિ કરતાં જોઈ અમારી વચ્ચે નીચે જ બેસી ગયા અને બોલ્યા : 'શું વાત ચાલે છે ?'

પછી પ્ર. ૩૭ વચનામૃત અમે વાંચતા હતા તે લીટીઓ ફરી વંચાવી અને બોલ્યા : 'ભગવાન એટલે સહજાનંદ સ્વામી પૂર્ણ પુરુષોત્તમ અને ભક્ત એટલે

અનાદિ ગુણાતીત. એ હંમેશાં પ્રગટ જ રહે છે. ભક્ત એ ગુણાતીત જ. બધે જ મહારાજે આ બતાવ્યું છે. પોતાની સાકારપણાની નિષ્ઠા હતી પણ ગુણાતીતની નહોતી, તે માટે વાત કરે છે.

'સમીપે એટલે શું ?

'મહારાજ જેવા અનાદિ અક્ષરમાં રહે છે એવા બીજા કોઈમાં રહેતા નથી. તેને લઈને બીજાને ભક્ત કહેવાય, મુક્તાનંદ સ્વામી વગેરેને.

'આરાધિતો ઈતિ રાધા. ગોપીઓ ઘણી હતી પણ રાધા એ જ મુખ્ય ગોપી. તેમ અનાદિ પુરુષોત્તમ અને અનાદિ અક્ષરબ્રહ્મ પૃથ્વી ઉપર હંમેશાં બિરાજમાન રહે છે. અનાદિ ગુણાતીતમાં મહારાજ રહેલા જ છે. અત્યારે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. એનો વંશ જતો નથી.

'આવી જેને અચળ નિષ્ઠા હોય એવા ભક્તને ૧૧ ઈલકાબ લાગુ પડે છે. એનું દર્શન ભગવાનના દશન તુલ્ય છે. તુલ્ય શબ્દ વાપર્યો. તેથી કાંઈ ભગવાન ન થઈ જાય.'

અહીં એક દિવસ નંદાજી પણ સ્વામીશ્રીનો લાભ લેવા આવ્યા હતા.

અહીં જ આવરદા ગાળવી

સાંજે ૪-૧૫ વાગે *'મોહનને ગમવાને ઈચ્છો...'* ગવડાવ્યું. સંતો અત્રેથી સોખડા થઈ મુંબઈ જવાના હતા. તેથી સ્વામીશ્રીએ બધાને બોલાવરાવ્યા ને કહે :

'મુંબઈ જનારા એક બાજુ, ને અહીં રહેનારા બીજી બાજુ બેસો... બધાને બોલાવો. આશીર્વાદ દેવા છે. પંદર દી' કથાવાર્તા કરી, કીર્તન ગવરાવ્યાં, તે સંભારજો. શ્રદ્ધા રાખજો. મહંત સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી કહે તેમ કરજો. ભગતજી જેવી સ્થિતિ કરવી. કોઈને મશ્કરીમાં બોલવું નહીં. વૃદ્ધાવસ્થાના ગુણ બાળપણથી રાખવા.

'ખમવું તે જ સાધુતા. ક્રોધ ન આવવા દેવો. કથાવાર્તા-કીર્તન-ભક્તિથી આવરદા પૂરી કરી દેવી. છેલ્લો જન્મ કરી દેવો. અહીં જ જન્મ્યા છીએ. અક્ષરપુરુષોત્તમ આપણાં મા-બાપ. અહીં જ આવરદા ગાળવી. ભગવાન ભજવા-ભજાવવા આવ્યા છીએ. સંસ્કૃત ભણવું.'

બાદ ઠાકોરજીનાં દર્શને સંતો સાથે આવ્યા ને બસમાં મૂકવા પણ પોતે પધાર્યા. અંદર ચડી આગલી સીટે બેઠા ને સંતોને વિદાય દીધી !

આમ, છેલ્લા પંદરેક દિવસથી સ્વામીશ્રી બધા સંતોને ઉદ્દેશીને એકધારી

સંતના મહિમાની જ વાતો કરતા રહ્યા. 'આ શાસ્ત્રીજી મહારાજની સંસ્થા છોડીને જવાય નહિ. અહીં જ રાખ થવું' – કહેતાં 'અહીં જ સાધુતા શોભાડવી. ગુણાતીત સંત દ્વારા મહારાજ પ્રગટ જ છે. એક સમયે એક જ ગુણાતીત સ્વરૂપમાં મહારાજ પ્રગટ રહી જીવોનું આત્યંતિક કલ્યાણ કરે છે. તેવા સંતના સમાગમમાં પડી રહેવું' વગેરે અદ્‌ભુત વાતો કરી સ્વામીશ્રીએ સૌ સંતોને ભાતું બંધાવ્યું.[૮]

સંપ્રદાયના અગ્રગણ્ય હરિભક્ત ચંપકભાઈ શેઠ બોચાસણ મુકામે જ સ્વામીશ્રીની હાજરીમાં હૃદયરોગના હુમલાથી અચાનક અક્ષરનિવાસી થતાં શોકસભા યોજી તેમની નિષ્ઠા ને પ્રેમલક્ષણા ભક્તિને અંજલિ અર્પી હતી.

તા. ૨૯મીએ, અહીંથી વિદાય લઈ, ઉત્તરસંડા અંબાલાલભાઈને ત્યાં

---

૮. આ દિવસોમાં એક ઐતિહાસિક ઘટના બની ગઈ. જે ભવિષ્યના અસંખ્ય મુમુક્ષુઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

દાદુભાઈ નાથાભાઈ નામની એક વ્યક્તિ કે જેમણે સત્સંગમાં આજ્ઞા, ઉપાસના વિરુદ્ધ કેટલીક ગરબડ ઊભી કરી સત્સંગમાં કેટલાક સંતો અને હરિભક્તોને ગેર-માર્ગે દોરી અનેકનાં મન ઉદ્વિગ્ન કર્યાં હતાં, તેમને સંસ્થામાંથી દૂર કરવામાં આવ્યા. આવા કુપાત્ર જીવો સત્સંગમાં સમયે સમયે આવતા રહેતા હોય છે. જે પોતાની અવળાઈનો ત્યાગ કરતા નથી અને સત્સંગની પ્રણાલીને છિન્નભિન્ન કરી સત્સગમાં ઘણો બગાડ કરતા હોય છે.

શ્રીજીમહારાજે વચનામૃત ગ.પ્ર. ૧૮માં જણાવ્યું કે 'સત્સંગ થયા મોર તો ગમે તેવો કુપાત્ર જીવ હોય તોય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો, પણ સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે તો બાઈ અથવા ભાઈ જે હોય તેને સત્સંગ બહાર કાઢી મેલવો અને જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભૂંડું થાય. જેમ જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય અને એટલું અંગ જો તુરત કાપી નાખે તો પંડે કુશળ રહે, તેનો લોભ કરે તો ઝાઝો બિગાડ થાય. તેમ જે કુપાત્ર જીવ જણાય તેને તત્કાળ ત્યાગ કરજો.'

પોતાના આ વચન અનુસાર જ શ્રીજીમહારાજે પણ પોતાના સમયમાં હરબાઈ, વાલબાઈ તથા રઘુનાથદાસ જેવા કેટલાક જે સત્સંગની રીત પ્રમાણે નહોતા વર્તતા તેમને વિમુખ કર્યા હતા.

શાસ્ત્રીજી મહારાજના અંતર્ધાન પછી યોગીજી મહારાજના સમયમાં એમની અત્યંત સાધુતા અને સરળતા તેમજ મહિમા દૃષ્ટિનો લાભ લઈ આ ભાઈ સત્સંગમાં માનપાન મેળવવાના મોહમાં પડી ગયા. શરૂમાં પોતે એકાંતિક ભક્ત છે અને યોગીજી મહારાજના પરમ કૃપાપાત્ર છે તેવી છાપ તેમણે સત્સંગ સમાજમાં ઊભી કરવાની કોશિષ કરી. તે માટે કેટલાંક શ્રદ્ધાળુ મહિલાઓ અને ભક્તોનો ➤

પધરામણી કરી, અમદાવાદ ચંપકભાઈ શેઠનાં કુટુંબીજનોને આશ્વાસન આપી, રાત્રે ૧૧-૦૦ વાગે મંદિરે આવ્યા.

નિષ્કામ ધર્મ - વિમુખનો પરિત્યાગ

અહીં ગોમતીપુરમાં રહેતા જયકૃષ્ણભાઈને સ્વામીશ્રીનો યોગ થયેલો એટલે સત્સંગમાં આવે, પરંતુ સ્ત્રી-પુરુષ મર્યાદા અને નિષ્કામ ધર્મ સંબંધી નિયમોમાં ફેર પડવાને કારણે સંસ્થામાંથી દૂર કરાયેલી બે વ્યક્તિઓ સાથે જયકૃષ્ણભાઈને સંબંધ. તેથી તેમને દ્વિધા રહ્યા કરે કે 'આવી વ્યક્તિઓ સાથે મારે સંબંધ રાખવો કે કેમ ? જો તેમની સાથે સંબંધ રાખવામાં સ્વામીશ્રી રાજી

સમૂહ તૈયાર કર્યો કે જેઓ હંમેશાં તેમના મહિમાનું જ ગાન કર્યા કરે અને ભોળા ભક્તોનાં મન ભરમાવે.

જર્મનીના નેતા હિટલરના સાથી ગોબેલ્સ હંમેશાં કહેતા કે 'એક જૂઠાણું જો સો વાર બીજાને કહેતા ફરીએ તો સત્ય બની જાય છે.' આ તેમનો જીવનમંત્ર હતો. તેથી પોતાના જૂઠા પ્રચારની વાત અનેક રીતે સત્સંગ સમાજમાં વહેતી મૂકતા કે 'પોતે યોગીજી મહારાજના એકમાત્ર કૃપાપાત્ર એકાંતિક મુક્ત છે. યોગીજી મહારાજનું સ્વરૂપ જ છે. યોગીજી મહારાજનો રાજીપો મેળવવો હોય તો પહેલાં તેમની (દાદુભાઈની) સેવા કરી રાજી કરો. તેમનો પ્રચાર કરો. તો જ યોગીજી મહારાજ રાજી થશે.' આવી સ્વમહિમાની ઉપાસના વિરુદ્ધ વાતો તેમણે વહેતી મૂકી-મુકાવડાવી.

વળી, એક બીજું સૂત્ર પણ તેમણે જીવનમાં આત્મસાત્ કરેલું ને વ્યવહારમાં ચુસ્તપણે મૂકેલું કે 'ખુશામત તો ખુદા કો ભી પ્યારી હૈ.' એથી જે કોઈ પોતાની નજીક આવે તેને ખુશામતથી - માનપાનથી વશ કરી લેવાનો કીમિયો તેમણે સચોટ રીતે અજમાવ્યો. આમ, પોતાની ડુગડુગી વગડાવી સારી એવી મંડળી ભેગી કરી. જેમાં શ્રદ્ધાળુ સ્ત્રીભક્તોની સંખ્યા વિશેષ હતી. જે સ્વાભાવિક હતું અને તેમનો ઈરાદો પણ હતો.

તે અરસામાં યોગીજી મહારાજે સંકલ્પ કર્યો હતો કે આપણે ૫૧ શિક્ષિત યુવાનોને દીક્ષા આપી બ્રહ્મવિદ્યા ભણાવવી છે અને શાસ્ત્રીજી મહારાજની આ શુદ્ધ ઉપાસના પ્રવર્તનની સેવામાં તેમને જોડવા છે. આ વાત ધીરે ધીરે યુવાનો સમક્ષ સત્સંગ સમાજમાં યોગીજી મહારાજે વહેતી મૂકી.

આ તકનો લાભ લઈ દાદુભાઈએ પણ સત્સંગ સમાજમાં યોગીજી મહારાજ કે પ્રમુખસ્વામીની સંમતિ લીધા વિના જ જાહેર કર્યું કે 'મને યોગીજી મહારાજનો આદેશ છે કે તમે મહિલાઓમાં આ પ્રવૃત્તિ શરૂ કરો. તેમને ભગવાન ભજવાની ➤

હશે તો મને આશીર્વાદ આપશે. ધબ્બો મારશે.' એમ વિચારી તેઓ સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવા આવ્યા. સ્વામીશ્રીના ખોળામાં માથું મૂક્યું. કોઈ માથું મૂકે ને સ્વામીશ્રીનો થાપો તુરત પડ્યો જ હોય, પણ ઘણી વાર સુધી માથું ખોળામાં મૂકી રાખવા છતાં તેમને થાપો ન મળ્યો. સ્વામીશ્રીએ તેમને હળવેકથી દૂર ખસેડ્યા.

જયકૃષ્ણભાઈના મનમાં શંકા વધી. અસંતોષ વધ્યો. અંતરમાં ધક્કો લાગ્યો. છતાં ફરીથી લાઇનમાં સ્વામીશ્રી નજીક આવી ખોળામાં માથું મૂક્યું. થોડી વાર ઊભા રહ્યા. બીજી વાર પણ આશીર્વાદનો ધબ્બો ન મળ્યો. મનમાં ખૂબ દુઃખ થયું. એ જ ક્ષણે તેમણે નિશ્ચય કર્યો કે પેલી ધર્મભંગ વ્યક્તિઓનો

તક આપો.' એમ મહિલાઓનાં કલ્યાણનો વિશેષ ઈજારો પોતાને સોંપાયો છે, એવું મહિલાઓમાં જાહેર કરી શિક્ષિત કુંવારિકા કન્યાઓનો સમાજ ઊભો કરવાનું તેમણે શરૂ કર્યું. આમ, નૈષ્ઠિક બ્રહ્મચારી એવા યોગીજી મહારાજ કે જેઓ કદાપિ આવી ધર્મ વિરુદ્ધ - શાસ્ત્ર વિરુદ્ધ આજ્ઞા કરે જ નહીં, તેમના નામે આ ભાઈએ મહિલા-સમાજ ભેગો કરી, પોતાને મનાવા-પૂજાવાના કોડ નિઃશંકપણે વેગપૂર્વક પૂરા કરવા માંડ્યા.

અનેક સંતો તથા હરિભક્તોએ યોગીજી મહારાજને જ્યારે આ અંગે પૂછ્યું ત્યારે એમણે સ્પષ્ટ જણાવ્યું કે 'મહારાજની મરજી વિરુદ્ધ આવી આજ્ઞા અમે કોઈ દિવસ કરી જ નથી અને કરીએ પણ નહીં. આ વાત તદ્દન ખોટી છે.'

આ પછી સ્વામીશ્રીએ અનેક વાર દાદુભાઈને જાહેરમાં અને ખાનગીમાં આ પ્રવૃત્તિ બંધ કરવા આદેશ આપ્યો. ખાનગીમાં અનેક વાર તેમની પાસે જળ મુકાવ્યું કે 'મહિલાઓની આવી કોઈ પ્રવૃત્તિ તેમણે કરવી જ નહીં.' સ્વામીશ્રીએ પોતાના પગ પકડાવી સત્સંગના મોટેરા – મોટાસ્વામી, પ્રમુખસ્વામી, સંતસ્વામી, મગનભાઈ, હરમાનભાઈ, છગનભાઈ, ખેંગારજીભાઈ, રસિકભાઈ, આર.યુ. પટેલ, હર્ષદભાઈ, વજુભાઈ શેઠ વગેરે સંતો-હરિભક્તોની હાજરીમાં અનેક વાર તેમની પાસે વચન લીધું કે આ પ્રવૃત્તિ પોતે સત્વરે બંધ કરી દેશે. પરંતુ પોતે યોગીજી મહારાજને પોતાના ગુરુ કહેવડાવતા હતા છતાં એમની આ આજ્ઞાનું દાદુભાઈએ લેશ પાલન ન કર્યું. ઊલટું ખાનગીમાં વધુ વેગ આપ્યો. આ પ્રવૃત્તિમાં તેમના ભાઈ બાબુભાઈનો તેમને પૂર્ણ સહકાર મળ્યો.

યોગીજી મહારાજની આજ્ઞાનો સંપૂર્ણ અનાદર કરી આ બંને ભાઈઓએ મહિલા પ્રવૃત્તિ અંગે તા. ૧૪-૧૨-'૬૫ના રોજ તેર બાઈ-ભાઈઓનું ભેગું 'ગુણાતીત જ્યોત' નામનું ટ્રસ્ટ પણ સંસ્થા અને મોટેરાઓ તેમજ સૌને અજાણમાં રાખી સરકારમાં નોંધાવ્યું. અને મહિલાઓને રહેવાની અલગ આશ્રમ-વ્યવસ્થા સત્સંગ ➤

ક્યારેય યોગ ન રાખવો. સ્વામીશ્રીનો જ એકમાત્ર આશરો કરી લેવો.

તા. ૧-૬-’૬૬, જેતલપુર, કાજીપુરા થઈ, રામચંદ્રકાકાના ભાલિયાપરે, નાના હરિમંદિરમાં સ્વામીશ્રીએ મૂર્તિપ્રતિષ્ઠા કરી. ધોળકા મંદિરે દર્શન કરી, અડવાળ પધાર્યા. અહીં મહારાજના પ્રસાદીના ઓટે હનુમાનજીની પ્રતિષ્ઠા કરી.

પછી ધંધુકા થઈ, સ્વામીશ્રી સારંગપુરથી ગઢપુર જઈ રહ્યા હતા. તાજપુર છોડ્યા પછી નિંગાળા તરફ જતાં રસ્તામાં એક ગામ બહાર એક લીંબડા નીચે મોટર ઊભી રાખી. અહીં સામે એક કૂવો છે. તે બતાવતાં સ્વામીશ્રી કહે : ‘આ કૂવાનું પાણી બહુ મીઠું છે. અમે શાસ્ત્રીજી મહારાજ સાથે આ રસ્તે ગાડામાં નીકળતા ત્યારે શાસ્ત્રીજી મહારાજ અહીંનું પાણી પીવડાવતા. હું અને માનત

સમાજના જ ભક્તો પાસેથી સેવા ઊઘરાવી કરી. સાથે સાથે આશ્રમવાસી કન્યાઓનું અઢળક નાણું દહેજરૂપે મેળવી, મોટી સંપત્તિ ઊભી કરી. અને કુંવારિકા તથા પરણેલી કન્યાઓને દીક્ષા તથા વેશ આપી મહારાજની આજ્ઞા વિરુદ્ધ મહિલાઓને ઉપદેશ આપવો, આશીર્વાદ આપવા, વિવિધ રીતે પોતાની સેવા કરાવવી વગેરે કાર્ય સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામી અને સારાયે સત્સંગ સમાજની પરવા કર્યા વગર શરૂ કરી દીધું.

અનેક વાર તે ભાઈને માફ કર્યા પછી જાણે છેલ્લી તક આપતા હોય તેમ તા. ૧૧-૫-’૬૬ ના રોજ સ્વામીશ્રીએ ઊંઝાથી દાદુભાઈ તથા બાબુભાઈ ઉપર પત્ર લખ્યો કે ‘તમારે જો મારે વિશે હેત હોય તો આ પ્રવૃત્તિ બંધ કરી દેજો. પ્રમુખસ્વામી કહે તેમ કરશો.’ તે જ તારીખે બીજો પત્ર આફ્રિકાના બેચરભાઈ ઉપર લખ્યો કે ‘ડોશિયુંની પ્રવૃત્તિ બંધ કરી દો. પ્રમુખસ્વામી કહે તેમ કરો.’ આ આજ્ઞાને પણ દાદુભાઈએ મનસ્વીપણે વર્તતા રહી ઠોકરે ચડાવી.

આથી ન છૂટકે અત્યંત દયાળુ મૂર્તિ યોગીજી મહારાજે જાતે નિર્ણય લીધો કે ‘આવી ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિ કે જેમાંથી ભવિષ્યમાં ઘણો બગાડો થાય અને અનેક અનર્થ થાય ને સત્સંગને બટ્ટો લાગે, તે આ બન્ને ભાઈઓએ અનેક વાર ના પાડવા છતાં ચાલુ રાખી છે, તો આપણે તેમને સત્સંગમાંથી દૂર કરવા જોઈએ. અને કોઈપણ સત્સંગીએ તેમને સહકાર આપવો જોઈએ નહીં કે તેમની સાથે કોઈ પ્રકારનો સંબંધ રાખવો જોઈએ નહીં. જેથી બીજા મુમુક્ષુઓ આ અધર્મ પ્રવૃત્તિથી બચી જાય.’

યોગીજી મહારાજે પ્રમુખસ્વામીને સાથે રાખીને મોટેરા સંતો તથા હરિભક્તોને બોલાવી પોતાની આ ઇચ્છા જાહેર કરી. સર્વાનુમતે આ ઠરાવ પસાર કરી સત્સંગ સમાજ સમક્ષ મૂક્યો. અને ગુણાતીત બાગના સત્સંગ-વટવૃક્ષની નાની પણ સમૂળી સડી ગયેલી ડાળને સદાને માટે કાપી નાખી એક ઐતિહાસિક દાખલો ભાવિ સત્સંગ પેઢી માટે બેસાડ્યો. વિશેષ વિગત માટે જુઓ : પરિશિષ્ટ-૧.

સ્વામી અહીં ઝોળી માગવા આવતા.’ એમ કહી અહીંનું પાણી પોતે પીધું અને સૌને પ્રેમથી પીવડાવ્યું.

સ્વામીશ્રી નિંગાળા, ઉગામેડી, ગઢડા, વીરનગર, સરધાર, રાજકોટ થઈ, તા. ૧૦મીએ સાંજે ગોંડલ આવી પહોંચ્યા.

❀ ❀ ❀

ગુરુકુળનું ઉદ્ઘાટન



અક્ષર મંદિરની સામે બંધાવેલ ‘સ્વામી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ’નો ઉદ્ઘાટન વિધિ ગોંડલના યુવરાજ જ્યોતીન્દ્રસિંહજીના શુભ હસ્તે તા. ૧૨-૬-’૬૬ના રોજ રાખ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે પૂર્વ આફ્રિકાના અગ્રગણ્ય હરિભક્ત ગોરધનભાઈ ભટેસા હતા. સવારે ૯-૦૦ વાગે કાર્યક્રમની શરૂઆત થઈ. યજ્ઞ વિધિ બાદ ડૉ. દેવશીભાઈ પટેલે સ્વાગત-પ્રવચન કર્યું. પ્રમુખસ્વામીએ ‘નૈમિષારણ્ય’નો ખ્યાલ આપ્યો. પછી મોહનભાઈ રાઠોડ તથા મેં પ્રાસંગિક પ્રવચનો કર્યાં. ત્યારપછી નામદાર યુવરાજ જ્યોતીન્દ્રસિંહજીના વરદ હસ્તે ખૂબ ઉત્સાહપૂર્વક ગુરુકુળનો ઉદ્ઘાટન વિધિ થયો. સિદ્ધેશ્વર સ્વામી, ભટેસા, ગોવિંદસિંહજી ચુડાસમા વગેરેનાં પ્રાસંગિક પ્રવચનો થયાં. અંતે સ્વામીશ્રીએ સહુને આશીર્વાદ આપ્યા. મેજર ભગવત્સિંહે આભાર વિધિ કર્યો. રથયાત્રા મહોત્સવ પણ અહીં જ ઊજવાયો.

અલ્પ સેવાને મહદ્ માનવાની મહત્તા

અહીં ગુરુકુળનું કામ ચાલતું ત્યારે પોપટભાઈ કડિયાકામે આવતા. સ્વામીશ્રીએ સિદ્ધેશ્વર સ્વામીને ખાસ ભલામણ કરેલી કે ‘આપણે કડિયાની જરૂર હોય ત્યાં સુધી પોપટભાઈને કામે લઈ લેવા.’ તેથી તેઓ કાયમ કામે આવતા. મંદિરના મમત્વવાળા, તેથી કામ પણ ખંતથી અને માલ બગડે નહીં તેમ કરતા.

ગુરુકુળનું કામ પૂરું થયું, પણ મંદિરનાં નાનાં-મોટાં કામ ચાલતાં હોય તેથી ત્યાં કામે રાખેલા. કોઈ નવા કારભારીને સ્વામીશ્રીની આજ્ઞાનો ખ્યાલ નહીં, તેથી પોપટભાઈની ઉંમર થતાં તેમને છૂટા કર્યા. સ્વામીશ્રીને આ વાતની ખબર પડી. તેથી કારભારીને બોલાવ્યા ને પૂછ્યું : ‘પોપટભાઈ કેમ દેખાતા નથી ?’

‘બાપા ! તેમનાથી કામ થઈ શકતું નથી તેથી છૂટા કર્યા છે.’

'ગુરુ ! એમ નો કરવું.' સ્વામીશ્રી આર્દ્ર થતાં બોલ્યા : 'ભલે કામ ઓછું કરે, પણ તેમને રાખવા જ. મમત્વવાળા છે, મુક્ત છે. શાસ્ત્રીજી મહારાજનો અને દેરીનો પક્ષ રાખ્યો છે. માટે કાલથી બોલાવી લેજો.'

એમ કહી તેમનો મહિમા કહેવા લાગ્યા : 'પહેલાં મંદિરે કામે આવતા. બધા ના પાડે તો પક્ષ રાખી પોતે કામે આવે. બીજાને પણ મહિમા કહી લઈ આવે. વળી જ્યારે સમૈયા-ઉત્સવ હોય, અન્નકૂટ હોય, ત્યારે વાડી-વાડીએ શાકભાજી, અનાજ વગેરે લેવા પુરુષોત્તમ ભગત સાથે જાય. આમ બહુ સેવા કરી છે. માટે કાઢવા નહીં.'

સ્વામીશ્રીની આવી દયાળુ પ્રકૃતિનાં દર્શન વારંવાર થતાં. અલ્પ સેવાને પણ મહદ્ માની સ્વામીશ્રીએ પોપટલાલ પર ખૂબ રાજીપો વરસાવ્યો હતો. અને તેમણે પણ સ્વામીશ્રીનો અને દેરીનો ધામમાં ગયા સુધી શિર સાટે પક્ષ રાખેલો !

આ તો આપણા જ છે

એક દિવસ ભગવત્સિંહજી એસ.આર.પી.ના કમાન્ડર અને મૂળ રાજસ્થાનના વતની ધોકલસિંહજીને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. ભગવત્સિંહજીએ તેમનો પરિચય આપ્યો ત્યારે સ્વામીશ્રીએ પ્રેમથી તેમને પૂછ્યું : 'કંઠી ધારણ કરશો ?'

'બાપા ! મને બે ખરાબ ટેવો છે. એક શિકાર કરવાની અને બીજી શિકારનું માંસ રાંધીને ખાવાની.' તેમણે નિષ્કપટભાવે કહ્યું.

સ્વામીશ્રી આશીર્વાદનો થાપો આપતાં પ્રેમથી ઊઠ્યા : 'બધું છૂટી જશે. લ્યો બળ.' એમ કહી ભગવત્સિંહજી તરફ જોઈને કહે : 'આ તો આપણા જ છે !'

આ અપાર લાગણી જોઈ ધોકલસિંહ ધન્ય બની ગયા. થોડા સમયમાં તો તેમના જીવનમાં મોટું પરિવર્તન આવી ગયું. તેમનાં પત્નીની મુમુક્ષુતાને કારણે સૌને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પણ થઈ. અને સત્સંગનું એવું મમત્વ થયું કે તેઓ પોતાના ખર્ચે હિન્દી અને મરાઠીમાં શિક્ષાપત્રી ખરીદતા અને પોતાના સ્ટાફને અને એસ.આર.પી. જવાનોને દર વર્ષે વહેંચતા.

તેઓ જ્યાં જ્યાં કમાન્ડર તરીકે તેમજ ઉપલા હોદ્દા માટે ગયા, ત્યાં એસ.આર.પી. કેમ્પમાં સ્વામીશ્રીની પધરામણી ખાસ કરાવતા. ભારે ધામધૂમથી સ્વામીશ્રીનું સ્વાગત કરી, જવાનો પાસે કૂચ કરાવી સ્વામીશ્રીને સલામી

અપાવતા. દરેક જવાનને પણ સ્વામીશ્રીના આશીર્વાદ અપાવતા, વ્યસનો મુકાવતા. આવો અનન્યભાવ તેમને સ્વામીશ્રી પ્રત્યે હતો.[૯]

તા. ૨૯મીએ ગોંડલથી નીકળી, રાજકોટ - નારણભાઈ શેઠની તબિયત જોઈ, વઢવાણ, સુરેન્દ્રનગર, અમદાવાદ, અસલાલી, જેતલપુર, નડિયાદ, વડતાલ થઈ બોચાસણ પધાર્યા.

તા. ૨-૭-'૬૬, બોચાસણમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે હજારો હરિભક્તો એકત્રિત થયા હતા. મગનભાઈ સૅક્રેટરી, રસિકભાઈ, મણિભાઈ સલાડવાળા, મહંત સ્વામી તથા પ્રમુખસ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીએ પણ સૌ સુખી થાય તથા વરસાદ સારો પડે તેવા આશીર્વાદ આપ્યા હતા.

તા. ૪થીએ ભટેસાને આફ્રિકા જવા વિદાય આપી. તેઓ બે મહિનાથી પોતાની મોટર જાતે ચલાવી સ્વામીશ્રીની સેવામાં ફરતા હતા. તેમના નાના દીકરા દિનકરભાઈ પણ થોડો સમય મોટર લઈ સેવામાં જોડાયા હતા. આફ્રિકામાં પણ તેઓ સત્સંગ-પ્રચાર અર્થે બધાં સત્સંગ મંડળોમાં ફરતા.

બોચાસણ મુકામ દરમ્યાન ભાદરણના ઠાકોરભાઈ અંબાલાલ તથા પંડોળીના શંકરલાલ પ્રભુદાસ તેમજ બીજા હરિભક્તો તરફથી હરિલીલા-કલ્પતરુ, ભક્તચિંતામણિ, વચનામૃત, હરિલીલામૃત, વાસુદેવ માહાત્મ્ય અને શિક્ષાપત્રી વગેરે ગ્રંથોનું પારાયણ પ્રમુખસ્વામી સાથે યોગેશ્વર સ્વામી તથા શ્વેતવૈકુંઠ સ્વામી વગેરે અમે સૌ સંતો કરતા.

તા. ૨૮મીએ સ્વામીશ્રી મહેળાવ દર્શને પધાર્યા હતા. રસ્તામાં આણંદમાં મણિભાઈ જીવાભાઈની નવી ઑફિસનું ઉદ્‌ઘાટન કર્યું. ગુરુપૂર્ણિમાથી અધિક શ્રાવણ માસની પૂર્ણિમા સુધી અખંડ જ્ઞાનયજ્ઞ કરી, સંતો તથા હરિભક્તોને દિવ્ય સુખ આપ્યું.

કૉલ પૂરો કર્યો

બોચાસણમાં અષાઢ વદિ ૧૩નો દિવસ હતો. રાત્રે ઉકાળા-પાણી કરીને સ્વામીશ્રી સભામાં પધાર્યા. સભાની શરૂઆત થઈ. થોડી વારમાં જ ઈશ્વરભાઈ દાજી આવ્યા અને સ્વામીશ્રીની નજીક પહોંચીને છાતીના સખત દુખાવાની ફરિયાદ કરી.

---

૯. સને ૧૯૭૧માં સ્વામીશ્રીના આશીર્વાદથી ભારત સરકારનો રાષ્ટ્રપતિ ચંદ્રક તેમને બહુમાનરૂપે અપાયો હતો.

આ જ વર્ષના મહા સુદિ ૩ના રોજ તેમના પર હૃદયરોગનો હુમલો થયેલો. સ્વામીશ્રી ત્યારે અટલાદરા બિરાજમાન હતા. સમાચાર સાંભળીને સ્વામીશ્રી વડોદરા દવાખાને પધાર્યા હતા અને આશીર્વાદ આપ્યા હતા. ત્યારે ઈશ્વરભાઈએ પ્રાર્થના કરતાં કહેલું : 'બાપા ! જન્મોત્રીમાં મહા વદિ ૧૦નું મૃત્યુ લખ્યું છે. માટે જ્યાં હો ત્યાંથી અંતકાળે પ્રત્યક્ષ દર્શન દેવા પુરુષોત્તમપુરા પધારજો.' સ્વામીશ્રીએ હાથ ઊંચો કરતાં કૉલ આપ્યો હતો કે 'કાળ આવશે તો પાછો જશે. જાવ, તમને દસ વર્ષનું આયુષ્ય આપ્યું.'

છતાં ઈશ્વરભાઈનો આગ્રહ ચાલુ રહ્યો એટલે સ્વામીશ્રીએ સારંગપુર ફૂલદોલનો સમૈયો કરી, ફાગણ વદમાં પુરુષોત્તમપુરા આવવાનું વચન આપ્યું હતું. વડોદરાથી ઈશ્વરભાઈ રઢુ ગયા. ત્યાં મહા વદિ ૧૦ના રોજ બીજો ઍટેક આવ્યો, પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદથી બચી ગયા.

સ્વામીશ્રી ફૂલદોલનો સમૈયો કરી રઢુ પધાર્યા. ત્યારે ઈશ્વરભાઈએ આગ્રહપૂર્વક પ્રાર્થના કરી : 'બાપા ! આ દેહમાં ઝાઝું રહેવું નથી. ને અંત સમયે આપની સમીપમાં જ દેહ પડે એવી કૃપા કરજો.' સ્વામીશ્રીએ એમની લાક્ષણિક અદાથી ધબ્બો માર્યો.

જ્યારે આ ગુરુપૂર્ણિમાના સમૈયે સ્વામીશ્રી અહીં બોચાસણ પધાર્યા ત્યારે ઈશ્વરભાઈને સમૈયે આવવા ખાસ પત્ર લખ્યો, પણ ઈશ્વરભાઈ બીમાર હોવાથી ન આવી શક્યા. આથી સ્વામીશ્રીએ ફરી આગ્રહપૂર્વક પત્ર લખ્યો કે 'આ પત્ર વાંચીને ગમે તેવી દેહની સ્થિતિ હોય, તોપણ આવી જશો.' કોઈને આ લીલાનું રહસ્ય સમજાયું ન હતુ.

ઈશ્વરભાઈ બોચાસણ આવ્યા. અષાઢ વદિ ૧૩ના રાત્રે તેમણે સ્વામીશ્રી સાથે ઉકાળા-પાણી કર્યાં અને ઉતારે ગયા. ત્યાં છાતીમાં સખત દુઃખાવો ઊપડ્યો. તરત જ તેઓ સભામાં સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ છાતી પર હાથ ફેરવ્યો અને ઉતારે જઈ આરામ લેવા કહ્યું. ઈશ્વરભાઈ પગે લાગ્યા અને સ્વામીશ્રીએ તેમના મસ્તકે હાથ ફેરવ્યો. ધીમેથી આશીર્વાદનો ધબ્બો આપ્યો.

ઈશ્વરભાઈ ઉતારે પહોંચ્યા. બીજે દિવસે સવારે જ સંતોએ સ્વામીશ્રીને ખબર આપ્યા કે 'ઈશ્વરભાઈ ધામમાં ગયા છે !'

સ્વામીશ્રી તરત જ સ્થળ પર પધાર્યા. દાજીના મૃતદેહને ફૂલહાર કર્યાં, આરતી ઉતારી. સૌને ખ્યાલ આવ્યો કે ઈશ્વરભાઈને આપેલો કૉલ પૂરો કરવા સ્વામીશ્રીએ તેમને અહીં બોલાવી લીધા હતા ! ભક્તવત્સલની કેટલી કરુણા !

મંગળવાર, તા. ૨-૮-'૬૬ના સવારે નીકળી, ઝારોળા કાળીદાસભાઈ તથા ફૂલાભાઈનાં નવાં મકાનોમાં પધરામણી કરી.

વહેલા ઊઠવાનો કીમિયો

અહીં સ્નાન કરતી વખતે સ્વામીશ્રી ગુણવંતને કહે : 'તમે વહેલા ઊઠજો.'

ત્યારે તેઓ કહે : 'બાપા ! વહેલું જગાતું નથી.'

'રાત્રે જ ૪-૦૦ વાગે ઊઠવાનો સંકલ્પ કરવો. સંકલ્પ કરીને સૂવું. સંકલ્પ કરીને સૂઈએ તો મહારાજ આપણને જગાડે.' એમ વહેલા ઊઠવાનો કીમિયો બતાવ્યો.

સ્વામીશ્રી રાત્રે સૂતી વખતે હંમેશાં બોલે : 'મહારાજ સૌનું ભલું કરો. સૌનું સારું કરો.' કોઈ વાર શાસ્ત્રીજી મહારાજનું નામ લઈને પણ બોલે. આ એમની ભાવનાનું અલૌકિક દર્શન હતું.

સ્વામીશ્રીના ઉતારામાં કોઈ વાર કચરો પડ્યો હોય અથવા બહાર આસપાસ ચીજ-વસ્તુઓ, ફળો વગેરે જેમ તેમ પડ્યાં હોય અને સ્વામીશ્રી ત્યાંથી પસાર થાય ત્યારે બોલે : 'આ તે બાવાનો ચોરો છે ! એટલે બધું નવાબી રાજ્યની જેમ ચાલે.' પછી સેવકોને પોતાની ભૂલ સમજાય અને બધું વ્યવસ્થિત કરી દે. પણ પોતે સીધું કોઈને ટોકે નહીં. એમની રીત જ એવી કે સૌને આપોઆપ જાણપણું આવે, અંતઃર્દષ્ટિ થાય.

બીજે દિવસે ઝારોળાથી મોટરમાં અટલાદરા જતા હતા. અનરાધાર વરસાદ પડી રહ્યો હતો. સ્વામીશ્રી મોટરમાં જ આરામ કરીને બેઠા થયા પછી કહે : 'જુઓને ! ભગવાનની દયાથી કેવી લીલાલહેર થઈ ગઈ !'

'બાપા ! ચારે તરફ લીલોતરી છવાઈ ગઈ. આંખોને જોવું ગમે તેવું વાતાવરણ છવાઈ ગયું છે.' ગુણવંતે કહ્યું.

ત્યારે મોટરની ડાબી બાજુએ બે-ત્રણ ઢોર પસાર થયાં. સ્વામીશ્રી દયાર્દ્ર બનીને બોલ્યા : 'ઢોર-જનાવરોને જીવતદાન મળી ગયું.' પછી કહે : 'માણસ ધારે તો વીઘો પાય અને ભગવાન ધારે તો નવખંડ ઝબોળી દે.' એમ બે વાર બોલ્યા. જો કે હજુ સૌરાષ્ટ્ર બાજુ પૂરતો વરસાદ ન હતો.

ઈશ્વરભાઈ પ્રભુદાસ દાજીના અક્ષરવાસ નિમિત્તે તેમના સુપુત્રો તુલસીભાઈ, લલ્લુભાઈ, ભાઈલાલભાઈ, કાંતિભાઈ, રમણભાઈ તથા ડાહ્યાભાઈએ મળીને અટલાદરામાં પારાયણ યોજ્યું હતું.

શ્રાવણ વદિ ૨, તા. ૩-૮-'૬૬ના રોજ 'હરિલીલાકલ્પતરુ' પારાયણનો પ્રારંભ પ્રમુખસ્વામીએ કર્યો. સાંજે ડૉક્ટર સ્વામી 'પ્રાગજી ભગતના જીવન ચરિત્ર'નું વાંચન કરતા.

ધાર્મિકતાને જીવતદાન આપતી વાણી

સ્વામીશ્રીના અહીંના મુકામ દરમ્યાન, આકાશવાણી, વડોદરાના દીનાનાથ પુરોહિત સ્વામીશ્રીની જ્ઞાનવાણી રેકોર્ડ કરવા આવ્યા હતા. સ્વામીશ્રીની સાહજિક શૈલીથી વહેતી અનુભવ વાણી સાંભળીને તેમને ખૂબ જ આનંદ થયો અને જણાવ્યું કે 'આવી જ્ઞાનવાતો જો દેશમાં આપવામાં આવે તો જે ધાર્મિક ભાવના હાલ નષ્ટ થઈ રહી છે તેને ખરેખર જીવતદાન મળે.'

તે હેતુથી તેઓ ફરી વાર પણ રેકોર્ડિંગ કરવા આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ મુક્તાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું અને સાધુ-સંતો કેવા હોવા જોઈએ એ માટે *'હાંજી ભલા સાધુ...'* એ મુક્તાનંદ સ્વામીનું કીર્તન ગાઈ, રાજા જનક-વિદેહીનું દૃષ્ટાંત ચિત્રાત્મક શૈલીમાં કહ્યું હતું. જે તમામ વાણી આકાશવાણી ઉપરથી પ્રસારિત કરવામાં આવી હતી.

અહીં સ્વામીશ્રી ચાંદીના હિંડોળાને ઠાકોરજી સાથે હિંડોળતા હતા. ત્યારે યાંત્રિક-કળાથી સ્વયં ચાલતાં સ્વરૂપોમાં કાંઈક ખોટને લીધે તબલાંવાળું અને ઝાંઝવાળું પૂતળું તબલાં અને ઝાંઝ વગાડતું ન હતું.

તે જોઈ સ્વામીશ્રી જાણે ગુણ લેતા હોય એમ બોલ્યા : 'મહારાજની મર્યાદા રાખે છે !'

અહીં પારાયણ પ્રસંગે 'અબજો માણસો હરિલીલાકલ્પતરુની પારાયણનો લાભ લે' તેવો સંકલ્પ કરી, સ્વામીશ્રીએ ધૂન કરાવી હતી.

ઉપકારના ભાર વગર ઋણભાર

તા. ૧૩મીએ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે લગભગ પાંચ થી છ હજાર જેટલા આજુબાજુના ભક્તોએ લાભ લીધો. સ્વામીશ્રીએ સર્વ કુટુંબીજનોને આશીર્વાદ આપ્યા. જિન્જાવાળા આર.સી. પટેલ આફ્રિકા પાછા જતા હોવાથી સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપી, સ્મૃતિરૂપ વિદાય આપી.

દેશમાં ઉત્સવ-સમૈયામાં તથા સમાગમમાં આફ્રિકાથી આવતા હરિભક્તોને સ્વામીશ્રી અવશ્ય સન્માનતા, દૂર દેશથી પ્રેમભક્તિપૂર્વક સ્વામીશ્રી પાસે દોડી

આવતા ભક્તો સ્વામીશ્રીને મન સર્વસ્વ હતા. તેમને સાથે રાખી, દર્શન-સમાગમનો લાભ આપી, સ્વામીશ્રી સત્સંગનું અખૂટ ભાતું ભરી આપતા. ભક્તોના આગ્રહથી તેમને ગામ ખાસ પધરામણી પણ કરતા. સમય ન હોય, કાર્યક્રમ ન હોય, છતાં સ્વામીશ્રી અનુકૂળતા ઊભી કરી તેમના મનોરથ પૂર્ણ કરતા. તેઓ બધાં તીર્થોની યાત્રા કરે એવો આગ્રહ પણ સ્વામીશ્રી રાખતા. જ્યારે વિદાય લે ત્યારે પણ ખૂબ આશીર્વાદ આપી સુખિયા કરતા. ભક્તો આફ્રિકા પાછા પહોંચે તોપણ સ્વામીશ્રીનાં સાંનિધ્ય ને સંસ્મરણો કદાપિ ભૂલી શકતા નહિ. આ પ્રેમવર્ષા એટલી તો સ્વાભાવિક રહેતી કે કોઈ એમની ઉપકાર-ભાવનાના ભાર નીચે દબાઈ જતા નહીં. છતાં તેમને સહજ અનુસંધાન રહેતું કે આપણે સ્વામીશ્રીના ખૂબ ખૂબ ઋણી છીએ.

અટલાદરા મંદિરમાં ૧૫ દિવસનો બ્રહ્મયજ્ઞ સ્વામીશ્રીના સાંનિધ્યમાં આ પ્રથમ વાર જ થયો. સારાયે કાનમ પ્રદેશના મુમુક્ષુઓને સારો લાભ મળ્યો. વડોદરા શહેરના નાગરિકો ઉપરાંત રાજકીય અને સામાજિક અગ્રણીઓએ પણ સત્સગનું સુખ માણ્યું.

...તો ગુરુ હાથ ઝાલે

અહીં આણંદના અંબાલાલ કરસનદાસ, જશભાઈને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. જશભાઈને બીડીનું ભારે વ્યસન. તેમને ઇચ્છા પણ થતી કે 'છોડી દેવું;' પણ સ્વામીશ્રી પાસે કહેતાં જીભ ઊપડે નહીં.

આજે અંબાલાલે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આ જશભાઈનું દુઃખ દૂર કરો ને વ્યસન મુકાવો.'

સ્વામીશ્રી એમની લાક્ષણિકતાથી બોલી ઊઠ્યા : 'અમે તો તૈયાર જ છીએ; પણ ગુરુ આગળ નિષ્કપટ થવું જોઈએ. તો ગુરુ હાથ ઝાલે. પણ છેટે ભાગે તેનું કેમ કરવું ?'

આ પ્રેમાળ વાણી સાંભળતાં જ જશભાઈને ખૂબ આનંદ થયો અને તત્કાળ તેમણે બીડીના વ્યસનથી મુક્તિ મેળવી.

અહીં સમાચાર આવ્યા કે 'મુંબઈમાં સંતોને વેદાંતનો અભ્યાસ કરાવતા ગુરુજી પંડિતરાજ દીક્ષિતારજી ધામમાં ગયા છે.' ત્યારે સ્વામીશ્રીએ સવારની સભામાં તેમના આત્માની શાંતિ માટે ધૂન કરાવી. બે મિનિટ મૌન રખાવ્યું. પછી બોલ્યા : 'બીજે જન્મે શુદ્ધ સાકારવાદી થઈ ધામમાં જશે.'

એક બપોરે ઠાકોરજી જમાડી ગ.પ્ર. ૪૦ વચનામૃત વંચાવતાં સ્વામીશ્રીએ વાત કરી :

'મને કોઈનો દ્રોહ કરતાં આવડે નહિ. ખટપટ આવડે નહિ. મારામાં એવી બુદ્ધિ નહિ. બસ, એક સેવા કરતાં આવડે અને એ જ કર્યું છે.'

તા. ૧૭મીએ, સાંજે અહીંથી નીકળી અડાસ, આણંદ, નડિયાદ, ડભાણ તથા ખેડાના ભક્તોને દર્શન આપી, રાત્રે ૧૨-૩૦ વાગે અમદાવાદ પહોંચ્યા.

ભક્તોના બેલી

અહીં મહીજડાના અંબાલાલભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. પ્રથમ પ્રમુખસ્વામીને મળ્યા. તેમણે સહેજે જ પૂછ્યું : 'ખેતી કેમ ચાલે છે ?'

'સ્વામી ! ડાંગરમાં કાંઈ બરકત નથી.' તેમણે કહ્યું : 'મૂળમાં જ જીવાત પડી છે. સ્વામીશ્રીને આપ પ્રાર્થના કરો તો કાંઈક થાય.'

પ્રમુખસ્વામી તેમને તરત જ સ્વામીશ્રી પાસે લઈ ગયા અને ડાંગરમાં જીવાત પડી છે' તે વાત વિગતે સ્વામીશ્રીને કહી. સ્વામીશ્રી કહે : 'અમે આજે ગોંડલ તરફ જવાના છીએ. ગોંડલ પહોંચીને દેરીએ પ્રાર્થના કરીશું. પાક સારો થઈ જશે. ચિંતા કરશો નહીં.'

અંબાલાલ ખૂબ રાજી થયા. બીજે દિવસે તેમણે ખેતરે જઈને જોયું તો ડાંગરનાં પાન ફૂટવા માંડ્યાં હતાં. અને એક મણ પણ પાક ઊતરે એમ નહોતો તેને બદલે વીઘે ચાલીસથી પચાસ મણ ડાંગર ઊતરી !

સ્વામીશ્રીએ ભક્તનો વ્યવહાર સાચવી લીધો. એ તો ભક્તોના બેલી હતા ને !

અમદાવાદમાં અધિક માસમાં યોજાયેલ પારાયણની પૂર્ણાહુતિ કરી, વઢવાણ મંદિરે ઠાકોરજીનાં દર્શન કરી, આચાર્ય રાજેન્દ્રપ્રસાદને મળી, લીંબડી પધાર્યા.

સદાના સેવક

બીજે દિવસે રાજકોટ જવાનું હતું. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને વ્યવસ્થા જણાવતાં કહ્યું : 'બાપા ! સેવક સંતો ભલે આગળ જાય, આપણે પહોંચવામાં મોડું થશે. હું આપની સાથે રહીશ. કાંઈ સેવા હશે તો હું કરી લઈશ. હુંય સેવક જ છું ને !'

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : 'ના, ના, સ્વામી ! એમ કાંય હોય !

આપ તો શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છો. સેવક નો કહેવાય.'

'પણ બાપા ! ત્યાં પહોંચીને જમતાં બે વાગી જાય તો આપના આરામનો સમય ન સચવાય.' પ્રમુખસ્વામીએ ભક્તિપૂર્વક સ્વામીશ્રીની ચિંતા વ્યક્ત કરી. સ્વામીશ્રી સંમત થયા.

સવારે પ્રમુખસ્વામીએ યોગેશ્વર સ્વામી, દેવચરણ સ્વામી વગેરે સેવકોને બોલાવીને કહ્યું : 'જુઓ, તમે વહેલા જઈ રસોઈ તૈયાર કરજો. બાપાને મોડું થાય તે આપણને ન પરવડે. અહીં બાપાની સાથે હું બધું સંભાળી લઈશ. ખુરશી ઊંચકી લઈશ.'

બીજે દિવસે સવારે ઉકાળા-પાણી કરવા બિરાજતાં સ્વામીશ્રીએ પ્રમુખ-સ્વામીને યાદ કર્યા : 'ક્યાં ગયા પ્રમુખસ્વામી ?'

'હમણાં આવે બાપા !' સેવકોએ કહ્યું.

'ઈમ હોય ? જાવ બોલાવો. આમ ને આમ જવાબ દઈ દ્યે મારા વા'લા !' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું.

પ્રમુખસ્વામી આવ્યા અને ઉકાળા-પાણી કરતાં ફરી એ વ્યવસ્થાની વાત સમજાવી. થોડી વારમાં સંતો નીકળી ગયા. પ્રમુખસ્વામીએ ફરી સૂચના આપી હતી કે 'રસોઈ તૈયાર રાખજો. સ્વામીબાપાને મોડું ન થાય.'

સંતો નીકળ્યા પણ રસ્તામાં મૂળી દર્શન કરવાનો વિચાર થયો. માર્ગ ફંટાવી સૌ મૂળી દર્શને ગયા. પણ ત્યાંથી પાછા ફરતાં રેલવેના પુલ નીચેથી પસાર થતાં ગાડી ઉપર મૂકેલો સામાન ઉપર અથડાયો. અને ચારે બાજુ વેરાઈ ગયો. પેટી તૂટી ગઈ હતી. સૌ જેમ તેમ ગોઠવીને જલદીથી રાજકોટ તરફ નીકળી ગયા, પણ સમય ઘણો વીતી ગયો હતો.

એવામાં બીજું વિઘ્ન થયું. રાજકોટથી પાંચેક કિ.મિ. દૂર ભડાકો થયો. ગાડી ઊભી રહી ગઈ ! ડ્રાઈવર તે ગાડી ખેંચવા બીજી ગાડીની વ્યવસ્થા કરવા ગયો. બપોરે ૧૨-૩૦ વાગે તે આવ્યો. સેવકો ચિંતામાં હતા. હજુ તો જઈને રસોઈ કરવાની હતી. સૌ મનમાં પસ્તાતા હતા કે આપણાં દર્શનના લોભે સ્વામીશ્રીને અગવડ ઊભી થશે.

સૌ રાજકોટ ઉતારે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હતા ! અને પ્રમુખસ્વામી સામે બેસીને આગ્રહ કરતાં સ્વામીશ્રીને જમાડી રહ્યા હતા !

સેવકોને જોતાં સ્વામીશ્રી કહે : 'લ્યો, આ આવ્યા.'

'બાપા !' દેવચરણ સ્વામીએ આશ્ચર્યથી પૂછ્યું : 'રસોઈ તૈયાર હતી કે શું ?'

મરક મરક હસતાં સ્વામીશ્રી કહે : 'એ તો અમારા પ્રમુખસ્વામીએ બનાવી છે. અમે કથા કરી, ને એમણે રસોઈ કરી ! અમે અગિયાર વાગે પુગ્યા. ને પ્રમુખસ્વામી કટ કટ મંડી પડ્યા. જુઓ, કેવી રસોઈ ! આંગળા કરડી ખાઈએ !'

સ્વામીશ્રી આ લાડીલા સેવકની પ્રશંસાથી જાણે ધરાતા ન હોય તેમ મહિમા ગાઈ રહ્યા હતા. સંસ્થાના સર્વેસર્વા હોવા છતાં સેવામાં જેમણે મોટપ માની હોય તેમને અન્ય મોટપની પરવા નથી હોતી. ગુણાતીત પુરુષોની હૃદયભાવના સેવાના સમયે વધુ નીખરી ઊઠે છે. સદા સેવક રહી પ્રમુખ-સ્વામીએ સ્વામીશ્રી પ્રત્યેની ગુરુભક્તિમાં સદા ચડતી કળા જ રાખી છે !

શું સવાદ લેવો છે ?

સાંજે સ્વામીશ્રી ઉતારે બિરાજ્યા હતા. તે વખતે બાઈઓ ઘણે દૂર ઊભી ઊભી દર્શન કરતી હતી. સ્વામીશ્રીએ તે બાજુનું બારણું બંધ કરવા ચુનીભાઈ ચાતુર્વેદીને કહ્યું. તેમણે યુક્તિ કરવા માંડી. ત્યારે સ્વામીશ્રી આકળા થઈને બોલી ઊઠ્યા : 'શું સવાદ લેવો છે ? બંધ કરો.'

આવો એમનો નિષ્કામ ધર્મ પાલનનો કડક આગ્રહ હતો. તેમાં આકળા થઈ જતા. કોઈની મહોબત રાખતા નહિ.

તા. ૨૨મીએ, નિત્ય વિધિથી પરવારી, નારણભાઈ શેઠને ઘરે સ્વામીશ્રી પૂજા કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ પોતે તિલક-ચાંદલો કર્યો. અહીં કેટલાક હરિભક્તો પૂજાનાં દર્શને આવેલા; પણ ઘણાએ તિલક નહોતું કર્યું. સ્વામીશ્રીએ પોતાનાં તિલક તથા ચંદન વડે સૌને જાતે તિલક-ચાંદલા કર્યા.

ઘણી વાર સ્વામીશ્રી આ રીતે હરિભક્તોનાં કોરાં કપાળ જોઈને, તેમને તિલક જાતે કરી, હંમેશાં તિલક કરવાની પ્રેરણા આપતા.

તેવામાં એક યુવક પોતાના બે મિત્રોને લઈને આવ્યા. તેમને પણ સ્વામીશ્રીએ તિલક કર્યું અને વર્તમાન પણ ધરાવ્યાં. તેમાંથી એક યુવકને કંઠી પહેરાવી આશીર્વાદનો ધબ્બો મારતાં સ્વામીશ્રી કહે : 'જાવ, મોક્ષ થઈ ગયો !'

સ્વામીશ્રીના આવા સાહજિક ઉદ્ગારો બહુ મહત્ત્વપૂર્ણ રહેતા.

ગયેલાઓને સંભારવા નહિ, આપણા હતા જ નહિ

આજે બપોરે ૧૨-૩૦ વાગે ઠાકોરજી જમાડી સભામાં પધાર્યા. વચનામૃતની તાજેતરમાં છપાયેલી પ્રત વેચી દેવા બાબત વાત ચાલતી હતી.

સ્વામીશ્રી કહે : 'વચનામૃત ખપાવી દેવું. ભૂલવાળું કહેવાય જ નહીં. મહારાજની પરાવાણી, અમૃત જ. ભૂલ હોય તોય અમૃત. આપણો બાપ હોય તેને કાણો, લૂલો કહેવો ? મહારાજની વાણી દરેકને આપવી... હું વેચી દઈશ.'

પછી મુક્તચિંતામણિ છપાવવા સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો અને છગનભાઈ પી. પટેલ સામે દૃષ્ટિ કરી ને કહે : 'આપણે તેને બનાવવા છે. પ્રેમમાં ને પ્રેમમાં બની જાય. આપણે ચાલીસની જગ્યા પૂરવી છે !' એકદમ સ્વામીશ્રી બોલી ગયા.

થોડા જ સમય પહેલાં સ્વામીશ્રીને છોડીને ચાલી ગયેલા સંતોને સ્થાને નવા સંતો કરવાની વાત સ્વામીશ્રી ક્યારેક કરતા. કોઈ ગયેલાને સંભારે તો કહેતા કે 'ગયા તેને સંભારવા જ નહિ. આપણા હતા જ નહિ. આપણને ગુરુ માન્યા હોય તો છોડીને જાય જ કેમ ? બીજામાં હેત હતું તો કાચી ઘડીમાં જતા રહ્યા. આપણને પૂછવાય ન રહ્યા. માટે ગયા તેને ભૂલી જવા.'

અને ખરેખર ! સ્વામીશ્રી ક્યારેય પણ તેમને યાદ સુધ્ધાં કરતા નહિ. કોઈ યાદ કરાવે તો વાતને તુરત ટાળી દેતા.

શાસ્ત્રીજી મહારાજની સંસ્થા અને એમના વારસદાર પ્રમુખસ્વામીનો દ્રોહ કરનાર પછી ગમે તે હોય, તેના પ્રત્યે સ્વામીશ્રી ભારે અણગમો-અરુચિ જણાવતા. બહુ બોલે નહિ, પણ ટાણે મરમમાં જણાવી દે.

અહીં વિષ્ણુ ભવનમાં સ્વામીશ્રી કથા કરી રહ્યા હતા. કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ નરેન્દ્રભાઈને પાસે બોલાવ્યા અને કહ્યું : 'મેં તમને નવરાવવા નથી બોલાવ્યા. (સ્વામીશ્રી ઘણી વાર યુવકોને પોતાને સ્નાન કરાવવાની સેવા આપતા). મારે તો તમારા જીવને નવરાવવો છે. એટલે તમને બોલાવ્યા છે. કથામા બેસો તો જ્ઞાન થાય ને જીવ બળને પામે, તે સારુ તમને બોલાવ્યા છે.'

સ્વામીશ્રી યુવાનોને સેવા સાથે જ્ઞાન આપવાનો પણ આગ્રહ રાખતા.

આ જ દિવસોમાં નૈરોબીના હર્ષદ રાણાને ભારત આવવાનું થયું હતું. તેમને સમાચાર મળ્યા કે સ્વામીશ્રી રાજકોટ બિરાજે છે. તેથી તેઓ તરત જ તેમના મિત્ર ભગુભાઈ નથવાણી સાથે નારણભાઈ શેઠના ઘરે આવી પહોંચ્યા.

આમ તો તેમને સત્સંગનો વિશેષ પરિચય નહીં. તેમનાં માતુશ્રીના કહેવાથી એક વાર અતિ મુશ્કેલીમાં તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી હતી અને તેઓ મુશ્કેલી તરી ગયા ત્યારથી થોડી આસ્થા થઈ હતી. પણ આજે પ્રથમ વખત જ સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન થતાં તેમની દિવ્ય મૂર્તિમાં સહજ જ પ્રેમ અને આકર્ષણ થયાં. સ્વામીશ્રીએ તેમને આશિષ આપ્યા ત્યારથી તેઓ ખૂબ સુખી

થયા અને પ્રતિ વર્ષ ગોંડલનો અન્નકૂટ-ઉત્સવ તેમના તરફથી થવા લાગ્યો.

તેઓને આફ્રિકામાં કંપાલાથી થોડે દૂર મોટરકારનો એક ભયકર અકસ્માત થયો હતો. જેમાં તેઓ બચી શકે તેવી કોઈ શક્યતા નહોતી. પણ આ મહાકાળમાંથી ઊગરી જવાનું કારણ એકમાત્ર સ્વામીશ્રીને કરેલી પ્રાર્થના જ છે - એમ તેમને પ્રતીતિ આવી. અને ધીરે ધીરે આસ્થા નિષ્ઠામાં પરિણમી. આમ, તેઓ સાચા અર્થમાં સેવક બન્યા.

અહીંથી સ્વામીશ્રી શેઠ હરજીવનદાસ બારદાનવાલાને ત્યાં જામનગર આવી પહોંચ્યા. કલેક્ટર ઓઝા સાહેબ તથા રાજકવિ માવદાનજીએ દર્શનનો લાભ લીધો. ચાંપરાજ બાપુના નવા મકાનનું વાસ્તુ કર્યું. યુવરાજ જશવંતસિંહે સ્વામીશ્રીનું પૂજન કરી, વર્તમાન ધરાવ્યાં. અન્ય દરબારોએ પણ વર્તમાન ધરાવી કંઠી ધારણ કરી. પ્રસાદીના વટવૃક્ષનાં દર્શન કરી, રાત્રે ભાદરા આવ્યા.

અહીં જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ દુલેરામ વ્યાસ તથા કેશવજી અરજણ પટેલને લઈને બારદાનવાળા શેઠ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. હજુ તો એક દિવસ પહેલાં સ્વામીશ્રી પોતાને ઘરે જ હતા. સતત લાભ લીધો હતો. છતાં સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વનો પ્રભાવ જ એવો હતો કે સૌ કોઈ એમનામાં અંજાઈ જતા. એમનો વિરહ સહી શકતા નહિ. એમાં પણ જામનગરના આ પ્રેમી શેઠ તો જ્યારે જ્યારે સ્વામીશ્રી ભાદરા પધારે ત્યારે મિત્રોને લઈને અવશ્ય આવી પહોંચે. ગોંડલ તેમજ રાજકોટ પણ દર્શને દોડી આવે. એવું આ વિચક્ષણ અને મુત્સદ્દી શેઠને સ્વામીશ્રીનું ઘેલું લાગ્યું હતું.

શ્રદ્ધાની જીત

સ્વામીશ્રી ભાદરાથી સાંજે નીકળી ધ્રોળ પધાર્યા. દરબારગઢમાં સભા કરી.

આ અરસામાં રાજાઓનાં સાલિયાણાં નાબૂદ થયાં હતાં. વળી, તેમની જમીન પણ ટોચમર્યાદામાં સરકાર લઈ લેતી હતી. તેમાં ધ્રોળ બાપુની બહુ કીમતી વાડી પણ ટોચમર્યાદાના કાયદામાં સરકારે લઈ લીધી.

આ બાબત કેસ ચાલ્યો અને ઠાકોર સાહેબ કેસ હારી ગયા. આથી તેઓ બહુ જ મૂંઝવણમાં પડી ગયા. ત્યારે આણંદસિંહ જાડેજાએ તેમને સલાહ આપી કે ‘આપણે અરજી કરીએ, પણ જો તેમાં જીત મેળવવી હોય તો સ્વામીશ્રીના આશીર્વાદ લઈએ તો કામ પાર પડે.’

ઠાકોર સાહેબને સ્વામીશ્રી ઉપર અપાર શ્રદ્ધા હતી. તેમણે તરત જ

સ્વામીશ્રીને સંદેશો મોકલ્યો હતો કે 'આપ જ્યારે ભાદરા પધારો, ત્યારે અમારા મહેલમાં જરૂર પગલાં કરશો. અમને આપના આશીર્વાદની જરૂર છે.'

સ્વામીશ્રી તેમની વિનંતી સ્વીકારી આ વખતે અહીં પધાર્યા. ઠાકોર સાહેબ અને આણંદસિંહ સ્વામીશ્રીને એકાંતમાં મળ્યા. બધી વાત કરી. સ્વામીશ્રી બોલ્યા : 'ફરી અરજી કરો, આપની જીત થશે.'

સ્વામીશ્રીના આદેશ મુજબ ઠાકોર સાહેબે સરકારમાં ફરીથી અરજી કરી અને સ્વામીશ્રીનાં વચન પ્રમાણે ઠાકોર સાહેબની જીત થઈ ![૧૦]

સ્વામીશ્રી દરબારગઢમાં સભા કરી, જાયવાના હરિભક્તોને દર્શન દઈને ડાંગરા પધાર્યા.

અહીં દેરીએ જ સ્વામીશ્રીનો ઉતારો હતો. સ્વામીશ્રી દેરીની સામે ધર્મશાળાના ઓરડામાં પોઢ્યા હતા.

પ્રમુખસ્વામી અને સંતો-યુવકો દેરીના ધાબામાં કશું જ પાથર્યા વગર એમ ને એમ આખી રાત સૂઈ રહ્યા.

લગભગ રાતે ૧૨-૦૦ વાગ્યા સુધી તો પ્રમુખસ્વામી અને સંતોની ગોષ્ઠિ ચાલી. પછી એમ ને એમ જ ત્યાં સૂઈ ગયા. ધાબામાં પ્લાસ્ટર પણ ઊખડી ગયેલું હતું. કાંકરા હતા, પણ પ્રમુખસ્વામી સૌ સાથે ત્યાં જ સૂઈ ગયા.

સવારે કથા થઈ. વચનામૃત ગ.પ્ર. ૧૭ વંચાયું. સ્વામીશ્રી ગેસ્ટ હાઉસની ઓસરીમાં બિરાજી કથામૃતનો લાભ આપતાં કહે : 'ગામને ઉત્તેજન મળે, ને મંદિરો બાંધવાં. ફોસલાવી, પટાવી આ રસ્તે ચડાવવા તે સત્સંગ.'

પછી 'મંડવાની' વાત કરતાં કહે : 'વીંછી કરડે તો રાત જગાય; પણ રોટલાવાળો, ભણવાવાળો જાગે છે તેમ સત્સંગ કરાવવો. જાગવું. સૂઈ ન રહેવું.'

આજે ભગવદ્દાન અને માવદાન બન્ને કવિઓએ કીર્તનો ગાયાં. પછી ભાદરામાં મંદિર ક્યાં કરવું ? તે વાત નીકળી. અંતે પ્રમુખસ્વામી તથા અન્ય સંતો સાથે વિમર્શ કરી, 'જન્મ સ્થળ પર જ એક શિખરનું મંદિર કરવું' તે નિર્ણય સ્વામીશ્રીએ આપ્યો.

આ પ્રસંગે બારદાનવાલા શેઠ, ગણાત્રા શેઠ (રાજકોટ), મહેન્દ્રભાઈ

---

૧૦. એવી જ રીતે ૧૯૭૦માં ઠાકોર સાહેબને બહુ મોટો અકસ્માત થયો અને તેઓ મોટરની બહાર ૧૫-૨૦ ફૂટ દૂર ખાડામાં ફેંકાઈ ગયા હતા. પરંતુ સ્વામીશ્રીએ તેમને અદૃશ્ય રીતે ઝીલી લીધા અને રક્ષા કરી. આ વાત ઠાકોર સાહેબ સ્વમુખે ઘણી વખત કરતા.

દેસાઈ (વસો), માવદાન કવિ, ભગવત્દાન કવિ, ગોવિંદસિંહ ચુડાસમા, રામજી લક્ષ્મણ તથા મોહનભાઈ ગોળવાળા વગેરે ઉપસ્થિત હતા.

ઠેરના ઠેર

રાત્રે ચેષ્ટા પછી જામનગરના પ્રવીણભાઈ દાસાણી, ઇન્દ્રવદનભાઈ, પ્રવીણભાઈ મહેતા તથા અમદાવાદના ધીરુભાઈ બગડે સ્વામીશ્રીની રજા માગી. સૌએ મળી એવું નક્કી કરેલું કે 'રાત્રે ચાલતાં પડધરી પહોંચવું અને ધોરી માર્ગથી જતાં-આવતાં વાહનમાં બેસી જવું.'

સ્વામીશ્રીએ કહ્યું : 'તમે સૌ સવારે વહેલા દર્શન કરીને નીકળજો. રાત્રે જવું નથી.' એમ કહી સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

આ ભક્તોનો નિર્ધાર દૃઢ હતો. તેથી આજ્ઞા ઉલ્લંઘીને પણ જવા તૈયાર થયા. પરંતુ પ્રવીણભાઈ દાસાણી કહે : 'બાપાએ સવારે જવા કહ્યું છે. તેથી હું નહીં આવું.' તેઓ રોકાઈ ગયા.

ધીરુભાઈ વગેરે રાત્રે પડધરીના માર્ગે નીકળી ગયા. રાત્રે તેઓ ઘણું ચાલ્યા, પણ ઘોર અંધારામાં માર્ગમાં અટવાઈ ગયા અને એકબીજાના હાથ પકડીને ચાલવા લાગ્યા. પણ ખ્યાલ ન રહ્યો કે રસ્તો ક્યાં જાય છે ?

એમ ને એમ સવાર થઈ ગયું. સૌ થાકીને લોથ થઈ ગયા. કોઈને પૂછતાં ખબર પડી કે 'તેઓ ડાંગરાની નદીને કાંઠે જ આવી ગયા છે !' સૌ ક્ષોભથી ઝંખવાઈ ગયા.

સ્વામીશ્રીએ જ્યારે આ વાત જાણી, ત્યારે ખૂબ હસી પડ્યા. એમના મૌનમાંથી સૌને ઘણો બધો મર્મ મળી ગયો.

મોટાની આજ્ઞા લોપવાથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી, તે સૌને સમજાઈ ાયું.

સીધી સડક

રાજકોટમાં સવારે ક્ષૌરકર્મ પછી ગ.મ. ૬૩ વંચાવી કહ્યું :

'ભગવાનના ભક્તને બ્રહ્મની મૂર્તિઓ સમજવી. મનુષ્યભાવ લાવવો જ નહિ. સીધી સડક. તેમાં કોઈને બતાવવું ન પડે. ખાડાવાળા રસ્તા હોય એમાં બતાવવું પડે. આમાં કાંઈ બતાવવું જ ન પડે.'

રાતે લક્ષ્મીદાસ ગણાત્રાને ત્યાં જાહેર સભા કરી. બીજે દિવસે ગોંડલ આવી પહોંચ્યા.

સવારે ૧૦-૦૦ વાગે નૈમિષારણ્ય ગુરુકુળમાં પગલાં કર્યાં. ઉપર-નીચે બધી જ રૂમો જોઈ. ટાંકી જોઈ. તેમાં પાણી છે કે નહિ તેની તપાસ પણ કરાવી.

પછી નીચે ઑફિસમાં દર્શન આપી સભામાં પધાર્યા.

ગોંડલના ભક્ત-પરિવારમાં હવે ગુરુકુળના વિદ્યાર્થીઓનો ઉમેરો થયો હતો. સંતોના માર્ગદર્શન નીચે કિશોરોને સત્સંગનો રંગ ચઢતો જતો હતો. તેઓ સ્વામીશ્રીના આગમન વખતે સૌ પ્રથમ બૅન્ડ વગાડી સ્વામીશ્રીનું અભિવાદન કરતા.

નારિયેળી પૂર્ણિમાએ ઉત્સવ આયોજી સ્વામીશ્રીએ સૌને આનંદ કરાવ્યો. હરિલીલાકલ્પતરુ ગ્રંથની પારાયણ પણ નારાયણ ભગત તથા મારી પાસે કરાવી.

અત્રે પારાયણ પ્રસંગ ચાલતો હતો. સ્વામીશ્રી પારાયણના આરંભ પહેલાં સભામાં પધારી જતા. ખોખરીના યજમાન લવા ભગત પાસે ઠાકોરજી, ગ્રંથ તથા વક્તાનું અર્ચન-પૂજન સ્વામીશ્રી જાતે કરાવતા. આરતી ઊતરાવે, શ્લોક બોલે અને દંડવત્ કરે. આમ બધી વિધિ કરાવતા.

આ વિધિ પછી એક દિવસ પોતાને આસને બેસવા જતા હતા, ત્યાં બાજુમાં નીચે પ્રમુખસ્વામીનું આસન અસ્તવ્યસ્ત જોયું. પોતે નીચે બેસી ગયા અને આસન ઠીક કરવા લાગ્યા. ઓછાડ ખેંચીને ખંખેરીને ઠીક પાથર્યો. પાછળનો ટેકો સરખો કર્યો. પછી પોતાને આસને બિરાજ્યા.

સ્વામીશ્રીને દરેક ક્રિયામાં સુઘડતા અને સુવ્યવસ્થા ગમતી. તેથી કોઈ પ્રસંગે જાતે સેવા કરવામાં પોતે લેશપણ સંકોચ અનુભવતા નહિ. ઊલટો સેવાનો વિશેષ આનંદ એમના મુખ ઉપર પથરાઈ જતો. એમાં પણ પ્રમુખસ્વામી જેવા પોતાના લાડીલા સંતોનો મહિમા એમના વિના કોણ યથાર્થ સમજાવે ?

રોજ બપોરે સ્વામીશ્રી ભોજનશાળામાં પધારતા. હરિભક્તોને આગ્રહ કરી જમાડતા. ઘણી વાર પીરસવા નીકળતા.

આજે દાજી બાપુ જમવા આવ્યા. થાળી તૈયાર નહોતી. સ્વામીશ્રી ઊભા થઈ થાળી લઈ આવ્યા ને પોતાના ગાતરિયાથી થાળી લૂછી દાજી બાપુ આગળ મૂકી. પછી સેવકો પાસે પીરસાવ્યું. આમ, આ ઉંમરે પણ મહિમાપૂર્વક સેવા કરવાનો ઉમંગ સ્વામીશ્રીને સદા રહેતો.

છાત્રોને પ્રેરક પ્રવચન

અહીં સ્વામીશ્રી ગુરુકુળના વિદ્યાર્થીઓનો 'સ્વામીની વાતો'નો મુખપાઠ

લઈ રહ્યા હતા. પ્રથમ વર્ષે ગુરુકુળમાં ૨૭ વિદ્યાર્થીઓ જ રહ્યા હતા. તેમાંથી એક વિદ્યાર્થી અદબ વાળી ધીમા સ્વરે વાત બોલતો હતો. સ્વામીશ્રીએ પ્રેમથી તેને કહ્યું : 'હાથ જોડી, તાણીને બોલવું. અદબ ન વાળવી. આ નિશાળ નથી. હવે આપણે ઈશ્વરની સ્તુતિ બોલો.' એમ કહી *'શ્રીહરિ જય જય...'* એ પ્રાર્થના ગવરાવી. પછી કહે :

'ગુરુકુળમાં અભ્યાસ થાય છે, સંસ્કાર પડે. સિનેમા, નાટક, બીજી રમત-ગમત ન કરવી. ક્રોધ ન કરવો. ગુણ મેળવવા, જ્ઞાન લેવા, નિર્દોષ થવા આ નિશાળમાં આવ્યા છીએ.

'અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા એ બ્રહ્મનિષ્ઠા. એ સિદ્ધાંત સમજવો. નિષ્ઠા-રૂપી ખીલી રાખવી. ઉપાસના, આજ્ઞા, પંચ વર્તમાન પાયા છે.

'બરોબર ભણવું. ૬ કલાક વાંચવું. કોઈ નપાસ થવો ન જોઈએ. ૭૦ ટકા માર્ક્સ લાવવા. ૪૦ ટકા માર્ક્સ ન લાવવા. આરતીમાં આવી જવું. લાઈનસર ઊભા રહેવું. સત્સંગ વધારવો. ભક્તિ કરવી. માળા ફેરવવી. સૂતી વખતે દસ-દસ માળા ફેરવવી. સ્વસ્તિક આસન વાળીને બેસવું. માળા બે રાખવી. બે ગૌમુખી રાખવી. પૂજાની ને સૂવાની જુદી. માળા આપણું જીવન છે. અંગ પાડી દેવું. અમારા સાધુ ૧૦૦ માળા મહારાજ છતાં ફેરવતાં, ૧૦૦ દંડવત્ જૂનાગઢમાં બધાને કરતા.

'દંડ પીલવા નહિ. સાષ્ટાંગ આવડવા જોઈએ. દેડકિયા... એવા નહીં. ભક્તિ કરી લેવી. ચોક વાળીએ, વાસણ ઊટકીએ તે ભક્તિ.

'દરેકમાં સંપ, સુહૃદભાવ રાખવો. આંટી પડવા ન દેવી. કોઈ બે વેણ કહે તો સામું ન બોલવું. 'નમ્યો તે સર્વેને ગમ્યો.' સોટી ન રાખવી. આપણી ભૂલ કબૂલ કરવી. સામું કહેવા ન જાવું. ગુરુ ન થાવું. શિષ્ય થાવું. ગુરુ થાય તો ગુણ ન આવે. શિષ્યમાં ગુણ આવે. ગુરુને સો ખીલા માથે પડે. અમે વાસણ ઊટકતા તો ઉપાધિ ન આવી. હવે ગુરુ થયા. અમારે માથે વીતે છે તે ખબર પડે છે.

'બાળકબુદ્ધિ ન રાખવી. રીસ ન રાખવી. માન, ઈર્ષ્યા ન રાખવી. સિદ્ધેશ્વર ખૂબ દાખડો કરે છે. તો વાંચવામાં, જ્ઞાનમાં ખામી ન રાખવી. શું વાત થઈ ? નોટમાં ઉતારી લેવું. સ્વામીની વાતું લખાણી તો તમે બોલો છો. તેમણે બ્રહ્માંડ ભરાય એટલી વાતો કરી છે. તેથી જ સત્સંગ વધ્યો છે.'

સ્વામીશ્રી બાળસુલભ શૈલીથી વાતો કરતા ત્યારે નાના-મોટા વિધિ-નિષેધોથી માંડી નિષ્ઠાની ખીલી સુધીની સમજ સુપેરે વણી લેતા. કેટલીક વાત

ભલે ન સમજાય, પણ સ્વામીશ્રી તે વાત કરે. તે વાણીનાં સંસ્કાર-બીજ ફૂલી-ફાલીને કેટલાં વિકસશે તેની જીવને શી અગમ દૃષ્ટિ હોય ?

સ્વામીશ્રી જ્યારે ગોંડલ પધારે ત્યારે તમામ વિદ્યાર્થીઓને જોઈ ખૂબ રાજીપો બતાવે, પ્રસન્ન થાય. આરતીમાં બોલાવે. અષ્ટકમાં ઊભા રાખે. ઉપવાસ કરાવે. આમ ધ્યાન રાખે. પોતે દેશ કે પરદેશ ગમે ત્યાં હોય, પણ ગુરુકુળની જુદી રસોઈની સેવા કરાવે. ને દાળ, ચોખા, ઘઉં માટે પણ ખટકો રાખે.

આટલા વિશાળ અને સગવડવાળા આ સ્થાનમાં ફક્ત ૨૭ જ વિદ્યાર્થી ખૂબ ઓછી સંખ્યા કહેવાય. તેથી સૌએ વિચાર્યું કે 'એક હાઈસ્કૂલ હોય તો વિદ્યાર્થીઓ વધે. વળી, ગુરુકુળના વિદ્યાર્થીઓ બહાર ન જાય, તેથી સંસ્કારો પણ સારા રહે.' સ્વામીશ્રીની પણ આવી જ રુચિ હતી. તેથી આ વિચાર સર્વ સંમત ઠર્યો અને હાઈસ્કૂલ શરૂ થઈ.

હાઈસ્કૂલ થતાં જ ગુરુકુળના વિદ્યાર્થીઓની સંખ્યા વધી. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. દોઢસો વિદ્યાર્થીઓ સવાર-સાંજ મંદિરે આરતીમાં આવે તેવો તેમનો આગ્રહ. વળી, ગુરુકુળનું બૅન્ડ તૈયાર થયું ત્યારે શણગાર આરતીમાં રોજ બૅન્ડ લાવવા સ્વામીશ્રી કહે.

સ્વામીશ્રી આરતીનાં દર્શન કરી ઊતરે ત્યારે વિદ્યાર્થીઓ પ્રથમ સલામી બૅન્ડ પર આપે. પછી સ્વામીશ્રી સ્વામિનારાયણની ધૂન વગાડવા કહે. ખુરશી પર બેસી નિરીક્ષણ કરે. અને બૅન્ડના તાલે તાલે જમણા હાથની આંગળી ઊંચી કરી, તાલબદ્ધ રીતે હાથ હલાવી સૌને પ્રોત્સાહિત કરે.

સ્વામીશ્રીએ આજ્ઞા કરી હતી કે 'દર રવિવારે ગુરુકુળના બાળકોને મંદિરની ત્રણ કલાક સેવા સોંપવી.' પછી તો આ રીતે જ ટાઈમ ટેબલ ગોઠવાતું. સેવા થાય છે કે નહીં, તેની પોતે પણ નોંધ લેતા. શિક્ષકોમાં સોમાભાઈ પ્રજાપતિ, રાજેન્દ્રભાઈ દવે, ઠાકોરભાઈ વગેરેને પૂછે. શિસ્તનો આગ્રહ પણ ખૂબ. સાથે સંસ્કારનો વારસો આપવાની પણ ઊંડી ઉત્કંઠા. તેથી સિદ્ધેશ્વર સ્વામી અને રામચરણ સ્વામીને અવારનવાર કહે : 'આ વિદ્યાર્થીઓને રોજ રાતે મહારાજનાં - નંદ સંતોનાં ચરિત્ર કહેવાં.'

શિક્ષણ, સંસ્કાર અને સગવડો ત્રણેનું ધ્યાન રાખી, સ્વામીશ્રી બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ જાગ્રત રહેતા. કોઈ ગાફલાઈ ચલાવી લેતા નહીં કે કોઈ શિથિલતા પણ એમને પાલવતી નહીં. આમ, ગુરુકુળનું નામ રોશન કરવામાં એમણે અપાર પરિશ્રમ વેઠ્યો છે. અને ખૂબ પ્રેરણા આપી છે.

વિવેક દસમો નિધિ

રાતની સભામાં હરિભક્તોને સંબોધતાં સ્વામીશ્રી કહે :

'દાજી બાપુ અને અમે ૩૦ વરસ પહેલાં મેવાસા રહેતા. અમારે એવો ઠરાવ કે ૧૨-૦૦ વાગ્યા પહેલાં ઊંઘવું નહિ. તે દી' મારે ઝોલાંનું પ્રકરણ બહુ. તેમને પણ ઝોલાં બહુ આવે. અમે બેય એક પથારીમાં બેસીએ. મને ઝોલું આવે તો એ મારો હાથ ખેંચે. તેમને આવે તો હું ખેંચું. એમ બાર - સાડા બાર વગાડીએ.

'સવારે ૩-૩૦ વાગે તેમની પથારી પાસે હું જાઉં, અને અડધો કલાક પ્રભાતિયાં ગાઈએ ને પછી નદીએ નાહવા જઈએ. એ હજીયે સાંભરે છે.

'શાસ્ત્રીજી મહારાજ વાત કરતા : 'હરિભક્ત બારે માસ આપણી સરભરા કરે. માટે તે બે દિવસ સમૈયામાં આવે ત્યારે આપણે ઊભા રહેવું. સેવા કરવી. કોઈ આવે તો પૂછવું : 'ચા પીશો ?' ન પીવે તો કાંઈ નહિ. પણ વિવેક એ દસમો નિધિ છે.'

સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ત્યારથી વાતાવરણમાં કંઈક નવીનતાનો સંચાર થયો હતો. સંતો તથા હરિભક્તોનો ઉત્સાહ એકદમ વધી ગયો અને સૌ દર્શન, સેવા તથા સમાગમનો અપૂર્વ લાભ લઈ ધન્યતા અનુભવવા લાગ્યા.

અહીંના મુકામ દરમ્યાન સ્વામીશ્રી ક્યારેક અક્ષર ઘાટ ઉપર પધારતા. સભા ભરી અક્ષર તીર્થનો મહિમા કહેતા. પ્રસાદીનું જળ શિરે ચઢાવતા. ક્યારેક હરિભક્તોના દેશકાળ સારા થાય તથા દેશમાં સર્વત્ર વરસાદ સારો થાય - એવા શુભ સંકલ્પો કરી, ધૂન કરી આશીર્વાદ આપતા. તો વળી, ક્યારેક ગુરુકુળમાં પધારી, અહીંનાં આયોજન ને માર્ગદર્શનમાં રાત-દિવસ ગૂંથાયેલા સિદ્ધેશ્વર સ્વામી, રામચરણ સ્વામી, યોગીપ્રસાદ સ્વામી, ધર્મજીવન સ્વામી તથા ચુનીભાઈ પટેલ વગેરે સાથે પૂછપરછ કરી, કાર્ય નિહાળી, વિદ્યાર્થીઓની પ્રગતિ નીરખી, સૌને પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપતા. જૂના મંદિરે તથા કૈલાસ બાગનાં દર્શન સ્વામીશ્રી સમય મળે બે-ચાર વાર તો કરી જ લેતા. જૂના મંદિરેથી વાડીએ જતાં રસ્તામાં નવલખો મહેલ આવે, જેમાં ગુણાતીતાનંદ સ્વામીએ પધરામણી કરી હતી, તેનાં દર્શન પણ મોટરમાંથી બે હાથ જોડી, માથું નમાવી, અવશ્ય કરી લે.

જબરેશ્વર બાપાના સેવકો !

અક્ષર મંદિરની ખેતીમાં સારંગપુરના કાઠી દરબાર રાણીંગભાઈ સાથી

તરીકે રહ્યા હતા. યુવાન, વળી કાઠો બાંધો અને ઊંચાઈ પણ સારી; તેથી ગમે તેવું ગામ કાઢું કામ ખંતથી કરે. સ્વામીશ્રીની તેમના પર દૃષ્ટિ. તેથી ક્યારેક બોલાવે, પ્રસાદી આપે ને ખેતરમાં તે કામ કરતા હોય ત્યાં પહોંચી જાય.

એક વાર સ્વામીશ્રી ગૌશાળામાં પધાર્યા. બહાર કોઢમાં બળદ હતા તેના પર દૃષ્ટિ કરી, રાણીંગભાઈને કહે : 'આ બળદ ઠાકોરજીના છે. મુક્તની જેમ સેવા કરજો.'

'ભલે બાપા !' રાણીંગભાઈએ હાથ જોડ્યા. તેમણે રાતડો અને દૂધમલિયો બે બળદો પલોટીને જાતે તૈયાર કર્યા હતા. તે કહે : 'બાપા ! આ બહુ જ તેજીલા છે. ગાડે-ડમણિયે જોડીએ તો બહુ દોડે. ઘોડાગાડીને પાછી પાડી દે.'

સ્વામીશ્રી રાજી થયા. રાણીંગભાઈને આશીર્વાદ આપ્યા. રાણીંગભાઈના મનમાં થયું : 'સ્વામીબાપા ડમણિયામાં બેસે તો આ બળદની જોડીને સેવાનો લાભ મળે. પણ એવો પ્રસંગ ક્યાંથી મળે ?'

એક વાર સ્વામીશ્રીને ગામમાં બંધાતાં મંદિરનાં મકાનો માટે જવાનું થયું. સાધન હાજર નહીં, તેથી ડમણિયું જોડી લાવવા કહ્યું. રાણીંગભાઈના ઉત્સાહનો પાર ન રહ્યો. તે દોડીને ડમણિયું તૈયાર કરીને લાવ્યા. સ્વામીશ્રી અને બાલમુકુંદ સ્વામી તેમાં બિરાજ્યા. પાછા વળતાં રાણીંગભાઈ બળદની રાશ ખેંચી રાખે. તેથી બળદ જોર કરી ન શકે. ગાડું ધીમે ચાલે તો સ્વામીશ્રીને પણ અનુકૂળ આવે.

એવામાં સ્વામીશ્રી કહે : 'દરબાર ! બળદ ટાઢા બહુ. ધીમા હાલે. આમ જ હાંકવા.'

રાણીંગભાઈ કહે : 'બાપા ! મને તો સંતોએ ધીમે હાંકવાનું કહ્યું છે, કે બાપાને થડકો આવે ને પિચોટી ખસી જાય. તેથી બહુ ખેંચી રાખવા પડે છે.' રાણીંગભાઈ આગળ કહી રહ્યા હતા : 'બાપા ! આપ આ ડમણિયાનો મોગરો પકડી રાખજો. હું જરાક રાશ ઢીલી મૂકું છું.' એમ કહેતાં જ તેમણે રાશ ઢીલી કરી. અને બળદ જાણે સ્વામીશ્રીની સેવાનો મોકો મળ્યો હોય તેમ એકશ્વાસે દોડ્યા અને સીધા મંદિરમાં સભામંડપનાં પગથિયાં પાસે જઈને ઊભા રહ્યા. રસ્તો એકસરખો, તેથી થડકો પણ ન આવ્યો.

સ્વામીશ્રી ખૂબ રાજી થયા. રાણીંગભાઈને આશીર્વાદ આપી કહ્યું : 'બળદ બહુ સારા છે. અક્ષર દેરીમાં જબરેશ્વર બાપાની સેવા કરવા જ આવ્યા છે. તે ટંકે ટંકે નીણ-પાણી પાઈ સાચવજો.'

કેવી દયા !

'આ તો લટુરિયો !'

ગોંડલ ગામમાં 'જ્ઞાનયજ્ઞ બાગ'નાં મકાનો બંધાતાં હતાં ત્યારે એક ડોસા ત્યાં ઝૂંપડું કરીને રહે. તે ખસેડે તો જ મકાન થઈ શકે. તેથી સ્વામીશ્રી, સિદ્ધેશ્વર સ્વામી વગેરે સંતો અને છોટુભાઈ વકીલ વગેરે જગ્યા પર પધાર્યા. ડોસા સ્વામીશ્રીને જોતાં જ પગમાં પડી ગયા ને બોલી ઊઠ્યા : 'આ તો લટુરિયો !'

સ્વામીશ્રીને 'લટુરિયો' કહેતા સાંભળી સૌ દિંગ રહી ગયા, કારણ કે લોકો તેમને જ 'લટુરિયા' તરીકે ઓળખતા. ડોસા ગદ્‌ગદ થઈ ગયા. સ્વામીશ્રીને ચરણે પડી, તરત જ જગ્યા ખાલી કરી આપવા તૈયાર થયા. સ્વામીશ્રીએ કરુણા વરસાવતાં કહ્યું : 'છોટુભાઈ ! આ ડોસાને એક ઝૂંપડું તૈયાર કરાવી દેજો. ૫૦૦ રૂપિયા રોકડા દેવા અને અક્ષર મંદિરેથી રોજ જમી લે – આમ ગોઠવી દેજો.'

ત્યારપછી તો આ વ્યવસ્થા તરત જ થઈ ગઈ. કેટલીક વાર તો સ્વામીશ્રી જાતે ડોસાને પૂછે, બોલાવે ને યુવકોને આજ્ઞા કરે કે 'તેમને જમાડી દ્યો.'

એક વાર સિદ્ધેશ્વર સ્વામીએ તેમને પૂછ્યું : 'તમે સ્વામીબાપાને 'લટુરિયો' કેમ કહો છે ? લોકો તો તમને જ 'લટુરિયા' તરીકે ઓળખે છે.'

ડોસા કહેવા લાગ્યા : 'ઘણાં વરસ પહેલાંની વાત છે. તે દી' હું છોકરા જેવડો. અહીં મંદિરની જગ્યાએ વાડી હતી ત્યાં હું ઘણી વાર આવતો. અહીં એક લટુરિયો સાધુ (ગુણાતીતાનંદ સ્વામી) બધાને દર્શન દેતો. લોકો તેની માનતા રાખતા. ને તે ફળતી.'

એમ કહી તેમણે કહ્યું કે 'મેં જે લટુરિયાને પહેલાં ભાળ્યો હતો, તે જ આ લટુરિયો (યોગીજી મહારાજ) છે. મેં એનેય જોયેલો ને આનેય ભાળું છું !'

આ ડોસાને ગાંડો ગણી લોકો આંખ આડા કાન કરતા; પણ ઘણા તટસ્થ અને ગલઢેરાં નાગરિકો પાસેથી જાણવા મળેલું કે 'તે ડોસા ૧૦૭ વર્ષના હતા. ખૂબ પરોપકારી હતા અને તેમણે ગુણાતીતાનંદ સ્વામીનાં સાત-આઠ વર્ષની ઉંમરે દર્શન કરેલાં.'

ત્યારપછી તો સ્વામીશ્રીએ તે જીવ્યા ત્યાં સુધી તેમને મંદિરમાં જ જમાડવા વ્યવસ્થા કરી હતી. અલ્પ સંબંધવાળાનોય કેવો મહિમા !

પ્રકૃતિ જેમને આધીન છે તેવા મહાપુરુષનાં દર્શન

એક દિવસ ગોંડલ નગરપાલિકાના પ્રમુખ ધનજીભાઈ શિંગાળા

રાજકોટના કલેક્ટરને લઈ અક્ષર મંદિરે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી : 'બાપા ! સર્વત્ર દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે. તેમાં રાજકોટ જિલ્લામાં તો પાણીની ખૂબ જ ખેંચ છે. અનાજ નથી. હજારો માણસો અને મૂંગાં પશુ અન્ન-પાણી વિના ભૂખે મરશે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. આપ વરસાદ વરસાવી શકો તેવા એકમાત્ર સમર્થ પુરુષ છો. તેથી અમે સૌ વરસાદ લેવા માટે આપની પાસે આવ્યા છીએ. વરસાદ ન વરસે ત્યાં સુધી અમારે અહીંથી ખસવું જ નથી. આપ વરસાદ વરસાવો એવી સમગ્ર જિલ્લાની પ્રજા વતી કલેક્ટર સાહેબની પણ અરજ છે.'

ત્યારે સ્વામીશ્રી આશીર્વાદ આપતાં બોલ્યા : 'તમે સૌ સાહેબને દેરીમાં લઈ જાઓ અને ધૂન, પ્રદક્ષિણા કરો. સ્વામી વરસાદ વરસાવશે.'

ધનજીભાઈ બોલ્યા : 'અમારે તો તમે જ સ્વામીનું સાક્ષાત્ સ્વરૂપ ! માટે તમે હા પાડો કે વરસાદ આજે વરસશે. પછી જ અમે જઈશું.'

સ્વામીશ્રી તેમની શ્રદ્ધા જોઈ હસ્યા. કહે : 'જાઓ, આવતીકાલે સાંજે સ્વામી વરસાદ વરસાવશે. માટે દેરીમાં જઈ ધૂન-પ્રદક્ષિણા કરો. અમે આવતીકાલે જબરેશ્વરને મગજનો થાળ ધરીશું. આખા દેશમાં વરસાદ થઈ જશે !'

સ્વામીશ્રીના આશીર્વાદથી સર્વ રાજી થયા અને દેરીમાં ધૂન-પ્રાર્થના કરી. સર્વને સ્વામીશ્રીએ પ્રસાદ આપ્યો. પરંતુ કલેક્ટરના મનમાં થયું કે 'આકાશમાં ક્યાંય વાદળાં નથી. વળી, કોઈ આગાહી પણ નથી. વરસાદ કેવી રીતે પડશે ?'

તેમણે ધનજીભાઈ પાસે આશંકા વ્યક્ત કરી. ધનજીભાઈ બોલ્યા : 'આ બાપા જે વચન બોલે તે કદી મિથ્યા થાય નહીં. અને હું તો તમને એમ પણ કહું છું કે દુષ્કાળનાં તમે જે કાગળિયાં કર્યાં છે, તે હવે ઊંચે અભરાઈએ ચડાવી દ્યો !'

ધનજીભાઈની શ્રદ્ધાના આવા નક્કર રણકાથી કલેક્ટરને ખૂબ આશ્ચર્ય થયું.

બીજે દિવસે સાંજે ૫-૦૦ વાગે આકાશ ઘટાટોપ વાદળોથી છવાઈ ગયું. ગાજવીજ સાથે મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. આખા સૌરાષ્ટ્રનાં નદી-નાળાં અને બંધ છલકાઈ ગયાં અને સર્વત્ર લીલાલહેર થઈ ગઈ.

કલેક્ટર સ્વામીશ્રીને મનોમન નમી રહ્યા. અને સંકલ્પ કર્યો કે વરસાદ બંધ પડે કે તરત પ્રથમ સ્વામીશ્રીનાં દર્શને જવું. તેમને થયું : 'પ્રકૃતિના સમગ્ર સામ્રાજ્ય પર પોતાની સત્તા ચાલતી હોય અને પ્રકૃતિનાં સર્વ તત્ત્વો જેમને આધીન હોય તેવા મહાપુરુષ આ પૃથ્વી પર છે ખરા !' તેમને લાગ્યું કે એ પુરુષનાં દર્શનથી હું કૃતકૃત્ય થયો છું.

જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે રાતે ૯ થી ૧૨ની સભામાં સ્વામીશ્રીએ હાજર રહી ખૂબ જ આનંદ કરાવ્યો. ઘનશ્યામભાઈએ *'સોનાનાં બોર ઝૂલે'* એ કીર્તન ગાયું. સંતોએ ઠાકોરજી માટે પારણું સુંદર શણગાર્યું હતું. સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને પંચામૃત સ્નાન કરાવી રાત્રે ૧૨-૦૦ વાગે પારણામાં ઝુલાવ્યા. આ પ્રસંગે બે ભજન મંડળીઓ પણ હાજર રહી હતી. એક ઘનશ્યામભાઈની તથા એક કબીર મંડળી. તેમણે પણ સુંદર ભજનો ગાઈ સ્વામીશ્રીને રાજી કર્યા. આરતી બાદ થાળ કરી, પંચાજીરીનો પ્રસાદ લઈ, સભા વિસર્જન થઈ. સ્વામીશ્રી રાત્રે ૧-૦૦ વાગ્યા સુધી જાગ્યા.

સામાન્ય રીતે નાદુરસ્ત તબિયતને કારણે દરરોજ સ્વામીશ્રી ૧૦-૦૦ વાગે આરામ કરવા પધારતા, પણ જન્માષ્ટમી મહોત્સવ ઊજવવા શરીરના ભાવોને લેશમાત્ર ગણ્યા સિવાય રાત્રે ૧-૦૦ વાગ્યા સુધી સૌને સુખ આપ્યું. આમ, અપાર પરિશ્રમ લઈ સહુને ભક્તિમાર્ગે દોરતા.

સ્વામીશ્રીની નાની-મોટી કોઈપણ પ્રવૃત્તિ કે ક્રિયા હોય પણ તેની પાછળ અનેક પ્રકારનો લાભ કે બોધ સૌને મળી રહેતો. આ બધું સાહજિક બનતું જણાતું, પરંતુ એમની આંતરિક શક્તિ અદૃશ્યપણે આ બધાં કાર્યોમાં અવશ્ય કામ કરતી. તેથી જ તો તેનાં અદ્‌ભુત પરિણામો જોવા મળતાં. એમના સાંનિધ્યમાત્રથી જ સમગ્ર વાતાવરણમાં નાના-મોટા ભક્તોમાં, જીવનની વિવિધ પ્રવૃત્તિમાં દિવ્ય ચેતના પ્રસરી જતી. એમની દૃષ્ટિમાત્રથી બધું ચેતનવંતું બની જતું. એમની વાણીથી સૌને પ્રેરણા મળતી. આમ શ્રદ્ધા, ભક્તિ, ઉત્સાહના ઓઘ સર્વત્ર ફરી વળતા.

એમની પાછળ આ બધું ઓસરી જતું નહિ. એમના આશીર્વાદથી, આજ્ઞાપાલનથી અને સ્મરણથી ભક્તોમાં એ ચેતના સદા વિદ્યમાન રહેતી. સૌને એક જ વિચાર રહેતો કે 'બાપાને રાજી કરવા છે.' એ દુખાય એવું ક્યારેય, કદીયે ન થાય, એની સૌ સતત કાળજી સહેજે રાખતા.

તમે ઈ ગુણાતીત સ્વામીની સેવામાં જ છો

અહીં રાય સાહેબની તબિયત નરમ હતી, તેથી સ્વામીશ્રી ખુરશીમાં બેસીને તેમની રૂમમાં પધાર્યા. સાથે સંતો, યુવકો અને હરિભક્તો હતા. રાય સાહેબ ગળગળા થઈ ગયા. તેમની આંખમાં આંસુ આવી ગયાં.

સ્વામીશ્રીએ તેમના શરીરે હાથ ફેરવીને કહ્યું : 'જૂનાગઢ મંદિરમાં

ચકુભાઈએ સ્વામીનો બહુ પક્ષ રાખ્યો હતો. અને મંદિરની દેખભાળ રાખી હતી. તેમજ તમે ઈ ગુણાતીત સ્વામીની સેવામાં જ છો. ચકુભાઈના વંશના છો તે સ્વામીએ કૃપા કરીને અક્ષર દેરીની સેવા આપી. હવે સ્મૃતિ રાખી ભજન કર્યા કરવું, જેથી અખંડ આનંદ રહેશે.' આમ, આશીર્વાદ આપીને સભામાં પધાર્યા.

વર્ષો સુધી મંદિરમાં સેવા આપનાર જૂનાગઢના ચકુભાઈના વંશજ આ નાગર સદ્‌ગૃહસ્થની અંત અવસ્થાએ, સ્વામીશ્રી અવારનવાર તેમના ઉતારે દર્શન આપવા જતા. આશીર્વાદ આપતા અને ભારે હૂંફ આપતા.

સ્વામીશ્રી અહીં અક્ષર દેરીમાં પહેલાં તો જાતે જ મહાપૂજા કરતા, પણ હમણાંથી ભાવનગરના હરગોવિંદભાઈ માસ્તરને તે સેવા સોંપી હતી. સ્વામીશ્રી મુંબઈ હતા ત્યારે તેમને ભાવનગર પત્ર લખ્યો હતો કે 'દિવાળી પહેલાં તમારે અક્ષર દેરીએ સેવામાં આવવું. અમે મળશું પછી સેવા સોંપીશું.' તે પછી સ્વામીશ્રીએ યાત્રાળુઓને અક્ષર દેરીનો મહિમા સમજાવવાની સેવામાં રોકી લીધા. સ્વામીશ્રી તેમની સેવાથી ખૂબ પ્રસન્ન રહેતા.[૧૧]

તા. ૯-૯-'૬૬, સાંજે ગોંડલથી વિદાય લઈ, રાજકોટ, નવાગામ, લીંબડી તથા વઢવાણ મંદિરે દર્શન કરી, રાત્રે ૧૧-૩૦ વાગે અમદાવાદ પધાર્યા.

દર્શનાતુર ભક્તોને જોઈને સ્વામીશ્રી હંમેશાં રાત-મધરાતે પણ થોડી વાર બેસતા. બધાને શાંતિથી મળતા. થોડી જ્ઞાનવાતો કરતા. સત્સંગના સારા સમાચાર આપતા. ગામેગામના હરિભક્તોની શ્રદ્ધા ને મહિમાની વાતો કરતા ને પછી જ આરામમાં જતા. આમ, એમનો હરિભક્તો સાથેનો ગમે તે સમયનો મેળાપ કદી ઔપચારિક ન રહેતો.

'સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વ કાચું'

તા. ૧૨મીએ મંગલ પ્રભાતે, *'મેલ તન તાણ ગ્રહી વચન ગુરુદેવનું, સેવ્ય તું રૂપ એ શુદ્ધ સાચું'* એ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી રચિત પ્રભાતી ઉપર

૧૧. સને ૧૯૬૮માં રાય સાહેબ બીમાર પડ્યા પછી હરગોવિંદભાઈને મહાપૂજા કરવાની સેવા સોંપી. પહેલાં તો પ્રેમશંકર દવે, કાલીદાસભાઈ તથા હરગોવિંદભાઈ ત્રણેના ચાર ચાર માસના વારા રાખ્યા હતા; પરંતુ ભાવનગરના કાનજીભાઈના સંકલ્પથી અક્ષર દેરીમાં અભિષેક શરૂ થયો ત્યારથી સ્વામીશ્રીએ હરગોવિંદભાઈને સેવા-પૂજા માટે ગોંડલ જ રાખ્યા. તેમણે પણ આ સેવા વર્ષો સુધી બજાવી, સ્વામીશ્રીની આજ્ઞા યથાર્થ પાળી.

નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મનનું ધાર્યું છોડી દેવું.

'મન જીતે સો મર્દ હૈ, તજે નર્કસે નેહ;
પહેરે બખ્તર પ્રેમકા, ગણે ગર્દ સમ દેહ.'

'મનની તાણ મૂકી ભગવાન અને સત્પુરુષને રાજી કરી લેવા. મનનાં ધાર્યાં કરોડો કામ કરે, પણ સત્પુરુષના વચને એક આજ્ઞા પાળે તો તે અધિક છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે : 'પ્રગટ ભગવાન વિના કરોડો નિયમ પાળે, કથાવાર્તા, ધ્યાન વગેરે કરે, તે કરતાં પ્રગટ ભગવાનની આજ્ઞાથી એક નિયમ રાખે તો બળ મળે.'

'ખિમિયાનંદ મનધાર્યાં ધારણાં-પારણાં બહુ કરતા. મુક્તાનંદ સ્વામીને તેમનો ભગવાન જેવો ભાર હતો. તેમણે મહારાજને પ્રાર્થના કરી : 'હે મહારાજ ! આ સાધુ (ખિમિયાનંદ) બહુ તપ કરે છે. તેથી દેહ કૃશ થઈ ગયો છે. તો આપ તેમને તપ ઓછું કરવાની આજ્ઞા કરો. એક વાર રોજ જમે.' મહારાજ કહે : 'સારું ! અમે કહીશું.'

'પછી એક વાર શ્રીખંડની રસોઈ હતી. ગઢપુરમાં દાદાખાચરની ઓસરીમાં મહારાજ પાટલો નાખીને બેઠેલા. મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : 'આજે પેલા સાધુને (ખિમિયાનંદને) પ્રસાદી આપીએ.' મુક્તાનંદ સ્વામી બહુ રાજી થયા અને જાતે બોલાવવા ગયા.

'ખિમિયાનંદે આવીને મહારાજને દંડવત્ કર્યા. મહારાજે તેમને પૂછ્યું : 'તમે અમને કેવા જાણો છો ?' ખિમિયાનંદે કહ્યું : 'મહારાજ ! આપ તો સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ ભગવાન છો.' મહારાજે કહ્યું : 'આ તપ તમે કોને રાજી કરવા કરો છો ?' સાધુ કહે : 'મહારાજ ! આપને રાજી કરવા.' મહારાજ કહે : 'જો અમને રાજી કરવા તપ કરતા હો, તો આજે ધારણાં-પારણાંની પૂર્ણાહુતિ કરો. લો, આ થાળ પ્રસાદી જમો.'

'ખિમિયાનંદ એકદમ ઊંડા ઊતરી ગયા. પછી બોલ્યા : 'હં...! થાળરૂપે માયા મને તપમાંથી પાડવા આવી !' એમ પ્રસાદ ન લીધો ને ચાલ્યા ગયા. મુક્તાનંદ સ્વામીને તેમનો ભગવાન જેટલો ભાર હતો તે નીકળી ગયો ને ટકાનો થઈ ગયો. પ્રસાદી લીધી હોત તો કામ પાકી જાત.

'ગુરુના વચને પાંચ માળા ફેરવે, એક વચનામૃત વાંચે, આજ્ઞા પાળે તે મોટો. આજ્ઞા વિના બધું કાચું.

'એક વાર શ્રીજીમહારાજે ગઢડામાં ભગા શેઠને બોલાવી કહ્યું : 'ત્રણસો

રૂપિયા આપો. કડિયાના પગાર ચૂકવવા છે.' ભગા શેઠ કહે : 'મહારાજ ! મારે તો રસોઈ દેવી છે.' મહારાજ કહે : 'તમે પગાર માટે પૈસા આપો તેમાં તમારી રસોઈ આવી ગઈ માનશું.' પણ તેમણે માન્યું નહીં અને રસોઈ કરાવી.

'પછી મહારાજને કહે : 'આજે મારી રસોઈ છે. આપ જાતે પીરસવા આવો.' મહારાજે કહ્યું : 'સારું આવીશ, પણ રસોઈ ખૂટશે.' રસોઈ થઈ, મહારાજ પીરસવા આવ્યા. મહારાજની પ્રસાદી લેવા અંતરીક્ષમાં દેવતાઓ આવ્યા. સંતોને પંદર પંદર લાડવા જમાડ્યા ! પહેલી પંગત પૂરી થઈ અને રસોઈ ખૂટી. બીજી પંગત માટે શીરો કરવો પડ્યો.

'થોડા વખત પછી સામત પટેલ આવ્યા. મહારાજે તેમને કહ્યું : 'કડિયાના પગાર ચૂકવવા ત્રણસો રૂપિયા જોઈએ છે.' સામત પટેલ તરત જ ગામમાં ગયા. ચીજ-વસ્તુ વેચી, પંદરસો રૂપિયા લાવી મહારાજને આપ્યા. મહારાજ કહે : 'અમારે તો ત્રણસો જ જોઈએ છે.'

'પછી હરજી ઠક્કરને બોલાવી ત્રણસો રૂપિયા લીધા અને બારસો પાછા આપવા લાગ્યા. સામત પટેલ કહે : 'રાખો ! સંતોને જમાડો અને કડિયાના પગાર પણ ચૂકવો.' મહારાજ કહે : 'તમારા પૈસામાંથી સંતો જમશે અને કડિયાના પગાર પણ ચૂકવાશે. માટે બાકીના પાછા લઈ લો. જાઓ, તમારો વહેવાર સુધરશે અને પૈસા ખૂટશે નહિ.' એમ રાજી થઈ આશીર્વાદ આપ્યા.

'તે દિવસે મહારાજે દૂધપાકની રસોઈ કરાવી. જાતે પીરસવા આવ્યા. સંતોનાં પત્તર છલકાવી દીધાં અને સહુને રાજી કર્યા. ભગા શેઠ નવ લાખના આસામી કહેવાય, પણ મનધાર્યું કરવા ગયા તો ગાણાં ગવાય છે. રાજીપો લઈ ન શક્યા. મહારાજને પુરુષોત્તમ નારાયણ ભગવાન કહેતા; પણ વચન ન માન્યું.

'એમ મનમત્ત થઈને કરોડો સાધન કરે પણ સદ્‌ગુરુની આજ્ઞા વિના બધું જ કાચું છે. મોટાપુરુષના વચને સત્કર્મ કરે, તો તેનું ફળ અનંત ગણું મળે. સામત પટેલનો પરિવાર હજી સુખી છે.

'શાસ્ત્રીજી મહારાજના વચને એક ઉપવાસ કરે તો વર્ષીતપ આવી જાય. આવી વાત સમજી લીધી હોય તો બળ મળે. મનધાર્યું કરવા જાય તો શાંત વાતાવરણ ન રહે. આજ્ઞાથી કરે તો છેલ્લો જન્મ થઈ જાય અને સત્સંગમાં વધી જાય. સત્પુરુષની આજ્ઞા વિના રેતીમાં પાણી રેડ્યા જેવું છે. ઈમારત કાચી હોય તો પડે. અડસઠ તીરથ સદ્‌ગુરુનાં ચરણમાં આવી ગયાં. સત્પુરુષ અને ભગવાનને જીવ સોંપે તો કામ કાઢી નાખે. જે શૂરવીર છે તે મન, કર્મ, વચને

મોહ તજી અક્ષરપુરુષોત્તમને ભજે છે. મનધાર્યું છોડવું તે સારું છે. સત્પુરુષ આપણું મન થાય ત્યારે મન અમન થયું કહેવાય.'

આજે મોટા મંદિરે દર્શને પધાર્યા. અહીં બધે શાંતિથી દર્શન કરી, સ્વામીશ્રી ઘનશ્યામ ભવનમાં ઘનશ્યામ મહારાજનાં નીરખી નીરખીને દર્શન કરી મેડે શાંતિથી બેસતા. શુભ સંકલ્પો કરી ધૂન કરતા. આજે દેશમાં સારો વરસાદ થાય - તેની ધૂન કરાવી.

પછી દર વખતની જેમ આત્મારામ ભગતના આસને પણ ગયા. તેમના ખબર-અંતર પૂછ્યા. જળપાન કરી, આ જૂના સહૃદય ભક્તરાજની હરિભક્તો પાસે સેવા પણ કરાવી. તેઓ સ્વામીશ્રીની પ્રતીક્ષા કરતા જ બેઠા હોય. જ્યારથી તેમને ખબર પડે કે સ્વામીશ્રી અમદાવાદમાં પધાર્યા છે, ત્યારથી તેમને રટણ થાય કે અહીં જરૂર પધારશે. તેઓ ખૂબ પ્રેમથી સ્વામીશ્રીનું સ્વાગત કરતા.

❀ ❀ ❀



અશ્વિનીકુમારના આરે

તા. ૧૨-૯-'૬૬ના સાંજે ક્વીનમાં સુરત પધાર્યા. રસ્તાનાં દરેક સ્ટેશને દર્શનની ભારે પડાપડી થઈ. આશાભાઈને ત્યાં ઉતારે આવી, રાત્રે ૧૨-૦૦ વાગે આરામમાં પધાર્યા.

બીજે દિવસે મંદિરે દર્શન, પાઘનાં દર્શન કરી અશ્વિનીકુમાર જ્યાં મહારાજ ઘણી વાર પધારતા, તે પ્રસાદીના આરે સ્નાન કરવા પધાર્યા. આફ્રિકાથી આવેલા આર.યુ. પટેલ સ્વામીશ્રીનાં દર્શને અહીં આવી પહોંચ્યા હતા. આફ્રિકા મંડળ વતી સ્વામીશ્રીએ તેમને માથે પણ જળ ચઢાવ્યું.

ગમે તે સમયે, ગમે તે સંજોગોમાં પણ દરેકનાં મર્મસ્થાનને ભેદવાની સ્વામીશ્રીમાં કોઈ અજબ કળા હતી. ભક્તહૃદય ઘાયલ થઈ સ્વામીશ્રીનાં ચરણોમાં કુરબાન થઈ જતું.

અહીં તાપી નદીમાં સિદ્ધેશ્વર સ્વામી પાસે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સ્નાન કરાવ્યું. પછી આરે બેસીને એક કળશથી પોતે સ્નાન કર્યું અને ઘણા શુભ સંકલ્પો કરી સૌનાં મસ્તકે જળ ચડાવ્યું.

એક સંતે નદીમાં ભૂસકો માર્યો. સ્વામીશ્રીએ તેમના સામું જોઈ કહ્યું : 'આપણે સાધુએ ભૂસકો ન દેવાય. ભજન-સ્મરણ કરતાં સ્નાન કરો તો નદીનાં પાપ ધોવાય !'

સૌ હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંતોનું પૂજન કર્યું. ધોતિયાં ઓઢાડ્યાં. આ પ્રસંગે સ્વામીશ્રીએ પોતાની પ્રસાદીની માળા બતાવતાં કહ્યું : 'તમારા સર્વ સંકલ્પો સિદ્ધ થશે. આ માળા અમારા જૂનાગઢના સદ્‌ગુરુ નારાયણદાસ સ્વામીની છે. સૌ આંખે અડાડો.'

પછી સૌ સંતોને કંકુના ચાંદલા કરી, આશીર્વાદ આપ્યા. અહીંથી નીકળતાં મહારાજની પ્રસાદીની છત્રીએ ફરીથી દર્શન કરી લેખ વંચાવ્યો.

બાજુમાં સાધુ ભક્તિપ્રિયદાસજીનો ઓટો છે ત્યાં દર્શન કર્યાં. શ્રીજી-મહારાજની પ્રસાદીની આંબલી પાસે ઓટો છે ત્યાં દર્શને પધાર્યા. આ નિર્જન સ્થાનમાં ઓટાની ચોતરફ ઊંચું ઊંચું ઘાસ ઊગી ગયું હતું. સામાન્ય રીતે કોઈ દૂરથી દર્શન કરી સંતોષ અનુભવે, પરંતુ સ્વામીશ્રી તો ઓટા નજીક ગયા. ખૂબ જ ભાવથી દર્શન, દંડવત્ કર્યાં. પાછા ફરતાં સેવકો સ્વામીશ્રીને બેસવા ખુરશી લાવ્યા. એટલે સ્વામીશ્રીએ કહ્યું : 'અહીં તો શ્રીજીમહારાજ પંડે પગલાં ભરી ચાલ્યા છે. સાક્ષાત્ ચરણસ્પર્શવાળી આ ભૂમિકા છે. ખુરશીની જરૂર નહીં. આ તો ડગલે ડગલે હજાર યજ્ઞનું ફળ છે !'

આગળ જતાં ફક્ત ત્રણ પાનવાળા વિશિષ્ટ વડને જોતાં કહે : 'આ વડ બહુ વરસથી તપ કરે છે. શ્રીજીમહારાજના સંબંધવાળો છે.'

બાજુમાં રામજી મંદિર હતું. તેના પૂજારીએ મૂર્તિઓનાં નામ પૂછી ભાવથી દર્શન કર્યાં. પછી પૂજારીને હિન્દીમાં પૂછ્યું : 'આપકા નામ ક્યા હૈ ?'

'બળરામદાસજી.'

'મંદિર કિતના જૂના હૈ ?'

'બહોત પુરાતન હૈ.' પૂજારીએ જવાબ આપ્યો.

પછી પૂજારીને પાંચ રૂપિયા ભેટ આપવા બોઘા શેઠને આજ્ઞા કરી.

નારાયણ બાગમાં મહારાજે અરદેશર કોટવાલને પાઘ ભેટ આપી હતી તથા આંબલીની ડાળે ઝૂલ્યા હતા એ દર્શન પણ સ્વામીશ્રીએ કર્યાં. આ કાર્યક્રમ ટૂંકી મુલાકાતમાં પણ તેઓ ચૂકતા નહિ. ત્યારે લાગે કે શ્રીજી એમનાથી એક પળ પણ દૂર નથી.

સ્વામીશ્રીની આગામી ૭૬મી જન્મ જયંતી, અમૃત મહોત્સવ તરીકે ખૂબ જ ધામધૂમથી ઊજવવાનો દેશ-વિદેશના ભક્તોને ઉત્સાહ હતો. તેના આયોજનની પ્રથમ મિટિંગ માટે સુરતી પ્રેમીભક્તોની ઇચ્છાથી પ્રમુખસ્વામીએ કેટલાક સંતો-હરિભક્તોને અહીં તેડાવ્યા હતા. જયંતીના કેટલાક મહત્ત્વના નિર્ણયો પ્રમુખસ્વામીની હાજરીમાં અહીં લેવાયા અને સુરત મંડળે સારી સેવા નોંધાવી પહેલ કરી.

દૃષ્ટિ-મિલનમાં અનંતનું સુખ !

મુંબઈ મંદિરના કોઠારી તરીકે ભક્તિપ્રિય સ્વામીને નાની-મોટી અનેક જવાબદારી રહે. તેથી તેઓ સમૈયા-ઉત્સવોમાં બહુ બહાર ન જઈ શકે.

સ્વામીશ્રીનો લાભ પણ ઓછો મળે. ગુરુઆજ્ઞા-પાલનરૂપી ભક્તિમાં પણ તેમને તો આનંદ ને શાંતિ હતાં જ.

આ વખતે સ્વામીશ્રીએ તેમને તુરત બોલાવ્યા. કોઠારી સ્વામી અને સંતો સુરત આવ્યા. સ્વામીશ્રી પધરામણીએ નીકળ્યા હતા. દર્શનની અતિ ઉત્કંઠાવાળા સંતો ત્યાં પહોંચી ગયા. કોઠારી સ્વામી દંડવત્ કરી જ્યાં સ્વામીશ્રીને મળવા જાય છે ત્યાં સ્વામીશ્રીએ એવી તો અમીદૃષ્ટિ કરી, ચાર આંખ મળી, કોઈ અલૌકિક સુખ સ્વામીશ્રીએ એ દૃષ્ટિદાનમાં આપી દીધું. જે આજે પણ કોઠારી સ્વામીને અનિર્વચનીય બની ગયું છે. એ દિવ્ય સુખનો અનુભવ કોઠારી સ્વામીને ક્ષણવારમાં થયો.

કૃષ્ણશંકર શાસ્ત્રી ઘણી વાર કહેતા : 'યોગીજી મહારાજ દૃષ્ટિ દ્વારા હજારો ભક્તોને એકીસાથે મળી લેતા ને દરેકને એવો અનુભવ થતો કે 'સ્વામીશ્રીએ મારા સામું જોયું. દૃષ્ટિ કરીને સુખ આપ્યું.'

એવી સ્વામીશ્રીની દગ્દીક્ષા હતી. ક્ષણિક દૃષ્ટિ-મિલનમાં અનંતનું સુખ ! અનંત સમય માટેનું સુખ ! આ હતું બ્રહ્મનું સુખ ! માત્ર દૃષ્ટિ ! કોઈ સ્પર્શ નહિ ! દૃષ્ટિમાત્રથી શક્તિપાતનો વિરલ અનુભવ સ્વામીશ્રીએ અનેક ભક્તોને કરાવેલો છે અને બ્રહ્મશક્તિનો પરિચય પણ આપ્યો છે.

અહીંના સેવાભાવી હરિભક્ત કેશવરામ શુક્લને ક્ષયનો હુમલો આવેલો. તબિયત એકદમ નરમ પડી હતી. તેમના પુત્ર અરુણભાઈએ સ્વામીશ્રીને આ વાત કરી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તેમને એક મહિનો ગોંડલ હવાફેર માટે મોકલો. ગુણાતીત સ્થાન છે, તેથી સ્વામી સારું કરી દેશે.'

આસો માસમાં કેશવરામ ગોંડલ ગયા અને સ્વામીશ્રી તેમને દરરોજ ઉકાળો પીવાના સમયે સવાર-સાંજ મોળી છાશ આપતા અને પી જવાનું કહેતા. એક માસમાં શરીર લાલઘૂમ થઈ ગયું. શરીરમાં કોઈપણ રોગ નહીં ! ટી.બી.નું દર્દ ક્યાં ગાયબ થઈ ગયું એ તેમને પણ આશ્ચર્ય થયું. સ્વામીશ્રીએ છાશને તો માત્ર નિમિત્ત બનાવી હતી, પણ તેમની આજ્ઞાનું પાલન કેશવરામે કર્યું તેથી જ આ દારુણ રોગ દૂર થઈ ગયો હતો. સ્વામીશ્રી પ્રતિ તેમની શ્રદ્ધા-ભક્તિ અનેકગણાં વધી ગયાં

નવસારીમાં અવિસ્મરણીય સત્સંગ-લાભ

સુરતથી કડોદરા થઈ, મૂળ ગોંડલના પણ મુંબઈ રહેતા મોટા વેપારી

જયસુખભાઈની બિલિમોરાની ફેક્ટરીએ પધરામણી કરી, નવસારી જાદવજી-ભાઈને ત્યાં પ્રથમ વાર પધાર્યા.

તા. ૧૭મીએ સવારે શોભાયાત્રામાં નગરજનોને દર્શનનો લાભ આપી, ભક્તોનો ભાવ પૂર્ણ કરી સાંજે ખુશાલભાઈને ત્યાં ઇટારવા પધાર્યા. અહીં ૭૦ ભાવિકોએ વર્તમાન ધાર્યાં.

સાંજે નવસારી ટાઉનહૉલમાં જાહેર સત્સંગ સભા યોજી હતી. આયોજકોને મનમાં શંકા હતી કે હૉલ ભરાશે કે નહિ ? પણ સવારે શોભા-યાત્રામાં સ્વામીશ્રીનાં અલૌકિક દર્શનથી પ્રભાવિત થયેલી નવસારીની ધર્મપ્રેમી જનતાએ આયોજકોને વિમાસણમાં મૂકી દીધા કે સૌને ક્યાં બેસાડવા ? એટલી મોટી સંખ્યામાં સૌ આવ્યા. સભાપ્રમુખ નવસારી નગરપાલિકાના વહીવટકર્તા કીકુભાઈ દેસાઈ હતા. તેમણે પ્રવચનમાં કહેલું કે 'નવસારીના ઇતિહાસમાં આવી સભા કોઈ દિવસ થઈ નથી.' રાતના ૧૧-૩૦ સુધી સભા ચાલી.

બીજે દિવસે સવારે નવસારી હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલ મહેન્દ્રભાઈના આગ્રહથી સભા કરી. નવસારીમાં સત્સંગ વિકાસ થાય અને સૌ સુખિયા થાય - એવા આશીર્વાદ સ્વામીશ્રીએ આપ્યા. મેજર રણજિતસિંહ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા અને તેમણે સ્વામીશ્રીનો ખૂબ જ મહિમા કહ્યો હતો.

'પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે'

બપોરે ૨-૦૦ વાગે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં મુંબઈ જવા નીકળ્યા.

સાંજે ૭-૦૦ વાગે 'અક્ષર ભવન'માં પધાર્યા ત્યારે મંદિર સામે આવેલી 'ઇંગ્લિશ હાઈસ્કૂલ'ના પ્રિન્સિપાલ જયકર સાહેબે વિદ્યાર્થીઓનું બૅન્ડ ખાસ સ્વામીશ્રીના સ્વાગત માટે મોકલ્યું હતું. યુવકોએ દારૂખાનું ફોડ્યું. સંતોએ તોરણો અને રોશનીથી મંદિર અદ્‌ભુત શણગાર્યું હતું. સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી સંતો-હરિભક્તોના હૃદયમાં આનંદના ઉછાળા આવતા હતા. હરિભાઈ સોની તરફથી સંતોએ બનાવેલો એક મોટો હાર મોટાસ્વામીએ સ્વામીશ્રીને પહેરાવ્યો. પ્રમુખ-સ્વામીનું પણ સ્વાગત કર્યું, હરિભક્તોએ શિસ્તબદ્ધ હારતોરા કર્યા. બાલુભાઈ ટી.ટી. તેમજ હર્ષદભાઈએ સ્વાગત વિધિ કરી, સ્વામીશ્રીની ૭૬મી જન્મ જયંતી - અમૃત મહોત્સવ ખૂબ જ ઉત્સાહથી ઊજવવા ઘોષણા કરી, સૌને તન, મન, ધનથી સેવા કરવા હાકલ કરી. આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે :

'શાસ્ત્રીજી મહારાજને ભગતજીએ મોટા થાપ્યા (સ્થાપ્યા) ત્યારે કોણ

માનતા હતા ? મહાપુરુષદાસ નો'તા માનતા. ને નારણ સ્વામીને ચાદર ઓઢાડી ત્યારે કોઈ માનતા નહોતા. હવે બધા માને છે. તે વખતે મનુષ્યભાવ રહે કે 'આ નાના શું કરશે ?' પણ રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને ગાદી સોંપી ત્યારે કોઈ ન માન્યું. એમ *'પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે રમાપતિની રીત...'*

હવે એ તો ટાઢા પો'રની વાતો !

સવારની સભામાં સ્વામીશ્રી મસ્તીમાં બિરાજમાન હતા. કથા પ્રસંગ શરૂ થતો હતો. ત્યારે કોઈ હરિભક્તે માહિતી આપી કે થોડા વખત પહેલાં સંસ્થામાંથી નીકળી ગયેલા કેટલાક લોકો એવી વાતો કરે છે કે 'અંતરનો જોગી અમારી સાથે છે અને એ અમને હા પાડે છે, અને જે તમને ના પાડે છે એ બહારનો જોગી છે !'

આ વાત સાંભળી સ્વામીશ્રી એકદમ હસી પડ્યા. અને બોલ્યા : 'હવે એ તો ટાઢા પો'રની વાતો !' સ્વામીશ્રી થોડામાં ઝાઝું કહી દેતા અને પોતાના અભિપ્રાય સચોટ જણાવતા.[૧૨]

તા. ૨૫મી, સવારે ૧૧-૩૦ વાગે પાલવા બંદર - ગેટ વે ઑફ ઇન્ડિયા - જળઝીલણીનો સમૈયો સેંકડો હરિભક્તોની હાજરીમાં ધામધૂમથી ઊજવ્યો.

અંતે સૌને આશીર્વાદ આપતાં આઈત્યા સોમા વગેરે માછીમાર હોડીવાળાને પણ ભૂલ્યા નહિ અને બધા હોડીવાળા-ખારવાઓને આશીર્વાદ આપતાં બોલ્યા : 'હોડીમાં પધરામણી કરી, પાંચ આરતી ઠાકોરજીની ઉતારી હોડીમાં ફેરવ્યા, તે તમારા બધાનું આત્યંતિક કલ્યાણ થઈ જશે.' એમ કહી બધાને આખી કાકડીનો પ્રસાદ આપ્યો. પછી મંદિરે પધાર્યા.

---

૧૨. થોડા સમય પહેલાં જ બે ભાઈઓને મહારાજની આજ્ઞાવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિને કારણે સંસ્થામાંથી દૂર કર્યા હતા. સ્વામીએ વાતુંમાં જણાવ્યું કે પક્ષે કરીને જીવન જેવું ભૂંડું થાય છે તેવું બીજી કોઈ વાતે થતું નથી. તેમ કેટલાક સંતો તથા લોકો પણ આ બે ભાઈઓના પક્ષમાં ભળ્યા અને મોક્ષદાતા ગુરુ એવા યોગીજી મહારાજને છોડીને તેમના કહેવાતા આધુનિક, મનસ્વી, ધર્મવિમુખ ગુરુઓનો આશરો કરી, સમાજમાં પોતાના કૃત્યને સત્ય કરવા અવળી વાતોનો પ્રસાર કરતા ને ઉપર પ્રમાણે ભ્રામક વાતો કરતા. ત્યારે ઘણી વાર સ્વામીશ્રી જાહેરમાં ને ખાનગીમાં તેમની ઊપજાવી કાઢેલ વાતોનું સચોટ ખંડન કરી નાખતા. સિદ્ધાંત અને ધર્મની વાતમાં મોટાપુરુષ કોઈની મહોબત રાખે નહિ.

સારમાં સાર મૂર્તિની સિદ્ધિ

વહેલી સવારે સ્વામીશ્રી નિષ્કુળાનંદ કાવ્યમાંથી જુદાં જુદાં પ્રકરણોનું વાચન કરાવી નિરૂપણ કરતા. હમણાં 'સારસિદ્ધિ'ની કથા ચાલતી હતી. તેમાં આવ્યું :

'વળી વૈરાગ્યવંતને જાઉં વારણેજી, ત્યાગ્યાં હરિ રાજી કર્યા કારણેજી;
દેહ પર્યંત રહ્યા એક ધારણેજી, અહંતા-મમતા કાઢી જેણે બારણેજી.'

સ્વામીશ્રી કહે : 'વૈરાગ્યવાન ઉપર શરીર નાખી દઉં. વૈરાગ્યવાળાને સ્વામી અભિનંદન આપે છે. દેહને હાલોપોલો રાખવો, તેમાં જ બધાને તાન છે. ઘડીક વૈરાગ્ય ને ઘડીક ખાઈ-પી લેવું, તે વૈરાગ્ય નહીં. દેહપર્યંત એક રહેણી જોઈએ. 'હું આત્મા છું, અક્ષર છું, આ કલેવર-દેહ તે હું નહીં. દેહ નાશવંત, તુચ્છ અને નમાલો છે.' એમ દેહ ને આત્માને જુદા પાડ્યા.

'આમાં પ્રશ્ન એમ નીકળે છે કે આત્મારૂપ કેમ માનવું ? અને પોતાને તેની ખબર કેમ પડે ? કારણ કે મનાયે થોડું આત્મારૂપ થઈ જવાય છે ? કોઈ કહે : 'તમે બહુ મોટા.' તો આ શબ્દ તરત લાગ્યો. આપણને સારું લાગ્યું. કોઈ આપણું અપમાન કરે ત્યારે ઝાંખપ મનમાં આવે, એ શબ્દ લાગ્યો કહેવાય. પરંતુ બંનેમાં સમભાવ રહે તે આત્માપણું. કથનમાત્ર આત્મારૂપ થયો હોય તે પ્રસંગે ફસકી જાય. જાતનો આત્મા થયો હોય તે ભૂલે નહીં. માટે સમાગમ કરી લેવો. ઘમાઘમ ન કરવો. વિચારમાં રહીએ, ઝોલાં આવે, તે બધું ઘમાઘમ છે.'

આગળ વંચાયું :

'તેમ વૈરાગ્યવાન વરતિ, હરિમૂર્તિ માંઈ રહે વસી;
તેને દેહમાં આવે દુઃખ ઊપજે, જે વા'લમમાં રહી વિલસી.'

'વૈરાગ્યવાનને ક્રોધ, માન, દેહાભિમાન વગેરે દોષો ન આવે. જેમ તેમ, જેવું તેવું, જ્યાં ત્યાં અને જ્યારે ત્યારે ચલાવી લ્યે. સાધુ-સંતને તો વૈરાગ્ય હોય; રીસ ન ચડવી જોઈએ. સંસારમાં જે રહ્યા હોય તેને બે વાનાં ભેગાં ન હોય. જેમ તેમ ચલાવી લેવું પડે. આ મુંબઈમાં સૂવાની પણ જગ્યા ન હોય, ઘણા ઓટલે પડ્યા રહે છે. તે વૈરાગ્યવાળા કહેવાય ? ના. કર્મવશ તો વૈરાગ્ય સૌ રાખે; પરંતુ *'મળે પણ મન ચળે નહીં, તે વણ મળે ઈચ્છે કેમ ?'* આવો મહિમા હોય તો વૈરાગ્ય પળાય. પછી ધોખો ન થાય.

'ચાર પ્રકારના મનુષ્ય છે : પહેલો, કોઈ વસ્તુ ન મળે તો ઝઘડો કરે.

બીજો, આસનેથી ઊભો થઈ કોઈ વસ્તુ વહેંચાતી હોય તો લેવા જાય. ત્રીજો, આસને બેસી જ ગ્રહણ કરે, અને ચોથો તો આવે તેનોય ત્યાગ કરે.

'નિષ્કુળાનંદ સ્વામીને મરચાં ઉપર બહુ પ્રીતિ. તેમને થયું કે આ ઠીક ન કહેવાય. પછી તો એક દી' વાડીમાં ગયા અને ખૂબ મરચાં ખાધાં. મરચાં ખાતાં જાય ને જીભને કહેતા જાય કે 'લે, ખા મરચાં !' એમ કરતાં તો આંખમાં પાણી આવી ગયાં. તોયે મરચાં જીભને ખવડાવ્યાં અને આંખમાંથી ખૂબ પાણી કાઢ્યું. તેમને એવો પશ્ચાત્તાપ થયો કે 'મારી વૃત્તિ આ મરચાંમાં ગઈ ?' પછી આખી જિંદગી મરચાં ખાવાની વૃત્તિ જતી રહી. માટે જગતમાં અને માયિક પદાર્થોમાં સાર ન માને તે વૈરાગ્ય. સારસિદ્ધિ એટલે કે સારમાં સારરૂપ મહારાજની મૂર્તિ સિદ્ધ કરી લેવી.'

ઉપવાસના પ્રશ્ન બદલ ઉપવાસ

સ્વામીશ્રી વૈરાગ્યની વાતો કરીને યુવકો, બાળકોને વ્યવહારમાં પણ મુકાવતા. આ માટેનું એમનું અમોઘ સાધન હતું ઉપવાસ ! એમને ઉપવાસ અંગે અતિશય આગ્રહ રહેતો.

એથી એક વાર પિનાકીન બ્રહ્મભટ્ટે પૂછ્યું : 'બાપા ! આપ આટલો બધો ઉપવાસનો આગ્રહ કેમ રાખો છો ? એનાથી શું ફાયદો થાય ?'

સ્વામીશ્રી ભાવમાં આવી ગયા ને કહે : 'ઉપવાસથી તો અગિયાર ફાયદા થાય.' પછી ગણાવવાનું શરૂ કર્યું : 'તાવ ન આવે, તરિયો ન આવે, સળેખમ નો થાય, શરદી નો થાય, વાયુ નો થાય, ગ્યાસ નો થાય...'

આમ, એકના એક પર્યાય વાપરી બે વાર ગણાવ્યા તોય અગિયાર પૂરા ન થયા. એટલે પિનાકીને પૂછ્યું ! 'બાપા ! આ તો એકના એક થયા. અગિયાર તો ન થયા.'

સ્વામીશ્રી એકદમ હસી પડ્યા : 'માળો, ગણે છે !... અપવાસ કર, ફાયદા જ છે !' એમ કહી ખૂબ હસ્યા અને પિનાકીનને આ પ્રશ્ન બદલ એક ઉપવાસ આપી દીધો !

સ્વામીશ્રી જમતા હતા ત્યાં ગુણાતીતચરણ સ્વામી આવ્યા. તે જ વખતે સ્વામીશ્રી પોતાની લાક્ષણિકતાથી બોલતા હતા : 'મહારાજ જમો, સ્વામી જમો.'

ત્યારે ગુણાતીતચરણ સ્વામી કહે : 'યોગીબાપા જમો.'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'ગુણાતીત ! ભૂખ્યા રહો.'

તે કહે : 'બાપા ! સવારે નાસ્તો કર્યો છે.'

'તો હવે પછી નહીં જમવાનું !' સ્વામીશ્રીએ ક્ષણના પણ વિલંબ વગર કહ્યું. હૈયેથી તપની રુચિ હોઠે સરી આવી : 'આજે ઉપવાસ કરી નાખજો, સવારે ખાધું એનો વાંધો નહીં !'

કોઈ સમજ્યું કે 'યોગીબાપા જમો' એમ બોલ્યા તેનો દંડ છે, તો કોઈ સમજ્યા ગુણાતીતને હસવામાંથી ખસવું થયું; પણ અંતે જોતાં સૌને સમજાયું કે *'તપ વહાલું છે વહાલમને, તેથી બીજું વહાલું નથી કાંઈ...'*

આનંદમય બ્રહ્મની સ્મૃતિ-લીલા

કેટલાક પ્રસંગોમાં સ્વામીશ્રી બોલતા ત્યારે સહજ હાસ્ય પ્રસરી જતું.

સ્વામીશ્રી સભામાં બિરાજમાન હતા અને એમને એકાએક બે છીંક આવી. એટલે કહે : 'બે છીંક આવે તે સારું શુકન કહેવાય.'

એટલે એક સંતે કહ્યું : 'બાપા ! ગુણાતીતચરણ સ્વામીને ચાર-ચાર, પાંચ-પાંચ છીંક સાથે આવે છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એ તો શરદી કહેવાય.'

આ સાંભળીને સર્વે સંતો-યુવકો હસી પડ્યા.

કથાવાર્તાના ભારે આગ્રહી સ્વામીશ્રી કથાના પ્રારંભમાં એક વાર કહે : 'બધાને કથામાં બોલાવવા જવું. કોઈ ન આવતો હોય તો તેની નાડી જોવી. જો દેહનો મંદવાડ હોય તો કહેવું : 'હાલો સ્વયંપ્રકાશ સ્વામી પાસે.' ને મનનો મંદવાડ હોય તો કહેવું : 'લાવો વચનામૃત.' વાતું કરવી. છેવટે સામ, દામ, દંડ અને ભેદ ! કથામાં લાવવા. દંડ શું ? ઠપકારવા.'

એક સંત કહે : 'બાપા ! મહંત સ્વામી ઠપકારે એવા નથી.'

સ્વામીશ્રી કહે : 'એમ ઠપકારવાની વાત નથી. જ્ઞાને કરીને ઠપકારવા.'

એક વાર માઈક્રોફોન બગડી ગયું હતું. ચાલુ સભાએ સ્વામીશ્રીના પ્રવચન વખતે જ બંધ થઈ ગયું. ત્યારે તેના ઉપર હાથ ફેરવતાં સ્વામીશ્રી માઈકને સંબોધીને કહે : 'એકાદશી રહ્યા છો ને ? માઈક ટાઢું પડી ગયું !' આખી સભા હાસ્યમાં ગરકાવ થઈ ગઈ.

એક સંત માઈકને ઉઠાવી લેતા હતા, ત્યાં ટેપરેકોર્ડરનું માઈક પણ સાથે ખેંચાયું. સ્વામીશ્રી કહે : 'ખોટા ભેગું સાચું વહ્યું જાય છે !'

સૌને સ્વામીશ્રીના આનંદમાંથી ઊંડો મર્મ મળી ગયો.

સાધુતા આવે તે વૈરાગ્ય !

એક દિવસ નિષ્કુળાનંદ કાવ્યમાંથી 'સારસિદ્ધિ' ઉપર વાત કરતાં કહે :

'પર્વતભાઈ ગૃહસ્થ હતા, છતાં તીવ્ર વૈરાગ્યવાળા હતા. એક દી' મહારાજ તેમને ગામ અગતરાઈ પધાર્યા હતા. પર્વતભાઈએ શેરડીનો વાઢ કર્યો હતો. ત્યાં મહારાજને અને સંતોને શેરડી જમવા તેડી ગયા. સંતોને તો ખટ્રસનાં વર્તમાન હતાં. તેથી મહારાજે શેરડી જમતાં પર્વતભાઈને કહ્યું : 'તમે શેરડી જમો.' ત્યારે પર્વતભાઈ કહે : 'મારા ઈષ્ટદેવ ન જમે ત્યાં સુધી મારે ન જમાય !' મહારાજે કહ્યું : 'પર્વતભાઈ ! તમારા ઈષ્ટદેવ તો હું છું, ને હું તો જમું છું.' ત્યારે પર્વતભાઈ કહે : 'મારા ઈષ્ટદેવ તો આ સંતો છે. તમે જ્યારથી તેમને ખટ્રસનાં વર્તમાન આપ્યાં છે, ત્યારથી અમે આખું ઘર તે વર્તમાન પાળીએ છીએ. માટે તે જમે તો જમીએ, કારણ કે તમને ઓળખાવનાર આ સંત છે.'

'અહીં વહેલા ઊઠી શ્રદ્ધાએ સહિત સમાગમમાં આવ્યા તેટલો વૈરાગ્ય. સવારે સૂવાનું સૌને ગમે. લિજ્જતની ઊંઘ આવે, પણ તે છોડીને સમાગમ કરવો.

'મહારાજ અને સ્વામી સિવાય પંચવિષયમાં વૃત્તિ ન જાય તે વૈરાગ્ય. સરઘસ, નાટકમાં વૃત્તિ ન જાવા દેવી. સાધુ થઈ જવું તે કાંઈ વૈરાગ્ય છે ? સાધુતા આવે તે વૈરાગ્ય ! બે કલાક ઊંઘ છોડી સમાગમ કર્યો તે વૈરાગ્ય. 'સ્વામી સવારે વાતું કરશે, ક્યાં નાસી જાય છે ? આપણે આરામ કરો ને !' એ વૈરાગ્ય નહીં. ભગવાનને ભજવા તેમાં માયા અંતરાય કરે છે. તે માયાને કાઢવી. ભગવાનની મૂર્તિમાં જોડાઈ જવું. વ્યવહાર કરવો પરંતુ ભગવાનની મૂર્તિમાં જોડાવું.

'બીજા ભલે મથે, પણ પ્રગટ સંત વિચરતા હોય ને તેની અનુવૃત્તિ પ્રમાણે ભક્તિ કરે તેનું જ ફળ મળે છે. ઓલી પરોક્ષ ભક્તિ, ઉરુ કાળે ફળ આપે. આ તરત ફળે.'

શુદ્ધ ઉપાસનાના આગ્રહી ભક્ત

એક દિવસ સુરતથી શામળ ભગત અને મોટી ખેરાળીના બચુભાઈ ધરમશી સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. બચુભાઈને પહેલાં શક્તિપંથી વિધિઓમાં ખૂબ આસ્થા હતી; પરંતુ રાજુલાના ગોવિંદ ભગતના સહવાસથી ધીરે ધીરે મહારાજ-સ્વામીની નિષ્ઠા દૃઢ થતી ગઈ. તેમને લાગ્યું કે ક્ષુદ્ર ઉપાસના કરતાં શુદ્ધ ઉપાસના કરવી વધુ યોગ્ય છે. પરંતુ તેમના ઘરમાં આ

ફેરફારને કારણે સારો વિરોધ ઊઠ્યો હતો.

તેમણે સ્વામીશ્રીને પગે લાગી પોતાની વીતક જણાવી કે 'બાપા ! કંઠી ધારણ કરી ને થોડા દિવસે મને તાવ ચડ્યો, ત્યારે સંબંધીઓ ઉશ્કેરવા લાગ્યા કે માતા કોપાયમાન થયાં છે. વળી, આ દરમ્યાન જ ઘરમાં સીમંતનો પ્રસંગ આવ્યો છે. સૌ કહે છે કે નિવેદ ધરાવવું જોઈએ. પણ મેં કહ્યું : 'સાચા સંતમાં બધાં દેવ-દેવી પ્રત્યક્ષ આવી જાય. યોગીબાપાને જમાડો તો અધિક પુણ્ય છે.' પણ કોઈ માનતું નથી. તેથી અહીં આવી ગયો છું.'

સ્વામીશ્રી એકચિત્તે તેમની વાત સાંભળતા હતા. તેમણે આગળ કહ્યું : 'બાપા ! કાં મને સાધુ કરી દો. કાં મારા ઘરનાં બધાંને સત્સંગ થાય તેવી કૃપા કરો. આવા ઘરમાં તો મને સોરવતું જ નથી.'

સ્વામીશ્રીએ પ્રેમથી તેમને સમજાવ્યા. તેમનો ભાવ જોઈ રાજીપો દર્શાવતાં કહે : 'તમે ઘરે રહેજો. વ્યવહાર કરજો. સાધુ થાવું નથી. તમારો ભાવ છે, તે ઘરનાં સૌને સત્સંગ થાશે ને સૌને નિષ્ઠા થાશે.' બચુભાઈને મોટી રાહત થઈ ગઈ.

તેઓ મુંબઈ આવી ગયા હતા તેથી ઘરનાં સૌ ચિંતાતુર હતાં. તેમણે વિચાર્યું : 'બચુભાઈ શું ખોટું કહે છે ? પરોક્ષભાવે ભગવાન ભજવા તે કરતાં પ્રત્યક્ષરૂપે ન ભજીએ ?...' સૌએ બચુભાઈની વાત વધાવી લીધી. થોડા જ સમયમાં વાતાવરણ બદલાઈ ગયું અને ધીરે ધીરે સૌને નિષ્ઠા થવા લાગી.

✧

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું હતું. તે અંગે ડૉક્ટરો સંપૂર્ણ કાળજી રાખતા હતા. તા. ૩૦મીએ જયકર સાહેબની સ્કૂલમાં તેમના ખાસ આમંત્રણથી ગણેશ ઉત્સવ પ્રસંગે પધાર્યા. કેન્દ્ર પ્રધાન માનનીય નંદાજી દર્શને આવ્યા હતા. સંતોએ સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ ગ.મ. ૧૬મું વચનામૃત ખૂબ જ સુંદર રીતે, પોતાની અલૌકિક રીતથી સમજાવી, નંદાજી તથા સભાજનોને ખૂબ આનંદ કરાવ્યો. નંદાજીએ પણ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા કહ્યો.

મહિમાના પ્રત્યક્ષ પાઠો

સાંજે મોટા મંદિરે સૂર્યનારાયણની વાડીમાં પણ ખાસ ૧૦ મોટરોમાં સંતો-હરિભક્તોનો સંઘ લઈને ગયા હતા. મંદિરોમાં તથા તીર્થોમાં દર્શને જવામાં સ્વામીશ્રી સંતો-હરિભક્તોનો સંઘ તૈયાર કરે જ. સૌને સારી રીતે દર્શન કરાવે.

સાથે પોતાની પણ સ્મૃતિ આપે. દર્શન કેમ કરાય ? મૂર્તિ તથા તીર્થનો કેમ મહિમા સમજવો ? એના આબેહૂબ પ્રતિભાવો - જે હૃદયમાં અંકિત થઈ જાય એવી વ્યવહારુ સમજ સાથે, સૌને સહેજે મળી જાય. ચિરઃસ્થાયી પ્રેરણા મળે.

ભાદરવા વદ પડવાથી શ્રાદ્ધપક્ષ શરૂ થતાં સ્વામીશ્રી શ્રાદ્ધના જુદા જુદા દિવસોએ મહારાજ, સ્વામી અને સંતોની શ્રાદ્ધતિથિ પ્રસંગે, તેમના ગુણગાન ગાઈ, દરેકને તેવી દિવ્ય વિભૂતિના જીવનમાંથી પ્રેરણા મેળવી, ભક્તિમાર્ગે ચાલવાની અખૂટ શક્તિ અર્પતા. હરિભક્તો ઠાકોરજી તથા સંતોનું પૂજન કરી, રસોઈ આપી, મોટી સંખ્યામાં સૌને જમાડતા. સ્વામીશ્રી સૌને પીરસવા નીકળતા અને અલૌકિક સ્મૃતિ આપતા.

જે ધર્મ ન પાળે તેનાથી છેટે રહેવું

તા. ૧-૧૦-'૬૬, મંગળ પ્રવચનમાં સંતોને ઉદ્દેશીને સ્વામીશ્રીએ 'સારસિદ્ધિ' સમજાવતાં અમૃત વચનો કહ્યાં :

'ભગવાનને મળેલા એટલે શું ? તો એકાત્મભાવ, સાધર્મ્યપણાને પામેલા ને અભિપ્રાયને જાણેલા તે મળેલા કહેવાય. ભગવાનના મળેલા માયિક પંચ-વિષયથી પાછા વળેલા છે.

'જે ધર્મ ન પાળતા હોય તેનાથી છેટે રહેવું. બાલમુકુંદ સ્વામી કહેતા, ફલાણા ભાઈને કાઢો... કાળા મુવાળામાં ધોળો ઊગ્યો હોય તો લોકો કાઢે, કારણ કે મોઢું ખરાબ દેખાય; પણ જ્યારે બધા મુવાળા ધોળા થાય ત્યારે કેને કાઢવા ? માટે સદ્ગુરુએ વર્તમાન ધરાવ્યાં, તે પછી દેહપર્યંત ધર્મ મૂકવો નહીં. સુખદુઃખના સમૂહ આવે તોયે જે ધર્મ ધાર્યો તે મૂકવો નહીં.

'ધન આવવા દ્યો ને, ધર્મનું કાંઈ કામ નથી.' અત્યારે આવો યુગ ચાલે છે. ધર્મ પાળે તે વાત તો પ્રફુલ્લિત વાત. આનંદની વાત છે !

'ઘણાં વરસ પહેલાં એક દરબાર ભગત અમારા ભેગો આવ્યો હતો. અમે તેને નત (નિત્ય) જમાડીએ. એક દી' અમે કહ્યું : 'ભગત ! પાણીનો ઘડો ભરો.' 'હું દરબાર, ને પાણી ભરું !' એમ દરબાર બોલ્યા. 'હું ઘડો ભરવા આવ્યો છું ?' તે માને કરી ટકી શક્યો નહીં ને ઘેર લાકડાં વે'રવા જતો રહ્યો. આપણે સેવામાં બોલાવ્યા વિના પહોંચી જવું. બોલાવે ને જઈએ તેમાં સવાદ નહીં; પણ જાતે પ્રેમથી જવું. તેમાં રાજીપો જુદો.

'સંત-હરિભક્તના તો દેહ પડે વખાણ થાય કે 'કેવી સ્વામીની આજ્ઞા

પાળી !' ભગવાનનું કેમ ગમતું છે તે જાણી દેહને દમવું; પછી તેના વચનમાં દેહને ને મનને જેમ-તેમ, જ્યાં-ત્યાં કચડી નાખવું. ભીડો આપવો. વહેવારની વાતમાં કાન માંડવા તે ભમ્યા કહેવાય. માટે શ્રદ્ધાથી વચન પાળવાં, પણ તેમાં તર્ક કે શંકા ન કરવી. જે કહે તેમાં તૂટી પડવું. બેસ કહે તો બેસવું, ઊઠ કહે તો ઊઠવું. નિષ્કુળાનંદ સ્વામી આપણા સારુ ભવિષ્યવાણી ભાખી ગયા છે. તે તો કાગ નીંદર કરતા ને હરણ ફડકો રાખતા.

'આજ્ઞાથી કરે તે સત્કર્મ, તેથી વિશેષ બીજું પુણ્ય નથી. મનધાર્યા ધર્મ સૌ પાળે, પણ સત્પુરુષનું વચન પાળે તે શુદ્ધ ધર્મ. આ મુદ્દો છે. પ્રગટ પ્રભુનાં વચન પાળે તે જ મોટો ધર્મ.

'તાજી સલામ'

'અમે વીસ વરસ પહેલાં લીંબડી ઝવેરભાઈ દીવાન પાસે સારંગપુર મંદિરના કામે શાસ્ત્રીજી મહારાજ ભેગા થયા હતા. નિર્ગુણ સ્વામી પણ ભેગા હતા. અમે દીવાન સાહેબના ઓરડામાં ગયા. દીવાન સાહેબે સ્વામીને પોતાની ખુરશીમાં બેસાડ્યા. તે દી' વીજળી પંખા નહીં. ઉનાળાના દિવસો હતા. સાહેબનો પટાવાળો બહાર બેસી સા'બ ઉપર (છતમાં ટાંગેલો વીંઝણો) પંખો ખેંચે. સાહેબને એક તુમાર કો'કને મોકલવાનો હોય ત્યારે બૂમ પાડે : 'પટાવાલે !' ત્યારે તરત જ 'જી સા'બ !' કહેતો પટાવાળો અંદર આવી, સલામ ભરી ઊભો રહે. સાહેબ કહે : 'આ તુમાર ફલાણાને આપી આવ.' તે આપી આવે ને ફરી પંખે બેસી જાય. ફરી બોલાવે ત્યારે ફરી સલામ ભરે. દસ ધક્કા ખવરાવે તોય તાજી ને તાજી સલામ.

'અમે તેને પૂછ્યું : 'સાહેબ તને કેટલો પગાર આપે છે ?' તો કહે : 'મહિને પાંચ રૂપિયા.' જુઓ, પાંચ રૂપિયા મળે તોય કેવો ઈશક ! મોળી સલામ જ નહીં.

'આપણને તો સત્પુરુષ કાંઈ સેવા બતાવે તો કહી દઈએ : 'મને એકને જ દીઠો છે ?' પણ તાજો ને તાજો પ્રેમ રાખવો. મનુષ્યભાવ તો લાવવો જ નહીં. તાજી જ સલામ ! મોળી વાત જ નહીં. આ જોઈ શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'આ પટાવાળાની જેમ સત્પુરુષની આજ્ઞા પાળી હોય, તો મોક્ષમાં શું બાકી રહે ?' સત્પુરુષની બીક રહે તો ધર્મ પળાય.

'સત્પુરુષ કહે કે 'જાવ, ટાઢે પાણીએ નાહી લ્યો.' ત્યારે તે ટાણે સમ-વિષમ ન જોવું. ધરામાં ખાબકવું જ.'

મહારાજના વચનને માથે પગ

અહીંના હરિભક્ત પુરુષોત્તમભાઈ તેમના બનેવી ડાહ્યાભાઈને લઈ હંમેશાં સ્વામીશ્રીનો લાભ લેવા આવી જતા. ડાહ્યાભાઈને પોતાના ગામ ભાદરણમાં પણ અનેક વાર સ્વામીશ્રીનો સત્સંગ-લાભ મળ્યો હતો.

એક વાર પુરુષોત્તમભાઈ અને ડાહ્યાભાઈને સ્વામીશ્રીનો નિકટનો લાભ મળી ગયો. પુરુષોત્તમભાઈએ ડાહ્યાભાઈનો પરિચય આપતાં કહ્યું : 'આ મારા બનેવી છે. ભાદરણ રહે છે... એમને આપની પાસે બહુ ગમે છે.'

સ્વામીશ્રી એકદમ પ્રેમથી બોલી ઊઠ્યા : 'અહો, આ ડાહ્યાભાઈ તો અમારી નાત છે, અમારી જાત છે. અમારું કુટુંબ ને સગાંવહાલાં છે. એમને અમારી પાસે ગમે છે, તેમ અમનેય એમની સાથે બહુ ગમે છે !'

આ પ્રેમના પવિત્ર ધોધમાં ડાહ્યાભાઈ પોતાનું અસ્તિત્વ પણ ભૂલી ગયા. સ્વામીશ્રીને મન ભક્તો જ પોતાની નાત-જાત અને સગાં છે. એ પ્રતીતિ થતાં તેમણે ધન્યતા અનુભવી. એ પછી તેમને સત્સંગનો વિશેષ રંગ લાગ્યો.

આ અરસામાં સત્સંગથી અલગ કરાયેલા બે ભાઈઓની ઉપાસના વિરુદ્ધ સમજણ અને રાગ પોષતી પ્રવૃત્તિથી તેઓ વાકેફ થયા હતા. તેમણે આ અંગે સ્વામીશ્રીને પૂછી લીધું હતું : 'બાપા ! આમાં સાચું-ખોટું શું ? તે સૂઝતું નથી. તો સમજણ કઈ રીતે કરવી ?'

સ્વામીશ્રીએ તરત જ સ્પષ્ટતા કરી, અને કહ્યું : 'આપણે સીધી લીટીની સમજણ રાખવી. મહારાજ પુરુષોત્તમ, સ્વામી અક્ષર અને પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર. તે મૂકીને બીજો સંકલ્પ થાય તે મહારાજના વચનને માથે પગ દીધો કહેવાય.' આટલા જ શબ્દોમાં તેમને સમાધાન મળી ગયું. ઉપાસના અને સિદ્ધાંતની શુદ્ધ સમજણ થઈ.

તદ્વત્‌ભાવનો રાજમાર્ગ

બીજે દિવસે વહેલી સવારે કથા પ્રસંગમાં નિષ્કુળાનંદ કાવ્ય નિરૂપતાં બોલ્યા :

'એક રાજા હતો. તેણે ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ પાણીની હેડમાં બેસી કૂવામાં ઊતરી કોરો આવે તેને મારે ગામ આપવું. બધા આ ઢંઢેરો સાંભળી વિચારમાં પડ્યા : 'માળું કૂવામાં પડી કોરું તે કેમ અવાય ?' કોઈએ આ વચન

ઝીલ્યું નહીં. પણ એક સાધારણ સિપાઈ હતો તેણે ઝડપ્યું. તે પડ્યો ને પલળીને પાછો આવ્યો. રાજાએ ફરી ઢંઢેરો પીટાવ્યો. ફરી એ જ સિપાઈએ બીડું ઝડપ્યું. એમ સાત વાર પડ્યો ને પલળીને આવ્યો.

'પછી રાજાએ સભા ભરી ને સિપાઈને પૂછ્યું : 'તું નહોતો જાણતો કે કોરું નહીં અવાય ?' એણે કહ્યું : 'રાજા સાહેબ ! હું મૂરખો નહોતો; પણ આપનું વચન અધ્ધર ઝીલવું, ભોંય ન પડવા દેવું, તેથી હું સાતેય વખત પાણીમાં પડ્યો.'

'રાજા રાજી થઈ ગયો ને ગામ બક્ષિસ આપી દીધું ને કહે : 'મારે જોવું હતું કે મારું વચન અધ્ધર કોણ ઝીલે છે !'

'મોટાપુરુષ કંઈ કહે તો : 'તમે કહેતા ભલા ને અમે સુનતા ભલા' એમ ન કરવું. વચન અધ્ધર ઝીલી લેવાં. તો તદ્ધત્‌ભાવને પામી જાય. મોરનાં આંસુ અધ્ધર ઝીલે તો ઢેલને મોર થાય, ને હેઠું પડેલું લ્યે તો ઢેલડાં થાય. તે 'ઉંહું ઉંહું' કરે. વચન ન ઝીલે તે ઢેલડાં જેવા. વચન ગરજુ થઈ પાળે પછી ફરી ફેરવણી ન થાય. છેલ્લો જન્મ. મહારાજ અક્ષરધામમાં પટ ફેંકી દે.'

વચનના ચટકા ખમે તો ગુણ આવે

'સંત વિના રે સાચી કોણ કહે...'

'શાસ્ત્રીજી મહારાજ આ કીર્તન બહુ ગવરાવતા. જ્યારે સારંગપુરમાં પોઢ્યા હોય, ત્યારે સનાતન સ્વામી કીર્તન ગાય. સ્વામી માળા ફેરવતા હોય. આ પ્રસાદીનું કીર્તન છે. આ કીર્તન નિષ્કુળાનંદ સ્વામીએ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી ઉપર જ કર્યું છે. આમાં જે સંતની વાત લખી છે તે ગુણાતીતની જ છે.

'પોતાનો રંગ આપવા માટે સત્પુરુષ કઠણ વચન કહે છે. ટોકણી કરે, વઢે. ઈયળનું અંગ બદલાવી ભમરી છત્રીસ ચટકા ભરે છે. સત્પુરુષના વચનરૂપી ચટકા ખમે તો ગુણ આવે. સભામાં ટોકે, બહાર ટોકે, પણ ખોટું લાગવું ન જોઈએ. અપમાન કરે તોય મનમાં ઝાંખપ ન આવે.

'ભાયલીના નીલકંઠ સ્વામી હતા. સ્વામી ટોકે, નિર્ગુણ સ્વામી ટોકે, તોય ખોટું ન લાગે. એક વાર ખાનદેશ ગયા. તે એવી કથાવાર્તા કરે ને એવાં કીર્તન ગાય તે બધાં રાજી થઈ જાય. રાગ પણ એવો સુંદર. ઝાલાવાડમાં મોજીદડ, ચચાણા, અડવાળ બધે ફરતા. અડવાળના બાપુભાને એવો રંગ ચડાવી દીધો કે સ્વામીને તેમણે કહ્યું : 'આપની સાથે આમને જ લાવજો.' ગોંડલમાં રસોઈ

કરતા. મગજ શેકે. સામેથી સ્વામીને પૂછવા જાય કે બતાવો. સ્વામી પણ તેમને ઘણું સાચવે. તેઓ સ્વામીને ઘડી ઘડી તુંબડું લઈ પાણી પાવા જાય. નિર્માનીપણું ઘણું. સ્વામી પાણી માગે ને આપે એમ નહીં, એની મેળે જ જાય. સાધુ થયા પછી પાંચ-છ વરસ જ જીવ્યા, પરંતુ કોઈનોયે અવગુણ ન આવ્યો. બધામાં દિવ્યભાવ ! નિર્ગુણ સ્વામી તો સભામાં ત્રાટકે, પણ ઝાંખપ નહીં. તેઓ ધામમાં વહ્યા ગયા તોય તેમના ગુણ ગવાય છે. તેમને યાદ કરીએ છીએ.

'સંત તો આખા દેશના ને દુનિયાના સગા છે. તેમને તારું-મારું હોય નહીં. તો તેઓ ટોકે છે શાથી ? જીવને આગળ વધારવા સારું ટોકે છે.'

સ્વામી અરજીઓ સ્વીકારે છે !

ભાદરવા વદ ૪, આજે સ્વામીશ્રીએ સભામાં જાહેરાત કરી કે 'આજે સ્વામી શાસ્ત્રીજી મહારાજનું શ્રાદ્ધ. આજે સ્વામી અરજીઓ સ્વીકારે છે. કોની કોની અરજીઓ છે ? બોલો, વજુભાઈ સારંગપુર સોનાનું સિંહાસન કરાવે... કરો ધૂન. મગનભાઈ ખત્રીનું કારખાનું સારું ચાલે.'

પછી હર્ષદભાઈએ કહ્યું : 'સ્વામીશ્રીનો અમૃત મહોત્સવ સર્વોપરી ઊજવાય.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'એ ધૂન તમે કરો.' પછી વળી પોતે પણ તે ધૂન કરવા લાગ્યા. અંતે મંદિર નીચેના માળે જે ઑફિસ હતી તે ઑફિસ ખાલી થઈ જાય તેની ધૂન પણ કરાવી. શાસ્ત્રીજી મહારાજ વતી પોતે ભક્તોની અરજીઓ સ્વીકારી, વિવિધ ધૂન કરાવતા અને સૌને ભગવન્મય કરતા.

દોહ્યલું દાસત્વ

એક દિવસ સ્વામીશ્રી વાત કરતા હતા કે ડભાણમાં ગુણાતીતાનંદ સ્વામીની દીક્ષા વખતે યજ્ઞ કર્યો. તેમજ વડતાલમાં શાસ્ત્રીજી મહારાજની દીક્ષા સમયે પણ યજ્ઞ કર્યો. ત્યારે ગુણાતીતચરણ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! આપ સાધુ થયા ત્યારે યજ્ઞ કર્યો હતો ?'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ગુણાતીત ન્યાં મેળવવા જાય છે, ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી !'

નાની વાતમાંયે સ્વામીશ્રીનું દાસત્વ નીખરી ઊઠતું.

તા. ૩જીએ, સાંજે ૭-૩૦ વાગે 'ખેડૂત ભાઈઓના કાર્યક્રમ'માં આકાશ-વાણી પરથી સ્વામીશ્રીનો 'જનક વિદેહી'નો પ્રસંગ અને હાર્દ ૧૦ મિનિટ માટે

રજૂ થયું. શૌચ વિધિ બાદ બાથરૂમમાં પાટલા પર બેસી આખું પ્રવચન સ્વામીશ્રીએ સાંભળ્યું. પછી કહે : 'આ બધે જ સંભળાયું ?'

'હા, બાપા !'

'આ મફત સંભળાવે ?' એવી નિર્દોષતાથી સ્વામીશ્રીએ પૂછ્યું કે હાસ્યનું મોજું ફેલાઈ ગયું. પછી કહે : 'નાની રેકડીમાં (ટ્રાન્ઝીસ્ટર) સારું વાગતું હતું.'

આ સાંભળી કોઈએ પૉકેટ રેડિયો ચાલુ કર્યો. તેમાં બહારનો કાર્યક્રમ માંડ ૧૦ સેકન્ડ સંભળાયો. સ્વામીશ્રી ચમક્યા. એકદમ કહે : 'આ તો બહારનું છે, આપણું નથી ! બંધ કરો !'

'ગયો ! ગયો ! ગયો !'

બીજે દિવસે મંગળ પ્રવચનમાં નિષ્કુળાનંદ કાવ્યમાં સારસિદ્ધિ વંચાવી સમજાવતાં કહ્યું :

'મહિમા સમજાણો હોય તો જાય નહિ, પણ લોલે લોલમાં આવ્યો તેનું ઠેકાણું ન રહે. શાસ્ત્રીજી મહારાજને પૂરેપૂરા ઓળખ્યા હોય તો બીજો ઘાટ ન થાય. મારે, ધખે, વઢે, ગમે તેમ કરે પણ તેને ન છોડે. મૂળજી, કૃષ્ણજીએ ભગવાનને ઓળખ્યા. માર્યા, કાઢ્યા તોયે ન ગયા. સંતનો મહિમા જાણતો હોય તે ન ખસે. બીજો તો એક દી' ઊભો ન રહે.

'જૂનાગઢ, ગુજરાતના બે ભાઈઓ સાધુ થવા આવ્યા. મંદિરમાં વચ્ચે એક છ આંગળિયા સાધુ મળ્યા. તેણે પૂછ્યું : 'ક્યાં જવું છે ?' તેમાં એક ભાઈ તો 'મારે (ગુણાતીતાનંદ) સ્વામી પાસે સાધુ થવા જવું છે.' એમ કહી સીધો સ્વામી પાસે વહ્યો ગયો. બીજો થાથા થાબડા જેવો હતો. તેને ઓલ્યા સાધુએ રોકી રાખ્યો ને કહે : 'હમણાં ટાઢા પડો. આ સાકરનાં પાણી પીવો. પછી સ્વામી પાસે જ'શું !' પછી તો દૂરથી સ્વામીને બતાવી કહે : 'જો ઓલ્યા સ્વામી બેઠા, ગરદી છે તેથી પછી જઈશું.' એમ તેને પાસે જવા જ ન દીધો.

'સ્વામીએ પોતા પાસે આવેલા ભાઈને પૂછ્યું : 'તમે એકલા આવ્યા છો ?' ત્યારે તેણે કહ્યું : 'ના સ્વામી ! અમે બે ભાઈ આવ્યા હતા, વચ્ચે છ આંગળિયા સાધુ મળ્યા તેણે મારા ભાઈને રોકી રાખ્યો ને હું સીધો આવ્યો છું.' ત્યારે સ્વામી ત્રણ વખત બોલ્યા : 'ગ્યો, ગ્યો, ગ્યો !' ત્યારે જાગા સ્વામીએ પૂછ્યું : 'ક્યાં ગયો ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'જમપુરી, નરક ચોરાશી ને ગર્ભવાસમાં ગયો !' આમ, બંનેને એકાંતિક થવું હતું, પણ જો સંગ ન ઓળખ્યો

તો આવું થયું.

'પોતાના દોષનો અભાવ લીધા કરે ને બેઠો રહે તે સત્સંગમાંથી જાય નહિ. માટે સાચા સંતને ઓળખવા. જાપાનનો દરિયો સાત માઈલ ઊંડો છે. તે કેટલું પાણી ! અગાધ પાણી કહેવાય. તેમ સંત તેવા ગંભીર ને ગરવા હોય. સાચા સંત ગરમ ન થાય, સદાય શીતળ રહે.

'નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજ ભેગો ગુણાતીતનો મહિમા મૂકી દીધો છે. 'અનાદિ સંત તો ગુણાતીત છે.' 'ન મળે એ બેની જોડ.' મહારાજ અને સ્વામીની જોડ બીજી ન મળે. કલ્પતરુ, કામધેનુ, પારસમણિ, ચિંતામણિ, સૂર્ય, ચંદ્ર અને મેઘ આ સાતે દૃષ્ટાંત છે. તેમાંથી સંત સમાન એકેય નથી.

'આવા સંતને તો મહારાજની જેવી ઉપમા દેવાય. આવા સંતને એથી ઓછી કે બીજી ઉપમા ન દેવાય. સ્વર્ગ, મૃત્યુ, પાતાળમાં ગુણાતીત જેવા સંત નથી. જેટલી વસ્તુ જોવા-સાંભળવામાં આવી છે તે બધી દોષ ભરેલી છે. સંત જ અમળ ને અમોલ છે.

'અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું. હજારોને સમાધિ કરાવી. નથુરામ ભટ્ટ કહે : 'આ સમાધિ ખોટી છે.' પછી નવાવાસમાં તેમણે સમાધિ જોઈ. સમાધિવાળાને મારો, કાપો તોયે કાંઈ ન થાય. તે જોઈ તેમને થયું કે 'ના, સમાધિ તો સાચી. શાસ્ત્રીજી મહારાજે ઘણો ચમત્કાર બતાવ્યો.'

'ઘણા બાવા વરસોથી જમતા નથી, પણ તે તો પોતે ઘણાં સાધન કરીને આવી સિદ્ધિ મેળવે છે, પણ શાસ્ત્રીજી મહારાજ તો ગમે તેવા જીવને કૃપાએ કરી સમાધિમાં મોકલતા.

'હીરો હાથ આવ્યો પછી ધૂડ ન ધોવી. પ્રગટને મૂકી પરોક્ષને ભજીએ તે રાનમાં રખડવા જેવું છે. 'રામ રામ,' 'કૃષ્ણ કૃષ્ણ,' 'નરનારાયણ' એમ પરોક્ષ ભજન કરે. ક્યાં પત્તો ખાવાનો છે ? આકાશની ફૂલવાડીમાં ફૂલ ન હોય. પરોક્ષમાં તો દૂધ મૂકીને છાશ પીવા જેવું છે.'

વળી, બપોરે થાળ ધરતાં જૂની વાત સાંભરતાં બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ લાઠીદડ હતા. હરગોવિંદ થાણદારે થાળ કરાવેલો. શંકરલાલ ઠાકર થાળ બોલે : *'જમો થાળ જીવન જાઉં વારી.'* તેમાં તેઓ અટક્યા વગર જ *'ચળું કરો લાવું હું જળઝારી'* - બોલ્યા. ભગવાને દર્શન દઈ કહ્યું : 'મને પૂરું જમવા ન દીધું !' પછી શાસ્ત્રીજી મહારાજે આજ્ઞા કરી કે 'હવે ૧૦ મિનિટ ખમીને બોલવું.' પહેલાં આપણે સૌ સીધું જ બોલતા, પણ તે દી'નું હવે ચળુંની કડી

પહેલાં ૧૦ મિનિટ ખમવાનું પ્રકરણ સ્વામીની આજ્ઞાથી ચાલે છે. ૧૦ મિનિટ ખમીએ તો ભગવાન પૂરું જમે; નહિતર અડધા જમતા ઊઠી જાય.'

તા. ૫મીએ કથા પ્રસંગમાં ગ.પ્ર. ૨૯મું વચનામૃત સમજાવતાં સ્વામીશ્રી કહે : 'ભાલમાં ઢોરાં હાલે તે જમીનમાં ખડિયાં પડી જાય. પછી ગમે તેવો વરસાદ વરસે પણ તે ઓગળે નહિ. સાત દી' વરસાદ વરસે, પણ તે ઢોરાંનાં પગલાં પડ્યાં હોય તે ઓગળે નહિ. તેમ જેનું ખડિયું અંતઃકરણ થઈ ગયું હોય તે ઓગળે નહિ. તે દેખાવે, ધર્મ-નિયમમાં બધું સારું લાગે, પણ તે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો તે તેનાથી ન થાય.'

લૉટરી લાગી !

મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીની વાતનો દોર ચાલુ રહેતો. આગલા દિવસની વાત બરાબર એ જ અનુસંધાન અને લહેકાથી, જુસ્સાભેર ઉપાડતા. સમયનો વિક્ષેપ રહેતો નહિ ત્યારે આ પુરુષ કાલાતીત જણાતા. સ્વામીશ્રી કહે :

'એક ગુજરાતનો જ્યોતિષી લોકોના જોષ જોતો જોતો રોટલા કાઢવા ગામતરાં કરતો કાઠિયાવાડમાં આવેલો. તે એક સત્સંગીને ઘરે જઈ તેનાં ઘરનાંને કહે : 'બાઈ ! તમારા ધણીને સાડા સાતની પનોતી છે. તે હું બતાવું તેમ વિધિ કરાવો તો સારું થશે.' ત્યારે બાઈ કહે : 'સાડા સાતની પનોતી જેને માથે હોય તેને શું થાય ?' ત્યારે તે બ્રાહ્મણ કહે : 'તેને ગામતરાં કરવાં પડે.' ત્યારે બાઈ તેને કહે : 'તે પનોતી તો તને લાગી છે. તે ઠેઠ સો ગાઉ ગુજરાતથી ગામતરાં કરતો અહીં આવ્યો છે. ને મારો ધણી તો દૂધ ને રોટલો ખાઈ ઝાડ નીચે સુખેથી સૂતો છે. માટે વહ્યો જા. અમને તો શ્રીજીમહારાજ મળ્યા છે, તે અમારે માથે પનોતી ન હોય !' કેવી દૃઢતા કહેવાય !

'હવે સ્વામી કહે છે : શિવ, બ્રહ્માદિની અણસમજણ શું હતી ? બીજા અવતાર અને મહારાજને સરખા સમજતા હતા. બધું સરખું. પરંતુ મહારાજ પ્રગટ થયા અને સમી વાત સમજાણી. કોઈનો ભાર ન પડે. પરોક્ષ ભાવમાં પ્રતીતિ જરાયે નહિ. પ્રગટ શ્રીહરિ મળ્યા. પુરુષોત્તમ મળ્યા છે. છેલ્લો જન્મ થઈ ગયો. ફરીથી ઉથરેટી લઈ જન્મ લેવો નહિ પડે. લૉટરી બે-પાંચ રૂપિયાની હોય, પણ લૉટરી લાગે તો લાખ રૂપિયા આવે. તેમ આપણને લૉટરી લાગી ગઈ. પુરુષોત્તમ નારાયણ મળ્યા. લૉટરી બધાંને ન લાગે. સોમાં કોઈકને લાગે. કોઈ દી' જિંદગીમાં ન મળે તે વાત મળી ગઈ. ભગવાન મળ્યા, તે કરોડ

કલ્યાણ થયાં. સાંભળો, હરિભક્તો ! તમે નિર્ધનિયા તો નથી ને ? આ ધનનો ઢગલો મહારાજ મળ્યા છે. ધન તો કરોડો રૂપિયા ઘરે હોય, પણ શ્રીજીમહારાજ ન મળ્યા હોત તો ધન પડ્યું રહેત.

'બીજે બધે પાંપળાં છે. મહારાજ મળ્યા પછી બીજે પામવા-પૂજવાનું ન રહ્યું. મહારાજ મળ્યા તે અંગોઅંગમાં મસ્તી આવી જવી જોઈએ !

'લીંબડી પાસે લીમલી ગામમાં મહારાજનો પરમ ભક્ત સગરામ વાઘરી રહેતો હતો. દાતણ કાપી દનિયું કાઢતો હતો. તેને પોતાના કૂબામાં મહારાજને પધરાવવાની ઘણી જ ઈચ્છા હતી. મહારાજને તેને ત્યાં જવાની ઈચ્છા, પરંતુ સુરાખાચર ને બધા કહે : 'મહારાજ ! ત્યાં તે કાંઈ જવાતું હશે ?'

'પણ એક દી' મહારાજે તો જવાનું નક્કી કરી દીધું. એક રાત્રે બધાને ઊંઘતા મૂકી દઈ મહારાજ તો ઊઠીને હાલ્યા. તે લીમલી જઈ સગરામના કૂબે હાક મારી કહ્યું : 'સગરામ ! કૂબો ખોલ્ય.' સગરામે મહારાજનો સાદ પરખ્યો ને એકદમ ઊઠીને બારણું ખોલ્યું. મહારાજને જોઈને અચરજ થયું. હરખમાં આવી ગયો. કેફ ચડી ગયો. કહ્યું : 'મહારાજ ! તમે અત્યારે ક્યાંથી ?' મહારાજે કહ્યું : 'તું મને નો'તો સંભારતો ? મને કોઈ આવવા નહોતા દેતા, તોયે ઠેઠ ગઢડેથી હાલીને આવ્યો છું.'

'પણ સગરામના ઘરમા પાથરવાનુ શું મળે ? સાંગામાંચી ઉપર મહારાજને બેસાર્યા. તેને તો મસ્તી આવી ગઈ. ને ગામમાં દોડ્યો ને મૂળજી શેઠને ઘરે જઈ સાદ કર્યો : 'શેઠ, ઊઠો ! ઊઠો ! મારા હાથીમાં કૂબો ગરી ગયો છે.' તેને કેફ આવી ગયો તે બોલવામાં ફેર પડી ગયો. કૂબામાં હાથીને બદલે 'હાથીમાં કૂબો' બોલી ગયો ! પછી શેઠ અને બીજા હરિભક્તો સગરામના કૂબે આવ્યા. ત્યાં તો ઝીણા ટમટમતા દીવાના પ્રકાશમાં સાંગામાંચી ઉપર મહારાજને જોઈને સગરામને કહ્યું : 'સગરામ ! તારી વાત સાચી છે. ખરેખર ! તારા કૂબામાં હાથી ગરી ગયો છે. ક્યાં અનંત બ્રહ્માંડના આધાર મહારાજ પૂર્ણ પુરુષોત્તમ અને ક્યાં તારો કૂબો ?'

'સગરામનાં બૈરાંને કેફ ચડી ગયો ને નવાં કપડાં પહેરી, બેડું લઈ, ભોગાવા નદીના વીરડે પાણી ભરવા નીકળ્યાં. તે સમે ઢેડ, બ્રાહ્મણ વગેરેના વીરડા જુદા રહેતા. ત્યાં આણે તો બ્રાહ્મણ વગેરેના વીરડે જઈ ઝબ દેતોક વાટકો બોળ્યો. ત્યાં બધી બ્રાહ્મણીઓ આકળી થઈ બોલી : 'અલી વાઘરણ ! ફાટીફૂલી કેમ ફરે છે ? અમારો વીરડો અભડાવ્યો.' ત્યારે તે કેફમાં બોલી :

'મારે ઘરે પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે, તે તેમને પીવા સારુ પાણી લઈ જઉં છું. તે વીરડો પ્રસાદીનો થયો. નહિ તો ક્યાંય પડ્યો રહેત !' એમ બોલી કેફમાં ને કેફમાં પાણી ભરી વહી ગઈ. પછી તો તેને ઘરે મહારાજ છાશ ને ધાનનો બોળો જમ્યા. ક્યાં અક્ષરધામ ને ક્યાં લીમલી ? માટે ભગવાન મળ્યા તેની મસ્તી આવી જવી જોઈએ.

કેફમાં ગરકાવ રહેવું

'વાછડું દૂધ ધાવે તે પૂંછડું ઊંચું કરી હલાવે કે 'વાહ દૂધ વાહ !' મોઢે ન બોલે પણ પૂંછડું હાલ્યા કરે; તેમ ભગવાનની પ્રાપ્તિની મસ્તી અંગોઅંગમાં આવવી જોઈએ. દિલ્હીથી તાર આવે કે 'તમને પ્રધાન કરવા છે.' તો ઝોલું આવે ? અરે, ક્યાંયે ઊડી જાય ! ને છકમાં ને છકમાં બધાંને કહેતો ફરે કે મને પાંચ હજારના પગારના હોદ્દાનો તાર આવ્યો છે.

'સર્વોપરી પુરુષોત્તમ નારાયણ અનંત બ્રહ્માંડના ધણી ઓળખાણા તે કેફનાં ગાડાં આપણે ઘરે આવ્યાં !

'શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ મળ્યા છે તે હરિ મુખોમુખ મળ્યા. એમાં ક્યાં નોખું છે ? એનો કેફ રહેવો જોઈએ. તો હરિ મુખોમુખ મળ્યા કહેવાય. પણ સૂઈ જાય તો ક્યાં મળ્યા છે ? જાગ્રત-સ્વપ્નમાં કેફ રહેવો જોઈએ. જેમ રાજ્યનો ને ધનનો કેફ રહે છે, તેમ કેફ રહેવો જોઈએ. આ અવસર જુદી જાતનો છે. સો વરસ પહેલાં કે પછી આપણો જન્મ થયો હોત તો પળ ન પાકત. આ તો 'કાગડાનું બેસવું ને ડાળનું ભાંગવું,' એમ તકે તક મળી ગઈ !

'નિષ્કુળાનંદ સ્વામીએ કેવાં બળનાં કીર્તન કર્યાં છે ! પ્રગટનો જ આશરો. મોળી વાત નહિ ! અખંડ જોડાઈ ગયા. આવાં કીર્તન આણંદના મોતીભાઈ ભગવાનદાસ સ્વામી શાસ્ત્રીજી મહારાજનાં ગાતા. મોતીભાઈને એવો ઈશક કે હાલે તે જાણે બ્રહ્માંડ તોડી નાખે. સ્વામીનો અપાર મહિમા, હરિ મુખોમુખ મળ્યા જેવો કાયમ કેફ. નિષ્કુળાનંદ સ્વામી જેવો જ કેફ. અમે નજરે જોયેલો. રાગ એવો, ઉત્સાહ એવો કે સ્વામી રાજી થઈ જાય. આવા પુરુષો આપણા સત્સંગમાં પાકી ગયા. લાડુ બે ચડાવીએ ને કેફ રહે એમ નહિ. મહારાજે ગોળા ખવરાવ્યા, ટાટ પહેરાવ્યા, તોયે મોળા ન પડ્યા.

'આપણને પરમ પ્રાપ્તિ થઈ છે. સુખ અનવધિકાતિશય મળ્યું છે. તે કેફમાં ગરકાવ રહેવું. તેથી સુખ-શાંતિ રહે. વ્યવહારની વાતોનું શ્રવણ-મનન

કરવું પડે ? તે તો સહેજે જ થાય, પણ આ યાદી ન રહે. માટે આ વાતુંનું હમેશા શ્રવણ-મનન કરવું.'

સવારની સભામાં વચનામૃત નિરૂપતાં બોલ્યા :

'તિરસ્કાર અને કઠણ વચનમાં શું ફેર ? તિરસ્કાર એટલે કાઢી મૂકે ને કઠણ વચનના ડંખ સ્વભાવ ઉપર મારે.'

પ્રગટની ભક્તિમાં તરત ભડાકો !

તા. ૭મીએ મંગળ પ્રવચનમાં પ્રગટ ભક્તિ નિરૂપતાં કહે :

'પુરુષોત્તમ નારાયણની ભક્તિ એ જ ભક્તિ. પરોક્ષ ભક્તિ કરે છે તેને મોજ ન મળે. પરોક્ષ ભક્તિનું ફળ ઉરુકાળે મળે. પ્રગટની ભક્તિમાં તરત ભડાકો ! લાગી કે દાગી ! બંદૂકમાં બરિયા ન (દારૂ) નાખ્યું, તેમાં કેટલી વાર ? પ્રગટની ભક્તિ એવી છે. નિર્દોષબુદ્ધિ ને દિવ્યભાવે ભક્તિ, હેત કરવું.

'ભક્તિ કરવામાં દોષ નડે છે. તે દૂર થાય તો ભગવાન કહે : 'હું નિવાસ કરીને રહું છું.' ભક્તિ-ભક્તિમાં ભેદ ઘણા છે. પ્રગટનાં વચને કરે તે જ ભક્તિ. શાસ્ત્રીજી મહારાજ પાયા ગળાવતા, તેમાં ભળ્યા તે ભક્તિ.

'પુરુષોત્તમ નારાયણ મનુષ્ય જેવા થયા ત્યારે સહુની પળ પાકી ગઈ. કોઈની પાસે આપણે પૈસા માગતા હોઈએ. દસ-વીસ ધક્કા ખાધા પછી પળ પાકે ત્યારે કહે : 'લઈ જાવ.' તેમ આપણે અનંત જન્મ લીધા, પણ શ્રીજી-મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ મળ્યા ન હતા તે મળ્યા. હેત થઈ ગયું તે પળ પાકી ગઈ.

'કેટલાક ભગવાનને રાજી કરવા જપ, તપ, તીર્થ, વ્રત, દાન, પુણ્ય, યોગ, યજ્ઞ વગેરે પોતપોતાની સામર્થી પ્રમાણે કરે છે. શુદ્ધ મન રાખી બધા કરે છે. પણ પછી આ લોકનાં સુખની આશા રાખે તે તો ઘી મૂકી છાશ માગે તેવું થયું. આ લોકની ગમે તેટલી વસ્તુઓ મળે પણ દુ:ખનો અંત ન આવે. માટે કુસકાં ન માગવાં. નોકરી-ધંધો કુસકાં છે.

'માટે ભગવાન પાસે પૈસો, ટકો, વ્યવહાર ન માગવુ. અક્ષરધામ માગવું. પણ આપણે સકામ ભક્ત, તેથી તેની રુચિ રહે. પણ રાજા રાજી થાય ને ડુંગળીના બે દડા માગે તે મૂરખ કહેવાય. રાજાને પણ આપતાં શરમ આવે. પણ ચિંતામણિ માગવી. તેમ ભગવાન પાસે બે બંગલા માગીએ તે ભગવાનને પણ દેતાં શરમ આવે. ભગવાન પાસે તો ચાર પ્રકારની મુક્તિ પણ ન માગવી.

ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જવું.'

સ્વામીશ્રી એક દિવસ, જેમણે વર્ષો સુધી સત્સંગ પત્રિકા છાપવાની સેવા કરી હતી, એવા મૂકસેવક ભગવતીભાઈના જૂહુના નવા મકાનમાં વાસ્તુ પ્રસંગે પધાર્યા હતા.

શનિવાર, તા. ૮-૧૦-'૬૬, સ્વામીશ્રી કેટલાક સંતો તથા ૭૫ જેટલા હરિભક્તો સાથે ડેક્કન ક્વીનમાં પૂના જવા નીકળ્યા હતા.

રસ્તામાં ખંડાલા ઘાટ પાસે ટ્રેન ભોંયરામાંથી પસાર થઈ રહી હતી. સંતોએ સ્વામીશ્રીને વાત કરી. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આવું ઘોર માયાનું તમ છે. તેને ઓળંગવું મહાદુષ્કર છે. સત્પુરુષ મળે તો જ ટળે એવું છે.' એમ હસતાં હસતાં સિદ્ધાંત સમજાવ્યો.

અગાઉ વર્ષો પહેલાં સ્વામીશ્રી પૂના પધાર્યા હતા. તે પછી ઘણા વખતે આ કાર્યક્રમ યોજાયો હતો. શિવાજીનગર સ્ટેશને હરિભક્તોએ સ્વાગત કર્યું હતું. લાભશંકર પંડ્યાના ઘરે સ્વામીશ્રીનો ઉતારો હતો. સંતો-હરિભક્તો અગ્રસેન ભુવનમાં ઊતર્યા હતા. અહીં સવારે તથા સાંજે સત્સંગ સભામાં સ્થાનિક ભાવિકોએ સારો લાભ લીધો હતો. મોરબી મહારાજાની વિનંતીથી સ્વામીશ્રીએ તેમના પૅલેસમાં બપોરનો આરામ કર્યો. લાભશંકરભાઈ, મોહનભાઈ મોદી તથા કુટુંબીઓએ સારી સેવા કરી હતી.

❀ ❀ ❀

અક્ષરધામમાં છે તે જ આ છે



દાદર મંદિરમાં રાતની સભામાં વિવિધ વિદ્વાનો સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદ માટે પધારતા અને પોતાનાં વક્તવ્યોનો લાભ આપતા. મધ્વ સંપ્રદાયના ગોપાલાચાર્યજી ઉપરાંત ડૉ. બી.એન.કે. શર્મા, ડૉ. નાન્દી, પ્રૉ. બુટાની, પ્રૉ. આરાવકર, પ્રિન્સિપાલ આડતિયા તથા ભાઈશંકર પુરોહિત વગેરેએ ભક્તિ અને સત્સંગનો સારો મહિમા વર્ણવ્યો.

મંગળ પ્રવચનમાં ભક્તિ ઉપર નિરૂપણ કરતાં સ્વામીશ્રી કહે : 'આ બ્રહ્માંડમાં ભક્તિ જેવું બીજું કાંઈ નથી. જે સમજુ છે તેને આ વાત સમજાય. નિર્દોષબુદ્ધિ એ જ ભક્તિ. અક્ષરધામમાં છે તે જ આ છે. સદા સાકાર સ્વરૂપ છે. અક્ષરધામમાં આત્યંતિક પ્રલય વખતે ભગવાન રહે છે તેવા અત્યારે બિરાજમાન છે તે ભક્તિ. તે ભક્તિમાં ઘડપણ ન લાવવું. *'મોળી પડી ભક્તિ ને મોળા પડ્યા ભાવ...'* 'આવો શેઠ ! નાખો વખારે !' એવું થવા ન દેવું. લૂખી ભક્તિ ન કરવી.'

ટાઢે પાણીએ ખસ કાઢી !

તા. ૧૨મીએ, સવારે ૭-૪૦ વાગે વચ. ગ.અં. ૧૭ નિરૂપતાં સ્વામીશ્રી કહે : 'સત્પુરુષનાં મૌનમાં કારણ હોય. જાવા દેવા હોય, ટાઢે પાણીએ ખસ કાઢવી હોય તે મૌન રાખે. અંતર્યામી રહ્યા થકા બધું કરી શકે. ઠીક છે, જાવા દ્યો ! બધી કળાઓ જાણે. નહીં તો ઝાટકીયે નાખે. તો અભાવ લે.'

આ દિવસોમાં સ્વામીશ્રીનો આશ્રય મૂકીને ચાલ્યા ગયેલા સંતો તથા હરિભક્તો માટે કેટલાકનાં મનમાં પ્રશ્નો થતા કે 'આવા અલૌકિક પુરુષને મૂકીને કેમ બીજા સામાન્યમાં જોડાઈ ગયા ? કેમ જતા રહ્યા ?' અથવા તો 'સ્વામીશ્રીએ અગમચેતી વાપરી શરૂમાં જ કેમ તેમને દૂર ન કર્યા ?'

આવા પ્રશ્નોના સંદર્ભમાં સ્વામીશ્રી ક્યારેક ગર્ભિત રીતે જણાવી દેતા ને

બોલતા કે 'સત્પુરુષના મૌનમાં કારણ હોય.' મૌન રાખી મોટાપુરુષ ઘણા સમય સુધી જુએ. પછી બહુ કાળ સુધી આજ્ઞા લોપે, પોતાની મરજી સાચવે નહિ અને બીજા ભક્તોનો દ્રોહ કરે, ત્યારે કોઈ નિમિત્તે ઊભું કરી એક સાથે સત્સંગનો સડો દૂર કરી દે. પોતે નિમિત્ત ન બને. જીવને પોતાની અતિશય અવળાઈ - નાગડદાઈએ કરીને આપોઆપ સત્સંગમાંથી માગ દેવા દે.

એટલે આજે વાતમાં ને વાતમાં સ્વામીશ્રી બોલી ગયા કે 'ટાઢે પાણીએ ખસ કાઢવી હોય તો મૌન રાખે.' અંતર્યામી છે, બધું જાણે છે, પણ નભાવે. ઝાટકી નાખે તો અભાવ લે. એટલે એની મેળે જવા દે.

'ભક્તિનિધિ'નો સાર

તા. ૧૪મીએ સવારે ૫-૦૦ વાગે મંગળ પ્રવચનમાં નિષ્કુળાનંદ સ્વામી વિરચિત 'ભક્તિનિધિ' ઉપર વાત કરતાં પ્રગટ ભક્તિનો અપાર મહિમા સમજાવતાં સ્વામીશ્રી કહે :

'ભક્તિ ઘણા કરે છે પણ પ્રગટ પુરુષોત્તમ નારાયણની ભક્તિ સાચી છે. પરોક્ષભાવથી માળા ફેરવે તે બધું કાચું છે. ભક્તિમાં ભેદ બહુ છે. ભગવાન અને સંત પૃથ્વી ઉપર વિચરતા હોય તેમને ઓળખીને તેમની ભક્તિ કરવી. તેમની મરજી જોઈને ભક્તિ કરવી. સુધન્વા અને અર્જુન બન્ને શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હતા; પણ સુધન્વાએ શ્રીકૃષ્ણની મરજી ન જોઈ તો માથું કપાણું અને અર્જુને મરજી જોઈ ભક્તિ કરી તો મૂર્તિ બેઠી. પ્રગટ ભગવાન કે સંતનું વચન પાળવું એ જ ધ્યાન, એ જ ધારણા, એ જ જપ, એ જ તીર્થ અને એ જ અષ્ટાંગ યોગ છે. માટે મંડ્યા રહેવું. તો ભક્તિ સિદ્ધ થાય. વાંદરાં હુપાહુપ કરે પણ તેમણે રામચંદ્રજીને રાજી કર્યા તો શાસ્ત્રમાં નામ લખાઈ ગયું. માણસ રહી ગયા. વાંદરાં પશુ હતાં પણ ભક્ત ગણાયાં. સમો જોઈ સેવા કરવી. *સમો વર્તે સાવધાન !* શાસ્ત્રીજી મહારાજે ઉપાસના માટે મંદિર બાંધ્યાં. તેમાં જેમણે જેમણે સેવા કરી તેમાં માળા, ધ્યાન આવી ગયું. માનસી પણ આવી જાય. દેહને કારસો પડે, દાળિયા ખાવા પડે, છતાં મરજી જોઈ સેવા કરી લેવી.'

આ વખતે એક હરિભક્તે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'આપની મરજી શું છે ?'

સ્વામીશ્રીએ ઉત્તર આપતાં કહ્યું :

'સંસ્કૃત ભણવું (સંતો માટે), સંપ, સુહૃદભાવ, નિર્દોષબુદ્ધિ, એકતાપણું,

કોઈનો અવગુણ ન લેવો, કોઈનું વાંકું ન બોલવું. આપણો, પોતાની જાતનો અવગુણ લેવો : ‘હું સૂઈ જાઉં છું, હું આળસુ છું,’ એ પ્રમાણે. ગ.પ્ર. ૧૬નું વચનામૃત સિદ્ધ કરવું, તેમાં બધું સિદ્ધ થઈ જાય. ભગવાન અને સંતમાં અવગુણ ભાસે તો ખરો, પણ તેનો ત્યાગ કરી ગુણગ્રહણ કરે.

‘ઋષિઓ યજ્ઞ કરતા હતા, પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું : ‘ભૂખ લાગી છે, થાળ લઈ આવો.’ તે ઋષિઓ ‘શ્રીકૃષ્ણઃ પ્રિયતામ્’ એમ કહી હોમતા જાય પણ પૈસાભાર અન્ન ન આપ્યું. ધોકાવી કાઢ્યા. પણ ઋષિપત્નીઓએ આપ્યું, તે ઋષિપત્નીઓનું નામ લખાઈ ગયું. ઋષિઓને યજ્ઞનું ફળ કાંઈ ન મળ્યું ને પસ્તાવો થયો અને પ્રગટની ભક્તિને પ્રતાપે પ્રાપ્તિ છે તે પરોક્ષથી નથી. અત્યારે ચોબા રાંધે ને બૈરાં હિંચકે ઝૂલે છે. તે ઋષિપત્નીઓએ પ્રગટની ભક્તિ કરી તે પ્રતાપથી. સાંભળેલી વાતો તો સહુ કરે છે, પણ નિષ્કુળાનંદ સ્વામીએ જે લખ્યું તે તો નજરે દીઠું છે. સ્ત્રી હોય તે પતિનો કાગળ વાંચી રાજી થાય, પણ પતિ મળે તેવું સુખ ન આવે. માટે દેવ અને મનુષ્ય કોઈને પ્રગટની ભક્તિ વિના પ્રાપ્તિ નથી, એ નિશ્ચય વાત છે. પ્રગટની ભક્તિ સારમાં સાર છે, તેમાં જરાય સંશય કરશો નહિ. પશુ, પંખી, મનુષ્ય સહુ પ્રગટની ભક્તિથી પારને પામ્યાં છે.

‘ભગવાન અને સંત પ્રગટ મળ્યા છે પણ જેવો છે તેવો મહિમા નથી. નહિ તો ટૂક ટૂક થઈ જવાય. મહારાજનો મહિમા હતો તો ૫૦૦ પરમહંસો ટૂક ટૂક થઈ ગયા. દેહને વાટી નાખીએ તો બળ મળે.

‘જે પ્રગટ ભગવાન સાથે હળ્યા, મળ્યા, દર્શન કર્યાં, સ્પર્શ કર્યો, તેની તોલે કોણ આવે ? કોઈ ન આવે. વ્રજના ગોપ-ગોપાળને પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનનું આવું સુખ મળ્યું તે જોઈ શિવજીને શોક થયો અને વિચાર આવ્યો કે ‘ગોવાળિયાનો અવતાર આપ્યો હોત તો કાંઈ બાકી ન રહેત.’ આમ, શિવજીએ પણ પ્રગટની ભક્તિને વખાણી. પ્રગટ શ્રીકૃષ્ણની પ્રસાદી ગોપી-ગોવાળને મળતી હતી, બ્રહ્માને મળતી ન હતી, તે લેવા માછલું થયા. દેવોના રાજા ઇન્દ્રને પણ જે સુખ ન મળ્યું તે ગોપી-ગોવાળને મળ્યું. વાલ્મીકિ ઋષિએ રામાયણમાં વાંદરાંને વખાણ્યાં, અને વ્યાસજીએ ભાગવતમાં ગોવાળિયાને વખાણ્યા. તે બધો પ્રગટની ભક્તિનો જ પ્રતાપ અને તેથી તેમની કીર્તિ વધી. ડાહ્યા, બુદ્ધિશાળી, વિદ્વાન, ભણેલા ઘણાય રહી ગયા.

‘માણાવદરના દરબાર ગજેફરખાન હતા. તેમણે પોતાના દરબારમાં સદ્ગુરુ યોગેશ્વર સ્વામી વગેરે સંતોની પધરામણી કરી. દરબારે સંતોને કીર્તન

ગાવાનું કહ્યું ત્યારે એક સાધુએ કીર્તન ગાયું : *'કાનુડો રે કાનુડો, જમનાજીને કાંઠે પાણી વાળી બેની, કાનુડો રે કાનુડો.'*

'ત્યારે દરબાર બોલ્યા : 'આ શું બોલ્યા, કાનુડો શું ? કોની ચૂંદડી પહેરી છે ! જિસકે ગાડેમેં બૈઠના ઉસકે ગીત ગાના.' પછી યોગેશ્વર સ્વામીએ સંતોને 'વંદું સહજાનંદ રસરૂપ' એ કીર્તન ગાવા કહ્યું. ત્યારે દરબાર બોલ્યા : 'આ ખરું, ઐસા ગીત ગાના ચાહીએ.' ત્યારે યોગેશ્વર સ્વામી બોલ્યા કે 'આ મુસલમાન છે, છતાં જેવું સમજે છે તેવું આ સાધુ થયા છે પણ નથી સમજતા.'

'માટે પ્રગટ ભગવાનનો જે યોગ થયો છે તે જેવો બીજો કોઈ અવસર નથી. ગવર્નર સાહેબ દિલ્હી તેડાવે અને પચાસ હજાર મહિને આપે તો કેટલો કેફ આવે ! તેમ કેફ આવવો જોઈએ. માટે હૃદયમાં વિવેક દૃઢ કરો કે પ્રગટની ભક્તિ સહુથી વિશેષ છે. એના જેવું બીજું કંઈ જ નથી. સમો જોઈ પ્રગટ ભગવાનને રાજી કરી લેવા.

'અર્જુને ધર્મ અને અધર્મનો વિચાર કરી યુદ્ધ ન કરવાનું નક્કી કર્યું હતું; પણ જ્યારે શ્રીકૃષ્ણની મરજી જોઈ ત્યારે ભારતની લડાઈ કરી. તેમાં કુળ, કુટુંબ, સગાં-સંબંધી, ગુરુ, ગોત્ર કાંઈ ન જોયું અને સંહાર કર્યો, એવું અઘટિત કાર્ય કર્યું, કારણ કે એ વખતે શ્રીકૃષ્ણની એ જ મરજી હતી કે પાંડવોનો પક્ષ રાખવો ને કૌરવોનો નાશ કરવો. તો અર્જુનનાં વખાણ થયાં. એમાં શુભ કે અશુભ કંઈ રહ્યું નહિ.

'માટે સારું-નરસું જોયા વિના પ્રગટની મરજી પ્રમાણે વર્તવું, પણ બીજે ભામે ચડવું નહિ. સંતો માટે સંસ્કૃત ભણવું એ મરજી અત્યારે છે. તે મૂકી બીજું કરે તે ભક્તિ નહિ. પ્રિયવ્રત રાજા હતા. નિવૃત્તિ ધર્મને મૂકી ભગવાનને રાજી કરવા પ્રવૃત્તિ કરી. આવા ભક્ત જગતમાં બહુ થોડા. માટે પ્રગટ ભગવાનને જે વખતે જે ગમે તે કરવું. તેમાં હાણ-વૃદ્ધિ, હાર-જીતનો હર્ષ કે શોક ન લાવવો, પણ નિઃસંશય અને નિરુત્થાન થઈને ભક્તિ કરવી. આ વાર્તા અતિ મોટી છે, માટે 'માનજો' એમ નિષ્કુળાનંદ સ્વામી કહે છે.'

આજે 'વલ્લભ સંગીત સંસ્થા'ના સંસ્થાપક વલ્લભ સ્વામી ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા અને પ્રેમાનંદ સ્વામી રચિત સુંદર ભજનો સંભળાવ્યાં. આમ, સત્સંગનો સર્વાંગી વિકાસ થાય એવું લક્ષ રાખી, સ્વામીશ્રી દરેક ક્ષેત્રના નિષ્ણાતોનો સંપર્ક રાખવા સંતોને સૂચવતા. દરેક ક્ષેત્રમાં જુદા જુદા સંતો નિષ્ણાત બને તેવી શુભેચ્છાથી સ્વામીશ્રી સંતોને પ્રસંગોપાત્ત પ્રેરણા

આપતા રહેતા. જે રીતે મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજનાં કાર્ય અને ઉપદેશને વેગ મળે, જગતભરમાં એનું પ્રસારણ થાય, એ રીતે સ્વામીશ્રી સંતોને તાલીમ આપતા અને અપાવતા.

ત્રિભોવનદાસભાઈ તથા દાસ ભગત આફ્રિકા જતા હોવાથી સ્વામીશ્રીએ તેમને ખૂબ ભાવપૂર્વક વિદાય આપી, હારતોરા કરી શુભેચ્છા પાઠવી. આગામી ઉત્સવ પહેલાં ૮ મહિના સુધી આફ્રિકાનાં ગામોમાં ફરીને સત્સંગ-પ્રચાર કરવાનું અખૂટ બળ પ્રાપ્ત થાય, એવા આશીર્વાદ આપ્યા હતા.

સરળ વરતવે સારું રે મનવા

મંગળ પ્રવચનમાં ભક્તિનિધિ નિરૂપતાં સ્વામીશ્રી બોલ્યા :

'જેમ નટ ચડે વળી વાંસડે, જોવા મળે સઘળું ગામ;
પણ નટ ન જુએ કોઈને, જો જુએ તો બગડે કામ.'

'ભક્તિ શ્રીજીમહારાજને રાજી કરવા કરવી. ભક્તિ કરીએ છીએ, પણ માન-અપમાન થાય ત્યારે છોડી દઈએ. માન-અપમાન સરખું ન લાગે. લાજ રહે કે જાય, પણ ભક્તિ ન મૂકવી. એ જ તાન રાખવું. દેહનાં સુખનો ત્યાગ કરવો. વખાણ સાંભળીને ફુલાવું નહિ. કોઈ અપમાન કરે તો મનમાં ખરખરો ન કરવો. કોઈ કહે : 'તમને કાંઈ નથી આવડતું, તમારામાં બુદ્ધિ ઓછી છે.' તોય મનમાં ઝાંખપ આવવા ન દેવી.

'ખીરમાં સાકરને બદલે મીઠું નાખ્યું તે બગડ્યું. તેમ ભક્તિમાં મમત્વ આવી જાય, એ મીઠું પડ્યું. અહં-મમત્વ ન લાવવો. શાંત સ્વભાવ રાખવો. ભક્તિવાળાએ કોઈની અદેખાઈ ન કરવી. આપણા કરતાં ભક્તિ વધુ કરે તો વહેલો ભગવાનના ધામમાં જાય. અહં-મમતા આવે તો ભગવાન પાસે જતા લોઢાનું કમાડ વસાઈ જાય. માટે મમતા મૂકી દેવી.

'સરલ વરતવે સારું રે મનવા...'

'સરલ વર્તવામાં જ સુખ છે. એટલું વચન જરૂર માની લેવું. રાજા કહે : 'વેંગન ચરકા.' તો લવો કહે : 'હા સાહેબ !' પછી કહે : 'ના ના, વેંગન તો બહુત સારા.' તે લવો કહે : 'હા સાહેબ ! વેંગનમાં તો બહુ સવાદ આવે !'

'તેમ ભગવાન અને મોટાપુરુષ આગળ 'હાજી, હાજી' કરે તે સેવા ને ભક્તિ. ઉદ્ધવે ભગવાન પાસે માગ્યું : 'ગોપીઓની ચરણરજ જ્યાં હોય ત્યાં લતા-ગુચ્છ થાઉં.' ભગવાનની રજ ન માગી. ભક્તિ માગી. અભિમાન ન

રાખવું. અક્કડ ન રહેવું. અક્કડ રહીએ તો જોડાં પડે.

'મહારાજ છતાં પરમહંસો મહારાજની આજ્ઞા પાળતા. દિવસ કહે તો દિવસ ને રાત કહે તો રાત. તે ઉપર રાજીપો થયો. દાસના દાસ થવું. મનધાર્યું મૂકી દેવું. કહે તેમ કરવું, તો જીવમાં બળ આવે. મનધાર્યું કરે તો રાજી ન થાય. આ હેતનાં વચન છે. તે હૃદયમાં ધારવાં. તો પોતાનું કાર્ય સિદ્ધ થાય. માટે એમાં કચાશ જરાય ન રાખવી.

'માન, ઈર્ષ્યા ન આવવાં દેવાં તે સરલ કહેવાય. આંખમાં કણું પડે તો ઊંઘ આવી જાય ને ? ખટક ખટક થાય. ક્યારે દાક્તર પાસે કઢાવીએ એમ થાય. એમ ખટકો રાખવો.'

તન-મનનો મમત શું ?

વળતે દિવસે મંગળ પ્રવચનમાં ભક્તિનિધિ સમજાવતાં અલૌકિક લાભ આપ્યો. સ્વામીશ્રી કહે :

'તન-મનનો મમત શું ? મંદિરનું કામ હાલતું હોય, તગારાં લેવાતાં હોય, સ્વામી કામ ઉપર બેઠા હોય, ત્યારે એમ વિચારે જે : 'સ્વામી તો રાત-દી' બેસે છે. સવારે કામે જઈશું.' એ તનનો મમત કહ્યો. એ તો ઝોળિયાં પારેવાં જેવું થવું જોઈએ. ઝંપલાવવું. આવી ભક્તિ કરે તો તન-મનનો મમત છોડ્યો કહેવાય. 'થાય છે, કરાય છે,' એમ દેહાભિમાન રહી જાય છે. દેહ માંડ લાગમાં આવ્યું છે. પારકું ઘોડું ગણીને દેહને સેવા-સમાગમમાં, વહેલા ઊઠવામાં વાપરે, તે મમત છોડ્યો કહેવાય. મમત છોડે તો ભક્તિ થાય.

'થાય છે, રાત-દી' કથા હાલ્યા જ કરે છે,' એમ રહે એ મનનો મમત. સવાયું કામ કરે, સવાઈ માનસી કરે, સવાઈ પૂજા કરે, સવાઈ માળા કરે, એ મમત નહીં. દીનતાએ યુક્ત ભક્તિ કરવી. સહનશક્તિ એ સાધુતા. બાટકે, ક્રોધ કરે એ અસાધુતા.

'બે પ્રકારનું મન : શુદ્ધ મનથી ભક્તિ કરો તો અક્ષરધામમાં જવાય. કેટલાક દેખાવની ભક્તિ કરે છે, તે અશુદ્ધ મનથી ભક્તિ ન કરવી. સરળ પ્રકૃતિ રાખવી. શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજને ગુરુ કર્યા. 'હું ભણેલો છું' એમ અભિમાન ન રાખ્યું. ભગતજીને રાજી કર્યા તો શાસ્ત્રમાં લખાઈ ગયું. સ્વામીએ મહિમા સમજાવ્યો. જાતિ ન જોવાય. ગમે તે વર્ણ હોય પણ એ તો તુંબડામાં દાડમ છે. જાત ઉપરથી દેખાય, પણ અંદર તો સાક્ષાત્ ભગવાન છે.

સ્વામીએ અભિમાન છોડી તેમને સેવ્યા. પરોક્ષમાં સૌ કહે છે : ખરા ભગતને જમાડ્યા ત્યારે શંખ વાગ્યો. ભગવાન એ દ્વારે જમ્યા. તેના ધર્માદિ ગુણ સામે જોવું. ઉપરની જાત જોવાય નહીં.

'ઘણાં ભણેલા-ગણેલા ભાષણ કરતા હોય; પણ એમાં કાંઈ નહીં. ભગવાન તો અંતર્યામી અને અવિનાશી છે. મોટાપુરુષ બીતાં ફરે; રખે કોઈનો અપરાધ થાય ! સત્પુરુષ પેખીને પગલાં ભરે. દયાના સાગર, દયાની મૂર્તિ ! પશુ-પંખી ઉપર પણ કરડી નજર ન કરે. બધા ઉપર સમભાવ રાખે. સાધુતા સર્વે અંગે છે. ચોસઠ લક્ષણે યુક્ત છે. કોઈને છેતરી પાડવો, કોઈનું લઈ લેવું, એમ નહીં. સહનશક્તિ, ખમવું, તે સાધુતા અપાર. બે-પાંચના હિતકારી નહીં. આખી દુનિયાના હિતકારી. અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ - ત્રણેય તાપ ટાળી નાખે.

'આવા નિર્દોષબુદ્ધિવાળા સંત સૌને શાંતિ આપે. દુઃખ ટાળે. અપાર મોટા શું ? જેની સમજણ ન કળાય એવા ગુણાતીત સ્વામી.

'ભક્તિનિધિનો ભંડાર રે સંતો...'

'ભક્તિ ખજાનો છે. આવી ભક્તિ-સેવા કરીએ તો ભગવાન આપણા ઉપર રાજી થાય છે. બે હજાર વિદ્યાર્થીઓ બૅરિસ્ટરની પરીક્ષામાં બેસે, તેમાંથી પાંચ જણને પાસ કરે. ઉત્તમ કોટિનું જ્ઞાન ઓછાને મળે. વહેલા ઊઠી ભક્તિ કરીએ તો ભક્તિ થાય. મરતાં મરતાં નહીં. ભક્તિ મોટા પુણ્યે, પૂર્વના સંસ્કારે મળી છે; નહિ તો બૈરાં-છોકરાંનાં ધુંબા ખાત, ખાસડાં ખાત.

'આવાં વર્ણન ન કર્યાં હોત તો આપણે ભક્તિ ન કરી શકત. સડક કરીને અંધારી રાતે પણ ચાલી શકીએ. ખાડા, ખાધરા, કોતરિયો માર્ગ હોય તો અંધારી રાતે ન ચલાય. નિર્દોષબુદ્ધિ-દિવ્યભાવની ભક્તિ-સેવા કરવી. ભક્તિ ન કરીએ તો કોરા રહી જઈએ.

'હરિભક્તોએ ગાફલપણું ન રાખવું. સંતને રાખવું એમને ? બધાએ ન રાખવું. સૂઈ રહીએ; ખાતા રહીએ; સભામાં ટાણે ન આવીએ; 'થાય છે, કરાય છે;' એ ગાફલપણું.

'દેહને વાસ્તે જે કાંઈ કરવું તે રાખમાં ઘી નાખવા જેવું છે. તે પાછું નીકળે નહીં. અંદર જ સમાઈ જાય. માટે દેહનો ભરોસો નથી. કાલ સવારે દેહ પડી જશે.'

ઠાકોરજીને સંકડાશ પડશે !

એક બપોરે થાળ ધરતાં સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અન્નકૂટ

જાતે બનાવતા. ઠાકોરજી ઉપર બહુ હેત. મને કહે : 'જોગી ! તમારા ઠાકોરજી ઉપર મંદિરે લઈ જાવ. થાળ ધરાવો.' આવો તેમનો ઠાકોરજી ઉપર પ્રેમ. આપણે તેમના શિષ્યો છીએ. તો પ્રેમથી થાળ બોલવા આવી જવું.'

આજે ગુણાતીતચરણ સ્વામી ઠાકોરજીના સિંહાસનને અડીને બેઠેલા. સ્વામીશ્રી કહે : 'ગુણાતીત ! અહીં બિરાજો. ઠાકોરજીને સંકડાશ પડશે !'

તા. ૧૮મીએ રાત્રે મહારાષ્ટ્ર રાજ્યના ગૃહપ્રધાન માનનીય ડી.એસ. દેસાઈ તથા હાઉસિંગ બૉર્ડના ચૅરમૅન ભાઉ સાહેબ પાટીલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સંતોએ કીર્તનો ગાયાં. મહારાજ, સ્વામી અને સંતોના મહિમાની ઘણી વાતો થઈ. બંને મહાનુભાવોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

રાત્રે પોદાર કૉલેજ હૉલમાં બહુ મોટી જાહેર સભા યોજાઈ હતી. જેમાં હકાભાઈ, મગનભાઈ સેક્રેટરી, પ્રૉ. જનક દવે, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી તથા પ્રમુખસ્વામીએ સત્સંગ વિષયક પ્રવચનો કર્યાં હતાં. અંતમાં, સ્વામીશ્રીએ ખૂબ જ બ્રહ્માનંદની મસ્તીમાં ડોલતાં ડોલતાં મનુષ્ય દેહની દુર્લભતા તથા સાધુતાનાં લક્ષણ સમજાવ્યાં હતાં.

ભક્તિની વ્યવહારુ સમજ

વહેલી સવારે ભક્તિના મૂર્તિમાન સ્વરૂપ સમા સ્વામીશ્રીના મુખ-કમળમાંથી ભક્તિનિધિની અમૃતધારા અસ્ખલિત વહેતી સૌને ભક્તિરસમાં તરબોળ કરતી હતી. સ્વામીશ્રી કહે :

'સાચા ભક્તની વાત કરે છે. એકવીસ હજાર શ્વાસોચ્છ્વાસ છે. તે શ્વાસોચ્છ્વાસ ભજન કરે. ગામ-ગપાટા ન મારે. ભક્તિ એટલે સેવા. જે સોંપાઈ ગઈ હોય તે ઉમંગથી કરે. ભીતરમાં ભક્તિ ખાસ રાખવી. દેખાડવાની ભક્તિ ન કરવી. ભક્ત સાચો હોય તો શ્રીખંડ કડવો લાગે જ. નિરાંતે ન સૂવું. સિંહની પેઠે. બપોરે ૧૧-૦૦ થી ૫-૦૦ કોણ સૂવે ? નોકરીવાળા, ભણનારા ન સૂવે. અહોહો... સ્વામી આપણા ઉપર જ સમજાવે છે. કોઈનું જમીએ છીએ, તો ભજન કરવું.

'ચૌદ લોકનાં સુખમાં કંઈ માલ નહીં. મીઠા વિનાના શાક જેવું છે. અંતરમાં તાન રહે કે ભક્તિ કરી ભગવાનને રાજી કરવા. 'અહોહો ! હાર કરવાનું કાર્ય ! હિંડોળા કરવાનું કાર્ય !' તે ભક્તિ; 'રહેવા દ્યો ને ! બીજા જશે;' એ ભક્તિ નહીં. હૃદયપૂર્વક જોઈએ. તે સેવા એની મેળે ઉપાડી લઈએ તે

ભક્તિ. હરખની ભક્તિ.

'ભક્તિ ચોવીસ કલાક કર્યા જ કરવી. સો વરસનો થાય તોય ભક્તિનું પેન્શન ન મળે. (ભક્તિમાંથી નિવૃત્તિ ન મળે.) અક્ષરધામમાં જઈએ એ પેન્શન. મહારાજ પાસે બેસીએ. લોક રીઝવવા ભક્તિ ન કરવી. અંતરની ભક્તિ કરવી.

'ભક્તિ સિવાય બીજું જગત અંગારા જેવું લાગે. સવાર સુધી સોડ્ય વાળીને ન સૂવું. નસકોરાં ન બોલાવવાં. ટૂંટિયું વાળી ન સૂવું. ટાઢ વાય તો ભજન થાય ! પાંચ કલાક જ સૂવું. માંદો હોય, અવસ્થા થઈ હોય, બ્લડ-પ્રેશરવાળો હોય, તે સાત કલાક સૂવે. સાજો હોય, બશેર જમી જતો હોય, તેણે પાંચ કલાક જ સૂવું. સેવા ન કરીએ તે ઉપર ઠપકો દીધો. હરણ ફડકે સૂવું. હરણને બીક બહુ. 'આંખ મીંચે કોઈ બંદૂક મારશે,' એમ બીક રહે. અઢાર કલાક ભજન-ભક્તિમાં જાય. હરિભક્તો દાખડો કરી જમાડે. પુણ્ય આપવા આપણે ભક્તિ કરવી. ખાઈને ભજન ન કરે તે ખોટ છે.

'કોની વાત હાલે છે ? આપણી. માનસી, માળા, ધ્યાન ન કરે, વાસણ ન ઊટકે, ચોક ન વાળે અને એકાંતિક ભક્ત થાવા ઇચ્છે. ક્યાંથી થાય ? ઘાસનાં ગાડાં જોડે તેને ઘેબરનું ભાથું ક્યાંથી મળે ? તેને તો ટાઢો રોટલો ને છાશ જ હોય. ભક્તિ કરતાં અભયપદનું બજાર ખુલી જાય છે. માટે ભક્તિ કરવી.'

✧

તા. ૨૦મીએ 'ગુજરાત એક્સપ્રેસ'માં અટલાદરા આવી પહોંચ્યા.

અહીં સાંજે મંદિરના નવા ભવ્ય પ્રવેશદ્વારનું ખાત મુહૂર્ત કર્યું. ગુજરાત વિદ્યુત બૉર્ડના ચૅરમૅન શાંતિકુમાર રાજા તથા ચીફ એન્જિનિયરો વસાવડા વગેરે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

બીજે દિવસે બોચાસણ દર્શન કરી, આણંદ થઈ, વસોવાળા રાવજીભાઈના નવા મકાનનું વાસ્તુ વિદ્યાનગરમાં કરી, છાત્રાલયમાં યુવકોને મળીને, નડિયાદ થઈ, લીંબડી રાત્રે ૮-૩૦ વાગે પધાર્યા. સંતસ્વામી સારંગપુરથી આવ્યા હતા. રાત્રે જાહેર સભામાં ત્રણ થી ચાર હજાર મુમુક્ષુઓએ લાભ લીધો હતો.

તેઓ સૂતેલા અંતરાત્માને જગાડે છે

સ્વામીશ્રી તા. ૨૩મીએ રાજકોટથી ગોંડલ પધાર્યા. અક્ષર જયંતી મહોત્સવ ઊજવવા ધીમે ધીમે હરિભક્તોના સમુદાયો દૂર દૂરથી દરરોજ આવવા લાગ્યા. તા. ૨૭મીએ સાંજે ગુજરાત રાજ્યના પંચાયત તથા સહકાર ખાતાના

પ્રધાન વજુભાઈ શાહ, ધારાસભ્ય ડૉ. દેવશીભાઈ પટેલ સાથે અક્ષર મંદિરનાં તથા સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા. સભાને સંબોધન કરતાં તેમણે કહ્યું : 'હજારો રૂપિયા ખરચવા છતાં સમાજમાંથી જે દૂષણો દૂર કરી શકાતાં નથી. તે દૂષણો પ્રેમથી સહજાનંદ સ્વામીએ દૂર કર્યાં છે. જે જે કાર્યો કાયદાથી નથી થઈ શકતાં, તે કાર્યો આવા સંતો કરી રહ્યાં છે. આવા સંતો ભારતનાં વિભૂતિ રત્નો છે. તેઓ પ્રેમ અને શાંતિનો, ભગવાનનો આદેશ લઈ પધારે છે. આવા સંતોના યોગમાં આવતાં માણસનાં મનમાં સદ્‌વર્તન, સરળતા, પવિત્રતા, ચારિત્ર્ય, ધર્મ, નિયમ વગેરેના સંસ્કારો જાગી ઊઠે છે. તેઓ સૂતેલા અંતરાત્માને જગાડે છે. જીવનભર સત્કર્મ કરું એવા શુભ આશીર્વાદ હું સ્વામીશ્રી પાસે માગું છું.'

અહીં ભગવાન પ્રગટ છે

તે દિવસે રાત્રે જાહેર સભામાં સ્વામીશ્રીએ પ્રવચન કરતાં કહ્યું હતું :

'જેનું નામ રટ્યા... એવા યજ્ઞપુરુષદાસ તમને પાયે નમું પ્રીતથી...' શાસ્ત્રીજી મહારાજનું નામ રટ્યા થકી મલિન સંકલ્પો નાશ પામે છે. ભવોભવના ફેરા ફરવાના મટી જાય છે. પણ જેને ગુરુનો મહિમા સમજાણો નથી, તેને ભવના ફેરા ફરવાના બાકી રહે છે.

'સ્વામી શાસ્ત્રીજી મહારાજના ગુણો લંડન, જાપાન, અમેરિકા વગેરે દેશોમાં પ્રવર્તશે. સારંગપુર, ગોંડલ વગેરે મંદિરોમાં બેસવાની પણ જગા નહિ મળે. હરિભક્તો ખૂબ વધશે. અહીં ગાદલાં, વાસણ, દાતણ વગેરે સગવડ આપવામાં આવે છે, કારણ કે અહીં ભગવાન પ્રગટ છે. પરોક્ષમાં આવી વ્યવસ્થા ક્યાંય નથી. ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદી છે. વામનજી ભગવાને તેમાં ફક્ત અંગૂઠો બોળ્યો છે; નાહ્યા નથી. છતાંય તેમાં નાહવાનો લોકોને ખૂબ મહિમા છે. અમે જાત્રામાં ત્યાં ગયેલા. હાથનાં આંગળાં ઠરી જાય તેવું ઠંડું પાણી. છતાં પણ અમે નાહ્યા હતા. શરદી ન થઈ. અહીં ગોંડલી નદીમાં શ્રીજીમહારાજ પાંચસો પરમહંસો સાથે હાથિયે ધરે નાહ્યા છે. ઘાટ મહાપ્રસાદીનો છે. તેમાં સૌ શ્રદ્ધાથી નાહજો. જગન્નાથજીમાં ખૂબ ધક્કામુક્કી થાય છે. અહીં નિરાતે દર્શન થાય છે. અહીં દેરીમાં ચરણારવિંદની નીચે ગુણાતીત સ્વામીનાં અસ્થિનો કુંભ મૂકેલો છે. આ સ્થાન મહાપ્રસાદીનું છે. અહીં ભગવાન અને સંત પ્રગટ છે. અક્ષર દેરીમાં એક પ્રદક્ષિણા કરે તો એક યજ્ઞનું પુણ્ય થાય છે. માટે પ્રદક્ષિણા કરવી. આરતીમાં આવી જવું. ખાનગી વાત પડતી મૂકીને પણ આરતીમાં દર્શને જવું.'

તા. ૨૮મીએ સવારે ૮-૦૦ વાગે સભામાં મંગળ પ્રવચનનો કાર્યક્રમ રાખ્યો હતો. ગુરુકુળના વિદ્યાર્થીઓએ બૅન્ડ-વાજાંથી સ્વાગત કર્યું. ગૃહપતિ ચુનીભાઈ પટેલે હેવાલ આપ્યો. ટૂંક સમયમાં ગુરુકુળમાં જે પ્રગતિ થઈ તેથી સૌએ સંતોષ વ્યક્ત કર્યો. ત્યારપછી મણિભાઈ સલાડવાળા, હર્ષદભાઈ તથા પ્રમુખસ્વામીનાં પ્રવચનો બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'જે જે અહીં અક્ષર દેરીમાં આવશે તેને શાંતિ શાંતિ થઈ જશે. જેમ જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ ભીમ એકાદશીનો સમૈયો બાંધ્યો તે હજુ ચાલ્યો આવે છે, તેમ સ્વામી શાસ્ત્રીજી મહારાજે અહીં શરદ પૂનમનો સમૈયો બાંધ્યો તે પ્રમાણે ઉત્સવ ઊજવાય છે.'

ગુણાતીત જન્મોત્સવ

અક્ષર મંદિરના વિશાળ ચોગાનમાં સુંદર મંડપ બાંધ્યો હતો. સ્વામીશ્રી માટે એક સુંદર-ઊંચી બેઠક તૈયાર કરી હતી અને સ્વામીશ્રી પાછળ એક ફરતું તેજચક્ર ગોઠવ્યું હતું. આશરે દસ હજાર હરિભક્તો સભામાં હતા.

પ્રથમ આરતી રાત્રે ૮-૫૫ વાગે સ્વામીશ્રીએ કરી. પછી શંકર કવિએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ગગનભેદી બુલંદ અવાજથી બોલાવીને પોતાની વિશિષ્ટ શૈલીમાં આખ્યાનો કહી ખૂબ જ આનંદ કરાવ્યો. બીજી આરતી મોટાસ્વામીએ ૯-૩૦ વાગે કરી. પછી મોહનલાલ અજાગિયા તથા ખેંગારજીભાઈએ પ્રવચનો કર્યાં. ત્રીજી આરતી પ્રમુખસ્વામીએ ઉતારી. પછી ગુરુકુળના વિદ્યાર્થીઓએ પ્રાર્થના ગાઈ અને ઠાકોરભાઈએ સુંદર ભજન સંભળાવ્યું. ચોથી આરતી સંતસ્વામીએ કરી. પછી ગુરુકુળના વિદ્યાર્થીઓએ અક્ષરપુરુષોત્તમ ઉપાસના, ગુણાતીતાનંદ સ્વામીનું જીવન અને કાર્ય તથા શિક્ષાપત્રી વગેરે સત્સંગના વિષયોને આવરી લેતો સુંદર સંવાદ ભજવી, ગમ્મત સાથે જ્ઞાન પીરસ્યું.

સંતસ્વામીએ પ્રવચન કરતાં કહ્યું : 'ગુણાતીત થયા વગર અક્ષરધામમાં જવાતું નથી. સાચા ભક્ત ગુણાતીત સ્વામી છે. સાચી ઉપાસના અક્ષર-પુરુષોત્તમની છે. શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજે 'દીવો ત્યાં દાતણ નહીં અને દાતણ ત્યાં દીવો નહીં' એવી રીતે વિચરણ કરી, આ ઉપાસના પ્રવર્તાવી છે. પાતાળે પાયા નાખ્યા છે. પૃથ્વીનું પડ રહેશે ત્યાં સુધી ઉપાસના રહેશે. શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'ભૂલેચૂકે હાથ જોડશે, મંદિરને નમશે તે

અક્ષરધામમાં જશે.' માટે તેમની રુચિમાં ભળવું. તેમનું કાર્ય શોભાડવું. કોઈ આંગળી ચીંધે એવું ન થવા દેવું.'

પછી કલેક્ટર ચુડાસમા તથા આશાભાઈ પટેલે પ્રવચનો કર્યાં હતાં.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું 'ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં રહી હરિભક્તોને મૂર્તિનાં દર્શનનું સુખ આપ્યું. શાસ્ત્રીજી મહારાજ હરિભક્તોનાં સંકટ કાપી હૃદયમાં શાંતિ આપતા અને શ્રીજીમહારાજની મૂર્તિ આપતા. અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી છે. તે મહારાજને રહેવાનું અક્ષરધામ છે. શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે; તેમને બીજા અવતાર જેવા જાણે તે જ મૂળ અજ્ઞાન છે.

દરેક આરતી પ્રસંગે ગુરુકુળના વિદ્યાર્થીઓએ બૅન્ડ વગાડી વાતાવરણમાં ઉત્સાહ ઉમેર્યો હતો. મગનભાઈ સેક્રેટરીએ આભાર વિધિ કર્યો અને સ્વામીશ્રીની ૭૬મી જન્મ જયંતી અમૃત મહોત્સવ ખૂબ જ ઉત્સાહથી ઊજવવા ઉદ્‌ઘોષ કર્યો.

માનુષિક ક્રિયાની પેલે પાર

તા. ૨૯મીએ, મોરબી રહેતા ગિરીશભાઈ દણાક યાત્રા કરવા નીકળ્યા હતા. તેઓ સૌ પ્રથમ અહીં આવ્યા. તેમનું કુટુંબ પણ સાથે હતું. અહીંથી ગઢડા, સારંગપુર પણ જવાનું હતું. ઘરની આર્થિક પરિસ્થિતિ સામાન્ય. તેથી ઘણા વખતે બચત કરીને થોડા રૂપિયા લઈ યાત્રાએ નીકળ્યા હતા. પૈસા એટલા થોડા હતા કે ત્રણે ધામ જવાના ભાડાંમાં જ તે ખર્ચાઈ જાય. તેથી ગિરીશભાઈ ખૂબ કરકસર કરી પૈસા ખર્ચતા.

અહીં તેઓ સ્વામીશ્રીનાં દર્શન કરવા આવ્યા. તેઓ પગે લાગ્યા કે તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'આ આવ્યા. આમને આ ગ્રંથ આપી દ્યો.'

બાજુમાં બેઠેલા એક ભક્તે તેમને શાસ્ત્રીજી મહારાજ શતાબ્દી ગ્રંથ - 'યજ્ઞપુરુષ સ્મૃતિ' આપ્યો. ગિરીશભાઈને સત્સંગનો એટલો બધો પરિચય નહીં. તેમણે માન્યું કે 'ખ્રિસ્તી મિશનરીઓની જેમ પોતાના પ્રચાર માટે સાહિત્ય આપે છે તેમ આ પુસ્તક ભેટ મળે છે.' તેમણે આભાર વ્યક્ત કર્યો ને ચાલવા લાગ્યા.

ત્યાં જ સ્વામીશ્રીએ સાદ કર્યો : 'ગુરુ ! બાર રૂપિયા દેતા જાવ !'

ગિરીશભાઈ ચમક્યા. કહે : 'મારી પાસે પૈસા નથી.'

'તમારી પાસે છે.' સ્વામીશ્રીએ કહ્યું. તેમને લાગ્યું કે જૂઠું બોલતાં પકડાઈ

ગયો છું. તેથી જરા કચવાયા. મનમાં ગુસ્સો પણ આવ્યો. ને કહે : 'બાપા ! થોડાક જ રૂપિયા છે. તેમાં સારંગપુર, ગઢડા જવાનું છે. મારે આ ગ્રંથ જોઈતો નથી. પાછો લઈ લો.'

સ્વામીશ્રી ના કહે અને ગિરીશભાઈ પાછો આપવા હઠ કરે. પણ સ્વામીશ્રી કહે : 'તમને દેવો જ છે. ઈ નો હાલે ગુરુ ! માટે રૂપિયા દઈ દ્યો.'

પરંતુ ગિરીશભાઈ એકના બે ન થયા. અન્ય હરિભક્તોએ તેમને સમજાવ્યા. છતા તેઓ ન માન્યા.

ત્યાં અચાનક જ સ્વામીશ્રી કહે : 'ગુરુ ! તમારું નામ શું ?'

'ગિરીશભાઈ.' તેમણે સાહજિકતાથી કહ્યું.

હવે શું થાય છે તે વિચારે તે પહેલાં તો સ્વામીશ્રીએ તેમના હાથમાંથી ગ્રંથ લઈ લીધો. અને તેના પ્રથમ પૃષ્ઠ ઉપર તેમના વિશિષ્ટ હસ્તાક્ષરોથી *'સ્વામીશ્રીજી સત્ય છે, દા. જ્ઞાનજીવનદાસજી, ગિરીશભાઈને,'* એટલું લખી નાખ્યું અને તરત જ ગ્રંથ ગિરીશભાઈના હાથમાં પકડાવી દીધો. કહે : 'ગુરુ ! હવે તો તમારું નામ લખાઈ ગયું. ઈ લીધે જ છૂટકો.'

હવે ગિરીશભાઈને તે ગ્રંથ લીધા વગર છૂટકો જ ન હતો. બબડતાં, ધૂંધવાતાં તેમણે ૧૨ રૂપિયા આપી દીધા અને બહાર આવી કુટુંબીઓને જણાવી દીધું કે 'હવે સીધા મોરબી પાછા જવાનું છે, પૈસા નથી...'

બધા નિરાશ થયા, પણ મંદિર બહાર નીકળ્યા ત્યાં મોરબીના સત્સંગી વેપારી મળ્યા. ગિરીશભાઈએ બાર રૂપિયા ઉછીના લેવા વિચાર્યું, પણ તે વેપારી પાસે પણ પૈસાની સગવડ નહોતી. તેથી ગિરીશભાઈને થયું કે 'આ બધી તકલીફનું કારણ યોગીબાપા છે.'

આ વિચારતા હતા ત્યાં એક ભાઈએ તેમને બોલાવ્યા. પૂછ્યું : 'ક્યાં જવા નીકળ્યા છો ?'

'જવું હતું ગઢડા-સારંગપુર, પણ હવે તો ઘરે - મોરબી જવું છે !' તેમણે તકલીફ કહી.

પેલા ભાઈ કહે : 'અરે બધાય અમારી સાથે બેસી જાવ ! અમારું સ્ટેશન વેગન ત્યાં જ જાય છે !' અને તેઓ સહકુટુંબ બેસી ગયા. ગુજરાતના પટેલ હરિભક્તના સ્ટેશન વેગનમાં નાસ્તો જમતાં બંને તીર્થો થઈ ગયાં ! વળી, દર્શન કરાવી તેઓ છેક મોરબી સુધી મૂકી ગયા ! એક પૈસો પણ ન લીધો. ગિરીશભાઈને સત્સંગ અને સત્સંગીઓની સુહૃદતાનો પરિચય મળ્યો, અહોભાવ

ઊમટ્યો. રીસ તો ક્યાંય ગાયબ થઈ ગઈ, પરંતુ સ્વામીશ્રીએ બાર રૂપિયાના ગ્રંથને બદલે જાણે સત્સંગને જોવાની દિવ્ય દૃષ્ટિ જ આપી દીધી હોય, તેવો તેમને અનુભવ થયો.

મોટાપુરુષની ક્રિયા ને હેતુ સમજવા કેટલાં કઠિન હોય છે ! સ્વામીશ્રીના મનુષ્ય ચરિત્ર દ્વારા પણ દિવ્યતાનો સ્પર્શ પામી ભક્ત કૃતાર્થ થઈ જતો !

તા. ૪-૧૧-'૬૬, સ્વામીશ્રી સરદારગઢ મંદિરમાં મૂર્તિઓ પધરાવી, પીપલાણા, વંથળી દર્શન કરી, જૂનાગઢ પધાર્યા. રાત્રે જાહેર સભા થઈ. બાદ જેતપુર દર્શન કરી, ગોંડલ આવી પહોંચ્યા.

સેવાની ખટક

રવિવારે સભા કરવા સ્વામીશ્રી ગુરુકુળમાં પધાર્યા. અહીં મંદિરમાં સેવા કરતા યુવક કૃષ્ણકાન્ત બ્રહ્મભટ્ટ પણ સભામાં આવ્યા હતા.

એવામાં એક હરિભક્ત આવ્યા. એ જ વખતે સ્વામીશ્રીએ કૃષ્ણકાન્ત તરફ જોયું. તેમને પાસે બોલાવીને પૂછ્યું : 'અહીં કેમ બેઠા છો ? ઉતારાની ઑફિસમાં બેસવું.'

પછી આવેલા હરિભક્ત તરફ નિર્દેશ કરી પૂછ્યું : 'આમને ઓળખો છો ?'

'ના બાપા !' હાથ જોડીને તેમણે કહ્યું.

'ગુરુ ! ઓળખાણ રાખવી. જાવ, ઉતારો આપો. ઉતારામાં ડાયરી રાખવી. નોંધ રાખવી - કોણ આવ્યું ને કોણ ગયું ? ઉતારો, ચા-પાણી કરાવીને અમારી પાસે લાવવા. આ બધું શીખી લેવું. ઈ આપણી કથાવાર્તા છે. સેવા કરવી એ આપણી સભા. ઉતારાની ઑફિસ છોડવી નહીં.' એમ કૃષ્ણકાન્તભાઈને સરભરાની સેવામાં ખડે પગે રહેવા સ્વામીશ્રી અવારનવાર આદેશ આપતા અને હરિભક્તોની સરભરાનો મહિમા સમજાવતા.

એક વાર સ્વામીશ્રી અક્ષર દેરીમાં પ્રદક્ષિણા ફરતા હતા, ત્યારે કૃષ્ણકાન્ત બ્રહ્મભટ્ટનો હાથ ઝાલતાં કહ્યું : 'તમે પ્રદક્ષિણા ગણી રાખજો.'

તેઓ આંગળીના વેઢે પ્રદક્ષિણા ગણતા હતા. તેવામાં એક મોટેરા હરિભક્ત આવ્યા. સ્વામીશ્રી તેમને દેરીનો મહિમા સમજાવતા ઊભા રહ્યા. કૃષ્ણકાન્તનું ધ્યાન પણ તેમાં કેન્દ્રિત થઈ ગયું.

થોડી વારે સ્વામીશ્રી ફરી પ્રદક્ષિણા ફરવા લાગ્યા. બે-ત્રણ પ્રદક્ષિણા કરીને એકદમ જ પૂછ્યું : 'કેટલી પ્રદક્ષિણા થઈ ?'

કૃષ્ણકાંત ચમક્યા. તેમણે હાથ જોડીને કહ્યું : 'બાપા ! હું ભૂલી ગયો છું.'

'ગુરુ ! ભૂલવું નહીં, યાદ રાખવું, આજ્ઞામાં ખટક રાખવી.' સ્વામીશ્રીએ અત્યંત હેતપૂર્વક કહ્યું. કૃષ્ણકાન્તભાઈએ પણ સંકલ્પ કર્યો કે સ્વામીશ્રીની આજ્ઞામાં ક્યારેય ચૂક ન પડવા દેવી.

સ્વામીશ્રી એક દિવસ બપોરે ૩-૦૦ વાગે ઊઠી ગયા. પાછળના બારણેથી પોતાની રસોઈ થતી તે રસોડામાં ગયા. ત્યાં કબાટ ઉઘાડ્યું. અંદર ઘીનું પાત્ર ઉઘાડું હતું તે ઢાંક્યું. વસ્તુઓ બધી સમન્વયી ગોઠવી.

પાણિયારે માટલાં અડધાં-પડધાં ઊઘાડાં હતાં તે ઢાંક્યાં. ત્યાંથી પગથિયાં ઊતરીને બગીચામાં જવાતું. સ્વામીશ્રીએ સાવરણો લઈ ત્યાં પડેલાં બદામનાં પાંદડાં ભેગાં કર્યાં. કેરીનાં ગોટલાં-છોતરાં એકઠાં કર્યાં. ત્યાં યોગેશ્વર સ્વામી તથા બે યુવકો આવી ગયા.

સ્વામીશ્રી યુવકોના હાથ ઝાલી બગીચામાં આગળ ચાલ્યા. જાતજાતનાં ફૂલો જોઈ બહુ રાજી થયા. અને બોલ્યા : 'આવાં ફૂલો અમારા જૂનાગઢમાં થતાં.' પછી લીંબુડી પાસે ઊભા રહી કહે : 'સંતોને પારણાંમાં લીંબું આપે છે. આ લીંબુડીનાં બહુ મોટાં ભાગ્ય !'

ત્યાંથી કૂવે અને ગૌશાળાએ આવ્યા. અહીં સ્મૃતિ કરતાં બોલ્યા : 'અહીં શાસ્ત્રીજી મહારાજની પર્ણકુટિ હતી. ત્યારે અહીં છાપરાં હતાં. તેમાં અમે સૌ રહેતા. આ ગૌશાળાની સેવા મેં ઘણા દિવસ કરી છે. અક્ષર મંદિરની એક પણ ક્રિયા એવી નથી, જે અમે નહિ કરી હોય !'

પછી ખેતરમાં બધે દૃષ્ટિ કરી, પાછળના ભાગના ચોકમાં લીંબડા પાસે થઈ, ઘાટનો દરવાજો જોયો એટલે નીચા નમી ઘાટનાં દર્શન કર્યાં.

પછી દેરીમાં પ્રદક્ષિણા કરવા પધાર્યા.

નારણ સ્વામીનો પક્ષ હંમેશાં રાખજો

અહીં પુરુષોત્તમપુરાથી રમણભાઈ શેઠ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

એક વાર વહેલી સવારે સ્વામીશ્રીએ તેમને સંભાર્યા. રમણભાઈ મોડા ઊઠવાની ટેવના કારણે મંગળ પ્રવચનમાં આવી શકતા નહીં; પણ સમાચાર મળ્યા કે 'સ્વામીશ્રી યાદ કરે છે, એટલે કંઈક કામ હશે' એમ માની ઊઠીને તરત જ સ્વામીશ્રી પાસે આવ્યા. મંગળ પ્રવચન પાંચેક મિનિટમાં પૂરું થયું.

સ્વામીશ્રીએ કહ્યું : 'શેઠ ! મંગળ પ્રવચન સાંભળ્યું ?

'હા બાપા ! થોડું સાંભળ્યું.'

'કેવું સારું થયું, સમાગમ થઈ ગયો !'

'હા, બાપા ! ઘણું સારું થયું.'

એવામાં આગળ પાછળના સંદર્ભ વિના જ સ્વામીશ્રીએ આદેશ આપતાં હોય તેમ દીર્ઘદષ્ટિથી રમણભાઈને સંબોધીને કહ્યું : 'તમે નારણ સ્વામી(પ્રમુખ-સ્વામી)નો પક્ષ હંમેશાં રાખજો. મહારાજ તમારી ઉપર રાજી રહેશે.'

સ્વામીશ્રીનો ઇશારો સંસ્થાથી વિમુખ થયેલા અને આજ્ઞાભંગ થઈને પ્રમુખસ્વામીનું નામ વગોવતા કેટલાક અસંતોષી માણસો તરફ હતો. તેમની પ્રવૃત્તિથી સ્વામીશ્રીને એટલું દુઃખ થતું કે કોઈ નિષ્ઠાવાન ભક્ત પાસે સ્વામીશ્રી આવા ઉદ્‌ગારો વ્યક્ત કરી દેતા અને સમજાવતા કે પ્રમુખસ્વામીના પક્ષે ભગવાન છે. ભગવાન છે ત્યાં સત્ય છે. તો સૌએ સત્યનો પક્ષ રાખી નિષ્ઠાનું પારખું આપવાના સમયે પાછા ન પડવું.

રમણભાઈએ તરત જ હાથ જોડી કહ્યું : 'ભલે બાપા ! આપની આજ્ઞા શિર સાટે પાળીશ.'

સ્વામીશ્રી ખૂબ રાજી થયા. આશીર્વાદ આપી સ્નાન કરવા પધાર્યા. રમણભાઈને એક સ્મૃતિ મળી ગઈ, આદેશ મળી ગયો.

હરિ રીઝ્યાની રીતડી

આ વખતે સ્વામીશ્રીના પૂર્વાશ્રમના કાકાનાં દીકરી કાશીબા દર્શને આવ્યાં હતાં. તેમને સંકલ્પ થયો કે 'મુક્તાનંદ સ્વામીએ તેમનાં બહેન ધનબાઈને ઉપદેશ આપેલો અને મારા ભાઈ મુક્તાનંદ સ્વામી જેવા મોટા સંત છે, તો મને પણ કંઈ ઉપદેશ આપે તો સારું.' તેમના આ વિચારે ખૂબ વેગ પકડ્યો.

કાશીબાને બીજે દિવસે તો જવાનું હતું. સ્વામીશ્રીએ રાત્રે કથામાં જ તેમનો સંકલ્પ પકડીને વાત કરી : 'સમૈયે આવીએ ત્યારે ભંભલી ભરી લેવી, પછી ઘેર જઈને ઠાલવવી.'[૧૩]

રાત્રે કાશીબાને સંકલ્પ થયો કે 'ભંભલી શું હશે ?' બીજે દિવસે તો સવારે ૬-૦૦ વાગે તેમને જવાનું હતું. તેથી તેમને ખુલાસો મેળવવાનો સંભવ ન હતો.

પરંતુ સ્વામીશ્રીએ વહેલી સવારે ૫-૦૦ વાગતાં પહેલાં તો મંગળ પ્રવચન

---

૧૩. ગોંડલમાં અક્ષર દેરીની બહાર મંદિરની પ્રદક્ષિણામાં બેસી બહેનો સભામંડપમાં થતી કથાવાર્તાનો લાભ લાઉડ સ્પીકરથી મેળવતાં.

શરૂ કરી દીધું. તેમાં કહ્યું : 'અહીં જે કથાવાર્તા થાય છે, તે જ્ઞાનની ભંભલી ભરી લેવી અને પછી ઘરે જઈને ઠાલવવી. બીજાને વાત કરવી. જેથી નિષ્ઠા થાય.'

સ્વામીશ્રીનો ઉત્તર સાંભળતાં જ કાશીબા આનંદમાં આવી ગયાં. તેમના મનનું સમાધાન થઈ ગયું. સંકલ્પ પૂરો થયો અને સ્વામીશ્રીના શબ્દનો મર્મ સમજી તેઓ કૃતાર્થ થયાં.

દિવાળી નજીક આવતાં બાજરાનો પોંક તૈયાર થયો. બાજરાનાં ડૂંડાં અને મકાઈના ડોડા લઈને દેવચડીથી નાનજીબાપા તથા મંડળ આવ્યું. સ્વામીશ્રીએ સૌને આવકાર્યા.

એ વખતે એક હરિભક્તને સંકલ્પ થયો કે 'આવાં બાજરાનાં ડૂંડાં અને ડોડા શા માટે લાવતા હશે ?'

અંતર્યામીપણે વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'દેવચડી અને ડાંગરાના બાજરાનો પોંક અને મકાઈ સાકર કરતાં મીઠા લાગે.'

પછી ભક્તિકિશોર સ્વામીને બોલાવી પોંક પડાવવા કહ્યું. મકાઈના ડોડા શેકાવીને ઠાકોરજીને ધરાવ્યા અને સાંજે વાડીમાં પોંક-ઉત્સવ કર્યો. સૌને ખૂબ સુખ આપ્યું. અન્નકૂટ ઉત્સવ આવે ત્યારે સ્વામીશ્રી દેવચડીથી શેરડી પણ ખાસ મગાવતા.

તા. ૧૨મીએ સાંજે અક્ષર દેરીમાં ચોપડા પૂજન થયું. રાત્રે રાજકોટમાં પણ પ્રતિવર્ષની જેમ સ્વામીશ્રીએ એ વિધિનો લાભ, જુદા જુદા હરિભક્તોની પેઢીઓ અને દુકાનોમાં મોટી રાત સુધી રોકાઈ આપ્યો હતો.

બીજે દિવસે અન્નકૂટોત્સવ ખૂબ જ આનંદપૂર્વક ઊજવાયો. ગોંડલ નરેશ વિક્રમસિંહજી વહેલી સવારે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા દોડી આવ્યા હતા. લગભગ બે થી ત્રણ હજાર ભક્તો આ ઉત્સવમાં હતા. બાળમુકુંદ સ્વામી તથા નડિયાદના કૃષ્ણભાઈ વગેરે મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી.

અન્નકૂટ ઉત્સવ હજુ પૂરો થયો ન થયો અને સ્વામીશ્રીએ 'વચનામૃત' તથા 'શિક્ષાપત્રી'નું પારાયણ તા. ૧૫મીએ શરૂ કરાવ્યું. આજે મંદિરના આજીવન સેવાભાવી ભક્તરાજ રામોદના મોહન ભગતની તબિયત જોવા સ્વામીશ્રી હૉસ્પિટલમાં પધાર્યા. ગામમાં મંદિરે તથા કૈલાસ બાગમાં દર્શનનો લહાવો પણ લઈ લીધો. પારાયણની પૂર્ણાહુતિ કરી, રવિવાર, તા. ૨૦મીએ ગઢપુર થઈ સારંગપુર પધાર્યા.

અહીં જૂના મંદિરે દર્શને ગયા ત્યારે બ્રહ્મચારી મહારાજે ગોપાળાનંદ

સ્વામીની પ્રસાદીની લાકડીનાં દર્શન કરાવ્યાં.

બોટાદ થઈ, બપોરે ૩-૦૦ના મેઇલમાં અમદાવાદ જવા નીકળ્યા. ગાંધીગ્રામ સ્ટેશન ઊતરી, શાહીબાગ મંદિરે પધાર્યા.

માયા-મોહનાં ભાગે ભૂતડાં

તા. ૨૩મીએ સાંજે, ગુજરાત રાજ્યના પુરવઠા પ્રધાન વિજયકુમાર ત્રિવેદી તથા ડૉ. નાયક દર્શને આવ્યા હતા. ગુજરાત ખાતે વરસાદની હંમેશાં ખેંચ રહેતી હોવાથી સરકારે કૃત્રિમ વરસાદ માટે કેટલાક પ્રયત્નો કર્યા હતા; પણ તે યોજના નિષ્ફળ જતાં તેઓ આશીર્વાદ લેવા અહીં આવ્યા હતા. સાથે રાજકોટના ધારાસભ્ય વલ્લભભાઈ પટેલ પણ હતા. સૌને સંકટ સમયે સ્વામીશ્રીની પરમાત્મ શક્તિમાં વિશ્વાસ રહેતો. તેમને હામ મળતી.

સ્વામીશ્રીએ કરુણાર્દ્ર થઈને કહ્યું : 'જાવ, વરસાદ ખૂબ વરસશે, લોકોને દુષ્કાળનું દુઃખ નહીં રહે.'

સ્વામીશ્રીના આશિષ પછી ગુજરાતનું એ દુઃખ દૂર થયું હતું. રાતની સભામાં ભક્તકવિ દુલાકાગે પોતાની વિશિષ્ટ શૈલીમાં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું આખ્યાન એક કલાક સુધી કર્યું હતું.

સ્વામીશ્રીએ તેમને એક કીર્તન ગાવા કહ્યું. તેમણે *'બીજો આવીને કો'ક બોલે, બાવાજીમાં'* એ કીર્તન ભાવવિભોર થઈને ગાયું. કીર્તન થયું ને તેમની આગવી ચારણી શૈલીમાં વાત કરવા લાગ્યા :

'શાસ્ત્રમાત્ર ઉલેચીને જે સાર લેવો'તો, ઈ આ ભાગવત સંતનાં ચરણે મળી ગયો છે. બાપો ભાળ્યો અને માયા, મોહનાં ભૂત ભાગ્યાં. સાચો સાધુ ભાળ્યો. આજ તો મારો મનખો પાર ઉતાર્યો. ધન્ય છે આ સોરઠના પૂતને, ગુજરાતના સપૂતને, સ્વામિનારાયણના અવધૂતને ! જ્યારથી જોગીને જોયો ને જોવાનું હંધુય ઝેર બની ગ્યું છે. એનાં ચરણે ચેલો થઈને આવ્યો છું. તમારી જેમ સત્સંગી તો નથી, પણ સ્વામિનારાયણ મારા હરદામાં ભરાણા છે.

'અમારે ચારણને તો માગવાની ટેવ. બાપા ! તમારો કરીને રાખ્યો છે તો તમે ઘણુંય દીધું છે. દેવાનો તો તારો સ્વભાવ છે. જોગી ! મજાદરને આંગણે તારી ગંગા આવી'તી ત્યારેય આ કાગને હંસ બનાવ્યો'તો. માળા ને પત્તર આપ્યું હતું. આજ તો હું શ્રીજીમહારાજની મૂર્તિ માગું છું. એ હું પ્રમુખસ્વામી પાસે માગીશ.'

કવિ કાગની સરસ્વતી આજે ગુરુગુણ ગાવામાં તલ્લીન બની હતી. તેમણે કહ્યું : 'માબાપ ! આપની પાસે તો હવે એટલું માગું છું કે મને બાપુ ન કહેશો. કાગ કવિ કહો, દુલો કહો. હું તો શિષ્ય થઈને આવ્યો, નેડો સંધાણો તે હવે છૂટે તેમ નથી. તો બાપુ નહીં કહેતા.'

સ્વામીશ્રી કવિના ભાવથી, વાણીથી અને આ વિશિષ્ટ માગણીથી મલકી રહ્યા હતા. સ્વામીશ્રી કહે : 'કાગ બાપુ' નામ અમને બહુ ગમે છે. તેથી બોલાઈ જવાય છે !'

સભામાં નિર્દોષ હાસ્ય રમી રહ્યું. આશીર્વાદ મેળવી તેમણે વિદાય લીધી.

આરોગ્ય પ્રધાન મોહનલાલ વ્યાસે પણ સ્વામીશ્રીનાં દિવ્ય કાર્યની ઝાંખી કરાવી હતી. પાળિયાદ બાપુ તથા ગોંડલ યુવરાજ, શહેરના ડૉક્ટરો, વકીલો તથા અન્ય સદ્‌ગૃહસ્થો મળી બહુ મોટી સંખ્યામાં ભક્તો સભામાં ઉપસ્થિત હતા.

બીજે દિવસે કે.કે. દવે સાહેબની હાઈસ્કૂલમાં સભા યોજી. ૧,૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીનાં દર્શન તથા અમૃત વાણીનો લાભ લીધો.

સાંજે ૫-૦૦ વાગે વસો પધાર્યા. શોભાયાત્રા બાદ સ્વામીશ્રી મંદિરે પધાર્યા. અહીં પિત્તળનાં ૭૬ દેગડાંનો કલાત્મક દરવાજો યુવકોએ ભક્તિપૂર્વક ઊભો કર્યો હતો. કાચના તક્તાથી સુશોભિત સુંદર સિંહાસનમાં સ્વામીશ્રીને પધરાવ્યા.

આમ, સ્વામીશ્રીની '૭૬મી જન્મ જયંતી અમૃત મહોત્સવ'ની જાહેરાત થતાં - એ નિમિત્ત બનાવી ગામોગામ હરિભક્તો જાણે જયંતીનો લહાવ આજે જ લૂંટી લેવાની ધગશમાં દેખાતા હતા.

રાત્રે કૉંગ્રેસ કાર્યકર બાબુભાઈ જશભાઈ સભામાં દર્શને આવ્યા હતા.

હરિકૃષ્ણ મહારાજ મને કહી ગયા

અહીં બપોરે હરિકૃષ્ણ મહારાજને જગાડ્યા ત્યારે, બે હાથ જોડી પ્રાર્થના કરતા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા : 'આપને તકલીફ પડી હોય તો માફ કરશો.'

પછી સેવક યોગેશ્વર સ્વામીને કહે : 'હરિકૃષ્ણ મહારાજ મને કહી ગયા કે 'ગઈકાલે રાત્રે મને થાળ ધર્યો નથી. રાત્રે ઠંડી લાગી હતી. મને ગરમ ઓઢાડ્યું નથી.' માટે હવે તમે સેવક થઈને બરાબર ધ્યાન ન આપો તો મહારાજનો ઠપકો મળે. લાલજીની સેવા બરાબર ન થાય તો મને સોંપી દ્યો.'

એમ કહીને બોલ્યા : 'હરિકૃષ્ણ મહારાજને દસ દંડવત્ કરો.' એમ દસ

દંડવત્ કરાવી મહારાજ પાસે ક્ષમા અપાવી. ભક્તિની રીતનો આગ્રહ અને શ્રીહરિ સાથેનું એમનું ઐક્ય આવા પ્રસંગે તાદૃશ થતાં.

બીજે દિવસે ડભાણ ઠાકોરજી જમાડી, સ્વામીશ્રી બોચાસણ પધાર્યા.

કાર્તિક પૂર્ણિમાનો સમૈયો બોચાસણમાં શાનદાર રીતે ઊજવાયો. ચોગાનમાં મોટો મંડપ બાંધ્યો હતો. સ્વામીશ્રીનું આકર્ષણ જ એવું હતું કે સમૈયા-ઉત્સવની પરંપરા ચાલે પણ દર્શનની તાણ તો મટે નહિ. શ્રીજીમહારાજ આ સંત દ્વારા અખંડ નખશિખ પ્રગટ રહી સુખ આપતા, સમાધાન કરતા અને શાંતિ, શાંતિ પમાડી સૌને બ્રહ્માનંદ કરાવતા. સભામાં ખેંગારજીભાઈ, મણિભાઈ સલાડવાળા, હર્ષદભાઈ, મણિભાઈ બ્રહ્મભટ્ટ, જશવંતલાલ શાહ વગેરે વક્તાઓએ અમૃત મહોત્સવ માટે કટિબદ્ધ થવા સૌને અનુરોધ કર્યો હતો.

પ્રમુખસ્વામીએ જણાવ્યું કે ‘આ દેહે મનગમતું મૂકી, આવા પુરુષની આજ્ઞામાં રહી, તેમને રાજી કરી, એકાંતિક ધર્મ સિદ્ધ કરી લેવો, એ જ જીવનનું સાચું કર્તવ્ય છે.’

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે ‘સંપ અને સુહૃદભાવ રાખી, એકમના થઈ, સ્વામી શાસ્ત્રીજી મહારાજનું કાર્ય દીપાવવું. મહારાજે બાંધેલી ધર્મ-મર્યાદામાં રહી સત્સંગ કરવો. આજે મહારાજ અને સ્વામી મોજ દેવા બેઠા છે, તો સત્પુરુષનો સંગ કરી અલૌકિક લાભ લઈ લેવો.’

માળા ફેરવવાનો અનોખો ઉદ્દેશ

આ સમૈયામાં કાઠિયાવાડના ઘણા હરિભક્તો આવ્યા હતા. સ્વામીશ્રીએ એક દિવસ રાજુલાના ગોવિંદ ભગત તથા છાપરીના શામળ ભગતની રસોઈ રાખી.

બપોરે સૌ જમી રહ્યા પછી સ્વામીશ્રીએ ગોવિંદ ભગત તથા શામળ ભગતને એકાંતમાં પોતાના ઓરડામાં બોલાવ્યા. અને વહેવાર સંબંધી વાત કરતાં પોતાના હાથમાં માળા હતી તે ઊંચી કરતાં કહ્યું : ‘જુઓ, આ માળા તમારા દેશકાળ સુધરે તે માટે જ ફેરવું છું. તમારા પ્રારબ્ધમાં તો રામપાતર છે; પણ તમારા જેવા ભક્તોનું દુઃખ અમારાથી જોવાય નહીં, તેથી મહારાજ-સ્વામી તમારો વહેવાર સુધારે તે માટે અમે માળા કરીએ છીએ.’

સ્વામીશ્રીનાં વાત્સલ્ય અને મમતાથી બન્ને આર્દ્ર બની ગયા. આંખમાં અશ્રુ આવી ગયાં અને કાંઈ બોલી શક્યા નહીં.

જગતમાં સૌ કોઈ સ્વાર્થની રમત રમે છે, ત્યારે આવા સત્પુરુષ કેવળ

નિઃસ્વાર્થભાવે પોતાના ભક્તોનાં સુખ માટે કેવા ચિંતિત છે અને તેમની કેવી સંભાળ રાખે છે, એ જાણીને તેમના અંતરમાં સ્વામીશ્રી પ્રત્યે અપાર ભક્તિભાવ ઉત્પન્ન થયો.

સ્વામીશ્રીની કૃપાથી એ પછી બન્નેના વહેવાર ખૂબ જ સુધરી ગયા.

પેટલાદથી એક હરિભક્ત સ્વામીશ્રીનો સમાગમ કરવા બોચાસણ આવ્યા. ટૂંક સમયમાં જ તેઓ સ્વામીશ્રી પાસે રજા લેવા ગયા કે 'મારે ઘેર જવું છે.'

સ્વામીશ્રી કહે : 'શું કામ છે ? હમણાં તો રજાઓ છે. ત્યાંનાં ઝાડવાં કરતાં બોચાસણ ગામનાં ઝાડવાં સારાં છે.' આમ, રમૂજ કરી તેમને રોકવાનો આગ્રહ સેવ્યો.

નિત્ય ધ્યાન ધરીએ તો હૃદય શુદ્ધ થાય

અમૃત મહોત્સવની સેવા સ્વામીશ્રીનાં ચરણોમાં અર્પણ કરવા ગામોગામથી હરિભક્તોની માગ આવતી ગઈ. તા. ૨-૧૨-'૬૬, સવારે સ્વામીશ્રીએ ધર્મજથી શરૂઆત કરી.

સાંજે ધર્મજથી પીજ જવા સ્વામીશ્રી મોટરમાં નીકળ્યા. સંતો કીર્તનો ગાતા હતા. સ્વામીશ્રી આરામમાં હતા. રસ્તામાં મહેળાવ દર્શન કરવાની સ્વામીશ્રીને તાલાવેલી હતી. તેથી થોડી થોડી વારે પૂછે : 'મહેળાવ આવ્યું ? બાંધણી આવે એટલે કહેજો... ત્યાંથી શાસ્ત્રીજી મહારાજની (જન્મભૂમિની) હદ શરૂ થાય છે.'

હજુ પેટલાદ પણ નહોતું આવ્યું. તેથી થોડી વાર સૂતા. પછી બાંધણી આવ્યા પહેલાં અચાનક સ્વામીશ્રી બેઠા થઈ ગયા. ગુરુના જન્મ સ્થાનનો મહિમા કહેવા લાગ્યા :

'જુઓ, આપણે તીર્થમાં જઈએ છીએ, તો શુભ સંકલ્પ કરજો... આ મહેળાવનું બૉર્ડ આવ્યું... અહીં રસ્તે શાસ્ત્રીજી મહારાજ રમતા... આ ભૂમિ પાવન થઈ ગઈ... *ધન્ય વૃંદાવન વટની છાયા, જ્યાં હરિ બેસતા...* એથી અધિક મહિમા સમજવો.'

મંદિરમાં પધાર્યા. શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમા આગળ પ્રાર્થના કરવા લાગ્યા. જાણે પ્રત્યક્ષ વાતો કરતા ન હોય ! પ્રમુખસ્વામીએ જે કાર્ય સમૈયાનું ઉપાડ્યું છે, તે શોભાડવા અરજ કરી. સ્વામિનારાયણ મંત્રની ધૂન કરી. મોહન ભગતને કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજને પાકા થાળ જમાડજો.'

અંધારું થઈ ગયું હતું. તેથી ટૉર્ચના અજવાળે શાસ્ત્રીજી મહારાજની

દિનચર્યાની મૂર્તિઓનાં દર્શન કર્યાં. ગુરુલીલાના પ્રસંગો તાદશ નિહાળતા હોય એમ લાગતું હતું. મૂર્તિઓ ઉપર પ્રકાશને લીધે રજોટી દેખાતી હતી, તે પોતાના ગાતરિયાથી લૂછવા લાગ્યા અને રજ આંખે અડાડવા લાગ્યા. વળી, કંઈક સાંભર્યું, તે નીચે ભોંય ઉપર આંગળીઓ વડે ઘસીને પ્રસાદીની રજ છાતીએ ચોપડવા લાગ્યા.

'હે શાસ્ત્રીજી મહારાજ ! તમે આ ઓરડામાં જન્મ લીધો. આખું હિન્દુસ્તાન પાવન કર્યું. અમને સુખ આપો. અમારી ભેગા હાલો.' સ્વામીશ્રીએ પ્રાર્થના કરી. ગુરુસ્થાનનો આ મહિમા !

હરિભક્તોને મળીને, પીજ જવા મોટરમાં બેઠા. ભાગોળે વડનું ઝાડ આવ્યું, તે જોઈ કહે : 'અહીં શાસ્ત્રીજી મહારાજ રમતા. આ બધી રમણ રેતી, નિત્ય ધ્યાનમાં ધારીએ તો આપણું હૃદય શુદ્ધ થાય...' મહિમાની સરવાણી સ્વામીશ્રીના મુખકમળમાંથી નીકળી રહી હતી.

તમારા જીવનસારથિ અમે છીએ

ડ્રાઈવર કહે : 'બાપુ ! મારે આપને મોટરમાં બેસાડીને ફેરવવાની ઈચ્છા હતી. તે આજે પૂર્ણ થઈ. બહુ દયા કરી.'

'મોટાપુરુષની સેવાથી ઉચ્ચ પદવી મળે છે.' એમ કહી સ્વામીશ્રીએ એને આશીર્વાદ આપ્યા : 'તમે અમને મોટરમાં બેસારી લાવ્યા... તમે અમારા સારથિ બન્યા... તમારા જીવના સારથિ અમે છીએ...'

'તમારું ગામ ?'

'જમાલકોટ, રાજસ્થાનમાં.'

'તમારું નામ ?'

'શુકદેવસિંહ.'

'ઓહો, શુકદેવસિંહ બહુ બળિયા.'

'બાપુ ! આપના ફોટા મેં બહુ જોયા હતા, પણ પ્રત્યક્ષ દર્શનની ઈચ્છા હતી તે આજે પૂર્ણ થઈ.' શુકદેવસિંહે આનંદમાં આવી જણાવ્યું.

સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા.

પીજમાં સત્સંગવીજના ઝબકારા

રાત્રે પીજ આવી પહોંચ્યા. રતિભાઈ, ભાઈલાલભાઈ, મંગળભાઈ,

જમનાદાસભાઈ, અમૃતભાઈ તથા નટુભાઈ વગેરે ભક્તોએ ખૂબ જ તૈયારી કરી હતી. આમંત્રણ પત્રિકાઓ વહેંચી સૌને જાણ કરી હતી.

રાત્રે સામૈયામા જ એક હજાર જેટલા ભક્તો હાજર હતા. વાતાવરણ દિવ્ય બની ગયું હતું. સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, સ્વામીશ્રી સભામંડપમાં બિરાજ્યા. મણિભાઈ સલાડવાળાએ સત્શાસ્ત્રોના આધારે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના અને એ ઉપાસનાના પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજનો ખૂબ જ મહિમા સૌને સમજાવ્યો. લગભગ ૨,૦૦૦ જેટલા ભક્તો એમની અસ્ખલિત, જોશીલી વાણીથી મુગ્ધ બની સાંભળી રહ્યા હતા.

ઉતારો ગામના અગ્રગણ્ય તથા મુખ્ય હરિભક્ત મોતીભાઈના બંગલામાં હતો. બીજે દિવસે સવારે મંદિરે દર્શન કરી, જાહેર સભામાં હાજરી આપી, રતિભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા.

શ્રીજીમહારાજના સમયથી સત્સગના રંગે રંગાયેલા આ ગામમાં હરિભક્તોનો ઉત્સાહ એટલો બધો હતો કે સાંજે ભવ્ય શોભાયાત્રા કાઢી. મદન-મોહનલાલજીનું મંદિર, ગોસ્વામીજીનું મંદિર વગેરે મંદિરોમાં સ્વામીશ્રી દર્શને પધાર્યા ત્યારે મંદિરોના કાર્યકર્તાઓ અને ભક્તો સ્વામીશ્રીની વિશાળ દૃષ્ટિ અને અલૌકિક ગુણાતીત સ્થિતિ જોઈ ખૂબ જ રાજી થયા હતા. દિવાળી અને નવા વર્ષના જેવો આનંદ ગામની આબાલવૃદ્ધ પ્રજાનાં મુખ ઉપર છવાઈ ગયો હતો.

જાહેર સભાઓમાં ત્રણ દિવસ સુધી મણિભાઈ સલાડવાળાએ લગભગ ૧૦ કલાક સુધી શુદ્ધ ઉપાસનાની અને એકાંતિક સંતના મહિમાની અદ્‌ભુત વાતો કરી, સ્વામીશ્રીનો અપાર મહિમા સૌને સમજાવ્યો હતો. સ્વામીશ્રીની દિવ્ય વાણી સાંભળી સૌ બ્રહ્માનંદમાં ડોલતા. જાહેર સભામાં સ્વામીશ્રી સંતો પાસે ગુજરાતી, હિંદી, અંગ્રેજી તથા સ્વાહીલીમાં (આફ્રિકન ભાષા) પ્રવચનો કરાવતા. હરિભક્તોના ખૂબ આગ્રહથી સ્વામીશ્રી એક દિવસ વધુ રોકાયા. પ્રમુખસ્વામીએ ઘેર ઘેર પધરામણી કરી હતી. સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના જન્મ સ્થાને, બચાભાઈની ખડકીમાં જ્યાં શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર પધાર્યા હતા, ત્યાં ધૂન કરી, સત્સંગ મંડળની પણ સ્થાપના કરી.

પીજના ત્રણ દિવસના મુકામમાં સૌને ખૂબ સદ્‌ભાવ થયો. સ્વામીશ્રી અહીંના મુકામ દરમ્યાન શ્રીજીની પ્રસાદીનાં પુરાતન સ્થાન કપિલેશ્વર મહાદેવ વગેરે સ્થળોએ દર્શને પધાર્યા. મહાદેવ પાસે ઓટા ઉપર શ્રીજીમહારાજ બેઠા હતા, એવું મહાપ્રસાદીનું સ્થળ જાણી, સ્વામીશ્રી પોતાની માળા ઓટા ઉપર

ઘસવા લાગ્યા. પછી સાથેના હરિભક્તને કહે : 'શ્રીજીમહારાજ વનવિચરણ કરતાં અહીં પધારેલા તે સાલ, તિથિ લખી, અહીં એક તકતી ચોંટાડજો.'

બાજુમાં આવેલા સરોવરમાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું અને કહે : 'આપણા હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું એટલે બધાનાં દુઃખ દૂર થઈ જશે. જે જે સ્નાન કરશે તેના સંકલ્પો મહારાજ, સ્વામી પૂરા કરશે... તીર્થ થયું. ગંગાજળ સૌ માથે ચઢાવો...' એમ કહી, સૌને માથે જળની અંજલિ છાંટી અને પોતે પણ પાંચ વખત મસ્તકે જળ ચઢાવ્યું.

આગળ જતાં બીજાં નાનાં દેવાલયો છે. તે જોતાં સ્વામીશ્રી કહે : 'આખું જગત પીપળો માને, દેવ-દેવીઓને માને, નૈવેદ્ય ધરે, આસ્થા રાખે; પણ આવા સાચા સંત કહે તેમ વર્તાય, તો આખું જગત સુખી થાય.' પછી ગામમાં પધાર્યા.

સાંજે ગામથી થોડે દૂર તળાવડી છે, જ્યાં શ્રીજીમહારાજે પાંચસો પરમહંસ સહિત સ્નાન કરેલું, ત્યાં પ્રસાદીની દેરીએ પધાર્યા. અહીં રોજ દીવો કરવા હરિભક્તોને આજ્ઞા કરી. સ્વામીશ્રી કહે : 'જુઓ, આ ગામ પવિત્ર છે. અહીં શ્રીજીમહારાજ પધારેલા. તમારાં ધન્યભાગ કહેવાય... આખું ગામ સુખી થશે. ગામમાં સંપ રહેશે. એવા અમારા આશીર્વાદ છે.'

અનુવૃત્તિ પાળીએ તો અંતરની આંટી છૂટી જાય

તા. ૫મીએ નડિયાદ ધરમશી દેસાઈના બંગલે સૌએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. બ્રહ્મભટ્ટના ચોકમાં તથા મોગલકોટમાં ખડાયતાની વાડીમાં મોટી જાહેર સભાઓ થઈ હતી. આશરે ૫,૦૦૦ જેટલા મુમુક્ષુઓએ લાભ લીધો હતો. નવીનભાઈની બાળ મંડળની સુંદર પ્રવૃત્તિ જોઈ સ્વામીશ્રી ઘણા જ રાજી થયા.

સભામાં સ્વામીશ્રીએ વાત કરી : 'પીજમાં ૧૦ વરસે ગયા. મણિભાઈએ ખૂબ વાતો કરી અને સત્-અસત્‌નો વિવેક સમજાવી દીધો. પધરામણીઓ બહુ હતી. મેં કહ્યું : 'મારું શરીર ખમે નહિ. પ્રમુખસ્વામી સ્વામીસ્વરૂપ છે, તે આવશે.' એમ કહી પ્રમુખસ્વામીનો મહિમા કહ્યો.

વળી, કથા પ્રસંગમાં કહે :

'સાધુ પાસે બેસીએ છીએ તોય દોષ કેમ જતા નથી ? અનુવૃત્તિ નથી પળતી. અનુવૃત્તિ પાળીએ તો એકે સ્વભાવ નથી રહેતા. અંતરની આંટી છૂટી જાય છે. દાદાખાચરના દરબારમાં મહારાજ ગયા. કેમ કે હઠ, માન, ઈર્ષા, વેરઝેર નહીં.

'નકરી કથા કામ ન કરે. માન મુખ્ય સુપ્રિટેન્ડન્ટ ! બીજા એના પેટામાં રહે. માનનું ખંડન કરે તો બીજા બે ઊભા થાય. ઈર્ષા ને ક્રોધ. તેમાંથી બીજા દસ ઊભા થાય !'

તા. ૭મીએ વરતાલ દર્શન કર્યાં. પહેલે માળે મંદિર તરફ એક નાના ઝરુખા (અટારી) જેવું છે. સ્વામીશ્રી જૂનાગઢથી પાર્ષદમાંથી ભાગવતી દીક્ષા લેવા અહીં આવ્યા હતા, ત્યારે આ અટારીમાંથી બેસી બીજા પાર્ષદો સાથે ગોષ્ઠિ કરતા અને માળા ફેરવતા. અમને આ જગ્યા એમણે બતાવી.

પછી ગોવિંદ ભગતને આસને પધાર્યા. કાનજી ભગતના આગ્રહથી ૧-૦૦ વાગે 'જ્ઞાન બાગ'માં પધાર્યા. અહીં કાનજી ભગતે સાત દિવસનું પારાયણ તથા યજ્ઞ યોજ્યો હતો. તેઓએ સ્વામીશ્રી સાથે બધે ફરી પ્રદર્શન બતાવ્યું. સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામી તેમનાં કાર્યથી રાજી થયા.

❀ ❀ ❀



મહેળાવની ઐતિહાસિક પ્રાર્થના

ઉત્તરસંડા, પીપલગ, પાડગોલ થઈ, તા. ૮મીએ રાત્રે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી મહેળાવ પધાર્યા. મહેળાવની પુણ્યભૂમિમાં પગ મૂકતાં જ સ્વામીશ્રી ખૂબ જ આનંદમાં આવી ગયા.

બીજે દિવસે વહેલી સવારે ૫-૦૫ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજનાં દિવ્ય જીવન, કાર્ય અને આદેશને અંજલિ આપતાં અદ્‌ભુત ઐતિહાસિક પ્રાર્થના ગદ્‌ગદ કંઠે કરી હતી. જાણે શાસ્ત્રીજી મહારાજ સામે જ બિરાજમાન હોય અને એમને સંબોધીને જ આજીજી કરતા હોય, એમ સ્વામીશ્રી બિડાયેલાં નેત્રે, બે હાથ જોડી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિમાં લીન થઈને બોલી રહ્યા હતા. એ દૃશ્ય, એ દર્શન ચિરઃસ્મરણીય હતું. ગુરુભક્તિની અસ્ખલિત ગંગા એમના મુખકમળમાંથી આ રીતે વહી રહી હતી :

'આ ગુરુનું સ્થાન મહેળાવ છે, તેનો અદ્‌ભુત મહિમા છે. શાસ્ત્રીજી મહારાજનો અહીં જન્મ થયો. વૃન્દાવનની ભૂમિ કરતાં આ ભૂમિ શ્રેષ્ઠ છે. ઝાડ, પાન, પૃથ્વીનાં રજકણો પવિત્ર થયાં છે. અહીં અગિયાર વરસ રહ્યા. તુલસીનાં માંજર કરી મંદિરો બાંધતાં. જેઠાભાઈ મિસ્ત્રીને મંદિર કરવું હતું, તે થાંભલા કયે ઠેકાણે કરવા તે બતાવ્યા. જેઠાભાઈ રાજી થયા અને કહ્યું : 'આવડી ઉંમરે આટલી બધી બુદ્ધિ !' નાનપણમાં ભણવામાં પહેલો નંબર રાખતા. ધૂળી નિશાળમાં ભણતા. ત્યાં અત્યારે ટાવર અને ધર્મશાળા થઈ ગઈ. પહેલાં અમે અહીં કથા કરવા આવ્યા હતા, ત્યારે ચતુરભાઈએ સ્વામીનો બહુ મહિમા કહ્યો હતો. આવું મહાપ્રસાદીનું સ્થાન છે. તેમાં આવ્યા છીએ. તો શુભ સંકલ્પ કરવા કે તેમના જેવા ગુણ મળે. સ્વામીને ભક્તિભાવ બહુ, ઠાકોરજીમાં હેત બહુ. ગોંડલનો સમૈયો થશે, મહેળાવ હજારો હરિભક્તો આવશે. આફ્રિકા, લંડનના હરિભક્તો લાભ લેશે. અક્ષર દેરી, મહુવા, ભાદરા, ડાંગરા, મહેળાવ બધાંનાં

દર્શન કરે. આ બધાં તીર્થ ગોઠવી દેવાં.

'સ્વામી શાસ્ત્રીજી મહારાજ એ વિજ્ઞાનાનંદ સ્વામીના શિષ્ય. અગાધ મહિમા. મહુવા જઈ ભગતજીને સેવ્યા. ભાદરોડમાં રહ્યા. ભગતજીની અનુવૃત્તિએ સેવા કરી. જાગા ભગતને સેવ્યા. રાજકોટમાં અદાનો સમાગમ કર્યો. ભગતજીએ દેહ મૂક્યો ત્યારે સ્વામીને રાજકોટ સમાચાર મળ્યા. તે વખતે રામજી ભટ્ટ જોડે બેઠેલા. તેમણે કહ્યું : 'હવે પૃથ્વીનું મંગલ ગયું, ભગતજી પૃથ્વી ઉપર મંગલ હતા.' ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : 'સત્પુરુષ પૃથ્વી ઉપરથી કદી જતા જ નથી.' એમ ગોષ્ઠિ કરી.

'હવે સ્થાન મહેળાવમાં શુભ સંકલ્પ-પ્રાર્થના :

'હે શાસ્ત્રીજી મહારાજ ! તમારી કસણીમાં હંમેશાં રહેવાય, તમારા શરણમા રહેવાય એવા ગુણ આપજો. તમારા ભક્તોમા સુહૃદભાવ રહે, મન નોખું ન રહે, મનુષ્યભાવ ન આવે, સદાય દિવ્યભાવ રહે તેવા આશીર્વાદ આપજો. તમારા સંબંધવાળા ગમે તેવા હોય પણ તેને માથાના મુગટ માનીએ તેવા આશીર્વાદ આપો. *'તુલસી જા કે મુખન સે...'* કોઈ સાથે આંટી ન પડી જાય, સંબંધવાળાને ઓળખી શકીએ તેવી બુદ્ધિ આપજો. તમારા જેવી બુદ્ધિ અમને આપજો.

'તમો તો સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપ છો, તમારામાં મહારાજ અખંડ રહ્યા છે. તો તમારાં નિર્માન, નિર્મોહ વગેરે ગુણો છે તે આપો. દૃષ્ટિ કરીને આપો કે એવા ગુણ શીખીએ.

'જગતમાં આપનો મહિમા વધારીએ કે આપ કોણ થઈ ગયા. તમે જે કાર્ય કર્યું તે તો અમારાથી થઈ શકે તેમ નથી, પણ અમે તમારા શિષ્ય છીએ તો શક્તિ આપજો. હજારો મનુષ્યો તમારા સ્વરૂપમાં તણાય તેવી શક્તિ, તેવું જ્ઞાન દેજો. હઠ, માન ને ઈર્ષ્યા અમારામાં કોઈ રીતે આવે જ નહીં. રજોગુણ, તમોગુણના ભાવ ન આવે. તમારામાં ગુણ છે, તેવા ગુણ આપજો. નિર્દોષ-બુદ્ધિના ફગવા આ તમારા સ્થાનમાં રહીને આપો.

'આજ પ્રાર્થના કરીએ ને કાલે ફરી જઈએ તેવું ન કરીએ એ પ્રાર્થના ! મન તમારા સ્વરૂપમાં દૃઢ રહે તેવી તમને પ્રાર્થના ! તમારા ગુણનું વર્ણન કરી શકીએ તેવી બુદ્ધિ આપજો. ૨૪ કલાક અમારા હૃદયમાં આળસ ન આવે. તમારા ભક્તોનો મહિમા સમજાય. નવરા ન રહી શકીએ. તમારા ગુણનું ગાન કર્યા કરીએ એવી શક્તિ, બળ અને પ્રકાશ આપજો. અમને કથાવાર્તામાં દૃઢ રુચિ

થાય, ગ્રામ્યવાર્તાથી દૂર રહેવાય અને એ ભાવના જ નીકળી જાય ને તમારામાં હેત થાય તેવી કૃપા કરશો. જગતની વાત જિંદગીમાં પણ ન સાંભળીએ.

'રાત-દી' તમારી પ્રાર્થના કરીએ, તમને સંભારીએ, ઘડીમાત્ર પણ તમને ન ભૂલીએ. તમારા વિશે જે ભાવના છે તેવી તમારા ભક્તમાં પણ રહે, મનુષ્યભાવ ન આવે. તમે સાક્ષાત્ કૈવલ્યમૂર્તિ છો, પણ તમારા ભક્તો પણ સાક્ષાત્ કૈવલ્યમૂર્તિ મનાય તેવા આશીર્વાદ આપજો. આપના ભક્તોમાં દિવ્યભાવ રખાવજો. આ દેહમાં આસક્તિ ન રહે. તમારા સ્વરૂપમાં જોડાઈ જઈએ તેવી પ્રાર્થના ! રૂડા ગુણ આવે તે પ્રાર્થના. આપ છોડો તેવા નથી, અમે વળગ્યા રહીએ તો આપ વળગ્યા રહો; પણ જો ભક્તનો અવગુણ લઈએ તો શિષ્ય હોઈએ તોપણ છોડી દો. ધર્મ, નિયમ, આજ્ઞા, ઉપાસના, સદ્ભાવ ને પક્ષ - એ કાયમ રહે ને દૃઢ પળાય તે રાત-દી' પ્રાર્થના !

'આજે શુભ દિવસ, બારસ પર્વણી છે. સાડા પાંચ વાગે સવારના પ્રાર્થના કરી છે. તો બુદ્ધિ, શક્તિ, તેજ, પ્રકાશ કાયમ રહે; સત્સંગમાં કાયમ ટકી રહેવાય એવા આશીર્વાદ આપજો. સુહૃદભાવ ભગવાનના ભક્તોમાં રહે તેવા ગુણ આપજો. તમારામાં અનંત મહોદધિ ગુણ હતા, જે વર્ણવી ન શકાય તેવા ગુણ તમારામાં હતા. તેવા ગુણ અમારામાં આવે તેવા આશીર્વાદ આપજો. નિર્દોષબુદ્ધિ, સુહૃદભાવ, ઉપાસના દૃઢ પળાય તે રાત-દિવસ પ્રાર્થના. અહીં જે ગુણ માગ્યા તે આપજો.

'કોઈ દી' મનમુખી ન થઈએ. તમારી આજ્ઞા પળાય. મનમુખીમાં દેખાય ગુણ સારા, પણ તે ગુણ ન કહેવાય. હે શાસ્ત્રીજી મહારાજ ! તમે પ્રગટ થયા. ને મોટાપુરુષને સેવીને ગુણ લાવ્યા, તેવી રીતે તમને એવી પ્રાર્થના કે અમારામાં ગુણ આપજો, દૃષ્ટિ કરજો, સુખ અને શાંતિ અખંડ રહે.

'હે શાસ્ત્રીજી મહારાજ ! આપ અહીં પ્રગટ થયા. 'ભારત'ની કથા કરી, ભણ્યા, સુરત બાપા તેડવા ગયા, ગાડામાં બેસાર્યા, અંતર ફેરવ્યું. નાની ઉંમર છતાં ભગવાન ભજ્યા. આપ ગામમાં ન આવ્યા. બારોબાર સુરત ગયા. વિહારીલાલજી મહારાજ કહે : 'તમને કોઠારમાં રાખવા છે.' વિજ્ઞાનાનંદ સ્વામી કહે : 'તમને સેવામાં રાખવા છે.' છેવટે શ્રીજીમહારાજના મળેલાને કેમ ના પડાય ? યજ્ઞ કર્યા, હજારો બ્રાહ્મણો આવ્યા. સંવત ૧૯૩૯માં આપને દીક્ષા આપી. ઘણાને સાધુ બનાવે, પણ યજ્ઞ ન કરે. પણ આ તો યજ્ઞ કરી સાધુ કર્યા. તેથી 'યજ્ઞપુરુષ' નામ પાડ્યું. એવી અલૌકિક સ્થિતિ સ્વામીની હતી. તેવી

આપણામાં આવે તે પ્રાર્થના !

'મુંબઈમાં સાધુ ભણે છે, તે આચાર્યપદ મેળવે. બુદ્ધિ ખૂબ વધે, આળસ-પ્રમાદ જતાં રહે, એકાંતિક થાય તેવી પ્રાર્થના !

'સ્વામીનું સ્થાન કલ્પવૃક્ષ છે. મનોરથ બધા પૂરા કરો. જ્ઞાન-ભક્તિના મનોરથ પૂરા કરો. દેવા જ બેઠા છો.

'કોઈ દી' ભગવાન ને સંતને ઓશિયાળા ન કરીએ, તેવી બુદ્ધિ આપજો. મન બદલે જ નહીં, કાયમ એક બુદ્ધિ રહે તેવી પ્રાર્થના !

'અમે એવા પુરુષને સેવ્યા છે તો અંતરમાં ટાઢું રહે છે. અનુવૃત્તિ પાળી છે.

'રૂપરામ ઠાકરે મહારાજને ખાંડ ન દીધી તે બળતરા થઈ. રૂડાભાઈએ બળદ ન દીધા તે બળતરા થઈ. એવી બળતરા અમને ન ઊપડે. તમારું જ્ઞાન સમજી શકીએ એવી પ્રાર્થના ! બુદ્ધિમાં મૂઢપણું ન રહે, પ્રકાશ થાય તેવા ગુણ આપજો. ગુણ દેવા જ બેઠા છો. દૃષ્ટિ કાયમ રહે. ભગવાનના ભક્તનો અવગુણ ન લઈએ. ઝીણાભાઈએ દેહ મૂક્યો ત્યારે મહારાજે કહ્યું : 'હઠીનું કાંઈ પૂછવું છે ?' ત્યારે ઝીણાભાઈએ કહ્યું : 'તમારો ભક્ત થશે તો તમે ખબર રાખશો. ને ભક્ત નહીં થાય તો હું કહીશ તોપણ ખબર નહીં રાખો.' તેમ હે સ્વામી ! અમે તમારા ભક્ત થઈશું તો તમે રાજી રહેશો, ને તમારી જાહેરાત નહીં કરીએ તો રાજી નહીં થાઓ. આવો સંબંધ થયો તે શોકમાં ન રહીએ, અલમસ્ત આનંદમાં રહીએ. ક્રોધ, દગા, પ્રપંચ, માન ન રહે એ આપો.

'દેવા જ બેઠા છે. નિર્દોષભાવ, દિવ્યભાવ, સંબંધવાળા કાયમ રહે. આ મંદિર મોટું થઈ ગયું. દર્શન કરીએ છીએ. સ્થાન થઈ ગયું. સુખ-શાંતિ બહુ રહે. વરતાલથી ત્રણ ગાઉ દૂર સર્વોપરી સ્થાન. અહીં ત્રણ શિખરનું મંદિર થાય ને અક્ષરપુરુષોત્તમ મહારાજ ને આપ બેસો તે પ્રાર્થના !

'લાખો માણસના વ્યવહાર સુધારો. ને મોટા પ્રધાનો-પ્રૉફેસરો અહીં માથાં ઘસે તેવી પ્રાર્થના ! તમારા શિષ્ય થાય. તમારા સંતો દ્વારા સ્વામિનારાયણનું નામ જાગ્રત થાય તે પ્રાર્થના કરીએ છીએ. રાત-દી' પ્રાર્થનામાં મંડી પડીએ. આળસ-પ્રસાદ ન રહે, નિર્દોષબુદ્ધિ રહે તેવા ગુણ આપજો.

'ખરેડી મૂકે, વાંચવા ન દીયે, આળસ મૂકે, તે (અવગુણ) ચાલ્યા જાય. તમારી ૨૪ કલાક ભક્તિ કરીએ, તમને અળગા ન મૂકીએ, તમારી મૂર્તિની સમર્તિ (સ્મૃતિ) રહે તેવા ગુણ આપજો. બારસ પર્વણી છે, કામ થઈ જાય.

'આ રીતે હે શાસ્ત્રીજી મહારાજ ! આપના ગુણોનું વર્ણન કર્યું, સંભાર્યા,

આપે જેમ મહારાજ ને સ્વામીને રાખ્યા હતા, તેમ અમે પણ તમને રાખી શકીએ તેવી પ્રાર્થના !

'તમે નિર્દોષબુદ્ધિના ભૂખ્યા છો, તમારા ભક્તમાં અમે જો નિર્દોષબુદ્ધિ રાખશું તો તમે અમારા ઉપર હેત રાખશો. એ છોડી દઈશું તો તમે પાંહે (પાસે) નહીં બેસવા દ્યો, કાઢી મૂકશો.

'ગુણ આપવા બેઠા છો, ચાલો પાંચ મિનિટ ધૂન કરી લઈએ, આપણામાં ગુણ આવે.' એમ કહી ધૂન કરવા લાગ્યા.

પછી કહે : 'લાખો રૂપિયા મળતાં પણ આ સ્થાનમાં રહેવાનું ન મળે. આપણને રહેવા મળ્યું, કેટલાં મોટાં ભાગ્ય ! મહિમા સમજવો.' એમ કહી સ્થાનિક હરિભક્તોને નિયમિત મંદિરે આવવા આજ્ઞા કરી.

પછી સંતોને કહે : 'અહીં જન્મ સ્થાનની જગાએ ગાર હતી. અહીં સિપાઈ રહેતો. દસ-પંદર વર્ષ પહેલાં અમે આવેલા. દર્શન કર્યાં હતાં. જન્મ સ્થાન પાસે પાણિયારું હતું. નીચે ગાર હતી. તે એમ ને એમ રાખી હોત તો સારું હતું. પણ રજોગુણ કાઢ્યો. મોઝેક (ટાઈલ્સ) પથરાવી દીધી. ગાર રાખી હોત તો દર્શન થાત. રજ માથે ચડાવવા મળત. વરસોવરસ નવી ગાર કરવાની સેવા આપણને મળત.

'જ્યાં સ્વામી બેઠા હોય તે જગ્યા કાયમ રાખીએ તો માહાત્મ્ય રહે. ગઢડા - અક્ષર ઓરડી કાઢી નાખી, તે માહાત્મ્ય ઘટી ગયું.'

આવા સૂક્ષ્મ વિચારોના સંદર્ભે રહેલી સ્વામીશ્રીની ગુરુસ્થાન પ્રત્યેની પરાભક્તિ સહેજે પ્રગટ થઈ જતી.

પછી ગુણવંતની શાલ ઓઢી શૌચ વિધિ માટે ગયા.

બાંધણીના યુવકો સત્સંગના બંધનમાં

પૂજા બાદ, બાંધણીના યુવકો આવ્યા હતા તેમને વર્તમાન ધરાવતાં કહે : 'બાંધણીમાં આપણે પગ નાખવો છે.'

પછી ગોંડલ સમૈયા માટે સ્વયંસેવકોની નોંધણી થઈ. બધાને ધબ્બા આપ્યા અને મંત્ર બોલાવવા લાગ્યા : 'લ્યો હાથમાં પાણી, બોલો - કાળ, માયા, પાપ કરમ...'

એક યુવક બોલ્યો : 'બાપ કરમ...'

'અલ્યા બાપ કરમ તો સૌ છે. પાપ કરમ બોલ.'

પછી કહે : 'કંઠી પાકા દોરામાં બંધાવી લેવી. જેમ બ્રાહ્મણને જનોઈ છે, તેમ

આપણે કંઠી રાખવી. મૂર્તિ મઢાવવી. સ્વામિનારાયણનું નામ લેવું. કોઈને ઘરે મહેમાન થયા હોઈએ ને ત્યાં લસણનો વઘાર થયો હોય તો ખાવું નહિ. ડુંગળી ખાવી નહિ. ગાળ્યું (ગાળેલું) પાણી પીવું. નિશાળે એમ ને એમ નળે મોઢું ન માંડવું. ગાળેલું દૂધ લેવું. સિનેમા-નાટક-સરઘસ જોવા ન જાવું. દોસ્તારો મફત લઈ જાય તોય ન જવું. આપણે કોના થયા ? સ્વામિનારાયણના.'

'આપણી ફઈ, માશી કંઠી તોડવા આવે તો તોડી નાખવી ?' *'હરિનો મારગ છે શૂરાનો.'* બાંધણીમાં મંદિર અને હાલ બાવનો છે. સત્સંગ વધારવો. દર રવિવારે દિવ્યકાંતને મેડે સભા કરવી. ૫ થી ૬ કલાક સભા ભરવી. વચનામૃત વાંચવું. રવિવાર ખાલી જવા ન દેવો. જેમ નિશાળે જાવ છો તેમ જવું. ડાહ્યાભાઈ વાત કરશે. ભણીએ - છ કલાક વાંચવું. 'સ્વામીએ આશીર્વાદ દીધો અને ફળ્યો નહિ' એમ ન કરવું. સત્સંગ કરવો એ જીવનું ભાથું છે. આશીર્વાદ - બધા સુખી થાવ. કથાવાર્તા કરજો. પાસ થઈ જાશો. મિત્ર કંઠી તોડવા આવે તો વચન માનવું ? ના. અમારો જન્મ સ્વામિનારાયણ ભજવા થયો છે. એમ માનવું. દર પૂનમે સાંજે અહીં દર્શન કરવા આવવું. હવે ઈશ્વર સ્વામી વાત કરશે.'

સેવાથી સ્મૃતિદાન

અહીંના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ અનેક હરિભક્તોને સમાગમ, દર્શન, કથાવાર્તાનું સુખ આપી સ્મૃતિ આપી. તેમાંય નડિયાદના હરિભક્તો ગોવિંદભાઈ રાઠોડ, ભગવાનજીભાઈ, ગોરધનભાઈ વગેરેને તો વિશિષ્ટ સ્મૃતિ આપી દીધી.

આ હરિભક્તો રોજ નડિયાદથી સાઇકલ લઈ, વહેલી સવારે મંગળ પ્રવચનમાં હાજરી આપતા.

એક દિવસ સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'એક સેવા તમને સોંપવાની છે.'

સૌ રાજી રાજી થઈ ગયા ને કહ્યું : 'બાપા ! આપ કહો તે સેવા કરશું.'

સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'મંદિરના બાથરૂમમાં ડોલ છે, તે તૂટી ગઈ છે. સંતોનાં ધોતિયાં તેમાં ભરાઈને ફાટે છે. તો એક ડોલ ને એક ડબલું, બે વસ્તુ લાવજો.'

'ભલે, બાપા !' ઉત્સાહથી ભક્તોએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'બીજી સેવા શું ? કે પાછળ ખાડો ભરાયો છે તે ઉલેચી નાખવો.' હરિભક્તોએ તરત જ બંને સેવા કરી નાખી. તેમના ઉમંગનો પાર નહોતો. એમ થયા કરતું હતું કે સ્વામીએ અમને સામેથી બોલાવીને સેવા

સોંપી ! કેવાં ભાગ્ય !

સ્વામીશ્રી આવી નાની-નાની સેવાની તક આપી સૌ પર રાજીપો વરસાવતા. બધા સેવા કરીને આવ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'ઉકાળા-પાણી કરવા અમારી ભેગા બેસજો. પ્રસાદી દેવી છે !' એમ કહી સાથે નાસ્તો કરાવ્યો. પ્રસાદી પણ આપી અને કહે : 'આ હેતની-સેવાની પ્રસાદી છે !'

તા. ૧૦મીએ બાંધણી, પોરડા, સોજિત્રા, સુણાવ થઈ, પેટલાદ મોહનભાઈને ત્યાં પધાર્યા.

અહીં સ્વામીશ્રી ૬-૦૦ વાગે ઊઠ્યા. સ્નાન કરી, નિત્ય વિધિ બાદ કથામાં પધાર્યા ત્યારે અમને કહ્યું : 'અષ્ટક બોલવા ન આવ્યા ? અમને ઉઠાડવા.'

પછી કહે : *'ઊઠો આળસ મોડીને.'* એમ શ્રીજીમહારાજને કહેનારા હતા. તેમ તમારે અમને ઉઠાડવા. તો ભગવાન ભજાય.'

પોતે સાક્ષાત્ શ્રીહરિના અખંડ ધારક છે, છતાં વહેલા ઊઠી ભગવાન ભજવા - કથાવાર્તા કરવાનો કેવો ઇશક !

અહીં કથા પ્રસંગમાં કહે : 'ચોરે ન બેસવું, ઓટલે ન બેસવું. 'હટાક ચોરા' એ કૂતરા મંડળી કહેવાય. કૂતરાં ચાર-પાંચ ભેગાં થઈને લૂગડાં ખેંચે; તેમ એ બધા નિંદા, કૂથલી કરે.'

તા. ૧૩મીએ સવારે આણંદથી સ્વામીશ્રી એકાએક ગુજરાત એક્સપ્રેસમાં મુંબઈ જવા નીકળ્યા.

અમૃત મહોત્સવ અંગે વિચરણનો સ્વામીશ્રીનો ગુજરાતનો સખત કાર્યક્રમ નક્કી થઈ ગયો હતો. ગુજરાતની સખત ઠંડી અને રોજના બબે - ત્રણ-ત્રણ ગામ ફરે તેમાં સ્વામીશ્રીના સ્વાસ્થ્યને જરૂર હાનિ પહોંચે. સ્વામીશ્રી તો પરમ દયાળુ પુરુષ ! એટલે પોતાના સ્વાસ્થ્યને અવગણીને તેઓ હરિભક્તોને રાજી કરવા ભીડો વેઠે; પણ શરીર ઉપર તેની અસર જરૂર જણાતી. એથી અચાનક સૌએ નિર્ણય લીધો કે સ્વામીશ્રી હાલ મુંબઈ જઈ આરામ કરે. ગોરિયાદની પારાયણ તથા બીજા આગળના કાર્યક્રમો તાત્કાલિક મુલતવી રાખવામાં આવ્યા અને સ્વામીશ્રી મુંબઈ આવી પહોંચ્યા.

દાદર સ્ટેશને હજારો હરિભક્તો સ્વામીશ્રીના અચાનક આગમનથી ખુશખુશાલ થતાં સ્વાગત માટે પહોંચી ગયા હતા. તિલક બ્રીજથી મંદિર સુધી નગરયાત્રારૂપે સ્વામીશ્રી મંદિરે પધાર્યા. આગળ ઇંગ્લીશ હાઈસ્કૂલનું બૅન્ડ ઉદ્‌ઘોષ કરતું હતું. મંદિરના પ્રાંગણમાં જ આસન ઉપર સ્વામીશ્રીને પધરાવી સંતોએ મોટો

હાર પહેરાવ્યો. ૭૫ દીવાની ઠાકોરજીની આરતી ઉતારી.

ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી સભામાં બિરાજ્યા. મોહનભાઈ રાઠોડે સ્વાગત-પ્રવચન કર્યું. ડૉ. ભગુભાઈ તથા ડૉ. દલ વગેરે સ્વામીશ્રીની સેવામાં હતા. સ્વામીશ્રીને સંપૂર્ણ આરામ મળે તે પ્રમાણે કાર્યક્રમ અને વ્યવસ્થા ગોઠવી દીધાં.

તા. ૧૪મીએ સવારે હેમચંદ્રભાઈ નામના એક વિદ્વાને 'ગીતા રહસ્ય' ઉપર અડધો કલાક પ્રવચન કર્યું હતું.

નિદિધ્યાસ થાય, ઈદં સાંભરે

રાત્રિસભામાં સ્વામીશ્રીએ તે પ્રવચન ઉપર સુંદરતમ વિવરણ કર્યું :

'સવારે ગીતા ઉપર હેમચંદ્રભાઈએ વાત કરી. ગીતાના આધારે અક્ષર-પુરુષોત્તમની બહુ સરસ વાત કહી. તેમ આપણે વચનામૃત ઉપર અધ્યયન કરવું. ગેંગેંફેંફેં કરીએ તે આવડ્યું ન કહેવાય. બસો બાંસઠ વચનામૃતોનો ભાવાર્થ બોલી શકીએ તેવું શીખવું. જેનું શાસ્ત્ર વંચાય તેનો સંગ કર્યો કહેવાય. વચનામૃતમાં શ્રીજીમહારાજનો મહિમા. અક્ષર અવિનાશી; તેથી પર પુરુષોત્તમ. અક્ષરરૂપ આપણે બનવું છે. લોયાના ૧૨ની વાત કરવી.

'આ છેલ્લી કોરટ ! પહેલી ચોપડીવાળાને મૅટ્રિકની વાત ન સમજાય. મૅટ્રિકવાળાને એમ.બી.ડીચ.(એમ.બી.બી.એસ.)ની વાત ન સમજાય. શીખવી પડે. વેદ-પુરાણના પારને પામ્યો હોય તે આ વાત સમજી શકે. બીજા શું સમજે ? મહારાજે જે જ્ઞાન આપ્યું તેનું ગુણાતીત સ્વામીએ ભાષ્ય કર્યું.

વળી કથા પ્રસંગમાં કહે :

'રાત-દી' વાતું સંત કહે છે છતાં અંગ કેમ બદલાતું નથી ? શ્રવણ પછી મનન, નિદિધ્યાસ કર્યો નથી. આ કાને વાત સાંભળીને પેલે કાને વહી જાય. નિદિધ્યાસ થાય. ઈદં સાંભરે. શાસ્ત્રીજી મહારાજ ભગતજી ભેળા રહેતા. વાતો સાંભળે પછી બે-ચાર હરિભક્તોને લઈને વાતો ફરી કરે. બે-ચાર કલાક તેમાં જાય. પછી ૫૦ વરસે તે વાત ઈદં સાંભરે. સાક્ષાત્કાર થઈ જાય.

'વાતું કરો છો પણ મનન કરો છો ? ઈશ્વરભાઈ ! તમારે મનન થાય છે ?'

'બાપા ! યાદ જ રહેતું નથી, જગતની વાત યાદ નથી રહેતી.'

સ્વામીશ્રી તરત બોલ્યા : 'જગતની વાત યાદ ન રહેતી હોય તો આવો અહીં. હાલો, આ ગાદી ખાલી પડી છે !' સ્વામીશ્રીએ સમય જોઈને તીર માર્યું. મર્મ કહી દીધો. પછી કહે : 'બે વાતે ભગવાન ભજાતા નથી. બહુ પૈસા મળે તો

નવરા ન થાય. પૈસા ન મળે તો ભાડું ન મળે.

'વચલા માણસ તરત કથામાં આવે. મોટા માણસ મોડા આવે. અમારામાંય (ત્યાગીમાં) સદ્‌ગુરુ મોડા આવે.'

એક હરિભક્તે કહ્યું : 'બાપા ! આપ તો આવી ગયા !'

ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે ક્યાં સદ્‌ગુરુ છીએ ? સદ્‌ગુરુપણાનું માન અમારે નથી. તેથી વહેલા આવી જઈએ છીએ.'

માલિકીનું કીર્તન

વળી એક વાર સંતો બેઠા હતા ને સ્વામીશ્રી કહે : *'મને અનુભવી આનંદમાં'* વધુ ગમે. *'હરિગુણ ગાતાં'* - *'આજ મારે ઓરડે રે'* - *'સંત વિના રે સાચી કોણ કહે'* - *'શીદને રહીએ રે કંગાલ રે'* - આ પાંચ-સાત કીર્તનો અમારા અંગનાં. તેને બોલવાની અને અર્થ કરવાની મજા પડે. *'હાંજી ભલા સાધુ'* - તો માલિકીનું ! *'શીલવંતા સાધુ'* - અંગનાં કીર્તનો ગણાય.

'પટેલિયા બેઠા હોય ત્યારે *'હૈયાના ફૂટ્યા હરિસંગે હેત ન કીધું'* - એ ઉપદેશ માટે ગાઈએ.

'આપણા શાસ્ત્રીજી મહારાજનાં કીર્તનો તો જીવનપ્રાણ ! તે ગમે જ.

'જ્ઞાની બેઠા હોય ત્યારે *'હાંજી ભલા સાધુ'* - *'હાંજી ભલા જ્ઞાની'*, *'મળે જીવન મુક્ત જોગિયા'* ગાઈએ - જેવો વખત તેવાં વાજાં. મુમુક્ષુ ખપવાળા ઓછા હોય ત્યાં ત્યાં તેવાં કીર્તનો બોલીએ.

'સારા મુમુક્ષુ શ્રદ્ધાવાળા હોય, ઝીલે તેવા હોય ત્યાં રેશમી તાકા કાઢીએ. જેવો સમો હોય તેવું વાજું વગાડીએ. ભાર પડી જાય.' એમ પોતાની રુચિ જણાવવા સાથે ગમ્મતનો આનદ પણ સૌને વહેચ્યો.

તા. ૨૦-૧૨-'૬૬, મંગળવાર, મુંબઈ મંદિરનો ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊજવાયો. માણેકલાલ શેઠ તથા વિનોદભાઈએ વિધિનો લાભ લીધો. આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'અક્ષરધામમાં મહારાજ અને સ્વામી બિરાજમાન છે, તેવા ને તેવા પ્રગટ બિરાજમાન છે. એમ સમજીએ તો શુદ્ધભાવ થયો.'

આનંદ ભેગો નથી લઈ જતા

તા. ૨૧મીએ સવારની સભામાં વચનામૃત ગ.પ્ર. ૩૪ વંચાવતા

વજુભાઈએ પૂછ્યું : 'અહીં આનંદ રહે છે ને પગથિયાં ઊતરી બહાર જઈએ છીએ તો આનંદ કેમ રહેતો નથી ?'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'આનંદ ભેગો નથી લઈ જતા એટલે ! બજારમાં વસ્તુ લેવા જઈએ તે લઈને ઘરે જઈએ છીએ કે મૂકીને ? જગતનો ક્ષણિક આનંદ ને આ વિશેષ. પેલામાં ઘડીક હાણ, ઘડીક વૃદ્ધિ, મૂંઝવણ રહે. અને ભગવાનના આનંદમાં મૂંઝવણ થાય તેવું નહીં.'

વાતમાં વાત નીકળતાં જૂની વાત યાદ કરતાં કહે : 'સરધારથી બે ગાઉ દૂર સાજડિયાળી (હાજડિયાળા) ગામ છે. ત્યાં ગરાસિયા દરબારે અમારા પગની રેખા (ઊર્ધ્વરેખા) જોઈ કહ્યું : 'બહુ મોટા થશો.' અમે તે દી' ધોળે લૂગડે હતા. ૧૫-૧૬ વર્ષની ઉંમર હશે. પણ શાસ્ત્રીજી મહારાજ મળ્યા, તેમાં બધી રેખા આવી ગઈ. રેખા કાંઈ કામ ન કરે.'

બાદ થાળમાં પધાર્યા. એક ભાઈ ફૂલનો ગજરો લાવ્યા. સ્વામીશ્રી કહે : 'મહારાજને ધરો. હરિજયંતી છે.' તેમણે ધર્યું એટલે સ્વામીશ્રી કહે : 'જાવ, અમને પહોંચ્યું !' બાદ થોડી વાતો કરી ઠાકોરજી જમાડવા બિરાજ્યા.

સાંજે સ્વામીશ્રી મોટા સંઘ સાથે મોટા મંદિરે દર્શને ગયા હતા. આર.યુ. પટેલ આફ્રિકા જતા હોવાથી સ્વામીશ્રીએ વિદાય સભા ગોઠવી. વજુભાઈ મોદી, ઈશ્વરભાઈ દેસાઈ વગેરે ભક્તો પાસે પ્રવચનો કરાવ્યાં. પ્રસાદીનો હાર પહેરાવી આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'આર.યુ. પટેલે અહીં ત્રણ માસ રોકાઈ જ્ઞાનની ભંભલી ભરી છે, તે આફ્રિકા દેશમાં ઠાલવશે. તેઓ જે જે સંકલ્પો કરશે તે શાસ્ત્રીજી મહારાજ પૂરો કરશે, તેવા આશીર્વાદ છે.'

પ્રત્યક્ષ મહારાજ દર્શન દે છે તોપણ ભાવ કેમ નથી થતો ?

કથા પ્રસંગમાં વચનામૃતના કથાપાન બાદ સ્વામીશ્રી કહે : 'આપણે ધામમાં જવાની તૈયારી હોય અને મહારાજ, શાસ્ત્રીજી મહારાજ દર્શન દે તો કેફ ચડી જાય. ને હમણાં પ્રત્યક્ષ મહારાજ દર્શન દે છે તોપણ એવો ભાવ કેમ નથી થતો ?' આ સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા.

સ્વામીશ્રી આગળ કહે : 'જો એવો નિર્દોષભાવ થાય તો અખંડ કેફ રહે.'

'સત્પુરુષને વિશે નિર્દોષભાવ હોય તોપણ કેફ કેમ નથી રહેતો ?' એક ભક્તે પૂછ્યું.

સ્વામીશ્રીએ તુરત ઉત્તર આપતાં જણાવ્યું કે 'જાગ્રતમાં કદાચ એવું રહેતું

હોય; પણ સ્વપ્નમાં, સુષુપ્તિમાં પણ એવો જ નિર્દોષભાવ રહે તો કેફ જણાય.'

સ્વ-સ્વરૂપનો સ્ફોટ કરતી અને દરેકને અંતઃપ્રેરણા આપતી સ્વામીશ્રીની આવી રહસ્યપૂર્ણ સચોટ વાણી પ્રત્યેક ભક્તને-સાધકને આધ્યાત્મિક માર્ગની દુર્ગમ કેડીઓ તરફ દોરતી હતી.

સવારે ૧૦-૦૦ વાગે ટપાલ લખી રહ્યા હતા. ગુણુ ભગત, યોગેશ્વરદાસ તથા હું પાસે બેઠા હતા. થોડી વારે ટપાલ લખતાં સ્વામીશ્રીએ બે ચરણારવિંદ લંબાવ્યાં. તે ગાદીથી જરા નીચે ઊતરી ગયાં. તેથી અમે બે ડનલોપનાં કુશન (ઓશીકાં) સ્વામીશ્રીનાં બન્ને ચરણારવિંદ નીચે ગોઠવ્યાં.

'બાપા ! આ ઓશીકાં મહેશભાઈ દોશી આપને માટે લાવ્યા છે.' મેં સહેજ સ્વામીશ્રીને કહ્યું.

પત્ર લખતાં લખતાં સ્વામીશ્રીએ મુખારવિંદ ઊંચું કરી, નજર ઓશીકાં તરફ ફેરવી, ઓશીકાં જોયાં. એટલી તો સાહજિકતાથી, લજ્જિત થતાં પોતે અતિ નમ્રભાવે બોલી ઊઠ્યા : 'ભાઈસા'બ ! તમે મને રજોગુણી કરી નાખશો.'

સ્વામીશ્રીનો ભાવ જોઈ અમે જરાવાર તો ઝાંખા પડી ગયા, પણ એ શબ્દો અમારા કાનમાં જ આશ્ચર્યવત્ ઊભા રહ્યા હતા.

મેં કહ્યું : 'બાપા ! આપ અમારો રજોગુણ કાઢો એમ છો. તો પછી આપને...?' સ્વામીશ્રી મરમાળું હસવા લાગ્યા !

તા. ૨૪મીએ મોહનભાઈ રાઠોડ, કાંદીવલી આશ્રમના વિદ્વાન સંન્યાસી સ્વામી કાશિકાનંદજીને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. તેઓ સ્વામીશ્રી પ્રત્યે અત્યંત પૂજ્યભાવ રાખતા. તેમણે 'ભક્તિ' ઉપર સુંદર વ્યાખ્યાન આપ્યું હતું.

ખાસ આજ્ઞા

રવિવારે યુવક મંડળની સભામાં રાજેન્દ્ર દેસાઈએ અંગ્રેજીમાં પ્રવચન કર્યું. પછી સ્વામીશ્રીએ વાત ઉપાડી લીધી :

'તિલક-ચાંદલો એ અમારી ખાસ આજ્ઞા છે. રવિવારે તિલક-ચાંદલા તાણીને આવવું. પાસ થઈ જશો. તમારું દર્શન કરશે તેનું પણ કલ્યાણ !

'જૂઠું ન બોલવું. કોઈનું ખિસ્સું ન કાપવું. કોઈની વસ્તુને અડાય નહીં. (પારકી) નોટનો કટકો ન અડાય. બજારમાં પાન ન ખવાય. ઘણા છોકરા તમાકુ ખાય છે, પણ આપણે ન ખાવું. નીચી દષ્ટિએ ચાલવું. મુંબઈનું રિઝલ્ટ ૧૦૦ ટકા લાવવું. શૂરવીર થાવું; ફોસી ન થાવું.

'રવિવાર કિંમતી દિવસ છે. ઘણા ફિલમ જોતા હશે, પણ રવિવારે બે કલાક સભામાં બેઠા તે ભગવાનની ડાયરીમાં લખાઈ જાય.'

અહીંના હીરાભાઈ પારેખ તેમના દીકરાના લગ્ન માટે સુરેન્દ્રનગર જઈ રહ્યા હતા. તે આશીર્વાદ લેવા આવ્યા. સ્વામીશ્રીએ ખૂબ પ્રેમથી આશીર્વાદ આપ્યા. અને કહે : 'મૂળી, વઢવાણ દર્શન કરવા જજો. એકાવન રૂપિયાનો થાળ કરજો. મારા માટે પ્રસાદ લાવજો.' આમ, કોઈ ભેદભાવ વગર જૂનાં-નવાં તીર્થોમાં સ્વામીશ્રી ભક્તોને દર્શનાર્થે મોકલતા.

સ્નાન પછી વસ્ત્ર બદલતાં ધોતિયાંની પાછલી પાટલી નાખતા સ્વામીશ્રી કોઈના હાથનો ટેકો લેતા. એક વાર રાજેન્દ્ર દેસાઈએ હાથ ધર્યો. ત્યારે સ્વામીશ્રી કહે : 'કાંડું પાતળું પડે છે. જાડા કરવા છે.'

પછી પિનાકીન બ્રહ્મભટ્ટે હાથ ધર્યો. તો કહે : 'આ બરાબર છે.' એમ કહી ધોતિયું પહેર્યું. એવામાં પિનાકીન કહે : 'બાપા ! મારું કાંડું પણ પાતળું છે. આવું પાતળું શરીર છે તે જાડું કરવું છે.'

સ્વામીશ્રીએ લહેકાથી કહ્યું : 'ગુરુ... અપવાસ કરો, દેહ તો તપસ્વીના જેવો જ સારો. શરીર જાડું થાય તો આડે રસ્તે જતું રહે.' એમ કહીને તપની રુચિ બતાવી.

તા. ૨૬મીએ લુકા પરિવાર તરફથી અ.નિ. ગોકળદાસ લુકાના મોક્ષાર્થે 'હરિલીલાકલ્પતરુ'ના તૃતીય સ્કંધનું પારાયણ શરૂ થયું હતું.

વચ્ચે દલાલ હતા તેથી ગયા

બીજે દિવસે પૂનમ હોવાથી જૂના મંદિરે દર્શને જતા હતા. મોટરમાં નારાયણ ભગતે પૂછ્યું : 'બાપા ! આ ચાલીસ સંતો કેમ જતા રહ્યા ?'

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'વચ્ચે દલાલ હતા તેથી ! આપણે કોઈ દલાલ નથી. સીધા સત્સંગમાં જોડીએ છીએ, તેથી હવે વહ્યા નહીં જાય.'

શ્રીજીના અખંડ ધારક આવા ગુણાતીત સંતનો યોગ થયા પછી પણ, જે વચ્ચે બીજા દલાલ રાખે તેની કેવી ભૂંડી દશા થાય, તે સ્વામીશ્રીએ મરમમાં જણાવ્યું. મહારાજને પામવા વચ્ચે ગુણાતીત સંતનું માધ્યમ અનિવાર્ય છે, મહારાજનાં વચનામૃત અનુસાર છે. પણ ગુણાતીત સંતને ઓળખવા - એમનામાં જોડાવામાં વચ્ચે બીજા કોઈ દલાલની જરૂર રહેતી નથી. જે ગયા તે જોરશોરથી કહેતા કે 'યોગીજી મહારાજ જેવા ઓલિયાને ઓળખવા વચ્ચે

એકાંતિક મુક્તોની - સ્વરૂપોની જરૂર છે જ.' જો કે એવું મહારાજે વચનામૃતમાં કે સ્વામીએ વાતુંમાં ક્યાંય જણાવ્યું નથી. તેમજ સ્વામીશ્રી પણ ક્યારેય એવું કહેતા નહિ. તેઓ વારંવાર કહેતા કે 'ગુણાતીત સંતમાં હેત, વિશ્વાસ ને નિષ્કપટભાવ હોય તો બ્રહ્મરૂપ થતાં ક્યાં વાર લાગે છે !' આમાં વચ્ચે દલાલ રાખવાની ક્યારેય વાત કરતા નહિ. જેમ હીરે કરીને હીરો વીંધાય, તેમજ સંત જ પોતાનું સ્વરૂપ ઓળખાવે અને ભગવાનનો નિશ્ચય પણ એ જ કરાવે. અલબત્ત, મોટા સંતો-હરિભક્તોનો સમાગમ કરવાનું સ્વામીશ્રી કહેતા. જેથી જીવને સતત સત્સંગનો યોગ રહે, બળ મળે; પણ મન, કર્મ ને વચને જોડાવાનું તો એક પરમ એકાંતિક સંતમાં જ હોય – તેવું પોતે વારંવાર જણાવતા.

વળી, સત્સંગમાં કોની સાથે હેત કરવું, કોનો સમાગમ કરવો, તે પણ સ્વામીશ્રી સ્પષ્ટપણે સમજાવતા કે 'જેનામાં આજ્ઞા અને ઉપાસના દૃઢ હોય તેનો જ સમાગમ કરવો.' આજ્ઞામાં નિષ્કામ ધર્મ ઉપર બહુ ભાર મૂકતા. નાના નાના યુવકોને બ્રહ્મચર્યવ્રત દૃઢાવતા, વારંવાર ઉપવાસ કરાવતા. ગૃહસ્થ હરિભક્ત હોય તે પણ પોતાની સ્ત્રીને મૂકીને અન્ય સ્ત્રીઓ સાથે વાતચીતનો પ્રસંગ, બેસવા-ઊઠવાનો પ્રસંગ વગેરે ન રાખે, અણીશુદ્ધ નિષ્કામ વ્રત પાળે, એવા જ મોટેરા ભક્તો સ્વામીશ્રીને માન્ય હતા.

વળી, કોઈ અક્ષરપુરુષોત્તમની ઉપાસનાની વાતો કરે પણ જો સ્વામી-સેવકભાવ ન રાખે, મોટાપુરુષ સાથે દાસત્વભાવ ન રાખે, ઊલટું છૂપી રીતે મોટા-પુરુષના સામાવડિયા થઈ, પૂજાવા-મનાવાનો પોતાનો રાગ પોષે, ભોળા ભક્તોને મહિમાની વાતો કરી પોતામાં જોડે, સાચા સંતથી વિમુખ કરે, એવા બની બેઠેલા મોટા હરિભક્તો કે ભેખ-સંતોથી તો સદા ચેતવાનું સ્વામીશ્રી અનેક વાર કહેતા.

આમ, ગુણાતીત જ્ઞાનમાં, મહારાજને પામવાના દ્વાર સમા ગુણાતીત સંતને ઓળખવા વચ્ચે દલાલની જરૂર પડે, એવી શાસ્ત્ર વિરુદ્ધ અને ઉપાસના વિરુદ્ધ વાતને સ્વામીશ્રીએ આજે હસતાં હસતાં રદિયો આપ્યો. અને જણાવ્યું કે 'આપણે કોઈ દલાલ નથી. સીધા સત્સંગમાં જોડીએ છીએ, તેથી હવે વહ્યા નહિ જાય.' અર્થાત્ દરેક મુમુક્ષુએ મોટાપુરુષમાં જ સીધું જોડાવું; જેથી આવો દુર્લભ સંત-સમાગમ છોડીને જવાનો સમય ન આવે.

ચાદર તો શું, ગાદલું ઓઢાડે તોય જાતા રહે !

આજે રાતે 'સ્વામીની વાતો'ની પારાયણ થઈ. સ્વામીશ્રી નિરૂપણ કરતાં

કહે : 'વિશ્વસ્વરૂપાનંદ કોઈને ગાંઠતા નહિ. 'પારેવા કા પીછ બના દિયા !' એમ કહે. પણ મહારાજ બીજાને 'તમારી સમજણ બદલો' એમ ન કહે. ચાલવા દો. ટાણે ખબર પડશે. આગળ ઉપર વીતશે.'

આ વાતના સંદર્ભમાં ઈશ્વરભાઈ દેસાઈએ પૂછ્યું : 'બાપા ! ચાલીસ સંતોને આપે જ ચાદર ઓઢાડી, તોય સમજણ ફરી ગઈ. તે કેમ ચાલ્યા ગયા ?'

સ્વામીશ્રી કહે : 'એવાને ચાદર શું, ગાદલું ઓઢાડે તોય જાતા રહે ? ભગવાન અહીં હતા, સાક્ષાત્ મળ્યા હતા, તોય બીજે ભેદ પાડતા હતા. મહારાજના વખતેય આવા ભેદ પડેલા, તો આપણે કઈ વાડીના મૂળા ? ગેડ ન પડી હોય તે અવળું નાડું પકડાઈ ગયું હોય, સમજણ નહીં તેમાં આપણે શું કરવું ?'

આમ, જાહેર સભામાં હસતાં હસતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે ચાદર તો શું પણ ગાદલું ઓઢાડ્યું હોય તોય ફેંકીને જતા રહે, જો સાક્ષાત્ પુરુષને મૂકીને બીજે માલ માન્યો હોય તો. મહારાજના વખતમાં પણ આવું બનતું. સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણને છોડીને જતા રહ્યા છે. ગુણાતીત સંતને ઓળખવામાં ને સમજવામાં બરાબર ગેડ ન બેસાડી હોય અને વ્હોરાજીની જેમ અવળું નાડું પકડાઈ ગયું હોય, તો મોટાપુરુષેય શું કરે ? જીવ પોતાનું મમત મૂકી શકતો નથી અને અવળા પક્ષે કરીને પોતાનું ભૂંડું કરે છે.

વળી, સ્વામીશ્રીએ આજે એક વધુ સ્પષ્ટતા કરી કે ભગવાન ને સંત પોતાની રીતે સમજાવવા પ્રયત્ન કરે, પણ જો કોઈ પોતાની સમજણ બદલે નહિ તો મહારાજ પણ તે બદલવાનો આગ્રહ રાખતા નહિ અને ચાલવા દેતા. જ્યારે બરાબર સમય પાકે ત્યારે ભલે ખબર પડે અને ત્યારે ભલે તેના ઉપર ગમે તેવી વીતે, પણ મહારાજ તેની ચિંતા કરતા નહિ. તેમ ગુણાતીત સંત પણ એ રીતે રીત રાખે છે. બે-પાચ જીવ સત્સંગના નોરમાં ન રહેતાં ભૂંડે હાલ પડે તો મોટાપુરુષ પણ ચલાવી લે છે, જેથી બીજાને પણ દાખલો મળે ને સૌ સત્સંગની રીતમાં રહે.

તમારે અમારો કહ લેવો !

તા. ૩૧મીએ મંગળ પ્રવચનમાં કહે : 'અત્યારે ઊંઘનું ધ્યાન ધરે તો ગાફલાઈ ક્યારે ટળે ?' પછી કહે : 'આપણે સૌએ સમાગમ કરવો. તે સારુ મને રોક્યો છે. હરિભગતને, સંતને રાજી કરવા મહિનો વધુ રોકાવાનું થયું. તમારે કહ લેવો : 'સ્વામી મને સમજાવો.' - 'શું કામ રોક્યો છે ?' એમ કહેવું. 'પાંચ વાગે ઊઠી વાતો કરો.' પાંચ વાગે જાગીએ છીએ તે કિંમતી ટાઇમ છે. પડકારા

કરવા - બળ આપવા રાખ્યા છે. સામું કહેવું, તો અમે પણ વધીએ કે શિષ્યો નહીં છોડે ! તો વધાય. ભગવાનની ભક્તિ, નિર્દોષબુદ્ધિ કરવી છે.

'પંજાબ મેઈલ લેટ થાય તો બધું લેટ ! પલેન (પ્લેન) પણ લેટ થાય છે, તેની આબરૂ ગઈ. પલેન મોડાં થાતાં હશે ? આપણે પલેનથી શ્રેષ્ઠ થાવું !'

આમ, પોતાના વિષે સંતો-હરિભક્તોને સ્વામીશ્રી હંમેશાં જાગ્રત રાખતા. એમની ટકોર કરવાની રીત પણ એવી સાહજિક હતી કે ખબર ન પડે ને વાત અંતરમાં ઊતરી જાય, દૃઢતા વધે, શિખામણનો બોજ ક્યારેય ન લાગે, હંમેશાં હૂંફની હળવાશ જ અનુભવાય.

ગોવધ પ્રતિબંધના સમર્થક

આ સમય દરમ્યાન સરકાર ગોવધ ઉપર પ્રતિબંધ મૂકે એ હેતુથી પુરીના શંકરાચાર્ય નિરંજનદેવ તીર્થ ઉપવાસ ઉપર ઊતર્યા હતા. ધીરે ધીરે તેમના ઉપવાસના દિવસો વધતા જતા હતા. તેથી તેમનું સ્વાસ્થ્ય ખૂબ લથડતું જતું હતું. સરકાર કાંઈ મચક નહોતી આપતી. તેથી સ્વામીશ્રી દરરોજ રાત્રે સભામાં ગોવધ પ્રતિબંધ આવે તે માટે ધૂન કરાવતા. તેમની તબિયતના સમાચાર પણ પૂછતા. દરરોજ સવારે મહાપૂજામાં પણ આ માટે ધૂન કરી પ્રાર્થના કરતા. આજે ૫૧ સંતોએ તથા હરિભક્તોએ આ માટે નિર્જળા ઉપવાસ પણ સ્વામીશ્રીની આજ્ઞાથી કર્યા હતા. આમ, સ્વામીશ્રીએ શકરાચાર્યજીના કાર્યમા સપૂર્ણ સહાનુભૂતિ જણાવી, તેમના માટે સતત પ્રાર્થના-ધૂન કરી, પરોક્ષ રીતે ઘણી જ સહાયતા કરી હતી. ગોવધ પ્રતિબંધ અને હિંદુ ધર્મ માટે સ્વામીશ્રી કેટલા સક્રિય રીતે ચિંતાતુર હતા તે આ પરથી સૌને જણાતું હતું.

તા. ૨જીએ, લગભગ ૧૦૦ જેટલા સંતો-ભક્તો સાથે સ્વામીશ્રી પવઈ અક્ષર વાડીએ પધાર્યા હતા. સવારે ગ.અં. ૩૭ વચનામૃત સમજાવી સૌને અદ્‌ભુત આનંદ કરાવ્યો. સાંજે વાડીમાં બધે ફર્યા અને ચણાના ઓળાની પ્રસાદી સૌને વહેંચી હતી. એકાદશીએ ભક્તોના સંઘ સાથે મોટા મંદિરે દર્શન કરી, છગનભાઈને ત્યાં પ્રસાદીની વસ્તુઓનાં દર્શને પધાર્યા હતા.

સારા હતા તે રહ્યા ને ખોટા હતા તે ગયા

તા. ૪થીએ સવારે વચનામૃતની કથામાં ગ.પ્ર. ૨૬મું નિરૂપ્યું :

'રસિક કીર્તનમાં બધું ભેગું આવે, ગોપીયુંનું વર્ણન આવે, પણ ભગવાનમાં

જોડાવાને બદલે ગોપીમાં પ્રેમ થઈ જાય તો નકામું. ભગવાનની મૂર્તિમાં લે'લીન થઈ જવું.

'બૈરાં જ ગાતાં હોય ને વાજિંત્ર વગાડતાં હોય તેવા વેહ ભજવવા આપણે ન જાવું. લાવો બે ઘડી બેસી લઈએ એવું ન કરવું. એમ કરે તો મોટી ખોટ, અવિવેક અને મૂર્ખતા !' આમ, ત્રણ નોખું નોખું કહ્યું.

કોઈએ કહ્યું : 'એવા વેશ ભજવનારા ગયા.'

સ્વામીશ્રી કહે : 'હા, ઉપાડી ગયા. ને આપણો મોક્ષનો વેપાર તો અહીં ચાલુ રહ્યો !'

સભામાં હાસ્યનું જબરું મોજું ફરી વળ્યું. કારણ, મોટાપુરુષને છોડીને જે 'ઊપડી ગયા' તેને કલ્યાણનું ઠેકાણું ન રહ્યું, જે મોટાપુરુષના આશરે બેઠા છે એનો જ મોક્ષ પાકી ગયો છે. અહીં વેપાર ચાલુ છે.

ત્યારે ઈશ્વરભાઈ દેસાઈએ આ જ અનુસંધાનમાં પૂછ્યું : 'બાપા ! સંતો સારા કયા ને ખોટા કયા તે ખબર પડતી નથી.'

'આ બેઠા છે તે સારા છે. સારા હતા તે રહ્યા ને ખોટા હતા તે ગયા. સ્વામીને મળેલા સંપ્રદાયમાં રહ્યા. તે એકાંતિક ! સંસ્થામાં રહ્યા તે સારા.' સ્વામીશ્રીએ ક્ષણના પણ વિલંબ વગર કહ્યું. જાહેરમાં પોતાના અભિપ્રાયની સ્પષ્ટતા કરી સૌને વિવેક દૃષ્ટિ આપી.

શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલી સંસ્થા સ્વામીશ્રીને મન શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપ સમાન હતી. અને એ સંસ્થાના પ્રમુખ તરીકે શાસ્ત્રીજી મહારાજે જેમને અત્યંત રાજીપાથી નિયુક્ત કર્યા એવા પ્રમુખસ્વામી પણ સ્વામીશ્રીને મન શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ હતા. આવા પ્રાણપ્યારા પ્રમુખ-સ્વામી તથા સંસ્થાનો દ્રોહ એ સ્વામીશ્રીને મન શાસ્ત્રીજી મહારાજનો જ દ્રોહ હતો. જે તેઓ કેમ સાંખી શકે ? પ્રતિક્ષણ રોમરોમ શાસ્ત્રીજી મહારાજનો - ગુરુનો મહિમા અનુભવતા સ્વામીશ્રી આ વિદ્રોહથી અત્યંત નારાજ થયા હતા. જે પાપથી જીવ નાશ પામી જાય, કલ્યાણને અર્થે કોઈ યત્ન કરી શકે નહિ એવી જડ સંજ્ઞાને પામી જાય. એટલે જ આજે સ્વામીશ્રી બોલી ગયા કે સંસ્થામાં-સંપ્રદાયમાં રહ્યા એ સારા - એ એકાંતિક. ગયા એ ખોટા.

તા. ૬ઠ્ઠીએ પૂજા કરી ગ.અં. ૩૮ વચનામૃત વંચાવ્યું. સર્વોપરીપણાની વાત કરી. પછી બોલ્યા :

'ભજન કરવા બેસવું. બધી પ્રવૃત્તિ કાપી નાખવી. શિવલાલભાઈની જેમ.

ગુણાતીત તો એક જ. બીજા કોઈ મેળે માવજીભાઈ થઈ શકે નહીં. એક ગુણાતીતમાં જીવ જોડી દેવો.

'૫૦૦ ભેગા થાય તે સંબંધ ન કહેવાય. રુચિ, રહસ્ય, અભિપ્રાયમાં ભળે, એકાત્મભાવને પામ્યા તે સંબંધ !' એમ કહી ભાણજીભાઈને સંબોધીને કહે : 'શેઠ અને ભાણજીભાઈ પારાયણ કરાવવાની વાત સમજી ગયા. શેનું કરાવશું ? મહંત સ્વામીને પૂછી લ્યો. સોમવારે મંડપ બાંધી દ્યો. પુરાણીઓ તૈયાર છે.'

પછી કહે : 'ગુણાતીતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર... એ તો આપણું જીવનપ્રાણ છે ! ઈશ્વર સ્વામી વાંચશે.'

બે દિવસ પછી સભા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'હું પાસ થયો, મેં લેખ લખ્યો... ' એમ આપણા કર્તવ્યનું માન ન રાખવું. 'આ બધું કુદરત કરે છે' એમ કહે છે, પણ કુદરત ક્યાંય ઊંધી પડી જાય. બધું ભગવાનના હાથમાં છે. ભગવાનને ભૂલી જાય તો દુઃખ આવે.'

'રેવાશંકરભાઈ બોલ્યા : 'સ્વામી ! તમારો તાવ દ્યો.' શાસ્ત્રીજી મહારાજ કહે : 'નહીં ખમો !' પછી જે તાવ મૂક્યો, તે 'હું...ઉં...ઉં....' થાય. અમદાવાદ નાહી (નાસી) ગયા !' આમ વાતો કરી, ભગવાનનું બળ રાખવા પ્રેરણા આપી.

...તો જાણપણું ખોવાઈ ગયું

પછી ગ.અં. ૯ વચનામૃત વંચાવી નિરૂપણ કર્યું :

'બહાર વિદ્વાનો ઈસ પારં કે પાર જ્ઞાન કરે પણ કોઈ સમજી ન શકે. અક્ષરધામ મૂર્તિમાન છે તે જાણપણું છે. તેમાં મહારાજ પ્રત્યક્ષ બિરાજમાન છે. દર્શન આપે છે. મનુષ્યભાવ આવી જાય તે જાણપણું ખોવાઈ ગયું.

'વચનામૃતમાં ક્યાંય સ્વામીનો પ્રશ્ન છે ? એમ કહે; પણ જ્યાં જવાનું છે તે જ એ છે, તેને પ્રશ્ન પૂછવાનો હોય ? એ જ અક્ષરધામ. જેને અંતરાય ન હોય, તેને શું પૂછવાનું ? વજુભાઈ ! પ્રશ્ન નાખો !'

'નથી આવ્યો.'

'નથી આવ્યો ? ઘડી - બે ઘડીમાં (પ્રશ્ન) આવશે.'

સ્વામીશ્રી પ્રશ્ન કરવાનું કહી શ્રોતાને જાગ્રત રાખતા. મુમુક્ષુતાને ટપારતા અને કલ્યાણની ભૂખ જીવને કેવી ઊઘડી છે, તે પણ તપાસી લેતા.

તા. ૮મીએ યુવક મંડળની સભામાં પધાર્યા. શહેરની મો'બત - અસર ન લગાડવી અને તિલક-ચાંદલો કરવો તે અંગે વાત કરીને કહે : 'ભાઈબંધ,

દોસ્તારને ફોસલાવી લાવવા કે ફિલમ જોવા લઈ જાઉં.' એમ કહી અહીં લાવવા. પછી કહેવું : 'આ સંતને જોઈ લે ! આ સિનેમા !'

દર રવિવારે બાળ મંડળ તથા યુવક મંડળની સભામાં સ્વામીશ્રી અવશ્ય પધારતા. બાળકો તથા યુવકો જુદાં જુદાં વિષય ઉપર ગુજરાતી, હિંદી, સંસ્કૃત તથા અંગ્રેજીમાં પ્રવચનો કરતાં. તે સ્વામીશ્રી ધ્યાનપૂર્વક સાંભળતા. ખૂબ રાજી થતા. પ્રોત્સાહન આપતા. આજે સાંજની રવિસભામાં ડૉ. નાન્દી, મોહનભાઈ રાઠોડ તથા હરિભાઈ ડ્રેસવાળાએ સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રવચનો કર્યાં હતાં. વિદ્વાનો સભામાં આવે એટલે સ્વામીશ્રી સમય હોય કે ન હોય, કદાચિત્ ઘણો ઓછો સમય હોય તોપણ પાંચ મિનિટ અવશ્ય વાત કરાવે જ. આમ, સૌને સાંભળવામાં એમને ખૂબ જ આનંદ આવતો. ભગવદ્વાર્તા કરતા વિદ્વાનોને તેઓ પ્રોત્સાહન આપવામાં બહુ માનતા. સત્પુરુષ આગળ તેમની વાણી પવિત્ર થાય અને પ્રેરણા મળે.

મોહનભાઈ રાઠોડ હંમેશાં રામાયણની સાખીઓ બોલી સંતમહિમા કહેતા. જે સ્વામીશ્રી એકચિત્તે સાંભળી રહેતા અને રાજી થતા. તેમનો અવાજ સ્પષ્ટ અને ઘેરો હતો. તેથી શ્રોતાઓનું ધ્યાન હંમેશાં પકડાઈ રહે. હરિભાઈ ડ્રેસવાળા મૂળ સ્વામીશ્રીના ગામ - ધારીના મોટા વેપારી. સંન્યાસીઓના સતત સમાગમથી વેદાંતનો ઊંડો અભ્યાસ; તેથી ભક્તિ અને સંતમહિમાની વાતો સારી કરતા.

'જાવ તમારું કામ પાકી ગયું'

બીજે દિવસે સવારે હૉલમાં કથા ચાલતી હતી. રાજુલાના બાલુભાઈ નાથુભાઈ લુહારે ઠાકોરજીને ગુલાબનું ફૂલ ધર્યું. તેઓ રોજ દર્શને આવે ત્યારે છૂટાં ફૂલ લાવે. ગુલાબનું આ ધોળું મજાનું ફૂલ સ્વામીશ્રીને આપ્યું ત્યારે સહેજ સૂંઘ્યું. પછી તેને હાથમાં રમાડતાં કહે : 'ભગત ! આ ફૂલ તમે કેટલાનું લાવો છો ?'

'છ પૈસાનું.'

'તો એટલા પૈસાનાં કેળાં લાવતાં હો તો ?' સ્વામીશ્રીએ સૂચન કર્યું : 'ઠાકોરજીને પ્રસાદ થાય.'

સભામાં બેઠેલા હરિભક્તોને સંબોધીને સ્વામીશ્રી બોલ્યા : 'ફૂલ તો સૂંઘીને નાખી દઈએ, તેમાં કંઈ પેટ ન ભરાય. ને કેળાં લાવો તો ઠાકોરજીને પ્રસાદ થાય ને હરિભક્તોને વહેંચાય... રાજા, મહારાજાને હાર સારા !'

પછી કહે : 'જાવ, તમારું કામ પાકી ગયું ! એની પાસે એક પાઈ ન મળે

અને છ પૈસાનું આ ફૂલ લાવે છે !' એમ રાજીપો બતાવ્યો. છતાં આ ઝીણા સૂચનમાં સ્વામીશ્રીએ પુષ્પ કરતાં પ્રસાદને પસંદગી વધારે આપી.

આ વાતને સમર્થન આપતાં, ત્યાં બેઠેલા છગનભાઈ પટેલે પણ જૂની વાત કરતાં કહ્યું : 'નંદાજીને બંગલે શાસ્ત્રીજી મહારાજ પાસે હું રોજ ત્રણ રૂપિયાનો હાર લઈને જતો. તે સ્વામી મને ના કહેતા કે 'તમો હાર ન લાવતા. એટલા રૂપિયાથી ઠાકોરજીની સેવા કરજો.'

ઠાકોરજી તથા ગુરુનાં દર્શને જતાં ફૂલહાર, ફળફળાદિ લઈ જવાં એ શાસ્ત્રોની આજ્ઞા છે ને ભક્તિ છે, પણ આદરમાનથી સદા દૂર રહેવા ઇચ્છતા મોટાપુરુષો સમય પ્રમાણે પોતાની રુચિ બતાવતા હોય છે.

પછી હરિભાઈ સોની આવ્યા. તેમને પૂછ્યું : 'કાલે કેમ જમવા ન આવ્યા ?'

તેઓ કહે : 'ભૂલ થઈ ગઈ.

'ખાવામાં ભૂલ થાય એ તો આજ સાંભળ્યું !'

આમ, હરિભક્તોની નાની-નાની વાતમાં ખબર લેતા અને હેતનાં અમી-વચનોથી દરેકનાં અંતરની ઊર્મિઓને હરી લેતા. આમ, આજે વધુ એક વાર હરિભાઈનું મન પ્રગટ ગુરુહરિએ હરી લીધું.

બાદ થાળમાં પધાર્યા અને શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો કરતાં કહે : 'સ્વામીએ નિષ્ઠા, ધર્મ એવાં બનાવ્યાં કે આખા દેશમાં ભાર પડી ગયો. સ્વામી હરિભક્તોને વરતાલ મોકલતા. આપણે એક જ છીએ એમ મહિમા રાખવો. જ્યાં જ્યાં મંદિરો હોય ત્યાં સેવા કરવી. શાસ્ત્રીજી મહારાજનાં બાંધેલાં, શ્રીજીમહારાજનાં બાંધેલાં મંદિરો મહાપ્રસાદીનાં !'

યુવકોએ સ્નાન દરમ્યાન ગઈકાલે અંગ્રેજી શીખવાડ્યું હતું. સ્વામીશ્રી કહે : 'એકતાન તૂટે તો શું કહેવાય ?'

'ડિસ્ટર્બ.' તે આજે ભૂલી ગયેલા એટલે સ્વામીશ્રીને કહ્યું, તો કહે : 'આજે ફરી શીખશું.'

હર્ષદભાઈએ પૂછ્યું : 'પાણીને શું કહેવાય ?'

'વૉટર.' સ્વામીશ્રીએ જવાબ આપ્યો ને મલકાતાં મલકાતાં બોલ્યા : 'યુવકો શીખવાડે છે.' આ રીતે બાળસહજ ભાવે બધામાં ઓતપ્રોત બની જઈ, સ્વામીશ્રી બધાને પોતામાં લીન કરી દેતા.

આજે ૫-૩૦ વાગે ભારતીય વિદ્યાભવન, દિલ્હી કેન્દ્રના અધ્યક્ષ પ્રો. શંકરનારાયણ આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી કૃતકૃત્ય થઈ સંબોધન કરતાં

તેમણે જણાવ્યું કે 'નૈતિક ઉન્નતિ લાવવા સ્વામીશ્રી જેવા આધ્યાત્મિક પુરુષોના સમાગમની ખૂબ જ જરૂર છે. તે સિવાય બીજા કોઈ ઉપાયથી આ અધઃપતન અટકાવી શકાય તેમ નથી.'

એવું અમારાથી ન બોલાય

સાંજે સ્નાન કરતી વખતે સ્વામીશ્રીએ અંગ્રેજી પાઠ શીખવવાનો આગ્રહ કર્યો ત્યારે યુવકોએ કહ્યું : 'આપ એવું બોલો, 'આઈ એમ શ્રીજીમહારાજ, આઈ એમ ગુણાતીતાનંદ સ્વામી, આઈ એમ ભગતજી મહારાજ, આઈ એમ શાસ્ત્રીજી મહારાજ.'

આ પાઠ સ્વામીશ્રી કોઈ જ વિશેષ આયાસ વિના સરળતાથી બોલી ગયા. પછી કહે : 'આનો અરથ કરો.'

પિનાકીને તરત જ અર્થ કર્યો : 'આઈ એમ શ્રીજીમહારાજ' એટલે હું શ્રીજીમહારાજ છું.'

તેવામાં ગુણુભાઈએ અર્થ સુધારતા હોય તેમ કહ્યું : 'એવું નહીં, પણ મેં શ્રીજીમહારાજને સેવ્યા છે એવો અર્થ થાય.'

સ્વામીશ્રી પિનાકીન સામે જોઈને કહે : 'હં... આ જો, તમને બરાબર નથી આવડતું. ગુણુભાઈ બરાબર કહે છે.'

પછી છેલ્લે કહ્યું કે 'બાપા ! 'આઈ એમ યોગીજી મહારાજ' એમ બોલો.'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે : 'ના એવું અમારાથી નો બોલાય !'

નિર્દોષ રમૂજોમાં સ્વામીશ્રી જણાવી દેતા - પોતે યોગીજી મહારાજ છે જ નહીં; પોતે તો શ્રીજીમહારાજના સેવક, દાસ છે. આત્માને અક્ષરરૂપ માને તેને નામ, ગામ કે ઠામ સાથે શો સંબંધ હોય ?

હેતાળા કામણગારા

રાતે ૮-૪૫ વાગે સુભાષ દેસાઈના ભજનગાન બાદ સ્વામીશ્રી સભામાં જ્ઞાન-ગમ્મત પીરસતા હતા. સ્વામીશ્રી કહે : 'આપણે ઇંગ્લીશ ભણ્યા નહીં, પણ જાણીએ ખરા.' એમ કહી યુવકોએ શીખવેલું વાક્ય : 'આઈ એમ શાસ્ત્રીજી મહારાજ !' એ જુસ્સાથી અને સ્પષ્ટતાથી બોલ્યા. જેનો અર્થ યુવકોએ શીખવ્યો હતો : 'મેં શાસ્ત્રીજી મહારાજની ખૂબ સેવા કરી છે !' આ અંગ્રેજી સાંભળતાં જ સભામાં આનંદ આનંદ થઈ ગયો. આ નિર્દોષ મૂર્તિની દિવ્ય

સ્મૃતિની લહાણમાં સૌ હિલોળા લેવા લાગ્યા.

બ્રાહ્મીસ્થિતિના આ સંત જ્યારે ભોળપણ રેલાવે ત્યારે બાળકથીયે વધુ નિર્દોષ લાગે. ક્યારેક એવું પૂછે કે નાનાં બાળકો-યુવકોનેય પોતે કંઈક વધુ જાણકાર હોવાનું ગૌરવ અનુભવાય. સામાન્યપણે વ્યક્તિને બાળકોની નિર્દોષતા આકર્ષતી હોય છે; પણ અહીં તો સ્વામીશ્રીની નિર્દોષતા બાળકોને આકર્ષતી. તેમાંથી સહેજે આવા પ્રસંગો નિષ્પન્ન થતા.

બાળકો-યુવકોને સ્વામીશ્રીને સ્વમુખે સ્વમહિમા બોલાવીને છેતર્યાનો આનંદ થાય, જ્યારે સ્વામીશ્રીને આ રીતે હેત કરીને જીવને સન્માર્ગે વાળી લીધાનો આનંદ થતો હશે !

સ્વામીશ્રીએ આગળ કહ્યું : 'આ જ પાઠમાં એમ આવ્યું - 'આઈ એમ ભગતજી મહારાજ.' યુવકો પાઠ સારો આપે છે. ઈંગ્લીશમાં ભણાવ્યું સારું. ન ભણીએ તો અધૂરું !' એમ કહી, *'ભૂલ્યો મન ભમરા'* એ કડી ગાઈ.

પછી કહે : 'શાસ્ત્રકારો, કવિઓ કહે ખરા પણ ટાણું આવે મિયાં ફૂસકું.' એ વાત વિસ્તારથી કહી. અને ગોવધ માટે, ઑફિસ ખાલી કરવા માટે, દેશકાળ સુધરે તે માટે અને ઘનશ્યામભાઈ અમેરિકા નિર્વિઘ્ને પહોંચે તે ચાર ધૂન કરાવી.

ભણવા જેવી એક બ્રહ્મવિદ્યા

સ્વામીશ્રી કહે : 'ઘનશ્યામભાઈ પ્રસાદીના છે. ચતુરભાઈના દીકરા. તેમના બાપા ભૂદરભાઈ, ૬ મહિનાથી જવા માટે પ્રયત્ન કરતા હતા. હવે ટિકિટ આવી.

'ત્યાં દૂર જાવ છો તો એટલું કહેવાનું કે શાકાહારી રહેવું. કોઈનો સંસર્ગ ન થાવા દેવો. ધર્મ-નિયમ પાળવા. સ્વામિનારાયણનાં પૂજા-પાઠ, તિલક-ચાંદલો કરવાં. ટાઈમ હોય તો એકાદું વચનામૃત વાંચી લેવું. લાખો રૂપિયા કમાઈને લાવો, પણ ધર્મ-નિયમ પહેલાં રાખજો.' એમ કહી તેમને જમવા મોકલ્યા.

પછી સ્વામીશ્રી બોલ્યા : 'ત્યાં શું હવાદ છે, તે ખબર પડતી નથી. ડુંગરા દૂરથી રળિયામણા. પાંહે જઈએ તો પાણા દેખાય. કોઈ ત્યાં જઈ પૈસા વધારતો નથી. હરવા-ફરવામાં, મોજશોખમાં વાપરી નાખે છે. એક જણને મેં પૂછ્યું : 'કેટલું વધાર્યું ?' તો કહે : 'ખાઈ-પીને પૂરું થાય છે. ૭૦૦ ડૉલર મળે તે સરખા થઈ જાય !' છે સુખ ? મોહ છે. અહીં ક્યાં નથી ભણાતું ? મુંબઈ, કલકત્તામા પણ ભણાય...'

સ્વામીશ્રી ખરા રંગમાં આવી બોલી રહ્યા હતા. એમણે કહ્યું : 'ભણવા

જેવી તો એક બ્રહ્મવિદ્યા છે. એમાં જ માલ છે. ઉર્દૂ, ફારસી, મરાઠી, ઘણી ભાષા; પણ ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા. તેના ભોમિયા સાચા સંત છે. તો જ ભણાય છે. અહીં લાખના, ને મૂએ સવા લાખના !

'આ લોકનાં સુખ વિષ્ટા તુલ્ય. જુઓ, ૯-૩૦ થઈ ગયા. ઘડિયાળ કટ કટ આવરદા કાપતી જાય છે.'

એ પછી સ્વામીશ્રીએ એક હરિભક્તના દીકરાને બોલાવીને હાર પહેરાવતાં કહ્યું : 'લ્યો હાર, દીકરાને દઈએ તો બાપા રાજી થાય.'

બરાબર ૧૦ના ટકોરા થયા. ત્યારે સ્વામીશ્રી આરામ માટે ઊભા થયા.

તા. ૧૦મીએ સવારે કથામાં સ્વામીશ્રી કહે : 'ઈશ્વરભાઈ કથાકાર ક્રિકેટ જોવા વયા ગયા ! વિનોદભાઈ તો બરાબર પણ ઈશ્વરભાઈ જાણકાર ! ને અમે બેઠા હતા તોય જોઈ આવ્યા ! ને પછી (સ્ટેડિયમ) બતાવ્યું કે હું આ કૂવામાં પડ્યો'તો ! નિષ્કપટભાવ સારો ! પણ તેમાં મફતેય ન જાવું. ખારું છે ને ઝાઝું છે. આંહીંથી જ વિચાર કરી લેવો. જવું નહીં.' કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ જાહેરમાં જ પોતાની રુચિ જણાવી, ઈશ્વરભાઈને ટકોર કરી, સૌનું ધ્યાન દોર્યું.

બપોરે થાળમાં પધાર્યા ને કહે : 'આવો ભગવાનજી (ખટાઉ), મોટું કાર્ય કરવું છે. શું મોટું કાર્ય ? છેલ્લો જન્મ ! આ હૉલ (મંદિર) મૂકો તો ચોગડદમ (ચોગમ) વહેવાર જ છે. આ હૉલમાં ભગવાનનો વહેવાર. સમાગમ કરી લેવો. રસોઈ લીધા પછી સંતોને પટેલે રાતે છોડ્યા ! ત્યાં સુધી સમાગમ કર્યો. આવા ખટકાવાળા હરિભગત હોય ત્યારે આપણાથી ભગવાન ભજાય.'

સાંજે ૫-૦૦ વાગે સ્વામીશ્રીએ ચણાનો ઉત્સવ કરાવ્યો. તેની સેવા નટુભાઈ નિગોઝે કરી હતી. સંત-હરિભક્તોને ઓળો જમાડ્યો. પોતે પણ ફોલીને ખાતા જાય, બીજાને ફોલેલા પોપટા આપતા જાય ને બોલે : 'હાથે ફોલીને ખાવું. કકરિયા બહુ સારા લાગે. જૂનાગઢમાં જમતા. શાસ્ત્રીજી મહારાજને બહુ ભાવે. નારણ સ્વામી(પ્રમુખસ્વામી)ને યાદ કરીને બધા જમજો. એ કોઠારી (ભક્તિપ્રિય સ્વામી) ! આમાં કોઠારીપણું (કરકસર) નહીં ચાલે. જમજો...!'

નાની નાની વાતને જીવંત બનાવવાની સ્વામીશ્રીની વાર્તાલાપની કળા સૌ કોઈને એમના અગમ્ય આનંદપ્રદેશમાં સહેજે સહેજે ખેંચી જતી. સૌ અવર્ણનીય આનંદ અનુભવતા.

❀ ❀ ❀

હરિ એક નામ તેરા સુખકારી



અમૃત મહોત્સવ નિમિત્તે સ્વામીશ્રીના જીવન પ્રસંગો, ઉપદેશ અને અનુભવોનો ગ્રંથ 'અમૃતપર્વ' તૈયાર થઈ રહ્યો હતો. કોઈએ આ વાતના અનુસંધાનમાં સ્વામીશ્રીને કહ્યું : 'આ ગ્રંથ સુંદર થાય, શાસ્ત્રીજી મહારાજના ગ્રંથ કરતાં પણ સુંદર થાય એવા આશીર્વાદ આપો.'

'ના, ગુરુથી ન્યૂન કરજો. ગુરુને લીધે આપણે છીએ. આપણું એમનાથી સારું ન હોય...' કાકલૂદી કરતા હોય એવી રીતે સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા. એવું બોલવામાં અને વિચારવામાં પણ મહાન અપરાધ થઈ જતો હોય, ગુરુભક્તિમાં ન્યૂનતા આવી જતી હોય, એવો ભાવ સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર અને શબ્દોમાં સાકાર થતો હતો.

રાત્રે ૮-૪૫ વાગે સભામાં સ્વામીશ્રીએ કેટલાક સંકલ્પો કરી ધૂન કરાવી.

એક, માણાવદરના એક હરિભક્ત ધામમાં ગયા તેની; બીજી, લખણી લખાવી હોય તે આપી દે તેની; ત્રીજી, સંતો ખૂબ ભણે તેની ધૂન.

પછી આશીર્વચન આપતાં કહે :

'સાંભળો, વાત કરવી છે. કેટલા વાગ્યા ? સવા નવ ને પાંચ. રાત નથી જાતી (ઊંઘ વિના) ને આ ટાઇમ હટ (ઝડપથી) વયો જાય છે. ધૂનનો પ્રતાપ મોટો.

'શાસ્ત્રીજી મહારાજ ગોંડલમાં દસ પ્રકારની ધૂન કરાવતા, તે પછી વાળુ થાય. નિર્ગુણ સ્વામી પણ હોય. ભંડારી સિવાય બધાને બોલાવે. મજૂર, મહેમાનો બધા. દેરીનો ઓટો ભરાઈ જાય.

'એક, સાધુ વધવાની. બીજી, મંદિરો પૂરાં થાય તેની. ત્રીજી, કઈ કરાવતા ? વ્યવહાર સુધારવાની, સૌ દસમો-વીસમો ભાગ કાઢે તેની. ચોથી, આખા દેશમાં સંપ, સુહૃદભાવ વધે ને સત્સંગ પ્રવર્તે; આખો દેશ સત્સંગી થઈ જાય. પાંચમી ધૂન કરાવતા કે જ્ઞાનમાં અંધાધૂંધી ચાલે છે તે બંધ થઈ જાય ને તે

વખતે સ્વરાજ મળે. છઠ્ઠી, આફ્રિકાની ધૂન; આફ્રિકા દેશ સત્સંગી થઈ જાય. સાતમી, એક વાર વરસાદની તાણ હતી તે વરસાદની ધૂન કરાવતા, કાળ પડવાનો સંભવ હતો. આઠમી, (ગોંડલ) રાજાને પોરબંદર સુધીની ટ્રેન-ગાડી થઈ જાય તેની. નવમી, (ગોંડલ) રાજા સાહેબ થાળ બંધાવે. ગાડીનો કેસ લંડન ગયેલો. મેં કાગળ લખ્યો કે ધૂન કરી છે. ૬ મહિના ધૂન કરી તે જીત થઈ ને દીવાન સાહેબ કહેવા આવ્યા. મરહુમ બાપુ કહે : 'થાળ બાંધો ! જૂના મંદિરને કેટલો દેવાય છે ?'

'રૂપિયા ૪૦નો.'

'અહીંયાં રૂપિયા ૫૦/-નો કરો.'

'સ્વામી કહે : 'બાપુની બેય આંખો સરખી હોય; તો બેય ૫૦/- રાખો.' પછી બેયને ૫૦/- દેવા માંડ્યા.

'જો મહિને એક દી' જે દી' દેવાના હોય ત્યારે સવારે ૯-૦૦ વાગે આપણા ભગત હાજર ન રહે, તો બીજે દી' ન દે ! બે મહિનાના ભેગા દે ! રજવાડી ખાતું રહ્યું ને ! કે શું કામ ૯-૦૦ વાગે હાજર ન થાય ?

'ને દસમી... બધાના દેશકાળ સારા થાય. એમ ગોંડલ મંદિર ધૂનથી કરાવ્યું. સ્વામીએ જે ધૂન કરી તે પાછી નથી પડી.

'પહેલાં ચોકસી કહેતા કે 'સંપ્રદાયમાં બધા અભણ સાધુ થયા. અમે મોટરમા બેઠેલા ત્યારે વાત કરેલી. ને સ્વામી શાસ્ત્રીજી મહારાજ તો કોઈ ઠોઠ બોંટિયો સાધુ થાય તેને ક, ખ, ગ ને એકડે એક શીખવતા. આ સનાતન અહીં ભણેલા. બાકી કાળા અક્ષર કુહાડે મારે એવા. ને અત્યારે કોઠારી ! માટે સંતો ભણે તો શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી થાય. એવા રાજી થાય કે સ્વામી કહેતા કે 'તમારો દીકરો સાહેબી તમારી સંભાળે ને વધારે, તો મારો દીકરો મારી આબરૂ નહીં વધારે ?' પછી આપણે આબરૂ ખોઈએ તો મનમાં કંટાળે.'

બીજે દિવસે વચનામૃત વંચાવતાં વાત આવી કે 'ગુરુ-શિષ્યનો મહિમા સમજે.' સ્વામીશ્રીએ જાતે જ પ્રશ્ન કર્યો કે 'એ કેવી રીતે ?'

પછી જાતે જ ઉત્તર આપતાં સમજાવ્યું કે 'મહારાજ મૂળજી બ્રહ્મચારીનો મહિમા સમજતા.

'ભગવાન ભક્તનો મહિમા ક્યારે સમજે ?' સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો. પછી પોતે સમજાવ્યું કે –

'મૂળજી બ્રહ્મચારીને મહારાજે તરછોડ્યા, અપમાન કર્યું. પોતે અડવાણે

પગે, ઉનાળામાં કેરીનો ટોપલો માથે લઈને મહારાજ પાસે ગયા. મહારાજે સામું ન જોયું તોપણ મહારાજનો અવગુણ ન લીધો. અને છાના છાના વીસનગર જતાં મહારાજે, પાછળ આવતા બ્રહ્મચારીને પથરા માર્યા. છતાં પણ તેમણે અવગુણ ન લીધો. અને કહ્યું : 'જો વાગશે તો તમારે સેવા કરવી પડશે. ને સાથે લઈ જશો તો તમારી સેવા હું કરીશ.'

એક દી'માં વચનામૃતની પારાયણ

તા. ૧૨મીએ પૂજા બાદ સ્વામીશ્રી કહે : 'વચનામૃતની એક દી'માં પારાયણ કરવી છે. ૨૬૨ વાંચવાં. કોણ વાંચશે ? એક જ જણ વાંચે. આ તો હું માંદો પડ્યો, નહીં તો હું વાંચી દઉં. આ લાભ ક્યારે મળે ? પૂર્વનાં પુણ્ય હોય ત્યારે મળે. શાસ્ત્રીજી મહારાજ સ્વામીએ વરતાલમાં એક દી'માં વચનામૃતની પારાયણ પૂરી કરી હતી. કાલે સવારે ૬ વાગે બેસવું. ૧૨ વાગે 'હરે' થાય પછી અડધો કલાક જમીને ફરી બેસવું. કાલે ઈદની રજા છે. બધાને રજા હોય ! કહો, કોણ વાંચશે ?'

કોઈ બોલ્યું નહીં. થોડી ક્ષણો બાદ હરિભૂષણ સ્વામી ઊભા થયા. સ્વામીશ્રી રાજી થઈ ગયા. કહે : 'વાહ, મોજ લઈ ગયો. સવજી મિસ્ત્રી ગુણાતીત સ્વામીને કહે : 'હું મોતિયો મેળવી દઉં, એમ મોજ લઈ ગયો !'

આજે સ્વામીશ્રીએ અંધેરીમાં બાબરભાઈ છગનભાઈ અને અંબાલાલભાઈ મરઘાભાઈના તબેલામાં પધરામણી કરી. તેમણે સુંદર મંડપ વગેરે તૈયાર કર્યું હતું. આ બંને ભક્તોએ પવઈ ખાતે બે ભેંસો અર્પણ કરી. બાદ સભા થઈ. ૨૦૦ જેટલા ભાવિકો ઉપસ્થિત હતા.

તેમને વાતો કરી, બળ આપી, બાલુભાઈ, મહંત સ્વામી તથા કોઠારી સ્વામીને વાતો કરવા આજ્ઞા કરી. પછી પોતે ભેંસો પાસે પધાર્યા. તે ભડકતી હતી તેથી બીજા પાસે તેને ચાંદલા કરાવ્યા.

સ્વામીશ્રી અંધેરી હતા તે દરમ્યાન ગવૈયા વલ્લભ સ્વામી દાદર મંદિરે આવ્યા હતા. સ્વામીશ્રી ન મળ્યા એટલે તેઓ પાછા ગયા. આ પહેલાં પણ બે વખત આવું જ બનેલું. એટલે સ્વામીશ્રી કહે : 'આપણે તેમને ત્યાં જઈ આવીએ. એ ત્રણ વખત આવ્યા. આપણે એક વખત તો જવું જ જોઈએ.'

રાત્રે એન.એફ. રેલવેના ટ્રાફિક સુપ્રિન્ટેન્ડેન્ટ કૃષ્ણન્ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા અને 'સત્સંગ' ઉપર મનનીય પ્રવચન કર્યું હતું.

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે ઊઠી સીધા સ્નાન માટે પધાર્યા. મહાપૂજા ૫-૦૦ વાગે શરૂ કરી. ૬-૦૦ વાગે સ્વામીશ્રી તૈયાર થઈ હૉલમાં પધાર્યા. આજે કલ્યાણજી મિસ્ત્રીના અક્ષરવાસ નિમિત્તે તેમની પાછળ તેમના દીકરાએ એક દિવસની વચનામૃત પારાયણ બેસાડી હતી.

હરિભૂષણ સ્વામી એકલા આ પારાયણ વાંચવાના હતા. સ્વામીશ્રીએ વિધિવત્ પારાયણ પ્રારંભ કરાવ્યો. પછી હૉલમાં જ પૂજામાં બિરાજ્યા.

પછી ૧૨-૦૦ વાગે કહે : 'શાસ્ત્રીજી મહારાજ આવી પારાયણ બહુ કરાવતા. સોજિત્રાવાળા ઝવેરભાઈએ પારાયણ કરાવેલી. વચનામૃત પરાવાણી. અલૌકિક લાભ એક દિવસમાં થવાનો છે. આમાં જે સંકલ્પ કરીએ શાસ્ત્રીજી મહારાજ પૂરા કરે. બપોરે ૧-૦૦થી ફરી કથા શરૂ થશે. અમૃત વાણી આવી. બીજાં બધાં અમૃત બંધ થઈ ગયાં.'

આજે રાત્રે ૧૦-૧૫ વાગે પારાયણની પૂર્ણાહુતિ થઈ. આરામમાં પધારતા કોઈએ કહ્યું : 'બાપા ! આપણી ભેંસનું પહેલું દહીં આપણે કાલે જમીશું.'

સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'ઠાકોરજી જમશે.'

રાત્રિના ૧૧-૦૦ થયા હતા. પછી સૌ સંતોને કહે : 'માફ કરજો, તસ્દી આપી છે - મોડું થયું છે !'

મને એના જીવની દયા આવે છે

સ્વામીશ્રીના સહવાસમાં આવતા યુવકો જાણતા કે સ્વામીશ્રીને સ્નાન કરાવવા જઈશું એટલે ઉપવાસની તૈયારી સાથે જ જવું પડશે. સૌ ઉપવાસ વહોરીને પણ સ્વામીશ્રીના સ્નાનની સેવાનો લાભ ટાળી શકતા નહીં.

આ અરસામાં, એક દિવસ એક બાળક, હિતેશ પારેખને સ્વામીશ્રીએ ઉપવાસ આપ્યો. તેણે સાંજ સુધી તો નિર્જળા કર્યો, પણ હવે તેનાથી રહેવાતું ન હતું. તેણે પિનાકિન બ્રહ્મભટ્ટને બે-ત્રણ વાર કહ્યું કે 'બાપાને કહો કે પાણી પીવાની છૂટ આપે.'

એવામાં સ્નાનનો સમય થઈ ગયો. હિતેશ પણ સૌની સાથે સ્નાન કરાવવા આવ્યો. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આજે કોને કોને ઉપવાસ છે ?'

પછી હિતેશને પણ ઉપવાસ છે એ જાણી કહે : 'ગુરુ ! ફર્સ્ટમાં કે સેકન્ડમાં ? પાણી પીધું છે ?' સ્વામીશ્રી સાવ નિર્જળા ઉપવાસને ફર્સ્ટમાં ગણતા અને સાદું પાણી પીને કરે તે સેકન્ડમાં ગણતા.

હિતેશ કહે : 'બાપા ! પાણી તો નથી પીધું, પણ હવે નથી રહેવાતું.'

'ગુરુ !' સ્વામીશ્રીએ એકદમ બળમાં કહ્યું : 'નો પિવાય ! આપણે તો ફર્સ્ટમાં રહેવાનું ! લ્યો બળ, અપવાસ નહીં લાગે !'

હિતેશ તો રડવા જેવો થઈ ગયો. પણ સ્વામીશ્રીએ નમતું ન જોખ્યું. એટલે પિનાકિન બ્રહ્મભટ્ટ કહે : 'બાપા ! તમને આ નાના છોકરાની દયા નથી આવતી ? સાંજ તો પડી ગઈ છે, પાણી પીવા દો.'

સ્વામીશ્રીએ પિનાકિન ઉપર વેધક દૃષ્ટિ કરતાં કહ્યું : 'તમને એના દેહની દયા આવે છે. મને એના જીવની દયા આવે છે !' પછી પાણીની છૂટ આપતાં કહે : 'જાવ, પાણી પીજો. એક જ ગ્લાસ પીજો.'

આ અમાયિક દૃષ્ટિ કેળવવા અને એમની કલ્યાણ-ભાવનાનો ક્યાસ મેળવવામાં મનુષ્યની અલ્પ બુદ્ધિ ક્યાં સુધી પહોંચે ?

આ દિવસો દરમ્યાન વચનામૃત તથા સ્વામીની વાતુંની એક એક દિવસની વિશિષ્ટ પારાયણો ગજાનન કે. મિસ્ત્રી, ભૂધરજી મારૂ તથા ડૉ. કૃષ્ણાલાલ મહેતા વગેરે ભક્તો તરફથી યોજાઈ હતી. સવારે ૬ થી ૧૨ અને ૧ થી ૭ પારાયણ ચાલતી. સાંજની સભામાં પારાયણની પૂર્ણાહુતિ થતી. ઘણા સંતો-હરિભક્તો ગ્રંથ લઈ બેસતા અને વક્તા સાથે જ ગ્રંથનો પાઠ કરતા. સૌને અનેરો આનંદ આવતો. આવું વિશિષ્ટ પ્રકરણ સ્વામીશ્રીએ ચલાવ્યું હતું. જેમાં વચનામૃત અને સ્વામીની વાતુંના એક જ દિવસમાં સંપૂર્ણ પાઠ થતાં સૌને અલૌકિક સુખ મળતું.

આ અરસામાં, એ.પી. પટેલ આફ્રિકાથી આવ્યા હોવાથી સ્વામીશ્રીએ તેમનું સભામાં સ્વાગત કર્યું હતું. જ્યારે વિનોદભાઈ હરમાનભાઈ પટેલ આફ્રિકા જતા હોવાથી સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપી વિદાય આપી હતી.

આ પથરા સત્સંગ કરાવશે

તા. ૧૪મીએ કપોળ વાડીમાં મકરસંક્રાન્તિનો ઉત્સવ યોજ્યો. સાંજે જૂના મંદિરે દર્શન કરી, સ્વામીશ્રી રાત્રે ૮-૦૦ થી ૧૦-૩૦ મહોત્સવની સભામાં બિરાજ્યા. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'સ્વામીએ પૈસો નહીં, સાધન નહીં, તોય કામ કર્યું. મોંઘવારીમાં ત્રણ લાખનો દરવાજો. 'અહીં કેમ આ પથરા ?' એમ થાય. પણ આ પથરા સત્સંગ કરાવશે. 'આ દરવાજો કોણે કરાવ્યો ?' એમ ભવિષ્યમાં મહિમા જણાશે. આખા દેશમાં ભાર પડી ગયો.

'સંપ્રદાયનું (જૂનાં મંદિરોનું) પણ વાંકું ન બોલવું. આપણે આપણું કાર્ય કર્યે રાખવું. જાવ વડતાલ, અમદાવાદ થાળ કરો. આપણે નોખું નથી. સંપ્રદાય એક જ છે. એક જ બાપના દીકરા. દેવની - આચાર્યની પુષ્ટિ કરે. આ જ અલૌકિકપણું. તો દરેકને ગુણ આવે, લાખોને સમાસ થાય. આ સ્વામીનો સિદ્ધાંત.'

ગુણાતીત અહીં બેઠા છે તે આશ્ચર્ય નથી થાતું

બીજે દિવસે વાડીમાં જ પૂજા બાદ વચનામૃત ગ.અં. ૨ સમજાવ્યું :

'આ વચનામૃતમાં મહારાજે ગુણાતીતને ઓળખાવ્યા. સત્પુરુષની ઓળખાણ પડે તે માટે લાંબી વાત કરવી પડે. મહારાજને બધા સદ્‌ગુરુ જ સમજતા ! એક ગુણાતીત સદ્‌ગુરુ ન સમજે.

'હમણાં વાત કરે કે 'સમુદ્રને કિનારે પાંચ પાંડવ આવ્યા છે. પાંચ હાથ લાંબા !' તો સૌ દોડે. રાજકોટમાં નળ તૂટ્યો ને ખબર ન રહી તો કહે : 'ગંગા ફૂટી !' બધા દોડ્યા. જામનગરમાં મુસલમાન ક્ષય મટાડે છે તો બધા દોડ્યા ! પણ અક્ષરધામના ગુણાતીત અહીં બેઠા છે તે આશ્ચર્ય નથી થાતું.

'બાપનો વંશ દીકરો, મહારાજનો વંશ સત્પુરુષ. એકલા મહારાજને સમજે તો શું વાંધો ? ના, તેમના ભેગા સત્પુરુષને સમજાવવા પડે. અત્યારેય ગુણાતીત નથી સમજાતા. દિશમોડ છે તે ઊગમણું, આથમણું ક્યાંથી સૂઝે ? સમીપમાં રહે ને મનુષ્યભાવ ન આવે તેવા થોડા.' આમ, મર્મસભર વાતો કરી.

સાંજે રવિસભાનો લાભ અહીં જ આપી, રાતે સ્વામીશ્રી દાદર મંદિરે પધાર્યા.

તા. ૧૬મીએ, ભાણજીભાઈ શેઠ તરફથી 'હરિલીલાકલ્પતરુ' તથા 'હરિલીલામૃત' ગ્રંથોની પારાયણો શરૂ થઈ. સવાર-સાંજ ગુણાતીતાનંદ સ્વામીના પ્રસંગોના હસ્તલિખિત ગ્રંથનું પારાયણ કરાવતા.

અક્ષરધામની રસોઈ

આજે ઈડલી-ઢોંસાની રસોઈ હતી. સ્વામીશ્રીની જયંતી પ્રસંગે ગ્રંથ પ્રગટ કરવા માટે પ્રેસ નક્કી કરવા હું રાજકોટ ગયો હતો. આજે સવારે આવી ગયો. બપોરે થાળ બોલાઈ રહ્યા પછી સ્વામીશ્રી વાત કરતાં બોલ્યા : 'ઈશ્વર સ્વામી ! આપની જ રાહ જોતો હતો. ક્યારે આવે ને ક્યારે જમાડીએ !' પછી કીર્તનની કડી બોલ્યા : *'જેની જોતાં વાટ ઝરૂખે ચડી...'* એમ રાજીપો વ્યક્ત કર્યો.

ઠાકોરજી જમાડવા છેલ્લા રૂમમાં પધાર્યા. સંતો ઠાકોરજી જમાડતા હતા.

સ્વામીશ્રી કહે : 'આને (ઈડલી-ઢોંસાને) અક્ષરધામની રસોઈ કહેવી ! એમાં સમજી જાય. મહિને એક વખત કરવી.'

પછી પોતે એક ઈડલી હાથમાં લીધી, જોવા લાગ્યા ને કહે : 'દરેકને 'બાટી' આપો ! અહીં બનાવતાં શીખી જાય. ઈશ્વર સ્વામીને આપો.' સ્વામીશ્રી ઈડલીને હંમેશાં બાટી કહેતા. આમ, સહુને તૃપ્ત કર્યા ને કહે : 'હવે આપણે એક દી' અડદની દાળ ને રોટલા કરીએ. જૂનાગઢની રસોઈ !'

કેટલી નિરાળી દૃષ્ટિ ! અંતે તો જગતના રાગ તરફ વૈરાગ્યની દૃષ્ટિએ જોતા સ્વામીશ્રીની રુચિ, હેત કરાવીને, જમાડીને પણ દરેકમાં વૈરાગ્ય પ્રેરવા તરફ જ રહેતી.

મનમાની નિષ્ઠા કરી હોય તો સત્સંગ છોડી દીએ

આજે સવારે નિષ્કુળાનંદ કાવ્ય નિરૂપતાં કહે :

'નિષ્કુળાનંદ સ્વામીને સ્વરૂપનિષ્ઠા સર્વોપરી હતી. કારિયાણી ગામમાં પોતે કુંડી કરાવતા હતા. ગોપાળાનંદ સ્વામી વડોદરાથી આવ્યા ને મહારાજે અક્ષર ઓરડીમાં ખાનગી વાત કહેવા બોલાવ્યા. કામ પડતું મૂકી નિષ્કુળાનંદ સ્વામી વાત સાંભળવા આવ્યા. મહારાજ કહે : 'નિષ્કુળાનંદ સ્વામી ! ઓલ્યા મજૂર ખોટી થાય છે. કુંડી ટીપાવો. મજૂર ખોટી ન થવા જોઈએ.'

'એમણે મજૂરોને કહ્યું : 'કામ બરાબર કરજો.' એમ કહી કમાડના ફાંકામાંથી સાંભળવા બેઠા. મહારાજે અંતર્યામીપણે જાણ્યું પણ બેસવા દીધા.

'નિષ્કુળાનંદ સ્વામીને આ વાત સાંભળીને થયું : 'માળું ! આપણે આ ન સમજાયું હોત તો અધૂરું રહેત.' પોતાને વાત સમજાઈ ગઈ કે મહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છે. એમનું કર્યું સર્વે થાય છે. 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથ કર્યો. એમાં સર્વોપરીપણાની વાત લખી દીધી. મહારાજ સિવાય કોઈ ભગવાન નથી. આમ, જ્યારે આપણને સર્વોપરી સ્વરૂપનિષ્ઠા બેસી જાય તો સ્વામી અને મહારાજ સિવાય કોઈનો ભાર ન રહે. એ સિવાય બીજે ક્યાંય સાંધો ન રહે.

'આપણે 'હરિબળ ગીતા' વાંચીએ છીએ તેમાં ભગવાન પુરુષોત્તમના જ ગુણ. વચ્ચે લપ્પન-છપ્પન કે દલાલ કાંઈ નથી રાખ્યું. એવી સ્વરૂપનિષ્ઠા આપણે થઈ જાય પછી મનમાં સંકલ્પ ન થાય. સત્સંગ છોડવાનો ઘાટ ન થાય.

'ઓગણોતેરો કાળ પડ્યો ત્યારે રાંકાં બધાં ભીમનાથ ગયાં. ત્યાં બાર

કળશી ફાડામાં મીઠું નાખી થૂલું કરે. હજારો રાંકાં આવે. કડછો થૂલું આપે, રાંકાં બૂમો મારતા હોય કે 'હે માબાપ ! મરી જઈએ છીએ.' રસોઇયાને રીસ ચઢે તે ઠેલો મારે. તેથી રાંકાં કેટલાંક લથડતાં નીલ નદીમાં પડે. પણ એમ જાણે જે, 'આ ભીમનાથ છોડશું તો મરી જાશું. હડહડતો ઓગણોતેરો કાળ પડ્યો છે. માટે ભલે ધકાવે, મારે, પણ જવું નથી. કડછો થૂલું અહીં મળે છે.' એમ જાણી ત્યાં જ રહે. કડછો થૂલું ખાય ને નદીનું પાણી પી પડ્યા રહે.

'આમ સમજાય કે કડછો થૂલું આ અક્ષરપુરુષોત્તમ ભગવાનને ત્યાં જ છે. એવો મહિમા સમજાય તો ધખે, વઢે, તોય પછી બીજે ન જવાય.

'વડતાલમાં મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું : 'અમને કૃષ્ણ જેવા લખો. સર્વોપરી કેમ લખો છો ? જાવ વિમુખ છો !' છેટા કાઢ્યા. કોઈ બોલે નહિ. કોઈ તેમની સાથે બોલે કે જય સ્વામિનારાયણ કહે, તો ઉપવાસ કરાવે. આવો દંડ કરે. નિત્યાનંદ સ્વામી કહે : 'ભલે મને દંડ દે, પણ મારે મહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે તે ન મૂકવું.' એમ સાત દિવસ પૂરા થયા. પછી મહારાજે રાજી થઈ બોલાવ્યા ને કહ્યું : 'મારી સ્વરૂપનિષ્ઠા તમે જાણો છો. તમને મેં વિમુખ કર્યા. તિરસ્કાર કર્યો, પણ તમે મારું સ્વરૂપ ન છોડ્યું. માટે તમે મોટા છો.' એમ કહીને ગુલાબનો હાર આપ્યો અને બથમાં ઘાલી મળ્યા. નિત્યાનંદ સ્વામી કસોટીમાંથી પાસ થઈ ગયા.

'હવે આવી કોઈ કસોટી કરે છે ? કાઢી મૂકે તો આપણે ઊભા રહીએ ? 'આ તમારું ગોંડલ પડ્યું રહ્યું. બીજે મંદિરે જશું. ઘણાં મંદિર છે. ત્યાં ભજન કરશું. માળા ઘમકાવશું.' એમ થઈ જાય. અહીં કોઈ ધખતું નથી. કહેતું નથી. મનના માન્યા ધર્મ કરીને નિષ્ઠા કરી હોય, પછી આપત્કાળ આવે તો સત્સંગ છોડી દીએ. એનો મોક્ષ ક્યાં રહ્યો ?

'મૂળજી-કૃષ્ણજીને મહારાજ કેટલા વઢ્યા ! કેટલો દંડ દીધો ! મારીને કાઢ્યા, વિમુખ કર્યા, પણ મહારાજની સ્વરૂપનિષ્ઠા હતી તો છેટા ન થયા. પછી મહારાજે બોલાવ્યા ને સાધુ બનાવ્યા. આવું અત્યારે ભગવાન આપણને કરે તો આપણે ઊભા ન રહીએ. પગ ન ટકે. પણ આવાં આખ્યાન જાણ્યાં હોય તો શાસ્ત્રીજી મહારાજને ન છોડાય. સર્વોપરી નિષ્ઠા હોય તો ટકાય. નીકર 'જય સ્વામિનારાયણ' કહી દે. ઘરે બેઠાં બેઠાં માળા ઘમકાવે.

'સહુને શાસ્ત્રીજી મહારાજ થકી આશીર્વાદ આપવામાં આવે છે. સર્વોપરી સ્વરૂપનિષ્ઠા રાખશું તો, જો મહાકાળ આવવાનો હશે તે પણ ઊડી જશે. સદાય

શાંતિ રહેશે. મહારાજ ને ગુણાતીત સિવાય કોઈનોય ભાર ન રાખવો. શાસ્ત્રીજી મહારાજનો આશરો કરશું તો ગમે તેવું દુઃખ આવશે તોપણ તે હરી લેશે. આપણી રક્ષામાં જ બેઠા છે, સુખ દેવા બેઠા છે. સંપ, સુહૃદભાવ રાખવો.

'કોઈથી મન જુદાં ન રાખવાં. આંટી પડવા ન દેવી. આંટી પડી જાય તો મહાદુઃખ છે. ભયંકર દુઃખ છે. આપણે આપણો અવગુણ લેવો. મારામાં આ દોષ છે એથી મને ભજનમાં અંતરાય રહે છે. ફઈબાએ આંટી રાખી તો મહારાજ એને ઘરે જમ્યા નહિ અને ઘર છોડી દીધું.

'મહારાજને આંટી નથી ગમતી. સુહૃદભાવ ગમે છે. સત્સંગમાં દિવ્યભાવ રાખવો એ ગમે છે. દિવ્યભાવ અને એકતાપણું રાખશું તો મહારાજને વહાલા લાગીશું. શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત હતો કે કોઈ ભગવાનના ભક્તથી મન નોખું રાખે તો પોતાને નહોતું ગમતું. પોતે સમાધાન કરી દેતા. એવા પોતે સમર્થ હતા.

'આપણે સુહૃદભાવ અને દિવ્યભાવ રાખશું તો સહેજે અક્ષરધામમાં બેઠા છીએ.'

રાત્રે પારાયણ પછી શંકરાચાર્યે ગોવધ સામે કેસ માંડ્યો હતો ને ઉપવાસ પર ઊતર્યા હતા તે વાત નીકળી. ત્યારે કહે : 'આખી રાત ધૂન કરો.' પછી કરુણાથી કહેવા લાગ્યા : 'એક મહાત્મા (શંકરાચાર્ય) છૂટી જાય, બચી જાય, આખા દેશમાં એમ થાય કે ગોવધ બંધ થઈ ગયો. અમે જૂનાગઢ આખી રાત જાગતા. કૃષ્ણચરણ સ્વામી વાત કરે. સવારે ધોતિયું લઈ નાહવા જઈએ.

'શાસ્ત્રીજી મહારાજ સ્વામી પણ ચેષ્ટા પછી ઘીનો દીવો કરાવે. સંત, પાર્ષદ, હરિભક્ત બધા બેસી જાય... એક બચી જાય તો દુનિયા બચી ! ધૂન કરો. છાપાંમાં આપવું નહીં. સૂર્યનારાયણની વાડીમાં ધૂન નહોતા કરતા ? દોઢ દી'માં આ થઈ જાશે.'

પછી તમામ સંતો અને હર્ષદભાઈ, મગનભાઈ, શેલત સાહેબ, જીવણભાઈ વગેરે હરિભક્તો મળી ૫૦ની સંખ્યામાં રાતે ૨-૦૦ વાગ્યા સુધી ધૂનમાં બેઠા અને સ્વામીશ્રીની આજ્ઞા પાળી.

ચરણોં મેં શીશ નામી દીનતા ઉચ્ચારીએ

એક દિવસ ગુણાતીતચરણદાસ કહે : 'સ્વામી ! દૃષ્ટિ કરજો.'

સ્વામીશ્રી કહે : 'અત્યારે વાતું કરીએ, રાતે પાસે બેસારીએ, પછી કેટલી

દૃષ્ટિ ? ભગવાન ભાવના ભૂખ્યા છે. આ જોગમાં આવી ગયા. નહીં તો સોળના ભાવમાં ક્યાંય રખડતા હોત !'

પછી કહે : 'આપણે ફી નહીં. પ્રૉફેસર ફી લે. પાસ-નાપાસ કાંઈ નહીં.'

ગુણાતીત કહે : 'માગે તો શું આપવું ?'

'માથું !' સ્વામીશ્રીએ તરત જ કહ્યું : *'ચરણોમાં શીશ નામી, દીનતા ઉચ્ચારીએ...* એથી શું વધારે ?'

સૌ આવા નાના વાર્તાલાપોમાંથી સ્વામીશ્રીનો મર્મ શોધી લેતા.

'નિષ્ઠા નહિ તે વયા ગ્યા'

તા. ૧૯મીએ મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી એકાએક કહે : 'હવે ૫૧ સાધુ આ સમૈયે (અમૃત મહોત્સવે) કરવા છે. પહેલાં સાંઈઠ સાધુ ભણતા, પણ નિષ્ઠા નહીં તે વયા ગ્યા. ગમે તેટલું માન-અપમાન થાય, પણ સંસ્થામાંથી નીકળવું ન જોઈએ.'

સાંજે સમાચાર આવ્યા કે 'ગોવધ માટે ઉપવાસે ઊતરેલા પુરી નિવાસી શંકરાચાર્ય અક્ષરનિવાસી થયા છે.'

સ્વામીશ્રી ઊંડા ઊતરી ગયા. તરત જ ધૂન કરાવી ને બોલતા જાય : 'શાસ્ત્રીજી મહારાજ ! પોતાની પાસે બેસાડો, ભગતજી મહારાજ ! આપની પાસે બેસાડો.' પછી કહે : 'શોકસભા ભરીએ.' એમ કહી બે મિનિટ મૌન રખાવ્યું.

એવામાં સમાચાર આવ્યા કે 'શંકરાચાર્ય ધામમાં ગયા નથી, પણ પરિસ્થિતિ ગંભીર છે.'

સ્વામીશ્રી કહે : 'હં...અ, મને થાતું જ હતું કે આપણે ધૂન કરી, ને તમે બધાએ ઉપવાસ કર્યો, તે મહાત્મા ધામમાં જાય જ નહીં ! આપણા ઉપવાસ ફળ્યા !' પછી કહે : 'કોણ ધામમાં ગ્યા તે સમાચાર લાવ્યું હતું ?' એમ કહી તેમને ઉપવાસ આપ્યો, કહે : 'મહાત્મા તો જીવે છે, તે ગોવધ બંધ થાય માટે આમને ઉપવાસ ઠપકાર્યો છે !'

આજે કથાવાર્તાના પ્રસંગમાં કહે : 'સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) સુરતથી ગઢડા ચાલીને ગયા. અત્યારે ટૅક્સી વગર કોઈ જાતા નથી. અમે છીપી ચાલથી ચોપાટી ચાલીને જઈએ. હું, તું ને, ફઈનો રતનિયો એવું હતું ! ૮-૦૦ વાગે ઉકાળો પી હાલી જ નીકળીએ. ને ચાર કલાક કથાવાર્તા કરીએ. દોઢ વાગે હાલીને પાછા ધ્રુવ દાક્તરને ત્યાં જઈએ. ઘોડાગાડી નહીં. બસમાં બૈરાં હોય.

ભાયખલ્લા સુધી રામજીભાઈને ઘરે હાલીને જઈએ. શેઠ ન મળે તો હાલીને પાછા. ભગવાન શેઠ અને કશીભાઈ બે જ હતા તે દી' ! આવડા...ઉંદરડા ! ફું...ઉં...ઉં...કરે !' સ્વામીશ્રીએ બે હાથથી અભિનય કરતાં કહ્યું : 'અત્યારે કેવા બંગલા, માળા થઈ ગયા ! તે દી' તો 'જય સ્વામિનારો...ણ' એમ કહો તો ઘર ભેગા કરી દે. નિર્ગુણ સ્વામીનો ભીડો કેવો ? કબાલાં તોડી નાખે... વિવેક શીખવે. એમ ભીડો બહુ, તો સત્સંગ વધી ગયો. લાભ લઈએ છીએ.'

અહિંસા હેતુથી પુણ્યાર્પણ

હમણા મંગળ પ્રવચનમા 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથનું વાચન થતું અને સ્વામીશ્રી નિરૂપતા. તા. ૨૦મીએ સવારે પ્રકાર : ૭ નિરૂપતાં સ્વામીશ્રી કહે :

'જૂનાગઢમાં (ગુણાતીતાનંદ) સ્વામી બધા સાધુને આ સાતમો પ્રકાર અને નવમો પ્રકાર મોઢે કરાવતા.

'મહારાજ કહે છે કે શાસ્ત્રમાં હોય કે ન હોય, પણ હું તો સંતોને વર્તવાની રીત લખી દઉં. 'ઈસ પારન કી પાર' એવી અલૌકિક રીત કાઢું. કબાટ-પેટીમાં ધન રાખવું નહીં. બોટાદના મહેતા ઓધવજી વકીલ કહેતા, સંતો કહે કે અમે ત્યાગી. મહારાજે અગિયાર લૂગડાં રાખવાની આજ્ઞા કરી છે. અમે બે કૌપીન નથી રાખતા. તે વિશેષ ત્યાગી છીએ. નવ લૂગડાં જ રાખીએ છીએ !'

'ધર્મામૃતનું એક પ્રકરણ અને નિષ્કામ શુદ્ધિ સંતોએ દર એકાદશીએ વાંચવાં.'

આજે થાળમાં ૧૧-૪૫ વાગે પધાર્યા. પછી ઉપવાસના મહિમાની વાત કરતાં કહે : 'શંકરાચાર્ય મહારાજે ૬૦ ઉપવાસ કર્યા. કેવું આત્મબળ ! હિંસા બંધ કરાવવા કર્યા. 'ચકલી સારુ બ્રહ્માંડ બોળ્યું.' તેમ શંકરાચાર્યનું કામ થશે જ. પૂર્વના સંસ્કારી...' પછી કહે : 'આજે હરિજયંતીનો સંતો-યુવકોને નિર્જળા ઉપવાસ છે. તો આપણે આજનું પુણ્ય હિંસા બંધ કરવામાં દઈ દેવું.'

સ્વામીશ્રીની ભાવના ગો-હિંસા અટકાવવામાં આટલી તીવ્રપણે રહેતી હતી.

કોઈનો કાગળ વાંચવો નહિ

વળી, વિવેક શીખવતાં વાત કરી : 'સ્વામીનો ઠરાવ. કોઈનો કાગળ કોઈએ ન વાંચવો. કોઈના કાગળમાં માથું ન ઘાલવું. નિર્ગુણ સ્વામી 'કોનો કાગળ છે ?' એમ પણ ન પૂછે. કોઈનો કાગળ ફોડે નહીં ને કો'ક ફોડતું હોય

તો ઠપકો દે : 'જેનો હશે તે ફોડશે.' કોઈના કાગળમાં ધ્યાન ન દે.'

એમ કહી ફરી ગોવધની વાત સંભારીને કહે : 'મહારાજ (શંકરાચાર્ય) ઊગરી જાય. સહકાર આપવો. પુણ્ય આપવું. સંકલ્પ કરો. બધા (સરકાર) માની જાય.' આમ, સ્વામીશ્રીની વાતોમાં ઘણી વાર આગળ પાછળના સંદર્ભો ચાલુ રહેતા.

રાત્રે ગુણાતીતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર વંચાયું. તેમાં મહારાજે સ્વામીને બુરાનપુર મોકલ્યા તે વાત આવી. તો કહે : 'બુરાનપુર અમે ગયેલા. ભાષા જુદી. તાવેથાને તલથાણું કહે ને તપેલાને વળી જુદું કહે. હું તે વખતે શીખેલો. અત્યારે ભૂલી ગયા.'

એવામાં મોહનભાઈ રાઠોડ એક ભજનિક બાવાજી મણિરામને લાવ્યા. સ્વામીશ્રી કહે : 'આપણે કથા બે લીટી વાંચી લ્યો. પછી તેમનાં ભજન સાંભળીએ.' એમ કહી ચાલુ પ્રસંગ પૂરો કરાવી ભજનો સાંભળ્યાં.

સ્વામીશ્રી કહે : 'આવું તો બે કલાક સાંભળીએ ! બહુ સુખ આવે ! કીર્તનની મઝા ઓર છે ! ૧૨ ઉપર ૧ વાગે, જળ જંપી ગયું હોય, ને કીર્તનો ગવાય. એ...ય મઝા આવે !'

સ્વામીશ્રીનો કીર્તન-ભક્તિનો રસ નાનપણથી જ તીવ્ર હતો. એમાંય કોઈ ભજનિક કે સંગીતજ્ઞ આવે ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજીપો બતાવે અને પ્રેમથી તેમને સાભળે.

બેની વાતમાં કાન ન માંડવા

બીજે દિવસે મંગળ પ્રવચનમાં ધૂન કરાવી. સવારે ૫-૦૦ વાગ્યા હતા. સ્વામીશ્રી કહે : 'બે જણની વાત સાંભળવા કાન ન માંડવા.'

પછી કહે : 'અમે ભણતા હતા ત્યારે માસ્તર કવિતા શીખવાડતા - '*બે જ્યાં વાત કરતા હોય છાની, ત્યાં ઊભા ન રહીએ જાણી.*' એમ કહી બોલ્યા : 'અમે એ, બી, સી, ડી પણ ભણેલા !

નારાયણ ભગત કહે : 'બાપા ! બોલોને !'

સ્વામીશ્રીએ શરૂ કર્યું : 'એ, બી, સી, ડી... પી....આર...ક્યુ, એલ, એમ.' પછી કહે : 'આગળ નથી આવડતું !'

પછી પુરુષોત્તમ પ્રકાશ ઉપર વાત કરતાં બોલ્યા :

'સત્સંગમાં પહેલો નંબર લાવવો હોય તો ભીડો વેઠવો પડે. ભગવાનને

ફળ જમાડવું હોય તો સારી રીતે સુધારીને, છાલ કાઢીને જમાડવું. રાજાને જમાડવો હોય તો કેટલું બધું કરવું પડે ! સંતરાં જમાડવાં હોય તો તેની પેશીમાંથી નસો કાઢીને ધરવાં. ઊડહુડ ન કરવું. નિરાંત રાખવી. પપૈયું સુધારવું હોય તો તેની છાલ વધુ કાઢવી. કારણ કે હેઠેની છાલ કડવી હોય છે. જેમ રાજા-ગવર્નરની સેવા કરીએ છીએ, તેમ ઠાકોરજીની સેવા કરવી.'

'વક્રકુંડ પુરાણ'ની વાત કરીને કહે : 'સ્વામિનારાયણના સાધુ ક્યાંય દબાય નહીં. શાસ્ત્રીજી મહારાજના સંત રસોઈ, ઝોળી, કારખાનામાં તૈયાર હતા, તો મંદિરો થઈ ગયાં. આપણને આજ્ઞા થાય તો દેહને વાટી નાખવો.

'આખું હિન્દુસ્તાન, આફ્રિકા જાણે તેમ ભણવાનો, કથાવાર્તાનો, સેવાનો રસોઈ-પાણીનો સિક્કો પાડી દેવો. સૌને આસન નાખી દેવાં.

'ભગવાન પુરુષોત્તમ રીઝે તો જનમટીપમાંથીયે છોડી મૂકે. દૂધે જેલ ધોઈ નાખે એવા પુરુષોત્તમ નારાયણ બ્રહ્માંડમાં પધાર્યા. એ સમયે લોકમાં બૈરાં પુરુષોની લાજ કાઢે; પણ મહારાજે એવું ઘૂમટા-પ્રકરણ ચલાવ્યું કે સાધુ સ્ત્રીઓની લાજ કાઢે. આવો સિક્કો બેસાર્યો.'

પછી થાળ સમયે વાત કરી : 'આજે સ્વપ્નમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. અને કહ્યું : 'ખીચડી-કઢી ને શાક બનાવો.' પછી મેં બનાવી. સ્વામીને ખીચડી બહુ પ્રિય. ખીચડીમાં ઘી નાખી પ્રેમથી પાટલો નાખ્યો... જમાડ્યા. સ્વામીની કેટલી દયા ! પોતાની ઇચ્છા હતી તે જમવાનું કહ્યું. જમતાં જાય, પ્રસાદી આપતાં જાય. બહુ આનંદમાં હતા કે 'મારા સંતો ભણે છે ને મારું કાર્ય કરશે.' કાર્ય ઉપાડી લેવું. પ્રેમથી ઉપાડી લેવું.

'સ્વામીનો રાજીપો છે, તો દર્શન દે છે. સ્વપ્નમાં દર્શન દે, તે કૃપા.'

રાત્રિસભામાં ગુણાતીત થોડા મોડા પડ્યા. તે દંડવત્ કરતા હતા ત્યાં સ્વામીશ્રી કહે : 'હજી મોડા આવવું હતું ને !'

તેઓ કહે : 'સ્વામી ! દેહની સરભરામાં હતો !'

સ્વામીશ્રી કહે : 'એ છોડીને અહીં આવવાની વાત ચાલે છે. મોડા ન પડવું.'

ગુરુ થાશો મા ! માથામાં ખીલા પડશે !

થોડી વારે વાંચવામાં આવ્યું કે કૃપાનંદ સ્વામીએ સ્વામીને કહ્યું કે 'ગુરુ થાવ તેવા તમારામાં ગુણ છે.' તે સાંભળી સ્વામીશ્રી ખડખડાટ હસતાં હસતાં કહે : 'ગુરુ થાશો મા ! માથામાં ખીલા પડશે !'

પછી, વેદાંતીઓને ગુણાતીત સ્વામીએ કહ્યું કે 'અનાદિ બ્રહ્મ હું છું' તે વાત આવી. ત્યારે કહે : 'જો સ્વામીએ છાતી કાઢી !'

વજુભાઈએ પૂછ્યું : 'બાપા ! આપ કેમ છાતી નથી કાઢતા ?'

સ્વામીશ્રી કંઈ બોલ્યા નહીં. ત્યાં હકાભાઈ બોલ્યા કે 'કંઈ પ્રસંગ હોય તો કાઢે ને !'

એટલે સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા. કહે : 'હકાભાઈએ ખરું કહ્યું !'

તા. ૨૨મીએ મંગળ પ્રવચનમાં કહે : 'રામાયણમાં સાખી છે :

'નારી નયન શર જેહી ન લાગા, ઘોર ક્રોધ તમ નિશી નહિ જાગા;
લોભ પાશ જેહી નર ન બંધાયા, સો નર આપ સમાન રઘુરાયા.'

'આવો ભક્ત છે તે મારા જેવો જ છે' - એમ ભગવાન કહે છે. આવું માહાત્મ્ય તુલસીદાસે મૂક્યું. આવો સંતનો મહિમા છે. આવા સંત સમાન થવું. તો ભગવાન છેટા ન જાય.

'શ્રીજીમહારાજે પૃથ્વી ઉપર પધારી બ્રહ્મમહોલનું બારણું ઉઘાડી બધાને આજ્ઞા કરી : 'જાવ, અક્ષરધામમાં પહોંચી જાવ.' એમ હુકમ કર્યો.'

મહારાજના અત્યંત નિકટ ગુણાતીત સંત વગર આવું કોણ કહી શકે ! મહારાજનો આવો અલૌકિક અભિપ્રાય ક્યારેક સ્વામીશ્રી આમ છતો કરી દેતા. ત્યારે જાણે મહારાજ જ આ સંતમાં રહીને બોલે છે, તેવી સૌને અંતરમાં પ્રતીતિ મળતી.

દેવતાના દીકરા દેવતા થવા જોઈએ

વળી કહે : 'યુવકોએ સત્સંગ રાખવો. દેવતાના છોકરા કોણ ? કોલસા. આપણે તે ન થવું. દેવતાના દીકરા દેવતા થવા જોઈએ. શાસ્ત્રીજી મહારાજ જેવા પાકવા જોઈએ, તો પાક્યા ગણાય. આ તો સ્વામી ગયા પછી 'જય સ્વામિનારાયણ !' ધબાય નમઃ - એવું થવું ન જોઈએ. મહારાજ ગયા પછી પાંચસો પરમહંસોએ ઝાંખું પડવા દીધું ? માટે ભક્તિ, સેવા, નિર્દોષબુદ્ધિ, કથાવાર્તાનું કાર્ય ઉપાડી લેવું. પહેલાં શાસ્ત્રીજી મહારાજ, સંતો ખભે કોદાળી લઈ પાયા ગાળવા મંડી પડતા. ૫-૦૦ વાગે દાળિયા ફાકે, મીઠું ને રોટલો જમતા. છાશ મળે નહીં. ગામમાંથી છાશ કોઈ વખત માગી લાવે. કોઠારી ભીમજીભાઈને ખબર પડી કે ગામમાંથી સાધુને છાશ દે છે. તે બંધ કરાવી. બંડિયાને છાશ ન દેવી. ઝોળીનો રોટલો ખાઈ મંદિર કર્યાં. શ્રદ્ધા રાખી કામ કર્યાં !'

અત્યારે મહારાજ નભાવે છે

કથાવાર્તાના ચાલુ પ્રસંગમાં સ્વામીશ્રી ઘણી વાર સંતો-હરિભક્તોને વિધવિધ રીતે સાવધાન કરી કથામાં જાગ્રત રાખતા. આજે કહે : 'યોગીચરણ ! ઝોલું આવે છે ને ? આવવા દ્યો. ઘરનું છે !'

પછી ફરીથી તેમને ઝોકું આવ્યું. ત્યારે કહે : 'યોગીચરણ ! ઊભા થાવ. આંખ્યું ભરાઈ જાય છે. પહેલાં મહારાજ ઠપકારતા, અત્યારે મહારાજ નભાવે.'

પછી તેમને ઊભા કર્યા. ત્યાં કૃષ્ણલાલે ઝોકું ખાધું. એટલે સ્વામીશ્રી કહે : 'એકને જગાડો ત્યાં બીજો ઊંઘી જાય છે. કરવું શું ?'

પછી મેમણના પોઠિયાની વાત કરી કે '૯૯ બેસાડ્યા ને એકનો ધબાકો સાંભળી બીજા ૯૯ ઊભા થઈ ગયા.' એમ સૌને ખૂબ આનંદ કરાવ્યો.

આવા સાધુ ફરી નહિ મળે

સાંજે ૪-૩૦ વાગે જૂના મંદિરે પધાર્યા. જતી વખતે કહે : 'ઈશ્વર સ્વામી 'દિવ્ય જીવનની ઝાંખી' સરસ લખે છે. બે મહિના પહેલાં સુરતનો પ્રસંગ બહુ સુંદર લખ્યો હતો.' એમ કહેતાં નરેન્દ્રભાઈની મોટરમાં બિરાજ્યા. નારાયણ ભગત વગેરે સાથે ગાડીમાં હતા. તેમને ખટકો રાખવા વાત કરી, મંદિરે દર્શન કરી, ધૂન કરાવી, પ્રદક્ષિણામાં બિરાજ્યા. વરતાલથી આવેલા લક્ષ્મણ ભગતને પોતાની સાથે બેસાડ્યા ને કહે : 'અમારે અહીં પાંચ વાતુંનો નિયમ છે.' એમ કહી પાંચ વાતું બોલ્યા. તેમાં વાત આવી : 'આવા સાધુ, આવી વાતું...'

સ્વામીશ્રી બાજુમાં બેઠેલા લક્ષ્મણ ભગતનો પગ દબાવીને કહે : 'આવા ગુણાતીત તે આવા સાધુ ને તેમની આવી વાતું ફરી નહીં મળે.'

પછી બોલ્યા : 'ભગવાન મુમુક્ષુને ગોતવા નીકળ્યા છે.' એમ કહી દર્શન કરવા પધાર્યા. ત્યાંથી ગેટ વે ઑફ ઇન્ડિયા, મરીન લાઇન્સ થઈ, મંદિરે આવતાં રસ્તામાં ખૂબ વાતો કરી. જૂની સ્મૃતિઓ વાગોળતાં સ્વામીશ્રી કહે : 'પહેલાં ચાલીને ફરતા. કોઈ વખત ઘોડાગાડી મળતી. ઝોળી હું જ ઉપાડતો...'

સંતો કહે : 'હવે તો હરિભક્તો હરીફાઈ કરે છે કે બાપા મારી ગાડીમાં બેસે તો સારું.'

સ્વામીશ્રી નિર્દોષભાવે બોલ્યા : 'પહેલાં રણછોડજી હતા ને હવે ગાદીએ બેઠા તે રણછોડરાય થયા !'

આમ, દિવ્ય સ્મૃતિઓ આપી ૬-૧૫ વાગે મંદિરે પધાર્યા.

રાતની સભામાં રવિભાઈ પંડ્યા આફ્રિકાથી આવ્યા હોવાથી તેમને સન્માન્યા. વળી, પારાયણની પૂર્ણાહુતિ પણ કરી. રાતે પવઈના ઉત્સવની તેમજ અન્ય ઉત્સવોની ફિલમ બતાવવામાં આવી. ગઢડાની ફિલમમાં ઠાકોરજીનાં દર્શન થાય ત્યારે પોતે ઓઠીંગણ મૂકીને આગળ આવી જાય ને કહે : 'વાહ, વાહ, શું દર્શન થાય છે !'

એવામાં ડૉ. ભગુભાઈ આવ્યા. ને કહે : 'બાપા ! શેક કરવો છે.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'આ જુઓ, મોક્ષનો શેક થઈ રહ્યો છે !'

વળતે દિવસે સાંજે ૫-૦૦ વાગે ડી.ડી. કશ્યપ સાથે ઇન્દ્રગઢ(ગ્વાલિયર)ના ઠાકોર ભવાનીસિંહ અને ભગવાનસિંહ દર્શને આવ્યા હતા. તેમની ફિલમ સારી ચાલે તેવા આશીર્વાદ તેમણે માગ્યા. સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં. ને કહ્યું : 'દારૂ પીવો છોડી દ્યો તો આ કામ થશે.'

ઠાકોર સાહેબ તો સ્વામીશ્રીનાં દર્શન કરી તુરત જ બોલી ઊઠ્યા : 'સ્વામીશ્રી કે ચેહરે પર કિતની શાંતિ હૈ !'

કાબેલ અધ્યાપક

સ્વામીશ્રીને નાના-નાના સંતો પ્રવચનો કરે તેનો ખૂબ આગ્રહ. તેથી બધાના વારા ગોઠવવા મોટેરા સંતોને સૂચના કરે. અને કાલુંઘેલું પ્રવચન હોય પણ ખૂબ રસપૂર્વક સાંભળે. કોઈને ફાવતું ન હોય તેથી છટકવા પ્રયત્ન કરે, પણ સ્વામીશ્રીના પ્રેમ આગળ નમી જવું પડે.

એક દિવસ નાના પ્રેમપ્રકાશ સ્વામીનો વારો હતો. તેમને ગભરામણ થઈ કે 'મને નહીં ફાવે. પગ ધ્રૂજવા લાગશે.' તેઓ સ્વામીશ્રીને સ્નાન કરાવવા ગયા ત્યારે કોઈએ આ વાત રજૂ કરી કે પ્રેમપ્રકાશ સ્વામી ગભરાય છે અને છટકવાની બારી શોધે છે.

સ્વામીશ્રીના હાથમાં પાણીનો લોટો તૈયાર જ હતો. એમણે પ્રેમપ્રકાશ સ્વામીને હાથ પકડી જમણા હાથમાં પાણી આપ્યું ને કહે : 'બોલો, છટકીશ નહીં, પ્રવચન કરીશ. ડૉક્ટર સ્વામીની આજ્ઞા પાળીશ.'

સ્વામીશ્રી બોલાવે ત્યારે એક વાર તો બોલવું જ પડે. તેથી તેઓ બોલ્યા ને કહ્યું કે 'બાપા ! સભામાં ગભરાઈ જવાય છે, બધું ભૂલી જવાય છે. એટલે...'

તેઓ બોલતા હતા ત્યાં સ્વામીશ્રી કહે : 'લ્યો ધબ્બો ! શાસ્ત્રીજી મહારાજ બુદ્ધિમાં પ્રકાશ કરશે. શબ્દોની હાર્યું થશે. માટે ખુરશી બની જવું. મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી આપણામાં આવી બોલી જાય. ગોપાળાનંદ સ્વામી કહેતા : 'આપણે જાણતાયે ન હોઈએ તેવું મહારાજ આપણા દ્વારા બોલી જાય. માટે મૂંઝાવું નહીં. કો' ના નહીં પાડું. રાજીપો લઈ લઈશ.' એમ તેમની પાસે હા પડાવ્યે જ રહ્યા.

તેમણે અનુપમ ભગત પાસે પ્રવચન તૈયાર કર્યું. સ્વામીશ્રીને બતાવ્યું. તે રસપૂર્વક જોવા લાગ્યા. પછી સભામાં પ્રેમથી સાંભળ્યું પણ ખરું. છેલ્લે 'પ્રગટ સત્પુરુષમાં જોડાવું' એ વાત આવી, એટલે તાળી વગાડી હસ્યા ને કહે : 'મજકૂર આવી ગયું !'

સંતો-યુવકોની શક્તિઓ વિકસાવવાનું કેટલું તાન !

જ્ઞાન ન સાંભરે, લીલા સાંભરે

તા. ૨૪મીએ સવારે ૪-૩૦ વાગે ઊઠ્યા. વાત કરતાં કહે :

'ગોંડલ સમૈયાનું બહુ કામ ઉપાડ્યું છે. બધાએ ભળવું. પ્રમુખસ્વામી એકલા ફરે છે. સંપ, સુહૃદભાવ, એકતાથી સત્સંગ કરાવવો. અંદરોઅંદર કાર્ય ઉપાડવું. મહારાજ, શાસ્ત્રીજી મહારાજ રાજી થાય.

'આફ્રિકાથી હરિભક્તો આવેલા. નિર્ગુણ સ્વામી સામા મુંબઈ સ્ટીમર પર તેડવા જાય, હારતોરા કરે. હું ને નિર્ગુણ સ્વામી એક વાર ડભોઉના સોમાભાઈ આફ્રિકા જતા હતા ત્યારે આવ્યા હતા. સ્ટીમર ઊપડી ત્યાં સુધી ઊભા. દર્શન કરીએ. લૂગડું હલાવે. પછી છીપી ચાલ ગયા. હરમાનભાઈ, મગનભાઈ આવે ત્યારે સામે લેવા જાય. એમાં બે-ત્રણ વખત તો હુંય સાથે આવેલો. સરભરા-ખાતું બહુ મોટું.'

પછી અષ્ટક ગવાયું. તેમાં વાત કરી : 'અમે જ્યારે હજામત કરાવતા ત્યારે ૪-૦૦ વાગે નાહી, પૂજા કરી લઈએ ને પછી હજામત કરાવીએ. એક મોટો વિધિ (પૂજાનો) થઈ જાય. એમ અમારો નિયમ હતો. બે વખત નહાતા.'

પછી પુરુષોત્તમ પ્રકાશ નિરૂપતાં કહે : 'સ્વામી કહે છે કે મહારાજ વંડી ઉપર પણ બેસતા. એમાં સ્વાદ કેવો આવતો હશે ? પણ બધાને સ્મૃતિ રહે તે માટે બેઠા. સંતો-હરિભક્તોને ખૂબ જમાડતા. તે ખાવા માટે નહીં પણ સ્મૃતિ થાય તે માટે. દહીંનાં દોણાં સંતો ઉપર ઢોળે. સંતો સ્મૃતિ કરે. જ્ઞાન કરું તે

કોઈને ન સાંભરે. આવી લીલા કરે તો સૌ સાંભરે.

'મહારાજને સંભારીએ તો વ્યવહાર સુધરે. સંભારવા એ જ આપણી સંપત્તિ છે. તેથી દુ:ખમાત્ર ટળી જાય. વૃદ્ધિ પામવા માટે સમર્તિ. આ ચિંતવનથી અક્ષરધામમાં જવાય.

'નકરા મહારાજને સંભારવા એમ નહીં, પણ સ્વામી કહે છે કે અમનેય સંભારવા. ભક્તે સહિત ભગવાનને સંભારવા... મહારાજે કલ્યાણ સોંઘું કર્યું. કોઈ કોદરા સાટે કલ્યાણ કરે - એવું સોંઘુ કર્યું.

'કોનો સંબંધ થયો ! શાસ્ત્રીજી મહારાજનો ! એમનો મહિમા વિચારીએ તો કેફ આવે. નહીં તો જતો રહે. હેત, કેફ, સદ્ભાવ મોળાં ન પડવાં જોઈએ.

'એક વાર મહારાજ કારિયાણીમાં હતા. તે વખતે મૂળા ઝાઝા આવેલા. દરેક સંતને જો હાથોહાથ દેવા જાય તો પહોંચાય નહીં. તેથી મહારાજે મૂળા ઉડાડ્યા. મર્યાદી સાધુઓ પણ પ્રસાદીના મૂળા લેવા ધોડ્યા. મુક્તાનંદ સ્વામી પણ ધોડીને લેવા ગયા. તેમણેય મર્યાદા તોડી. ઉમંગ હોય તેને પ્રસાદી મળે.'

આજે ઠાકોરજી જમાડતાં કહે : 'શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'ઝોલાં ખાવામાં આ અમારા જોગી એક જ.' ગાડામાં હું ઝોલાં ખાતો ત્યારે સ્વામીને ભટકાતો. માથું ભટકાય. સ્વામી કાંઈ બોલે નહીં.

'નિર્ગુણ સ્વામી ધખે : 'હે...ઈ જોગી ! ઝોલાં ખાય છે !'

સંતનો પાવર !

બીજે દિવસે મંગળ પ્રવચનમાં 'પુરુષોત્તમ પ્રકાશ'મા મહારાજનો પુરુષોત્તમપણાનો સક્કો સમજાવતા કહે :

'પંચાળામાં એક પટેલ સ્વામિનારાયણનો દ્વેષી હતો. તેણે તેના વાડામાં શેરડીનાં છોતાં નાખ્યાં. અને વાત ફેલાવી કે સ્વામિનારાયણના સંતો મારા વાડામાં આવી શેરડી ખાઈ ગયા. આમ, આળ ઓઢાડ્યું. મહારાજે કહ્યું : 'અમારા સંતો શેરડી ન ખાય.' પછી પટેલે છોતાં બતાવ્યાં. મહારાજ આ પટેલનું કપટ જાણી ગુસ્સે થયા : 'મારા આવા સંતને અસુરો આવી રીતે કનડે છે ?' મહારાજનું આવું રૂપ જોઈ દિગ્પાળો ધ્રૂજી ગયા. મહારાજ કહે : 'બ્રહ્માંડ ઊથલ-પાથલ કરી નાખું.' સંતોએ કહ્યું : 'ભલો ભલાઈ નવ તજે...' માટે આપ તેને માફ કરી ધો.'

'આ સ્વામિનારાયણના સાધુ જાય છે' એમ કહે, તો તે પણ ધામનો

નિવાસી થાય.' 'અલ્યા, આ સ્વામિનારાયણના છે !' એટલો ગુણ લે, તે પણ ધામમાં જાય...

'આફ્રિકામાં ત્રણ જણને પાવર (વીજળી કરંટ) લાગ્યા, તો મરી ગયા. જો વીજળીનો પાવર લાગે તો સંતનો ન લાગે ? સામાન્ય બાબતમાં પકડે છે તો ભગવાન કેમ ન પકડે ? અક્ષરધામમાં બેસાડી દ્યે.

'અલ્યા, સંતને કેમ મારે છે ?' એમ પક્ષ લ્યે તો તે ભલે સ્વામિનારાયણનો સત્સંગી ન હોય તોપણ ધામમાં જાય. જેણે સંતના-ગુણાતીતના ગુણ ગાયા, તે ધામમાં જાય. આમ, મહારાજને બધાને જોરાઈએ ધામમાં લઈ જાવા છે.

'કોઈ મોટો સદાવ્રતી હોય ને તેને ત્યાં કોઈ આવે તો કહે : 'બેસ, જમી લે. લાડવા દસ-દસ ઉડાડ !' મહારાજે જીવોને ફર્સ્ટની ટિકિટ દઈ દીધી. જીવ કહે : 'મારી પાસે ભાડું નથી.' 'અરે, બેસી જાને !' એમ મહારાજે સંબંધે કરી, કલ્યાણ કરી નાખ્યું. શાસ્ત્રીજી મહારાજ સમર્થ, બધું જ કરી શકે...

'અત્યારે સહજાનંદ સ્વામીનો વાવટો ચડી ગયો. તે તેનો જ હુકમ ચાલે છે. ઘણા અવતાર છે, પણ આજે મહારાજનો અમલ ચાલે છે. માટે તેનો જ આશરો કરવો.'

બ્રહ્માંડને ધામમાં લઈ જવાનું બળ

પોષ સુદ પૂનમને સવારે મગળ પ્રવચનમા 'પુરુષોત્તમ પ્રકાશ', ૨૩મો પ્રકાર નિરૂપતાં કહે :

'જૂનાગઢમાં આ પ્રકરણ સ્વામી મોઢે કરાવતા. સ્વામિનારાયણના નામનો મહિમા આમાં છે. મહારાજે જીવોને મફત નાવમાં બેસાડી દીધા. ને કહ્યું : 'જાવ, સામે કિનારે પહોંચી જાવ.'

'ભગતજી મહારાજને કંઠમાં લવલવ રટણ મહારાજનું થાતું. જેના કાનમાં સ્વામિનારાયણના નામની ભણક પડી, તેની અક્ષરપોળ ઊઘડી ગઈ. તે ધામમાં જ જાય. જીવના એકવીસ હજાર શ્વાસ ઊપડે છે. તેમાં શ્વાસે શ્વાસે સ્વામિનારાયણ ભજન કરવું. અજાણે નામ લેતો હોય તો તે પણ ધામમાં જાય.

'સકાર કે'તાં સર્વે દુઃખ વામે રે, હકાર કે'તાં હરિ ધામ પામે રે,
જકાર કે'તાં જય જય જાણો રે...
નકાર કે'તાં નિર્ભય પ્રમાણો રે, દકાર કે'તાં દદામા દઈને રે,
પામે ધામ સહજાનંદ કહીને રે...

'મૂળ અજ્ઞાન કે નાશકે વાસ્તે, જીવકો આત્યંતિક કલ્યાણ દેને કે વાસ્તે પુરુષોત્તમ નારાયણ ઐસા મૈ મનુષ્ય જૈસા બન્યા હું.'

'અહોહો ! આ તો અવતારી ! રામ-કૃષ્ણ જેવા મહારાજને ન કહેવાય !' – આમ, આનંદમાં આવી જઈને સ્વામીએ 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથ કર્યો. આમાં કોઈની મહોબત ન રાખી. મહારાજનો અપાર મહિમા આમાં ગાયો છે. 'સહજાનંદ' આ પાંચ અક્ષરનો કેવો મહિમા કહ્યો ! એક એક અક્ષરમાં આટલું પુણ્ય, તો તેનું નામ લ્યો તો કેટલું પુણ્ય થાય ?! આખા બ્રહ્માંડને ધામમાં લઈ જાય એવું આ શબ્દમાં બળ છે. આ મોટી પ્રાપ્તિ થઈ છે. મોટો જોગ મળ્યો છે. આમાં આળસ રાખીએ તો અધૂરું રહે. બેસી રહીએ, સૂઈ રહીએ, તો લાભ જતો રહે. પૈસાનો મહિમા સમજાણો છે તો કોઈ તે મેળવવા આળસ કરતા નથી.'

આજનો પોષ સુદ પૂનમનો ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષા-મહોત્સવ ઘાટકોપરમાં ભાટિયા વાડીમાં ઊજવ્યો. ડૉ. ભગુભાઈ તથા મગનભાઈ વ્યાસે જાહેર સભા યોજી હતી. 'કામાણી એન્જિનિયરીંગ'માં કામ કરતા કેટલાક નવા મુમુક્ષુઓએ સ્વામીશ્રીનું બૅન્ડવાદનથી સ્વાગત કર્યું. શશિકાંત પ્રધાને ભજનો ગાયાં. હકાભાઈ, હર્ષદભાઈ, રવિભાઈ પંડ્યા તથા સ્વયંપ્રકાશ સ્વામી, મહંત સ્વામીનાં પ્રાસંગિક પ્રવચનો બાદ સ્વામીશ્રીએ શુભાશિષ આપ્યા. ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા ગાયો. મહારાજે સંવત ૧૮૬૬માં ડભાણમાં મહાન યજ્ઞ કરી, હજારો બ્રાહ્મણોને જમાડી, સ્વામીને દીક્ષા આપેલી. આ દિવ્ય પ્રસંગનું સુંદર વર્ણન કરી સ્વામીશ્રીએ સૌને આનંદ કરાવ્યો. રાત્રે ડૉ. ભગુભાઈને ત્યાં ઉકાળા-પાણી કરી, સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

તેમાં બહુ બગાડ થાય

અક્ષર ભવનના નાના મંદિરમાં ખાસ કરીને મહિલા ભક્તો સ્વામીશ્રીનો લાભ લઈ શકે તેવી કોઈ વ્યવસ્થા નહોતી. રવિવારે કે સ્વામીશ્રી કથામાં પધારે ત્યારે કથા સાંભળવા મકાનના પ્રાંગણના એક ખૂણામાં સ્પીકર રાખવામાં આવતું. જેનાથી ઉપર સભામાં ચાલતી કથાનો મહિલાવર્ગને લાભ મળતો. સ્વામીશ્રીનો ઉતારો બીજે માળ રહેતો. તેથી સ્ત્રીઓને દર્શન પણ ત્યારે જ થતાં, જ્યારે સ્વામીશ્રી પધરામણીએ જતા. છતાં કેટલીક ભાવિક સ્ત્રીઓએ સ્વામીશ્રીનાં દર્શન કરીને જ જમવાના નિયમો લીધા હતા. તેથી સ્વામીશ્રી બીજા માળની ગૅલરીમાંથી પસાર થાય ત્યારે ચાર ફૂટની બારીમાંથી ત્રણેક

સેકન્ડનાં દર્શન સામેના મકાનમાં ઊભાં રહી કે રસ્તા પર લગભગ ૧૦૦ ફૂટ દૂર ઊભાં રહી મેળવી લે.

સ્વામીશ્રીને તે જાણ થઈ ત્યારે અત્યંત અરુચિ બતાવી અને નાના પ્રેમપ્રકાશ સ્વામી તથા બીજા એક નાના સંતને બોલાવીને કહે : 'તમારે રોજ આ બારી બંધ રાખવી.'

તેઓ રોજ તે બારી બંધ કરી દેતા, પણ ઈશ્વરભાઈ દેસાઈ મહિલાઓની સિફારસથી તે ખોલી નાખતા.

એથી એક વાર આ નાના સંતો સાથે તેમને થોડી બોલાચાલી થઈ. સ્વામીશ્રીને આ વાત મળી ત્યારે એમણે હર્ષદભાઈને બોલાવ્યા. ને કહ્યું : 'મેં નાના સાધુને આજ્ઞા કરી છે. બારી બંધ રાખવાની છે. તમે હરિભક્તોને સમજાવજો. બૈરાંઓનો સંપર્ક જોઈએ જ નહીં. તેમાં બહુ બગાડ થાય છે...'

જો કે આમાં સંપર્કનો તો પ્રશ્ન જ નહોતો ! પરંતુ ધીરે ધીરે નિયમધર્મની આંટી શિથિલ થતી જાય તો ભવિષ્યમાં વધારે બગાડ થાય, તેવું કાંઈક હાર્દ એમની નિયમ-ધર્મની દઢતામાંથી દેખાતું. આ માટે સ્વામીશ્રી પહેલેથી જ સાવધાન રહ્યા હતા.

જ્ઞાનનો ચમત્કાર ઈચ્છવો

તા. ૨૭મીએ સવારે 'પુરુષોત્તમ પ્રકાશ' પ્રકાર : ૨૫મો નિરૂપતાં કહ્યું :

'બીજા અવતારોનું ભજન પાછળથી થયું. તેમને તે વખતે બધાએ રાજા ગણી કાઢ્યા. શ્રીકૃષ્ણને દ્વારિકામાં રાજા જ ગણ્યા. શ્રીજીમહારાજે તો પોતાની હયાતીમાં જ પોતાની મૂર્તિ પધરાવી અને પોતાનું ભજન કરાવ્યું.

'જૂનાગઢમાં વૈશાખ વદ બીજે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવી હતી. વેદિયા બ્રાહ્મણ કહે : '૫૦૦ કાચી ઈંટો જોઈશે.' કાચી ઈંટો તો હાજર હતી નહીં. નવી કરે તો આઠ દી'એ સુકાય. સ્વામીએ ઐશ્વર્ય વાપર્યું. બીબાંમાં ગારો નાખી પછી ઘડીક વારમાં જ્યાં ઉપાડે ત્યાં તો ઈંટ ખાખરા જેવી થઈ જાય. સ્વામીએ સૂર્યનારાયણ અને શેષનારાયણને આજ્ઞા કરી હતી. ઉપરથી સૂર્યનારાયણ સૂકવે અને નીચેથી શેષનારાયણ ફૂંક મારે. કૃષ્ણજી અદા કહેતા કે 'હું પાસે હતો. ઈંટ મેં જોયેલી, દેવતાઓ સ્વામીની આજ્ઞામાં હતા.' સ્વામીને મહારાજમાં એટલી બધી શ્રદ્ધા હતી, મહારાજની ફૂંકે પર્વત ફાટે. હજારોને મૂર્તિમાં ખેંચી લ્યે, તેવું તેમની મૂર્તિમાં આકર્ષણ હતું.'

પછી કોઈએ પૂછ્યું : 'બાપા ! આપ ચમત્કાર બતાવો.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'આ છે તે સારું છે, નભાય છે, નહિ તો પડાપડી કરે, પાડી દે ! અત્યારે કાંઈ નથી તોય પડાપડી કરે છે. આપણે જ્ઞાનનો ચમત્કાર ઇચ્છવો.'

પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજ હજારોને ખેંચતા. તો અત્યારે કેટલો સત્સંગ થયો ! પહેલાં સ્વામી પોટલું ઉપાડીને ચાલતા. તેઓ તો સંકલ્પે મોટર ઉતારે તેવા હતા. પણ એવા ચમત્કાર નહોતા કરતા. જેમને બ્રહ્માંડ પણ નજરમાં ન આવે તેવા સ્વામી જાતે છાણાં થાપતા. બીજા કોઈને ઐશ્વર્ય આપ્યું હોય તો ઝાલ્યો રહે ?'

મોટાની બાબતમાં ઊંડા ન ઊતરવું

આજે રાત્રે ગુણાતીતાનંદ સ્વામીના જીવન ચરિત્રમાં સદ્‌ગુરુનો ટંટો ટાળ્યો તે પ્રસંગ આવ્યો. જેમાં દ્વેષીઓની ભંભેરણીથી નિત્યાનંદ સ્વામીને પણ ગોપાળાનંદ સ્વામીના દ્રોહમાં ભળવું પડેલું તે વાત આવી. ત્યારે ઈશ્વરભાઈએ પૂછ્યું : 'બાપા ! નિત્યાનંદ સ્વામી કેમ દ્રોહ કરવા તૈયાર થયા હશે ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે મોટાની બાબતમાં ઊંડા ન ઊતરવું. જે કરતા હોય તેમાં દિવ્યભાવ રાખવો.'

દેહ પોઠિયો છે, તેને સેવામાં ઘસડવો

તા. ૨૯મીએ વહેલી સવારે 'પુરુષોત્તમ પ્રકાશ'માંથી પ્રકાર : ૨૭ થી ૩૨ સમજાવતા કહ્યું :

'મહારાજે સમૈયા કર્યા. સંતોને જમાડ્યા, રમાડ્યા, ગુલાલ નાખ્યા... મહારાજ પાંચ વાર પંગતમાં ફરે અને સંતો થાકી જાય તેટલું પીરસે. એક-બે નહીં પણ હજારો માણસને જમાડવાના હોય. અડધા માઈલની પંગત હોય, તે પીરસતાં મહારાજની કેડ નહીં દુઃખતી હોય ? પણ હરિભક્તોને રાજી કરવા પીરસે. શાસ્ત્રીજી મહારાજ પણ ગાતરિયું આડસોડ નાખી પીરસવા નીકળે. એ સંભારવું. તો બેડો પાર ! *'જીવને જાવું હશે બીજે તીજે રે...., તોય જાવું પડશે રીઝે ખીજે રે.'* ખેંચીને ધામમાં મૂકી દેશે - પલેનમાં મૂકી દે એમ !

'કરુ ઉપાય હવે એહનો, ડોળી દેશ વિદેશજી;
કોઈ રે ઉગારે મુને કાળથી, સોંપું તેને આ શીશજી.'

'આવો ઈશક રાખવો. હું સાજો હતો. ત્યારે રાતના ૧૨-૦૦ સુધી વાત કરતો. અત્યારે મને આરામમાં નાખ્યો છે, પણ મારું મન કથાવાર્તામાં છે. ૪-૩૦ વાગે ઊઠીને કંઈ જ્ઞાન આપવું - એમ ઇચ્છા રહે છે. તમે મને આરામ આપો છો, પણ હું વહેલો ઊઠી જ્ઞાન આપું છું.

'હું સ્વામી સાથે તેર વરસ ફર્યો, પણ જ્યાં દીવો ત્યાં દાતણ નહીં... આ દેહ પોઠિયો છે. તેને જો સેવામાં ન ઘસડીએ તો આપણા પર ચઢી જાય. માટે ખાવાનો, સૂવાનો અને વ્યવહારનો સંકોચ રાખવો. દેહાભિમાનમાં જ્ઞાન ન વધે. મનમોજી કથામાં બેસતા નથી.

'શાસ્ત્રીજી મહારાજની પૂજા મેં વીસ વરસ પાથરી. હું ૩-૦૦ વાગે ઊઠીને મારી દેહક્રિયા કરી બેસી જાઉં. પાણીનો કટોરો તૈયાર કરું. પછી ચંદન ઘસીને સ્વામીને તિલક કરાવું. ત્યાંથી ખસીએ નહીં. પૂજા સુધી કંઈ કામકાજ ન કરીએ, તો મને સુખ આવ્યું. સૂઈ રહ્યો હોત તો દેહનું સુખ આવત, પણ મોક્ષનું સુખ ન આવત. મહારાજ વાત કરતા ત્યારે કોઈ ખસતા નહીં. ખપની વાત જુદી છે.

'વળી કરી છે હેતની વાત રે...' હેતની વાત શું હશે ? 'મૂળ અક્ષરમૂર્તિ મારું મૂળ ધામ જૂનાગઢમાં છે' એમ હેતની વાત કહી. સામાન્ય સાધુ હોત તો શું કામ બધાને ત્યાં આવવાનું કહેત ? પણ 'ગુણાતીત તો મારું સ્વરૂપ છે, તે મારી જગ્યાએ છે.' તેથી કહ્યું. નહીંતર ગુજરાતના લોકો કાળી દાળ ને રોટલી ખાવા શું કામ આવે ? જૂનાગઢમાં રસોઈ નહોતી હાલતી. વળી, સમાગમ કરવા બધા હાલીને આવતા. ત્યાં ગુણાતીતાનંદ સ્વામી મહારાજના મહિમાની વાત કરે. અને મહારાજ કહે : 'આ મારું સ્વરૂપ છે. મારી જગ્યાએ છે. તેમાં મનુષ્યભાવ ન રાખતા, દિવ્યભાવ રાખજો.' હેત હોય તો આ જ્ઞાન થાય. હેત વિના જ્ઞાન કોઈ ન માને.

'પોતાનું મનધાર્યું રહે ત્યાં સુધી તબિયત સારી રહે, ઉત્સાહ પણ ખૂબ રહે; પણ જ્યાં મનધાર્યું મુકાવે એટલે તબિયત બગડે. મનમાં રીસ ચડી જાય. શોક થઈ જાય. 'મને શરીરનું દરદ છે ને આમ કેમ કર્યું ?' એવું બધું થઈ જાય. મહારાજ અને સ્વામીની ઇચ્છા એ જ આપણું પ્રારબ્ધ સમજવું જોઈએ.

'અમારા ગુરુ અમે જમવા બેસવાની તૈયારીમાં હોઈએ ત્યારે 'કરો ઉપવાસ' એમ કહી દેતા.'

આજની રવિવારની સાંજની સભા બોરીવલીમાં ગોપાળજી હેમરાજ હાઈસ્કૂલમાં, સ્થાનિક કાર્યકર્તાઓ ગોરધનભાઈ પટેલ, પ્રતાપ રાવળ તથા

કરુણાશંકર પંડ્યાએ ગોઠવી હતી. સુભાષ દેસાઈનાં ભજનો પછી અતિથિવિશેષ મૅજિસ્ટ્રેટ વાળંદે સુંદર પ્રવચન કર્યું. સ્વામીશ્રીએ ભગવાન ભજી લેવા અને જનક રાજાની પેઠે વ્યવહારમાં રહેવા છતાં પણ ભગવાનમાં વૃત્તિ રાખવાનો સૌને ઉપદેશ આપી પ્રેરણા આપી. ગોરધનભાઈ પટેલના ઘરે ઉકાળા-પાણી કરી, રાત્રે મંદિરે પધાર્યા.

અમારું ઢાંક્યું રતન છે !

બીજે દિવસે ૧૧-૪૫ વાગે થાળમાં પધાર્યા. કહે : 'સોળ આના ભાવ કરવો, તો ભગવાન સાક્ષાત્ દર્શન દે. એક હરિભક્તે ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! અક્ષરધામ બતાવો.' તો સ્વામીએ તરત જ તેજ કાઢ્યું.'

ત્યારે દેવેન્દ્ર કહે : 'બાપા ! આપ તેજ બતાવો ખરા ?'

સ્વામીશ્રી કહે : 'અમારું ઢાંક્યું રતન છે. તેથી નથી દેખાતું. કોઈ ભાળે નહીં... કાંઈ નહીં !' નિર્દોષભાવે સ્વામીશ્રી બોલ્યા.

પછી 'હરે' થયા. ત્યાં સ્વામીશ્રીને મળવા ગુજરાત રાજ્યના નિવૃત્ત ચીફ જસ્ટિસ કે.ટી. દેસાઈ આવ્યા. તેઓ ૧૧-૪૫ વાગે આવવાના હતા, પણ સમય થઈ ગયો તેથી સ્વામીશ્રીએ સૌને જમી લેવા આગ્રહ કર્યો. પોતે પાટલા પર થોડી વાર ઉભડક બેઠા ને ઊભા થઈ બહાર આવી સભામાં બેઠા. પછી કહે : '૧૨-૩૦ સુધી દેસાઈ સાહેબની રાહ જોઈએ.'

તેઓ ૧૨-૧૫ વાગે આવ્યા. રૂમમાં ઉપહાર કરાવ્યો. શાસ્ત્રીજી મહારાજનો સ્મૃતિ ગ્રંથ ભેટ આપ્યો. તેઓ ગ્રંથ જોઈ ખૂબ રાજી થયા ને કહે : 'હૃદયમાં મહિમા હોય તો જ આવું થાય.' એમ કહી સ્મૃતિ કરી : 'સ્વામી ! મેં તેમને કમલ મહલમાં જોયેલા. તમને ઘણું દુઃખ હતું, પણ મોઢા પર જરાય જણાતું નહોતું. ચહેરો તો આવો ને આવો જ હતો.' તેઓ ભાવવિભોર બની ગયા.

સ્વામીશ્રી મંદ સ્મિત કરી રહ્યા હતા. વિદાય લેતાં દેસાઈ સાહેબે કહ્યું : 'તમે અમારા બધા વચ્ચે ૧૦૦ વરસ રહો.'

સ્વામીશ્રી કહે : 'એમ કરવું છે ? જાવ તેમ થશે !'

સાંજે શાસ્ત્રી પાંડુરંગ આઠવલે આવ્યા હતા. સાથે જૂના સત્સંગીઓ અભયચંદભાઈ, વાડીલાલભાઈ પણ હતા. સ્વામીશ્રી કહે : 'આપણા નિયમ પ્રમાણે પાંચ વાતું બોલીએ.' એમ કહી વાતો બોલ્યા. શાસ્ત્રીજીએ થોડી વાત કરી. સ્વામીશ્રીએ 'અનુભવી' કીર્તન ગાયું ને કહ્યું : 'આપણે જીવન રસમય બનાવવું.

અત્યારે કળિયુગમાં તો ભગવાન સોંઘા છે, પણ લોક-વ્યવહાર વધી ગયો.'

રાતે ૮-૪૫ વાગે સભામાં પન્નાલાલ ઘોષે બંસરીવાદન કર્યું, સંગતમાં ચૌધરી હતા.

પછી ઘોષ અને ચૌધરીને આશીર્વાદ આપ્યા અને કહે : 'ગવૈયા બધે ગાતા હશે, પણ ભગવાન ને સંત પાસે ગાવણું કર્યું તે લેખે લાગી ગયું.'

હું ફોશીનો કટકો હતો !

તા. ૩૧મીએ સ્વામીશ્રીએ સવારે ૪-૩૦ વાગે વાત કરી : 'આજે સ્વપ્નું આવ્યું હતું તે કહીએ.' એમ કહી સ્વપ્નદર્શનની વાત કરી.

ત્યાં કોઈએ પૂછ્યું : 'સ્વામી ! આપને સ્વપ્નાં કેમ આવે છે ?'

સ્વામીશ્રી કહે : 'જેવો જાગ્રત જીવ રહે છે તેવો સ્વપ્નમાં રહે છે, સ્વામીને સંભારી સૂઈએ તે દર્શન દેવા આવે.'

આટલી વાત કરીને કહે : 'તીવ્ર વેગ લગાડીને સમાગમ કરે તો સ્વપ્નમાં પણ તેજ દેખાય. અમે સત્પુરુષની સેવા બહુ કરેલી. જૂનાગઢના સદ્‌ગુરુઓને બાલમુકુંદ સ્વામી, કૃષ્ણચરણ સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી.... બધાને નવરાવેલા, જમાડેલા...' પછી જૂનાગઢથી નીકળી શાસ્ત્રીજી મહારાજ સાથે ભળ્યા તે વાત વિસ્તારથી કરી.

ત્યારે એક સંતે કહ્યું : 'આપને અદા ઉપર પ્રેમ બહુ !'

સ્વામીશ્રીએ કહ્યું : 'હા, અદાએ મોકલ્યા, એમણે ભાડું આપ્યું. મહિમા સમજાવ્યો, નહીં તો જૂનાગઢમાં ઠણઠણપાલ બેઠા હોત ! જૂનાગઢમાં તે દી' બાદશાહી હતી ને અહીં ઝોળી માગવાની, ટપલાં ખાવાં પડે... પણ અદા હંમેશાં એ જ વાત કરે : 'સ્વામી પાસે જાવું છે.'

'હું ફોશીનો કટકો હતો ! પણ ગા ભેગી વાછડી ! ભેગો ભેગો આવી ગયો. આપણામાં બુદ્ધિ નહીં ! ગુજરાત (દેશ) જોયેલો નહીં. બે જણ રોકનાર મળેલા. જવા જ ન દે. હું ગરીબ માણસ. પણ બળ આવી ગયું. મોટા સદ્‌ગુરુની મો'બત છોડીને અવાય નહીં; પણ 'સ્વામીને રાજી કરવા છે' એવું તાન. 'ભલે બધા જાય, તમે અહીં રહો' એમ બધા સંતો મને કહે; પણ હાથ છોડાવીને મૂકી દોટ ! તે ગાડા ઉપર ચડી ગયા. ૧૦૦ સાધુ ઊભેલા ! ગાડામાં ૧૦૦ પુસ્તકો ભરેલાં. સારંગપુર અદાએ તાર કર્યો. સ્વામી આવ્યા. હું, બળદેવચરણ અને ચાર સાધુ રાતના ૧૧-૦૦ વાગે સ્ટેશને ગયા. હારતોરા કર્યા. હરગોવિંદભાઈ,

માધવજીભાઈ હતા. બે સાધુ અને એક ભગત સ્વામીએ મોકલેલા. જાદવજીભાઈના મેડે ઊતરેલા.'

સ્વામીશ્રીએ એકાએક આજથી વર્ષો પહેલાંનો પોતાનો પરિચય સાહજિકતાથી આપ્યો. જેમાં ક્યાંય પોતાની વિશેષતા નહિ. કોઈ તો પોતાને 'વટનો કટકો' એમ વર્ણવે. આ તો 'ફોશીનો કટકો !' જાણે પોતે ફોશીઓમાં શ્રેષ્ઠ હોય. 'ગા ભેગી વાછડી'ની અદ્ભુત ઉપમા પોતાને માટે આપી. પોતે ગ્રહણ કરેલ માનુષિક પ્રકૃતિનું હૂબહૂ ચિત્રણ કર્યું. વળી કહ્યું કે 'આપણામાં બુદ્ધિ નહિ,' 'ગરીબ માણસ...' આમ, પોતાનું વર્ણન કરી સ્વામીશ્રી સૌને ભુલાવામાં નાખી દેતા. દાસત્વભાવની પરાકાષ્ઠા જણાવતા. જાણે અધૂરું હોય એમ કહે : 'આપણે તો ઠણઠણપાલ,' એટલે બુદ્ધિનો લેશ ન હોય એ રીતે કહેતાં પોતે નિર્માનીપણાની - અહંતા રહિતપણાની ટોચ ઉપર બિરાજતા. પોતાના નિકટના સમક્ષ પણ પોતાની આવી અવહેલના કોણ કરી શકે ?

સ્વામીશ્રી કહે : 'લાવો હવે 'પુરુષોત્તમ પ્રકાશ.' બધા સાધુને બોલાવો. સમાગમ કરી લ્યે. બે દિવસમાં સ્વામી જાવાના છે !'

પછી પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથ શરૂ કર્યો. ત્યાં કહે : 'આપણે તો સંબંધે કલ્યાણ. શાસ્ત્રીજી મહારાજ બહુ સમર્થ. બધું કરી શકે.'

એક સંત કહે : 'આપ પણ કરી શકો.'

સ્વામીશ્રી કહે : 'આપ તો ઠણઠણપાલ !'

આમ, સ્વામીશ્રી પોતાને માટે આવા કુત્સિત શબ્દો વારંવાર વાપરતા જરાપણ ખચકાતા નહિ. ગુરુ શાસ્ત્રીજી મહારાજની અપાર મોટપ વર્ણવતા પોતે નાનપની ગર્તામાં ગરક થઈ જતા.

આનું નામ મહાપૂજા

પુરુષોત્તમ પ્રકાશમાં પ્રકાર : ૩૮ થી ૪૦ નિરૂપતાં બોલ્યા :

'શાસ્ત્રીજી મહારાજે ભક્તે સહિત ભગવાન, અક્ષરે સહિત પુરુષોત્તમ પધરાવી દીધા. જેવી પરોક્ષ ભક્તની પૂજા થાય છે તેમ ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામીની પૂજા થવી જોઈએ. આનું નામ મહાપૂજા.

'સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે;
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.'

'આ શ્રીમુખે પુરુષોત્તમ ભગવાન બોલે છે. તેમને પોતાની વંશપરંપરા

રાખવી છે.

'સ્વરૂપનિષ્ઠા કામ કરે. મહારાજ પુરુષોત્તમ, સ્વામી અક્ષર અને આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, એ વિના સાંધા એટલા વાંધા. દાસના દાસ રહેવું. હેતવાળાએ આ નિષ્ઠા કરાવવી.'

સ્વામીશ્રી વાતો કરી ઊભા થયા ત્યાં ગુણાતીતચરણ સ્વામીએ સ્વામીશ્રીના ગરમ કાપડનાં સ્લીપર ઉપાડીને પગ આગળ ગોઠવ્યાં. સ્વામીશ્રી કહે : 'હાથ ધોઈ નાખો.'

તેઓ કહે : 'બાપા ! લૂગડાંનાં ચંપલ છે.'

સ્વામીશ્રી કહે : 'મારો વહાલો પૉલિશી કરે છે... કહ્યું એટલે કરવું જ જોઈએ. 'ધોઈ આવું છું' એમ ન બોલ્યા.'

નારાયણપ્રસાદ સ્વામી કહે : 'આપની ચરણરજ ક્યાંથી ?

'ભગવાનની આગળ કાંઈ માહાત્મ્ય નહીં !' સ્વામીશ્રીએ બાજુમાં જ ઠાકોરજીના સિંહાસન તરફ નિર્દેશ કરીને કહ્યું.

આજે સાંજે પાર્લા પધરામણીએ ગયા. ત્યાંથી ૮-૦૦ વાગે પધાર્યા. રૂમમાં પત્રલેખન કરતાં એકદમ ચક્કર આવ્યા અને કેશવ ભગતના ખોળામાં ઢળી પડ્યા ! ગુણવંતભાઈએ સ્વામીશ્રીની આંખે પોતાની હથેળી દાબી દીધી. પછી ધીરે રહી સૂવરાવી દીધા.

અચાનક જ સ્વામીશ્રીએ માંદગી ગ્રહણ કરી તેવું નહોતું. સતત ભીડાને કારણે, કથાવાર્તામાં પણ કલાકો સુધી બેસી અવારનવાર અમૃત વચનો કહેતાં પણ પોતે થાક જરૂર અનુભવતા. અશક્તિ તો કાયમ જ રહેતી, પણ આજે આવું અચાનક થઈ જતાં સૌનો જીવ ઊંચો ચડી ગયો. બધાને ખૂબ ઉચાટ થયો. સ્વામીશ્રીને આરામ જ આપવો એ નક્કી થયું. આજે રાત્રે સ્વામીશ્રી સભામાં ન પધાર્યા.

ગઈ રાત્રે અચાનક આવેલી અશક્તિથી સૌ ચિંતિત હતા, પરંતુ સ્વામીશ્રીએ આજે સવારે તો કંઈ જ જણાવા ન દીધું. ખૂબ સ્વસ્થ જણાતા હતા.

અતિશય ભૂંડું શું ?

સવારે ૪-૩૦ વાગે પત્રિકાવાચન પછી વાત કરતાં કહે : 'આપણે ચાર વાગે ઘંટ વગાડવો, મનસ્વી ન થવું. એકબીજાની મર્યાદા રાખવી. જૂનાગઢમાં સભામાં બસ્સો સાધુ બેસી જાય. ભાર પડે. અહીં તો સંત પછી હરિભક્તો. પછી

મોડા આવે તે સાધુ બારણે ઊભા રહે ! તે ગારિયા ખાતું, જેન્ટલમૅન ખાતું નહીં. ભાર રાખવો, તો શાસ્ત્રીજી મહારાજનો ભાર પડે. કોઈને કોઈનો ભાર નહીં તે અતિશય ભૂંડું. સત્સંગ શોભાડવો.

'મહંત સ્વામી, કોઠારી... કહે તેમ કરવું. સ્વયંપ્રકાશ તમારે કહેવું. બીક ન રાખવી. કહેવાથી સત્સંગ વધે.

'હરે... અષ્ટક બોલો...'

પછી કિશોરભાઈ તથા મધુ ભગત રાત્રે મોડા આવ્યા હતા તેથી સ્વામીશ્રીએ જરા ટકોર કરી : 'કેમ ગુરુ ! મોટા રાજા-મહારાજાની જેમ બાર વાગે નવરા થાવ છો ? શું કામ હતું ? આવવું. રોજ આવવું. ગાળિયું ન કાઢવું.' પછી કહે : 'જાવ, યોગીચરણને ઉઠાડો... યોગીચરણ નામ પાડ્યું ને 'યોગી'ને બટ્ટો લગાડ્યો. એમ કોઈ કહેશે.'

નાના સંતો-યુવકોને પોતાની સાથે હેત-પ્રેમના નાતે જકડી રાખવાની સ્વામીશ્રીની એક અનોખી રીત હતી, નિશ્ચિત સેવામાં બાંધી લેવાની. સેવા ભલે સાવ નાની જ હોય, પણ તે તે વ્યક્તિ કરે તો જ એમને સંતોષ થાય.

સ્નાન સમયે ડોલમાં પાણી ગુણવંત દાણી જ નાખે, આરતીનો ઘંટારવ વિનોદભાઈ જ કરે, લઘુ કરીને આવે ત્યારે હાથ પ્રેમપ્રકાશ સ્વામી જ ધોવડાવે. દવા મારી પાસેથી જ લે... આ ક્રિયાઓમાં જો એક દિવસ પણ ચૂક પડે તો તરત જ પૂછે : 'ગુરુ ! ક્યાં ગયા હતા ? તમારા વિના મજા નો આવી !' આટલી જ ટકોર કોઈને પણ જાગ્રત કરવા બસ થઈ પડતી. તે થોડા જ શબ્દો ભક્તના અંતરમાં અખંડ જાણપણાનો દીવો ચેતવી જતા.

❀ ❀ ❀



ગુણાતીત પળમાં પાવન કરે

તા. ૧-૨-'૬૭, સવારે 'પુરુષોત્તમ પ્રકાશ,' પ્રકાર : ૪૧, ૪૨ ગવરાવી, સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'મહારાજે મભમ સંતની વાત અહીં કરી છે, પણ તે ગુણાતીતની જ વાત છે. મહારાજ કહે છે : 'મારે ઘણા જીવનો ઉદ્ધાર એ દ્વારે કરવો છે.'

'નિર્દોષબુદ્ધિએ શ્રદ્ધાથી સંતને સેવવા જોઈએ. તો અજ્ઞાન ઊછળીને નીકળી જાય. સંત ભગવાનનો આશરો કરાવે. જ્ઞાનરૂપી ધન લોકોને આપે. 'તું સમજ જ' - એમ ક્રોધથી નહીં, પણ હેતથી લોકોને સમજાવે. મોક્ષ આપવામાં ઉદાર હોય. તેને શત્રુ અને મિત્ર બેય સરખા. કોઈના ઉપર રાગદ્વેષ નહીં. જે તેનું બગાડે તેનુંય હિત કરે. આવાં લક્ષણ હોય તે સંત.

'પોતાના દેહને અર્થે ઉદ્યમ નહીં. ઠાકોરજી અર્થે સેવા કરાવે. સન્માનમાં રાજી થાય અને અપમાનમાં કરમાઈ જાય તેવું સંતને હોય નહીં. હંમેશાં તેઓ પ્રફુલ્લિત બુદ્ધિના જ હોય. મહારાજ કહે છે : 'આવા સંત હોય તે મારા ગણાય. બીજા પરબારા ગણાય. આવા સંતમાં હું રાત-દી' બેઠો જ છું.'

'સંતનું અંતર કાચ જેવું શુદ્ધ હોય. તેના હૃદયમાં 'હું રહું છું.' સંતના સંબંધમાં જે આવ્યો તેનું કલ્યાણ કરી જ નાખે. કલાકે નહીં, પણ પળમાં જ પાવન કરી નાખે. કેટલી બધી હદ મૂકી દીધી ! સાચા સંત સિવાય બીજું કલ્યાણના કામમાં એક છાંટોય કામ આવતું નથી. આવું નિર્ભય પદ કોણ આપી શકે ?! આવા સંતનો આશરો થયો તે કોઈ પ્રકારની શંકા ન રાખતા. તાળી મારીને ક્ષણમાં ધામમાં લઈ જશે.'

રાતે પારાયણ થઈ. ભૂતા શેઠે સ્વામીશ્રીનાં સ્વાસ્થ્ય અંગે પૂછ્યું. તો સ્વામીશ્રી કહે : 'સાધુની તબિયત બગડતી હશે ? એ તો સોંસરો જાય, મરે તો ધામમાં ! અહીં હોય તે લાખનો ને ત્યાં સવા લાખનો !'

પછી ભૂતા શેઠને ધર્માદો આપવા બાબત ટકોર કરતાં કહે : 'પહેલાં તમે રસોઈ દેતા, તાકો ઓઢાડતા, તે બે વરસથી બંધ કર્યું છે. શું અમે ગુનેગારી કરી છે ?'

ઈશ્વરભાઈ કહે : 'એ ક્યાં ના પાડે છે ?'

સ્વામીશ્રી કહે : 'તો હાય ક્યાં પાડે છે ?' આમ, રમૂજ કરાવતાં આરામમાં પધાર્યા.

બીજે દિવસે બપોરે થાળમાં પધાર્યા. પછી ગુણાતીતચરણ ઝોકું ખાતા હતા, તેમને વાતો કરતાં વચ્ચે જ કહ્યું : 'ગુણાતીત ! ઓરા આવો. અહીં ઝોકું ખાવ, મને ખંભામાં વાગે તો વાંસો દુ:ખતો મટે !' આમ, વિધવિધ રીતે સ્વામીશ્રી સંતો-ભક્તોને ટકોર કરી, ભજન-ભક્તિમાં સાવધાન કરતા.

ભગવાન ને સંતની ઓથ

તા. ૪થીએ સવારે ૪-૨૮ વાગે રૂમમાં આવ્યા ત્યારે લગભગ સૌ સૂતા હતા. સ્વામીશ્રીએ તેમને ઉઠાડ્યા ને કહે : 'હું તો ૩-૩૦ વાગ્યાનો ઊઠી જાઉં છું.'

પછી ખૂબ બળની વાતો કરી. છેવટે કહે : 'એક ખૂબી જોવા જાવ તો આ મુંબઈમાં પચાસ લાખ માણસ છે. દરિયો ટાઢ આવવા દેતો નથી. ૫૦ લાખ ધાબળા બચી ગયા. ધાબળા, ધાબળીઓ, ગોદડાં બચી ગયાં. બાર મહિને પાંચ કરોડનો ખર્ચ થાય, પણ આ સમુદ્રની કિનારી છે તો ઓછો થઈ ગયો. ભગવાન કેટલા બચાવે છે ! એ ખર્ચ બધા ફેલમાં જાય છે. સાટું વળી જાય છે. સિદ્ધાંત એટલો કે ભગવાન ને સત્પુરુષનો ઓથો હોય તો માયિક દોષ એકે આવે નહીં. દૃષ્ટિથી નિર્દોષ થઈ જઈએ.'

સ્વામીશ્રીના ઉપદેશમાં આવો માર્મિક અને વૈચારિક અભિગમ જોવા મળતો ત્યારે સૌ તાજુબ થઈ જતા કે આવા વિચારો સ્વામીશ્રીને જ આવી શકે, કારણ કે એમની દૃષ્ટિમાં સાંખ્ય અને યોગનું સંયોજન હતું.

જેનું કર્યું થાય છે તે ભગવાન જતા જ નથી

આજે 'પુરુષોત્તમ પ્રકાશ' નિરૂપતાં કહે :

'કોઈને પ્રશ્ન થાય કે મહારાજ ઓગણપચાસ વરસે જ કેમ ધામમાં ગયા ? વધુ રહ્યા હોત તો લાખો જીવોને વધુ ઉગારત. પણ મહારાજને ગુણાતીત દ્વારા,

પોતાના સંત દ્વારા કામ કરાવવું હતું, તેથી ધામમાં પધાર્યા. મહારાજ પોતે જે કામે આવેલા તે કામ ટૂંક સમયમાં પૂરું કર્યું. પોતાના જેવા ગુણાતીત પુરુષને સત્સંગનું સુકાન સોંપતા ગયા. સ્વામીશ્રીને ૫૮ વરસનો આવરદા બ્રાહ્મણે જન્મોત્રીમાં કહેલો; પણ મહારાજે કહ્યું : 'મેં આંબા વાવ્યા છે, તે તમે ઉછેરો.' તે સ્વામીએ કહ્યું : 'તે દહાડાનો દેહ રહ્યો છે.'

'અત્યારે સવારે જ્ઞાનનો જમણવાર હાલે છે.'

'નિષ્કુળાનંદ સ્વામીને હેતનું અંગ. હેત અસાધારણ. તેથી રહી ન શકે. કૃપાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી એ બધા હેતવાળા. નિષ્કુળાનંદ સ્વામી મહારાજના ધામમાં ગયા પછી કહે છે કે 'હવે આપણું મુખ અભાગિયું થયું, કારણ કે હવે હરિ સાથે કેવી રીતે વાત કરશે ? આપણી આંખો પણ અભાગણિયો થઈ, હવે હરિનું રૂપ ક્યાંથી જોઈ શકાશે ?'

'એક વાર જામનગરમાં જાગા સ્વામી નિષ્કુળાનંદ સ્વામીના બાર મહિનાના (બારમાસીનાં પદો) બોલતા હતા : *'સખી શોં રે કહું ઉપાય, પિયુ પરદેશ રે...'* ગુણાતીત સ્વામી ઓસરીમાં બેઠા સાંભળતા હતા. પછી કહ્યું : 'આ પણ મારા ગુરુ(નિષ્કુળાનંદ સ્વામી)નું અજ્ઞાન છે. આપણો પિયુ ક્યાં પરદેશ છે ? આપણે ક્યાં પરોક્ષ છે ? પ્રત્યક્ષ માનવા જોઈએ.' જતા નથી રહ્યા. જ્યાં સુધી ભગવાન પરોક્ષ મનાય, ગયા જણાય છે, 'મારું કંઈ જાણતા નથી' એમ મનાય છે, ત્યાં સુધી અજ્ઞાન છે.

'લગની લાગે પછી તે વિના રહેવાય જ નહીં. ગ્રામ્યવાર્તા, છાપું વાંચવું ન ગમે. અખંડ એમાં જોડાઈ જાય. પછી ભગવાન અને સંતમાં હેત બંધાઈ જાય, અનુવૃત્તિ પળાય, સેવા-ભક્તિ થાય.

'બીજા અવતારો તો જતા રહ્યા, તેની તો વાત જ નથી. જેનું કર્યું થાય છે તે ભગવાન તો જતા જ નથી... મોટાપુરુષને ભગવાન અખંડ દેખાય. સંત દ્વારા અખંડ છે.

મહારાજે પ્રગટ થઈ અમૃતની હેલી કરી દીધી

બીજે દિવસે વહેલી સવારે 'પુરુષોત્તમ પ્રકાશ'નો ૫૦મો પ્રકાર સમજાવતાં ખૂબ ભાવમાં આવી બોલ્યા :

'પુરુષોત્તમ નારાયણ અઢળક ઢળ્યા. કોઈ દી' જીવથી અક્ષરધામમાં જઈ ન શકાય, તે પોતાની શક્તિ વાપરી જીવોને અક્ષરધામમાં લઈ ગયા. દુનિયાના

ફાંસલામાંથી જીવોને છોડાવ્યા. પારધી જાળ નાખે તેમાંથી કોઈ પક્ષી નીકળી ન શકે. મહારાજે આ જગજાળમાંથી જીવોને છોડાવ્યા.

'શાસ્ત્રીજી મહારાજ આ પચાસનું પ્રકરણ બધાને મોઢે કરાવતા. અમે બધાએ મોઢે કર્યું હતું.

'તાપ તપતો હોય, કાળું વાદળ ન હોય ત્યાં વરસાદ હોય ? પણ શ્રીજી-મહારાજ પ્રગટ થઈ ગયા અને અમૃત વરસાવી હેલી કરી દીધી. તેમાં વળી સાકરના ગાંગડા પડ્યા. બધા વીણવા જ મંડી પડ્યા. વળી, વરસાદ સાચા મોતીનો પડ્યો. એક એક મોતી લાખ લાખ રૂપિયાનું ! મોતીનો વરસાદ વરસે ત્યારે કોઈ ભૂખ્યો રહે ? વટાવી ખાય. પેટ ભરી જ લે. કોઈની નોકરી કરવી ન પડે.

'જીવોને તારવા શ્રીજીમહારાજ અણધાર્યા આવી ગયા. લાખો જીવોને તાર્યા. તેમની અકળ કળા ન કળાણી. ડાહ્યા, શિયાણા બુદ્ધિશાળી રાજાઓ રહી ગયા અને આપણું કામ થઈ ગયું. નાનાનું કામ થઈ ગયું. ખિસ્સામાં સોનામહોર ભરાઈ ગઈ. તેની ખબરેય ન પડી. આપણે લીધી નથી ને આ ક્યાંથી ખિસ્સો ભરાઈ ગયો ? એવું થયું. અગમ-અપારની કળ કેમ ખબર પડે ?

'જેમ મહાસાગરમાં પૂર આવે તે ગારો કાઢી નાખે; તેમ જગતમાં કળિયુગનો મેલ હતો, તે મહારાજ પધાર્યા ને ધોધમાર વરસ્યા ને મેલ કાઢી નાખ્યો. ઝપાટાબંધ કામ કરી નાખ્યાં. મરતી મરતી કાન હલાવે તેમ નહીં.

'આ સભામાં જે આવ્યા તેને નિર્દોષ કરીને ધામમાં લઈ ગયા. રજેરજ પૃથ્વી ફર્યા વિના ન રહેવા દીધી. અહીં સીધા (ગુજરાતમાં) આવ્યા હોત તો ? પણ વનના જીવોને પાવન કરવા, નવલાખ સિદ્ધોને પાવન કરવા બધે વિચર્યા. ચરણ-અંકિત પૃથ્વી થઈ ગઈ. 'હું સનાથ થઈ ગઈ' એમ પૃથ્વી માને. ચંદ્ર, ઈન્દ્ર, તારા - બધાને બ્રહ્મમહોલ જવા નીસરણી કરી દીધી.

'વરસાદ કોઈ અંતરાય રાખ્યા વિના વરસે છે, તેમ ઘનશ્યામ વરસ્યા... 'કોઈ બી આવ ! કોઈ બી આવ !' (કોઈપણ આવો) એમ કલ્યાણના ભંડાર ખોલી દીધા.

'વાહ, નિષ્કુળાનંદ સ્વામી ! વાહ, નિષ્કુળાનંદ સ્વામી ! એક શબ્દ તમે મોળો મૂક્યો નથી. ઢગલા મોઢે, તોલ્યા વગરનાં સુખ આપ્યાં, ઉધારાની વાત નહીં.'

આજે રવિવાર અને એકાદશી હતી. સંતમંડળ સાથે સ્વામીશ્રી મોટા

મંદિરે દર્શને પધાર્યા. મંદિરના હૉલમાં રંગકામ ચાલતું હોવાથી રવિવારની સાંજની સભા ઇંગ્લીશ હાઈસ્કૂલના ચોગાનમાં ભરી હતી. પ્રિન્સિપાલ જયકર સાહેબે બધી વ્યવસ્થા કરી આપી હતી.

આજ્ઞા-ઉપાસના વિના કલ્યાણ નહિ થાય

તા. ૭મીએ સાંજે ૪-૦૦ વાગે બધા સંતોને પોતાના રૂમમાં બોલાવી શિખામણની વાત કરી :

'ચેષ્ટામાં આવવું. વાદવિવાદ કરવો નહીં. બારોબાર કાંઈ મગાવવું નહીં. ગામમાં જવું હોય તો પૂછીને જવું. ત્યાગ એ શોભા. ખમવું. સંપ ત્યાં જંપ. સ્ત્રી-ધનના ત્યાગી, પંચવિષયનો અભાવ. જાડાં કપડાં રાખવાં. છેડો (ધોતિયાનો) બહાર ન રાખવો. દાદરા, કઠેડે ન ઊભા રહેવાય.

'અગાશીમાં કોઈએ જવું નહીં. તાળું મારવું. સોનું પડ્યું હોય તોપણ અડવું નહીં. સરપ પડ્યો હોય તેમ માનવું. ભણવું. ક્રિયા કરો છો પણ વચનામૃત વાંચવાં. આઘુંપાછું કોઈનું ન કરવું. કોઠારી મહારાજ જમે છે તેવી રીતે મેળાવીને જમવું.

'શરદી હોય તો અપવાસ ખેંચવો.'

'હવે એકાવન કરવા છે. નભાવવા અને કરવા તે મુદ્દો જુદો. નારણ સ્વામીને શાસ્ત્રીજી મહારાજે ગોંડલ સાધુ કરેલા. આજે બ્રહ્માંડ ડોલાવે છે. મહંત સ્વામી બહાર જાય તો કોઠારી ચલાવે. નહીં તો સ્વયંપ્રકાશ ચલાવે. ભગવાં ઉતારવાં નહીં. સત્સંગ મૂકીને ન જાવું. હોલાઉપાડ કરીએ તો શોભે. કોઠારી કેટલો દાખડો કરે છે ! ત્યાગવલ્લભ રસોઈમાં જ બેઠા હોય ! રસોઈ બધાએ શીખી લેવી. અમારા ગુરુ વેલણાં મારતા; ઠપકારતા તે આવડ્યું, નહીં તો ન આવડત. નાના-નાના દરેકે રસોઈ શીખી લેવી.

'આશીર્વાદ છે. આપણે આજ્ઞા-ઉપાસના નહીં પાળીએ ને પડખે જ બેઠા હશો તોય કલ્યાણ નહીં થાય. આમ નાના છો પણ જીવ મોટો છે. લોકમાં ચાર વાનાં ભેગાં નથી થાતાં ને આપણને નિત ખાવા મળે છે. નિયમ-ધર્મ પાળવા, તો ગુણ આવશે. ઠઠ્ઠા-મશ્કરી કરવી નથી. આ પોણો કલાક વાત કરી છે તે જીવનમાં ઉતારશો, તો મહારાજ અક્ષરધામમાં બેસાડશે. ને આપણે સૌ અક્ષર-ધામમાં ભેગા બેસશું.'

પછી સાંજે ૫-૦૦ વાગે સ્વામીશ્રી સભામાં પધાર્યા અને પત્રલેખન શરૂ

કરતાં ગુણાતીતચરણદાસને કહે : 'ગુણાતીત ! કથા કરો.'

'બાપા ! કોઈ છે નહીં, કોની પાસે કથા કરું ?'

સ્વામીશ્રી ઠાવકાઈથી તેમને જોઈ રહ્યા અને પત્ર લખવાની શરૂઆત કરતાં કહે : 'હું છું ને ! મને કથા કરો. હું સાંભળીશ !'

કેવો ઈશક !

રાતે દિશાએ જતાં ચક્કર આવવાથી રસોડામાં બેસી પડ્યા. ખુરશી મંગાવી. સંતો રૂમમાં લઈ ગયા. અડધો કલાકે નાહવા પધાર્યા. રાતે સભામાં ન પધારતા આરામ કર્યો. સ્વામીશ્રીનું માથું ભારે થઈ ગયું હતું.

સોળ વર્ષ 'દીવો ત્યાં દાતણ નહિ'

તા. ૧૧મીએ સવારે સ્વામીશ્રીએ વાત કરી :

'અમે સંજાયામાં ૪-૦૦ વાગે ઠંડા પાણીએ નાહતા. ગામમાંથી માટલાં મંગાવી, તેમાં પાણી ભરી સવારે નાહતા. કાંઈ થયું નહીં.

'સુંદરિયાણામાં ગામ બહાર કૂવો એવો હતો કે બરફ જેવું પાણી ! ડોલે કાઢીને નાહવાનું. પણ 'ટાઢ ટાઢ કરીએ નહીં ને ટાઢના માર્યા મરીએ નહીં.' 'છોકરાંની ટાઢ બકરાં ખાઈ જાય !'

બાદ ધૂન કરાવી કે પવઈ તથા ગોંડલમાં પાણી સારું થાય. પછી વાત કરતાં કહે :

'બે મહિના રોકાણા. કથાવાર્તા કરી. ખૂબ દર્શન, સ્પર્શન, કથાવાર્તા. ચાર તો પારાયણ થઈ. તે તમને બળ આપવા. શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી ૧૬ વરસ 'દીવો ત્યાં દાતણ નહીં,' એમ ફર્યા. અહીં તમારા પ્રેમથી બે મહિના રહ્યા.

'પધરામણી કરીએ તો કોઠારી રાજી થાય. સ્વામી ૨૦૦૭ની સાલમાં ધામમાં ગયા. પછી ગામોગામ ફરવાનું. ચૌદ વરસ એકધારું ફર્યા. મંદવાડ, તાવ, તરિયો કાંઈ નહીં. હવે બે વરસથી નથી ફરતો. પહેલાં તો આરામ હરામ એવું હતું. બધા કહેતા કે 'તમે માંદા પડશો,' પણ અમને કેફ, કાંઈ નહીં થાય !'

આમ, બે માસ સુધી મુંબઈમાં સંત-હરિભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી, રવિવાર, તા. ૧૨-૨-'૬૭, સવારે 'સૌરાષ્ટ્ર એક્સપ્રેસ'માં બેસી અટલાદરા પધાર્યા. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન ઉપર ૨,૦૦૦ જેટલા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને ઊમટ્યા હતા. દરેક સ્ટેશને હરિભક્તોનો દર્શન માટેનો

ધસારો એટલો જ હતો. સુરત સ્ટેશન ઉપર તો વિશાળ પ્લૅટફૉર્મ જ હરિભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. ઉતારુઓને ગાડીમાં ચઢવાની તકલીફ ઊભી થઈ ગઈ. તેથી સ્વામીશ્રીએ ટ્રેનમાંથી નીચે ઊતરી, દૂર સભા યોજી, સૌને લાભ આપવો પડ્યો હતો. સાંજે ૫-૦૦ વાગે વિશ્વામિત્રી સ્ટેશને ઊતરી અટલાદરા પધાર્યા.

આ બાજુ 'અમૃત મહોત્સવ' નિમિત્તે પ્રમુખસ્વામીએ ગુજરાતમાં લગભગ ૪૫ દિવસમાં ૪૦ જેટલાં ગામોમાં સતત વિચરણ કરી, સૌમાં અપૂર્વ જાગૃતિ આણી. દરેક જગ્યાએ સેવા પણ સારી થઈ. અટલાદરાના સમૈયા ઉપર તેઓ આવી પહોંચ્યા.

સ્વામીશ્રી મુંબઈથી નીકળી જે તે મંદિરે જતાં ત્યાં ઠાકોરજી માટે મેવા-મીઠાઈ વગેરે સામગ્રી લઈ જતા. સંતોએ જે કંઈ શાલ, ટોપી વગેરે પોતાના ઉપયોગ માટે મગાવ્યું હોય, તે હરિભક્તો પાસે સેવામાં મગાવી, સંતોને આપી રાજી કરતા.

અહીં ઠાકોરજીને મુંબઈથી લાવેલો સૂકો મેવો અર્પણ કર્યો. મોટાસ્વામીને મીઠાઈ તેમજ વિષ્ણુ સ્વામીને ગરમ શાલ, ટોપી આપીને રાજી કર્યા. અને ચતુર્ભુજ સ્વામીએ મગાવેલી વસ્તુઓ તેમને સોંપી.

મહારાજ ને સ્વામી કદર કરે છે

એ વખતે નાના શ્વેતવૈકુંઠદાસ પુરાણી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે અભ્યાસ પૂરો કરી ઘનશ્યામ સ્વામીની સેવા થોડો સમય કરી. પછી અક્ષરપ્રિય સ્વામી સાથે ગામડે ફર્યા હતા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'હવે શું વિચાર છે ?'

તેમણે કહ્યું : 'બાપા ! આપ રાજી રહો તેમ કરવું છે.'

સ્વામીશ્રી કહે : 'હમણાં અમારી સાથે ફરો. ગોરિયાદ પારાયણ પછી બોચાસણમાં ઘનશ્યામ સ્વામીને કોઈ સેવક નથી, તેથી ત્યાં મોકલવા છે. ફાવશે ?'

તેઓ એકદમ બોલ્યા : 'આપ જ્યાં મૂકો ત્યાં રહેવું છે, પણ આપનો રાજીપો જોઈએ.'

સ્વામીશ્રી અત્યંત રાજી થઈ ગયા. અને બોલ્યા : 'તમે ઘનશ્યામ સ્વામીની સેવા કરો તેમાં મારો સો ગણો રાજીપો છે.'

તેમણે કહ્યું : 'બાપા ! આપે કહ્યા મુજબ મેં પહેલાં સેવા કરી, પણ તેઓ

શ્રાપ આપે છે અને સેવાની કદર કરતા નથી.'

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજ અને સ્વામી કદર કરે છે. શાસ્ત્રીજી મહારાજ રાજી થઈ જશે. આ લોકનું આપણે કાંઈ માન-અપમાન ગણવું નહીં. અમારે પચાસ વરસથી તેમની સાથે હેત છે. મારું માનશે કે પુરાણીને કાંઈ કહેવું નહીં.

'વાતું-વચનામૃત શીખવાં. હમણાં તમે અક્ષરપ્રિય સ્વામી સાથે ગામડે ફર્યા, તે સારું કર્યું. ઘનશ્યામ સ્વામીનો કાગળ હતો.' એમ ખૂબ હેત-પ્રીત કરી બળ આપ્યું. અને રાજીપાનો ધબ્બો આપી, સ્નાન કરવા પધાર્યા.

સ્વામીશ્રીની આજ્ઞા થતાં શ્વેતવૈકુંઠ સ્વામીએ ઘનશ્યામ સ્વામીની ખૂબ સેવા કરી. ત્યારબાદ નાની ઉંમરમાં જ અચાનક મેનેન્જાઈટીસની બીમારીથી ધામમાં ગયા.

વાંચ્યા વિના કાગળ ફાઈલમાં ન મૂકવા

બે દિવસથી અહીં હતા છતાં પત્ર લેખન-વાચનનો સમય નહોતો મળ્યો, એટલો ભીડો રહ્યો. મુંબઈ આવેલી ટપાલ આજે લઈને બેઠા. ધર્મજના એ.પી. પટેલે મુંબઈ પત્ર લખ્યો હતો, તે અહીં વાંચવાનો મેળ પડ્યો. સ્વામીશ્રીએ તે હાથમાં લીધો તે દરમ્યાન જ એ.પી. પટેલ દર્શને આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ પત્રો બાજુએ મૂકી તેમને આશીર્વાદ આપ્યા. ગુણવંતભાઈએ ટપાલ વંચાઈ ગઈ હશે તેમ માની તે ફાઈલમાં મૂકી દીધી. એવામાં સ્વામીશ્રી કહે : 'અંબાલાલવાળી ટપાલ લાવો, વાંચવાની બાકી છે.'

'પણ બાપા ! એ પોતે જ આવ્યા છે ને !'

'હા, ઈ બરાબર, પણ કાગળ વાંચ્યા વિના ન રહેવો જોઈએ.'

'પણ એ તો ફાઈલમાં મૂકી દીધો.'

'તો શોધી રાખજો. વાંચવો છે. વાંચ્યા વિના કાગળ ફાઈલમાં ન મૂકવા.'

આ કર્મઠ પુરુષની ચીવટ અને કાળજી જોતાં બંને ભક્તો વિચારમાં પડી ગયા અને ગુણવંતભાઈને પણ બોધપાઠ મળ્યો.

એવામાં એક વૃદ્ધ હરિભક્ત દર્શને આવ્યા. સ્વામીશ્રીએ ગુણવંતનો હાથ પકડીને કહ્યું : 'આને ઘરે અમે રહેતા. અટલાદરા મંદિર બંધાતું હતું ત્યારે શાસ્ત્રીજી મહારાજની સાથે આ હરિભક્તને ઘરે ઊતરતા. છ મહિના હું એને ઘરે રહેલો.' એમ સ્મૃતિ કરી.

સ્વામીશ્રીના મુખ ઉપર પ્રસન્નતા ને ગૌરવ છવાઈ ગયાં હતાં. આંખોમાં ચમક આવી ગઈ. એ હરિભક્તને જોતાં જ વરસો પહેલાંના ભૂતકાળનાં અદ્‌ભુત સુખને પ્રત્યક્ષ કરતાં એ હરિભક્ત પર અપાર કરુણા ને આદર એમના હાવભાવમાં વરતાતાં હતાં.

શાસ્ત્રીજી મહારાજના વારસદાર

અહીં સોખડાના રમણભાઈ દેસાઈભાઈ પોતાની નવી પેઢીનું ઉદ્‌ઘાટન કરવા સ્વામીશ્રીને આમંત્રણ આપવા માટે આવ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે પ્રમુખસ્વામીને ઉદ્‌ઘાટન કરવા માટે લઈ જાવ. મારા સ્થાને પ્રમુખસ્વામી પધારશે.' સ્વામીશ્રીનાં આ વચનોનો અર્થ તેઓ તે સમયે સમજી ન શક્યા.

અગાઉ પણ ધર્માદાની બાબતમાં સ્વામીશ્રીએ તેમની શંકાનું સમાધાન કરતાં કહેલું કે 'આપણે તો શાસ્ત્રીજી મહારાજે મંદિરો કર્યાં છે તેમાં માનવું અને પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું. તેઓ શાસ્ત્રીજી મહારાજના અને સંસ્થાના વારસદાર છે.' આ વાત સ્વામીશ્રીએ બોચાસણ મંદિરના જૂના સભા-મંડપમાં તેમને કરી હતી.

રમણભાઈ મૂળ સોખડાના. અને સંસ્થામાંથી મનસ્વી રીતે જુદા પડેલા સંતોએ સોખડામાં ધામો નાખેલો તેથી તેમના મનમાં થોડી દ્વિધા હતી. પણ સ્વામીશ્રીએ તે દ્વિધા સંપૂર્ણ દૂર કરતાં સ્પષ્ટતા કરી કે શાસ્ત્રીજી મહારાજ અને સંસ્થાના સાચા વારસદાર પ્રમુખસ્વામી છે. તેમને મૂકીને બીજા આજ્ઞા-ઉપાસના વિરુદ્ધ વર્તન કરનારા લેભાગુઓથી સદંતર દૂર રહેવું.

એકબીજાનાં સુખ-દુઃખમાં ભાગ લેવો

મંગળવાર, તા. ૧૪-૨-'૬૭, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની ૧૦૨મી જન્મ જયંતી ઉત્તરોત્તર અધિકાધિક ઉત્સાહથી સૌએ ઊજવી. સંતો-હરિભક્તોનાં પ્રવચનો પછી બાળ મંડળે સુંદર સંવાદ રજૂ કર્યો.

સંતોએ હજારી તથા ગુલાબનાં ફૂલોનો સુંદર હાર બનાવ્યો હતો, તે ઠાકોરજીને પહેરાવી પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજના ત્રણ સિદ્ધાંત હતા. એક ઉપાસ્ય મૂર્તિ શ્રીજીમહારાજ, સર્વોપરી સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ છે. તેમને રહેવાનું ધામ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી છે.

શાસ્ત્રીજી મહારાજે તે મૂર્તિઓ પધરાવી દીધી. બીજું આજ્ઞા. તેમાં ફેર પડવા ન દેવો. શાસ્ત્રીજી મહારાજ પોતે વર્ત્યા ને સૌને વર્તાવ્યા. ૫૦ વર્ષથી શાસ્ત્રીજી મહારાજ ભેગા છીએ, પણ વર્તનમાં ફેર પડવા દીધો નથી. ત્રીજું સંપ, સુહૃદભાવ, સહકાર. અંદરોઅંદર એકબીજાનાં સુખ-દુ:ખમાં ભાગ લેવો. ગ.મ. ૬૧ પ્રમાણે નિયમ, નિશ્ચય ને પક્ષ. બધાંએ આ સિદ્ધાંત રાખવો.'

પછી કહે : 'મોટાસ્વામી ! મારું શરીર સારું, પણ લુઝ પડી ગયું છે. કામ કરતું નથી.'

એવામાં આરતી થઈ. પછી સભા વિખરાતાં સ્વામીશ્રીનાં ચરણસ્પર્શ માટે ખૂબ પડાપડી થઈ. આજે સવારથી પશાભાઈ બી. પટેલ, બાબુભાઈ જશભાઈ, પ્રવીણસિંહ સોલંકી વગેરે એકબીજાના હરીફ ઉમેદવારો ચૂંટણીમાં જીતવાના આશીર્વાદ લેવા આવતા હતા. તે સૌને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા !

સ્વામીશ્રી બપોરે રૂમમાંથી આરામ કરીને બહાર પધાર્યા. એ વખતે દર્શનાર્થીઓનો ધસારો મોટા પ્રમાણમાં હતો. એક યુવાન એક વૃદ્ધ ભક્તનો હાથ ઝાલીને સ્વામીશ્રીનાં દર્શન માટે આગળ આવ્યો. વૃદ્ધ લકવાને કારણે ધ્રૂજતા હતા. એવામાં કોઈનો બરાબર જોરથી ધક્કો લાગ્યો અને તેઓ દૂર હડસેલાઈ ગયા. સ્વામીશ્રીની ખુરશી ઊંચકનારાએ સભામંડપ તરફ ઝડપથી જવા માંડ્યું, પરંતુ સ્વામીશ્રીની દૃષ્ટિ પેલા ભક્ત અને યુવાન પર મંડાયેલી હતી. સ્વામીશ્રીએ આ બંનેનો ભાવ અને ભીડો જોયો હતો. એ જ વખતે એમણે ખુરશીને આગળ લઈ જતાં અટકાવી અને સૌને દૂર જવાનું કહી, પેલા વૃદ્ધ તથા યુવાનને પાસે બોલાવ્યા અને બધી વાત શાંતિથી સાંભળી ખૂબ આશીર્વાદ આપ્યા. પછી જ પોતે સભામંડપમાં પધાર્યા.

સમૈયો પૂરો થયા પછી બે-ત્રણ હરિભક્તો એક યુવકને પકડીને સ્વામીશ્રી પાસે લાવ્યા અને કહેવા લાગ્યા : 'બાપા ! આ છોકરાએ રૂપિયા આઠની ચોરી કરી છે. તો શું શિક્ષા કરવી ?'

સ્વામીશ્રીએ તે છોકરા તરફ દૃષ્ટિ માંડીને જોયું. પછી પેલા હરિભક્તને કહે : 'આ તો બહુ સારો છે, એ ન લે.'

પછી પેલા છોકરાને કહે : 'જા, હવે ન લેતો હોં.' એમ કહી, ધબ્બો મારીને વિદાય કર્યો. અને પેલા હરિભક્તોને પણ આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રીની ચોરને માફ કરવાની આ અદ્ભુત રીત જોઈને સૌ વિસ્મિત બની ગયા.

સ્વભાવ મુકાય તે સમૈયો

અહીં સવારે મંગળ પ્રવચન કરતાં કહે : 'સ્વભાવ મુકાય તે સમૈયો. પડાપડી તે સમૈયો નહીં. સમૈયામાં કથાવાર્તા થાય, અંગ બદલાય.

'ઓણ વરસ કાઠું છે, પણ જીવની નબળાઈ, તે લાભ ન લઈ શકે. મોડું થયું, ગાડી વઈ ગઈ એમ ન કહેવું. મનને કહેવું : 'બોચાસણ એક દી' રહેવું જ પડશે.' એમ મનને રુંધે તો સમાગમ થાય. આપણે કે'દુના રળીએ છીએ ? પણ સોનાની મેડી થઈ ! મુંબઈમાં સાત-સાત માળના માળા કરે, પણ સોનાની મેડી ન થાય ને કઢી ન થાય.

'નિષ્ઠા થઈ તેને શું દુ:ખ ? અહીં અક્ષરધામ જેવું સુખ છે, છતાં કેટલાક દુ:ખિયા. દેહનું થોડું, મનનું ઝાઝું.

'સ્વામીએ બહુ કાયદા સમજાવ્યા, તેમાં નિર્દોષબુદ્ધિ તો સર્વોપરી કાયદો ! અહો...હો શું કથાવાર્તા ! શું દિવ્યભાવ ! સદા સુખિયો ! આવો બ્રહ્મ-કિલ્લોલ દુનિયામાં દેખાતો નથી.'

આજે સાંજે ગોરિયાદ પધાર્યા.

શ્રીજીમહારાજ અને પરમહંસોના પ્રસાદીભૂત આ ગામમાં નીલકંઠ સ્વામીએ સૌને શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવ્યો હતો. રણછોડભાઈ, શનાભાઈ તથા શિવાભાઈ વગેરે ભક્તોને નિષ્ઠા થઈ. શાસ્ત્રીજી મહારાજના વરદ હસ્તે અક્ષરપુરુષોત્તમની મૂર્તિની પ્રતિષ્ઠા મંદિરમાં સૌએ કરાવી. અંબાલાલભાઈ, ઉમેદભાઈ, ફુલાભાઈ, મગનભાઈ વગેરે હરિભક્તોએ સારો સહકાર આપ્યો. દિન-પ્રતિદિન યુવકોમાં સત્સંગની જાગૃતિ આવતી ગઈ. સ્વામીશ્રીને પધરાવવાનો સૌને સંકલ્પ થયો, પણ મેળ પડે નહિ. જો પારાયણનું આયોજન થાય તો જ સ્વામીશ્રીનો વિશેષ લાભ મળે. સ્વામીશ્રીની આજ્ઞાથી પારાયણની સફળતા માટે યુવકો રાત્રે ચેષ્ટા પછી રોજ ધૂન કરતા.

વડીલ હરિભક્તોના સહકારથી સં. ૨૦૨૩, મહા સુદ ૭, ગુરુવાર તા. ૧૬-૨-'૬૭ના શુભ દિને પ્રમુખસ્વામીએ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથના સાતમા સ્કંધની પારાયણનો પ્રારંભ કર્યો. મહંત સ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી, નારાયણ ભગત, શ્વેતવૈકુંઠ સ્વામી તથા મોહનભાઈ બગડ, એ.પી. પટેલ, હકાભાઈ તથા મણિભાઈ સલાડવાળા વગેરે સંતો-હરિભક્તો સવાર, સાંજ તથા રાત્રે સભામાં પ્રવચનોનો લાભ આપતા. અંતમાં, સ્વામીશ્રીના આશીર્વાદની અમૃતવર્ષાથી સૌ

કૃતકૃત્ય થઈ જતા.

રાત્રે ૧૧-૦૦ વાગ્યા પછી પારાયણના પહેલા ચાર દિવસ ગોરિયાદ, સેજાકૂવા, નોંધણા તથા દંતેસરની ભજન મંડળીએ આખી રાત ધૂન-ભજન કર્યાં. અને સવારે પાંચથી છ પ્રભાત ફેરી પણ કાઢતા. બપોરે એકથી ચાર મહિલા મંડળ સભામંડપમાં બેસી ધૂન-ભજન કરતું. આમ, રાત-દિવસ કથાવાર્તા, ધૂન-ભજન થતાં. છેલ્લા ત્રણ દિવસ નરહરિ મહારાજે આખ્યાનો કર્યાં હતાં. આમ, સાત દિવસ સુધી સતત, અહોરાત્રિ સત્સંગનો અખાડો જામ્યો એ આ પારાયણની વિશેષતા અને સિદ્ધિ હતી. આથી સ્વામીશ્રી ખૂબ જ રાજી થયા હતા. સૌનો ઉત્સાહ અપાર હતો અને એક જ ધ્યેય હતું કે આપણા જીવનપ્રાણ સ્વામીશ્રીને રાજી કરી લેવા.

સચોટ મનોવૈજ્ઞાનિતા

આજે પારાયણ દરમ્યાન એક દુઃખદ સમાચાર આવ્યા. એ હતા : 'ગોંડળમાં તૈયાર થતા ગુરુકુળમાં પ્રાર્થના હૉલનો વિશાળ અને વજનદાર સ્લૅબ ઍન્જિનિયરીંગ ભૂલને કારણે ભારે ધડાકા સાથે બેસી ગયો હતો. પૈસાની મોટી નુકસાની ભોગવવી પડી હતી.'

જો કે ગુરુકુળમાં બાંધકામના જવાબદાર બંને સંતો - સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામીએ એન્જિનિયરનું ધ્યાન દોર્યું હતું કે 'આ સ્લૅબ જે રીતે ઊભો છે, તે જોતાં અમને નવાઈ લાગે છે !'

પણ તેણે કહેલું કે 'સ્વામી ! એક વાર સ્લૅબ ઊભો થયો છે, તે વાંધો નહીં આવે.' પરંતુ બરાબર વસંત પંચમીના દિવસે જ એ સ્લૅબ ધડાકા સાથે તૂટી પડ્યો.

જો કે સ્વામીશ્રીની કૃપા તો એ કે તે દિવસ વસંત પંચમીનો હતો. તેથી સામાન્ય રીતે તમામ મજૂર, કડિયા અને દાડિયા તે હૉલમાં જ જમવા બેસતા તેમને આજે મંદિરમાં જમવાનું હતું. તેથી સ્લૅબ પડ્યો ત્યારે ત્યાં કોઈ જ હાજર નહોતું. આમ બધાની રક્ષા થઈ. પણ મમત્વને કારણે આ બંને સંતોના મનમાં ખટક્યા કરે કે આપણી ભૂલ થઈ.

સ્વામીશ્રી તે સમયે અટલાદરા સમૈયો કરી, ગોરિયાદમાં પારાયણ કરી રહ્યા હતા. તેમને તે સમાચાર જણાવ્યા. પ્રમુખસ્વામી મહારાજ પણ તે અંગે ગોંડલ આવી ગયા. આશ્વાસન આપ્યું. પરંતુ સ્વામીશ્રીને ગોંડલનો એક પૈસો

પણ બગડે તે ન પાલવે, તેથી એમના ઠપકાની બંને સંતોને દહેશત હતી. પરંતુ સ્વામીશ્રીએ તે વાત ક્યારેય ઉચ્ચારી જ નહીં. ધામમાં પધાર્યા ત્યાં સુધી - 'શું થયું હતું ?' 'શું ભૂલ હતી ?' 'કોની ભૂલ હતી ?' કે 'કેટલું નુકસાન થયું ?' - તે બાબત ચર્ચી જ નહીં. અને ગોંડલ પધાર્યા ત્યારે જાણે કાંઈ જ નથી એમ એમણે કહ્યું : 'કામ અમૃત મહોત્સવ પહેલાં પૂરું કરી નાખો !'

સ્વામીશ્રીની આ તીવ્ર મનોવૈજ્ઞાનિક દૃષ્ટિનો સચોટ દાખલો હતો. જેમાં ગમે તેવો નાસીપાસ થઈ જાય ! જ્યારે સ્વામીશ્રીએ મેરુવત્ સ્થિતપ્રજ્ઞતાનું અને સફળ મનોવિજ્ઞાનીનું દર્શન કરાવી, બંને સંતોને જીવનભરના ઋણી બનાવી દીધા !

ગરજ ન રહે તે બેપરવાઈ

ગોરિયાદમાં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું 'સ્વામી શાસ્ત્રીજી મહારાજ બહુ જ્ઞાન દેતા. કથાવાર્તા કરતા. બાપ તેવા બેટા, વડ તેવા ટેટા, સાંઢ તેવો વાછડો, જેવા ગુરુ તેવું શિષ્યમાં દૈવત આવે. 'શાથી દૈવત આવ્યું નહીં ?' - તે વિચાર કરવો. સન્મુખ ધાવ્યા નથી. શૂરવીર થાવું. સત્પુરુષ આગળ મનધાર્યું મૂકીએ તો રાજી થાય.'

બપોરે ઠાકોરજી જમાડીને વચનામૃત ગ.અં. ૮ નિરૂપ્યું. તેમાં વાત કરી : 'ગરજ ન રહે તે બેપરવાઈ. મહારાજે વચનામૃત ૨૬૨ કહ્યાં, પણ તે પ્રમાણે વર્તાય નહીં તે બેપરવાઈ.'

આ ચરણરજ એ જ ગોદડું

સ્વામીશ્રી આરામ કરીને પારાયણમાં પધારતા ત્યારે દરરોજ ઠાકોરજીને દંડવત્ કરી, પગે લાગી, ગાદી પર બિરાજતા. આજે દંડવત્ કરવા જતા હતા પરંતુ રજાઈ પાથરવામાં ઢીલ થઈ. સેવક કહે : 'બાપા ! ઊભા રહો, ગોદડું પાથરી દઉં.'

સ્વામીશ્રી હસ્યા. કહે : 'આ ચરણરજ ક્યાંથી ! મહારાજ આ ગામમાં પધારેલા. 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણ વંચાય છે. સંતો-હરિભક્તોની આ ચરણરજ એ જ ગોદડું ! એમાં વાંધો નહીં.'

કટકા કરી નાખે તોય નોખું પડવું નથી

બે દિવસ પછી પૂજા બાદ ગ.પ્ર. ૧૬ વચનામૃત નિરૂપ્યું :

'અહીં ક્યાંથી આવી પડ્યા ? હાલો ઘેર, એમ થઈ જાય; પણ મારીને કટકા કરી નાખે તોય નોખું પડવું નથી. ભલે અહીં કૂવામાં નાખે, જારનો રોટલો ને છાશ દે, પણ મનના ઘાટ ભેળો ભળે તે દુઃખિયો. મનને વાળવું, પણ ઘાટ ભેળું ભળી જવું નહીં.'

'ભગવાનના ભક્ત સારુ પદાર્થ દઈ દેવું. આવો નિર્ણય કરી નાખવો. સો ખાસડા વાગે તેંયે સો ગુણ આવે.'

પ્રસંગોપાત્ત સ્વામીશ્રી સંતો-હરિભક્તોને સત્સંગમાં - સત્પુરુષનાં ચરણમાં દઢપણે વળગી રહેવાની વાત બહુ કરતા. પોતાનું મનધાર્યું ન થતાં આ સત્સંગમાંથી માગ દઈને જતા રહેલા કેટલાક સંતો-હરિભક્તોના સંદર્ભમાં જ સ્વામીશ્રી આવી માર્મિક ટકોર કરતા. ઉદ્‌ગારો કાઢતા કે કૂવામાં નાખે, મારીને કટકા કરી નાખે, પણ નોખું પડવું નહિ. સત્પુરુષથી નોખા પડે એ જ મોટો અસદ્‌ભાવ. પણ જીવ પોતાના રાગ છોડી શકતો નથી, મનધાર્યું મૂકી શકતો નથી અને આવા પરમ એકાંતિક સંતને મૂકીને માન-પાનમાં મોહાઈ જાય છે. જેમ ગાયનું વાછડું પોઠિયામાં ભરાયું તે પાટ્યું ખાઈ ખાઈને મોં સૂજી ગયું, તેમ જીવ પંચવિષયની પાટું ખાઈને ખુવાર થાય છે.

સવારે પારાયણમાં ગુણાતીત દીક્ષા - ડભાણનો પ્રસંગ આવ્યો, તે પર ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહ્યો. પ્રમુખસ્વામી પારાયણ વાંચતા હતા. તેથી કહે : 'ભણાવ્યા તો અમૃતનું પાન કરાવે છે. મારા જેવા ઠોઠ બોંહાટિયા શું વાંચે ?'

પછી કહે : 'કોઈ બીએ ઘેર ન જાવું. પારાયણ સાંભળવી. મોક્ષની ચૂંટણી. બીજા ત્યાં ચૂંટાય. આપણે આમાં ચૂંટાઈ જાવું.' સ્વામીશ્રીનો આ વિશિષ્ટ ઉદ્‌ગાર હતો. 'કોઈ બીએ' આવો શબ્દ પ્રયોગ ખાસ કરતા નહિ.

તા. ૨૨મીએ, પૂર્ણાહુતિ પછી શોભાયાત્રા યોજી હતી. કાનમના ગામોગામથી તેમજ ગુજરાત ને મુંબઈના હરિભક્તોએ આ પારાયણનો લાભ લીધો હતો. સ્વામીશ્રીએ કહ્યું : 'આખા ગામે ખૂબ ભીડો વેઠી આ પારાયણ કર્યું. આ ગામ ગોકુળિયું છે !'

ઠાકોરભાઈ, જયંતીભાઈ, અંબુભાઈ, અરવિંદભાઈ, પ્રવીણભાઈ, કનુભાઈ, મૂળજીભાઈ, જશભાઈ વગેરે યુવકોનો ફાળો અમૂલ્ય હતો.

જીવનું ભાથું

ગોરિયાદ પારાયણની પૂર્ણાહુતિ કરીને ચાણસદ પધાર્યા. ભાગોળે ટાંકી

પાસે સામૈયું હોવાથી વડ નીચે સભા રાખેલ. વાજાંવાળાની રાહ જોવાતી હતી. હરિભક્તોએ પૂજન વિધિ કર્યો, બાદ સ્વામીશ્રી મોટરમાં બેઠા. એક હરિભક્તે ઉતાવળે આવીને વિનંતી કરી : 'બાપા ! વાજાંવાળાને બોલાવ્યા છે, આવે પછી ઊપાડીએ.' વચમાં સેવકે સૂચન કર્યું કે 'હજુ વાજાંવાળા રસ્તામાં છે, મોડું થશે, અહીં ધૂડ પણ ઘણી ઊડે છે, માટે સામૈયું - નગરયાત્રા શરૂ કરી દો.'

'આવવા ધો વાજાંવાળાને.' સ્વામીશ્રીએ સ્વસ્થતાથી પણ ગંભીરપણે જણાવ્યું : 'થોડી વાર ખમી જઈએ. બધા રાજી થાય.'

આવું તો ગામોગામ થતું. દરેક જગ્યાએ સામૈયાના આયોજન થાય. બૅન્ડ-વાજાં કે વ્યવસ્થાનાં ઠેકાણાં ન હોય; માણસો દોડંદોડ કરતા હોય; ધૂડ ઊડતી હોય; પણ સ્વામીશ્રી ધીરજ રાખી, સૌના મનોરથો પૂર્ણ કરતા, સૌને રાજી કરતા. પહેલાં આ બધું સ્વામીશ્રીને કોઠે પડી ગયું હતું, પણ આ પાછળની અવસ્થામાં, શરીરમાં સળેખમ, ઉધરસ વગેરે રોગો ઘર કરી ગયા પછી ઘણી તકલીફ પડતી. ધૂડને કારણે શરદી, ઉધરસ તરત પકડાઈ જતાં.

સ્વામીશ્રી કહે : 'આમ વાત હતી તો નીચે જ બેસાડી રાખવા હતા ને ! મોટર કરતાં નીચે સારું. પ્રસાદીની રજ ક્યાંથી ? અહીં તો મહારાજ, ભગતજી, શાસ્ત્રીજી મહારાજ ઘણી વાર પધારેલા. આખા ગામને કેટલો ઉત્સાહ ! દાખડો તો જુઓ. અમે અહીં જૂનાગઢથી નીકળી બાળમુકુંદ સ્વામી સાથે એક વર્ષ મંદિરમાં રહેલા, બધે ઝોળી માગેલી, કૂવે પાણી કાઢતા.'

બધી વાત કરી, પછી કહે : 'નારણ સ્વામીનું જન્મ સ્થાન છે એટલે મહિમા ઘણો છે. જેટલી વાર ઊભા રહીએ એટલો લાભ છે ! પ્રમુખસ્વામી મોટેરા. આપણે ઈ કહે તેમ કરવું. આજ્ઞા પાળવી. ટૂક ટૂક થઈ જાવું. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા પાળીએ એમ પાળવી. રાજી કરી લેવા. મોટાપુરુષને રાજી કરી લીધા હોય એ જીવનું ભાથું છે.'

સ્વામીશ્રી શાંતિથી રાહ જોવાનું ચાલુ રાખી, જૂની વાતે વળગ્યા. જેનું સામૈયું થવાનું હોય એણે વાજાંવાળા માટે રાહ જોવી પડે, આવો પણ હરિભક્તોનો પ્રેમ સ્વામીશ્રી નભાવી લેતા, સૌને રાજી કરતા ! પોતાના અસ્તિત્વનો કોઈ હુંહાટો જ નહિ.

બીજે દિવસે વનમાળીભાઈ સ્વામીશ્રીનું વતું કરી રહ્યા હતા. લાઈટ નહોતી. પેટ્રોમેક્સના અજવાળે વતું ચાલતું હતું. સેવક સ્વામીશ્રીના કેશ લેવા માટે કાગળ લઈને ફાંફાં મારતા હતા. સ્વામીશ્રીની નજર તે તરફ ગઈ. અને

હસતાં હસતાં કહે : 'જે રાખવાનું છે એ નથી રાખતા અને બીજું રાખો છો.' હસતાં હસતાં પણ સ્વામીશ્રીએ મરમ કર્યો.

બીજે દિવસે વહેલી સવારે ૪-૩૦ વાગે સ્વામીશ્રીએ ઘણી સુંદર વાતો કરી. સ્વામીશ્રી લઘુ કરીને પથારીમાં બેઠા ને ગુણવંતભાઈ પગ દાબવા લાગ્યા, ત્યારે સ્વામીશ્રીએ પ્રસાદીની વાત કરતાં કહ્યું :

'કૃષ્ણચરણદાસ સ્વામી વાતની શરૂઆતમાં કહેતા : 'જેનાં બહુ પુણ્ય ઉદય થાય ત્યારે આ જોગ મળે.' એ મને યાદ રહી ગયું છે.

'કૃષ્ણચરણદાસ સ્વામી વાતો બહુ કરતા. સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામી, સદ્‌ગુરુ નારણદાસ સ્વામી તથા સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીનાં મંડળ સાથે જ ફરતાં. બાલમુકુંદ સ્વામીને દાઢ દુઃખતી તેથી બહુ વાતો ન કરતા. કૃષ્ણ-ચરણદાસ સ્વામી સભામાં 'સ્વામીની વાતો' લઈ, એક આસને પલાંઠી વાળીને બેસતા ને ખૂબ જ વાતો કરતા.'

આમ, અમૂલ્ય લાભ આપી, પાદરા પધાર્યા.

રાત્રે સભામાં પ્રમુખ તરીકે, પાદરા મ્યુનિસિપાલિટીના પ્રમુખ રતિલાલ દલાલ તથા નગરશેઠ વૈદ્ય સભામાં મુખ્ય હતા. સભામાં ૪,૦૦૦ જેટલા ભાવિકોએ લાભ લીધો હતો. ચૂંટણીમાં વિજય પ્રાપ્ત થતાં જશવંતભાઈ શાહ, મનુભાઈ પટેલ વગેરે દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ કીર્તન ગાઈ, મનુષ્ય-દેહની દુર્લભતા સમજાવી, ભગવાનને આગળ રાખી દરેક કાર્ય કરવા ઉપદેશ આપ્યો હતો.

બીજે દિવસે અટલાદરામાં પણ બાબુભાઈ જશભાઈ, પશાભાઈ વગેરે દર્શને આવી સ્વામીશ્રીના આશીર્વાદનો લાભ લીધો હતો. પશાભાઈએ તો લોકસભાના સ્વતંત્ર પક્ષમાં વિજયી થવાનો સમગ્ર યશ સ્વામીશ્રીનાં ચરણે જ ધર્યો હતો.

અહીંથી વડોદરા થઈ, સ્વામીશ્રી કરમસદ પધાર્યા. રાત્રે ખંભાત બેઠકના ચૂંટણી વિજેતા માધવલાલ શાહ પણ સ્વામીશ્રીનાં દર્શને દોડી આવ્યા હતા. અને સ્વામીશ્રીને ખંભાત પધારવા ખાસ આમંત્રણ આપ્યું હતું.

તા. ૨૫મીએ બાળમંદિર સામેના વિશાળ મેદાનમાં જાહેર સભા યોજી. શાળાના તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

પછી વિદ્યાનગર છાત્રાલયમાં યુવકોને મળીને સ્વામીશ્રી પ્રિન્સિપાલ મણિભાઈને ત્યાં ઉતારે પધાર્યા. અહીં ભાઈકાકા તથા એસ.એમ. પટેલ

સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ચૂંટણીમાં વિજેતા બનનાર બાંધણીના ઇન્દુભાઈ પટેલ પણ સ્વામીશ્રીનાં દર્શન કરી, આશીર્વાદ લઈ ગયા.

અહીંથી આણંદ પધાર્યા. અહીંના હરિભક્તોએ મહોત્સવની સારી સેવા નોંધાવી.

મારું ગામ બ્રહ્મધામ

તા. ૧-૩-'૬૭, વડતાલ, ખાંધલી, નાપા થઈ, ભાદરણ ત્રિભોવન-દાસભાઈને ત્યાં પધાર્યા હતા.

અહીં રાત્રે સ્નાન કરતી વખતે એક યુવકે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપનું ગામ કયું ? ધારી ને ?'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'મારું ગામ બ્રહ્મગામ. બ્રહ્મમહોલ છે. બીજું તો સળગી ગયું.'

પછી ફરી બીજા યુવકે પૂછ્યું : 'પણ અષ્ટકમાં ધારીનું નામ આવે છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'સંસ્કૃતમાં નામ બોલાય, પણ ગુજરાતીમાં ન બોલાય.' સ્વામીશ્રીના નિર્દોષ - સરળ ઉત્તરથી સૌ હસી પડ્યા.

પછી સીસવા, ઝારોળા, બોરસદ, વાસણા થઈ, બોચાસણ દર્શન કરી, ભૂમેલ, નડિયાદ, ડભાણ, ખેડા, જેતલપુર, અસલાલી થઈ, રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા.

મંદિરના પ્રાંગણમાં સુંદર મંડપ બાંધ્યો હતો. જેથી દર્શન-સમાગમનો સારો લાભ સૌને મળે.

તા. ૮મીએ મંદિરમાં હરિભક્તોના નવા ઉતારાનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીએ કર્યું. અ.નિ. હરિકૃષ્ણભાઈ નિમિત્તે સવિતાબહેન તરફથી એક દિવસનું વચનામૃતનું પારાયણ યોજાયું.

બીજે દિવસે પ્રિન્સિપાલ કે.કે. દવેની હાઈસ્કૂલની નામકરણ વિધિ પ્રસંગે સ્વામીશ્રીએ પધરામણી કરી. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ઉમાશંકર જોશી ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં નિર્દોષ અને મુક્ત હાસ્ય વેરતા વ્યક્તિત્વથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. શિવાભાઈ અમીનની તબિયત જોવા પણ સ્વામીશ્રી ખાસ મણિનગર તેમને બંગલે ગયા હતા.

અહીં મંદિરમાં સેવા કરતો રાયચંદ બીજા એક રબારીને વર્તમાન ધરાવવા લાવ્યો હતો.

'તમારું નામ શું ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'જયમલ.'

'આ તો બહુ સારું નામ. કૃષ્ણ ભગવાનના વખતના છે. કંઠી બાંધી દઈએ. વર્તમાન ધરાવીએ.' પછી વર્તમાન ધરાવ્યાં. ને કહે : 'બીડી પીવી નહીં, કોઈના ખેતરમાં ઢોર ચારવાં નહીં !'

સ્વામીશ્રી જ્યારે આ બોલ્યા ત્યારે ત્યાં બેઠેલા સર્વે સંતો-હરિભક્તો હસી પડ્યા. જયમલ પણ હસી પડ્યો.

'કેટલું દૂધ લાવ્યા છો ?' ફરી સ્વામીશ્રીએ પૂછ્યું.

'બાપજી ! બે મણ.'

તરત જ સ્વામીશ્રીએ એક યુવકને કહ્યું : 'ચા મૂકો. હરિભક્તોને પાઈ દઈએ.' પછી જયમલને આશીર્વાદ આપી રજા આપી.

❀ ❀ ❀

મહાપુરુષોનો વિશિષ્ટ સંગમ



તા. ૧૩-૩-'૬૭, સ્વામીશ્રીને રાજકોટ પહોંચવાનું હતું; પણ ભાગવત વિદ્યાપીઠ, સોલાના ખાત પ્રસંગે છેલ્લી ઘડીએ કૃષ્ણશંકર શાસ્ત્રીએ સ્વામીશ્રીને આમંત્રણ આપ્યું. બીજે દિવસે રાજકોટમાં મૂર્તિપ્રતિષ્ઠા હતી. છતાં શાસ્ત્રીજીને રાજી કરવા સ્વામીશ્રી સોલા પધાર્યા.

સ્વામીશ્રી પધારતાં જ સભામાં સ્વામીશ્રીનાં દર્શન માટે ભારે હલચલ થઈ ગઈ. આ પ્રસંગે રંગ અવધૂત મહારાજ, રણછોડદાસજી મહારાજ, મુક્તાનંદ બાબા તથા ડોંગરે મહારાજ પણ ખાસ ઉપસ્થિત હતા. 'સંત-પ્રતિમા' સ્રોતનું સ્વામીશ્રીએ ખાત કર્યું. મોડું થતું હોવાથી ચાલુ સભાએ જ સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા કે 'કામમાં ધનના ઢગલા થશે.' ખરેખર ! સ્વામીશ્રીના ગમન પછી સભામાં લોકોએ ઘણી મોટી સેવાઓ નોંધાવી. અને બીજે દિવસે 'સ્વામીશ્રી યોગીજી મહારાજના આશીર્વાદનો પ્રભાવ' એ સમાચારો અમદાવાદનાં દૈનિકોમાં ચમક્યા હતા.

આ એક ઐતિહાસિક પ્રસંગ યોજાયો હતો. જેમાં ગુજરાતના વિશિષ્ટ ખ્યાતનામ મહાત્માઓ એક જ સાથે બ્રહ્માનંદ રેલાવતા અરસપરસ મળી રહ્યા હતા. જ્ઞાનગોષ્ઠિ કરતા હતા. આ દર્શન અનુપમ હતું. દૈનિકોમાં આ પ્રસંગને ભારે પ્રસિદ્ધિ મળી હતી.

સોલાથી સીધા નીકળી વઢવાણ, સુરેન્દ્રનગર, મૂળી થઈ, સાંજે ૬-૩૦ વાગે સ્વામીશ્રી રાજકોટ આવી પહોંચ્યા.

રાજકોટમાં અક્ષરપુરુષોત્તમ મંદિર

અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવનારા જૂનાગઢી સંતોએ રાજકોટની ભૂમિને અનેક વાર પાવન કરેલી; પણ અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવવાનો

સંકલ્પ ક્યારેય સાકાર થયેલો નહિ. શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા હતી, પણ ગોંડલમાં ભવ્ય મંદિર કર્યું તેથી અહીંનો સંકલ્પ મુલતવી રાખેલો. સ્વામીશ્રીની ઇચ્છાથી દેના બૅંકના રિજનલ મૅનેજર ચંદ્રકાંતભાઈ ત્રિવેદી તથા ભગવાનજી ખટાઉ અને હસમુખ રાવળના પ્રયાસથી રજપૂતપરામાં એક સુંદર મકાન મંદિર માટે મળ્યું. મકાનનો કબજો મળ્યો ત્યારે પ્રમુખસ્વામીના વરદ હસ્તે કુંભ પધરાવવામાં આવ્યો. સ્થાનિક હરિભક્તોએ પ્રતિદિન પ્રભાત ફેરીનું આયોજન કરી, સારી સેવા એકઠી કરી હતી.

તા. ૧૩મીએ, પ્રમુખસ્વામી યજ્ઞ વિધિ સમયે આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રી સાંજે પધાર્યા. તા. ૧૪-૩-'૬૭, મૂર્તિઓની સુંદર શોભાયાત્રા નીકળી. ૧૨-૪૫ વાગે ખૂબ ધામધૂમથી, અક્ષરપુરુષોત્તમ મહારાજનો પ્રતિષ્ઠા વિધિ થયો. સર્વત્ર જયજયકાર થઈ ગયો. સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું કે 'સૌએ દરરોજ સવાર-સાંજ મંદિરે દર્શન કરવા આવવું.'

સિકંદરાબાદથી રવિભાઈ પંડ્યાએ પુષ્કળ પ્રમાણમાં દ્રાક્ષ મોકલી હતી. તેનો પ્રસાદ સૌને વહેંચ્યો. લક્ષ્મીદાસ ગણાત્રા, ચંદ્રકાંત ત્રિવેદી, ભાનુભાઈ ગઢિયા, ચુનીભાઈ ચાતુર્વેદી, રામજીભાઈ દલ, ઘનશ્યામભાઈ તથા મહેશભાઈ દલ, શંભુસિંહ વગેરે ભક્તોએ સર્વ વ્યવસ્થામાં સારી જહેમત ઉઠાવી હતી. હાલાર તથા સૌરાષ્ટ્રના લગભગ ૪,૦૦૦ જેટલા હરિભક્તો આ દિવ્ય પ્રસંગના સાક્ષી બન્યા હતા.

ભાદરાના ભક્તોને દિવ્ય દર્શન

સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે ભાદરાથી માંડણ ભગત તથા કુરજીભાઈ બન્નેને બોલાવ્યા હતા. તેમને મળતાં સ્વામીશ્રી બહુ રાજી થયા. પછી ભાદરાના સર્વે હરિભક્તોના દેશકાળ અંગે પૂછ્યું. સ્વામીશ્રીની આત્મીયતાથી તેઓ ખુશ થઈ ગયા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'ગુરુ ! ભાદરાનું મંદિર કેદી' બાંધવું છે ? તમે આમંત્રણ આપો એટલે અમે આવીએ.'

તેમણે કહ્યું : 'બાપા ! ત્યાં તો પાયા પૂરવા ચણતર માટે વાપરવાનું પાણીયે ન મળે, એવી પરિસ્થિતિ છે.'

સ્વામીશ્રી કહે : 'પાણીના ઢગલા છે. હિંમત વિનાની શી વાત કરો છો ?'

તે જ વખતે બંને ભક્તોને અપૂર્વ દિવ્ય દર્શન થયાં. સ્વામીશ્રીની જગ્યાએ શ્રીજીમહારાજ બિરાજ્યા છે અને સર્વત્ર તેજ તેજ વ્યાપી ગયું છે.

એવાં અલૌકિક દર્શન પછી થોડી વારે એ જ મૂર્તિમાં સ્વામીશ્રીનાં દર્શન થયાં ! સ્વામીશ્રી હસી રહ્યા હતા. માંડણ ભગત તથા કુરજીભાઈને થયું કે ‘આપણે આમને સાધુ માનીએ છીએ, પરંતુ રોમરોમ શ્રીજીમહારાજ બિરાજે છે.’

તેઓ સ્વામીશ્રીના પગમાં પડી ગયા અને ભાદરામાં સુંદર મંદિર કરવાના સ્વામીશ્રીના સંકલ્પમાં ભળી જવું – એમ મનોમન નિશ્ચય કર્યો. શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત તોળ્યો તેમાં ગોપ બાળકોએ આંગળીના ટેકા આપ્યા હતા, તેમ આપણે સ્વામીશ્રીની રુચિ સમજીને કામ કરવું, એમ વિચારી સ્વામીશ્રીના આશીર્વાદ માગ્યા.

પછી ફાગણ માસમાં ભાદરામાં માવઠું થયું અને એટલું બધું પાણી આવ્યું કે નદી, તળાવ, ચેકડેમ બધું છલકાઈ ગયું અને શેરડીના વાઢ શરૂ થઈ ગયા.

રાજકોટમાં ધર્મેન્દ્રસિંહ રોડ ઉપર આવેલા જૂના સ્વામિનારાયણ મંદિરમાં પ્રસાદીની બોરડી છે. અહીં સ્વામીશ્રી દર્શને પધાર્યા. આજે કહે : ‘અહીં અમે સવારે ૪-૦૦ વાગે આર્વાને ધ્યાન ધરતા. તે દી’ આવું નહિ. છાપરું હતું. ઘણો આનંદ આવતો. કૃષ્ણજી અદા, બાળમુકુંદ સ્વામી ખૂબ વાતો કરતા.’

‘જય ટ્રેન’

રાજકોટથી ગોંડલ આવતાં, ગોંડલ નજીક રેલવે ફાટક બંધ હતું. મોટર અહીં ઊભી રહી. એટલામાં ટ્રેન પસાર થઈ. તે જોતાં સ્વામીશ્રી ઉમળકાથી બોલી ઊઠ્યા : ‘જય ટ્રેન !’

સેવકે પૂછ્યું : ‘કેમ જય બોલ્યા ?’

સ્વામીશ્રી કહે : ‘સાક્ષાત્ સ્થાન અક્ષર દેરીનાં તેને દર્શન થાય છે. ગોંડલથી પસાર થાય છે. કેટલાયને ગોંડલ દર્શને લાવે છે. કેવો સંબંધ થયો ! એનો મહિમા છે.

‘લોકો ‘જયહિંદ’ કેમ કહે છે ?’ સ્વામીશ્રીએ સામો પ્રશ્ન હર્ષદભાઈને પૂછ્યો.

તેમણે કહ્યું કે ‘હિંદ જન્મભૂમિ એટલે.’

સ્વામીશ્રી કહે : ‘આપણે જય સ્વામિનારાયણ, જય ટ્રેન.’ આમ, પોતાની મહિમાભરી વાતને સાચી કરી, સૌને સ્મૃતિ આપી.

તા. ૧૫ પછી સાત દિવસ ગોંડલ સર્વને લાભ આપ્યો. આગામી અમૃત મહોત્સવ નિમિત્તે સૌ સંતો તથા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું.

અહીં એક દિવસ ઘણા હરિભક્તો સ્વામીશ્રીને મળવા આવ્યા હતા. એક

ભાઈએ કહ્યું : 'બાપા ! વર્તમાન ધરાવવાં છે.'

સ્વામીશ્રીએ એક યુવકને પાણી લાવવા કહ્યું. તે યુવક ઉતાવળમાં અડધો ગ્લાસ પાણી લાવ્યા. તે જોઈ બીજા યુવકે ફરિયાદના સૂરમાં કહ્યું : 'બાપા ! જુઓ, આ અડધો ખાલી લાવ્યો.'

સ્વામીશ્રી તત્ક્ષણ બોલી ઊઠ્યા : 'ગુરુ, એમ નો કહેવાય ! 'અડધો ભરેલો લાવ્યા' એમ બોલવું.'

સ્વામીશ્રીને પ્રત્યેક વસ્તુ માટેની સહજ જ સવળી દૃષ્ટિ !

નરેન્દ્ર મંડળને આશીર્વાદ

ધ્રાંગધ્રાના રાજવી મયૂરધ્વજસિંહજી સમસ્ત સૌરાષ્ટ્રના નરેન્દ્ર મંડળના પ્રમુખ હતા અને રાજાઓનાં સાલિયાણાં નાબૂદીના પ્રશ્ને તેઓ સરકાર સામે કેસ લડી રહ્યા હતા.

આ દિવસો દરમ્યાન સાલિયાણાં નાબૂદી માટે ઈન્દિરા ગાંધી તથા લોકસભાના સભ્યોએ ભારે ઊહાપોહ મચાવ્યો હતો. તેથી રાજાઓની મિટિંગમાં આ બધી ચર્ચા-વિચારણા થતી અને સૌ અતિશય ચિંતાતુર હતા.

આ અરસામાં ગોંડલના વિક્રમસિંહજીએ તેમની મિટિંગમાં એક વાત રજૂ કરતાં કહ્યું : 'જો આપણે ગોંડલના મહાન સંત યોગીજી મહારાજના આશીર્વાદ લઈએ, તો આપણને જરૂર સફળતા મળે એમ હું માનું છું. જો આપ સૌની ઈચ્છા હોય અને અંતરની ભાવના હોય, તો હું સ્વામીશ્રીને ગોંડલ જઈને પ્રાર્થના કરું.'

ત્યારે નરેન્દ્ર મંડળના પ્રમુખ મયૂરધ્વજસિંહજી બોલ્યા : 'આપ જરૂર ગોંડલમાં જઈને સ્વામીશ્રીના આશીર્વાદ નરેન્દ્ર મંડળ વતી લેજો.'

વિક્રમસિંહજી ગોંડલ આવી, સ્વામીશ્રીનાં દર્શને અક્ષર મંદિરે આવ્યા. સ્વામીશ્રીને તેમણે નરેન્દ્ર મંડળની પ્રાર્થના સંભળાવી અને સાલિયાણાં નાબૂદ ન થાય અને રાજાઓની જીત થાય, તે આશીર્વાદ આપવા માટે કહ્યું.

સ્વામીશ્રીએ અત્યંત પ્રસન્ન થઈને આશીર્વાદ આપીને કહ્યું : 'સાલિયાણાં નાબૂદીના આ કેસમાં રાજાઓની જીત થશે. તમે જ્યારે જ્યારે અક્ષર દેરીમાં આવો ત્યારે તે નિમિત્તે પાંચ-પાંચ પ્રદક્ષિણા દેરીની ફરજો. સ્વામી જરૂર જિતાડશે.'

સ્વામીશ્રીના આશીર્વાદથી જજમેન્ટ રાજાઓના લાભનું આવ્યું અને તે કેસમાં વિજય થયો. તેથી સર્વ રાજાઓનાં અંતરમાં સ્વામીશ્રી પ્રત્યે અપાર

ભક્તિભાવ ઉત્પન્ન થયો.

તા. ૨૪મીએ સ્વામીશ્રી અહીંથી નીકળી, સુરેન્દ્રનગર જામભા તથા હનુભા તરફથી એક દિવસનું પારાયણ કરી, વઢવાણ, લીંબડી, અંકેવાડિયા થઈ, મોજીદડ પધાર્યા.

અહીં મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ જૂની વાત સંભારી : 'અહીં નારાયણ ઘરે શાસ્ત્રીજી મહારાજ ૩૭ વર્ષ સુધી આવ્યા. એક વાર અહીં પાંચ સાધુ આવ્યા. અહીં મંદિરમાં ઠાકોરજી પાસે બેસી અમે પ્રભાતિયાં બોલતા હતા તે એક સાધુ અમને મારવા ઊભા થયા. ગુરુ ગણેશ ભગત કહે : 'હવે પ્રભાતિયાં નહીં બોલીએ.' પણ અપરાધ થયો. બીજે ગામ ગયા ને ચાર દિવસમાં તે સાધુ મરી ગયા. આવું છે !'

પછી પાંદડી થઈ, સારંગપુર આવી પહોંચ્યા. તા. ૨૭મીએ, શાસ્ત્રીજી મહારાજના સમાધિ સ્થાને પધારી, 'ગોંડલ કૂવામાં પાણી ઘણું થાય, સાધુઓ વધે અને સમૈયો સર્વોપરી ઊજવાય' તે માટે સ્વામીશ્રીએ ધૂન કરી, પ્રાર્થના કરી હતી.

અહીંથી તાજપુર થઈ, નિંગાળા શામજીભાઈને ત્યાં પધાર્યા. સત્સંગ મંડળે સ્વામીશ્રીનું સામૈયું કરી, મૂર્તિઓને શણગારેલી બળદ-ગાડીમાં પધરાવી શોભાયાત્રા કાઢી. રાત્રે જાહેર સત્સંગ સભા થઈ. એ.પી. પટેલ, રવિભાઈ પંડ્યા તથા પ્રમુખસ્વામીનાં પ્રવચનો પછી સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

તા. ૨૮-૩-'૬૭, વૈશાખ સુદ ૩ના સવારે સ્વામીશ્રીના વરદ હસ્તે નવનિર્મિત હરિમંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા વાજતે-ગાજતે થઈ.

શાસ્ત્રીજી મહારાજ સર્વ કાર્યમાં ભેગા જ છે

અહીં સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ વાત કરી કે 'આજે રાત્રે સપનું આવ્યું તેમાં શાસ્ત્રીજી મહારાજ નિંગાળા સ્ટેશને ઊતર્યા અને મંદિરે આવ્યા. મેં દંડવત્ કર્યા અને સ્વામીને બે હાથ જોડી કહ્યું કે 'હું સામો તેડવા આવી શક્યો નહીં.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે 'કંઈ વાંધો નહીં, આપણું પ્રતિષ્ઠાનું કામ નિર્વિઘ્ને પતી જશે.'

આ પ્રમાણે સ્વામીશ્રીએ પ્રાસાદિક વાતો કરી જણાવ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ સર્વ કાર્યમાં ભેગા જ છે. આવી પ્રતીતિ આપે છે.'

સાંજે સ્વામીશ્રી રોહીશાળા ઝવેરભાઈને ત્યાં પધાર્યા હતા.

બીજે દિવસે સવારે મૂર્તિઓની શોભાયાત્રા કાઢી અને ૧૧-૩૦ વાગે બાઈઓના હરિમંદિરમાં સ્વામીશ્રીના શુભ હસ્તે પ્રતિષ્ઠા થઈ.

સાંજે પાટણા થઈ, રાત્રે સ્વામીશ્રી ગઢપુર પધાર્યા. અહીં બીજે દિવસે સાંજે સહસ્ર ધરે દર્શને પધારી, સૌને આ સ્થળનો અપાર મહિમા સમજાવ્યો : 'આ સહસ્ર ધરામાં જે સ્નાન કરે તેમનાં અનંત જન્મનાં પાપ બળી જાય, કારણ કે શ્રીજીમહારાજે અહીં ૫૦૦ પરમહંસો સહિત સ્નાન કરેલ છે.'

સ્વામીશ્રીએ સૌ સંતો-હરિભક્તો સાથે અહીં સ્નાન કર્યું. પછી સભા કરી સૌને આશીર્વાદ આપ્યા. 'અમૃત મહોત્સવ સંપૂર્ણ સફળતાપૂર્વક ઊજવાઈ જાય, તે પ્રસંગે ૫૧ સંતો થાય' એવો સંકલ્પ કરી, ધૂન કરી. વળી, આ પવિત્ર સ્થળે એક સમૈયો કરવો અને ગઢપુર ગામથી સહસ્ર ધરા સુધી સારો રસ્તો થઈ જાય તે માટે પણ સંકલ્પ કર્યો.

તા. ૩૧મીએ ઢસા, રામોદ થઈ, ગોંડલ આવી પહોંચ્યા.

તા. ૨-૪-'૬૭, સવારે 'ગુજરાત વિદ્યુત બૉર્ડ'ના ગોંડલના મુખ્ય અધિકારી સુથાર સાહેબના આગ્રહને વશ થઈ, બૉર્ડની ઑફિસે પધાર્યા. ધુવારણ ગ્રીડ યોજનાના, સૌરાષ્ટ્રના વીજળી પુરવઠાના ગોંડલના આ મુખ્ય કેન્દ્રનું સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું.

જૂનાગઢમાં અલૌકિક સન્માન ને પારાયણ

અહીંથી જેતપુર થઈ, ૧૧-૦૦ વાગે જૂનાગઢ, પારાયણના સ્થળે ઈગલ સિમેન્ટ પાઇપ ફેક્ટરીમાં પધાર્યા.

સાંજે મંદિરે દર્શન કરવા પધાર્યા. અહીં મંદિરના દરવાજા આગળ જ સોરઠના હજારો હરિભક્તોએ બૅન્ડ-વાજાં સહિત જયનાદો ગજવતાં સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ મંદિરમાં સર્વ પ્રસાદી સ્થળે દર્શન કર્યાં.

પછી ૫૧ બળદની ધૂરાથી વહન થતા ગાડામાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સંતસ્વામીને પધરાવ્યા ને નગરયાત્રા નીકળી. ઢોલીઓ, સૂત્રોનાં બૉર્ડ ધારણ કરનાર હરિભક્તો, ગોંડલ ગુરુકુળનું બૅન્ડ, પછી ૫૧ બળદથી વહન થતું સુંદર શણગારેલું ગાડું, સંતો-હરિભક્તો અને કળશ સાથે મહિલા મંડળ, એમ શિસ્તબદ્ધ સ્વામિનારાયણની ધૂન બોલતાં સહુ નગરયાત્રામાં જોડાયા હતાં. રસ્તાઓ પરથી અને આજુબાજુનાં મકાનોમાંથી શહેરની જનતા, હાથમાં માળા ધારણ કરી, નીચી દૃષ્ટિ રાખી, અખંડ શ્રીજીમહારાજમાં સંલગ્ન રહેનાર

સ્વામીશ્રીનાં દર્શન કરી કૃતકૃત્યતા અનુભવતી હતી.

કાલવા ચોક, મોટી બજાર અને શહેરના મુખ્ય રસ્તાઓ ઉપરથી નગર-યાત્રા પસાર થઈ. મજેવડી દરવાજે આવ્યા. ત્યાં પોલીસ ઑફિસરો તથા બીજા સરકારી અધિકારીઓએ સ્વામીશ્રીને હારતોરા પહેરાવી સ્વાગત કર્યું. પછી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. રવિવારની સભા થઈ. હકાભાઈ વગેરેએ પ્રવચનો કર્યાં.

આશરે પચાસ વર્ષ પહેલાં સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી સ્વામીશ્રી, અક્ષરપુરુષોત્તમનો વિજયધ્વજ વિશ્વમાં ફરકાવવાનું ભગીરથ કાર્ય કરનાર સ્વામી શાસ્ત્રીજી મહારાજની સાથે જોડાયા ત્યારે કોને કલ્પના હશે કે આ જૂનાગઢમાં એમનું આવું ભવ્ય સ્વાગત થશે ! અને આવી અલૌકિક નગરયાત્રા નીકળશે ! સ્વામીશ્રી જૂનાગઢ સેંકડો વખત પધાર્યા છે, પણ આ સ્વાગત અને નગરયાત્રા સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે આલેખાશે.

આ પ્રસંગને સફળ બનાવવામાં વશરામભાઈ, કચરાભાઈ, પ્રાગજીભાઈ, વેલજીભાઈ, હસમુખભાઈ, ગોરધનભાઈ, નટુભાઈ ગઢિયા, કુસુમરાય દીવાન તથા ડૉ. ઝાલા સાહેબ સર્વેએ એકમના થઈ, ખૂબ જ સહકારથી સેવા કરી હતી.

તા. ૩-૪-'૬૭ના સવારે પારાયણનો પ્રારંભ થયો. સવારે પ્રમુખસ્વામી 'સત્સંગિજીવન'ની કથા વાંચતા અને સાંજે શ્રીમદ્‌ભાગવતની કથા થતી.

બીજે દિવસે સાંજે સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા પધાર્યા. મંદિરમાં ઠાકોરજીનાં તથા બધાં જ પ્રસાદીનાં સ્થળોએ પ્રથમ જ વાર દર્શન કરતા હોય તેવા અત્યંત ભાવથી દર્શન કરી, શ્રીજીમહારાજના પ્રસાદીના દામોદર કુંડે થઈ, નારાયણ ધરે પધાર્યા. શ્રીજીમહારાજે આ ધરામાં ૫૦૦ પરમહંસો સહિત સ્નાન કરેલું. ત્યાંથી ગિરનારની તળેટીમાં શ્રીજીમહારાજની પ્રસાદીની વાવે દર્શન કરી, રાત્રે ૮-૦૦ વાગે ઉતારે પાછા આવ્યા. અહીં જૈન ધર્મના આચાર્ય યતિ હેમચંદ્રજી મહારાજ દર્શને આવ્યા હતા.

પિય પાયો અનમોલ રે

સાંજે ૫-૩૦નો સમય હતો. ગિરનારની કોઈ ગુફામાંથી એક પ્રભાવશાળી સંન્યાસી - સ્વામી વિદેહાનંદજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેજસ્વી મુખમુદ્રા અને બ્રહ્મચર્યના ઓજસથી કાંતિમાન જણાતા આ સંન્યાસીએ વિનમ્રભાવે સ્વામીશ્રીને થોડાં ફળો ભેટ ધર્યાં. સ્વામીશ્રી પણ ખૂબ પ્રસન્ન થયા અને આદર સાથે આવકાર આપ્યો.

થોડી વાર થઈ હશે ત્યાં સ્વામીશ્રી કહે : 'હવે સંન્યાસી મહારાજ આવ્યા છે, તે બે શબ્દ બોલશે.'

સ્વામી વિદેહાનંદજી આ ભક્તિભર્યા, દિવ્ય અને શાંતિસભર વાતાવરણને મુગ્ધભાવે માણી રહ્યા હતા. તેમની વૃત્તિઓમાં થયેલા પરિવર્તનથી તેમને ઘણું જ આશ્ચર્ય થયું હતું. તેમને લાગ્યું કે અહીં કોઈપણ વ્યક્તિ સંસારના વિષયોથી ઉન્મુખ બને છે, ભગવાનની સન્મુખ બને છે.

તેઓ પ્રવચન માટે ઊભા થયા. સ્વામિનારાયણ સંપ્રદાયનો સારો એવો અભ્યાસ હોય તેમ તેમના પ્રવચનમાં જણાતું હતું. તેમણે મધુર શૈલીમાં સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા. 'ચંદ્ર સર્વ શક્તિમાન હોવા છતાં નક્ષત્રોને પ્રકાશ આપવા તે નક્ષત્રોની નજીક જાય છે' તેમ જણાવી, તેમણે કહ્યું : 'સ્વામીશ્રી પણ નમ્ર બની જીવનકલ્યાણની ભાવનાથી ઘરે ઘરે વિચરે છે.' તેમણે કહ્યું કે 'મોક્ષ, બ્રાહ્મીસ્થિતિ કે પરમપદનું સુભગ દર્શન મને અહીં લાધ્યું છે. હું કોઈ અલૌકિક અદ્‌ભુત પ્રકાશનાં વર્તુળમાં આવી ગયો છું. સ્વામીશ્રી તો પ્રેમનું દિવ્ય સ્વરૂપ છે. મારે મારું હૃદય ખોલીને ઘણી વાતો કરવી છે; પણ આ મૌનના મહાસાગરમાં ડૂબકી મારવા સિવાય હું કશું કરી શકું તેમ નથી.' સૌ સંન્યાસીના ભાવવાહી પ્રવચનથી રાજી થયા.

એવામાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા 'હવે સંન્યાસી મહારાજ એક કીર્તન બોલશે.'

વિદેહાનંદજીએ દર્દીલા કંઠે ભજનનો પ્રારંભ કર્યો :

'ઘુઘટ કા પટ ખોલ રે, તોકો પિવ મિલેંગે,
ઘટઘટમેં વહ સાંઈ રમતા, પિય પાયો અનમોલ રે,
કહે કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ રે.'

કીર્તન પૂરું થતાં તેમને પ્રેમાશ્રુ આવી ગયાં. સ્વામીશ્રીએ તેમને હાર પહેરાવ્યો. આ નિઃસ્વાર્થ સન્માનથી તેઓ ગદ્‌ગદ થઈ ગયા.

આરતી પછી સ્વામીશ્રીએ તેમને ઉકાળા-પાણી કરાવવા સાથે જ બેસાડ્યા. પછી સૌને બહાર જવાનું સૂચવી સ્વામીશ્રીએ સંન્યાસીને વહાલથી પૂછ્યું : 'આપને કાંઈ ખાનગી કરવી છે ?'

સંન્યાસીને સ્વામીશ્રીની સર્વજ્ઞતાનો આ પ્રથમ પરિચય હતો. તેઓ ભાવવિભોર થઈ ગયા. આંખો ભીની થઈ. થોડા સ્વસ્થ થઈને પોતાની વ્યથા રજૂ કરી :

'સાંઈ સબ સંસાર મેં, મતલબ કા વ્યવહાર;
કરત બેમરજી પ્રીતિ, યાર વિરલા કોઈ સાંઈ.'

'સ્વામીજી ! સ્વાર્થી સંસારમાં સદ્‌ભાગ્યે આપ જેવા વિરલ સંત કોઈ મળી આવે, જે વગર પરિચયે આવો નિઃસ્વાર્થ, નિર્દોષ પ્રેમ આપી શકે છે.'

તેમણે ગદ્‌ગદભાવે ભીના કંઠે પોતાના પૂર્વજીવનની કિતાબ ખોલી :

'મારા પિતાજીના મૃત્યુ પછી મારી અપર માતાના ભાઈઓએ ધંધો હાથમાં લીધો. સુખની છોળો અને લાડમાં મારો ઉછેર થયેલો. નાની ઉમરે મારું સગપણ એક નાના ગામડામાં કરવામાં આવેલું. કૉલેજ કાળમાં હું એક સૌંદર્યવતી કન્યાના પરિચયમાં આવ્યો. પ્રેમનાં કહો કે મોહનાં અંકુરો ફૂટી નીકળ્યાં. જો કે માતાએ મને વાર્યો હતો કે 'ખાનદાન કુટુંબમાં લાંછનરૂપ ન બન;' પણ તે અવગણી મેં ગ્રામકન્યા સાથેનું સગપણ તોડી નાખ્યું. તે જ આઘાતમાં માતાને હૃદયરોગનો હુમલો આવ્યો અને મારા મસ્તકે હાથ ફેરવતાં, અશ્રુ વહાવતાં આ અસાર સંસારમાંથી વિદાય લીધી. મારી મિલકત ભાઈઓએ કબજે કરી.

'અને આથીયે વસમી બીના તો એ બની કે જે સ્ત્રી પાછળ હું બધું ગુમાવવા તૈયાર થયો, મારી માતા ગુમાવી, તે કન્યાએ પરપુરુષનો સંગાથ કર્યો. આ વિશ્વાસઘાતે હું નિરાધાર થયો. અનહદ ગુસ્સો અને પારાવાર પસ્તાવો થયા.

'મને મહારાજ ભરથરી યાદ આવ્યા અને સંન્યસ્ત લઈ કઠોર સાધનાનો આરંભ કર્યો. ૮૪ આસનોમાં નિપુણતા મેળવી. પાતંજલ યોગદર્શનનો પૂર્ણ અભ્યાસ કર્યો. ચારે ધામની યાત્રા કરી છે. પરંતુ શું વાત કહું ?' સંન્યાસી બોલતાં અટકી ગયા. ચહેરા પર વિષાદ છવાઈ ગયો.

સ્વામીશ્રી આશ્વાસન આપતાં તેમના હાથ પર અને ખભે ધીરે ધીરે હાથ ફેરવતાં શાંતિ પમાડતા હતા. વિદેહાનંદજીએ કરુણ સ્વરે વાત વિસ્તારી :

'સમય અને સંજોગો સામે માનવીને કપરો સંઘર્ષ ખેલવો પડે છે. તેની જીવતી જાગતી કથા મારી છે.

'મારી માતાના ઓરતા તો તેના મૃત્યુ સાથે જ શમી ગયા; પણ મારી વાગ્દત્તાનું જીવન પણ ધૂળધાણી થઈ ગયું. તેના ઊના ઊના નિઃશ્વાસ આજે પણ મને સંભળાયા કરે છે ! તો વળી મોહજાળની ખંડિત ઘટનાઓની સ્મૃતિ પણ હૃદય કોરી ખાય છે. હું ઈશની કહો કે મનની કહો - આ અગમ્ય ખેલબાજી પાસે ઝૂકીને હાર પામી ચૂક્યો છું...

'એક દિવસ વેદનાની અંતિમ પરાકાષ્ઠા આવી. મને સંસારમાં પાછા

જવાના અભરખા જાગ્યા ! કોઈ વાર અજ્ઞાત મનમાં ભાઈઓએ પચાવી પાડેલી મિલકત મેળવી લેવાના વિચારે ખુન્નસ ભરાઈ આવે છે... આજે વર્ષો પછી પણ હું એ સંપૂર્ણપણે બેવફા સ્ત્રીને અને પેલી નિર્દોષ ગ્રામકન્યાને ભૂલી શક્યો નથી. આ અનંગરાગને નષ્ટ કરવા મેં શું શું નથી કર્યું ? તપ, સાધના... પણ મારી સુરતામાં એનો કીડો સળવળી રહ્યો છે. જે મને જંપવા દેતો નથી. એ પ્રચંડ તાકાત મને પૂર્વગૃહે ઘસડી જશે. સંન્યાસી માટે વર્જ્ય એવી વતનમાં જવાની ઇચ્છા મને ડંખી રહી છે. આપ મારી રક્ષા કરો. મારે કયા રસ્તે જવું છે તેના પથદર્શન બનો...'

વિદેહાનંદજી ચોધાર આંસુએ રોઈ પડ્યા. કાષાંબરનો - ભગવાં વસ્ત્રનો મહિમા વૈદિક ધર્મમાં જેવો તેવો નથી. સ્વામીશ્રીને આ વસ્ત્રોનો અને સાધુ-સંન્યાસીઓનો અપાર મહિમા હતો. એમણે તૂટીફૂટી હિન્દીમાં પ્રેરણા, ધીરજ અને સાંત્વન આપ્યું. કહ્યું : 'બધો મોહ હૈ, પ્રેમ નથી. સ્વાર્થના સંબંધ હૈ, તમે સારું કર્યું. સંન્યાસી બન્યા તે મોટા મહાત્મા બન્યા કહેવાય. ભગવાં લૂગડાં પાસે સંસારનું સુખ કૂચા કહેવાય. તમે યોગી છો, તો ગોરખ આસન વાળીને સૂવું. અમારા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી ગોરખ આસન કરીને સૂતા.'

એમ બોલતાં જ સ્વામીશ્રીએ તેમનો હાથ અચાનક જ પકડ્યો. સંન્યાસીનું આખું શરીર વીજળીના પ્રવાહનો આંચકો લાગે તેમ કંપી રહ્યું. જાણે અપાર ઐશ્વર્ય પ્રગટ થયું. સ્વામીશ્રીએ તેમના હાથમાં જળ મૂક્યું અને હૃદયમાં કાળઝાળ અનંગ કામદેવ ત્યાંથી ઊભી પૂંછડીએ નાઠો હોય તેવી સૌમ્ય શાંતિ પ્રસરી ગઈ. વાતાવરણમાં પણ એ શાંતિનો પ્રભાવ વરતાતો હતો.

'લ્યો, નિયમ લ્યો, તમારી જન્મભૂમિમાં કોઈ દી' ન જતા. લ્યો પાણી. શ્રીજીમહારાજ તમારી રક્ષા કરશે.'

આજે વિદેહાનંદજીની હૃદયગ્રંથિ છેદાઈ ગઈ હતી ! અનંત વર્ષોની સાધનાથી જે શક્ય ન બને તે કામને બાળી સ્વામીશ્રીએ અહૈતુકી કૃપા વરસાવી.

જ્યારે સ્વામીશ્રીએ વિદાય આપી ત્યારે તેમણે સ્વામીશ્રીનાં ચરણે જ રહી જવા ઇચ્છા વ્યક્ત કરી. સ્વામીશ્રી કહે : 'આ માળા તમને આપીએ છીએ. હંમેશાં પાંચ માળા સ્વામિનારાયણ નામની ફેરવજો. હાલ જ્યાં રહો છો, તે જ આશ્રમમાં રહેજો. વખત આવ્યે બધું સારું થઈ જશે.'

રાત્રિના દસ વાગી ગયા હતા. સ્વામીશ્રીએ ગુણવંત દાણીને આજ્ઞા કરી : 'તમે મોટરની વ્યવસ્થા કરો. સંન્યાસી મહારાજને તળેટીમાં મૂકી આવો.'

બંને બહાર આવ્યા, પ્રેમભીના સંન્યાસીની આંખો અશ્રુથી છલછલ હતી. નીચે નમી તેમણે પાવન ભૂમિની રજ મસ્તક ઉપર ચડાવી.

ગુણવંતભાઈએ નમ્રતાથી પૂછ્યું : 'આપને સ્વામીશ્રીના સાંનિધ્યમાં શી અનુભૂતિ થઈ ? આપ તે જણાવશો તો હું આપનો ઋણી થઈશ.'

વિદેહાનંદજીએ વિસ્ફારિત નેત્રે તેમની સામે જોયું અને પ્રગલ્ભ વાણીમાં ઊંચા સ્વરે બોલ્યા : 'હું કયા શબ્દોમાં સ્વામીજીના મહિમાનું ગાન કરું ? એમનું ચુંબકીય સ્વરૂપ અસીમ છે. આ ધરતી પરમ સૌભાગ્યવતી છે, જ્યાં આવા પવિત્ર યોગેશ્વર સંત બિરાજે છે.'

જરા અટકીને તેમણે ફરી કહ્યું : 'આજે એમણે મારા સાધુ-ધર્મના માંગલ્યનું જતન કર્યું છે. કર્તવ્યથી પરાન્મુખ થયેલા મને સ્વામીજીએ જાળવ્યો. મારા અનંગરાગને પ્રજાળ્યો એ માટે હું જીવનભર એમનો ઋણી - એક ભક્ત બનીને રહીશ... વાસનાનો અગ્નિ જ્યાં મારું હૈયું દઝાડતો, ત્યાં સ્વામીજીનું રૂપ પ્રકાશે છે; જે હૃદયમાં શાંતિનાં, તેજનાં સુખ અને આનંદનાં ઝરણાં વહાવી રહ્યું છે.'

તેમણે ફરી વધુ દૃઢ અવાજે કહ્યું : 'સ્વામીજી તો સાધુ-ધર્મના અને ગૌરવના પુરસ્કર્તા છે. આ સંસારની વચ્ચે સઘળાં તપોવનના સારભૂત સ્ત્રી-ધનના સંપૂર્ણ ત્યાગીઓ બનાવી, સહજાનંદ સ્વામીએ અવતારના અવતારી બિરુદ ધારણ કર્યું છે તે યથાર્થ જ છે. તેમના આશરાથી જ સ્ફટિક શુભ વર્તનવાળા સંતો-ગૃહસ્થો નીપજે છે. માનવ ઉન્નત મસ્તકે હરીફરી શકે તેવું વિશ્વમાં જે કંઈ સારતત્ત્વ છે, તે સ્વામીશ્રી દ્વારા જ પ્રસરતું રહેલું છે. સાચે જ આજે મેં અમૃતધરામાં સ્નાન કર્યું છે.'

ભક્તિતરબોળ વાણીમાં બોલતાં તેમના મુખમા ફરી કબીરજીની કાવ્યપંક્તિ ગુંજી ઊઠી :

'ઘુંઘટ કા પટ ખોલ રે, તો કો પિવ મીલેંગે,
સુન્ન મહલમેં દિયના બારિબે, આસન સે મત ડોલ રે,
જાગજુગત સો રંગમહલમેં, પિય પાયો અનમોલ રે.'

સ્વામી વિદેહાનંદજીએ વિદાય લીધી ત્યારે મધરાત્રિનો શુભ ચન્દ્ર વધુ સૌમ્ય તેજે પ્રકાશી રહ્યો હતો. સ્વામીશ્રીએ કરેલા સંન્યસ્ત ધર્મની રક્ષા અને જતનથી પુલકિત થઈ, તેનું ગૌરવગીત ગાઈ રહ્યો હતો.

તા. ૫મીએ સાંજે પાંચ મોટરો લઈ સ્વામીશ્રી ધોરાજી પધાર્યા. સ્થાનિક

સત્સંગ મંડળે હારતોરાથી સ્વાગત કર્યું. ટાઉનહૉલમાં જાહેર સત્સંગ સભા ભરાઈ. જયંતભાઈ મકવાણાના સ્વાગત-પ્રવચન બાદ પ્રમુખસ્વામી તથા સ્વામીશ્રીએ સત્સંગનો મહિમા સમજાવી સૌને શુભાશિષ આપ્યા. ચંદ્રકાંતભાઈ ત્રિવેદી, સુધરાઈ પ્રમુખ દેવશીભાઈ, હરિલાલ છગનલાલ, નવનીતભાઈ વગેરેએ પણ સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા. સભા બાદ સ્વામિનારાયણ મંદિરે સંધ્યા આરતીનાં દર્શન કરી, રાત્રે ૮-૩૦ વાગે જૂનાગઢ પાછા આવ્યા.

તા. ૭મીએ રાત્રે 'શ્રી અનંત ધર્માલય'માં જાહેર સત્સંગ સભા યોજાઈ હતી. આ પ્રસંગે જૈનાચાર્ય યતિ હેમચંદ્રજી પણ હાજર રહ્યા હતા. અને સ્વામીશ્રીની આજ્ઞાથી 'માનવજીવન' ઉપર સુંદર પ્રવચન કર્યું હતું. સ્વામીશ્રીએ 'માનવજીવન'નું શું સાર્થક છે એ પ્રસંગ ઉપર વાત કરી, શુભાશિષ આપી, સહુને ખૂબ જ આનંદ કરાવ્યો.

બીજે દિવસે સાંજે સ્વામી ધર્મજીવનદાસ સંચાલિત સ્વામિનારાયણ ગુરુકુળમાં પધાર્યા. પછી પ્રકાશપુરી, જ્યાં અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની નાની ધાતુની મૂર્તિ પધરાવેલ છે, ત્યાં દર્શન કરી, બ્રહ્મકુંડ પધાર્યા. બ્રહ્મકુંડમાં શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામી તથા ૫૦૦ પરમહંસો સહિત સ્નાન કર્યું હતું ત્યાં મહાપ્રસાદીનું જળ શિરે ચડાવી મહારાજનો ખૂબ મહિમા સમજાવ્યો.

આમ, સાત દિવસ જૂનાગઢમાં રહી, સ્થાનિક હરિભક્તો તથા અન્ય મુમુક્ષુ જનતાને અપાર આનંદ કરાવ્યો.

તા. ૯મીએ સવારે પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે લગભગ ૩,૦૦૦ જેટલા ભક્તોએ લાભ લીધો હતો. પીપલાણાથી સ્વામિનારાયણ મંદિરના મહંત જોગી સ્વામી ખાસ દર્શને આવ્યા હતા. જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના બ્રહ્મચારીજીએ ઠાકોરજીનો થાળ મોકલાવ્યો હતો. તેનો પ્રસાદ લેતાં સ્વામીશ્રી થાળનો મહિમા સમજાવવા લાગ્યા : '૫૦ વર્ષે રાધારમણ દેવનો થાળ જમવાનો મળ્યો.' પછી બધા સંતોને પોતે જાતે પ્રસાદી વહેંચી, ખૂબ જ આનંદ કરાવ્યો.

હિંદુ ધર્મના રખેવાળ

આ અરસામાં ઓરિસ્સા દુષ્કાળના પંજામાં સપડાયું હતું. દેશમાં ઠેર ઠેર તેની મદદ માટે ઝુંબેશ ચાલતી. સૌરાષ્ટ્રમાં રાજકોટ, માણાવદર, જૂનાગઢ, બાંટવા અને અન્ય સ્થળોના સેવાભાવી સમાજ-કાર્યકરો આ રાહતકાર્યમાં

જોડાયા હતા. વીરપુરના મહંત બટુકબાપા અને રણછોડદાસજી મહારાજ તો ત્યાં હાજરી આપીને આ કાર્યમાં ટેકો આપી રહ્યા હતા. જૂનાગઢના નારાયણદાસ પાઉં તેમની સાથે હતા.

આ સૌના સહકારથી જે કાર્ય થયું તેનાથી ત્યાંની સરકાર ખૂબ પ્રભાવિત થઈ. મુખ્યમંત્રી બીજુ પટનાયકે પોતાની કારોબારી બોલાવી તત્કાળ રાહતકાર્ય શરૂ કર્યું અને સરકાર તરફથી અનાજ, વસ્ત્ર વગેરે જીવન જરૂરિયાતની વસ્તુઓ રૂરકેલાથી કંટ્રોલ ભાવે આપવાની શરૂઆત થઈ.

ગુજરાતના બંને સંતોની કાર્યવાહીનું મુખ્ય સ્થાન હતું : બિરમિત્રપુર. સરકારી કર્મચારીઓ વગેરે રણછોડદાસજી બાપુને મળવા અહીં આવતા.

એક વાર રૂરકેલાના કલેક્ટર અને અન્ય અધિકારીઓ બાપુના ઉતારે આવ્યા અને વાતચીતમાં સૌએ વટાળ પ્રવૃત્તિ અંગે ચિંતા વ્યક્ત કરી કે 'અહીં ખ્રિસ્તી મિશનરીની પ્રવૃત્તિઓ દુષ્કાળ જેવા કપરા સમયે વિશેષ જોર પકડતી જાય છે. અને ખેડૂતો પાસેથી મુખ્ય માર્ગોની જમીન ખરીદી પોતાનાં ચર્ચ બનાવે છે. અહીંની અતિ દરિદ્ર પરિસ્થિતિને લીધે ખેડૂતો પાણીના મૂલે જમીન વેચી રહ્યા છે અને ખ્રિસ્તી બની રહ્યા છે.'

'કોઈએ તે અટકાવવાના પ્રયત્ન કર્યા હતા ?' બાપુએ પૂછ્યું.

'હા, બાજુમાં વેદવ્યાસ ગામે દક્ષિણ ભારતીય એક સંતે ઘણી મહેનત કરી, પણ આર્થિક તંગી અને સહકાર્યકરોનો અભાવ તેથી નિષ્ફળ ગયા.' કલેક્ટરે નિશ્વાસ સાથે વાત કરી કે 'આ જ રીતે ચાલશે તો કદાચ પાંચ જ વર્ષમાં હિન્દુ ધર્મ લઘુમતીમાં આવી જશે.'

સમસ્યાની ગંભીરતા લક્ષ્યમાં લેતાં રણછોડદાસજી મહારાજ ઊંડા ઊતરી ગયા. બે મિનિટના મૌન પછી એકદમ ત્રણ તાળી વગાડી બોલી ઊઠ્યા :

'મૈં અહમદાબાદ જાકર, યોગીજી મહારાજ જહાઁ ભી હો, વહાઁ મિલને જાઉંગા. મિલકે સારી બાત ઉનકે દિમાગમેં ઉતાર દૂઁ. અગર મેરી બાત ઉનકે દિમાગમેં બૈઠ ગઈ તો હિન્દુસ્તાનમેં વહ ઐસે સિદ્ધ સાધુપુરુષ હૈ, જો કન્વર્ઝન (Conversion) કો રોક સકતે હૈ !'

નારણદાસ પાઉં આ વાતચીત ક્યારનાય સાંભળી રહ્યા હતા. તેમને થયું : 'જો યોગીજી મહારાજ આવા સમર્થ સંત હોય, તો જરૂર મુલાકાત લેવી જ જોઈએ.' તેમને દર્શનની ખૂબ તાલાવેલી થઈ. રણછોડદાસજી મહારાજને વાત કરતાં તેમણે પણ સાથે આવવા તૈયારી બતાવી. ત્યારે નારણદાસને ખૂબ આશ્ચર્ય

થયું. ને પૂછ્યું : 'યોગીજી મહારાજની શક્તિ વિશે આપને આટલું બધું માન છે !'

રણછોડદાસજી બોલી ઊઠ્યા : 'હા, કારણ કે તેમની પાસે આધ્યાત્મિક શક્તિ છે, સંતો છે, સંગઠન અને અસ્મિતા છે. તેઓ ઇચ્છે તે જગ્યાએ ગુરુકુળ અને મંદિરો સ્થાપી આ પ્રવૃત્તિને મિટાવી શકે છે...'

રણછોડદાસજી બાપુ અને નારણદાસ સ્વામીશ્રીને મળવા પહોંચી ગયા. તે પછી સ્વામીશ્રી આ સમયે જૂનાગઢ આવ્યા ત્યારે નારણદાસ પાઉં ખાસ દર્શને આવ્યા અને સભામાં જ ઉપરોક્ત વાત કરી, તેમણે સ્વામીશ્રીને હિન્દુ ધર્મના રખેવાળ તરીકે બિરદાવ્યા.[૧૪]

એ દિવસોમાં એક નવા પાર્ષદને પ્લુરસીની અસર હતી. તેથી સ્વામીશ્રીએ નવદીક્ષિત જયકૃષ્ણ ભગતને[૧૫] તેમની સેવામાં મૂક્યા. અને સેવાનો મહિમા સમજાવતાં કહ્યું : 'અહોહો, આ તો ઝીણાભાઈ(દરબાર)ના જેવી સેવા મળી છે.'

સાંજે જેતપુર મંદિરે દર્શન કરી, ગોંડલ પધાર્યા. ત્રણ દિવસ અહીં રોકાઈ અમૃત મહોત્સવનાં નાનાં-મોટાં કાર્યો અંગેની સંતો તથા હરિભક્તોને દોરવણી આપી.

સાથેના પાર્ષદની સારવાર નિમિત્તે ધર્મજની ટી.બી. હૉસ્પિટલમાં તેમને રહેવાનું થયું, ત્યારે સ્વામીશ્રીએ તેમને પત્ર લખ્યો. એમાં વચનામૃતનું પારાયણ કરવાનો આદેશ આપ્યો. વળી, ગઢડા અંત્ય પ્રકરણનાં પાંચ વચનામૃતો – ૮, ૯, ૧૧, ૩૮ તથા ૩૯ દૃઢ કરવાની આજ્ઞા કરી હતી. સેવા સાથે જ્ઞાનનું - સમજણનું પાસું પણ નબળું ન રહી જાય એવું તેઓ સદાય ઇચ્છતા. સ્વામીશ્રીની આ વિશેષતા હતી કે કોઈને નવરા ન રહેવા દે. સેવા તો બધો સમય ન હોય. પછી નવરું પડેલું મન ભગવાનને મૂકીને બીજા ઘાટ કરે. તેમજ સાધક અવસ્થામાં આજ્ઞા પ્રમાણેના સાધનની પૂર્તિથી ઘડતર થતું રહે. આવા અનેક પ્રયત્નોથી સ્વામીશ્રી સૌને ભગવદ્ પ્રવૃત્તિમાં જોડી રાખતા.

પ્રગટનો અનુભવ

તા. ૧૨મીએ રાજકોટ પધાર્યા. અહીં પધરામણીએ નીકળ્યા. આગળ

---

૧૪. રણછોડદાસજી મહારાજના દેહાવસાન બાદ નારણદાસ આજીવન સ્વામીશ્રીના આશ્રિત થઈને રહ્યા અને જૂનાગઢ અક્ષરપુરુષોત્તમ મંદિરમાં ઘણી જ સેવા આપી.

૧૫. હાલ, સાધુજીવન સ્વામી.

ચુનીભાઈ ચાતુર્વેદી સાઈકલ ઉપર સ્વામીશ્રીની ઘોડાગાડીને દોરી રહ્યા હતા. રેસકોર્સ રોડ પાસેથી પસાર થયા ત્યારે ત્યાં આવેલા એક ઑફિસના મકાન તરફ આંગળી ચીંધી ચુનીભાઈએ સહજભાવે જણાવ્યું કે 'આ મારી ઑફિસ.'

સ્વામીશ્રી કહે : 'હાલો, આપણે પગલાં કરીએ.'

ચુનીભાઈને કલ્પના પણ નહિ કે સ્વામીશ્રી આમ એકાએક ત્યાં જવાનું કહેશે. પણ સ્વામીશ્રીની ઇચ્છા થતાં તેમને ના તો પાડી શકાય નહિ. તેથી તેઓ સ્વામીશ્રીને પોતાની ઑફિસમાં લઈ ગયા. બધે પગલાં કરાવી, મિત્રોની ઓળખાણ કરાવી. સર્વને આશીર્વાદ અપાવ્યા.

ખૂણામાં સાહેબની કૅબિન હતી. તે તરફ સ્વામીશ્રી ગયા. તેમાં લક્ષ્મીશંકર ભટ્ટ બેસતા. તેઓ ડેપ્યુટી ડાયરેક્ટર, હેલ્થ અને મૅડિકલના અંગત મદદનીશ હતા. ઘણા ભાવિક હતા. સ્વામીશ્રી તેમની કૅબિનમાં પધાર્યા. લક્ષ્મીશંકરભાઈએ પોતાની ખુરશી ઉપર સ્વામીશ્રીને પધરાવ્યા. ટેબલ ઉપર શિવજીની મૂર્તિ હતી. સ્વામીશ્રી તેને પગે લાગ્યા. અને કહ્યું : 'અહોહો ! તમે તો ભગવાનને ભેગા જ રાખો છો ને !' સત્સંગની થોડી વાત કરી, સાહેબને બપોરે સાથે જમવાનું આમંત્રણ આપ્યું. આમ, થોડી જ ક્ષણોમાં સાહેબનો નિકટનો પરિચય સાધી લીધો.

પછી તો તેઓ અવારનવાર દર્શને આવતા. એક વાર સ્વામીશ્રી સાથે મોટા મંદિરે તેઓ દર્શને ગયા. મધ્ય મંદિરમાં સ્વામીશ્રી દર્શન કરતા હતા. તેઓ બાજુમાં જ ઊભા હતા. તે વખતે એકાએક મૂર્તિમાંથી લક્ષ્મીનારાયણ દેવ પ્રગટ થઈ સ્વામીશ્રી સાથે વાત કરી રહ્યા હોય તેવાં અલૌકિક દર્શન તેમને થયાં. તેઓએ પોતાની આંખો ચોળી વારંવાર જોયું કે કાંઈ ભ્રમણા તો નથી થતી ને ! કારણ, તેઓ તો માત્ર ગુણાનુરાગી હતા. આ કલ્પનાતીત દિવ્ય દર્શનથી તેમને નિશ્ચય થયો કે 'યોગીજી મહારાજ કોઈક અલૌકિક વિભૂતિ છે. નહિ તો આવું સંભવે નહિ.' ત્યારપછી વર્તમાન ધરાવી તેઓ સારા નિષ્ઠાવાન સત્સંગી થયા.

એ વખતે 'ભગત' તરીકે ઓળખાતા આણંદના જીવાભાઈ હરિભાઈ પટેલ પોતાની મોટર સ્વામીશ્રીની સેવામાં રાખતા અને પોતે જ મોટર ચલાવતા.

અહીં એક હરિભક્તના ઘરે રસોઈ હતી. સ્વામીશ્રીએ જીવાભાઈને બોલાવી લાવવા એક હરિભક્તને આજ્ઞા કરી. તેમણે જઈને ઘાંટો પાડી કહ્યું : 'મોટરના ડ્રાઈવર કોણ છે ? ચાલો, સ્વામી તમને જમવા બોલાવે છે.'

જીવાભાઈ મોટર લૉક કરીને આવી પહોંચ્યા. પેલા હરિભક્તે કહ્યું : 'બાપા ! ડ્રાઈવર જમવા માટે આવી ગયા છે.'

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : 'ડ્રાઈવર નથી. મોટા શેઠ છે ! માટે માફી માગો. હરિભક્તને ઓળખવા.'

પેલા હરિભક્તે તરત જ જીવાભાઈની માફી માગી. જીવાભાઈને તો કાંઈ હતું જ નહીં. તેઓ કહે : 'મને ડ્રાઈવર કહ્યો તેમાં મને શું નાનપ મળી ? કારણ કે સ્વામીશ્રીના મહિમાનો વિચાર કરીએ તો આપણે શા હિસાબમાં ? તેમના ડ્રાઈવર થવું કોને ન ગમે ?'

સ્વામીશ્રી વચ્ચે જ બોલ્યા : 'ગુરુ ! મહિમાની વાત જુદી છે, પણ વિવેક રાખવો એ મુખ્ય વાત છે. તમારા જેવા મોટા લખપતિ ને વળી એકાંતિક ભક્તને સામાન્ય ન કહેવાય.'

પેલા ભક્તનું તો જીવાભાઈની નમ્રતા જોઈને મસ્તક નમી પડ્યું.

સ્વામીશ્રીએ આવા તો કેટલાય હરિભક્તોને સદા નમ્ર, દાસભાવે વર્તતા એકાંતિક ભક્તો બનાવ્યા હતા !

અક્ષર જન્મ સ્થાનમાં મંદિરની ખાત વિધિ

જાયવા, બાદનપુર થઈ, તા. ૧૪-૪-'૬૭ના બપોરે ૧-૧૦ વાગે સ્વામીશ્રીએ ભાદરામાં શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે ધ્રોળ બાપુ, બારદાનવાળા શેઠ, ભાનુભાઈ ગઢિયા તથા વખારિયા વગેરે મહાનુભાવો હાજર હતા.

અહીં મંદિર પાછળનું એક મકાન વેચાણ લેવાની વાત ચાલતી હતી, પણ તે ઘરની માલિક બાઈ તૈયાર થતી નહોતી. તેને સમજાવવા સ્વામીશ્રીએ લક્ષ્મીદાસ ગણાત્રા તથા છોટુભાઈ વકીલને બોલાવ્યા. વળી લખ્યું કે 'સાથે અક્ષર મંદિરેથી રૂા. ૨,૦૦૦/- લેતા આવશો.'

બન્ને ભાદરા આવ્યા અને તે બાઈને મળ્યા. મકાન ખાલી કરી આપવા વિનંતી કરી, આજીજી કરતાં ટોપી ઉતારીને નમ્યા, પણ બાઈ ટસની મસ ન થઈ. છેવટે રૂા. ૨,૦૦૦/- સુખડીના આપવાની શરતે બીજું મકાન તૈયાર હતું ત્યાં જવા નક્કી કરાવ્યું. જે રૂપિયા સ્વામીશ્રીએ અંતર્યામીપણે જ મંદિરેથી લઈ આવવા છોટુભાઈને જણાવ્યું હતું !

હરિભક્તોએ તાત્કાલિક તે બાઈનો સામાન ફેરવી આપ્યો અને તે મકાન તોડવાનું શરૂ કરી દીધું. આ દરમ્યાન સ્વામીશ્રી પણ અહીં આવીને ખુરશીમાં બિરાજ્યા. આમ ને આમ ૧-૩૦ વાગી ગયો. સેવકો બોલાવવા આવ્યા :

'બાપા ! ચાલો જમવા.'

'આ મકાન પડીને બરાબર જમીન થઈ જશે પછી જમશું.' સ્વામીશ્રીએ ધીરેથી કહ્યું અને ગુણાતીત જન્મ સ્થાનની પ્રગતિમાં પોતાનો આગવો રસ દર્શાવ્યો.

અહીંની જમીન એટલી ટૂંકી હતી કે સ્વામીશ્રીના સંકલ્પ મુજબ મોટું મંદિર કરવું શક્ય નહોતું. તેથી સ્વામીશ્રીએ ખાતમુહૂર્ત કરતાં પહેલાં જ વિશાળ જગ્યા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. જ્યારે જ્યારે પોતે ભાદરા પધારે ત્યારે હરિભક્તોને બોલાવી જન્મ સ્થાનની આજુબાજુનાં મકાનો મળે તે માટે પ્રયત્ન કરવા કહેતા અને તે જગ્યામાં રહેતા હરિભક્તોને તો પોતે જ કહેતા કે 'ઘર ખાલી કરીને આપી દ્યો. જમીન આપો. જે ઘર આપશે તેનાં સારાં ઘર થઈ જશે.'

પછી સ્વામીશ્રીએ કુરજીભાઈને કહેલું કે 'તમારાં બે ઘર આપો.'

એમણે તે જમીન પર સ્વામીશ્રીનાં પગલાં કરાવીને કહેલું કે 'બાપા ! આપી તો દઉં, પણ નવાં મકાન કરવાનો જોગ નથી.'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા અને તેમનાં નવાં મકાન થતાં જ કુરજીભાઈએ પોતાનાં બંને મકાનોનો બક્ષિસ દસ્તાવેજ સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્વામીશ્રી પણ ખૂબ જ પ્રસન્ન થયા.

આમ, ધીરે ધીરે જગ્યા વિસ્તરતી ગઈ. જો કે કેટલાક પટેલો આ જમીન વેચાણ આપવા પણ તૈયાર નહોતા, પરંતુ સ્વામીશ્રીના સંકલ્પ પ્રમાણે એક સુંદર, નાજુક મંદિરનાં મંડાણ જમીનની આવી કટોકટીના સમયે કરી દીધાં. સંકલ્પ શુભ હતો. વળી, સ્વામીશ્રીનું બળ હતું. તેથી આજુબાજુનાં સાઠ ઘરો પણ ધીરે ધીરે મળી ગયાં.

તમે આવી ગયા, અમને શાંતિ થઈ

ભાદરાથી સાંજે વિદાય લઈ, ગુણાતીતનગર રેલવે સ્ટેશને પગલાં કરી, સ્ટેશન વધુ સમૃદ્ધ બને એવો શુભ સંકલ્પ અને પ્રાર્થના કરી, રાજકોટ થઈ, લીંબડી જવા નીકળ્યા.

સાંજ પડી ગઈ હતી. માર્ગમાં વસ્તડી ગામના હરિભક્તો સ્વામીશ્રીને વસ્તડી લઈ જવા માટે આવ્યા હતા. અરુણભાઈ અનડાએ વાત કરી એટલે સ્વામીશ્રીએ મોટર ઊભી રખાવી. સૌ હરિભક્તો રસ્તા પર જ દંડવત્ કરવા લાગ્યા. અને એક દિવસ માટે વસ્તડી પધારવા ભાવભીનું આમંત્રણ આપવા લાગ્યા. સ્વામીશ્રી ઘણા વખતથી વસ્તડી પધાર્યા ન હતા, વળી સૌનો પ્રેમભાવ

અનેરો હતો.

સ્વામીશ્રીએ સૌને સાંત્વન આપ્યું : 'એક વાર જરૂર આવીશું.' પછી સેવક પાસે પ્રસાદ મગાવી સર્વે હરિભક્તોને વ્યક્તિગત પ્રસાદી આપી.

અહીં વસ્તડીના મુખ્ય બે હરિભક્તો જ નહીં આવેલા. સ્વામીશ્રીએ તેમને યાદ કરી, તેમના માટે પ્રસાદી આપી. ને કહ્યું : 'જય સ્વામિનારાયણ' કહેજો. ને કહેજો કે સ્વામી સંભારતા'તા.' એમ કહી લીંબડી જવા વિદાય લીધી.

બીજે દિવસે સવારે ૮-૦૦ વાગે જ વસ્તડીના આ બન્ને હરિભક્તો લીંબડી સ્વામીશ્રીનાં દર્શને આવી ગયા. રામજીભાઈ ખત્રીને ઘરે સ્વામીશ્રી બિરાજતા હતા, ત્યાં આવી દંડવત્ કરવા લાગ્યા.

સ્વામીશ્રી તેમને જોઈ હેતથી બોલ્યા : 'આવી ગયા ને ! મને એમ થાતું જ હતું - જરૂર આવશે.'

આવું હેત જોઈ હરિભક્તોની આંખો ભીની થઈ ગઈ ! તેમણે ક્ષમા માગતાં કહ્યું : 'બાપા ! કાલે સાંજે ન આવી શક્યા તે બદલ ક્ષમા કરશો. આપે યાદ કરીને પ્રસાદી મોકલી હતી...' આટલું બોલતાં જ તેમનો કંઠ રુંધાયો.

સ્વામીશ્રી સહજભાવે બોલી ઊઠ્યા : 'તો આજે દર્શન થઈ ગયાં. તમે આવી ગયા. અમને શાંતિ થઈ ગઈ !'

હરિભક્તોને મળવાની સ્વામીશ્રીની આતુરતા અત્યંત તીવ્ર હતી.

લીંબડીથી ચોકી, પાણશીણા થઈ, અડવાળ પધાર્યા.

અહીં તા. ૧૬ને સાંજે ગુણવંતભાઈ તથા યોગેશ્વર સ્વામીને પાસે બોલાવીને સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું કે 'બપોરે જૂનાગઢની સ્મૃતિ કરતો હતો. ત્યાં આંખ મળી ગઈ ને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. જૂનાગઢમાં ઉપર પારાયણ થતી હતી. અને ઘનશ્યામ મહારાજ હાર પહેરીને દર્શન દેતા હતા. તેજ તેજ છૂટતું હતું. મોટા મોટા સદ્‌ગુરુઓ હતા. બાલમુકુન્દદાસ સ્વામી, કૃષ્ણચરણદાસ સ્વામી, નારણદાસ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ બધા બિરાજતા હતા. પછી મને થયું : સભામંડપનાં તો દર્શન કરું. સભામંડપમાં ગયો તો ત્યાં પણ એવાં જ દર્શન થયાં. ઉપરની સભા જ નીચે, અક્ષરધામની જ સભા હતી. જૂનાગઢની સ્મૃતિથી બહુ ફાયદો થયો. પીપલાણામાં બે સ્વરૂપે દર્શન દીધાં તેવાં જ દર્શન થયાં. બપોરે ૩-૧૦ વાગ્યા સુધી દર્શન થયાં.' આમ, સ્મૃતિ આપી.

સાંજે જ જાળિયા, ધંધુકા થઈ, તા. ૧૮મીએ રાતે અમદાવાદ આવી પહોંચ્યા.

બીજે દિવસે સવારે સંસ્કૃત વિદ્યાભવનના મકાનનું તેમજ ભક્તિમાતા

હાઉસીંગ સોસાયટીનું ખાતમુર્હૂત કર્યું.

સાંજે સોમાભાઈ કે. પટેલના પ્રમુખપદે તથા ગુજરાત હાઈકૉર્ટના ન્યાયાધીશ બી.જે. દીવાનના મુખ્ય મહેમાનપદે, યુવક મંડળે વાર્ષિકોત્સવ મનાવ્યો. વિવિધ ભાષાના યુવકોનાં વક્તવ્યો બાદ દીવાન સાહેબે જણાવ્યું કે –

'આ યુવક મંડળોમાં જે સંસ્કારો અપાય છે તેને હું બિરદાવું છું. આ સંસ્કારો આપવાની જવાબદારી મા-બાપ અને શિક્ષકોની છે. સત્પુરુષ એ ત્રણેયને સંસ્કાર આપે છે.'

અંતમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા હતા. અમદાવાદ રેડિયો સ્ટેશનના ડિરેક્ટર ગીજુભાઈ વ્યાસ વિદેશ જતા હોવાથી, તેમને હારતોરા કરી વિદાય આપી હતી.

બ્રહ્મતેજના ઉજાસમાં સંશયોનું નિરસન

પ્રતિવર્ષ મુજબ હરિજયંતીનો મહોત્સવ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊજવાયો. અહીંથી એક દિવસ, પુષ્પાનંદજી મહારાજે ભાગવત પારાયણ યોજ્યું હતું એ નિમિત્તે સ્વામીશ્રી સંતમંડળ સહિત ઉનાવા પધાર્યા હતા.

અમદાવાદથી જેતલપુર થઈ, વસો પધાર્યા. અહીં તા. ૨૩મીએ સવારે વસોની શાળાના આચાર્યશ્રી રામભાઈ પટેલને ગામ તરફથી બહુમાન આપવા સમારંભ ગોઠવેલો. કાર્યકરોના ખાસ આગ્રહથી સ્વામીશ્રી પધાર્યા હતા. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈ, પુરવઠા પ્રધાન બાબુભાઈ પટેલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડોલરરાય માંકડ તથા અન્ય સામાજિક કાર્યકરો હાજર હતા. સ્વામીશ્રીનો ઉતારો મહેન્દ્ર બાપુની હવેલીએ હતો.

હિતેન્દ્રભાઈ તથા તેમનાં પત્ની ચુસ્ત આર્યસમાજી. સ્વામિનારાયણના સંતો સ્ત્રીનું મુખ ન જુએ, અને એક આસને સામે ન બેસે એ જાણી, તેમનાં ધર્મપત્નીને પ્રથમ તો આ વાત સ્ત્રી જાતિના અપમાન સમાન લાગી. તેમાં પણ તેમને સ્ત્રીઓની અલગ બેઠકમાં બેસવું પડે તે વધારે અપમાનજનક લાગ્યું. સંપ્રદાયના આ પાયાના સિદ્ધાંતમાં અને નિયમમાં કદી ફેરફાર થઈ શકે તેમ ન હતો, કેમ કે સ્વામીશ્રી નિયમપાલનના દૃઢ આગ્રહી હતા.

સ્વામીશ્રી સભામાં પધાર્યા. સ્વામીશ્રીની બ્રહ્મવાણી સાંભળીને હિતેન્દ્રભાઈ ડોલી ઊઠ્યા. પૃથ્વી પર આવી પરાવાણી કેવી રીતે સંભવે ! આવી દિવ્ય હાસ્ય ઝરતી - અંગેઅંગમાંથી દિવ્યતાની પ્રેમસરવાણી વહાવતી સ્વામીશ્રીની

પાપમોચની ગંગા સમાન કાયા તો બ્રહ્મધામની જ હોઈ શકે ! તેમને લાગ્યું કે મૃત્યુલોકમાં આજે આ પુરુષ મૃત્યુંજય છે.

સ્વામીશ્રીની મુલાકાત સ્ટેજ પર જ થઈ. મુખ્યમંત્રી બોલ્યા : 'સ્વામીજી ! અમદાવાદ પધારો ત્યારે મારું આગણું પાવન કરવા જરૂર પધારશો.'

અમૃત ભરેલાં વેણે સ્વામીશ્રીએ આમંત્રણ સ્વીકાર્યું.

સ્ત્રી-સ્વાતંત્ર્યનાં હિમાયતી પત્ની પણ સ્વામીશ્રીના તેજમાં અંજાયાં અને ગાંધીનગર ગયાં પછી સૌ પ્રથમ ભગવાન સ્વામિનારાયણનું કિશોરલાલ મશરૂવાળા લિખિત જીવન ચરિત્ર વાંચ્યું. તેમને સમજાયું કે ગુજરાતમાં બસો વર્ષ પહેલાં સહજાનંદ સ્વામીએ જ સ્ત્રી-સ્વાતંત્ર્યનું પ્રથમ કાર્ય કર્યું હતું.

સાંજે ડભાણ થઈ, મહેળાવમાં નારણભાઈના સુપુત્ર અચાનક ધામમાં જતાં તેમને આશ્વાસન આપી, બોચાસણ પધાર્યા.

સમજાશે ત્યારે માથું કૂટશે

ચૈત્રી પૂનમના સમૈયા ઉપર, અમૃત મહોત્સવનો મહિમા અને આ પ્રસંગે લાભ લેવા સૌને ભારપૂર્વક આમંત્રણ અપાયું. અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'આ વાતુંના કરનારા દુલભ છે. મનુષ્ય દેહ દુલભ છે. દેહ સાજો રહેવો એ પણ દુલભ છે. વાતુંના કરનારા ગુણાતીત સંત દુર્લભ છે. મનુષ્ય દેહ મળ્યો અને શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો તે મોટો લાભ થયો. કોઈને નહીં સમજાતું હોય તો મોડું સમજાશે. સમજાશે ત્યારે માથું કૂટશે. સાચી વસ્તુનો જ જય છે. ભલે પાંચ વર્ષ મોડું થાય. પિત્તળ ઉપર ગિલેટ લગાવ્યો હોય તે તો થોડા સમયે ઘસાઈ જાય ને પાછું પિત્તળ થઈ જાય; પણ સોનું હોય તે તો સોનું જ રહે. તેમા ફેર ન પડે.'

આમ, સત્સંગમાંથી નીકળી ગયેલા કેટલાક લોકો સોનાનો ગિલેટ દેખાડે, પણ અંતે પિત્તળ જ રહેશે ત્યારે માથું કૂટશે. એ સ્વામીશ્રીનો ભાવાર્થ હતો.

સાંજે ગ્રહણ હોવાથી ૩-૫૫ થી ૭-૩૦ સુધી ધૂન-ભજનનો કાર્યક્રમ રાખ્યો હતો. અમદાવાદના સુરેશ ભગત તથા હસમુખ ભગતે ભજનો ગાયા. મહંત સ્વામી, મેં તથા હકાભાઈએ કથાવાર્તા કરી. આ સમૈયામાં ૫,૦૦૦ ઉપરાંત હરિભક્તો હાજર રહ્યા હતા.

તા. ૨૭મીથી, સ્વામીશ્રીના સાન્નિધ્યમાં, હરિલીલાકલ્પતરુના ચતુર્થ

ભાગનું પારાયણ શરૂ થયું. તે પછી શાસ્ત્રીજી મહારાજના જીવન ચરિત્રનું પારાયણ કરવામા આવ્યુ હતુ.

અહીં અમદાવાદના ચંદ્રવદનભાઈ જાનીએ પોતાને એક સોસાયટીમાં સભ્ય થવા માટે મકાનનો નકશો મોકલ્યો હતો. તેનો જવાબ ગેરવલ્લે ગયો હતો. ફરી તેમનો કાગળ આવ્યો અને નકશો પણ મગાવ્યો હતો. સ્વામીશ્રીએ બધી પૂછપરછ કરી અને ગુણવંતભાઈને ખૂબ ઠપકો આપ્યો. એટલો બધો ઠપકો તેઓ સ્વામીશ્રીની સેવામાં પાંચ વર્ષથી રહ્યા છતાં કોઈ વખત આપ્યો ન હતો. કોઈક વાર સાધારણ ટોકે ખરા, પણ આજે તો ખૂબ વઢ્યા. તરત જ ગોંડલ હરભમજી બાપુને પત્ર લખીને નકશો અમદાવાદના સરનામે મોકલી આપવા જણાવ્યું. હરભમજી બાપુએ નકશો ફાઈલના પત્રોમાંથી ખોળીને ત્યાં મોકલી આપ્યો. પછી જ સ્વામીશ્રીને સંતોષ થયો. સ્વામીશ્રીની ચીવટ, ખંત, કાર્યદક્ષતા તથા હરિભક્તો પ્રત્યેના આત્મીયતાભર્યાં વર્તનની આવા પ્રસંગોમાં પ્રતીતિ થતી.

વર્તમાનકાળે સાધુ બનાવવાની રુચિ

સ્વામીશ્રી ઉપર કોઈ દ્વારા એક યુવકની માતાનો કાગળ આવ્યો કે 'તમે મારા દીકરાને જલદી મોકલી આપો. એને સાધુ બનાવવો નથી.' સ્વામીશ્રીએ તે યુવકને બોલાવ્યો ને તરત જ રજા આપી.

બીજા એક યુવકની માતાએ પોતાના બીજા પુત્ર સાથે પત્ર લખી મોકલ્યો કે 'તમે મારા પુત્રને સાધુ જરૂર બનાવો, પરંતુ તેને આપના જેવા સદ્‌ગુણ આપજો અને તે ઘરે કદીયે ન આવે તેવો વૈરાગ્ય આપજો.'

એ પત્ર વાંચીને સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન થઈ ગયા અને પેલો પત્ર લાવનાર યુવકને હેતથી ચાર ધબ્બા આપ્યા અને કહે : 'હું આશીર્વાદનો કાગળ લખી આપીશ. તમારા ભાઈને કાંઈ વાંધો નહિ આવે. તમારાં માતુશ્રીને કહેશો.'

સ્વામીશ્રી દરેકે દરેક યુવકને ગળામાં હાથ ફેરવે. કાનમાં આંગળી નાખે. હેત કરે. ધબ્બા મારે. એમ કરતાં કરતાં સાધુ થવાની વાત અને દૃઢતા કરાવે. સ્વામીશ્રીના સહવાસથી એક વાતની દૃઢ ખાતરી થતી કે સ્વામીશ્રીની તે સમયે રુચિ, રહસ્ય કે અભિપ્રાય જે કહો તે સાધુ બનાવવાનો હતો. જો કોઈ સાધુ બનાવવાના પ્રયત્નમાં સહકાર આપે તે સંત કે હરિભક્ત ઉપર પણ સ્વામીશ્રી અત્યંત રાજી થઈ જતા.

એક સાંજે વિદ્યાનગર છાત્રાલયમાં પધારી યુવકોને મળ્યા.

તા. ૧૬-૫-'૬૭, અમદાવાદ મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે અમદાવાદ આવ્યા ત્યારે પુરવઠા પ્રધાન બાબુભાઈ જશભાઈ તથા ડૉ. નાયક દર્શને આવ્યા હતા. આ દિવસે અમૃત મહોત્સવ નિમિત્તે એક પત્રકાર પરિષદ મંદિરમાં બોલાવવામાં આવી હતી. જેનું સંચાલન મણિભાઈ બ્રહ્મભટ્ટે કર્યું હતું. સ્વામીશ્રીએ સૌ પત્રકારોને આશીર્વાદ આપ્યા હતા.

રાત્રે સ્વામીશ્રી બોચાસણ પાછા પધાર્યા. અહીં શિક્ષણ પ્રધાન ગોરધનદાસ ચોખાવાલા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવી કૃતાર્થ થતાં તેમણે જણાવ્યું :

'આજે ધર્મને ટકાવી રાખવામાં યોગીજી મહારાજનો ફાળો ઘણો છે. તેમાંય એમણે વિદ્યાર્થીઓને જાગ્રત કર્યા છે, તેથી મને ઘણો આનંદ થાય છે.'

સ્વતંત્ર પક્ષના નેતા ભાઈકાકા સ્વામીશ્રીનાં દર્શન કરી ગયા.

તા. ૨૫મીએ સવારે લીંબડી, રાજકોટ થઈ, બીજે દિવસે ગોંડલ આવી પહોંચ્યા. મંદિરમાં બધે ફરી, સંતો તથા હરિભક્તોને અમૃત મહોત્સવનાં નાનાં-મોટાં કાર્યો અંગે દોરવણી આપી. રાત્રે સભામાં પદ્મશ્રી દુલાકાગ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

સહનશક્તિ રાખીએ તો સુખ મળે

ત્યારે સભામાં સ્વામીશ્રીએ સમૈયામાં હરિભક્તોનાં વર્તન અંગે વાતો કરતાં કહ્યું : 'આપણું ગોદડું, દાતણ બીજાને દઈ દઈએ. સહન કરવું. અગવડ-સગવડ વેઠી લેવી.'

વળી, જૂની સ્મૃતિ કરતાં કહે : 'અમે ચચાણે હતા. સારંગપુરમાં ફૂલદોલનો ઉત્સવ હતો. મંદિરમાં દાણો ન મળે. શંકર ભગતનો કાગળ આવ્યો : 'ઝોળી માગો.' દરબારોને અમે કીધું કે 'અમે ઝોળી માગવા આવશું. રાતે દળી રાખજો.'

'પછી ઝોળી બીજે દી' માગી. ઓગણીસ શેર ઘી, બે મણ ગોળ, બે મણ બંટી ને ૧૪ મણ લોટ થયો. ગાડું ભરી ચૌદશે સારંગપુર ગયા. કોઠારી રાજી થઈ ગયા. બે-ત્રણ મણનો કંસાર થયો. આ દશા અમારી હતી. માગી ખાવાની ! આમ, ગાદી-તકિયે બેસવાની નહોતી.

'લાઠીદડથી છાશ લાવીએ. નાગજી શેઠ ચાર આનાનું તેલ દઈ ગયા, પણ શેનો વઘાર કરવો ? શાક ન મળે ! કટોકટી ! માલ-મસાલા ઊડતા નહોતા. અત્યારે રામરાજ્ય ! ઘી-કેળાં છે. પહેલાં તો મહાઉપાધિ. ભૂખ અને

માર ખમવાના હતા. અત્યારે હરિભગત-સંતને દુઃખ નહીં.

'અત્યારે શબ્દ સહન કરવા તે દુઃખ ! ધુંબો મારે તોય સહન કરવું : 'વાંસો પ્રસાદીનો થયો.' સુખ લેવું હોય તો સહનશક્તિ રાખવી. હસી કાઢવું. જ્ઞાન પામવું. પાંચ દી' સમૈયો થશે, તેમાં સેવા કરશે તે શાસ્ત્રમાં લખાઈ જશે. ભીડો વેઠશે તે લખાશે. શાસ્ત્રીજી મહારાજ કામ કરી દેશે.

'સ્વામીના વખતે 'હું, તું ને રતનિયો.' એમ ઝોળી માગીએ. રોટલા અમે બનાવીએ, પીરસીએ અને વાતું અમે કરીએ ને સૂઈ જઈએ અમે ! એમ હોલસોલ વેપાર હતો.'

મહાસંતને પ્રભુ પ્રગટ પાસે રે

અહીં ગોવિંદસિંહ ચુડાસમા સાહેબને બંગલે પધરામણીએ ગયા. ગોંડલના ઘણા પ્રતિષ્ઠિત અમલદારો ઉપસ્થિત હતા. સ્વામીશ્રીએ મુક્તાનંદ સ્વામીનું પદ ડોલતાં ડોલતાં બ્રહ્મમસ્તીમાં ગાયું :

'હું ટળે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે;
મુક્તાનંદ મહાસંતને પ્રભુ પ્રગટ પાસ રે.'

આ છેલ્લી પંક્તિ અદ્‌ભુત રીતે નિરૂપી, ત્યારે ચુડાસમા સાહેબ એકદમ આભાર માનતાં બોલ્યા : 'મારો શાસ્ત્રોનો જે અભ્યાસ છે, તેમાં મેં એક જ લીટીનો એવો સાર કાઢ્યો છે કે 'અહંને મારો અને સૌમાં ઈશ્વરને નિહાળો.' આ પંક્તિનું જીવંત અને તાદૃશ્ય સ્વરૂપ સ્વામીશ્રી છે. જે કોઈને જોવું હોય તે પૂરી ખાત્રી કરીને જોઈ શકે છે. સ્વામીશ્રીની બ્રહ્મની અલમસ્તાઈ એ જ તેમની અહંશૂન્યતાની પારાશીશી છે. સ્વામીશ્રી જ્યાં જ્યાં જાય છે, ત્યાં કેવળ બ્રહ્માનંદની લહાણી કરે છે અને વિશ્વભરમાં સર્વ કોઈનાં અંતરમાં દિવ્ય શાંતિ પ્રસરાવી દે, એવા સમર્થ છે. આવું 'હું પદ' ટાળ્યું હોય તેવા સત્પુરુષમાં જ શ્રીજીમહારાજ વાસ કરીને રહે છે. એ મુક્તાનંદ સ્વામીનું કીર્તન સ્વામીશ્રીમાં વણાઈ ગયું છે.'

એ વખતે શહેરના સૌ પ્રતિષ્ઠિતો પણ સ્વામીશ્રીનો આ પ્રત્યક્ષ અનુભવ મળતાં કૃતકૃત્ય થયા. એવો અલૌકિકભાવ સર્વત્ર પ્રસરી ગયો.

તા. ૨૭મીએ રાતે ૯-૩૦ વાગે ભજન-કીર્તન બાદ વાતો કરી :

'આપણે અક્ષરપુરુષોત્તમના, સ્વામીના સાધુ થયા ને સ્વામીને લઈને સૌ પૂછે છે. ગઢડાથી એક દી' સાધુ સારંગપુર આવ્યા. કહે : 'ભાડું અપાવો.' પછી

સો રૂપિયા અપાવ્યા. અમને એમ કે 'ગુણ તો લેશે !' પછી અમે ગઢડા ગયા, તો એ જ સાધુએ ગઢડા મારો રૂમાલ (પાઘ) ખેંચીને પાડ્યા હેઠા. તેને સો રૂપિયા આપેલા... પણ એવું ! ભલે, પણ કોઈ ગુણ લઈને જાય એવી ક્રિયા કરવી.'

આશીર્વાદની આપ-લે

આ સમયે આણંદના બાવાજીભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી : 'બાપજી ! કૂવામાં પાણી નથી, તેથી આશીર્વાદ લેવા આવ્યો છું. બોરિંગ કરવાનું છે, પણ આપના આશીર્વાદ લીધા પછી અને આપ આણંદ પધારવાના હો ત્યારે આપના હાથે જ મુહૂર્ત કરાવવું છે.'

સ્વામીશ્રીને બાવાજીભાઈ સાથે હેત બહુ, તેથી હસતાં હસતાં કહે : 'અમારે ગોંડલમાં પાણી નથી, તેનું કેમ કરવું ? ચાલો આપણે કૂવા પર જઈએ.'

પાછળ વાડીમાં કૂવા પર પથરા પડ્યા હતા. તે બતાવીને સ્વામીશ્રી કહે : 'આટલા બધા પથરા નીકળ્યા તોય કૂવામાંથી પાણી આવતું નથી. હવે તો તમે દૃષ્ટિ કરો, તો પાણી થાય !'

આ સાંભળી સૌ હસી પડ્યા. બાવાજીભાઈને પણ ઘણું હસવું આવ્યું. તેમના મનમાં થયું કે 'હું પાણી માટે આશીર્વાદ લેવા આવ્યો અને અહીં તો સ્વામીશ્રી જ મનુષ્ય ચરિત્ર કરે છે !' આશીર્વાદ લેવા આવેલાની પાસે આશીર્વાદ માગવા એ કેવી વાત !

પરંતુ સ્વામીશ્રી તો હસતા જાય અને બાવાજીભાઈને પાણીની મુશ્કેલીની વાતો કરતા જાય. પછી અક્ષર દેરીમાં લઈ ગયા અને ગુલાબનાં બે પુષ્પો ચરણારવિંદ ઉપરથી લઈને તેમને આપ્યાં. પછી કહે : 'આ પુષ્પો કૂવામાં નાખજો. જે સ્થળે કૂવામાં પડે ત્યાં સ્વામીના આશીર્વાદથી પાણી થશે.'

બાવાજીભાઈએ આ પહેલાં પણ ૧૧૦ ફૂટ ઊંડો બોર કરાવ્યો હતો, પણ તે બંધ થઈ ગયો હતો. પછી આ પ્રસાદીનાં પુષ્પો નાખ્યાં. તે જે જગ્યાએ પડ્યાં તે જ સ્થાને તેમણે ફરી બોર કરાવ્યો. અને ફક્ત ૬૦ ફૂટે જ પુષ્કળ પાણી થયું.

થોડા જ દિવસોમાં બાવાજીભાઈ ઉપર સ્વામીશ્રીનો પત્ર આવ્યો કે 'તમે ગોંડલના કૂવામાં દૃષ્ટિ કરી હતી તે કૂવામાં અમારે ઘણું પાણી થયું છે. તમારે પણ ઘણું પાણી બોરમાં થઈ ગયું હશે.'

સ્વામીશ્રીની આવી અદ્‌ભુત લીલા બાવાજીભાઈના જીવનમાં ચિરસ્મરણીય બની ગઈ.

અહીં અમૃત મહોત્સવની તૈયારી ચાલતી હતી. તેનું નિરીક્ષણ કરવા સ્વામીશ્રી સભાસ્થળે આવી પહોંચ્યા. અહીં વિશાળ સભામંચ અને સુશોભિત સિંહાસનો તૈયાર થઈ રહ્યાં હતાં. કોઈએ કહ્યું કે 'અહીં આ સિંહાસન ઉપર આપને બેસવાનું છે.'

એ આસન જોઈ સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'અહીં આપણાથી ન બેસાય. અહીં તો ઠાકોરજીને બેસાડાય.'

'બાપા ! ઠાકોરજીને માટે તો એથી પણ સરસ જુદું આસન છે.' કોઈએ જણાવ્યું.

'તો ઠીક ભાઈસા'બ.' લાક્ષણિક શબ્દોમાં સ્વામીશ્રીએ હાશ વ્યક્ત કરી.

ઠાકોરજી વગર એમના જીવનમાં કશું જ અધિક નથી - એ પરાભક્તિનો દાસત્વભાવ પ્રત્યેક પ્રસંગે સ્વામીશ્રીના ચરિત્રમાંથી વ્યક્ત થતો.

તા. ૩૦મીએ રાજકોટમાં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડોલરરાય માંકડ, જેઠાભાઈ પટેલ વગેરે શહેરના અગ્રણીઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

બીજે દિવસે સવારે ૪-૫૫ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે : 'ધાર્યું નહોતું તેવું મંદિર રાજકોટમાં થઈ ગયું. લંડનમાં હજી થતું નથી. મરણિયો થાય તો માલ નીકળે.'

'બાપા ! આપ લંડન પધારો તો થાય.' લંડનના એક ભક્તે કહ્યું.

'લંડન આવવાની વાત પછી. પહેલાં મકાન લઈ લ્યો ! ઊઠીને મંડી પડે તો ઠેકાણું પડે.' સ્વામીશ્રીએ જણાવ્યું. આમ, અચાનક નીકળતા ઉદ્‌ગારોથી કેટલીક વાર સ્વામીશ્રી પોતાની ઇચ્છા વ્યક્ત કરતા.

❀ ❀ ❀



અમૃત મહોત્સવ

મુંબઈથી સો જેટલા હરિભક્તો ટ્રેનમાં તા. ૩૧-૫-'૬૭ના રોજ ગોંડલ આવવાના હતા. રાજકોટ સ્ટેશન પર સ્થાનિક સત્સગ મંડળ તરફથી સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર તેમનું સ્વાગત કરી, ઉકાળા-પાણી કરાવ્યાં.

હરિભક્તો એકબીજાનો અંતરથી મહિમા સમજે, એકબીજાને બોલાવે, રમાડે-જમાડે વગેરે સ્વામીશ્રીને બહુ જ ગમતું. હરિભક્તો પરસ્પર એકબીજાને આત્મીયતાથી જુએ અને સ્નેહ રાખે, તે માટે સ્વામીશ્રી આવા પ્રયાસો કરતા અને જ્ઞાનના વ્યવહારુ પાઠો સૌને શીખવતા. કથાવાર્તા અને ઉપદેશમાં પરસ્પર પ્રીતિ રાખવાનું અનેક વાર સાંભળ્યા છતાં, એનો અમલ કરવો એ એક દુષ્કર પ્રયોગ છે. સ્વાભાવિક પ્રકૃતિથી અથડાતા સૌ કોઈ અંતરથી તો ઘણી વાર એકબીજાથી ઘણા જ છેટા રહેતા હોય છે, પણ સ્વામીશ્રી જ્ઞાનનો લક્ષ્યાર્થ સૌને સિદ્ધ કરાવતા.

આફ્રિકાથી અમૃત મહોત્સવમાં ભાગ લેવા આવી રહેલા ૩૫૦ જેટલા હરિભક્તો તા. ૩૧મીએ બેડીબંદર (જામનગર) ઊતરતા હોવાથી, સ્વામીશ્રી તેમને મળવા માટે ખાસ રાજકોટથી જામનગર પધાર્યા.

એ.પી. પટેલ, રવિભાઈ પંડ્યા, ભટેસા, ગિરધરભાઈ, વૃન્દાવનભાઈ વગેરે આફ્રિકાના અગ્રગણ્ય હરિભક્તો સાથે હતા. સ્વામીશ્રીનો ઉતારો જામનગરના પ્રતિષ્ઠિત નાગરિક અને ભાવિક ભક્ત શેઠ હરજીવનદાસ બારદાનવાલાને ત્યાં રાખ્યો હતો. સ્થાનિક સત્સંગ મંડળ તથા બારદાનવાળા શેઠે સ્વામીશ્રીનું હારતોરાથી ભવ્ય સ્વાગત કર્યું.

તા. ૧-૬-'૬૭ના સવારે મંગળ પ્રવચન વખતે આફ્રિકાથી પધારેલા ઘણાખરા હરિભક્તો દર્શને આવ્યા. સ્વામીશ્રી બધાને વ્યક્તિગત રીતે ખૂબ જ પ્રેમથી મળ્યા. ખબરઅંતર પૂછ્યાં અને જ્ઞાનવાતો કરાવી આનંદ કરાવ્યો. કલેક્ટર તથા પૉર્ટ ઑફિસર વગેરે જામનગરના અમલદારો પણ સ્વામીશ્રીનાં

દર્શને આવ્યા હતા.

આફ્રિકાના હરિભક્તોનો ઉતારો લોહાણા બૉર્ડિંગમાં હતો. બપોરે ભોજન સમયે સ્વામીશ્રી હરિભક્તોને મળવા બૉર્ડિંગમાં આવ્યા અને સૌ ભોજન કરવા બેઠા હતા ત્યારે દર્શન આપી, ખૂબ જ પ્રેમથી જમાડી રાજી કર્યા.

સાંજે સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, તળાવ ઉપર પ્રસાદીના વડે દર્શન કર્યાં અને પ્રદક્ષિણા કરી. આ વડ નીચે સદ્ગુરુ સ્વરૂપાનંદ સ્વામી વગેરે સંતો રહેતા અને બાજુના તળાવમાંથી લીલની પોપડી ખાઈને ભજન કરતા. સ્વામીશ્રીએ ભાસ્કરભાઈને આ વડના ઓટા ઉપર તકતી ચોંટાડવા સૂચના કરી. રાજકોટ આવી પહોંચ્યા.

મહોત્સવ સ્થળે સ્વામીશ્રીનું સ્વાગત

બાદ સાંજે ૫-૪૫ વાગે રાજકોટથી નીકળ્યા. ગોંડલ જતાં કારમાં સ્વામીશ્રી નારાયણ ભગતને કહે : 'કીર્તનો ગાવ.' ત્યારે, *'હું તો જાઈશ ગિરધર'*, એ કીર્તન ગાયું. સ્વામીશ્રી આ સાંભળી બહુ રાજી થયા ને કહે : 'આજે તો મૂર્તિનાં કીર્તનો ગાવ.'

સંતોએ *'સર્વે સખી જીવન જોવા....'* ગાયું, ત્યાં ૬-૪૫ વાગે ગોંડલ આશાપુરા આગળ પધાર્યા. અહીં પ્રમુખસ્વામી તથા સંતો-હરિભક્તો સ્વામીશ્રીના સામૈયા માટે સામે આવ્યા હતા.

શહેરમાં દાખલ થતાં ભવ્ય પ્રવેશદ્વાર નીચે સ્વામીશ્રીને ઊભા રાખી, પ્રમુખસ્વામી તથા મુખ્ય હરિભક્તોએ હારતોરા કર્યા. મુંબઈથી આવેલા ફિલ્મ ડાયરેક્ટર બાબુભાઈ મિસ્ત્રી આ પ્રસંગે ખાસ ફિલમ લઈ રહ્યા હતા. સ્વામીશ્રીને ખુલ્લી જીપમાં ઊભા રાખી, મંદિર તરફ સ્વાગતયાત્રા નીકળી; પણ સ્વામીશ્રી થાકી ગયા એટલે ખુરશીમાં બેસી ગયા. અસંખ્ય હરિભક્તો દર્શને ઊમટ્યા હતા. મંદિરમાં તસુ જેટલી પણ જગ્યા ન હતી.

સ્વામીશ્રી મંદિરે પધારી, દેરીએ તથા ઠાકોરજીનાં દર્શન કરી, સભામાં પધાર્યા. પ્રથમ આશીર્વાદ આપતાં જણાવ્યું : 'આ શાસ્ત્રીજી મહારાજની જયંતી છે. માટે ગુરુજયંતીનો બધાએ લાભ લેવો.'

મહોત્સવની ભૂમિકા

અક્ષર અને પુરુષોત્તમ, બ્રહ્મ અને પરબ્રહ્મ, આત્મા અને પરમાત્મા એ

સનાતન શુદ્ધ સ્વરૂપોની ઉપાસનાનું પ્રવર્તન કરનાર બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દી મહોત્સવ અઢી વર્ષ પહેલાં અટલાદરામાં ખૂબ જ ભવ્યતાપૂર્વક ઊજવાયો. એ પ્રસંગથી સમગ્ર ભારતમાં અને પરદેશમાં પણ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનાં કાર્યની ને મહત્તાની સહુને ઝાંખી થઈ. એ બધોય યશ સ્વામીશ્રીને આભારી જ હતો. શતાબ્દી મહોત્સવને સંપૂર્ણ રીતે સફળ બનાવવા એમણે અવિરત વિચરણ કર્યું. સત્સંગ સમાજમાં જાગૃતિ આણી. હરિભક્તોને તન, મન અને ધનથી સેવા કરવા ઉત્સાહિત કર્યા. આમ, ગુરુભક્તિનું અજોડ દૃષ્ટાંત પૂરું પાડીને, ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે આલેખી શકાય તેવો તે મહોત્સવ ઊજવ્યો.

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે આ પૃથ્વી ઉપર પ્રગટ થઈ, સત્સંગ સમાજ માટે જે કર્યું, જે રીતે શુદ્ધ ઉપાસના, આજ્ઞા, સદ્‌ભાવ અને પક્ષ દૃઢ રાખી જીવન જીવી, સંતો અને હરિભક્તોને સાચા અર્થમાં સત્સંગ સમજાવી પ્રેરણા આપી, તેનું ઋણ તો હજારો જન્મ સુધી આપણે સહુ સંતો-હરિભક્તો ભેગા મળીએ તોપણ વાળી શકીએ તેમ નથી. તેમ છતાં એમના પ્રત્યેની ગુરુભક્તિ અદા કરવા આપણે કંઈક તો કરવું જ જોઈએ. અનંત મુમુક્ષુઓને આવા પુરુષની ઓળખાણ કરાવવી ને તેમનો સંબંધ કરાવવો, એના જેવી બીજી કોઈ સેવા નથી. એવી વિશિષ્ટ ભાવનાઓ અમૃત મહોત્સવના ભવ્ય આયોજન પાછળ હતી.

નીતિશાસ્ત્રમાં કહ્યું છે : *પ્રત્યક્ષે ગુરવઃ સ્તુત્યાઃ પરોક્ષે મિત્રબાન્ધવાઃ ।* ગુરુજનોનાં ગુણગાન તો એમની હાજરીમાં જ ગાવાં. એ સિદ્ધાંતને લક્ષમાં રાખી, એમની સેવાનો લાભ સહુ કોઈને પ્રાપ્ત થાય તે માટે એમની જન્મ જયંતી ઊજવવી, એવો પ્રસ્તાવ આફ્રિકાના હરિભક્તોએ મૂક્યો અને સહુએ તે માન્ય કર્યો.

આફ્રિકાના હરિભક્તોની ઈચ્છા એવી હતી કે 'આ મહોત્સવ આફ્રિકામાં ઊજવવો,' પણ અનિવાર્ય સંજોગોને કારણે સહુએ નક્કી કર્યું કે દેશમાં જ મહોત્સવ ઊજવવો.

આમ, સ્વામીશ્રીની ૭૬મી જન્મ જયંતીનાં પગરણ મંડાયાં. પવનવેગે દેશ તથા પરદેશમાં સત્સંગીઓના કાને આ વાત પહોંચી ગઈ.

ઑગસ્ટ ૧૯૬૬માં અટલાદરામાં પ્રમુખસ્વામીની નિશ્રા હેઠળ દેશના અગ્રગણ્ય સત્સંગીઓ ભેગા મળ્યા અને તે અંગેના આયોજનની વિચારણાની

શરૂઆત થઈ. આ અગ્રણી સત્સંગીઓની બીજી સભા સુરતમાં બોલાવી અને 'મહોત્સવ સમિતિ'ની રચના કરવામાં આવી.

મહોત્સવના સ્થળ અંગે ઘણી ચર્ચા ચાલી. મોટાસ્વામીની ઘણી ઇચ્છા હતી કે અમૃત મહોત્સવ અટલાદરામાં જ ઊજવાવો જોઈએ. કેમ કે સૌરાષ્ટ્રમાં બધે જ પાણીની તંગી અંગે ખૂબ જ મોટી સમસ્યા હતી.

પરંતુ પ્રમુખસ્વામીને ખ્યાલ હતો જ કે સ્વામીશ્રીની ઇચ્છા છે કે આ ઉત્સવ ગોંડળમાં જ થવો જોઈએ.

મિટિંગમાં અનેક વાર આ જ બાબત પર આવીને નિર્ણય અટકતો હતો કે 'ગોંડળમાં પાણીનું શું કરીશું ? અને લાખો ભક્તો પધારે, તેમની સગવડ નહીં સાચવી શકાય તો શું થશે ?'

પરતુ પ્રમુખસ્વામીએ મિટિંગને એક જ નિર્ણયથી વળાંક આપી દીધો અને દૃઢતાથી કહેવા લાગ્યા : 'યોગીબાપાની ઇચ્છા છે કે ગોંડળમાં કરવું છે. તો પાણીની વ્યવસ્થા પણ એ જ કરશે. આપણે સેવા કરી લેવાની છે. ને એમને રાજી કરવા છે તો ગમે ત્યાંથી પાણી લાવીશું, પણ હવે ગોંડળ સિવાય આ ઉત્સવ ક્યાંય કરવો નથી !'

પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિસભર વાણી સાંભળી સૌ સંમત થઈ ગયા. અને સ્વામીશ્રીએ પણ અપાર રાજીપો વરસાવ્યો.

અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષ તરીકે પ્રમુખસ્વામીની સૌએ વરણી કરી. એમની સાથે મંત્રીઓમાં હર્ષદભાઈ દવે તથા મણિભાઈ બ્રહ્મભટ્ટ અને ખજાનચી તરીકે ચંદ્રકાંતભાઈ ત્રિવેદી તથા મહેન્દ્રભાઈ દેસાઈ નિયુક્ત થયા. મહંત સ્વામી, કોઠારી હરિજીવનદાસ તથા બાળમુકુંદ સ્વામી વગેરે મળીને દેશ-પરદેશના ૪૭ સભ્યોની મુખ્ય સમિતિ પણ સાથે રચવામાં આવી. અને સ્વામીશ્રીની ૭૬મી જન્મ જયંતીનું નામ 'અમૃત મહોત્સવ' રાખવું, એવું સર્વાનુમતે નક્કી થયું.

'અમૃત' નામકરણની વિભાવના

'અમૃત' શબ્દ અક્ષરબ્રહ્મનો પર્યાયવાચક છે. *તદ્ બ્રહ્મ તદમૃતં સ આત્મા ।* એ બ્રહ્મ છે, અમર છે, આત્મા છે. (છાંદોગ્ય : ૮-૧૪-૧). *'અમૃતાક્ષરમ્'* - અક્ષરબ્રહ્મ 'અમૃત' નામથી ઓળખાય છે. સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામીએ પણ ગાયું છે કે *'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ.'* એ અમૃતપદ-અક્ષરપદ એ જ

આપણું નિશાન છે. એ જ આપણું અંતિમ ધ્યેય ને લક્ષ્ય છે. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના કરવી એ શ્રીજીમહારાજના ઉપદેશનું હાર્દ છે. *તદમૃતં તદ્ બોદ્ધવ્યમ્ ।* (મુંડક : ૨-૨-૨).

સ્વામીશ્રી તો અક્ષરરૂપ છે. અને તેઓના યોગમાં આવનાર સહુને એ અમરપદના અધિકારી બનાવવા એ જ એક સત્ય સંકલ્પ સિદ્ધ કરવા માટેનું એમનું જીવન હતું. એટલે સ્વામીશ્રીની જન્મ જયંતી એ અમૃતત્ત્વ પ્રાપ્ત કરવાનું અગત્યનું સોપાન બની રહે, તેથી જ અક્ષરસ્વરૂપ સદ્‌ગુરુવર્ય સ્વામીશ્રીની જન્મ જયંતીને 'અમૃત મહોત્સવ' એ નામ આપ્યું તે સાર્થક જ રહ્યું.

સ્વામીશ્રી યોગીજી મહારાજે ગોંડલ - અક્ષર મંદિરના મહંત તરીકે ૪૦ વર્ષ સુધી સતત સેવા કરી, અક્ષરપુરુષોત્તમનો વિજયધ્વજ સર્વત્ર ફરકાવ્યો. વળી, ગોંડલ તો અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું સમાધિ સ્થાન. આવા પવિત્ર સ્થળને આ મહોત્સવના સ્થાન તરીકે નક્કી કરવામાં આવ્યું.

પ્રમુખસ્વામી આયોજનમાં પ્રાણ રેડે છે

ગુરુવર્યને ભક્તિપૂર્ણ અંજલિ અર્પવા પ્રમુખસ્વામીએ પોતાના દેહની પરવા તજીને આ મહોત્સવ અલૌકિક ઊજવાય તેને માટે કમર કસી. સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયતને કારણે તા. ૧૫-૧૨-'૬૬ થી તા. ૧૦-૩-'૬૭ સુધી ૮૫ દિવસમાં ગુજરાતનાં ગામોમાં વિચર્યા. જેમાં કાનમ વિસ્તારમાં ૪૯ દિવસમાં ૯૨ ગામડાંઓ ફરી, સરેરાશ ૮૦ થી ૯૦ હરિભક્તોને ત્યાં પધરામણીઓ કરીને સેવામાં જોડ્યા. સવારથી વિચરણ અને પધરામણી શરૂ થાય તે બપોરે ૨-૦૦ વાગ્યા સુધી ! પછી જમીને તરત જ નીકળે તે રાતે ૧૦-૦૦ વાગ્યા સુધી. ટ્રેન, બસ કે ગાડાં, જે વાહનો મળ્યાં તેનો ઉપયોગ કરી લીધો.

એ પછી કેવળ ૩૬ દિવસમાં ચરોતરનાં ૯૪ ગામડાં ફરી, ગુરુભક્તિનું અજોડ દર્શન કરાવ્યું. ખાવા-પીવાની કે આરામની કોઈ જ નિશ્ચિતતા વગર વિચરણ કર્યું હતું.

સ્વામીશ્રીની જેમ જ ઠેર ઠેર સૌએ એમનું સ્વાગત કર્યું. અને એમનો પડતો બોલ ઝીલી લીધો. એમની સાથે વિચરણમાં બોચાસણના નારાયણ સ્વામી, દેવચરણ સ્વામી, ભક્તિપ્રસાદ સ્વામી, પ્રગટ ભગત, હકાભાઈ, મણિભાઈ ભટ્ટ, એ.પી. પટેલ, અંબાલાલ ભગત, કવિ શામળ ભગત વગેરે રહેતા.

મહોત્સવની પૂર્વ તૈયારીરૂપે પ્રમુખસ્વામી ગોંડલમાં સતત ત્રણ માસ

રોકાયા. દોઢ લાખ હરિભક્તોની વ્યવસ્થાની તમામ જવાબદારી પ્રમુખસ્વામીના શિરે હતી. જમવામાં ક્યારેક બપોરે ૪ વાગે કે રાતે ૧૧ પણ થઈ જાય !

પ્રમુખસ્વામીએ એક વાર[૧૬] એ સેવાની સ્મૃતિ કરતાં કહેલું : 'ગમે તેવા ઉજાગરા થયા, પણ માથું સરખુંય દુખ્યું નથી. ગોંડલમાં તો સૂતો જ નથી. હજુ સૂતો ન હોઉં ત્યાં ઊભો કર્યો જ હોય ! ખાવા બેઠો ને ઊભો કર્યો ! જવાબદારી બધી જ માથે, પણ (દેહમાં) શક્તિ હતી એટલે વાંધો ન આવ્યો... સ્વામીની દયાથી કોઈ જાતનો થાક કે બીમારી કશું જ થયું નથી.'

આ સાથે આફ્રિકામાં આર.યુ. પટેલ, ભટેસા, દાસ ભક્ત, ત્રિભોવનદાસ, રવિભાઈ પંડ્યા, સી.ટી. પટેલ, સી.એમ. પટેલ વગેરે હરિભક્તોએ વિચરણ કરી, અમૃત મહોત્સવનો ખૂબ જ પ્રચાર કર્યો.

પૂર્વ તૈયારીઓ

અમૃત મહોત્સવની સમિતિની એક મિટિંગ ગોંડલમાં યોજાઈ. જેમાં વિવિધ પેટા સમિતિઓ રચાઈ. અને સૌએ કાર્યો શરૂ કરી દીધાં. દરેક કાર્યકર્તા કેવળ સ્વામીશ્રીને રાજી કરવાના હેતુથી જ પોતપોતાનાં કાર્યમાં જોડાઈ ગયા. અનેકવિધ મુશ્કેલીઓ આવવા છતાં દરેક વિભાગમાં નાનાં-મોટાં દરેક કામ એક પછી એક ખૂબ જ સરળ રીતે ઉકેલાતાં ગયાં. મહારાજ, સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજ આ મહોત્સવના દરેક ક્ષેત્રમાં દિવ્ય રીતે સહાય કરતા હોય એમ સર્વને અનુભવ થતો હતો.

આ પ્રસંગે અસંખ્ય હરિભક્તો ગોંડલ પધારે, અક્ષર દેરીનાં દર્શન કરે, દરેકની સુખ-સગવડ સચવાય, એ હેતુથી સ્વામીશ્રીએ આ મહોત્સવનાં દરેકે દરેક કાર્યમાં શરૂઆતથી અંત સુધી સર્વ પ્રકારની દોરવણી આપી હતી. તેમજ સંતો તથા હરિભક્તોને તન, મન અને ધનથી સેવા કરવા પ્રેરણા આપી હતી. પત્રો દ્વારા હંમેશાં સૌને માર્ગદર્શન અને બળ આપતા. આમ, એમની સતત પ્રેરણા અને દોરવણી એ મહોત્સવની સફળતામાં મૂળ કારણભૂત હતાં.

બાળમુકુંદ સ્વામી, મહંત સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામી વગેરે સંતો પ્રમુખસ્વામીની દોરવણી પ્રમાણે, આયોજન મુજબ સેવામાં જોડાઈ ગયા હતા. મુંબઈના નિષ્ણાત ફિલ્મ આર્ટ ડાયરેક્ટર બાબુભાઈ મિસ્ત્રીએ તેમના સ્ટાફ સાથે સુંદર રથ, સ્ટેજ ડેકોરેશન તથા ભવ્ય પ્રવેશદ્વારોનું કામ એક

---

૧૬. સને ૧૯૮૬માં સ્વામીશ્રીએ આ વાત કરી હતી.

મહિના અગાઉ શરૂ કરી દીધું હતું. હર્ષદભાઈ દવે, બકુભાઈ અમીન, મહેન્દ્રભાઈ દેસાઈ, હરિકૃષ્ણ પટેલ, ચુનીલાલ ચાતુર્વેદી વગેરે હરિભક્તોએ અગાઉથી ગોંડલ આવી, વિવિધ સેવા ઉપાડી લીધી હતી.

બળવંતરાય બ્રહ્મભટ્ટે ૬ મહિના અગાઉથી સત્સંગ કેન્દ્રોમાં પત્રો લખી, ૩,૫૦૦ સ્વયંસેવકો તૈયાર કર્યા અને યોગ્યતા અનુસાર કાર્યની વહેંચણી કરી દીધી હતી. કાશીકાકા તથા રસોડા સમિતિએ અગાઉથી જરૂરી સીધું એકઠું કરી, વાસણ વગેરેની સંપૂર્ણ વ્યવસ્થા કરી દીધી.

'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' દ્વારા તથા અન્ય દૈનિક પત્રો દ્વારા ગામે ગામ મહોત્સવની પૂર્વ તૈયારીઓના સમાચાર પહોંચી ગયા હતા. ક્યારે ૩જી જૂન આવે અને ગોંડલ જઈએ, એમ એક જ અવાજ દરેક ઠેકાણે સંભળાતો. કેટલાંક ગામનાં સત્સંગ મંડળોએ સ્પેશિયલ બસની તો કેટલાકે રેલવેમાં રિઝર્વ્ડ ડબ્બાની ગોઠવણ કરી હતી. અમદાવાદથી એક સ્પેશિયલ ટ્રેનની પણ જોગવાઈ થઈ ગઈ હતી.

અમૃત મહોત્સવ પ્રસંગે પ્રકાશિત થનારા સુંદર ગ્રંથોની તૈયારી હું તથા સત્યપ્રિય સ્વામી છેલ્લા ૧૮ મહિનાથી કરી રહ્યા હતા. મહોત્સવ પહેલાં બધા જ ગ્રંથો તૈયાર કરી દીધા. સાથે સાથે પ્રદર્શન માટે વિવિધ ફોટાઓ, ચિત્રો વગેરે પણ તૈયાર કરી દીધાં હતાં.

એક લાખથી વધુ હરિભક્તોના ઉતારા માટે ગામની શાળાઓ તથા કૉલેજો વગેરે બની શકે તેટલા બધા ઉતારા સમિતિએ મેળવી લીધા હતા.

પાણીની તંગી ખૂબ જ હોવા છતાં, ૪,૦૦૦ ફૂટ સ્પેશિયલ પાઈપ લાઈન તૈયાર કરી, અક્ષર ઘાટના કુંડ નાહવા માટે પાણીથી ભરી દીધા. પીવા માટે ટાંકીઓમાં પાણી ભરી, લોરી દ્વારા પાણી પૂરું પાડવાની જોગવાઈ કરી દીધી હતી.

તા. ૨જીએ સાંજે સ્વામીશ્રી રાજકોટથી પધાર્યા. પ્રમુખસ્વામીએ 'અમૃત મહોત્સવ સમિતિ' વતી પટેલ બોર્ડિંગ પાસે બૅન્ડ-વાજાં તથા હારતોરાથી સ્વામીશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. અને ખુલ્લી મોટરમાં સ્વામીશ્રીને પધરાવી, ધૂન-ભજન કરતાં મંદિરે આવ્યા. મંદિરના સભાખંડમાં સભા ભરાઈ. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીનું સ્વાગત કરતાં પ્રવચન કર્યું અને સ્વયંસેવકોને પોતપોતાને સોંપેલાં કાર્યમાં જોડાઈ જવા ઉદ્‌ઘોષ કર્યો. સ્વામીશ્રીના આગમનથી સહુમાં નવીન ચેતનાનો સંચાર થયો અને સર્વત્ર દિવ્યતા પથરાઈ ગઈ. હરિભક્તોના સમૂહો

ચારે દિશાઓમાંથી ઊમટવા લાગ્યા અને અક્ષર મંદિરની આસપાસ એક મોટું નગર વસી ગયું.

વિશિષ્ટ રચનાઓ

રામચરણ સ્વામી તથા સુમનભાઈ વિશ્વકર્માએ જુદી જુદી જગ્યાએ મળી મંડપ માટે ૩૫ એકર જમીનની માપણી કરી હતી. અક્ષર મંદિરમાં સુંદર રંગકામ કરાવી, રંગબેરંગી લાઈટોથી સુશોભન કરવામાં આવ્યું હતું. અક્ષર દેરીના સર્વ સ્થંભો આરસથી મઢી લીધા હતા. મંદિરના પ્રવેશદ્વાર ઉપર એક સુંદર દરવાજો ઊભો કર્યો હતો. મંદિરના દક્ષિણ ભાગના ઉતારાની પાછળ એક યજ્ઞમંડપ તથા હરિભક્તોને બેસવા-ઊઠવા માટે બીજો મંડપ પણ બાંધ્યો હતો. મણિભાઈ તથા દેવજીભાઈ નાનાણીએ મંડપ તૈયાર કરવામાં ખૂબ જ સેવા આપી હતી.

મંદિરની ઉત્તર દિશામાં ગૌશાળા પાસે એક એકર જેટલી જગ્યામાં મંડપ બાંધી પાઠશાળા ઊભી કરવામાં આવી હતી.

પાઠશાળાની પશ્ચિમ બાજુના વિશાળ ખેતરમાં એક સાથે ૩૦,૦૦૦ જેટલા હરિભક્તો ભોજન લઈ શકે એવો વિશાળ મંડપ બાંધ્યો હતો. 'નૈમિષારણ્ય ગુરુકુલ'ની બાજુમાં એક એકર જેટલી જમીનમાં વિશિષ્ટ પ્રકારનો મંડપ બાંધી, 'અમૃત નિકુંજ' નામે પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

અમૃત નિકુંજથી પશ્ચિમ દિશાએ ૨ એકર જેટલી જમીનમાં ૧૩૫ ઓરડીવાળો એક સ્વયંસેવક કૅમ્પ - 'યજ્ઞપુરુષ નગર' ઊભું કર્યું હતું.

નૈમિષારણ્યની ઉત્તર દિશાએ દોઢ લાખથી વધુ હરિભક્તો બેસી શકે એવો એક વિશાળ સભામંડપ લાઇટ તથા લાઉડ સ્પીકરની સુંદર વ્યવસ્થા સાથે બાંધ્યો હતો. સભામંડપના પ્રવેશમાં જ એક વિશાળ અને ભવ્ય સુશોભિત ત્રિદ્વારી દરવાજો ઊભો કર્યો હતો. દરવાજામાં બે ઝરુખા ગોઠવ્યા હતા. તેમાં રાત-દિવસ નોબતો વગાડવામાં આવતી. દરવાજાઓથી સ્ટેજ સુધી ૪૦ ફૂટ પહોળો રસ્તો રાખ્યો હતો. સંપ્રદાયની મર્યાદા સંપૂર્ણ રીતે સચવાય તે માટે એક બાજુએ સ્ત્રીઓને અને બીજી બાજુએ પુરુષોને બેસવાની વ્યવસ્થા કરી હતી.

દ્વારની સામે સુંદર ચતુર્થ વર્તુળાકાર રંગમંચ(સ્ટેજ)ની રચના કરી હતી. સ્ટેજની બંને પાંખો ૬ ફૂટ ઊંચી હતી. સ્ટેજનો મધ્ય ભાગ ૮ ફૂટ ઊંચો રાખી, તેનાય મધ્ય ભાગમાં સ્વામીશ્રી માટે જમીનથી ૧૦ ફૂટ ઊંચું કમળાકારનું સુંદર સિંહાસન તૈયાર કર્યું હતું. સિંહાસનની પાછળ સૂર્યના આકારનું એક ચક્ર

ગોઠવ્યું હતું. સ્વામીશ્રીના સિંહાસનની ડાબી બાજુએ સ્વામી શાસ્ત્રીજી મહારાજની ચિત્રપ્રતિમા પધરાવી હતી. સ્ટેજના ઉત્તર બાહુ ઉપર સંતવૃંદ અને મુખ્ય મહેમાનોની બેઠક રાખી હતી. સ્ટેજની પાછળ શાસ્ત્રીજી મહારાજ, દક્ષિણ બાહુ ઉપર આમંત્રિત સદ્‌ગૃહસ્થો અને અક્ષરપુરુષોત્તમની ઉપાસના માટે બંધાવેલ ગોંડલ, ગઢડા, સારંગપુર, બોચાસણ ને અટલાદરા એ પાંચ ભવ્ય મંદિરોનાં ચિત્રો (કટ-આઉટ્સ) મૂકવામાં આવ્યાં હતાં.

સ્ટેજની પાછળ વૃક્ષો ઊભાં કરી, રંગબેરંગી પુષ્પો વડે ગુણાતીત બાગનું દૃશ્ય ખડું કર્યું હતું. બાગની પાછળ ૧૫ ફૂટ ઊંચી, ૨૦ કોણવાળી, ૨૦ ફૂટ લાંબી પૃષ્ટ દીવાલ રચવામાં આવી હતી.

સ્ટેજની સામે બન્ને બાજુએ બે મોટા પાણીના હોજ તૈયાર કરી, તેમાં કમળો ગોઠવી, સુંદર દૃશ્ય બનાવ્યું હતું. સ્ટેજની સામે મધ્ય ભાગમાં ત્રિકોણ આકારનું નાનું સ્ટેજ ધૂન-ભજન-પ્રવચન માટે રાખ્યું હતું.

સભામંડપની આગળના ભાગમાં મુખ્ય હરિભક્તો અને આમંત્રિત મહેમાનો તથા પ્રેસ રિપોર્ટરો માટે ૧,૦૦૦ જેટલી ખુરશીઓ ગોઠવી હતી.

ગોંડલ-રાજકોટ રોડ ઉપર બે ભવ્ય દરવાજાઓ ઊભા કર્યા હતા. એક મંદિરની ઉત્તર દિશાએ અને બીજો દક્ષિણ દિશાએ.

નૈમિષારણ્યની દક્ષિણ દિશાએ ખરીદી કેન્દ્ર 'શોપિંગ સેન્ટર' ગોઠવ્યું હતું. જેમાં ૬૦ દુકાનોની વ્યવસ્થા કરી હતી.

જુદાં જુદાં ૫ સ્થળોએ પૂછપરછ ઑફિસો રાખવામાં આવી હતી. પુસ્તક વેચાણ માટે ત્રણ સ્ટોલ તૈયાર કર્યા હતા. પાણી માટે ૩૦ પરબો જુદાં જુદાં સ્થળોએ રાખી હતી. ગુજરાત રાજ્યના સંરક્ષણ વિભાગ તરફથી પોલીસો માટે ૮ રાવટીઓ ઊભી કરવામાં આવી હતી.

નૈમિષારણ્ય ગુરુકુલમાં પ્રાથમિક સારવાર સહેલાઈથી મળી શકે તેવું એક દવાખાનું તૈયાર કર્યું હતું.

હૃદયનો ભાવ માવને રીઝવે

મહોત્સવમાં બંધાનાર તમામ વિભાગોના મંડપો માટે સિદ્ધેશ્વર સ્વામી સાથે 'પરમાર મંડપ'વાળા હરિભાઈની સેવા અપરંપાર હતી. તેમના ભાઈ ભગવાનભાઈ સાથે તેમને વ્યાવહારિક કારણોસર કંઈક વિક્ષેપ હતો, પણ હરિભાઈની ઇચ્છા કે 'સ્વામીશ્રીના સમૈયા માટે કામ કરી છૂટવું.' પરંતુ ભાઈની

સંમતિ નહોતી, તેથી તેઓના દુરાગ્રહને કારણે હરિભાઈ પણ સંમતિ આપી શક્યા નહીં. પછી તો સિદ્ધેશ્વર સ્વામીને બીજા મંડપોવાળાને પણ મળવાનું થયું. જો કે પ્રશ્ન તો હલ ન જ થયો.

સિદ્ધેશ્વર સ્વામીએ સ્વામીશ્રીને ચિખોદરામાં આ મૂંઝવણ જણાવી. સ્વામીશ્રી અને પ્રમુખસ્વામી મહારાજે હરિભાઈ ઉપર ચિઠ્ઠી લખી આપી. હરિભાઈને ચિઠ્ઠી આપી. તે વાંચી તેમણે નિર્ણય કર્યો કે આપણે સહયોગ આપવો છે.

આ દરમ્યાન ભાઈ સાથેનો વ્યવહાર તેમણે જુદો કર્યો હતો, પરંતુ માલ બધો ભાઈ પાસે. હરિભાઈ પાસે જૂજ રકમ અને ધંધો નવેસરથી શરૂ કરવાનો. તેથી મૂંઝવણમાં હતા. પણ હિંમત રાખી કહ્યું : 'જાઓ, કામ થઈ જશે.'

તેમણે બધો જ સામાન ઉધાર ખરીદ્યો. અને સૌ પ્રથમ કામ અમૃત મહોત્સવનું શરૂ કર્યું. સામાન ખૂટ્યો તો તેમના મિત્ર સેવકરામભાઈની સહાય લીધી. તેમને પ્રદર્શનનું કામ સોંપાયું અને છેલ્લો દિવસ આવી પહોંચ્યો. વૈશાખી વાયરાએ સ્ટેજ પરની ચંદની ન લાગવા દીધી, પણ બીજે દિવસે સ્ટેજ પણ ઢંકાઈ ગયું.

સ્વામીશ્રી અને પ્રમુખસ્વામી તેમના આ સાહસ, સમર્પણ અને ખાસ તો ભક્તિભાવથી ખૂબ રાજી થયા. ને આશિષ આપ્યા કે 'જાવ, વહેવાર સુધરશે. મહારાજ ખૂબ સુખી કરશે.'

આ પછી તેમની આજ પર્યંત ચડતી કળા છે. અને 'કિશોર પરમાર મંડપ સર્વિસ' ખૂબ વિકાસ પામી. હરિભાઈને આ પછી સ્વામીશ્રી વિશે અત્યંત દૃઢ વિશ્વાસ અને નિષ્ઠા થઈ.

પ્રત્યેકની અંગત માવજત

ઉત્સવની અનેકવિધ જવાબદારીઓમાં વ્યસ્ત સ્વામીશ્રીએ આ વખતે એકાએક સમિતિના એક મુખ્ય હરિભક્તને બોલાવી કહ્યું : 'ભાવનગરથી મોટર લઈને રાજકોટ થઈને એક મહેમાન આવશે. તેમને મોટર અંદર લાવવા માટેની વ્યવસ્થા કરી આપજો.'

તેમણે એક બીજા કાર્યકર્તાને બોલાવી, પાસ આપીને કહ્યું : 'ભાવનગરથી મહેમાન આવે છે. માટે પાસ લઈને જાઓ.'

તળાજાના ખોજા ભક્તરાજ હીરજીભાઈ શેઠ સહકુટુંબ ગોંડલ આવી

પહોંચ્યા. ત્યારે આશાપુરા રોડ પર પોલીસે તેમની ગાડી રોકી અને અંદર જવા માટે પાસની માગણી કરી. શેઠ પાસે પાસ ન હતો, તેથી આગળ જવાની પોલીસે ના પાડી. એટલામાં જ ત્યાં કાર્યકર હરિભક્ત આવી ગયા અને તેમણે ભાવનગરની ઓળખાણ પૂછીને અંદર આવવાનો ગાડીનો પાસ આપ્યો ને સૌ મંદિરે આવી પહોંચ્યાં.

પેલા કાર્યકરને શેઠે પૂછ્યું, ત્યારે તેમણે વાત કરી કે 'સ્વામીશ્રી દ્વારા જ મને સંદેશો મળી ગયો હતો કે આપ આવવાના છો. તેથી મને એમણે આજ્ઞા કરીને ખાસ જલદી મોકલ્યો છે.'

જૂના હરિભક્તોની આટલી ઊંડી ખબર સ્વામીશ્રી રાખતા. હીરજીભાઈ શેઠ અને તેમનાં કુટુંબીજનોને સ્વામીશ્રીની અંતર્યામી સેવા-ભક્તિનો એક વધુ પરિચય મળ્યો.

ઉત્સવનો આરંભ

શનિવાર, તા. ૩-૬-'૬૭, સવારે સ્વામીશ્રી પોતાના ઉતારે પૂજા કરી રહ્યા હતા. ત્યાં કાગવાણી વગેરે પાંચ પુસ્તકો સ્વામીશ્રીને બતાવવામાં આવ્યાં. ત્યારે કહે : 'આમાંથી ગાઓ.' પછી થોડાં ભજનો સંતોએ ગાયાં. સ્વામીશ્રી રાજીપો બતાવતાં કહે : 'હવે કાગ બાપુને પ્રકૃતિપુરુષ સુધી ગાવાનું ન રહ્યું.'

મુંબઈના હરિભક્તોએ પૂજા વખતે આરતી ઉતારી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં, જેના કપાળમાં તિલક-ચાંદલો નહોતો તેને જાતે કપાળમાં તિલક-ચાંદલો કરવા લાગ્યા. તેમાં કેશવચંદ્ર અમીનને પણ તિલક-ચાંદલો કર્યો અને ધીમે રહીને કહ્યું : 'હવેથી તમે ચાંદલો કરશો ને ?'

આ શબ્દોમાં જે વહાલ અને મીઠાશ હતાં તેની સ્મૃતિ કેશવચંદ્રભાઈને કાયમ રહી ગઈ અને તિલક-ચાંદલો શરૂ થઈ ગયાં. આ જ સચ્ચિદાનંદ બ્રહ્મનો પ્રવેશ. નહિ તો કેશવચંદ્ર અમીન, જેઓ એલેમ્બિક કંપનીમાં ડાયરેક્ટર હતા, તેમને આટલી બધી પ્રેરણા મળવી અને કોઈપણ જાતની દલીલ, શંકા કે સંકોચ વગર તિલક-ચાંદલો નિયમિત કરવો, એ બની શકે નહીં. પરંતુ બન્યું તે જ સાચા સત્પુરુષની પરાત્પર શક્તિનો પરિચય આપે છે.

પંચકૂંડી વિશ્વશાંતિ શ્રીહરિયાગ

શ્રીજીમહારાજે ઘણા સાત્ત્વિક યજ્ઞો કરી સદ્ધર્મ ફેલાવ્યો. એ જ પ્રણાલિકા

આજ સુધી ચાલી આવે છે અને સંપ્રદાયમાં ઠેર ઠેર પવિત્ર વિદ્વાન બ્રાહ્મણો પાસે વિશ્વશાંતિ માટે વેદોક્ત વિધિ અનુસાર યજ્ઞો યોજવામાં આવે છે. અમૃત મહોત્સવ જેવા મહાન પ્રસંગે પંચકૂંડી યજ્ઞ ચીમનલાલ શાસ્ત્રી તથા કરુણાશંકર શાસ્ત્રીની દોરવણી અનુસાર યોજવામાં આવ્યો. ૫૧ વિદ્વાન બ્રાહ્મણો યજ્ઞમાં બેઠા હતા. આજે સવારે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યજ્ઞનો પ્રારંભ થયો.

શોભાવંત સંતમાળ

તા. ૪થીએ સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રીના મંગળ પ્રવચનનો લાભ મંદિરમાં જ્યાં જગ્યા મળી ત્યાં બેસી - ઊભા રહી સૌએ લીધો. નિત્યકર્મ બાદ અક્ષર દેરીનાં તથા મંદિરનાં દર્શન કરી, સ્વામીશ્રી સુશોભિત યજ્ઞમંડપમાં પધાર્યા. નંદાજી પણ આવ્યા હતા. સવારે ૮-૩૦ વાગે નવદીક્ષાર્થીઓને ગુરુમંત્ર, કંઠી, જનોઈ અર્પણ કરી, ભગવાં વસ્ત્રો પરિધાન કરાવ્યાં. દીક્ષાર્થીઓનાં માતા-પિતા અપૂર્વ આનંદ અનુભવતાં હતાં.

બોચાસણના યુવક જશભાઈને સ્વામીશ્રીએ અહીં દીક્ષા આપી.

આ સેવાભાવી યુવક સ્વામીશ્રી બોચાસણ પધારતા ત્યારે હંમેશાં પીરસવાની સેવામાં રહેતા. એક વાર બોચાસણમાં રવિસભામાં જશભાઈએ લોયાનું બીજું વચનામૃત વાંચવાનું શરૂ કર્યું. મંગલાચરણનો શ્લોક સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'અહો, આ તો સાધુ થાય તેવા છે !' પછી કહે : 'કો' સાધુ થઈશ.' તેમણે હા પાડી દીધી, પણ સંજોગવશાત્ તત્કાળ સાધુ થવાનું ન બની શક્યું. ફરી એક વાર તેઓ પીરસવાની સેવામાં હતા ત્યારે સ્વામીશ્રી રસોડામાં પધાર્યા. જશભાઈને સેવા કરતા જોઈ નજીક આવ્યા. અત્યંત હેતપૂર્વક પોતે ગરજુ હોય તેમ બે હાથ જોડી કહે : 'ગુરુ ! સાધુ થઈ જાવ ને ! શીદને આમ કરો છો ? કો' થઈશ !' જશભાઈ આ નમ્રતાને નમી પડ્યા અને પોતાનો નિશ્ચય જણાવી દીધો : 'હા, બાપા ! સાધુ થઈશ.'

આજે અમૃત મહોત્સવના ધન્ય અવસરે તેમને દીક્ષા આપવાની હતી. ગઈ રાતે જ સ્વામીશ્રીએ તેમને પૂછ્યું હતું : 'ઘરનાં કોઈને મળવું નથી ને ?

'ના, બાપા !'

સ્વામીશ્રીએ એ જ વખતે તેમના બંને હાથ પકડી લીધા ને ધીરે રહીને કહે : 'મારા પગ પકડીને કહો કે હું સત્સંગમાંથી ક્યારેય જઈશ નહીં !'

આ અનોખી ચેષ્ટા જોતાં જશભાઈ ખૂબ વિસ્મિત થઈ ગયા હતા. તેમણે

તેમ કહીને સ્વામીશ્રીને રાજી કર્યા. અને સ્વામીશ્રીએ પણ ખૂબ રાજી થકા દીક્ષા આપી, તેમનું નામ પ્રભુસ્વરૂપદાસ પાડ્યું.

✧

આવા જ મુંબઈના એક યુવક પ્રવીણભાઈ પણ આજે જ સ્વામીશ્રીના વરદ હસ્તે દીક્ષિત થયા.

મુંબઈમાં સ્વામીશ્રીના મંગળ પ્રવચન વખતે તેઓ રોજ લાભ લેતા. એક વાર બોચાસણમાં સ્વામીશ્રીએ તેમને કાનમાં આંગળી ફેરવતાં પ્રેમથી પૂછેલું : 'બનાવવા છે, થશો ને ?'

એ જ વાત સ્વામીશ્રીએ મુંબઈમાં યુવકોનો હસ્તલિખિત અંક વંચાતો હતો ત્યારે પ્રવીણભાઈને કરેલી કે 'સાધુ થવાનું છે. કો' થઈશ.' તેમણે બંને વખતે હા પાડી હતી.

છેવટે સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'ઘરે બધાંને સમજાવો અને રજા લઈને આવો.' પ્રવીણભાઈએ બધાંને સમજાવ્યાં. ધીરે ધીરે સૌ માની ગયાં, પણ તેમનાં માતુશ્રી ના પાડતાં રહ્યાં ને કહ્યું કે 'બાપા ને પૂછજે કે હું મોટો છું, ઘરની જવાબદારી મારે માથે છે. તો શું કરવું ?' તેમણે સ્વામીશ્રીને પૂછ્યું. ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા : 'ઘરમાં કોઈ રીતે વાંધો નહીં આવે.'

તેમને રજા મળી ગઈ અને આ શુભ અવસરે સ્વામીશ્રીની રુચિમાં ભળી જઈ, તેઓ પ્રવીણભાઈ મટીને સાધુ સર્વેશ્વરદાસ બન્યા.

✧

જમરાળાના યુવક રસિક દેવશીભાઈને પણ આજે ભાગવતી દીક્ષા પ્રાપ્ત થઈ. તેમના પિતાશ્રી સાથે તેઓ સારંગપુર સ્વામીશ્રીનાં દર્શને આવતા ત્યારે સ્વામીશ્રી રસિકભાઈને અચૂક પૂછતા : 'કો' સાધુ થઈશ.' 'સાધુ થશો ?' પરંતુ તે સમયે એવો કોઈ વિશેષ ખ્યાલ નહીં, તેથી તેઓ ના પાડતા. પણ ધીરે ધીરે હેત થવા લાગ્યું.

જૂનાગઢની પારાયણમાં તેઓ પિતાશ્રી સાથે લાભ લેવા ગયા હતા ત્યારે ઘણા યુવકોની સાથે સ્વામીશ્રીએ રસિકભાઈને ઉપવાસ આપ્યો હતો. ૧૪ વર્ષના એક કિશોરે નિર્જળા ઉપવાસ કર્યો છે તે જાણી, સ્વામીશ્રી ખૂબ રાજી થયા હતા. પણ સાંજે તો પાણી વિના રહેવાય તેવું ન હતું. જ્યારે સ્વામીશ્રીને આ વાત કરી ત્યારે સ્વામીશ્રી ઉત્સાહથી કહે : 'પાણી તો પીવું જ નથી ! લ્યો બળ ! થાપો લ્યો. ઉપવાસ નહીં લાગે.' આમ, તેઓ ધીરે ધીરે સ્વામીશ્રીની

દૃષ્ટિમાં અને કસણીમાં આવતા ગયા.

અડવાળમાં તો સૌ યુવકોને સ્વામીશ્રીએ ખૂબ મોહનથાળ પીરસ્યો. રસિકભાઈને લક્ષ્યમાં રાખી સ્વામીશ્રી સૌ યુવકોને કહે : 'બધા પતરાળામાં ચોળીને ખાજો. નિયમ પાળે તો મહારાજ રાજી થાય.'

રસિકભાઈ સમજ્યા કે 'ચોરીને ખાવું;' તેઓ ગુંચાયા. ત્યાં કોઈએ તે મૂંઝવણ પારખી સ્વામીશ્રીને કહ્યું. ત્યારે હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'ચોરીને નહીં... મારો વાલીડો'... ચોળીને ખાવાની વાત છે.' આમ, સ્વામીશ્રીએ એવું હેત કર્યું કે તેમને સાધુ થવાનો વિચાર આપોઆપ સ્ફુર્યો, એ સંતસ્વામીના સમાગમમાં પાંગરતો ગયો.

સારંગપુરમાં જ સંતસ્વામીએ તેમને પાર્ષદ દીક્ષા આપી અને આજે શુભ પ્રસંગે તેઓ રસિકભાઈમાંથી સાધુ ભગવત્પ્રસાદદાસ બન્યા.

✧

આજથી ૧૧ વર્ષ પહેલાં સને ૧૯૫૮માં સ્વામીશ્રી જ્યારે સીસવા ગામે પધાર્યા, ત્યારે સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવા ગયા. ત્યાં સત્તર-અઢાર વર્ષના યુવાન મૂળજીભાઈએ એમનો હાથ પકડ્યો હતો. ચાલતાં ચાલતાં જ મંદિરનાં પગથિયાં નજીક સ્વામીશ્રીએ તેમને કહેલું : 'આપણે સાધુ થવાનું છે.' સંતોના સમાગમના સંસ્કારને કારણે તેમણે આનાકાની વગર તુરત હા પાડી. તેથી સ્વામીશ્રી બહુ રાજી થયા.

પછી તો સીસવાના યુવક મંડળ સાથે મૂળજીભાઈ અવારનવાર બોચાસણ સ્વામીશ્રીનાં દર્શને આવતા. ફૂલનો સુંદર હાર ગૂંથી લાવી તેઓ સ્વામીશ્રીને અવારનવાર પહેરાવતા. સીસવાના ત્રિકમભાઈ મિસ્ત્રીના પૌત્ર મૂળજીભાઈ ફૂલાભાઈ સમય જતાં વ્યાવહારિક સંજોગોને કારણે સાધુ થવાની વાત વીસરી ગયા. ત્યારબાદ ગોધરામાં કામ કરતાં અચાનક આંખમાં ઓજાર વાગતાં ઈજા થઈ. તે વખતે એકદમ વિચાર આવ્યો કે 'આંખ સાજી થાય તો સાધુ થઈ જવું.' અને આંખ બચી ગઈ. કોઈપણ પ્રકારની ખામી ન રહી. તેથી તેમની સાધુ થવાની દૃઢતા વધી.

તે પછી એક વખત સ્વામીશ્રીએ બોચાસણમાં તેમને પાસે બોલાવીને કહ્યું : 'સાધુ કરવા છે, પણ ઘરેથી રજા લઈ આવો.' કુટુંબીઓ સાથે થોડી રકઝક પછી રજા મેળવી, મૂળજીભાઈ બોચાસણ પાછા આવ્યા. સ્વામીશ્રી આગળ બધી વાત કરી. ત્યારે પોતે ખૂબ રાજી થયા ને મૂળજીભાઈને હસતાં હસતાં આશીર્વાદના

ધબ્બા માર્યા.

અમૃત મહોત્સવમાં સ્વામીશ્રીએ તેમને બીજા અનેક યુવાન મુમુક્ષુઓ સાથે ભાગવતી દીક્ષા આપી યજ્ઞસ્વરૂપદાસ નામાભિધાન કર્યું.

દીક્ષા વિધિ પૂર્ણ થતાં સ્વામીશ્રી નંદાજી સાથે સભામંડપમાં પધાર્યા. અહીં સ્વાગત સમિતિએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ગુરુકુળ બૅન્ડે સ્વાગત સૂરો રેલાવ્યા. એન.સી.સી. વિદ્યાર્થીઓએ અભિવાદન કર્યું. સભામાં ઉપસ્થિત લાખો હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન માટે આતુરતાથી વાટ જોઈ રહ્યા હતા. મુખ્ય મંચ ઉપર કમળાસન ઉપર બિરાજી, સ્વામીશ્રીએ સૌને અલૌકિક દર્શન આપ્યાં. સંતો-હરિભક્તોનાં વૃંદ વચ્ચે સ્વામીશ્રી નિરનિરાળા સંત સમ્રાટની જેમ અલૌકિક શોભી રહ્યા હતા.

પ્રમુખસ્વામીના હૃદયોદ્‌ગાર

પ્રથમ સમારંભ : રવિવાર, તા. ૪-૬-'૬૭, સવારે ૯-૩૦.

સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, નારાયણ ભગતનું વેદગાન અને પ્રતાપભાઈ તથા અંબાલાલભાઈ બ્રહ્મભટ્ટ બંધુના 'જયસિ નારાયણ...' પ્રાર્થના-ગાન બાદ પ્રમુખસ્વામીએ સ્વાગત-પ્રવચનમાં જણાવ્યું :

'શાસ્ત્રીજી મહારાજે ખરેખર એક મહાન વારસદાર દિવ્ય પુરુષ આપ્યા છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'હું તે યોગી ને યોગી તે હું !' શાસ્ત્રીજી મહારાજના જેણે દર્શન કર્યાં છે, જેને મળ્યા છે, તેવાં જ દર્શન-સુખ યોગીજી મહારાજ દ્વારા મળી રહ્યાં છે. તેમની જયંતી ઊજવવા મળી તે આનંદની વાત છે. આ લાભ આપણને મળ્યો માટે સ્વામીજીને વંદન !

'હું નંદાજી તથા રાજકુટુંબનું સ્વાગત કરું છું. આફ્રિકાથી ઘણું કષ્ટ વેઠી સત્સંગીઓ આ લાભ લેવા પધાર્યા તે સર્વેનો ઉત્સાહ અપાર છે. દૂર દૂરથી ભારતના હરિભક્તો પધાર્યા છે, તેમનું સ્વાગત કરું છું. મોટાપુરુષની દૃષ્ટિ અને આશીર્વાદ છે. આવા ને આવા પ્રસંગો ઊજવવા સ્વામીશ્રી ઘણાં વરસો આપણી વચ્ચે રહે તે પ્રાર્થના !'

આ દરમ્યાન જ જામનગરથી બારદાનવાલા શેઠ મહોત્સવમાં સભામંચ નજીક આવી પહોંચ્યા. આટલી બધી જનમેદનીમાં સ્વામીશ્રી નજીક જવાની તદ્દન મનાઈ હતી. પરંતુ સ્વામીશ્રીએ તેમને દૂરથી જોયા ને નજીક બોલાવ્યા. પોતાના આસનની બાજુમાં જ નીચે બેસાડ્યા. બાજુના મંચ ઉપર આમંત્રિત

મહેમાનો હતા. આટલા મોટા સમારંભમાં, હજારો ભક્તોના સમૂહ વચ્ચે સ્વામીશ્રીએ નારિયેળનું પાણી મંગાવી તેમને પાયું !

આવા મોટા પ્રસંગમાં પણ સ્વામીશ્રીનાં વાત્સલ્ય-પ્રેમ તેમણે અનુભવ્યાં. તેઓ કૃતાર્થ થઈ ગયા. તેઓ ઘણી વાર કહેતા કે 'હું ચમત્કારને માનતો નથી. અને ચમત્કારથી કોઈને વશ કરે તે સાધુ ન કહેવાય. પણ સ્વામીશ્રીએ તો તેમને અનેક પ્રસંગોએ અણધાર્યા દિવ્ય પ્રેમનો અનુભવ કરાવ્યો છે.'

નિર્ભયપદ અર્પતા ગુરુ

મોમ્બાસા સત્સંગ મંડળના અગ્રગણ્ય કાર્યકર્તા, ઉદ્યોગપતિ અને વિદ્વાન લેખક આર.બી. પંડ્યાએ પ્રવચન કરતાં કહ્યું :

'સ્વામીશ્રીની આધ્યાત્મિક મહત્તાની તુલના મનુષ્યો સાથેના પ્રસંગોથી જ થાય છે. મોમ્બાસામાં એક આફ્રિકન ભાઈ છે. તે અંગ્રેજી, ગુજરાતી, હિન્દી જાણતા નથી. સ્વામીશ્રીનાં દર્શન પણ કર્યાં નથી. છતાં બે વરસથી મોમ્બાસામાં સાંજે બે કલાક નિયમિત સભામાં હાજર રહે છે. મેં પૂછ્યું : 'તું કંઈ સમજતો નથી, છતાં કેમ આવે છે ?' તો તેણે કહ્યું : 'સ્વામીજી એક પવિત્ર પુરુષ છે તેનું જ્ઞાન મને છે.' આ એક જ્વલંત ઉદાહરણ છે.

'ન્યાસાલેન્ડમાં એક યુરોપિયને સ્વપ્નમાં સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. પછી સ્વામીશ્રી ત્યાં ગયા ત્યારે તે કહે : 'મારે સ્વામીશ્રીને મળવું છે, ને વાત કરવી છે.' ત્યારે અમે કહ્યું : 'સ્વામીશ્રી અંગ્રેજી જાણતા નથી.' છતાં કહે : 'મારે મળવું છે.' પછી સ્વામીશ્રી સાથે ૧૫ મિનિટ બેઠા અને બહાર આવી કહ્યું : 'સ્વામીશ્રીએ મારી સાથે વાત કરી.' કોણે કહ્યું સ્વામીશ્રીને અંગ્રેજી નથી આવડતું ! આ એક બીજો દાખલો છે.

'એક ભાઈએ મને પ્રશ્ન પૂછ્યો કે 'તમે બધે જાઓ છો. લેખો લખો છો, તો સ્વામિનારાયણમાં તમે શું જોઈ ગયા ?' ત્યારે મેં કહ્યું : 'આધ્યાત્મિક ભૂખની તૃપ્તિ માટે ગુરુના અંગત સંબંધની જરૂર હોય છે. મને સ્વામીશ્રી જેવા વિરલ ગુરુ સાથે અંગત સંબંધ મળ્યો. સ્વામીશ્રીને ચોવીસે કલાક મળી શકાય છે. તન, મન, ધનની ઉપાધિની વાત સ્વામીશ્રીને કરીએ ત્યારે બળ આપતાં કહે છે કે 'જાઓ, તમારી સાથે અમે છીએ, ડરો મા. અંત સમયે તેડવા આવશું.' આવું છાતી ઠોકીને કહેનારા બીજા સંત-મહાત્મા જોયા નથી.'

'અર્જુનને ભગવાને કહ્યું : 'આ જગતમાં જે કંઈ છે તે હું જ છું.'

યોગીજી મહારાજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ છે. પુરુષોત્તમ નારાયણનું સંતસ્વરૂપે વિચરતું પ્રગટ સ્વરૂપ છે. એટલુ સમજીએ તેમાં બધું આવી ગયું.'

ખેંગારજીભાઈએ કનૈયાલાલ મુનશીને ટાંકતાં કહ્યું : 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને વડતાલ સંસ્થાએ ઓળખ્યા હોત તો આખું બ્રહ્માંડ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એવું ભજન કરત. આજે દેખીતી રીતે, યોગીજી મહારાજની ૭૬મી જયંતી છે, પરંતુ તે શ્રીજીમહારાજ અને એમના જ્ઞાનના પ્રાગટ્યની જયંતી ઊજવીએ છીએ. એમની હાજરીમાં ૧૦૦મી જયંતી ઊજવીએ એ જ પ્રાર્થના !'

આથી સો ગણું કર્યું હોત તોય ઓછું છે

માનનીય નંદાજીએ જણાવ્યું :

'મારે ઘણું કહેવુ છે. આ પ્રસંગનું મહત્ત્વ જોતાં આ કરતાં દસ ગણું, સો ગણું કર્યું હોત તોપણ ઓછું છે. આ બધું આપણા બળથી થાય છે તેમ ન માનવું. યોગીજી મહારાજનાં બળ અને પ્રતાપથી થાય છે. આપણને રોજ રોજ આનંદ મળે છે. તેમના સમીપે આવીએ છીએ, તેમની વાત સાંભળીએ છીએ. તેનાથી જે આનંદ થાય છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

'આજે આપણે મળ્યા છીએ. આપણા આનંદ માટે આપણે પ્રસંગ શોધી કાઢ્યો. જેથી બધાને આનંદ થાય. હું આધ્યાત્મિક વાત તો કહી શકું તેમ નથી. આજે બધા માત્ર યોગીજી મહારાજનાં દર્શન માટે આવ્યા છે. પાસે બેઠા છે તેને દર્શન થાય છે. દૂર બેઠા છે તેને ન થાય તોપણ તેઓ જે ભાવના લાવ્યા છે તેનાથી તેમને અવશ્ય લાભ જ થવાનો છે. કંઈ ખામી રહેવાની નથી. આ મોટો લાભ વધારે પ્રમાણમાં વધારે લોકોને મળે તે માટે પ્રાર્થના.

'આ જે ઉત્સવ ઊજવીએ છીએ તે ૨૫ વર્ષ પછી પણ થાય. જે કાર્ય યોગીજી મહારાજ કરી રહ્યા છે તેની શરૂઆત જ્યારે ભગવાન સહજાનંદ આ ભૂમિમાં વિચર્યા ત્યારે થઈ. પછી ગુણાતીતાનંદ સ્વામી આવ્યા. ત્યારબાદ કેટલાક મહાન સંતોએ આ કાર્ય ચાલુ રાખ્યું. પણ જેમની સાથે મારો સંબંધ થયો તે શાસ્ત્રીજી મહારાજે સફળતાપૂર્વક કામ કર્યું. આજે યોગીજી મહારાજ તે કાર્ય કરી રહ્યા છે. જે દેશની દૃષ્ટિએ મહત્ત્વનું છે. આજે નવા સંતો થયા. સ્વામીશ્રીએ તેમને દીક્ષા વખતે ગામડે ગામડે ફરવાનો બોધ આપ્યો. હું જોઉં છું કે મોટા મોટા વિદ્વાનો કે જેઓ શાસ્ત્રો સમજે છે, ભાષ્યો કરે છે, પણ મોટે ભાગે શહેરોમાં જ ફરે છે. આ સંપ્રદાયની વિશિષ્ટતા એ છે કે નાનામાં નાના ગરીબ માણસ પાસે

રહી તેમને સત્સંગની વાત કરવી. શાસ્ત્રીજી મહારાજ કરતા આવ્યા. યોગીજી મહારાજ તે કરે છે. પ્રમુખસ્વામી, મોટાસ્વામી ને સંતો પણ તે કામ કરે છે.

'આ સંપ્રદાયની વિશેષતા એ છે કે આ લાભ ગરીબમાં ગરીબને પણ મળે છે, જે બીજે ક્યાંય નથી.

'આટલી વ્યવસ્થા માટે માણસો જોઈએ. માણસો લાખો હોય પણ મહાપુરુષોની પ્રેરણા અને પ્રકાશથી જ કામ થઈ શકે. આ બોજો ઉપાડવાનું બળ યોગીજી મહારાજ આપે છે. નવા સંતો તેમના હાથે થયા. સ્વામીશ્રી બહુ ભણ્યા હોય કે ન ભણ્યા હોય, પણ જ્ઞાનસ્રોત જ જ્યાં હોય તેને પુસ્તકો વાંચવાની શી જરૂર ? સંતો દેશમાં ફરે અને લોકોને સંદેશો આપે. આપણે તે કરી રહ્યા છીએ, પણ તેથી વધુ કરવાનું છે. યોગીજી મહારાજને સહયોગ આપવાનો છે.

'સત્સંગ અને તેના નિયમોના પાલનથી ધર્મનો પાયો મજબૂત થાય છે. યોગીજી મહારાજે યુવકોને સંતો તરીકે તૈયાર કર્યા. તેઓ જે કાર્ય કરશે તેવું બીજા નહિ કરી શકે. તેમને વિશાળ ક્ષેત્રમાં લઈ જવાની જરૂર છે. હું એવી ગણતરી કરું છું કે દેશમાં ધર્મના આધારે એવી ક્રાંતિ થાય કે જેથી લાખો વર્ષની આપણી સંસ્કૃતિ ટકી શકે. અધર્મ ફેલાશે તો કાંઈ રહેવાનું નથી.

'શ્રીજીમહારાજને આપણે પ્રાર્થના કરીએ કે યોગીજી મહારાજને ઘણાં વર્ષો સુધી આપણી વચ્ચે રાખે.'

આજે અક્ષરધામની સભા છે

અમૃત મહોત્સવ પ્રસંગે પ્રગટ કરવામાં આવેલ ગ્રંથશિરોમણિ 'અમૃત-પર્વ'નું માનનીય નંદાજીએ ઉદ્‌ઘાટન કર્યું.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'આજે અક્ષરધામની સભા છે. અનંત કોટિ મુક્તો અંતરીક્ષમાં વિરાજમાન છે. આ ભૂમિનાં મોટાં ભાગ્ય છે. અહીં ગોંડલ બાપુએ મંદિર કરાવ્યું. શાસ્ત્રીજી મહારાજે ઉપાસનાનું સ્થાપન કર્યું. અક્ષર દેરીનાં દર્શન થાય છે. દેશદેશના હરિભક્તો આવ્યા. નંદા સાહેબ પધાર્યા. બધાંને આશીર્વાદ આપવામાં આવે છે કે શાસ્ત્રીજી મહારાજ બધાંને તને, મને સુખી રાખે. બધાં નીતિ, ધર્મ, સદાચાર પાળે. એકાંતિક ધર્મ સિદ્ધ કરે.

'લાખો જીવોને શ્રીજીમહારાજે આ માર્ગે ચડાવ્યા છે. શાસ્ત્રીજી મહારાજે પણ લાખોનાં કલ્યાણ કર્યાં. શ્રીજીમહારાજ પોતાનું અક્ષરધામ સાથે લાવ્યા,

પોતાના મુક્તો સાથે લાવ્યા, પોતાનું ઐશ્વર્ય સાથે લાવ્યા અને પોતાના નિયમ સાથે લાવ્યા. આચાર સાથે લાવ્યા ને ઉપાસનાનું સ્થાપન કર્યું.

'અક્ષરધામે શું કામ કર્યું ? તો મૂળ અજ્ઞાન કાઢ્યું. મુક્તોએ આવી શું કામ કર્યું ? તો પોતે નિર્વિઘ્ન રહ્યા ને બીજાને નિર્વિઘ્ન કર્યા. પોતે નિયમ પાળ્યા ને બીજાને પળાવ્યા. ઐશ્વર્યે શું કામ કર્યું ? તો જીવનાં કમળ ઊંધાં હતાં તે સીધાં કર્યાં. શ્રીજીમહારાજ આ ચાર બાબત લાવ્યા, તે આપણે રાખવી. નિયમ-ધર્મ પાળવા ને મહારાજનો આશરો રાખવો.' પ્રથમ સમારંભ આ આશીર્વાદથી પૂરો થયો.

માનવંતા ઓલિયાને સેવાનો અમલ !

સ્વામીશ્રીની રસોઈની સેવા કરતા સંતો યોગેશ્વર સ્વામી, પ્રેમપ્રકાશ સ્વામી વગેરે લાભ લેવા આ સમારંભમાં પહોંચી ગયા હતા. સંતોનાં મનમાં એમ કે 'સભામાંથી થોડા વહેલા આવી રસોઈ કરી લઈશું;' પણ તેઓ નીકળ્યા ત્યારે લગભગ લાખ ઉપરની હરિભક્તોની મેદની વીંધીને વહેલા પહોંચવું અશક્ય લાગ્યું. મંદિરે આવતાં અડધો કલાક નીકળી ગયો. એવામાં સ્વામીશ્રીની મોટર પણ આવી ગઈ ! સ્વામીશ્રી રસોડામાં પધાર્યા ને અણસાર આવી ગયો કે 'હજુ રસોઈ બાકી છે.'

જેમનો જન્મ જયંતી ઉત્સવ ! આટલા હરિભક્તોનાં ભાવભર્યાં સન્માન ! તેમની રસોઈનું આજે જ ઠેકાણું નહોતું ! અકળામણ તો સ્વામીશ્રીથી હજારો ગાઉ દૂર ભાગતી. એમણે ખૂબ શાંતિથી કહ્યું : 'લાવો, શાકભાજી, આપણે કરી નાખીએ.' એમ કહી એમના ઓરડા પાછળ ચોક હતો ત્યાં જમવાની સાદડી પર બેસી ગયા અને તાંદળજાની ભાજી તોડવા લાગ્યા. સાથે નાના પ્રેમપ્રકાશ સ્વામી, ચુની ભગત તેમજ એક-બે યુવક હતા. હરિભક્ત સૌ ભોજનશાળા તરફ જઈ રહ્યા હતા.

સ્વામીશ્રીએ ભાજી તોડતાં ધીરે ધીરે પ્રેમપ્રકાશ સ્વામી સાથે વાત કરવા માંડી. કહે : 'સાધુ થવું. સાધુતા શીખવી. ભગવાં લૂગડાં પહેર્યાં એટલે સાધુ તો થઈ ગયા, પણ સાધુતાનો કસબ શીખવો કઠણ છે. સાધુતાનો કસબ શું ? ખમવું. કોઈ કહે : 'તમને તો કાંઈ આવડતું નથી, અક્કલના બારદાન છો.' તો રાજી થવું જે, 'મને ટોક્યો ! મારા ઉપર બહુ કૃપા કરી.' સામા નો થાવું. ભગતજી મહારાજના કેટલા તિરસ્કાર થયા, પણ કોઈનો અવગુણ ન લીધો...'

હજારો હૈયાંના લાડીલા, લાખો હૈયાંના માનવંતા આ ઓલિયાને આજે અનેરાં સન્માન ઝીલ્યાનો કોઈ છક નહોતો. એ તો નાનકડા આત્મીય સાથે ગોઠડી માંડીને બેઠા હતા.

એવામાં કવિ દુલા કાગ સ્વામીશ્રીને મળવા માગતા હતા. કોઈએ તેમને સ્વામીશ્રીની રૂમમાં જવા કહ્યું, પણ સ્વામીશ્રીને ન જોયા તેથી તેઓ પાછા ફર્યા. સ્વામીશ્રી અને પ્રેમપ્રકાશ સ્વામી બેઠા હતા. ત્યાં આવી, છાજલી વાળી ત્રણેક વાર ધારી ધારીને જોયું, પણ ભાજી તોડનાર સંત જ યોગીજી મહારાજ છે, તેવો ખ્યાલ ન આવ્યો ! એવી તો કલ્પના પણ ક્યાંથી હોય ! તેઓ ફરી બહાર ગયા ત્યાં પ્રમુખસ્વામી મળી ગયા. તેમણે પણ એ જ કહ્યું કે 'સ્વામીશ્રી રૂમમાં જ બેઠા હોય.' એમ કહી પોતે તેમને રૂમમાં લઈ ગયા. જોયું તો સ્વામીશ્રી નીચે બેસી નાના સંત સાથે વાતો કરતાં ભાજી તોડી રહ્યા હતા. પ્રમુખસ્વામીએ તરત જ નિર્દેશ કર્યો : 'આ રહ્યા. યોગીબાપા તો અહીં જ બેઠા છે.'

દુલા કાગ તો દિગ્મૂઢ થઈ ગયા ! થોડી ક્ષણો એ અકળ મૌનમાં જ વીતી ગઈ. અને નજીક આવી ચારણી શૈલીમાં તેમનાથી બોલાઈ ગયું : 'આ જ બાપો ! હમણાં સભામાં લાખોની આંખ સામે કમલાસનમાં બેઠો હતો તે આ જ બાપો !'

તેઓ વિસ્ફારિત નેત્રે આજુબાજુની પરિસ્થિતિ, સાદડી, ભાજી, નાના સંત અને દાસત્વથી ધબકતાં વાતાવરણમાં ભાન ભૂલી રહ્યા હતા.

આ એક જ પ્રસંગે કાગ બાપુના હૈયામાં સ્વામીશ્રીની ગુણિયલ પ્રતિભા અંકિત કરી દીધી ! તેઓ આ પ્રસંગ અનેક સભાઓમાં વર્ણવતાં અને કહેતા : 'આ તો મારી જિંદગીનું સંભારણું છે ! પોતાના અમૃત મહોત્સવમાં જે હાથે લાખોનાં સન્માન ઝીલીને તે જ હાથે તાંદળજાની ભાજી તોડનાર બાપો તો આ એક જ ! એની જોડ ન જડે !

કોઈની નજર ન લાગે

મહોત્સવનો મુખ્ય મંચ ઉપરથી સંજોગવશાત્ ઢાંકી શકાયો નહોતો. તેથી તડકો આવતો હતો. એટલે છત્રીઓ ધરીને મંચ પર છાંયડો કરવામાં આવ્યો હતો. જો કે કોઈને અજુગતું લાગ્યું જ નહોતું, કારણ કે સ્વામીશ્રીનાં અતિ મનોહર દર્શન જ ચમકપહાણની જેમ સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની જતું. ભક્તો એ કામણગારી મૂર્તિમાં ખોવાઈ જતા. પરંતુ સંતોને થયું કે 'આ સારું નહીં.' એક-બે સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'આ કેવું કહેવાય, છત્રી રાખવી પડે છે !'

સ્વામીશ્રી કહે : 'બહુ સારું થયું. વર પરણવા જાય ત્યારે ગાલ પર કાળી ટીલી કરે, જેથી તેને નજર ન લાગે. તેમ આ બાકી રહ્યું, તે કોઈની નજર ન લાગે.'

અહીં સ્વામીશ્રીનો પોતાનો જન્મોત્સવ હતો એટલે સ્વામીશ્રીએ પરવા જ ન કરી. પણ શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવ વખતે તો પોતે પણ એટલો જ ખટકો રાખેલો ને બીજાને પણ રખાવેલો.

બન્યું હતું એવું કે આગલી રાત્રે મુખ્ય મંચ ઉપર લગભગ ૨૦૦ ફીટનો વિશાળ ગોળ ચંદરવો ઢાંકવા માટે તૈયાર કર્યો હતો, પણ વૈશાખના પવનના સૂસવાટાએ સેંકડો માણસોનાં અસાધારણ પ્રયત્ન અને કુનેહ પછી પણ તે ચંદરવાને ફગાવી દીધો ને વહેલી સવાર સુધી ઘણા પ્રયત્નો કરવા છતાં મુખ્ય મંચ ખુલ્લો રહી ગયો. સવારે તો પ્રથમ સમારંભ શરૂ થવાનો હતો, તેથી બીજી કોઈ વ્યવસ્થા તાત્કાલિક થઈ શકી નહિ. કાર્યકર્તા સંતો-હરિભક્તોને આ બાબતનો ઘણો રંજ મનમાં રહી ગયો; પણ સ્વામીશ્રીએ લેશપણ અણગમો જણાવ્યો નહિ. ત્યારે લાગે કે આ મહાન ઉત્સવના બાહ્ય શણગારોની એમને મોટપ નથી. જે ભક્તિથી સંતો-હરિભક્તો સેવા કરતા હતા, તેની જ એમને મહત્તા હતી. લાખો ભક્તોને પોતાના સંબંધે બ્રહ્મ મસ્તીમાં મહાલતા જોવા એ જ એમનો પરિતોષ હતો. એટલે સભામાં પ્રથમ જ શબ્દો ઉચ્ચાર્યા કે 'આ અક્ષરધામની સભા છે. અને અનંત કોટિ મુક્તો અંતરીક્ષમાં (સભા સહિત) બિરાજમાન છે.'

સાંજે મુખ્ય મંચ ઢંકાઈ ગયો હતો. ૪-૩૦ વાગે સ્વામીશ્રી યજ્ઞમંડપમાં પધાર્યા. યજ્ઞની પૂર્ણાહુતિ થઈ. દેશ તથા પરદેશમાંથી હજારો હરિભક્તોએ વિશ્વશાંતિ માટે લખેલ 'સ્વામિનારાયણ' નામના મહામંત્રો ભગવાનને અર્પણ કરવામાં આવ્યા.

દિવ્ય શોભાયાત્રા

યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સાંજે ૫-૧૫ વાગે નગરયાત્રા શરૂ થઈ. અક્ષર મંદિરના સભાખંડથી પ્રારંભ થયો. નગરયાત્રામાં લાખો હરિભક્તો જોડાયેલા હતા. સૌથી આગળ પોલીસવાન, પછી વસો તથા પીજ મંડળના સત્સંગીઓ નિશાન-ડંકા તથા ધજાપતાકાઓ લઈ ચાલતા હતા. પાછળ ત્રણ સાંઢણી ઉપર નોબત ડંકા, ત્યારપછી નૈમિષારણ્ય ગુરુકુલનું બેન્ડ હતું. પછી સુંદર શણગારેલા હાથી ઉપર કોઠારી ભક્તિપ્રિયદાસ અને હું ઠાકોરજીની મૂર્તિ લઈને બેઠા હતા. હાથી પાછળ છ ઘોડેસવારો શણગારેલા ઘોડાઓ સાથે નગરયાત્રાની શોભા

વધારી રહ્યા હતા. પછી બોચાસણની ભજન મંડળી, સંતમંડળ તથા મેવાસા તથા કુંકાવાવની ભજન મંડળી ધૂન-ભજન કરતી આગળ વધતી હતી. સંતવૃંદ પાછળ હરિભક્તોનો વિશાળ સમુદાય હતો. પછી સ્વામીશ્રીનો મયૂરાસનવાળો ભવ્ય રથ ખૂબ જ કલાત્મક રીતે શણગારેલો હતો. રથના મધ્ય ભાગમાં જમીનથી પંદર ફૂટ ઊંચું એક સુંદર સિંહાસન બનાવેલું હતું. બંને બાજુએ બે મોરની સુંદર આકૃતિઓ હતી. બકુભાઈ અમીન સુંદર સોનેરી છત્ર સ્વામીશ્રી ઉપર ધરીને ઊભા હતા. લાખો માણસોથી વીંટળાયેલા હોવા છતાં, શ્રીજીમહારાજની મૂર્તિમાં જ કેવળ અખંડ રમણ કરનાર અને શ્વાસોચ્છ્વાસ શ્રીજીમહારાજ તથા શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરતાં નીચી દૃષ્ટિ રાખી માળા ફેરવતાં સ્વામીશ્રી, છત્ર સહિત ઊંચા ભવ્ય સિંહાસન ઉપર શોભી રહ્યા હતા.

સ્વામીશ્રીની જમણી બાજુએ થોડે નીચે પ્રમુખસ્વામી અને ડાબી બાજુએ થોડે નીચે માનનીય ગુલઝારીલાલ નંદા બિરાજ્યા હતા. સ્વામીશ્રીની સામે નીચેના આસન ઉપર સંતસ્વામી તથા મહંત સ્વામી બિરાજેલા હતા.

૭૬ સ્વયંસેવકો ખૂબ જ પ્રેમ અને ઉત્સાહપૂર્વક પોતાને ધન્ય માનતા સ્વામીશ્રીના રથને વહન કરવાની સેવા કરી રહ્યા હતા. રથની પાછળ હજારો હરિભક્તો વ્યવસ્થિત રીતે નગરયાત્રામાં જોડાયેલા હતા. મંદિરેથી રાજકોટ રોડ, વહેરી દરવાજો, મોટી બજાર, દરબારગઢ તથા નાની બજારમાં બે કલાક સુધી ફરી, નગરયાત્રા ૭-૩૦ વાગે મંદિરે પાછી આવી.

નગરયાત્રાનાં દર્શન કરવા ગામના તથા આજુબાજુનાં ગામોમાંથી હજારો મનુષ્યોના સમુદાયો ઊમટ્યા હતા. રસ્તાની બંને બાજુએ બધા વ્યવસ્થિત રીતે વ્યવસ્થાપકોની સૂચના પ્રમાણે ગોઠવાઈ ગયા હતા. કેટલાક રસ્તા ઉપર આવેલાં વૃક્ષો ઉપર ચડેલા દેખાતા હતા. કેટલાક મકાનોની બારીઓમાંથી તો કેટલાક અગાશીઓમાંથી ખૂબ જ આતુરતાપૂર્વક સ્વામીશ્રીનાં તથા સંતો-હરિભક્તોનાં દર્શન કરી ધન્યતા અનુભવતાં પુષ્પ તથા અક્ષતથી વધાવતા હતા. ગામમાં સ્થળે સ્થળે નગરજનોએ હારતોરાથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. ગામના વૈષ્ણવ સમાજ તરફથી હરિભક્તો માટે ખાસ ઠંડા પાણીની પણ વ્યવસ્થા ઠેર ઠેર કરવામાં આવી હતી.

મંદિરે નગરયાત્રા પાછી ફરતાં સ્વામીશ્રી અક્ષર દેરીમાં તથા શિખરમાં ઠાકોરજીનાં દર્શન કરી, સ્નાનાદિક નિત્યકર્મ માટે પધાર્યા. રાત્રે ૯-૧૫ વાગે સ્વામીશ્રી દ્વિતીય સમારંભ માટે સભામંડપમાં આવી પહોંચ્યા.

દ્વિતીય સમારંભ

સભામંડપમાં રાત્રે ૯-૧૫ વાગે દ્વિતીય સમારંભનો પ્રારંભ થયો. 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન બાદ શશિકાંત પ્રધાને *'રામ અમલ મતવાલે'* કીર્તન સંભળાવ્યું. ત્યારબાદ મોમ્બાસા સત્સંગ મંડળના પ્રમુખ સી.ટી. પટેલે પ્રવચન કરતા કહ્યું :

'આ ભૂમિનાં અહોભાગ્ય છે કે અહીં અમૃત મહોત્સવ ઊજવાય છે. આજની નગરયાત્રામાં કેટલી માનવમેદની હતી ! દરેક હરિભક્તને સ્વામીશ્રીનાં અલૌકિક દર્શનનો લાભ મળ્યો. આવા સમૈયાની અંતકાળે સ્મૃતિ થાય તો જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય, એમ શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે.

'શ્રીજીમહારાજનાં સાક્ષાત્ દર્શન કરતા હોઈએ એવો લાભ આપણને મળ્યો.

'મેં શાસ્ત્રીજી મહારાજને એક વાર કહેલું કે 'આવા યોગીજી મહારાજ જેવા બે-ચાર હોય તો સત્સંગની સંભાળ રાખે.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'આવા તો આ એક જ છે. પ્રકૃતિપુરુષના લોક સુધી આવી કોઈ વિભૂતિ નથી. સાક્ષાત્ અક્ષરધામમાં આ એક જ છે.' શ્રીજીમહારાજ આજે યોગીજી મહારાજ દ્વારા અનેકને લાભ આપી રહ્યા છે. જેમણે યોગીજી મહારાજને ઓળખ્યા છે, તેમનાં ભાગ્યનો પાર નથી.

'હે સ્વામીબાપા ! આપ દીર્ઘાયુ બનો અને ૨૫ વર્ષ પછી આનાથી પણ વિશેષ ધામધૂમથી આપની જયંતી ઊજવવા અમો ભાગ્યશાળી બનીએ એ પ્રાર્થના સ્વીકારશો. આપની અમીદૃષ્ટિ આ બ્રહ્માંડ પર રહે, આપને વિશેષ હરિભક્તો ઓળખતા થાય, આપનું શરણું સ્વીકારે અને આપનામાં કદીયે મનુષ્યભાવ ન પરઠાય અને સુહૃદપણું અંતરમાં દૃઢ રહે, એ જ નમ્ર પ્રાર્થના !'

નૈરોબી સત્સંગ મંડળના અગ્રગણ્ય કાર્યકર્તા ગોરધનદાસ ભટેસાના પ્રવચન બાદ કાનમ વિભાગના અગ્રગણ્ય સત્સંગ-કાર્યકર્તા મણિલાલ નાનાલાલ ભટ્ટે પોતાની ભાવના વ્યક્ત કરી :

'આ ગોંડલની ભૂમિ દૈવી ભૂમિ છે. ધરતી પર શહેર તો ઘણાં છે પણ આજે ગોંડલના ગુણ ગવાય છે, કારણ કે અહીં અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સમાધિ લીધી છે. શાસ્ત્રીજી મહારાજ પ્રગટ ન થયા હોત તો શ્રીજીમહારાજનો સિદ્ધાંત કોણ સમજાવત ?

'આવી સેંકડો જયંતીઓ ઊજવીએ તોપણ યોગીજી મહારાજનું ઋણ અદા ન થાય. એમની મરજી પ્રમાણે પ્રવૃત્તિ કરીએ તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ રાજી થાય. આવા જયંતી મહોત્સવો ઊજવી આટલું જ સમજવાનું છે.'

એને જોનારો બાવો થઈ જાય

ત્યારબાદ રતિકુમાર વ્યાસે સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી રચિત રેણુકી છંદ સંભળાવ્યો. પછી પદ્મશ્રી દુલા કાગના સુપુત્ર રામભાઈ કાગે એક ભજન ગાયું. ગુજરાતના લોકપ્રિય કવિ પદ્મશ્રી દુલાભાયા કાગે પોતાની વિશિષ્ટ શૈલીમાં સ્વામીશ્રીનાં ગુણગાન ગાતાં કહ્યું :

'શ્રીજીમહારાજે કાઠિયાવાડમાં ૧૫૦ વર્ષ પહેલાં પધારી મહાન કાર્ય કર્યું છે. અઢી વર્ષ પહેલાં જોગી મહારાજને જોયા. ૨૩ વર્ષ પહેલાં ગઢડા મંદિરનો પાયો નાખ્યો ત્યારે મહારાજા કૃષ્ણકુમારસિંહ સાથે ગયેલો, ત્યારે બાપાનાં દર્શન કરેલા. તે સંસ્કાર વીસ વર્ષે ઊગ્યા.

'કડકડતી ટાઢ હોય ને રૂમમાં જવું હોય, પણ બહાર તાળું હોય ને કૂંચી ન હોય તો ન જવાય. તેમ સહજાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી એ તાળાં ઉઘાડવા બાપાના નામની કૂંચી હોય તો ઉઘડે, નહિ તો અક્ષરધામનો ઓરડો તમારો નથી.

'આવા સત્પુરુષ આગળ કંઈપણ બોલવું એ તો સૂર્ય આગળ દીવો ધરવા જેવું છે. પણ બાળક મા આગળ તોતડી ભાષામાં બોલે તે માને મીઠું લાગે, તેમ આપણે બોલીએ તો આપણી વાણી પવિત્ર થાય.

'આજે હું બાપાની રૂમમાં મળવા ગયો ત્યારે બાપા તાંદળજાની લીલી ભાજી વીણતા હતા ! આ એમની વિશિષ્ટતા. લાખો માણસ માન આપે પણ મનમાં એનું અભિમાન નહિ. આજે ૭૬ વર્ષે પણ ગામડે ગામડે ફરે છે. તે કેવળ ઉપકાર માટે. બીજાનું ભલું કરવા જ એમણે દેહ ધર્યો છે. આપણે સંસાર-રૂપી કૂવામાં ડૂબીએ છીએ. તે આપણને તારવા એ આ કૂવામાં ત્રાટકે છે, પણ એને કંઈ સંસાર અડતો નથી.

'એમનું જાદુ તો જુઓ ! 'એને જોનારો બાવો થઈ જાય...' કેટલાયે દીકરા સોંપી દીધા.

'આવા પુરુષને સેવી લેવા. તેમાં શ્રદ્ધા ને ધીરજ રાખવી. માટલામાં દહીં

મેળવ્યા પછી કલાકે કલાકે આંગળીથી હલાવીએ તો ડોડો થઈ જાય. ખેડૂત ખેતરમાં વાવી ઘેર જાય, પણ કંઈ ઊગ્યું છે કે નહિ તે જોવા રોજ કાંઈ ખાદે નહિ. ફાગણ મહિનામાં કેરી થાય તે અષાઢ સુધી પાકે તેની રાહ જોવી જોઈએ. તેમ અહીં શ્રદ્ધા ને ધીરજ જોઈએ.'

નિષ્ઠા સર્વોપરી કરવી

પછી રતિકુમાર વ્યાસે બે કીર્તનો ગાયાં.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. સર્વ અવતારના અવતારી છે. તે આપણી લાજ રાખે છે. 'કરોડો કામ બગાડીને એક મોક્ષ સુધારવો...' લોકો વ્યવહારનાં કામ ખૂબ કરે છે, પરંતુ મોક્ષ જે આત્યંતિક કલ્યાણ તે કામ અઘરું છે. ભગવાન કે તેના એકાંતિક સંત દ્વારા કલ્યાણ છે. નહિતર 'પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનં.' જો ભગવાન અને સત્પુરુષ મળે, તો અવતાર લેવો ન પડે. તે તો ભગવાનના ધામમાં જ બેઠો છે. માટે નિષ્ઠા સર્વોપરી કરવી. કર્મ કઠણ હોય, કાળ કઠણ હોય, પરંતુ જો નિષ્ઠા દૃઢ હોય તો તે બંને ભૂંડું કરી શકે નહિ. માટે નિષ્ઠા બળવાન છે. તે ઉપર એક દૃષ્ટાંત છે :

'આંધળો અને લૂલો બે મિત્રો હતા. લૂલાને આંધળાએ કહી રાખ્યું કે 'લૂલા ! કાળી દેવચકલી હળના સગનમાંથી ત્રણ વાર નીકળે અને ત્યાં સુધી આંખ (જોનારની) ન ફરકે તો કામ ફત્તેહ થાય. તે સારાં શુકન કહેવાય.' લૂલો દેખે, આંધળો દેખે નહિ.

'એક વાર લૂલો બેઠો હતો ત્યાં કાળી દેવચકલી હળના સગનમાંથી બે વાર નીકળી. લૂલો આંખ ફરકાવ્યા વગર જોઈ રહ્યો. ત્યાં દેવચકલી ત્રીજી વાર પણ હળના સગનમાંથી નીકળી. આંખ ફરકી નહિ. લૂલાએ આંધળાને વાત કરી. આંધળો કહે : 'હાલો, ધાડ પાડવા જઈએ.' પછી તો બંને ઊપડ્યા. આંધળો મજબૂત હતો, તેણે લૂલાને ખભે ઉપાડી લીધો.

'વડોદરા જેવા મોટા શહેરમાં ઊપડ્યા. બપોરના ૧૨-૦૦ વાગ્યા હતા. બધા જમવા ગયા હતા. લૂલો કહે : 'આંધળાભાઈ ! દુકાન મોટી છે, પણ તિજોરી ઉપર તાળાં મારેલાં છે. શું કરવું ?' આંધળો કહે : 'કાળીદેવનું કેમ છે ?' લૂલો કહે : 'બરોબર છે.' આંધળે ફરી પૂછ્યું : 'આંખ નથી ફરકી ને ?' લૂલાએ કહ્યું : 'ના.' આંધળો કહે : 'તો વાંધો નહિ.' તિજોરીની કૂંચીઓ ગાદી

નીચે હતી. તે લઈને તિજોરીઓ ઉઘાડીને ઝવેરાત-પૈસા વગેરેનું પોટલું ભરી લીધું. લૂલો કહે : 'માણસો જુએ છે.' આંધળો કહે : 'કાળીદેવનું કેમ છે ? ભલે જુવે.' પણ કોઈએ તેમને જોયા નહિ. આંધળાએ લૂલાને ઉપાડી લીધો અને પોટલું લઈ ચાલી નીકળ્યા.

'બપોરે ૨-૦૦ વાગે પાન ખાતાં ખાતાં શેઠિયા આવ્યા. જોયું તો તિજોરીઓ ઉઘાડી, અંદર કાંઈ ન મળે. તરત સિપાઈઓ બોલાવ્યા. દસ પોલીસો ઊપડ્યા. તેમણે આંધળા અને લૂલાને દીઠા. લૂલો કહે : 'આંધળાભાઈ ! વાર આવી.' આંધળે કહ્યું : 'કાળીદેવનું કેમ છે ?' લૂલો કહે : 'તે તો બરાબર છે.' ત્યારે આંધળો કહે : 'જખ મારે, જોડા ફાડે.' પછી તો એક નેળ (નેળિયું) આવ્યું. તેની સામસામા પાંચ પાંચ પોલીસો ઊભા રહ્યા અને સામસામા ભડાકા થયા ને દસે પોલીસો મરી ગયા.

'કાળીદેવ સગનમાંથી નીકળે અને આંખ ન ફરકે તો મહાકાળ પાછો જાય. એટલે નિષ્ઠા હોય તો કાંઈ ન થાય. *'જેને જેનો આશરો તેને તેની લાજ.'* જો આશરો હોય અને દૃઢ નિષ્ઠા હોય તો જંગલમાં ભગવાન જમવા દેશે; નહિ તો શહેરમાં પણ ભૂખે મારશે. નરસિંહ મે'તાને ભગવાનનો આશરો હતો તો ભગવાને મામેરું પૂર્યું. મીરાંને જો આશરો હતો તો ઝેર પી ગયાં તોપણ કાંઈ થયું નહિ. માટે આશરો રાખવો. તો કાંઈ વાંધો નહિ આવે.'

✧

વૈશાખ વદ ૧૨, સોમવાર, તા. ૫-૬-૧૯૬૭.

સ્વામીશ્રીએ સવારે ૫-૦૦ વાગે મંગળ પ્રવચન કર્યું. નિત્ય વિધિ, પૂજાપાઠ કરી, 'અક્ષર નિકુંજ'માં પ્રદર્શન નિહાળવા માટે સ્વામીશ્રી પધાર્યા. સાથે માનનીય નંદાજી તથા માનનીય બાબુભાઈ જશભાઈ પણ હતા. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજનાં પ્રસંગચિત્રો અને ફોટાઓનાં ખૂબ જ ભાવપૂર્વક નીરખી નીરખીને દર્શન કર્યાં અને રાજી થયા. શ્રીજીમહારાજનાં જન્મથી અંતર્ધાન સુધીનાં ચરિત્રોનાં મૉડેલો પણ જોયાં અને ખૂબ રાજી થયા.

ત્યારબાદ ૯-૧૫ વાગે સભામંડપમાં પધાર્યા. મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશતાં નોબત-ડંકા સાથે પુષ્પવૃષ્ટિ કરી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ગુરુકુલના બૅન્ડે તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ સલામી આપી. પછી સ્વામીશ્રી વગેરે સહુ પોતપોતાને સ્થાને બિરાજ્યા.

તૃતીય સમારંભ

આ સમારંભના અતિથિવિશેષ ગુજરાત રાજ્યના પુરવઠા પ્રધાન બાબુભાઈ જશભાઈ પટેલ હતા.

સમારંભની શરૂઆતમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી. ત્યારબાદ શશિકાંત પ્રધાને *'દિવ્ય સભાપતિ રાય બૈઠે'* એ કીર્તન ગાયું.

અગ્રગણ્ય કૉંગ્રેસ કાર્યકર્તા ડૉ. દેવશીભાઈ પટેલે દેશ તથા પરદેશનાં જુદાં જુદાં સત્સંગ કેન્દ્રોમાંથી તથા અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓના અમૃત મહોત્સવની સફળતા અને સ્વામીશ્રીનું દીર્ઘાયુ ઇચ્છતા સંદેશાઓનું વાચન કર્યું.

અમૃત મહોત્સવ સમિતિના મંત્રી હર્ષદરાય દવેએ અતિથિવિશેષનું સન્માન કર્યું અને સ્વાગત-પ્રવચન કરતા કહ્યું :

'આપણાં જીવનમાં આ એક અદ્વિતીય પ્રસંગ છે. યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસનાના શુદ્ધ પ્રચાર માટે જૂનાગઢ છોડ્યું, ત્યારે પાછા બોલાવવા સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીને કહેવામાં આવ્યું. ત્યારે તેમણે કહ્યું : 'જ્ઞાનજીવનદાસ તો શાસ્ત્રીજી મહારાજ પાસે રહી અક્ષરપુરુષોત્તમનો ડંકો મારશે. અક્ષરપુરુષોત્તમનો દિગ્વિજય કરવા માટે જ તેમનો જન્મ છે.' શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજમાં એક રોમનો પણ ફેર નથી. આવા અખંડ બ્રાહ્મીસ્થિતિવાળા પુરુષ દ્વારા ભગવાન સદાય પૃથ્વી ઉપર પ્રગટ રહે છે. આવા પુરુષોનું વર્ણન શબ્દોથી થઈ શકે તેમ નથી. ગીતામાં જે સ્થિતપ્રજ્ઞ પુરુષનાં લક્ષણ વર્ણવ્યાં છે તે સર્વ યોગીજી મહારાજમાં છે. આવા પુરુષને ઓળખવા એ તર્કનો વિષય નથી. એમને વિશે શ્રદ્ધા રાખી આત્મસમર્પણ કરીએ તો જ સમજાય. આ તો અનુભવનો, આત્મસમર્પણનો, શરણાગતિનો વિષય છે.

'ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે 'અંતર પકડે તેને ભગવાન કહીએ.' અંતર પકડે એટલે આશ્રિતના દોષ વર્તે અને ટાળે. આજે યોગીજી મહારાજ લાખો મનુષ્યનાં મન ખેંચી લે છે. તેમના દોષ ટાળે છે.

'આખાયે સ્વામિનારાયણ સંપ્રદાયમાં યોગીજી મહારાજની સાધુતા માટે બે મત નથી. સહુ કોઈ એકી અવાજે કહે છે કે 'યોગીજી મહારાજ જેવા પુરુષ આજે નથી.' સાચા સાધુમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ - આ ચારેય લક્ષણ સંપૂર્ણ હોવાં જોઈએ.

'સહજાનંદ સ્વામીએ આ પૃથ્વી ઉપર પધારી વિશ્વબંધુત્વની ભાવના

પ્રવર્તાવી. અક્ષરબ્રહ્મનો વેલો આ સંપ્રદાયમાં આજે યોગીજી મહારાજરૂપે ચાલ્યો આવે છે.'

ત્યારપછી ગુજરાત રાજ્યના સ્વતંત્ર પક્ષના નેતા અને વલ્લભ વિદ્યાનગરના પ્રણેતા ભાઈકાકાના પ્રવચન પછી, સુરત જિલ્લા સહકારી દૂધ મંડળીના ચૅરમૅન, સુરત મ્યુનિસિપાલિટીના અગ્રગણ્ય કાર્યકર્તા અને સુરત સત્સંગ મંડળના પ્રમુખ આશાભાઈ શંકરભાઈ પટેલે પ્રવચન કરતાં કહ્યું :

'સૌરાષ્ટ્રમાં હજારો સંતો થઈ ગયા છે. તેમાં આ સંત સ્વામીશ્રી યોગીજી મહારાજે તો કળશ ચઢાવ્યો છે.

'લાખો મનુષ્યોની સાથે આત્મીયતા કેળવી માતા-પિતા જેમ બાળકની સર્વ પ્રકારની ખબર રાખે છે, તેમ સ્વામીબાપા પોતાના યોગમાં આવેલા દરેકની ખબર રાખે છે. એ એમની વિશિષ્ટતા છે. આવા સંત જડશે ખરા ? દૃષ્ટિમાત્રે અને વૃત્તિ દ્વારા સેવે એવા પુરુષ છે. આવા સંતપુરુષની જયંતી ઊજવવા હજારો માઈલથી હરિભક્તો પધાર્યા છે.

'આપણે એક એક સત્સંગીમાં સ્વામીબાપાનાં દર્શન કરીએ. *'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે'* એવી સમજણ કરીએ તો રાગદ્વેષ ઉત્પન્ન ન થાય. આવું હૃદયનું પરિવર્તન કરનાર આવા સંતો જવલ્લે જ મળશે. હજારોને એમની દિવ્ય શક્તિનાં દર્શન થયેલાં છે.

'અહીં બે દિવસથી બિન-રેશન વસ્તુઓ જમાડે છે. અહીં કોઈ લાડવા ખાવા આવ્યું નથી. અહીં તો ઘરનાં ઢેબરાં ખાઈ જન્મ-મરણનો રોગ ટાળવા સહુ આવે છે.

'આવા કપરા દેશકાળમાં પણ આવો ભવ્ય સમારંભ યોજ્યો છે, એ પણ શ્રીજીમહારાજના પ્રગટપણાનો પુરાવો છે.'

આજનો દિવસ દિવ્યતાનો - જીવન-પરિવર્તનનો છે

ત્યારબાદ સ્વામિનારાયણ સત્સંગ મંડળ, લંડનના યુવાન પ્રતિનિધિ બૅરિસ્ટર મનુ જી. ભટેસાએ અંગ્રેજીમાં પ્રવચન કર્યા પછી પ્રમુખસ્વામીએ સંબોધન કરતાં કહ્યું :

'આજનો દિવસ દિવ્યતાનો છે. જીવન-પરિવર્તનનો છે. સ્વામીશ્રીના જીવન તરફ દૃષ્ટિ કરીએ તો માર્ગદર્શન મળી રહે છે. વાત કરવી સહેલી છે. પણ વર્તવું અઘરું છે. *'મનસ્યેકં વચસ્યેકં કર્મણ્યેકં મહાત્મનઃ'* વિચાર, વાણી અને

વર્તન એક હોય તેને મહાત્મા કહી શકાય. એવા અદ્‌ભુત મહાત્મા આ સંતપુરુષ સ્વામીશ્રી છે. એમની પ્રાપ્તિ થઈ છે તે ઘણો જ આનંદનો વિષય છે.

'કેટલાકને કદાચ એમ પ્રશ્ન થાય કે આવા સમારંભો શું કામ કરવા જોઈએ ? આવા સમૈયાથી અનેકનાં જીવન પરિવર્તન થાય છે. અંતકાળે આવા સમૈયાના એકાદ પ્રસંગની પણ સ્મૃતિ થાય તો અનેકવિધ સંસારની ઉપાધિમાંથી પણ મુક્તિ મળે અને તેનું અતિ રૂડું થાય.

'ડભાણમાં શ્રીજીમહારાજે આવો યજ્ઞ કર્યો હતો. તે પ્રસંગથી જોબન વડતાલાનું પરિવર્તન થયું. જે કાયદાથી નથી થઈ શકતું, તે મોટાપુરુષની દૃષ્ટિ અને આશીર્વાદથી થાય છે. કેવળ ભૌતિકવાદ આજે જગતને વિનાશને પંથ લઈ જાય છે. સુખને બદલે દુઃખ વધતું જ જાય છે.

'સુરપુર, નરપુર, નાગપુર, એ તીનમેં સુખ નાહિ;
કાં સુખ હરિ કે ચરણ મેં, કાં સંતન કે માંહિ.'

'જેમને જેમને આવા પુરુષનો સંબંધ થયો છે, તેમને જ સાચો આનંદ મળ્યો છે. ગમે તેટલા પૈસા ખર્ચો પણ શાંતિ મળવાની નથી.

'નંદા સાહેબ શાસ્ત્રીજી મહારાજ પાસે આવતા ત્યારે મજૂરોના પગાર વધારવા પ્રયત્ન કરતા. પગાર વધારવા છતાં તેનો ઉપયોગ વ્યસનમાં થતો ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'પગાર વધારો તેની સાથે ધર્મભાવના ઉત્પન્ન થાય તો જ લોકો સુખી થાય.' શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને તેમના સંતોએ આ કાર્ય કર્યું છે અને કરી રહ્યા છે. આવા ભવ્ય સમારંભો યોજવાથી સાચું સુખ મળે છે અને શાંતિ સ્થપાય છે.

'દેશમાં ઘણી પ્રકારની આપત્તિઓ આવે છે. તે બધી આવા પુરુષના સંબંધથી જ દૂર થાય છે. આવા પુરુષ આપણી વચ્ચે ઘણું રહે તે માટે હું મહારાજ, સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરું છું.

'શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસના ફેલાવી અદ્‌ભુત કાર્ય કર્યું છે. સ્વામીજી પણ હાલ નવયુવાનોને આ જ્ઞાન આપે છે. જગત તરફની વૃત્તિ તોડી ભગવાન સન્મુખ કરે છે. તેમના શુદ્ધ જીવનથી જ બધાને અસર થાય છે.

'એવા પુરુષનો પ્રસંગ મળ્યો છે તે મોટું ભાગ્ય છે. *'સંત બડા પરમારથી...'* જેનો નાશ ન થઈ શકે એવું ધન તેઓ આપી સુખી કરે છે. શાંતિ આપે છે.

'પુરવઠા પ્રધાન બાબુભાઈને હું અમૃત મહોત્સવ સમિતિ તરફથી રૂપિયા દસ હજાર ગુજરાત દુષ્કાળ રાહત ફંડમાં અને ગોંડલની પ્રજા માટે પણ રૂપિયા

દસ હજાર સંસ્થા વતી અર્પણ કરું છું. ગોંડલ તરફથી અમને દરેક રીતે ખૂબ જ સહકાર મળ્યો છે, તે માટે હું આભાર માનું છું.'

ત્યારબાદ પ્રમુખસ્વામીએ ઘઉંની થેલી પ્રતીકરૂપે માનનીય બાબુભાઈ પટેલને અર્પણ કરી હતી.

સહુ હરિભક્તોએ આ પ્રસંગને તાળીઓના ધ્વનિથી અને ગગનભેદી જયનાદોથી વધાવી લીધો. સૌએ અંતરથી સંસ્થા અને અમૃત મહોત્સવ સમિતિના આ સામાજિક સેવાના સ્તુત્ય પગલાને અભિનંદન આપ્યાં.

તેઓ સર્વમાં ભગવાનને જુએ છે

ત્યારબાદ વલ્લભીપુરના સ્વામી નિત્યાનંદજીએ મોકલેલો શુભેચ્છા-સંદેશ વાંચવામાં આવ્યો. તેમણે જણાવ્યું હતું કે

'પૂજ્ય યોગીજી મહારાજની વિશેષતા એ છે કે નાના-મોટા સૌની સાથે પ્રેમ અને ભક્તિભાવથી વર્તે છે. તેઓ સર્વમાં ભગવાનને જુએ છે અને સદા આનંદમાં હોય છે. શ્રીજીમહારાજના સિદ્ધાંત પ્રમાણે વર્તે છે ને બીજાને વર્તાવે છે. યોગીજી મહારાજ તપસ્વી છે. સદા ભગવત્ પરાયણ છે. તેઓ ઘણા પ્રતાપી છે. તેમની પાસેથી લાભ લેતાં આવડવું જોઈએ. હજારો હરિભક્તો તેમના આશ્રિત થઈ, ઉપદેશ ધારણ કરી રહ્યા છે. આવા સંતો જ ધર્મને ટકાવી શકે છે.

'જગતમાં સંપ્રદાયો તો ઘણા જ છે, પણ તેમાં એ સંપ્રદાયના સિદ્ધાંતોને ભૂલેલાઓને જગાડવાનું કાર્ય કરનારાઓ થોડા છે. યોગીજી મહારાજે તો ભારત ઉપરાંત આફ્રિકામાં પણ જઈને ધર્મનો ઉપદેશ આપી જાગૃતિ આણી છે. લાખો વંદન હો આ સંત મૂર્તિને !'

પછી મુંબઈ મંદિરના મહંત સ્વામી કેશવજીવનદાસજીએ પ્રવચન કરતાં કહ્યું : 'વ્યવહારેણ સાધુ !' સાધુતાની વ્યવહારથી ખબર પડે, પ્રસંગ પડે ખબર પડે છે. ઊંચા આસને બેઠા એટલે કંઈ મહત્તા છે એમ માનવાનું કે સમજવાનું નથી. સ્વામીશ્રીએ કોઈને સત્તાથી કે પ્રવચનો કરીને વર્તાવ્યા નથી, પણ પોતાનાં વર્તનથી સહુ ઉપર છાપ પાડી છે અને ૭૫ વર્ષ સુધી સત્સંગને માટે દેહ ઘસી નાખ્યો છે. ત્યારે આવો સત્સંગ ફેલાયો છે. માટે એમની હાજરીમાં જ એમને ઓળખી સમાગમ કરીએ, સેવા કરીએ, રાજી કરીએ, તો જ ખરું કહેવાય. પછીથી તો સહુ કરશે. એમને તો આવવા-જવાનું નથી. છતાં ભૌતિક દેહ આપણે માટે ધારણ કર્યો છે. તો આ જ દેહે હંમેશાં આપણી સમક્ષ વિચરે

એ જ પ્રાર્થના છે...'

ભગવાનને સદેહે જોવાનું સૌભાગ્ય

સમારંભના અતિથિવિશેષ માનનીય બાબુભાઈ જશભાઈ પટેલે પ્રવચન કરતાં કહ્યું :

'સ્વામીબાપાની ૭૬મી જન્મ જયંતી ઊજવવાનો મોકો મળ્યો તે આપણાં અહોભાગ્ય છે. તેઓ ગૂઢ ભાષા છોડી સાદી-સરળ ભાષામાં ઉપદેશ આપે છે, એટલે સહુ કોઈ ગ્રહણ કરી શકે છે. આવી રીતે ભગવાન અથવા ભગવદ્-ભાવને પામેલા પુરુષને મળવું એ મહાન આનંદનો વિષય છે. ભગવાનને સદેહે જોવાની ઇચ્છા તો ઘણાને હોય, પણ અર્જુન જેવા કોઈ ભાગ્યશાળીને જ ભગવાન જોવાના મળ્યા. આપણે પણ આજે ઘણા જ ભાગ્યશાળી છીએ.

'આવા સંતો પોતાનાં જીવન દ્વારા ધર્મનો ઉપદેશ આપે છે. સાર-અસાર સમજાવે છે. આખાયે જગત માટે અનુકંપા રાખે છે.

'શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ધર્મ સાથે ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો છે. એવી રીતે ભક્તિ કરે તો દુઃખ રહેતું નથી. એકલો ધર્મ - આચાર, વિચાર હોય તે કામ આવતું નથી. ભક્તિની જરૂર છે. અને જો એકલી જ ભક્તિ હોય પણ ધર્મ ન હોય તો વેવલાપણામાં પણ લઈ જાય. ભગવાનના જે ખરેખરા આશ્રિત હોય તેને તો ભગવાન જે આપે તે જ જોઈએ. તેથી વિશેષ કાંઈ ન જોઈએ.

'આજે શ્રીજીમહારાજનો ઉપદેશ સ્વામીબાપા કરે છે. જે પુરુષનું જીવન જ્ઞાનથી ભરપૂર હોય તેવા પુરુષનો જન્મ દિવસ કલ્યાણકારી અને પાવનકારી છે. તેથી જ આજે શ્રીજીમહારાજના પ્રેમીભક્તો, શાસ્ત્રીજી મહારાજના પ્રેમી-ભક્તો તેમના જીવનમાંથી પ્રેરણા લેવા ભેગા થયા છે. અમે પણ અક્ષરધામના અધિકારી બનીએ એ જ એક ભાવનાથી આવ્યા છીએ.'

પછી પ્રમુખસ્વામીએ માનનીય બાબુભાઈને સુખડનું એક કાસ્કેટ અર્પણ કર્યું. તેના ઉપર સ્વામી શાસ્ત્રીજી મહારાજે બાંધેલાં શિખરબદ્ધ મંદિરોની પ્રતિકૃતિઓ કંડારેલી હતી.

અક્ષરધામના સુખની અનુભૂતિ

બાદ માનનીય નંદાજીએ જણાવ્યું :

'અહીં અક્ષરધામનું સુખ અનુભવાય છે. આ જ સ્થિતિ રહે અને આ

પ્રમાણે યોગીજી મહારાજ બેઠા હોય ને આખો વખત દર્શન કરતા હોઈએ એવું લાગે એવી ભાવના રાખું છું. આ લાભ બહુ મોટો મળ્યો છે. સંસારનાં કામોમાં તો જવાનું છે જ, પણ અહીં બે દિવસ રહીને જે છાપ પડી છે તે ભૂંસાય એવી નથી. અહીં આવ્યા તે કંઈક લઈને જઈએ તો બીજાને પણ આપણાથી લાભ મળે. આ કંઈ થોડી વ્યક્તિના કલ્યાણની વાત નથી. એવી ભાવના રાખશું તો આપણી સ્થિતિ ટકી નહીં રહે. આપણે ફક્ત આપણા જ છોકરાઓનું સારું કરવા ઇચ્છીએ અને બીજા માટે કંઈ નહીં તે બરાબર નથી. આપણા વર્તનથી લોકોને માન થાય, આકર્ષણ થાય, તો જ આ બાજુ આવવાની રુચિ થાય.

'અહીં આવીને આ લાભ લઈએ છીએ તેની સાથે આપણી જવાબદારી પણ વધે છે. સમાજમાં આજે ક્રાંતિની આવશ્યકતા છે. ક્રાંતિ હિંસાથી થાય અને શાંતિથી પણ થાય. શ્રીજીમહારાજે તે કરી છે. આંતરિક પરિવર્તન કર્યું છે. મહાત્મા ગાંધીજીએ શરૂ કરેલ ક્રાંતિનું કાર્ય અધૂરું રહ્યું છે. તે સ્વામીજી યોગીજી મહારાજના યોગથી થશે. દેશની, સમાજની સમસ્યાઓના ઉકેલ માટે ખરાં સાધનો અહીં છે.

'જે જે આવ્યા છે તે બધાયની સાથે યોગીજી મહારાજ છે. દૂર દૂર બેઠા હશે, કેટલાકને તો બરાબર દર્શન પણ નહીં થતાં હોય, પણ બધાની સાથે તેઓ છે અને બધાની સાથે જ રહેશે. પણ જેવી જેની ભાવના તેવું સુખ આવશે.

'યોગીજી મહારાજ ઘણાં વર્ષો સુધી લાભ આપે તે વાત આપણા હાથમાં છે. ભગવાન અને સંતો ભક્તોને આધીન છે. એમને છૂટકો નથી, આપણી મરજી પ્રમાણે કરવું પડશે; પણ આપણો એવો શુદ્ધભાવ હોવો જોઈએ.'

પછી માવદાન કવિના પુત્ર ભગવત્‌દાને અમૃત મહોત્સવ તથા યોગીજી મહારાજના મહિમાનું સ્વરચિત કીર્તન ગાઈ સંભળાવ્યું.

પ્રમુખસ્વામીએ માનનીય મહેમાનોને અમૃત મહોત્સવ ઉપર પ્રગટ થયેલાં પ્રકાશનોના સેટ ભેટ આપ્યા હતા.

આ શાસ્ત્રીજી મહારાજનો સમૈયો છે

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું :

'જેનું નામ રટ્યા થકી મલિન સંકલ્પો સમૂળા ગયા...' કવિરાજે એવો મહિમા મૂક્યો કે સંકલ્પ-વિકલ્પ જતા રહે. તે ઉપર દૃષ્ટાંત છે. ઝીંઝાવદરમાં અલૈયાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ બિરાજમાન હતા. એક પઠાણ

ગામના સીમાડામાં આવ્યા. ત્યાં તેના સંકલ્પ બંધ થઈ ગયા. તેણે વિચાર કર્યો કે 'હું મક્કા-મદીના બધે ગયો, પણ મારા સંકલ્પ બંધ ન થયા અને અહીં બંધ થઈ ગયા ! માટે જરૂર આ ગામમાં કોઈ મોટાપુરુષ હોવા જોઈએ. પછી તેણે ગામની ભાગોળે જઈ પૂછ્યું. કોઈકે અલૈયાખાચરનો દરબાર બતાવ્યો. શ્રીજીમહારાજ દરબારમાં મેડા ઉપર બેઠેલા, ત્યાં પઠાણને લાવવામાં આવ્યો. મહારાજે પઠાણ સામે જોયું. જ્યાં ચાર આંખ ભેગી થઈ, ત્યાં પઠાણને સમાધિ થઈ ગઈ. મહારાજ કહે : 'આને ઝીલી લ્યો, હેઠે પડશે !' પઠાણને સમાધિમાં પયગંબરનાં દર્શન થયાં. પછી સમાધિમાંથી મહારાજ તેને બહાર લાવ્યા. પઠાણ બોલવા માંડ્યો : 'હે મહારાજ ! તમે ખુદા છો.' પછી મહારાજે તેને દારૂ, માટી, ચોરી, અવેરી વગેરે બંધ કરાવી વર્તમાન દીધાં. શ્રીજીમહારાજ સાક્ષાત્ ભગવાન હતા. તેથી પઠાણના સંકલ્પ બંધ થઈ ગયા.

'જેનું નામ રટ્યા થકી... ભવતણા ફેરા વિરામી ગયા.' દુનિયામાં જન્મ-મરણના ફેરા થયા છે. સ્વામીનું નામ રટવાથી તે બંધ થઈ જાય છે. એવી રીતે આ મહિમા સમજાય તો ભેટંભેટા અને મહિમા ન સમજાય તો છેટંછેટા. આ સમૈયામાં બધા ભેગા થયા, તેમાં જેને મહિમા હશે તેને સુખ આવશે અને જેને મહિમા નહિ હોય તેને કાંઈ નહિ. ભગવાનનો આશરો ને નિષ્ઠા કરવી, તો હૃદયમાં શાંતિ થશે અને પ્રકાશ થશે.

'આ શાસ્ત્રીજી મહારાજનો સમૈયો છે. આપણે કંઈ ફુલાવાનું નથી. કૂતરું ગાડા નીચે ચાલ્યું જાય અને માને કે 'હું જ ગાડાને તાણું છું,' પણ ગાડું તો બળદ ખેંચે છે ને તારું કંઈ નથી. *'મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય.'* આપણે મહારાજનો આશરો છે. સ્વામિનારાયણ ભગવાનને માનીએ છીએ.

'આ જીવ સનેપાતિયો છે. ખાવું, પીવું અને મોજશોખ જ કરવા ગમે છે. શ્રીજીમહારાજે નીતિ અને ધર્મ પ્રવર્તાવ્યો. જેને ભગવાનનો આશરો છે, તે પંચ વર્તમાન પાળે છે. પછી તે વૈષ્ણવ, જૈન ગમે તેમાં હોય, પણ તેનું કલ્યાણ થાય. કોઈનું કાંઈ આઘુંપાછું ન કરે અને જો આશરો રાખે તો મહારાજ કહે છે કે 'અમારો ભક્ત સાત કાળ પડે તોય ભૂખ્યો ન રહે.' મહાકાળ આવ્યો હોય તોય દુઃખ ન રહે. કોઈ દુઃખિયા આવે તેના દેશકાળ શાસ્ત્રીજી મહારાજ સુધારે.

'જીવનું કલ્યાણ ભગવાન અને તેના સંત જ કરે છે. માટે જ્ઞાન લેવું અને અજ્ઞાન મૂકવું. માટે સત્સંગમાં રહીશું અને ધર્મ-નિયમ પાળીશું તો મહારાજ સહાય કરશે. ભાઈકાકા એંસી વરસે કેવું કામ કરે છે ! બીજો ડોસો હોય તો ઉઠાય નહિ.

ભગવાનનો આશરો અને નીતિધર્મ રાખવાં. શાસ્ત્રીજી મહારાજ વડતાલથી નોખા પડ્યા તોપણ ઉપાસના, જ્ઞાન, નીતિ અને ધર્મનો જ ઉપદેશ લોકોને આપ્યો. કોઈનું વાંકું ન બોલે. બધાને વડતાલ દર્શન કરવા મોકલે. આપણે આપણા કાર્યમાંથી નવરા થઈએ ત્યારે બીજાનું વાંકું બોલીએ ને ? શાસ્ત્રીજી મહારાજ અખંડ કથાવાર્તા કરતા. ભગવાન રાખ્યા હતા તો કામ થયું.

'નંદા સાહેબ અમદાવાદ શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા હતા. દર્શનથી ટાઢું થઈ ગયું, પછી કેટલાં વરસે વર્તમાન ધરાવ્યાં. સ્વામીના આશીર્વાદ હતા કે 'દિલ્હીની ખુરશીએ બેસશો.' માટે દરેક કામમાં શ્રદ્ધા જોઈએ. *'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્'* શ્રદ્ધાવાળાને વહેલી સાધનની સમાપ્તિ થાય છે. વ્યવહાર ને મોક્ષ બેય સુધરે. નીતિ-ધર્મ ન પાળીએ, લાડવા ખાધા ને લે'ર કરી, તે સાધુતા ન કહેવાય. સાધુ કોણ ? તે ઉપર મુક્તાનંદ સ્વામીએ કીર્તન બનાવ્યું છે :

'હાંજી ભલા સાધુ, હરિકી સાધ,
તનકી ઉપાધિ તજે સો હિ સાધુ....ટેક
માન અપમાનમેં એકતા, સુખદુઃખમેં સમભાવ;
અહીં કે સુખ અલ્પ હૈ, નહિ સ્વર્ગ લુચાવ....તનકી ઉપાધિ.'

'માન-અપમાન થાય તેમાં એકતા રાખવી. અત્યારે ગાદી મળે અને કાલ હેઠા પછાડે. તે બધું સરખું જોઈએ. અહીંનું સુખ અલ્પ જેવું છે. ભગવાનનો આશરો છે તેને કાંઈ દુઃખ નથી.

'લાલચ લોભ હરામ હૈ, ગ્રહે ન ગાંઠે દામ;
નારી નાગણી સમ તજે, રટે નિરંતર રામ....તનકી ઉપાધિ.'

'શું સાધ્યું ? ભગવાન સાધ્યા તે સાધ્યું. નહિતર ભગવાં કપડાં તો સૌ પહેરે છે. યોગેશ્વર સ્વામી કહેતા : 'કપડાં રંગ્યાં પણ અંતર રંગના.' કામ, ક્રોધ, લોભ કાઢવાના. રંગ લાગી જાય તો જ્ઞાન થઈ જાય. જેમ-તેમ, જેવું-તેવું, જ્યાં-ત્યાં અને જ્યારે-ત્યારે ચલાવી લે તે સાધુ.

'ત્યાગે તીખાં તમતમાં, રસના ભોગવિલાસ,
મુક્તાનંદ સો સંતકે, સદા રહત હરિ પાસ....તનકી ઉપાધિ.'

'જે વસ્તુ મળે તે લાકડાના પત્તરમાં લઈ મેળાવીને જમવું. ઘણા કહે છે કે 'તમારે ઘેર સાધુ-બાધુ આવ્યા છે ? આવા ગુણ હોય તો સાધુ; નહિ તો બાધુ તો છીએ જ ને !

'હરિ કી સાધ. ભગવાનની ધ્યાન-ધારણા કરે, જ્ઞાનનો ઉપદેશ આપે તે સાધુ.

'જ્ઞાન આપે તે દેવતા. શ્રીજીમહારાજે પાંચસો પરમહંસો બનાવ્યા. શાસ્ત્રીજી મહારાજે પચાસ સાધુ કડી તોડ બનાવ્યા. દરેકે સ્વામીનો મહિમા ગાયો અને કામ ઉપાડી લીધું. સંતોએ ખૂબ દાખડો કર્યો. સંત કરે તે બીજા ન કરી શકે. મોટાપુરુષો અને ભગવાન ધારે તે કરે. કાળ ન પડે. દેશ, કાળ સારા થાય. જીવોના અતર શુદ્ધ થાય.

'કળથી બળથી કરી ન શકે જન કોય;
લે ખેંચી મન લાખનાં આપોઆપ ઈશ્વર હોય.'

'માટે બધાને આશીર્વાદ આપવામાં આવે છે કે બધા સુખી થાય.

બોલો સહજાનંદ સ્વામી મહારાજની જય.'

ત્યારપછી પ્રમુખસ્વામીએ ગુલાબનો એક મોટો હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્ટેજ ઉપર બેઠેલા સર્વ મહેમાનોએ સ્વામીશ્રીને પુષ્પાંજલિ અર્પણ કરી.

ગુલાબનો હાર સ્વામીશ્રીએ મોટાસ્વામીને પહેરાવ્યો. મોટાસ્વામીએ તે હાર માનનીય નંદાજીને પહેરાવ્યો. જયનાદો અને તાળીઓના ગડગડાટથી વાતાવરણમાં વધુ ને વધુ દિવ્યતા પ્રસરી.

શ્રી અક્ષરપુરુષોત્તમ (સ્વામિનારાયણ) સંસ્થા બોચાસણના જનરલ સેક્રેટરી મગનભાઈ નરસિંહભાઈ પટેલે આભાર વિધિ કર્યો હતો.

એમની ક્ષણેક્ષણ ધર્મથી સભર છે

આ પ્રસંગને આવરી લેતાં 'સ્વામિનારાયણ પ્રકાશ'ના અંકમાં ગુજરાતના સાક્ષર અને કેળવણીકાર યશવંત શુક્લે પોતાની ભાવનાને વાચા આપતાં સ્વામીશ્રીની વિશિષ્ટ સ્મૃતિ કરતાં લખ્યું હતું :

'મને બાળપણથી આ ધર્મના સંસ્કારો પહોંચતા હતા. ત્યારે યોગીજી મહારાજનું નામ તો કાને પડેલું, પણ શાસ્ત્રીજી મહારાજની જેમ એમને દૂરથી જ નમસ્કાર કરતો રહેલો. કદાપિ એમના પ્રત્યક્ષ સંપર્કમાં આવેલો નહિ. પણ શાહપુર ટ્યુટોરિયલ હાઈસ્કૂલના આચાર્યશ્રી ખેંગારજીભાઈના નવા બંધાવેલા ઘરના વાસ્તુ પ્રસંગે હું દર્શનાર્થે ગયેલો. ત્યારે એમને ત્યાં આ શુભ પ્રસંગે યોગીજી મહારાજની પધરામણી થયેલી. તેથી યોગાનુયોગ સંપર્કમાં આવવાનું થયું. ખેંગારજીભાઈએ મારો પરિચય કરાવ્યો અને હું યોગીજી મહારાજની બાજુમાં નીચે બેઠો. થોડી પ્રારંભિક પૂછપરછ પછી તરત જ યોગીજી મહારાજે

'એક વાર્તા સંભળાવું' કહીને સહજાનંદ સ્વામીનો એક ધર્મ પ્રસંગ કહી સંભળાવ્યો. પારદર્શક વાણીમાંથી ઉપદેશ તારવી લેવાનો હતો.

'પાંચ-દસ મિનિટનું આ મિલન ધર્મમય બની ગયું. હું સમજ્યો કે આ સંતનું ચિત્ત ક્ષણ-પ્રતિક્ષણ પોતાના ધ્યાનવિષયમાં જ રમમાણ છે. અને આસપાસના સંસાર સાથે વાત્સલ્યનો વ્યવહાર જાળવીને પણ સત્વરે તેઓ તેમાંથી ઊર્ધ્વ બની પોતાના ભક્તિવિષય સાથે ચિત્તને જોડી દે છે. ક્ષુદ્ર વ્યવહારોમાં એ લપટાતા નથી, વ્યર્થ કાલક્ષેપ કરતા નથી. એમની સાથે કેવળ ધર્મનો સંબંધ જ શક્ય છે, કેમ કે એમની તો ક્ષણેક્ષણ ધર્મથી સભર છે.

થોડાક મહિના ઉપર એક કામ પ્રસંગે હું ગોંડલ ગયેલો. ત્યાંનું અક્ષર-પુરુષોત્તમ મંદિર પાંત્રીસેક વર્ષ ઉપર બંધાયું હતું ત્યારે હું ગોંડલ ગયેલો, પણ તે પછી બીજી વાર મંદિરે જવાનો અવસર મળેલો નહિ. કવિ શ્રી મકરન્દ દવેની આગળ મેં ત્યાં જવાની ઇચ્છા પ્રદર્શિત કરી. તેમણે તે સહર્ષ વધાવી લેતાં મને ખબર આપી કે 'યોગીજી મહારાજ પણ અત્યારે ત્યાં જ છે.' અમે ગયા. પૂજ્ય યોગીજી મહારાજ પાટ ઉપર ભક્તોથી વીંટળાઈને બેઠા હતા. મને સાંભરે છે ત્યાં સુધી એમની તબિયત તે વખતે અસ્વસ્થ હતી. અમે જઈને પ્રણામ કરતાં તો સંતનું હેત ઊભરાયું. અને પ્રેમથી પીઠ ઉપર ધબ્બો લગાવ્યો. મને ખબર નથી કે શાથી તે વખતે મારા ચિત્તમાં આનંદનો ઓઘ ઊભરાયો. હજી પણ રૂઢ સંપ્રદાયો વિશેની અનાસ્થા એવી ને એવી ટકી રહી છે ને શિશુચિત્તે પ્રમાણેલા કુટુંબધર્મને ફરી શ્રદ્ધાભાજન બનાવવાની ચિત્તવૃત્તિ થતી જ નથી. છતાં આ પાવક સ્પર્શથી જે શ્રદ્ધામય સ્પંદનો અનુભવ્યાં તેનું રહસ્ય અગોચર જ રહ્યું છે. વાણીની કશી જરૂર ન હતી. ઉપદેશ-શ્રવણનો પણ એ પ્રસંગ ન હતો. યોગીજી મહારાજને શ્રમ આપવાની મના હતી. શ્રદ્ધાપ્રેરિત નિઃસ્તબ્ધતાને ભેદતાં યોગીજી મહારાજે એક ભજનપ્રેમી સાધુજનને આજ્ઞા કરી કે 'આમને બાજુના ઓરડામાં લઈ જઈને વાર્તા કરો.'

'અમે ગયા. ધરાઈને ભજનો સાંભળ્યાં. પ્રસાદ લીધો, પણ પેલો પ્રેમનો પાવક, શામક અને શ્રદ્ધા પ્રેરક ધબ્બો, એના રહસ્યના સાજ સહિત, મારું મોંઘું સ્મૃતિ ધન રહેલ છે.'

પૂર્ણાહુતિ

આ મહોત્સવમાં યોજાયેલા ત્રણેય સમારંભોમાં કાર્યક્રમોની જાહેરાત

જ્ઞાનયજ્ઞ હાઈસ્કૂલ, અમદાવાદના પ્રિન્સિપાલ અને અમૃત મહોત્સવ સમિતિના મંત્રી મણિભાઈ બ્રહ્મભટ્ટે ખૂબ જ કુશળતાપૂર્વક અને સુંદર શૈલીમાં કરી હતી.

સમારંભ પૂરો થયા બાદ સર્વ હરિભક્તો જમવા પધાર્યા. સ્ત્રીઓ માટે પાકશાળાની બાજુના મંડપમાં અને પુરુષો માટે સભામંડપમાં વ્યવસ્થા કરી હતી. વર્તમાન અન્ન કટોકટી તથા સરકારના રેશનીંગ કાયદાને લક્ષમાં રાખી સહુને મોરિયાનો (ગોળનો) શીરો અને વાલનું શાક (Non ration articles) પીરસવામાં આવ્યાં હતાં. તા. ૪થીએ એકાદશી હોવાથી તે દિવસે પણ મોરિયાનો શીરો (ગોળનો) તથા સૂરણનું શાક ફરાળમાં આપવામાં આવ્યું હતું. કાશીભાઈ, ઈશ્વરભાઈ મસાલાવાળા, અંબાલાલભાઈ, ખુમાનસિંહની દોરવણી હેઠળ તમામ રસોઈ તૈયાર કરી હતી. કૃષ્ણાભાઈની દોરવણી પ્રમાણે સ્વયંસેવકો ખૂબ જ વ્યવસ્થિત રીતે સહુને સમયસર ભોજન મળે તેવી વ્યવસ્થા કરી હતી. બ્રાહ્મણોમાં હરગોવિંદભાઈ માસ્તર, કાંતિલાલ પંડ્યા તથા પિનાકીન જોશી પીરસવાની વ્યવસ્થા સંભાળતા હતા.

પાકશાળામાં ૩૨ મોટી ચૂલો તૈયાર કરી હતી અને રાત-દિવસ ૩૨ રસોઈયા ભોજન તૈયાર કરતા હતા. શીરા માટે ૨૫ ફૂટ લાંબો, ૧૨ ફૂટ પહોળો અને ૮ ફૂટ ઊંડો કુંડ અને શાક માટે ૧૫ ફૂટ લાંબો, ૧૨ ફૂટ પહોળો અને ૮ ફૂટ ઊંડો કુંડ તૈયાર કરાવ્યો હતો.

જમ્યા બાદ પાણી માટે સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી. આ બધાં કાર્યોમાં સ્વયંસેવકો ખૂબ જ ઉત્સાહ અને ધગશથી સેવા કરી હતી.

પ્રકાશન, પ્રદર્શન ને પ્રસારણ

આ પ્રસંગે મહોત્સવના પ્રચાર માટે પ્રકાશન સમિતિ તરફથી વિવિધ પ્રકાશનો પણ પ્રગટ કરવામા આવ્યા હતા :

૧. Life and Philosophy of shri swaminarayan. હર્ષદરાય ટી. દવેએ આ પુસ્તકમાં શ્રીજીમહારાજનાં જીવનકાર્ય અને તત્ત્વજ્ઞાન સાથે અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત તથા શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના જીવનની રૂપરેખાઓ વણી લીધી હતી.

૨. Life and work of Shri Swaminarayanમાં પ્રૉ. રમેશ એમ. દવેએ શ્રીજીમહારાજનાં જીવન અને કાર્યને સંક્ષિપ્તમાં આવરી લીધું હતું.

મહોત્સવનું મુખ્ય પ્રકાશન ‘અમૃતપર્વ’ હતું. જેમાં હર્ષદભાઈ દવે,

કિશોરભાઈ દવે તથા રમેશભાઈ દવેએ સંતો-હરિભક્તોનાં, સ્વામીશ્રીના દિવ્ય જીવનનાં વિવિધ પાસાંને આવરી લેતા લેખોને સારી રીતે સંપાદિત કરી રજૂ કર્યા હતા. ગુણવંતભાઈ દાણીએ સ્વામીશ્રીના પ્રાગટ્યથી આજના સમય સુધીનું ઉપલબ્ધ જીવન ચરિત્રને સુંદર રીતે આલેખ્યું હતું. વિવિધ સંદેશાઓ, અન્ય સામગ્રીઓ, લાક્ષણિક તસવીરો વગેરે અન્ય સજાવટોથી ગ્રંથને સંપુષ્ટ કરી સત્યપ્રિય સ્વામીએ તથા મેં રાજકોટમાં રહીને ગ્રંથને મુદ્રિત કરાવ્યો હતો. ગ્રંથ-પ્રકાશનમાં સ્વામીશ્રીએ લેખકો તથા સંપાદકોને અલૌકિક સ્મૃતિઓ આપી હતી. ગ્રંથનું નામાભિધાન પણ સંતો-હરિભક્તોની ઈચ્છાથી પોતે જ કરી આપ્યું હતું.

યોગીજી મહારાજના બાળ પ્રસંગોનું સુંદર ચિત્રાંકન ગુજરાતના પ્રસિદ્ધ કલાકાર રસિકભાઈ પરીખ પાસે કરાવી, બાળ સુલભ ભાષામાં રમેશભાઈ દવેએ, 'બાળકોના યોગીરાજ' તૈયાર કર્યું હતું.

સ્વામીશ્રી કથા પ્રસંગોમાં જે અદ્‌ભુત રીતે દૃષ્ટાંત-કથાઓ વર્ણવતા તે અનુપમ ભગતે ' પ્રસંગ રંગ' પુસ્તિકામાં વણી લીધા હતા.

પદ્મશ્રી કાગ બાપુએ એક જ અઠવાડિયામાં અદ્‌ભુત પ્રેરણા પામી સ્વામીશ્રીની દિવ્ય લાક્ષણિકતાને આલેખતાં ૧૦૮ કાવ્યો ગૂંથી 'યોગીમાળા કાગવાણી' ભાગ-૮ તૈયાર કરી આપી.

સ્વામીશ્રીના ઉપદેશોનો સંક્ષિપ્ત સંગ્રહ 'પ્રેમ સુધારસ' મેં તૈયાર કર્યો. મુંબઈ સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરતા કોઠારી ભક્તિપ્રિય સ્વામી, નારાયણ ભગત તથા અનુપમ ભગતે ૭૬ સંસ્કૃત શ્લોકો ગૂંથી 'અમૃત સેતુઃ' પ્રસિદ્ધ કરી હતી.

'અમૃત નિકુંજ'

આ અદ્વિતીય મહોત્સવમાં હજારો હરિભક્તોને તેમજ નવા આગંતુકોને સ્વામીશ્રીનાં દિવ્ય જીવન અને કાર્યનો તેમજ સંપ્રદાયનો સહેજે પરિચય મળે એ હેતુથી 'અમૃત નિકુંજ' પ્રદર્શનનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં મહારાજનાં જીવન અને કાર્યને આલેખતાં કલાત્મક ચિત્રપટો ગુજરાતના વિખ્યાત કલાકાર રસિકભાઈ પરીખ અને શિક્ષકવૃંદે તૈયાર કર્યાં હતાં. શાસ્ત્રીજી મહારાજનો પરિચય આપતા બંસી વર્મા 'ચકોર'નાં રેખાંકનો પણ સૌનું આકર્ષણ હતાં. વિનુભાઈ ભટ્ટ અને તેમના પરિવારે કપડાંની પૂતળીઓ બનાવી મહારાજના પાંચ જીવન પ્રસંગોના સુંદર ટેબ્લો તૈયાર કર્યા હતા. રસિકભાઈ

પરીખે તૈયાર કરેલા સ્વામીશ્રીના જીવન પ્રસંગો પણ સૌનું ધ્યાન દોરતા હતા. સૌથી આકર્ષક વિભાગ હતો યોગીજી મહારાજની લાક્ષણિક તસવીરોનો. સિદ્ધેશ્વર સ્વામી, રામચરણ સ્વામી, ભૂધરજી મારૂ, જમનાદાસ સોની વગેરે સંતો-ભક્તોએ પાડેલા ફોટાઓ તેમજ કેટલાક જૂના ફોટાઓ પાસેથી ભક્તો ખસી શકતા નહોતા. નટુભાઈ પરીખે પણ સ્વામીશ્રીની એક ભવ્ય પ્રતિમા તૈયાર કરી હતી.

મહંત સ્વામી તથા અમે સૌ સંતોએ તૈયાર કરેલું આ સંપૂર્ણ પ્રદર્શન 'અમૃત નિકુંજ'નું તા. ૧-૬-'૬૭, સાંજે ૬-૦૦ વાગે પ્રમુખસ્વામીએ ઉદ્‌ઘાટન કર્યું હતું. પાંચ દિવસ દરમ્યાન લગભગ ૩૫ થી ૪૦ હજાર ભક્તોએ પ્રદર્શનનો લાભ લીધો. પ્રતાપ રાવળ, કિશોરભાઈ દવે, રમેશભાઈ પટેલ, રમેશભાઈ દવે, મધુ જસાણી વગેરે યુવકોએ વ્યવસ્થા સાચવી હતી.

'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા', 'સ્વામિનારાયણ પ્રકાશ' વગેરે સસ્થાના પ્રકાશનો દ્વારા તેમજ ગુજરાતના તમામ વર્તમાનપત્રો દ્વારા અને રેડિયો-પ્રસારણ દ્વારા મહોત્સવની જાહેરાત વ્યાપક બની શકી હતી. અમદાવાદ તેમજ રાજકોટમાં બે પત્રકાર પરિષદો યોજવામાં આવી હતી. ગુજરાત સમાચાર, Sunday Standard, Indian Express, જન્મભૂમિ, મુંબઈ સમાચાર, સંદેશ, ફૂલછાબ, જયહિંદ, જનસત્તા, નૂતન સૌરાષ્ટ્ર વગેરે દૈનિકોએ તથા 'સમર્પણ' વગેરે સામયિકોએ લેખો દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાય અને સ્વામીશ્રીનાં જીવન અને કાર્યને સારી પ્રસિદ્ધિ આપી હતી.

આકાશવાણી ઉપરથી 'તીર્થ સલીલ', 'જન જાગે' વગેરે કાર્યક્રમોમાં તેમજ સમાચાર વિભાગમાં સ્વામીશ્રીનાં જીવન અને કાર્યને તથા મહોત્સવની વિગતોને સારી રીતે પ્રસારિત કરવામાં જ્યોતિર્ધર દેસાઈ તેમજ સ્ટેશન ડિરેક્ટર ગિજુભાઈ વ્યાસે ખૂબ જ સહકાર આપ્યો હતો.

ગુજરાત સરકાર દસ્તાવેજી ફિલમ વિભાગે દીક્ષા વિધિ, નગરયાત્રા તથા સમારંભોની ફિલ્મો લઈ, ગુજરાતનાં છબીઘરોમાં રજૂ કરી હતી. મહોત્સવના મુખ્ય કાર્યક્રમોને આવરી લેતી ફિલ્મ, ફિલ્મ ડિરેક્ટર બાબુભાઈ મિસ્ત્રીએ સંસ્થા તરફથી લીધી હતી.

સેવાયજ્ઞનાં હુતદ્રવ્યો

મહોત્સવના કરોડરજ્જુ સમા સ્વયંસેવકોને જાગ્રત કરવામાં તેમજ

તાલીમ આપવામાં મુંબઈ કાર્યાલયમાંથી બળવંતરાય બ્રહ્મભટ્ટે લગભગ ૫૦૦ પત્રો લખ્યા હતા અને સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે ૧૩૬ ગામોના ૩,૫૮૨ સ્વયંસેવકો તૈયાર કર્યા હતા. નવનીત પંચાલ, ભાસ્કરભાઈ દવે, હરિકૃષ્ણભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ, શ્રીકૃષ્ણ પંડ્યા, ઠાકોરભાઈ પટેલે કાર્યાલયમાં સારી સેવા આપી હતી. ચરોતર વિભાગમાં અંબાલાલ પી. પટેલ, કૃષ્ણાભાઈ જે. પટેલ તથા અંબાલાલ કે. પટેલ વગેરે, સૌરાષ્ટ્રમાં વલ્લભભાઈ મિસ્ત્રી વગેરે, સાબરકાંઠામાં મહેન્દ્રભાઈ એસ. ઠાકર અને દંઢાવ્યમાં અંબાલાલ ભગતે સ્વયં-સેવકોને તૈયાર કરવામાં સારી જહેમત ઊઠાવી હતી.

ટ્રેન-વ્યવસ્થામાં રવિશંકર દવે તથા એસ.ટી. વ્યવસ્થામાં શંભુસિંહ જાડેજા, વી.ટી. નથવાણી તથા અનંત સચદે હતા. બે દિવસ ધોરી માર્ગ બંધ રાખી વાહનોને ડાયવર્ઝન આપવામાં આવેલું. પૂછપરછ અને માહિતી વિભાગમાં ધીરેન્દ્ર વીંછી, હરિકૃષ્ણભાઈ પટેલ, મધુકાંત શાસ્ત્રી વગેરે સુરત મંડળ સેવા આપતું હતું. ઉતારા વિભાગની વ્યવસ્થા છોટુભાઈ વકીલ, હરજીભાઈ પોપટ, ગોકળભાઈ પટેલ, ભગવત્‌સિંહજી વગેરે સ્થાનિક કાર્યકરો સાથે ચુનીભાઈ ચાતુર્વેદી, મહેન્દ્રભાઈ દેસાઈ, વલ્લભભાઈ, નાથાલાલ પંચમિયા, મથુરભાઈ, જયંતીભાઈ અજાગિયા વગેરે રાત-દિવસ કરતા હતા.

મુખ્ય મહેમાનોની વ્યવસ્થામાં ચુડાસમા સાહેબ સાથે ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ તથા રતિલાલ પંડ્યા હતા. આફ્રિકાથી આવેલા હરિભક્તોનો ઉતારો પટેલ વિદ્યાર્થી ભુવનમાં હતો. જ્યાં નવનીત પટેલ, પ્રફુલ્લ પટેલ, અરવિંદ દવે, અશ્વિન પોપટ, પ્રદીપ દવે વગેરે મુંબઈના સ્વયંસેવકો સેવામાં હતા. તેમની જમવાની વ્યવસ્થા ઈશ્વરભાઈ મસાલાવાળા તથા બાવાજીભાઈએ સાચવી હતી. પતરાવળાં ઉપાડવાની સેવામાં બાઢડાવાળા નારણભાઈ અને મંડળ તથા નારણભાઈ મોદી અને ગુણવંતભાઈ સોની વગેરે સાબરકાંઠા મંડળ હતું.

પાણીનો પ્રશ્ન અતિ વિકટ હતો. મહોત્સવ પહેલાં ૩ થી ૪ સ્થળે નવા બોર તૈયાર કર્યા, પણ તેમાંથી પાણી નીકળ્યું નહિ. સ્વામીશ્રી દરેક વખતે આશીર્વાદ આપે. પોતે જાતે સ્થળ ઉપર આવી પુષ્પો છાંટે, સંકલ્પ કરે, પણ પાણી નીકળે નહિ. બધા કહે : 'બાપા ! આમ કેમ થાય છે ?' તો 'મહારાજની ઈચ્છા' એમ કહી, સ્વામીશ્રી પણ આશ્ચર્યવત્‌ સૌ સાથે ભળી જતા.

છેવટે હાથિયા ધરામાંથી ૪,૦૦૦ ફીટ પાઈપ લાઈન ખેંચી, ૩ કુંડ પાણીથી ભરપૂર કરાયા. જેથી હજારો હરિભક્તોને નાહવા-ધોવાનો પ્રશ્ન હલ થઈ

શક્યો. તેમજ શહેરમાં લગભગ ૭ મોટા કૂવા, જેમાં અખૂટ પાણીનો પુરવઠો હતો, ત્યાંથી ૩ ટ્રેક્ટરો દ્વારા દિવસ-રાત પાણી સારવાની વ્યવસ્થા તાત્કાલિક ઊભી કરવામાં આવી. જેનાથી રસોડું, પીવાના પાણીની અને અન્ય જરૂરિયાતો મહોત્સવ દરમ્યાન સારી રીતે નિભાવી શકાઈ.

પરબો ઉપર પાણી પાવાની વ્યવસ્થામાં અમદાવાદ તથા સાવરકુંડલા મંડળોના સ્વયંસેવકો ભાનુભાઈ પંચાલ, દેવજીભાઈ વાઘેલા, નાથુભાઈ તથા નટવરસિંહ જાડેજા વગેરે હતા.

પાણીના કૂવા, અક્ષર ઘાટ તથા અન્ય તમામ સ્થળોએ સ્વચ્છતાની સંપૂર્ણ વ્યવસ્થા સ્થાનિક હેલ્થ ઑફિસર દવે અને તેમના સ્ટાફ સાથે રહીને ઈશ્વરભાઈ પારેખ તથા શાંતિભાઈ શાહે સંભાળી હતી. રાજુલા મહિલા મંડળે મંદિર અને પ્રાંગણની સંપૂર્ણ સ્વચ્છતા માથે લીધી હતી.

સભા વ્યવસ્થામાં બળવંતરાય બ્રહ્મભટ્ટ સાથે ટપુભા ઝાલા, જશભાઈ ઝારોળાવાળા, અરવિંદભાઈ આફ્રિકાવાળા, કલ્યાણજીભાઈ, ભરત મહેતા, ઘનશ્યામભાઈ પટેલ વગેરે સ્વયંસેવકોએ સારી સેવા બજાવી હતી. નડિયાદ, અમદાવાદ, રાજકોટ અને મુંબઈની સ્વયંસેવિકાઓએ મહિલા સભા વ્યવસ્થા સાચવી હતી. ઘનશ્યામભાઈ રાવજીભાઈએ ગુરુકુળના બૅન્ડથી પ્રસંગોપાત્ત ઉત્સવને શોભાવ્યો હતો. ભાસ્કરભાઈ ચુનીભાઈ પટેલની દોરવણી નીચે વિદ્યાનગર એન.સી.સી.ના યુવાનો સ્વામીશ્રી તથા મહેમાનોને અભિવાદન આપી પ્રસંગને શોભાવતા હતા.

મહોત્સવ નગરી તથા નગરયાત્રામાં સંરક્ષણ અને અન્ય સ્વયંસેવકો સાથે ડી.આઈ.જી મીરચંદાની, ડી.એસ.પી. જવાણે, વિશ્વનાથન્ તથા જાડેજા વગેરે અધિકારીઓએ સારો સહકાર આપ્યો હતો.

વલ્લભભાઈની આગેવાની નીચે આ મહોત્સવમાં રાજુલા મંડળની સેવા મોખરે હતી. યજ્ઞમંડપ, સભામંડપ, પાઈપલાઈન વગેરે મજૂરી કામમાં સમૈયા અગાઉ એક માસથી અને પછી પણ એક માસ સુધી આ મંડળે સેવા આપી હતી. રાજુલા મહિલા મંડળે અનાજ સાફસૂફી તથા વાસણ ઊટકવાની સેવા પણ કુશળતાપૂર્વક બજાવી હતી.

સુશોભનમાં મુંબઈના બચુભાઈ મિસ્ત્રી અને સહાયકો સાથે હરિપ્રકાશ સ્વામી, નારાયણપ્રસાદ સ્વામી, મનહર દુસારા, કિરીટભાઈ પટેલ, નરેશ પટેલ, કિરીટભાઈ પરમાર તથા રાજેન્દ્ર ઝાલા હતા.

પુસ્તક-વેચાણમાં ચંદ્રકાન્ત ત્રિવેદી સાથે પ્રવીણ કક્કડ, ડૉ. કૃષ્ણાલાલ મહેતા, બાળમુકુંદ ભટ્ટ તથા પ્રભુદાસ સાંધાણી હતા.

દવાખાનામાં ડૉ. દલ, ડૉ. મહેન્દ્ર પટેલ, ડૉ. બ્રહ્મભટ્ટ વગેરે પ્રાથમિક સારવાર આપતા હતા. આટલા મોટા મહોત્સવમાં કોઈને પણ અકસ્માત કે ભારે બીમારી નડી ન હતી.

હિસાબ-કિતાબમાં કોષાધ્યક્ષો સાથે ગોરધનભાઈ દલ, પ્રિન્સિપાલ કે.કે. દવે, કનુભાઈ પટેલ, શંભુભાઈ વગેરે હતા. સેફ ડિપોઝિટ ખાતું રમેશભાઈ દલાલ કુશળતાપૂર્વક સંભાળતા હતા.

મંદિરની દર્શન-વ્યવસ્થામાં સ્ત્રી-પુરુષ મર્યાદા પ્રમાણે નટુભાઈ પટેલ, કીર્તિ શાહ સાથે અડાસ અને પોરડા મંડળ હતું. મહિલા સ્વયંસેવિકાઓ પોતાની અલગ વ્યવસ્થા જાળવતાં હતાં. બૂટ-ચંપલ સાચવવાની વ્યવસ્થામાં રમેશભાઈ ચોકસી તથા મનુભાઈ પટેલ સાથે અમદાવાદ મંડળ સેવામાં હતું. સ્વામીશ્રીના ઉતારે તથા અન્ય વ્યવસ્થામાં અમદાવાદના ગિરિજાશંકર શાસ્ત્રી હંમેશ મુજબ વિવેકપૂર્વક સેવા બજાવી રહ્યા હતા. તેમની સાથે દેવચડીના બચુભાઈ, અડવાળના કિરીટભાઈ તથા હસમુખભાઈ પોતાનાં મંડળો સાથે હતા.

સમગ્ર મહોત્સવમાં સંરક્ષણ સેવામાં માનસિંહજી ગોહિલ, ફૂલાભાઈ, જેઠાભાઈ દામજી, ડાહ્યાભાઈ કાંતિભાઈ પટેલ વગેરે તથા બદલપુર, ભાયાવદર, નોંઘણા, વાગડ, જંબુસરનાં મંડળો વારાફરતી રાત-દિવસ ખડે પગે હતાં. તેમજ નિરૂભા ઝાલા, પોપટસિંહ વાઘેલા વગેરે ભાવનગરના સ્વયંસેવકો સેવા આપતા હતા. રાજુલા અને નડિયાદ મંડળે એક મહિનો અગાઉથી સેવામાં તનતોડ જોડાઈને સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામીને રાજી કરી દીધા.

વસો, પીજ, બામણગામ, દેવા અને ગાડાથી પગપાળા સંઘ મહોત્સવમાં આવ્યા હતા. બકુભાઈ અમીન, સી. સોમાભાઈ ચાવાળા, ભટેસા, ચંદ્રકાંત ત્રિવેદી તથા અડવાળના ભઈલુભાની મોટરો તથા ખટારાઓ દિવસ-રાત સેવામાં હતાં. કેશવજીભાઈ ચુડાસમા અને શામજીભાઈ ડ્રાઇવીંગની સેવા આપતા હતા.

મંડપ સર્વિસ – પરમાર મંડપ, આદર્શ મંડપ તથા સૌરાષ્ટ્ર મંડપે પૂરી પાડી હતી. લાઉડ સ્પીકરની વ્યવસ્થા અમદાવાદના આર. તોલાટની હતી. વીજળી વ્યવસ્થા અને સુશોભન કરમસદના રમેશભાઈ તથા ભાસ્કરભાઈએ સંભાળ્યાં હતાં.

જાગી પ્રૌઢ પ્રતાપ પ્રકાશિયો

તા. ૫મીએ સાંજે ગોંડલ બાપુ વિક્રમસિંહજીના બંગલે તેમના આગ્રહથી સ્વામીશ્રીએ પધરામણી કરી. રાજકુટુંબને આશીર્વાદ આપ્યા. વળતી રાત્રે આફ્રિકાના હરિભક્તોના ઉતારામાં, પટેલ બૉર્ડિંગમાં સ્વામીશ્રીએ સત્સંગ સભા યોજી હતી. સંતસ્વામીએ વચનામૃત સમજાવ્યું. બાદ સ્વામીશ્રીએ વાતું વાંચી સમજાવી. આમ, પરદેશી ભક્તોને દર્શન-સમાગમનું સારું સુખ આપ્યું.

બે દિવસ પછી સવારે પૂજામાં *'પ્રભાતે પ્રેમાવતી'* એ પદમાં *'જાગી પ્રૌઢ પ્રતાપ પ્રકાશિયો'* કડી આવી ત્યારે સ્વામીશ્રી કહે : 'મહારાજ સંત દ્વારા જાગે છે ! પ્રૌઢ પ્રતાપ શું ? અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવી.'

અમારા જૂના ભાઈબંધ !

આજે જૂના મંદિરના બે સંતો સ્વામીશ્રીને મળવા માટે આવ્યા હતા. સ્વામીશ્રીએ અંબાલાલભાઈને બોલાવીને કહ્યું કે 'આ સંતો માટે ભારે પ્રસાદીના બે ટોપલા લાવો.' આથી તેમણે કોઠારમાંથી સાટા, જલેબી, મગજ, મેસૂર વગેરેની બે ટોપલી તૈયાર કરાવીને સ્વામીશ્રીને આપી.

સ્વામીશ્રીએ ટોપલી હાથમાં ઉપાડી અને બોલ્યા : 'આ પ્રસાદી હજી ઓછી છે. માટે વધારે પ્રસાદી લઈ આવો.' એમ બે મોટા ટોપલા ભરીને અલગ અલગ બંને સંતોને આપ્યા ને આતિથ્ય કર્યું.

પછી સ્વામીશ્રીએ એક હરિભક્તને આજ્ઞા કરી કે મોટરમાં આ બે સંતોને જૂના મંદિરે મૂકી આવો. બંને સંતો ગયા પછી અંબાલાલભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'બાપા ! આ બે સંતો કોણ હતા ?'

સ્વામીશ્રી હસીને બોલ્યા : 'એ તો અમારા જૂના ભાઈબંધ છે.'

આ વાત ન સમજાતાં અંબાલાલભાઈએ ફરી પૂછ્યું : 'ભાઈબંધી કેવી રીતની હતી ?'

સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા અને જમણા હાથની મુઠ્ઠી વાળી, બે બે આંગળીઓની વચ્ચે અંગૂઠો બહાર કાઢી, લટકું કરતાં બોલ્યા કે 'કેરિયા મંદિરમાં વિજ્ઞાનદાસ સ્વામી તથા મને આમ ધુંબા મારીને મંદિરની બહાર આ સાધુએ ખેંચી કાઢ્યા હતા. તે ગઢડાના ગોપીનાથજીના સાધુ છે. આ અમારી જૂની ભાઈબંધી છે !'

સ્વામીશ્રીએ હસતાં હસતાં વાત પૂરી કરી. ત્યારે સૌનાં હૃદય ઉપર સ્વામીશ્રીનો મહિમા છવાઈ ગયો. સૌને સ્વામીશ્રીની ઉદારતા, મહાનતાનો ખ્યાલ આવી ગયો. સૌનાં મનમાં થયું : 'અહોહો ! કેવા મોટા સાધુ !'

શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં લખે છે કે 'મારે તોપણ ભલું ઈચ્છે,' અને પ્રસાદીના ટોપલા આપી દ્વેષીઓને પણ રાજી કરે, તેવા સાધુ જગતમાં દુર્લભ જ છે ને !

અહીં સ્વામીશ્રીએ આફ્રિકાથી આવેલા તમામ હરિભક્તો સાથે વ્યક્તિગત બેસવાની ઈચ્છા દર્શાવી. સૌ વારાફરતી એકાંતમાં સ્વામીશ્રીને મળતા અને પોતાની મુશ્કેલી જણાવી આશીર્વાદ મેળવતા.

છેલ્લે મૂળ પલાણાના મોહનભાઈ પટેલ (કોલોરોમા) પણ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ આ ભલાભોળા ભક્ત ઉપર ખૂબ પ્રસન્નતા દર્શાવી. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કહો, શું મુશ્કેલી છે ?'

મોહનભાઈને અનેક આર્થિક વિટંબણાઓ હતી. પરંતુ તેમણે કહ્યું : 'બાપા ! એવી મુશ્કેલીઓ તો આપની દયાથી ટળી જશે, પણ મારા સ્વભાવોથી રક્ષા કરજો. દોષમુક્ત થઈ, નિર્વાસનિક બની, આપની ભક્તિ કરી શકું એ પ્રાર્થના છે.'

'ઓહો !' સ્વામીશ્રી આ નિષ્કામ ભાવના પર વારી ગયા. અપૂર્વ આશ્ચર્યથી એમની આંખો મોહનભાઈના અંતઃસ્તલને તપાસી રહી. સ્વામીશ્રીએ પૂછ્યું : 'પૈસા નથી જોઈતા ?' આ એવા ભક્ત હતા જેને સ્વામીશ્રીએ સામેથી પૈસા માટે પૂછવું પડ્યું હતું.

મોહનભાઈએ હાથ જોડી કહ્યું : 'એ તો ઠીક છે, પણ આપને રાજી કરતા આવડે એટલું જોઈએ છે.'

સ્વામીશ્રીએ રાજીપાનો ધબ્બો આપી દીધો. કહે : 'જાવ, મહારાજ સુખિયા કરશે.'

એ પ્રસન્નતા મોહનભાઈને ખૂબ ફળી અને તેઓ આર્થિક રીતે અત્યંત સંપન્ન થયા. અને ખૂબ સેવા કરી સ્વામીશ્રીની વિશેષ કૃપા પ્રાપ્ત કરી.

સાંજે ગામમાં સ્વામિનારાયણ મંદિરે તથા કૈલાસ બાગમાં દર્શન કર્યાં. આજે આફ્રિકાના કેટલાક હરિભક્તો વિદાય લઈ પોતપોતાને ગામ ગયા હતા.

બે દિવસ પછી ગોંડલથી નીકળી સ્વામીશ્રી ઘોઘાવદર, ગઢડા બે દિવસ રહ્યા.

આજ્ઞાપાલનનું ફળ

અમૃત મહોત્સવ પ્રસંગે સ્વામીશ્રીએ મોતીલાલ ચગને લાભ લેવા માટે કંપાલા (આફ્રિકા) પત્ર લખ્યો હતો. તેમનો જવાબ મળ્યો : 'બાપા ! આપનો પ્રેમાળ પત્ર મળ્યો, પણ હાલમાં મારી સ્થિતિ સારી નથી. તેમજ નોકરીમાં રજા મળે નહીં. વળી, ટિકિટભાડું પણ નથી.'

તેથી સ્વામીશ્રીએ આર.યુ. પટેલને પત્ર લખ્યો કે 'મોતીલાલ ચગને ટિકિટભાડાના શિલિંગ આપશો. જેથી તેઓ ઉત્સવમાં આવી શકે.'

આર.યુ. પટેલે તે આજ્ઞા માથે ચડાવી. એ વખતે રામજીભાઈ મિસ્ત્રી તેમની પાસે બેઠા હતા. તેમણે પણ ટિકિટ આપવાની ઇચ્છા સામેથી પ્રદર્શિત કરી.

મોતીભાઈ પોતાના શેઠ પાસે રજા લેવા ગયા પણ શેઠે ના પાડી. છેવટે નોકરીમાંથી રાજીનામું મૂકી તેઓ છૂટા થયા. અને દેશમાં ઉત્સવ ઉપર આવી પહોંચ્યા.

સ્વામીશ્રીએ તેમને ગોંડલ, ગઢપુર સાથે જ ફેરવ્યા. આ દરમ્યાન એમણે મોતીભાઈ સાથે કાંઈપણ પૂછપરછ કરી નહીં. છેવટે અહીં ગઢપુરમાં રજા આપતી વખતે એકાંતમાં બોલાવ્યા અને હેતથી આશીર્વાદ આપતાં કહે : 'તમને હેત છે તે બોલાવ્યા. નોકરી છોડીને આવ્યા છો, પણ મનમાં લાવવું નહિ. શેઠને તમારી જરૂર પડશે. અને ત્રણ મહિના દેશમાં રહ્યા તેનો પગાર આપીને તમને નોકરીમાં રાખી લેશે.' પછી ચાંદલો કર્યો ને મને કહે : 'તમે ચગ સાહેબને ચા-નાસ્તો કરાવી દ્યો.'

મોતીભાઈ કંપાલા પાછા ફર્યા ત્યારે સ્વામીશ્રીના વચન અનુસાર જ થયું. શેઠે સામે ચાલીને મોતીભાઈને બોલાવ્યા અને માન સહિત નોકરીમાં ફરીથી રાખી લીધા.

મોતીલાલ ચગને અમૃત મહોત્સવના લાભ સાથે જીવનભરનું સ્મૃતિનું ભાથું મળી ગયું.

અહીંથી સારંગપુર પધાર્યા.

❀ ❀ ❀



વચનના અધ્ધર ઝીલનારા

સમૈયો સમેટવાનું કાર્ય પ્રમુખસ્વામીએ ઉપાડ્યું હતું. આ કામ વધુ કઠિન હોય છે, કેમ કે સમૈયો થઈ ગયા પછી સેવા કરવા રોકાનારા યુવકો-હરિભક્તો ખૂબ ઓછા હોય; તેથી રાત-દિવસ ઓછા માણસથી વધુ સેવા કરવાની થતી.

સ્વામીશ્રી અહીં સારંગપુર પધાર્યા ત્યારે કોઈ કામ અંગે પ્રમુખસ્વામી સાથે વિચારણા કરવાની જરૂર ઊભી થઈ. તેથી પ્રમુખસ્વામીને સમાચાર મોકલ્યા કે 'તત્કાળ આવો.'

એ વખતે પ્રમુખસ્વામીએ એક જૂની જીપમાં પ્રયાણ આદર્યું. હકાભાઈ કહે : 'આ ઠગારું ક્યારે પહોંચાડશે ?'

'આપણે પહોંચવા સાથે કામ છે ને !' પ્રમુખસ્વામીએ કહ્યું.

સૌ રાતે જ નીકળી ગયા. જસદણ પાસે નદીમાં ખૂબ પાણી હતું. તેથી રોકાવા વિનંતી કરી. તો તરત જ ના પાડી દીધી. પછી ભાવનગરના રસ્તે વલ્લભીપુર થઈને સારંગપુર આવવા નીકળ્યા. રસ્તામાં મોટર ખોરવાઈ. તે સરખી થઈ ત્યાં ખાંભડા પાસે ડીઝલ ખલાસ થઈ ગયું. હકાભાઈએ ગાડું મગાવવાનું સૂચન મૂક્યું ત્યારે પ્રમુખસ્વામી કહે : 'ચાલતા જઈશું.' આમ, મહાકષ્ટે મોડે મોડે સારંગપુર પહોંચ્યા. સ્વામીશ્રીને મળ્યા.

તા. ૧૪-૬-'૬૭થી હરિલીલાકલ્પતરુ પારાયણનો અહીં આરંભ કર્યો. સાથે 'અમૃતપર્વ'ની પારાયણ પણ થઈ.

પ્રમુખસ્વામી હંમેશાં સ્વામીશ્રીનો પડતો બોલ અધ્ધર ઝીલી લેતા. અને એમની રુચિ તથા અભિપ્રાયમાં કોઈપણ જાતના હુંહાટા વગર સરળતાથી વર્તતા. એથી સ્વામીશ્રી પણ એમના ઉપર અપાર રાજીપો બતાવતા. અને અવારનવાર યુવકો-સંતોને એમની આજ્ઞા પાળવા ઉપદેશ આપતા રહેતા. આ ગુણાતીત સ્વરૂપની આદર્શ ભક્તિલીલાનું ગાન કરવા દુન્યવી શબ્દો કઈ રીતે

સમર્થ હોય ?

તા. ૧૫મીએ મહેશભાઈ દોશીના આમંત્રણથી કુંડળ તથા ખાંભડા દર્શન કરી સ્વામીશ્રી બરવાળા પધાર્યા હતા. એક દિવસ સંઘને લઈને કારિયાણી દર્શને ગયા. આફ્રિકાથી ૨૫૦ ઉપરાંત હરિભક્તોને પોતાના સાંનિધ્યમાં રાખીને દર્શન તથા સમાગમનું સુખ આપીને સ્વામીશ્રી અક્ષરધામનું ભાથું બંધાવતા હતા.

આ વિચરણમાં આણંદના જીવાભાઈ વગેરેએ પોતાની મોટરકાર સાથે રાખી, સ્વામીશ્રીની સુવિધાપૂર્ણ મુસાફરીની સેવા સંભાળી હતી.

હરિભક્તોનાં વાહનોની સેવા

વધતી જતી નાદુરસ્ત તબિયતને કારણે સ્વામીશ્રીની સગવડ સાચવવા વિચરણમાં મોટર હોય તો વધુ સારું, એવું હરિભક્તોને ઘણી વાર લાગતું; પણ સ્વામીશ્રી તે માટે સહમત થતા નહિ.

સને ૧૯૫૮માં એક વાર તો વાસદ સ્ટેશન ઉપર ખૂબ જ વરસાદમાં સ્વામીશ્રી સંપૂર્ણ પલળી ગયા અને ઠંડીમાં ધ્રૂજવા લાગ્યા. એ દૃશ્યથી વિહ્‌વળ બની સત્સંગ સમાજે વિચરણને માટે ગાડી હોવી જ જોઈએ એવો નિર્ણય કર્યો. સ્વામીશ્રીની નામરજી છતાં 'ફાર્ગો' નામનું એક મોટું વાહન ખરીદ્યું પણ ખરું. ચારથી છ મહિના સ્વામીશ્રીએ એનો ઉપયોગ કર્યો - ન કર્યો, પણ ૧૯૫૯-૬૦ની વિદેશયાત્રા પછી એમાં બેઠા જ નહિ. હરિભક્તોએ એમને માટે જુદી ગાડી વસાવવાનો ઘણો આગ્રહ સેવ્યો, પણ સ્વામીશ્રી હંમેશાં ના જ પાડતા.

એમની રીત અકળ હતી. હરિભક્તોની મોટરો જ સેવામાં મગાવવી અને એમને લાભ આપવો એવું કાંઈ પોતે વિચારતા હશે. એટલે પોતાને માટે જુદી મોટર વસાવવા દીધી નહિ. આફ્રિકાના હરિભક્તો ભટેસા વગેરે ઘણી વખત પોતાની મર્સિડીઝ ગાડી સેવામાં રાખવા કહેતા. તે પણ સ્વીકાર્યું નહિ. અને જે વિસ્તારમાં વિચરણ કરતા હોય, ત્યાં આજુબાજુ વસતા હરિભક્તોની મોટરોમાં જ પોતે ફરતા. ઘણી વાર હરિભક્તો પોતાની મોટર લઈને સાથે ફરતા. સ્વામીશ્રી તેમને સાથે ફેરવીને સત્સંગનો અનેરો લાભ આપતા. સ્મૃતિ આપતા. જે ભક્તો કદી ભૂલી શકતા નહિ. આ પણ કદાચ મોટર ન રાખવાનો હેતુ હોઈ શકે.

બહુ શરૂમાં દરેડ બાપુની મોટરમાં ફરતા. ત્યારપછી રાજકોટની આજુબાજુ નારણભાઈ શેઠ, ભાનુભાઈ ગઢિયા, ચંદુભાઈ અનડા વગેરેની ગાડીઓમાં ફરતા. ચંદુભાઈએ એમની 'ડીસોટો' ગાડી સ્વામીશ્રીની સેવામાં મૂકી

દીધી હતી. એમના ચિરંજીવી અરુણભાઈ, રજનીભાઈ વગેરે યુવકોએ છેલ્લાં વર્ષોમાં બહુ સેવા કરી.

આણંદના જીવા ભગત તો પોતે માલેતુજાર હોવા છતાં ડ્રાઈવરની જેમ સ્વામીશ્રી સાથે ગામડાંઓમાં મહિનાઓ સુધી ફરતા. એ રીતે મણિભાઈ જીવાભાઈની ગાડી પણ બહુ ફરતી. અમદાવાદમાં ચંપકભાઈ શેઠ, હર્ષદભાઈ શિવાભાઈ પટેલ, જગદીશ ગોરધનભાઈ પટેલ, દીપક છોટાભાઈ પટેલ તથા ચીમનભાઈ પુરુષોત્તમદાસ ગજ્જરની બબે ગાડીઓ હંમેશાં સેવામાં ફરતી. આમ, યુવકો-હરિભક્તોને સ્વામીશ્રીની સેવાનો અમૂલ્ય લાભ અને સંભારણું મળતાં.

પ્રત્યક્ષ ગુણાનુરાગી મોટાસ્વામી

સારંગપુર અને ગઢડામાં પારાયણ દરમ્યાન મોટાસ્વામીએ આફ્રિકાના હરિભક્તોને ઘણી વાતો કરી. સ્વામીશ્રીનો મહિમા સમજાવતાં કહ્યું હતું કે 'આ પુરુષ - યોગીજી મહારાજ જ્યાં જાય છે ત્યાંથી અશુભ દેશકાળ ઊડી જાય છે. ભગવાન અખંડ રાખ્યા હોય તે પુરુષ જ આવાં કાર્યો કરી શકે.'

એક વાર સ્વામીશ્રી આરામમાં જઈ રહ્યા હતા, પરંતુ મોટાસ્વામીએ એમને થોડી વાર સભામાં બેસી દર્શનનો લાભ આપવા વિનંતી કરી અને કહ્યું : 'આપના ગુણ આપની હાજરીમાં જ ગાવા દ્યો. હવે આપ મારે માટે શાસ્ત્રીજી મહારાજ જ છો. બધા સાંભળો ! આ પુરુષને કદી ભૂલતા નહિ. યથાર્થ ઓળખી લેજો. આવા પુરુષ ફરી નહિ મળે. ઘણાએ શાસ્ત્રીજી મહારાજને ન ઓળખ્યા અને આજ્ઞા ન પાળી, તેથી આજે પસ્તાય છે. અને માથાં કૂટે છે. માથાં કૂટવાં ન પડે તે માટે આ પુરુષને ઓળખી લેજો.'

તા. ૨૦મીએ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પણ પ્રવચન કરતાં મોટા-સ્વામીએ કહ્યું હતું કે 'જ્યાં કોદરી બાફીને ખાવા પણ પૂરતી ન મળતી, ત્યાં આ યોગીજી મહારાજે રિદ્ધિ-સિદ્ધિના ઢગલા કર્યા. આ તો સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ વિચરતા હોય એવું લાગે છે !'

સ્વામીશ્રી પાસેથી વિદાય લેતાં પણ મોટાસ્વામીએ સ્વામીશ્રીનાં ચરણ પકડી વિનંતી કરી કે 'આપ સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છો. આપને એ સ્વરૂપમાં જે નહિ ઓળખી શકે તેનું અજ્ઞાન ટળશે નહિ. આપ તો સત્સંગના જીવનપ્રાણ છો. હવે આપ વધુ તકલીફ લેશો નહિ. દેહને સાચવશો.

પધરામણીએ જવાનું બંધ રાખશો. મારી આ વિનંતી છે.' એટલું કહી હર્ષાશ્રુથી ઊભરાતાં નયને તેઓ છૂટા પડ્યા.

પરંતુ કોણ જાણતું હતું કે આ અંતિમ મિલન હતું ? સ્વામીશ્રીએ ગઢડાથી ભટેસા સાહેબને સારંગપુર મોકલતાં કહ્યું : 'મોટાસ્વામીને તમારી ગાડીમાં બેસારી, થડકો ન લાગે એવી રીતે ગાડી ચલાવી, અટલાદરા મૂકી આવો. મોટાસ્વામીએ સત્સંગની સેવા ખૂબ કરી છે. આપણે તેમની સેવા કરવી જોઈએ.'

અંતર્યામીનો આ આદેશ પણ અંતિમ હતો.

તા. ૨૧મીથી ગઢડામાં પણ સ્વામીશ્રીએ 'હરિલીલાકલ્પતરુ' તથા 'અમૃતપર્વ'નું પારાયણ મારી પાસે કરાવ્યું. આમ, સ્વામીશ્રીના સાંનિધ્યમાં મંદિરના રંગમંડપમાં અદ્‌ભુત કથા પ્રસંગ યોજાયો. આજે સવારે ગઢપુર કેળવણી સમાજનું આમંત્રણ સ્વીકારીને નિશાળના ઉદ્‌ઘાટનમાં સ્વામીશ્રીએ હાજરી આપી. શાળાના વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીને ફૂલથી વધાવી પ્રાર્થના કરી, મામલતદાર સાહેબ તથા શહેરના અગ્રગણીઓએ સ્વામીશ્રીને ફૂલહાર કર્યાં.

અંતમાં, સ્વામીશ્રીએ આશીર્વાદ આપી, આ શાળાના વિકાસ માટે આફ્રિકા સત્સંગ મંડળ તરફથી રૂપિયા ૫,૦૦૦/-નું દાન કરાવ્યું. ત્યાંથી સૌ સંતો-હરિભક્તો સાથે જૂના મંદિરે દર્શને પધાર્યા.

ગુરુભક્તિની છોળ

એક દિવસ નિજ મંદિરમાં હરિકૃષ્ણ મહારાજના ખંડની જમણી બાજુ થાંભલી ઉપર હાથ મૂકીને બોલ્યા : 'અહીં બૉર્ડ લખીને મૂકવું જોઈએ.'

'બાપા ! બૉર્ડ શા માટે મૂકવું જોઈએ ?' સ્વામીશ્રીનો હાથ પકડીને ઊભેલા કૃષ્ણકાન્ત બ્રહ્મભટ્ટે સહજ પૂછી લીધું.

સ્વામીશ્રી ભાવવાહી સ્વરે બોલ્યા : 'અહીં શાસ્ત્રીજી મહારાજે હાથ મૂકેલો !' સ્વામીશ્રીના શબ્દે શબ્દમાં ગુરુભક્તિની છોળ હતી.

કેવી તીવ્ર યાદશક્તિ અને ગુરુની પ્રત્યેક ક્રિયામાં કેવા સંલગ્ન !

તા. ૨૫મીએ પારાયણની પૂર્ણાહુતિ થઈ.

મોટાસ્વામી - યજ્ઞપ્રિયદાસજીના અટલાદરામાં અક્ષરનિવાસ થયાના સમાચાર બીજે દિવસે સવારે મળતાં સ્વામીશ્રીએ સભા ભરી. મોટાસ્વામીના ગુણાનુવાદ ગાઈ ધૂન કરાવી. પ્રમુખસ્વામી તથા કોઠારી અક્ષરસ્વરૂપદાસ સ્વામીને તુરત અટલાદરા મોકલ્યા હતા. તાર દ્વારા પુરુષોત્તમપુરા તથા

અટલાદરા સૌને આશ્વાસન પાઠવ્યું.

કોઠારી હરિજીવન સ્વામીએ તથા સંતોએ સૌ હરિભક્તોની સારી સેવા કરી સ્વામીશ્રીને રાજી કર્યા.

તા. ૨૬મીએ સ્વામીશ્રી સંઘ સાથે ભાવનગર પધાર્યા. બીજા દિવસથી અહીં 'હરિલીલાકલ્પતરુ', 'ભાગવત' તથા 'સ્વામીની વાતું'નું પારાયણ યોજ્યું. શાસ્ત્રી ચીમનલાલ તથા મારી પાસે કથાનું વાંચન કરાવ્યું. મહાજન વાડીમાં રોજ લગભગ ૩ થી ૪ હજાર જેટલા ભાવિકો સ્વામીશ્રીનાં દર્શન તથા આશીર્વાદનો લાભ લેતા. મોહનભાઈ, અંતુભાઈ તથા અંબાલાલભાઈ ભગતે સારી વ્યવસ્થા કરી હતી. ભાવનગરની આજુબાજુનાં ગામડાંઓમાંથી સૌએ સારો લાભ લીધો. સ્વામીશ્રીનાં દિવ્ય વ્યક્તિત્વથી આકર્ષાઈ, સત્સંગનો અપૂર્વ મહિમા સમજાવતાં સેંકડો મુમુક્ષુઓ વર્તમાન ધરાવી સત્સંગી બન્યા.

ભાવનગર ટાઉનહૉલમાં વેણીભાઈ પરીખના પ્રમુખપદે જાહેર સત્સંગ સભા યોજાઈ. બહુ મોટી સંખ્યામાં ભાવિકો એકત્રિત થઈ ગયા હતા. સી.ટી. પટેલ, અંબાલાલભાઈ, ચીમનલાલ શાસ્ત્રી, ચંદ્રકાંતભાઈ ત્રિવેદીએ પ્રવચનો કર્યાં બાદ સ્વામીશ્રીએ અમૃતવર્ષા રેલાવી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આખા શહેરમાં જયજયકાર પ્રવર્તી ગયો.

કવિ-હૃદયને આશીર્વાદ

અહીં એક દિવસ ભાવનગરના કવિઓનાં આધ્યાત્મિક કાવ્યોનું ગાન કરવાનું આયોજન કનુભાઈ રાવળે ગોઠવ્યું હતું. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય નરમ હતું, તેથી સભામાંથી વહેલા રાત્રિના ૧૦-૦૦ વાગે આરામમાં ચાલ્યા જતા; પણ કવિઓનો વિશિષ્ટ કાર્યક્રમ હતો તેથી તેઓ રોકાયા.

સર્વે કવિઓએ વારાફરતી પોતાનાં કાવ્યનું પઠન કરી, કાવ્યનાં આધ્યાત્મિક તત્ત્વ પર સંબોધન કર્યું. જે સાંભળીને સ્વામીશ્રી બહુ રાજી થયા. સર્વેને પોતાના વરદ હસ્તે પ્રસાદ તેમજ પુરસ્કાર આપી રાજી કર્યા. અને બોલ્યા : 'આ વખતે અગિયાર કવિઓ આવ્યા. આવતા વરસે ફરી વાર આવું આયોજન થાય ત્યારે એકાવન કવિઓને લાવજો !' સ્વામીશ્રીના આ ભાવભર્યા નિમંત્રણથી સર્વે કવિઓ પ્રસન્ન થઈ ગયા.

સ્વામીશ્રીની બાલસહજ નિર્દોષ પ્રકૃતિ, નિઃસ્વાર્થ, નિર્વ્યાજ પ્રેમથી સર્વે કવિઓએ સ્વામીશ્રીમાં ઈશ્વરના પ્રતિનિધિરૂપ સંતનાં દર્શન કર્યાં હતાં. તેમના

જીવનમાં આવાં અનેક કવિ સંમેલનો થયાં હતાં, પરંતુ અહીં જે હૃદયમાં ઊંડું, ઊંચું આધ્યાત્મિક ભાથું મળ્યું તે જીવનભરનું એક વિશિષ્ટ સંભારણું બની ગયું.

સ્વામીશ્રીને શરીરે ગરમી નીકળી હતી. તેનો મલમ લગાવવાનો હતો. સ્વામીશ્રીએ મને બોલાવવા કોઈને કહ્યું. એક સંતે કહ્યું : 'લાવો, બાપા ! હમણાં ચોપડી દઉં દવા.'

'ઈશ્વર સ્વામી આવે એટલે તે કહેશે તેમ કરીશું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

મેં આવીને કહ્યું : 'આરામમાંથી ૧૦ વાગે ઊઠ્યા પછી દવા ચોપડીશું.'

એટલે બોલ્યા : 'કાં, મેં નો'તું કહ્યું ! મારે ઈશ્વર સ્વામી ભણતા ત્યારથી વિશ્વાસ. એ કહે તે સોળ આના.'

નાની અમથી બાબતને પણ વિશિષ્ટ સ્વરૂપ આપી, જીવ સાથે હેત કરવાની સ્વામીશ્રીની કળા અકલ્પ્ય હતી. પોતાના અસ્તિત્વને કોરે મૂકી દેતાં ક્યારેય એમને વાર ન લાગતી. એમની દેહાતીત અવસ્થાનું દર્શન ગમે તે ક્ષણે કરાવતાં. નાની બાબત પણ બીજાના ભરોસે છોડી, હેતનો ઊભરો ઠાલવતા. આપણે પણ એમનામાં પૂર્ણપણે વિશ્વાસ મૂકી, નિઃશંક-નિર્ભય થઈ સુખિયા થઈએ, એવું જ કંઈક તેઓ સૂચવતા હતા.

અહીંથી નીકળી 'ત્રાપજ બંગલે' અધ્યાપન મંદિરમાં પધરામણી કરી. પ્રિન્સિપાલ નાયક સાહેબની વિનંતીથી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી, તણસાના હરિભક્તોને મળીને, તળાજા હીરજીભાઈના સુપુત્રો દાઉદભાઈ, સુલતાનભાઈ તથા નાનાભાઈને ત્યાં પધાર્યા. અહીં પણ શાળાના પ્રિન્સિપાલ બચુભાઈની વિનંતીથી વિદ્યાર્થીઓને સંબોધી આશીર્વાદ આપ્યા. ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપર જળ છાંટી સમૂહ વર્તમાન ધરાવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ બૅન્ડ-વાજાંથી અભિવાદન કર્યું હતું.

પ્રાગરાજ તીર્થમાં

તા. ૪-૭-'૬૭, સાંજે મહુવા આવી પહોંચ્યા. સૌએ સામૈયું કરી શોભાયાત્રા કાઢી. રાત્રે જાહેર સત્સંગ સભામાં પદ્મશ્રી દુલા કાગે ભજનો ગાઈને સ્વામીશ્રીના મહિમાની સરિતા વહેતી મૂકી હતી. અહીં દરેક પ્રસાદી સ્થાનનાં સ્વામીશ્રીએ સાથે ફરી સૌને દર્શન કરાવ્યાં.

આ પ્રસંગે ભગતજી મહારાજના ભત્રીજા ભગવાનજીભાઈ તથા કુટુંબીજનોએ આ પ્રસાદી સ્થાન જળવાઈ રહે એ હેતુથી આ મકાનો સંસ્થાને

અર્પણ કર્યાં. આ સ્થાનની શોભા તથા રક્ષણ માટે સ્વામીશ્રીએ તેના ઉપર છાપરું મઢવાનો સંકલ્પ કર્યો.

પછી ભગતજી મહારાજના સમાધિ સ્થાને પધાર્યા. અહીં દર્શન, દંડવત્, પ્રદક્ષિણા કર્યાં. સ્વામીશ્રીએ ભગતજી મહારાજનો મહિમા સમજાવ્યો તથા આશીર્વાદ આપતાં કહ્યું કે 'ભગતજી મહારાજે દેહને કેવો ઘસી નાખ્યો ! પાંચ મણની ગુણ ઉપાડે.'

પછી જૂનાગઢની સેવાની પ્રસાદીની વાતો કરીને કહ્યું : 'આપણે પણ તેમ કરવું. દેહને ન ગણવો. ભગતજી મહારાજ જેવી સ્થિતિ થઈ જશે.'

બધાની ભગતજી મહારાજ જેવી સ્થિતિ થાય અને દેશ-પરદેશમાં દેશકાળ સુધરે તે માટે ધૂન કરાવી. આફ્રિકાના હરિભક્તોને સમાધિ સ્થાન ઉપર ધાબું ભરાવવા માટે આદેશ આપ્યો. સૌએ આદેશ ઝીલી હોંશથી રકમ લખાવી.

આ સમયે એકાદ વરસાદનું ઝાપટું પડી ગયેલું. તેથી દેરીએ જતાં રસ્તામાં ગારો થયેલો. આ પ્રસંગે બાઢડાથી નારણભાઈ તથા કુંડલાથી ખોડીદાસભાઈ સ્વામીશ્રીનાં દર્શને મહુવા આવ્યા અને સ્વામીશ્રી સમાધિ સ્થાને ગયા છે તે જાણી, તેઓ પણ રસ્તામાં ગારો ખૂંદીને સમાધિ સ્થાને આવ્યા. પગ ધોઈને ભગતજીની દેરીમાં તથા સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમે ભગતજી મહારાજની દેરીએ દર્શન કરવા આવ્યા, તે તમને ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળશે.'

સ્વામીશ્રીએ સંતો-હરિભક્તોને ભગતજી મહારાજનો અને એમના સમાધિ સ્થાનનો અપરંપાર મહિમા કહ્યો.

અહીં એક વખત મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'અમારો આ રોજનો કાર્યક્રમ, રોજ ધૂન. ને સંતો હોય ત્યારે બે અષ્ટકો અને પછી વાતો, ને સંતો ન હોય ત્યારે પ્રભાતિયાં બોલાવું. એમ આજ વર્ષોથી ચાલે છે.

યોગીજીની જેમ આ સંતની પાછળ લાખો મનુષ્યો ફરશે

તા. ૪-૭-૬૭, મહુવાથી વિદાય લઈ ભાદરા (મહુવા પાસે) ગુણવંતભાઈ દાણીને ત્યાં પધાર્યા. પોપટભાઈ દાણી અને તેમના દીકરાઓ મનુભાઈ, પ્રતાપભાઈ વગેરેએ સેવા કરી.

તેમના ફળિયામાં નાનો મંડપ બાંધ્યો હતો. ઓસરીમાં તેમજ ફળિયામાં હરિભક્તો જમવા બેસી ગયા. પ્રમુખસ્વામી તથા સંતો સૌને પીરસતા હતા.

એ વખતે એક વિદ્વાન બ્રાહ્મણ સ્વામીશ્રીનાં દર્શને આવેલા. તેઓ દર્શન કરતાં ઊભા હતા. તેમણે પોપટલાલને પાસે બોલાવ્યા અને કહ્યું : 'આ સ્વામી (પ્રમુખસ્વામી) પીરસે છે, તેમની પાછળ પણ યોગીજી મહારાજની જેમ લાખો માણસ ફરશે. મારી જ્યોતિષ શાસ્ત્રમાં અલ્પ મતિ છે, પરંતુ આ સંતની આકૃતિ નીરખીને જે રીતે મેં લક્ષણો તપાસ્યાં છે, તે જોતાં ભવિષ્યમાં આપણે ઈશ્વર-કૃપાથી મળીએ તો હું યાદ આપીશ. નહીંતર, તમે મારી વાતને યાદ રાખજો.'

અને એ બ્રાહ્મણના કથન મુજબ જ બન્યું. પ્રમુખસ્વામી યોગીજી મહારાજના અનુગામી બન્યા અને લાખો મુમુક્ષુઓના જીવનઆધાર બન્યા.

સાંજે રાજુલા જયંતીભાઈ ભટ્ટને ત્યાં આવી પહોંચ્યા. રાત્રે જાહેર સભા યોજી. ગામના ઘણા મુમુક્ષુઓએ લાભ લીધો હતો. વલ્લભભાઈ, નાગરદાસભાઈ વગેરેએ સારી સેવા કરી.

સવારે ૧૧-૦૦ વાગે સ્વામીશ્રી પાંડુરંગ આઠવલે સંચાલિત અહીંના તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના કેન્દ્રમાં પધારી એક કલાક રોકાયા. વિદ્યાર્થીઓએ ગીતા તથા વેદના મંત્રોનું ગાન કર્યું. શંકરભાઈ દવેએ અહીંના કાર્યક્રમોની આછી રૂપરેખા આપ્યા બાદ સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.

બપોરે ઠાકોરજી જમાડી બાઢડા પધાર્યા. નારણભાઈ, માવજીભાઈ વગેરે હરિભક્તોએ ઉત્સાહથી અનેરી સેવા કરી હતી.

અહીંથી આફ્રિકાના હરિભક્તોએ એક માસ અને આઠ દિવસ રહીને જ્ઞાનામૃત મેળવીને પોતપોતાનાં સ્થાને જવા વિદાય લીધી હતી.

તા. ૮મીએ મોટર રસ્તે સાક્ષાત્ સ્થાન અક્ષર મંદિર - ગોંડલ આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંત-હરિભક્તોએ રથયાત્રાનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવ્યો. સંતોએ ઠાકોરજી આગળ સુંદર દૃશ્ય ખડું કર્યું હતું.

વરસાદનું ગણિત

સ્વામીશ્રીને નક્ષત્રો અને તારા વિશે ઘણું જ્ઞાન હતું. આ વરસે જ્યારે વરસાદે લંબાવ્યું ત્યારે સ્વામીશ્રી ગુણવંતને કહે : 'તમે ઉપર અગાસીમાં જઈને બીજ જોઈ આવો તો. જો બીજના છેડાની કોર અંદર વળેલી હશે તો વરસાદ નહીં થાય અને દુકાળ પડશે. બીજ ઊંચી-નીચી અર્થાત્ એક છેડો મોટો (પણ સમાંતર દિશામાં) હશે તો વરસ સારું થશે. એમ અનુમાન કરવું.'

પછી ગુણવંતભાઈ આકાશમાં બીજ જોઈ આવ્યા અને સ્વામીશ્રીને વાત

કરી. એટલે કહે : 'વરસ તો સારું થશે, પરંતુ હવે જો બીજ, ત્રીજ અને પાંચમની વીજળી આકાશમાં (ઈશાન કોણમાં) થાય, તો વરસાદ સારો થાય. વરસ સોળ આની થાય. જો બીજ-ત્રીજની વીજળી થાય, તો પાંચમની પણ થાય જ. એ અનુમાન સાચું છે.'

પરંતુ ત્રીજની વીજળી થઈ ન હતી. ત્યારે સ્વામીશ્રી કહે : 'હવે પાંચમની પણ વીજળી થાય કે ન થાય. વરસ આઠ-દસ આની થશે.'

સ્વામીશ્રી ઘણી વાર આવી વાતોને પણ આધ્યાત્મિક અનુસંધાન આપતા ને કહેતા : 'જો બીજની વીજળી થાય, તો પાંચમની થવાની જ. તેમ જો ભક્તનો અવગુણ આવ્યો, તો ભગવાનનો પણ અવગુણ આવશે જ. માટે નાનામા નાના ભક્તનો પણ અવગુણ ન લેવો.' આમ, પોતાનો અભિપ્રાય જણાવી દેતા.

તા. ૧૪મીના રોજ સ્વામીશ્રીએ દેવચડી હરિમંદિરમાં ધામધૂમથી મૂર્તિ-પ્રતિષ્ઠા કરી. હરિજયંતીના દિવસે આફ્રિકાવાળા વસનજીભાઈ તરફથી એક દિવસની 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણ થઈ.

બીજે દિવસે 'નૈમિષારણ્ય ગુરુકુળ'માં જાહેર સત્સંગ સભા સ્વામીશ્રીના અધ્યક્ષપદે યોજાઈ. શહેરની કૉલેજના પ્રિન્સિપાલ તથા પ્રોફેસરો અને તમામ શાળાઓના પ્રિન્સિપાલ, શિક્ષકો તથા અગ્રગણ્ય નાગરિકો હાજર રહ્યા હતા.

નિયમની એકાદશીએ અક્ષર દેરીમાં સંતો તથા હરિભક્તોએ સ્વામીશ્રી સમક્ષ ચાતુર્માસના વિશેષ નિયમો લીધા.

તા. ૧૮મીએ સવારે ગોંડલથી નીકળી, રાજકોટ થઈ, મૂળી દર્શન કરી, સુરેન્દ્રનગર ટાઉનહૉલમાં સાંજે જાહેર સત્સંગ સભા કરી, અમદાવાદ આવી પહોંચ્યા.

તા. ૨૦મીએ સવારે બાબુભાઈ જશભાઈ તથા માધવલાલ શાહ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. આ પ્રસંગે સ્વામીશ્રીની આજ્ઞાથી, અમૃત મહોત્સવ સમિતિ તરફથી પ્રમુખસ્વામીએ ગુજરાત રાજ્ય દુષ્કાળ રાહત ફંડમાં રૂપિયા દસ હજારનો ચેક અર્પણ કર્યો હતો. માનનીય બાબુભાઈએ જણાવ્યું હતું કે 'યોગીજી મહારાજના આશિષ ગુજરાતની જનતાને મળ્યા છે. તેથી વર્ષ સારું પાકશે.'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે 'જ્યાં ભગવાનમાં શ્રદ્ધા છે, ત્યાં ભગવાન તેનું કાર્ય કર્યે જ જાય છે. ગુજરાતમાં ધાનના ઢગલા થશે, દુઃખ નહિ રહે. આખો દેશ સત્સંગી થશે. પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામ લેવાશે.'

હરિભક્તોએ ગુરુપૂજનનો લાભ લઈ લીધો. હિંમતનગર મહારાજા તથા ચોકસી સાહેબ દર્શને આવ્યા હતા. તેમને મળીને જૂના મંદિરે દર્શન કરી, આંબલીવાળી પોળમાં દર્શન કરી, મોહનભાઈ બગડવાળા બીમાર હતા, તેમની તબિયત જોઈ, આશીર્વાદ આપ્યા.

દરિયાખાનના ઘુમ્મટમાં પ્રાસાદિક દર્શન

અહીંના હરિભક્ત કલ્યાણભાઈ પટેલની ખૂબ ભાવના હતી કે પોતાના રહેઠાણનાં મકાન 'દરિયાખાન ઘુમ્મટ કૉલોની'માં સ્વામીશ્રીનાં પગલાં કરાવવાં. તેથી સ્વામીશ્રી તેમનો સંકલ્પ પૂરો કરવા પધાર્યા. બીજા હરિભક્તોનાં ઘર પણ આજુબાજુ હતાં. સ્વામીશ્રીએ સૌને પધરામણીનો લાભ આપ્યો.

પધરામણી પછી સ્વામીશ્રીએ કલ્યાણભાઈને કહ્યું 'આપણે દરિયાખાનના ઘુમ્મટનાં દર્શન કરવા જવું છે, કારણ કે મુક્તાનંદ સ્વામી ત્યાં બિરાજેલા અને ભૂતોનો મોક્ષ કર્યો હતો. ત્યાં ધ્યાન કરવા બેઠા હતા. એવું મહાપ્રસાદીનું સ્થાન છે.'

જો કે આ જગ્યાએ ચારે બાજુ ગારો-ગંદકી ભરપૂર હતાં, પરંતુ સ્વામીશ્રીએ એ સ્થળે જઈને દર્શન કર્યાં અને કલ્યાણભાઈએ કંતાન પાથરી દીધું તેના પર સ્વામીશ્રીએ દંડવત્ પણ કર્યા !

સ્વામીશ્રીને શ્રીજીમહારાજ અને પરમહંસોના દરેકે દરેક સ્થાનનાં દર્શનનો આવો અલૌકિક મહિમા હતો. આપણે મન જે ભૂતકાળ થઈ ગયો હોય, તે સ્વામીશ્રીને તો જાણે પ્રત્યક્ષ જ ! સ્વામીશ્રીએ પ્રસાદીનાં કેટલાંય સ્થાનોના જીર્ણોદ્ધાર કરાવ્યા. પછી એ સ્થાન વડતાલ અથવા અમદાવાદ ગાદીનું હોય તોપણ તેમને મન કાંઈ જુદું ન હતું. તેઓ સર્વત્ર શ્રીજીમહારાજનાં દર્શન કરતા.

અહીં ગુલાબી પાર્કમાં ગ્રાફપેપરના કારખાનાનું ઉદ્‌ઘાટન કરી, બપોરે ૧-૦૦ વાગે સ્વામીશ્રી બોચાસણ તરફ પધાર્યા.

તા. ૨૧મીએ ૫,૦૦૦ જેટલા હરિભક્તોએ ગુરુપૂજનનો અલભ્ય લાભ લીધો. આશાભાઈ, હર્ષદભાઈ, સી.ટી. પટેલ, ભટેસા, દાસ ભગત, હકાભાઈ તથા પ્રમુખસ્વામીએ ગુરુપૂર્ણિમા અને ગુરુપૂજનનું માહાત્મ્ય સમજાવતાં પ્રેરક પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું : 'સૌ તન, મન, ધનથી સુખી થાય. આજે શાસ્ત્રીજી મહારાજના પૂજનનો દિવસ છે.'

સ્વામીશ્રીનું આ કથન ગુરુ સાથેની એકતા તેમજ ગુરુ પ્રત્યેની ભક્તિ,

ઉભય ભાવોનું સમર્થન કરે છે.

બીજે દિવસે સવારે ગોરધનભાઈ ગુલુવાળાના આગ્રહને વશ થઈ ધર્મજ તેમને ઘેર પધરામણી કરી. સ્થાનિક હરિભક્તોએ અહીં સમૂહમાં જ સ્વામીશ્રીના પૂજનનો લાભ લઈ લીધો.

તા. ૨૩મીએ સવારે રાવજીભાઈના આગ્રહને વશ થઈ, સ્વામીશ્રી તેમને ત્યાં લગ્ન પ્રસંગે આણંદ પધાર્યા. ત્યાંથી સાંજે વડતાલ તેમજ મહેળાવ દર્શન કરી રાત્રે બોચાસણ આવ્યા.

વળતે દિવસે સોમાભાઈ તથા રણછોડભાઈના આગ્રહથી રૂંદેલ પધરામણી કરી. સાંજે બાળમંદિરમાં જાહેર સભામાં સૌને લાભ આપ્યો.

તા. ૨૫મીએ અષાઢ વદિ ૪થી 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણ શરૂ થઈ હતી. કથાની શરૂઆત પ્રમુખસ્વામીએ કરી. ત્યારબાદ યોગેશ્વર સ્વામી તથા હું કથાનું વાચન કરતા. સાંજે 'ભક્તચિંતામણિ' તથા 'હરિલીલામૃત'નું વાચન શ્વેતવૈકુંઠદાસજી કરતા.

તા. ૨૭મીએ સ્વામીશ્રી પોતાના નિત્યક્રમ અનુસાર ઠાકોરજીની આરતી કરી, પ્રદક્ષિણા કરી, રંગમંડપમાં શ્રીજીમહારાજની પ્રસાદીનાં દર્શન કરી, વડ નીચે જ્યાં મહારાજ પ્રથમ બોચાસણ પધાર્યા અને બિરાજ્યા હતા તે પ્રસાદી સ્થાને છત્રીનાં દર્શન કરી, પુરુષોત્તમ સ્વામીના ઓટે દર્શને પધાર્યા. અત્રે પુરુષોત્તમ સ્વામીની ચિત્રપ્રતિમા પધરાવી સ્વામીશ્રીએ કહ્યું કે 'ભગતજી મહારાજ કહેતા કે પુરુષોત્તમ સ્વામી તો બ્રહ્મર્ષિ છે.'

ખાનદેશમાં વરખેડા ગામના આ મુક્તરાજને સુરતમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો અને એમના સંબંધથી તેમને ભગતજી મહારાજનો અતિ અપાર મહિમા સમજાયો. ત્યારબાદ સદ્‌ગુરુ સ્વામી વિજ્ઞાનદાસજીના મંડળમાં રહી દીક્ષા લીધી અને પુરુષોત્તમ સ્વામી નામ પાડ્યું.

સ્વામી પુરુષોત્તમદાસજી ખૂબ જ ગરીબ પ્રકૃતિના હતા. અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવા માટે તેમણે સ્વામી શાસ્ત્રીજી મહારાજ સાથે રહી જીવનભર સેવા કરી હતી. બોચાસણમાં તેઓ ધામમાં ગયા. અહીંનો નાનો ઓટો કર્યો હતો અને આ સ્થળે ખડ ભર્યું હતું. સ્વામીશ્રી અત્રે દર્શને આવતાં તે ખબર કોઠારીને પડી, એટલે તેમણે અહીં મોટો ઓટો કરી સહુને દર્શન થાય તેવી સગવડ કરી દીધી હતી. આ સ્થાને પુરુષોત્તમ સ્વામીની કાયમી સ્મૃતિ રહે તે માટે, સ્વામીશ્રીએ આજે તેમની પ્રતિમા પધરાવી હતી.

મારા સ્વામીની આજ્ઞા છે તો વરસાદ વરસાવો

અષાઢ માસ પૂરો થવા આવ્યો પણ ક્યાંય પૂરતો વરસાદ નહીં. વાદળોય જોવાં મળતાં નહીં. મુંબઈમાં પણ પાણી ખૂટ્યું અને લોકોને સ્થળાંતર કરવાનો હુકમ મળી ગયો. આવી પરિસ્થિતિમાં સ્વામીશ્રી ઉપર વરસાદ વરસાવવાના પ્રાર્થના-વિનંતીના અનેક પત્રો આવવા લાગ્યા. લોકો રૂબરૂ આવીને પણ પ્રાર્થના કરવા લાગ્યા.

એક દિવસ સ્નાન કરતાં કરતાં સ્વામીશ્રી કહે : 'ઇન્દ્રરાજાની માનતા રાખો તો વરસાદ થાય.'

પછી પાંચ શેર મગજ ધરાવવાનો સંકલ્પ કર્યો. અને સાથે 'હરિલીલા-કલ્પતરુ'ની પારાયણનો પ્રારંભ કર્યો.

એક દિવસ રાત્રે ગુણવંતભાઈને કહે : 'તમે અગાસીમાં જઈને ઇન્દ્રરાજાને વરસાદ વરસાવવાનું કહો. મારા સ્વામીની આજ્ઞા છે તો વરસાદ વરસાવો.'

ગુણવંતભાઈ એ પ્રમાણે કહી આવ્યા. પછી સ્વામીશ્રી કહે : 'બારસ સુધીમાં વરસાદ થશે.'

અને બારસના દિવસે ૧૦-૦૦ વાગે ખૂબ સારો વરસાદ થયો. સ્વામીશ્રીએ પાંચ શેરને બદલે દસ શેર મગજની પ્રસાદી ઠાકોરજીને ધરાવી, સૌ સંતો તથા હરિભક્તોને વહેંચી.

ચૈતન્ય મંદિર કરવું છે

બાજવાવાળા ભાઈલાલભાઈ બોચાસણ આવ્યા ત્યારે સ્વામીશ્રી તેમને કહે : 'બહુ લાકડાંનો વેપાર કર્યો. હવે આ લાકડાંનો વેપાર કરવા આવો. જુઓને, સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) તમારા પીઠામાં ગાડું છોડતાં.'

ત્યારે ભાઈલાલભાઈ કહે : 'હા સ્વામી ! ત્યાં ઊતરીને પછી જ અટલાદરા આવે. અટલાદરા મંદિર માટે લાકડું ત્યાંથી જ લીધું અને મંદિર થઈ ગયું.'

'પણ હવે તમે આવો તો ચૈતન્ય મંદિર થાય, ચૈતન્ય મંદિર કરવું છે.' એમ કહીને સૌને મર્મ કર્યો.

એક પારાયણ પૂરી થાય ને બીજી, એમ પારાયણો યોજીને સ્વામીશ્રી સ્મૃતિએ સહિત જ્ઞાન આપતા. પ્રભુદાસભાઈ ગાનાવાળા તરફથી 'હરિલીલા-કલ્પતરુ'ની પારાયણની પૂર્ણાહુતિ ખૂબ જ ધામધૂમથી થઈ હતી.

અહીંથી અટલાદરા પધાર્યા. આફ્રિકાના તથા દેશના ઘણા હરિભક્તો સાથે રહી, સ્વામીશ્રીનો લાભ લઈ રહ્યા હતા. અહીં સ્વામીશ્રીએ મોટાસ્વામીના અક્ષરનિવાસ નિમિત્તે સ્વામીની વાતું, ભક્તચિંતામણિ, હરિલીલામૃત ગ્રંથોની પારાયણ શરૂ કરી હતી. પ્રમુખસ્વામી સાથે અમે સંતો કથાનું વાચન કરતા. સાથે સાથે સ્વામીશ્રી પણ અમૃત વાણીનો સ્રોત ચાલુ રાખી બ્રહ્માનંદ કરાવતા.

ગુણાતીત સાધના-પ્રણાલી

અમૃત મહોત્સવ પછી સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે ઉત્સવનો મોહ છોડી સેવામાં જોડાઈ રહેવા માટે સ્વામીશ્રીએ જયકૃષ્ણ ભગત ઉપર ખૂબ પ્રસન્નતા બતાવી અને કહ્યું : 'આપણે મુંબઈ જવાનું છે. અને સંસ્કૃત ભણીને આચાર્ય થવાનું છે.' જયકૃષ્ણ ભગતે એ પ્રમાણે મનોમન તૈયારી કરી.

એ અરસામાં મોટાસ્વામીના અક્ષરનિવાસ નિમિત્તે અટલાદરામાં પારાયણ શરૂ થઈ ત્યારે જયકૃષ્ણ ભગત સાથે હતા. અહીં આણંદના મણિભાઈ જીવાભાઈએ સ્વામીશ્રીને વાત કરી કે 'વિદ્યાનગર અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં સંતોને જો વ્યવસ્થામાં મૂકવામાં આવે તો કાર્ય સારું થાય.'

સ્વામીશ્રીએ તુરત જયકૃષ્ણ ભગતને બોલાવીને કહ્યું : 'આપણે મુંબઈ જવું નથી, પણ છાત્રાલયમાં જવાનું છે. ત્યાં ઠાકોરજીની સેવા-પૂજા કરવાની અને છાત્રાલય સંભાળવાનું છે.' આમ, અચાનક જયકૃષ્ણ ભગતની સાધનાનો રાહ બદલાયો.

સાધકને કદાચ એવો પ્રશ્ન થાય કે 'સ્વામીશ્રી આમ જુદી જુદી આજ્ઞા કેમ કરતા હશે ? ઘડીક સંસ્કૃત ભણવાનું કહે છે, તો તુરત જરૂરિયાત ઊભી થતાં છાત્રાલય સંભાળવાનું કહે છે. આમાં મારા આધ્યાત્મિક વિકાસ માટે સાચું શું ?' આવી શંકા થાય. 'શું આ બધું પૂર્વ આયોજિત હશે ?' આ બધા તર્કોનું સમાધાન સમય જતાં જ થાય છે. 'કટ વળી જવું,' 'મનગમતું મૂકી દેવું,' 'ગુરુઆજ્ઞામાં ટૂક ટૂક થઈ જવું,' આ બધા ગુણો સાધકને સિદ્ધ કરાવવા જ કદાચ આવા પ્રસંગો, વિભિન્ન આજ્ઞાઓ સ્વામીશ્રી કરતા હશે, એમ માનવું જ રહ્યું. કારણ, એમનાં ઉપદેશ વચનોમાં એ રણકાર ઘણી વાર સંભળાતો. શ્રદ્ધા અને પ્રીતિપૂર્વક ગુરુઆજ્ઞાના પાલનથી જ સાધનની પરિશુદ્ધિ. એ સાધનામાં જ વિકાસ અને પ્રગતિ નિઃશંક અનુભવાય છે. સવાલ છે માત્ર સમય સાથે ટકી રહેવાનો ! ધીરજનો ! જો ગુરુઆજ્ઞામાં વિશ્વાસ અને ધીરજ અડગ રહે, તો ગુણાતીત ગુરુની

નિશ્રામાં સત્યનો-આત્માનો સાક્ષાત્કાર નિશ્ચિત છે.

શનિવાર, તા. ૫-૮-'૬૭, પારાયણની પૂર્ણાહુતિ કરી. સાંજે સ્વામીશ્રી સર્વ સંતો-હરિભક્તો સાથે ધૂન કરતાં કરતાં મોટાસ્વામીના સમાધિ સ્થાને પધાર્યા. અહીં સભા ભરીને ધૂન તથા કીર્તનો ગાઈને તે સ્થળે છત્રી કરી. શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવવાનું નક્કી કર્યું. રાત્રે વિદ્યાનગર પધાર્યા.

સ્વામીશ્રીના જીવનમાં ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા રોમરોમ વણાયેલો હતો. સંતો-હરિભક્તોનો કેટલો મહિમા ! તેમની સમાધિ ઉપર ઓટો કરવો, મહારાજનાં ચરણારવિંદ પધરાવવાં, તેમની મૂર્તિ પધરાવવી, ત્યાં દીવો કરવો. અવારનવાર દર્શને જવું. દંડવત્-પ્રદક્ષિણા કરવાં. જો ભક્તનો આવો મહિમા સ્વામીશ્રી સમજી શકતા હોય, તો ભગવાનના મહિમાની તો એમને અવધિ જ ન હોઈ શકે ! એમને વિશે કેવો પરાત્પર ભાવ હશે ?! પોતાને વિશે કેવો સ્વામી-સેવકભાવ - દાસત્વભાવ હશે ?! એની કલ્પના કરવી પણ અશક્ય છે.

બીજે દિવસે સવારે સ્વામીશ્રીએ આઠ મોટરોના કાફલા સાથે ખંભાત જતાં રસ્તામાં કરમસદ કિસુમુવાળા મગનભાઈને ત્યાં પધરામણી કરી હતી.

ખંભાતમાં સ્વામિનારાયણ મંદિરના કોઠારી વિષ્ણુ સ્વામીએ હાર પહેરાવી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. અહીં જયશંકરભાઈએ સ્વામીશ્રીને ગોપાળાનંદ સ્વામીએ ભાગવત પર કેટલી ટીકાનું પુસ્તક ભેટ આપ્યું. બાદ કુકુભાઈના નવા બંગલે ઠાકોરજી જમાડી, અંબાલાલભાઈ ઝવેરીને ત્યાં આરામ કર્યો. સાંજે વીરસદ મંદિરમાં દર્શન કરી, આફ્રિકા મંડળ તરફથી રસોઈ નોંધાવી, રાત્રે વિદ્યાનગર પધાર્યા હતા.

છાત્રાલયના પ્રાર્થના-મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૭-૮-'૬૭ના વિદ્યાનગરમાં અક્ષરપુરુષોત્તમ (સ્વામિનારાયણ) છાત્રાલયના પ્રાર્થના હૉલમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવાની હોવાથી સ્વામીશ્રી સવારે યજ્ઞમાં બિરાજ્યા. ૯-૦૦ વાગે સભામાં સરદાર પટેલ વિદ્યાપીઠના ઉપકુલપતિ ઈશ્વરભાઈ પટેલ, પોલિટેકનીક કૉલેજના પ્રિન્સિપાલ મણિભાઈ સાહેબ તથા અન્ય કૉલેજના પ્રૉફેસરો તથા ૪૦૦ જેટલા કૉલેજિયન યુવકોએ હાજરી આપી હતી. અમદાવાદ, આણંદ, વડોદરા, ભાદરણ, તારાપુર, ખંભાત, વસો, પીજ, વલાસણ, ખંભોળજ, નડિયાદ, પલાણા વગેરે ગામોના ૧,૫૦૦ જેટલા

હરિભક્તો હાજર રહ્યા હતા.

અહીં સભામાં મણિભાઈ બ્રહ્મભટ્ટ તથા સી.ટી. પટેલે પ્રાસંગિક પ્રવચનો કર્યાં. બાદ ઉપકુલપતિ ઈશ્વરભાઈ પટેલે પ્રવચન કરતાં એડીસન, આઈનસ્ટાઈન વગેરે વૈજ્ઞાનિકોનાં દૃષ્ટાંતો આપી, ભગવાનનું કર્તાપણું સમજાવી, અહીં મંદિર કરવાનો હેતુ જણાવ્યો હતો.

યજ્ઞ વિધિમાં ઠાકોરજીની પ્રતિમાની ષોડશોપચાર વિધિથી પૂજા કરાવીને પ્રાર્થના હૉલમાં ગોઠવેલા સુંદર સિંહાસનમાં સ્વામીશ્રીએ પ્રાણપ્રતિષ્ઠા મંદિરમાં કરી આરતી ઉતારી. આ સમયે નટવરભાઈ દવેએ પ્રવચન કરતાં કહ્યું કે 'મૂર્તિનું ચિત્રણ કર્યું પેઈન્ટરે, ફ્રેમ બનાવનારે ફ્રેમ બનાવી. બીજા ઊંચકીને અહીં લાવ્યા અને તેમાં યોગીજી મહારાજે પ્રાણપ્રતિષ્ઠા કરી, માટે તેને ફોટો ન માનશો. આ તો સાક્ષાત્ શ્રીજીમહારાજ જ છે. માટે અહીં આવીને દુઃખ કહેવું તથા પાપનું પ્રાયશ્ચિત્ત કરવું.'

સાંજે ૫-૦૦ વાગે છાત્રાલયના યુવકોની સભામાં સૌને અંગત લાભ આપીને ૭-૩૦ વાગે સંધ્યા વિધિ કરીને આણંદ પધાર્યા. છાત્રાલયના ગૃહપતિ તરીકે ત્રિભુવનકાકાની નિમણૂક કરવામાં આવી હતી.

બીજે દિવસે આણંદ રેલવે સ્ટેશને પધારી, અર્ધો કલાક સૌને લાભ આપીને સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેન દ્વારા મુંબઈ જવા વિદાય આપી.

રાત્રે ૮-૪૫ વાગે સ્વામીશ્રી દાદર મંદિરે આવી પહોંચ્યા. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીનાં વિચરણની સંક્ષિપ્ત માહિતી આપી. રાત્રે મંદિરમાં અમૃત મહોત્સવની ફિલ્મ બતાવવામાં આવી હતી.

સ્વામીશ્રીના અદ્‌ભુત વ્યક્તિત્વથી આકર્ષાઈને મહાન સંતો, પ્રધાનો, સાહિત્યસેવકો તથા વિદ્વાનો સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવતા. શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ ભક્તે સહિત ભગવાનની યુગલ-ઉપાસનાનો હેતુ સમજતા.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં વજુભાઈ મોદી તરફથી મુંબઈ, દાદર મંદિરમાં 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથનું પારાયણ યોજાયું હતું. જેનું વાચન દરરોજ મુંબઈ સંતમંડળના જુદા જુદા વિદ્વાન શાસ્ત્રીઓ કરતા. ઉપરાંત રાત્રે મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના હસ્તલિખિત જીવન ચરિત્રનું વાચન મારી પાસે કરાવતા. દરરોજ વહેલી સવારે ધૂન તથા અષ્ટક બોલાયા બાદ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી વિરચિત 'ભક્તિનિધિ' ગ્રંથનું વાચન થતું અને સ્વામીશ્રી તેનું નિરૂપણ કરતા.

ભક્તોને ભાવભરી વિદાય

તા. ૧૪મીએ રાત્રે અમૃત મહોત્સવ ઊજવવા આફ્રિકાથી ખાસ પધારેલા હરિભક્તોને વિદાયમાન આપવા માટે સમારંભ યોજ્યો હતો. આ પ્રસંગે અંબાલાલભાઈએ દરેક હરિભક્તની વ્યક્તિગત ઓળખાણ આપી. સ્વામીશ્રીએ તેમને ચાંદલા કરી, હાર પહેરાવ્યા. છગનભાઈ નારણભાઈએ આફ્રિકાના હરિભક્તો સર્વ પ્રકારે સુખી થાય, સત્સંગમાં આગળ વધે અને રાજકીય વાતાવરણથી તેમને કોઈ પ્રકારની મુશ્કેલી ન આવે તેવી પ્રાર્થના, તેમના વતી સ્વામીશ્રી પાસે કરી હતી.

બાદ ગયા વર્ષે સંસ્થામાંથી છૂટા પડેલા કેટલાક હરિભક્તો તથા સંતો અંગે સ્પષ્ટતા કરતા પ્રમુખસ્વામીએ કહ્યું હતું કે ‘સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે શ્રીજીમહારાજે ઉપદેશેલ તમામ નિયમો અને મર્યાદાઓનું પાલન કરીને અક્ષર-પુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવા આ સંસ્થા શરૂ કરી છે. તેથી ઉપાસનાના સિદ્ધાંતમાં કે ધર્મ-નિયમમાં કોઈપણ ફેર પાડતા હોય તો તે ગમે તે સાધુ હોય કે હરિભક્તો હોય, પરંતુ તેમનું સ્થાન આ સંસ્થામાં હોઈ ન શકે. માટે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના એ સિદ્ધાંતની ઉપેક્ષા કરીને જે કોઈ વર્તતા હતા તેમને માટે શ્રીજીમહારાજે ગ.પ્ર. ૧૮ના વચનામૃતમાં જે આજ્ઞા કરી છે, તે અનુસાર આ નિર્ણય લેવાયો છે. સર્વકર્તા મહારાજ છે. માટે જે કાંઈ સત્સંગમાં બની ગયું છે, તે સત્સંગ અને સંસ્થાનાં હિતમાં જ બન્યું છે. અને તેમાં સ્વામીશ્રી યોગીજી મહારાજની સંમતિ અને રાજીપો છે જ. માટે દરેકે સિદ્ધાંત ઉપર નજર રાખી સત્સંગ કરવાનો છે.’

સ્વામીશ્રીએ પ્રમુખસ્વામીના આ ઉદ્‌ગારોને સમર્થન આપી, સૌને આશીર્વાદ આપ્યા હતા.

પવિત્રા એકાદશીએ સ્વામીશ્રી સર્વે સંતમંડળ લઈને સાંજે મોટા મંદિરે ભૂલેશ્વર દર્શન કરવા પધાર્યા.

બીજે દિવસે જનકભાઈ દવે સ્વામીશ્રી પાસે આવ્યા અને પેંડાનો પ્રસાદ સ્વામીશ્રીને ધરતાં કહે : ‘મારા બાપુજીએ મોકલ્યા છે.’

‘એમ !’ સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું, કારણ કે તેઓને જરાય સત્સંગનો ગુણ નહીં. છતાં આવો ભાવ થયો. તેથી રાજીપો બતાવતાં રાતની સભામાં કહે : ‘જુઓ, જનકભાઈ કેવા શૂરવીર ! એ કાંઈ ભોટ નથી કે ફોશી

નથી ! ભાષણ એવું કરે કે કેફ ચડી જાય...'

સ્વામીશ્રી એક નિષ્ઠાવાન યુવકનો મહિમા કહીને તેને અધ્યાત્મ-માર્ગમાં જાણે કે વધુ હેત કરાવતા હતા : 'હું તો ઇંગ્લીશ ભણ્યો નથી, પણ આવા યુવકો બોલે ત્યારે હવાદ આવે છે. શીખી લઈએ એમ થઈ જાય છે. બોલવા થાય. યુવકો અમને શીખવાડે છે ખરા, પણ પૂરેપૂરું નહીં, ભાંગ્યા-તૂટ્યા જેવું.' આમ, સ્વામીશ્રીએ ખૂબ રાજીપો બતાવ્યો.

મંગળિયાનો મંગળિયો

નંદાજીએ અહીં બે-ત્રણ દિવસ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લીધો હતો. તા. ૧૮મીએ ગ.મ. ૪૧નું વચનામૃત વંચાવીને સ્વામીશ્રીએ વાત કરી :

'જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી. ભગવાન, પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી અને ભક્ત, તે અનાદિ બ્રહ્મ ગુણાતીત છે. તેની સેવા કરવી તે મોટું ભાગ્ય છે. સેવા-ભક્તિ કરવી તે માન રહિત થઈને કરવી.

'એક બાવાજી હતા. બારે મહિના ગુફામાં જ રહે અને એક દિવસ જ બહાર આવે. હજારો માણસો બાવાજીના દર્શન કરવા આવે. મેળો ભરાય. બાવાજી રાજી થઈ જાય અને પાછા ગુફામાં વહ્યા જાય. લોકોને બાવાજીનો મહિમા બહુ. મહારાજ જ્યારે વર્ણીવેશે વિચરણ કરતા હતા ત્યારે ત્યાં આવ્યા. લોકોએ બાવાનો મહિમા કહ્યો કે 'બાવાજી કશું ખાતા-પીતા નથી, છતાં જીવે છે.' મહારાજે કહ્યું : 'તે માનને આધારે જીવે છે.' તે વખતે બાવાજીનો ગુફાની બહાર નીકળવાનો સમય થયો હતો. મહારાજે લોકોને કહ્યું કે 'બાવાજી જ્યારે બહાર નીકળે ત્યારે કોઈએ તેમનાં દર્શને ત્યાં જવું નહિ.' લોકોએ કબૂલ કર્યું.

'એક દી' બાવાજી ગુફામાંથી બહાર નીકળ્યા. તેમના મનમાં એમ કે 'દર વરસની જેમ હજારો લોકો મારાં દર્શને આવ્યાં હશે;' પરંતુ જ્યાં જુએ છે તો એક માણસ નહોતું. બાવાજીને એકદમ આઘાત લાગ્યો અને બોલ્યા : 'કુછ ભી નહિ આયા ?' આમ બોલતાં જ દેહ પડી ગયો. બાવાજી માનને આશરે જીવતા હતા. માટે જીવને જેવો માનમાંથી સ્વાદ આવે છે, તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી.

'મહારાજ દાદાખાચરનું બહુ રાખતા. તે તેમના કાકા જીવાખાચરને ન ગમે. તેમને મનમાં એમ રહે કે 'આ દાદોખાચર તો મારો ભત્રીજો, તેને

મહારાજ શું કામ આટલું બધું માન આપે છે ?' એમ મનમાં ઈર્ષા રાખે. પરંતુ જેણે સાક્ષાત્ ભગવાન જાણ્યા હોય તેને તો એમ જ રહે જે, 'ભગવાન જે કરે છે તે બરાબર જ કરે છે.' જીવાખાચરે તેમ ન જાણ્યું અને છેવટનું મહારાજ માટે શું કર્યું તે વાત તો બોલાય નહિ. માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વ હરિભક્તમાં અતિશય મોટો જાણવો. રતનજી દરબાર હતા અને મિયાંજી મુસલમાન. તોય બેયને માન નહિ. ગમે તેવા ભીડામાં લ્યે તોય રીસ નહિ.'

પછી સ્વામીશ્રીએ એક સંતને કહ્યું : 'મંગળિયા'ની વાત કરો.' એ સંતે તે વાત શરૂ કરી. ત્યાં સ્વામીશ્રીએ વાત ઉપાડી લીધી : 'વડોદરામાં મંગળદાસ નામે હરિભક્ત હતા. તેમની સ્થિતિ બહુ સારી નહિ. રોજ મંદિરમાં ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા આવે અને સ્વામીની સેવા કરે. સ્વામી તેને 'મંગળિયા આવ' એમ હંમેશાં લાડમાં બોલાવે. સેવાથી સ્વામીનો રાજીપો થયો અને તે ખૂબ પૈસાવાળો થઈ ગયો. ગામમાં બધાં પહેલાં તેને 'મંગળિયો' જ કહેતા. હવે બધા મંગળદાસ શેઠ કહે. પૈસા આવ્યા તેથી સ્વામીનાં દર્શને પણ આવે નહિ.

'એક વાર સ્વામીએ મંદિરે તેડાવ્યા. અને પહેલાંની જેમ હેતમાં 'મંગળિયા આવ' એમ કહ્યું. આ સાંભળી તેને એવું ખોટું લાગી ગયું કે સ્વામીને પછી કહી દીધું કે 'સ્વામી ! તમે મને બધાની દેખતાં મંગળિયો કીધો ! મને મંગળદાસ શેઠ કહેવો જોઈએ.' તેમાં સ્વામીની દૃષ્ટિ ફરી ગઈ. પછી તો તેને દેશકાળ લાગ્યો ને પાછો હતો તેવો મંગળિયો થઈ ગયો.'

...તો નરકનો અધિકારી બને

વળી, ગ.મ. ૪૫મું વચનામૃત વંચાવીને સ્વામીશ્રીએ કહ્યું : 'આમાં પ્રશ્ન એવો નીકળે છે કે ધનાઢ્ય હોય, સત્કર્મ કર્યાં હોય, આખી જિંદગી પર્યંત પુણ્યદાન કર્યાં હોય અને માળા ફેરવી હોય, અને જો ભગવાનને અને ભગવાનના સંતને કુરાજી કરે તો નરકમાં જવું પડે, આ તો જબરજસ્ત કામ કહેવાય !'

એટલામાં નંદાજીએ પૂછ્યું : 'આટલો બધો ફેર કેમ ?'

પછી સ્વામીશ્રીએ સમાધાન કરતાં કહ્યું : 'અહીં જે સંત બતાવ્યા તે એકાંતિક સંતની વાત છે. તેને કુરાજી કરે તો નરકમાં જવું પડે. બીજાની અહીં વાત નથી.'

પછી કહ્યું : 'વડોદરામાં ગોપાળાનંદ સ્વામી બિરાજતા તે વખતે રાજ્યના દીવાનજી નારુપંત નાના સ્વામીનાં દર્શને હંમેશાં આવતા. કોઈ વખત દીવાનજી

પાસેથી એક હરિભક્તે સો રૂપિયા ઉછીના લીધા હતા. તે હરિભક્ત વ્યાવહારિક તકલીફને લઈને વખતસર પૈસા પાછા આપી શક્યા નહોતા. તેઓ રોજ મંદિરે દર્શન કરવા આવતા.

'એક દિવસ સાંજે ૪-૦૦ વાગે આ હરિભક્ત મંદિરે બેઠેલા. ત્યાં દરવાજે નેકી પોકારાઈ કે દીવાન સાહેબ દર્શને પધારે છે. આ સાંભળી ઓલ્યા હરિભક્ત જવા માટે ઊઠ્યા. સ્વામીએ પૂછ્યું : 'તમે કેમ ઊઠો છો ?' તેમણે કહ્યું : 'મેં દીવાન સાહેબ પાસેથી સો રૂપિયા ઉછીના લીધા છે. હજુ દેવાણા નથી. મને મળે છે ત્યારે વારંવાર ધખે છે. અત્યારે પણ મને જોશે તો વઢશે. માટે જાઉં છું.' સ્વામીએ કહ્યું : 'તમે જશો નહિ. બેસો, અમે રૂપિયા બીજા પાસે અપાવી દેશું.' પછી તો ઓલ્યા હરિભક્ત બેઠા.

'દીવાન સાહેબ આવ્યા. તેમણે તરત જ પેલા હરિભક્તને જોયા અને એકદમ મગજ તપી ગયો. અને તેને જેમ ફાવે તેમ બોલવા લાગ્યા ને ગોપાળાનંદ સ્વામીને પગે લાગવાનું ભૂલી ગયા. ઓલ્યાને ન કહેવાનું કહ્યું. સ્વામી બોલ્યા : 'દીવાનજી ! પૈસા તો અમે તમને અપાવી દેત, પણ તમને અમારી મર્યાદાય ન રહી ? અધિકાર આવો !' આ રીતે સ્વામીથી બોલાઈ ગયું. પછી તો દીવાનજી ત્રણ દિવસમાં મહારાજા સાહેબના વાંકમાં આવ્યા અને ઠેકાણે પડી ગયા. જેલમાં પૂર્યા. ઘરબાર બધું લઈ લીધું. માટે મોટાપુરુષ જો કુરાજી થાય તો અધિકાર વહ્યો જાય અને જો રાજી થાય તો અક્ષરધામમાં બેસાડે. ધણીનો કોઈ ધણી છે ? આ મુદ્દાનું વચનામૃત છે. માટે સમજવું.'

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં કહ્યું છે : 'હું કોઈને કાંઈ કહેવું હશે તો વાતોમાં કહીશ કે ઇતિહાસ દ્વારા કહીશ કે આખ્યાનમાં કહીશ, પણ સીધે સીધું નહિ કહું.' સ્વામીશ્રીએ કથા પ્રસંગમાં નંદાજી તથા સભાજનોને પોતાનો અભિપ્રાય જણાવ્યો કે ગમે તેવો મોટો હોય, પણ ગુણાતીત સંતને કુરાજી કરે તો નરકનો અધિકારી બને.

આ રીતે થોડા સમય પહેલાં જ સંસ્થામાંથી નીકળી ગયેલા કેટલાક હરિભક્તો ને સંતોનો આડકતરી રીતે નિર્દેશ કરી સ્વામીશ્રીએ સમજાવ્યું કે સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય પણ તેનો નાશ થઈ જાય ને નરકમાં પડવું પડે. નંદાજીના મનમાં કેટલાક પ્રશ્નો હતા તેનું સ્વામીશ્રીએ ગ.મ. ૪૧ ને ગ.મ. ૪૫ આ બે વચનામૃતો સમજાવી સમાધાન કર્યું કે માનથી અને ગુણાતીત સંતને કુરાજી કરવાથી કેવું ભૂંડું થાય છે !

બપોરે થાળ વખતે સ્વામીશ્રી કહે : 'સાધુને સરળ પ્રકૃતિ અને શાંત સ્વભાવ એ બે અવશ્ય જોઈએ. સરળ પ્રકૃતિ એટલે દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત; ને શાંત સ્વભાવ એટલે ક્રોધ ન આવે, મગજ તપી ન જાય...'

હૃદયમાં ભગવાનને સાચવવા

આજે કુર્લાના દાસકાકા અને કાનજીકાકાનું ખિસ્સું કપાઈ ગયું હતું તે સ્વામીશ્રીએ જોયું. પછી કહે : 'મુંબઈમાં પાંચ હજાર આવા ચોર છે. હુંશિયાર બહુ. પાંચ પાંચ મિનિટે ગાડી ઊપડે તે ચડે...'

પછી કહે : 'શેનાથી કાપતા હશે ? રોજ પાંચસો-હજારનું દનિયું કાઢતા હશે. એક વાર વિષ્ણુ સ્વામીની ઝોળી પગે ભેરવેલી, તે ચોર ઉપાડી ગયો !

'નારાયણજી મહારાજ શાસ્ત્રીજી મહારાજના મહિમાનો ગ્રંથ બનાવી પ્રસાદીનો કરવા લાવતા હતા. તે ગોઠણ નીચે દબાવેલો, પણ ચોર રૂપિયા માની લઈ ગયો. પછી ફરીથી લખવો પડ્યો !'

'બે વરસ પહેલાં અમે ગોંડલથી આવતા હતા, તે રાજકોટ સ્ટેશને સો-દોઢસો માણસ મળવા સામે આવેલા. દાજી બાપુ પણ આવેલા. ખિસ્સામાં અઢીસો રૂપિયા હતા. કોઈ વૈષ્ણવ નીકળ્યો તે ખીસો કાપી ગયો ! પછી દાજી બાપુએ હાથ ખિસ્સામાં નાખ્યો તે સીધો ઊતરી ગયો ! પછી આકળા થ્યા ! 'હું ગરાસિયો, મૂછવાળો, મારુંય ખિસ્સું કાપી ગ્યો !'

'સિદ્ધાંત શું ? આપણે હૃદયમાં ભગવાન રાખવા. સાચવવા. કોઈ બાજુથી માયા જો પેસી જાય તો ચોરી જાય !'

સ્વામીશ્રી હાસ્યના નિમિત્તે હાર્દ સમજાવી દેતા.

બીજે દિવસે સવારે દાતણ કરતી વખતે યોગીસ્વરૂપ સ્વામી કેડ દબાવતા હતા. ત્યારે સ્વામીશ્રીએ તેમનું નામ પૂછ્યું, ને તેમને કહે : 'મોઢું દેખાડો જોઈએ.'

પછી પોતે જમણી બાજુએ જોયું પણ યોગીસ્વરૂપ ડાબી તરફ ગયા. ફરી જમણી તરફ તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ ડાબી તરફ જોયું. એમ થોડી રમૂજ થઈ. પછી કહે : 'યોગીસ્વરૂપ થયા છો તો યોગીના ગુણ શીખજો.'

પછી બોલ્યા : 'જાઓ, મહાપૂજામાં બેસો.' એમ ગમ્મત સાથે જ્ઞાન આપ્યું.

હરિભક્તની સેવાથી દેશકાળ સુધાર્યો

પછી પૂજા કરી, ઠાકોરજીનાં દર્શન કરવા પધાર્યા. અહીં હોય ત્યારે

સ્વામીશ્રી રોજ પહેલે માળે રસોડામાં દૃષ્ટિ કરવા પધારે અને કહે : 'હાલો ત્યાગવલ્લભ સ્વામીનાં દર્શને !'

આજે પણ રસોડામાં પધારતા હતા ત્યારે ઉપર આવતાં જ બાજુની પરસાળમાં ઊભેલા લવજીભાઈ પરમાર તરફ સ્વામીશ્રીની દૃષ્ટિ પડી. સ્વામીશ્રીએ ખુરશી થોભાવી અને લવજીભાઈને પૂછ્યુ : 'ગુરુ ! શું કરો છો ?'

'બાપા ! અત્યારે તો ફક્ત દર્શન કરું છું.' પણ તેમના મનમાં ગડમથલ હતી કે 'આર્થિક સ્થિતિ ખૂબ નબળી છે ને ધંધો કાંઈ છે નહીં. શું થશે ?'

સ્વામીશ્રી તે સમજી ગયા અને તેમનો હાથ પકડી બાજુમાં ઊભેલા આણંદના રાવજીભાઈ દૂધવાળા તરફ નિર્દેશ કરીને કહે : 'જાવ, દેશકાળ ઊડી જશે ! આ હરિભગતનું ધોતિયું ધોઈ નાખો !'

લવજીભાઈ તો ચકિત થઈ ગયા ! તેમણે તો શું, કોઈએય આવો ઉકેલ સ્વપ્ને પણ ન ધાર્યો હોય ! તેઓ આ અણધાર્યા આશીર્વાદથી કૃતકૃત્ય થઈ ગયા. અને એ સેવા પછી તેમના દેશકાળમાં પણ પરિવર્તન આવ્યું.

સત્પુરુષ મોજમાં આવે ત્યારે આવી દયા સહજ વરસી પડતી હોય છે, તેની લવજીભાઈને પ્રતીતિ થઈ.

નારિયેળી પૂર્ણિમાએ બ્રાહ્મણ હરિભક્તોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિધિપૂર્વક જનોઈ બદલી. સૌ હરિભક્તોને સ્વામીશ્રીએ રક્ષાબંધન કર્યું. આજે ફૂલના સુંદર હિંડોળાનાં સૌને દર્શન થયાં.

દેખાવની ભક્તિથી દૂર રહેવું

તા. ૨૦મીએ સવારે ભક્તિનિધિ નિરૂપી સ્વામીશ્રી આરતીનાં દર્શન કરવા ઊભા થયા. ત્યાં સફેદ કાગડાફૂલ અને ગુલાબનો આબેહૂબ બનાવટી હાર એક હરિભક્ત સ્વામીશ્રી માટે ઠાકોરજીને ધરાવીને લાવ્યા. સ્વામીશ્રીને પહેરાવ્યો. તે હાર જોઈ સ્વામીશ્રી કહે : 'લોકો આવી ભક્તિ કરે છે, દેખાવની ! કોઈને ખબરેય ન પડે. આ તો દૃષ્ટાંત મળી ગયું.'

આજે યુવક મંડળની સભામાં યુવકોએ વિવિધ ભાષામાં પ્રવચન કરી, સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો. સાયંસભામાં વિવિધ શાકભાજીના હિંડોળાનાં દર્શન થતાં હરિભક્તોને ખૂબ આનંદ થયો.

બીજે દિવસે પૂજા કરી, ઠાકોરજીનાં દર્શન કરી, બારી તરફ દૃષ્ટિ કરી. ત્યાં કેશવજીભાઈ એમ્પ્લીફાયરના વાયર સોલ્ડરીંગ કરતા હતા, ત્યાં સ્વામીશ્રી

થોડું જોવા ઊભા રહ્યા. પછી કહે : 'આવો આપણે ભગવાન સાથે સાંધો લગાડી દેવો.'

હિંડોળા પર્વનો અંતિમ દિવસ હોવાથી મહંત સ્વામી તથા સંતોએ વિશેષ સુશોભનમાં સ્વામીશ્રી પાછળ વીજયંત્રની મદદથી ચક્ર ગોઠવી, સારી શોભા કરી હતી.

તા. ૨૩મીએ જૂનાગઢના વખારિયા શેઠ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી તેમનું ખૂબ જ રાખતા. તેમણે સ્વામીશ્રીને મુંબઈના તેમના નિવાસે પધરામણી માટે રૂબરૂમાં આગ્રહ કર્યો. ત્યારે મેં કહ્યું : 'પધરામણી તદ્દન બધ છે.'

પરંતુ વખારિયા શેઠ કહે : 'પણ બાપાને પૂછો, એ મને ના પાડે જ નહિ.'

સ્વામીશ્રી તેમને કદી ના ન પાડતા. પણ પછી વચલો માર્ગ કાઢ્યો : 'અમે માગશર માસમાં આવીશું ત્યારે આપને ત્યાં પધરામણી જરૂર રાખીશું.' એમ બે-ત્રણ વાત કરી, આશીર્વાદ આપી, સ્વામીશ્રીએ તેમને રાજી કર્યા. અને બંનેનું રાખ્યું.

રાત્રે સ્વામીશ્રી આરામ કરવા પધાર્યા ત્યારે સૌને બહાર જવા કહ્યું. હું પણ બધા સાથે જવા લાગ્યો. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ઈશ્વર સ્વામી ! તમે ક્યાં હાલ્યા ? તમે તો અમારી 'કંપની'ના છો.' એમ કહીને હસ્યા. આવું આવું કામણગારું બોલી, સૌનાં દિલ જીતી લેવાની આદત એમને સહજ હતી.

બીજે દિવસે છાપાંમાં સમાચાર હતા કે 'મણિનગરના સ્વામી મુક્તજીવનદાસજીને એમના જન્મોત્સવ પ્રસગે ભક્તો પ્લૅટિનમથી તોલવાના છે.'

કોઈ હરિભક્તે આ વાત સ્વામીશ્રીને જણાવી. સ્વામીશ્રીએ 'પ્લૅટિનમ એટલે શું ?' તે પૂછ્યું. પછી કહે :

'રાતની સભામાં વાંચજો. એમાં શું ? આવા સારા સમાચાર હોય તો વાંચવા જોઈએ ને ? એ ક્યાં જુદા છે ? એ પણ આપણા જ છે ને... !'

સ્વામીશ્રીનાં આ ઉદાર વચનો સ્વામિનારાયણ સંપ્રદાયની વૃદ્ધિ કરતા હરકોઈ કાર્યને બિરદાવતાં હતાં.

અમૃત મહોત્સવ ઊજવવા આવેલ આફ્રિકાના કેટલાક હરિભક્તો આજે સ્ટીમર દ્વારા આફ્રિકા જતા હોવાથી સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામીએ સૌને વિદાયમાન આપ્યું. ૩૦૦ જેટલા હરિભક્તો આર્થિક અને શારીરિક ભીડો વેઠી અહીં આવ્યા હતા, તે જોઈ સ્વામીશ્રીએ ખૂબ રાજીપો બતાવ્યો.

ખમિયાણાનું તીર

આજે પારાયણ વંચાઈ, જેમાં ગુણાતીતાનંદ સ્વામી ધામમાં જાય છે, તે પ્રસંગ આવ્યો. ત્યારે સ્વામીશ્રીએ તે વાંચવાની ના પાડી. પછી વાતો કરવા લાગ્યા : 'હજી સ્વામીનું ઘસાતું બોલે છે. અક્ષરબ્રહ્મ છે તેમાં શંકા કરે છે. પણ સ્વામીએ મૂર્તિ પધરાવી દીધી. ભવિષ્યમાં એની નિષ્ઠાવાળા ઘણા થશે. અને અક્ષરપુરુષોત્તમને જ માનશે. એ જ જય બોલાવશે. વસ્તુ સાચી છે ને સાચી પડતી જાય છે. ખમિયાણાના તીર જેવી. કાઢવા જાય તેમ ડબલ ચોંટે.'

રાતે સભામાં કહે : 'મુંબઈ અજંપા નગરી. તાર-ટેલિફોન હાલ્યા જ કરે. લાખોની ઊથલપાથલ. અમે મોરારકા શેઠને ત્યાં ઊતરેલા. અક્ષર સ્વામી કહે : 'શેઠ, બેસો. કલાક બેસીએ.' શેઠ કહે : 'સ્વામી ! સાંજે બેસશું. અત્યારે એક ટેલિફોન આવે તો લાખોની ઊથલપાથલ થઈ જાય. દિવસે ન બેસાય.'

'આવું છે. લાખોપતિ સમાગમ ન કરે. ગરીબ કરે.'

તા. ૨૫મીએ સવારે સ્નાન કરતાં પહેલાં સ્વામીશ્રી કહે : 'લાઈટ બંધ કરો.' પછી કહે : 'ટપાલનું લિસ્ટ વાંચવામાં દેખાશે ને !' એટલે ગુણવંતે હા કહી. પછી સ્વામીશ્રી કહે : 'અમે તો નાના હતા ત્યારે દીવડો રાખીને વાંચતા. ને ચાંદાના તેજે અજવાળામાં વાચતા.'

હિંમત સે હરિ ઢૂંકડા

અસલાલીના કિરીટભાઈ જશભાઈ વધુ અભ્યાસાર્થે અમેરિકા જઈ રહ્યા હતા. આશીર્વાદ આપી સ્વામીશ્રીએ તેમને વિદાય આપી. આજે તેમને મૂકવા આવેલા નાથાભાઈ, જશભાઈ વગેરે સ્વામીશ્રીને મળવા આવ્યા. ભક્તો સાથે એકમેક થઈ જવાની સ્વામીશ્રીની કોઈ અલૌકિક રીત હતી અને આવા વિશાળ સત્સંગ-સમુદાયમાં પણ દરેક સાથે સ્વામીશ્રી વિશિષ્ટ આત્મીયતા અનુભવતા.

'ભાઈ અમેરિકા પહોંચી ગયા હશે ?' સ્વામીએ પૂછ્યું.

'ના, રાત્રે ૧-૦૦ વાગે પહોંચશે.'

'અમેરિકા દૂર ખરું ને ?' સ્વામીશ્રી બાલસહજ ભાવે બોલ્યા. 'અક્ષરધામ પણ બહુ દૂર છે.' જાણે કોઈ પ્રત્યક્ષ વાત જાહેર કરતા હોય, એવું એમની નિર્દોષ આંખોમાં જણાતું હતું. સ્વામીશ્રી હસી પડ્યા.

'અક્ષરધામ જતાં કેટલી વાર લાગે ?' મેં પૂછ્યું.

'સો મણ લોઢાનો ગોળો પડતો મૂકીએ અને પૃથ્વી સુધી પહોંચતા ઘસાઈને રજ ભેળો રજ થઈ જાય એટલું છેટું છે. પણ આંખના પલકારામાં પહોંચી જઈએ...' સ્વામીશ્રી બોલ્યે જતા હતા.

'અંતદૃષ્ટિવાળાને અણુમાત્ર છેટે નથી ને બાહ્યદૃષ્ટિવાળાને મતે લાખો ગાઉ છેટે છે. સારંગપુરના દસમા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે 'આપણે તો અક્ષરધામમાં જ બેઠા છીએ...'

'આપણે કેફ રાખવો. *'હિંમત સે હરિ ઢૂંકડા, કાયર સે હરિ દૂર.'* તેમ આપણે બળમાં રહેવું. કેફ રાખવો.'

'ન ગઈ ગંગા, ગોદાવરી, કાશી, ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી...' એ કીર્તન બોલતાં સ્વામીશ્રીએ સૌને પોતાની મસ્તીમાં મૂકી દીધા.

કિસુમુવાળા મગનભાઈને આફ્રિકા જતા હોવાથી આશીર્વાદ સાથે વિદાય આપી.

વિદેશમાં ત્રણ વાનાં અવશ્ય રાખવાં

આજે કમ્પાલાના ઈશ્વરભાઈના પુત્ર નિલેશભાઈ તથા તેમના મિત્ર જયંતભાઈ લંડન જતા હતા. સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવા આવ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'ત્રણ વાનાં અવશ્ય રાખવાં.

'એક : લંડનમાં ટાઢ બહુ પડે પણ નાહીને પૂજા કરવી. ઉનાળા જેવું લાગશે.

'બીજું : શનિવારે સભામાં ગમે તેમ ટાઇમ કાઢીને પહોંચવું.

'ત્રીજું : ઈંડાં-બીંડાંનો સંકલ્પ ન થાવા દેવો. શાકાહારી રહેવું. હાથે રાંધી લેવું અથવા સગાં-વહાલાંમાં ખાવું. તો અમેરિકા, લંડન જાવ. વાંધો નહીં આવે. સારું ભણીને આવો તેવા આશીર્વાદ છે... ખૂબ ભણજો, આઠ કલાક વાંચજો. મુંબઈના સરનામે કાગળ લખજો. મને મોકલી દેશે.' એમ નિજજનને ભાવથી શિક્ષાવચનો કહ્યાં.

નિષ્ઠામાં ફેર પડે તો આંધળા

રાતે ૧૦-૦૦ વાગે સંતોને વાત કરતાં બોલ્યા :

'હજારો પાવરનું એન્જિન કેટલા ડબ્બા ખેંચે ? સ્વામિનારાયણની નિષ્ઠા એવી છે. નિષ્ઠા જેવું કામ કરે, તેવું સાધનથી ન થાય.

'આંખે પડળ આવે તો આંધળા, તેમ નિષ્ઠામાં ફેર પડે તો આંધળા. એ

પડળ કાઢી નાખવું. કોઈની છાયામાં દબાવું નહિ. કોઈ વાંકો વાળ ન કરી શકે.'

તા. ૨૭મીએ બાળ મંડળ તેમજ યુવક મંડળની સભામાં બાળકોનાં અંગ્રેજી પ્રવચનો સાંભળીને જયસુખભાઈ કોઠારી રાજી થઈ ગયા. તેમણે દરેક બાળકને રૂા. ૫/- ઇનામ આપવાની ઇચ્છા દર્શાવી. પછી ઇનામ આપતી વખતે રમેશભાઈએ જાહેરાતમાં 'સ્વામીશ્રીના વરદ હસ્તે ઇનામ અપાશે' એમ કહ્યું. રૂપિયા કવરમાં હતા, પણ સ્વામીશ્રી કહે : 'કવરમાં રૂપિયા છે, તેને ન અડાય. જયસુખભાઈ કોઠારીને હાથે જ ઇનામ અપાવો.' એમ પોતાના નિયમ-ધર્મમાં અખંડ જાણપણું રાખતા.

પછી સભામાં સૌ બાળકો તથા યુવકોને આશીર્વાદ આપતાં કહે :

'ખેડૂત છોકરાને જેમ ખેતરમાં હોલા ઊડાડવા મોકલે તે જોસથી બોલે. તેમ 'જય' જોસથી બોલવી. મરતી મરતી ન બોલવી. મુંબઈ ગજવવું જોઈએ.

'કોઠારી ક્યાં ગયા ? આજે શીતળા સાતમ. બાળકોને જમાડવા. રવિવારે ભેગા થાય છે. નાના યુવકો(બાળકો)માં ભગવાન રહ્યા છે. તે જમી રહે પછી મોટાનો વારો.

'આજે અલભ્ય લાભ મળ્યો. શેરડીનો વચલો ભાગ. સત્સંગમાં આવીએ તો બીડી-બાકસ ન પીવાં. કોઈની વસ્તુ ખિસ્સામાં ન મૂકવી. વીંછીને કોઈ ખિસ્સામાં મૂકે ? માટે ખરા સત્સંગી થાવું. મોળા થાવું ? ના. ખરેખરો ઇશક રાખવો.

'કોણ કોણ સિનેમા જુએ છે ? આંગળી ઊંચી કરો. અહોહો... આટલા બધા ! ન જોવું. કોઈ મફત લઈ જાય તોય ન જોવું.

'સત્સંગથી જીવનમાં શાંતિ રહે. છોકરા બોલ્યાં તેને ઇનામ આપવાં. લક્ષ્મીનો ક્યાં તૂટો છે ? ભગવાને આપેલી છે ને કરોડપતિ શેઠિયા છે. બધું છે, પણ આવો સત્સંગ થવો દુર્લભ છે.'

આજે સમસ્ત બાળ-યુવક મંડળને મંદિરમાં જમાડવાના હતા. સ્વામીશ્રી ખૂબ ઉત્સાહમાં હતા. વળી, વજુભાઈ મોદી તરફથી 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગ હોવાથી આ પ્રસંગે સુરત, વલસાડ, વડોદરા, આણંદ, મહીજડા, પીજ વગેરે ગામોના ૫૦૦ જેટલા હરિભક્તોને પણ જમાડ્યા. તેથી ખૂબ કેફમાં આવી સ્વામીશ્રીએ સૌને ખૂબ આશીર્વાદ આપ્યા.

પ્રમુખસ્વામી આજે જન્માષ્ટમીના સમૈયા નિમિત્તે અટલાદરા જતા હોવાથી ભાવથી વિદાય આપી.

તેથી વચનામૃતનું સુખ આવે છે

જન્માષ્ટમીએ સવારે ૭-૩૦ વાગે વચનામૃત ગ.પ્ર. ૩૧ના નિરૂપણના પ્રારંભે માઇકમાં બોલ્યા : 'સંતો, બધા આવી જાય ઉપર... નીચે મંદિર સાચવવા બે રહે. કોઈ વૈષ્ણવ (ચોર) ન આવી જાય.

'વચનામૃત નિત નવું નવું લાગે. બીજાં શાસ્ત્ર એક વાર વાંચી પડ્યાં મૂકીએ તો ફરી ઝાલવાનું મન ન થાય. આપણે મહારાજ પ્રગટ છે, તેથી વચનામૃતનું સુખ આવે છે.

'મહારાજ પ્રગટ ન હોય ને પરોક્ષ હોય તો આપણો ક્યાં પત્તો લાગે ? સંત દ્વારા મહારાજ પ્રગટ જ છે. વંથળી જતાં રસ્તામાં આ વાત કરી હતી.'

પછી રોજ ફૂલ લાવવાની સેવા કરનાર જુગલભાઈને યાદ કરતાં કહે : 'જુગલભાઈ બધી સેવા કરે. તે ટેલ-ચાકરી. નત સેવા કઠણ. બે દી' નભે. 'ટાઈમસર ફૂલ પોગાડવાં. દેહને કારસો નહીં પડતો હોય ?' એમ ગુણ લઈએ તો આપણામાં આવે.'

આજે પોદ્દાર કૉલેજના વિશાળ હૉલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં જન્માષ્ટમીનો સમૈયો ખૂબ જ ઉત્સાહથી ઊજવવામાં આવ્યો. હૉલના ભવ્ય સ્ટેજની મધ્યમાં સ્વામીશ્રીનું સુંદર આસન ગોઠવવામાં આવ્યું હતું. સ્વામીશ્રીના આસનની જમણી બાજુએ ઠાકોરજીને સુંદર અને કલાત્મક ચાંદીના પારણામાં પધરાવ્યા હતા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'મનુષ્ય દેહ મળવો દુર્લભ છે. આ દેહ વારંવાર મળતો નથી. અને આ દેહ ફક્ત પ્રગટ ભગવાનને ઓળખીને તેમને રાજી કરવા માટે જ છે.' આ દેહને આ તુચ્છ સંસારની માયાથી દૂર રાખવા માટે સૌને આદેશ આપ્યા બાદ પંચાજીરીનો પ્રસાદ લઈ સભા વિસર્જન થઈ.

ગઈરાતે સભામાં હર્ષદભાઈએ સ્વામી અનંતજીનું કટિંગ 'જન્મભૂમિ પ્રવાસ'માંથી વાંચેલું કે 'તેમણે બે વર્ષથી અન્ન-પાણી લીધું નથી. વળી, મળ-મૂત્ર જેવી કુદરતી હાજત પણ કરતા નથી. આવી સિદ્ધિ તેમને યોગીજી મહારાજના આશીર્વાદથી મળી હતી. વળી, તેમનું સારણગાંઠનું ઑપરેશન પણ ગાંઠ ઓગળી જવાથી આશીર્વાદથી બંધ રહ્યું.' સ્વામીશ્રીએ તે સાંભળી કોઈ પ્રતિભાવ દર્શાવ્યો નહીં.

બીજે દિવસે તા. ૩૦-૮-'૬૭, સભામાં કહે : 'ગોંડલમાં બધાને સમૈયો બંધ રાખવો'તો, પણ પ્રમુખસ્વામીએ જોર કર્યું કે લાખ રૂપિયા ખર્ચાય તોપણ સમૈયો કરવો. આફ્રિકા તાર કરવો. એમને વિશ્વાસ પૂરો કે મહારાજ પાણી લાવશે. કૂવા ગાળ્યા. સર્વોપરી કામ કર્યું. એમ કર્યું તો સમૈયો શોભ્યો. સમૈયા ઘણા થાય છે, પણ કોઈને દુઃખ ન થાય તે સ્વામીનો પ્રતાપ.'

દારૂબંધી કાઢવી ન જોઈએ

વાતમાં વાત નીકળી કે 'મુંબઈમાંથી દારૂબંધી નીકળી જાય છે ને તેથી અમુક કારણોસર આપણને નીચેની ઑફિસ જલદી મળશે.'

સ્વામીશ્રી જરા નારાજ થતાં કહે : 'તો તો સારું નહીં. દારૂબંધી કાઢી નાખવી ન જોઈએ. દારૂબંધી રહે અને ઑફિસ ખાલી થાય તેમ કરવું !'

આજે ઊંઝાના અમૃતભાઈ પી. પટેલ અમેરિકા જતા હોવાથી તેમને શીખ આપતાં કહે : 'અમેરિકામાં પણ નિયમ-ધર્મ યથાર્થ પાળજો. સત્સંગ વધારજો અને ચારિત્ર્ય શુદ્ધ રાખજો.'

આજથી વલ્લભભાઈ રામભાઈ તરફથી સાત દિવસનું પારાયણ યોજાયું હતું. જેમાં 'ભક્તચિંતામણિ' તથા 'હરિલીલામૃત'નું વાંચન થતું.

જાકુ શરણ ગ્રહે અવિદ્યા નાશ હૈ

કથા પ્રસંગમાં સ્વામીશ્રી હંમેશાં બહુ ખીલતા અને અદ્‌ભુત વાતો કરતા. આજે કહે :

'આજ તો આપણને અલભ્ય લાભ મળ્યો છે. સ્વામિનારાયણ ભગવાન આ બ્રહ્માંડમા પ્રગટ થયા ને આપણને સત્સગ ઓળખાણો. વ્યવહારમાં તો ખજીનો મળે ત્યારે વ્યવહારપ્રધાન લોકો - 'વ્યવહાર સુધર્યો એ જ કલ્યાણ' એમ માને. આપણને તો બેય વાતે સાનુકૂળ છે. મુક્તિ અને ભુક્તિ બંને મળ્યાં છે. શ્રીજીમહારાજ આપણાં અન્ન, વસ્ત્ર અને આબરૂના ધણી થયા છે. મહારાજે પોતે કહ્યું છે 'મારો આશરો કરશે તેની ચિંતા મારે.' સ્વામિનારાયણ સંપ્રદાયમાં કોઈ ભક્ત દુઃખિયો નથી. સ્વામિનારાયણ સંપ્રદાય જેવો સંપ્રદાય આખા હિન્દુસ્તાનમાં જણાતો નથી. શ્રીજીમહારાજે ધન અને સ્ત્રીના ત્યાગી સંતો કર્યા.

'જૂનાગઢ રાજ્યના દીવાન હરિભાઈને મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી વિશે બહુ હેત. તેઓએ જાત્રાએ જવા વિચાર કર્યો. જાત્રાએ જતાં

પહેલાં મંદિરમાં આવ્યા અને સ્વામીને કહ્યું : 'હું કાશી વગેરે તીર્થોની યાત્રાએ જાઉં છું, તમારે કંઈ સંપેતરું મગાવવું હોય તો કહો.' વૈરાગ્યમૂર્તિ સ્વામીને તો શું મંગાવવું હોય ? પણ તેમને દીવાન સાહેબને કહ્યું : 'તમે દૂર દેશાવરમાં જાવ છો તો તો સ્ત્રી-ધનના ત્યાગી બે સાધુઓ લાવજો !' હરિભાઈ બોલ્યા : 'અરે સ્વામી ! બે શું ? આઠ લાવી દઉં. અખાડામાં ઘણા હોય છે.'

'પછી તો દીવાન સાહેબ જાત્રાએ ઊપડ્યા. બધે સ્વામીના સંપેતરાની તપાસ કરી. સંતના, ખાખીના બધા અખાડા જોયા. પરંતુ કોઈ સાધુઓ સાફિયું ફૂંકતા હોય, તો કોઈ ચીપિયા પછાડતા હોય, કોઈને ધનનો પ્રસંગ ન હોય તો સ્ત્રીનો હોય અને કોઈને સ્ત્રીનો પ્રસંગ ન હોય તો ધનનો હોય. શ્રીજીમહારાજના સંત જેવો એકે સંત ન જડ્યો.

'પછી તો છ મહિને જાત્રા કરીને પાછા આવ્યા. સભા ભરાઈને બેઠી હતી. સ્વામીએ પૂછ્યું : 'દીવાન સાહેબ ! અમારું સંપેતરું ક્યાં ?' દીવાન સાહેબ કહે : 'સ્વામી ! એ તો સ્વામિનારાયણના ઘેર જ છે. તમે મને આ વાત ન કરી હોત તો મને પરોક્ષનો ભાર રહી જાત.'

'સંતનાં લક્ષણ કેવાં હોય, તે ઉપર મુક્તાનંદ સ્વામીનું કીર્તન છે : *'હાંજી ભલા સાધુ હરિકી સાધ, તન કી ઉપાધિ તજે સોહી સાધુ.'*

'શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'કોઈ અમને ગાદીએ બેસાડે ને પછી પછાડે, તોય 'કેમ પછાડ્યા' એવું અમારા મનમાં નહીં.

'નિત હજાર રૂપિયા આપે, પણ આ હૉલમાં બેસી રહેવાનું કહે ને બહાર જવાનું જ નહીં, તો એ ગમે નહીં. જેલમાં પૂર્યા જેવું લાગે. સાધુનો માર્ગ આવો છે. સ્વામિનારાયણના ઘેર જ ધર્મ છે. મહારાજે જેવા સંત બનાવ્યા, તેવા આખા હિન્દુસ્તાનમાં ન મળે. અમે અહીં આ શહેરમાં ખરડો કરવા આવ્યા નથી, પરંતુ શહેર આખાને આશીર્વાદ દેવા આવ્યા છીએ. *'સંત દેશ-પ્રદેશ ફરે છે રે, સૌ જનનાં અઘ હરે છે રે...'*

'સંતો આફ્રિકા, અમેરિકા બધે જાય. જેમ દેશમાં નિયમ-ધર્મ પાળે છે, તેમ પરદેશમાં પણ પાળે તે સ્વામિનારાયણના સાધુ. કોઈ ગમે તેવા તિરસ્કાર કરે, પણ ક્રોધ ન આવે. 'જાવ, તેરા કુલકા નાશ હો જાયગા.' એમ ન કહે. કોઈ ગાળ દે તોપણ તેનું હિત કરવું. સંતને મારે, કાઢે, તોપણ તેને સન્માન સમજે. મારનારનું ભૂંડું થાય તેવો તો સંકલ્પ પણ ન કરવો.

'અખંડાનંદ સ્વામી જંગલમાં જતા હતા. સામે વાઘ આવ્યો, તે જરાપણ

બીન્યા નહીં. વાઘની સામા ગયા ને પોતાનું શરીર ધરીને વાઘને કહે : 'લે ખા, તેરા ખાજ હે.' વાઘ નમી ગયો. આવા મહાજ્ઞાની પાંચસો પરમહંસો શ્રીજીમહારાજે બનાવ્યા. ઇન્દ્રિયજિત. આ સંતોએ લાખોને સત્સંગ કરાવ્યો. શ્રીજીમહારાજે આ બ્રહ્માંડમાં પધારી સંતો-હરિભક્તો બનાવ્યા. મહારાજ લેવકરણ નહિ પણ દેવકરણ છે. 'ગુરુ દે કરપાવ, શીતળતા શિષ્યભાવ, મેરો ઘાટ દૂસરો બનાયો હૈ.'

'ગુરુએ હાથ આપ્યા. એનો અર્થ એ કે હાથ ખોટે મારગે ન જાય. પગ આપ્યા તે પગ ખોટે મારગે ન જાય. સદ્‌ગુરુના શિષ્ય બીડી-બાકસ ન પીવે. ગુરુ ઠંડાગાર કરી દે. આપણો 'દૂસરો ઘાટ' બનાવી દે. દેહનો અનાદર કરાવી બ્રહ્મરૂપ કરી મૂકે. *'સદ્‌ગુરુ શબ્દાતીત પરમ પ્રકાશ હૈ. જાકું શરણ ગ્રહે અવિદ્યા નાશ હૈ.'* શાસ્ત્રીજી મહારાજ જેવા સત્પુરુષ મળે તો કામ પાકી જાય.

'કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો.' કોનું કામ બગડે છે ? અત્યારે રાત્રિ છે તો ઊંઘનું કામ બગડે છે. નાટક-સિનેમાવાળા તૈયાર જ છે. એ દુકાનો ખુલ્લી છે. આપણે તો *'મૂક્યા બલ્લા ને લીધા અલ્લા.'* ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે આપણને મહારાજનો આશરો છે. એક મોક્ષ સુધારવો. મોક્ષ શું ? મોહનો ક્ષય.

'તૃષ્ણાનું પૂરું થયું નથી. ગોપાળાનંદ સ્વામી પાસે એક શિષ્ય આવ્યો. સ્વામીને કહે : 'સ્વામી ! દયા કરો. મારો વ્યવહાર સારો ચાલતો નથી.' સ્વામી દયાળુ હતા. તેમણે પૂછ્યું : 'તારે કેટલા રૂપિયા જોઈએ ?' ઓલ્યાનું મન પ્રફુલ્લિત થયું. તેણે કહ્યું : 'સ્વામી ! બે હજાર જોઈએ.' સ્વામી કહે : 'હજી વિચાર કર. વધારે જોઈએ તો માગી લ્યે, પછી નહિ મળે.' ઓલ્યો હરિભક્ત ધીરે ધીરે પચાસ હજાર સુધી પહોંચ્યો. પછી સ્વામીએ 'તથાસ્તુ' કહ્યું. એના ગયા પછી સ્વામીએ કહ્યું : 'જો હજુ વધારે વિચાર કરવા કહ્યું હોત, તો લાખ સુધી પહોંચી જાત. માટે તૃષ્ણાવાળાનું પૂરું થયું નથી.'

તા. ૩૦મીએ સવારે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રીને યોગેશ્વર સ્વામી આગ્રહ કરીને મેવો જમાડતા હતા. ત્યારે સ્વામીશ્રી કહે : 'હવે તમે જમો. લ્યો પ્રસાદી.'

પછી યોગેશ્વર સ્વામી ફરી સ્વામીશ્રીને આપવા લાગ્યા. ત્યારે કહે : 'મારા હમ (સોગંદ) ! તમે જમી જાઓ.'

એક ટાઈમ ભોજન સિવાય કસમયે આવું એમને પસંદ નહોતું. સેવકોનો ભાવ અંગીકાર કરે, પણ બીજી વાતે ચડાવી દે.

બપોરની સભામાં સ્વામીશ્રીએ પોતાની પાસે પુષ્પ હતાં તે ફૂલ ત્રણ-ચાર

મોટા હરિભક્તોને આપ્યાં. એક નાનો આઠ વરસનો છોકરો બેઠો હતો. તેણે પુષ્પ લેવા માટે હાથ લંબાવ્યો. સ્વામીશ્રી પાસે એકેય ફૂલ રહ્યું ન હતું. તેથી તેમણે પેલા છોકરાને કહ્યું : 'તને કાલે આપીશ હોં !' પછી થોડી વાર રહીને પેલા શાંત બેઠેલા છોકરાને એક ગુલાબનું ફૂલ લઈને આપ્યું. ને બોલ્યા : 'લે આ ફૂલ હોં !' એમ પ્રસન્ન થઈને પુષ્પ આપ્યું. પેલા બાળકને રાજી કર્યો.

લાખની ખોટ ને લાખની હાંસલ

બીજે દિવસે સવારે સારંગપુરનો યુવક જયંતી સ્વામીશ્રીને સ્નાન કરાવવાની સેવામાં આવ્યો ન હતો. સ્વામીશ્રી સ્નાન કરીને બહાર નીકળ્યા ત્યારે એ બારણામાં દાખલ થયો. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આજે કેમ મોડું કર્યું ?'

ત્યારે તે કહે : 'આજે મોડો ઊઠ્યો હતો.'

સ્વામીશ્રી બોલ્યા : 'આ તો લાખની ખોટ ને લાખની હાંસલ એવો વખત છે !' એમ પોતાની સેવાનો અદ્‌ભુત મહિમા કહ્યો.

સવારે પારાયણમાં ૮-૧૫ વાગે 'ભક્તચિંતામણિ' વંચાઈ. *'મારી મરજી વિના રે... કોણ શકે ફેલ આચરી...'*

સ્વામીશ્રી કહે : 'દુનિયામાં અત્યારે ઘણાં ફેલ થાય છે. તેનું કેમ સમજવું ? એમાં મહારાજની મરજી હશે કે શું ?' પછી પોતે જ ઉત્તર કર્યો : 'જે ઉપાસક છે, ભક્ત છે, તેની વાત છે. તે ફેલ કરી શકે નહીં. જે એમ જાણે કે 'ભગવાનને શું ખબર ?' એમ માની ફેલ કરે તેની વાત નથી. ભગવાને કળ ચડાવી છે. તેથી દુનિયા તે પ્રમાણે કરે છે. ભગવાન ક્યાં આખી દુનિયાને સુધારવા નવરા છે ?

'ફેલ કરતા લોકો સુખી દેખાય, પણ મહારાજ સામટો દંડ દેશે. કોઈને પરચો ન લાગે. તેવી રીતે મહારાજ કહે : 'અમે કરશું.'

એકાદશી હોવાથી ભૂલેશ્વર મંદિરે દર્શન કરી, ૧૧-૦૦ વાગે મંદિરે આવી ગયા. પુરુષોત્તમભાઈ રોમ જતા હોઈ, સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ સાથે વિદાય આપી હતી.

સાંજે સ્નાન કરતી વખતે સ્વામીશ્રી કહે : 'યુવકોએ બહુ સેવા કરી. અક્ષરધામના યુવકો છે. આ લોકના યુવકો નથી. હૈયામાં જગતનો કોઈ ડાઘ જ નહિ.' એમ અત્યંત મહિમા કહ્યો.

નટુભાઈ (પીજવાળા) કોઈ સંબંધીને ત્યાં મળવા ગયા હતા. તેમને

તેઓએ આગ્રહ કરીને ફરાળ કરાવ્યું. તેથી સ્વામીશ્રી કહે : 'આજે એકાદશી, ગુરુ ! ફરાળ ન થાય. એક ઉપવાસ બીજો કરી લેજો.' યુવકો ઉપવાસ કરે તો સ્વામીશ્રી ખૂબ જ રાજી થતા.

તા. ૧-૯-'૬૭, બપોરે સ્વામીશ્રી થાળમાં પધાર્યા. આજે માનવ-મંદિરવાળા પંડિત દેવેન્દ્રવિજયજીએ સ્વામીશ્રી આગળ રાગ-રાગિણીથી *'મીરાંને ગૂંથી આસૂં કી માળા'* વગેરે કીર્તનો ગાઈ સંભળાવ્યાં. તેથી પ્રસન્ન થયા.

કૃષ્ણશંકર શાસ્ત્રીજી પણ સાથે આવ્યા હતા. તેમના પ્રવચન દરમ્યાન જાણીતા સાહિત્યકાર કરસનદાસ માણેક પણ આવ્યા. તેમણે કહ્યું : 'ઘણા સમયથી આપનાં દર્શનની તૃષ્ણા હતી. આજે હું ધન્ય થયો છું.' એક કલાક લાભ લઈ તેમણે વિદાય લીધી.

આ તો સાકરનું નારિયેળ

સવારે એક સંત 'ભક્તચિંતામણિ'નું પ્રકરણ ૭૯મું વાંચવા લાગ્યા ત્યારે સૌ કહે : 'વંચાઈ ગયું છે.'

સ્વામીશ્રી કહે : 'આ તો સાકારનું નારિયેળ. વાંધો નહીં. જ્યાંથી ખાવ, ગળ્યું જ લાગે.'

વળતી સાંજે સંગીતજ્ઞ યુવાન ભાવિક સુભાષ દેસાઈ સાથે રામકૃષ્ણ મિશન - મુંબઈ શાખાના પ્રમુખ અકામાનંદ સ્વામીજી આવ્યા હતા. સાથે શિવાનંદ આશ્રમ - હૃષીકેશથી સ્વામી શતાનંદજી પણ હતા. તેમણે બે કીર્તનો ગાયાં. તેઓ અત્યત નમ્ર અને વિવેકી હતા. અકામાનંદજીએ ધર્મની વ્યાખ્યા આપતું પ્રવચન કર્યું. તેમને હિન્દી બરાબર ફાવતું નહોતું. તેમની ઇચ્છા અંગ્રેજીમાં પ્રવચન કરવાની હતી. સ્વામીશ્રીએ તેમનો આ સંકલ્પ પકડ્યો અને વચમાં જ તેમને અંગ્રેજીમાં બોલવા કહ્યું. તેઓ અત્યંત ખુશ થયા.

જ્યારે તેઓએ જવા રજા લીધી, ત્યારે શતાનંદ સ્વામીએ સ્વામીશ્રીનાં બન્ને ચરણમાં મસ્તક મૂકી દીધું. થોડી વાર સુધી ચરણ સાથે મસ્તક દબાવી રાખ્યું. ને બે હાથમાં ચરણ પકડી રાખ્યાં. પછી સ્વામીશ્રીએ તેમને ઊભા કર્યા. એ વખતે તેમનાં નેત્રો સજળ હતાં. તેમને અવર્ણનીય આનંદ થયો હતો. ને સ્વામીશ્રીથી છૂટા પડવાની વેદના પણ સ્પષ્ટ તરવરતી હતી.

જાણીતા કવિ રાજેન્દ્ર શાહ પણ આજની સભામાં દર્શને આવ્યા હતા.

સ્વામીશ્રી બાથરૂમમાં સ્નાન કરવા પધાર્યા ત્યારે બધા યુવકો કહે :

'આજે બે વાતો અમે મોઢે કરી છે.' એ જાણીને સ્વામીશ્રી પ્રસન્ન થઈ ગયા. ને કહે : 'લ્યો, સૌ થાપો.'

તેમાં મહેશ શાહ પણ સ્વામીશ્રીને સ્નાન કરાવવા માટે આવ્યા હતા. સ્વામીશ્રીએ તેને થાપો માર્યો. પછી બોલી ઊઠ્યા : 'લ્યો, આણે તો વાતો મોઢે કરી નથી ને થાપો લીધો.' એ સાંભળીને સૌ હસી પડ્યા.

પછી ગુણવંતને કહે : 'તમો લ્યો થાપો. વાતો મોઢે કરી છે ને ?'

ગુણવંતે વાતો મોઢે કરી ન હતી, પણ ભરત મહેતાએ તેનો પક્ષ રાખતાં કહ્યું : 'હા, મેં ગુણવંતનો પાઠ લીધો છે.' એટલે સ્વામીશ્રીએ ગુણવંતને પણ થાપો દીધો. એમ સૌ યુવકોને અપાર સુખ આપ્યું.

કોઈ 'સ્વામીની વાતો' મોઢે કરે તે એમને બહુ જ ગમતું. અને તેના ઉપર રાજીપો વરસાવતા.

રાત્રિસભામાં પારાયણ વંચાતી હતી. ત્યાં ગુણાતીતચરણ સ્વામી બોલ્યા : 'હરે !' તુરત સ્વામીશ્રી કહે : 'ગુણાતીત જાગ્યા !'

આમ, સમયોચિત હાસ્યરસ સભામાં પ્રસરાવી સ્વામીશ્રી સૌને આનંદિત અને જાગ્રત રાખતા.

અમે મિત્ર સરખા નહિ ?

સ્વામીશ્રી સ્નાન કરીને ઊઠ્યા ત્યારે અશ્વિન પોપટ આવ્યા. સ્વામીશ્રીએ તેમનો હાથ ઝાલીને અત્યંત હેતપૂર્વક પૂછ્યું : 'બે દિવસથી કેમ આવતા નહોતા ? ક્યાં ગયા હતા ?'

ત્યારે અશ્વિનભાઈએ કહ્યું : 'મિત્રો સાથે જતો હતો.'

'અમે તમારા મિત્રો છીએ. અમે મિત્ર સરખા નહીં ?' સ્વામીશ્રી બોલ્યા ત્યારે સૌ હસી પડ્યા. સ્વામીશ્રીના નિઃસ્વાર્થ પ્રેમ પાસે અશ્વિનભાઈ ગદ્‌ગદ થઈ ગયા. તેમણે હંમેશાં દર્શને આવવા કબૂલ્યું.

ઝોલાંના જ્યોતિષી !

વળતી સવારે સ્વામીશ્રી નિષ્કુળાનંદ કાવ્ય - 'સારસિદ્ધિ'નું નિરૂપણ કરતા હતા. એ વખતે હંમેશાં અનેક પ્રકારની ગમ્મત થતી. સ્વામીશ્રી સૌને આનંદમય બ્રહ્મનું સુખ આપતા.

આજે એક ભગત ઊંઘતા હતા. તેને પકડી પાડ્યા ને સ્વામીશ્રીએ પૂછ્યું :

'કેમ ભગત ! ઝોલું આવ્યું ?'

એટલે ભગત બોલ્યા : 'હા બાપા ! ઝોલું આવી ગયું.'

પછી ગુણાતીતચરણને પૂછ્યું : 'ગુણાતીત ! ઝોલું આવ્યું કે ?'

ત્યારે એમણે ઉત્તર આપ્યો : 'બાપા ! ઝોલું આવવાની તૈયારીમાં જ છે.' આખી સભા ખડખડાટ હસી પડી.

ત્યાં એક સંત બોલ્યા : 'ગુણાતીતચરણ જ્યોતિષી છે.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ઝોલાંના જ્યોતિષી છો ને ?' બધા ફરીથી ખૂબ હસી પડ્યા.

પછી રમેશભાઈ સામે જોતાં કહે : 'એ પણ ઊંઘથી ઘેરાઈ ગયા છે.'

'પણ તોય સભામાં તો બેસવું.' એમ કહી સ્વામીશ્રીએ સૌને ખૂબ હસાવ્યા.

સભામાં કોઈને પણ ઝોલું આવે તો સ્વામીશ્રીની દૃષ્ટિ તેના ઉપર અચૂક પડતી અને મધુર ટકોર કરી સુખ આપતા. સ્વામીશ્રી શ્રીજીમહારાજના પરચાની વાત કરતા હતા. પછી નરસિંહ મહેતાનો પરચો - મામેરું પૂર્યું, મીરાંએ ઝેર પીધું, તો આખી દુનિયા તણાય છે... એ વાત કરી. એવામાં ગુણાતીતચરણે પૂછ્યું : 'બાપા ! આપ પરચો કરો તો ?' ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમને મૂંડ્યા (સાધુ બનાવ્યા) એ મોટો પરચો નહિ !'

આખી સભા ખડખડાટ હસી પડી. આ રીતે ખૂબ જ આનંદ કરાવ્યો.

બપોરે થાળ પછી કહે : 'સ્વામિનારાયણના બધા ભક્તો લોકો કરતાં નોખા શાથી પડે છે ? સંયમી છે તેથી.' બધા 'જય નારાયણ' કરે, પણ 'જય સ્વામિનારાયણ' ન કહે. 'સ્વામી' સાથે વેર છે. તે 'નિધિ હોય ત્યાં ભોરિંગ હોય;' તેમ ખરી વસ્તુ હોય તો માયા ફૂંફાડો મારે...'

સાંજે ૪-૩૦ વાગે પવઈ, અક્ષર વાડી પધારી સૌને સમાગમનો લાભ આપ્યો. સંધ્યા સમયે પવઈથી દાદર આવતાં વિક્રોલી આગળ સ્વામીશ્રીએ આરતી શરૂ કરાવી. બધા સંતોને પાછળ હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરવા કહ્યું. જે ગાડી ચલાવતા હતા, તેમને પણ દર્શન કરવા કહ્યું. તેમણે ગાડી ધીમી કરી, પાછા વળી દર્શન કર્યાં. ઠાકોરજીની કેવી આમન્યા ! ભક્તિ અને મહિમા પણ કેટલાં !

જ્ઞાનયોગ સાધ્યો છે

રાત્રે ૯-૦૦ વાગે વ્યાખ્યાન મંદિરમાં 'લાઈફ એન્ડ ફિલોસોફી ઓફ શ્રી

સ્વામિનારાયણ' પુસ્તકના પારાયણમાં આવ્યું : 'એ શ્રીહરિ આજે યોગીજી મહારાજ દ્વારા પ્રગટ છે.'

સ્વામીશ્રી તે સાંભળી કહે : 'અમે સુરત ગયા હતા. સને ૧૯૪૩માં. ત્યારે લોહાણા વાડીમાં ઊતરેલા. ચત્રભુજે પ્રચાર કરેલો કે 'જોગી' આવ્યા છે. 'જોગી' આવ્યા છે.' તે હજાર માણસ જોવા આવ્યું : 'કોણ જોગી છે ?' બધાનાં મનમાં કે સમાધિ કરાવતા હશે. પછી 'કેવો યોગ સાધ્યો છે ?' પૂછવા મંડ્યા. આપણે તો બેઠેલા. અમે કહ્યું : 'કોઈ યોગ-બોગ સાધ્યો નથી, પણ નામ યોગી છે.' પછી કહ્યું : 'બીજો યોગ સાધ્યો નથી. જ્ઞાનયોગ સાધ્યો છે.'

વળી કહે : 'આમ, ઇંગ્લિશમાં પુસ્તક છપાય તો જાપાન, જર્મનીમાં ભાર પડે, સમાસ ઘણો થાય. આવાં પુસ્તકો બહાર પડે તો બીજા સ્વામિનારાયણના સાધુ થાય.'

પ્રગટ સ્વરૂપ ઉપાસી ધન્ય સોઈ

તા. ૮મીથી મંગળ પ્રવચન સમયે નિષ્કુળાનંદ કાવ્યમાં 'કલ્યાણ નિર્ણય' નિરૂપી સૌને આનંદ કરાવતા આજે વાત કરતાં કહ્યું :

'એક મોચી ભગત હતા. તેઓ કાયાનું કલ્યાણ કરવા કાશીએ કરવત મુકાવવા ગયા. વહેરણિયાએ પૂછ્યું : 'ભગત ! આવતો જન્મ શેનો જોઈએ છે, તે બોલો.' મોચી ભગતે બધા ધંધા વિચારી જોયા. 'બ્રાહ્મણના અવતારમાં આ દોષ, વાણિયાના અવતારમાં આ દોષ. એમ બધામાં તેને દોષ જ દેખાયા. તેને બહુ વિચારને અંતે થયું કે બધા ધંધા કરતાં મારો આ વીંગડાનો ધંધો સારામાં સારો છે. ચામડાને પાણીમાં પલાળવું ને સીવવું, એના જેવો કોઈ ધંધો નથી. પછી પેલા વહેરણિયાને કહ્યું : 'મેલ કરવતિયા કરવત, મોચીડાનો મોચીડો !'

'લોકો આવાં કલ્યાણ કરાવવા જાય છે.

'અમે સ્પેશિયલ ટ્રેનમાં ગયાજી ગયા હતા. બધા ત્યાં મૂંડાવે. ત્યાં એક નદી હાલી જાય છે. પછી તેમાં સ્નાન કરે. પચાસ ઘાંયજા બેઠા હોય. ચાર-ચાર આનામાં મૂંડે.' બધાએ મૂંડાવ્યું.

'એક ઘાંયજાએ અમને કહ્યું : 'મહારાજ ! તમે મૂંડાવો.' અમે કહ્યું : 'અમે મૂંડાવીને આવ્યા છીએ, અમારે મૂંડાવવું નથી. જેનાં મા-બાપ મરી ગયાં હોય તે મૂંડાવે ને સાધુને શું સરાવવાનું હોય ?'

'અમે એક ગામમાં ગયા હતા. તે દિવસે શિવરાત્રી હતી. ત્યાં બધા

ભાંગ્ય પીવે. અમને કહ્યું : 'મહારાજ ! તમેય ભાંગ્ય પીવો.'

'અમે કહ્યું : 'અરે, ભાંગ્ય પીવાય ?' અમને થયું કે 'અહીં ભાંગ્ય પીને ક્યાં મોક્ષ બગાડવા આવ્યા !'

'લોકો આવાં ધાર્મિક વ્રત કરે છે ! પણ હરિ અને હરિના જનથી જ આત્યંતિક કલ્યાણ થાય. બીજે બધે તો ધોકાવીને અંધારું કાઢવા જેવું છે. ધોકાવાથી કંઈ અંધારું જાય ? સૂર્યથી જ જાય. ફરી પાછા ફરવું ન પડે. જન્મ-મરણનો ફેરો ટળી જાય તે જ આત્યંતિક કલ્યાણ. ઓલ્યા ચાર પટેલિયાઓની જેમ મેળે માનેલું નહીં. પ્રગટ સત્પુરુષરૂપી સૂર્ય વિના અજ્ઞાનરૂપી અંધારું ટળે નહીં. લોકો પોતાની મેળે કલ્યાણ માની લ્યે છે. તેમાં આલોકમાં પાછા પડવાનું મન થાય.

'ઘણા મેલો કાગળ લખે કે 'અમારા બાપા-પિતાશ્રી પાછા થ્યા છે.' એટલે કે આ લોકમા પાછા આવ્યા. દેવલોક કે સ્વર્ગલોક પામ્યા એમ પણ લોકો કહે છે. 'પાછા પડ્યા' તે કલ્યાણ કામ ન આવે.

'એકાંતિક સંત થાય ત્યારે કલ્યાણ થાય. ભેખમાં કલ્યાણ નથી. ચાર પ્રકારના મનુષ્ય સાધુ થાય છે : એક આળસુ, બીજો તામસી, ત્રીજો બાળક ને ચોથો વિચારીને થયો હોય તે. આ ચોથો છે તે પોતાનો મોક્ષ કરી શકે.'

ભગવાનની કૃપા થાય તે સાધુ થાય

સવારની કથામાં વચનામૃત ગ.મ. ૩૮ સમજાવતાં કહ્યું : 'ભગવાન વિના રહી ન શકે તે એકાંતિક ભક્તિ. પ્રવેશ થાય તે શું ? તે ભાવને પામી જાય તે પ્રવેશ. પોતાનો ભાવ ન રહે.

'જો, ગગા, મા...' પણ કોની ? પોતાની કે ગગાની ? પણ એ દીકરામાં પ્રવેશ.'

પછી કહે 'વિજ્ઞાનદાસને ભગતજીમાં જેવી રટના લાગી તેવી લાગવી જોઈએ.'

'પણ, બાપા ! તો પછી ગૃહસ્થાશ્રમમાં ન રહેવાય.' કોઈ વચમાં બોલ્યું.

'અમારી ગાદી ખાલી જ પડી છે !' સ્વામીશ્રીએ કેફમાં કહ્યું : 'પણ માથું તોડીએ તોયે કોઈ આવતો નથી. અમે ઘરે હોત તો રોટલા ટીપત. અત્યારે ગાદી મળે છે !' સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'જેના નસીબમાં હોય તે જ સાધુ થઈ શકે. જેના પર ભગવાનની કૃપા થાય તે થાય. બધા થાય નહીં.'

ઠાકોરજી જાગ્યા બાદ ૩-૪૫ વાગે માધુભાઈ હિરાણી આફ્રિકા જતા હતા. તે જાણી બોલ્યા : 'હિરાણી આફ્રિકા જાય છે તે વાત કરી લઈએ...'

પછી તેમને પૂછ્યું : 'મુંબઈ જોવાઈ ગયું ? દરિયા જોવાણા ? ભાયખલા જોયું ? મુંબઈની વચોવચ છે. શાક બહુ છે. એક કાછિયાને મુંબઈ લાવેલા. તેને પૂછ્યું કે 'ત્યાં શું જોયું ?' તો કહે : 'શાકના ઢગલા ! હજારો મણ !' એમ જે જેનો ધંધો હોય તે જુએ. તમે મુંબઈમાં પહેલવે'લા પધાર્યા.'

પછી કંઈક ભેટ તેમને આપવી જોઈએ એ હેતુથી સ્વામીશ્રી કહે : 'હું ફેરવું છું તે માળા દઉં કે બીજા સંતની દઉં ?' પછી પોતાની જ માળા આપી અને સાતે શિખરબદ્ધ મંદિરોમાં સેવા કરવા આજ્ઞા કરી.

ત્યાં ઠાકોરજીને મેવામાં છાલવાળાં સફરજન ધરાવાયેલાં જોયાં. એટલે કહે : 'ભગવાન મને કહેતા હતા કે પૂજારી છાલવાળો મેવો ધરાવે છે, માટે છાલ કાઢી નાખવી.'

બાદ સૌને સફરજનનો પ્રસાદ વહેંચ્યો. સંતોને ઉપદેશ આપતાં કહે : 'કૌપીન વાળી લેવી. કપડાં સૂકાય એટલે તરત વાળી લેવાં. ધજાની જેમ કૌપીનો હવામાં ઝાપટે તેમ ન કરવું.'

રાતે સ્વામી દયાનંદ સરસ્વતી કૉલેજના પ્રૉ. અવધૂત શાસ્ત્રી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા અને સંસ્કૃત ભાષાનું ગૌરવ સમજાવી, સ્વામીશ્રીનો મહિમા ગાયો હતો.

જિન હરિ પ્રગટ પિછાને, સોઈ સંત સયાને

બીજે દિવસે મંગળ પ્રવચનમાં 'કલ્યાણ નિર્ણય' નિરૂપતાં બોલ્યા : 'સંત બધા તરી ગયા, પણ સંત કેનાથી થયા તેનો કંઈ ખુલાસો ખરો ? એમ મુમુક્ષુ પૂછે છે. પ્રગટ પ્રભુને લીધા વિના સંત પણ કોઈને ન કહેવાય.

'એકાત્મભાવને પામેલા તે મળેલ કહેવાય.

'બીજા તો હવે આવા સંત અને ભગવાનનો કાળ પાડશે. એટલે કે 'એ તો આગળ થઈ ગયા કે હવે થશે, પણ અત્યારે નથી.' એમ હાલ બધા કાળ પાડીને બેઠા છે. આ બધું બંબે બંબ કહેવાય. સાચા સંતથી જ કલ્યાણ થવાનું છે. બીજે આકાશની ફૂલવાડી છે.

'પ્રગટનાં વેણ એ જ સત્શાસ્ત્ર. ભગવાનનાં લીલાચરિત્રો સંભારવાં એ પણ શાસ્ત્ર અથવા તેના માનેલા ગ્રંથ હોય તે પણ શાસ્ત્ર. તે વિના બીજાં

શાસ્ત્રો એ પાણી વિનાની વાવ જેવાં છે.

'વચનામૃત વિના બીજાં શાસ્ત્રો વાંચવાં તે મોહ. 'વચનામૃત' અને 'સ્વામીની વાતું' આ બે વાંચવાં. અને તેનું અધ્યયન કરવું. બીજાં શાસ્ત્રો વાંચવાં, પણ તેનો મજકૂર લેવો. આ તો વાંચતાં વાંચતાં તેમાં ગરી જાય તે સારું નહીં.

'ઊજળું એટલું દૂધ ન હોય તે સમજી રાખવું. બીજાં શાસ્ત્રો ખરસાણીના દૂધ જેવાં. આ દૂધ ઊજળું લાગે, પણ ગળું ઝાલે.

'એક હરિજન, ભગત થાવા આવેલા. તેને એવો ઠરાવ કે 'જેની વાંસે ઝાઝા માણસ ફરતા હોય ત્યાં જાવું.' જૂનાગઢમાં ગુણાતીત સ્વામી પાસે ઘણા માણસો જોઈ ત્યાં રહ્યા. પછી સ્વામી સાથે વરતાલ આવ્યા. ત્યાં આચાર્ય મહારાજ પાછળ હજારો માણસો જોઈ તેમની પાસે વહ્યા ગયા. પછી એક વાર વડોદરા આવ્યા. ત્યાં ગાયકવાડ સરકારની સવારી નીકળેલી. તેમાં અસંખ્ય માણસો જોઈ ત્યાં જતા રહ્યા અને સરકારની નોકરીએ ચડી ગયા.

'માટે આવી મોટપ માનવી નહીં. આપણાં સુખદુ:ખમાં ભાગ લે અને આપણને ભગવાન ઓળખાવી દે, તે જ સાચા સંત. આવા એકાંતિક સંત જ્યાં હોય ત્યાં ભગવાન અને ભગવાનનું ધામ હોય જ.'

બ્રહ્મચર્યપાલનમાં રાજીપો !

આજે બપોરે એક યુવક આફ્રિકા જવાના હતા. સ્વામીશ્રી સવારથી તેની પૂછપરછ કરી, સંભાવના રખાવી, હેત વરસાવતા હતા. તેમને માટે ભાતું તૈયાર કરાવી આપ્યું. જોઈતું-કરતું આપવા સંતોને સૂચના આપી.

બપોરે ઠાકોરજી જમાડી સ્વામીશ્રી આરામમાં પધાર્યા. યુવકને બપોરે ૨-૦૦ વાગે નીકળવાનું હતું. અચાનક સ્વામીશ્રી જાગ્યા. પૂછ્યું : 'કોણ છે ?'

'શું બાપા ?' શાંતિભાઈ પાટડિયાએ ઉત્તર આપ્યો.

'ઓલા યુવક નીકળી ગયા ?'

'તપાસ કરું.' તેઓ તપાસ કરી ઉપર આવ્યા. કહ્યું : 'બાપા ! નીકળવાની તૈયારીમાં છે.'

'હાલો, એમને મળવું છે.' સ્વામીશ્રી બેઠા થઈ ગયા.

શાંતિભાઈએ વિનંતી કરી કે 'બપોરે મળ્યા જ છો ને !'

સ્વામીશ્રી આકળા થતાં કહે : 'અત્યારે મળવું છે.'

'તો બાપા ! ખુરશી લઈ આવું.'

'એમાં શું ખુરશી ? હમણાં પુગી જાશું.'

સ્વામીશ્રી ઓરડા બહાર આવી નીચે ઊતરવા લાગ્યા. શાંતિભાઈનો હાથ પકડી નીચે આવી યુવકને મળ્યા. ભેટ્યા અને ખૂબ વહાલ કર્યું. 'ધર્મ-નિયમ પાળો છો તો રાજીપો થશે.' એમ કહી, વિદાય આપી પાછા ફર્યા. ત્યારે શાંતિભાઈએ જોયું કે યુવક તો આ પ્રેમના પાવન ધોધમાં ભાન ભૂલી આંસુ વહાવતો જ હતો, પરંતુ સ્વામીશ્રીની આંખમાં પણ ભીનાશ તરી આવી.

તે વખતે તો શાંતિભાઈ કાંઈ ન બોલ્યા, પણ રાતે પૂછ્યું : 'બાપા ! આપે પેલા યુવકને બહુ હેત કર્યું ને ગયા ત્યારે આપને આંસુ આવી ગયાં, તેનું શું કારણ ?'

'હેત ખરું ને !' સ્વામીશ્રીએ કહ્યું : 'એ ખરેખરા ભગત છે. લગ્ન કર્યાં છે તોય બ્રહ્મચર્ય પાળે છે !' સ્વામીશ્રીએ સહજ કહ્યું.

આજુબાજુ બેઠેલા યુવકોનાં અંતઃચક્ષુ ખુલી ગયાં. સ્વામીશ્રીના રાજીપાની જાણે કૂંચી મળી ગઈ. સૌએ એમની આ વિરલ ભાવનાનો સ્પર્શ પામી, અલૌકિક પ્રેરણા આપી.

તાવ શક્તિ કાઢે ને સંત આસક્તિ કાઢે

બપોરે માનસી પછી વાત કરતાં કહે : 'પેલા ભાઈ(ઘાટગે)એ કેટલાં આસન કર્યાં ! દેહને વાળી નાખ્યું. તે સત્સંગ ન કહેવાય. કસરત કહેવાય. નેતિ... ધોતિ કરે જીવનો રોગ ન જાય, પણ જીવના મોક્ષ માટે સત્સંગ જ છે. તે કરે તો વૃદ્ધિ પમાય. તેટલા માટે રાતદી' દાખડો થાય છે. હજારોને સત્સંગ કરાવવા સત કર્યા.'

પછી એક સંતને યાદ કર્યા, જે બીમાર હતા. સ્વામીશ્રી કહે : 'બોલાવો તેમને... નહીં તો આપણે ત્યાં મળવા જઈએ...' પછી કહે : 'એક દી'નો તાવ દસ દી'ની શક્તિ કાઢી નાખે. તાવમાં આટલું બળ, તો સત્પુરુષમાં કેટલું બળ ?

'તાવ શક્તિ કાઢી નાખે ને સત્પુરુષ આસક્તિ કાઢી નાખે !' સ્વામીશ્રીએ ખૂબ ઊંડો મર્મ કર્યો.

બીજે દિવસે સવારે ૪-૨૫ વાગે ઊઠ્યા. સ્નાન-પૂજા બાદ આરતીમાં પધાર્યા. યોગીસ્વરૂપ સ્વામી આરતી ઉતારતા હતા. તેમની પાસેથી આરતી લઈ ઉતારી. બાદ, બોચાસણના કોઠારી ભક્તિવલ્લભદાસને ચાંદલો કરી હાર પહેરાવ્યો. તે હાર હરિભાઈને આપ્યો, પછી કહે : 'સંતો ! કોઠારીને પાંચ પાંચ

દંડવત્ કરો.' એમ કહી તેમનો મહિમા ગાયો :

'પચાસ વર્ષ શાસ્ત્રીજી મહારાજની સેવા કરી. કબાટ-પૈસા-તિજોરી પોતાનું કાંઈ નહીં. સ્વામીને ઓશિયાળા કર્યા નથી. કહે તેમ કર્યું છે. શાસ્ત્રીજી મહારાજની અનુવૃત્તિ પાળી છે. એક વાર સ્વામીને બોચાસણમાં રૂપિયા જોઈતા હતા તે દસ હજાર તરત દઈ દીધા. રાજી કરવા જ તાન. ગોંડલ, સારંગપુરનાં મંદિરો તેમણે કર્યાં. ગોંડલમાં પ્રતિષ્ઠા છ મહિનામાં કરવી હતી. સ્વામીશ્રી કહે : 'ભક્તિવલ્લભને મોકલો.' તે ગયા. છ મહિનામાં પ્રતિષ્ઠા થઈ ગઈ. સ્વામીનો પક્ષ બહુ. કોઈ ઘસાતું બોલે તો ડંડોય લે. સારંગપુરમાં કાઠીઓને બાથમાં દબાવે તે ભાગી જાય...

'પોતે ૩ લૂગડાં જ રાખતા. પંગતમાં જમી લે. નોખું કાંઈ નહીં. રોટલો ખાય. પકવાન ખાય નહીં. આપણે તેમના જેવા ગુણ શીખવા. આ તો જંગમ તીરથ. આપણે ક્યાં દર્શન કરવા જાત ? આવા શરીરે દર્શન દેવા પધાર્યા. મોટાસ્વામી ધામમાં ગયા ત્યારે હું ન જઈ શક્યો. આ તો અહીં પધાર્યા છે. તો હવે દેહ રહે કે ન રહે, પણ આપણે આરતી ઉતારી લીધી. જીવે તો સો વરસના થાય...'

પછી સ્વામીશ્રીએ તેમના મોંમાં પ્યાલાથી પાણી રેડ્યું તે કોઠારી પી ગયા.

થોડા દિવસ અગાઉ જ તેમને અહીં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. આજે તેમને આણંદ લઈ જવામાં આવ્યા.

કથાવાર્તાનો સોપો પડવા ન દેવો

મંગળ પ્રવચનમાં નિષ્કુળાનંદ-કાવ્ય સમજાવતાં કહે :

'અક્ષરધામમાં જવા માટે ભણીએ-વાંચીએ છીએ. ધામમાં કશી ઉપાધિ નહીં. મૂર્તિ સામું જોઈ રહેવું.

'લોકો કાશ્મીર જોવા જાય છે અને તેનું સુખ માને છે, પણ ત્યાં પાણા અને પથરા છે. લોકો સુખ લેવા ફ્રાન્સ જાય છે, પણ એમાં કાંઈ સુખ નથી. 'કાશ્મીર નાનું લંડન છે' એમ કહી લાખો લોકો જોવા જાય છે, પણ અક્ષરધામમાં જવા માટે મંડવું જોઈએ.

'ખોટાં કર્મ કરે છે તે શ્વાન, શૂકર, બલાડાં, ઊંટિયાં વગેરે પશુયોનિને પામે છે. મરણ અને મેહ આ બંને મોંઘાં છે. આ દુનિયાના હાથમાં નથી એ પ્રભુના હાથમાં છે. જ્યોતિષ કહે કે 'આટલો વાયરો થયો તેથી આજે વરસાદ

થશે.' પણ ન થાય. બીજે દિવસે થાય. અત્યારે રોકેટથી વરસાદ લાવે છે. પણ તેથી થોડો આવે, વધારે ન લાવે.

'એ...ય મહારાજ મળ્યા, સ્વામી મળ્યા, માટે કથાવાર્તાનો સોપો પડવા ન દેવો. જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ તેને જીવતા અને મૂએ શી પ્રાપ્તિ ? તેમાં મહારાજે કહ્યું છે : 'કથાવાર્તામાં દિવસ-રાત વીતે.' પુસ્તક લઈને બેસવું. કથાવાર્તા ભગવાનની મૂર્તિ છે. માટે તેનો અભ્યાસ નિરંતર રાખવો. એનાથી સમજણની દઢતા થાય છે.'

સવારની સભામાં ગ.પ્ર. ૭૬મું નિરૂપણ કર્યું. તે વખતે નિખિલભાઈ રાબેતા મુજબ બે નારિયેળ લાવ્યા. સ્વામીશ્રીએ કાન પાસે લઈ જઈ ખખડાવ્યાં ને કહે : 'આવા પ્રેમી ભક્ત છે, તે નત બે નારિયેળ લાવે છે.'

પછી વચનામૃતના સંપાદનની વાત કરી કે 'તે વખતે કેવા કાગળ હશે ? કેવી પેનું હશે ?' એમ કહી પોતાની વાત કરી કે 'અમે ખડિયો રાખતા. એક બટ્ટકલમ-કિત્તો રાખતા. બલાટ પેપર (બ્લૉટિંગ પેપર) રાખતા.'

પછી મુક્તાનંદ સ્વામીનો ઉત્તર મહારાજે 'ખરો' કહ્યો. એ વંચાયું એટલે કહે : 'મહારાજને દિવ્યભાવ ખરો ને ! તેથી 'મુક્તાનંદ સ્વામીનો ઉત્તર ખરો.' એમ કહ્યું.

'હું જાણું છું, કરું છું... એમ સમજે તો ગુણ આવવા બંધ થઈ જાય. અંતરમાં બળતરા થવી જોઈએ, તો ગુણ આવે.'

સવારે ભાવનગર મહારાજા વીરભદ્રસિંહજી આવ્યા હતા. તેઓ અવારનવાર સ્વામીશ્રીનાં દર્શને આવતા. અને કહેતા કે 'બાપા જ્યારે નીલમ બાગ પધારે ત્યારે મારા પિતાજી અવશ્ય સામા આવતા અને જાતે સ્વામીશ્રીની મોટરનું બારણું ઉઘાડી આદર આપતા. આ દશ્ય હજુ મને સાંભરે છે.'

જેટલું કરીશું તેટલું આગળ મળવાનું

તા. ૧૧મીએ મંગળ પ્રવચનમાં 'કલ્યાણ નિર્ણય' ઉપર જ વાતો કરતાં કહે : 'બીજાં કામ પડ્યાં મૂકીને આ જ મંડી પડવું. સવારે વહેલા ઊઠી કીર્તન-ભક્તિ કરવી. જે ભક્તિ કરતે છતે પોતાનું મન દઢ રહે તે ભક્તિ પ્રધાન રાખવી. આ ટેવ પાડવી.

'રોજ એકાવન માળા ફેરવી લેવી. એક દી' ન ફરે તો બીજે દી' સો ફેરવવી પડે. સ્વસ્તિક આસન વાળી માળા ફેરવવી. આત્મનિવેદન એ પરા-

ભક્તિ છે. ઉપવાસથી દસ ઇન્દ્રિયોનું શુદ્ધીકરણ થાય. ભક્તિથી જીવને બળ મળે.

'અમે સમઢિયાળે ગયા હતા. પજોસણમાં (પર્યુષણ) હરજીવન-દાસભાઈના ૨૫-૩૦ વરસના દીકરાએ ઉપવાસ કર્યા હતા. તેને પાણીની તરસ લાગેલી. તે પાણી માગે ત્યારે બીજા કહે : 'આગળ સરોવર ભર્યાં છે. ભલે મરી જાય, પણ પાણી ન પાશો !' છેવટે છોકરો મરી ગયો. આવા ઉપવાસનું ફળ કંઈ ન મળે. હરિજયંતી કે એકાદશીનો ઉપવાસ કરીએ તેનું ફળ મળે.

'એક એકાદશીનો ઉપવાસ કરીએ તેનું એક લાખ વરસ સુધી રોજ સાઠ હજાર ઋષિને જમાડીએ તેટલું ફળ થાય. કેટલું બધું પુણ્ય થયું ! પુણ્યનો થોક થયો. તે દિવસે ખરેખરો કેફ રાખવો.

'બળની વાતું કરવી, આસન વાળીને મૂર્તિ સામું જોઈ કલાક ધ્યાન કરવું. પલાંઠી ફરવી ન જોઈએ. જેટલું કરીશું તેટલું આગળ મળવાનું. અત્યારે તપ, ત્યાગ કરી તેની પ્રાપ્તિ મોટી થવાની છે. ખેતરમાં જેમ ખેડ કરો, પાણી પાવ પછી કેવી શેરડી થાય ! *'ખેડ, ખાતર ને પાણી, કરમને લાવે તાણી.'* પાણી ચોખ્ખું હોય તો સવાયું પાકે. ખારવાળાં પાણીથી ન પાકે. આપણે ભક્તિની એવી ખેડ કરવી કે અવસ્થા ક્યાં ગઈ તે ખબર ન પડે. પચાસ-સાઠ-સિત્તેર વરસ કે સો વરસ પછી અક્ષરધામમાં જાય. આપણે અખંડ કથાવાર્તા કર્યા જ કરવી. વચનામૃતનું પુસ્તક કાઢી વાતો કરવી. કોઈ હરિભક્ત ન હોય તોય વાતો કરવી. દેવતા, અવતારો વગેરે સાંભળવા આવે. આપણે તેમને ન જોઈએ પણ તેઓ આપણને જુએ.'

આજે જુવાનસિંહ ઇનામદાર દર્શને આવેલા તેને સ્વામીશ્રી કહે : 'અમે કાલે તમને યાદ કર્યા હતા. તમારા બાપુજીને (પ્રતાપસિંહ ઇનામદાર) જય સ્વામિનારાયણ કહેજો. શાસ્ત્રીજી મહારાજની સેવા કરેલી. કુર્લા હતા ત્યારે અમને જમાડેલા. રસોઈ દીધેલી. બે વરસથી મંદવાડ છે. ભગવાન સારું કરે તે પ્રાર્થના.'

સ્વામીશ્રીની હેત કરવાની આ એક અલૌકિક રીત હતી. સતેજ સ્મૃતિ સાથે હરિભક્તોનો પ્રેમ વખાણતા ! *'વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનની રે.'* એ નિષ્કુળાનંદ સ્વામી કથિત ગુણાતીત સંતની રીતિનાં દર્શન પણ આમ વારંવાર કરાવતાં.

બપોરે થાળમાં સંતોએ ખૂબ મોટું પાનબીડું ખાસ બનાવેલું. તે એક સંતે સ્વામીશ્રીને આપ્યું. તે જોઈને રાજી થઈ ગયા. તે હાથમાં લઈ, ઊંચું કરી સર્વેને દેખાડતાં કહે : 'વૈરાટ બ્રહ્મા જેવડું પાનબીડું !'

'આપે પદ નિરવાણ'

રાત્રે 'લાઈફ ઑફ ફિલોસૉફી ઑફ શ્રી સ્વામિનારાયણ'ની પારાયણ બાદ સ્વામીશ્રીએ એકાએક જાહેરાત કરીને સૌને જણાવ્યું કે –

'સંકલ્પ એવો કરો કે કેશવચંદ્રનાં માતુશ્રી બે વરસથી માંદાં છે, બહુ દુઃખ પડે છે. તેમને માળા, એકાદશીનું પુણ્ય આપો. સૌ સંકલ્પ કરો. કોઈ ૫૦ માળાનું પુણ્ય દ્યો. પછી ધૂન કરીએ... શેઠ ! તમે શું આપો છો ? ૨૫ માળા, પાંચ મહાપૂજા... દલ ! તમે એક એકટાણું, પચ્ચીસ માળા, પાંચ મહાપૂજા કરો.

'સંતો, એકાદશી, હરિજયંતીનું પુણ્ય આપો. હોલસોલ સંતો ઘે. કોઈ બાકી નહીં. પૂનમે બધાએ એકટાણું કરવું. પછી મહારાજ ધામમાં લઈ જાશે. મહાપૂજાના પૈસા એકાદશી સુધીમાં દઈ દેવા. રોકડા લેવા માંડો. ૨૫ માળાની ધૂન કરી લઈએ.

'શાસ્ત્રીજી મહારાજનો સંબંધ છે, તેથી તેમનાં કર્મ કઠણ નથી. કસર ટાળવા રોગ મૂકે.'

પછી લગભગ ૪૦ હરિભક્તોએ પુણ્ય દેવા સંકલ્પ કર્યો. સ્વામીશ્રી રાજી થયા. આમ, કેશવચંદ્ર અમીનનાં માતુશ્રી, જેઓ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર શંકરલાલ સૉલિસિટરનાં ધર્મપત્ની અને ચુસ્ત સત્સંગી હતાં. તેમની ટૂંક સમયમાં મુક્તિ કરી, સુહૃદભાવના નાતે સૌનું પુણ્ય આપી, સ્વામીશ્રીએ જાહેરમાં એક ભક્તને મુક્તિ આપી. આમ, પોતાના સંકલ્પમાત્રે પણ અનેક ભક્તોનાં કષ્ટ નિવારી મુક્તિ કરે છે. તેની સૌને પ્રતીતિ કરાવી. ભક્તોનું પુણ્ય તો એક નિમિત્ત બનાવ્યું.

ટુમોરો ફાસ્ટ !

અહીં એક દિવસ સ્નાન વિધિમાં પિનાકીન વગેરે યુવકો પરસ્પર અંગ્રેજીમાં વાતચીત કરતા હતા. સ્વામીશ્રી તે સાંભળી પિનાકીન બ્રહ્મભટ્ટનો હાથ પકડીને કહે : 'ગુરુ ! અમને અંગ્રેજી શીખવાડો. અમને અંગ્રેજી શીખવાડો.' એમ ખૂબ આગ્રહ કરતાં કહ્યું : 'શીખવાડો, નહીં તો નવડાવવાની સેવામાં નહીં આવવા દઉં.'

તેમને લાગ્યું કે આ તો નાક દાબીને મોં ખોલાવ્યું ! તેમણે સ્વામીશ્રીને અંગ્રેજીનો પાઠ આપ્યો. ને કહ્યું : 'બાપા ! આપ બધાને કહો છો કે 'કાલે

ઉપવાસ.' તો હવે એમ કહેવું : 'ટુમોરો ફાસ્ટ.'

સ્વામીશ્રીએ એકાગ્રતાથી સાંભળ્યું. બેવાર પૂછ્યું ને મનમાં રટવા લાગ્યા. થોડી વારે તેમણે પિનાકીનનો જ હાથ પકડ્યો ને કહે : 'ગુરુ ! ટુમોરો ફાસ્ટ !'

શીખવ્યું એટલે ફી આપવી પડે ને ! એવા કંઈક વિચાર સાથે તેમને જ પહેલા પકડ્યા.

સામાન્ય રીતે પાંચ જ યુવકોને ઉપવાસ આપતા. પણ આજે તે જ વાક્ય અંગ્રેજીમાં શીખ્યા હતા. તેથી જુદા જ કેફમાં હતા. જેટલા યુવકો બાથરૂમમાં હતા તે બધાને થાપો આપતા જાય ને કહે : 'શું ? ટુમોરો ફાસ્ટ. અમે અંગ્રેજી ભણ્યા છીએ. પાઠ દેવો પડે ને ! જાવ, ટુમોરો ફાસ્ટ !'

પછી વસ્ત્રો બદલી પિનાકીન સામે જોઈને હસ્યા કે 'તમે સારું શીખવાડી દીધું !'

એવામાં તેમણે કહ્યું : 'બાપા ! આપે બધાને 'ટુમોરો ફાસ્ટ' કહ્યું ને ! હવે મને 'ટુમોરો બ્રેકફાસ્ટ' કહો.'

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'એવું ખોટું ખોટું નહીં શીખવાડવાનું, પે'લું કહ્યું છે તે બરોબર છે... માળો ખરો છે, બીજું બીજું શીખવાડે છે.'

યુવકો અને સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. હાસ્યને જેમ કોઈ ભાષામાં બાંધી શકાય નહીં, તેમ સત્પુરુષને પણ ભાષાનાં બંધનો નથી હોતાં. તમામ ભાષાથી પર હોવાથી જ એ તમામ ભાષાના હાર્દને સમજે છે, જાણે છે અને તેની પ્રતીતિ કરાવતા હોય તેમ સહવાસીઓને પણ સમયે સમયે બતાવે છે કે 'તમે મને શીખવો છો કે હું તમને !'

આમ, ગમ્મતમાં પણ સ્વામીશ્રીએ સૌને ઉપવાસ આપવાનું નિમિત્ત પકડી લીધું.

❀ ❀ ❀



યોગી યુવક ઉપવાસ કૉલેજ

સ્વામીશ્રીએ આજીવન વ્રત-ઉપવાસો જ કર્યાં હતાં. સાથે સેવા-ભક્તિ તો ખરી જ ! તપ એમનું અમોઘ શસ્ત્ર. આજના યુવાનોને નીતિ-સદાચારને માર્ગે વાળવા અને ભૌતિક જીવનમાં શુદ્ધીકરણ આણવા સ્વામીશ્રી તપરૂપી રામબાણ ઔષધિ જ આપતા.

અહીં જ એક વાર પોતે સ્નાનથી પરવારી વસ્ત્ર પરિધાન કરતા હતા. ઘણું કરીને હંમેશાં એમની આસપાસ યુવાનો વીંટળાયેલા જ હોય. તે વખતે સ્વામીશ્રીએ પાંચ-સાત યુવકોને બીજે દિવસે ઉપવાસ કરવા આજ્ઞા આપી હતી. તેટલામાં એક યુવક દર્શને આવી ચડ્યા. તુરત સ્વામીશ્રીએ એમને કહ્યું : 'કાલે ઉપવાસ કરશો ને ?'

'હા, બાપા !'

'નિર્જળા કરવાનો હોં ! લ્યો થાપો.' એમ કહી હસતાં હસતાં બોલ્યા : 'આ તો ઉપવાસની કૉલેજ છે. અહીં જે આવે તેને ઉપવાસ મળે જ.'

પિનાકીન બ્રહ્મભટ્ટે ઉત્સાહમાં આવી જઈ સૂચન કર્યું : 'યોગી ઉપવાસ કૉલેજ.'

'ના, યોગી યુવક ઉપવાસ કૉલેજ.' સ્વામીશ્રીએ જાતે સુધારો કરી નામ વધાવી લીધું.

પોતાના વહાલા યુવકોની સાથે સજાતિ થયા વગર એમને હેત કેમ થાય ? અને હેત વગર એમનું વચન પણ કેમ મનાય ?

નાના બાળકો, કિશોરો, યુવાનો કે જે દિવસમાં ચાર-પાંચ વખત જમતાં હોય, જે એક ટંક પણ ભૂખ્યા ન રહી શકે, તેઓ સ્વામીશ્રીના વચને નિર્જળા ઉપવાસ કરતા. અને તે પણ પ્રેમથી-સામેથી માગીને. સ્વામીશ્રીએ એવો નિયમ ઘડ્યો હતો કે પોતાની સેવામાં જે યુવકો આવે તેમણે પાંચ દિવસે ઉપવાસ

કરવો જ પડે. કોઈ નવા યુવકો આવે અને સ્વામીશ્રીની સેવાનો લાભ લે ત્યારે તેમને પણ ઉપવાસ મળે જ.

એક દિવસ સ્વામીશ્રી સ્નાન કરતા હતા ને એક નવીન ચહેરો સેવામાં દેખાયો. સ્વામીશ્રીએ પૂછ્યું :

'તમે કોણ ?'

'બાપા ! હું બાજુમાં રહું છું.'

'કયા ગામના છો ?'

'વિરમગામનો, અહીં ભણું છું.'

'શું ભણો છો ?'

'કોમર્સમાં છું.'

'શું નામ ?'

'મહેન્દ્ર.'

'કાલે ઉપવાસ કરશો ?'

એ યુવક હકારમાં માથું હલાવે કે તુરત સ્વામીશ્રી એનું માથું ખોળામાં લઈ, બે થાપા આપતાં કહે : 'કો' કરીશ.'

અને એ યુવક હોંશે હોંશે ઉપવાસ કરે જ.

આવા પ્રસંગો રોજબરોજ બનતા. કેટલાક યુવકો પોતાની શાળાના અથવા કૉલેજના મિત્રને સ્વામીશ્રીનાં દર્શને લઈ આવે. એમાં અનેક રંગીલા ચહેરા હોય. કેટલાક કુતૂહલતાથી, કેટલાક મિત્રના આગ્રહથી, કેટલાક સ્વેચ્છાથી દર્શને આવ્યા હોય. લાવનાર યુવક સ્વામીશ્રીને પોતાના મિત્રનો પરિચય કરાવે. તુરત જ સ્વામીશ્રી એને હેતથી બોલાવી, ઓળખાણ પૂછી એવા વહાલથી ઉપવાસની આજ્ઞા કરે કે આપણે જોતાં જ રહીએ. અને તે યુવાન પ્રેમથી ઉપવાસની આજ્ઞા વધાવી લે. કેટલીક વાર તો નાનાં નાનાં બાળકો પણ સ્વામીશ્રી પાસે ઉપવાસ લેવા દોડી આવે, ત્યારે આપણને લાગે કે આપણે પૃથ્વી ઉપર છીએ કે અક્ષરધામમાં ?

ખાસ કરીને હરિજયંતી-એકાદશી ને રામનવમી-જન્માષ્ટમી આદિ મોટા ઉત્સવોના દિવસે તો સ્વામીશ્રી અગાઉથી ઉપવાસ માટે નોંધ કરાવે. દરેક યુવક સ્વેચ્છાથી પોતાનું નામ નોંધાવે. ઘણી વાર તો આ સંખ્યા સોનો આંકડો પણ વટાવી જાય. સ્વામીશ્રી ઉપવાસી યુવકોને ખૂબ આશીર્વાદ આપે.

એમનાં પ્રેરણા-બળથી કોઈને ઉપવાસનો તાપ જણાય નહિ. સ્વામીશ્રી

સૌને પ્રેમથી પારણાં કરાવે.

પોતાનો જન્મ જયંતી ઉત્સવ હોય ત્યારે પણ સ્વામીશ્રી સૌ યુવકોને એ જ આજ્ઞા કરે : 'તમે ઉપવાસ કરો તો હું રાજી થઉં.' ને સેંકડો યુવકો હોંશે હોંશે ઉપવાસ કરે. શ્રાવણ માસ, પુરુષોત્તમ માસ આદિક શુભ દિવસોમાં સંતોની સાથે કેટલાય યુવકો અને બાળકો પણ સ્વામીશ્રી પાસે ધારણાં-પારણાં આદિક વ્રતો હોંશથી માગીને લેતા.

સ્વામીશ્રીને મન ઉપવાસનું કેટલું મહત્ત્વ હતું, એનો એક અવિસ્મરણીય પ્રસંગ નોંધપાત્ર છે :

સ્વામીશ્રી અમદાવાદથી બોચાસણ ગુરુપૂર્ણિમાને સમૈયે પધાર્યા. ડભાણ થઈને લગભગ રાત્રે ૧૧-૩૦ વાગે બોચાસણ પહોંચ્યા, હજારો હરિભક્તો દર્શનની રાહ જોઈ રહ્યા હતા. સ્વામીશ્રી ખૂબ જ શ્રમિત હતા, છતાં સભામાં બિરાજી સૌને દર્શન ને આશીર્વાદ આપ્યાં.

પછી પોતાના ઓરડામાં પધાર્યા. લગભગ ૧૨-૦૦ વાગ્યા હશે. બધા ઊંઘથી ઘેરાતા હતા. વિદ્યાનગર છાત્રાલયના સાઈઠ યુવકો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી સૌને મળ્યા ને આશીર્વાદ આપતાં એકાએક કહ્યું : 'કાલે બધાએ ઉપવાસ કરવાનો છે. કાલે ગુરુપૂર્ણિમા છે. નિર્જળા ઉપવાસનું બહુ ફળ.'

બધાએ સહર્ષ આજ્ઞા ઝીલી લીધી. આવી ખાસ પરિસ્થિતિમાં પણ જ્યારે સ્વામીશ્રીની વિશિષ્ટતા ઝળકી ઊઠે છે ત્યારે આપણું હૃદય અવાક્ બની જાય.

આજના પંચવિષય પ્રચૂર વાતાવરણમાં વ્રત-ઉપવાસ ને દેહદમનની ભાવના જ્યાં હાંસીપાત્ર ગણાય છે ત્યાં સ્વામીશ્રીના વચને હજારો યુવાનો ને બાળકો નિર્જળા ઉપવાસો કરે એ વર્તમાન યુગનો એક અદ્‌ભુત ચમત્કાર હતો. ભગવાન પ્રગટ છે એનો પ્રતીતિકર અનુભવ હતો. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં પણ કહ્યું : 'અહીં એક ઉપવાસ કરે, બદરિકાશ્રમમાં સો ઉપવાસ કરે ને શ્વેતદ્વીપમાં હજાર ઉપવાસ કરે તે બરાબર છે.'

પંચવિષય, જાતિ, સ્વભાવ અને દેહના ખંડનની વાતો તથા આત્મા-પરમાત્માના વિચારની વાતો તો સ્વામીશ્રી પાસે પ્રસંગોપાત્ત થતી જ હોય. દેહ-દમન ને આત્મવિચારના આ અભિનવ પ્રયોગથી, સ્વામીશ્રીએ યુવાસમાજમાં ક્રાંતિ આણી. ધર્મની જ્યાં છડે ચોક લાજ લેવાય છે, એવા સાંપ્રત સમાજમાં સ્વામીશ્રી હજારો યુવાનોમાં નીતિ-સદાચારનું ઘડતર, મૂંગે મોઢે, નિષ્ઠાપૂર્વક કરી રહ્યા હતા.

'લ્યો, બે કિલો બળ'

મોમ્બાસાના ભક્તરાજ મોહનલાલ ઓધવજીના દીકરા વાસુદેવભાઈ દેવાણી સ્વામીશ્રીનો સમાગમ કરવા અહીં આવ્યા હતા. તેઓ ઘણા આનંદી સ્વભાવના. સ્વામીશ્રી યુવકોને હંમેશાં ઉપવાસ આપતા. એક દિવસ સ્વામીશ્રીએ તેમને આજ્ઞા કરી : 'આવતીકાલે તમે નિર્જળા ઉપવાસ કરજો.'

તેમને પોતાના સ્થૂળ શરીરને કારણે ઉપવાસ કરવો આકરો લાગતો. તેમણે કહ્યું : 'બાપા ! ઉપવાસ ન થાય.'

'મહારાજ ને શાસ્ત્રીજી મહારાજને સંભારીને કરજો. થઈ જશે.' સ્વામીશ્રીએ આગ્રહ રાખ્યો.

'તો બાપા ! બે કિલો બળ આપો.' વાસુદેવભાઈ હસતાં હસતાં બોલી ગયા.

સ્વામીશ્રીએ પણ હસતાં હસતાં પ્રસન્ન થઈને ધબ્બો માર્યો ને બોલ્યા : 'લ્યો, બે કિલો બળ.'

ત્યારથી સ્વામીશ્રી ઘણા યુવકોને ઉપવાસ કરવાનો ધબ્બો મારીને 'બે કિલો બળ મળશે.' એમ આશીર્વાદ આપતા.

વાસુદેવભાઈ દક્ષિણ ભારતમાં ચલાકૂડીમાં અભ્યાસ કરતા તે દરમિયાન હૉસ્ટેલમાં રહેવા-જમવાનું થયું. અહીં ડુંગળી-લસણ દાળ-શાકમાં નંખાતાં. તેથી અહીં અભ્યાસ કરતા તેમના મિત્ર નિર્મળસિંહ રાણાને તેમણે કહ્યું : 'આપણે સત્સંગી, ડુંગળી-લસણ ન ખવાય.'

રાણા કહે : 'અહીં તો એવું જ ચાલે.'

પહેલા દિવસે તો તેમણે રોટલી ને સંભાર ખાઈને ચલાવી લીધું. પછી રસોઈયાને પોતાની મુશ્કેલી સમજાવી. આવી ધાર્મિક લાગણી સંતોષવા તે તરત સહમત થયો અને જણાવ્યું કે 'હું તમારી રસોઈ પહેલાં કાઢી લઈશ. પછી ડુંગળી-લસણનો ઉપયોગ કરીશ.'

આ રીતે દૂર દેશમાં પણ પોતાનો ધર્મ સાચવ્યો તે જાણી, સ્વામીશ્રી તેમના ઉપર હંમેશાં ખૂબ પ્રસન્નતા જણાવતા.

વાસુદેવભાઈની દૃઢતા હતી તો સ્વામીશ્રીએ તેમની ટેક સાચવી. પછી તો દર રવિવારે તેમણે હૉસ્ટેલમાં સત્સંગ સભા શરૂ કરી અને ઘણાને તેમનો ભાર પડી ગયો. નવા નવા મુમુક્ષુઓ સભાનો લાભ લેતા. સ્વામીશ્રીની પ્રેરણાથી યુવકોમાં આવું નૈતિક બળ રહેતું.

બ્રહ્માંડમાં એક જ ગુરુ ગુણાતીત !

તા. ૧૨મીએ મંગળ પ્રવચનમાં કહ્યું :

'ગુરુપણું ન જાય તે માટે સૌ મિથ્યા ગુરુઓ મંડ્યા છે. 'જાવ બચ્ચા ! તારું કામ થઈ ગયું.' આમ કહી એવા ગુરુ દોરા બાંધે. આપણે જેમ થાપો મારીએ છીએ, તેમ તે પણ માથે હાથ મૂકે. પણ આ બધું પૈસા લેવા સારુ કરે, બીજું કાંઈ નહીં.

'ગુરુ એક ગોવિંદ છે. બીજે માયાનો લાડવો છે. દંભી ગુરુ અને શિષ્યની બીક ન રાખશો. ભગવાનના ધારક ગુરુને વહેલા પકડી લો. આખા બ્રહ્માંડમાં એક જ ગુણાતીત છે.

'ગુરુને સામો ધાવ્યો હોય તે મહાકાળને ઉડાડી નાખે. મરીને ક્યાં જશું ? એવું તેના મનમા ન રહે.'

તા. ૧૩મીએ મંગળ પ્રવચન કરતાં કહે :

'દોઢસો વર્ષ પહેલાં નિષ્કુળાનંદ સ્વામીએ આ રસ પાયો છે. તે હજી તેનો એવો ને એવો જ સવાદ આવે છે. અહીં કેરીના રસમાં દવા નાખે છે. તે રસ એવો ને એવો જ રહે છે. ડબ્બા ભરી રાખે છે. મને એક વાર રસ ચખાડ્યો હતો. તે અસલ કેરીના રસ જેવો જ સવાદ આવે.'

આ સમયે એક ભાઈ ફોટો લેતા હતા. તેમણે બારી ખોલી. તેથી તડકો આવ્યો. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું :

'આંખોનાં પડળ ખૂલે તો જ્ઞાનનો તડકો આવી જાય.

'ભગવાન અને સંત મળે અને જીવ આંટી છોડીને તેમાં હેત કરે તો એકાંતિક થઈ જાય. આ નિર્ણય આપણને મહારાજ અને સ્વામીએ કરી દીધો છે. એવો પ્રેમ, એવી શ્રદ્ધા, ઉત્સાહ સેવામાં રાખવાં કે મહારાજ-સ્વામી સાક્ષાત્ રાજી થઈ જાય. મહારાજ પ્રગટ જ છે - એવો મહિમા સમજાય તો આનંદના ફુવારા છૂટે. આવો ભાવ થાય તે જ ભક્તિ છે.

'વચનમાં ટૂક ટૂક થઈ જવું. આ સંબંધ થયો છે તો 'અર્થં સાધયામિ વા દેહં પાતયામિ' કરી દેવું - અધૂરું ન રાખવું. શૂરવીરપણું રાખવું. એક સાધુ ત્રણ દી'એ ગ્રંથ પૂરો કરે. હરિસ્વરૂપદાસ ચાર કલાક જ સૂવે. ઘડી નવરાશ નહીં. દાળ-રોટલો જ ખાય. પાંચ દી'એ ઉપવાસ કરે. કોથળા ઉપર સૂઈ રહે. હાથનું ઓશીકું કરે. સ્વામી(શાસ્ત્રીજી મહારાજ)ને અને મોટા મોટા સંતોને મેં જોયેલા,

સમાગમ કરેલો. તે બધા એવા ને એવા ખુમારીવાળા. ગુણાતીતનો એકે શિષ્ય મોળો નહીં. રાત-દી' કથાવાર્તા. જૂનાગઢમાં રહે પણ ગિરનાર જોવા ન ચડે. ટેકરી ન ચડવા દે. તીર્થમાત્ર સ્વામીના સ્થાનમાં છે. પછી ક્યાં જવું ? આપણે તો કલ્યાણનો નિર્ણય થઈ ગયો છે. માટે બળમાં રહેવું.'

સભામાં આવી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ આગળ ઊભા રહી કહે : 'કાલે અહીં સમૈયો છે તે વરસાદ પાડતા નહીં. નહીં પાડો ને ? હા, નહીં પાડું જાવ.' એમ પોતે જ જવાબ આપ્યો. પછીના દિવસે જળઝીલણી ઉત્સવ આવતો હતો.

ચંદુલાલ પરીખ નામના અહીંના હરિભક્ત પોતાના જમાઈ નવનીતભાઈ શાહને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. તેને વ્યારાથી ખાસ દર્શને લાવેલા. તેમને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ પ્રથમ આદેશ આપ્યો કે વ્યારામાં સત્સંગ સભા શરૂ કરો. તેઓ કહે : 'સ્વામીજી ! વ્યારામાં કોઈ સત્સંગી નથી.'

હાથ ઊંચો કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'વ્યારામાં મોટું મંદિર કરવું છે.'

આમ, ભાવિનું લક્ષ્ય સ્વામીશ્રીએ બાંધી દીધું. જે સમય જતાં એમના સંકલ્પથી સાકાર પણ થયું. નવનીતભાઈ તો સ્વામીશ્રીની આ બધી ચેષ્ટા જોતા જ રહ્યા, પણ સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વ્યારામાં સત્સંગ તો શરૂ કરી જ દીધો.

ધર્મ-નિયમ નથી તે વિમુખ છે

કથા પ્રસંગમાં ગ.અં. ૮નું નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'કેટલાક ભગવાન અને સંતથી ઉદાસ થાય છે, તેને સત્પુરુષનો સંગ મળે તે ન ગમે. વિમુખનો સંગ કરે. વિમુખ શું ? ધર્મ-નિયમ ન પાળતો હોય તે વિમુખ. એવા ધર્મ-નિયમમાં નથી, તે સંસ્થાએ બહાર કાઢેલા વિમુખ છે. મહારાજ છતાંયે એમ જ હતું.

'મહારાજ અંતર્યામી હતા. તોય રોળાનંદ જેવાને કેમ સાધુ કર્યા હશે ? ધણી કહેવાય. ચાહે સો કરે. તેનો વાંક તો કઢાય જ નહીં. પણ એવા રોળાનંદ, નિર્વિકલ્પાનંદ જેવાનાં લક્ષણ સારાં નહીં. વૃત્તિ બગડેલી, નસીબ એવાં થઈ ગયાં તો સ્વામી(શાસ્ત્રીજી મહારાજ)ની સંસ્થા છોડીને નીકળી ગયા. દ્રોહ કર્યો.

'રોળાનંદને ગોલીટા દાવ રમવાનું કોણે કહ્યું ? મહારાજે. સાધુ કોણે બનાવ્યો ? મહારાજે. પછી સુરાખાચરને કહીને કઢાવી નાખ્યો. મહારાજનો અને સત્પુરુષનો સીધું કહેવાનો કાયદો નહીં. એમને ધીરજ કે ભગવાન ભેગો રહ્યો છે

તો શુદ્ધ થાય. પણ શીંગડિયા વછનાગનું સેવન કરે તો શુદ્ધ થાય ? તેવા અહીં રહે, ભગવાન ભેગા રહે તોય શુદ્ધ ન થાય. એવો ને એવો જ ઝેરી રહે. આસુરી-ભાવ બદલે જ નહીં. સત્પુરુષ દૈવીને શુદ્ધ કરે. બીજાને ક્યાં શુદ્ધ કરવા જાય ?'

અગાઉ કેટલાક સંતો ને હરિભક્તો સંસ્થામાંથી નીકળી ગયેલા તે અંગે સ્વામીશ્રી ઘણી વાર કથાવાર્તાના પ્રસંગમાં સુંદર સ્પષ્ટતા કરતા ને પોતાનો અભિપ્રાય તેમજ મહારાજ ને ગુણાતીત સંતની રીતિ સમજાવી દેતા. જીવને અનેક રીતે નભાવી લેતા. સ્વામીશ્રી એક વાતમાં બાંધછોડ નથી કરતા તે આજે તેમણે સ્પષ્ટ જણાવ્યું કે 'જે ધર્મ-નિયમ નથી પાળતો, તે વિમુખ થાય છે.' વળી, સ્વામીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે 'ધર્મ-નિયમની શિથિલતાને કારણે સંસ્થાએ જેને દૂર કર્યા છે તે વિમુખ જાણવા ને તેનો કદાપિ સંગ ન કરવો.'

સાથે બીજી પણ એક સ્પષ્ટતા કરી. ઘણી વાર એવો પ્રશ્ન થાય કે આવા સંસ્થા છોડીને જનારાને ભગવાન કે મોટાપુરુષ શા માટે દીક્ષા આપતા હશે ? તે સમજાવતાં પણ સ્વામીશ્રીએ કહ્યું કે 'મહારાજે રોળાનંદ, નિર્વિકલ્પાનંદને દીક્ષા આપી હતી. ધણી ચાહે તે કરે. તેમાં મનુષ્યભાવ કલ્પાય નહિ. ભગવાન કે મોટાપુરુષ તેને સીધો ઠપકારે નહિ. એ કાયદો નહિ. ધીરજ રાખે. પણ શીંગડિયા વછનાગને નિત્ય સાકરનું પાણી સિંચ્યા કરીએ તોપણ તે ઝેર જ થાય. આસુરીભાવ બદલે જ નહિ. આસુરી જીવ હોય તે વિમુખ જ થાય. તે એવા હતા તે સ્વામીની સંસ્થા છોડી નીકળી ગયા ને દ્રોહ કર્યો.'

યોગી તારી દયાના મેઘ મંડાણા

આજે જળઝીલણી એકાદશી નિમિત્તે સ્વામીશ્રી તથા સર્વ સંત-હરિભક્તો ઠાકોરજીને જળ ઝિલાવવા સવારે ૧૧-૦૦ વાગે પાલવા બંદર, 'ગેટ વે ઑફ ઈન્ડિયા' પધાર્યા. સ્વામીશ્રીનું સુંદર આસન બનાવ્યું હતું.

સંતોના *'હરિ ગુણ ગાતાં...'* એ કીર્તન બાદ જયકર સાહેબના વિદ્યાર્થી-વૃન્દે બૅન્ડની સૂરાવલિઓથી વાતાવરણ મંગલમય બનાવ્યું. આઈત્યા સોમાએ હોડી તૈયાર રાખી હતી. સભામાં પ્રાસંગિક પ્રવચનો પછી મહંત સ્વામીએ સ્વામીશ્રીને આઈત્યા સોમાની બોટમાં બિરાજવા વિનંતી કરી, પણ છગનભાઈએ ના પાડી કે બોટમાં નહીં આવે.

ત્યારે સ્વામીશ્રી કહે : 'આ બધા કહે છે ને સૌનો ભાવ છે તો જઈએ.' એમ કહી બોટમાં સુંદર સોફામાં તૈયાર કરેલા આસન ઉપર ઠાકોરજી સાથે

બિરાજ્યા. આઈત્યા સોમાએ હારતોરાથી સ્વામીશ્રીનું પૂજન કર્યું. દૂર દૂર સુધી બોટ લઈ ગયા. સ્વામીએ સાથે બેઠેલા સંતો પાસે ધૂન કરાવી. સૌ આનંદવિભોર બની આ અદ્‌ભુત દર્શન-લહાણ લૂંટવા લાગ્યા.

અન્ય બોટમાં હરિભક્તોએ પણ જળવિહાર માણ્યો. ઠાકોરજીને પાંચ પ્રદક્ષિણા ફેરવી તથા પાંચ આરતી ઉતારી સમુદ્રમાં ગણપતિ વિસર્જન કર્યું. તેમજ ભાવથી ઠાકોરજીને સ્નાન પણ કરાવ્યું.

નૌકા સેનાની 'રણજિત' સ્ટીમરના કપ્તાન સ્વામીશ્રીનાં દર્શને ડેક પર આવ્યા. સ્વામીશ્રીએ તેમને અભયમુદ્રા કરી, દૂરથી આશિષ આપ્યા. યોગેશ્વર સ્વામીએ ગાતરિયું પલાળી દરિયાનું પાણી સ્વામીશ્રીને આપ્યું, તે સૌને માથે છાંટ્યું. પછી સભામંડપ(ગેટ)માં પધાર્યા. સ્વામીની બે વાત : 'કરોડ કામ' તથા 'ચાર વાતમાં સુખ' બોલી સ્વામીશ્રીએ વાત કરી : 'આ સમૈયો કરવા દર વરસે ૨૫ સંતોએ અહીં આવવું. હું હોઉં કે ન હોઉં, પણ અહીં સમૈયો કરવો. મંદિરે પણ સાંજે કરવો. આશીર્વાદ આપવામાં આવે છે કે બધા તને-મને-ધને સુખી થશે. શાસ્ત્રીજી મહારાજના પરમ આશીર્વાદ છે. યુરોપ, અમેરિકા, લંડન, જાપાનના દરિયાનું કલ્યાણ થઈ ગયું. કેમ ? કે અહીં સમૈયો થયો. દેશદેશના ભક્તો દરિયામાં ફરે છે. તેનું કલ્યાણ... દરિયો બધે જ છે, તેથી બધાને - જાપાન, અમેરિકાને આશીર્વાદ. હવે સિદ્ધાંત. ત્રણ ગુણથી પર બ્રહ્મરૂપ થઈ ભગવાનને ધારવા તેવા આશીર્વાદ છે.'

સ્વામીશ્રી ૨-૨૦ વાગે અહીંથી નીકળી સ્વામી મુક્તજીવનદાસના મંદિરે પધાર્યા. દર્શન કરી, દાદર મંદિરે આવ્યા.

રાતે પણ મહંત સ્વામી તથા સંતોએ મંદિરમાં કૃત્રિમ સરોવરનું દશ્ય સર્જી હોડીઓમાં ઠાકોરજી અને સ્વામીશ્રીની મૂર્તિ મૂકી હતી તે જોવા પધાર્યા. ઘણી વાર સુધી મોટર વડે ચાલતી એ હોડીઓની રમત જોતાં ખુરશીમાં બેસી રહ્યા. જ્યારે હોડી પરસ્પર ભટકાય કે દીવાદાંડી સાથે ભટકાય ત્યારે એકદમ હસી પડે અને લટકું કરી સ્મૃતિ આપે. આમ, ખૂબ આનંદ કરાવી, સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

પ્રેમ ને નેમના રખવાળા

દાજી બાપુના પૌત્ર નિર્મળસિંહ રાણા દક્ષિણ ભારતમાં ચલાકૂડીમાં અભ્યાસ કરતા હતા. વૅકેશન પૂરું થતાં કૉલેજમાં જતાં પહેલાં સ્વામીશ્રીનાં

દર્શન કરવાં અને આશીર્વાદ મેળવવા તેઓ દાદર મંદિરે આવ્યા.

સ્વામીશ્રીએ તેમને દક્ષિણ ભારતમાં સત્સંગ વધારવાના આશીર્વાદ આપ્યા અને રસ્તામાં જમવા બાબત પૂછ્યું.

'ટ્રેનમાં ડાઈનીંગ કાર હોય છે. તેથી જમી લઉં છું.' નિર્મળસિંહે પ્રત્યુત્તર આપ્યો.

'ઘરેથી ભાતું બાંધી નથી લાવતા ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

આ પ્રશ્ન સાંભળી ઘડીભર તેઓ વિસ્મિત બની ગયા. તેમણે કહ્યું : 'બાપા ! રસ્તામાં ઉધરસ થાય છે. તેથી તેલમાં તળેલું ખાતો નથી. ડાઈનીંગ કારમાં ગરમ ગરમ જમવાનું મળી જાય છે.' એ વાત ત્યાં પૂરી થઈ.

સાંજની સભામાં હર્ષદભાઈ પ્રવચન કરતા હતા. તેમને સ્વામીશ્રીએ કહ્યું : 'આપણા બાપુ દક્ષિણ ભારત ભણવા જાય છે. ઠેઠ બે દિવસે પહોંચશે. તેમના આભાર માટે બે શબ્દ બોલો !'

આમાં શું આભાર માનવાનો હતો ! અને તે પણ આવા મોટા મોટા હરિભક્તોની સભામાં સ્વામીશ્રી તથા મોટેરા સંતો બિરાજતા હોય અને હર્ષદભાઈ જેવા વડીલ હરિભક્તો આભાર માની વિદાયમાન આપે. તેથી નિર્મળસિંહને ખૂબ જ ક્ષોભ થયો.

પછી સ્વામીશ્રીએ તેમને ફૂલહાર કરીને ચાંદલો કર્યો. પિનાકીન બ્રહ્મભટ્ટને કહે : 'તમે રાત્રે ૯-૦૦ વાગે ટ્રેન ઊપડે છે, તેમાં બાપુને મૂકવા જજો.'

રાત્રે જતાં પહેલાં સ્વામીશ્રી ઊભા થઈને તેમને ભેટ્યા. પછી કહે : 'ત્યાગવલ્લભ સ્વામીને મળતા જજો.'

તેઓ નીચે રસોડામાં ત્યાગવલ્લભ સ્વામીને મળવા ગયા. તેઓ મોટું બૉક્સ લાવ્યા : 'તમને તેલમાં તળેલું ફાવતું નથી, તેથી ચોખ્ખા ઘીમાં પૂરી તથા ચોખ્ખા ઘીમાં શાક બનાવ્યું છે !' એમ કહીને તેમણે બાપુના હાથમાં ભાતું આપ્યું ! નિર્મળસિંહ માટેની આ સૂચના સવારે જ ત્યાગવલ્લભ સ્વામીને સ્વામીશ્રીએ આપી દીધી હતી !

એક માતા પોતાના પુત્ર પર જે વાત્સલ્ય ન વરસાવી શકે, જે મમતા આપી ન શકે, તેવો પ્રેમ આપીને સ્વામીશ્રીએ તેમના પ્રેમ-નેમની રક્ષા કરી !

ગુણાતીત ! ડોન્ટ ડોઝ !

વળી, એક વાર સ્વામીશ્રી 'અંગ્રેજીનો પાઠ ભણાવો' એમ આગ્રહ કરવા

લાગ્યા. ત્યારે પિનાકીન કહે : 'બાપા ! સભામાં ગુણાતીત ઝોલાં ખાય છે ને, તો તેને અંગ્રેજીમાં એમ કહેવું હોય તો કહેવું : 'ગુણાતીત ! ડોન્ટ ડોઝ !'

આ પાઠ શીખ્યા ત્યારે નાના બાળકની જેમ એટલા રાજી થયા કે ગમ્મતમાં આવી ગયા અને કહે : 'ઈ મજા આવશે. આજે રાત્રે 'ગુણાતીત, ડોન્ટ ડોઝ' એમ કહીશું. તમે મારી બાજુમાં બેસજો. એટલે સભામાં અંગ્રેજી બોલશું.'

પછી રાત્રે સભામાં પધાર્યા. સ્વામીશ્રીએ પ્રવચન કર્યું. સમય થઈ ગયો એટલે પૂરું કર્યું. ત્યાં બાજુમાં બેઠેલા પિનાકીને યાદ કરાવ્યું : 'બાપા ! અંગ્રેજીમાં બોલવાનું તો રહી ગયું.'

એટલે સ્વામીશ્રી એકદમ હસી પડ્યા. ને કહે : 'હા માળું, ભૂલી જ ગયા. લાવો, સંચો (માઇક) પાસે લાવો. અમે અંગ્રેજી ભણ્યા છીએ તે બોલવાનું છે. એમ કહી, 'આઈ એમ શ્રીજીમહારાજ' - એમ શાસ્ત્રીજી મહારાજ સુધી ક્રમમાં બોલી ગયા. ને છેલ્લે એકદમ મોટેથી - તાણીને બોલ્યા : 'એ...ય ગુણાતીત ! ડોન્ટ ડો...ઝ...'

આખી સભા હાસ્યના હિલોળે ચડી. થોડી વારે બધાને ખબર પડી કે સભામાં ગુણાતીતચરણ તો છે જ નહીં !

જીવનું જીવન

મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ સુંદર વાતો કરી :

'અનાજનું જીવન વરસાદ છે. વરસાદ ખૂબ પડે તો વધુ અનાજ પાકે. તેમ આપણું જીવન ભગવાન અને ભગવાનના સંત છે. તેમાં જો નિર્દોષબુદ્ધિ થાય તો અક્ષરધામમાં જ બેઠા છીએ. ચાર વાત જીવનું જીવન છે તે રાખવી. એક તો ઉપાસના, બીજી આજ્ઞા, ત્રીજી મોટા એકાંતિકમાં પ્રીતિ અને ચોથું ભગવદીમાં સુહૃદભાવ. ભગવદી કોણ ? તો જે આગળનાં ત્રણ વાનાં રાખે તે. સુહૃદપણું સર્વથી શ્રેષ્ઠ છે. જેને ઉપાસના, આજ્ઞા અને મોટા એકાંતિકમાં પ્રીતિ હોય, તેની સાથે મિત્રપણું રાખવું.

'રાજાનો કુંવર અને પ્રધાનપુત્ર બે ખરેખરા મિત્ર હતા. બન્ને બીજે ગામ જતા હતા. રાત્રે એક વડ નીચે સૂતા. બેમાંથી વારાફરતી જાગવું એવો નિર્ણય કર્યો. રાજાનો કુંવર સૂઈ ગયો. પ્રધાનનો પુત્ર ચોકી કરતો હતો ત્યાં એક કાળો નાગ આવ્યો. આણે તલવાર ઉગામી. નાગને વાચા થઈ : 'આ રાજકુંવર મારો પૂર્વનો વેરી છે. મારે તેના ગળાનું લોહી પીવું છે.' પ્રધાનપુત્રે કહ્યું : 'હું તને

ગળાનું લોહી દઉં છું, પછી ચાલ્યો જજે.'

'પ્રધાનના પુત્રે છરી કાઢીને રાજાના કુંવરના ગળા ઉપર થોડું કાણું પાડ્યું. કુંવર જાગી ગયો. તેણે થોડી આંખ ઉઘાડી જોયું તો પોતાનો જ મિત્ર ગળું કાપતો હતો. પાસે હીરામોતી-ઝવેરાત હતું તોય તે કંઈ બોલ્યો નહિ, પડ્યો રહ્યો. પ્રધાનના પુત્રે ગળામાંથી લોહી નીકળ્યું તે પડિયામાં લઈ નાગને પાયું. નાગ ચાલ્યો ગયો. પછી તેણે ત્યાં પાટો બાંધી દીધો.

સવાર પડ્યું. બન્ને ચાલ્યા. રાજાનો કુંવર પૂછતો નથી કે 'રાત્રે શા માટે મારું ગળું કાપ્યું ?' પ્રધાનના પુત્રથી ન રહેવાયું. તેણે રાજાના કુંવરને પૂછ્યું : 'તમે મને કેમ ગળું કાપ્યા બાબતનું પૂછતા નથી ?' રાજાનો કુંવર બોલ્યો : 'મને તમારા ઉપર પૂરો વિશ્વાસ છે કે મિત્ર કાંઈ ખોટું કરે નહિ. તેથી તમે જે કર્યું તે મારા સારા સારુ કર્યું હશે.' પછી પ્રધાનપુત્રે માંડીને બધી વાત કહી.

'આવું સુહૃદપણું જો ભગવાનના ભક્તમાં હોય તો સત્સંગમાં વૃદ્ધિ પામીએ. કોઈના ગુણદોષ જોવાથી તો આપણે પડી જઈએ. મોટાપુરુષમાં દિવ્યભાવ હોય તો ન પડીએ. મનુષ્યભાવ આવે તો પડી જઈએ. પરંતુ દિવ્યભાવ આવવો કઠણ છે. મોટાપુરુષ તો ખાતા હોય, પીતા હોય, તેમાં મનુષ્યભાવ આવી જાય. માટે ચાર વાત અવશ્ય રાખવી.

'આજ્ઞામાં ફેર પડે તોય સુખ ન થાય. મોટા એકાંતિકમાં પ્રીતિ કરવી અને ભગવદીમાં સુહૃદપણું રાખવું. તેમાં જો ફેર પડે તોય સુખ ન થાય. સ્વામીએ જીવના મોક્ષને અર્થે અનંત વાતું પ્રવર્તાવી. તેમાં આ સિદ્ધાંત મૂક્યો. ત્યાગાશ્રમમાં રહે કે ગૃહસ્થાશ્રમમાં રહે, પણ આ કરવાનું છે કે નિર્વાસનિક થાવું અને ભગવાનમાં જોડાવું. કોઈ જાતની વાસના રહેવા દેવી નહિ. માટે ચાર વાત જે જીવનું જીવન છે, તે અવશ્ય રાખવી.'

આ દર્શન જન્મજન્માંતર સાંભરશે !

રાત્રિસભામાં જાણીતા સાહિત્યકાર કરસનદાસ માણેક આવ્યા હતા. તેમણે પ્રવચન કરતાં કહ્યું : 'ગોવર્ધનરામે સરસ્વતીચંદ્રના ચોથા ભાગમાં સુંદરગિરિમાં સંતોનાં વર્ણન કર્યાં છે. જો તેઓ હોત તો હું યોગીજી મહારાજને બતાવત. 'સ પર્યગાત્... ઈશ' એવા આ પુરુષ છે. મેં પણ કવિતા લખી છે કે હજી ગુર્જરી સંતોથી ગાજે છે. તે સત્ય ઠરે છે. યોગવસિષ્ઠમાં કહેલું નિર્માનીપણાનું દર્શન તેમનામાં યથાર્થ લાગુ પડે છે. મને આ દર્શન થયાં છે તે

જન્મજન્માતર સાભરશે.'

તા. ૧૬મીએ સવારે મંગળ પ્રવચનમાં 'કલ્યાણ નિર્ણય'માંથી સ્વામીશ્રીએ નીચેનું પદ સ્વમુખે વાંચી નિરૂપ્યું :

'સાચેસાચું કહેશું હરિ રાખે તેમ રહેશું રે...
મળ્યા સો મોટલિયા થાય, પણ શેઠ ન કહેવાય રે...
શેઠ હોય ધનવાન, ઘેરે સુખના સામાન રે... ॥ ૩૦ ॥'

'આ કીર્તન અમે મોઢે કરેલું. મસાણના લાડવામાં એલચીની સુંગધ ન હોય. વીંછીનો વેપાર કરીએ તો આપણને જ ફટકાવે. ખરસાણીનું દૂધ ફર્સ્ટ ક્લાસ લાગે, પણ ખાય તૈંયે ગળું ઝાલે. કાર્બોલિક સાબુ ઘસીને ગંગાજીમાં ગધેડાને ખૂબ નવડાવે તોય તે ગધેડાની ગાય કંઈ થાય ? કેરી જાણીને આકોલિયા ખાય તો ગળું પકડે. સ્વામીએ કેવાં સરસ દૃષ્ટાંત મૂક્યાં છે ! ભગવાનને સાધ્યા તે સાધુ.'

અહીં આણંદના રાવજીભાઈ દૂધવાળાએ સ્વામીશ્રીના ફોટા ખરીદ્યા હતા. તે ફોટા ઉપર સહી કરાવવા આવ્યા ને કહ્યું : 'આ એક જ વાર સહી કરી દો.'

સ્વામીશ્રી કહે : 'ના.'

પછી આગ્રહ કર્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'જમ ખોરડાં ભાળી જાય. એ ન થાય.'

રાત્રે સ્નાન કરતી વખતે નાના સંતોએ કહ્યું : 'બાપા ! આપ તો અહીંથી ચાલ્યા. હવે ક્યારે પધારશો ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'હું તમારાં હૃદયમાંથી ક્યાં ગયો છું ? છું ને ? પાસે જ છું.'

ત્યારે એક યુવકે કહ્યું : 'બાપા ! પ્રત્યક્ષ દર્શનની તાણ રહે ને ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'હા. એ વાત ખરી છે.' એમ આનંદ કરાવ્યો.

❀ ❀ ❀



જૂનાગઢી સંત-પ્રણાલીના પરિપોષક

તા. ૧૮-૯-'૬૭, ૪-૦૦ વાગે સ્વામીશ્રી બહાર આવ્યા. કહે : 'ત્રણ વાગ્યાની ઊંઘ નથી આવતી.' પછી બધા સંતોને બોલાવડાવ્યા. વાત કરી :

'એવું મંડવું, 'અર્થં સાધયામિ...' તમ દ્વારે સત્સંગ વધારવો છે. શાસ્ત્રીજી મહારાજનું કામ છે. ઉપાડી જ લેવું. સંપ રાખજો. સંપ ત્યાં જંપ. હું કાલે જાવાનો. આજે ૩-૦૦ વાગે ઊઠ્યો, એક કલાક મહારાજને પ્રાર્થના કરી. હરિભક્તોને આવવા ન દેવા. બારણું બંધ કરી દ્યો.

'નિયમ આપી દેવા છે. દસ પ્રકારના નિયમ છે. શ્રીજીમહારાજના શરણે આવ્યા, તો શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે આટલું પાળવું. આઈટમ તમને બતાવી દઈએ. તે પ્રમાણે બધાએ પાળવું. મારે-તમારે બધાએ પાળવાનું છે.

'હોલાઉપાડ કરવાનો. પ્રમુખસ્વામી, મહંત સ્વામી, કોઠારીના કહ્યા પ્રમાણે કરવું.

'પંચમાં (પંગતમાં) જે થાતું હોય - ઉકાળા-પાણી તે પીવું. બીજે વખતે નહીં. અમે ૪૦ વરસ ઉકાળો પીધો જ નથી. તમે અત્યારે ખાટલો જુઓ છો તો તમે સમજો કે 'પહેલાંથી ખાટલે સૂતા હશે. પહેલેથી ગરમ પાણીએ નહાતા હશે.' એવું નથી. પહેલાં તો અમે ખૂબ ટાઢો પાણીનો કૂવો શોધીએ. તેનાથી નાહતા. તમને તો સામાન્ય નિયમ આપવા છે. અમે અપવાસને બીજે દી' ટાઢો રોટલો ખાતા. તોય શરીર હાલે છે. બગડ્યું નથી. એવું તો ન કરી શકાય, પણ સામાન્ય કરવું.'

પછી દરેક સંતને હાથમાં પાણી આપ્યું ને કહે : 'જીવનાં કલ્યાણ માટે છે.' પછી વાત કરી :

'કોઈની કૌપીન, ધોતિયું, પુસ્તક અડવું નહીં. સરપ પડ્યો છે એમ સમજવું. ધોતિયાં પોતાનાં વાળી લેવાં.

'કોઈનું ખાનું ફેંદવું નહીં. શાસ્ત્રીજી મહારાજના વચને નિયમ પળે ને બળ રહે.

'બીજા નામથી બોલાવી ખીજવવા નહીં. અપવાસ કરવો પડે. આ ખાસ મુદ્દો છે. જુદું જુદું નામ ન પાડવું. ક્રોધ ચડી જાય, મારામારી થાય.

'કોઈની ઠઠ્ઠા-મશ્કરી ન કરવી. હું વાત કરતો હોઉં (ગમ્મત) તેમાં તમારે પાછળથી પુષ્ટિ ન કરવી.

'સાધુતા શું ? સહન કરવું, કોઈનું વાંકું ન બોલવું.

'કોઈ સાથે ઝઘડવું નહીં. બારોબાર ઝઘડવું નહીં. ક્રોધ તો આવવા જ ન દેવો. વિરૂપ છે. બુદ્ધિ બગાડે...

'જે સેવા સોંપી તે કરવી જ. 'હું નહીં આવું,' એમ ન બોલે. નોકર ના પાડે છે ? વારા આવ્યા હોય તેમાં પહેલો નંબર રાખવો.

'ઉપવાસને બીજે દી' સમૂહમાં પારણાં કરવાં. રાતે ૩-૦૦ વાગે સૂકીભાજી ન કરવી. શરબતનું શું કરવું ? ૩-૩૦ પછી જ પીવાય. ત્રણ વાગે, બે વાગે, બાર વાગે ન પીવું. આશીર્વાદ છે. અપવાસ લાગશે જ નહીં.

'૧૨-૦૦ વાગે કોઈ ઉકાળા કરે તે ન કરવું. તૈયાર નાસ્તો કોઈ મોટેરા આપે. પોતાને હાથે ન લેવાય. આખો દી' મોઢું હલાવાય જ નહીં. (ખવાય જ નહીં). બીજે દી' અપવાસ કરવો હોય તે જ સાંજે ખાય. અમે તો રાતે કોઈ દી' જિંદગીમાંય ખાવા ગયા નથી. જૂનાગઢમાં ટાઢો રોટલો ને છાશ ખાતા. સમૂહમાં વાત હાલે છે. નોખું નોખું નહીં.

'આરતી, સભા બધામાં હાજર રહેવું. અગત્યનું કામ હોય તો રોકાવું. અમથું બેસી રહેવું નહીં. પાઠ લેતો હોય તેને છુટ્ટી. પાંચ જણ ઘંટડી ખખડાવે ને બીજા બેસી રહે તેમ નહીં. કોઈ માંદો હોય તો સેવા કરવી. નહીં તો મૂંઝાય ને વયો જાય. તે થાવા ન દેવું. રસોઈવાળા પાંચ ન આવે. બીજાએ રવિવારની સભામાં બેસી જાવું.

'અગિયાર લૂગડાં, એક પેન, એક સીસાપેન રાખવી. વધારે લૂગડું ન રખાય. ગૃહસ્થ ક્યાં અગિયાર રાખે છે ? ટોપી, ધોતિયું ને ઝબ્બો ! મેળાવીને જમવું. પત્તર વગર જમવું નહીં અને ન હોય તો ઉપવાસ કરવા; પણ વાસણમાં ન જમવું. સાધુએ પિત્તળનું પત્તર ન લેવું. દેશકાળે લેવું. પણ દસ દી' ન હલાવવું. પત્તર તૈયાર રાખવાં. એક પત્તર ૨૫ વરસ પોગે. અમે તુંબડી-પત્તર અને ઠાકોરજી ભેગાં જ રાખીએ. ખભે જ હોય. ગાડામાં ન મૂકીએ. બીજાને

અપાય નહીં. બે અંજલિ પાણી નાખવું. પત્તર પોતાના ખાનામાં જ મૂકવું. ઉઘાડું ન મુકાય. ઉંદર-ગરોળી ચરકી જાય. એ વિવેક છે.

'કોઠારી ને મહંત સ્વામી કહે તેમ કરવું. સૌથી મોટા પ્રમુખસ્વામી ! હેડ ! એમની આજ્ઞા પાળીએ તો વૃદ્ધિ પમાય.

'આંખ લાલ થાય, ક્રોધ આવે, તો જીવનું બગડે. જૂઠા આક્ષેપ કોઈ પર મૂકવા નહીં. મહાપાપ લાગે. મહાપૂજાના વારા આઠ દી'એ બદલવા. કામ ન હોય તેણે બેસવું. એ ખાસ આજ્ઞા છે. ૪-૩૦ વાગે ઊઠી જ જવું. ૧૧-૦૦ વાગે સૂઈ જવું. અમારા જૂનાગઢમાં તો સવારે હાથ જેવડી સાવરણી લે. કોઈ ૨-૦૦ વાગ્યા સુધી વાંચતો હોય તેને સૂવા દેવો.

'ફળિયામાં ડોશિયું હોય તો ન જાવું. ડોશિયું કાઢીને જાવું. મંદિર છે તે ડોશિયું બહુ આવે. બે સંતો બહાર જાય તો હારે હાલવું. એક આગળ જાય ને એકની આડી વાડ આવે ને ઓછો પડે (દેખાય નહીં) તો ઉપવાસ કરવો પડે. માટે ભેગા હાલવું. નોખા નહીં.

'ફક્ત પાંચ જણે જમવા ન જવાય. બધાને સાથે જમાડે. (પાંચ જણા ભેગા મળીને જઈ આવે તેવો) જૂનાગઢમાં રિવાજ જ નહીં. સારા વ્યવહારવાળો બધાને જમાડે. ગરીબ (પાંચ જણાને) લઈ જાય તો વાંધો નહીં.

'હું આવું ત્યાં સુધી ફેરફાર ન કરવો. પોલ હોય તેને ન ફાવે. નહીં પાળો તો ફરી આવીશ નહીં.

'ત્રણ મોટેરા. કોઠારી, મહંત સ્વામી, સ્વયંપ્રકાશ. ને સૌના મોટેરા પ્રમુખસ્વામી. તે કહે તેમ કરવું.

'અંતઃકરણપૂર્વક રાજીપો તમારા ઉપર છે. શાસ્ત્રીજી મહારાજના ચારે હાથ છે. દોષ ટાળી દેશે. નિર્દોષ કરી દેશે. સંપ્રદાય-સંસ્થા છે તેની બહાર ન જાવું. સંસ્થા શાસ્ત્રીજી મહારાજની છે. તેમાં રહેવું. સંસ્થા મૂકી બીજે ભળવાનો સંકલ્પ ન કરવો. મંડળના સંત હોય ત્યાં જ રહેવું. કોઈની સામું જોવું નહીં. વાત સાંભળવી નહીં. સંસ્થામાં જે રહ્યા તેની સાથે જ સંબંધ રાખવો. અક્ષર-પુરુષોત્તમથી - સ્વામી શાસ્ત્રીજી મહારાજથી નોખા પડ્યા હોય તેને સમાચાર ન મોકલવા. તેની સાથે સંબંધ ન રાખવો. રહ્યા તેનો પક્ષ-સંબંધ રાખવો. જવાબ દેવો. સૌ વાડામાંથી નીકળી જાય તે ક્યાંથી હાલે ?

'મહંત સ્વામી ! આ વાતની પુષ્ટિ કરો. કોઈ ભાગી જાય નહીં, મૂંઝાય નહીં, જીવ બાંધી દેવો.

'સિદ્ધાંત શું ? જે નોખો પડી ગ્યો તેમનો ગુણ જ લેવો નહીં.

'કોઠારી ! વાત કરો. સ્વયંપ્રકાશ ! વાત કરો. ભણે છે તેણે અભ્યાસ કરવો. પાઠ લેવો. સૂઈ ન રહેવું. એ નિયમ ગણવો.

'સપનાનો ઉપવાસ ધડ કરી દેવો. સંકેલવું નહીં. મહારાજની આજ્ઞા છે.

'ગૃહસ્થ પાસે બારોબાર ન મગાવાય. એ ખાસ નિયમ. પંગતમાં 'હરે' થાય તો પહોંચી જાવું. બારથી એકમાં જમે. પછી તાળું. પછી ૪-૦૦ વાગે. એવી અમારા જૂનાગઢની રીત.

'હરિભક્તની રાખરખાવટ કરવી. દાતણ-ઊનું પાણી દેવું. વ્યવહાર સારો હશે તો ગુણ લઈને જાશે. ખાનગી ખવાય નહીં. અપવાસને દિવસે દી'એ સૂવું નહીં.

'કોઈ હરિભક્ત આપણને કહી જાય નહીં. ને કહે તો ખમવું. શાસ્ત્રીજી મહારાજના વખતમાં હરિભક્ત સાધુ સામું બોલી ન શકે. આજે પૂનમ છે. શુભ દિવસ. ચડતો પો'ર છે. ઉપવાસ છે.

'જાણપણાને દરવાજે રહેવું. ઘર ભેગો થાય તેવી અવળી સલાહ ન દેવી. બારોબાર જાય તેમ ન કરવું. તે મહાપાપ છે. સત્સગમા - આવવાનું કરવું. સવાયું કામ કરવું. મોળું નહીં. દરેકે રસોઈ, સંગીત, કથા શીખી લેવી. શહેરમાં બનતાં સુધી જવું નહીં, ને જવું તો પૂછીને જવું.

'હવે કોઈને કાંઈ પૂછવું હોય તો પૂછો. બળ રાખજો, આશીર્વાદ છે...' સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી સંતોને પ્રેરણા આપી.

રૂંવાડે રૂંવાડે શક્તિનાં કિરણો

સવારે ૧૦-૩૦ વાગે કાશિકાનંદજી તથા સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ સંત અમરદાસ આવ્યા. કાશિકાનંદજીએ હિંદીમાં સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા : 'સ્વામીશ્રીનાં રૂંવાડે રૂંવાડેથી શક્તિનાં કિરણો નીકળે છે. તે આપણાં હૃદયમાં આવે છે. ને શાંતિ અનુભવાય છે.'

સ્વામીશ્રી ૧૧-૩૦ વાગે થાળમાં પધાર્યા. સાંજે ૪-૦૦ વાગે પાંડુરંગ આઠવલેજી તથા અભયચંદ ગાંધી આવ્યા. શાસ્ત્રી પાંડુરંગ આઠવલેજીએ પ્રવચન કરતાં કહ્યું : 'યોગીજી મહારાજની આજુબાજુ ભગવાન છે. આજે હું તેમના પગમાં બેઠો છું. સંત પૂજ્યે ભગવાન પૂજાઈ ગયા.'

અંતે સ્વામીશ્રી આંખો બંધ કરી, ધીરગંભીર સ્વરમાં હૈયું કોરાઈ જાય

તેવી હલકથી 'દુર્લભમાં દુર્લભ...' 'ચાર વાતમાં...' 'સત્સંગમાં એમ વાત...' 'એક દિવસ સ્વામી...' 'પ્રહ્‌લાદજી...' એ સ્વામીની વાતો બોલ્યા.

સાંજે જૂના મંદિરે દર્શન-પ્રદક્ષિણા કરી, 'સ્વામીની વાતું' બોલી, ત્રણ પધરામણી બાદ ૮-૦૦ વાગે મંદિરે પધાર્યા. અહીંથી અટલાદરા આવી પહોંચ્યા.

અટલાદરાથી તા. ૨૦મીએ સાંજે ૫-૦૦ વાગે ઠાકોરજીનાં દર્શન કરી, અમદાવાદ જવા વિદાય લીધી.

માર્ગમાં પ્રથમ વિદ્યાનગર છાત્રાલયમાં પધાર્યા. ત્યાં મંદિરમાં સભા થઈ. મંદિરમાં સ્વામીશ્રીએ યુવકોને વાતો કરી ખૂબ આનંદ કરાવ્યો. યુવકોએ 'જ્ઞાનદીપ' નામનું હસ્તલિખિત ત્રિમાસિક પ્રગટ કરેલ તે માટે સહુને ધન્યવાદ આપ્યા.

અહીં નકુરુના રાવજીભાઈના પુત્ર રાજુભાઈ છાત્રાલયમાં ભણવા રહ્યા હતા. થોડા જ વખતમાં તેઓ છાત્રાલયમાં મંત્રી બન્યા. તે પહેલાં તેમને ખાસ સત્સંગ નહિ. પરંતુ ભાઈકાકાના ભાણેજ વિઠ્ઠલભાઈ તેમના કાકા થાય. તેમણે તેમને સ્વામીશ્રીનો યોગ કરાવ્યો હતો.

તે વખતે મણિભાઈ છાત્રાલયના ગૃહપતિ હતા. રાજુભાઈની સેવાની ધગશ અને સુંદર કાર્યશક્તિ જોઈને તેઓ પ્રભાવિત થયા. અને તેઓ સ્વામીશ્રીનાં દર્શને જ્યાં જ્યાં જતા ત્યાં રાજુભાઈને પોતાની સાથે લઈ જતા.

એક વખત સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપતાં પૂછ્યું : 'ગુરુ ! સાધુ થશો ?' આ શબ્દો તેમના અંતરમાં આરપાર ઊતરી ગયા અને એક જ વચનમાં નિર્ણય કર્યો કે સાધુ થવું.[૧૭] આવા ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળા મુમુક્ષુઓ બહુ ઓછા હોય !

બોચાસણના કોઠારી ભક્તિવલ્લભ સ્વામીની તબિયત જોવા સ્વામીશ્રી આણંદ ગયા અને સ્વહસ્તે જળપાન કરાવ્યું. ધૂન કરી પ્રાર્થના કરી. નડિયાદ તથા ડભાણ સ્થાનિક હરિભક્તોને દર્શન આપી રાત્રે ૧૦-૦૦ વાગે સ્વામીશ્રી અમદાવાદ આવી પહોંચ્યા.

તા. ૨૧મીએ સવારે સેંકડો હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

---

૧૭. એ પછી અભ્યાસ પૂરો કરી તેઓ મિકેનીકલ એન્જિનિયર થયા. અમેરિકા જવાની તેમની ઇચ્છા હતી. સાથે સ્વામીશ્રીએ કરેલી આજ્ઞાનું અનુસંધાન પણ તેમને હતું. સ્વામીશ્રી તો ધામમાં ગયા હતા. પછી પ્રમુખસ્વામી મહારાજના હસ્તે દીક્ષા લઈ ત્યાગી થયા અને ભક્તવત્સલ સ્વામી નામાભિધાન થયું.

અન્ય પ્રતિષ્ઠિત નાગરિકો, ડૉક્ટરો, વકીલો તથા પ્રેમજીભાઈ, જેરામભાઈ, બાબુભાઈ જશભાઈ તથા માધવલાલ શાહ વગેરે પ્રધાનો પણ ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

અહીંથી વિદાય લઈ, ધંધુકા કપાસના જિનમાં સ્નાનાદિક ક્રિયા કરી, રાત્રે ૧૦-૦૦ વાગે સારંગપુર પધાર્યા.

વળતે દિવસે બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની શ્રાદ્ધતિથિ હોવાથી સંતસ્વામી, પ્રમુખસ્વામી, હકાભાઈ ખાચર તથા મોહનભાઈ બગડે શાસ્ત્રીજી મહારાજનો મહિમા સમજાવી સહુને લાભ આપ્યો. સાંજે સમાધિ સ્થાને દર્શન કરવા પધાર્યા અને વરસાદ માટે ધૂન કરી. આ પ્રસંગે બોટાદ, ભાવનગર, નિંગાળા, ખસતા, ખડોલ, અડવાળ, વાગડ, મોજીદડ, લીંબડી, વઢવાણ, ધંધુકા, ઝમરાળા વગેરે ગામોમાંથી હરિભક્તો આવ્યા હતા.

સાત દરિયાથી અધિક સ્થાન

તા. ૨૪મીએ સાંજે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સમક્ષ બેસીને વરસાદ માટે સતત એક કલાક સુધી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન સ્વામીશ્રીએ સંતો-હરિભક્તો સાથે મળી કરી હતી. પછી શંખલી કુંડ પધારીને ત્યાં સભા કરી. આ પ્રસાદીના કુંડનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આ કુંડ મહાપ્રસાદીનો છે. અમારું જૂનું સ્થાન. બબ્બે મહિના રહેલા અને સવારના ૪-૦૦ વાગે નાહવા આવતા. ધૂબકા ન મારીએ પણ લોટે લોટે નાહીએ. સાંજના કુબેરભાઈ સાથે આવતા. તે વખતે આ વંડો નહીં. દિશાએ દૂર દૂર જતા. નાહીને અહીં બેસતા. કુબેરભાઈ સાથે શાસ્ત્રીજી મહારાજના મહિમાની ગોષ્ઠિ કરતા. બહુ આનંદ આવતો. મહારાજના વખતમાં ભાડીઓ કૂવો હતો. આજે શંખલી નામ છે. અહીં મહારાજ અને પરમહંસોએ અનેક વાર સ્નાન કરેલું, એવું જાણીને શાસ્ત્રીજી મહારાજે ભાવનગરવાળા પાસે ધ્રાંગધ્રાથી પથ્થરો મંગાવી કુંડ સુશોભિત કરાવ્યો. પહેલાં સાંકળ રાખતા. પડીને સાંકળ ઝાલીને નાહતા. સાંકળ કાઢી લીધી. આનો મહિમા સમજાય તો આનંદ થાય, નહીં તો કાંઈ નહીં.'

પછી મુંબઈવાળા જાડેજાને સંબોધીને કહે : 'જાડેજા સાહેબ ! આ મહાન તીર્થ છે. લ્યો ! આપ પધાર્યા તો દર્શન થીયાં. લ્યો માથે પાણી.' એમ કહી પ્રસાદીનું પાણી માથે ચડાવ્યું.

પછી કહે : 'આવું પાણી દુનિયામાં નહિ મળે. આવું સુંદર સ્થાન ન મળે. સાત દરિયા ભેગા થાય પણ આવી મજા ન આવે. આ શાંતિનું સ્થાન ગણાય છે.'

આમ, સ્વામીશ્રી શ્રીજીમહારાજના સંબંધવાળાં અને શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળાં પ્રસાદી સ્થાનોનો ખૂબ જ મહિમા વારંવાર સમજાવતા. અને એ રીતે સહુને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સહજાનંદ સ્વામીનું પરપણું સમજાવી સહુને એમની ભક્તિમાં પ્રેરતા.

ગઢપુરના હરિભક્તોને બે દિવસ દર્શન-સમાગમનું સુખ આપીને સ્વામીશ્રી તા. ૨૭મીએ સાંજે ૪-૩૦ વાગે બોટાદ પધાર્યા. બોટાદ સ્ટેશનમાં સ્થાનિક તેમજ આજુબાજુના હરિભક્તોને દોઢ કલાક રોકાઈને દર્શન તથા અમૃત વાણીનો લાભ આપ્યો હતો. અહીંથી ૬-૦૦ વાગે ઊપડતી લોકલ ટ્રેનમાં લીંબડી પધારતા માર્ગમાં રાણપુર, ચૂડા વગેરે સ્ટેશનોએ આજુબાજુનાં ગામોના ઘણા મુમુક્ષુઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

સ્વામીશ્રી રામજીભાઈને ત્યાં ઉતારે પધારીને સ્નાનાદિક ક્રિયાથી પરવારીને આજુબાજુનાં ગામોમાંથી આવેલા હરિભક્તોને મળ્યા.

આરામમાં કે મૂર્તિમાં !

બીજે દિવસે સવારે ૮-૩૦ વાગે સ્વામીશ્રીએ નવા મંદિરે દર્શન કરી, બાઈઓના મંદિરમાં ખૂબ જ ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠિા કરી.

પછી ચોકી, પાંદડી, ભૃગુપુર, કારોલ તથા નવાગામ થઈ, તા. ૧-૧૦-'૬૭ના સાંજે સ્વામીશ્રી મોજીદડ આવ્યા.

મંદિરે આરતી સુધી રોકાયા. મૂળજીભાઈ મિસ્ત્રીને ઘરે ઉતારે પધાર્યા. થોડી વાર આરામ કર્યો. પછી સ્વામીશ્રીએ એક યુવકને પૂછ્યું : 'ઠાકોરજી અહીં છે ? કે ક્યાં છે ? જાવ સંતોને પૂછી આવો.'

તે પૂછીને આવ્યો ને કહ્યું : 'રૂમમાં ઠાકોરજી છે.'

એટલે સ્વામીશ્રી કહે : 'ઠાકોરજીને અંધારામાં ન રખાય.' એટલે નિરંજન સ્વામી બહાર લઈ ગયા.

વળી, થોડી વારે સ્વામીશ્રી પેલા યુવકને કહે : 'ઠાકોરજીને પાણી પાયું કે નહિ, તે પૂછી લાવો.'

એટલે તે યુવક પૂછી આવ્યો ને કહે : 'હા, પાણી પાયું છે.'

એટલે સ્વામીશ્રી કહે : 'ઠાકોરજી (હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ) ક્યાં છે ?'

'બહાર સિંહાસનમાં છે.'

'ઘીનો દીવો મૂક્યો છે ?'

'ના, લાઈટ છે.'

'જાવ, ઠાકોરજી પાસે ઘીનો દીવો મૂકવો જોઈએ. વીજળીનો દીવો ન ચાલે.' એમ પળે પળે પોતાની ઇષ્ટ મૂર્તિની સેવામાં નાની નાની બાબતની પણ સ્વામીશ્રી સંભાળ રાખતા.

બીજે દિવસે ગુરુ ગણેશ ભક્તની દેરીએ શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં.

તા. ૩જીએ અમાવાસ્યાનો સમૈયો શ્રીહરિના પ્રસાદીભૂત નારાયણ ધરે સ્નાન-કથાવાર્તા કરી ઊજવ્યો. આજુબાજુના ૧,૫૦૦થી વધુ ભક્તોએ સમાગમનો લાભ લીધો. મૂળી મંદિરના સંતો પણ હાજર રહ્યા હતા.

વળતે દિવસે બપોરે સ્વામીશ્રી ઊઠ્યા ત્યારે સમાચાર મળ્યા કે 'કોઠારી ભક્તિવલ્લભદાસ ધામમાં ગયા છે.'

સ્વામીશ્રી આ સાંભળી તરત જ ઠાકોરજી પાસે પધાર્યા અને દંડવત્ કરતાં કરતાં બોલ્યા : 'કોઠારી ભક્તિવલ્લભ સ્વામી માંદા હતા ત્યારે સૌ કહે : 'ધામમાં લઈ જાવ, ધામમાં લઈ જાવ.' પણ જંગમ તીરથ હતા. તો તેમની સેવા કરી લઈએ. એમ કોઈ ન કહે ને કોઠારીને દુઃખ ક્યાં લાગતું હતું ? દેહના ચૂરા કર્યા હતા. પૃથ્વીનું મંગલ ગયું.' એમ કોઠારી ભક્તિવલ્લભ સ્વામીના મહિમાની ઘણી વાત કરી, પછી ધૂન કરાવી.

એ યોગીનાં ચરણોની શીતળ છાંયલડીમાં

અહીં મુંબઈના બહુ જ મોટા ઇન્કમટેક્સ કન્સલ્ટન્ટ વિચક્ષણ સદ્‌ગૃહસ્થ શેઠ હીરાલાલ સોઢા સ્વામીશ્રીના આશીર્વાદ લેવા તથા દર્શને આવ્યા. તેઓ નેણસીભાઈ ગણાત્રા પાસેથી 'સ્વામીશ્રી મોજીદડ બિરાજે છે' તે જાણી, પ્લેનમાં રાજકોટ આવ્યા અને બીજે દિવસે મોટર રસ્તે લીંબડી થઈ, મોજીદડ આવવા નીકળ્યા, પણ રસ્તામાં ભૂલા પડ્યા. ડ્રાઈવર અજાણ્યો હતો. ભાદરવો મહિનો હતો અને હમણાં જ વરસાદ વરસી ગયો હતો. રસ્તામાં એક વોંકળા જેવું આવ્યું ત્યાં મોટર ફસાઈ ગઈ. આસપાસથી માણસો ભેગા કરીને ધક્કા મારીને મોટરને બહાર ધકેલી અને મોજીદડના રસ્તે ચઢાવી દીધી.

વચ્ચે નદી આવી. પણ તેમાં પાણી ઘણું હતું. મોટર આગળ લીધા વિના

છૂટકો ન હતો. ત્યાં નદીમાં મોટર ફસાઈ ગઈ. અહીં કોઈ માણસ મળે તેમ ન હતું. મોજીદડ પાસે જ હતું. પણ કેમ કરવું ? તેથી મૂંઝાયા.

એ જ વખતે એક માણસ ત્યાંથી નીકળ્યો. તેની સાથે સ્વામીશ્રીને ચિઠ્ઠી લખીને મોકલી. તેથી સ્વામીશ્રીએ એક મોટું ગાડું અને હરિભક્તોને મોકલ્યા. તે સૌએ મળીને મોટર બહાર કાઢીને બપોરે ૪-૦૦ વાગે તેઓ મોજીદડ પહોંચ્યા.

સ્વામીશ્રી આરામમાંથી ઊઠી ગયા હતા. ઠાકોરજીને જગાડ્યા. તે જ વખતે શેઠ હીરાલાલ સોઢા આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ બધા સમાચાર જાણી ખૂબ ચિંતા વ્યક્ત કરી. અને હીરાલાલભાઈ સોઢાના શરીરે હાથ ફેરવીને બોલ્યા : 'બહુ કષ્ટ પડ્યું. પણ હવે પહેલાં જમી લ્યો. પછી મળી લઈએ.'

સંતોએ બધી રસોઈ ગરમ કરીને તરત જમાડી દીધા. તેઓ સવારના ભૂખ્યા હતા. સ્વામીશ્રીએ એકાંતમાં મળીને તેમની વાત સાંભળીને ખૂબ જ આશીર્વાદ આપ્યા. તેમના અંતરમાં શાંતિ કરી દીધી.

પછી સ્વામીશ્રીએ રજા આપતાં કહ્યું : 'લ્યો, વાતું બોલી લઈએ, પછી જાવ.' એમ કહી 'દુર્લભમાં દુર્લભ ભગવાન' વગેરે વાતો બોલ્યા ને કહે :

'પૂર્વે ભગવાનની ઝાંખી કરવા મુમુક્ષુ હિમાલયમાં હાડ ગાળી નાખતા, પંચાગ્નિએ તાપતા અને વાયુ ભરખીને રહેતા. ઘર મૂકીને ગુફામાં રહેતા. ટાઢ-તડકો ને ભૂખ વેઠતા, પણ ભગવાનનાં દર્શન થતાં નહિ. પણ આપણને ક્યાં એવાં કષ્ટ પડ્યાં છે ? આજે આ દર્શન સુગમ છે.'

હીરાલાલ સોઢા આ વાત સાંભળીને અત્યંત રાજી થયા અને પોતાને જે કષ્ટ પડ્યું હતું તે ભુલાઈ ગયું અને બોલ્યા : 'બાપા ! તમને મળવામાં માર્ગમાં અમને કષ્ટ જેવું લાગ્યું તે પણ આપની સ્મૃતિ માટે જ હતું, એમ અમને સમજાય છે. હવે જીવનભર આપની સ્મૃતિ અમને રહેશે. પૂર્વે ભક્તોએ જે કષ્ટ વેઠ્યાં તે અમે વેઠ્યાં નથી; પણ આપ સુગમ થયા છો.' એમ ઘણો જ ગુણ આવ્યો. અને સ્વામીશ્રીની વાતનો મર્મ સમજી ગયા. સ્વામીશ્રીએ તેમને પ્રસાદી આપીને આશીર્વાદના ધબ્બા મારીને વિદાય આપી.

ઘણી વાર દૂર દૂરના ભક્તો સ્વામીશ્રીને મળવા દૂર દૂરના ખૂણાનાં ગામડાંઓમાં અનેક કષ્ટ વેઠી પહોંચી જતા. ત્યારે ખ્યાલ આવતો કે સ્વામીશ્રીનું આકર્ષણ લોકોને કેટલું બધું હતું !

તા. ૪થીએ મોજીદડથી નીકળી, સેજકપુર, લીંબડી, ખારવા થઈ, મોરબી જતાં આચાર્ય રાજેન્દ્રપ્રસાદજીના આમંત્રણને માન આપી, વઢવાણ મંદિરે દર્શન

કર્યાં. મંદિરના કોઠારીએ સ્વામીશ્રીને એક તુંબડી ભેટ આપી. સુરેન્દ્રનગર થઈ, રાત્રે ૯-૩૦ વાગે મોરબી આવી પહોંચ્યા. સ્થાનિક હરિભક્તોએ નજર બાગ આગળ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું.

પુણ્યનો ડુંગર થયો ત્યારે આ જોગ થયો

મોરબી નગરશેઠના વંશજ રમેશભાઈ પરીખ ને બાબાભાઈ પરીખની ઈચ્છા સ્વામીશ્રીને પોતાના બંગલામાં ઉતારવાની હતી. મહાત્મા ગાંધી પણ મોરબીના આ બંગલામાં ઊતરેલા. સ્થાનિક હરિભક્તોના સહકારથી સ્વામીશ્રીનો ઉતારો નગરશેઠની હવેલીમાં રાખવામાં આવ્યો.

વરસોથી રમેશભાઈના પૂર્વજો હવેલીના પાછળના ભાગમાં આવેલી તેમની ધર્મશાળામાં સાધુ-અભ્યાગતોને ઉતારો આપી. સીધું-સામગ્રી આપતા. તેઓ સ્વામીશ્રીને ત્યાં પગલાં કરવા માટે લઈ ગયા. સ્વામીશ્રી તેમના આતિથ્ય અને સેવા-ભાવનાથી અતિ પ્રસન્ન થઈ ગયા અને બધે ફૂલ છાંટ્યાં. રમેશભાઈ તથા બાબાભાઈ બન્ને ભાઈઓનો હાથ પકડ્યો અને સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'મોટો પુણ્યનો ડુંગર થયો, ત્યારે આપણો જોગ થઈ ગયો. હવે પાછા પહેલા જેવા દેશકાળ થઈ જશે. મૂંઝાશો નહીં.'

સ્વામીશ્રીના આ આશીર્વાદની બન્ને ભાઈઓ ઉપર બહુ ઊંડી અસર પડી. તેઓ ચુસ્ત વૈષ્ણવ હતા અને આ બંગલામાં મોટા મોટા સંતોનો ઉતારો થયેલો, પરંતુ સ્વામીશ્રી સાથે આ કુટુંબનો સંબંધ દૃઢ થઈ ગયો.

મોરબી નરેશના કારભારી, મહારાણી તરફથી દરબારમાં સ્વામીશ્રીને પધારવાનું આમંત્રણ લઈને આવ્યા હતા. ઉપરાંત શહેર સુધરાઈના પ્રમુખ મગનલાલ સોમૈયા, ચીફ ઑફિસર ઠાકોર સાહેબ, મોડપર દરબાર પ્રવીણસિંહજી, દુર્ગાશંકર વકીલ, જીવરાજભાઈ, ડૉ. પારેખ, ડૉ. ગણાત્રા, કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ ભટ્ટ વગેરે અગ્રણીઓ દર્શને આવ્યા હતા.

શાંતિસદનના આંગણે મોરબી શહેરના અધિકારીઓ, પ્રતિષ્ઠિતોનું સંમેલન હોય તેમ લાગતું હતું. અમીર અને ફકીરનો ભેદભાવ તે સમયે સૌ કોઈ ભૂલી ગયા.હતા. સૌ કોઈને એક જ અભિલાષા હતી, સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદ મેળવવાની ! અહીં પ્રમુખસ્વામીએ 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ કર્યું હતું. એક દિવસ વિશ્વશાંતિ યજ્ઞ કરવામાં આવ્યો હતો.

અહીં સ્વામીશ્રી સભામાં બિરાજમાન હતા ને સૌ યુવકોને વર્તમાન

ધરાવતા હતા. ત્યારે સભામાં છેક ઠાકોરજી સુધી એક સ્ત્રી આવી ગઈ. પાથરણું આસનને અડેલું હતું. સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, સંતસ્વામી, હરિપ્રકાશ સ્વામી આદિ ચાર સંતોને ઉપવાસ પડ્યો. સ્વામીશ્રીને ઉપવાસ ન કરવા ખૂબ આગ્રહ કર્યો, પરતુ સ્વામીશ્રી કહે : 'મારે ઉપવાસ કરવો જ છે. સવારે હું જમ્યો છું એટલે નાહીને સૂઈ જઈશ.' પછી સ્નાન કરવા પધાર્યા ત્યારે કહે : 'આજે તો મારે ઉપવાસ કરવો જ છે. આજ્ઞા પાળે તેના ઉપર મહારાજ બહુ રાજી થાય.'

પણ છેવટે સૌના ખૂબ જ આગ્રહથી બહુ દુ:ખી થતાં થોડું જમ્યા અને પોતાના વતી ઉપવાસ કરવા સંતો તથા યુવકોને આજ્ઞા કરી.

લાવો, તમારા હાથ માથે મૂકીએ

તા. ૬-૧૦-'૬૭, મોરબી. પ્રમુખસ્વામીની કથાથી ગામલોકોને ખૂબ સમાસ થતો હતો. સૌ પ્રેમથી કથાનો લાભ લેતા. સાથે ફરતા યુવકોને પણ પ્રમુખસ્વામીનાં વર્તન અને વાણીની ઊંડી અસર થતી અને એમની તરફ સદા ભક્તિનમ્ર વર્તતા.

અહીં એમના સેવકો દેવચરણ સ્વામી તથા પ્રગટ ભગત બંને બીમાર પડ્યા. તેથી પ્રમુખસ્વામીની સેવામાં કોઈ હતું નહીં. તેથી એક દિવસ સ્વામીશ્રી સાથે ફરતા યુવક શાંતિભાઈ પાટડિયાએ પ્રમુખસ્વામીનાં ધોતિયાં ધોઈને સૂકવી દીધાં.

પછી સ્વામીશ્રીની પૂજામાં પહોંચ્યા. રોજ કરતાં મોડું થયું હોવાથી સ્વામીશ્રીએ એમને ચાલુ પૂજાએ સાન કરી : 'કેમ મોડા ?'

શાંતિભાઈએ પૂજા પછી ફોટો પાડ્યો : 'બાપા ! પ્રમુખસ્વામીનાં ધોતિયાં ધોતો હતો.'

'અહોહો...' સ્વામીશ્રીના મુખમાંથી મહિમા સ્રવી પડ્યો : 'તમારાં મોટાં ભાગ્ય ! પ્રમુખસ્વામીની સેવા મળી ! સંસ્થાના ધણી, સ્વામીએ નીમેલા. તમારા હાથ પ્રસાદીના થયા. લાવો, માથે મૂકીએ...' સ્વામીશ્રી શાંતિભાઈનો હાથ પકડી માથે મૂકવાની ચેષ્ટા કરવા લાગ્યા, પણ તેમણે હાથ પાછો ખેંચી લીધો.

અહીં રાજમાતાનું આમંત્રણ સ્વીકારી સ્વામીશ્રીએ મોરબી મહારાજાના નવા મહેલમાં પધરામણી કરી દરબારગઢમાં પધાર્યા.

તા. ૮મીએ પારાયણની પૂર્ણાહુતિ પછી ભક્તોએ ભાવથી શોભાયાત્રા કાઢી. બીજે દિવસે જગજીવનભાઈને ત્યાં પધરામણી કરી, મોડપર પ્રવીણ-

સિંહજીને ત્યાં ઠાકોરજી જમાડી, રાજકોટ, ડાંગરા થઈ, ભાદરામાં નવા થતા મંદિરનું કામ નિહાળ્યું.

નરસિંહભાઈની હૂંડી સ્વીકારી

આ અરસામાં જામનગર આયુર્વેદ કૉલેજમાં ડૉ. નરસિંહભાઈ ચોટલિયા બી.એસ.એ.એમ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હતા. તેમની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી. અભ્યાસ માટે પુસ્તકો પણ પૂરતાં ન હતાં. તેથી હતાશા અને ચિંતા પણ ખૂબ જ રહ્યા કરતી. આ જ કારણે તેઓ બી.એસ.એ.એમ.ના પ્રથમ વર્ષમાં નાપાસ થયા. બીજી ટ્રાયલમાં પણ નાપાસ થયા. છેવટે અભ્યાસ છોડી દીધો.

બાપદાદાનો ધંધો કડિયાકામનો. પણ તેમનું શરીર બહુ જ નબળું તેથી કડિયાકામ - શ્રમનું કામ ન થઈ શકે. તેમના મનમાં થયું કે શાકભાજીની લારી ફેરવવી અથવા પાન-બીડીની દુકાન કરવી, કારણ કે વૈદ્ય-ડૉક્ટર થવાનું તેમનું સ્વપ્નું ધૂળમાં મળી ગયું હતું.

તેમને કોઈ કામ પ્રસંગે ભાદરા-ગુણાતીતનગર જવાનું થયું. ત્યાં ગયા પછી સહજ વિચાર એવો થયો કે ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાન પર યોગીજી મહારાજ મંદિર બનાવે છે, દર્શનેય થઈ જશે. ‘એક પંથ ને દો કાજ.’ તેઓ મંદિરે દર્શને આવ્યા. એ વખતે મંદિરના પાયા ગાળવાનું તેમજ જૂનાં મકાન તોડવાનું કામ ચાલતું હતું. તેમાં સેવા કરનારા માણસોની ઘણી જ જરૂર હતી. તેથી તેમને પ્રેરણા થઈ અને મંદિરની સેવામાં જોડાઈ ગયા. નબળું શરીર પણ ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાનના પ્રભાવથી તેઓ ચૂનાની ચક્કી પીસવી, ઈંટો સારવી, પાયા પૂરવા, કારીગરોને ચા-પાણી પાવાં, સંડાસ-બાથરૂમ સાફ કરવાં, ધર્મશાળાનું કમ્પાઉન્ડ વાળી સાફ કરવું વગેરે સેવામાં જ્યાં જરૂર પડે ત્યાં સંતોની આજ્ઞા પ્રમાણે સેવા કરતા. તે વખતે ત્યાંના સ્થાનિક યુવક કાર્યકરો ભીમજીભાઈ તથા વાલજીભાઈ (હાલ, સાધુ ધર્મતનયદાસ) સાથે મિત્રાચારી બંધાઈ.

સ્વામીશ્રી અહીં પધાર્યા. પણ બીજે દિવસે વહેલી સવારે નરસિંહભાઈ સ્વામીશ્રીની રૂમમાં દંડવત્ કરી ચરણસ્પર્શ કરવા માટે આવ્યા. સ્વામીશ્રીએ તેમના ઉપર દૃષ્ટિ કરી. તરત જ ગળામાં હાથ નાખીને પૂછ્યું : ‘ગુરુ ! ક્યાં રહેવું ?’

‘બાપા ! ભેંસદડ.’

'અહોહો, ભેંસદડ. દેવજી ભગતનું !' સ્વામીશ્રી બોલ્યા : 'દેવજી ભગત આવ્યા ?'

'બાપા ! આજે આવવાના છે.' તેમણે કહ્યું.

થોડી વારે સ્વામીશ્રીએ નામ-ઠામ જાણી તેમના નોકરી-ધંધા અંગે પૂછપરછ કરી. તેમણે બધી હકીકત સ્વામીશ્રીને કહી સંભળાવી.

સ્વામીશ્રીએ પ્રેમાળ સ્વરે કહ્યું : 'નરસિંહભાઈ ! તમે વૈદ થઈ જશો !' એમ કહી બાજુમાં બેઠેલા સ્ટેશન માસ્તર પ્રેમશંકરભાઈ દવેને કહે : 'કરો ધૂન' એમ બે મિનિટ ધૂન કરી. પછી બોલ્યા : 'સેવાનું ફળ ક્યાંય જતું નથી. ગુણાતીત સ્વામી થોડાનું ઝાઝું માની લે છે.

સ્વામીશ્રીનાં કૃપાવાક્યો નરસિંહભાઈનાં અંતરમાં કોતરાઈ ગયાં અને પગે લાગી સેવામાં જોડાઈ ગયા.[૧૮]

ધ્રોળ દરબારગઢમાં પધરામણી કરી. જાયવા હરિભક્તોને દર્શન આપીને, પડધરીમાં ભગવાનજીભાઈને ત્યાં સભા કરી, રાજકોટ થઈ, તા. ૧૧મીએ રાત્રે ૧૧-૩૦ વાગે ગોંડલ આવી પહોંચ્યા.

બીજે દિવસે રાજકોટમાં રેઈટર મિલનું તથા ઔદિચ્ય બોર્ડિંગનું ઉદ્ઘાટન કરી, રાત્રે ૧૨-૩૦ વાગે ગોંડલ આવ્યા.

'આપણે પણ એવું ગોઠવી દેવું

ગોંડલમાં એક વાર પ્રમોદભાઈ જોષી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તે વાત કરતાં કહે : 'બાપા ! ગામમાં સર્કસ આવ્યું છે. તેના માલિક કદમ સાહેબ કહે છે કે બરાબર ચાલતું નથી. મેં તેમને આપના આશીર્વાદની વાત કરીને કહ્યું છે કે યોગીજી મહારાજની પધરામણી કરાવો. તેમણે હા પાડી છે. માટે આપ પધારશો ?'

સ્વામીશ્રી આ વિશિષ્ટ આમંત્રણની વાત સાંભળી ખૂબ હસ્યા. ને પ્રમોદભાઈને કહે : 'મારો વા'લો બહુ બળિયો !' પછી બીજે દિવસે સવારે

૧૮. ૧૯૬૮માં એ.બી. જસાણી ટી.બી. હૉસ્પિટલ, કોઠારિયામાં પુરુષ નર્સ તરીકેની નોકરી મળી. અહીં તેમને બહોળો અનુભવ મળ્યો. ૧૯૭૫માં આયુર્વેદ વિદ્યાપીઠ, દિલ્હી અને ૧૯૭૯માં વિશ્વવિદ્યાલય પ્રયાગમાં આયુર્વેદ સ્નાતક થયા અને તેમને ગુજરાત રાજ્ય તરફથી રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનરની લાયકાત એનાયત કરવામાં આવી. આ રીતે સ્વામીશ્રીએ કેવળ કૃપાથી થોડી જ સેવા કરનારની મુશ્કેલી વિદારી. સ્વામીશ્રીએ તેમને સુખી જીવનનું દાન કરી દીધું.

જવા માટે વિચાર્યું.

સવારે છોટુભાઈ વકીલને કહી, ગામમાંથી બાવાભાઈની ટેક્સી બોલાવી. સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, સિદ્ધેશ્વર સ્વામી અને નિરંજન સ્વામી સવારે ૧૦-૩૦ વાગે સર્કસના સ્થળે પહોંચ્યા. કદમ સાહેબે વચ્ચેના સર્કલમાં સોફા ગોઠવ્યા હતા ત્યાં સ્વામીશ્રીને પધરાવ્યા. પૂજન આરતી બાદ પ્રસાદ વહેંચાયો. તેમના કલાકારોએ આશીર્વાદ લીધા.

કદમ સાહેબ કહે : 'સ્વામીજી ! આપકો કુછ દેખના હૈ ?'

'કુછ દેખના નહીં હૈ.' સ્વામીશ્રીએ કહ્યું.

પરંતુ કદમ સાહેબને એમ કે સ્વામીશ્રી કંઈક જુએ તો પોતાનો વ્યવસાય ધન્ય બની જાય. તેમણે ભાવથી કહ્યું : 'સ્વામીજી ! કુછ દેખો.' એમ કહી તેમણે તૈયાર રાખેલ બે યુવાનોને ફરમાન કર્યું. બંને મોટરસાઈકલ લઈને 'મોતના ગોળા'માં પ્રવેશ્યા. મોટરસાઈકલ ચાલુ કરી આમતેમ દોડાવવા લાગ્યા. સ્વામીશ્રી અદ્ધર શ્વાસે, અપાર આશ્ચર્ય સાથે આ યુવાનોની કરામત જોઈ રહ્યા.

પાંચેક મિનિટમાં જ બંને બહાર આવ્યા. અને દૂરથી સ્વામીશ્રીને નમન કર્યું. સ્વામીશ્રીએ 'હાશ' વ્યક્ત કરી. એમના મુખારવિંદ પરનું આશ્ચર્ય હજુ શમ્યું નહોતું. સ્વામીશ્રી કહે : 'મારો વા'લો હું (શું) કરે છે ? આમાં ભટકાણા હોય તો મારી પાડે ને !'

'બાપા ! એ એવો ટાઈમ ગોઠવીને જ ચલાવે કે ભટકાય નહીં.' પ્રમોદભાઈ અને સંતોએ કહ્યું.

સ્વામીશ્રી આશ્ચર્યપૂર્વક કહે : 'એમ ! આપણે પણ એમ ગોઠવી દેવું. માયાના પેચમાં અવાય જ નહીં. જો ભટકાયા તો મર્યા. પડ્યા હેઠા. શું પ્રમોદભાઈ સમજાયું ?'

કેટલી નાની વાત ને કેવો ઉચ્ચ બોધ ! લૌકિક આશ્ચર્યો બતાવીને પણ મૂર્તિમાં હેત કરાવી, જીવમાત્રને અધ્યાત્મની ઊંચાઈએ લઈ જવાની કેવી તમન્ના ! કેવી ઉદારતા !

વિજયા દશમીનો ઉત્સવ ગુરુકુળમાં ખૂબ જ ઉત્સાહથી ઊજવ્યો. તા. ૧૫મીએ શહેરમાં દવાખાનું તથા નવી પોસ્ટ ઑફિસનું ખાતમુહૂર્ત કર્યું.

પદાર્થ ને પ્રશંસા ત્યાગવાની પ્રેરણા

મંગળવાર, તા. ૧૭-૧૦-'૬૭, સવારમા યુવકોનું સમેલન યોજાયું.

ગોંડલના ગુરુકુળના ગણવેશમાં સજ્જ યુવકોએ બૅન્ડ-વાદનથી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. બળવંતરાય બ્રહ્મભટ્ટ, મણિભાઈ બ્રહ્મભટ્ટ, બકુભાઈ અમીન, આશાભાઈ, એ.પી. પટેલ વગેરેનાં પ્રવચનો પછી પ્રમુખસ્વામીએ યુવકોને સંબોધતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજે બાલ્યકાળમાં વિદ્યાભ્યાસ કરી, મા-બાપની સેવા કરી. ધૂળનાં મંદિરો કરી, તેમાં ભગવાનની મૂર્તિ બેસાડી આરતીઓ કરતા. યોગીજી મહારાજનું દિવ્ય જીવન સેવા, ધ્યાન, અભ્યાસ, સાચું બોલવું, એ ગુણોથી ભરપૂર છે. એમના જીવનમાંથી ઘણું જ જાણવા મળે છે. 'સેવા પરમો ધર્મ,' એ એમનું જીવનસૂત્ર છે. આપણા જીવનને કઈ રીતે સન્માર્ગે વાળવું તે મોટાપુરુષોને આવડે છે. માયાનાં આવરણ ઘણાં છે. વિરોધનો વંટોળ જબરો છે. દરેક યુવકે પદાર્થરૂપી પ્રલોભન અને પ્રશંસાથી દૂર રહેવું. પ્રશંસામાં ન ફસાતાં આજ્ઞા-ઉપાસના, નિયમ-ધર્મ દૃઢ કરી, એક યોગીજી મહારાજને રાજી કરવાનું તાન રાખવું.'

પછી વલ્લભ વિદ્યાનગરના યુવક મનહરભાઈ એચ. દુસારાએ જાતે ચીતરેલી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિઓ, આણંદના રાવજીભાઈ પટેલે મોટી સેવા આપીને લીધી.

મોક્ષનું ઇન્જેક્શન

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે –

'આજે અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીત સ્વામીનો જન્મ દિવસ છે. શ્રીજીમહારાજ ગઢડામાં લક્ષ્મીવાડીએ એક સંત અને પોતે એમ અનેક સ્વરૂપ ધારણ કરીને રાસ રમેલા. અહીં આશાપુરી માતાનું સ્થાન પ્રસાદીનું છે. મહારાજે સૌને સારંગપુર અને પંચાળામાં શરદ પૂર્ણિમાએ રાસનાં દર્શન કરાવ્યાં. દેશ-દેશના હરિભક્તો આજે આશીર્વાદ લેવા આવ્યા છે. બાર મહિને આ સમૈયો કરવા આવવું. જેમ ડૉક્ટર ઇન્જેક્શન લગાવે છે, તેમ અહીં મોક્ષનું ઇન્જેક્શન મળે છે. જીવમાં બળ આવે અને બાર મહિના કાંટો ચઢેલો રહે છે. પ્રમુખ-સ્વામીએ વાત કરી તે ધ્યાનમાં લેવી. હૃદયમાં શાંતિ થશે. મહારાજ અને સ્વામી અખંડ નિવાસ કરીને રહેશે. સૌ તને, મને, ધને સુખિયા થાઓ. એવા અમારા રૂડા આશીર્વાદ છે. સૌ સેવામાં જોડાઈ જાઓ.'

રાત્રે શરદોત્સવમાં ગુરુકુળના વિદ્યાર્થીઓએ 'સાચા સંત' ઉપર પરિસંવાદ રજૂ કર્યો હતો.

વિદ્યા અજમાવે તેને ઓળખી રાખવા

ત્યારબાદ સારંગપુર મંદિરના મહંત સંતસ્વામીએ સભાને સંબોધતાં કહ્યું કે

'ગુણાતીત સ્વામીની ૧૮૩મી જન્મ જયંતી છે. આ સ્થાન મહાપ્રતાપી છે. ગોંડલ બાપુને ખૂબ જ ભાવના હતી. આ મારા ગુરુનું સ્થાન છે, જગ્યા આપીને એવી ને એવી સેવા - સહાય કરે છે. પહેલાં તો અહીં આવી શકાય નહિ. આ પૂર્ણિમાના દિવસે આપણે ભેગા થયા છીએ. સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવી, દેહભાવ ટાળીને સૌને અક્ષરધામમાં લઈ જવા એ સ્વામીનું ધ્યેય છે. જોગી મહારાજનો ધ્યેય જીવને બ્રહ્મરૂપ કરીને અંતર-આત્મામાં મહારાજની મૂર્તિ પધરાવી, દેહ છતાં અક્ષરધામનું સુખ આપવાનો છે. શાસ્ત્રીજી મહારાજની, ભગતજી મહારાજની, ગુણાતીતાનંદ સ્વામીની, ગુરુભક્તિ સામે તો જુઓ ! ૧૦૦ જન્મનાં પુણ્ય ઉદય થાય ત્યારે આવા ગુણાતીત સંત મળે છે.

'એક સંન્યાસી પાસે વિદ્યા હતી. તેણે ભાઈ-બહેન, પતિ-પત્ની એમ ઘરનાં બધાંને લડાવ્યાં. ભાઈને કહે : 'બહેન ડાકણ છે.' બહેનને કહે : 'ભાઈ દારૂડિયો છે.' પત્નીને કહે : 'તારા પતિ અને નણંદને આડો વ્યવહાર છે.' આમ, બધાંને જુદું જુદું કહીને લડાવી માર્યાં. બધાં ઝઘડ્યાં એટલે તેણે કહ્યું કે 'આ તો મેં મારી વિદ્યા અજમાવી છે. લડશો નહિ.' એમ અહીં કોઈ વિદ્યા ના અજમાવે. જે અજમાવવાનો પ્રયત્ન કરતા હોય એવાને ઓળખી રાખવા. એવાથી છેટે રહેવું. આ ગુણાતીત જ્ઞાન પચાવવું. સ્વામી પાસે એવા આશીર્વાદ જ માગીએ કે અમારામાં સંપ, સુહ્રદભાવ, એકતા સદાય રહે.'

અંતમાં સ્વામીશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બાળમુકુંદ સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી તથા રામચરણ સ્વામીએ આ ઉત્સવની તમામ વ્યવસ્થા સારી સાચવી હતી.

શરદ પૂર્ણિમાના સમૈયા પ્રસંગે ધોળેરાના હિંમતસિંહ ચુડાસમાને ગાદલાં-ગોદડાંના ગોડાઉનમાં સેવા સોંપેલી. આ સેવાથી સ્વામીશ્રી તેમના પર ખૂબ રાજી થતા.

સ્વામીશ્રી પોતે પણ ગાદલાં-ગોદડાં બાબત બહુ જ રસ લે અને દરેકને તે સગવડ મળી કે કેમ તેની પૂછપરછ કરે. આજે સ્વામીશ્રીએ હિંમતસિંહને બોલાવીને બધી પૂછપરછ કરી. ત્યારે તેઓ કહે : 'આ વખતે ગાદલાં-ગોદડાંની ખેંચ પડશે. હરિભક્તોની સંખ્યા ઘણી વધારે છે.'

સ્વામીશ્રી કહે : 'અમે ગોડાઉન ઉપર દૃષ્ટિ કરવા આવીશું. ખેંચ નહીં પડે. અક્ષર મંદિરમાં ખેંચ પડે જ નહીં !' એમ કહી સ્વામીશ્રી સભામંડપ પર ગોડાઉનમાં પધાર્યા ને કહે : 'અહોહો ! હજી તો ઘણાં ગાદલાં-ગોદડાં છે. ખૂટશે નહીં.'

અને થતું પણ તેમજ. સમૈયામાં કોઈને પણ ગાદલાં-ગોદડાંની ખેંચ ન પડે. અક્ષર મંદિરનાં દસ હજાર જેટલાં ગાદલાં-ગોદડાંના સ્ટોકમાંથી વીસ-પચીસ હજાર હરિભક્તોને પાગરણ કેવી રીતે પહોંચતું તે સમજાતું નહીં. જાણે દ્રૌપદીનાં ચીર ખેંચાતાં જાય અને ભગવાન પૂરતાં જાય, તેવી જ રીતે ગાદલાં-ગોદડાં થોડાં હોય તોપણ બધાને પૂરતાં થઈ રહે ! સમૈયો પણ સારી રીતે ઊજવાઈ જાય. કોઈને પણ તકલીફ ન પડે.

હિંમતસિંહને આ વાતનું ભારે આશ્ચર્ય રહેતું. તેમના પિતા આર્યસમાજી હતા, પણ સ્વામીશ્રીને પ્રાર્થના કરવાથી દૃષ્ટિ પડી ગઈ અને સત્સંગી બન્યા. મહારાજ-સ્વામીની નિષ્ઠા પાકી થઈ. એ પછી બરાબર એક મહિને તેઓ ધામમાં ગયા.

પરમહંસ કોટિના સાધુ

આ સમૈયે મોરબીના જગજીવનભાઈ કોટક પણ આવ્યા હતા. તેમને ચરાડવાના ગોપાલચરણ સ્વામીએ કહેલું : 'જગજીવન ! તારાં માતુશ્રીના નામની ચરાડવા મંદિરમાં રૂમ નોંધાવી સેવા કર.'

ત્યારે જગજીવનભાઈએ કહેલું : 'મારો ધર્માદો ગોંડલ અક્ષર દેરીએ જાય છે. ને યોગીજી મહારાજ મારા ગુરુ છે. તેમની આજ્ઞા અનુસાર જ હું સેવા કરું છું.'

ત્યારે ગોપાલચરણદાસે તરત જ કહ્યું હતું કે 'તું એમને પૂછજે. ને હા કહે તો સેવા કરજે.' એમને પણ સ્વામીશ્રીની અજાતશત્રુતા અને ઉદાર દિલનો પરિચય હતો !

જગજીવનભાઈએ સ્વામીશ્રીને અહીં આ વાત કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'તેમાં શું વાંધો ? એક રૂમ નોંધાવવો જ જોઈએ. તેમાં મને પૂછવા ન અવાય. માટે સેવા નોંધાવવા જાવ ત્યારે શાસ્ત્રીજીને અમારા 'જય સ્વામિનારાયણ' કહેજો.'

જગજીવનભાઈએ ચરાડવા જઈને સેવા નોંધાવી, જય સ્વામિનારાયણ કહ્યા ને વાત કરી કે 'સ્વામીશ્રી ખૂબ રાજી છે.'

ત્યારે ગોપાલચરણ સ્વામી તરત જ બોલ્યા : 'મને ખાતરી જ હતી !

યોગીજી મહારાજને મન કાંઈ જુદું નથી. એ એવું માનતા જ નથી. એ તો શ્રીજીમહારાજના સમયના પરમહંસ કોટિના અજાતશત્રુ સાધુ છે.'

જગજીવનભાઈ સ્વામીશ્રીની ભદ્રભાવનાની આ સંત પર કેટલી ઊંડી અસર પડી છે, તે જોઈ રહ્યા હતા.

ત્યારપછી ગોંડલમાં ત્રિકમભાઈ રામજીભાઈ ખત્રી તથા હરગોવિંદભાઈ માસ્તર તરફથી 'હરિલીલાકલ્પતરુ'નાં પારાયણો થયાં હતાં.

તેત્રીસ હજાર શ્લોકો મોઢે કરવાનો કેફ

એક દિવસ 'હરિલીલાકલ્પતરુ'ના કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'આ ગ્રંથ આખો મોઢે કરી લેત. એવો કાંટો ચડી જાય છે.'

પછી એક સંતે *'હમ તો એક સહજાનંદ ગાવે'* એ કીર્તન ગાયું. સ્વામીશ્રી અત્યંત આનંદમાં હતા. ફરીથી કહે : 'સંસ્કૃત ભણ્યા હોત તો તેત્રીસ હજાર શ્લોક મોઢે કરી લેત ! એવો કેફ ચડી જાય છે.'

આ હતી એમની શ્રદ્ધા ને ભક્તિની પરાકાષ્ઠા !

સ્વામીશ્રીના જીવનમાં પ્રસંગોપાત્ત એવાં તો અકલ્પનીય ને અવર્ણનીય દર્શનો સાંપડતાં કે અહોભાવમાં ગરકાવ થઈ જવાય. પૃથુ રાજાએ તો કથાશ્રવણ માટે દસ હજાર કાન માગ્યા. અર્થાત્ એટલી શ્રદ્ધા માગી. જ્યારે અહીં સ્વામીશ્રીએ તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણના મહિમાસભર આ ગ્રંથને સમગ્રપણે જાણે આત્મસાત્ કરી લેવો હોય તેમ ૩૩ હજાર શ્લોકો કંઠસ્થ કરવાની શ્રદ્ધા જણાવી ! જો કે આ ગુણાતીત સંતે દાસત્વભાવે મહારાજને ઉપાસવામાં ને મહિમા ગાવામાં ક્ષણ પણ એળે ગુમાવી નહોતી. છતાંય આટલી અધૂરપ કેમ અનુભવતા હશે ? એમની શ્રદ્ધાને કોઈ સીમાડા નહોતા અથવા તો શ્રદ્ધા-ભક્તિમાં સદા અતૃપ્ત આ પુરુષ આપણને પણ એવો જ કોઈ રાહ ચીંધતા હશે !

તમારો આ છેલ્લો જન્મ !

આ સમૈયા પ્રસંગે વિવિધ મંડળોની સાથે નડિયાદ મંડળ આવ્યું હતું. તેમાં ચંદ્રકાંત પટેલ નામે એક યુવક, મહેતાજી જશભાઈ હાથીભાઈ અને કૃષ્ણાભાઈના સંપર્કથી સત્સંગી થયા હતા તે પણ આવ્યા હતા. નોકરીમાંથી વધુ રજા મળે તેમ નહોતી. તેથી બે દિવસ રોકાઈ તેમણે સ્વામીશ્રીની રજા માગી.

સ્વામીશ્રી કહે : 'રોકાવને ગુરુ !'

'પણ બાપા ! અમારા અધિકારી નોકરીમાંથી કાઢી મૂકશે.'

'એ સાહેબ તો જાશે !' સ્વામીશ્રીએ કહ્યું ને આગ્રહ કર્યો : 'તમે રોકાઈ જાવ. કોઈ કાંઈ નહીં કહે.'

સમૈયામાં સેવા-સમાગમનો તેમને ખૂબ લાભ મળ્યો. પંદર દિવસ નડિયાદ મંડળે જે સેવા કરી તેનાથી પ્રસન્ન થઈને સ્વામીશ્રી કહે : 'તમારા બધાનો આ છેલ્લો જન્મ થઈ ગયો ! માટે નિષ્ઠા અને બળ રાખજો !'

આ દુર્લભ આશિષ પામીને ચંદ્રકાંતભાઈ સ્વામીશ્રીની રજા લઈ નડિયાદ ગયા. ત્યારે જાણવા મળ્યું કે 'તેમના જૂના અધિકારીની બદલી થઈ ગઈ હતી. અને નવા આવેલા અધિકારીએ કાંઈ જ પૂછ્યું નહીં.' તેમને સ્વામીશ્રીના શબ્દોની સાર્થકતા સમજાઈ અને ખૂબ મહિમા સમજાયો.

નિર્દોષભાવે જોડાય તો અભિપ્રાય સમજાય

અહીં એક દિવસ રાત્રિ પ્રવચનમાં સંપ, સુહૃદભાવ અને એકતાની ઘણી વાત દૃષ્ટાંતો સાથે સ્વામીશ્રીએ કરી.

બીજે દિવસે સવારે સ્નાન કરવા પધાર્યા ત્યારે ઇલેક્ટ્રિકસિટીની સગવડ ન હોવાથી ચૂલા ઉપર ગરમ પાણી મૂક્યું હતું. એક સંત તે લેવા ગયા. સ્વામીશ્રી પાટલા પર બેઠા હતા. યુવકો કેડ દબાવતા હતા. ત્યારે ગુણવંતભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું :

'બાપા ! રાત્રે આપે આશીર્વાદ આપ્યા તેમાં સંપ, સુહૃદભાવ ને એકતાની આપની રુચિની વાત કરી. એ તો મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ તથા આપની હંમેશાં રુચિ હોય જ. એમ એકસરખું હોય. પરંતુ રુચિ, રહસ્ય ને અભિપ્રાય જે વખતે પ્રગટ સ્વરૂપ હોય તેના વખતે કાંઈ વિશિષ્ટ હોય ખરા ?'

ત્યારે સ્વામીશ્રીએ દૃષ્ટિ માંડી દૃઢ સ્વરે કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ વખતે મંદિરો બનાવવાં, તેમાં સેવા કરાવવી, એવો અભિપ્રાય હતો. હાલ સાધુ બનાવવા ને તેમાં પુષ્ટિ કરવી, અક્ષર દેરીની સેવા-મહાપૂજાની વિશેષ પુષ્ટિ થાય એવો અભિપ્રાય છે. અક્ષર દેરીનો અગાધ મહિમા છે.'

પછી કહે : 'મોટાનો અભિપ્રાય પતંગિયું શું ધૂળ જાણે ? પણ ભેગો રહે ને નિર્દોષભાવે જોડાઈ જાય, તો અભિપ્રાય સમજાય.' એમ ખૂબ જ હેતપૂર્વક કહ્યું. જટુભા, જયંતી, ભરત, ઘનશ્યામસિંહ વગેરે યુવકોએ પણ આ સાંભળી પ્રેરણા લીધી.

એટલામાં સેવક સંત પાણી લાવ્યા અને સ્વામીશ્રી સ્નાન કરવા લાગ્યા.

નિષ્ઠારૂપી વૃત્તિ અધિક

બીજે દિવસે સ્વામીશ્રીએ ભગવદ્‌નુસંધાન રાખવાની અદ્‌ભુત વાત કરતાં કહ્યું :

'શ્રીજીમહારાજ અક્ષરધામના પતિ છે, તે નિષ્ઠા કોઈપણ અવસ્થામાં બદલાવી ન જોઈએ. આવી નિષ્ઠારૂપી વૃત્તિ ક્યારેય ન બદલાવી જોઈએ. કામ કરવું પડે, નોકરી-વેપાર કરવો પડે, તોપણ વૃત્તિને સંત-સમાગમ તરફ વાળવી. અહીં કોઈ કારણસર ન અવાય તો બળતરા થવી જોઈએ. નિરંતર અહીં આવવાની વૃત્તિ રાખવી. કામ કંઈ ભેગું આવવાનું નથી. 'સ્વામી વાતો કરતા હશે, મારે દુકાનના કામકાજને લઈને ન જવાયું,' એવી રીતે બળતરા થવી જોઈએ. આપણે હંમેશાં આ પ્રકારની વૃત્તિ રાખવી.

'સ્વરૂપાનંદ સ્વામી આદિકની વૃત્તિ તૈલધારા વૃત્તિ હતી. તેમની વાત જુદી. જગતના જીવોને કથામાં કલાક બેસવું કઠણ પડે; 'ક્યારે વેપાર શરૂ કરું ?' એમ અહીં બેઠા હોય તોપણ બજારમાં વૃત્તિ રહે છે.

'જેમ પાણિયારી કૂવે પાણી ભરવા જાય ત્યારે એક વૃત્તિથી કૂવામાંથી જળ સીંચે છે અને કૂવાના કાંઠા ઉપર પગ રાખ્યો હોય ત્યારે સૂરત રાખે છે જે, રખે કૂવામાં પડી જાઉં. વળી, જેમ કોઈ પુરુષ ઘોડે ચડ્યો હોય, તે ઘોડાના પેંગડામાં પગ રાખ્યો હોય ત્યાં અને વાટમાં ખાડો-ખાધરો આવે ત્યાં - એમ બંને જગ્યાએ વૃત્તિ રાખે છે. તેવી રીતે ગમે તેટલું કામ કરો, પણ વૃત્તિ સંત-સમાગમમાં રહેવી જોઈએ. આ તો 'સાધુ ભલે બેઠા. ત્યાં જઈને શું કરવું છે ?' એમ મનમાં રહે, તે વૃત્તિ રહી ન કહેવાય.

'આપણાથી તૈલધારાવત્‌ વૃત્તિ ન રખાય; પરંતુ ત્રણ પ્રકારની વૃત્તિ તો દરેકને રહેવી જ જોઈએ. એક, તો હું ભગવાનનો ભક્ત છું; બીજું, મારે સાધુ પાસે જવું છે; અને ત્રીજું, ભગવાનના સ્વરૂપનો નિશ્ચય-નિષ્ઠા; આ ત્રણ પ્રકારનું ધ્યાન રહેવું જોઈએ. નિવૃત્તિ-પરાયણને તૈલધારાવત્‌ વૃત્તિ રહે. ગૃહસ્થાશ્રમીને નિષ્ઠારૂપી વૃત્તિ રહે.

'સ્વરૂપાનંદ સ્વામી આત્માને અખંડ દેખતા. તે મહારાજ સભામંડપમાં બોલાવે તો કહે : 'નહિ જાયેગા, મૈં મુગટ પહેર્યો હૈ,' એમ મહારાજની મૂર્તિને દેખતા. જ્યારે મંદવાડ આવ્યો ત્યારે કહે : 'ટટ્ટુ દુબલા હૈ લેકિન અસવાર તાજા

હે.' પછી જ્યારે મહારાજે બહુ મંદવાડ મૂક્યો, ત્યારે અતિશય દુઃખ થયું અને અશાંતિ થઈ. પછી મહારાજે તેમને પર્વતભાઈ પાસે શાંતિ મેળવવા માટે મોકલ્યા. પર્વતભાઈએ તો સ્વામીને દંડવત્ કર્યા અને સામેથી વાતો કરવા કહ્યું. સ્વરૂપાનંદ સ્વામીના મનમાં એમ કે 'ગૃહસ્થાશ્રમી શું મને શાંતિ પમાડે ?' તેથી વાતો કરી પાછા આવ્યા.

'મહારાજે કહ્યું : 'વાતો સાંભળી આવ્યા કે ?' ત્યારે સ્વામી કહે : 'કિસકે પર્વતભાઈ !' મહારાજ કહે : 'એમ દુઃખ ન મટે. નિર્માની થઈને વાતો સાંભળો. આ દાદાખાચરના દરબારનાં નળિયાંનું ધ્યાન કરો તો શાંતિ થશે.' દરબારનાં નળિયાં પ્રગટ મહારાજના સંબંધવાળાં હતાં. નળિયાં ઉપર તો રોજ વરસાદ પડે. તેવાં નળિયાંનું ધ્યાન ધરાવ્યું. તો પછી તે નળિયાંની નીચે દરબારમાં બેઠેલા મહારાજનું ધ્યાન કેમ ન ધરે ? ગમે તેટલી મૂર્તિ દેખાતી હોય છતાં પ્રગટ હોય ત્યારે તેમનાં દર્શનની તાણ રહેવી જોઈએ.

'તૈલધારાવત્ વૃત્તિ હતી તોય બળતરા થઈ. માટે તે કરતાં નિષ્ઠારૂપી વૃત્તિ અધિક છે, કારણ કે નિષ્ઠારૂપી વૃત્તિમાં મનુષ્યભાવ ન આવે. પ્રગટની વાતો સાંભળવી, તેનું ધ્યાન ધરવું. ખાતાં-પીતાં તેમાં જ વૃત્તિ રાખવી. મહારાજની મૂર્તિ સામે જોઈ રહેવું તે અંતર્દષ્ટિ. યોગીઓ ભગવાનની મૂર્તિ વિના ષટ્ચક્રને દેખે તોપણ તેમાં કાંઈ નહિ. ગોલોકાદિ ધામ દેખાય તોપણ અંતર્દષ્ટિ નહિ. દૃષ્ટિમાં દૃષ્ટિ મેળવી સામું જોઈ રહેવું અને મહિમા વિચારવો. સેવા, ભક્તિ, ધ્યાન વગેરે ભગવાન સંબંધી જે જે કામ કરો તે અંતર્દષ્ટિ; ભગવાનને પડતા મૂકીને જો કામ કરો તો તે બાહ્યદષ્ટિ. પાંચસો પરમહંસો મહારાજ સામું જોઈ રહેતા, એ દૃષ્ટિ મેળવી કહેવાય.

'ભગવાનમાં આવી વૃત્તિ ધારી હોય તો શાંતિ, સુખ, પ્રકાશ હૈયામાં રહે. કોઈનું આઘુંપાછું ન કરીએ. પાંચસો પરમહંસો મહારાજ ભેળા રહેતા અને મહારાજમાં જ વૃત્તિ રાખતા. નિર્ગુણદાસ સ્વામી તો કથાવાર્તામાં કોઈની વૃત્તિ બીજે જવા દેતા નહિ.

'મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી સિવાય કોઈનો હૃદયમાં ભાર પડવો ન જોઈએ. તે રૂપ પોતાને માન્યા હોય તો ભગવાનને ધાર્યા કહેવાય. કોઈ દેહને ગાળ ભાંડે તો શોક ન કરવો. 'દેહ તો એવો જ છે' એમ સમજે, તે ભગવાનને ધાર્યા કહેવાય. 'ફલાણા મહાત્મા બહુ સારા છે' તેમ મનમાં રહે, તે પણ વૃત્તિ ગૌણ થઈ કહેવાય. કોઈનોય ભાર પડવો ન જોઈએ. લાખ માણસ

ઓલ્યા મહાત્મા પાછળ ફરતા હોય અને આની (પ્રગટની) વાંહે એક માણસ જ ફરતું હોય, તોય ઓલ્યાનો ભાર ન પડવો જોઈએ. માટે મહારાજ અને સ્વામી સિવાય કોઈનો ભાર ન પડે તે નિષ્ઠારૂપી વૃત્તિ પાકી થઈ કહેવાય.'

પીરના ઉપાસકને પ્રગટની ભેટ

અહીં ઊનાના પ્રેમજીભાઈ પોતાના મિત્ર ડાહ્યાભાઈ નારણભાઈને લઈને દર્શને આવ્યા હતા. રામદેવ પીરના ઉપાસક ડાહ્યાભાઈ દારૂ-માંસનાં સેવન સાથે વામમાર્ગનું અનુસરણ પણ કરતા. પરંતુ પૂર્વના બલિષ્ઠ સંસ્કારોને કારણે પ્રેમજીભાઈ સાથે રવિસભામાં આવતા.

એક વાર તેમની દુકાનમાંથી દસ હજાર રૂપિયાનો માલ ચોરાઈ ગયો. તેઓ ખૂબ અશાંત બની ગયા. જે કાંઈ હતું તે બધું જ લૂંટાઈ ગયું હતું. પરિસ્થિતિ વિકટ બની ગઈ. શાંતિનો માર્ગ સ્વામીશ્રી પાસે જ મળશે - એમ વિચારી, પ્રેમજીભાઈ તેમને અહીં લાવ્યા હતા.

સ્વામીશ્રીએ તેમને પ્રેમથી વિગત પૂછી. પછી વર્તમાન ધરાવતાં કહે : 'કાંઈ ચિંતા કરશો નહીં. કાંઈ ગયું નથી. જે ગયું છે તેથી હજાર ગણું મેળવશો.'

ડાહ્યાભાઈને ખૂબ શાંતિ થઈ. ઉચાટ શમી ગયો અને ઘરે ગયા. થોડા જ સમયમાં વ્યવહારમાં પ્રગતિ થઈ અને ઘરમાં લક્ષ્મીની રેલંછેલ થઈ ગઈ. તેમના પુત્ર શ્યામભાઈને પણ સ્વામીશ્રીએ સત્સંગનો રંગ લગાડી દીધો.

જ્યારે સ્વામીશ્રી ગોંડલ હોય ત્યારે તે દર્શને આવતા. અને સ્વામીશ્રી પણ તેમને હેતથી પીરસીને જમાડતા. એક વાર શ્યામભાઈ જમી રહ્યા હતા ત્યાં સ્વામીશ્રી પધાર્યા ને કહે : 'શ્યામભાઈને માલપુઆ આપો.'

'બાપા ! એક તો છે ! માંડ પૂરો થશે.' તેમણે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'એક છે, તો બીજા બે લ્યો. ધામ, ધામી ને મુક્ત !' એમ કહેતાં ખડખડાટ હસી પડ્યા. શ્યામભાઈ આ દિવ્ય પ્રેમને ખાળી શક્યા નહીં.

સ્વામીશ્રી આમ નાની નાની ક્રિયાઓ દ્વારા સુખ આપી પોતાની મૂર્તિ જીવમાં સ્થિર કરાવી દેતા.

વચનસિદ્ધિનું રહસ્ય

અહીં એક વખત ગોવિંદસિંહજી ચુડાસમાએ હસતાં હસતાં સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આપે વચનસિદ્ધિ કઈ રીતે પ્રાપ્ત કરી ! જપ, તપ, વ્રત કે

પૂજાથી ? તો અમે પણ કરીએ ?'

તે વખતે સ્વામીશ્રી ખૂબ જ હસી પડ્યા અને સહજભાવે બોલ્યા : 'ગુરુ ! અમે જપ, તપ, વ્રત કે પૂજા કાંઈ નથી કર્યું; પણ અમે કદી ખોટું બોલતા નથી અને શ્રીજીમહારાજને ઘડી પણ વીસરતા નથી.'

સ્વામીશ્રીનો આ નિખાલસ ને સરળ ઉત્તર સાંભળી ચુડાસમા સાહેબ સાશ્ચર્ય જોઈ રહ્યા ! તેમનું મન તો શાસ્ત્રના કોઈ ગહન ઉત્તરમાં ખોવાઈ ગયું હતું. તે આવી સરળ વાતથી સંતોષ કેમ પામે ? પણ બ્રહ્માનંદ રેલાવતી સ્વામીશ્રીની મર્માળી મૂર્તિ જોતાં ચુડાસમા સાહેબનાં મન ને બુદ્ધિ થોડી જ ક્ષણોમાં પ્રતીતિપૂર્વક ઠરીઠામ થઈ ગયાં. સિદ્ધિનું આ સરળ જણાતું ચઢાણ તેમણે અતિ અપાર અનુભવ્યું.

યોગી મળ્યા અણમોલા

કુતિયાણાના પીતાંબર બાપા તેમના સંબંધી જેરામભાઈ ખોડાભાઈ મિસ્ત્રીને સત્સંગની વાતો કાયમ કરતા અને સ્વામીશ્રીનો મહિમા પણ કહેતા, પણ તેમના અંતરમાં ખાસ વાતો ઊતરતી નહીં. છતાં આ વખતે પીતાંબરભાઈ સાથે તેઓ ગોંડલ આવી પહોંચ્યા. મનમાં એમ કે 'આપણે ગોંડલ જોવા તો ચાલો ! જવામાં આપણે ક્યાં કંઠી બંધાવવી છે કે આપણે સ્વામિનારાયણિયા ક્યાં થઈ જવાના છીએ ?'

પરંતુ અક્ષર મંદિરમાં પગ મૂકતાં જ તેમના અંતરમાં શાંતિ વ્યાપી ગઈ. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ તેમને નિશ્ચય અને અનુભવ થયો કે તેઓ કોઈ દિવ્ય જગતમાં વિચરી રહ્યા છે ! તે જ ક્ષણે - પળના વિલંભ કર્યા વિના - સ્વામીશ્રીના વરદ હસ્તે વર્તમાન ધરાવીને તેઓ સત્સંગી થઈ ગયા !

ઘરે પાછા ફર્યા ત્યારે જ્ઞાતિજનો અને મિત્રો ટીકા કરવા લાગ્યા, પરંતુ તેમણે એક જ જવાબ આપ્યો કે 'આ વાત તમને સમજાશે ત્યારે તમે પણ સ્વામિનારાયણના સત્સંગી બની જશો.'

એક પ્રસંગે સ્વામીશ્રી સૌને હાર પહેરાવતા હતા. ત્યારે જેરામભાઈને સંકલ્પ થયો કે 'બાપા ! મને હાર પહેરાવે તો કેવું સારું ?'

તેમના એ સંકલ્પને સ્વામીશ્રીએ પકડ્યો અને તેમને પાસે બોલાવીને હાર પહેરાવ્યો ! આમ, સ્વામીશ્રીએ ટૂંકા સમયમાં જ તેમને દિવ્ય અનુભવ કરાવી સાચી વાતની ગેડ બેસાડી આપી !

આજ્ઞાલોપનો અનુભવ

આ વખતે ગોંડલથી હરિભક્તોનો સંઘ લઈ સંતો જૂનાગઢ દર્શને જવાના હતા. સ્વામીશ્રી કહે : 'જૂનાગઢ દર્શને જઈને પાછા ફરી જજો. આગળ વેરાવળ ન જશો.'

સૌ સવારે નીકળ્યા. સંતો પહેલી વાર ગયા હતા. તેથી જૂનાગઢનાં બધાં સ્થળોએ દર્શન કર્યાં.

બીજે દિવસે સોમનાથ જવાનું વિચાર્યું. સ્વામીશ્રીએ કહેલું કે 'વેરાવળ ન જશો.' એ વાત વિસારે પડી ગઈ. સૌની વેરાવળ જવાની બહુ ઇચ્છા હતી. તેથી સૌ નીકળ્યા. ત્યાં સ્વામીશ્રીનું વચન યાદ આવ્યું કે 'વેરાવળ ન જશો;' પરંતુ જો ન જાય તો હરિભક્તો દુઃખાઈ જાય, એ હેતુથી કાર્યક્રમ નક્કી રાખ્યો. ને રાત્રે વેરાવળથી સીધા જ સ્વામીશ્રી પાસે ગોંડલ પહોંચી જવું, તેમ વિચાર્યું.

પરંતુ થોડે જતાં જ ગાડી બગડી. તે રિપૅર કરવામાં બપોરે ૧-૦૦ વાગી ગયો. આગળ જતાં કેશોદ પાસે અને ગડુ પાસે વારાફરતી ટાયર ફાટ્યાં ! તે બદલ્યાં અને વિચાર્યું કે 'હવે વેરાવળ નજીક છે, માટે જઈ આવીએ જ.' પણ વરસાદ ખૂબ વરસતો હતો. આગળ જતાં તો એટલો બધો વરસાદ શરૂ થયો કે રસ્તો પણ દેખાય નહીં ! સામેથી આવતું કોઈ વાહન પણ દેખાય નહીં ! અધૂરામાં પૂરું ગાડીની લાઇટ બંધ પડી ગઈ. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયાં.

આમ, અનેક મુશ્કેલી છતાં ગમે તેમ કરીને સાંજે ૫-૦૦ વાગે સંઘ વેરાવળ પહોંચ્યો, તો ત્યાં હિન્દુ-મુસલમાનનાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં. ચારે બાજુ પોલીસ અને એસ.આર.પી. ગોઠવાઈ ગઈ હતી. સૌને ન છૂટકે પાછા ફરવું પડ્યું. રસ્તામાં ગડુ આવતાં લાઇટ રિપૅર કરાવી. પેટ્રોલ ડીઝલ-ઓઈલ પૂરી, ગાડી ચેક કરાવીને નીકળ્યા, તે વહેલી સવારે ૩-૦૦ વાગે સૌ ગોંડલ પહોંચ્યા !

સંતો પાસે ચોખ્ખો નાસ્તો હતો. તેથી રસ્તે થોડી ભૂખ ભાંગી હતી. પણ એકંદરે ઉપવાસ જેવું જ થયું. સ્વામીશ્રીની આજ્ઞા લોપવામાં કેવું દુઃખ થાય છે, તેનો પ્રત્યક્ષ અનુભવ સંતો-હરિભક્તોને થયો.

દૃષ્ટિમાં તેજ !

આ વખતે ભરૂચથી વિઠ્ઠલભાઈ નારણભાઈ સ્વામીશ્રીનાં દર્શન-

સમાગમનો લાભ લેવા માટે આવ્યા. તેમને આંખે મોતિયો આવ્યો હતો. સ્વામીશ્રીએ તેમનાં ખબર-અંતર પૂછ્યાં. તેઓ કહે : 'આંખે ખૂબ જ ઓછું દેખાય છે. ઝાંખપ આવતી જાય છે. મોતિયો ઊતરાવવો પડશે. ડૉક્ટરો કહે છે : 'એક-બે મહિનામાં ઑપરેશન કરાવવું પડશે.'

સ્વામીશ્રીએ સહજ રીતે રમૂજ કરતાં મનુષ્યભાવ વ્યક્ત કર્યો : 'આ તો આપણે બેય એક જ રોગના દર્દી ભેગા થયા ! મને પણ હવે આંખે દેખાતું નથી. તમે અક્ષર દેરીમાં સ્વામીને અમારી પ્રાર્થના કરો. અને અમે તમારી પ્રાર્થના કરીએ.'

પછી એક સેવક પાસે અક્ષર દેરીનું જળ મગાવ્યું. તેમાં પોતાના જમણા હાથનો અંગૂઠો બોળી પ્રથમ પોતાની આંખે જળ ચોપડ્યું. બીજી વખત બેય હાથના અંગૂઠા તે જળમાં બોળી વિઠ્ઠલભાઈની બન્ને આંખો પર ચોપડી બોલ્યા : 'સ્વામી ! વિઠ્ઠલભાઈનું દરદ મટાડો, દરદ મટાડો. વિઠ્ઠલભાઈને ઑપરેશન કરાવવું ન પડે.'

સ્વામીશ્રીનો પોતાના પર આવો નિઃસ્વાર્થ પ્રેમ જોઈ વિઠ્ઠલભાઈનું અંતર દ્રવી ગયું. એ પછી અક્ષર દેરીનું જળ ચોપડવાથી દિન-પ્રતિદિન મોતિયો ગળતો ગયો અને આંખે સંપૂર્ણ સારું થઈ ગયું. તેમને સ્પષ્ટ દેખાવા લાગ્યું. જ્યારે તેમણે ડૉક્ટરોને આંખ દેખાડી, ત્યારે તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું. વિઠ્ઠલભાઈ કહે : 'સ્વામીશ્રીએ આપેલાં અક્ષર દેરીનાં જળથી મટ્યું !' એમ મહિમાપૂર્વક બધી વાત કહી.

ડૉક્ટરના મનમાં સ્વામીશ્રીની પ્રતિભાની છાપ ઊપસી. તેમને થયું કે કોઈ ચમત્કારિક શક્તિ આ સંત પાસે હોવી જોઈએ; નહીં તો આવાં દર્દો વગર પીડાએ સહજમાં મટાડી ન શકાય !

ગુરુઆજ્ઞા એ જ દવા ને દુવા

આ અરસામાં અક્ષર મંદિરમાં ચાની કેન્ટિનમાં સેવા આપી રહેલા યુવક હર્ષદ ચાવડાને પગનો અંગૂઠો પાક્યો હતો. ડૉ. આઈ.પી. મહેતા તથા ડૉ. હરીશભાઈ ત્રિવેદીએ ઑપરેશન કરી નાખવાની સલાહ આપી. પછી તેમણે જ અંગૂઠામાંથી રસી કાઢી લઈને વ્યવસ્થિત ડ્રેસિંગ કર્યું.

હર્ષદના પગે પાટો જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શું બાંધ્યું ?' હર્ષદે બધી વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'મને પૂછવું જોઈએ ને ? હું બેઠો છું.

મને પૂછ્યું હોત તો ના કહેત, આશીર્વાદથી મટી જાત.'

જો કે ડૉક્ટરો તથા રામચરણ સ્વામીના વારંવાર કહ્યા પછી જ હર્ષદે ન છૂટકે ઑપરેશન કરાવ્યું હતું.

થોડા દિવસ પછી હર્ષદને પગની પાની પાકી. ફરી ડૉક્ટરોએ કહ્યું : 'ઑપરેશન કરી રસી કઢાવવી પડશે.'

પણ આ વખતે હર્ષદ કહે : 'સ્વામીશ્રીને પૂછીને વાત.'

તે દિવસે તેણે સ્વામીશ્રીને પાની બતાવી કહ્યું : 'પાની પાકી છે, ડૉક્ટરો રસી કાઢવા કહે છે.'

સ્વામીશ્રીએ હર્ષદની પાનીએ કોમળતાથી વારંવાર હાથ ફેરવ્યો અને 'મહારાજ મટાડી દો, મટાડી દો' એમ પ્રાર્થના-સ્મરણ કરતાં હર્ષદને આશીર્વાદ આપતાં કહ્યું : 'આપણે ઑપરેશન કરાવવું નથી. એમ જ મટી જશે.'

બીજે દિવસે જ દર્દ ગાયબ થઈ ગયું ને પાનીમાં પાક હતો તે ક્યાં અદૃશ્ય થઈ ગયો તે સમજ ન પડી !

ડૉક્ટરો તથા રામચરણ સ્વામી કોઈ રીતે માની શક્યા નહિ. તેઓએ વારંવાર એનો પગ તપાસ્યો હતો. તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા.

હર્ષદ ચાવડાની સેવા પણ એવી હતી. સ્વામીશ્રીના વચને તે તથા કૃષ્ણકાંતભાઈ બ્રહ્મભટ્ટ હરિભક્તોની સેવામાં ઝોળિયાં પારેવાની જેમ દેહને પડતું મૂકતા. દેહને ગણકાર્યા વગર મહિમાથી એવી તો સેવા કરતા કે સ્વામીશ્રી તેમના ઉપર હંમેશાં બહુ જ રાજી રહેતા. વળી, આ બે યુવાનો અક્ષર મંદિરના સેવકો એટલે સ્વામીશ્રીના અંગત સેવકો. તેમની સાર-સંભાળ લેવાનું સ્વામીશ્રી કેમ ચૂકે ?

અહીં અન્નકૂટોત્સવની તૈયારીઓ ચાલતી હતી. જેમાં સ્વામીશ્રી અંગત રસ લઈ, ભક્તિભાવને સંવર્ધન કરતી અનેકવિધ દોરવણી આપતા હતા.

રવિવાર, તા. ૨૯મીએ ગોંડલ નગરપાલિકા તરફથી સ્વામીશ્રીનું તથા પ્રમુખસ્વામીનું જાહેર બહુમાન થયું હતું. ગોંડલ નરેશ વિક્રમસિંહ બાપુના પ્રમુખપદે સભા યોજાઈ. ધારાસભ્ય બાલુભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ ધનજીભાઈ શિંગાળા, ડૉ. દેવશીભાઈ, દુર્લભજીભાઈ શુકલ વગેરેએ સ્વામીશ્રીની સાધુતા દર્શાવતાં પ્રેરક પ્રવચનો કર્યાં હતાં. સુધરાઈ ઉપપ્રમુખ દેસાઈ સાહેબે આભાર વિધિ કર્યો. રેશમી કાપડ ઉપર માનપત્ર મુદ્રિત કરી, નગરપાલિકાએ સ્વામીશ્રીને અર્પણ કર્યું. પ્રમુખસ્વામી તથા સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ પાઠવ્યા

હતા. ગોંડલ નગરપાલિકા તરફથી ધાર્મિક ક્ષેત્રની મહાન વિભૂતિ સ્વામીશ્રી યોગીજી મહારાજને માનપત્ર આપવાનો આ પ્રથમ જ પ્રસંગ હતો. આખાય શહેરમાં સ્વામિનારાયણ ભગવાન અને સ્વામીશ્રીનો જયજયકાર પ્રવર્ત્યો.

સં. ૨૦૨૩, આસો વદ ૧૩, ધનતેરશના શુભ દિને અક્ષર મંદિરના પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીએ કર્યું. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'આ અક્ષરધામનો દરવાજો છે. આવતાં-જતાં લાખો મનુષ્યો આ દરવાજાનાં દર્શન કરશે તેનું કલ્યાણ થઈ જશે.'

❀ ❀ ❀



સ્વામીના પ્રતાપે અલૌકિક કાર્ય કરશે

તા. ૧-૧૧-'૬૭, બુધવાર, સંવત ૨૦૨૩, આસો વદિ દિવાળી, શુભ દિવસ, સવારના ૬-૦૦ વાગે, સાક્ષાત્ સ્થાન ગોંડલ, અક્ષર મંદિર.

આજે સવારે સ્વામીશ્રીએ સ્વહસ્તે પોતાની ડાયરીમાં પ્રમુખસ્વામીનો મહિમા લખ્યો :

'આ સાતેય મંદિરના નાના સમા સંત પ્રમુખસ્વામી ધોળે લૂગડે હતા, ત્યારે સ્વામીએ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના સ્થાનમાં દીક્ષા આપી ને રૂડા આશીર્વાદ આપ્યા છે. તેથી તેમને સ્વામીના પ્રતાપે બળ આવ્યું છે. નિર્દોષબુદ્ધિ, દરેક હરિભક્તની રાખ-રખાવટ કરવી, જ્ઞાન આપવું, તે સ્વામીના આશીર્વાદ પામીને આ સંસ્થાનું કાર્ય કરી રહ્યા છે. વળી, સ્વામીએ અમદાવાદમાં સંસ્થાના મહાનત બનાવ્યા ત્યારે તે નાના હતા.

'સ્વામીએ દૃષ્ટિ કરી. 'મારે એમને જ સંસ્થાના પ્રમુખ કરવા છે.' તે અમદાવાદમાં કર્યા. તે પછી હું પાસે બેઠો હતો તો સ્વામી મુને કહે : 'તમો તેમના ઉપર હાથ મૂકો તો તમારા જેવા ગુણ આવે.' તો હાથ મેં મૂક્યો. તેથી સ્વામીએ કહ્યું : 'આપે હાથ મૂક્યો તે આવી ગયો.' ખૂબ સ્વામી રાજી થયા. આવી રીતે સ્વામીએ ગોંડલમાં દીક્ષા દેરીમાં આપી ને અમદાવાદમાં પ્રમુખ બનાવ્યા. તે સ્વામીનું કાર્ય ઉપાડી લીધું છે. ભવિષ્યમાં તે સ્વામીના પ્રતાપે અલૌકિક કાર્ય કરશે.'

આજે ચોપડા પૂજન તથા હનુમાનજીનું પૂજન કર્યું હતું.

ઓશિયાળા થઈ રહીએ

દીપોત્સવીનો દિવસ હતો. રાત્રે સ્નાન કરતી વખતે સ્વામીશ્રી કહે : 'આવતીકાલે બેસતું વરસ છે. સૌ વહેલા ઊઠી ઘાટમાં નાહી આવજો.

આશીર્વાદ આપવા છે.'

ગુણવંતભાઈએ પૂછ્યું : 'બાપા ! અમારે આશીર્વાદ શેના માગવો ?'

સ્વામીશ્રી કહે : 'જાગા સ્વામી કહેતા – 'હું ચૌદ વરસ સ્વામીની પાસે રહ્યો છું. કોઈ દી' સ્વામીને ઓશિયાળા કર્યા નથી.' માટે એમ માગવું કે 'સ્વામી ! તમને અમે ઓશિયાળા ન કરીએ, પણ તમારા ઓશિયાળા થઈને રહીએ.'

બીજે દિવસે વહેલી સવારે સ્વામીશ્રીએ કહ્યા મુજબ આશીર્વાદ માગ્યા ત્યારે ખૂબ રાજીપાથી સ્વામીશ્રીએ સેવક સંતો તથા યુવકોને ધબ્બા માર્યા ને કહે : 'હવે આશીર્વાદ લેતાં આવડ્યું.'

આજે યોગીપ્રસાદ સ્વામી દેરીનો અન્નકૂટ ગોઠવતા હતા. તે દરમિયાન સ્વામીશ્રી જોવા માટે આવ્યા. વચ્ચે ખાલી વાસણ પડ્યું હતું. તે યોગીપ્રસાદ સ્વામીએ પગેથી ઠેલી દીધું, જેથી સ્વામીશ્રીના પગમાં ન આવે. તે જોઈને સ્વામીશ્રી બોલ્યા : 'ગુરુ ! આમ પગેથી ઠેસ ન મરાય. ઠાકોરજીને ધરાવવાનાં વાસણ છે.' આ રીતે નાની-મોટી ક્રિયામાં વિવેક શીખવતા.

દર વર્ષની જેમ આ વર્ષે પણ અન્નકૂટોત્સવ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઊજવાયો.

ધૂળને ધૂળથી જ રંગાય

સ્વામીશ્રી સભામાં બિરાજમાન હતા. તે વખતે વિદેશના એક હરિભક્ત ત્રણ સફેદ શાલ સ્વામીશ્રી પાસે લાવ્યા. ને સ્વામીશ્રીને કહે : 'બાપા ! આમાંથી એક સારી શાલ પસંદ કરીને આપ રાખો.'

સ્વામીશ્રી બોલ્યા : 'ઠાકોરજી માટે સારી શાલ રાખો. એક ઘનશ્યામ મહારાજ અને એક મહારાજ અને એક સ્વામીને ઓઢાડીશું.'

ત્યારે હરિભક્ત કહે : 'બાપા ! આપને એક લેવાની છે. મારો સંકલ્પ છે કે એક શાલ આપ ઓઢો. આપ પસંદ કરો તેને હું સારી રંગાવી આપીશ.'

સ્વામીશ્રી કહે : 'અમારે એવી રંગેલી શાલ ન રખાય. અમે તો ગેરુથી રંગીશું. ધૂળને ધૂળથી જ રંગાય !'

એ વખતે સભામા ગુજરાતના ખ્યાતનામ ભક્તકવિ મકરંદ દવે સામે જ બેઠા હતા. સ્વામીશ્રીના આ ઉદ્ગારો સાંભળીને તેમને અત્યંત ગુણ આવી ગયો. તેમના અંતરમાં થયું કે 'સ્વામીશ્રી સાચે જ સાધુતાના પરમ ભૂષણરૂપ સંતપુરુષ છે. નહીં તો સુંદર પદાર્થમાં ધૂળ નિહાળવાની દૃષ્ટિ ન હોય !'

'હું તો સેવા શોધું છું !'

સ્વામીશ્રી અહીં એક બપોરે હરિભક્તોને જમાડવા, સરભરા કરવા ભંડારમાં પધાર્યા. હંમેશ મુજબ પોતાની ખુરશીમાં બેઠા. થોડી વાર થઈ હશે. સ્વામીશ્રી ખુરશીમાંથી એકલા ઊઠીને બારી પાસે આવ્યા. ઘાટ તરફ જોવા લાગ્યા. પછી પોતાના જમવાના આસન ઉપર બેઠા. બાજુમાં કોઈ હતું નહિ. ખૂણામાં ભંડારના ઠાકોરજીનું સિંહાસન હતું. સ્વામીશ્રી બેઠાં બેઠાં સિંહાસન નજીક આવ્યા. નાનકડું સિંહાસન હાથમાં લઈ પોતાના ગાતરિયાથી સાફ કરવા લાગ્યા. મૂર્તિઓ પણ ગાતરિયાથી લૂછી. બધું બરાબર સ્વચ્છ કરી, સુંદર રીતે ગોઠવી દીધું.

ત્યારે નિર્ગુણ સ્વામી ત્યાં આવી પહોંચ્યા. સ્વામીશ્રીને આ સેવામાં લાગેલા જોઈ જરા ઝંખવાતા તેમણે પૂછ્યું : 'બાપા ! તમે ?'

સ્વામીશ્રી કહે : 'આ તો ભંડારના ઠાકોરજીની દરરોજ સેવા કરવી પડે. મર્યાદા રાખવી પડે. નહીં તો ઠાકોરજી રિસાઈ જાય. હું તો સેવા શોધું છું. આ તક મળી ગઈ.' એમ કહી હસી પડ્યા.

એક સવારે સ્વામીશ્રી પૂજા કરતા હતા. હિમાભાઈના દીકરા ભાસ્કરભાઈ આફ્રિકા જતા પહેલાં સ્વામીશ્રીની રજા લેવા આવ્યા. સ્વામીશ્રીએ તેમને ચાંદલો કર્યો તથા પ્રસાદીનો હાર પહેરાવ્યો. પછી પૂછ્યું : 'તમારા બાપુ આવ્યા છે ?'

'હા.'

'ક્યાં છે ?'

'પેલા દૂર ઊભાં ઊભાં દર્શન કરે છે. આપને તકલીફ ન પડે એટલે.' તેમણે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'તકલીફ શાની ? દર્શન કર્યા વગર અને દૃષ્ટિમાં આવ્યા વગર વયા જાય તો તકલીફ પડશે ! આવો હિમાભાઈ ! તબિયત સારી છે ને ? ફૂંકમાં આવવું.' એમ કહેતાં સ્વામીશ્રીએ હેતનો થાપો આપ્યો.

અક્ષર મંદિરમાં સ્વામીશ્રીનું વ્યક્તિત્વ ઓર ખીલી ઊઠતું. સ્વામીશ્રીના હૃદયના આનંદ-મંદિરનાં બધાં જ દ્વાર અહીં ખૂલી ગયેલાં જણાતાં. અહીં દર્શને આવનાર સ્થાનિક હરિભક્તો પ્રત્યે પણ સ્વામીશ્રીને બહુ પ્રીતિ હતી.

સ્વામીશ્રીની એક ખાસિયત એવી હતી કે જે વ્યક્તિને જે કાર્ય સોપ્યું હોય તે કાર્ય તે વ્યક્તિ જ કરે. મંદિરમાં ઘડિયાળ રિપેર કરવાની સેવા સ્વામીશ્રીએ

હરિભાઈ માસ્તરને સોંપી હતી. તેમના સિવાય બીજા કોઈને ઘડિયાળને અડવાની ના પાડે. મંદિરમાં સભામંડપમાં બે ઘડિયાળ સ્વામીશ્રીના ઉતારામાં ઠાકોરજી પાસે મંદિરમાં તેમજ ઑફિસમાં એમ વિવિધ સ્થળે ઘડિયાળ રહેતાં.

એક વાર હરિભાઈ મોડા આવ્યા. એક ઘડિયાળ બંધ પડ્યું હતું. સ્વામીશ્રી કહે : 'ઘડિયાળને તમારા વગર સોરવતું નથી ! તેથી બંધ પડ્યું છે.'

પછી હસતાં હસતાં બોલ્યા : 'ઘડિયાળનો જીવ નીકળી ગ્યો. હવે હરિભાઈ નવો જીવ મૂકી દેશે !'

આ સાંભળી સૌ હસી પડ્યા. ત્યારે હરિભાઈ કહે : 'આપની શક્તિથી અને કૃપાથી આ બધું ચાલે છે. હું તો માત્ર નિમિત્ત જ છું.'

'ઘડિયાળેય અમને ગાંઠતું નથી, તો બીજો કોણ ભોજ્યો પૂછે ?' સ્વામીશ્રી બોલી ઊઠ્યા. આ સાંભળી ફરી હાસ્યનું મોજું સભામાં ફરી વળ્યું.

થોડી વારમાં ઘડિયાળ ચાલુ થઈ ગઈ. ત્યારે સ્વામીશ્રી કહે : 'જો ચાવી દીધી તે ઘડિયાળ ઊપડ્યું. કટ-કટ-કટ. જે ખાતાના જાણકાર સાહેબ આવે તેનાથી તે કામ સિદ્ધ થાય. તેમ મોક્ષના દેનારા આવે તો જ મોક્ષ થાય, આટલું જ સમજવાનું છે.'

અક્ષર ઘાટમાં સ્નાનનો મહિમા

સ્વામીશ્રી અહીં રહેતા એ દરમ્યાન લગભગ રોજ રાત્રે સભામાં જ, વહેલી સવારે ઘાટમાં સ્નાન કરવા જવાની સૌને આજ્ઞા કરે. પહેલાં સ્વામીશ્રી પોતે ૪-૦૦ વાગે નદીએ નાહવા જતા એ સ્મૃતિ કરાવે. અને પછી કહે : 'મારા જેવા અને આ રાજારામ બાપા, હરભમજી બાપુ જેવા બધા અહીં ઊના પાણીએ ન્હાય. બાકીના બધાએ ઘાટમાં જવાનું છે.'

પછી યોગીપ્રસાદ સ્વામીને બોલાવીને કહે : 'તમે અક્ષર દેરીના પૂજારી, તમારે ઘાટનો દરવાજો ખોલવો અને પગથિયાંની બત્તી ચાલુ કરવી. જેથી કોઈ હરિભક્ત પગથિયું ચૂકી જઈને અંધારામાં પડી ન જાય.'

પોતાને સ્નાન કરાવવા આવતા દરેક યુવકને સ્વામીશ્રી પહેલાં ઘાટમાં નાહવા મોકલતા, પછી તે યુવકને નવડાવવાની સેવા કરવાની તક મળતી.

મંદિરના સેવકો

મંદિરના નાના-મોટા સંતો-ભગતોની સ્વામીશ્રી બહુ ખબર રાખતા.

એવા એક બહુ જૂના ભગત હતા - પુરુષોત્તમ ભગત. જેઓ મંદિરની અનેકવિધ સેવા કરતા. ગોંડલ અને ગોંડલ તાલુકાનાં ગામડાંઓમાં સત્સંગીઓ, અન્ય સંપ્રદાયના ભક્તજનો તેમજ રસ્તે જતો કોઈપણ માણસ તેમને ન ઓળખે તેવું ન બને.

તેઓ મૂળ થાણાપીપળી ગામના વતની. અને નામ હતું જસમતભાઈ. સંવત ૧૯૮૫માં થાણાપીપળી ગામે હનુમાનજીની પ્રતિષ્ઠા કરવા માટે જૂનાગઢથી સદ્ગુરુ નારણદાસ સ્વામી આવેલા. ત્યારે જસમતભાઈ દર્શને આવ્યા. હરિભક્તોએ કહ્યું : 'સ્વામી ! આ છોકરાને આશીર્વાદ આપો.' નારણદાસ સ્વામીએ તેમને આશીર્વાદ આપી માથે હાથ મૂક્યો હતો.

ત્યારપછી લગભગ પાંચ-છ વર્ષે જૂનાગઢ જઈને સાધુ થયા. ત્યાં તેમણે શાસ્ત્રીજી મહારાજના મહિમાની કેટલીક વાતો સાંભળી. તેથી જૂનાગઢથી નીકળી ગોંડલ આવ્યા. અને શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજીવન સેવામાં જોડાઈ ગયા.

આવા જ બીજા એક સેવાભાવી સંત ધર્મકિશોર સ્વામીને પણ સ્વામીશ્રી યાદ કરતા. આમ તો તેઓ કચ્છના દેવપુર ગામના વતની. સત્સંગી નહીં, પણ એક વાર સ્વામીશ્રીની મૂર્તિ જોતાં જ તેમને ખૂબ આકર્ષણ થયું. તેઓ રોજ તે મૂર્તિને થાળ ધરીને પછી જ જમતા. એ પછી સ્વામીશ્રીએ દિવ્યરૂપે દર્શન આપી, તેમને આશીર્વાદ આપ્યા હતા. તેમની આસ્થા વધતી ગઈ. અને સ્વામીશ્રીના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સાધુ થયા અને ભંડારમાં સેવા કરતા. સ્વામીશ્રીની આજ્ઞાથી ઠાકોરજી માટે ફૂલ વીણવાં, હાર કરવા વગેરે દેવસેવા તેઓ ઉત્સાહપૂર્વક કરતા. મંદિરની વાડીમાં ફૂલ વીણતાં એક વાર તેમને શ્રીજી-મહારાજનાં શ્વેત વસ્ત્ર પરિધાનમાં દર્શન થયાં હતાં.

ભજન ન કરીએ તો ઋણ ચડે

તા. ૬-૧૧-'૬૭, સ્વામીશ્રી મોટરમાં જૂનાગઢ જઈ રહ્યા હતા અને સાથે બીજી ચાર મોટરોમાં સંતો-હરિભક્તો હતા. સ્વામીશ્રી ચંદુભાઈ અનડાની ડીસોટો કારમાં બિરાજ્યા હતા.

સંધ્યા આરતીનો સમય થયો હતો. જેતપુરનું રેલવે ફાટક બંધ હોવાથી બધી મોટરો ઊભી રહી. ત્યારે સર્વે સંતો સ્વામીશ્રીની મોટર પાસે દોડી આવ્યા. જોડિયા સંત સ્વામીશ્રીની મોટરમાં મોં રાખીને ઊભા હતા. સ્વામીશ્રીએ તેમને

સંબોધીને કહ્યું કે 'ગોડી-આરતી કરી લીધી ? અષ્ટકો બોલ્યા ?'

કોઈ બોલ્યું નહીં તેથી સ્વામીશ્રી સમજી ગયા. અને સૌને ઉદ્દેશીને કહે : 'આપણે મહારાજને આશરે આવ્યા એટલે આપણી બધી ફિકર મહારાજે લીધી છે. ટાઈમે ખાવાનું, લૂગડાં આપે છે. હરિભક્તોની મોટરમાં બેસાડે છે. હવે જો આપણે ભજન ન કરીએ, તો આ બધું ઋણ ચડે.'

એમ કહી સ્વામીશ્રી સાખી બોલ્યા કે –

'સત્સંગી કા ટુકડા, નવ નવ આગળ દંત;
ભજન કરે તો ઊગરે, નહીં તો કાઢે અંત.'

'માટે આપણે તો નિરંતર ભગવાન ભજવા. ભજન કરવું. ગોડી, આરતી, અષ્ટક, ચેષ્ટા નત કરવું. એમા ખાડો ન પાડવો...'

એટલામાં રેલવે ફાટક ખૂલ્યું. સ્વામીશ્રી કહે : 'જાવ, આરતી કરી લ્યો અને જૂનાગઢ જઈને બધા વધારાના પાંચ પાંચ દંડવત્ ઠાકોરજીને કરી લેજો !'

પછી જૂનાગઢ આવી ઉતારે પધાર્યા.

ઈગલ સિમેન્ટ પાઇપ ફેક્ટરીમાં નારણદાસ પાંઉ તથા સ્થાનિક વેપારી મંડળે સ્વાગત કર્યું. મયારામજીના આશ્રમમાં રાત્રે જાહેર સત્સંગ થયો.

વળતી સવારે મંદિરે દર્શન કરી, સ્વામીશ્રી પોતાના ગુરુભાઈ તથા બાલસખા અક્ષરપુરુષ સ્વામી, ભક્તિતનય સ્વામી, હરિપ્રસાદ સ્વામી વગેરે સંતોને મળ્યા અને પહેલાં સાથે રહીને જે આનંદ કર્યો હતો તેની જૂની જૂની વાતો યાદ કરીને તથા પ્રસાદીની વાતો સૌને કહીને આનંદ કરાવ્યો. સર્વે સખાઓએ સ્વામીશ્રીના અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન કાર્યની ખૂબ પ્રશંસા કરી હતી.

યૌવન મનને મરોડતા

અહીં લોહાણા મહાજનની વાડીમાં સ્વામીશ્રીનો મુકામ હતો. બપોરે દૂધપાક-પૂરીની રસોઈ હતી. સ્વામીશ્રીએ સર્વે સંતો-યુવકોને ખૂબ જ જમાડ્યા. વાસુદેવભાઈ દેવાણી(મોમ્બાસાવાળા)ને થયું : 'આજે નિરાંતે ઊંઘીશું. કારણ, બાપાએ દૂધપાક બહુ જમાડ્યો છે.'

પરંતુ સ્વામીશ્રીએ જમ્યા પછી સૌને આજ્ઞા કરી કે 'ગિરનાર ઠેઠ સુધી ચડી આવો. ઉપર દત્તાત્રેયની ટૂક સુધી શ્રીજીમહારાજ ગયેલા. ત્યાં સુધી દર્શન કરી, સૌ પાછા આવજો.'

વાસુદેવભાઈને તો આ સાંભળીને ફાળ પડી. તેઓ યુવકોને કહે : 'ભારે કરી

બાપાએ ! દૂધપાક ખવરાવ્યો, પણ આપણા ઊંઘવાના સંકલ્પને તોડી પાડ્યો !'

મૂળ તો સ્થૂળકાય વાસુદેવભાઈને ખૂબ જમ્યા પછી ગિરનાર ચડવામાં આંચકો લાગે તે સ્વાભાવિક હતું. સ્વામીશ્રી કે જેઓ ભાગ્યે જ ગિરનાર ચડવાની સામેથી આજ્ઞા કરે ! એમણે આજે સૌ યુવાન સેવકોનાં મનના ભુક્કા કરી નાખ્યા.

મોટાપુરુષની રીત અકળ હોય છે. બકરાને ખૂબ ખબરાવી પછી જેમ સિંહ પાસે ઊભો રાખે તેવી દશા યુવકોની સ્વામીશ્રીએ કરી. પણ એમનો આશય બહુ મોટો હોય છે. ધીરે ધીરે પણ પોતાના આશ્રિતને અમનની ભૂમિકા તરફ લઈ જાય છે. નિઃશંક થઈને કોઈ આજ્ઞા પાળે તો ન્યાલ થઈ જાય છે.

રાત્રે અનંત ધર્માલયમાં સ્વામીશ્રીના અધ્યક્ષપદે જાહેર સત્સંગ સભા યોજાઈ હતી. એ.પી. પટેલ, પ્રો. શિવેન્દ્રકુમાર, નારણભાઈ, ગુણવંત દાણી, લાભુભાઈ પુરાણી, બાળમુકુંદ સ્વામી વગેરે વક્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કરી સ્વામીશ્રીનો મહિમા વર્ણવ્યો.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં, *'પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા'* એ નરસિંહ મહેતાનું પદ ગાઈને સૌને તેનો ભાવાર્થ પોતાની લાક્ષણિક શૈલીમાં સમજાવ્યો. સાથે સાથે માર્મિક શબ્દોમાં ખરેખર પોતાને શું વહાલું છે તે પણ જણાવ્યું. મીઠી હલકે, તાળીઓના પડકારા સાથે, ડોલતાં ડોલતાં, પ્રભુમાં મગ્ન હૃદયે જ્યારે સ્વામીશ્રીએ આ પદ ગાયું ત્યારે જૂનાગઢની જનતાને સ્વામીશ્રીમાં જાણે નરસિંહ મહેતાનાં દર્શન થઈ રહ્યાં હોય એવો અલૌકિક આનંદ થયો.

આવે શામળિયો સામેથી દોડી !

બીજે દિવસે સાંજે શાપુર પધરામણી કરી. પછી ધોરાજીથી ગોંડલ આવતાં જેતપુર આવ્યું ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે ગામમાં જવું છે.'

સ્વામીશ્રી સાથે બાલમુકુન્દ સ્વામી, ભગવત્‌સિંહ બાપુ, કુસુમરાય દીવાન તથા ધોરાજીના જાદવભાઈ પટેલના દીકરા હતા. સૌને થયું કે મંદિરે દર્શને જવાની સ્વામીશ્રીની ઇચ્છા હશે. પણ ગામમાં પ્રવેશતાં જ સ્વામીશ્રી કહે : 'તમે ખોડપરું જોયું છે ?'

કુસુમરાય કહે : 'મેં જોયું છે.'

સ્વામીશ્રી કહે : 'ત્યાં ગાડી લ્યો.'

ગાડી ખોડપરામાં લીધી. ત્યાં નાની નાની ઘણી ગલીઓ હતી. પણ સ્વામીશ્રીની સ્મૃતિ ઘણી તીવ્ર. તેથી એક રહેણાંકનું ઘર આવતાં જ સ્વામીશ્રીએ

શેરી બતાવીને કહ્યું : 'અહીં લઈ લ્યો.' ત્યાંથી નીકળીને મુખ્ય રસ્તા પર આવ્યા. ત્યાં સ્વામીશ્રી કહે : 'અહીં રાજાભાઈ રાઠોડના ઘરનું પૂછો.'

કુસુમરાયે નીચે ઊતરીને પૂછ્યું ત્યારે જવાબ મળ્યો કે 'રાજાભાઈ રાઠોડ નથી, પણ રાજાભાઈ મોચી રહે છે.'

સ્વામીશ્રી આ સાંભળીને હસી પડ્યા અને બોલ્યા : 'હા, અમારે એ જ રાજાભાઈનું કામ છે.'

તેમનું ઘર સામે જ હતું. સ્વામીશ્રી પધાર્યા છે તે જાણી, તેમના અંતરમાં આનંદ સમાતો નહોતો. ઘરમાંથી મહિલાઓ બહાર આવી ગયાં પછી સ્વામીશ્રી, બાલમુકુન્દ સ્વામી હરિભક્તો સાથે ઘરમાં પધાર્યા. ઘરની ગરીબાઈ ઊડીને આંખે વળગે તેવી હતી. સ્વામીશ્રી એક કોથળા ઉપર જ નીચે બેસી ગયા અને રાજાભાઈને પાસે બેસાડીને અત્યંત પ્રેમપૂર્વક બધાં ખબર-અંતર પૂછ્યાં. બીજા પંદર-વીસ જેટલા હરિભક્તો તેમજ ગુણબુદ્ધિવાળા હરિભક્તોને યાદ કરીને કુશળ સમાચાર પૂછ્યા. સ્વામીશ્રીની ભક્તવત્સલતા સાથે નાની શેરીમાં આવેલા આ ઘરની ઇદં સ્મૃતિશક્તિ જોતાં કુસુમરાય તથા ભગવત્‌સિંહ બાપુને અત્યંત આશ્ચર્ય થયું.

એવામાં સ્વામીશ્રીએ બાલમુકુન્દ સ્વામીને કહ્યું : 'અન્નકૂટના પ્રસાદનું પોટલું લાવો.' તેઓ લાવ્યા. સ્વામીશ્રીએ રાજાભાઈને પ્રસાદ આપ્યો. બીજાં ૨૦-૨૫ પડીકાં અન્ય ભક્તો માટે આપ્યાં. પછી કહે : 'અમે તમને દર વર્ષે પ્રસાદ મોકલીએ છીએ તે મળે છે ને !'

તેઓ કહે : 'બાપા ! આટલાં વર્ષે આજે મને પ્રસાદ મળ્યો !'

આ સાંભળી બાલમુકુન્દ સ્વામીને મીઠો ઠપકો આપતાં સ્વામીશ્રી કહે : 'હવેથી રાજાભાઈની સંભાળ તમારે લેવી. અમારે જ્યારે ઊતરવા-રહેવા કાંઈ ઠેકાણું નહોતું, ત્યારે રાજાભાઈએ અમને આઠ-આઠ દિવસ રોક્યા છે. એવા જૂના મોટા હરિભક્ત છે !'

રાજાભાઈ તો આ મહાપુરુષનો પ્રેમ પામી ધન્ય થઈ ગયા. ગદ્‌ગદ થતાં તેમણે સ્વામીશ્રીને વિદાય આપી.

સ્વામીશ્રી વીરપુર સ્વામિનારાયણ મંદિરે પધારી, જૂના સત્સંગી-હરિભક્તોને મળ્યા. પ્રસાદ આપ્યો. પછી જલારામ મંદિરે પણ દર્શને ગયા. અહીં ગિરધરબાપાની ખબર પૂછીને ગોંડલ પધાર્યા.

રાજકોટ, લીંબડી, સુરેન્દ્રનગર થઈ, તા. ૧૧મીએ રાત્રે ૧૦-૩૦ વાગે

અમદાવાદ આવી પહોંચ્યા. નવી ભોજનશાળામાં કથાવાર્તા કરી સૌને આનંદ કરાવ્યો અને રાત્રે ૧૧-૩૦ વાગે સૌને મળીને આરામમાં પધાર્યા.

આ વખતે અહીં નરોડામાં આવેલી રિલાયન્સ મિલમાં પધરામણીનું આયોજન થયું. આ મિલમાં આગળ પડતો હોદ્દો ધરાવતા પ્રભુદાસ કોઠારીને એડનમાં સ્વામીશ્રીનો યોગ થયો હતો. મિલની શરૂઆત જ થયેલી. તેથી પ્રભુદાસભાઈ અને તેમના ભાઈ સુશીલભાઈ સ્વામીશ્રીને પગલાં કરવા ત્યાં તેડી ગયા. બંને ભાઈઓને સ્વામીશ્રીમાં ઘણી શ્રદ્ધા હતી. મિલમાં પધારી સ્વામીશ્રીએ બધાં મશીનો ઉપર પુષ્પો છાંટ્યાં. હજુ ઘણો વિભાગ ખાલી હતો. તે જોતાં સ્વામીશ્રી કહે : 'અહીં ચારેકોર સંચા જ થઈ જશે. મિલ સારી ચાલશે.'

સૌ કાર્યકર્તાઓને શુભાશિષ આપ્યા. સ્વામીશ્રીના વચને 'વિમલ' નામે ઓળખાતી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની આ મિલનો અનેક ગણો વિકાસ થયો.

મહારાજ વસેલા એટલે વસો

તા. ૧૩મીએ અમદાવાદથી નીકળી, અસલાલી, જેતલપુર દર્શન કરી વસો પધાર્યા. અહીં ગામથી બે માઈલ દૂર આવેલા ભાભારામના મંદિરે દર્શન કર્યાં. છેલ્લાં ૫૦૦ વર્ષથી અહીં અખંડ ઘીનો દીવો બળે છે. વસોમાં અદ્‌ભુત શોભાયાત્રાનું આયોજન કાર્યકર્તાઓએ કર્યું હતું.

બીજે દિવસે સવારે દાદા સૂરજદાસની ખડકીના થાંભલે શ્રીજીમહારાજે ઘોડી બાંધેલી, તે પ્રસાદીના થાંભલા પાસે ઓટા ઉપર સભા કરી. બપોર પછી રતિલાલ માસ્તરને ત્યાં પ્રસાદીની બારી છે, જે ઉપર શ્રીજીમહારાજે બિરાજીને સભા કરેલી, ત્યાં દર્શને ગયા.

એક હરિભક્તને સંકલ્પ થયો કે શ્રીજીમહારાજ કેવી રીતે બેઠા હશે ?

થોડી વારે સ્વામીશ્રી પલાંઠી વાળીને બેઠા ને હાથનું લટકું કરતાં બોલ્યા : 'શ્રીજીમહારાજ આમ બિરાજ્યા હતા !'

સૌને જાણે સાક્ષાત્‌ શ્રીજીમહારાજના સાંનિધ્યનું સુખ આવ્યું. સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી, અલૌકિક આનંદ કરાવ્યો.

પછી વાત કરતાં કહે : 'વસો નામ ક્યારે પડેલું ઈ ખબર નથી, પણ આપણે તો મહારાજ અહીં વસેલા એટલે વસો. શ્રીજીમહારાજ ઊતરેલા હોય ઈ સોનાની ભૂમિ ગણવી. બે હજાર વર્ષમાં તો આ બધું સોનાનું થઈ જશે. વસોમાંથી મહારાજ ખસશે નહીં. બધાને સુખ આપશે. આશીર્વાદ આપીએ છીએ.'

સ્મરણીય લીલા

બાદ પેટલી થઈ, ડેમોલ પધાર્યા.

પ્રમુખસ્વામી પણ અહીં સાથે જ હતા. તેમને તાવ આવ્યો હતો. માથું સખત દુઃખતું હતું. તે રાતે ઠંડી પણ ખૂબ પડી. સવારે ઉકાળા-પાણી કરી, સ્વામીશ્રી રામોલ જવા નીકળ્યા. અહીં હરિભક્તો પધરામણી માટે આગ્રહ કરવા લાગ્યા. ત્યારે કહે : 'અમારા વતી પ્રમુખસ્વામી પધરામણીએ પધારશે.'

'પણ, બાપા ! નિશાળમાં સભા પણ રાખી છે.

'એમાંય આવશે. પ્રમુખસ્વામી બહુ મોટા છે. સંસ્થાના ધણી છે.' એમ કહી રામોલ જવા નીકળ્યા.

આ બાજુ તાવ અને શરીરે કળતરમાં પીડાતા તેમજ ચાલતાં ચાલતાં પગ ધ્રૂજે ને ચેન ન પડે એવી અવસ્થામાં પ્રમુખસ્વામીએ ૪૫ પધરામણી કરી, સ્વામીશ્રીની આજ્ઞા શિર સાટે પાળી.

નિશાળમાં સભા કરી, તેઓ રામોલ પહોંચ્યા. અહીં દૂધ-ડેરીના ઓટલે બિરાજી સ્વામીશ્રી જાહેર સભાને લાભ આપતા હતા. દેવચરણ સ્વામી વગેરેને એમ કે પ્રમુખસ્વામી માટે આરામની વ્યવસ્થા કરીએ. ત્યાં તો સ્વામીશ્રીએ જાહેર કર્યું કે 'હવે અમારા પ્રમુખસ્વામી આવ્યા છે, તે વાત કરશે.' એમ કહી તેઓ ઉતારે પધાર્યા.

પ્રમુખસ્વામીના અંગે અંગમાં ઠંડી વ્યાપી ગઈ હતી. બોલવામાં તકલીફ પડતી હતી. તે છતાં થોડી વાત કરી. પછી હકાભાઈ પરિસ્થિતિ પારખી અડધા પ્રવચને ઉતારે લઈ ગયા.

સ્વામીશ્રીને પ્રમુખસ્વામીનો એવો વિશ્વાસ કે આમને આજ્ઞા કરીશ તો સારધાર પાળશે, અને પ્રમુખસ્વામીને પણ એવું તાન કે દેહનું જે થવાનું હોય તે થાય પણ સ્વામીશ્રીની આજ્ઞા ક્યાંથી ! આ વિશ્વાસ અને મહિમાના ગુણોનો સુભગ સમન્વય સધાય ત્યારે આદર્શ ગુરુનું તેજ અને આદર્શ શિષ્યની પ્રતિભાનું અનોખું સામંજસ્ય સ્થપાય છે.

અમૃત મહોત્સવ પછી સારાયે ગુજરાતમાં ગામોગામ અને શહેરે શહેરે સ્વામીશ્રીનાં દર્શનની ઉત્કંઠા મુમુક્ષુ જનતામાં ભારે પ્રસરી ગઈ હતી. તેથી દરેક જગ્યાએ લોકો સ્વામીશ્રીનાં દર્શન માટે ઊમટતા. જાહેર સમારંભો કરતા. સ્વામીશ્રીને સન્માનતા. માનપત્ર આપતા. તેમજ શોભાયાત્રાઓ યોજી પોતાની

હૃદયભાવના પ્રદર્શિત કરતા. સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી લોકોનાં હૃદયમાં ભક્તિનાં પૂર ઊમટતાં અને ભગવદ્‌ભિમુખ થવાની અલૌકિક પ્રેરણા સૌને આપોઆપ મળતી.

સ્વામીશ્રીના વિચરણથી લોકોમાં ધર્મની અનેરી જાગૃતિ આવતી. કોઈ અંતરમાં ખાલીપણું અનુભવતા હોય કે કોઈ ગુરુની ખોજમાં હોય, તે દરેકને અંતઃસ્ફૂરણાથી જ જાણે સ્વામીશ્રીમાં અનેરું આકર્ષણ થવા લાગતું. જાણે જન્મ-જન્માંતરથી ખોળતા હોય એમ અનેક મુમુક્ષુઓ સ્વામીશ્રીનાં ચરણોમાં માથું ઝુકાવતા. આમ, અમૃત મહોત્સવથી જાદુઈ ઉદ્‌ઘોષ સમાજમાં પ્રસરી રહ્યો હતો.

તા. ૧૬મીએ સાંજે પલાણા, ડભાણ થઈ, નડિયાદ ઈશ્વરભાઈ દેસાઈને બંગલે પુષ્પો છાંટ્યા.

રાત્રે બોચાસણ આવી પહોંચ્યા. કાર્તિક પૂર્ણિમાના સમૈયામાં પ્રમુખસ્વામી તથા સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા અને શાસ્ત્રીજી મહારાજની સંસ્થાને આશરે રહી, બીજા સાંધા તોડી, એક નિષ્ઠા રાખી સત્સંગ કરવા અનુરોધ કર્યો.

તા. ૧૮મીએ આર.યુ. પટેલને વિદાય આપી, પેટલાદ થઈ, ઘણા વખતના આગ્રહને માન આપી, પાળજ - મોતીભાઈ આફ્રિકાવાળાને ત્યાં પધાર્યા. નવા મકાનનું ખાતમુહૂર્ત કર્યું. સોજિત્રામાં વિષ્ણુભાઈ આફ્રિકાવાળા તથા પેટલીમાં ઉમેદભાઈને ત્યાં પધારી, સમગ્ર ગ્રામજનોના ભાવ પૂરા કરી, પીપળાવ પધાર્યા. તા. ૨૦મીએ સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ કહ્યું હતું :

'પીપળાવ ગામ મહાપ્રસાદીનું છે, શાસ્ત્રીજી મહારાજ અહીં ઘણી વાર આવતા. આપણા વૃદ્ધ સંત ગોવિંદ સ્વામી ધર્માદો ઊઘરાવવા અહીં આવતા. અનેક ઉપાધિઓનો સામનો કરી સત્સંગ કરાવ્યો. બિનસત્સંગીઓ ગોવિંદ સ્વામીનો પક્ષ રાખતા. એમ કરતાં કરતાં સત્સંગ વધ્યો. પછી દર વર્ષે ગામમાંથી ધર્માદો આવતો. કાલીદાસભાઈ શૂરવીર થયા તો આ લાભ સૌને મળ્યો.'

સાંજે આચાર્યશ્રીના આગ્રહથી નિશાળના મુખ્ય હૉલમાં વિદ્યાર્થીઓની સભા થઈ. સત્યપ્રિય સ્વામીએ ધર્મના સંસ્કારો વિશે કહ્યું. ગુણવંત દાણીએ સ્વામીશ્રીના બાલ્યકાળના કેટલાક પ્રેરક જીવન પ્રસંગો વર્ણવી યુવકોને સત્ય, નીતિ અને સદાચારના પંથે કેમ વળવું તે સમજાવ્યું હતું.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'પ્રમુખસ્વામી પહેલાં અહીં આવેલા અને ગામની પાણીની ટાંકીનું ઉદ્‌ઘાટન કરેલું. કાલીદાસભાઈનો આગ્રહ છતાં બીજા વિચરણને લીધે અમારે આવવાનું બનતું નહિ. આ સ્કૂલ બહુ જ વધશે.

વિદ્યાર્થીઓ ખૂબ જ ભણશે. ગામની આબાદી વધશે.'

પ્રમુખસ્વામીએ પણ યુવકોને સદ્‌વર્તન, શીલ આદિ ગુણો કેળવી આગળ વધવા પ્રેરણા આપી હતી.

અહીંના સોમાભાઈ નામના એક મુમુક્ષુ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને આંખે દેખાતું ન હતું. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેટલાં વરસ થયાં ?'

'૮૫ વરસ થયાં.'

'અહોહો ! બહુ મોટી ઉંમર. ગાડીના આરાય ઘસાઈ જાય !'

'આપે ઘરે પગલાં કર્યાં હોત તો હું બહુ રાજી થાત. હું બહાર નીકળતો નથી.' સોમાભાઈએ કહ્યું.

ત્યારે બીજા હરિભક્તો કહે : 'બાપા બીમાર છે તેથી બહાર જતા નથી.'

'આપણે બેય સરખા. હુંય બહાર જતો નથી ને તમે પણ નહિ.' સ્વામીશ્રી તેમના હાથ પકડી કહેવા લાગ્યા.

એ વખતે પેટલીથી ઉમેદભાઈ નામે એક હરિભક્ત આવ્યા. તેમણે કહ્યું : 'બાપા ! પીપળાવને બે દિવસ આપ્યા. અમારે ત્યાં એક દહાડો રહ્યા !'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'પેટલી બે વખત તો આવી ગયા. ધૂડ્ય (ધૂળ) ખાધી.' (કાચો રસ્તો હોવાથી ધૂળ બહુ ઊડતી હતી).

ત્યારે ઉમેદભાઈ કહે : 'બાપા ! અમે પચાસ વખત અધિકારીઓ અને પ્રધાનોને મળ્યા, પણ રસ્તાનું ઠેકાણું ન પડ્યું.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'હવે પગલાં પડ્યાં એટલે રસ્તો થઈ જશે.' એમ આનંદ કરાવ્યો.

રાતે જાહેર સભા પછી ઉતારે આવી સ્વામીશ્રી સ્નાન કરવા પધાર્યા. ગુણવંત હાથ ધોવરાવતો હતો. ત્યારે સ્વામીશ્રી કહે : 'હું પણ શાસ્ત્રીજી મહારાજના હાથ ધોવરાવતો.' એમ ગૌરવથી કહ્યું અને વર્ષો પહેલાં કરેલી સેવાની સ્મૃતિ કરાવી.

સ્વામીશ્રીનાં દર્શને ગોરિયાદના બે યુવકો રાત્રે સૂતાં પહેલાં આવ્યા. સ્વામીશ્રીએ આવતાં જ પૂછ્યું : 'આવતીકાલે ઉપવાસ કરશો ?' બંને યુવકોએ હસીને 'હા' પાડી. પછી સ્વામીશ્રીએ ધબ્બો મારીને આશીર્વાદ આપ્યા. એમ પાંચ યુવકોને હંમેશાં ઉપવાસ આપવાનો આજનો નિયમ હસતાં હસતાં પૂરો કર્યો.

બીજે દિવસે સવારે ઈસણાવ મંદિરે દર્શને પધાર્યા હતા. શાસ્ત્રીજી મહારાજ આ મંદિરમાં જ્યારે જ્યારે પધારતા ત્યારે જે થાંભલે બેસતા, જ્યાં

સૂતા, જ્યાં જમતા વગેરે સ્થાનો સ્વામીશ્રીએ સ્વયં બતાવી સૌને દર્શન કરાવ્યાં. ગુરુભક્તિનું દર્શન કરાવ્યું. ગોવિંદ સ્વામીએ આ ગામમાં બહુ કષ્ટ વેઠીને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવી હતી.

તીર્થરાજ

સાંજે પીપળાવથી મહેળાવ પધાર્યા. આરતી કરી, સભામાં આશીર્વાદ આપતાં કહ્યું : 'બ્રહ્માંડમાં જેટલાં તીર્થમાત્ર છે, એટલાં તીર્થનું ફળ આ સ્થાનમાં આવી શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યે મળે છે. ગામના હરિભક્તોને ફળ જોઈતું હોય તો દરરોજ એક વાર મંદિરે આવી જવું. શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ બ્રહ્માંડમાં ન મળે. જો અહીં મહેળાવમાં પ્રગટ થયા તો આપણને આવો અલભ્ય લાભ મળ્યો, તો દરેકે લાભ લેવો.'

તીર્થધામ મહેળાવમાં સવારે સ્નાન કરતી વખતે સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ કેમ સ્નાન કરતા ? કેવી રીતે લોટાથી પાણી રેડતા ? તે સ્મૃતિ કરીએ. એટલે શાસ્ત્રીજી મહારાજ જ સ્નાન કરતા હોય એ રૂપ બની જઈએ.' એમ સ્નાન કરતાં કરતાં એક મિનિટ સુધી અટકીને સ્વામીશ્રીએ વાત કરી. ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપ સાથે પોતાની એકતા બતાવી.

તા. ૨૨મીએ સવારે વડતાલમાં સર્વ પ્રસાદી સ્થાનોનાં દર્શન કરી, ખેડા, માતર થઈ, તારાપુર પાસે કિસાન વિજય રાઈસ મિલ્સનું ઉદ્‌ઘાટન કરી, તારાપુર, ડુંગરી, ટીંબા થઈ, મહીજડા પધાર્યા.

શ્વાસોશ્વાસ ભજનરટ લાગી

સ્વામીશ્રી અહીં બે રાત રહ્યા ત્યારે સ્થાનિક હરિભક્તોએ હિમાભાઈ પુરુષોત્તમદાસને સવારે ગરમ પાણી પહોંચાડવાની સેવા સોંપી હતી. સ્વામીશ્રીનો ઉતારો જે ઓરડામાં હતો ત્યાં જ તેઓ સૂઈ જતા.

એક વાર મોડી રાતે તેઓ અચાનક જાગી ગયા. જોયું તો સ્વામીશ્રી પથારીમાં બેઠાં બેઠાં માળા ફેરવી રહ્યા હતા ! તેઓ જાગતાં બેસી રહ્યા કે 'સ્વામીશ્રી ક્યારે સૂવે છે તે જોઉં !' પણ એમ ને એમ આખી રાત પસાર થઈ ગઈ ! સ્વામીશ્રી માળા ફેરવતા જ રહ્યા ! જેને કાંઈ અધૂરું નથી, એ પુરુષ શું ભક્તોનાં હિત માટે માળા ફેરવતા હશે ?

અહીંથી નાઝ થઈ, વસઈમાં ૧૦૦ જેટલા યુવાનો અને ૫૦ જેટલા

વડીલોને વર્તમાન ધરાવી, સ્વામિનારાયણના આશ્રિત બનાવ્યા. તેમને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'અમે તમને કંઠી બાંધી તે સર્વ વ્યસન મૂકી દેવાં. હોકા પીવા નહિ. અભક્ષ્ય વસ્તુ ન ખવાય. સર્વે ફેલ મૂકી દેવાં. દરેકે બે વખત મંદિરે દર્શન કરવા આવવું. દર રવિવારે મંડળને બોલાવી પત્રિકાનું વાચન કરી, સભા ભરવી.'

આણંદના જીવાભાઈ ભગત પોતાની મોટર લઈ વિચરણમાં સ્વામીશ્રીની સેવા કરતા હતા. મણિભાઈ જીવાભાઈનું સ્ટેશન વેગન પણ સાથે હતું. આમ, હરિભક્તોના સહકારથી સત્સંગ-પ્રચારનું કાર્ય વેગથી આગળ વધી રહ્યું હતું.

તા. ૨૫મીએ ચિત્રાસર આવ્યા. અહીં બપોરે આરામ કરીને ઊઠ્યા ત્યારે વાત કરી : 'આજે મોટાસ્વામીએ દર્શન દીધાં. મોટાસ્વામી અને એક સાધુ ખીચડી જમતા હતા. મોટાસ્વામી કહે : 'આવો જોગી, ખીચડી જમો.' મેં કહ્યું : 'ના સ્વામી ! હું જમીને આવ્યો છું. પત્તર બાંધી લીધાં છે.' પણ કહે : 'જમવું જ પડશે.' પછી મને પણ જમાડ્યો. ત્યાં આંખ ખૂલી ગઈ.'

ત્યારપછી બપોરે ટપાલ લખવા બેઠા. યોગેશ્વર સ્વામીએ મને મુંબઈ લખેલો પત્ર તેઓ સહી કરાવવા લાવ્યા. જગ્યા ઘણી હતી, છતાં યોગેશ્વર સ્વામી કહે : 'બાપા ! બે લીટી જ આશીર્વાદની લખશો.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'બિલાડીને દૂધ આપ્યું પછી કહે, 'થોડું પીજે;' પણ પછી એ બાકી રહેવા દે ! બધું જ પી જાય. આ તો ઈશ્વર સ્વામીને કાગળ લખ્યો. એમાં ધર્માદાની વિગત બધું વધારે લખવું જોઈએ ને ?'

પછી શ્રીજીપુરા આવ્યા. અહીં માધવલાલ શાહ, ગોરધનદાસ પટેલ, ગોવિંદભાઈ વગેરે દર્શને આવ્યા હતા. માધવલાલ શાહે પ્રવચનમાં જણાવ્યું : 'યોગીજી મહારાજના આશીર્વાદથી સર્વે કાર્યો સિદ્ધ થાય છે, એ મને અનુભવ છે. તેમાં જરાપણ શંકાને સ્થાન નથી. તેમના જ આશીર્વાદથી શ્રીજીપુરામાં સ્વામિનારાયણનું સારું મંદિર અને સ્કૂલ તૈયાર થઈ જશે. તેમના આદેશ મુજબ આ ગામ નિર્વ્યસની, સ્વાવલંબી અને સ્વાશ્રયી થશે. સૌ સદાચારી થશે એની મને ખાત્રી છે.'

શાસ્ત્રીજી મહારાજે ભાદરામાં પ્રતિષ્ઠા કરી

અહીંથી નાયકા થઈ, છોટાભાઈને ત્યાં નવાગામ પધારી, સમાદરા, ભાલિયાપુરા થઈ, સાંખેજ ભગવતીભાઈને ત્યાં સૌને લાભ આપ્યો.

અહીં બપોરે સ્વામીશ્રી ઊઠ્યા ત્યારે વાત કરી કે 'આજે ભાદરા-ગુણાતીતનગરની સ્મૃતિ કરતો હતો, ત્યાં શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. મંદિર ભાદરામાં પૂરું થઈ ગયું હતું. મને કહે : 'જોગી ! ઠાકોરજી મૂકો. પધરાવીએ.' પછી મેં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સિંહાસનમાં મૂકી ને શાસ્ત્રીજી મહારાજે આરતી ઉતારી.'

આ પ્રમાણે અલૌકિક દર્શનની વાત કરી. પોતાના પ્રિય સ્થાન ભાદરા મંદિરમાં પોતે પ્રતિષ્ઠા કરે તે પહેલાં પોતાના પ્રાણપ્યારા ગુરુહરિ પાસે આરતી ઊતરાવી, ગુરુભક્તિનું દર્શન કરાવ્યું.

અહીં રામજીભાઈ રબારીને સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન થયાં. શિનોરના ભાઈલાલભાઈ સાથે એક વાર તેઓ વડતાલ દર્શને ગયા હતા. ત્યારથી એકાંતિક સંતને મેળવવાની તેમને ભૂખ જાગેલી. પ્રમુખસ્વામીને પ્રથમ સાંખેજમાં મળ્યા ત્યારે એમણે કહેલું કે 'યોગીજી મહારાજ એવા પુરુષ છે, તો તેમાં જોડાઈ જવું.'

આ વખતે સ્વામીશ્રીનાં દર્શન કરતાં તેમને ખૂબ ભાવ થયો અને સ્વામીશ્રીને વિનંતી કરી કે 'બાપા ! મારું ઝૂંપડું પાવન કરો.'

સ્વામીશ્રી સંમત થયા. પરતુ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય જોતા સેવકો-હરિભક્તોએ મક્કમતાથી વિરોધ કર્યો કે ત્યાં જવાય તેવું નથી. પણ સ્વામીશ્રીએ સામે એટલી જ દઢતાથી કહ્યું કે 'ત્યાં જવું જ છે.'

ખરાબ રસ્તાને કારણે ઘણી મુસીબત પડી, પણ સ્વામીશ્રી તેમને ઘરે પધાર્યા અને ઝૂંપડીમાં શીરાનો પ્રસાદ ઠાકોરજીને ધરાવીને જમ્યા ! રામજીભાઈને આશીર્વાદ આપીને તન-મન-ધનથી સદાય માટે સુખિયા કરી દીધા.

રામજીભાઈએ પણ પોતાનું સમગ્ર જીવન અને ધન, ધામ, કુટુંબ, પરિવાર બધું જ સ્વામીશ્રીને સમર્પિત કરી દીધું.

શાંતિપુરા આરતી કરી, તા. ૨૯મીએ રાત્રે નેનપુર મંદિરમાં સભા કરી. શ્રીજીમહારાજની માળાના મણકાની ગણતરીમાં આવતા દેવજી ભક્ત આ ગામમાં જન્મ્યા હતા. સ્વામીશ્રીએ તેમનો મહિમા કહી, સત્સંગ દઢ રાખવાનો આદેશ આપ્યો.

બોચાસણથી નીકળ્યા બાદ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય બરાબર ન હોવા છતાં દસક્રોઈ તાલુકામાં હરિભક્તોના પ્રેમને વશ થઈ વિચરણ કર્યું. ગામોગામ સભાઓ થઈ. હરિભક્તોએ સારી સેવા કરી. દરેક જગ્યાએ પધરામણીઓ

પ્રમુખસ્વામીએ કરી, સ્વામીશ્રીને ઘણી રાહત મળી હતી.

તા. ૧-૧૨-'૬૭, આણંદના હરિભક્તો તરફથી કોઠારી ભક્તિવલ્લભ-દાસજીના અક્ષરનિવાસ નિમિત્તે 'સત્સંગિજીવન', 'હરિલીલામૃત' તથા 'ભક્તચિંતામણિ'નું પારાયણ યોજ્યું હતું. એ નિમિત્તે સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. પ્રમુખસ્વામી, શ્વેતવૈકુંઠ સ્વામી તથા યોગેશ્વર સ્વામી કથાનું વાચન કરતા હતા. ગામોગામના હરિભક્તોએ આ પ્રસંગે સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લીધો હતો.

તા. ૬ઠ્ઠીએ સાંજે સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે કોઠારી ભક્તિવલ્લભ-દાસ સ્વામીના સમાધિ સ્થાને દર્શને પધાર્યા હતા. મોટા અક્ષર સ્વામી, નાના અક્ષર સ્વામી તથા ભક્તિવલ્લભ સ્વામીનાં સમાધિ સ્થાને ઓટા કરવા સ્વામીશ્રીએ હરિભક્તોને આજ્ઞા કરી.

રાત્રે આણંદ તથા વિદ્યાનગર ખેતીવાડી, પોલિટેકનિક વગેરે કૉલેજના પ્રિન્સિપાલો તથા પ્રૉફેસરો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

બીજે દિવસે પારાયણની પૂર્ણાહુતિ થઈ. રવિશંકર મહારાજ તથા બોચાસણ આશ્રમના સંચાલક શિવાભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

અહીંથી સારસા થઈ, અમદાવાદમાં 'યોગીદર્શન' તથા 'યોગીકૃપા' હાઉસિંગ સોસાયટીનું ખાતમુહૂર્ત કરી, તા. ૯મીએ ગુજરાત એક્સપ્રેસમાં ૪-૩૭ વાગે દાદર આવી પહોંચ્યા.

રાત્રિસભામાં 'સ્વામીની વાતું' નિરૂપી. પછી અમદાવાદ જઈને આવેલા ડૉ. દલને રિપોર્ટ આપવા કહ્યું. તેમણે કહ્યું કે 'બાબુભાઈ જશભાઈ પટેલ બોલ્યા કે અમૃત મહોત્સવમાં બાપાએ આશીર્વાદ આપેલા કે ગુજરાતમાં અનાજના ઢગલા થશે. તે ગઈ સાલ નવ લાખ ટન અનાજ પાકેલું ને આ સાલ સ્વામીજીના આશીર્વાદથી સોળ લાખ ટન પાક્યું.'

વળતી સવારે ૮-૦૦ વાગે વચ. ગ.પ્ર. ૩ નિરૂપ્યું. એવામાં અર્જુન ભગત બ્યુગલ લઈને આવ્યા. સ્વામીશ્રી કહે : 'બિંગલ વગાડો.' પછી બે વખત વગડાવ્યું. અને કહે : 'આ બિંગલ વગડાવ્યું, તે લીલાચરિત્ર સંભારવું.'

માતા-પિતાને શિખામણ

આજે યુવક મંડળની સભામાં આશીર્વાદ આપતાં કહે :

'તિલક-ચાંદલા કેટલાએ કર્યા છે ? આંગળી ઊંચી કરો. આટલા જ !

નિશાળે જાવ તે દફતર લઈને જાવ છો કે એમ ને એમ જાવ છો ? એમ તિલક કરીને આવવું. તિલક કરો તો દુરિજનની છાતી ફાટી જાય. 'માળા સ્વામિ-નારાયણિયા...' એમ ! આવું તાવડીના તળિયા જેવું કપાળ લઈને ન જવું.

'એ...ઈશ્વરભાઈ ! તમારા બે દીકરા ક્યાં ગયા ? આવો, હં... વાતો બોલો. હાથ ઊંચો કરી તાણીને બોલો, બધા બહેરા છે. બે ભાઈ વાતું બોલ્યા, કેટલી શાંતિ થઈ ! ઈશ્વરભાઈ કવાયત આપે છે. શીખવાડે છે. મા-બાપ શીખવાડે તો દીકરા બળિયા થાય. ફરવા બધા જાય તે શું શીખવાડે ? આવો જોગ, આવી પ્રાપ્તિ નહીં મળે.' એમ બાળકોને તાલીમ આપવાની મા-બાપની ફરજ વાતવાતમાં જણાવી દીધી. તે સિવાય મા-બાપ ફરતાં ફરે તો દીકરામાં સત્સંગનું દૈવત આવે નહિ.

ધરતીકંપ કહે છે - 'ભગવાન ભજી લ્યો.'

તા. ૧૧મીએ સવારે ૪-૧૦ વાગે, મુંબઈમાં ધરતીકંપનો સખત આંચકો સૌએ અનુભવ્યો. લગભગ એક-દોઢ મિનિટ સુધી આખું અક્ષર ભવન ધ્રૂજતું રહ્યું. બધી વસ્તુઓ ઊથલી પડી. સૌ સ્વામીશ્રીના રૂમમાં દોડી ગયા. જાણે બધું કડડભૂસ કરતું તૂટી પડશે એવું લાગ્યું. ત્યારે સ્વામીશ્રીએ ગુણુભાઈને ધીરેથી પૂછ્યું : 'આ ખાટલો કોણ હલાવે છે ?'

'બાપા ! નીચે કામ ચાલે છે એટલે હલે છે !' તેમણે અજાણતાં કહ્યું.

પણ પછી તો સંતોએ આવી ધરતીકંપની વાત કરી. સ્વામીશ્રી કહે : 'હું જાગતો ખાટલામાં બેઠો હતો. હવે હાલો, બહાર બેસીએ.' સ્વામીશ્રી સહજપણે બોલી રહ્યા હતા.

'ધરતીકંપ થયો તે, 'ભગવાન ભજી લ્યો' એમ કહે છે.' સ્વામીશ્રીએ કહ્યું.

સભામાં પધાર્યા ને કહે :

'અંજારમાં આવો ધરતીકંપ થયો હતો. ભગવાન રક્ષા કરે. ધૂન કરો. ભગવાને જણાવ્યું : 'મારી શક્તિએ બ્રહ્માંડ હલાવું છું ને ખેંચી લઉં છું.' સાકાર ભગવાન જણાવે છે, મારી શક્તિએ તમને સાજા-નરવા રાખું છું. દરિયામાં ફેંકી દે તો ? ભગવાન પોતે જણાવે છે કે રક્ષા કરવા બેઠા છે. ચકલી સારુ બ્રહ્માંડ બુડાડે. સહાય કરી બચાવે. શક્તિમાન પોતે છે. તે આખા દેશને સમજાવી દીધું. અહંકાર ન કરશો. માયા ખીજી છે. કરો પાડી મારી નાખે. ધરતી ફાડી માંહી ઘાલી દે. પણ તેનું હાલવા દેતા નથી. એટલે બેઠી છે. એમ સ્વામી લખી ગયા.

'ભગવાન રક્ષામાં છે. નકર આપણે ક્યાં ઊભા રહીએ ! પાપ વધી ગયું તેથી ભગવાન આમ કરે. ભક્તને ઉગારી લ્યે.

'ધરતીકંપ બે મિનિટ ઝાટક્યો તો સૌ જાગ્યા. નહિ તો ઊઠે નહીં. 'ઊઠો' 'ઊઠો' કરવું પડે. આજે સ્વયંપ્રકાશને દાખડો ન પડ્યો. નહીં તો કહે : 'થોડું સૂવા દ્યો. થોડું સૂવા દ્યો.'

'બાપા !' કોઈએ પૂછ્યું : 'તમને આ થવાનું છે એમ ખબર હતી ?'

સ્વામીશ્રી કહે : 'ખાધાની ખબર હતી !' અને હાસ્યનાં મોજાંઓ વચ્ચે સ્વામીશ્રીની નિર્દોષમૂર્તિમાંથી નિર્માનિતા ઝળકવા લાગી. કહે : 'સૌ હિંડોળે ઝૂલે એમ ઝુલ્યા... એવો ધરતીકંપ થયો... ભજન નથી કરતા તેથી થયું... માટે ભજન-કીર્તન કરવું...'

આજે સ્વામીશ્રીએ કોઠારી હરિજીવનદાસને શાસ્ત્રીજી મહારાજના મહિમાની વાતો કરવા કહ્યું અને તેમનો મહિમા કહેતાં કહે : 'પ્રભાશંકર પટણીએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું કે 'તમારા ઈજનેર કોણ ?' સ્વામી કહે : 'આ હરિજીવન કોઠારી !' જુઓ, પરીક્ષા આપી છે ? પણ સ્વામીની કૃપાએ મોટા ઈજનેરના કાન કાપે !'

પછી કહે : 'જો આ બે મિનિટ વધારે થયો હોત તો શહેર દબાઈ જાત. 'શક્તિ ખેંચી લઉં તો કોઈ જીવતો ન રહે.' એમ સ્વામીએ કીધું. ભક્તિ કરાવવા ચમત્કાર બતાવ્યો. *'રાત રહે પાછલી ચાર ઘટિકા તૈયે...'* એમ સૌ જાગી ગયા.'

આજના ધરતીકંપથી મુંબઈનો મોટા ભાગનો વીજળી-વ્યવહાર ખોરવાઈ ગયો હતો. તેથી દિવસ દરમ્યાન વીજળી હતી જ નહીં. રાતે આવી. ૮-૪૦ની રાત્રિસભામાં હર્ષદભાઈએ 'જન્મભૂમિ'માં આવેલ ધરતીકંપનો અહેવાલ સ્વામીશ્રીને સંભળાવ્યો. સ્વામીશ્રીએ વાત કરી :

'પ્રભુને પ્રલય કરતાં વાર ન લાગે; પણ બચાવે, રક્ષા કરે છે. ઘણા કહે, 'કુદરતે કર્યું છે,' પણ ભગવાન કર્તાહર્તા છે. એ દયા કરે તો બચાય.'

'ગિરિશિખર પર ટિટોડી બેઠી તેની ભગવાને રક્ષા કરી. તે ક્યાં 'રામકૃષ્ણ ગોવિંદ' કહેતી હતી ? પણ આશરો હતો તો રક્ષા કરી.'

બે દિવસ પછી રાતે ૮-૩૦ વાગે વડગાદી રામ મંદિરથી સ્વામી માધવતીર્થજી આવ્યા હતા. જેઓ સંતોને રામાનુજ વેદાંતનો અભ્યાસ કરાવતા. સ્વામીશ્રીએ પોતાના આસનેથી ઊઠી તેમની પાસે જઈ તેમને હાર પહેરાવ્યો. તેમણે સ્વામીશ્રીની આજ્ઞાથી સંસ્કૃતમાં પ્રવચન કર્યું. પોતાથી ઉંમરમાં ઘણા

નાના આ વિદ્વાનને, પોતે વૃદ્ધ હોવા છતાં ઊભા થઈ હાર પહેરાવવામાં સ્વામીશ્રીને જરાપણ સંકોચ થયો નહિ. વિદ્વાનોને હંમેશાં આદર આપતા, ત્યારે એમની સાધુતા છલકાઈ જતી.

હવે એકતા છે તો કામ કાઢી લેવું

તા. ૧૫મીએ ૧૧-૪૫ વાગે થાળમાં પધાર્યા. પછી વાત કરી : 'ભવિષ્યમાં કેટલું વધશે ! તે સારુ સાધુ બનાવ્યા છે. મહારાજ શક્તિ-બળ આપશે. દેહને વાટી દેવું. સત્સંગમાં વાટવું. ખાવા-સૂવામાં નહીં ! હવે આપણે સંપ, સુહૃદભાવવાળા સંત છે. મન નોખું નથી. એકતાપણું છે. કામ કાઢી નાખવું. ખટકો રાખવો. બળ રાખવું. આશીર્વાદ લેવો ને સુખિયા રહેવું. બળ રાખો.'

જેમનાં મન નોખાં હતાં તે સંતો એમને છોડીને જતા રહ્યા હતા. એટલે સ્વામીશ્રી આમ કહી રહ્યા હતા. પ્રસંગોપાત્ત સ્વામીશ્રી આવાં વિધાનો કરતા ને પોતાને છોડીને જતા રહેલા કેટલાક સંતો પ્રત્યેનો એમનો ઊંડો અણગમો દર્શાવતા. જો કે વિશેષ કોઈને ક્યારેય યાદ કરતા નહિ. ત્યારે એમની નિઃસ્નેહિતાનાં સમ્યક્ દર્શન થતાં.

બીજે દિવસે પૂર્ણિમા હોવાથી સંતો-હરિભક્તો સાથે ભૂલેશ્વર સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા.

બે દિવસ પછી સવારે ૭-૪૫ની વચનામૃતની સભામાં જાણીતા સાહિત્યકાર અને 'સમર્પણ'ના તત્કાલીન તંત્રી હરીન્દ્રભાઈ દવે તથા ઘનશ્યામભાઈ દેસાઈ આવ્યા હતા. તેમને સ્વામીશ્રી કહે : 'હરીન્દ્રભાઈ ! સમર્પણમાં લેખ ઠપકારી જ દેવા. મહારાજનો આશરો બધા કરે.'

સવારે સ્વામીશ્રીના ફોટા ઉપર શ્રીજીમહારાજનો ફોટો મૂકી નારાયણ ભગતે સ્વામીશ્રીની સહી કરાવી લીધી. તે જાણ્યું ત્યારે કહે : 'આવું ન કરવું. જમ ખોરડાં ભાળી જાય.' એમ કહી ગમગીન બની ગયા.

ભગવાનની ક્યાં બદલી થઈ છે ?

અહીં અક્ષર ભવનના ભોંયતળિયાનો ભાગ મકાનના જૂના માલિકે વર્ષોથી ભાડે આપેલો. સંતોની મોટી સંખ્યાને કારણે જગ્યાની સંકડાશ તો બહુ જ પડતી, તેથી તે ખાલી કરાવવાની જવાબદારી સ્વામીશ્રીએ હર્ષદભાઈ દવે તથા રમણિકભાઈ ઠક્કરના શિરે મૂકી હતી.

તેમણે રાત-દિવસ જોયા વિના કેટલાય સરકારી સેક્રેટરીઓ, ઑફિસરો અને પ્રધાન સાહેબોને મળીને અથાગ પ્રયત્નો કર્યા. સર્વે સહાનુભૂતિ વ્યક્ત કરતા, પણ કોઈએ કાર્ય કરી ન આપ્યું. છેલ્લે તો મુખ્ય અધિકારીએ પણ નનૈયો ભણી દીધો.

હવે કાયદેસર હક્ક પ્રસ્થાપિત કરવા માટે કોર્ટમાં જવા વિચાર્યું. પરંતુ સ્વામીશ્રીએ એ પગલું લેવાની સાફ ના કહી અને કહ્યું કે 'મહારાજ અને શાસ્ત્રીજી મહારાજને અરજ કરીએ.'

એક દિવસ રાત્રે સ્વામીશ્રીને સ્વપ્નમાં શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં ને સ્વામીશ્રીને ગરમ પાણી કરવા કહ્યું. સ્વામીશ્રીએ તેમને સ્નાન કરાવ્યું. પછી પૂછ્યું : 'સ્વામી ! કાંઈ જમશો ? ખીચડી બનાવું ?'

ત્યારે સ્વામી બોલ્યા : 'મને વખત નથી. હું મુંબઈ જઉં છું.'

સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું કામ પધારો છો ?' તો શાસ્ત્રીજી મહારાજે કંઈ જવાબ ન આપ્યો ને ઉતાવળે મુંબઈ ચાલ્યા ગયા.

સ્વામીશ્રી સવારે કહે : 'સ્વામી મુંબઈ ઑફિસ ખાલી કરાવવા માટે જ પધાર્યા હશે.'

આ દરમ્યાન કામમાં મદદરૂપ થનારા અધિકારીની બીજા ખાતામાં બદલી થઈ ગઈ. સૌ નિરાશ થઈ ગયા કે 'હવે કામ વિલંબમાં પડશે.' મોટેરા હરિભક્તોએ ગંભીર રીતે આ વાત સ્વામીશ્રી પાસે રજૂ કરી કે 'આ કાર્યમાં ફરી વિઘ્ન આવ્યું.'

સ્વામીશ્રી ધીરજથી આ સાંભળી રહ્યા. પછી બોલ્યા : 'સાહેબની ભલે બદલી થઈ, ભગવાનની કંઈ બદલી થઈ છે ? ભગવાન ક્યાં બદલાયા છે ? આપણું કામ તો મહારાજ કરશે. સાહેબ તો નિમિત્ત છે.'

'ભગવાન ક્યાં બદલાયા છે ?' એ ચાર જ શબ્દોથી સૌનાં અંતરમાં પુનઃવિશ્વાસ પ્રગટ્યો અને કાર્યકર્તાઓ પણ બેવડી હિંમતથી એ કાર્ય કરવા તૈયાર થઈ ગયા.

સ્વામીશ્રી એક ક્ષણ પણ ભગવાનનું કર્તાપણું ભૂલતા નહીં, એ સર્વ હરિભક્તોએ અંતરથી અનુભવ્યું.

આ બાજુ નવા આવેલા મુખ્ય સચિવને ધાર્મિક કાર્યોમાં સ્વાભાવિક જ રસ હતો. તેથી સ્વામીશ્રીએ તેમના હૃદયમાં પ્રવેશીને તેમને સેવાની તક આપી. તરત જ પોતાની સંમતિની સહી કરી આપી. લાગતાં-વળગતાં ખાતાંઓને

ઑફિસ ખાલી કરાવવાનો હુકમ કરી દીધો.

સ્વામીશ્રી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજે આ કાર્ય અન્યથાકર્તું શક્તિથી કર્યું.'

સ્વામીશ્રીએ હર્ષદભાઈ દવે અને રમણિકભાઈ ઠક્કરને ફૂલહાર કરીને અંતરના આશીર્વાદ આપ્યા.

સભામાં સ્વામીશ્રી રોજ પ્રેરક વાતો કરતા. આજે કહે : 'આપણા હજારો યુવકો અમેરિકા જાય છે. આપણી સંસ્કૃતિ ભૂલી જાય છે. મુકુંદભાઈ (હરમાનભાઈના દીકરા) ગયા છે, પણ ત્યાં પાંચ માળા ફેરવવી, ના'વું, ધોવું. ત્યાંના ભાવમાં ભળવું નહિ. મહિને એક કાગળ લખવો.'

પછી વચ. ગ.અં. ૨૩ પર નિરૂપણ કરી, નારાયણરાવ પાટિલ તથા રમણિકભાઈ ઠક્કર જેમણે ઑફિસ ખાલી કરાવવા ખૂબ પ્રયત્ન કર્યો હતો, તેમને અનુક્રમે કાસ્કેટ અને મૂર્તિ અર્પણ કરી.

તા. ૧૮મીએ સવારે સ્નાન કરતી વખતે સ્વામીશ્રી કહે : 'આજે શાસ્ત્રીજી મહારાજે દર્શન આપ્યાં. પાંચ સાધુ અમે રઢુ હતા. શાસ્ત્રીજી મહારાજ કહે : 'તમે બોચાસણ જાઓ. હું ને એક સાધુ અહીં રોકાઈએ છીએ.' પછી ડમણિયું જોડાવ્યું. પછી જતાં હું દંડવત્ પાંચ કરવા લાગ્યો. એટલે શાસ્ત્રીજી મહારાજે ઊભો કર્યો ને પછી કહે : 'લો, હું પણ તમારી સાથે જ આવું છું.' ત્યારે મેં હાથ જોડી કહ્યું : 'સ્વામી ! આવો તો સારું. અમે બહુ રાજી થઈએ.' પછી શાસ્ત્રીજી મહારાજ અમારી સાથે ડમણિયામાં બેઠા ને બોચાસણ સુધી ખૂબ સુખ આપ્યું.'

હું ટળે હરિ ઢૂંકડા

સવારે ૧૦-૪૦ વાગે શાસ્ત્રીજી પાંડુરંગ આઠવલેજી આવ્યા. સ્વામીશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા. શાસ્ત્રીજીએ *'મોગરાનાં ફૂલ'* એ કીર્તન ગાવાનું કહ્યું, ત્યારે સ્વામીશ્રી કહે : 'યાદશક્તિ બહુ !'

પછી સ્વામીશ્રીએ શાસ્ત્રીજીનાં કાર્યની પ્રશંસા કરતાં કહ્યું : 'અમે રાજુલા ગયા હતા. કલાક બેઠા. યુવકો સંસ્કૃતમાં ગીતાના શ્લોકો બોલતા હતા. હાથે રાંધે. કેવી પ્રૅક્ટિસ આપી છે ! ધ્યાન ધરે છે.' પછી શાસ્ત્રીજીને કહે : 'આપની વાણી સરસ લાગે છે. કલાક સાંભળીએ. આપ નથી બોલતા. શ્રીજીમહારાજ અને સંતો બોલે છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'ખુરશી બની જવું.' 'હું' છે ત્યાં સુધી ભગવાન આવતા નથી. તે ઉપર બે કીર્તન છે – *'અનુભવી આનંદમાં.'*

'એવા 'હું' ટળ્યા સંત તે મહાસંત. તે કેવા પાછા. *'હાંજી ભલા સાધુ...'*

એમ કહી, એ કીર્તન બોલી શાસ્ત્રીજીને પ્રવચન કરવા કહ્યું. તેમણે સ્વામીશ્રીને વિદ્યાપીઠ આવવા આમંત્રણ આપ્યું. ને કહ્યું : 'યોગીજી મહારાજે મને ફરી બોલવા કહ્યું. તેમનો અત્યંત પ્રેમ છે. મારી પાસે જ્ઞાન, વિદ્યા, ભાષા નથી, છતાં તેમને સારું લાગે છે. તેમનો મારા ઉપર આત્યંતિક પ્રેમ છે.

'બચ્ચાનું કાલું કાલું બોલવું માને સારું લાગે, તેમ મારું બોલવું સ્વામીશ્રીને સારું લાગ્યું. મારાથી તેમની વધુ સેવા થાય તેથી તેઓ બોલાવે છે, એમ હું જાણું છું. અને તેમનાં ચરણે મારી વાઙ્મયી સેવા અર્પું છું.'

આજથી ઠાકોરજી જમાડ્યા બાદ સ્વામીશ્રીએ એક નવું પ્રકરણ ચલાવ્યું હતું. રોજ બપોરે ૧-૩૦ થી ૩-૩૦ સુધી કોઈ એક સંતને ઠાકોરજી આગળ બેસાડે. ને કહે : 'એક જ આસને માળા લઈને ભજન કરવું.' આમ, વારાફરતી દરેક સંતનો વારો આવી જાય.

અહીં પણ તરતા શીખવા મળે

રવિસભામાં કોઈ ગેરહાજર રહે તે સ્વામીશ્રીને ન ગમે. ગમે ત્યારે પણ ગેરહાજર રહેલા યુવકને જુએ એટલે પૂછી લે : 'રવિવારે કેમ નહોતા ?'

આજે બે યુવકો નિરન્ન દવે તથા હરીશ દવે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમના હાથમાં ભીનો ટુવાલ જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ ભીના રૂમાલ લઈને ક્યાં ગયા હતા ?'

'બાપા ! બાથમાં નહાવા ગયેલા.'

'ઘરે પાણી નથી આવતું, તે દૂર નહાવા જાવ છો ?' સ્વામીશ્રીએ જિજ્ઞાસાથી પૂછ્યું. તેમના શબ્દોમાં એટલી નિર્મળતા હતી કે કોઈને કટાક્ષની ગંધ સરખી ન આવતી.

'એ તો આવે છે બાપા ! પણ તરતા શીખવા જઈએ છીએ.' બંને યુવકોએ હસતાં હસતાં કહ્યું.

'અહોહો...' સ્વામીશ્રીએ કહ્યું : 'બહુ સારું ! હવે રવિસભામાં આવવું. નાહવા સાંજે જવું. અહીં પણ તરતાં શીખવા મળે. ઘણું જાણવા મળે...'

સ્વામીશ્રીનો નિર્દેશ ભવસાગર તરતાં શિખાય તે તરફ હતો, તે યુવકો સમજી ગયા અને રવિસભામાં નિયમિત થઈ ગયા.

❀ ❀ ❀



રવિસભાના દૃઢ આગ્રહી

સાંજે ૬-૦૦ વાગે રવિ સત્સંગ સભા શરૂ થઈ ગઈ હતી. ધૂન-કીર્તન પછી પત્રિકાનું વાંચન ચાલુ હતું. એવામાં વજુભાઈ શેઠ આવ્યા.

સ્વામીશ્રીએ તરત જ તેમને પૂછ્યું : 'કેમ મોડા આવ્યા ?'

'બાપા ! ઉઘરાણીએ ગયો હતો એટલે મોડું થયું.' તેમણે કહ્યું.

'કેટલી ઉઘરાણી હતી ?'

'બાપા ! પાંચસો-સાતસો હતા.' તેમણે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'વજુભાઈ ! આ તો પાંચસો-સાતસોની ઉઘરાણી હતી, પણ પચ્ચીસ હજારનો નફો થતો હોય, એટલી ઉઘરાણી કરવાની હોય તોપણ તે ખોટી કરીને રવિવારની સત્સંગ સભામાં સમયસર આવી જવું.'

રવિ સત્સંગ સભાનો સ્વામીશ્રીએ આવો અદ્‌ભુત મહિમા કહ્યો. તે સાંભળીને સૌ હરિભક્તો વિસ્મિત થઈ ગયા. વજુભાઈ શેઠે પણ તે ઘડીથી જ દૃઢ સંકલ્પ કર્યો કે 'હવે જિંદગીમાં ગમે તેટલો મોટો ફાયદો થતો હોય, પણ તે જતો કરીને સ્વામીશ્રીનાં વચન અધ્ધર ઝીલીને રવિવારની સત્સંગ સભામાં એક મિનિટ પણ મોડા પડવું નહીં.'

આમ, સ્વામીશ્રીએ વજુભાઈ શેઠને નિમિત્ત બનાવીને સૌને રવિસભાનો અપાર મહિમા સમજાવી દીધો !

મહારાજ મોકલે એટલે આવવું પડે

પછી મહંત સ્વામીએ 'સ્વામીની વાતો' વાંચી. તેમાં અક્ષરધામની વાત આવી. તે સાંભળી 'મહારાણી ફલોર મિલ'વાળા માધવજીભાઈએ નિખાલસતાથી સહજ ભાવે પૂછ્યું : 'હેં સ્વામી ! અક્ષરધામ શું છે ?'

'ગોલોકના પતિ કૃષ્ણ, વૈકુંઠના પતિ રામ, શ્વેતદ્વીપના પતિ વાસુદેવ

નારાયણ, એમ અક્ષરધામના પતિ સહજાનંદ સ્વામી. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરધામ કહેવાય.' સ્વામીશ્રીએ પોતાની સહજ-સ્વાભાવિક શૈલીમાં સમજાવ્યું.

'સ્વામી ! અમારે અક્ષરધામમાં જવાનું થશે કે નહિ ?'

'જો ઉપાસના દૃઢ હોય, આશરો દૃઢ હોય, તો અક્ષરધામમાં જવાય...' આશ્વાસન કે આલંબન આપ્યા સિવાય જેમ છે એમ સ્વામીશ્રીએ કહ્યું.

'તો અમારે ગલોટિયાં ખાવાં પડશે કે કેમ ?' કાઠિયાવાડની તળપદી ભાષામાં માધવજીભાઈએ પોતાની મર્યાદા અને ક્ષમતા સમજી, માર્મિક રીતે પૂછ્યું કે તો પછી અમારે શું હજું ભટકવું પડશે ?

ઉપાસના હોય તો આ ને આ જન્મે અક્ષરધામમાં જવાય.' ખાતરી આપતાં હોય એમ સ્વામીશ્રી બોલ્યા.

'સ્વામી ! તમે શું કામ આવો છો ને જાવ છો ?' બીજો માર્મિક પ્રશ્ન માધવજીભાઈએ સહજતાથી જ પૂછ્યો.

'મહારાજ મોકલે એટલે આવવું પડે ને !' સ્વામીશ્રીએ પણ એટલી જ દૃઢતાથી જણાવ્યું.

'તમને ત્યાં ગમે કે અહીંયાં ગમે ?'

'બે એક જ છે. અક્ષરધામ દેહ છતાં જ છે !'

જ્યાં મહારાજ અને ગુણાતીત સંત બિરાજે છે, ત્યાં અક્ષરધામ છે. અંતર્દૃષ્ટિવાળાને છેટું નથી. સ્વામીશ્રીના નિર્દોષ ચરિત સાથે આ સાહજિક વાર્તાલાપનો સુમેળ બેસાડતા, સૌનાં અંતરમાં પ્રતીતિ થઈ કે અક્ષરધામના પુરુષ સિવાય આવું ચોક્કસ અને નિધડકપણે કોણ બોલી શકે ?

છેલ્લા ત્રણ-ચાર દિવસથી સ્વામીશ્રીને કફને કારણે ઘણી તકલીફ હતી. ડૉ. મીનોચર મોદી સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય તપાસવા રાતે ૯-૦૦ વાગે આવ્યા હતા.

અહીં સુનીલભાઈ દમણિયા રોજ સુંદર હાર સ્વામીશ્રી માટે લાવતા. સ્વામીશ્રી એ હાર કાયમ ઠાકોરજી માટે મોકલી દે. સ્વામીશ્રીને અંતરથી ભક્તિ-ભાવ કે સારું બધું ઠાકોરજીને જ અર્પણ કરવું.

સેવાની કદર

તા. ૨૦મીએ સવારની વચનામૃતની કથામાં ગ.મ. ૧૫ નિરૂપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'હરિભાઈ રોજ ફૂલ લાવે, શાક લાવે. નત રૂપિયા ત્રીસનું ખરચ થાય.

પોતે જાતે શાક સુધારે. કેવી ભક્તિ ! સાડા ત્રણ વાગે ઊઠે. પછી શાક લાવવાનું. પછી ગાડીએ ચડી બેસવાનું. એવા મોટા શેઠિયા નથી, પણ ગરીબ જેવું કરે તેવું પૈસાદાર ન કરે. નતની શ્રદ્ધા !'

હરિભક્તની સેવાની આટલી કદર અને નાનામાં નાની નોંધ લેતા સ્વામીશ્રી શ્રદ્ધા, સેવા અને ભક્તિથી અતિ પ્રસન્ન થતા. હોદ્દો, ધન કે વિદ્વત્તાથી નહીં.

બીજે દિવસે સવારે ૭-૪૫ વાગે ગ.અં. ૧૮મું સમજાવતાં કહે : 'અનાદિ સત્પુરુષ ગુણાતીતમાં હેત થાય તો વાસના બળી જાય. એક સાહેબ પછી બીજો આવીને કામ કરે કે ન કરે ? પણ સંતનો વંશ કંઈ જાય છે ? અનાદિ ગુણાતીત પરોક્ષ થતા જ નથી. પરોક્ષ થાય તો આપણું ઠેકાણું કેમ રહે ?'

બે દિવસ પછી થાળમાં સ્વામીશ્રીએ પૂછ્યું : '*બાજી ખેલાવું સારી રેનનકી*' - એ શું ?'

નારાયણ ભગતે કહ્યું : 'આખી રાત સોગઠાંબાજી રમાડું એવો અર્થ થાય.'

સ્વામીશ્રી કહે : 'એમ નહિ. 'બાજી' એટલે કથાવાર્તા કરવા-સાંભળવા આખી રાત જાગીએ. ભગવાનને બીજો સંકલ્પ હોય નહિ. તે તો જગતનું સુખ કાઢી નાખે.'

આ દિવસો દરમ્યાન પ્રભુદાસ યાદવ તથા ચંદુ શિવદાસાની વગેરેએ ભજનો ગાયાં હતાં.

તા. ૨૪મીએ સવારે સ્વામીશ્રી ઘાટકોપર પધાર્યા હતા. ત્યાં સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, ગુરુકુલ ટેક્નિકલ સ્કૂલમાં પધાર્યા. શ્રીમદ્ભાગવતની કથાનો પ્રારંભ કરાવ્યો. શરૂઆતમાં હર્ષદભાઈ દવેએ શ્રીમદ્ભાગવતનું રહસ્ય ટૂંકમાં સમજાવી સત્પુરુષની મહત્તા સમજાવી હતી. વ્યાસપીઠ ઉપર બિરાજેલ કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ કથાની શરૂઆતમાં મંગલાચરણનો શ્લોક બોલી સ્વામીશ્રીના મહિમાનું ગાન કર્યું હતું.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'શાસ્ત્રીજી ભાગવત વાંચે છે તે અનેક મુમુક્ષુ તેનો લાભ લે છે. ધર્મભાવનાની જાગૃતિ આવે છે. અમૂલ્ય વાણી છે.'

આ પ્રસંગે હજારો મુમુક્ષુઓએ સ્વામીશ્રીનાં દર્શનનો ને અમૃત વાણીનો લાભ લીધો હતો. ભાગવત સપ્તાહ સમિતિ - ઘાટકોપર તરફથી પુરુષોત્તમદાસ ઉપાધ્યાયે તથા વાડીલાલ ચતુર્ભુજભાઈએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું.

બત્રીસ આના રાજીપો !

બીજે દિવસે સવારે ૭-૪૫ વાગે વચનામૃત ગ.અં. ૧૧ વંચાયું. તે નિરૂપતાં સ્વામીશ્રી કહે :

'દેહમાં કેવી આત્મબુદ્ધિ છે ? 'હાલો નથી ખાવું, ઉપવાસ કરી નાખીએ,' એમ થયું ? દેહને ખવાડી જ દઈએ. આવી આત્મબુદ્ધિ ભગવાન અને સંતમાં કરવી.

'કાલી દા' તમે મોટર આપો ? નથી તે ક્યાંથી આપે ? સાધન આપ્યું હોય, તે સેવામાં આપવું તે આત્મબુદ્ધિ. શેઠને છે, તો સંતોને ભણવા બે મહિના આપી. આત્મબુદ્ધિવાળો ખાબકી પડે ! માટે પડવું. વિચાર કરવા રહે તો રહી જાય. શાસ્ત્રીજી મહારાજ વખતે 'બંડિયા' કહેતા. હવે પસ્તાય છે. કેટલાય સાધુ થવામાં રહી જશે. બળતરા થશે કે 'મને વાત કરતા હતા.' માટે 'સમો વર્તે સાવધાન...'

'અત્યારે સત્સંગી થવાનો ૧૬ આના ને સાધુ થવાનો ૩૨ આના રાજીપો છે !'

સાંજે ડોંગરે મહારાજ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ઠાકોરજીનાં દર્શન કરીને ઉપર આવ્યા. સ્વામીશ્રી તેમને પોતાના ઓરડામાં મળ્યા. ડોંગરે મહારાજ સ્વામીશ્રીનાં ચરણારવિંદમાં ઘણી વાર સુધી મસ્તક ઝુકાવી વંદી રહ્યા. સ્વામીશ્રીએ તેમને વાંસામાં બહુ વાર બે હાથે થાપા આપ્યા ને કહે : 'તમે બહુ સારું કામ કરો છો...'

બાબુભાઈ દવાવાળાના દીકરા દિનેશભાઈ તથા બિલિમોરાના શેઠ નાગરદાસ પણ સાથે હતા. થોડી વાતચીત બાદ ડોંગરે મહારાજે વિદાય લીધી.

એક ભગવાનની મૂર્તિમાં માલ છે

આ સમયે ગોંડલ ગુરુકુળથી જેઠાલાલ માસ્તર, ચુનીભાઈ ગૃહપતિ સાહેબ વગેરે ગુરુકુળના થોડાક વિદ્યાર્થીઓ સાથે મુંબઈ આવેલા. સ્વામીશ્રી હંમેશાં બપોરે હરિભક્તોની ત્રણ-ચાર મોટરોમાં દૂરથી આવેલા આવા પ્રવાસીઓને મુંબઈ જોવા ખાસ મોકલતા. પાંચ દિવસમાં ગોરેગાંવ દૂધની ડેરી, શાંતાક્રુઝ વિમાની મથક, પવઈ લેક, હેંગિંગ ગાર્ડન, કેનેરી ગુફા, ગેટ વે ઑફ ઇન્ડિયા, એલિફન્ટા વગેરે જોવા લાયક સ્થળો સૌએ જોઈ લીધાં.

આજે સૌને ગોંડલ પાછા ફરવાનું હતું. તેથી સ્વામીશ્રી જેઠાભાઈ વગેરેને

બોલાવીને કહે : 'મુંબઈ જોયું ? કેવું લાગ્યું ?'

બધા કહે : 'બાપા ! બહુ સારું લાગ્યું.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'કાંઈ માલ નથી. ખોરડાં ઉપર ખોરડાં છે. ક્યાંય સોનાની ઈંટ જોઈ ? કદાપિ સોનાનાં મકાન હોય તોપણ ક્યાંય માલ નથી. એક ભગવાનની મૂર્તિમાં માલ છે. અક્ષર દેરીમાં શાંતિ છે તેવી શાંતિ ક્યાંય નથી.'

સ્વામીશ્રી પાસે અને અક્ષર દેરી જેવા સાક્ષાત્ સ્થાનમાં જ સુખ છે. તેની પ્રતીતિ હૈયાંમાં ભરીને સૌએ વિદાય લીધી.

તા. ૨૬મીએ સાંજે સ્નાન કરતી વખતે એક સંત આવ્યા. બીજે દિવસે એકાદશી હોવાથી ઠાકોરજીના થાળ માટે સવારે કેટલો શીરો કરવો, કયા લોટનો કરવો વગેરે પૂછવા માટે તે આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને યોગ્ય સૂચના આપતાં પૂછ્યું : 'કોણ બનાવે છે ?'

તે કહે : 'પેલા મઝગાંવવાળા સંત છે તે બનાવે છે.'

એટલે સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'મઝગાંવ મરી ગયું. હવે તો નામથી બોલાવવા. ઈ સંભારવું નહિ. બધું બળી ગયું.'

રાત્રે સૂતા પહેલાં ડૉક્ટરોની મિટિંગમાં સમાધિની વાત નીકળી. સ્વામીશ્રીને એક યુવકે પૂછ્યું : 'આપને સમાધિ થાય છે કે નહિ ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ના, નાડી-પ્રાણ ખેંચાઈ જાય તેવી સમાધિ કોઈ વખત થઈ નથી.' અને હસતાં હસતાં તરત જ કહ્યું : 'આ તમારાં બધાનાં દર્શન થાય છે, એ જ સમાધિ છે ને !'

આવાં ટૂંકાં વાક્યોમાં એમની બ્રહ્મદૃષ્ટિનો પરિચય સૌને મળતો રહેતો.

પરમપદ શું ?

વળતી બપોરે ફરાળ કરી, ગ.મ. ૮ નિરૂપ્યું ને કહે :

'અક્ષરપુરુષોત્તમના આશ્રિત થાય તેને જ્ઞાનયજ્ઞ થયા જ કરે છે. ઊંધું વાળીને બેસવું તે જ્ઞાનયજ્ઞ નહીં. સેવા કરવી તે જ્ઞાનયજ્ઞ.

'સંબંધ કોને કહેવાય ? ગુણાતીત પુરુષ પાસે આવે તે સંબંધ. એકાત્મપણું. ભગવાનને પામ્યાનો માર્ગ સત્પુરુષ છે.

'પરમપદ કોને કહેવાય ? ગુણાતીતની પ્રાપ્તિ. ગુણાતીત રાખ્યા પછી ગુણ આવ્યા વગર રહેતા નથી.'

સાંજે ૪-૩૦ વાગે જૂના મંદિરે દર્શને જવા નીકળ્યા. બધે પગલાં કર્યાં. બાદ દર્શન કર્યાં. કોઠારી હરિસ્વરૂપદાસજીને મળ્યા. તેમણે મુંબઈના ગોલોક-વિહારી મહારાજના શતવાર્ષિક પાટોત્સવની વાત કરી.

સ્વામીશ્રી ત્યાંથી પાલવા બંદર થઈ, હરિપ્રસાદ ચોકસીને બંગલે પધાર્યા. તેમણે સ્વામીશ્રીનો ખૂબ મહિમા ગાયો. તેમનો ઘાટી દર્શને આવ્યો. સ્વામીશ્રી ઉમળકાથી બોલી ઊઠ્યા : 'આવો ઘાટી સાહેબ !'

સ્વામીશ્રી સાંજે સ્નાન કરવા બેઠા. એ વખતે કોઈ યુવક હજુ બાથરૂમમાં સેવા માટે આવ્યા ન હતા. તેથી ગુણવંતે એક યુવકને મોકલ્યા, જે બધાને બોલાવે. ત્યારે સ્વામીશ્રી ગોરખની એક સાખી બોલ્યા. તે ગુણવંતને યાદ ન રહી. તેથી ફરી બોલવા કહ્યું. એટલે સ્વામીશ્રી ધીરે ધીરે બોલ્યા :

'સહજ મિલા સો દૂધ મિલા, માગ લિયા સો પાની;
ખીંચ લિયા સો રક્ત લિયા, એમ ગોરખ વદા વાણી.'

એમ બોલી કહે : 'બોલાવ્યા પહેલાં આવવું જોઈએ. એ વાત જુદી. બોલાવ્યા પછી તો આવે જ.' પછી ફરી દયાપૂર્ણ સ્વરે બોલ્યા : 'આજે બધા ઉપવાસી ખરા ને ! તેથી કામ ન કરાવવું.'

પછી સ્નાન કરતાં યુવકોના અભ્યાસની વાતો નીકળી. સ્વામીશ્રી તે અનુસંધાનમાં કહે : 'અમે ભૂમિતિ ભણ્યા હતા, ભૂગોળ ભણ્યા હતા. પહેલો નંબર હતો.'

બકરીને સિંહ કરી દીધો

કિશોરભાઈ દવેને સૂતી વખતે સ્વામીશ્રી કહે : 'આપ ગોષ્ઠિ કરવા જશો ?'

ત્યારે કિશોરભાઈએ કહ્યું : 'હમણાં આપનું જીવન ચરિત્ર ટૂંકમાં લખું છું. પૅમ્ફલેટ બહાર પાડવાનું છે ને ! તેથી સમય કદાચ નહીં મળે.'

એટલે સ્વામીશ્રીએ જરા વિગત જાણવા ફરી પૂછ્યું અને પછી બોલ્યા : 'બકરીને સિંહ કરી દીધો.'

જમે ખરા, પણ ડબલ મૂકતા જાય

તા. ૨૮મીએ થાળ વખતે શામજી અદાએ પૂછ્યું : 'બાપા ! ભગવાન થાળ સાક્ષાત્ જમે તો ખૂટવું જોઈએ ને ?'

સ્વામીશ્રી કહે : 'જમે ખરા, પણ ડબલ મૂકતા જાય. તેથી તેટલું જ રહે

છે ! ખાઈ જતા હોત તો કોઈ થાળ ધરે નહીં. થાળ ધરવો. પ્રેમથી ધરવો.'

રાત્રે ૯-૦૦ વાગે રેડિયો કલાકાર રામજીભાઈ સોલંકી તાર શહનાઈ લાવ્યા હતા. તે વગાડવાની શરૂઆત કરી, ત્યારે સ્વામીશ્રી કહે : 'ઈ વાજિંત્ર જોવા દ્યો.' પછી જોયું. તેમણે મધુવંતી રાગ વગાડ્યો.

આજે કૃષ્ણશંકર શાસ્ત્રી તથા દેવેન્દ્ર વિજયજી આવ્યા હતા. શાસ્ત્રીજીએ પ્રવચનમાં સ્વામીશ્રીને પુણ્યશ્લોક પુરુષ કહી પ્રશંસા કરી અને કહ્યું : 'ભગવાન પાસે માગવા જેવી ત્રણ વસ્તુ છે. શ્લોક-ભાગવતના, પુણ્યશ્લોક - સ્વામીશ્રી યોગીજી મહારાજ - બાપા જેવા પુરુષ; અને ઉત્તમશ્લોક - ભગવાન. આ ત્રણમાં પણ માગવા જેવા તો એક યોગીજી મહારાજ છે; કેમ કે બાપાના મુખમાં શ્લોક અને હાથમાં ભગવાન છે, તે આપણને આપે છે.'

આશીર્વચનમાં સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજે (કૃષ્ણશંકર શાસ્ત્રીએ) વિદ્યાપીઠ(સોલા)નો સંકલ્પ કર્યો છે તે સર્વોપરી રીતે પૂરો થાય... તેવી ધૂન કરો...'

સ્વામી ચિન્મયાનંદજીના શિષ્ય આચારજી પણ આજે દર્શને આવ્યા હતા.

વ્રત-ઉપવાસના પ્રખર પ્રવર્તક

વળતી સંધ્યાએ સ્વામીશ્રીને સ્નાન કરવાનો વખત થયો. સ્વામીશ્રી રૂમમાં ખુરશી પર બિરાજી બાથરૂમ તરફ જવાની તૈયારીમાં હતા, પણ ત્રણ જ યુવકો હતા. તેથી સ્વામીશ્રીની ખુરશી ઉપાડવા ચોથાની રાહ જોવાતી હતી.

એવામાં પિનાકીન બ્રહ્મભટ્ટ[૧૯] આવી પહોંચ્યા. સ્વામીશ્રી એકદમ રાજી થઈને કહે : 'લ્યો, આવી ગયા.' પછી તેમને કહે : 'ગુરુ ! કાલે અપવાસ કરવાનો છે !'

પિનાકીને કહ્યું : 'બાપા ! આજે મારે ઉપવાસ જ છે !'

સ્વામીશ્રીને ઘણી વાર ખ્યાલ ન રહ્યો હોય કે આને ગઈકાલે જ ઉપવાસ આપ્યો હતો. તેથી યુવકો કહેતા કે આજે મારે ઉપવાસ છે. અને સ્વામીશ્રી પણ તેમને ઉપવાસમાંથી મુક્તિ આપતા.

પરંતુ આજે કંઈક જુદા જ ભાવમાં સ્વામીશ્રીએ કહ્યું : 'ગુરુ... ઈ હાચું. પણ બે અપવાસ સાથે કરવાના છે. અમારે પાંચ વૈષ્ણવ જોઈએ છે. આ ત્રણે એવો સંકલ્પ કર્યો છે. ચોથા તમે ! લ્યો, હા પાડો, એટલે પછી પાંચમાં એક ખૂટે.'

---

૧૯. હાલ, સાધુ સત્યપ્રકાશદાસ.

સ્વામીશ્રીએ સાથેના ત્રણ યુવક મૂળજીભાઈ, જીવરાજભાઈ તથા જયંતીભાઈ સામે સૂચક હાસ્ય કર્યું. અને પિનાકીને પણ મન મારીને હા પાડી.

એવામાં સ્વામીશ્રી કહે : 'હવે તમે પાંચમા યુવકનું નામ દ્યો. એટલે એને આપણે કહીએ.'

પણ એક ઉપવાસ પણ ભારે પડતો હોય, તો બે સાથે કરવા કોણ તૈયાર થાય ? વળી, કોઈનું નામ દે તો એ યુવક પણ પાછળથી પિનાકીનને વઢે. તેમણે સ્વામીશ્રીને આ વાત કરી ને કહ્યું : 'આજે ઉપવાસ હોય તેવો કોઈપણ યુવક પ્રથમ સામે મળે, તેને બીજો ઉપવાસ આપવો.'

'ઈ હાચું.' સ્વામીશ્રી મધ્યમ માર્ગ જોઈ રાજી થયા : 'એમાં તમનેય વાંધો ન આવે, ને આપણું કામ થાય... લ્યો, તારે (ખુરશી) ઉપાડો...'

સૌ બહાર આવ્યા. ત્યાં સ્વામીશ્રીના શૌચાલય નજીક એક ખત્રી યુવકને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'પેલા યુવકને આજે ઉપવાસ છે ?'

'હા.'

'તે ઝપટાયા. દઈ જ દ્યો !' સ્વામીશ્રીએ એવી રીતે કહ્યું કે સૌ હસી પડ્યા.

તે જોઈ પેલો યુવક પણ હસી રહ્યો હતો. સ્વામીશ્રી એને કહેવા જતા હતા ત્યાં વચ્ચે જ ભરત મહેતા તેમની મસ્તીમાં આવ્યા ને સ્વામીશ્રીને પગે લાગ્યા.

'ગુરુ...' સ્વામીશ્રીએ લહેકો કર્યો : 'કાલે ઉપવાસ કરો.'

'પણ, બાપા !' ભરતભાઈ ડઘાઈ ગયા : 'આજે ઉપવાસ છે.'

'ઈ હાચું, પણ બે અપવાસ કરવાના ! આ ચાર યુવકો બે ઉપવાસ કરવાના છે. તમે પાંચમા, હા પાડો.' ભરતભાઈએ હા પાડી.

સ્વામીશ્રી રાજી થકા શૌચ વિધિ કરવા ગયા. પછી સ્નાનની શરૂઆત કરતાં પેલા ખત્રી યુવકને કહે : 'કાલે અપવાસ કરો. અમારે બે અપવાસવાળા પાંચ યુવકો જોઈએ છે. કરશો ?'

'હા, બાપા !'

ત્યાં પિનાકીને કહ્યું : 'આ ભરતભાઈ આવ્યા ત્યારે જ પાંચ યુવકો પૂરા થઈ ગયા. આને કેમ આપ્યો ?'

સ્વામીશ્રી હસી પડ્યા ને કહે : 'ઈ તો વચમાંથી આવ્યા. આપણી પે'લવે'લી દૃષ્ટિ તો આની ઉપર તો પડી'તી. એટલે એને કરવો પડે !'

સ્વામીશ્રીનો આ આગ્રહ ઘણી વાર બે ઉપવાસથી અટકતો નહીં, ત્રણ-ત્રણ ઉપવાસ સાથે કરવાની રુચિ પણ ઘણા યુવકોએ અનુભવી હતી.

દાદાજીના માનવંતા મહેમાન

તા. ૩૦મીએ સવારે 'યમદંડ' ગ્રંથ વંચાયો. પૂજા પછી તરત નાસ્તો કરવા પધાર્યા. આજે શાસ્ત્રી પાંડુરંગ આઠવલેજીના આમંત્રણથી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, થાણા જવાનું હતું. બધા જ સંતો તેમજ થોડા હરિભક્તો સાથે આવ્યા હતા.

૯-૪૫ વાગે સવારે વિદ્યાપીઠમાં પધાર્યા. સ્વામીશ્રીની ખુરશી ઉપાડવાની સેવા કરવા શાસ્ત્રીજીએ ઇચ્છા વ્યક્ત કરી, પરંતુ સ્વામીશ્રીએ તેમને રોક્યા. દર્શન બાદ શાસ્ત્રીજી સાથે મળી વિદ્યાપીઠ નિહાળી, ઉતારે પધાર્યા. સ્વામીશ્રીએ કીર્તનો ગવડાવ્યાં.

શાસ્ત્રીજીએ પ્રવચન કરતાં ખૂબ ભાવ દર્શાવ્યો. કહ્યું : 'મારું દિલ હરખાઈ ગયું છે. સ્વામીના દર્શનથી અને આ ભૂમિ પર તેમનાં પગલાં પડવાથી મને આનંદ થયો છે. ભગવાનનું કે ભક્તિનું વર્ણન કરવાની લાયકાત તો નથી, પણ યોગીજી મહારાજના આશીર્વાદ છે. અમને એવી સ્થિતિ આવે કે અમે ભગવાનનું વર્ણન કરી શકીએ. ભગવાનનો મહિમા સાચા અર્થમાં ગાઈ શકીએ.'

અહીંના એક વિદ્યાર્થીને આઠવલેજીએ 'મુક્તાવલિ'માં દર્શાવાયેલું 'વ્યાપ્તિ'નું લક્ષણ સંસ્કૃતમાં બોલવા કહ્યું. ત્યારે એક સંતે કહ્યું : 'શાસ્ત્રીજી ! યોગીજી મહારાજ તો સંસ્કૃત ભણ્યા નથી.'

ત્યારે શાસ્ત્રીજી કહે : 'એવું ન કહેવાય. યોગીજી મહારાજ તો બ્રહ્મવિદ્યા ભણેલા છે. વિદ્યાર્થીની વાણી પવિત્ર થાય એટલે હું તેની પાસે બોલાવું છું.'

વિદ્યાર્થીએ સંસ્કૃતમાં રજૂઆત કરી તેથી સ્વામીશ્રી રાજી થયા. ને કહે : 'શાસ્ત્રીજી(પાંડુરંગજી)માં બહુ સારા ગુણ છે.'

'બાપા ! એવું ન કહેશો,' તેમણે કહ્યું.

ત્યારે સ્વામીશ્રી કહે : 'જાવ, એમ નહીં કહીએ...'

પછી શાસ્ત્રીજીના આગ્રહથી *'મોગરાનાં ફૂલ...'* કીર્તન ગવાયું. સ્વામીશ્રીએ ડૉક્ટર સ્વામીને કહ્યું : 'સ્વયંપ્રકાશ ! બે શબ્દ બોલો...' પછી શાસ્ત્રીજીને પૂછ્યું : 'હિન્દીમાં બોલે કે સંસ્કૃતમાં ?'

આજે સ્વામીશ્રીનું ગળું બેસી ગયું હતું. બહુ બોલાતું ન હતું. ભોજન કરવા બેઠા. થાળને થોડી વાર હતી. તેથી *'અનુભવી આનંદમાં'* એ... કીર્તન ગવડાવ્યું.

ડૉક્ટર સ્વામીએ શાસ્ત્રીજીને આગ્રહ કર્યો કે તેઓ સ્વામીશ્રી સાથે ભોજન કરવા બેસે. પરંતુ તેમણે કેડની તકલીફને કારણે કહ્યું કે 'બેસવામાં ઘણી

તકલીફ પડશે. માટે ફરી કોઈ વાર વાત...'

એટલામાં તો સ્વામીશ્રી પધાર્યા અને શાસ્ત્રીજીને સાથે જ બેસવા કહ્યું. તેઓ તરત જ બેસી ગયા. તેમને સ્વામીશ્રી ઉપર આવું અપાર હેત હતું.

ભોજન વખતે સ્વામીશ્રીએ શાસ્ત્રીજીને વધુ પીરસાવ્યું. શાસ્ત્રીજી છેલ્લાં ૩૫ વરસથી ભર્યું ભાણું જ જમતા. (એટલે એક વાર થાળીમાં જે પીરસાયું તેટલું જ જમવાનું. ફરીથી તેમાં કાંઈ જ લેવાનું નહીં.) તે નિયમ આજે તેમણે તોડ્યો.

તેમણે કહ્યું : 'એક વાર લીધા પછી હું ફરીથી નથી લેતો, પરંતુ યોગીબાપા આપે છે તે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ આપે છે એમ હું સમજું છું. ૩૫ વર્ષનો મારો નિયમ તોડું છું. જો કે આમાં ખરેખર તો કોઈ નિયમ તૂટતો નથી.' વળી કહ્યું : 'આપનો અદ્‌ભુત પ્રતાપ છે કે પ્રલોભનો મૂકીને આ યુવાનો સાધુ થયા છે.'

બપોરે ગ.મ. ૫૯ વંચાવી આરામ કર્યો. શાસ્ત્રીજીએ દોઢ કલાક સંતો સાથે ગોષ્ઠિ-ચર્ચા કરી હતી. વિદાય સમયે ફરી વાર *'મોગરાનાં ફૂલ'* કીર્તન ગવડાવ્યું... ૫-૪૦ વાગે વિદાય લઈ, જયસુખભાઈ કોઠારીની ફેક્ટરીએ પધરામણી કરી. આરતી બાદ દાદર મંદિરે આવ્યા. સભામાં બોલી શકાય તેમ નહોતું. અવાજ બેસી ગયો હતો અને થાકી ગયા હતા, તેથી આરામમાં ગયા.

પારલામાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં એક સપ્તાહનું જ્ઞાનસત્ર યોજાયું. ચંદુભાઈ નાણાવટી કન્યા મંદિરના હૉલમાં ત્રણ દિવસ દરમ્યાન છ સભાઓ થઈ. જેમાં અંધેરી કૉલેજના આચાર્ય પ્રૉ. આડતિયા, મીઠીબાઈ કૉલેજના આચાર્ય પ્રૉ. અમૃતલાલ યાજ્ઞિક વગેરે વક્તાઓ તેમજ પારલાની ભાવિક જનતાએ સ્વામીશ્રીના સમાગમનો લાભ લીધો હતો.

'યોગી કઈ વાડીનો મૂળો !'

તા. ૧-૧-'૬૮, સવારે બાપ્ટિસ્ટા રોડ પર આવેલા ગોરધનભાઈ હાથીભાઈ પટેલના બંગલે પધારી સ્વામીશ્રીએ જૂની સ્મૃતિ કરી. અહીં શાસ્ત્રીજી મહારાજ વગેરે સંતો રહેલા. તે પૂર્વેની હાડમારીનો ચિતાર આપતાં સ્વામીશ્રી કહે : 'નારાયણ ભગત ! અમે થર્ડમાં બેસતા. સ્વામી એવો ડબો ગોતે.'

'સ્વામી, આપ-યોગીજી મહારાજ ! તે પણ ?' નારાયણ ભગત બોલી ઊઠ્યા.

સ્વામીશ્રી પડકારો કરીને બોલ્યા : 'યોગીજી મહારાજ કઈ વાડીનો મૂળો !'

તા. ૨જીના મંગળ પ્રવચનમાં સેવાની વાત નીકળતાં તેની પ્રેરણા આપી

અને કહે : 'ત્યાગવલ્લભ સ્વામી આપણને જમાડે છે. આપણે શું તેમને દેવાના છીએ ? આપણે તેની વટક વાળવી. મદદગાર થાવું કે 'તમે બહુ સેવા કરી. કથાવાર્તા કરો. અમે પાંચ જણ રસોઈ કરશું.' એમ કોઈ કહેવા ગયું ? 'અમે તમારે બદલે રસોઈ કરશું' એમ કહીએ, તે ભક્તિ - તે સેવા.'

પારલામાં જ આવેલા કુમકુમ એપાર્ટમેન્ટમાં, ભટેસાના મકાનમાં પણ બે દિવસ સ્વામીશ્રી ઊતર્યા હતા. અહીં તા. ૩જીએ સવારે ૪-૫૦ વાગે સ્વામીશ્રીએ સંતોની સૂચના પ્રમાણે કેટલાંક પ્રાથમિક આસનો સુંદર રીતે કરી બતાવ્યાં. ૭૮ વર્ષની ઉંમરે પણ શરીરનાં બધાં અંગો સારી રીતે વળતાં હતાં તે જોઈ સંતોને આશ્ચર્ય થયું. પછી સ્વામીશ્રીએ વાત કરી : 'હવે અંગ વળે નહિ. સ્વસ્તિક આસન થાય. જૂનાગઢમાં કોઈ આસન કરતાં નહીં.'

વળી કહે : 'સાત સમેલિયા શું ? All round થવું !' એમ કહેતાં હસી પડ્યા ને રમૂજમાં બોલ્યા : 'ઊંડ નદીની આગળ 'રા' મૂકી દેવો...!' (એટલે રાઉન્ડ શબ્દ બની જાય). સ્વામીશ્રીએ રમૂજમાં પણ ગુણાતીતની રમણરેતીની સ્મૃતિ કરી લીધી.

અમારા જૂનાગઢની રહેણી

પછી બે અષ્ટક બોલાવ્યાં અને જૂનાગઢી પ્રણાલીની વાત શરૂ કરી :

'જૂનાગઢમાં જે સાધુ ધોળે લૂગડે આવે તેને આરતી, ગોડી, બે વચનામૃત મોઢે બોલે, એમ શીખવાડે. પછી ગોડી, આરતી, નિર્વિકલ્પ... એમ આવડી જાય એટલે 'વિહરતિ...' 'મુક્તાનાં...' 'જલધર...' 'ભવસંભવ...' 'શ્રીવાસુદેવ...' પાંચ મોઢે કરવાં જ પડે. કોઈ કોહ હાંકતો આવ્યો હોય, તેને બારાખડી શીખવાડે. શિક્ષાપત્રી શીખવાડે. પછી વચનામૃત. પછી એને સભારંજન કરતાં આવડે, એટલે પડ્યો મૂકે.

'મોટા સદ્‌ગુરુઓ 'વાતું,' 'વચનામૃત' શીખવાડે. વાસણ ઊટકવાં પડે. ચોક પાળાઓ સાફ કરે. સાધુ સાંજે અબોટ કરી, ચૂલા વાળી નાખે. પટારાનાં વાસણ ભગતને ઊટકવા દઈ દે. કોડિયાના દીવે બેસારે. ૧૨-૦૦ વાગે સૂવા દે. નાના સાધુને રાતે વંચાવે. એક કલાક શીખે. પાઠ લઈ લે પછી સૂવાનું.

'સવારે ૫-૦૦ વાગે શણની ડોલ લઈને ના'વા જાય. સાધુ તુંબડાં ને ઉપર તુંબડી એમ રાખે. દિશાએ જાય ત્યારે ગોઠણમાં તુંબડું મૂકે. આડો હાથ રાખી હાથ ધૂએ. પછી બગલમાં લે અને છાતીએ મૂકી હાથ ધુએ. તુંબડું હેઠું ન

મૂકે. તુંબડે તુંબડે ના'ય... બે ભગત ઠાકોરિયા લોટા કરી નાખે. પછી મોટા સાધુને ઊના પાણીએ નવરાવે. આરતી પછી ઉકાળા-કૉફી પીવાનાં નહીં. અપવાસી હોય તે ટાઢો રોટલો ને છાશ ખાઈ લે. શરબત નહીં. રાતે પણ નાના સાધુ મૂઠી દાળિયા લે. રોટલી કે રોટલો છાશમાં ખાઈ લે.'

'જાડી માળા, કૌપીન રાખે. પત્તરમાં મેળાવીને જમે. મોટા સદ્‌ગુરુ પંગતમાં જમે. લોટે કે પાલે (પ્યાલામાં) પાણી ન પીવે. ગામડે પત્તર રહી ગયું હોય તો અપવાસ કરે, પણ પતરાળામાં ન જમે. માટે પત્તર ને તુંબડું હેઠે ન મુકાય. શિષ્ય બે પત્તર રાખે. તુંબડું, પત્તર ખંભે જ નાખે. ગાડામાં ન મૂકે. ખંભે જ વળગ્યું હોય. બીજું ગાડામાં હાલે ત્યારે તે લઈને હાલે. ભગત ચાળણી રાખે. બે ઝોળી. એક દાણા જોવાની ને એક દાણા ચાળવાની. પડતર લોટ પર થાળી ફેરવે. ત્રણ વારે ફેરવે. ઝીણા આંકવાળી હોય તે જીવડાં ઉપર તરી આવે. એક લાંબી ઝોળીમાં કડછી ને વેલણ રાખે. ગૃહસ્થનું ન મગાવે. મંડળધારી દરેકને આવું આપે. તવેથો લુહાર પાસે કરાવી લે.

'નેયણી સાધુ રાખે. નખ કાપવાના હોય ને ! ભૂંગળીમાં સોય રાખે. તે દી' થેલીઓ નહીં. ખડિયો રાખે. એકમાં ચાર ખાનાં હોય. એકમાં વાસણ ઊટકવા કાથિયું, બીજામાં ધારિયું (ચપ્પુ), એકમાં સોય ને નેયણી, એકમાં નારિયેળનાં છોતાં... ભગતને વાસણ ઊટકવા દઈએ.

'કથા પછી બે સાધુ રસોઈમાં જાય. ભગત શાક ધોઈને સમારે. દરેક સાધુને એક લાડુ, બે ન ખવાય. ગળ્યું ઓછું. ત્રણ-ત્રણ રોટલી, ભાત નહીં. ખીચડી ને મગની દાળ. રાતે કંઈ નહીં. જૂનાગઢની પ્રૅક્ટિસ ચાલતી, તેમાં હજારો સાધુ પાકી ગયા. પાંચ દી'એ અપવાસ કરવાનો. હેઠે સૂઈ રહે. ૪-૦૦ વાગે સૌને જગાડે, કૂવે ના'વા જતા રહે. ગુરુ અને બધા નદીએ ના'વા જાય.

'એવી પ્રૅક્ટિસ જોયેલી. તેવી સૌએ પાડી દેવી. થાળીમાં જમે તો ઉપવાસ કરે. પત્તર ભુલાય નહીં. કૃષ્ણચરણ સ્વામી બધાને એવું શીખવાડે. ભઠ્ઠીમાં પાકી જાય તો સોંસરો પડે. બપોરે એક જ કલાક સુવાય. ૩-૩૦ના ટકોરે જાગી જવું. બધા જાગતા. માનસી કરે. બધા સાધુ આવી જાય. લેન થઈ જાય. ભણનારાય આવી જાય... મોઢું ઉઘાડું ન રખાય. ઘૂમટા તાણે. ગુરુ જય બોલે પછી ઉઠાય.

'સંસ્કૃત ભણે. 'સત્સંગિજીવન' અને 'ભાગવત' બે વાંચે. જૂનાગઢમાં ભગત કે મોક્ષભાગી યુવકને બેસવા ન દે. તેને ક્રિયા કર્યા વગર છૂટકો નહીં. નહીં તો જમવાનું ન મળે.

'સ્વામીની વાતું - કીર્તન મોઢે કરે, પછી જમવાનું મળે એવો કડપ. ૫૦ વચનામૃત, ૫૦ કીર્તન, અષ્ટકો મોઢે કરવાં જ પડે. અમે કરેલાં.

'ગામડે જઈએ તો ઝોળીઓ ખીંટીએ ભરાવી *'આજ મારે ઓરડે...'* ગાય. પાળા-સાધુ હાથ ધોઈ ઠાકોરજી પધરાવે. તરત દંડવત્ કરે. સ્નાન કરે. આવી રીતે ફિરંગી જેવી કવાયત... આખા જૂનાગઢમાં ભાર પડેલો. નિયમ ધર્મ, કથાવાર્તા, પ્રશ્નોત્તરમાં કોઈમાં બાકી નહીં. રસોઈ પણ આવડે. અમે જાતે કેળનાં પાણીથી અન્નકૂટ કરેલો. તે દી' સંચા નહીં. ચાસણીનું કામ આવડે.

'લાકડાંના ખાંભિયામાં કેળને પછાડીને અન્નકૂટ બનાવવા પાણી કરીએ. તે ડબ્બામાં ભરી લે ને ગાળે. આવી રીતે શુદ્ધિ. પોતે ત્યાગી બેઠા હોય ત્યાં ખાવા ન જાય, ગાડીએ બેસે પછી ખાય નહીં.

'મોટેરા કથાવાર્તા કરે, નાના સંત પંચાતમાં ન પડે. વાંચ્યા જ કરે. મોટા સંત વ્યવહારનું કરે. ભગતને વાસણ ઊટકવાનાં. હરિભક્તોને પ્રસાદી આખાં તાસડાં (તાસ) દઈ દે. ગુણ આવે. 'અમે જમી રહ્યા' એમ ખાય થોડું. અડધો રોટલો લે.

'આપણે સાધુતાના માર્ગે ચાલ્યા. જૂનાગઢની રીતનો સંગ રાખવો. ત્યાં શાક હોય તો દાળ ન હોય. બે વાનાં ન હોય. ત્યાગ-વૈરાગ્ય કરતા(રાખતા), તો સંભારી રાખીએ છીએ.

'મહાજનો ગતસ્ય પન્થાઃ !' (મહાજનો યેન ગતઃ સ પન્થાઃ) સૌને જાડાં કપડાંની ટેવ પાડી છે તે પહેરે છે. નહીં તો ઝાલી ન રખાય. પ્રેક્ટિસ પડી ગઈ...'

સ્વામીશ્રીએ જૂનાગઢની સાધુતાસભર, ગુણાતીતની ઝોકની રમ્ય વાતો કરી, સૌને સાધુતાના આદર્શની તાદશ ઝાંખી કરાવી દીધી. પોતે પણ તન્મય થઈ સંતોની આકરી વર્તન પ્રણાલીનું ગાન કરી રહ્યા હતા. સંતોને અંતર્દષ્ટિ કરવાની તક સ્વામીશ્રી આ રીતે અચાનક જ આપી દેતા.

અહીં ભટેસાના ઘરે બપોરે જમવાનું હતું. બે સંતો મંદિરેથી અહીં આવ્યા હતા, પણ પત્તર મંદિરે ભૂલી ગયા હતા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'હવે અહીં નહીં જમતા. મંદિરે જઈને પત્તરમાં જમજો.'

સાંજે ૪-૩૦ વાગે ૧,૦૦૦ ગુલાબનો પગ સુધી હિલોળતો મોટો હાર સંતોએ તૈયાર કર્યો હતો તે ભટેસાના ભાણેજ સુધીરભાઈએ પહેરાવ્યો. રામચરણ સ્વામી ફિલ્મ લેતા હતા. સ્વામીશ્રી કહે : 'ફિલમ પાડી લ્યો. ફોટા પાડી લ્યો.' પછી ઘણી વાર સુધી હાર પહેરી રાખી આનંદ કરાવ્યો.

સ્નાન કરીને કપડાં બદલાવવા ઓરડામાં આવ્યા ત્યારે સંતો યોગાસન કરી રહ્યા હતા. સ્વામીશ્રી કહે : 'હું હમણાં જોવા આવું છું.'

પછી આસનો જોયાં. સંતો કહે : 'બાપા ! આપ પગના અંગૂઠાને અડી જાવ ?'

પણ સ્વામીશ્રીને પેટ થોડું બહાર આવેલું હતું. વળી, ઉંમરનો પણ પ્રભાવ. છતાં સંતોને રાજી રાખવા નમીને પગ ટટ્ટાર રાખી, હાથથી પગના અંગૂઠા પકડી લીધા ! એક મિનિટ સુધી એમ જ ઊભા રહ્યા. સૌ આશ્ચર્યથી જોઈ રહ્યા હતા. સાચા અર્થમાં 'જોગી'નાં દર્શન થતાં હતાં. સ્વામીશ્રી કહે : 'બરાબર છે ને ?'

પછી કહે : 'નિશાળમાં પહેલાં કલાક કલાક અંગૂઠા પકડતાં તેથી આવડે !'

આજે સ્વામી આનંદ દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને સત્કારતાં કહ્યું : 'આવો અહીં, ઓળખાણ પડે.' પછી પરસ્પર પરિચય ને વાતો થઈ.

અહીં જ શિસ્ત છે

બીજે દિવસે સાંજે ૩-૪૫ વાગે માનસી બાદ, એક જૂના સંતે સંસ્થા છોડી દીધી છે તે વાત સાંભળી સ્વામીશ્રી કહે :

'બબુકાકાને મમત્વ હતું. તો રહ્યા. ને ઓલ્યા વયા ગયા. જ્યાં રાખે ત્યાં રહીએ. મમત ન બાંધવો. પરોક્ષનો મહિમા, ભાર તેમને બહુ. 'અહીં શિસ્ત નથી' એમ કહે; પણ પુરુષોત્તમ નારાયણ - શાસ્ત્રીજી મહારાજ અહીં જ છે ! એમ જીવમાં મહિમા હોય તો મારીને, ધોકાવીને કાઢે તોય ન જવાય. અહીં જ શિસ્ત છે.

'પરમ ચૈતન્યાનંદને માન ન જળવાયું તો ધરમપુર ગયા, પણ પછી તરત આવ્યા. મુક્તાનંદ સ્વામી સાથે મમત ન કર્યો. 'અમ બે બુટ્ટી...' એમ ન કરવું.

'શાસ્ત્રીજી મહારાજનો મહિમા હોય તો રાઈ રાઈ જેવા કટકા કરી નાખે તોય ન જઈએ.'

મોજ માણે છે એની જ્યોતિમાં જલનારા

તા. ૫મીએ એક અલૌકિક પ્રસંગ બની ગયો. મંદિરનો વ્યાખ્યાન ખંડ ચિક્કાર ભરાઈ ગયો હતો. મોટા મોટા હરિભક્તો સ્વામીશ્રી સન્મુખ બેઠા હતા. કીર્તન પછી સ્વામીશ્રીએ માણેકલાલ શેઠને વાત કરવા આજ્ઞા કરી.

તેઓ ઊભા થયા. બોલવાની શરૂઆત કરી ને તેમનો કંઠ ભરાઈ આવ્યો.

આંસુની ધારા વહાવતાં તેમણે પોતા ઉપર પડેલી વીતકની કહાણી સંભળાવી કે

'સ્વામીબાપાની આજ્ઞાથી મેં ઘણા ધંધા કર્યા, પણ એકેમાં ફાવટ આવી નહીં. ચાર ધંધા કર્યા. જેમાં ચોથામાં તો લાખ રૂપિયાની ખોટ ગઈ. હું તો ખલાસ થઈ ગયો...' તેમણે ડૂસકાં લેતાં પોતાની વાત ચાલુ રાખી : 'બાપાને પૂછ્યું કે શું કરવું ?' ત્યારે આટલી ખોટ આવે છે તે જાણવા છતાં એમણે કહ્યું : 'ધંધો ચાલુ રાખો.' શેઠ પોતાનો ઊભરો ઠાલવતા હતા. સભા સ્તબ્ધ બની સાંભળી રહી હતી. સ્વામીશ્રી નીચું મસ્તક રાખી માળા ફેરવી રહ્યા હતા. સભાજનો તો આ સાંભળી ડઘાઈ જ ગયા કે શેઠે જાહેરમાં આ બધાં રોદણાં કેમ શરૂ કર્યાં ?

શેઠ બોલી રહ્યા એટલે સ્વામીશ્રી કહે : 'હજી બોલો !'

ત્યારે તો સૌને ભારે આશ્ચર્ય થયું કે શેઠ જાહેરમાં આવી વાત કરે તો ઘણાને અસમાસ થશે. શેઠ ફરી રડવા લાગ્યા. તેમનો ઊભરો ઠલવાતો જતો હતો. તેમણે આગળ કહ્યું : 'આપણે કરોડો જન્મથી ભટકીએ છીએ, પણ આવા પુરુષ મળ્યા નથી. ભલે હું ખલાસ થઈ ગયો, પણ મને કરોડો રૂપિયા મળે ને ન થાય એવો નિશ્ચય થઈ ગયો. સ્વામીબાપા ગમે તે કરે, પણ એ જ આપણા હિતેચ્છુ છે. તે જીવનું સારું જ કરે છે. તેથી મારું સારું જ થયું છે. કેમ કે પૈસા કમાયો હોત તો હું અને બાળકો અવળા પાટે ચડી જાત ને સત્સંગ છૂટી ગયો હોત ! માટે એમણે જે કર્યું છે તે સારું જ કર્યું છે.' આમ કહેતાં તેઓ શાંત થઈ ગયા.

સ્વામીશ્રીને તો આ પ્રસંગ ઊભો કરી તેમને શાંતિ આપવી હતી અને અન્ય કેટલાયને સાચી સમજણ આપવી હતી ! પ્રગટના ભીડામાં - કસોટીમાં જે આવે તે જ સાચી મોજ માણી શકે.

શેઠ મૂળ ખંભાતના અને સદ્ગુરુ માયાતીતાનંદ સ્વામીના શિષ્ય. પણ સ્વામીશ્રીના યોગમાં આવતાં તેમને અલૌકિક મહિમા સમજાયો અને નિર્દોષ-ભાવે સ્વામીશ્રીના વચને તન, મન, ધનથી ખૂબ સેવા કરી. પોતાના ભક્તોને નિર્વાસનિક કરવા ગુણાતીત સંત જે કસોટી કરે તેમાં સારધાર પસાર થવું અત્યંત કઠણ છે. છતાં માણેકલાલભાઈએ અનેક કપરા સંજોગોમાં ગુરુનિષ્ઠા ને ભક્તિ જે દૃઢપણે સાચવ્યાં હતાં તેનું દર્શન સ્વામીશ્રીએ જ સૌને જાહેરમાં કરાવ્યું. ભક્તને વધુ નિર્દોષ બનાવ્યા.

પુરુષોત્તમનો મહિમા શું ?

અમદાવાદના અંબાલાલભાઈ ભગત તથા કચરાભાઈ પટેલ તરફથી

'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ ચાલતું હતું. તેમાં આવ્યું કે 'પુરુષોત્તમ નારાયણના મહિમાને પાર પમાતો નથી.'

હર્ષદભાઈએ પૂછ્યું : 'પાર કેમ પામવો ?'

સ્વામીશ્રી કહે : 'પુરુષોત્તમના મહિમાને પાર પમાય નહીં. અક્ષર દ્વારા મહિમા જણાય. જે જે મહિમા કહીએ છીએ તે તો અક્ષરનો જ છે. 'અક્ષરથી પર' એ જ પુરુષોત્તમનો મહિમા. અક્ષર દ્વારા જ પુરુષોત્તમ પમાય.'

પછી કહે : '૫૦ હજાર છોકરા અમેરિકા જાય છે. ભરતખંડ ખાલી થઈ ગયો છે. નત પાંચ જાય છે. પણ અમેરિકામાં શું નવા વાયુ વાય છે ? ને નવાં ઝાડવાં ઊગે છે ?

'ગજનું બે ન જાણે તેય અમેરિકા જાય છે ! ઠોઠ બોંઠિયા ! બોલી ન જાણે તે બધા જાય છે. કોઈ સાધુ થતા નથી.

'એક છોડને ઉછેરવો ને એક સાધુ કરવો.' એમ જાગા સ્વામી કહેતા. 'કપડાં રંગના ઠીક, પણ અંતર રંગના' એમ સ્વામી કહેતા, એ મુખ્ય.'

જ્યાંથી અચાનક ઉચાળા ભરવાના છે, ત્યાં જ સ્થિર થવા - સુખી થવા સૌ ફાંફાં મારે છે. અમેરિકા દોટ મૂકે છે. પણ કોઈ સત્પુરુષ પાસે દોટ મૂકીને આવતો નથી કે 'મને સાધુ કરો.' એક માળી ગમે તે ભોગે છોડને ઉછેરવા તૈયાર બેઠા છે. અંતરને રંગી નાખે એવા ગુણાતીત ગુરુ, સાધુતાના અસલી કસબી, અલખની ધૂણી ધખાવીને બેઠા છે, પણ કેમ કોઈ સપૂત દોડી આવતો નથી ! આવો કોઈ સૌમ્ય આક્રોશ સ્વામીશ્રીની વાણીમાં આજે છલકાઈ રહ્યો હતો.

સદ્‌ગુણ ભરેલો સાધુ સૌનું ખમે !

અહીં એક દિવસ સંપ્રદાયનાં જૂનાં અને પીઢ ભક્તરાજ મણિબેન સમાધિવાળાને ત્યાં ઉત્સવ નિમિત્તે તેમના દીકરા દાદાભાઈ તથા પારસી ભક્તોના આગ્રહથી સ્વામીશ્રી ગોવાળિયા ટૅંક ઉપર આવેલા તેમના નિવાસે પધાર્યા. સભા ભરાઈને બેઠી હતી.

સ્વામીશ્રીએ *'આજ મારે ઓરડે...'*ના પદ ગવરાવ્યાં. સ્વામીશ્રી બ્રહ્મમસ્તીમાં ડોલતા હતા. ભજન-કીર્તન ચાલતાં હતાં. ત્યારે તેમનો નાનો દીકરો બાબુ સભામાં વિક્ષેપ કરતાં એકદમ સ્વામીશ્રીને ઠપકો આપવા લાગ્યો કે 'તમે હવે અમારે ત્યાં આવતા નથી. બહુ મોટા થઈ ગયા છો. અહીંયાં પણ

બધા મહારાજનું જ ભજન કરે છે...' વગેરે ન કહેવાનું કહેવા લાગ્યા. સભામાં સન્નાટો છવાઈ ગયો.

હર્ષદભાઈથી આ સહન ન થયું, એટલે તેઓ બાબુને ઠપકો આપવા લાગ્યા કે 'તું આ શું કરે છે ? તું કોને કહે છે, તને ખબર છે ? આવા સંત દુઃખાઈ જશે તો શું થશે, તે તને ખબર છે ?' વગેરે કડક શબ્દોમાં કહ્યું. છતાં બાબુ તો બોલતો જ રહ્યો. પછી તેમના મોટાભાઈ દાદાભાઈ વગેરે ઘણા બધાએ બાબુને વાર્યો. ત્યારે તે માંડ બોલતો બંધ થયો.

આ બાજુ સ્વામીશ્રી તો સ્થિતપ્રજ્ઞની જેમ સોફા ઉપર બિરાજ્યા હતા. એમણે બાબુના રોષનો એક પણ શબ્દ ગ્રહણ કર્યો ન હતો. તેથી નિર્લેપભાવે છતાં પ્રસન્ન મુદ્રામાં હતા. કોઈ પ્રકારની ખિન્નતા તેમના મુખ ઉપર વ્યાપી નહોતી. પરંતુ ત્યાં બેઠેલા નાના-મોટા બધાનાં મન ડહોળાઈ ગયાં અને બધાને બાબુ ઉપર મનોમન ખૂબ જ ગુસ્સો ચડ્યો. પણ સ્વામીશ્રીની મર્યાદાને કારણે કોઈ કાંઈ કરી શક્યું નહીં.

પૂજા વિધિ પૂરો થયો. સ્વામીશ્રી મકાનની નીચે ઊતરવા લિફ્ટમાં બેસવા જતા હતા, ત્યારે બાબુનો હાથ પકડી તેને સાથે લીધો. અને લિફ્ટમાં નીચે ઊતરતાં જાણે કાંઈ બન્યું જ નથી, એમ વાત્સલ્ય વરસાવતાં કરુણાભાવે તેને કહેવા લાગ્યા : 'તમે ખોટું લગાડશો નહિ, અમારી ભૂલ છે. અમારે આવવું જોઈએ. તમે સાચા છો...' લિફ્ટમાં સાથે ઊતરતાં અમે સૌ આ જોઈ રહ્યા ! સાંભળી રહ્યા ! સ્વામીશ્રીની સાધુતામાં ખોવાઈ ગયા !

એક સવારે સ્વામીશ્રી દાતણ કરતી વખતે ઘનશ્યામસિંહને કહે : 'દાજી બાપુને તમારા ઉપર બહુ હેત. તમે તો તેમની સામુંય જોતા નથી. પણ તેમને આસક્તિ ટળતી નથી. કેમ કે વ્યાજનું વ્યાજ, દીકરાનો દીકરો એટલે વ્યાજનું વ્યાજ કહેવાય.' એમ અનેક વાર દાજી બાપુના પૌત્ર અને પૃથ્વીસિંહ બાપુના પુત્ર ઘનશ્યામસિંહને સ્વામીશ્રી સાધુ થવા માટે પ્રેરણા આપતા.

તા. ૯મીએ સવારે સ્વામીશ્રી સભામાં સંતોની વાટ જોતાં બિરાજ્યા. આજે વડોદરામાં સ્વામી ચિદાનંદજી (હૃષીકેશ) આયોજિત 'સર્વ ધર્મ પરિષદ'માં સંસ્થા વતી ઉપસ્થિત રહી પ્રમુખસ્વામી તથા સંતસ્વામી અત્રે પધારવાના હતા. તેમને લેવા દસ સંતોને સ્વામીશ્રીએ હાર લઈને સ્ટેશને મોકલ્યા. ૬-૧૫ વાગે બંને સદ્‌ગુરુઓ મંદિરે પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ દંડવત્ કર્યા. હાર પહેરાવીને બધી વિગત પૂછી.

સભા પછી ભટેસાના જમાઈ ડૉ. શાહના નાના બાબાને સ્વામીશ્રીએ પ્રસાદીનો પડિયો આપવા હાથ લંબાવ્યો ત્યારે તે ડૉ. શાહને વળગી ગયો અને પાસે ન આવ્યો. સ્વામીશ્રી આ જોઈ કહે : 'બાળરાજા કહેવાય. આમેય વળે ને આમેય વળે.'

ત્યારે નારાયણ ભગત કહે : 'યોગીયે રાજા કહેવાય.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'યોગી તો રાજા ન કહેવાય.' એમ સૌને હસાવ્યા.

બે દિવસ પછી સ્વામીશ્રી સ્નાન કરીને વસ્ત્ર બદલાવી રહ્યા ત્યારે એક સંત એક નાના છોકરાના ભાઈની વાત કરતા હતા. તે ભૂલમાં એમ બોલ્યા કે 'સ્વામી ! આ છોકરાનો બાબો છે ને, તે બહુ...!'

આ શબ્દો સાંભળીને સૌ હસી પડ્યા. ત્યારે સ્વામીશ્રી પણ હસ્યા અને બોલ્યા : 'ભગવાન ને સંત પાસે સૌ બાબા જ છે ને ! કોઈ નાનો બાબો, કોઈ મોટો બાબો.'

પછી ગુણવંતે કહ્યું : 'અમે નાના બાબા અને મોટા હરિભક્તો મોટા બાબા એમ ને !'

ત્યારે સ્વામીશ્રી કહે : 'હા, એમ જ.' સ્વામીશ્રી રમૂજમાં ભળી જઈ મર્મ સમજાવી દેતા.

સ્વામીશ્રી રાતે આરામ કરવા પધારે ત્યારે રોજ સાત-આઠ ડૉક્ટરોની મિટિંગ થાય. આજે સ્વામીશ્રીએ ભગુભાઈ ડૉક્ટરને કહ્યું : 'આજે ઈશ્વર સ્વામીએ નિશાન પાડ્યું. ખબર પડી ?'

ભગુભાઈ કહે : 'ના.'

સ્વામીશ્રી કહે : 'મૂર્તિઓનું નિશાન પાડ્યું. અહીં આરસની મૂર્તિઓ પધરાવવાનું નક્કી કર્યું !' સ્વામીશ્રીએ ખૂબ આનંદમાં આવી જઈ જાહેરાત કરી.

તા. ૧૨મીએ સવારે ૮-૩૦ વાગ્યે સર્વ સંતો અને પચાસ હરિભક્તો ભૂલેશ્વર, સ્વામિનારાયણ મંદિરે દર્શન માટે પધાર્યા. પછી કપોળ વાડીમાં આવી, ત્રણ દિવસ મુકામ કર્યો. અહીં માણેકલાલ શેઠના જમાઈ શાંતિભાઈ પ્રાણજીવન શાહ તરફથી પારાયણ આરંભાયું. પ્રમુખસ્વામી કથાનું રસપાન કરાવતા.

મકરસંક્રાન્તિના શુભ પર્વે જયસુખલાલ કોઠારી, પારલા સત્સંગ મંડળ તથા પારાયણ કરાવનાર શાંતિભાઈ, માણેકલાલ શેઠ તથા વિનોદભાઈને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. પર્વ નિમિત્તે ઠાકોરજી સાથે સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું અને દાદર મંદિરે આવી ગયા.

અમદાવાદથી 'ભક્તિમાતા' સોસાયટીનું કાંતિભાઈએ મોકલેલ આલ્બમ જોયું. સાથે પાંચ-સાત સંતો પલંગ પર હાથ રાખી જોતા હતા. એવામાં બહુ વજન થવાથી સ્વામીશ્રીનું મસ્તક રહે તે તરફના બે પાયા કડડ કડડ કરતા તૂટી ગયા. સ્વામીશ્રી તો સ્થિતપ્રજ્ઞ ! જાણે કશું થયું જ નથી તેમ કહે : 'હજી (આલ્બમ) પૂરું જોયું નથી. જોઈ લઈએ.'

પછી તૂટેલા પલંગે જ બેઠાં બેઠાં તે જોયું. પછી 'યોગીદર્શન' સોસાયટીનું બીજું આલ્બમ પણ તે જ સ્થિતિમાં જોયું. પલંગ નીચે મૂકેલું નિરંજન સ્વામીનું પત્તર તૂટી ગયેલું, તે બતાવ્યું ત્યારે કહે : 'આ નુકસાન થયું.'

હવે એક ગામ ! અક્ષરધામ !

૪-૩૦ વાગે માનસી પછી સંતોને ખૂબ બળની વાતો કરી કે –

'કોઈ ક્યાં હતા ને કોઈ ક્યાંય હતા. કોઈ ક્યાં ભણતા હતા. પણ ગામનું નામ ટાળી નાખ્યું. હવે એક ગામ, અક્ષરધામ ! આશીર્વાદ છે. આ જન્મ સુધારી લેવો. વેહ કાઢ્યો તે પૂરેપૂરો ભજવવો. *'શિર કટે સો વાર...'* સ્ત્રી, ધન બ્રહ્માંડમાં છે જ નહીં. ભગવાન ને સંત રાજી થાય તે ઉત્તરાયણના આશીર્વાદ છે. એક સંપથી કાર્ય ઉપાડીશું તો શોભશું.'

જ્યારે જ્યારે સ્વામીશ્રી મુંબઈ પધારતા, ત્યારે સુરતના હરિભક્તો અવશ્ય મુંબઈ દર્શને આવતા. સૌને જમાડવાની સ્વામીશ્રીની રુચિ જાણી, સુરતના પ્રેમીભક્તો ઘણી વાર તો સુરતી રસોઇયા પણ સાથે લાવતા, સુરતી શાકભાજી તો ખરાં જ અને ભાવથી અવનવી રસોઈ બનાવડાવી ઠાકોરજી, સ્વામીશ્રી અને સંતોને જમાડતા. ક્યારેક સુરતથી ઠાકોરજી માટે ઘારી પણ લાવતા. આશાભાઈ, મગનભાઈ સેક્રેટરી, અંબુભાઈ, ઈશ્વરભાઈ રંગવાળા વગેરે મુખ્યત્વે સેવામાં હોય. તેમનો આવો પ્રેમ અને સેવા જોઈ સ્વામીશ્રી ખૂબ પ્રસન્નતા બતાવતા. ગામેગામના હરિભક્તો બધા હળેમળે તથા રમાડે-જમાડે, એકબીજાનો મહિમા સમજી પરસ્પર પ્રેમ વરસાવે, એ જોઈ સ્વામીશ્રી અંતરથી હરખાતા. એવા ભક્તો ઉપર સહેજે આશીર્વાદ વરસાવતા અને સૌને તે પ્રમાણે વર્તવાની પ્રેરણા આપતા.

ઉકરડો કોણ ઉથામે ?

પોષી પૂનમનો - ગુણાતીતાનંદ સ્વામીની દીક્ષાતિથિનો સમૈયો ઊજવવામાં

આવ્યો. પ્રવચનો તથા કીર્તનો બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ગુણાતીતાનંદ સ્વામીના પ્રસંગો કહી વાત કરી : 'કોઈનું વાંકુ ન બોલવું. નવરા થાઈએ તો વાંકું બોલીએ ને ? ઉકરડો કોણ ઉથામે ? કોઈનો અવગુણ લેવો જ નહીં.'

સૌને પ્રસાદમાં ચેવડો અને પેંડા વહેંચ્યા. સ્વામીશ્રી કહે : 'અલ્યા, પેંડા લાવો. જરાક પ્રસાદી લેવી પડે. સમૈયો ખરો ને ? અંગીકાર કરવી પડે.' એમ કહી પેંડાની નહિવત્ કણી ભાંગી, મોઢામાં મૂકી કહે : 'શાંતિ થઈ ગઈ...'

બીજે દિવસે રાતે ૯-૦૦ વાગે કૃષ્ણશંકર શાસ્ત્રી અને મધ્ય પંડિત ગોપાલાચાર્ય આવ્યા હતા. તેમણે પ્રવચનો કર્યાં. અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા ને કહે 'કેવું પ્રવચન કર્યું ! ગોપાલાચાર્યે મુદ્દો કહી દીધો. કાલે ચિન્મયાનંદજી મહારાજ આવશે તે વાત કરશે. દર્શન દેવા આવે છે. પહેલાં ગોતવા જાવા પડતા હતા. તે અહીં આવે છે. કેટલું માહાત્મ્ય વધ્યું ! એમ અક્ષરપુરુષોત્તમનું માહાત્મ્ય વધ્યું... હવે હકાખાચર આવ્યા છે તે જૂની જૂની વાતો કરશે. દૂર દેશથી આવ્યા છે તે રમૂજ સાથે સંભળાવશે, તે સાંભળવા હું આતુર છું.'

સ્વામીશ્રી પોતે ભારે શ્રોતા હતા. વિદ્વાનો તથા સંતો દર્શને આવે, તેમની પાસે અચૂક સત્સંગની વાતો કરાવતા ને પોતે એકધ્યાન થઈ કલાકો સુધી સાંભળતા. સ્વામીશ્રીના મુંબઈના નિવાસ દરમ્યાન સંતો, પંડિતો વારંવાર દર્શને આવતા. જ્ઞાનના ભારથી લદાયેલા પંડિતો પણ સ્વામીશ્રીના નિર્દોષ વ્યક્તિત્વ આગળ ભાવુક બની ઢળી પડતા. અખંડ સત્સંગના આગ્રહી સ્વામીશ્રી હરિભક્તો પાસે સત્સંગની વાતો કરાવતા અને શ્રદ્ધાથી સાંભળતા. હકાભાઈની વાણી એમને બહુ ગમતી. વચ્ચે બાળસુલભ નિર્દોષતાથી ખડખડાટ હસી પડતા.

તા. ૧૯મીએ રાત્રે ૧૦-૪૫ વાગે વિદ્વદ્વર્ય સ્વામી ચિન્મયાનંદજી બેંગ્લોરથી પ્લેનમાં શાંતાક્રુઝ ઍરપોર્ટ ઊતરી સીધા જ સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા. આ ઉંમરે પણ હિંદુ ધર્મની જાગૃતિ માટે સતત પ્રયત્નશીલ સ્વામીશ્રીનાં કાર્યથી અને બ્રાહ્મીસ્થિતિથી તેઓ ખૂબ આકર્ષાયા હતા. તેમણે પ્રવચનમાં આવા અલભ્ય પુરુષનો લાભ લેવા સૌને અનુરોધ કર્યો. ત્યારબાદ સ્વામીશ્રીએ આશીર્વચન આપ્યાં.

આ અરસામાં મુંબઈના સંનિષ્ઠ હરિભક્ત મગનભાઈ ખત્રીનાં મોટાં પુત્રીનાં લગ્ન લેવાનાં હતાં. શાસ્ત્રી પાસે મુહૂર્ત જોવડાવ્યું, તો તેણે કહ્યું કે 'હાલ કોઈ શુભ મુહૂર્ત આવતું નથી. છતાં જો લગ્ન લેવાનાં જ હોય, તો ગ્રહશાંતિ

માટે સવા લાખ મંત્રના જાપ કરાવવા પડે.'

મગનભાઈને તો અક્ષરપુરુષોત્તમની દૃઢ નિષ્ઠા હતી. તેમને ગ્રહની વાતનો કોઈ ભાર પડ્યો નહીં. પણ વેવાઈ પક્ષનું શું ? આથી તેઓ મૂંઝવણમાં હતા.

તેમણે સ્વામીશ્રીને આ મૂંઝવણ કહી. સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું કે 'લાવો આપણે મુરત કાઢીએ. અમે લગ્નમાં આશીર્વાદ આપવા આવશું. તમારે કોઈ જાપ કરાવવાની જરૂર નથી. ગોંડલ - અક્ષર દેરીની સવાસો મહાપૂજા કરાવજો અને લગ્નને દિવસે રસોઈ આપજો.' આમ કહી, સ્વામીશ્રીએ લગ્નની તિથિ અને તારીખ નક્કી કરી આપી.

તા. ૧૮મીએ સ્વામીશ્રી આઠ સંતોને લઈને લગ્નમાં આશીર્વાદ આપવા પધાર્યા. સ્વામીશ્રીના આશીર્વાદથી મગનભાઈનાં પુત્રીનો લગ્ન પ્રસંગ નિર્વિઘ્ન રીતે ઊકલી ગયો.

ભગવાન સૌનું ભલું કરો

બીજે દિવસે લગભગ ૧૦૦ જેટલા સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી અક્ષર વાડી, પવઈ પધાર્યા હતા. સૌને કથા-કીર્તનનું સુખ આપી, રાજુલાવાળા ભીખાભાઈની તબિયત જોવા ઘાટકોપરની સર્વોદય હૉસ્પિટલમાં પધાર્યા. ત્યાંના સંચાલકો તથા ડૉક્ટરો પણ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા એકત્રિત થઈ ગયા હતા. ભીખાભાઈ ભાવવિભોર થઈ ગયા. સ્વામીશ્રીએ તેમને હેતથી ખબર-અંતર પૂછ્યાં. આશિષ આપ્યા.

એવામાં હૉસ્પિટલના શેઠ કાન્તિલાલ પણ આવી પહોંચ્યા. સ્વામીશ્રીને વંદન કરતાં તેમણે અને ડૉક્ટરોએ વિનંતી કરી : 'સ્વામીજી ! આપ દરેક દર્દીના ખાટલા પાસે પધારશો ? દર્દીઓને નવું જીવન મળશે.'

સ્વામીશ્રી રાજી થકા સંમત થયા. હૉસ્પિટલના કેટલાક વૉર્ડમાં ફર્યા. છેલ્લે ત્યાં પધરાવેલી હનુમાનજીની મૂર્તિનાં દર્શન કરી રાજીપો બતાવ્યો ને કહે : 'હનુમાનબાપા ! બેઠા છો ને ! બધાં દર્દીનાં દુઃખ દૂર કરજો. સૌને સાજાં કરજો.'

પછી કાંતિભાઈ શેઠની વિનંતીથી અનાજના કોઠારમાં પધાર્યા. સ્વામીશ્રી તે જોતાં કહે : 'શેઠ બહુ સારા ! પરોપકારનાં કાર્ય કરો છો, તે ભંડાર ભરપૂર રહેશે. મહારાજ ખૂટવા નહીં દીયે.'

પછી સૌની ભાવભીની વિદાય લીધી. કાંતિભાઈ શેઠ ગદ્‌ગદ થઈ ગયા. ડૉક્ટરો પણ ભાવવિભોર થઈ ગયા. સ્વામીશ્રી મોટરમાં બિરાજ્યા અને

કરુણાથી આર્દ્ર આંખો હૉસ્પિટલના મકાન પર ઠેરવી, સ્વગત બોલતા હોય તેમ કહે : 'કોઈને રોગ ન રહે તો કેવું સારું !... ભગવાન સૌનું ભલું કરો... બધાં દર્દીઓ સાજાં થઈ જાય... મહારાજ બધાંને સાજાં કરશે...'

આ ઉદાત્ત ભાવના સ્વામીશ્રીના કરુણાપૂર્ણ વ્યક્તિત્વની અનોખી અભિવ્યક્તિરૂપે બહાર આવી ગઈ ત્યારે સૌ આશ્ચર્યવત્ એમના દર્શન કરી રહ્યા.

રોગ થયો તે સારું થયું !

રાતે ૯-૩૦ વાગે અક્ષર ભવનમા ઠાકોરજીના રૂમમાં બાબરભાઈએ પવઈમાં આપેલી ભેંસની સેવા વખાણીને કહે : 'ઠાકોરજીને દૂધ આપ્યા કરે. છાશ પણ મોળી, ખરેખરી. ત્રણ વાટકા પી જઈએ, કહ...કહ !

'છાશનું પહેલાં મને બંધાણ હતું. ગાળી વઘારી, છાશ પીએ તો જ ખાધું પચે. પણ શરદીનો રોગ લાગુ પડ્યો. સ્વામી મારા માટે મગાવી દેતા કે 'જોગીને છાશ જોઈએ.' દહીં મોળું મગાવી દે... પણ રોગ થયો તે સારું થયું. દૂધ, દહીં ખાવાનું મટ્યું.'

પછી કહે : 'ઈશ્વરભાઈ આવ્યા નહીં. ગાળિયું કાઢી ગયા. કેટલું કમાણા આજ ? લાભ લઈ લેવો. ચિકાશભાવ, હેતભાવ, સુહૃદભાવ રાખવો. ભોગીલાલ ડી.ટી.એસ. કહે છે કે ગુણાતીત જ્ઞાનમાં સુહૃદભાવ બહુ. અમારામાં 'જય સ્વામિનારાયણ...' કહી હાલ્યા જાય. સુહૃદભાવ હોય તો સુખદુઃખ વેઠી લ્યે. મદદ કરે. દવાખાને લઈ જાય. ડબલ સેવા કરે. સાધુની, હરિભગતની સેવા કરે.'

તા. ૨૦મીએ મંગળ પ્રવચનમાં નિષ્કુળાનંદ કાવ્યમાં, 'જીવન જાણું છું' એ પાંચમી 'સ્મૃતિ' આવી ત્યારે કહે : 'આ અમે શીખેલા, મોઢે કરેલી. ગુણાતીત ! આ મોઢે કરજો. મેં મોઢે કરેલી.' પછી નારાયણ ભગતને પણ મોઢે કરવા આજ્ઞા કરી.

થાળમાં કહે 'એક વાર શાસ્ત્રીજી મહારાજ સ્વામી ભાવનગર બિરાજમાન હતા. અમે મેડા ઉપર થાળ બોલતા. ગોંડળ છે તે મૂર્તિ હતી. સ્વામી આવ્યા ને કહે : 'ટટ્ટાર બેસી થાળ બોલવો.' તે દી'ની મૂર્તિ સાંભરે છે. ટાણે ટાણું યાદ આવે, વૃત્તિ રાખીએ તો યાદ આવે.'

આજે સાંજે ૪-૦૦ વાગે મહારાષ્ટ્રના ફૉરેસ્ટ એન્ડ એગ્રિકલ્ચર મિનિસ્ટર પી.કે. સાવંત તથા નારાયણરાવ પાટીલ આવ્યા. સ્વામીશ્રીની સાધુતા અને સંતોની તેમજ સંસ્થાની પ્રવૃત્તિ જાણી ખૂબ પ્રભાવિત થયા. તે ગયા કે તરત

મફતલાલ ગ્રુપના શેઠ યોગેન્દ્રભાઈ તથા અરવિંદ મફતલાલ પોતાના પુત્ર સાથે આવ્યા. સ્વામીશ્રી 'સ્વામીની વાતો' બોલ્યા. જેનું અંગ્રેજીમાં હર્ષદભાઈએ ભાષાંતર કર્યું. સત્સંગની વાતચીત બાદ સૌએ વિદાય લીધી.

શાસ્ત્રીજી મહારાજ ભગવાનની મૂર્તિ હતા !

એવામાં માટુંગાના 'વાણીવિહાર વિદ્યાલય'માંથી અશ્વત્થામાચાર્ય તથા કૃષ્ણમાચાર્ય તેમ જ ત્રણ વિદ્યાર્થીઓ આવ્યા હતા.

સ્વામીશ્રીએ અશ્વત્થામાચાર્યને સંસ્કૃત બોલવા આજ્ઞા કરતાં કહ્યું : 'મને સંસ્કૃત પ્રિય છે, માટે સંસ્કૃતમાં બોલો.' તેઓ સુંદર બોલ્યા. કૃષ્ણમાચાર્ય હિન્દીમાં બોલ્યા.

સ્વામીશ્રી રાજી થઈ કહે : 'કેવું બોલ્યા ! સ્વામિનારાયણના આવા આચાર્ય થવા જોઈએ ! આ કરતાં સવાયા થવા જોઈએ, એ જાણવા મળ્યું. સર્વથી ફર્સ્ટ નંબરમાં આવે તો સવાયું. નહીં તો રોટલા ખાઈ પડ્યા રહીએ, સ્વામિનારાયણના.

'આપણે ઇંગ્લીશમાં બોલીએ તો ભાર પડે. આપણે પૂજાવું, મનાવું છે ? પણ સૌ સ્વામિનારાયણમાં ભળે તે નિમિત્તે કરીએ કે સેવા કરે, મંદિરે આવે...'

વળી કહે : 'શાસ્ત્રીજી મહારાજ તો આપણે માટે ભગવાનની મૂર્તિ હતા, પણ ભવિષ્યના સંતો ક્યાં રહેશે ? તે માટે મંદિર બાંધ્યાં.'

વળતી સવારે હર્ષદભાઈ પાસે જયપુરથી હિંદીમાં પ્રકાશિત કરાતા કૈલાસ નારાયણ બડગોતી સંચાલિત 'સ્વામિનારાયણ જ્ઞાનરશ્મિ'નો 'આજ કા ધર્મ' વિષયક લેખ વંચાવ્યો. બાદ યુવક મંડળમાં પધાર્યા.

યુવાસભામાં નાનકડા યુવાન સુનીલ પારેખ અંગ્રેજીમાં પ્રવચન કરી આશીર્વાદ લેવા ગયા ત્યારે સ્વામીશ્રી હાથથી લટકું કરી કહે : 'ફાઇન ફાઇન !' એમ સ્મૃતિ આપી.

સાંજની સભામાં ગ.પ્ર. ૬નું નિરૂપણ કરતાં કહે : 'ગુણગ્રાહક થયો એટલે શૂરવીર થયો. વિશ્વાસ રાખે તો અવગુણની વાત નીકળી જાય.'

વચનામૃતના અંગ્રેજી અનુવાદના આશીર્વાદ

રાત્રે રૂપારેલ કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ પ્રૉ. મુદ્‌ગલે હર્ષદરાય દવે લિખિત 'લાઇફ એન્ડ ફિલોસૉફી ઑફ શ્રી સ્વામિનારાયણ' એ પુસ્તકનો સુંદર

અહેવાલ આપ્યો હતો. સ્વામિનારાયણ તત્ત્વજ્ઞાનની વિશિષ્ટતાનું દર્શન કરાવ્યું. તેમની કેટલીક સમસ્યાઓનું સમાધાન એ પુસ્તકમાંથી કેવી રીતે મળ્યું તે પણ જણાવ્યું. સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોને અંગ્રેજી અને હિંદીમાં અનુવાદ કરી, ભારતના ખૂણે ખૂણે તેમજ બહાર વિશ્વમાં સ્વામિનારાયણનું તત્ત્વજ્ઞાન પહોંચાડવા તેમણે ખાસ અનુરોધ કરી, હર્ષદરાય દવેને ખૂબ અભિનંદન આપ્યા હતા.

બાદ સ્વામીશ્રીએ 'અનુભવી' કીર્તન સમજાવ્યું ને વચ્ચે 'વચનામૃત'ના મહિમાની વાત કરી કહે : 'અંગ્રેજીમાં વચનામૃત કરે તેવા હર્ષદભાઈને આશીર્વાદ. ૬ મહિનામાં વચનામૃત કરો. બે મહિનામાં નહિ. પરાવાણી ધીરે ધીરે થાય. મહારાજ શબ્દે શબ્દ બોલ્યા તે આવવા જોઈએ. ફેરફાર થવો ન જોઈએ. જેટલું મહારાજ બોલ્યા, તેટલું જ ભાષાંતર. તે જ હિન્દીમાં થાય. લાખો માણસ લાભ લે. સુખી થાય.' એમ કહેતાં વચનામૃતનો અંગ્રેજી અનુવાદ શરૂ કરાવ્યો.

યોગીદર્શનથી દુ:ખડાં ગયાં છે

અહીંના શંકરલાલ પંડ્યા તેમના કુટુંબ સાથે કૃષ્ણશંકર શાસ્ત્રીજીની પારાયણમાં લાભ લેવા જતા. વળી, પાંડુરંગ શાસ્ત્રીજીના સ્વાધ્યાય વર્ગોમાં પણ જતા. તેમનો ૧૦ વષનો પુત્ર મનોજ પણ સાથે રહેતો.

એક વાર તેમણે પોતાની અંગત મુશ્કેલીની વાત કૃષ્ણશંકર શાસ્ત્રીજીને કરી ત્યારે તેમણે કહ્યું કે 'તમારી આ મૂંઝવણ દૂર કરી શકે તેવી ત્રણ વિભૂતિઓ આજે ગુજરાતમાં વસે છે. તે છે ચિત્રકૂટવાળા રણછોડદાસજી મહાાજ, બીજા નારેશ્વરના રંગ અવધૂતજી અને ત્રીજા છે ગોંડલના યોગીજી મહારાજ. આ ત્રણ વિભૂતિ પાસે જાવ અને તમારી મૂંઝવણમાં તમને જ્યાં શાંતિ અને માર્ગદર્શન મળે ત્યાં તમારા મનને સ્થિર કરજો.'

શંકરલાલભાઈએ શાસ્ત્રીજીને પૂછ્યું કે 'આ ત્રણે વિભૂતિ હાલ મને ક્યાં મળે ? અને મારે તેમનો સંપર્ક કેમ કરવો, તે મને કહો.'

શાસ્ત્રીજીએ તેમને કહ્યું કે 'રણછોડદાસજી હાલ ક્યાં છે તે મને ખબર નથી; પણ રંગ અવધૂતજી ભરૂચ પાસે નારેશ્વરમાં તેમના આશ્રમમાં મળશે. અને યોગીજી મહારાજ તો હાલમાં મુંબઈમાં જ દાદર ખાતે સ્વામિનારાયણ મંદિરમાં બિરાજે છે.'

શંકરભાઈ ત્યાંથી બીજે જ દિવસે સ્વામીશ્રીનાં દર્શન માટે દાદર આવવા

નીકળ્યા. ટ્રેનમાં તેમને સ્વામીશ્રીના અનુયાયી બાલમુકુંદ ભટ્ટ મળી ગયા. અને તેમણે સ્વામીશ્રીના અલૌકિક મહિમાની વાતો કરી. તેનાથી શંકરલાલ પંડ્યાને ખૂબ આનંદ થયો. તેઓ દાદર મંદિરે આવી પહોંચ્યા. પરંતુ સ્વામીશ્રી તો કપોળ વાડીમાં પારાયણ હોવાથી ત્યાં પધાર્યા હતા.

ફરીથી આજે તેઓ મંદિરે આવ્યા અને દર્શન કર્યાં. બાલમુકુંદ ભટ્ટે તેમનો પરિચય સ્વામીશ્રીને આપ્યો. સ્વામીશ્રીએ તેમને અને તેમના પુત્ર મનોજને આશીર્વાદના ધબ્બા આપ્યા અને કહે : 'ચિંતા કરશો નહીં, બધું સારું થઈ જાશે.'

થોડા જ સમયમાં શંકરલાલ પંડ્યાની બધી જ મુશ્કેલીઓ ટળી ગઈ અને તેઓ સ્વામીશ્રીના આશ્રિત થયા.[૨૦]

બે દિવસ પછી સવારે 'સ્વામિનારાયણ પ્રકાશ' વંચાયું. તેમાં ડૉક્ટર સ્વામીનો તંત્રીલેખ વંચાતો હતો. તેમાં આવ્યું કે 'વચનામૃત' જેવા નાનકડા ગ્રંથમાં...' એટલે સ્વામીશ્રી કહે : 'વચનામૃતને નાનકડો ન કહેવાય. મોટો સર્વોપરી ગ્રંથ કહેવો જોઈએ !'

તું ચૈતન્યનો વેપાર કરે

સ્વામીશ્રી અહીં બિરાજમાન હોય ને કોઈ મુમુક્ષુ વર્તમાન ધરાવવા આવે તો તુરત સ્વામીશ્રી હરિભૂષણ સ્વામીને બોલાવતા. તેઓ જળ તથા કંઠી-માળા લઈને આવી જ જાય.

સ્વામીશ્રી તેમને કહે : 'હરિભૂષણ ! ઘરાક આવ્યા છે. દુકાન ખુલ્લી છે.'

---

૨૦. ત્યારપછી નડિયાદમાં સ્વામીશ્રીના જન્મ જયંતીના પ્રસંગે ફરી તેમને કૃષ્ણશંકર શાસ્ત્રીજીની મુલાકાત થઈ ત્યારે તેમણે શંકરલાલ પંડ્યાને પૂછ્યું કે 'મેં તમને વાત કરી હતી પછી તમે તે અંગે શું કર્યું ?'

તેમણે શાસ્ત્રીજીને કહ્યું કે 'આપે કહ્યા પ્રમાણે મને પ્રથમ મુંબઈમાં યોગીજી મહારાજની મુલાકાત થઈ અને તેમનાં દર્શનથી જ મને હૃદયમાં શાંતિ થઈ ગઈ અને તેમના આશીર્વાદથી મારી બધી જ મુશ્કેલીઓ ટળી ગઈ. તેથી હવે બીજે ક્યાંય જવાની જરૂર નથી !'

કૃષ્ણશંકર શાસ્ત્રીજી આ વાત સાંભળીને રાજી થયા અને બોલ્યા કે 'તમે જે માર્ગ લીધો છે તે શ્રેષ્ઠ છે. સ્વામીશ્રી તો ત્રિવિધ તાપ ટાળે તેવા ભાગવત સંત છે. અને તમે તેમના શરણે ગયા એટલે તમારું સર્વ પ્રકારે કલ્યાણ થઈ જશે એમાં કોઈ શંકા રાખશો નહીં !'

જાણે મોક્ષની દુકાન ચાલતી હોય ને પોતે મોટા વેપારી તરીકે મોક્ષ દેવા થડા ઉપર બેઠા હોય, એવો એમને સદાય કેફ રહેતો.

મુંબઈમાં ૪૫ દિવસ અખંડ બ્રહ્માનંદ કરાવી, તા. ૨૫મીએ સવારે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં મુંબઈથી વિદાય લઈ બિલિમોરા પધાર્યા.

સવારે ૫-૩૦ વાગે ઉઠ્યા. મને કહે : 'મને ૪-૪૫ વાગે ઊઠાડી જ દેવો. મુંબઈ શ્રીજીજીવન ઉઠાડી દેતા.' પછી અષ્ટક શરૂ કર્યાં : *'પ્રાતઃ સ્મરામિ...' 'જલધર...'* પછી વાત કરતાં કહે : 'સિપાઈ 'દરવેશ' (યુનિફૉર્મ) પહેરે છે તે રાતે કાઢી નાખે. આપણે તો ચોવીસ કલાકનો 'દરવેશ' ! અખંડ ભજન થાય એટલા માટે...'

સવારની કથામાં ગ.અં. ૧૮ વંચાવ્યું. થોડી વાત કરી ત્યાં કોઈએ ઝોલું ખાધું. તો કહે : 'મહારાજ તો બેરખો ઠપકારતા...' પછી ધીરેથી કહે : 'આપણે તો દાસના દાસ. એવું ન કરીએ.'

આજે સવારે જયસુખભાઈ કોઠારીને ત્યાં ઉકાળા-પાણીનો કાર્યક્રમ હતો. તેમણે લકઝરી બસની વ્યવસ્થા કરી હતી. સ્વામીશ્રી તેમનો ભાવ વખાણીને કહે : 'સાંકરદામાં ઈશ્વર મોહન હતા. પ્રેમી બહુ. કહે : 'બારસની રસોઈ દેવી છે.' પણ એકાદશીને સાત દી'ની વાર. તે આઠ દી' કાઢવા કેવી રીતે ? તો કહે : 'ગમે તે કરો, ગામમાં ઝોળી માગો.' તે એટલી રસોઈ લેવા સારુ ઝોળી માગી ! આવા પ્રેમીભક્તો હોય, તેનું રાખવું પડે !'

સંત મળ્યે, મળ્યા સ્વામી !

બપોરે ફરાળ પછી ગ.મ. ૮ વંચાવી નિરૂપણ કર્યું, તેમાં અંબાલાલ બકરી પોળવાળાએ પૂછ્યું : 'અમારે પ્રગટ સહજાનંદ સ્વામી એટલે શું સમજવું ?'

સ્વામીશ્રી કહે : 'તે સંતમાં રહ્યા છે. તે જ મોક્ષનું કારણ છે. *'એવા સંત મળ્યે, મળ્યા સ્વામી...'* એમ સમજવું. ખામી કોઈ રહી નથી.'

ગઈકાલે પ્રજાસત્તાક દિન હતો. તેની ઊજવણી અંગે વાત કરતાં કહે : 'અત્યારે સ્વરાજ્ય જેવું રહ્યું નથી. પહેલાં બે વરસ બહુ કરતા. હવે તો બે વાવટા મૂકી સ્વરાજ્ય ઊજવે, પણ રાજ્ય મળે ત્યારે જુસ્સો આવી જાય ને કોઈને ગાંઠે નહીં.'

પછી દાસત્વભક્તિ પર વાત આવી. ત્યારે કહે : 'ત્યાગવલ્લભને દાસત્વ-ભક્તિ. દરેકને જમાડે. ક્રોધ નહીં, શાંતિ. બહેં માણસ જમાડે પણ ફલાણો

રસોઈમાં નથી આવતો. એવું નહીં. ગુસ્સે ન થાય. દેહને ઘસી નાખ્યું. આવો દાસત્વભાવ આવવો કઠણ. ભગવાન ને સંતની કૃપા થાય તો થાય.

'અમે શાસ્ત્રીજી મહારાજ ભેગા રહ્યા. કોઈ દી' સ્વામીને ઓશિયાળા કર્યા નથી. જ્યાં મોકલે ત્યાં જઈએ. તો દૃષ્ટિ પડી ગઈ. બાકી કાંઈ અક્કલ-બુદ્ધિ નહીં. સેવા વધારે કરી. કથામાં ઓછા બેસીએ. તે વખતે મંદિરની સાત જાતની સેવા, ઝોળી માગવાની, તેમાં તૈયાર રહીએ તો મોટાપુરુષ રાજી થઈ જાય. મોટાપુરુષનું કહ્યું આપણે કરીએ તો આપણું કહ્યું સૌ કરે. નહીં તો 'ધૂત ! બે - ચલ બે !'

'નિર્દોષબુદ્ધિ જેવી કોઈ સેવા નથી - ભક્તિ નથી. દરેકને ભાર પડે. રાજીપાનું ફળ શું ? અંતરમાં શાંતિ રહે. ઉદ્વેગ-ઉપાધિ ન રહે. સ્વામી સભાઓ જ કરે. ઘડીએ ભુલાય નહીં. નવરા પડીએ ને વાતું-ગોષ્ઠિ કરીએ કે શાસ્ત્રીજી મહારાજનું શું કાર્ય હતું !'

બપોરે ઠાકોરજી જમાડીને સ્વામીશ્રી કહે : 'કાઢો ગ.પ્ર. ૧૬નું.'

'બાપા ! દોઢ વાગી ગયો છે.' નારાયણ ભગતે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'મોળી વાત નહીં, કાઢો પ્રથમનું ૧૭મું !' પછી તેમાં 'અતિ પ્રસન્ન થકા વિરાજમાન હતા.' એ વાક્ય આવ્યું ત્યારે કહે : 'તે વખતે કામ થઈ જાય. ગોંડળ બાપુ બપોરે દોઢ વાગે સોપારી જમતા હોય ત્યારે જે વાત કરીએ તે થઈ જાય, નહીં તો બીજે દી' ટપ્પો પડે !' પછી કહે : 'મોળી વાત કરવી નહીં.'

આરામ બાદ ૪-૧૫ વાગે ઊઠ્યા. અત્રેથી વિદાય લઈ હરિયા, લીલાપોર, ઈટારવા થઈ, નવસારી પધાર્યા.

દેશકાળ સુધારવા સેવા લે છે

રાતે સભામાં *'અનુભવી...'* *'ભજી લે ભગવાન...'* એ પદો નિરૂપ્યાં :

'ભગવાન ને સંતની સેવા કરે તો ખોટ આવતી નથી. બાપા (પિતા) ભક્તિ કરતા હોય ને દીકરા સમજે કે 'બાપા જે કરે છે તે સારું કરે છે,' તો તેને બાપાની ભક્તિમાંથી દશાંશ મળે ! અસેવા કરે તો પાપનો ભાગી થાય. મોટા-પુરુષનાં વાક્યો બ્રહ્મવાક્યો !

'ભગવાન તો સોનાનાં મંદિર ઉગાડે, પણ હરિભક્તોના દેશકાળ સુધારવા સેવા લે છે.'

અહીં જાદવજીભાઈ ચૌહાણ તથા મહેન્દ્રભાઈને ત્યાં થઈ, સુરત આવી પહોંચ્યા. નદી કિનારે મ્યુનિસિપલ કૉર્પોરેશન સામે દરિયા મહાલમાં સ્વામીશ્રીનો ઉતારો હતો.

બપોરે થાળમાં પધાર્યા ને કહે : 'થાળમાં બિરંજ ઓછો છે, વધારે લાવો.'

સંતો કહે : 'ચળું થઈ ગયું છે.'

તો કહે : 'ભલે.' પછી 'નાનો થાળ બોલો.' એમ કહી *'મારે ઘેર આવજો...'* ગવરાવ્યો અને બિરંજ વધારે મુકાવ્યો.

સાંજે ૪-૦૦ વાગે સુરતના જસ્ટિસ શેલત દર્શને આવ્યા હતા. સિવિલ જજ ઈન્દુકુમાર વ્યાસના પ્રમુખપદે સભા ભરાઈ. કૃષ્ણશંકર શાસ્ત્રી પણ આવ્યા હતા. રાતે ૯-૧૦ વાગે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. સાંજે ૪-૦૦ થી ૯-૦૦ વાગ્યા સુધી બીજા વક્તાઓનાં પ્રવચનો અને કીર્તનો થયાં. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહી, *'હાંજી ભલા...'* એ કીર્તન બોલ્યા.

સાંજે ચાલુ સભાએ આરતીનો સમય થતાં ઠાકોરજી રૂમમાં મોકલી આરતી કરવા કહ્યું ને પોતે સભામાંથી ત્યાં જઈ આરતી ઉતારી.

તા. ૨૯મીએ સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે : 'આજે અમાસ પર્વણી. ત્રણ વાગે ના'વા જાવું છે. થોડાં ફૂલ લઈ જાવાં. તાપીને વધાવવા. સૂઈને શું કરવું છે ? લોકો હેંડીને જાય છે. પોષ વદિ અમાસ !

'સત્સંગિજીવનમાં કહ્યું છે કે નદી કિનારે કથા કરવી. સ્વામી છતાં અમે નર્મદામાં સ્નાન કરવા ગારો ખુંદીને ગયેલા. સ્વામીશ્રીને નદીનું માહાત્મ્ય બહુ. અશ્વિનીકુમાર એક દી' સ્નાન કરી આવીએ... કરો ધૂન. મંદિર થઈ જાય તે ધૂન કરી લ્યો.'

પછી શાસ્ત્રીજી મહારાજના વખતમાં અમદાવાદમાં કરેલી પારાયણની સ્મૃતિ કરતાં કહે : 'હરિભક્તોએ તાણ કરી કે પારાયણ કરવી છે.' સ્વામી કહે : 'પાટલો છે ? લાવો પુસ્તક, લાવો કંકુ... સાંભળવા બેસી જાવ.' એમ ઘડિયાં લગ્ન લેવાઈ ગયાં.'

આજથી સ્વામીશ્રીની પ્રેરણાથી 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ પ્રમુખસ્વામીએ શરૂ કર્યું હતું. સંતો પણ લાભ આપતા. તેમજ સ્વામીશ્રીની અમૃત વાણીનો પણ સૌને લાભ મળતો.

સોમવતી અમાસ હોવાથી સ્વામિનારાયણ મંદિરે દર્શને ગયા. અહીં પૂજારીએ હારતોરા કરી, પ્રેમપૂર્વક સ્વામીશ્રીને દર્શન કરાવ્યાં.

સાંજે અત્રેના સાંઈબાબા મંદિરે જઈ તે મંડળના ભક્તોને આશીર્વાદ આપ્યા હતા. અહીં હજારો મુમુક્ષુઓએ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો.

૧૦-૧૫ વાગ્યા સુધી રૂમમાં બેઠા બેઠા પ્રમુખસ્વામી અને સંતો સાથે આનંદ-ગોઠડી કરતા હતા. પ્રથમ દાજી બાપુની વાતો નીકળી. પછી ચંદ્ર ઉપર માણસ પહોંચ્યો તે વાત સાંભળી કહે : 'એ બધાં ટાઢાં પહોરનાં... ! બે વરસ પછી જોઈશું...'

પછી કહે : 'અમેરિકામાં આટલા બધા પૈસા ક્યાંથી આવી પડ્યા હશે ?' એમ ખૂબ આનંદ કરાવ્યો.

ગુણાતીત ગુરુ એક જ હોય

બીજે દિવસે સવારે સ્વામીશ્રી જાતે ઊઠ્યા. ૪-૦૦ વાગ્યા હતા. ફાનસ ઉપાડ્યું અને સમય જોવા ઘડિયાળ પાસે આવ્યા. પછી નારાયણ ભગતને કહે :

'રોજ ૪-૦૦ વાગે ઊઠીને નાહી લેવું. અમે રોજ ૩-૩૦ વાગે ઊઠી જ જતા. રાત્રે સંકલ્પ કરીને સૂઈએ તો ઊઠી જવાય. તે દી' ઘડિયાળ નહીં. હરણિયા માથે આવે તો ૧૨, જરા ઊગે તો ૧, એમ એકદમ નમી જાય તો ૪ વાગ્યા... એ જોઈએ એટલે ખબર પડી જાય.

'કૃષ્ણચરણદાસ સ્વામીનો હું ખાસ ચેલો. હું નીકળતો હતો ત્યારે મને રોકાવા કહેલું ને કહ્યું કે ૨૦ ચરણારવિંદની જોડ આપું. બધી પ્રસાદી આપું; પણ આપણને અદાએ કહેલું તેથી રોકાણા નહીં. મારો સ્વભાવ મો'બતી.

'પહેલાં અમે વડતાલની કાષ્ઠની મૂર્તિ છે તેનું ધ્યાન ધરતા. પછી અદાએ શાસ્ત્રીજી મહારાજ પાસે મોકલ્યા. પછી એમનું ધ્યાન ધરતા. શાસ્ત્રીજી મહારાજ એ અનાદિ ગુણાતીત સ્વરૂપ જ ગણાય. એ તો મહારાજની મૂર્તિ હતા, પણ લોકમાં એવું કહેવાય નહીં. ગુણાતીત સ્વરૂપ અને ગુણાતીત એક જ છે. ફેર નથી. એવા ગુણાતીત ગુરુ એક જ હોય. તેના સાધર્મ્યપણાને પામેલા ઘણા હોય.'

પછી કૃષ્ણશંકર શાસ્ત્રીજીના આમંત્રણને માન આપી, સનાતન હૉલમાં શ્રીમદ્ભાગવત પારાયણ પ્રસંગે પધાર્યા હતા. ઈશ્વરભાઈ રંગવાળાને ત્યાં સોસાયટીનું વાસ્તુ કરી, સાંજે સુરત શહેરની 'દૂધધારા' ડેરીના નવા મકાનમાં ઉદ્ઘાટન પ્રસંગે પધાર્યા.

બાદ સુરત યુવક મંડળે તૈયાર કરેલા 'જ્ઞાનજ્યોત' ગ્રંથનું ઉદ્ઘાટન કરી, આશીર્વાદમાં કહે : 'યુવકો અવળા થાય તો કૉલેજો ભાંગી નાખે ને સવળા થાય

તો કૉલેજ છોડી સાધુ થાય ! માટે બાર મહિને શિબિર ભરવી. દોરવણી મળે...'

રાતે સેશન્સ જજ એ.કે. શાહના પ્રમુખપદે જાહેર સભા યોજાઈ હતી.

ગુરુ તો નળિયાં ચાળે એવા છે

તા. ૩૧મીએ અહીંની વિશાળ દૂધડેરી 'સુમુલ'નું ઉદ્‌ઘાટન કરવા સ્વામીશ્રી ડેરીના ચૅરમૅન આશાભાઈ સાથે ત્યાં પધાર્યા. સુરતના અનેક પ્રતિષ્ઠિતોની હાજરીમાં સ્વામીશ્રીએ ચાંપ દાબી ડેરીના પ્રૉજેક્ટનું પ્રાસાદિક ઉદ્‌ઘાટન કર્યું. બધાં મશીનો નિહાળી પ્રસાદીભૂત કર્યાં.

ડી.કો.ઓ. બૅંકના મૅનેજર ખંડુભાઈ દેસાઈના પ્રમુખપદે સભા ભરાઈ. સભામાં કાર્યકર્તાઓએ સ્વામીશ્રીનો આભાર માન્યો અને આશાભાઈ પટેલની કાર્યશક્તિની પ્રશંસા કરી. અહીં જ ઠાકોરજીને થાળ ધરી પ્રસાદ લેવાનો હતો. સૌ સાથે સ્વામીશ્રી જમવા બિરાજ્યા.

'આશાભાઈ બહુ બુદ્ધિશાળી, બહુ બુદ્ધિ પુગાડી.' સ્વામીશ્રીએ કહ્યું.

'હા, બાપા !'

'આવું કોઈને ન આવડે.'

'બાપા ! બધાને બહુ ભાર પડ્યો.' સ્વયંપ્રકાશ સ્વામીએ પુષ્ટિ કરી.

'શું ?'

'આશાભાઈ આવા પ્રામાણિક ને હોશિયાર, તો એમના ગુરુ કેવા હશે ?' ડૉક્ટર સ્વામીએ સ્પષ્ટતા કરી.

'ગુરુ તો નળિયાં ચાળે એવા છે !' એમ કહી સ્વામીશ્રી હસી પડ્યા. જાણે પોતે કંઈ છે જ નહિ !

સમર્થ હોવા છતાં, પોતામાં નાનાપણું મનાવવામાં આટલો આનંદ કોણ માણી શકે ?

સાંજે શ્રીજીમહારાજની પ્રસાદીની પાઘનાં દર્શને ગયા. અહીં પારસી ભક્તોના ઘરમાં, પાઘની બાજુમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવી આરતી ઉતારી. સાંજે પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે સંતો તથા યુવકોએ ૧,૦૦૦ ગુલાબનો સુંદર મોટો હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો. રાત્રે છેલ્લી સભામાં સંતોએ સંસ્કૃત, અંગ્રેજી, હિંદી તથા ગુજરાતી ભાષામાં પ્રવચનો કર્યાં હતાં.

અહીં રાજપીપળાના સંન્યાસી માધવતીર્થજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા અને સ્વામીશ્રીને સુંદર ભગવું વસ્ત્ર ઓઢાડ્યું હતું.

સ્વામીશ્રી રાત્રે સભામાં બિરાજમાન હતા ત્યારે સાડા ત્રણ વર્ષનો બાળક ઉમેશ સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. ઊંચું સિંહાસન હતું. તેના ઉપર તે ટિંગાઈ રહ્યો અને કહે : 'યોગીબાપા ! મને થાપો આપો.' પછી સ્વામીશ્રીએ ધીમેથી તેને ધબ્બો માર્યો.

તેની આંગળીમાં સ્વામીશ્રીના ફોટાવાળી વીંટી હતી. તે વીંટી કાઢીને કહે : 'યોગીબાપા ! આ વીંટીમાં ફોટો છે.'

સ્વામીશ્રીએ વીંટી હાથમાં લીધી. નાનકડી વીંટીમાં હસતી મૂર્તિ શોભતી હતી. ફરી બાળક બોલ્યો : 'યોગીબાપા ! મને વીંટી પહેરાવો.' એમ કહીને આંગળી ધરી. સ્વામીશ્રી એ નાનકડા ભક્તને નીરખી રહ્યા. પોતાના હાથે વીંટી પહેરાવી. બાળક પોતાની કાલીઘેલી ભાષામાં બોલતો જતો હતો : 'યોગીબાપા ! આ વીંટી મારી છે હોં !'

તા. ૧-૨-'૬૮, મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'કાળ વાંહે ફરે છે. વિક્રમ ભગતને અટલાદરામાં થયેલું. સ્વામી છતાં વિક્રમ ભગત પડી ગ્યા'તા. સગડી પેટાવીને બારી-બારણાં બંધ કરેલાં તે બેભાન થઈ ગયા. (કાર્બન મોનોક્સાઈડની અસરથી)

'જીવવા દેવાના સાધનથીય આવું થાય. સગડી-બગડી, આ વીજળી... અડે તો મારી નાખે. આફ્રિકામાં ત્રણને મારી નાખ્યા. કાળ વાંહે ફરે છે. પેટમાં દુ:ખે, સગડીરૂપે, ગ્યાસરૂપે... ઈ કે' છે - 'તૈયાર થાવ.' એમ કાળ લેવા આવે છે. ચેતીને ભગવાન ભજી લેવા.

'મરવાનું દરેકને છે. જીવવાનું શું ? ભગવાન ને સંતમાં દિવ્યભાવ - શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી, પ્રમુખસ્વામી જેવા પુરુષ મળ્યા, તે કલ્યાણ થઈ ચૂક્યું. અધૂરું ન માનવું. આશરો છે તે ધામમાં જાશું.'

સવારે યુવક મંડળને એકાંતમાં મળીને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરી, પ્રચાર માટે તૈયાર થવા અને યુવકો વધારવા સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

દૃષ્ટિ-લાભ

શિયાનગર ગામના વતની જીવાભાઈ લાખાણી સુરત આવ્યા ત્યારે તેઓ તથા તેમના મિત્ર મોહનભાઈ સાધુ થવાના હતા. સ્વામીશ્રીએ બંનેને દૃષ્ટિમાં રાખેલા. સ્વામીશ્રી સ્નાન કરવા બેસે ત્યારે તેઓ ગરમ પાણી લઈ સ્વામીશ્રીના બાથરૂમમાં આવતા.

એક દિવસ સ્વામીશ્રી સ્નાન કરવા બેઠા. અને તેમને જોયા નહીં તેથી એકદમ આકળા થઈ ગયા. અને બોલ્યા : 'પહેલાં તેને બોલાવો. પછી હું કહું તે પાણી ગરમ લાવશે.'

તે દિવસે યુવકોની બહુ ભીડ થયેલી. તેથી કાર્યકરોએ તેમને બહાર રોકેલા. પછી તરત જ તેમને બાથરૂમમાં બોલાવી લીધા.

સ્વામીશ્રી તેમને જોઈને કહે : 'તમારે બહાર ન રહેવું, પાણી ગરમ કરવા આવી જવું.' એમ રાજીપો બતાવ્યો. તેમને સાધુ બનાવવા હતા, તેથી સ્વામીશ્રી તેમને દૃષ્ટિ સમક્ષ રાખતા. આમ, સાધુ થનાર યુવકોને સ્વામીશ્રીની દૃષ્ટિનો સહેજે લાભ મળી જતો.

બપોરે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં સ્વામીશ્રી અટલાદરા પધાર્યા.

ઠાકોરજીને લઈને પ્રગટનો મહિમા છે !

ગોંડલથી સિદ્ધેશ્વર સ્વામી અને બાપુ સ્વામી આવ્યા હતા. તેમને મળ્યા. સાંજે સ્નાન બાદ ઉકાળા-પાણી કરી, તે જ આસને બિરાજી રહ્યા. ગોંડલથી આવેલ હાર સંતોએ બતાવ્યા. સ્વામીશ્રીએ તે જોતાં યોગેશ્વર સ્વામીને કહ્યું : 'આ કાલે ઠાકોરજીને ધરજો.' પછી કહે : 'આ ગુરુ તો પટની મૂર્તિને ધરાવી દે.'

'પ્રગટનો મહિમા, તેથી. પણ ઠાકોરજીને લઈને પ્રગટનો મહિમા છે.' પ્રમુખસ્વામી બોલ્યા.

'એ તો કાલે જોઈશું કે 'ઠાકોરજીને ધરાવે છે કે નહીં.' પછી કહે : 'હાલો થોડી વાત કરી લઈએ...

'શાસ્ત્રીજી મહારાજ સ્વામી પ્રગટનો મહિમા ગાતા; પણ ઠાકોરજીને મુખ્ય રાખતા. મને થાળ કરવાનું કહેતા. હું જાતે થાળ કરવા જતો. સ્વામી જાતે ચાર વખત ખુરશીમાં બેસી દર્શન કરવા જતા. તે તો અંતરમાં અખંડ મહારાજને દેખતા. ન જાય તો ચાલે. પણ આપણને શીખવવા સારુ જતા. જિંદગીભર કોઈને પગ ધોવા ન દીધા. આરતી કરાવતી વખતે પણ મૂર્તિ મગાવે. મોટાપુરુષ વર્તણૂક શીખવી દે. કવાયત શીખવે. ભગવાનના ગુણ આવે. શાસ્ત્રીજી મહારાજ જેટલી વાર દિશાએ જાય તેટલી વાર ન્હાય. *'મહાજનો યેન...'* આપણે ભણ્યા નથી પણ સંસ્કૃત બોલીએ ખરા.

'નાના સંતોએ તૈયાર રહેવું. રાખ-રખાવટ... કોઈ મોટા આવે, દંડવત્ કરતા હોય તો આડું-અવળું તરી જાવું નહીં. ખબર પૂછવી. કોઈ મોટા માણસ

આવે તો બેસી જવું. માથે બાંધીને બેસવું. આ તો એક જણ બોડાં રોડાં જેવો બેસે, તેમ ન કરવું. લોકો ઘૂમરી ખાઈને પડે !

'અત્યારે તો બરફી-ઘારી મળે છે. તાગડધિન્ના કરવાના છે. કમાવા જાવું પડે તો ખબર પડે. તે દી' તો ટાઢો રોટલો મળતો. તે વખતે (સારંગપુરમાં) ગની મેમણ હતો, તે બે મહિના સુધી ઉધાર માલ આપતો.

'શાસ્ત્રીજી મહારાજના મંદિરમાં કબાટ નહીં. બીજે તો કબાટને ત્રણ-ત્રણ તાળાં લાગી ગયાં છે. આપણે કોઈનું કાંઈ લેવું નહીં. સ્વામી પંડે આ ચોક વાળતા. આ ચાર લીંબડા એમણે ઉછેરેલા. દિશાએ જાય ત્યારે ચોક વાળે અને પાણી પાય. ગઢડાનો લીંબડો પણ પ્રસાદીનો.

'અમારી ક્રિયા (રાખ-રખાવટની) તમે શીખી જાવ. કાંઈ અપવાસ ખેંચાવા નથી. તે તો કરવા, પણ રાખ-રખાવટ શીખી જવી. આમ, બધા મંડીએ તો બ્રહ્માંડ સત્સંગી થઈ જાશે. બધા તાણ કરીને તેડાવશે. આપણે અહીં શું લાવ્યા'તા ? ધોયેલ મૂળા જેવા આવ્યા હતા ને એવા જ જવાના. આ રાખ-રખાવટમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું આવી જાય છે.'

પ્રમુખસ્વામીનું પૂજન એ અમારું પૂજન !

તા. ૩-૨-'૬૮ના સવારે વસંત પંચમી મહોત્સવની સભામાં સૌ વક્તાઓએ શિક્ષાપત્રી તથા શાસ્ત્રીજી મહારાજનો મહિમા વર્ણવતાં પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો સિદ્ધાંત પ્રવર્તાવવો એ વિરાટ કાર્ય છે. તે આપણે કરવું.

'શાસ્ત્રીજી મહારાજનો આજે જન્મ થયો. તેમના ત્રણ સિદ્ધાંતો : ૧. ઉપાસના. ૨. સંપ-સંગઠન. ૩. અખંડ કથાવાર્તા.

'મોટાસ્વામી નથી, પણ તેમનું કાર્ય પૂરું કર્યું છે. દરવાજો થાય છે. તેમને એક કવર લખ્યું છે કે 'તમારો દરવાજો પૂરો કરવો છે. હવે પ્રમુખસ્વામીને કાર્ય સોંપ્યું છે. તે બાકી પૂરું કરશે. શાસ્ત્રીજી મહારાજે સાતે મંદિરની સોંપણી કરી છે. અમદાવાદમાં ચાદર ઓઢાડી. આંબલીવાળી પોળ હવે મીઠી થઈ ગઈ. મગનભાઈ ક્યાં છે ? સિક્કો મારો (વાત સાચી છે તેમ).'

મુંબઈથી સંતોએ મોકલેલો મોટો હાર પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. બીજો હાર મહંત સ્વામીએ પ્રમુખસ્વામીને પહેરાવ્યો.

ત્યારબાદ સ્વામીશ્રીનું પૂજન કરી, હાર પહેરાવવા સૌ હરિભક્તો તત્પર થયા ત્યારે સ્વામીશ્રી એકાએક બોલ્યા : 'સાંભળો, આજે બધા પ્રમુખસ્વામીનું પૂજન કરો, તેમાં શાસ્ત્રીજી મહારાજ અને અમારું પૂજન આવી ગયું.'

આ શબ્દો વિદ્યાનગરના આપાભાઈ તથા સભામાં નજીક બેઠેલા હરિભક્તોએ સાંભળ્યા. પોતાના અનુગામી સ્વરૂપની જાણ મોટાપુરુષો ક્યારે, કઈ રીતે કરે તે સમજવું અકળ છે. એ જાણવાની દિવ્ય દૃષ્ટિ હોતી નથી.

બહુ જ સહજ રીતે આ ઓળખાણ આપે છે ત્યારે એ ભવિષ્યકથન હોય છે. અને હરિભક્તો કેવળ વર્તમાનમાં જ રાચતા હોય છે. સ્વામીશ્રીનું સાંનિધ્ય અનુભવતા હોય છે. તેથી એ શબ્દો સ્મૃતિમાં રહેતા નથી. ભાવિમાં ઘણી વાર આવા સત્પુરુષને ઓળખવાની દિવ્ય દૃષ્ટિ તેથી જ સાંપડતી નથી. જેઓ આવા પરભાવના-મહિમાના શબ્દોને અંતરમાં સાચવી રાખે છે, તેમનાં અંતરમાં ગુરુ તત્કાળ પ્રકાશ કરે છે. 'સ્વામીશ્રીનાં વચન એ જ વેદવાક્ય છે' એવું અનુસરનારા સર્વે હરિભક્તોએ પ્રમુખસ્વામીનું ગુરુપૂજન કરી, સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી.

સાંજે ૪-૩૦ વાગે સભામાં ગોંડલ નરેશ વિક્રમસિંહજી બાપુ, ગુજરાત વિદ્યુત બૉર્ડના ચૅરમૅન શાંતિકુમાર રાજા, વડોદરા શહેરના અગ્રણીઓ દર્શને આવ્યા હતા. સાંજે ૭-૦૦ વાગે સ્વામીશ્રીએ વડોદરા નજીક ગોરવા ગામે 'કુમકુમ સોસાયટી'માં સિનોરવાળા બાબુભાઈના બંગલાનું વાસ્તુ કર્યું.

❀ ❀ ❀

વટપત્તનમાં અલૌકિક પારાયણ



છેલ્લા કેટલાક વખતથી સ્વામીશ્રી ગામોગામ પારાયણો કરવાનો સંકલ્પ કરતા અને સ્થાનિક હરિભક્તોને તે માટે તૈયારી કરવા ઉત્સાહ પ્રેરતા. આમ, ગામોગામ એક પછી એક અદ્‌ભુત પારાયણો સાકાર થતી હતી. જેમાં બે, પાંચ, પચાસ નહિ, પણ હજારો નવા નવા મુમુક્ષુઓને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરાવી, તેઓને અક્ષરધામના અધિકારી બનાવતા.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા : 'ખેતર ખાલી પડ્યાં છે. ખેડનારો જોઈએ.' 'જમાત કરામત.' 'સમૂહમાં ભજન, ભક્તિ, સત્સંગથી અનેકને સમાસ થતો હોય છે.' 'ગામોગામ સત્સંગ મંડળો સ્થાપી આપણે સ્વામિનારાયણનો ડંકો મારવો છે.' એવી શૂરાતનની વાતો કરતા ત્યારે સ્વામીશ્રી સૌને 'હોલાઉપાડ' કરવાની આજ્ઞા કરતા. હોલાઓમાં શું શક્તિ ? પણ સાથે ઉપાડ કર્યો તો પારધીની જાળમાંથી છટકી ગયા. એમ આપણે પણ કોઈ ગમે એવું અશક્ય કાર્ય પણ સંપથી, સુહૃદભાવથી અને એકતાથી કરીએ તો મહારાજ-સ્વામી એમાં ભળે જ. અને હજારો મનુષ્યોને સમાસ થાય જ.

ગામોગામ પારાયણ કરવાના સ્વામીશ્રીના સંકલ્પમાં જે ભળ્યા તેમને અદ્‌ભુત અનુભવો થયા. સ્વામીશ્રીનો રાજીપો તો મળ્યો જ, પણ સાથે સાથે સ્થાનિક સત્સંગ મંડળોમાં અપૂર્વ જાગૃતિ આવી. હરિભક્તો ભેગા થઈ, સ્વામીશ્રીની આજ્ઞાથી શું ન કરી શકે ? 'ગમે તેવું અશક્ય કાર્ય પણ, મોટાપુરુષના સંકલ્પે સિદ્ધ થાય છે' - તેની સૌને પ્રતીતિ આવી. વ્યક્તિગત જીવનમાં અને સામૂહિક સત્સંગ જીવનમાં સૌને અસાધારણ આત્મબળ પ્રાપ્ત થયાં. અક્ષરપુરુષોત્તમની સંઘનિષ્ઠાની અને કર્તવ્યનિષ્ઠાની સમાજને પણ પ્રતીતિ થઈ. સારાયે સત્સંગ સમાજમાં અદ્‌ભુત નવચેતનાનું સિંચન થયું.

વડોદરામાં સત્સંગ-પ્રવૃત્તિ તો ચાલતી જ હતી. બાળ-યુવક-પ્રવૃત્તિ પણ

શરૂ કરી હતી. વિકાસ પણ થતો હતો. પણ ગુણાતીત બાગનાં તો સૌ સિંહનાં બચ્ચાં ! મંદ ગતિએ સત્સંગ ચાલે તે સ્વામીશ્રીને કેમ પાલવે ? 'કંઈક નવું કરી બતાવવું' - એવો આદેશ સ્વામીશ્રીનો હંમેશાં રહેતો. જેના ગુણાતીત ગુરુમાં મહાન શક્તિનો સ્રોત પડ્યો હોય, તેના શિષ્યો પણ એ અધ્યાત્મબળ આત્મસાત્ કરી, કોઈ અદ્‌ભુત પરચો બતાવે તો જ એ ગુણાતીત ભક્તો સાચા. અને સ્વામીશ્રી એવી તક પણ ગોઠવી આપતા. તેમાં જે બીડું ઝડપતા એ માલ ખાટી જતા. ગુરુના આશીર્વાદ મેળવી લેતા.

એક વર્ષ પહેલાં અટલાદરામાં મંગળ પ્રવચન કરતાં સ્વામીશ્રીએ વડોદરામાં પારાયણ કરવાની ઇચ્છા દર્શાવી. પછી પણ પ્રસંગોપાત્ત એક-બે વાર એની પુષ્ટિ કરી. મોટા પાયા ઉપર પારાયણ કરવી હોય તો બહુ તૈયારી માગી લે. આર્થિક બોજ પણ મોટો રહે. વડોદરાના નાના પણ નિષ્ઠાવાન સત્સંગ મંડળે સ્વામીશ્રીના વચને પહેલ કરી. સૌએ ગજા ઉપરાંતની સેવા તન, મન અને ધનથી ઉપાડી લીધી. સ્વામીશ્રીની સંકલ્પશક્તિ અને પ્રેરકશક્તિએ સૌમાં અદ્‌ભુત નિષ્ઠાનું બળ ઉમેર્યું.

ઐતિહાસિક શોભાયાત્રા

આવાં શુભ કાર્યોમાં ભક્તોને તો સૌ પ્રથમ ગુરુભક્તિ અદા કરવાનો જ સંકલ્પ થાય. ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક, અનંત મુમુક્ષુઓના મુક્તિદાતા સ્વામીશ્રીને જ છતરાયા કરવાનું કોને મન ન થાય ? સૌએ સંકલ્પ કર્યો કે 'પારાયણના પ્રારંભમાં વડોદરાની ભાવિક જનતાને સ્વામીશ્રીનાં દર્શન થાય અને પારાયણનો ઉદ્‌ઘોષ થાય એ હેતુથી સ્વામીશ્રીનું અપૂર્વ સ્વાગત કરી, અલૌકિક શોભાયાત્રા કાઢવી.' સૌને હૃદયાસન ઉપર આરૂઢ થયેલા સ્વામીશ્રીને ગજરાજ ઉપર પધરાવવાના ભક્તોને ભારે મનોરથ જાગ્યા.

સ્વામીશ્રીને આ વાતની જાણ થતાં તેમણે ચાર-પાંચ વાર ના પાડી; પણ ભક્તોની અત્યંત પ્રેમભરી આજીજી આગળ એમને નમવું પડ્યું અને સ્વાગત-યાત્રામાં ગજરાજની સેવા સ્વીકારવા સંમતિ આપી.

તા. ૪થીએ સવારે શહેરના નગરપતિ નાનાલાલ ચોકસીના અધ્યક્ષપદે માંડવી પાસે નજર બાગમાં સ્વામીશ્રીનું દબદબાપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. નજર બાગમાં ઊંચા સિંહાસન ઉપર સ્વામીશ્રીને પધરાવ્યા. પાંચ હજાર ઉપર જનમેદની અહીં સ્વાગત સભામાં સાક્ષી હતી.

માંડવીના દરવાજામાં શ્રીજીમહારાજ વર્ણીવેશે ત્રણ દિવસ રહેલા. તેમજ આ એ જ જગ્યા જ્યાં મહારાજ સયાજીરાવ ગાયકવાડ બીજાએ શ્રીજી-મહારાજની ઐતિહાસિક સવારી કાઢી, શહેરમાં પધરાવી, નજર બાગમાં ઉતારી, સમાગમનો લાભ લીધો હતો. એ જ પ્રસાદીના સ્થાનમાં સ્વામીશ્રીનું સ્વાગત થયું અને એવી ઐતિહાસિક સવારીનો પ્રારંભ થવાનો હતો.

સત્સંગ મંડળના પ્રમુખ ધુળાભાઈએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ઉપપ્રમુખ મગનભાઈએ પુષ્પહાર અર્પણ કર્યા. નગરપતિ ચોકસી સાહેબે સ્વામીશ્રીને હારતોરા કરી, સ્વાગત કરતાં આનંદ વ્યક્ત કરતાં કહ્યું : 'સ્વામીશ્રી યોગીજી મહારાજમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે. તેઓમાં નાનપણથી સચ્ચાઈ, સાદાઈ, પ્રેમભાવ આવા અનેક ગુણો સહજ જોવા મળે છે. આ ગુણો આપણામાં ઉતારીએ તો સ્વાગત કર્યું લેખે ગણાય.'

પ્રમુખસ્વામીએ પ્રસાદી સ્થાન 'નજર બાગ'નો મહિમા સમજાવ્યો. આવા શુભ પ્રસંગોએ જેમનો ઉત્સાહનો અંકુશ છૂટી જતો એવા શૂરવીર ભક્તરાજ મણિભાઈએ સ્વામીશ્રીના કાર્યને બિરદાવી, મહિમાની ગંગામાં સૌને તરબોળ કર્યા.

આકાશવાણીએ આ પ્રસંગને પ્રસારિત કરવા ધ્વનિમુદ્રણ કરી લીધો હતો.

સૌ શોભાયાત્રામાં જોડાયા. સ્વામીશ્રીને પધરાવવા માટે ગજરાજને નજીક લાવવામાં આવ્યો. જન્મજન્માંતરનાં પુણ્ય એકઠાં થાય ત્યારે આવા સંતની સેવા કરવાનો મોકો મળે છે, એ જાણતો હોય એમ હાથી પણ પુષ્પના રંગબેરંગી શણગારોથી સજ્જ થઈ, પગે ઘૂઘરા બાંધી થનગની રહ્યો હતો.

સૌ પ્રથમ સલાડમાં મણિભાઈ તથા નરહરિભાઈએ સ્વામીશ્રીને હાથી ઉપર ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ સાથે પધરાવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજની સુવર્ણ જયંતી અવસરે પણ ગુરુની હૂંફમાં હાથી ઉપર બેઠા. તે પછી આફ્રિકાથી ૧૯૫૫માં પધાર્યા ત્યારે સ્વાગતયાત્રામાં પોતાના લાડીલા શિષ્ય પ્રમુખસ્વામી સાથે બેઠા. અને આજે પણ શિષ્યને સાથે લઈ બિરાજવાના હતા. દરેક વખતે અત્યંત અનિચ્છાપૂર્વક સ્વામીશ્રીએ ભક્તોનો પ્રેમ સ્વીકાર્યો હતો. પહેલાં બે પ્રસંગોમાં તો ગુરુની હૂંફમાં હતા. આજે પોતે મહારાજ-સ્વામીના અનોખા સેવક બનીને, ગુરુને પોતાનાં અંગોઅંગમાં ધારીને સ્વામિનારાયણનું ભજન કરતાં, પોતાના પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને ખોળામાં લઈને એ મૂર્તિમાં લીન થઈને બિરાજ્યા.

આગળ ઊંટ ઉપર નોબત-ડંકા, ઘોડેસવારો, શણગારેલી મોટરોમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજની મોટી મૂર્તિઓ, સૂર વિખ્યાત દરબાર બેન્ડ, ભજન મંડળીઓની પાછળ ઠાકોરજી સાથે હાથી ઉપર ચાંદીની અંબાડીમાં સ્વામીશ્રી અને પ્રમુખસ્વામી બિરાજ્યા હતા. હાથી મોતીની સેરથી શણગારેલો હતો. પાછળ બગીઓમાં સંતો, પછી હરિભક્તો અને માથે કળશ લઈ ચાલતી બહેનો. આમ, શોભાયાત્રા માંડવી, લહેરીપુરા, જ્યુબિલી બાગ, અમદાવાદી પોળ, ટાવર અને રાવપુરા થઈ 'કદમ' બંગલે આવી.

માર્ગમાં ઠેર ઠેર ગુલાબની પુષ્પવૃષ્ટિ તથા કંકુ, ગુલાબ ને અક્ષતથી નગરજનોએ આ વિશ્વવિભૂતિ, સંત શિરોમણિને ભાવપૂર્ણ હૃદયે વધાવ્યા. ઢળેલાં નેત્રે, માળા ફેરવતા અખંડ સ્વામિનારાયણ મંત્ર જપતા આ સાધુમાં સૌને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં હતાં; કારણ કે આવી સન્માનયાત્રામાં પણ એક ક્ષણ એ ભગવાનથી વિખૂટા નહોતા. ભજનના દોરથી મહારાજને અંગોઅંગમાં જકડી રાખવાની જડીબુટ્ટી એમણે સિદ્ધ કરી હતી. પોતાનું અસ્તિત્વ જ ભૂલી જઈને અહર્નિશ ઈષ્ટદેવમાં નિમગ્ન રહેતા આ સંતપુરુષના અંગેઅંગમાંથી દિવ્ય ચેતનાનો પૂંજ પ્રસરી રહ્યો હતો. જે સમગ્ર વાતાવરણને શ્રદ્ધા ને ભક્તિથી ભરી દેતો હતો. હજારો ભાવિકોનાં હૃદયને પુલકિત કરતો હતો.

'હું ક્યાં હાથી ઉપર બેઠો હતો ?'

બરાબર બે કલાકે ૧૨-૩૦ના સમયે કદમને ઘરે ઉતારે નગરયાત્રા થંભી. સ્વામીશ્રી અને પ્રમુખસ્વામી ઊતર્યા. સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર એ જ સૌમ્ય મધુર હાસ્ય હતું. સૌ સંતો સ્વામીશ્રીની રૂમમાં તેમને વીંટળાઈને બેસી ગયા. શરીર દબાવવા લાગ્યા ને કહ્યું : 'હાથી ઉપર બહુ શોભતા હતા.'

સ્વામીશ્રી કહે : 'હું ક્યાં હાથી ઉપર બેઠો હતો ? શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ બેઠા હતા. આપણે તો વાસણ ઊટકનારા... આપણે શું બેસીએ ? યોગી વળી કોણ ?'

સ્વામીશ્રીના અંતરના આ ઉદ્‌ગારો પાછળ ઊંચી ભક્તિભાવના પડઘાતી હતી. દાસત્વભક્તિનો ભાવ અને પોતાના દ્વારા શાસ્ત્રીજી મહારાજ પ્રગટ રહ્યાની તાત્ત્વિકતાનું દર્શન સંતો માટે અભૂતપૂર્વ બની ગયું.

પછી નગરયાત્રાની વાતો ચાલી. સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ ત્રણ વખત બેઠેલા. પ્રમુખસ્વામી બીજી વખત બેઠા. ગુણાતીતાનંદ સ્વામી તો

બોચાસણમાં હાથીએ બેઠેલા. શ્રીજીમહારાજ છ વખત બેઠેલા.' આમ, ગુરુગુણ ગાવામાં સમય વીતાવતાં સ્વામીશ્રીને કોઈએ કહ્યું : 'આરામમાં નથી જવું ?'

ત્યારે કહે : 'આ હાથીએથી ઊતર્યા એ જ આરામ છે !' પછી કહે : 'હવે આ હાથણીનું કલ્યાણ થઈ ગયું. તેના ઉપર જે બેસશે તેનું કલ્યાણ.' સ્વામીશ્રીની કલ્યાણ-ભાવના વ્યાપક હતી.

સ્વામીશ્રીને પૂછ્યું : 'આપ કેમ આજુબાજુ દૃષ્ટિ નહોતા કરતા ?'

'જોવા જેવા તો ભગવાન અને સાધુ બે જ છે.' સ્વામીશ્રીએ તુરત જ કહ્યું.

૧-૩૦ વાગે જમીને વચ. વર. ૧૫ વંચાવી આરામમાં પધાર્યા.

નગરયાત્રાના આગલા દિવસે સવારે સ્વામીશ્રીને યુવકો સ્નાન કરાવતા હતા. એ વખતે સ્વામીશ્રી કહે : 'પાંચ યુવકો નિર્જળા ઉપવાસ કરે તો ડંકો વાગી જાય અને નગરયાત્રા સારી નીકળે.' તે પ્રમાણે યુવકોએ આજે ઉપવાસ કર્યો હતો.

આજે નજર બાગમાં વિશાળ માનવ-સમુદાય સ્વામીશ્રીના સ્વાગત માટે ઊમટ્યો હતો ત્યારે એક અવિસ્મરણીય વાત બની ગઈ.

સભામાં પ્રવચન થતાં હતાં. એવામાં એક નાનકડો બાળક તરુણ ઝડપથી ચાલતો સ્વામીશ્રીનાં દર્શન માટે જતો હતો. એક કાર્યકરે તેને સ્વામીશ્રી નજીક જતાં રોકવા માટે પ્રયત્ન કર્યો. સ્વામીશ્રીની દૃષ્ટિ તેના ઉપર પડી. તેમણે તરત જ હાથના ઈશારે બાળકને પોતાની પાસે આવવા દેવા માટે કાર્યકરને સૂચના આપી. સભામાં અને સ્ટેજ પર ઘણા પ્રતિષ્ઠિત માણસો બેઠા હતા.

સ્વામીશ્રીએ તે બાળકને પાસે બોલાવી તેની કાલીઘેલી વાત તેના મોઢા પાસે કાન માંડીને સાંભળી અને પછી આશીર્વાદનો ધબ્બો માર્યો.

કંપાલાના આશાભાઈનો ભાણિયો તરુણ, આજે મોટો થતાં પણ એ પ્રસંગ ભૂલ્યો નથી.

રાતે સેવકે કહ્યું : 'બાપા ! હવે ૧૦-૧૫ વાગ્યા, પોઢવા પધારો.'

સ્વામીશ્રી કહે : 'આ ઘડિયાળ ખોટી છે. એક વચનામૃત સમજાવીને જાઈશું.' એમ કહી ગ.પ્ર. ૧૧ વંચાવ્યું. પછી આરામમાં પધાર્યા.

સ્વામીશ્રીનો ઉતારો કદમને બંગલે હતો. સંતોનો ઉતારો મહેન્દ્રસિંહ ચૌહાણ તથા સુમનભાઈના બંગલે હતો. અને હરિભક્તોનો ઉતારો બ્રાહ્મણસભા હૉલ તથા કાછિયા વાડીમાં હતો.

દસ હજાર માણસો બેસી શકે તેવો મંડપ, શહેરના મધ્યમાં આવેલ

વિશાળ પ્રદર્શન મેદાનમાં બાંધ્યો હતો. માઈકની પણ સુંદર વ્યવસ્થા કરી હતી.

સવારીથી માહાત્મ્ય નથી

તા. ૫-૨-'૬૮, સવારે નજર બાગમાં આવેલા વિશાળ પ્રદર્શન મેદાનમાં પારાયણનો મંગળ પ્રારંભ પ્રમુખસ્વામીએ 'સત્સંગિજીવન' ગ્રંથની કથાથી કર્યો. તેમણે કથાની નવી પ્રણાલિકા મુજબ ઓછા શ્લોકો વાંચી નિરૂપણ કર્યું ત્યારે સ્વામીશ્રી વારંવાર 'શ્લોકો બોલો' 'શ્લોકો બોલો' એમ કહેતાં કહે : 'અંદર શ્લોક નથી કે શું ?'

પારાયણમાં મૂળ શ્લોકો બોલવાનો સ્વામીશ્રી આગ્રહ રાખતા. માત્ર ભાવાર્થ નિરૂપણ કરતાં શ્લોકોમાં એમને વધુ આનંદ આવતો !

આ પારાયણને અંતે આશીર્વાદ આપતાં કહે 'કેવી સર્વોપરી પારાયણ ! પ્રમુખસ્વામી કેવું વાંચે છે ! સૌને સમજાય છે ને ? બીજા હટ હટ વાંચીને શ્રીપતમ્... પતંગ ઊડ્યો ને સહુ ઘર ભેગા... માટે થોડું વાંચવું પણ સમજીને વાંચવું.'

પછી હકાભાઈને બોલવા કહ્યું. તેમણે નગરયાત્રાની વાત કરી, સ્વામીશ્રીનો મહિમા કહ્યો. ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણું સવારીથી માહાત્મ્ય નથી. *'નાને સે હો નાના'* - દાસના દાસ થાવું. અહીં વડોદરામાં છેલ્લાં ૧૨૫ વરસથી સવારી નહોતી નીકળી. તેથી હાથીએ બેઠા. મુંબઈમાં ત્રણ શિખરનું મંદિર થાય ત્યારે સવારી કાઢશું. વારે વારે ન હોય !'

આજે સ્વામીશ્રી કદમના બંગલેથી પારાયણ સ્થળે આવવા નીકળ્યા. ત્યાં જોયું તો ઠાકોરજીને કેળાંનો પ્રસાદ વહેંચવાનો બાકી હતો. તે તરત જ લઈ સ્વામીશ્રીએ વહેંચી દીધો ને કહે : 'પહેલાં અમે આ જ ધંધો કરેલો. તેથી યાદશક્તિ આવી જાય. પ્રસાદ પડ્યો રહેવો જ ન જોઈએ.'

સાંજે ૫ થી ૭-૩૦ ભાગવતની કથા ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા વાંચતા. તેઓ દરરોજ સોમાભાઈ ચાવાળાની મોટરમાં અમદાવાદથી વડોદરા કથા કરવા આવતા. તેમની કથા કરવાની મધુર શૈલી તથા વિદ્વત્તાથી - મહારાજ, સ્વામી તથા સંતો અને યોગીજી મહારાજની મહત્તા સમજાવવાની કલાથી સૌ મંત્રમુગ્ધ થતા. સભામંડપમાં બેસવાની જગ્યા પણ મળતી નહિ. સેંકડો મુમુક્ષુઓ સભામંડપ બહાર બેસી કથા સાંભળતા.

કથા બાદ વિદ્વાન સંતોનાં તથા હરિભક્તોનાં પ્રવચનો થતાં. સ્વામીશ્રી

રોજ આશિષ વરસાવી વડોદરાની ભાવિક જનતાને ભક્તિરસનાં પ્રેરણા-પીયૂષ પાતા.

રાત્રિ કાર્યક્રમોમાં શાસ્ત્રીજી મહારાજની ફિલ્મો, શતાબ્દી તથા અમૃત મહોત્સવની ફિલ્મો જોવા લોકો ઊમટતા.

બીજે દિવસે સવારે ૪-૪૫ વાગે મંગળ પ્રવચનમાં કહે : ‘આ ભગવાન સદા સાકાર છે. તેની ક્રિયામાં મનુષ્યભાવ ન આવે. તે ખાતા હોય, તે પીતા હોય, ઝોલાં ખાતા હોય, તોય દિવ્યભાવ રહે. દરેક ક્રિયામાં અવગુણ ન આવે તે નિર્દોષભાવ.

‘સેવાનું અંગ રાખીએ તો એકડોય ન આવડતો હોય તોય વધતો જાય. સેવા કરે ને જ્ઞાન શીખે તો વધે.

‘આપણે પ્રકાશ-પત્રિકાના ૨૦,૦૦૦ ગ્રાહક કરવા. ગોરખપુરમા (કલ્યાણ માસિકમાં) બાર મહિને એક લેખ લખવો. ભલે ન લ્યે. લખવો. ‘તારું સારુ ચાલશે.’ એમ લખશું. બધે મંડવું દેવા. એ વાંચે તો ખરો...’

પ્રમુખસ્વામીની આજ્ઞા પ્રમાણે સેવા કરવી

અહીં પારાયણ દરમ્યાન સોખડાના રમણભાઈ દેસાઈભાઈ પટેલે પોતાના ધંધાની વાત કરતાં સ્વામીશ્રીને કહ્યું : ‘હું ભાગીદારીમાંથી છૂટો થયો છું, ને સેવા-ધર્માદો આપની આજ્ઞા પ્રમાણે કરવાની ઇચ્છા છે.’

સ્વામીશ્રી કહે : ‘તમારે દશાંશ-વીશાંશ ધર્માદો પ્રમુખસ્વામીની આજ્ઞા મુજબ મોકલવો; પણ બીજાની મહોબ્બતમાં તણાઈ જવું નહીં. મારી સાથે જેવો સેવાભાવ છે, તેવો જ હવેથી પ્રમુખસ્વામી સાથે રાખવો. તો અમારો બહુ રાજીપો છે.’

રમણભાઈ પ્રમુખસ્વામીના કહેવાથી સેવા કરતા રહ્યા. તેમના અન્ય સાથીદારો પાછળથી સત્સંગાભિમુખ રહ્યા નહીં; જ્યારે રમણભાઈને પ્રમુખ-સ્વામી સાથે હેતને કારણે દિન-પ્રતિદિન સત્સંગની દૃઢતા વધતી ગઈ.

રાત્રિની જાહેર સભામાં શાંતિકુમાર રાજાએ પ્રવચનમાં ગુણાનુવાદ ગાતાં સ્વામીશ્રીને ‘સાચું સોનું’ કહી બિરદાવ્યા હતા.

કથા પ્રસંગમાં ઉતારે સ્વામીશ્રીએ વાત કરી : ‘ગાનામાં ૧૦-૩૦ વાગે સ્વામીએ (શાસ્ત્રીજી મહારાજે) અસુરનાં લક્ષણ ઉપર એક કલાક વાતું કરી. મંદિર પાસે ધર્મશાળામાં નારણભાઈએ પારાયણ કરાવેલું. તે દી’ કેરીનો રસ

હતો. સાંજે સ્વામીએ મને આજ્ઞા કરેલી તે 'વાતું' વાંચું. સાંજે સભા થાય. શ્રીજીસ્વરૂપદાસનું ગામ તેથી સ્વામી એકલા કથા કરતા. રાતે એકલા મેડે બેસીને વિચારે. મને કહે : 'વિચારું છું.' સ્વામીના શબ્દો પરાવાણીના. મહારાજ જેવી કથા કરે.'

પારાયણ બાદ પ્રદર્શન મેદાનમાં આશીર્વાદ આપતાં કહે : 'વડોદરા શહેર છે પણ ગામડા જેવું લાગે છે. મૂર્તિનું સુખ આવે છે. હૃદયમાં ઉતારવી. હૃદયમાં ન ઊતરે તો ખંખેરીને ઊઠ્યા, કાંઈ ન સાંભળ્યું, એમ કહેવાય. રેંટ લાગે છે તેમ વિચારો હાલે છે. પણ સાંભળ્યું તેનું મનન કરવું. આ પારાયણ હંમેશાં સંભારવી. જરાક યાદી રહે તો કામ નીકળી જાય. પરાવાણી.'

અહીં રોજ આઠ હજાર ભાવિકો સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ અને પારાયણના લાભ માટે એકત્ર થતા. મંડપ હમેશા નાનો પડતો. આજે તો આખો મંડપ પ્રથમથી જ ચિકાર ભરાઈ ગયો હતો. સ્વામીશ્રીએ સાંજે ૭-૪૫ વાગે આશીર્વાદ આપ્યા અને શ્રીહરિનો મહિમા ગાયો.

તા. ૮મીએ સવારે ૫-૦૦ વાગે કહે : 'શ્રીવાસુદેવ...' 'વિહરતિ...'ના અર્થ વાંચી જાવ.' વળી કહે :

'વૃત્તિ સ્વામીમાં રાખવી. રાત-દી' ભજન કરવું. 'શાસ્ત્રીજી મહારાજ હાથી ઉપર બેઠેલા. સુવર્ણ જયંતી થઈ...' એમ સૂતાં, ઊઠતાં, બેસતાં સમર્તિ' કરવી.

'સમર્તિ' નથી થતી એ મહિમાની ખામી છે. આ સમર્તિ' મોક્ષની છે. મોટાપુરુષની સમર્તિ એ જીવનું ભાથું છે. ટેવ પાડવી જોઈએ.'

અંધેરી કૉલેજમાં આખી દુનિયા ભણે છે

પછી સાધુ થનાર યુવકોની પ્રશંસા કરતાં કહે : 'અંધેરી કૉલેજમાં ભણતા ત્યાંથી પકડ્યા. 'અંધેરી' કૉલેજમાં આખી દુનિયા ભણે છે. 'અજવાળી' કૉલેજમા આવ્યા.'

બપોરે બ્રાહ્મણસભા હૉલમાં મિલન સમારંભ યોજ્યો હતો. જેમાં શહેરના અગ્રણીઓ વ્યક્તિગત રીતે સ્વામીશ્રીને મળ્યા અને સ્વામીશ્રી સાથે પ્રસાદ લીધો. પશાભાઈ ટ્રૅક્ટરવાળા તથા ડેરીના ચૅરમૅન ગોરધનભાઈ પણ લાભ લેવા આવી જતા.

તા. ૧૧મીએ સવારે ખૂબ હરિભક્તો આવ્યા હતા. વીજળી જતાં ફાનસના અજવાળે મગળ પ્રવચન કર્યું. ૮-૩૦ વાગે પ્રદર્શન મેદાનમા

પારાયણની પૂર્ણાહુતિ થઈ. જેમાં આશાભાઈ, હર્ષદભાઈ તથા મણિભાઈ વગેરેએ પ્રાસંગિક પ્રવચનોમાં સ્વામીશ્રીનો જ મહિમા વર્ણવ્યો. સ્વામીશ્રીએ આશીર્વચન આપતાં કહ્યું : 'મણિભાઈ, હર્ષદભાઈ બોલ્યા તેમાં બધું ભાગવત આવી ગયું. સાધુનો ધર્મ શું ? આશીર્વાદ દેવો તે બે મિનિટમાં દેવાય. તને-મને-ધને સુખી થાવ. વડોદરા શહેરને લાભ મળે. ધર્મભાવના જાગ્રત થાય. અત્યારે ઓછી જાગ્રત થઈ છે. ધર્મ પાળે તો લક્ષ્મી આવે, આબરૂ આવે.'

પછી ધુળાભાઈએ મંડળ વતી સૌનો આભાર માન્યો. મુંબઈના સંતોએ મોકલેલ સુંદર હાર પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને ઊભા કરી પહેરાવ્યો. સૌને દિવ્ય દર્શન થયાં. મંડળના અગ્રણીઓએ સ્વામીશ્રી સહિત સંતોનું પૂજન કર્યું.

પૂજન વખતે બ્રાહ્મણ કહે : 'પગ પરથી ધાબળો લો, પગનું પૂજન કરવું છે.'

સ્વામીશ્રીએ ધાબળો પગથી ખેંચીને પગ વધુ ઢાંક્યા. અને કહે : 'અમારે એ રિવાજ નથી !'

મહારાષ્ટ્ર, ગુજરાત અને સૌરાષ્ટ્રનાં ગામોના મળીને આશરે દસ હજાર જેટલા ભક્તોની તમામ વ્યવસ્થા મંડળે સંભાળી હતી. સૌના પ્રસાદની વ્યવસ્થા કાછિયા વાડીમાં હતી.

મહોત્સવની સફળતામાં, અનેકવિધ સેવાઓમાં મણિભાઈ સલાડવાળાની દોરવણી નીચે ધુળાભાઈ, મગનભાઈ, મહેન્દ્રસિંહ ચૌહાણ, જેસંગભાઈ, ચતુરભાઈ મિસ્ત્રી, મણિભાઈ વાલવોડવાળા, રણછોડભાઈ, વિષ્ણુભાઈ, વાસુદેવભાઈ, ગિરીશભાઈ પટેલ, પ્રહ્‌લાદભાઈ, ચંદુભાઈ, જશભાઈ, કૃષ્ણાભાઈ નડિયાદવાળા, હીમાભાઈ તથા લાલજીભાઈ ચૌહાણ મુખ્ય હતા.

બાબુભાઈ સિનોરવાળા, કાશીભાઈ, ધુળાભાઈ, મગનભાઈ વગેરે ભક્તોની મોટરો રાત-દિવસ સેવામાં હતી. આમ, વડોદરાના હરિભક્તોએ સંપીને સ્વામીશ્રીને રાજી કરવાના એક જ ધ્યેયથી કાર્ય ઉપાડ્યું. શ્રદ્ધા અને વિશ્વાસ રાખી મંડી પડ્યા, તો કોઈએ પણ નહિ ધારેલી એવી અદ્‌ભુત નગર-યાત્રા અને પારાયણના પ્રસંગો ઊજવાઈ ગયા.

સ્વામીશ્રી ઉતારે પધાર્યા. આરામમાં જતાં રોજ જુદાં જુદાં મંદિરોની સ્મૃતિ કરતા. આજે તો સ્વામીશ્રી ખૂબ શ્રમિત હતા. વળી, હરિભક્તોનો ધસારો પણ અકલ્પ્ય હતો. છતાં સ્વામીશ્રી આરામ માટે આવ્યા ત્યારે કહે : 'આજે શેની સ્મૃતિ કરીશું ?' પછી પોતે જ બોલ્યા : 'મહુવાની કરીએ...'

સાંજે ભરૂચ જવા નીકળવાનું હતું. છેલ્લી ઘડીએ સામાન પેક થતો હતો.

હરિભક્તો આવ્યા જ કરતા હતા. ચોતરફ કોલાહલ મચ્યો હતો. હારતોરાથી વિદાય અપાતી હતી. છેલ્લી મિનિટોમાં સ્વામીશ્રીને મળવા, હાર પહેરાવવા, ખાનગી કરવા અનેક હરિભક્તોની લાઇન લાગી હતી. સ્વામીશ્રી મણિભાઈ બ્રહ્મભટ્ટને કહે : 'વાત કરો !' એમ કથાવાર્તા ચાલુ રખાવી. કારણ, એ સ્વામીશ્રીનું જીવન હતું.

વડોદરાથી તા. ૧૧મીએ સાંજે વિદાય લઈ માંજલપુર, પોર, મિયાંગામ, ધાવટ વગેરે ગામોના હરિભક્તોને દર્શન આપતાં ૧૨ મોટરકાર સાથે ભરૂચ પધાર્યા. અહીં પણ સ્વામીશ્રી અને સંઘનું સામૈયું થયું. વાજતે-ગાજતે પ્રીતમ સોસાયટીમાં જગદીશભાઈને બંગલે સ્વામીશ્રી પધાર્યા.

રાતે ૮-૦૦ વાગે સ્નાન બાદ સૌને ખૂબ આનંદ કરાવ્યો. પછી કહે : 'કથા કરી લઈએ.'

'બાપા ! ૧૦-૩૦ થઈ ગયા છે. આરામ નથી કરવો ?'

'તે પછી ! પાંચ વાતું બોલીએ. પણ કથા તો કરવી જ જોઈએ.'

ભરૂચમાં ભક્તિની હેલી

સ્વામીશ્રીની પ્રેરણાથી જ અહીં ભરૂચમાં પણ પારાયણનો સંકલ્પ સાકાર કરનાર મૂળ વીરસદના વતની અને વાંસદા તથા લીંબડીના દીવાન ઝવેરભાઈના પૌત્ર જગદીશભાઈ તથા એમના ભત્રીજા ગણેશભાઈ હતા.

તા. ૧૨મીએ સવારે પારાયણનો પ્રારંભ પ્રમુખસ્વામીએ 'હરિલીલા-કલ્પતરુ' ગ્રંથથી કર્યો. સાંજે 'વચનામૃત' તથા 'સ્વામીની વાતું' સ્વયંપ્રકાશ સ્વામી વાંચતા. રાત્રે જાહેર સત્સંગ સભા થતી. એ.પી. પટેલ આ વિચરણમાં પ્રોજેક્ટર અને ફિલ્મો લઈ સાથે ફરતા અને રાત્રે ઉત્સવ-સમૈયાની યાદગાર ફિલ્મો બધે બતાવતા.

રાતે નારાયણ ભગત ગરમ ટોપી પહેરી રૂમમાં ઊભા હતા. સ્વામીશ્રી તેમને જોઈ કહે : 'ઓરા આવો, ટોપી સારી નથી લાગતી.' એમ કહી કાઢી નાખી. તેમના ખભા પર શાલ હતી, તે માથે ઓઢાડીને કહે : 'આમ પહેરવું.' પછી કહે : 'અમારા જૂનાગઢમાં ટોપો-બોપો કાંઈ નહિ. કોઈ આપે તોય ન લે. મુંબઈમાં રિવાજ નથી.'

મેં કહ્યું : 'બાપા ! જમાનો બદલાયો છે.'

ત્યારે કહે : 'રાખો, રાખો ગુરુ ! જમાનો કાંઈ બદલાયો નથી, મન

બદલાયું છે !' પછી કહે : 'રાતે ટોપી ઓઢવી ને પૂજામાં રાખવી...'

તા. ૧૩મીએ સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા.

આ વખતે અંકલેશ્વરના શિક્ષક નવીનભાઈ દેસાઈ પોતાની સાથે રમેશભાઈ આદિ ચાર-પાંચ યુવકોને લઈને ભરૂચ પારાયણમાં સ્વામીશ્રીનો લાભ લેવા આવ્યા હતા.

સૌએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં ત્યારે સ્વામીશ્રીએ નવીનભાઈને પૂછ્યું : 'ક્યાંથી યુવકો આવે છે ?'

'બાપા ! અંકલેશ્વરથી આવીએ છીએ.' નવીનભાઈએ જવાબ આપ્યો.

'કઈ જ્ઞાતિ છે ?'

'બાપા ! બધા કાછિયા પટેલો છે.'

ત્યારે સ્વામીશ્રી એકદમ આનંદમાં આવીને બોલ્યા : 'મહારાજને કાછિયા, કોળી, કણબીનું કલ્યાણ કરવું છે. તેથી તેમાં આ બધા આવી ગયા.'

પછી બધાને પાસે બોલાવીને આશીર્વાદના ધબ્બા માર્યા અને બોલ્યા : 'બધા કાછિયા ખાટી ગયા.'

સ્વામીશ્રીના આશીર્વાદથી અંકલેશ્વરમાં ઘણા કાછિયા પટેલોને સત્સંગ થયો. સૌ નિષ્ઠાવાન હરિભક્તો થયા.

રાત્રે સભામાં ડૉ. ગુપ્તા, જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના હિન્દી સાહિત્ય ઉપર મહાનિબંધ લખેલો. તેમણે સંપ્રદાયની વિશિષ્ટતા ઉપર હિંદીમાં પ્રવચન કર્યું. સ્વામીશ્રીએ તેમને શોધનિબંધ માટે આશીર્વાદ આપ્યા.

વળતી સાંજે સ્વામીશ્રી સંઘ સાથે નર્મદાસ્નાન માટે પધાર્યા.

રાતે ૯-૩૦ વાગે આશીર્વાદ આપતાં કહે :

'કોઈ બીડી ફૂંકશો નહિ. બજારની ચા ન પીવાય. સિનેમા ન જોવાય. કીર્તન સાંભળ્યા તેનું ફળ શું ? સારા ગુણ આવે. નબળા ગુણ ન શીખવા. સત્સંગ ફર્સ્ટમાં રાખવો. મૂક્યા બલ્લા ને આપ્યા અલ્લા. એમ બધું કાઢી નાખીએ તો ગુણ આવે. ભરૂચમાં મંદિર થઈ જાશે.

'બધા તૈયાર થઈ જાવ. બાઝવામાં ને ? તેમાં તો સૌ છે, કોઈ કહે તો ખમવું. કેસ ન માંડવા. શાંત સ્વભાવ. 'મારો મગજ તપી ગયો છે !' એમ ન કહેવું. નર્મદાનું પાણી નાખી દેવું ! ઇન્દ્રિયો-અંતઃકરણ દાબવામાં તૈયાર થવું.

'સુરતમાં મંદિર થઈ જાશે. મુંબઈના સંતો ઊતરે... કેન્દ્ર બાંધી દઈએ... અમે ઘરડા, ડોહા ખપી જાશું. તમારા સારુ દાખડો કરીએ છીએ.

'અમે ત્યાગી, તમે ગૃહસ્થ; પણ ધામમાં નોખા નથી. ભેગાં આસન છે, પણ વર્તન શુદ્ધ રાખવું.'

બીજે દિવસે શુક્લતીર્થ નર્મદાસ્નાન કર્યું. માર્ગમાં ઝાડેશ્વર તથા તવરામાં પણ દર્શન કર્યાં.

પારાયણ દરમ્યાન ભરૂચ જિલ્લાના કલેક્ટર દિગ્વિજયસિંહજી, ભરૂચ જિલ્લા પંચાયત પ્રમુખ હરિસિંહ મહીડા, જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ નાનુભાઈ શાહ, શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદની તક વારંવાર ઝડપી લેતા હતા.

મોભે તોપું અડાડે

તા. ૧૬મીએ પૂજા બાદ ઉકાળા-પાણી કરી, વાડામાં મીઠી તડકીમાં બિરાજ્યા ને કહે : 'અહીં કથા કરવી છે.'

પછી ગ.પ્ર. ૩૧ નિરૂપ્યું. કહે : 'મોટામાંય દોષ જુએ તે મોભે તોપું અડાડી. ધ્યાન ધરતા હોય તો કહે, 'ક્યાં વાતું આવડે છે ?' ને વાતું કરે તો કહે, 'ક્યાં ધ્યાન ધરે છે ? વાતુંના ડફાકા મારે છે...' આ આંખમાં કમળો... દોષદૃષ્ટિ... ભગવાન ને સતમાય અવગુણ પરઠે.'

આજે પૂર્ણાહુતિ પછી સુંદર શોભાયાત્રાનું આયોજન પણ થયું હતું. પારાયણનો તમામ ખર્ચ જગદીશભાઈ તથા ગણેશભાઈએ ઉપાડી લીધો હતો. મહેન્દ્ર બાપુ, કેશવચંદ્ર અમીન, વિઠ્ઠલભાઈ, નટવરભાઈ શુકલ, રામજીભાઈ, ડૉ. મગનભાઈ, ચંદુભાઈ, બાબુભાઈ, શનુભાઈ, નાથાભાઈ વગેરેએ સારી સેવા બજાવી હતી. સંતો તથા હરિભક્તોનો ઉતારો છોટાભાઈ તથા પુરુષોત્તમભાઈને ત્યાં રાખવામાં આવ્યો હતો.

ભરૂચમાં મંદિર કરવાનો તેમજ બીજી મોટી પારાયણ કરવાનો સંકલ્પ સ્વામીશ્રીએ સ્થાનિક હરિભક્તોને કરાવ્યો.[૨૧]

---

૨૧. આ પારાયણમાં સીમલિયા સત્સંગ મંડળે પણ સ્વામીશ્રીનો સુંદર લાભ લીધો. સને ૧૯૬૩માં સ્વામીશ્રી સીમલિયા પધાર્યા ત્યારથી આ મંડળ ખૂબ ઉત્સાહથી સેવામાં જોડાતું.

સ્વામીશ્રી સીમલિયા પધાર્યા હતા ત્યારે કાશીભાઈ હીરાભાઈ પટેલ પોતાના ત્રણે ભાણાઓને દર્શન કરવા લાવ્યા હતા. સ્વામીશ્રી ત્રણે બાળકોને જોઈ ખૂબ રાજી થયા ને હસતાં હસતાં કહે : 'લો આશીર્વાદ ! કો' સાધુ થઈશ.' ➤

આમ, ભરૂચમાં જયજયકાર કરી, સ્વામીશ્રી મિયાંગામ, ધાવટ તથા પોરના હરિભક્તોને દર્શન આપી, રાત્રે વડોદરામાં ધર્મેન્દ્રભાઈ ઠક્કરને ત્યાં ઉકાળા-પાણી કરી, સાંગાડોલ, વાઘોડિયા થઈ, અડાસ આવી પહોંચ્યા.

અહીં ઉત્સાહી સેવક નાથા ભગતે શોભાયાત્રા કાઢી સ્વામીશ્રીને મંદિરમાં પધરાવ્યા. સ્વાગત શોભાયાત્રા વગર સ્વામીશ્રીની પધરામણી સંભવે જ નહિ. એવા પ્રેમી નાથા ભક્તે અડાસમાં સત્સંગ વિકાસનું કાર્ય સારું કર્યું હતું. અહીં પણ સ્વામીશ્રીએ સાત દિવસનું પારાયણ કરવાનો શુભ સંકલ્પ સૌને કરાવ્યો.

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે મંગળ પ્રવચનમાં વાત કરી :

'પ્રથમ પહેલાં પ્રમુખસ્વામી આવેલા ત્યારે કાળો કોટ ને કાળી ટોપી ને ચંપલ પહેરેલા. ચાણસદથી ૨-૦૦ની ગાડીમાં આવ્યા. વાસદ ભેગા થયા. સ્વામી પાસે હું લઈ ગ્યો. તરત વાત ઉપાડી : 'મારે ભણવું છે.' સ્વામી કહે : 'સાધુ થઈ જા ને !' તો થઈ ગ્યા. કેવું કામ ઉપાડી લીધું !

'સ્વામી જીવને ઓળખે. આ સંપ્રદાયનું કામ કરશે. તે પ્રમુખસ્વામીને પકડ્યા. 'આ શાંતિલાલ, વાત કરો.' એમ સ્વામીએ કહેલું. તે દી' બધા અમે થર્ડમાં બેસતા. વાસદથી બોચાસણ સ્વામીએ વાત કરી. બીજા ડબામાં જે હતા, તે સ્વામીના ડબ્બામાં બેસાર્યા... તે દી' નારણ સ્વામી પંદર-સત્તર વરસના હતા...' સ્વામીશ્રીએ પ્રમુખસ્વામીની વાત ખૂબ પ્રેમ-ઉમળકાથી કહી.

અડાસથી સાંજે ૪-૪૫ વાગે નીકળી, ૫-૧૫ વાગે આણંદ પધાર્યા. અત્રે ધામધૂમથી નગરયાત્રા નીકળી.

સભા-સ્નાન-ઉકાળા-પાણી બાદ આરામમાં પધાર્યા. ત્યારે ગુણવંતભાઈએ કહ્યું : 'બાપા ! હવે નગરયાત્રા બંધ કરાવવા પ્રકાશ-પત્રિકામાં મુંબઈ લખી દીધું છે.'

સ્વામીશ્રી કહે : 'બા...પા..., બહુ દયા કરી. ખૂબ જ થાકી જવાય છે... !'

તા. ૧૯મીએ સવારે 'હરિલીલાકલ્પતરુ' પારાયણનો પ્રારંભ પ્રમુખસ્વામીએ કર્યો. નારાયણ ભગત તથા હું કથા કરતા. સાંજે ભાગવત કથા ચીમનલાલ શાસ્ત્રી કરતા.

પછી પાંચ વર્ષના નાના મૂકેશ તરફ જોઈને કહે : 'આ થાય તેવા છે. તે થશે.' સ્વામીશ્રીના આશીર્વાદ સાચે જ ફળ્યા. મૂકેશભાઈએ ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવમાં પ્રમુખસ્વામી મહારાજના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. તેમનું નામ સાધુ પુરુષોત્તમસ્વરૂપદાસ રાખવામાં આવ્યું.

હાં રે એની આંખ્યોમાં અમૃત કૂંપા

આ અરસામાં, ખેતીવાડીમાં ડૉ. રામજીભાઈને ઘરે સત્સંગ સભા થતી. તેમાં મણિભાઈ નારણભાઈ તથા અંબાલાલ કરસનદાસ (કલ્યાણ-યોજના) આણંદથી સત્સંગની વાતો કરવા માટે જતા.

અંબાલાલભાઈ સભાને દિવસે એકાદ કલાક વહેલા આવતા અને સંબંધીના નાતે ખેતીવાડી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. રણછોડભાઈને ત્યાં બેસીને સ્વામિનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રી અને વચનામૃતના મહિમાની વાતો કરતા. તેમનાં ધર્મપત્ની સત્સંગી, પણ રણછોડભાઈ તો આ બધી વાતોથી ખૂબ ત્રાસી જતા. તેઓ ઘણી વાર સંતો-હરિભક્તોને ગાળો દેતા; પરંતુ અંબાલાલ તો સ્થિતપ્રજ્ઞની જેમ પોતાની વાતો ચાલુ જ રાખતા. મૂળ, કોઈ કારણે તેમને સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈ સત્સંગી સાથે ભારે અણબનાવ બનેલો.

આ વખતે શિયાળાની કડકડતી ઠંડીમાં અંબાલાલભાઈ ડૉ. રણછોડભાઈને ઘરે સાઈકલ પર ગયા ને તેમને ઉઠાડી બહારથી બૂમ પાડીને કહ્યું : 'યોગીજી મહારાજ આણદ પધાર્યા છે. માટે દર્શને આવજો.'

રણછોડભાઈએ બારણા પાસેથી જાળી ખોલ્યા વિના જ કહ્યું : 'મને સમય નથી. સવારે ઑફિસ હોય છે.' એમ તિરસ્કાર કરીને તેમને જતા રહેવા કહ્યું.

અંબાલાલ ગયા પછી તેમના અંતરમાં થયું કે 'આવી કડકડતી ઠંડીમાં વહેલી સવારે ૫-૦૦ વાગે તેઓ મને કહેવા આવ્યા. તેમાં તેમને શો સ્વાર્થ ! મેં તેમને ચા-પાણીનો વિવેક પણ કર્યો નહીં. ઊલટું, અપમાન કરી દુઃખી કર્યા !'

આ વિચારે તેમણે નિશ્ચય ફેરવ્યો અને તેઓ ફક્ત અંબાલાલનું મન સાચવવા જ આણંદ મંદિરે આવ્યા.

સ્વામીશ્રી સગડીએ તાપતા હતા. આસપાસ હરિભક્તો બેઠા હતા. સ્વામીશ્રી સૌને આનંદ કરાવી રહ્યા હતા. મણિભાઈ નારણભાઈએ રણછોડભાઈને જોયા, તેથી સામે જઈ તેમને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. ઓળખાણ આપી. સ્વામીશ્રીએ તેમના પર કૃપાદૃષ્ટિ કરી.

રણછોડભાઈ અને સ્વામીશ્રીની દૃષ્ટિ એક થતાં જ અદ્‌ભુત ચમત્કાર સર્જાયો. સ્વામીશ્રીની દૃષ્ટિમાંથી પ્રેમનો પ્રકાશપુંજ નીકળી રહ્યો હતો. જેમણે રણછોડભાઈના સંપ્રદાય અને સંતો-હરિભક્તો પ્રત્યેનાં નફરત અને ક્રોધને એક ક્ષણમાં જ ખેંચી લીધાં. ઈર્ષા-દ્વેષ જાણે હૃદયમાંથી સરી ગયાં હોય, તેમ તેમનું

હૃદય હળવું ફૂલ બની ગયું.

અંબાલાલભાઈએ સત્સંગમાં બોલાવવા માટે બારણાં ખખડાવ્યાં અને સ્વામીશ્રીએ તેમના હૃદયનાં દ્વાર ખોલી દીધાં. રણછોડભાઈએ જેટલો વિરોધ કર્યો હતો, બદલામાં તેનાથી અનંત ગણું વાત્સલ્ય અને મમતા મળતાં રણછોડભાઈ કૃતાર્થ થઈ ગયા !

ધાંધિયા સ્વરાજ !

તા. ૨૨મીએ સવારે મંગળ પ્રવચનનો સમય થતો હતો. આ વખતથી પત્રિકા બુધવારે પ્રગટ થતી તે સોમવારે કરી. તે જાણી સ્વામીશ્રી કહે :

'એ સારું થયું. શાસ્ત્રીજી મહારાજ વખતે પોસ્ટ-રેલવે બરાબર હતાં. હવે તો ડબ્બામાંથી ઘી કાઢી નાખે... ગરીબનુંય લઈ લે... અમારાં રીંગણ આવ્યાં હતાં, બે મણ. તે પત્તો જ ન લાગ્યો ! અંગ્રેજ સરકારમાં સારું ચાલતું. હવે સ્વરાજ થયું. ધાંધિયા સ્વરાજ ! પોસ્ટમાંય સ્વરાજ. આપણે આપણો મોક્ષ કેમ સુધરે, શુદ્ધ વર્તન કેમ રહે તે જોવું...'

બપોરે ૧૨-૦૦ વાગે પારાયણ મંડપમાં વાત કરતાં હર્ષદભાઈ લિખિત 'લાઇફ ઍન્ડ ફિલોસૉફી ઑફ શ્રી સ્વામિનારાયણ' પુસ્તક અંગે કહે :

'ઇંગ્લીશ ચોપડી હર્ષદભાઈની છપાણી છે, તે કૉલેજિયન દરેકે લેવી. પચાસ-સાઈઠ આવી છે. પાંચ રૂપિયા તો ચા-પાણી નાસ્તામાં જતા રહે છે. તો અંગ્રેજી ભણ્યા ન હોય તોય લેવી. ઓશિકે મૂકવી. મહારાજ દર્શન દે. અંગ્રેજી ભણ્યા નથી એમ નમી જવું. 'બ્રહ્મવિદ્યાના ભોમિયા...' એમ કહી, પુસ્તકોમાં સહી કરી, ૩૦ પુસ્તકો તો ત્યાં જ વેચી દીધાં. ને કહે : 'કાશીકાકા ! તમે લીધી ?

'ના.'

'લ્યો, ન આવડે તો ઓશીકે મૂકજો !'

ઓળાની ઉજાણીના આવડતદાર

સાંજે ૪-૦૦ વાગે નિર્ગુણ સ્વામીની દેરીએ 'ઓળા ઉત્સવ' હતો. સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સંતો ઉપસ્થિત હતા. સ્વામીશ્રી વારે વારે બાવાજીને કહ્યા કરે : 'ઓળો ગરમ રાખજો... ઉપર ઢાંકી રાખો... હું મારો જાતે ફોલીને ખાઈશ... બીજાનું નહીં.'

પછી નારાયણ ભગતને કહે : 'ચાર-પાંચ ખાવ... લ્યો, હું આપું.'

'બાપા ! નથી ભાવતું...'

'ન કેમ ભાવે ? અહીં જો ચાર કણબી બેઠા હોય તો આ બધું જમી જાય... અલ્યા, ઊપણશો નહીં. ઓળો ઠંડો પડી જાય... કચરા સોતો લાવો.'

'બાપા ! આમાં તો અંગારા છે...'

'ભલે રહ્યા, અમે તો આ ગરમ ઓળાને પછીથી દળીને કટકા કરીને ખાતા.'

આજે શહેરના પ્રતિષ્ઠિત નાગરિકોનો સ્વામીશ્રી સાથે મિલન સમારંભ યોજ્યો હતો. તા. ૨૩મીએ સ્વામીશ્રી 'ખેતીવાડી કૉલેજ'ની યુવક મંડળની સભામા પધાર્યા.

ડૉ. રણછોડભાઈ પટેલ અહીં ખેતીવાડીથી મોટર લઈને આવેલા. તેમનો સંકલ્પ હતો કે 'સ્વામીશ્રી તેમની મોટરમાં બેસે;' પરંતુ સ્વામીશ્રીનું આસન જીવાભાઈની ગાડીમાં ગોઠવાઈ ગયેલું. તેથી એ શક્ય ન હતું.

સ્વામીશ્રી બહાર આવ્યા અને રણછોડભાઈનો હાથ પકડીને કહે : 'તમારી મોટર પ્રસાદીની કરવી છે ?' એમ કહી સ્વામીશ્રી તેમની મોટરમાં બિરાજી ગયા.

બીજો સંકલ્પ રણછોડભાઈએ એવો કરેલો કે સ્વામીશ્રી તેમના ઘરે પહેલા માળે તેમની પૂજાની ઓરડીમાં આવે અને ભગવાન તથા તેમના ગુરુ-મહારાજની આરતી ઉતારે.

સ્વામીશ્રી કહે : 'પહેલાં તમારે ઘરે ચાલો.'

ઘરે પહોંચ્યા પછી કહે : 'પૂજાની ઓરડીમાં લઈ જાવ.'

સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ત્યાં પધરાવી, આરતી ઉતારી. પછી બોલ્યા : 'તમારા ગુરુને કાગળ લખો ત્યારે અમારી યાદી લખજો.' સ્વામીશ્રીએ તેમના બંને સંકલ્પો પૂરા કર્યા.

આવા અંતર્યામી પુરુષનાં ચરણમાં રણછોડભાઈનું મસ્તક સહેજે નમી પડ્યું. તેમણે અનુભવ્યું કે ઇતર સંપ્રદાય તરફ સ્વામીશ્રીને કોઈ ભેદભાવ નથી. સ્વામીશ્રીની સ્થિતિ અલૌકિક છે !

રાત્રે મંદિરમાં આશીર્વાદ આપતાં કહ્યું : 'પ્લેનમાં માણસો કાન બંધ કરવા પૂમડાં નાખી દે. કોથળી આપે. શું તેમાં નાસ્તો હોય છે ? ના, ઊલટી કરવા થાય. આપણને સાંકળું બાંધે. શું કામ ? પડી ન જવાય. કેવી સગવડ ! ચા-પાણી દે, પૈસા પૂરા લે... મૂકે નહીં... એમ શ્રીજીમહારાજ અક્ષરધામમાં પુગાડી દે. આંગળીએ વળગી જવું જોઈએ. આંગળી તરછોડી નાખીએ તો સગા ન થાય.'

અક્ષરસ્વરૂપની ડિગ્રી આપવી છે

તા. ૨૪મીએ આણંદ અને વિદ્યાનગરના યુવકોને મંગળ પ્રવચનમાં સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ભગવાનનાં દર્શન મને સહ વર્તમાન કરવાં; પણ જેમ ખિસકોલી ચક ચક કરે અને પૂછડું ઊંચું કરે તેમ દર્શન ન કરવાં. કુશળકુંવરબાઈ શ્રીજીમહારાજ વાત કરતા ત્યારે મૂર્તિ હૃદયમાં ઉતારતાં. મહારાજની મૂર્તિની સમર્તિ(સ્મૃતિ) રહી જાય તો કામ થઈ જાય. પરમહંસોએ માહાત્મ્યે સહિત દર્શન કરેલાં. મૂર્તિ હૃદયમાં જડાઈ જાય. તે વિના બીજે માલ ન મનાય. આ તો ઘણે ઠેકાણે જાય. 'તુમ બી આવજા, તુમ બી આવજા' કરે, તેમાં સાર ન આવે.

'આપણે તો *'નાવ કે કાગકી ગતિ ભયી મોરી, જહાં દેખું તહાં જલનિધિ ખારા, મેરે તો તુમ હિ એક આધારા.'* આવું થાય તે નિષ્ઠા પાકી કહેવાય. માટે જીવના કલ્યાણ અર્થે સત્સંગ કરવો. પદાર્થો તો નાશવત છે. તે પૂરા પડે તો સત્સંગ રાખવો, નહિ તો નહિ, એ કાંઈ પાકા સત્સંગી કહેવાય નહિ. 'આ સત્પુરુષ એકાંતિક છે' એવો સાચો ભાવ થવો જોઈએ.

'વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ' એ ગરબી પ્રેમાનંદ સ્વામી મહારાજ આગળ બોલ્યા. ત્યારે મહારાજ બહુ રાજી થયા અને કહ્યું : 'માગો.' ત્યારે પ્રેમાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! તમારી મૂર્તિ અખંડ રહે તે માગું છું.' ત્યારે મહારાજ કહે : 'એનાં સાધનો તો જુદાં છે. ગુણાતીતસ્વરૂપ થાવ તો મારી મૂર્તિ અખંડ રહે, અક્ષરસ્વરૂપ થાવ તો રહું. અક્ષરરૂપ થયા વિના પુરુષોત્તમની ભક્તિનો અધિકાર જ નથી.'

'અષ્ટાવરણે સહિત કોટાનકોટિ બ્રહ્માંડ જેનાં રોમરોમ પ્રત્યે ઊડતાં ફરે છે, એવું પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ જે અક્ષર, તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમ નારાયણનું ભજન કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવદ્-ભક્ત જાણવો. એમ લોયાના ૧૨ના વચનામૃતમાં કહ્યું છે. તે સિદ્ધ થાય તો બેડો પાર. આવો ભક્ત થાય તેની બધી વાત છે. તેવા સૌને બનાવવા છે. અક્ષરરૂપની ડિગ્રી આપવી છે.

જેના ગુરુ અક્ષર હોય તે જ અક્ષરધામમાં લઈ જાય

'જેના ગુરુ અક્ષર હોય તે તેને અક્ષરધામમાં લઈ જાય અને પુરુષોત્તમને

મેળવી દે. હાલાપોલા ગુરુનું કામ નહિ, તે તો નરકમાં જ નાખે. અત્યારે પણ એવું જ છે.

'જૂનાગઢમાં એક હાલાપોલા સાધુ હતા. ધર્મ-નિયમ પાળે નહિ, ઉપાસનાનું ઠેકાણું નહિ, પૈસા રાખે. આ સાધુની સાથે એક મિસ્ત્રી કડિયાને હેતપ્રીત, તેમાં જીવ બાંધેલો. પછી તો તે 'ગુરુ' મરીને ભૂત થયા. વખત જતાં આ કડિયો મરવાનો થયો ત્યારે આ સાધુ તેને તેડવા આવ્યા. તે માથે રૂમાલ બાંધેલો, તુંબડું-પત્તર લીધેલાં.

'આ કડિયે બધાને કહ્યું : 'આ ગુરુમહારાજ તેડવા આવ્યા તે જાઉં છું.' ગુરુ કહે : 'હાલ અક્ષરધામમાં લઈ જાઉં.' પછી તો તેને મૂતરની ખાડમાં લઈ ગયા. ઓલ્યા કડિયે કહ્યું : 'અહીં ક્યાં લાવ્યા ?' તો કહે : 'આ જ અક્ષરધામ. હું તો ભૂતયોનિને પામ્યો છું અને તને મારામાં હેત હતું તેથી તને પણ ભૂત કર્યો.'

'આમ, આવા ગુરુ આ લોક તો બગાડે, પણ પરલોક પણ બગાડે. છોડે નહિ. માટે આવા હાલાપોલા ગુરુ ન કરવા. એક જ ગુરુની પાકી નિષ્ઠા હોવી જોઈએ. અને જેના ગુરુ અક્ષર હોય તે જ ગુરુ તેને અક્ષરધામમાં લઈ જાય. બીજો કોઈ ન લઈ જાય.'

'બ્રહ્મરૂપ કેમ થવાય ?' એ પ્રશ્નના જવાબમાં કહ્યું કે 'વરતાલના અગિયારમા વચનામૃત પ્રમાણે આ સાધુને બ્રહ્મરૂપ જાણીને મન-કર્મ-વચને તેનો સંગ કરે તો અક્ષરરૂપ થાય, અને આવો થાય ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય. એવો ભાવ અને હેત થવું જોઈએ.'

પરમપદની યોજના

'અવસર આવિયો રણ રમવા તણો' એ પ્રભાતી ગવડાવી અને *'એ ગુરુદેવ તો તાહરી કોર છે'* એ કડી આવી એટલે કહે :

'સાંભળ, એ ગુરુ તારી પાસે છે. માટે મોક્ષનું કામ ઝટ કરી લે. આત્યંતિક કલ્યાણ - છેલ્લો જન્મ કેમ થાય ? તેમાં જોડાઈ જાય. સાનમાં સમજી જા. સાનમાં વહેલાસર ભગવાન રટી લે *'ગુરુ તણી મોજ ગોવિંદ મળશે.'* ગુરુ જે ગુણાતીત તેની મોજ મળી જાય. કારણ શું ? આ ગુરુ આત્યંતિક કલ્યાણ કરે તેવા છે.

'ભગવાનનાં વચન વિચારીએ તો હૃદયમાંથી મદ-મોહ ચાલ્યાં જાય. વચન વિચારવાથી નિર્દોષ થઈ જવાય. વિચાર્યા વિના તો ચાળે ચડી જાય છે. જૂઠા ગુરુ મળે તો જૂઠા કરે. સાચા ગુરુ મળે તો સાચા કરે. મરીને ધામમાં જાવું

એમ નથી; એ તો છતી દેહે જ ધામમાં બેસવું છે.

'અહીં જ અક્ષરધામ મનાવું જોઈએ. દેહના ભાવ તો મહારાજ ટાળી નાખે. એ તો જોડે છાણ ચોંટ્યા જેવું જ છે. કાંકરાવાળી ભૂમિમાં હીંડવા માંડ્યો તે ક્યાંય ઢહડાઈ જાય. એવું બળ ન રાખીએ તો ઉધાર કહેવાય. આવો ભાવ થાય તો અક્ષરધામમાં બેઠા છીએ.

'ભણનારા છોકરાને પૂછીએ કે 'શું ભણો છો ?' તો કહે : 'છઠ્ઠી ચોપડી.' પરંતુ ચોપડીમાંથી ભણતરની ખબર ન પડે. લેસન ઊપરથી ખબર પડે. અક્ષરધામનું લેસન હાલતું હોય તો અક્ષરધામમાં જ બેઠા છીએ.

'આ અક્ષરધામ અહીં મનાય એવી યોજના ઘડવી, ગુણ શીખવા; છતી દેહે પરમપદ મળે, તે યોજના ઘડી કહેવાય. મહારાજે ત્યાગી કે ગૃહસ્થની વાત કરી નથી; પરંતુ જેની સમજણ મોટી એ મોટો. અપૂર્ણપણું ને કલ્પના રહે છે તે ક્યારે મટે ? તો જ્ઞાન થાય ત્યારે.'

સાંજે વિદ્યાનગરના આદ્યસ્થાપક ભાઈલાલભાઈ દ્યાભાઈ(ભાઈકાકા)ના પૌત્ર અશોકભાઈને બંગલે પધાર્યા હતા.

ભાઈકાકાના કુટુંબમાં શ્રીજીમહારાજના સમયથી સત્સંગ. શ્રીજીમહારાજ સોજિત્રા થઈને વડતાલ જતા હતા ત્યારે ગામલોકોના વિરોધને ગણ્યા સિવાય શ્રીજીમહારાજનો ખુલ્લો પક્ષ રાખી, ભાઈકાકાના વડવાઓએ ઘરે પધરાવ્યા હતા. શ્રીજીમહારાજે પ્રસન્ન થઈ ૭ ભાઈઓ માટે ૭ ચરણારવિંદની જોડ આપેલી. જેમાંની એક હાલ ભાઈકાકાને ઘરે છે. ભાઈકાકા પણ બાળપણથી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ખૂબ જ સમાગમમાં આવેલા. શાસ્ત્રીજી મહારાજની સેવા કરતા. ભાઈકાકાએ શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા સમજાવતાં કહ્યું હતું કે 'મારું ચારિત્ર્ય બાંધ્યું હોય ને હું નીતિમાં રહ્યો હોઉં તો તેનું કારણ એક શાસ્ત્રીજી મહારાજ છે. મને સૌથી પ્રિય કાવ્ય 'ચોસઠ પદી' છે.'

બાદ આશીર્વચન આપી, સાંજે ૬-૪૦ વાગે છાત્રાલયમાં પધાર્યા અને યુવકોને નિયમ-ધર્મ, તપ-વ્રત વગેરે વિશે વાત કરી :

'ઢોરને ખીલે બાંધે છે, તેમ મંદિર ખીલો છે, તેમાં આવવું-જવું. જીવ બાંધવો. તે શું ? અનુવૃત્તિ પાળવી. 'સિનેમા જોવા ગયા હતા ?' 'નથી ગયા' એમ ખોટું બોલે તે નિષ્કપટ ન કહેવાય. મનની વાત કહી દે. કપટ રહિત એટલે અંતરાય રહિત. તો છતી દેહે બ્રહ્મરૂપ થાય...'

સ્વામીશ્રીએ અહીં 'લાઈફ એન્ડ ફિલોસૉફી'નાં ૨૪ પુસ્તકો જાતે સહી

કરીને વિદ્યાર્થીઓને વેચ્યાં. ૮-૨૦ વાગે આણંદ મંદિરે પધાર્યા.

તા. ૨૫મીએ સવારે ૧૦-૩૦ વાગે પારાયણની પૂર્ણાહુતિ થઈ. નટવરલાલ દવે, આશાભાઈ વગેરેએ પ્રવચનો કર્યાં. ઈશ્વરભાઈ મસાલાવાળાએ આભાર વિધિ કર્યો. સ્વામીશ્રીએ સહુને આશીર્વાદ આપ્યા. મુંબઈથી યોગીચરણ સ્વામી અને સંતોએ તૈયાર કરેલો મોટો હાર સ્વામીશ્રીને પ્રમુખસ્વામીએ અર્પણ કર્યો. ત્યારપછી હજારીનાં ફૂલનો મોટો હાર અન્ય કાર્યકર્તાઓએ મંડળ તરફથી અર્પણ કર્યો. આશરે છ હજાર મુમુક્ષુઓએ દર્શન, સમાગમ અને મહાપ્રસાદનો અપૂર્વ લાભ લીધો.

આ પારાયણ દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ ઈશ્વરભાઈ પટેલ તથા સ્થાનિક અગ્રગણ્ય નાગરિકો, ડૉક્ટરો, વકીલો અને વિદ્યાનગર અને ખેતીવાડી કૉલેજના પ્રોફેસરો પણ સ્વામીશ્રીનાં દર્શને આવતા. આમ, નાના-મોટા સહુને સ્વામીશ્રી પ્રત્યે અપાર આકર્ષણ થતું જતું હતું. અને 'આખાયે સ્વામિનારાયણ સંપ્રદાયમાં અને ધાર્મિક ક્ષેત્રમાં યોગીજી મહારાજ એ દેશની મહારાજ એ દેશની મહાનમાં મહાન વિભૂતિ છે' તેવો મહિમા સમજાતો હતો.

ડાહ્યાભાઈ ગજ્જર, મણિભાઈ જીવાભાઈ, જીવાભાઈ હરિભાઈ, રાવજીભાઈ દૂધવાળા, ઈશ્વરભાઈ મસાલાવાળા, બાવાજીભાઈ, મથુરભાઈ વગેરે કાર્યકર્તાઓએ જુદાં જુદાં કાર્યોની જવાબદારી ઉપાડી લઈ પ્રસંગને ખૂબ જ શોભાડ્યો.

સ્વામીશ્રી જ્યારે જ્યારે આણંદ કે આજુબાજુનાં ગામોમાં જાય ત્યારે વડતાલ દર્શન કરવા અવશ્ય પધારે. સર્વ સંતો અને હરિભક્તોને દર્શન કરવા અને થાળ કરવા આજ્ઞા કરે, અને શ્રીજીમહારાજનું પરાત્પરપણું સમજાવી, દાસત્વભક્તિ સિદ્ધ કરાવે. સાંજે આઠ મોટરકારો લઈ સંતો તથા હરિભક્તો સાથે વડતાલ પધાર્યા. ત્યાં બધી જ મૂર્તિઓ તથા પ્રસાદીનાં સર્વ સ્થળોએ ખૂબ જ ભાવથી દર્શન કર્યાં. વડતાલમાં ગોવિંદ ભગતને શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રી માટે ખૂબ હેત ને માન. તેમણે પણ દર્શન દેવા પધાર્યા હતા.

શાસ્ત્રીજી મહારાજના જન્મ સ્થાન મહેળાવ પધારી, મંદિરે દર્શન તથા આરતી કરી, રાત્રે આણંદ પાછા આવ્યા અને રાવજીભાઈના બંગલે સ્નાન વિધિ તથા ઉકાળા-પાણી કર્યાં.

ચક્રવર્તીના કુમારો

મહાશિવરાત્રિની સવારે મંગળ પ્રવચનમાં વાત કરી :

'તમે બધા ચક્રવર્તીના કુમારો છો, નિષ્ઠાવાળા છો, તે કુમારો. ઓલ્યા કુમારો ક્યાં થવા જવું છે ?

'મોટાપુરુષ કહે તે મૂર્તિમાં જોડાઈ જઈએ તો જીવમાં ખીલી બેસાડી જ દે. પ્રૉફેસર પગાર ખાઈ, બોલીને જતો રહે. કોઈ જીવ તેનાથી માયા પાર થાય છે ? પરોપકાર કરવાવાળા, માયા પાર કરવાવાળા સંતો છે. તેના પ્રતાપે આનંદ છે. દાખડો એનો અને સુખ આપણે.'

આજે સવારે આણંદથી ૧૦-૩૦ વાગે શિવાભાઈની ગાડીમાં ડભાણ પધાર્યા. મંદિરે દર્શન કરી, સૌ સંતો મુંબઈ સંસ્કૃત ભણે તેની ધૂન કરી, સભા મંડપમાં પધાર્યા. પ્રસાદીની વસ્તુઓ, ઘી હોમવાનું પરનાળું વગેરે ધૂળ અને બાવાં બાઝી ગયાથી ગંદું લાગતું હતું. સ્વામીશ્રીએ તેનાં દર્શન કર્યાં અને પરનાળા પર વળગેલું એક બાવું લઈ, નારાયણ ભગતને આપ્યું અને કહે : 'આ દાદર મંદિરે રાખજો !'

પછી ગુણાતીત દીક્ષા સ્થાને દર્શન કર્યાં. સ્થાનિક હરિભક્તોએ ઠાકોરજીનું પૂજન કર્યું.

પછી ખેડાના હરિભક્તોને રસ્તા ઉપર દર્શન આપી, મહીજડા પધાર્યા. અહીં મંદિરે દર્શન કરી, બપોરે ૨-૦૦ વાગે અમદાવાદ આવી પહોંચ્યા.

❀ ❀ ❀



કર્ણાવતીમાં કથામંગલ

અમદાવાદમાં સ્થાનિક સત્સંગ મંડળે પારાયણનું આયોજન કર્યું હતું.

આ પ્રસંગે કાંતિભાઈ ઠક્કરે ખૂબ જ જહેમત ઉઠાવી સુંદર પ્રવેશદ્વાર, સભામંડપ, મંદિર વગેરે સુંદર રંગબેરંગી ફૂલો તથા વીજળીનાં તોરણોથી શણગાર્યાં હતાં. સ્વામીશ્રીની બેઠક માટે પણ સુંદર કમળાસન વગેરે તૈયાર કર્યાં હતાં. ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, મણિભાઈ બ્રહ્મભટ્ટ, રસિકભાઈ સેક્રેટરી તથા મહેન્દ્રભાઈ ઠાકર વગેરેએ મળીને સ્વયંસેવકોની મદદથી તમામ પ્રકારની વ્યવસ્થા સુંદર ગોઠવી હતી. અંબાલાલભાઈ બકરી પોળવાળા તથા તેમના મંડળે અન્ય વ્યવસ્થાનું સુંદર આયોજન કર્યું હતું.

અન્ય વ્યવસ્થામાં પૂજારી જગત્પાવન સ્વામી, સ્વામીસ્વરૂપદાસ, પુરુષોત્તમદાસ મહેતાજી, રમેશ દલાલ, ગુણવંતભાઈ ચાવડા અને કૃષ્ણાભાઈ સાથે નડિયાદ મંડળે ખૂબ જ સહકાર આપ્યો હતો.

આપણે તો દાસ ! જોડા ઉપાડીએ

તા. ૨૭મીએ સવારે મંગળ પ્રવચનમાં બોચાસણના ઘનશ્યામ સ્વામી આવ્યા. તેમને આવકારતાં સ્વામીશ્રી કહે : 'ઘનશ્યામ મહારાજ આવ્યા.'

ઘનશ્યામ સ્વામી કેફમાં કહે : 'આપ સાક્ષાત્ પ્રભુ !'

સ્વામીશ્રી તુરત જ હાથ જોડી બોલી ઊઠ્યા : 'આપણે તો દાસ છીએ, જોડા ઉપાડીએ તેવા... ઘનશ્યામ મહારાજ માટે ખુરશી લાવો.'

આજથી 'હરિલીલાકલ્પતરુ'ના આઠમા સ્કંધની કથાનો પ્રારંભ પ્રમુખ-સ્વામીએ એમની સુંદર શૈલીમાં કર્યો હતો. ત્યારપછી રોજ સવારે જુદા જુદા વક્તાઓ પારાયણ વાંચતા. સાંજે ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા તેમની મધુર શૈલીમાં શ્રીમદ્ભાગવતની કથા સંભળાવતા. આ બંને પ્રસંગોએ હજારો સ્થાનિક

તેમજ બહારગામના હરિભક્તોએ કથાનો લાભ લીધો.

રોજ સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રીના મંગળ પ્રવચનનો લાભ લેવા સેંકડો હરિભક્તો દૂર દૂરથી આવી જતા. ત્યારપછી પૂજા વિધિમાં સૌ હરિભક્તો લાભ લેતા. શણગાર આરતી બાદ સ્વામીશ્રી રોજ એક વચનામૃત સભામાં સમજાવતા. પારાયણ પછી સ્વામીશ્રી રોજ આશીર્વચનો કહેતા. રાત્રે ૯-૩૦ થી ૧૦-૦૦ સુધી પણ સ્વામીશ્રી અમૃત વાણીનો લાભ આપતા. આવી રીતે આ પારાયણ દરમ્યાન સ્વામીશ્રીએ અમદાવાદના ભાવિક ભક્તોને કથાવાર્તાનો ખૂબ જ લાભ આપ્યો.

આજે રાતે ૧૦-૦૦ વાગે પોતાના ઓરડામાં કહે : 'ભાગવતના ચાર અર્થ. ભા - ભલા થાવું, ગ - ગુણાતીત થાવું, વ - વિદ્યાવાન થાવું, ત - તક ઝડપવી.'

સવારે રામચંદ્રભાઈ બારોટ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે પોતાના ગામ રામોલના લોકોને પાણીની ઘણી તકલીફ છે તે વાત જણાવી કહ્યું : 'બાપા ! ઘણા બોરીંગ કર્યા છે, પણ એકાદમાં સારું પાણી નીકળ્યું. જે પૂરતું નથી. તેથી આ વખતે બોરીંગનું કામ ચાલુ છે. ને મારે ત્યાં જવું પડે તેમ છે. તો આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'ગુરુ ! એમ ન હાલે. પારાયણનો લાભ લો અને સેવા કરો. બોરીંગ સર્વોપરી થઈ જશે. કૂવામાં પશ્ચિમ દિશાની ભીંતથી બે હાથ ભરી પાઈપ મુકાવજો. થોડો ખરચ થશે. બહુ નહીં થાય.'

રામચંદ્રભાઈએ રામોલ જવાનું માંડી વાળ્યું અને કબાડીમાંથી ખૂબ ઓછી કિંમતે પાઈપ મળી ગઈ તે મોકલી દીધી. પણ મન હજુ ત્યાં જ હતું, કારણ કે ઊચક ફૂટ પર કામ આપેલું.

ત્યાં સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા ને કહે : 'ગામ જાવું નથી. મહારાજ ધ્યાન રાખશે. કૉન્ટ્રાક્ટર પાઈપ દબાવીને પાણી આવ્યું હોય છતાં આગળ જવા પ્રયત્ન કરશે તોપણ પાઈપ બહાર આવી જશે. માટે અહીં સેવા કરો ને લાભ લો.'

રામચંદ્રભાઈને ખૂબ સંતોષ થયો. તેઓ સેવામાં જોડાઈ ગયા.

સાંજે જ સમાચાર મળ્યા કે પાણી ખૂબ થયું છે, ને બોરીંગ સફળ ગયું છે.

તેમણે સ્વામીશ્રીને સમાચાર જણાવ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે ગામ ગયા હોત તો મહારાજ ન જાત. માટે વચનમાં રહેવું. વિશ્વાસ રાખવો.' રામચન્દ્રભાઈને આ પ્રત્યક્ષ અનુભવથી એ વાતની સારી રીતે ગેડ બેસી ગઈ.

અમાસની બપોરે ઠાકોરજી જમાડીને ગ.મ. ૫૬ વંચાવ્યું. તેમાં આવ્યું કે

'અમારી કોરનું...' સ્વામીશ્રી કહે : 'એનો શો અર્થ ?' એમ કહી જાતે કહેવા લાગ્યા : 'પોતે તો ભગવાન હતા. તેમાં શું બદલવાનું હતું. પણ 'અમારી કોર'નું એટલે અક્ષરબ્રહ્મ આવી જાય.

'જેમ કોઈક સારું કુટુંબ હોય તો તે કહે, 'અમારે ત્યાં તો બધા વહેલા સૂઈ જાય ને તમારી કોરે તો મોડે સુધી રખડે, સિનેમા જુએ.' તેમ 'અમારી કોર'નો અર્થ આવો છે. બીજા પાંચસો પરમહંસોથી અક્ષરબ્રહ્મ જુદા. તેને કસુંબલ વસ્ત્રની જેમ રંગ બદલાય નહીં.'

અમાસ હોવાથી સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે નારાયણ ઘાટ પધાર્યા હતા. અહીં સાબરમતી નદીને કિનારે સ્નાન કર્યું તથા પ્રસાદીનાં સ્થળોએ દર્શન કરી. સાંજે મંદિરે પાછા ફર્યા.

સાંજે સેંટ ઝેવિયર્સ કૉલેજના ગણિતના મુખ્ય પ્રાધ્યાપક ફાધર વાલૅસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન ને વાણીથી પોતે ખૂબ જ પ્રભાવિત થયા અને આ પ્રસંગે, યોગીજી મહારાજ જેવા સંતના સમાગમમાં રહીને સહુ એમના જેવા શુદ્ધ, પવિત્ર અને ચારિત્ર્યવાન બને એવો તેમણે સભાને ખાસ અનુરોધ કર્યો હતો.

તા. ૨૯મીએ મોટા મંદિરે સહુ સંતો-હરિભક્તો સાથે દર્શને પધાર્યા હતા. અહીં તમામ પ્રસાદીનાં સ્થળોએ દર્શન કરી, વઢવાણ ગાદીના મંદિરે દર્શન કરી, મંદિરે પાછા ફર્યા.

સવારે રવિશંકર મહારાજની તબિયત જોવા મણિનગર હૉસ્પિટલમાં ગયા હતા. સાંજે ઈડરના મહારાજા તેમજ ગુજરાતના પ્રખ્યાત કલાગુરુ પદ્મશ્રી રવિશંકર રાવળ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. રાત્રે ગુજરાત રાજ્ય માહિતી ખાતા તરફથી અમૃત મહોત્સવની ફિલ્મ બતાવાઈ.

આ પારાયણમાં ગુજરાત રાજ્યના પુરવઠા પ્રધાન બાબુભાઈ જશભાઈ પટેલ તથા માધવલાલ શાહ તેમજ કેટલાક નાયબ પ્રધાનો તથા ગુજરાત રાજ્યના ચીફ જસ્ટિસ ભગવતી, જસ્ટિસ દીવાન તથા ચોકસી સાહેબ, તેમજ કેટલાય સરકારી અમલદારો, એન્જિનિયરો, ડૉક્ટરો વગેરે મુમુક્ષુઓ સ્વામીશ્રીનો લાભ લેવા અવારનવાર આવતા.

'દેહ જીરણ ખોખા જેવો, તારા આતમ જોર અમાપજી !'

તા. ૧-૩-'૬૮, સાંજે સરકારી પંચાયતના મંત્રીશ્રી માધવલાલ શાહના

આગ્રહથી સ્વામીશ્રી તેમને ઘરે પધરામણીએ જતાં મોટરમાં કહે :

'હવે મારી તબિયત બગડી ગઈ છે. મુંબઈ કરતાં અહીં વધારે ભીડો છે. શરદી થઈ ગઈ છે. પંદર દી'થી શરદી પકડાઈ ગઈ છે. આ મહિનો વધ્યો તેથી દર્શન, આશીર્વાદની પડાપડી થાય છે. આપણે જો મહિનો આરામ કરીએ - કોઈ બોલાવે નહીં, ચલાવે નહીં - તો આરામ થઈ જાય. પહેલાં મોટાસ્વામી હતા તેથી મને મદદ થતી. સંતસ્વામીની તબિયત મારા કરતાં પણ નાજુક. એ ભીડો ખમી ન શકે. પ્રમુખસ્વામીને સંસ્થાનાં બધાં કામ માથે; એટલે નવરા ન થઈ શકે. આ નાના સંતોનો ભાર ન પડે.'

સ્વામીશ્રીને ખરેખર કેટલો ભીડો પડતો હશે ત્યારે આવા ઉદ્‌ગારો નીકળ્યા હશે ?!

આમ, અચાનક સ્વામીશ્રીએ પોતાની આપવીતી જણાવી. ખરેખર ૭૮ વર્ષની અવસ્થાએ એમને કેટલો ભીડો પડતો હશે, તેનો સહેજે ખ્યાલ એમના શબ્દોમાંથી મળી રહે છે.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા બાબુભાઈ જશભાઈ પટેલ સાથે અમદાવાદથી વીસ માઈલ દૂર ચિત્રાસર મુકામે અંબાલાલભાઈને ત્યાં પધાર્યા. માતર તાલુકાના પ્રમુખ ગોવિંદભાઈ, જેઓ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા, તેમને આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

અહીંથી પાછા ફરતાં ધરોડા થઈને સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. અહીં પાલડીમાં છોટાભાઈના નવા મકાનના વાસ્તુ પ્રસંગે ખૂબ મોટો સમારંભ યોજ્યો હતો. અહીં પ્રસાદ લઈ, બપોરે આરામ કરી, સ્વામીશ્રી સાંજે મંદિરે પધાર્યા.

તા. ૩જીએ સવારે ૧૦-૦૦ વાગે પારાયણની પૂર્ણાહુતિ ખૂબ જ સારી રીતે થઈ.

આ પ્રસંગે મુંબઈથી યોગીચરણ સ્વામી વગેરે સંતોએ એક મોટો હાર સ્વામીશ્રીને અર્પણ કરવા મોકલ્યો હતો. તેમજ સ્થાનિક હરિભક્તોએ પણ સ્વામીશ્રીનું તથા પ્રમુખસ્વામી, સંતસ્વામી, ઘનશ્યામ સ્વામી વગેરે સંતોનું પૂજન કર્યું હતું. આ પ્રસંગે ઢંઢાવ્ય દેશમાંથી, સાંબરકાંઠામાંથી તેમજ ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી આઠ હજાર જેટલા હરિભક્તો આવ્યા હતા.

સાંજે ૫-૦૦ વાગે અખંડાનંદ હૉલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં કલાગુરુ પદ્મશ્રી રવિશંકર રાવળના હસ્તે સાધુ નારાયણપ્રસાદદાસના અધ્યાત્મવાદનાં રહસ્યપૂર્ણ ચિત્રોના ઉદ્‌ઘાટન પ્રસંગે સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સર્વ સંતો

પધાર્યા હતા. ધૂન-પ્રાર્થના બાદ બાબુભાઈ જશભાઈએ તથા ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ તેમજ માનવ મંદિર કૉલેજના પ્રિન્સિપાલ વાય.જી. નાયકે સંતોનાં કાર્યની પ્રશંસા કરી હતી. રવિશંકર રાવળે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું. સોમાલાલ શાહ તથા અન્ય કલાકારો અને ખબરપત્રીઓ અહીં હાજર રહ્યા હતા. સ્વામીશ્રીએ સંતો દ્વારા દેશ-પરદેશમાં સ્વામિનારાયણ ભગવાનનો પ્રચાર થાય એવા આશીર્વાદ આપ્યા.

પ્રાસાદિક માળાનો ચમત્કાર

અહીં નારાયણપ્રસાદ સ્વામીએ જ્યારે બધા કલાકારોની ઓળખાણ આપી, ત્યારે સ્વામીશ્રી કહે : 'બધા બહુ જ પવિત્ર છે. ધર્મવાળા છે, આવા બીજે ન મળે.' એમ પ્રશંસા કરી.

સ્વામીશ્રીની ગુણગ્રાહક દૃષ્ટિથી કલાકારો ખૂબ જ પ્રભાવિત થયા. જ્યારે તેઓએ જવાની રજા માગી ત્યારે સ્વામીશ્રીએ રવિશંકર રાવળને પોતાની પ્રસાદીની માળા આપી તેમજ સૌને સ્વહસ્તે પ્રસાદ આપ્યો.

એ પછી રવિશંકર રાવળે કહ્યું હતું કે 'ગાંધી સંસ્કારને લીધે તેઓ પ્રાર્થના કરતા, છતાં અંતરમાં ખાલી ખાલી લાગતું હતું. પરંતુ સ્વામીશ્રીએ આપેલી માળા ફેરવવાથી તેમણે જિંદગીમાં કદી ન અનુભવેલી દિવ્ય શાંતિ પ્રાપ્ત થઈ છે.' તેઓ જ્યારે એકલા પડતા ત્યારે આ માળા પોતાના આંતરિક સુખ માટે ફેરવતા અને શાંતિ મેળવતા.

અમદાવાદથી વિદાય લઈ, સ્વામીશ્રી મોટર રસ્તે સુરેન્દ્રનગર, વઢવાણ તથા મૂળી સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, બપોરે ૧-૦૦ વાગે રાજકોટ પધાર્યા. સ્થાનિક સત્સંગ મંડળના હરિભક્તો સ્વામીશ્રીનું સ્વાગત કરવા શહેરથી એક માઈલ દૂર પુષ્પહાર લઈને ઊભા હતા.

રાજકોટ સત્સંગ મંડળે 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'નું પારાયણ યોજ્યું. બાલમુકુંદ સ્વામી કથાનું વાચન કરતા. અહીં મંદિરના વાર્ષિક પ્રતિષ્ઠા ઉત્સવ બાદ કથાનો પ્રારંભ થયો.

હૃદયવેધક તેજ

આ પવિત્ર દિવસે ઇન્દ્રવદન મહારાજા પોતાના ઉપરી અધિકારી સિનિયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ શ્રીનિવાસન્‌ને લઈ સ્વામીશ્રીનાં દર્શને

આવ્યા હતા. ઇન્દ્રવદન મહારાજાને તો સને ૧૯૪૮થી સત્સંગનો યોગ હતો. તેમણે જ્યારે પોતાના ઉપરી સ્વામીશ્રીના મહિમાની વાત કરી ત્યારે તેમને આ દિવ્ય વિભૂતિનાં દર્શનની તીવ્ર ઉત્કંઠા જાગી અને સ્વામીશ્રીનાં દર્શન કરી ધન્યતા અનુભવી.

આ દક્ષિણી ભાવિકના હૃદયમાં સ્વામીશ્રીની લોકોત્તર સ્થિતિની ઊંડી છાપ પડી. કોઈ વિશેષ વાતચીત વિના કેવળ પ્રસાદ અને પ્રેમ મેળવી તેમણે વિદાય લીધી અને ઇન્દ્રવદનભાઈને કહે : 'આ સ્વામીજીનું તેજ હૃદયવેધક છે. બહુ ઓછા સંતોમાં આ તેજ જોવા મળે. મને લાગ્યું કે તેમના વ્યક્તિત્વ સામે આપણી સંપત્તિ કાંઈ જ વિસાતમાં નથી !'

સ્વામીશ્રી જોગમાં આવનારનાં હૃદય આવાં મરમાળાં કામણ કરીને જીતી લેતા ત્યારે ભક્તને અનોખું આશ્ચર્ય જોયાનો આનદ થતો.

સ્વામીશ્રી તા. ૫મીએ સાંજે ગુણાતીતનગર (ભાદરા) દર્શન કરવા પધાર્યા. માર્ગમાં ધ્રોળ તથા પડધરીના હરિભક્તોને દર્શન-સુખ આપ્યું. ભાદરામાં સ્વામીશ્રીની આજ્ઞાથી મણિભાઈ ખૂબ જ દાખડો કરી શિખરબદ્ધ મંદિર તૈયાર કરાવી રહ્યા હતા.

આ પ્રસંગે જામનગરથી હરજીવનદાસ બારદાનવાળા અને ધ્રોળ, જોડિયા વગેરે ગામોમાંથી ઘણા સરકારી અધિકારીઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

પારાયણની પૂર્ણાહુતિ કરી, સ્વામીશ્રી રાજકોટથી ગોંડલ પધાર્યા.

પ્રેમજળે સૌનાં હૈયાં ભરિયાં

અહીં આફ્રિકાના એક હરિભક્તે સ્વામીશ્રીને પત્ર લખેલો કે 'મારો પુત્ર પહેલી જ વાર દેશમાં આવે છે અને ગોંડલ આપની પાસે આવશે, તો તેમને સારી રીતે રાખશો, સાચવશો એવી પ્રાર્થના છે.'

સ્વામીશ્રીએ મથુરભાઈ તથા હરભમજી બાપુને ઉતારા તેમજ સરભરા માટે ભલામણ કરી દીધી.

તે હરિભક્તના પુત્ર આવ્યા. સ્વામીશ્રીએ તેમને ખૂબ હેત કર્યું અને પોતાના સમાગમમા રોક્યા.

એ દરમ્યાન ગામડાના એક ખેડૂત પટેલ દર્શને આવ્યા. મેલાં અને ફાટેલાં વસ્ત્રોવાળા એ ભક્તે દંડવત્ કર્યા. સ્વામીશ્રી ઉમળકાથી બોલી ઊઠ્યા : 'આવો આવો પટેલ ! મળીએ.' એમ કહી ઊભા થઈ ગયા. અને તેમને હેતથી

મળ્યા. પ્રેમપૂર્વક ખબરઅતર પૂછ્યા.

આફ્રિકાથી આવેલા એ યુવક આ બધું જોઈ રહ્યા હતા. સભા પૂરી થતાં સૌ હરિભક્તો સભામંડપમાંથી બહાર જઈ રહ્યા હતા. ત્યારે કુસુમરાય દીવાન વગેરેને રોકીને તેમણે કહ્યું : 'આજના એક સુંદર પ્રસંગની વાત કરું. મારા મનમાં એમ હતું કે સ્વામીશ્રી મને માન આપે છે, કારણ કે હું શ્રીમંત મા-બાપનો પુત્ર છું. પરંતુ સભામાં આવેલા ગરીબ ખેડૂતના પ્રસંગથી મારી ભ્રમણા ભાંગી ગઈ ! સ્વામીશ્રી પાસે ગરીબ-તવંગર બધા જ સરખા છે એનો મને જાત-અનુભવ થયો.'

સ્વામીશ્રીની આવી સમદૃષ્ટિ, સરળતા અને પ્રીતની રીત જોઈ ઘણા નવયુવાનોને સ્વામીશ્રીમાં સહેજે આકર્ષણ થતું.

અહીં એક દિવસનું પારાયણ યોજેલું. સવારે 'સ્વામીની વાતો' સંત-સ્વામીએ સમજાવી. સાંજે ગ.પ્ર. ૧૬, ૧૭ વચનામૃતો સ્વામીશ્રીએ જાતે વાંચી સમજાવ્યાં. અને પોતાનો અવગુણ જાણી-વિચારી ત્યાગ કરવા ખૂબ જ ભારપૂર્વક કહ્યું.

સાંજે ૬-૩૦ વાગે નૈમિષારણ્ય ગુરુકુલમાં પધાર્યા અને યુવકોની સભા ભરી. આ પ્રસંગે સ્થાનિક સ્કૂલ તથા કૉલેજના પ્રિન્સિપાલો અને સ્ટાફના બીજા સભ્યો પણ આવ્યા હતા. સ્વામીશ્રીએ શ્રીજીમહારાજની આજ્ઞાનું પાલન કરી, નીતિ અને ધર્મમાં રહી, ભક્તિ કરવા સમજાવ્યું.

એક દિવસ ગોંડલના જાણીતા વૈદ્યરાજ ચરણતીર્થ મહારાજને ત્યાં ઠાકોરજી જમાડવા પધાર્યા. તેમણે સ્વામીશ્રી દીર્ઘાયુ બને, તબિયત સારી રહે તે માટે પ્રાર્થના કરી.

તા. ૧૩મીએ રાજકોટ થઈ, સરધાર દર્શન કરી, બોટાદ થઈ, રાત્રે ૯-૩૦ વાગે સારંગપુર પધાર્યા.

સવારે મંગળ પ્રવચનમાં શાસ્ત્રીજી મહારાજનો અપાર મહિમા સમજાવતાં કહ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ કૃષ્ણજી અદા પાસે ગયા ત્યારે રાત્રે પાણીમાં બાજરી પલાળી સવારે મીઠું નાખી ખાઈ લેતા. આમ, આઠ દિવસ સાથે ગોષ્ઠિ કરેલી.'

પૂજા કરી, મંદિર, રંગમંડપ તથા શાસ્ત્રીજી મહારાજનું સમાધિ સ્થાન અને પ્રસાદીનો ખીજડો વગેરે સ્થળોએ દર્શન કરવા પધાર્યા. પછી ૧૧-૦૦ વાગે રંગમંડપમાં સભા યોજી, પ્રાગજી ભક્તની જન્મ જયંતી ખૂબ જ ઉત્સાહથી

ઊજવી અને ભગતજી મહારાજનો મહિમા સમજાવતાં બોલ્યા : 'ભગતજી મહારાજે દરેકને જ્ઞાન આપ્યું. સુખ-દુઃખનો વિચાર ન કર્યો. આચાર્ય મહારાજ જ્યારે મહુવા પધાર્યા ત્યારે વિમુખ હોવા છતાં આચાર્ય મહારાજનો મહિમા સમજી, ઘી, દૂધ, લોટ, દાળ વગેરે મોકલાવી, અપાર સેવા કરેલી. નિર્માની વર્તમાન સિદ્ધ કરેલું. અમદાવાદમાં મંદિર બહાર કાઢેલ, છતાં બહાર બેસીને પણ સર્વ સંતોનો મહિમા સમજી દર્શન કરતા.'

રાત્રે સભામાં કીર્તન-ભક્તિની રમઝટ જામી હતી. તે વખતે નાના સંત કૃષ્ણવલ્લભ સ્વામીએ સુંદર નૃત્ય-મુજરા કર્યા. સ્વામીશ્રી રાજી થઈ ગયા. તે વખતે કૃષ્ણવલ્લભ સ્વામીનો પૂર્વાશ્રમનો ભત્રીજો દેવજી રોહીશાળાથી આવેલો ને ત્યાં બેઠો હતો. સંતોએ તેને પણ નૃત્ય-મુજરા કરવા ઊભો કર્યો. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. કીર્તન પછી નજીક બોલાવી દેવજીને નામ-ઠામ પૂછ્યાં ને સેવકને કહે : 'આપણે ફગવાં આપીએ ત્યારે આ છોકરાને મારી પાસે લાવજો.'

સમૈયા બાદ સ્વામીશ્રી ગર્ભગૃહ પાછળના પગથિયાંની રવેશીમાં ખુરશી પર પ્રસાદી આપવા બિરાજ્યા ત્યારે દેવજી આવી પહોંચ્યો. સ્વામીશ્રીએ જાતે એક હાથે તેના પહેરણની એક તરફનું ગજવું પકડી, બીજા હાથે દોથે દોથે ધાણી-ખજૂર ભરી દીધા ને ભરતાં ભરતાં કહે : 'આ અમસ્તા નથી ભરતા. સાધુ કરવા છે. કાકા-ભત્રીજાની જોડ કરવી છે.' એમ કહી આશીર્વાદ આપ્યા.[૨૨]

સર્વકર્તા ભગવાન છે

દર વર્ષની જેમ ફૂલદોલ ઉત્સવ સ્વામીશ્રીના સાન્નિધ્યમાં ખૂબ જ ઉત્સાહથી ઊજવાયો. સ્વામીશ્રીએ શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજાવ્યું અને 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે' એ મહિમા કહ્યો :

'આધિ, વ્યાધિ અને ઉપાધિ આ ત્રણે તાપમાં જીવપ્રાણીમાત્ર બળે છે.

---

૨૨. આ પછી સને ૧૯૭૨માં પ્રમુખસ્વામી મહારાજે સામેથી કાંડુ પકડીને કહ્યું : 'યોગીબાપાએ શું કહેલું ? ભૂલી ગયો ?'

તે કહે : 'બાપાએ સાધુ થવા કહેલું, પણ હવે એ ક્યાં છે ?'

પ્રમુખસ્વામી મહારાજે કહ્યું : 'આ યોગીબાપા જ કહી રહ્યા છે. માટે આવી જવાનું છે. યોગીબાપા ક્યાં ગયા છે ?'

એ પછી તેમને બળ મળી ગયું અને સને ૧૯૭૩માં દીક્ષા લીધી. તેમનું 'સાધુ અક્ષરજીવનદાસ' નામાભિધાન થયું.

ક્યાંય સુખ નથી. *'સુરપુર, નરપુર, નાગપુર એ તીનમેં સુખ નાહિ...'* સાચું સુખ ભગવાનના સંત પાસે છે. ત્રણ લોકમાં ક્યાંય સુખ નથી. મનુષ્યને મોટાઈની ઇચ્છા રહ્યા કરે, રાજસત્તા મેળવવાનીય ઇચ્છા રહે.

'મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી ઘોડી ઉપર બેસીને જતા હતા. જાગા સ્વામી ઘોડી ઝીલી રાખે. સંતો કીર્તન ગાતાં ગાતાં હાલતા હતા. ત્યાં ચાર મુસલમાન સામે આવ્યા. તેમણે સંતોને પૂછ્યું : 'તમારામાં મોટેરા કોણ છે ?' સંતોએ તો નિર્દોષભાવે સ્વામીને બતાવી કહ્યું : 'આ ઘોડી ઉપર બેઠા ઈ.' આ મુસલમાનોએ એવો નિશ્ચય કરેલો કે આ મંડળના મોટેરાને મારવો. પછી તો તેઓ ગુણાતીતાનંદ સ્વામીની પાસે ગયા અને પૂછ્યું : 'તમે મોટેરા છો ?' ગુણાતીતાનંદ સ્વામીએ જવાબ દીધો કે 'હું શેનો મોટો ? અલ્લાતાલા મોટા. અમે તો દાસ છીએ.' આ સાંભળી મુસલમાન રાજી થઈ ગયા અને પગે લાગી વહ્યા ગયા.

'ભગવાન ને સંત જ મોટા; બીજો કોઈ મોટો નથી. એમ સમજે તો શાંતિ રહે. ભગવાન અને સંત જેની ઉપર રાજી થાય તે રાંક હોય તો રાજા થાય, ભૂંડા પ્રારબ્ધ હોય તે ટળી જાય, વિઘન મટી જાય. તે મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે.

'સ્વામી શાસ્ત્રીજી મહારાજે ઘણાના વ્યવહાર સુધાર્યા. સાચું સુખ આપ્યું, ઘણાનાં દુઃખ મટાડ્યાં. 'ભગવાન સારું કરશે' એમ સ્વામી હંમેશાં કહે; પણ 'મેં કર્યું' એવું કોઈ દી' કહ્યું નથી. માથે એક મણ પાણીની માટલી ઉપાડીએ તો બોચી રહી જાય, પણ પાણીમાં ડૂબકી મારીએ તો લાખો મણ પાણી ઉપર ફરી વળે તોય ભાર લાગે નહિ. તેમ આપણે બધું ભગવાન ઉપર મૂકી દેવું. 'ભગવાન કરે છે, આપણે કાંઈ કરતા નથી,' એમ સમજવું.

'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.'

'ભગવાન ને સંતનો મહિમા સમજવો.

'સંત કૃપાએ સુખ ઊપજે, સંત કૃપાએ સરે કામ;
સંત કૃપાએ પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ.' તેમજ

'સકાર કે'તાં સર્વે દુઃખ વામે રે, હકાર કે'તાં હરિધામ પામે રે,
જકાર કે'તાં જય જય જાણો રે, નકાર કે'તાં નિર્ભય પ્રમાણો રે,
દકાર કે'તાં દદામા દઈને રે, પામે ધામ સહજાનંદ કહીને રે.'

'સહજાનંદ નામનો ઘણો મહિમા છે. એક એક અક્ષરનો મહિમા છે.

આવા ભગવાનનાં લીલાચરિત્રો ગાવાં અને સાંભળવાં. શ્રીજીમહારાજની વાણીથી કોઈ શાસ્ત્ર પર નથી.'

સાંજે ૪-૦૦ વાગે ઠાકોરજીનો પ્રસાદ લઈને પૂજારી ભગવત્પ્રસાદ સ્વામી આવ્યા. આ નાના સંતના પૂર્વાશ્રમના પિતાશ્રી દેવશીભાઈ સ્વામીશ્રીના પરમ ભક્ત. ભગવત્પ્રસાદ સ્વામીને જોઈ સ્વામીશ્રીને તે યાદ આવ્યા. ને પૂછ્યું : 'દેવશીભાઈ નામું કેવું લખે છે ?'

ભગવત્પ્રસાદ સ્વામી તો વિચારમાં પડી ગયા. સંતોના નિયમ પ્રમાણે આવા પ્રશ્નોનો ઉત્તર આપી ન શકાય. પરંતુ અહીં તો સ્વામીશ્રી પૂછે છે ! તેમણે ધીરેથી સંકોચ સાથે કહ્યું : 'સારું લખે છે !'

ત્યારે જાણે એકદમ પોતાની ભૂલ થઈ હોય તેમ કહેવા લાગ્યા : 'ઈ સંભારવું નહીં. આપણે ઈ ધ્યાન નો રાખવું. જીવમાંથી કાઢી નાખીએ તો સુખ થાય. હેત રાખીએ તો બંધન થઈ જાય. માટે બળી ગ્યું. હવે બ્રહ્મ હમારી જાત.' એમ કહી પ્રસાદ અંગીકાર કરવા લાગ્યા.

જાણપણાની સતત જલતી જ્યોત જરા ઝાંખી પડવા જાય ત્યાં તેને સંકોરીને સ્વામીશ્રી વધુ પ્રદીપ્ત કરી દેતા. જેના અજવાળે સાધક નિર્વિઘ્ન મોક્ષપદને પહોંચી શકે.'

ભગવત્પ્રસાદ સ્વામીને ઇચ્છા હતી કે મુંબઈ રહીને સંસ્કૃતનો અભ્યાસ કરવો. પણ સ્વામીશ્રી કહે : 'લ્યો પ્રસાદી, ૧૪ વર્ષ સુધી બીજો સંકલ્પ કરવો નથી ! સંતસ્વામીની સેવામાં રહેવાનું છે.'

તેમણે તરત જ આજ્ઞા શિરે ધારી. સ્વામીશ્રી પણ ખૂબ રાજી થયા.[૨૩]

તા. ૧૬મીએ સવારે સારંગપુરથી વિદાય લઈ, બોટાદ ગોબરભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા. સાંજે જૂના મંદિરે દર્શન કરી, ગઢડા સાંજે ૭-૩૦ વાગે પધાર્યા.

શ્રીહરિની અખંડ સ્મૃતિનું દર્શન

મંદિરે દર્શન કરી, દાદાખાચરના દરબારમાં લીંબડે દર્શને ગયા. સ્વામીશ્રી સાથે ઘણા સંતો-હરિભક્તો હતા.

એ વખતે સ્વામીશ્રીએ ઉગમણા બારની ઓસરી પાસે ઊભા રહીને ઊંચે શિખર તરફ જોયું ને બોલ્યા : 'મહારાજ અહીં માંદગી ગ્રહણ કરીને ધામમાં

૨૩. આ પછી બરાબર ચૌદ વર્ષે પ્રમુખસ્વામી મહારાજે તેમને આજ્ઞા કરી અને તેમણે ગ્રામ્યવિચરણ શરૂ કર્યું.

ગયા, ત્યારે વચલા શિખરનો કળશ એકદમ નીચે પડ્યો. ત્યારે મોટા સંતોએ અનુમાન કર્યું કે 'મહારાજે એમની લીલા સંકેલી લીધી છે ને ધામમાં પધાર્યા હશે તો જ આમ બને.'

'થોડી વારમાં જ બધે સમાચાર પહોંચી ગયા કે 'શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા છે.' બધાને બહુ આંચકો લાગ્યો કે આપણું જીવન ગયું. એમ શોક વ્યાપી ગયો.'

આ પ્રમાણે સ્વામીશ્રીએ પ્રસંગોપાત્ત જૂની વાતો યાદ કરી સ્મૃતિ કરી. આ એમની ભક્તિની વિશેષ રીત હતી.

સવારે કોઠારી હરિજીવનદાસજીની તબિયત સારી થાય તેવી ધૂન કરાવી. તેમને ઘણા સમયથી મંદિરનાં પગથિયાં સામે નવા સભામંડપમાં આરસનું સિંહાસન કરી મૂર્તિઓ પધરાવવાનો સંકલ્પ હતો. તેથી તેમણે હસતાં હસતાં સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામી ! સિંહાસન માટે હવે કોઈને ધબ્બો મારવો પડશે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે ક્યાં વૈષ્ણવ ગોતવા જવું પડે તેમ છે ? આ બબુભાઈ કોઠારી છે તે મૂર્તિ અને સિંહાસન બેય કરાવી આપશે.'

તેમણે ચમકીને સ્વામીશ્રી સામે જોયું. અને કહે : 'બાપા ! રોટલા થાય એટલું જ રાખ્યું છે. સેવા કેમ કરવી ?'

ત્યારે સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા : 'આ છેલ્લી સેવા તમારે સ્વામીને રાજી કરવા કરાવવી. રોટલા દેવા શાસ્ત્રીજી મહારાજના હાથમાં છે. તમે શું કામ ફિકર કરો છો ?'

અને સ્વામીશ્રીના વચને બબુભાઈએ મૂર્તિ અને સિંહાસનની સેવા કરી.

આમ, કોઠારી હરિજીવનદાસને સ્વામીશ્રીએ રાજી કર્યા અને બબુભાઈને પણ સેવા લઈને સ્મૃતિ આપી.

૯-૩૦ વાગે જૂના મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શન કર્યાં. ત્યાંના પૂજારી બ્રહ્મચારી દિનેશાનંદજીએ ઠાકોરજીની પ્રસાદીનો હાર પહેરાવી સ્વાગત કર્યું અને પ્રસાદ આપ્યો.

સાંજે સહસ્ર ધરે દર્શન કરવા ગયા. સહસ્ર ધરે શ્રીજીમહારાજે પાંચસો પરમહંસો સહિત ઘણી વાર સ્નાન કરેલું છે. ત્યાં સભા ભરી. પછી મંદિરે આવ્યા. જિલ્લા પંચાયત પ્રમુખ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

તા. ૧૮મીએ સાંજે ફરીથી મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શને પધાર્યા.

બીજે દિવસે સ્વામીશ્રી ગઢડાથી વિદાય લઈ, રાણપુર, ધંધુકા થઈ,

અડવાળ પધાર્યા.

તા. ૨૩ સુધી તીર્થસ્થાન અડવાળ રોકાઈ, મુમુક્ષુઓને અપાર સુખ આપી, સાંજે વિદાય લઈ, જાળિયા પધાર્યા. અડધો કલાક રોકાઈ, ચચાણાના હરિભક્તોને દર્શન દઈ, ૭-૦૦ વાગે લીંબડી આવ્યા. સ્નાનાદિક ક્રિયા કરી, ઉકાળા-પાણી કરી, ૯-૩૦ વાગે વિદાય લઈ, ૧૧-૪૫ વાગે રાજકોટ આવી પહોંચ્યા.

બીજે દિવસે અદાની દેરીએ દર્શન કરી, એક વચનામૃત સમજાવી, મોટા મંદિરે દર્શન કરી, સ્વામિનારાયણ ગુરુકુલમાં દર્શન કરી, ગોંડલ પધાર્યા.

અહીં ગુરુકુલના વિદ્યાર્થીઓએ બૅન્ડ-વાજાંથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. દેરીમાં તથા મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી, સભા ભરી. સ્વામીશ્રીએ સભામાં પોણો કલાક વાતો કરી, બ્રહ્માનંદમાં સૌને તરબોળ કરી દીધા. ગુરુકુલમાં વિદ્યાર્થીઓને મળી તે જ દિવસે પાછા રાજકોટ પધાર્યા.

સાંજે ૫-૦૦ વાગે રાજકોટથી વિદાય લઈ, ધ્રોળ ઠાકોર સાહેબને દર્શન દઈ, ઇટારવા ઠાકોર સાહેબના દરબારગઢમાં પધાર્યા. ત્યાંથી જાયવા બાળ મંડળને રોડ ઉપર દર્શન આપી, હરિપુર થઈ, ૭-૦૦ વાગે ભેંસદડ આવ્યા.

હાલારને હુલસાવિયો

સ્વામીશ્રી ભેંસદડ પધાર્યા ત્યારે સ્થાનિક હરિભક્તો અને મુમુક્ષુ જનતાએ સારું સ્વાગત કર્યું. બળદગાડીમાં પધરાવી ભજન મંડળીઓ સહિત નગરયાત્રા કાઢી. સ્વામીશ્રી સીધા હરિભાઈ દરજીને ત્યાં ઉતારે પધાર્યા. સંતોનો ઉતારો મંદિરમાં રાખ્યો હતો.

તા. ૨૫મીએ સવારે સ્થાનિક સત્સંગ મંડળ તરફથી યોજવામાં આવેલ પારાયણનો પ્રારંભ થયો. સવારે 'હરિલીલાકલ્પતરુ'ની કથાનું વાચન પ્રમુખ-સ્વામી કરતા અને સાંજે 'સ્વામીની વાતું'નું વાચન બાલમુકુંદ સ્વામી કરતા. તે જ દિવસે સાંજે સ્વામીશ્રી ભાદરા (ગુણાતીતનગર) પધાર્યા.

સ્વામીશ્રીનું વિચરણ વીજળીગતિથી ચાલતું હતું. ગામોગામ હરિભક્તોને એક સપાટામાં રાજી કરી દઉં, એવા પૂરપાટ વેગથી સ્વામીશ્રી ગામોગામ ઘૂમી રહ્યા હતા. ગામડાંઓમાં પણ એટલી જ તાણ. શહેરની જેમ ગામડામાં પણ ઉત્સાહી અને પ્રેમઘેલા ભક્તો સ્વામીશ્રીનો લાભ લેવા તડપી રહ્યા હતા. અને સામૈયા, પારાયણો અને પધરામણીઓ કરાવતા હતા.

એક સાંજે પ્રમુખસ્વામી અને બાળમુકુંદ સ્વામી મેઘપર તથા જસાપર

પધરામણીએ ગયા હતા. તેથી સાંજે 'સ્વામીની વાતું'નું વાચન તથા નિરૂપણ સ્વામીશ્રીએ કરી સહુને આનંદ કરાવ્યો. ભેંસદડમાં ૬૦ ઘરે પ્રમુખસ્વામીની પધરામણી થઈ.

તા. ૨૭મીએ સવારે હરિભાઈએ તૈયાર કરાવેલ બાળ મંડળનો સંવાદ સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યો. સંવાદ સાંભળી સ્વામીશ્રી ખૂબ જ રાજી થયા અને આશીર્વાદ આપતાં કહ્યું : 'તમામ યુવકો ગામોગામ આવા કાર્યક્રમો ચાલુ રાખે તો ડંકો વાગે.'

સાંજે લતીપુર સદ્‌ગુરુ આત્માનંદ સ્વામીના જન્મ સ્થાને દર્શન કરવા બે મોટરો લઈ પધાર્યા. સદ્‌ગુરુ આત્માનંદ સ્વામી રામાનંદ સ્વામીના ગુરુ હતા. તેમના જન્મ સ્થાન ઉપર મંદિર છે. સ્વામીશ્રીએ ભેંસદડના હરિભક્તો પાસે તનો જીર્ણોદ્ધાર કરાવેલો અને અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી હતી. સ્વામીશ્રીએ આ સ્થાનનો ખૂબ જ મહિમા કહ્યો. ગામમાં દર્શન કરી, આરતી કરી, ૫૦ ઉપરાંત નવા મુમુક્ષુઓને કંઠીઓ બાંધી, ભેંસદડ પધાર્યા.

કરત અમંગલ નાશ હો

બીજે દિવસે સવારમાં પારાયણ સ્થળને જે જનરેટરની મદદથી વીજળી વડે ઝગમગતું રખાતું તે ચલાવનાર માણસ સભામંડપમાં બલ્બ કાઢવા લાગ્યો. વાયરો છોડી સંકેલો કરવા લાગ્યો. દેવજીભાઈ મેપાભાઈના ઘર નજીક 'ગુર્જર ક્ષત્રિય કડિયા વાડી'માં પારાયણ સ્થળ હતું. લાઇટની સગવડ જનરેટરની મદદથી જ શક્ય હતી. તેથી બીજે ગામથી તે વ્યવસ્થા કરવામાં આવી હતી. બે દિવસ તો સભામંડપ લાઇટોથી ઝળહળતો રહ્યો, પણ આજે શું થયું કે જનરેટરવાળો માણસ બધું સંકેલવા લાગ્યો હતો !

કાર્યકર્તાઓ ચિંતામાં પડી ગયા. પેલા ભાઈને કહ્યું : 'ભાઈ ! આ બધું કેમ કાઢી નાખે છે ? હજુ તો પારાયણનો ત્રીજો દિવસ જ છે. બે દિવસ બાકી છે.'

'પણ મારે અહીંયાં રહેવું નથી. આજે ને આજે જ જતા રહેવું છે.' પેલા ભાઈનો અવાજ ધ્રૂજતો હતો. શરીરે માંદગી જણાતી હતી.

'એવું કેમ ચાલે ?' કાર્યકરોએ કહ્યું : 'આપણે પાંચ દિવસ નક્કી થયું છે ને !'

'એ બધું બરાબર, પણ મારાથી નહીં રહેવાય. પૈસા નહીં આપતા બસ ?' પેલા ભાઈ મક્કમ રહ્યા.

'પણ તેનું કારણ શું ? આમ કાંઈ કહ્યા વિના...'

'મને તાવ આવે છે.'

'એકદમ તાવ આવી ગયો ?'

'હા,' પેલા ભાઈએ કહ્યું : 'મને ઉતારો આપવામાં આવ્યો છે ત્યાં રાતે ભૂતનો અવાજ સંભળાય છે. પહેલી રાતે હું સૂતો હતો ત્યારે મધરાતે અવાજ સંભળાયો : 'અહીં મશીન શા માટે રાખ્યું છે ? કાલે ઉપાડી લેજે.'

પેલા ભાઈ બોલતાં બોલતાં થંભી ગયા. તીવ્ર કંપારી શરીર પરથી પસાર થઈ ગઈ. તેમણે કહ્યું : 'મેં આજુબાજુ જોયું પણ કોઈ દેખાયું નહીં, એટલે માથે ઓઢીને સૂઈ ગયો. મનમાં સમાધાન કર્યું કે આભાસ થયો હશે...'

'બીજે દિવસે રાતની સભા પૂરી થઈ પછી હું સૂતો હતો, ત્યાં મધરાતે મારી એકદમ નજીકમાંથી જ કરડો અવાજ આવ્યો : 'એય ! હજી મશીન ઉપાડ્યું નથી ? કાલે ઉપાડી લેજે. નહીં તો તું ને તારું મશીન બંને ખલાસ થઈ જશો...' બોલતાં બોલતાં તેમને પરસેવો વળી ગયો હતો. હાથ ધ્રૂજતા હતા. આંખોમાંથી જાણે કે જીવ જ ઊડી ગયો હતો. વિસ્ફારિત નેત્રે સૌ આ વિચિત્ર કહાની સાંભળી રહ્યા હતા !

'પછી શું થયું ?' કોઈએ ઉત્સુકતાથી પૂછ્યું.

'પછી મેં બેટરી મારી આજુબાજુ જોયું. ઝાડવાંનાં થડિયાં દેખાણાં પણ કોઈ માણસ ન જોયું. ફરી સમાધાન કર્યું કે કોઈ નહીં હોય. ભણકારા વાગતા હશે.

'કાલે રાતે મેં મશીન સાફ કરીને થોડું ચલાવ્યું ત્યાં મોટા ધડાકા સાથે મશીન બંધ થઈ ગયું. હજી ચાલુ નથી થયું. પણ હું સૂતો ત્યારે પેલો અવાજ યાદ આવ્યો. મારી ઊંઘ હરામ થઈ ગઈ. એ વાક્ય હજુ પણ મને સંભળાય છે : 'તું અને મશીન બંને ખલાસ થઈ જશો.' આખી રાત પડખાં ઘસ્યાં. થોડી જ વારમાં તાવ ચડ્યો. તે હજી વધતો જ જાય છે !' પેલા ભાઈ આટલું તો માંડ બોલી શક્યા. કોઈએ પાણી આપ્યું. તેને એક જગ્યાએ બેસાડ્યો.

થોડી વારે તે સ્વસ્થ થયો. કોઈને આગળ પૂછવાની હિંમત ન ચાલી. ત્યાં પેલો ફરી બોલ્યો : 'રાત્રે તાવ અસહ્ય થયો ત્યારે નિર્ણય લીધો કે ગામમાંથી વહેલામાં વહેલી તકે ભાગી છૂટવું છે. એટલે વાયર અને બલ્બો છોડીને સંકેલો કરું છું... હવે મને રોકતા નહીં.'

'પણ ભાઈ,' કાર્યકર્તાએ ધીરજ આપી : 'જો, આપણે યોગીબાપાને વાત કરીએ. આશીર્વાદ લે. ભૂત જતું રહેશે. પણ તું આમ બધું સંકેલી લે તો

પારાયણમાં કેટલી અગવડ પડે ?'

'એ હું કાંઈ ન જાણું, મારે જવું જ છે.' તેનો નિર્ણય ફરે તેમ ન હતું.

કોઈ જ તેને સમજાવી શક્યું નહીં. મોતની બીક તેના હૃદયમાં ઘર કરી ગઈ હતી. બે કલાકના પ્રયત્ને તે સંમત થયો કે 'બાપાને વાત કરો. ને તે કહે તો રોકાઉં.' સૌએ સ્વામીશ્રીને વાત કરી.

બપોરનો સમય હતો. સ્વામીશ્રીએ જનરેટરવાળા ભાઈને બોલાવ્યા. આશીર્વાદ આપતાં કહ્યું : 'તમને કાંઈ નહીં થાય. ભૂતને આપણે ભગાડી મૂકીએ. તમારો તાવ ઊતરી જશે. મશીન ચાલુ થઈ જશે. લ્યો થાપો.'

તેમને ધબ્બો આપી શાંતિ પમાડી પછી કહે : 'આપણે તમારા મશીન પાસે આવશું. ભૂતને કાઢી મૂકીએ. વાયર હતા તેમ ફીટ કરી દો. કાંઈ થાશે નહીં.'

સ્વામીશ્રી આરામમાંથી ચાર વાગે જાગ્યા. અને બે સેવકોના ટેકે ચાલતાં ચાલતાં સંતો-હરિભક્તોના સમૂહ સાથે શિવમંદિરની ધર્મશાળામાં, જ્યાં જનરેટર હતું ત્યાં ગયા. ને કહે : 'બધા ધૂન કરો.' સૌએ ધૂન કરી.

તે દરમ્યાન સ્વામીશ્રીએ જળનો લોટો મગાવ્યો. સેવકોનો ટેકો મૂકી સ્વામીશ્રી લોટો લઈને ઝડપથી ચાલતાં ચાલતાં સીધા જ ધર્મશાળાના ઓરડામાં એક ખૂણે ગયા. હાથમાં પાણીની અંજલિ ભરીને છાંટી, જરા ઊંચા સ્વરે બોલ્યા : 'ત્યાં નહીં !'

પછી જાણે કોઈને જોતા હોય ને પાછળ પાછળ ચાલતા હોય, તેમ ચાલતાં ચાલતાં ઊભા રહે ને બોલે : 'અહીં નહીં.' 'અહીં નહીં.' 'આંય નો રે'વાય.' એમ ચારે ખૂણામાં પાણી નાખ્યું ને ત્વરિત ગતિએ મશીન તરફ વળ્યા. તેના પર પાણી છાંટ્યું ને કહે : 'જા, ભાગ્ય !'

આ ગતિવિધિ જોનારાઓને ભૂત દેખાતું ન હતું, પરંતુ સ્પષ્ટ પ્રતીતિ થતી હતી કે 'સ્વામીશ્રી ભૂતને જુએ છે. અને પાણી છાંટી તેને હાંકી રહ્યા છે. ને તે જ્યારે, જ્યાં અટકે છે ત્યાં સ્વામીશ્રી પાછળ ચાલતાં બોલે છે કે 'અહીં નહીં.' 'અહીં નો રહેવાય.' 'ન્યાં નહીં...'

મશીનના ઓરડામાંથી સ્વામીશ્રી બહાર નીકળ્યા અને બરાબર સામે આવેલા આંબલીના ઝાડ નીચે ગયા. પાણી છાંટી જોરથી કહે : 'ન્યાં પણ નહીં !' અહીંથી થોડે દૂર પીપળાનું વૃક્ષ હતું. તેની પાસે જઈને કહે : 'અહીં નહીં ! ભાગ્ય ! દૂર જા. જતું રહે !' એમ બોલતાં તેને જોતાં ચાલતા હોય, તેમ એક અવાવરુ ખાલી કૂવાને કાંઠે ગયા. તેમાં પણ પાણી છાંટ્યું ને કહે : 'અહીં

પણ નહીં. બદરિકાશ્રમમાં જા ! તપ કર !' એમ બોલતાં છેલ્લે એક ડંકી પર પાણી છાંટીને સ્વામીશ્રીએ હાથ ઊંચો કરતાં પ્રસન્નમુદ્રામાં કહ્યું : 'હં... જા !' પછી સૌને કહે : 'હવે જતું રહ્યું.'

'ક્યાં ગયું હશે બાપા ?' કોઈએ પૂછ્યું.

'બદરિકાશ્રમમાં ! ત્યાં તપ કરશે.' એમ કહેતાં સ્વામીશ્રી શિવમંદિરે દર્શને ગયા. શિવલિંગ સામું જોઈને કહે : 'અહીં ભૂત કેમ રાખો છો ? અહીં ભૂત નો રાખવાં. એને અમે બદરિકાશ્રમમાં તપ કરવા મોકલી દીધું છે. હવે બીજાં ભૂત આવવા દેતા નહીં.'

પછી મશીનવાળા ભાઈને બોલાવ્યા. પ્રેમથી કહે : 'હવે ભૂત ભાગી ગયું છે. ગભરાતા નહીં. તમને કાંઈ નહીં થાય.'

સાંજ સુધીમાં પેલા ભાઈનો તાવ સંપૂર્ણ ઊતરી ગયો. મશીન પણ તરત જ ચાલુ થઈ ગયું. પણ પેલો અવાજ, એ વાતાવરણ હજુ પણ તેને ભય પ્રેરતા હતા. તે કહે : 'હું અહીં નહીં રહું, બીજે વ્યવસ્થા કરી આપો.'

છેવટે તેમની વ્યવસ્થા બીજે કરવામાં આવી. પછી પારાયણ ચાલી ત્યાં સુધી બધું નિર્વિઘ્ન પાર પડી ગયું.

બીજે દિવસે વહેલી સવારે એક આધેડ ઉંમરના ખેડૂત ગામના પાદરમાંથી પસાર થતા હતા ત્યારે તેમણે એવો અવાજ સાંભળેલો કે 'આ ગામમાં હવે મારાથી રહેવાશે નહીં. ભગવાં લૂગડાંવાળો બાવો મને કાઢે છે. કહે છે કે 'તું તપ કરવા જા !'

આ અદ્‌ભુત ઘટના સચરાચરમાં વ્યાપેલ બ્રહ્મની અગાધ શક્તિનો સચોટ પરિચય કરાવી ગઈ. ગામ લોકોને જ નહીં, આજુબાજુનાં ગામોની જનતામાં પણ સ્વામીશ્રીની વિશિષ્ટ શક્તિથી આશ્ચર્ય, આનંદ અને મહિમાનો સંચાર થયો.

આજે સાંજે સ્વામીશ્રીએ જ કથાનું વાચન કર્યું. રાત્રે માવદાન કવિના પુત્ર ભગવત્‌દાન કવિએ ભજનો ગાયાં. સંતો તથા યુવકોએ સત્સંગ-વિષયક પ્રવચનો કર્યાં.

આ પારાયણમાં જામનગરથી શેઠ હરજીવનદાસ બારદાનવાળા ઘણી વાર પધારતા.

તા. ૨૯મીએ સવારે ૧૦-૩૦ વાગે પૂર્ણાહુતિ પ્રસંગે જાયવા, ભાદરા, હાડાટોડા, ધૂળકોટ, પડધરી, લતીપુર, જામનગર, રાજકોટ વગેરે ગામોના ઘણા હરિભક્તો હાજર રહ્યા હતા.

સાંજે ૪-૩૦ વાગે ભેંસદડથી સ્વામીશ્રી ડાંગરા જઈ રહ્યા હતા.

આ પ્રસંગે માંડવાના યુવાન ભક્ત ખોડાભાઈ સ્વામીશ્રીનો પહેલવહેલા સમાગમ કરવા આવ્યા. તેમને ડાંગરા સાથે આવવાની સ્વામીશ્રીએ આજ્ઞા કરી હતી. તેઓ આ પ્રદેશના અજાણ્યા અને ખાસ કોઈને ઓળખે નહિ. બીજા ભક્તો પોતાની વ્યવસ્થા કરી નીકળી ગયા. ખોડાભાઈ 'શું કરવું ?' એ વિચારતાં એક ખૂણામાં ઊભા હતા.

એવામાં સ્વામીશ્રીની ગાડી નીકળી. એમની નજર આ યુવાન પર પડી. સ્વામીશ્રીએ તુરત પોતાની ગાડી થંભાવી. અને ગુણવંતભાઈને આજ્ઞા કરી કે 'આમને આપણી સાથે લઈ લો.'

ગાડીમાં જરાપણ જગ્યા ન હતી. તેથી ગુણવંતભાઈ કહે : 'બાપા ! તેઓ બસમાં આવી જશે.'

'નવા છે, ક્યાંથી આવશે ?' એમ કહેતાંકને સ્વામીશ્રીએ પોતાને જ સંકોરીને જગ્યા કરી. ખોડાભાઈને પોતાના પગ પાસે બેસાડ્યા.

આ નવા યુવાનનાં રોમરોમ ખડાં થઈ ગયાં. ક્યાં આવા મહાન સંત ને ક્યાં હું ?! સ્વામીશ્રીના ખોળામાં સ્થાન પ્રાપ્ત થતાં ખોડાભાઈના મનમાં આનંદ સમાતો ન હતો. સાથે સંકોચ પણ થતો હતો. આ એક જ પ્રસંગથી એ યુવાનનું અંતર ઘાયલ થઈ ગયું. એણે મનોમન નિશ્ચય કરી લીધો કે 'આ પુરુષના ખોળામાં સદાને માટે આપણે જીવન સમર્પણ કરી દેવું.'

રાત્રે ૧૨-૧૫ વાગે ડાંગરા પધાર્યા. ડાંગરા સત્સંગ મંડળના ઉપક્રમે સ્વામીશ્રીના સાન્નિધ્યમાં 'હરિલીલાકલ્પતરુ'નું પારાયણ યોજવામાં આવેલું. કથાનું વાચન પ્રમુખસ્વામી કરતા.

તા. ૩૧-૩-'૬૮ના રોજ ડાંગરામાં મહામુક્ત સદ્‌ગુરુ જાગા ભક્તના સમાધિ સ્થાન ઉપર મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમની અને જાગા ભક્તની મૂર્તિઓ સાથે બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તની મૂર્તિ પણ સ્વામીશ્રીના વરદ હસ્તે પધરાવવામાં આવી હતી.

આ વખતે પ્રભાતસિંહ બાપુએ કહ્યું કે 'આ દોલુભાની વાડીમાં કૂવો ગળાય છે, પણ હજી પાણી થયું નથી.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ચાલો, આપણે પધરામણી કરીએ અને ફૂલ છાંટીએ, એટલે પાણી થઈ જશે.'

સ્વામીશ્રી દોલુભાની વાડીએ પધાર્યા. અને ઠાકોરજીને સ્નાન કરાવી તે જળ

કૂવામાં નાખ્યું. પ્રસાદીનાં પુષ્પો પણ નાખ્યાં અને બોલ્યા : 'અખંડ પાણી થશે.'
એ પછી કૂવામાં અખૂટ પાણી નીકળ્યું.

ડૂબતાના તારણહાર

આ વખતે ધ્રોળ ઠાકોર સાહેબ ચંદ્રસિંહજી, જામનગર ધારાસભ્ય દોલતસિંહજી તથા જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી વગેરે સૌ સ્વામીશ્રીનાં દર્શને સીધા વાડીએ જ આવ્યા. સ્વામીશ્રીએ તેમના આગમનથી પ્રસન્નતા વ્યક્ત કરી. આ મહાનુભાવો ચૂંટણી અંગે સ્વામીશ્રી પાસે આવ્યા હતા.

જામનગર જિલ્લા પંચાયતની ચૂંટણીમાં દોલતસિંહ જાડેજા અને કે.પી. શાહ વચ્ચે હરીફાઈ હતી. બંનેને સરખા મત મળ્યા હતા.

ધ્રોળ ઠાકોર સાહેબ ચંદ્રસિંહજીએ દોલતસિંહજીને બોલાવી કહ્યું : 'તમારે જીતવું હોય તો યોગીજી મહારાજનાં દર્શનની માનતા કરો. જો જીત મળે તો - 'યોગીજી મહારાજ જ્યાં બિરાજ્યા હોય ત્યાં જઈને દર્શન કરવાં અને તે પછી જ જામનગરનું પાણી પીવું,' એવો સંકલ્પ કરો. મને યોગીબાપા પર વિશ્વાસ છે કે તમે જ જીતશો.'

દોલતસિંહજીએ વાત શ્રદ્ધાપૂર્વક સ્વીકારી લીધી.

ટૂંક સમયમાં જ દોલતસિંહજી ચૂંટાયેલા જાહેર થયા. તરત જ તેઓ ચંદ્રસિંહજીને લઈ, પોતાના માણસો સાથે ચાર મોટરમાં ડાંગરા દર્શને આવી પહોંચ્યા. અને બાપુની વાડીએ જ અનૌપચારિક મુલાકાત ગોઠવાઈ ગઈ.

તેમને પોતાની સાથે મંદિરે દર્શને લઈ જઈ સ્વામીશ્રી કહે : 'અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ અને જાગા સ્વામીના પ્રતાપે આપ જીત્યા છો. આપના દ્વારા પરમાર્થનાં ઘણાં મોટાં મોટાં કામ થશે. ભાદરામાં મંદિર મોટું થાય છે, તો તમે પક્ષ રાખશો. એ તમારી મોટી સેવા છે !'

ત્યારે દોલતસિંહજીએ કહ્યું : 'બાપા ! હું આપનો જ છું. મને કામ સોંપશો તે જરૂરથી પૂર્ણ કરીશ. એવો આપ વિશ્વાસ રાખશો. ધ્રોળ ઠાકોર સાહેબે આપના આશીર્વાદ અપાવ્યા. આપે મોટી કૃપા કરી છે. ધ્રોળ ઠાકોર સાહેબનો પણ હું ઋણી છું. કારણ કે આપ જેવા સાધુસ્વરૂપે ભગવાનનો મને યોગ કરાવી આપ્યો.'

તેમની ભક્તિભાવનાથી સ્વામીશ્રી પ્રસન્ન થયા અને તેમને રૂડા આશીર્વાદ આપ્યા.

ધ્રોળ ઠાકોર સાહેબનું શરીર ભારે, તેથી પગથિયાં ચઢીને મંદિર આવી

શકે તેમ ન હતા. પછી સ્વામીશ્રી નીચે આવ્યા અને બાપુનો બહુ આભાર માનવા લાગ્યા. ત્યારે બાપુ બોલ્યા : 'બાપા ! બધો આપનો પ્રતાપ છે. આપ અમને યશ આપો છો એ આપની મોટાઈ છે. બાકી જે કંઈ અમારું સારું થઈ રહેલું છે, તે આપના આશીર્વાદના પ્રતાપે જ છે.'

આ વખતે સાવરકુંડલાના હરિભક્ત ખોડીદાસ તેમના પુત્રને લઈને સ્વામીશ્રી પાસે નામ પડાવવા લાવ્યા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા કે 'હમણાં નરેન્દ્રપ્રસાદજી મહારાજ વડતાલની ગાદીએ બિરાજે છે. તેથી તેમના નામ ઉપરથી નરેન્દ્ર નામ રાખો.'

સ્વામીશ્રીને વડતાલ તથા અમદાવાદ બંને ગાદીના આચાર્ય મહારાજનો અતિ મહિમા હતો. આનંદપ્રસાદજી મહારાજ સારંગપુર પધારે ત્યારે તેમના બંગલે જતા અને દંડવત્ કરતા. ધર્મકુળનો મહિમા સૌને સમજાવતા.

અહીં સાથે આવેલા ખોડાભાઈને સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે 'અડાસ થઈ, નાથા ભગત સાથે ચૈત્રી પૂનમે બોચાસણ મળજો.'

પછી પડધરી, રાજકોટ થઈ, બે દિવસ ગોંડલ રોકાઈ, રાજકોટ, લીંબડી થઈ, તા. ૬-૪-'૬૮, સાંજે અમદાવાદ આવી પહોંચ્યા.

નરનારાયણ મંદિર તરફથી નારાયણ ઘાટ ઉપર થતા વિશ્વશાંતિ યજ્ઞમાં દર્શન કરવા સ્વામીશ્રી પધાર્યા. દર્શન કરી, સભામાં બિરાજ્યા. હજારો હરિભક્તોને આ નિમિત્તે સ્વામીશ્રીનાં દર્શનનો લાભ મળ્યો. સૌ દર્શન માટે દોડી આવી પડાપડી કરતા હતા.

બીજે દિવસે હજારો હરિભક્તોએ હરિજયંતીના ઉત્સવનો લાભ સ્વામીશ્રીના સાન્નિધ્યમાં લીધો.

તા. ૮ના સિવિલ હૉસ્પિટલમાં બાબુભાઈ જશભાઈને દર્શન આપી, જલદી સારું થઈ જાય તે માટે ધૂન-પ્રાર્થના કરી, આશીર્વાદ આપ્યા.

સમરથ શું ન કરે ?

આ અરસામાં ભોયકાના શેઠ જેઠાલાલ વનમાળીદાસે અમદાવાદ આવી જૂના લોખંડના ભંગારનો ધંધો શરૂ કર્યો હતો. તેમના પિતાશ્રી ભોયકાના વનમાળીદાસ શેઠ અને તેમના ભાઈ નાનચંદ શેઠને સ્વામીશ્રી સાથે ખૂબ હેત હતું. બંને ભાઈઓ વનમાળીભાઈ તથા નાનચંદભાઈ સ્વામીશ્રીને ભોયકાથી અડવાળ મળવા આવે, ત્યારે ચહેરેમહોરે મળતા આવતા બંને ભાઈઓને

સ્વામીશ્રી 'ભગો-મૂળો આવ્યા' એમ કહી સત્કારતા. અને બંને સાથે વાત-ચીતમાં સ્વામીશ્રી એટલા ઓતપ્રોત થઈ જતા, તાળીઓ દઈ એવા પ્રેમથી વાતો કરતા, જાણે ઘણાં વરસે સ્વજનોને ન મળ્યા હોય ! આમ, મિત્રભાવે તેઓ સ્વામીશ્રી સાથે જોડાયેલા.

તેમના પુત્ર જેઠાલાલ વનમાળીદાસે સ્વામીશ્રીને ભોયકા પધરાવી ભક્તિભાવ અદા કર્યો હતો. જ્યારે સ્વામીશ્રી પ્રથમ વાર ભોયકા આવ્યા ત્યારે જેઠાલાલ અને નાનચંદભાઈના પુત્ર દેવચંદભાઈના વ્યવહાર સંબંધી વાત પૂછી. જેઠાલાલ કહે : 'બાપા ! રહીએ છીએ ઉપર-નીચે, પણ વેપાર સહિયારો છે.'

સ્વામીશ્રીએ બંને ભાઈઓને રૂા. ૧૦૧/- ઠાકોરજીને અર્પણ કરવા કહ્યું. પણ તેમણે વણિક બુદ્ધિ વાપરતાં બંને ભાઈઓના કુલ રૂપિયા ૨૦૨/- ને બદલે ૫૧-૫૧ રૂપિયાની સેવા કરી. સ્વામીશ્રી તો કાંઈ બોલ્યા નહીં, પણ જેઠાલાલને જીવનભર બળતરા રહી કે પોતે સ્વામીશ્રીએ માગેલી સેવા ન કરી શક્યા.

આ પછી તેમણે અમદાવાદમાં શરૂ કરેલા ધંધામાં સ્વામીશ્રીના આશીર્વાદ મળે તેવી ઇચ્છા હતી. તેથી સ્વામીશ્રી અહીં તેમની દુકાને પધરામણીએ આવ્યા. લોખંડના ભંગારનો સ્ટોક જોઈને પૂછ્યું : 'આ શું ભર્યું છે ?'

'બાપા ! ભંગારનો સ્ટોક છે, પણ હમણાં કોઈ લેવાલ નથી.' એમ કહેતાં તેમણે પોતાની મુશ્કેલી સ્વામીશ્રીને સમજાવી.

સ્વામીશ્રી કહે : 'લાવો, પુષ્પ અને જળ.' એમ કહેતાં ભંગારના ઢગલા પર જળ અને પુષ્પ છાંટીને કહે : 'આ લોખંડનો ભંગાર નથી, આ તો સોનું કહેવાય.'

સ્વામીશ્રીના આ અણધાર્યા આશીર્વાદ મળ્યા ત્યારે તો ભંગાર લેનાર કોઈ ઘરાક મળતા નહોતા; પણ તે પછી તે લેનારા ઘરાકો નીકળી આવ્યા અને તે કેટલા ગણા ભાવથી વેચાયો તેનો અંદાજ પણ જેઠાલાલને રહ્યો નહીં. સ્વામીશ્રીના શબ્દો, 'આ તો સોનું કહેવાય.' તે તેમને માટે સાર્થક થયા અને તેઓ ન્યાલ થઈ ગયા.

ત્યારપછી તેમના બધાય પુત્રો ધીરૂભાઈ, વિનોદભાઈ, અરવિંદભાઈ, સૂર્યકાન્તભાઈ તથા મહેન્દ્રભાઈ સપરિવાર સત્સંગમાં ઓતપ્રોત બની ગયા. અને ઉત્તરોત્તર તેમનો વ્યવહાર વધુ ને વધુ સુધરતો ગયો.

સ્વામીશ્રીએ માગેલી એકસો એકની સેવાનું અનુસંધાન તેમને અહીં મળ્યું. સ્વામીશ્રીને તો તેમની સેવા લઈ અનેક ગણું આપવું હતું; પણ એકાવન રૂપિયાની સેવા કરી પોતે જ સ્વામીશ્રીએ આપવા ધારેલ સુખ મેળવી શક્યા

નહીં, તેનો વસવસો તેમને કાયમ રહ્યો અને તેની ખોટ પૂરવા તેમણે મંદિરોમાં મન મૂકી સેવા કરી અને સ્વામીશ્રીને ખૂબ જ રાજી કર્યા.

તામ્રપત્ર ઉપર મહોરછાપ

આ વખતે અંબાલાલભાઈએ સ્વામીશ્રીની પધરામણી કરાવી ત્યારે એક હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું કે 'બાપા ! અંબાલાલભાઈને ઘરે પુત્ર નથી.'

આ સાંભળી સ્વામીશ્રી કહે : 'આમ કેમ બને ? મહારાજ તેમને જરૂર દીકરો આપશે.'

સ્વામીશ્રીએ તેમને અક્ષર દેરીની મહાપૂજાની માનતા આપી અને લેટર પેડ ઉપર લખી આપ્યું કે 'અંબાલાલભાઈ પ્રેમચંદભાઈને અમારા અંતરના આશીર્વાદ છે અને તેનો સદા વંશ વધશે.'

સ્વામીશ્રીના હસ્તાક્ષરમાં જ અંતરના આશીર્વાદ મળ્યા. એટલે જાણે તામ્રપત્ર ઉપરના લખાણમાં મહોરછાપ લાગી ગઈ ! બરાબર એક વર્ષે તેમને ઘરે પુત્રજન્મ થયો.

સ્વામીશ્રીના આશીર્વાદ ફળ્યા એટલે તેમને, તેમનાં સગાં-સંબંધીઓને તથા પડોશીઓને સ્વામીશ્રીનો અતિ મહિમા સમજાઈ ગયો કે 'આવા આશીર્વાદ લખીને મહોરછાપ આપે તેવા વચનસિદ્ધ સંતનો જોટો જડવો દુર્લભ છે.'

તા. ૧૧મીએ અસલાલી, જેતલપુર તથા ડભાણ તીર્થોમાં દર્શન કરી, નડિયાદ ઈશ્વરભાઈ દેસાઈને ત્યાં સ્નાન, ઉકાળા-પાણી કરી, રાત્રે ૧૦-૪૫ વાગે બોચાસણ આવી પહોંચ્યા.

પૂર્ણિમાના સમૈયામાં લગભગ ૫,૦૦૦ જેટલા ભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ગુજરાતમા ચારેકોર ઘૂમતા સ્વામીશ્રીનાં દર્શનની તૃપ્તિ હરિભક્તોને કેમે થતી નહોતી. જ્યાં તક મળે ત્યાં સૌ સ્વામીશ્રી પાસે પહોંચી જતા, એવું એ મૂર્તિનું અજબ આકર્ષણ હતું.

સ્વામીશ્રીની આજ્ઞાથી આશાભાઈ, મણિભાઈ, ઈશ્વરભાઈ દેસાઈ, ગુણવંત દાણી તથા સિદ્ધેશ્વર સ્વામીએ પ્રવચનો કર્યાં. સ્વામીશ્રીનો અવાજ બેસી ગયો હતો. બોલી શકાતું નહોતું. છતાં ૧૫ મિનિટ સુધી સૌને આશીર્વાદ આપ્યા.

માર્ગમાં આવતાં ગામોની ટૂંકી મુલાકાતો, તેમાં પીવાતાં ગામગામનાં જુદાં પાણી તથા દર્શનની પડાપડી અને સામૈયાઓમાં ઊડતી ધૂળ શ્વાસોશ્વાસમાં ભરાતાં, ધૂળ ખાતાં ખાતાં સૌને બોલાવતા. સૌ સાથે વાતચીત કરતા અને સતત

વિચરણને લીધે પૂરતો આરામ નહીં મળતાં સ્વામીશ્રીને અવારનવાર ભારે સળેખમ થઈ જતું. નાક ભરાઈ જતું. ગળું બેસી જતું. છતાં એમના વિચરણમાં કે કાર્યક્રમમાં ખાસ ફેરફાર કરતા નહિ. સૌના આગ્રહને માન આપી, હરિભક્તોને રાજી કરવા, ગુજરાતથી સૌરાષ્ટ્રમાં અને સૌરાષ્ટ્રથી ગુજરાતમાં ભારે દોડધામ કરતા. પોતાના દેહની પરવા કરતા નહિ.

સ્વામીશ્રીની આજ્ઞાથી મોટા માંડવાના ખોડાભાઈ બોચાસણ સમૈયામાં આવ્યા. હરિભક્તોની ખૂબ જ ભીડ. તેઓ ગુજરાતમાં પહેલી વાર જ આવેલા. અહીં કોઈને ઓળખે નહિ. આટલી બધી ભીડમાં સ્વામીશ્રી નજીક જવું તો તેમને માટે અશક્ય જ હતું.

સ્વામીશ્રી રોજ સવારે શણગાર આરતી પછી, મંદિર બહાર તળાવ કાંઠે હનુમાનજીની દેરીએ દર્શને પધારતા. શ્રીજીમહારાજ અહીં વર્ણીવેશે પધારેલા. દર્શનાર્થીઓની અહીં પણ ભારે ભીડ જામતી.

'સ્વામીશ્રીની મુલાકાત ક્યારે થશે ?' એ વિચારતા, કંઈક મુઝાતા ખોડાભાઈ આ ટોળામાં જ આગળ આવી ઊભા હતા. દેરીની પ્રદક્ષિણા ફરતાં સ્વામીશ્રીની દૃષ્ટિ તેમના ઉપર એકાએક પડી. સ્વામીશ્રીએ તુરત જ તેમને નજીક બોલાવ્યા. આજ્ઞા પ્રમાણે પહોંચી ગયેલા જોઈ રાજીપો બતાવ્યો. આશીર્વાદ આપ્યા.

અનેકોના એક હોવા છતાં પોતાને માટે એકના એક થયેલા સ્વામીશ્રીને જોઈને ખોડાભાઈનું અંતર ફરી વીંધાઈ ગયું. સ્વામીશ્રી માટે જીવન કુરબાન કરવાના તેમના સુષુપ્ત વિચારો સતેજ થઈ ગયા. નડિયાદમાં સ્વામીશ્રીએ તેમને પાર્ષદ દીક્ષા આપી.[૨૪]

બોચાસણથી સ્વામીશ્રી પુરુષોત્તમપુરા તથા રઢુ પધારવાના હતા; પરંતુ તબિયત સારી ન હોવાથી કાર્યક્રમ રદ થયો અને સૌની વિનંતીથી બોચાસણમાં જ આરામ કર્યો.

તા. ૧૭મીએ બોચાસણથી નીકળી, બોરસદ-વાસણા ઠાકોરજી જમાડી, સાંજે અટલાદરા પધાર્યા.

અહીં મંદિર તરફથી ગુજરાતી શાળાને બાંધી આપેલા ઓરડાઓની ઉદ્‌ઘાટન વિધિ કરી, બીજે દિવસે કલકત્તા જવા ગુજરાત એક્સપ્રેસમાં મુંબઈ આવ્યા. સ્ટેશનથી શેઠ પાનાચંદભાઈ ગાંધીની શણગારેલી મોટરમાં મંદિરે

---

૨૪. હાલ, સાધુ ઘનશ્યામપ્રસાદદાસ.

પધાર્યા. સંતોએ ઉલ્લાસપૂર્ણ હૃદયે વધાવ્યા.

ઈનામમાંયે ભગવત્સંબંધ

અહીં યુવક મંડળની સભામાં નવા યુવક મનોજ શંકરલાલ પંડ્યાએ[૨૫] બનાવેલું એક કીર્તન સાંભળી, સ્વામીશ્રી તેમની ઉપર પ્રસન્ન થયા અને બાલમુકુંદ ભટ્ટને કહે : 'મનોજભાઈને ત્રણ રૂપિયા ઈનામ આપો.'

બાલમુકુંદભાઈએ ઈનામ તો આપ્યું, પણ જિજ્ઞાસાથી સ્વામીશ્રીને પૂછ્યું કે 'બાપા ! આપે ત્રણ રૂપિયા જ ઈનામમાં કેમ અપાવ્યા ?'

ત્યારે સ્વામીશ્રી હસી પડ્યા અને બોલ્યા : 'ધામ-ધામી અને મુક્ત એ ત્રણ છે, એમ ઈનામ પણ ત્રણ રૂપિયા !'

સ્વામીશ્રીનો જવાબ સાંભળી સભામાં બેઠેલા સર્વે યુવકો-હરિભક્તો હસી પડ્યા. બ્રહ્માનંદનું મોજું ફેલાઈ ગયું. સૌને થયું, ઈનામમાં પણ ભગવત્-સંબંધ !

અહીં એક દિવસનું 'ભક્તચિંતામણિ'નું પારાયણ કરી સૌને બ્રહ્માનંદ કરાવ્યો. ટૂંકી મુદતને લીધે હરિભક્તોનો ધસારો ખૂબ જ હતો.

શનિવાર, તા. ૨૦-૪'-૬૮, બપોરે ૨-૪૫ વાગે સ્વામીશ્રી શાંતાક્રુઝ ઍરપોર્ટ પધાર્યા. હજારો હરિભક્તો વિદાય આપવા ભેગા થયા હતા.

સ્વામીશ્રીએ અગાઉ ચાર-પાંચ પત્રોમાં જણાવેલ કે 'વિમાનમાં પડદા વગેરેની વ્યવસ્થા થઈ શકે એમ હોય, ધર્મ સચવાય એમ હોય તો જ વિમાનમાં જવું; નહિ તો રેલવે દ્વારા કલકત્તા જવું.' તે પ્રમાણે સંપૂર્ણ વ્યવસ્થા થઈ હતી. વિમાનની પાછળના ભાગમાં ૮ સીટની અલગ કેબિન બનાવી હતી. જેમાં સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે બિરાજ્યા હતા.

❀ ❀ ❀

---

૨૫. હાલ, સાધુ યોગેન્દ્રદાસ.

પરિશિષ્ટ : ૧

આપણે આગળ જોયું તેમ કુંવારિકા તથા પરિણીત કન્યાઓ અને અન્ય મહિલાઓને મનસ્વી રીતે સંન્યાસ દીક્ષા આપી તેમને ઉપદેશ આપવો, તેમના માથે હાથ મૂકી આશીર્વાદ આપવા, તેમના હાથની ચરણસેવા લેવી વગેરે પ્રવૃત્તિઓ શ્રીજીમહારાજનાં શાસ્ત્રવચનો અને અભિપ્રાય વિરુદ્ધ છે. આ વાત શાસ્ત્રનાં પ્રમાણો સાથે જોઈએ :

શ્રીજીમહારાજે આ પૃથ્વી પર પધારી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ સહિત એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું તેમાં ધર્મે સહિત ભક્તિને વિશિષ્ટ સ્થાન આપ્યું. ધર્મ એટલે અહિંસા અને બ્રહ્મચર્ય. ત્યાગીને અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય અને ગૃહસ્થને એક પત્નીવ્રત.

શ્રીજીમહારાજના વખતથી આજ સુધી શુદ્ધ બ્રહ્મચર્યવ્રત પાળી જીવન જીવનારા અનેક ગૃહસ્થ હરિભકતો આ સંપ્રદાયમાં થઈ ગયા છે. અને તેમનાં જીવન લાખો લોકોને આદર્શરૂપ બન્યાં છે. વચનામૃતમાં કહ્યું છે કે 'જે મોટેરો હોય તેમાં નિષ્કામરૂપ ધર્મ અવશ્ય જોઈએ, કારણ કે મોટાની સારપે બીજાની સારપ કહેવાય.' (ગ.મ. ૩૯)

શ્રીજીમહારાજને નિષ્કામ ધર્મ બહુ જ વહાલો છે. સ્ત્રીનો ગંધ પણ મહારાજને ગમતો નહીં. વચ. લો. ૬માં તેમણે કહ્યું : 'ધર્મ સંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે.' અને 'એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહેતું નથી. અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહીં. અને અમે અહીં ટક્યા છીએ, તે પણ અહીં હરિભક્તોનો અતિ નિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને ટક્યા છીએ. અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તોપણ તેની પાસે જ છીએ; અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે, તોપણ લાખ ગાઉ છેટે છે. અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરેલી સેવા ગમે છે... અને અમે જે દિવસ થકી પ્રગટ થયા છીએ. તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશય દૃઢ કરતા આવીએ છીએ... માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક-પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.' (વચ. ગ.મ. ૩૩)

જો કોઈ પોતાને મુક્ત માની નિર્લેપ સમજતા હોય તો તે અંગે પણ શ્રીજીમહારાજે સ્પષ્ટ લખ્યું છે :

'...એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો

સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહીં. અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો પણ ધર્મ રહે જ નહીં. અને એવી રીતે સ્ત્રી-પુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહીં. તે આ વાર્તા તે એમ જ છે. પણ એમાં કાંઈ સંશય રાખવો નહીં. તે માટે ધર્મમાં તો ક્યારે રહેવાય, તો પરમહંસ હોય તથા બ્રહ્મચારી હોય ને તે જો પોતાના બ્રહ્મચર્યાદિક નિયમ કહ્યા છે, તેમાં રહે તો તેણે ધર્મમાં રહેવાય. અને સ્ત્રી હોય ને તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં વર્તે, તો તેણે ધર્મમાં રહેવાય. અને બીજા જે સત્સંગી ગૃહસ્થ હોય, તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં રહે ને યુવાવસ્થાવાળી જે પોતાની મા, બહેન ને દીકરી તે ભેળો એકાંતમાં પણ ન બેસે ને તેની સામું પણ દૃષ્ટિ માંડીને ન જુએ, તો એણે ધર્મમાં રહેવાય...' (વચ.ગ.મ. ૩૫) તો અનેક રૂપવાન અને યુવાવસ્થાવાળી સ્ત્રીઓના પ્રસંગમાં રહી, નિર્વિકાર રહેવાનો દાવો કરનારને કેવા અજ્ઞાની કહેવા ?

ખુદ શ્રીજીમહારાજે લોજમાં ગોખલો પુરાવ્યો અને બાઈ-ભાઈની સભા નોખી કરી. સ્ત્રી-પુરુષના પરસ્પર પ્રસંગથી કેવું ભૂંડું થાય છે ?

'જેવો પુરુષને નારીનો સંગ, તેવો પ્રમદાને પુરુષ પ્રસગ;
એ તો છે ઘૃત અગ્નિ સમાન, એમાં કરવું નહીં અભિમાન.
લીધી હોય જો ઇન્દ્રિયો જીતી, તો એ સૌને શીખવવા સુરીતિ;
મોટા મુક્ત રહે સ્ત્રીથી દૂર, એવી રીત ચલાવવા જરૂર.'

(હરિલીલામૃત; ક. ૫, વિ. ૧૨)

માટે કોઈ મિથ્યાભિમાન રાખતું હોય કે 'પોતાને સ્ત્રી-પ્રસંગ છતાં સ્થિરતા રહેશે, પવિત્રતા જળવાશે, કેમ કે પોતે મુક્ત છે;' તો તે કેવળ દંભ જ છે.

વળી, શ્રીજીમહારાજે કહ્યું :

'અમારાં આશ્રિત સ્ત્રીઓએ પુરુષોના મુખ થકી પણ સ્વતંત્રપણે કથાવાર્તા ન સાંભળવી. સ્ત્રીઓની સભામાં મુક્ત પુરુષો તથા સાંભળનારી સ્ત્રીઓ બન્ને મહાપાપવાળાં થઈ અનર્થને પામે છે. આવી રીતે પૂર્વે પણ ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામીએ મને કહેલું છે. આ વાર્તા મેં તમને કહી તે એમ જ છે. એમાં કોઈપણ પ્રકારનો સંશય નથી. કારણ કે પુરુષને બુદ્ધિભ્રષ્ટ થવાનું કારણ સ્ત્રીઓનો પ્રસંગ છે. સ્ત્રીઓને બુદ્ધિભ્રષ્ટ થવાનું કારણ પુરુષો છે. પૂર્વે ઘણા મુક્ત પુરુષો અને ઘણી મુમુક્ષુ સ્ત્રીઓ પરસ્પર એકબીજાના પ્રસંગથી કલ્યાણના માર્ગમાંથી પડી ગયેલાં છે.' (સત્સંગિજીવન : પ્ર. ૩, અ. ૫૯, શ્લો. ૫૧-૫૪ તથા શ્રીમદ્‌ભાગવત : સ્કંધ ૧૧, અ. ૮, શ્લો. ૮ તેમજ સ્કંધ ૯, અ. ૧૯, શ્લો. ૧૭)

આટલા સ્પષ્ટ શાસ્ત્રનિષેધ પછી પણ આ બંને ભાઈઓની બધી પ્રવૃત્તિઓ

'યોગીજી મહારાજની આજ્ઞાથી તથા તેમના સંકલ્પથી ચાલે છે' એવો જુઠ્ઠો પ્રચાર પણ તેમના સહગામીઓ કરતા હોય છે. યોગીજી મહારાજ આવી આજ્ઞા ક્યારેય પણ કરે જ નહીં, તે એમને સાચી રીતે સમજનાર સૌ કોઈ સ્પષ્ટ જાણે છે.

વળી, શ્રીજીમહારાજે તો ચોખ્ખું લખ્યું છે કે મારી આજ્ઞા છતાં પણ સ્ત્રી-પ્રસંગ ન કરવો.

मदाज्ञापि न मंतव्या स्त्री प्रसंगो भवेद्यया ।
मुक्तैरपि तथा स्त्रीभिः पुंप्रसंगो भवेद्यया ॥

(સત્સંગિજીવન : ૩-૫૯-૬૧)

'મુક્ત પુરુષોએ જો મારી આજ્ઞાએ કરીને તેમને સ્ત્રીઓનો પ્રસંગ થતો હોય, તો એવી મારી આજ્ઞા પણ ન માનવી. અને મુક્ત સ્ત્રીઓએ જો મારી આજ્ઞાએ કરીને તેમને પુરુષોનો પ્રસંગ થતો હોય તેવી મારી આજ્ઞા પણ ન માનવી.'

'મોટા મોટા દેવો અને ઈશ્વરો પણ આ વૈદિક મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી અતિશય નિંદા પામેલા છે. માટે સ્ત્રીઓનો પ્રસંગ તો શું, પણ સ્ત્રીઓનું દર્શનમાત્ર પણ મુક્ત પુરુષોને ધર્મ થકી પાડી નાખે છે. માટે 'મુક્ત પુરુષને યથેષ્ટ આચરણ દોષ માટે નથી' એવું જે કહે છે, તે મહાપાપી છે.'

(સત્સંગિજીવન : પ્ર. ૩, અ. ૫૯, શ્લો. ૬૬-૬૮)

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં આ અંગે સ્પષ્ટતા કરી છે : 'શિક્ષાપત્રીમાં કહ્યું છે જે, પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય એવું વચન પોતાના ગુરુનું પણ ન માનવું. તેમાં એમ સમજવું જે, સ્ત્રી, દ્રવ્ય, સ્વાદ, સ્નેહ અને માન ઈત્યાદિકનો જોગ થાય અથવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિકને ઘસારો આવે એવું વચન માનવું નહીં.'

(સ્વા. વા. : પ્ર. ૨, વા. ૬૯)

શ્રીજીએ ગ.અં. ૩૮માં લખ્યું : 'સ્ત્રીને વિષે બેઠ્યા-ઊઠ્યાની વાસના, રસને વિષે જીહ્‌વાની આસક્તિ... ઈત્યાદિ છ વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય નહીં...' એવા બીજાને શું સુખી કરી શકે ?

ઉદ્ધવ સંપ્રદાયની રીત

જેમ પુરુષને માટે પરસ્ત્રી વર્જ્ય છે, તેમ સ્ત્રીઓ માટે પરપુરુષોનો સંગ સર્વથા વર્જ્ય છે. શ્રીજીએ 'સત્સંગિજીવન,' પ્ર. ૩, અ. ૬૦માં વિસ્તારથી કહ્યું છે કે –

'શુક્રાચાર્યની પુત્રી દેવયાની આત્મનિષ્ઠ, યોગનિષ્ઠ, ધર્મશાસ્ત્રજ્ઞ, પ્રગલ્ભ અને બ્રહ્મ-વાદિની હતી. છતાં બૃહસ્પતિના પુત્ર કચના સંપર્કમાં આવવાથી અયોગ્ય માગણી કરી અને શાપ પામીને ભૃગુકુળને લાંછન લગાડ્યું. આવું જ જમદગ્નિની સ્ત્રી રેણુકાનું બન્યું હતું. માટે જેવી રીતે પુરુષો સ્ત્રીના નિરીક્ષણાદિથી ભ્રષ્ટ થાય છે, તેવી

જ રીતે બ્રહ્મનિષ્ઠ સ્ત્રીઓ પુરુષોના નિરીક્ષણાદિ પ્રસંગથી ધર્મભ્રષ્ટ થાય છે. માટે સ્ત્રીઓએ પણ પોતાના નિયમોનો ત્યાગ કરીને પુરુષોનો પ્રસંગ ક્યારેય કરવો નહીં.'

તેથી 'મુમુક્ષુ સ્ત્રીઓએ સત્સંગી એવા પોતાના બાપ, ભાઈ કે પતિ તેમના મુખ થકી ભગવાનની કથાવાર્તા સાંભળવી. તેમજ સંત-સમાગમથી જ્ઞાન પ્રાપ્ત કરેલું હોય એવા પિતામહ, મામા, પુત્ર, માતામહ તેમના મુખ થકી કથાવાર્તા સાંભળવી. તે કથા સાંભળી સ્ત્રીઓએ પરસ્પર કહેવી ને કથામાં કાંઈ સંશય પડે તો પોતાના સંબંધી જે પુરુષ તેમની પાસે સાધુપુરુષને પુછાવવું.' (સત્સંગિજીવન : પ્ર. ૩, અ. ૬, શ્લોક ૩૬-૩૯)

'કરે પુરુષ પ્રબોધ રૂડા પુરુષને રે, કરે ત્રિયા ત્રિયાનો ઉપદેશ;
એવી રીત ઉદ્ધવ સંપ્રદાયની રે, કહે બ્રહ્માનંદ પાપ નહીં લેશ.'

- સદ્. બ્રહ્માનંદ સ્વામી

નારદ પંચરાત્રમાં પણ કહ્યું છે :

स्त्री: स्त्रीणां सभा मध्ये पुमांसश्च तथा नृणाम् ।
उपविश्यान्वहं कुर्यु: कृष्णकीर्तिं न चान्यथा ॥

'સ્ત્રીઓએ સ્ત્રીઓની સભામાં ને પુરુષોએ પુરુષોની સભામાં બેસી હંમેશાં શ્રીકૃષ્ણની કીર્તિ કહેવી. ભગવત્ કથાવાર્તા, કીર્તન ઇત્યાદિ નવધા ભક્તિ કરવી. પણ એથી બીજી રીતે કરવી નહીં.'

વળી, 'ધર્મસંગ્રહ' કહે છે :

'न गायेत्सह नारिभि र्न स्वपेन्नाध्वनि व्रजेत् ।
ताभ्य: कथा न श्रृणुयाच्छ्रावयेत्ता न चैकला: ॥'

'પુરુષોએ સ્ત્રીઓ સાથે ગાવું નહીં, કીર્તન બોલવા નહીં, માર્ગમાં એકલા ચાલવું નહીં, સ્ત્રીઓના મુખ થકી જ્ઞાનવાર્તા-કથાવાર્તા સાંભળવી નહીં. અને સ્ત્રીઓને જ્ઞાનવાર્તા-કથાવાર્તા કહેવી નહીં.'

તેથી જ શ્રીજીએ લાલબત્તી ધરી છે : 'બાઈઓ હરિભક્ત છે તેનું માહાત્મ્ય તો ઝાઝું સમજવું નહીં. કેમ જે, માહાત્મ્યને મિષે કરીને મનમાં એનું મનન થાય એટલે સ્વપ્નમા આવે. માટે માહાત્મ્ય લેવું તો સૌનું સમપણે લેવું જે, 'એ સર્વે ભગવાનના ભક્ત છે,' પણ અધિક-ન્યૂનપણે માહાત્મ્ય સમજે તો તેમાં મોટું વિઘ્ન છે. તેમજ બાઈઓને ભાઈઓનું માહાત્મ્ય પણ સમપણે સમજવું અને જો એમ ન સમજે તો એ બાઈઓને પણ મોટું વિઘ્ન છે.' (વચ. ગ. અં. ૨૪)

આ સિદ્ધાંત સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'પણ જ્યાં સ્ત્રીનો પ્રસંગ હશે, ત્યાં જરૂર બગાડ થનારો છે. માટે જે બાઈ હરિભક્ત છે તેનો બાપ, દીકરો, ધણી કે ભાઈ તે ઉપદેશ કરે. બીજાએ ન જ કરવો.'

સ્વામીએ તો રઘુવીરજી મહારાજને કહ્યું હતું કે 'તમમાં અમારે અસાધારણ હેત છે, પણ જો કોઈ એવા ખબર આપે કે મહારાજની ગાડીમાં કોઈની છ મહિનાની બાળકી છે તો આ મંદિરના દરવાજા બંધ કરી દઈએ. એમ ગમે તેટલું હેત છે, પણ વર્તમાનમાં ફેર પડે તો કોઈ વાતે મહોબત રહે નહીં.'

આદિ આચાર્ય જેમની ત્યાગ-વૈરાગ્યની છટા ગુણાતીતાનંદ સ્વામીએ જ શ્રીજીમહારાજ જેવી કહી છે તે રઘુવીરજી મહારાજ માટે પણ કેવો આગ્રહ !

દીક્ષા કોણ લઈ શકે ?

જેમ પુરુષો ત્યાગીની દીક્ષા લઈ ભગવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ સ્ત્રીઓ આ સંપ્રદાયમાં સંન્યસ્ત (સાધ્વી દીક્ષા) લે તેવો સત્સંગિજીવન, હરિલીલામૃત કે સંપ્રદાયના અન્ય કોઈપણ ગ્રંથમાં નિર્દેશ કે પ્રબંધ છે જ નહીં. તેમજ પ્રણાલિકા પણ નથી. કેવળ જે વિધવા સ્ત્રીઓને સાંખ્યધર્મ સ્વીકારી ભક્તિમય જીવન ગાળવું હોય તેમણે સંપ્રદાયે માન્ય કરેલા બાઈયોનાં મંદિરમાં રહીને ભગવાન ભજવા એવો પ્રબંધ છે. પરંતુ તે સિવાયની સધવા અથવા અપરિણીત(કુમારી) સ્ત્રી ગૃહત્યાગ કરી, ભગવાન ભજવા બાઈયોનાં મંદિરમાં કે પછી કોઈ ગૃહસ્થના ઘરમાં રહે તેવી ક્યાંય શ્રીજીમહારાજે આજ્ઞા કરી નથી.

વરતાલમાં પ્રબોધિની એકાદશીના સમૈયા પર હરબાઈ, વાલબાઈને મહારાજે સત્સંગની રીત પ્રમાણે નહોતી વર્તતી તો વિમુખ કરી અને રામાનંદ સ્વામીની મરજી વિરુદ્ધ મનસ્વીપણે ભગવાં વસ્ત્રો ધારનાર તે બંને સ્ત્રીઓને ત્યાગી તરીકેનો દંભ છોડી દેવા કહ્યું. બન્ને બાઈઓ બાળપણથી બ્રહ્મચારિણી અને બ્રહ્મવેત્તા હતી. છતાં સત્સંગની રીત પ્રમાણે ન વર્તી તો વિમુખ થવું પડ્યું.

'ત્યારે બોલ્યા શ્રીહરિ એમ, તમે વર્તો છો આ રીતે કેમ ?
વેષ ત્યાગીનો ધારીને અંગ, કેમ રાખો છો નરનો પ્રસંગ ?
ચાહો સત્સંગને જો ખચીત, રાખો સત્સંગની શુભ રીત.'

(હરિલીલામૃત; ક. ૫, વિ. ૧૨)

તે વખતે આફ્રિકા સત્સંગ મંડળના પ્રમુખ આર.યુ. પટેલે પોતાના ગામ સુણાવમાં સાંખ્યયોગીના ધર્મ પ્રમાણે રહી ભગવાન ભજવા માગતી મહિલાઓ માટે અલગ મંદિર કરવાં, જોઈએ તેટલી જમીન આપવાનો પ્રસ્તાવ સંસ્થા સમક્ષ મૂક્યો હતો; પણ દાદુભાઈ તથા બાબુભાઈએ વિદ્યાનગરમાં આવેલા પોતાના પ્લોટો નં. ૫૯૮ તથા ૫૯૯ ઉપર જ મહિલાઓ માટે મંદિર કરવાનો આગ્રહ રાખ્યો. ને તે માટે બંને પ્લોટો સંસ્થાને બક્ષિસ આપવાની વાત મૂકી, જેથી મંદિર-નિર્માણ કરી શકાય.

તેમના અત્યંત દુરાગ્રહ પછી યોગીજી મહારાજને એ સૂચન માન્ય રાખવું પડ્યું

અને પ્લોટ નં. ૫૯૯ ઉપર મહિલાઓ માટે મંદિર કરવા ખાતમુહૂર્ત કર્યું. તે વખતે આ ભાઈઓએ - સ્વામીશ્રી ખાત વિધિ કરે છે - તેવા ફોટાઓ પડાવી લીધા. પાછળથી પ્લોટ નં. ૫૯૮, જે સંસ્થાને બક્ષિસ આપવા નક્કી કરેલો તેને બદલે પોતાના નામ પર જ રાખી, પોતાની મરજી મુજબ મહિલાશ્રમ ઊભો કરી, લોકોને જણાવ્યું કે 'યોગીજી મહારાજની આજ્ઞાથી અમે આ કાર્ય કર્યું છે ને યોગીજી મહારાજે જ એનો ખાત વિધિ કર્યો છે.' એમ કહી તે આશ્રમની ખાત વિધિના ફોટાઓ જાહેર કર્યા. આવી બેહદ અધમ છેતરપિંડી પોતાના ગુરુ તથા સંસ્થા સાથે જ કરી.

વળી, આ મહિલા આશ્રમ સંસ્થાના આશ્રિત હરિભક્તોનાં દાનથી જ થવાનો હતો. તેથી યોગીજી મહારાજે બંને ભાઈઓને આજ્ઞા કરી હતી કે 'તેનો સંપૂર્ણ હિસાબ સંસ્થાને સુપરત કરવો.' સંસ્થાએ જ્યારે આશ્રમ-નિર્માણનો હિસાબ માગ્યો, ત્યારે તેમણે ચોખ્ખું કહી દીધું કે 'આ બધી મિલકતો અમારી માલિકીની છે ! તેમાં સંસ્થાને કોઈ લેવાદેવા નથી !'

વચન આપીને ફરી જવાના વિશ્વાસઘાતથી યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી અને અન્ય અગ્રણી સંતો-હરિભક્તો ઘણા વિસ્મિત થયા અને ન છૂટકે ઠરાવ કર્યો કે 'આ પ્રવૃત્તિમાં કોઈએ સાથ આપવો નહીં.'

તે ઠરાવ જાહેર કરતી 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'ઓ આ ભાઈઓના મુંબઈ સ્થિત ભક્તોએ પ્રેસમાંથી જ ચોરી લીધી. સંસ્થાના સેક્રેટરી અને કેટલાક સંતોને ધાકધમકી આપી દાદર મંદિરમાંથી કાઢી મૂક્યા અને મંદિર ઉપર થોડા દિવસ માટે કબજો પણ જમાવ્યો હતો.

આ પ્રકારનાં જોર-જુલમ ને આપખુદ વર્તન જોઈ, યોગીજી મહારાજની મરજીથી સંસ્થાએ ઠરાવ કરી, બંને ભાઈઓને સત્સંગ સમાજમાંથી કાયમને માટે દૂર કર્યા. જેના વિરોધમાં બાબુભાઈના દીકરા જે સંસ્થામાં જ સાધુ હતા તે અક્ષર-વિહારીદાસ તથા આ બંને ભાઈઓનો અંદરખાને પક્ષ રાખી પ્રચાર કરતા બીજા સાધુ હરિપ્રસાદદાસની ચડવણીથી કેટલાક સાધુઓએ, બંને ભાઈઓને સંસ્થા પાછા સ્વીકારે જ એવા દુરાગ્રહ સાથે, સંસ્થાના ઠરાવ સામે વિરોધ નોંધાવતી સહીઓ કરી. અને મંદિર છોડી, સંસ્થા ત્યાગી, ગુરુ યોગીજી મહારાજને છોડીને નીકળી ગયા ! ત્યારપછી પ્રમુખસ્વામી તે સંતોને બે-ત્રણ વાર મળેલા અને સમજાવેલા કે 'તમારા દીક્ષાગુરુ અને મોક્ષગુરુ તો યોગીજી મહારાજ છે. તો તમારે આ ભાઈઓ સાથે શું નિસ્બત ?' પણ તેમણે આ સમજૂતીને જરાપણ નમતું ન આપ્યું અને મનમાન્યું વર્તન જ કર્યું.

આ સંતો પણ યોગીજી મહારાજ અને સંસ્થાના આશ્રયે રહીને અંદરખાને દાદુભાઈનાં મહિમા ને કાર્યનો જ મિથ્યા પ્રચાર કરી, દાદુભાઈના ફોટાઓ પૂજતા અને પૂજાવતા. આ રીતે હરિભક્તોમાં ભારે દ્વિધા ઉત્પન્ન કરાવતા. વળી, સિદ્ધાંત

વિરુદ્ધ ખુલ્લો ઉપદેશ પણ કરતા કે 'મહારાજે જે સ્ત્રી સંબંધી બ્રહ્મચર્યની વાત કરી છે તે સામાન્ય બ્રહ્મચર્ય છે; ખરું બ્રહ્મચર્ય તો બ્રહ્મ એવા કાકા અર્થાત્ દાદુભાઈનું સ્વરૂપ ઓળખવું એ જ છે.'

આ તો થઈ ધર્મવિરુદ્ધની વાતો. જેમાં મહારાજના સ્વરૂપ સમી શિક્ષાપત્રીની તો તેઓ હાંસી જ ઉડાવતા હતા. ઉપાસનાની વાતમાં પણ તેઓ કહેતા કે 'યોગીજી મહારાજ તો ઓળખવા અઘરા છે. એમને પામવા ને ઓળખવા માટે તો દાદુભાઈ જેવા દલાલોની સેવા કરવી જરૂરી છે.'

આમ, ધર્મ-નિયમનો છડેચોક ભંગ કરી, વિષયમાં ચકચૂર રહી, પોતાને મનાવા તથા પૂજાવાનો રાગ પોષતી તેમની પ્રવૃત્તિએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મ અથવા બ્રહ્મરૂપ થઈ સ્વામી-સેવકભાવે ભગવાનની ઉપાસનાના સિદ્ધાંતને ક્યાંય નેવે મૂકી દીધો હતો. અને મહારાજની વાણી સ્વરૂપ વચનામૃતના પણ મનગમતા અર્થો કરી, પોતાના મતને સત્ય કરવા પ્રયત્ન કરતા હતા.

નિષ્કામ ધર્મ પાલનના અતિ દૃઢ અને કડક આગ્રહી એવા બાલબ્રહ્મચારી સંત યોગીજી મહારાજ કે જેઓ સંતો, યુવાનો અને હરિભક્તોને પણ નિષ્કામ ધર્મના પાલન માટે સતત જાગ્રત રાખતા, યુવાનોને પ્રાયશ્ચિત્તના ઉપવાસ આગ્રહપૂર્વક કરાવતા, સંતોને મહિનામાં પાંચથી સાત વ્રતના ઉપવાસ ફરજિયાત કરાવતા, તે પુરુષ નિષ્કામ ધર્મમાં આવી શિથિલતા કેમ કરીને ચલાવી લે ? ગૃહસ્થો માટે પણ શ્રીજીસ્થાપિત સ્ત્રી-પુરુષ મર્યાદાને ઉલ્લંઘીને છૂટછાટ કેમ આપે ? 'ગૃહસ્થો પણ એક-પત્નીવ્રત બ્રહ્મચર્ય પાળે અને પોતાનાં મા, બહેન, દીકરી ને પત્ની સિવાય કોઈને ક્યારેય કોઈપણ સ્થળે ધર્મોપદેશ કરે જ નહીં,' આમ તેઓ અનેક વાર જાહેરમાં કહેતા.

બહેનો દીક્ષા લે ને તેમાંથી કોઈને વિકાર થતાં અનિષ્ટ થાય તો તેનું જવાબદાર કોણ ? સ્ત્રીને સંસાર ત્યાગ પછી વાસના ઉદય થાય ને અર્ધબળ્યા કાષ્ઠની જેમ ધુંધવાય ને કદાચ આત્મહત્યા કરે કે સ્વતઃ ભ્રષ્ટ થવા પ્રેરાય કે અનિચ્છા છતાં ભ્રષ્ટ થાય તો તેને માટે જવાબદાર કોણ ? આવી ભ્રષ્ટ સ્ત્રીઓનું સ્થાન ક્યાં ? એથી થયેલી વર્ણસંકર પ્રજાથી પૃથ્વી પર કેટલું પાપ વધે ને અધર્મ થાય તે ભગવદ્ગીતા દ્વારા સર્વવિદિત છે જ :

अधर्माभिभवात्कृष्ण प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ॥
संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ।
पतन्ति पितरौ ह्येषां लुप्तपिंडोदक क्रियाः ॥

(ગીતા : ૧-૪૧, ૪૨)

'હે કૃષ્ણ ! અધર્મના દબાણથી કુળની સ્ત્રીઓ દૂષિત થાય છે. અને સ્ત્રીઓ દુષ્ટ થાય ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. આવી વર્ણસંકર પ્રજા સમગ્ર કુળને નરક આપે છે. અરે, તર્પણ ભૂખ્યા પિતૃઓ પણ નરકે જાય છે.'

એટલા જ માટે આજથી સેંકડો વર્ષ પૂર્વે ભગવાન બુદ્ધને તેમના શિષ્ય આનંદે સ્ત્રીઓને ભિક્ષુણી બનાવી સંઘમાં લેવા કહ્યું ત્યારે બુદ્ધે ચોખ્ખી ના પાડી. પાછળથી આનંદના અત્યંત આગ્રહને વશ થઈ બુદ્ધે ભિક્ષુણીઓને સંઘમાં લીધી. પણ ત્યારે એમણે ગંભીરતાથી જણાવ્યું કે 'હવે બૌદ્ધધર્મ ૫૦૦ વર્ષથી વધુ આ ભારતવર્ષમાં ટકી શકશે નહીં.' કારણ કે આથી થનારા ભાવિના અનર્થને અને બૌદ્ધ ધર્મની પડતીને તેઓ જોઈ શકતા હતા. નહીં તો કોણ ધર્મસ્થાપક આવા ઉદ્‌ગારો ઉચ્ચારે ?

('ગૌતમ ધ બુદ્ધ' - લે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્)

✧

સંન્યાસ લઈ જગન્નાથપુરીમાં રહેતા ચૈતન્ય મહાપ્રભુ ભક્તોને ઘેર ભિક્ષા લેવા જતા. એક વાર ભગવન્નાચાર્યના નિમંત્રણથી એમના ઘરે ગયા. અહીં મહાપ્રભુના શિષ્ય કીર્તનિયા નાના હરિદાસ માધવી દેવી નામે પવિત્ર સ્ત્રીના ઘરમાં જઈ ભિક્ષામાં સ્વાદિષ્ટ ભાત મહાપ્રભુ માટે લાવ્યા. આ વાત જાણી મહાપ્રભુ અત્યંત ઉદાસ થઈ ગયા ને હરિદાસનો સદાને માટે ત્યાગ કર્યો !

સ્ત્રી સાથે વાત કરી - એટલો જ તેમનો દોષ ! ભક્તોએ હરિદાસને માફી મળે તે હેતુથી ચૈતન્ય મહાપ્રભુને બહુ સમજાવ્યા. ફરી આવી ભૂલ કદી નહીં કરવાની પ્રતિજ્ઞા સાથે હરિદાસે ત્રણ દિવસ નિર્જળા ઉપવાસ કર્યા, કરગર્યા, પણ મહાપ્રભુએ હરિદાસને સ્વીકાર્યા નહીં. એ પછી હરિદાસે દુઃખી થઈને પ્રયાગ-સંગમમાં જળસમાધિ લીધી. આ વાત જાણી ચૈતન્ય મહાપ્રભુ બોલ્યા હતા : 'સ્ત્રીઓનો સંસર્ગ રાખનાર માટે આવું જ પ્રાયશ્ચિત્ત યોગ્ય હોય છે. હરિદાસે પોતાના પાપનું યોગ્ય પ્રાયશ્ચિત્ત કર્યું છે !' (શ્રી ચૈતન્ય ચરિતાવલી; ખંડ ૫, પાન. ૩૧; લે. પ્રભુદત્ત બ્રહ્મચારી)

'જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો તે કોઈથી ઊપડી શક્યો નહીં, તેમ શ્રીજીમહારાજે આ પૃથ્વી ઉપર આવી નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન, નિઃસ્નેહ એ પાંચ વર્તમાનરૂપ પગ રોપ્યા છે. તેને ખોટા કરીને જીવના કલ્યાણ કરવાની કોઈની તાકાત નથી.' (સ્વા. વા. ૩-૧૬)

આ રીતે સત્શાસ્ત્રો અને શ્રીજીમહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીના વચને અને અન્ય મહાપુરુષોના જીવન પ્રસંગો ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે આ પ્રવૃત્તિ કેટલી હદે નિષિદ્ધ છે !

આ છતાં યુવાન અને વૃદ્ધ સ્ત્રીઓને ભગવાન ભજાવવાના નિમિત્તે દીક્ષિત કરી, પોતાની હકૂમત નીચે રાખી, માન-પાનની વૃત્તિને પોષવાની આ ભાઈઓની

પ્રવૃત્તિથી શાસ્ત્રીજી મહારાજ સ્થાપિત 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા' તથા યોગીજી મહારાજની પ્રતિષ્ઠા ઉપર પણ હાનિ પહોંચતી હતી. તે ટકાવવા યોગીજી મહારાજે દાદુભાઈને એક-બે વાર નહીં, અનેક વાર કહ્યું હતું કે 'આ પ્રવૃત્તિ વહેલી તકે બંધ કરી દેવી. અને સ્ત્રીઓ સાથે કોઈ પ્રકારે સંબંધ રાખવો નહીં.' સાથે એ પણ ભારપૂર્વક જણાવ્યું કે 'તમારે પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું, પણ સંસ્થાથી અલગ કે સ્વતંત્ર કાંઈ પણ કરવું નહીં.'

છતાં કેટલીક મહિલાઓ કે જેમણે ભગવાન ભજવા માટે કેવળ મનસ્વીપણે સંપૂર્ણ નિવૃત્તિ લીધી હતી. તેમને માટે દાદુભાઈના અત્યંત આગ્રહથી સ્વામીશ્રી યોગીજી મહારાજે છેવટે એટલી જ અનુમતિ આપી હતી કે 'કોઈ મંદિરમાં અલગ રીતે, શ્રીજીમહારાજે કહેલ સાંખ્યયોગી બાઈઓના નિયમ-ધર્મમાં રહીને જ તેમને રાખવામાં આવશે અને ભગવાન ભજવાની બધી અનુકૂળતા અને તેમની વ્યવસ્થા સંસ્થા જ કરશે, પણ દાદુભાઈએ તો કોઈપણ સંજોગોમાં સ્ત્રીઓને ઉપદેશ આપવાની પ્રવૃત્તિમાં ભળવું જ નહીં.' તેવું સ્વામીશ્રીએ વારંવાર સ્પષ્ટ જણાવ્યું.

આવા ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારીને નામે પોતાના સ્વભાવ પોષવા અને કહેતા ફરવું કે 'અમે તો યોગીજી મહારાજની આજ્ઞાથી આ બધું કરીએ છીએ, અંદરખાને તેઓ રાજી છે. એમના સંકલ્પનું આ સર્જન છે' - તે યોગીજી મહારાજનો ભયંકર દ્રોહ છે. યોગીજી મહારાજનું જાહેર જીવન અને વ્યક્તિગત જીવન એક જ હતું. તેનો લક્ષાવધિ મનુષ્યોને પરિચય છે. તેઓ વિચાર, વાણી ને વર્તનમાં એક જ હતા. એમના 'અંદરના વિચારો ને બહારના વિચારો' તેવો ભેદ કદાપિ પાડી શકાય જ નહીં. આવા બ્રહ્મનિષ્ઠ સંતના નામે આવી ધર્મ વિરુદ્ધ અને શાસ્ત્ર વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી અને કહેવું કે 'અમે તો યોગીજી મહારાજના જ છીએ. એમને રાજી કરવા આ કરીએ છીએ.' તે એમની બ્રાહ્મીસ્થિતિનું ઘોર અપમાન છે. જે સંતો અને હરિભક્તો કહેતા હોય કે 'અમે યોગીજી મહારાજના છીએ;' તો એમની આજ્ઞા લોપે નહીં. એમને ક્યારેય ત્યજી શકે જ નહીં. ચાહે માથે આભ તૂટી પડે ! તોપણ તેઓ સંસ્થા અને ગુરુને છોડીને ચાલ્યા ન જાય.

ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે જેમને સંસ્થાના સર્વેસર્વા પ્રમુખ તરીકે અત્યંત રાજીપાથી નિયુક્ત કર્યા હતા અને એમની આજ્ઞામાં રહીને જ સૌને સત્સંગ-પ્રવૃત્તિ કરવાનો આદેશ આપ્યો હતો તેવા પ્રમુખસ્વામી - શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને હેરાનગતિ પહોંચાડવામાં દાદુભાઈ અને તેમની મંડળીએ કાંઈ જ બાકી રાખ્યું નહોતું.

સંસ્થાના વહીવટમાં આધિપત્ય મેળવવા તેઓ પ્રમુખસ્વામીને બદનામ કરી રહ્યા હતા. જ્યારે વર્ષોથી ચાલતા આ વિવાદમાં પ્રમુખસ્વામીએ યોગીજી મહારાજ ઉપર જ તેનો નિર્ણય છોડી દીધો હતો અને અત્યંત ધીરજ, અપાર સહિષ્ણુતા અને

અસીમ સાધુતા તેમજ વિશાળ દિલ રાખી મૌન સેવ્યું હતું. સેંકડો સંતો તથા હરિભક્તો એમની પાસે આ નિંદ્ય પ્રવૃત્તિ અંગે ફરિયાદ કરતા ત્યારે તેઓ એટલું જ કહેતા કે 'યોગીજી મહારાજ બધું સારું કરશે. આપણે ધીરજ રાખવી.'

આમ, બધું જ જાણતા હોવા છતાં તેમને ઉદાર દિલે સતત વર્ષો સુધી ક્ષમા જ આપતા રહ્યા. છેવટે અત્યંત દયાળુ મૂર્તિ યોગીજી મહારાજે જ આ ભાઈઓને સત્સંગમાંથી દૂર કરવાનો નિર્ણય લેવો પડ્યો હતો, જે પ્રમુખસ્વામી અને મોટેરા સંતો, હરિભક્તોએ તથા સત્સંગ-સમુદાયે તરત જ સ્વીકાર્યો હતો.

આ ઘટનાઓ અને સ્પષ્ટીકરણમાં રખે કોઈ એવું માની લે કે સંપ્રદાયમાં સ્ત્રીઓની ઉપેક્ષા રહી છે ! અથવા તો તેમની સ્વતંત્રતા પર સખત પ્રહારો થઈ રહ્યા છે !

સ્વામિનારાયણ ભગવાને દીર્ઘદૃષ્ટિ રાખી વિષય-વાસનાના ઝંઝાવાતો સામે સંપ્રદાય અને તેના ત્યાગી તેમજ ગૃહસ્થ અનુયાયીઓ મક્કમ રીતે ટકી શકે અને આધ્યાત્મિક ઉત્કર્ષ કરી શકે તે માટે જ સ્ત્રી-પુરુષ મર્યાદા પ્રસ્થાપિત કરી છે. તેમાં રહેલી સર્વના ઉત્કર્ષની ભાવના સર્વવિદિત છે. આથી આ સ્ત્રી-પુરુષ મર્યાદાની વિશુદ્ધ પ્રણાલીમાં સ્ત્રીઓનો ધર્મ ખૂબ સારી રીતે સચવાયો છે, તેમને ભજન-ભક્તિ કરવાની વધુ તક મળી છે. આ કારણે તેમનો આધ્યાત્મિક દરજ્જો ઘણો જ ઊંચો રહ્યો છે.

'યોગીજી મહારાજે ઘણાં વર્ષો સુધી આ અધર્મની પ્રવૃત્તિને શા માટે નભાવી લીધી હશે ?' એ પ્રશ્ન પણ ઘણાનાં હૃદયમાં ઉદ્‌ભવે. 'શા માટે તે પ્રવૃત્તિને મૂળમાંથી જ દાબી ન દીધી ?' એ પ્રશ્નનો ઉત્તર એમનાં ઉપદેશ-વચનોમાં જ યોગીજી મહારાજે સારી રીતે કર્યો છે. એમણે જણાવ્યું છે કે 'ભગવાન અને સંત જીવને નભાવે છે; પણ જો તે અવળાઈ કરે કે આસુર ભાવ છોડે જ નહીં, તો પછી તેનો સદંતર ત્યાગ કરી દે છે. ભગવાનના દરબારમાં દેર છે પણ અંધેર નથી.'

આવા પ્રસંગોને મૂળમાંથી દાબી દેતા નથી, તેનું બીજું પણ એક કારણ એ છે કે 'ભગવાન કે સંતની આજ્ઞાનો છડેચોક ભંગ કરવાથી જીવનું કેવું ભૂંડું થાય છે' તે પણ સૌને ખબર પડે. એક દાખલો બેસે. સૌને માટે તે દૃષ્ટાંતરૂપ બને તો ભવિષ્યની પેઢી ધર્મચ્યૂત થતાં સહેજે ડરે.

કારણ, વર્તમાન સમાજમાં સ્ત્રીઓના સમાન અધિકારની વાતો ઘણી રોચક અને ઉચિત લાગે. સ્ત્રીદાક્ષિણ્ય સુલભ બહુજન સમાજ તેને આવકારે અને પ્રોત્સાહિત પણ કરે; પરંતુ ભગવાન, સંત અને શાસ્ત્રની મર્યાદાઓનો ભંગ થવાથી અને તેથી થયેલી દુર્ગતિ અનુભવવાથી તેનાં મૂલ્યોની પ્રતીતિ થાય છે. કદાચ તાત્કાલિક એનાં માઠાં પરિણામો દેખાતાં નથી, પણ ભવિષ્યની પેઢી તો જરૂર તેનાં અનિષ્ટો નજર

સામે જોઈ શકે છે. આમ, ભાવિપેઢીઓમાં પણ દાખલો બેસાડવા, ધર્મ-સિદ્ધાંતોને વધુ પુષ્ટિ આપવા, સમયે સમયે થતાં આવા ધર્મ સાથેનાં ચેડાં મોટાપુરુષો નભાવી નથી લેતા. અને એ રીતે સમાજને નક્કર ઉપદેશ અને સહજ પ્રેરણા આપે છે.